॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧૭

અનુવાદ શ્રેણી સર્જક -

મુનિ દીપરત્નસાગર

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

## રાજપ્રશ્નીય - જીવાભિગમ/૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૧૭ માં છે...

૦ બે આગમ સૂત્રો...

—૦— રાજપ્રશ્નીય-ઉપાંગસૂત્ર-૨

સંપૂર્ણ આગમ

— તથા —

—૦— જીવાભિગમ-ઉપાંગસૂત્ર-૩ની

— પ્રતિપત્તિ-૧-

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૭ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. આ. દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી મંગળ પારેખનો ખાંચો, જૈન સંઘ**

**શાહપુર, અમદાવાદ.**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૰ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૰દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૰ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૰ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૰મૂ૰પૂ૰ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૰થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૰ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૰ના શ્રુતાનુરાગી શિષ્યા સા૰શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૰ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૰ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

**૪૯-પ્રકાશનો**

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

**૪૭-પ્રકાશનો**

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ૩. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ७. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

૦ તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

૦ સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

૦ સાધુ અંતિમ આરાધના

૦ શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

૦ દીક્ષા-યોગાદિ વિધિ

૦ વિધિ સંગ્રહ ભાગ-૧

૦ સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

૦ આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

૦ પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

૦ ૪૫-આગમ યંત્ર

૦ વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

# જીવાજીવાભિગમ ઉપાંગ સૂત્ર-૩/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

**● ભૂમિકા :-**

અહીં રાગદ્વેષાદિથી અભિભૂત સાંસારિક જીવો વડે અસહ્ય શારીર-માનસિક દુઃખોપનિપાત પીડિતથી તેને દૂર કરવા હેય-ઉપાદેય પદાર્થના જ્ઞાનમાં પ્રયત્ન કરવો. તે વિશિષ્ટ વિવેકના સ્વીકાર સિવાય ન થાય. સંપૂર્ણ અતિશયકલા પ્રાપ્ત ઉપદેશભૂત સિવાય વિશિષ્ટ વિવેક ન પ્રાપ્ત થાય. રાગદ્વેષમોહાદિ દોષોના આત્યંતિક ક્ષયથી તે પ્રાપ્ત થાય. તે દોષોનો આત્યંતિક પ્રક્ષય અર્હત્‌ને જ હોય. તેથી અર્હન્‌વચનનો અનુયોગ આરંભીએ છીએ. તેમાં આચારાદિ શાસ્ત્રનો અનુયોગ પૂર્વાચાર્ય વડે અનેકવાર કરાયો, તેથી તેનું વ્યાખ્યાન કરતા નથી. તેથી જે ત્રીજું સ્થાન નામક અંગના રાગવિષમાં પરમ મંત્રરૂપ, દ્વેષઅગ્નિમાં સલિલપૂર સમાન, તિમિરમાં સૂર્યસમાન ભવસમુદ્રમાં પરમસેતુ રૂપ મહાપ્રયત્ન ગમ્ય, કલ્યાણને આપનાર જીવાજીવાભિગમ નામના ઉપાંગને પૂર્વટીકાકારે અતિગંભીર અલ્પાક્ષર વડે વ્યાખ્યા કરી છે. તેથી મંદબુદ્ધિના ઉપકાર માટે, તેમના અનુગ્રહને માટે સવિસ્તર અન્વાખ્યાન કરીએ છીએ.

તેમાં જીવાજીવાભિગમના - x - પ્રયોજનાદિને પહેલા કહીએ છીએ. - x - x - તેમાં પ્રયોજન બે ભેદે પરમ અને અપરમ. તે એકએકના બે ભેદ - કર્તૃગત અને શ્રોતૃગત. તેમાં આગમના દ્રવ્યાસ્તિક નયમતના પર્યાલોચન માટે નિત્યત્વ કર્તાનો અભાવ છે. - x - x - પર્યાયાસ્તિકનયમત પર્યાલોચનામાં અનિત્યત્વથી અવશ્યંભાવી તેનો સદ્‌ભાવ છે. તત્ત્વપર્યાલોચનામાં તો સૂત્રાર્થઉભય રૂપત્વથી આગમના અર્થની અપેક્ષાથી નિત્યત્વ વડે અને સૂત્ર અપેક્ષાથી અનિત્યત્વથી કથંચિત્ કર્તૃ સિદ્ધિ છે. તેમાં સૂત્રકર્તાને પરમ અપવર્ગની પ્રાપ્તિ, બીજાને સત્વાનુગ્રહ છે. તેના અર્થ પ્રતિપાદક અરહંતને શું પ્રયોજન છે ? તે કહે છે —

કોઈ પ્રયોજન નથી. કેમકે ભગવન્ કૃતકૃત્ય છે. પ્રયોજન સિવાય અર્થપ્રતિપાદન પ્રયાસ નિરર્થક ન થાય ? ના, કેમકે તે તીર્થંકર નામકર્મ વિપાકના ઉદયથી જન્મે છે. - x - શ્રોતાઓનું અનંતર પ્રયોજન વિવક્ષિત અધ્યયનનું અર્થ પરિજ્ઞાન છે, પરમ નિઃશ્રેયસ પદ છે. વિવક્ષિત અધ્યયનના સમ્યક્ અર્થના બોધથી સંયમ પ્રવૃત્તિ વડે સર્વકર્મક્ષયની પ્રાપ્તિ છે. તેથી પ્રયોજનવાન્ અધિકૃત્ અધ્યયન પ્રારંભ છે.

અભિધેય જીવ-અજીવ સ્વરૂપ. - x - સંબંધ બે ભેદે — ઉપાય, ઉપેય ભાવલક્ષણ અને ગુરુપર્વક્રમ લક્ષણ. તેમાં પહેલો તર્કાનુસારી પ્રતિ છે. તે આ — ઉપાય એ વચનરૂપ પ્રાપ્ત પ્રકરણ છે. ઉપેય - તેનું પરિજ્ઞાન છે. ગુરુપર્વક્રમલક્ષણ



કેવળ શ્રદ્ધાનુસારી પ્રતિ છે. તે આ - અર્થથી ભગવંત વર્દ્ધમાનસ્વામી વડે જીવાજીવાભિગમ કહેવાયું છે. સૂત્રથી બાર અંગોમાં ગણધર વડે કહેવાયું. ત્યારપછી પણ મંદબુદ્ધિના અનુગ્રહ માટે અતિશય ચૌદપૂર્વધર વડે ત્રીજા અંગથી ઉદ્ધરીને પૃથક્ અધ્યયનપણે સ્થાપિત છે. આ જ સંબંધ વિચારીને સ્થવિર ભગવંતોએ પ્રજ્ઞાપિતવાન્ છે તે કહ્યું.

આ જીવાજીવાભિગમ નામ અધ્યયન સમ્યગ્‌જ્ઞાન હેતુત્વ વડે પરંપરાએ મુક્તિ પદ પ્રાપકપણાથી શ્રેયકારી છે. તેથી આમાં વિઘ્ન ન થાય, તેથી વિઘ્નની ઉપશાંતિ માટે શિષ્યોને મંગલબુદ્ધિ માટે, પોતાને પણ મંગલરૂપ હોવાથી મંગલને સ્થાપે છે.

મંગલ આદિ-મધ્ય-અવસાન ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં આદિ મંગલ તે 'इह खलु जिणमय' ઈત્યાદિ છે. અહીં જિનનું નામોત્કીર્તન તે મંગલ છે. નામાદિ ભેદ મંગલ ચારભેદે છે. તેમાં આ નોઆગમથી ભાવમંગલ છે. આ અધિકૃત્ અર્થનું પારગમન કારણ છે. મધ્યમંગલ દ્વીપ સમુદ્ર સ્વરૂપ કથન છે. કેમકે નિમિત્તશાસ્ત્રમાં તેને પરમ મંગલ કહેલ છે. - x - મધ્ય મંગલ અધિકૃત્ અધ્યયન અર્થના સ્થિરીકરણાર્થે છે. અંત્યમંગલ ''दसविहा सव्वजीवा'' રૂપ છે. સર્વ જીવ પરિજ્ઞાનહેતુથી માંગલિકપણે છે. અંત્ય મંગલ શિષ્ય-પ્રશિષ્ય પરંપરામાં અવ્યવચ્છેદાર્થે છે. હવે આ સર્વ અધ્યયન કઈ રીતે પોતે મંગલરૂપ છે ?

નિર્જરાર્થત્વથી તપની જેમ. નિર્જરાર્થતા સમ્યગ્‌જ્ઞાન રૂપત્વથી છે. કહ્યું છે — અજ્ઞાની જે કર્મ કરોડો વર્ષે ખપાવે છે, તે ત્રિવિધ ગુપ્ત જ્ઞાની શ્વાસમાત્રમાં ખપાવે છે. મંગલ શબ્દની વ્યુત્પત્તિ આ રીતે — જેના વડે હિતની પ્રાપ્તિ થાય તે મંગલ અથવા मंग - ધર્મ, તેને લાવે તે મંગલ. આ અધ્યયનમાં મનમાં ભાવથી પરિણમે છે - સમુત્પન્ન થાય છે - સુવિશુદ્ધ સમ્યગ્‌દર્શનાદિ તે ભાવધર્મ અથવા મને ભવમાંથી કાઢે - દૂર કરે તે મંગલ. गल - વિઘ્ન, गाल - નાશ, શાસ્ત્રનો નાશ કે શાસ્ત્રમાં વિઘ્ન ન થાય તે મંગલ. આ રીતે મંગલ દર્શાવ્યું.

હવે અનુયોગ — સૂત્ર પાઠાંતર પછી સૂત્રની અર્થ સાથે જે ઘટના તે અનુયોગ, સૂત્ર અધ્યયન પછી અર્થકથન અથવા સૂત્રનો અર્થ સાથે અવિરોધી યોગ તે અનુયોગ.

## ❀ પ્રતિપત્તિ-ભૂમિકા ❀

— ૦ — ૦ — ૦ —

**● સૂત્ર-૧ :-**

***અહીં [જૈન પ્રવચન] નિશ્ચે જિનમત, જિનાનુમત, જિનાનુલોમ, જિનપ્રણિત, જિનપ્રરૂપિત, જિનાખ્યાત, જિનાનુચિર્ણ, જિન પ્રજ્ઞપ્ત, જિનદેશિત, જિનપ્રશસ્ત છે. પર્યાલોચન કરીને તેની શ્રદ્ધા કરતા, પ્રતીતિ કરતા, રુચિ કરતા સ્થવિર ભગવંતો જીવાજીવાભિગમ નામક અધ્યયન પ્રરૂપિત કરે છે.***

**● વિવેચન-૧ :-**

આ પ્રવચનમાં નિશ્ચે, આ જ પ્રવચનમાં પણ બીજા શાક્ય આદિ પ્રવચનમાં

નહીં. અથવા આ મનુષ્યલોકમાં. જિનમત - રાગાદિ શત્રુઓને જીતે છે તે જિન. તે ભલે છદ્મસ્થવીતરાગ પણ હોય, તો પણ તે તીર્થપ્રવર્તક યોગથી ઉત્પન્ન કેવળજ્ઞાન તીર્થંકર કહેવાય. તે વર્દ્ધમાન સ્વામી, વર્તમાન તીર્થાધિપતિત્વથી છે. તે વર્દ્ધમાનસ્વામીનો મત - અર્થથી તેમના વડે જ પ્રણીતત્વથી આચારાદિ દ્વાદશાંગી ગણિપિટક તે જિનમત. આ વર્દ્ધમાન સ્વામીનો જિનમત-અતીતાદિના અર્થાત્ ઋષભ, પદ્મનાભ, સીમંધર સ્વામી આદિને આનુકૂલ્યથી સંમત વસ્તુતત્ત્વ અને અપવર્ગના માર્ગમાં કંઈપણ વિસંવાદનો અભાવ છે. તેથી જિનાનુમત કહ્યું. આ રીતે તીર્થંકરોની અવિસંવાદી વચનતા કહી.

વળી જિનાનુલોમ-અવધિ આદિ જિનોને અનુકૂળ છે. આના વશથી અવધિ આદિ જિનત્વની પ્રાપ્તિ છે. યથોક્ત આ જિનમતને સેવતા સાધુઓ અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાનના લાભને પામે છે. જિનપ્રણીત - ભગવંત વર્દ્ધમાન સ્વામી દ્વારા પ્રણીત, સમસ્ત અર્થ સંગ્રહાત્મક માતૃકાપદત્રયના પ્રણયનથી જિન પ્રણીત વર્દ્ધમાન સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં બીજબુદ્ધિત્વાદિ પરમગુણયુક્ત ગૌતમાદિ ગણધર પ્રતિ આ ત્રણ માતૃકાપદ કહ્યા — ''उप्पन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा.'' આ ત્રણ પદોથી ગૌતમાદિએ દ્વાદશાંગી રચી. તેથી આ જિનમત, જિનપ્રણિત છે. આના દ્વારા આગમનું સૂત્રથી પૌરુષેયત્વ જણાવ્યું. કેમકે પુરુષ પ્રવૃત્તિ સિવાય વચનોનો અસંભવ છે. જેઓ અપૌરુષેયવાદને સ્થાપે છે, - x - તેનો નિરાસ કર્યો છે.

- x - x - પછી કહે છે — जिनप्ररूपितं - ભગવંત વર્દ્ધમાન સ્વામી વડે જે રીતે શ્રોતાને સમજાય, તે રીતે સમ્યક્ પ્રણયન ક્રિયા પ્રવર્તન વડે પ્રરૂપિત છે અર્થાત્ જો કે શ્રોતા ભગવત્ વિવક્ષાને સાક્ષાત્ જાણતાં નથી, તો પણ આ અનાદિ શાબ્દ વ્યવહાર સાક્ષાત્ વિવક્ષા ગ્રહણ વિના પણ થાય છે. યથા સંકેત શબ્દાર્થ અવગમ, બાળક આદિને તથા દર્શનથી છે. અન્યથા સકલ શબ્દ વ્યવહારોચ્છેદ થાય. ચિત્રાર્થ શબ્દ પણ ભગવંત વડે જ સંકેતિત પ્રસ્તાવ ઔચિત્યાદિ વડે નિયત અર્થનું પ્રતિપાદન કરે છે. તેથી ચિત્રાર્થ શબ્દ શ્રવણથી પણ યથાવસ્થિત અર્થનો બોધ થાય છે. - x - x - ગણધરોને સાક્ષાત્ પરંપરાથી બાકીના આચાર્યોને યથાવસ્થિત અર્થ બોધ અવિજ્ઞાત નથી. - - વળી બીજા કહે છે. —

ભગવન્ પ્રવચન માટે પ્રયાસ કરતા નથી. કેવળ તેમના પુણ્ય પ્રાગ્ભારથી જ શ્રોતાને પ્રતિભાસ ઉપજે છે. જેમકે ભગવંત આ - આ તત્ત્વને કહે છે. કહ્યું છે — ''સ્વયં ચિંતામણિવત્ યત્નરહિત રહે છે'' તેના મતને ખંડન કરવા કહ્યું — जिनाख्यात ભગવંત વર્ધમાનસ્વામી વડે પ્રકૃષ્ટ પુણ્ય સંભારના વિપાકોદય તથા વ્યાપાર યોગથી કહેલ છે. તેથી જિનાખ્યાત કહ્યું. - x - આ જે કંઈ છે તે બધું ભગવંતે શ્રોતાને સમ્યગ્ યોગથી કહ્યું છે, અયોગથી નહીં, અમૂઢ લક્ષણત્વથી. - x -

શ્રોતૃલક્ષણ આ છે — મધ્યસ્થ, બુદ્ધિમાન, અર્થી, જાતિ-આદિ ગુણ સંગત, યથાશક્તિ શ્રુતકૃત્ શ્રોતાને પાત્ર જાણવો. પછી ફળવત્ આ જિનાખ્યાતને જણાવવા કહે છે — जिनानुचिर्ण - અહીં જિન હિત આપ્તિ અનિવર્તક યોગ સિદ્ધ ગણધર



લેવા અર્થાત્ જિન - હિતપ્રાપ્ત અનિવર્તક યોગસિદ્ધ ગણધરો વડે અનુચીર્ણ - જિનમતનો અર્થ હૃદયંગમ કરી અનાસક્તિ દ્વારા સમભાવની પ્રાપ્તિ કરીને સમાધિ દશાનો અનુભવ કરનાર. તેથી તથારૂપ સમાધિ ભાવથી ઉલ્લસિત અતિશય વિશેષ ભાવથી તેમની તેવી સૂત્રકરણ-શક્તિ છે, તે દર્શાવવાને માટે કહે છે —

जिनप्रज्ञप्त - હિત પ્રાપ્ત અનિવર્તક યોગી વડે પ્રજ્ઞપ્ત - તેના સિવાયના જીવોના અનુગ્રહને માટે સૂત્રથી — 'આચાર' આદિ અંગ-ઉપાંગભેદથી રચિત. કહ્યું છે — અરહંતો અર્થને કહે છે, નિપુણ ગણધરો સૂત્રથી ગુંથે છે. શાસનના હિતાર્થે તે સૂત્ર પ્રવર્તે છે. આ હિતપ્રવૃત્તાદિરૂપ જિન વડે દેશનીય છે. - x - તે જણાવતા કહે છે —

जिनदेशित - અહીં જિન એટલે હિતપ્રવૃત્ત ગોત્ર વિશુદ્ધ ઉપાય અભિમુખ અને અપાય વિમુખાદિ લેવા. જિન - હિત પ્રવૃત્તાદિ રૂપથી શુશ્રૂષાદિ વડે વ્યક્ત ભાવથી કહેવાયેલ તે જિનદેશિત. [શંકા] આ સિદ્ધાંત પ્રકૃતિ સુંદર હોવા છતાં બધાંને કેમ અપાતા નથી ? - - અયોગ્ય વ્યક્તિ પ્રકૃતિથી અસુંદર હોવાથી અનર્થોની સંભાવના છે. જેમ સ્વયં સુંદર સૂર્ય, ઘુવડ માટે અનર્થકારી છે. માછલી માટે કાંટામાં લાગેલ આહાર અનર્થક થાય છે.

जिनप्रशस्त - જિન એટલે હિતમાર્ગમાં પ્રવૃત્તિકર્તા અને અહિતમાર્ગથી વિમુખ રહેતા, પ્રશસ્ત-નિરોગીને પથ્ય અન્નવત્ ઉચિત સેવનાથી હિતકર છે. આવા સ્વરૂપના જિનમતને ઔત્પાત્તિકી આદિ ભેદભિન્ન બુદ્ધિથી વિચારીને જિનમતની શ્રદ્ધા કરતા, મેધા આદિ ગુણહીન પ્રાણી પણ, થોડું પણ જાણીને ભવ છેદને માટે આર્દ્રચિત્તતાથી થાય, તેમ માનતા. જિનમતની પ્રીતિ કરતા - x - જિનમતની જ રુચિ કરતા - આત્મીયભાવથી અનુભવતા. તેવા કોણ ?

સ્થવિર ભગવંત, તેમાં ધર્મપરિણતિથી નિવૃત્ત, અસમંજસ ક્રિયામતિ સ્થવિર વત્ સ્થવિર અર્થાત્ પરિણત સાધુભાવ આચાર્યો. ભગવંત - શ્રુતઐશ્વર્યાદિ યોગથી ભગ્નવંત કષાયાદિ. જીવાજીવાભિગમ નામથી. जीव - એકેન્દ્રિયાદિ, अजीव - ધર્માસ્તિકાયાદિનો પરિચ્છેદ જેમાં છે તે. - x - ભણાય તે અધ્યયન-વિશિષ્ટાર્થ-ધ્વનિસંદર્ભરૂપ. પ્રરૂપિત કરેલ છે. આના દ્વારા ગુરુપર્વક્રમ લક્ષણ સંબંધ સાક્ષાત્ કહ્યો. - x -

● **સૂત્ર-૨ :-**

***તે જીવાજીવાભિગમ શું છે ? જીવાજીવાભિગમ બે ભેદે છે. તે આ — જીવાભિગમ અને અજીવાભિગમ.***

● **વિવેચન-૨ :-**

આ સૂત્ર - x - પ્રશ્નસૂત્ર છે. મધ્યસ્થ બુદ્ધિમાને ભગવંતના ઉપદિષ્ટ તત્ત્વને પૂછતા તત્ત્વ પ્રરૂપણા કરવી, બીજાને નહીં. से-अथ. अथ શબ્દ પ્રક્રિયાદિ અર્થ જણાવે છે. - x - किं - પરપ્રશ્ન - x - x - પછી વળી અર્થ અપેક્ષાથી યથા અભિધેય સંબંધ જોડે છે. હવે તે જીવાજીવાભિગમ શું છે ? - x - x - એ પ્રમાણે સામાન્યથી કોઈ

પ્રશ્ન કરાતા ભગવન્ ગુરુ, શિષ્ય વચનના અનુરોધથી આદરાધનાર્થે કંઈક પ્રતિ ઉચ્ચારતા કહે છે — જીવાજીવાભિગમ બે પ્રકારે તીર્થંકર અને ગણધરે કહેલ છે. આના દ્વારા અગૃહીત શિષ્યાભિધાનથી નિર્વચન સૂત્રથી કહે છે —

આ બધું માત્ર ગણધરપ્રશ્ન - તીર્થંકર નિર્વચનરૂપ નથી, પણ કંઈક અન્યથા પણ છે. કેવલ સૂત્ર બાહુલ્યથી ગણધરોએ કહ્યું છે - x - તે જીવાજીવાભિગમ જે રીતે બે ભેદે થાય છે, તે રીતે દેખાડે છે. જીવાભિગમ અને અજીવાભિગમ. ચ શબ્દ વસ્તુતત્ત્વને આશ્રીને બંનેની તુલ્યકક્ષતા જણાવવા માટે છે. - x - x - x - જીવ પછી અજીવ શબ્દ હોવા છતાં અલ્પતર વક્તવ્યત્વથી પહેલાં અજીવાભિગમને જણાવવા પ્રશ્નસૂત્ર કહે છે —

**● સૂત્ર-૩ થી ૫ :-**

***[૩] તે અજીવાભિગમ શું છે ? અજીવાભિગમ બે ભેદે છે. તે આ - રૂપી અજીવાભિગમ અને અરૂપી અજીવાભિગમ.***

***[૪] તે અરૂપી અજીવાભિગમ શું છે ? તે દશ ભેદે છે — ધર્માસ્તિકાય આદિ પ્રજ્ઞાપના મુજબ યાવત્ આ અરૂપી અજીવાભિગમ છે.***

***[૫] તે આ રૂપી અજીવાભિગમ શું છે ? તે ચાર ભેદે છે. તે આ — સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્‌ગલો. તે સંક્ષેપથી પાંચ ભેદે છે — વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન પરિણત. આ બધુ જેમ પ્રજ્ઞાપનામાં છે તેમ કહેવું. તે રૂપી અજીવાભિગમ, તે અજીવાભિગમ છે.***

**● વિવેચન-૩ થી ૫ :-**

આ અજીવાભિગમ શું છે ? આચાર્ય કહે છે, તે બે ભેદે છે. તે આ - રૂપી જીવાભિગમ અને અરૂપી જીવાભિગમ. જેને રૂપ છે, તે રૂપી. રૂપ ગ્રહણ ગંધાદિનું ઉપલક્ષણ છે. તેના સિવાય તેનો અસંભવ છે. તેથી કહ્યું છે — પ્રતિ પરમાણુ રૂપ-રસ-ગંધ-સ્પર્શ યુક્ત છે. કહ્યું છે — પરમાણુ સૂક્ષ્મ અને નિત્ય હોય છે. એકરસ-ગંધ-વર્ણ અને બે સ્પર્શયુક્ત હોય છે. આના વડે રૂપ અને પરમાણુઓ જુદા છે અને રસાદિ પરમાણુ જુદા જુદા છે — આ મતનું ખંડન કરેલ છે. કેમકે પ્રત્યક્ષબાધિત છે.

તેથી કહે છે — નિરંતરપણાથી કુચકળશ ઉપર નિવિષ્ટ રૂપ પરમાણુ ઉપલબ્ધિ ગોચર, તેમાં જ અવ્યવચ્છેદથી સર્વે પણ સ્પર્શો પ્રાપ્ત થાય છે. જે ધૃતાદિ રસ પરમાણુ કે કર્પૂરાદિ ગંધ પરમાણુ, તેમાં નિરંતરપણે રૂપ અને સ્પર્શ ઉપલબ્ધિ વિષય છે. - x - તેથી પરસ્પર રૂપાદિ અવ્યતિરેક છે. રૂપી એવા તે અજીવનો અભિગમ તે રૂપી-અજીવાભિગમ. અર્થાત્ પુદ્‌ગલરૂપ અજીવાભિગમ. કેમકે પુદ્‌ગલોને જ રૂપાદિપણું છે. રૂપ સિવાય તે અરૂપી - ધર્માસ્તિકાયાદિ, તે અજીવ એવા અરૂપી છે, તેનો અભિગમ તે અરૂપી અજીવાભિગમ.

તેમાં અરૂપી તે પ્રત્યક્ષાદિ - અવિષય છે, માત્ર આગમ પ્રમાણ ગમ્ય છે. તેથી પહેલા તેના સંબંધમાં પ્રશ્નસૂત્ર કહ્યું છે.

અરૂપી અજીવાભિગમ દશ પ્રકારે કહેલ છે. તેનું દશવિધત્વ કહે છે —





ધર્માસ્તિકાયાદિ. જેમ પ્રજ્ઞાપનામાં કહ્યું છે, તેમ કહેવું. તે આ છે — ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયદેશ, ધર્માસ્તિકાય પ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય દેશ, અધર્માસ્તિકાય પ્રદેશ, આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાય દેશ, આકાશાસ્તિકાય પ્રદેશ, અદ્ધાસમય.

તેમાં જીવો અને પુદ્‌ગલોના જે સ્વભાવથી જ ગતિ પરિણામ પરિણતોનું તે સ્વભાવ ધારણ અને પોષણથી ધર્મ. અસ્તિ - પ્રદેશો, તેની કાય - સંઘાત. અસ્તિકાય - પ્રદેશ સંઘાત. આના દ્વારા સકલ ધર્માસ્તકાય રૂપ અવયવિ દ્રવ્ય કહે છે. અવયવી - અવયવોના તથારૂપ સંઘાત પરિણામ વિશેષ જ, પણ અવયવદ્રવ્યથી પૃથક્ બીજું દ્રવ્ય નહીં. કેમકે તે પ્રાપ્ત નથી. તંતુઓ જ આતાન-વિતાનરૂપ સંઘાત પરિણામ વિશેષથી પ્રાપ્ત લોકમાં પટ-વ્યપદેશ-ભાગ્ પ્રાપ્ત છે, પણ તેના સિવાય 'પટ' નામક દ્રવ્ય નથી. - x - x - ધર્મસંગ્રહણીટીકામાં તેની ચર્ચા છે.

તેનો જ બુદ્ધિ પરિકલ્પિત દ્વ્યાદિ પ્રદેશાત્મક વિભાગ તે ધર્માસ્તિકાય દેશ. ધર્માસ્તિકાય પ્રદેશ-પ્રકૃષ્ટ દેશ, નિર્વિભાગ ભાગ. તે અસંખ્યેય છે. કેમકે તેનું લોકાકાશ પ્રદેશ પ્રમાણત્વ છે.

ધર્માસ્તિકાયનું પ્રતિપક્ષભૂત તે અધર્માસ્તિકાય — જીવોના અને પુદ્‌ગલોના સ્થિતપરિણામ પરિણતોના તત્પરિણામ ઉપષ્ટંભક અમૂર્ત અસંખ્યાત પ્રદેશાત્મક તે અધર્માસ્તિકાય. - x -

આકાશ - ચોતરફથી સર્વે દ્રવ્યો દીપ છે તે. અસ્તિ - પ્રદેશ, તેનો જે કાય તે અસ્તિકાય. આકાશાસ્તિકાયનો દેશ આદિ પૂર્વવત્. માત્ર તેના પ્રદેશો અનંત છે, કેમકે અલોકનું અનંતત્વપણું છે.

અદ્ધાસમય - અદ્ધા એટલે કાળ, અદ્ધા એવો સમય અથવા અદ્ધાનો સમય - નિર્વિભાગ ભાગ તે અદ્ધા સમય. આ એક જ વર્તમાન પરમાર્થથી છે, પણ અતીત-અનાગત નથી, કેમકે તેમનું યથાક્રમ વિનષ્ટ અનુત્પન્ન છે. પછી કાયત્વ અભાવથી દેશ, પ્રદેશ કલ્પના વિરહ છે. હવે આકાશ અને કાળ તો લોકમાં પ્રતીત હોવાથી શ્રદ્ધા માટે શક્ય છે, પણ ધર્મ-અધર્માસ્તિકાયને કેમ માનવા ? કે જેથી તેના વિષયમાં શ્રદ્ધા થાય. - કહે છે — ગતિ અને સ્થિતિરૂપ કાર્યદર્શનથી. - x - જેમ ચક્ષુ ઈન્દ્રિયથી ચાક્ષુષ્ વિજ્ઞાન છે, તેમ જીવો અને પુદ્‌ગલોનું ગતિ-સ્થિતિ પરિણામ પરિણતથી યથાક્રમે ધર્માધર્માસ્તિકાય.

- x - x - જીવોની અને પુદ્‌ગલોની ગતિસ્થિતિ પરિણામ પરિણત છતાં ગતિ-સ્થિતિ છે, તેના પરિણમન માત્ર હેતુક નથી. તેની માત્ર હેતુકતામાં અલોકમાં પણ તે પ્રવર્તે. તેથી તે માત્ર પરિણમન હેતુ નથી, પણ વિશિષ્ટ પરિણામ છે. તે આ રીતે — લોકમાત્ર ક્ષેત્રના અંતરમાં આની ગતિ-સ્થિતિ થાય છે, તેની બહાર પ્રદેશ માત્ર અધિક નહીં.

શું આવા પ્રકારના વિશિષ્ટ પરિણામ આકાલ જીવો અને પુદ્‌ગલોને ઉત્કર્ષથી પણ આટલા પ્રમાણમાં જ થયા, છે અને થશે કે ક્યારેક અધિકતર નહીં, આનું

નિયામક શું છે ? પરમાણુ જઘન્યથી પરમાણુ માત્ર ક્ષેત્ર અતિક્રમને આદિ કરીને ઉત્કર્ષથી ચૌદ રાજલોક ક્ષેત્ર સુધી ગતિ થાય છે, પછી પ્રદેશ માત્ર પણ અધિક કેમ ન થાય ? તેથી અહીં અવશ્ય કોઈ બીજો નિયમક કહેવું જોઈએ. તે ધર્માધર્માસ્તિકાય જ છે, માત્ર આકાશ નહીં. આકાશ માત્રનો અલોકે પણ સંભવ છે. આકાશ લોક પરિમિત નથી. - - તેથી કહે છે – જીવ અને પુદ્‌ગલોની અન્યત્ર ગતિ-સ્થિતિનો અભાવ સિદ્ધ થતાં વિવક્ષિત પરિમિત આકાશની લોકત્વ સિદ્ધિ છે, તેની સિદ્ધિથી - x - તેનો બીજે અભાવ સિદ્ધ છે.

આવું અસંબદ્ધ કેમ કહે છે ? લોકત્વથી સંપ્રતિ કહેલ ક્ષેત્ર છે, તેટલા જ આકાશખંડમાં ગતિ-સ્થિતિ સ્વભાવ છે, તેથી આગળ પ્રદેશમાત્ર પણ નહીં, તેથી કંઈ દોષ નથી. - x - x - તેટલો જ માત્ર આકાશખંડનો તે સ્વભાવ છે, આગળ નહીં, ક્યા પ્રમાણથી તે પરિકલ્પના કરી ? આગમ પ્રમાણથી. - x - x - જો આમ છે, તો આગમ પ્રમાણ્ય બળથી જ ધર્માધર્માસ્તિકાય ગતિ-સ્થિતિ નિબંધન ઈચ્છવો જોઈએ. આકાશખંડના નિર્મૂલ સ્વાભાવાંતર પરિકલ્પના આયાસથી શું ? અહીં આ ક્રમ ઉપન્યાસનું શું પ્રયોજન છે ? તે કહે છે –

અહીં ધર્માસ્તિકાય પદ મંગલભૂત છે. કેમકે આદિમાં ધર્મ શબ્દ છે. પદાર્થ પ્રરૂપણા હાલ ઉત્ક્ષિપ્તા વર્તે છે, તેથી મંગલાર્થે આદિમાં ધર્માસ્તિકાયનું ઉપાદાન છે. તેના પ્રતિપક્ષરૂપ હોવાથી અધર્માસ્તિકાય પછી ગ્રહણ કર્યુ. બંનેનો આધાર આકાશ હોવાથી પછી આકાશાસ્તિકાય લીધું. પછી અજીવના સાધર્મ્યથી અદ્ધાસમય છે અથવા અહીં ધર્મ-અધર્મ અસ્તિકાયો પ્રધાન ન થાય, તેથી તેની પ્રધાનતા અને સામર્થ્યથી જીવ અને પુદ્‌ગલોના અસ્ખલિત પ્રચાર પ્રવૃત્તિથી લોકવ્યવસ્થા ન થાય, પણ લોકાલોક વ્યવસ્થા છે. તેથી ધર્માધર્મ અપ્રધાન થઈ જે ક્ષેત્રમાં સમવગાઢ છે, તેટલા પ્રમાણવાળો લોક છે. બાકી અલોક સિદ્ધ થાય છે. - x - x - તેથી આ પ્રમાણે લોકાલોક વ્યવસ્થાહેતુ ધર્માધર્માસ્તિકાય એ બંનેનું પહેલા ઉપાદન છે. તેમાં પણ માંગલિકત્વથી ધર્માસ્તિકાય પહેલા લીધું. અધર્માસ્તિકાય તેનું પ્રતિ-પક્ષી હોવાથી પછી લીધું. પછી લોકાલોક વ્યાપિત્વથી આકાશાસ્તિકાય, પછી લોકમાં સમય-અસમય ક્ષેત્ર વ્યવસ્થાકારીત્વથી અદ્ધાસમય, એમ આગમાનુસારી યુક્તિ કહેવી.

ઉપસંહાર વાક્ય - તે આ અરૂપી અજીવાભિગમ કહ્યું. હવે આગળ આ સૂત્ર – તે રૂપી અજીવાભિગમ શું છે ? ચાર ભેદે છે. અહીં 'સ્કંધો' એવું બહુવચન પુદ્‌ગલ સ્કંધોનું અનંતત્વ જણાવે છે. સ્કંધ દેશ-સ્કંધોના સ્કંધત્વ પરિણામને ન છોડીને બુદ્ધિ પરિકલ્પિત દ્ધ્યાદિ પ્રદેશાત્મક વિભાગ. - x - સ્કંધપ્રદેશ-સ્કંધોના સ્કંધત્વ પરિણામને છોડ્યા વિના પ્રકૃષ્ટ દેશો-નિર્વિભાગ ભાગ પરમાણુઓ. પરમાણુ પુદ્‌ગલ-સ્કંધ પરિણામ રહિત કેવળ પરમાણુઓ.

આગળનું સૂત્ર છે – તેઓ સંક્ષેપથી પાંચ ભેદે છે – વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન પરિણત. તેમાં જે વર્ણ પરિણત છે તે પાંચ ભેદે છે – કાળવર્ણ પરિણત, નીલ



વર્ણ પરિણત ઈત્યાદિ.

● **સૂત્ર-૬,૭ :-**

***[૬] તે જીવાભિગમ શું છે ? બે ભેદે છે – સંસાર સમાપન્નક જીવાભિગમ અને અસંસાર સમાપન્નક જીવાભિગમ.***

***[૭] તે અસંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? તે બે ભેદે છે – અનંતર સિદ્ધ સમાપન્નક જીવાભિગમ અને પરંપરસિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ. તે અનંતસિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? તે ૧૫-ભેદે છે – તિર્થસિદ્ધ યાવત્ અનેકસિદ્ધ. તે આ અનંતર સિદ્ધ કહ્યા.***

***તે પરંપર સિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? અનેકવિધ છે – પ્રથમસમયસિદ્ધ, દ્વિસમયસિદ્ધ યાવત્ અનંત સમય સિદ્ધ. તે આ પરંપર સિદ્ધ૦ - - તે આ અસંસાર સમાપન્નક૦***

● **વિવેચન-૬,૭ :-**

સંસરવું તે સંસાર-નારકાદિમાં ભવભ્રમણ લક્ષણ. સમ્યગ્-એકીભાવથી પ્રાપ્ત, તે સંસાર સમાપન્ન - સંસારવર્તી. તેનો અભિગમ. - x - ન સંસાર તે અસંસાર - સંસારથી પ્રતિપક્ષી તે મોક્ષ. તેને પ્રાપ્ત જીવોનો અભિગમ તે અસંસાર સમાપન્ન જીવાભિગમ. च શબ્દ આ બંને જીવોના જીવત્વ પ્રતિ તુલ્યકક્ષતા સૂચક છે. તેના વડે નિર્વાણ સ્વીકારથી આત્મગુણોનો અત્યંત વિચ્છેદ કહે છે, તેનું ખંડન કર્યુ. - x - x - x - x - x - x - x - અહીં અલ્પ વક્તવ્યત્વથી પહેલા અસંસારસમાપન્ન જીવાભિગમ સૂત્ર છે. - x - x - આની વ્યાખ્યા પ્રજ્ઞાપના ટીકાથી જાણવી, ત્યાં સવિસ્તર કહી છે. હવે સંસાર સમાપન્ન જીવોનો પ્રશ્ન.

● **સૂત્ર-૮ :-**

***તે સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? સંસાર સમાપન્ન જીવોમાં આ નવ પ્રતિપત્તિઓ [મતો] આ પ્રકારે છે – કોઈ કહે છે – સંસાર સમાપન્નક જીવો બે ભેદે છે. કોઈ કહે છે ત્રણ ભેદે૦ છે. કોઈ કહે છે ચાર ભેદે૦ છે, કોઈ કહે છે પાંચ ભેદે૦ છે. આ આલાવા મુજબ યાવત્ દશ પ્રકારે સંસાર સમાપન્નક જીવો કહેલા છે.***

● **વિવેચન-૮ :-**

આચાર્ય કહે છે સંસાર સમાપન્ન જીવોમાં હવે કહેવાનાર બે ભેદથી દશ ભેદ સુધીની નવ પ્રતિપત્તિનું પ્રતિપાદન કરે છે. - x - આ પ્રતિપત્તિ આખ્યાન વડે પ્રણાલિકાથી અર્થકથન જાણવું. કેમકે પ્રતિપત્તિ ભાવમાં પણ શબ્દથી અર્થમાં પ્રવૃત્તિ કરણ છે. તેનાથી શબ્દાદ્વૈતવાદનું ખંડન કરેલ છે. - x - x - પ્રણાલિકા વડે અર્થ અભિધાનને જણાવે છે.

એક આચાર્ય કહે છે – જીવો બે ભેદે સંસાર સમાપન્ન છે. એક આચાર્ય કહે છે. ત્રણ ભેદે છે. યાવત્ દશ ભેદે છે. આ કોઈ પૃથક્ મતાવલંબી બીજું દર્શન નથી. જેઓ બે ભેદે વિવક્ષા કરે છે, તેઓ જ ત્રણ ભેદે વિવક્ષા કરે છે. તેમાં બે ભેદની

વિવક્ષાની અપેક્ષાએ ત્રણ ભેદ વિવક્ષા અન્યત્વથી છે. - x - તેથી જ પ્રતિપત્તિઓ પરમાર્થથી અનુયોગ દ્વારો છે, તેમ જાણવું. અહીં જે બે ભેદે છે, તે જ ત્રણ ભેદે, તે જ ચાર ચાર ભેદે યાવત્ દશ ભેદે છે. તેની અનેક સ્વભાવતા તે-તે ધર્મ ભેદથી છે. તે-તે રૂપે અભિધાનતા યોજાય છે, અન્યથા નહીં. - x - x - “અધિષ્ઠાતા જીવોના એકરૂપત્વ અભ્યુપગમથી તથારૂપ વૈચિત્ર્ય અસંભવ છે અને બીજા પણ પ્રવાદો છે.” આ બધાનું ખંડન કરેલ છે.

હવે આ પ્રતિપત્તિ ક્રમથી જ વ્યાખ્યા કરે છે૦ - x -

## ૧-દ્વિવિધા પ્રતિપત્તિ

-- x -- x -- x -- x --

● સૂત્ર-૯ :-

***તેમાં જે એમ કહે છે કે “બે ભેદે સંસાર સમાપન્નક જીવો છે, તેઓ એમ કહે છે — ત્રસ અને સ્થાવર બે ભેદો છે.***

● વિવેચન-૯ :-

તે નવ પ્રતિપત્તિમાં જે બે પ્રત્યાવતાર વિવક્ષામાં વર્તે છે, તે કહે છે — બે ભેદે સંસાર સમાપન્નક જીવો કહ્યા છે. - x - તે દ્વૈવિધ્ય જણાવે છે - ત્રસ અને સ્થાવર. ત્રસ-ઉષ્ણાદિ અભિતપ્ત થતાં જે-તે સ્થાને ઉદ્વેગ પામીને બીજા સ્થાને છાયાદિ આસેવનાર્થે જાય તે. આ વ્યુત્પત્તિથી ત્રસનામ કર્મોદયવર્તી ત્રસ જ લેવા, બીજા નહીં. બાકીનાનું જે પ્રયોજન છે તે આગળ કહેવાશે, તેની વ્યુત્પત્તિ- ત્રસ અભિસંધિ કે અનભિસંધિપૂર્વક ઉર્ધ્વ-અધો કે તીર્છા ચાલે તે, તેઉ, વાયુ અને દ્વિ-ઈન્દ્રિયાદિ. સ્થાવર-ઉષ્ણાદિ અભિતાપ છતાં તે સ્થાનને છોડવામાં અસમર્થ થઈને રહેનાર-પૃથ્વી આદિ. ‘च’ શબ્દ સ્વગત અનેક ભેદ સમુચ્ચયાર્થે છે. તેથી જ સંસારસમાપન્નક જીવો છે, આ સિવાયના સંસારીપણાના અભાવથી છે. હવે સ્થાવર —

● સૂત્ર-૧૦ :-

***તે સ્થાવરો કયા છે ? તે ત્રણ ભેદે કહ્યા છે. તે આ — પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક.***

● વિવેચન-૧૦ :-

આ સ્થાવર કોણ છે ? ત્રણ ભેદે. પૃથ્વી કાયા છે તે જ પૃથ્વીકાયિક. અપ્-દ્રવ, તે જ કાય-શરીર જેનું છે તે અપ્કાયિક. વનસ્પતિ-લતા આદિ રૂપ. તે જેનું શરીર છે, તે વનસ્પતિકાયિક. બધે બહુવચન બહુત્વ જણાવવા માટે છે. તેનાથી ‘પૃથ્વીદેવતા’ આદિ એક જીવત્વ માત્ર પ્રતિપાદનનું ખંડન કર્યુ. - x - સર્વે ભૂતોના આધાર પૃથ્વી છે, તેથી પહેલા પૃથ્વીકાયિકને લીધા. તેના પછી ત્યાં સ્થિત હોવાથી અપ્કાયિક, પછી જ્યાં જળ ત્યાં વન૦ તે સૈદ્ધાંતિક વસ્તુ પ્રતિપાદનાર્થે વનસ્પતિકાયિક. અહીં ત્રણ સ્થાવરોમાં તેઉ અને વાયુને સ્થાવરત્વ હોવા છતાં તેની ગતિત્રસમાં વિવક્ષા કરી છે. તત્ત્વાર્થસૂત્રમાં પણ તેમજ કહ્યું છે. જુઓ અધ્યયન-૨, સૂત્ર-૧૩, ૧૪. હવે પહેલા પૃથ્વીકાયિકના પ્રતિપાદનાર્થે કહે છે —



● સૂત્ર-૧૧ :-

***તે પૃથ્વીકાયિક કોણ છે ? બે ભેદે — સૂક્ષ્મ૦, બાદર૦***

● વિવેચન-૧૧ :-

તે પૃથ્વીકાયિક કોણ છે ? આચાર્ય કહે છે, તે બે ભેદે છે — સૂક્ષ્મપૃથ્વીકાયિક અને બાદરપૃથ્વીકાયિક. સૂક્ષ્મ નામકર્મોદયથી સૂક્ષ્મ, બાદરનામ કર્મોદયથી બાદર. આ સૂક્ષ્મ-બાદરત્વ કર્મોદય જનિત છે, આપેક્ષિક નહીં. ‘च’ શબ્દ સ્વગત ભેદ સૂચક છે. સૂક્ષ્મ-સકલ લોકવર્તી, બાદર-પ્રતિ નિયત એક દેશધારી.

● સૂત્ર-૧૨ :-

***તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક શું છે ? બે ભેદે કહેલ છે, તે આ — પર્યાપ્તક અને અપર્યાપ્તક.***

● વિવેચન-૧૨ :-

આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકો કોણ છે ? તે બે ભેદે છે — પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં પર્યાપ્તિ - આહારાદિ પુદ્ગલ ગ્રહણ - પરિણમન હેતુ આત્માની શક્તિ વિશેષ. તે પુદ્ગલના ઉપચયથી થાય. અર્થાત્ ઉત્પત્તિદેશે આવીને જે પહેલા પુદ્ગલો ગ્રહણ કરે, તથા બીજાં પણ પ્રતિ સમય ગૃહ્યમાણ છે, તેના સંપર્કથી તદ્રુપતાથી ઉત્પન્ન જે શક્તિવિશેષ આહારાદિ પુદ્ગલ, ખલ, રસ, રૂપતા પ્રાપ્તિ હેતુ જે ઉદર અંતર્ગત્ પુદ્ગલ વિશેષોનું આહાર પુદ્ગલ વિશેષ આહાર પુદ્ગલ-ખલ-રસ-રૂપતા પરિણમન હેતુ તે પર્યાપ્તિ. તે છ ભેદે છે — આહાર, શરીર, ઈન્દ્રિય, પ્રાણાપાન, ભાષા અને મનઃપર્યાપ્તિ. તેમાં જે બાહ્ય આહાર લઈને ખલ-રસ-રૂપપણે પરિણમે છે, તે આહાર પર્યાપ્તિ૦ ઈત્યાદિ વૃત્તિ મુજબ જાણવું. - x - x - આ બધી યથાક્રમે એકેન્દ્રિયાદિને ચાર-પાંચ-છ હોય.

ઉત્પત્તિના પહેલા સમયે જ આ બધી એકસાથે નિષ્પાદિત થવાની શરૂ થઈને ક્રમથી પૂરી થાય છે. તે આ રીતે — પહેલા આહાર પર્યાપ્તિ, પછી શરીર પર્યાપ્તિ, પછી ઈન્દ્રિય પર્યાપ્તિ આદિ. આહારપર્યાપ્તિ પહેલા સમયે જ નિષ્પત્તિ પામે છે. બાકી બધી અંતર્મુહૂર્ત કાળથી પામે. આર્યશ્યામે પ્રજ્ઞાપનાના આહાર પદમાં બીજા ઉદ્દેશામાં આ સૂત્ર કહ્યું છે - x - x - ઉપપાત ક્ષેત્રે આવીને પ્રથમ સમયે જ આહારક છે, પછી એક સામયિકી આહાર પર્યાપ્ત નિર્વૃત્તિ છે. - x - x - બધી પર્યાપ્તિનો પર્યાપ્તિ પરિસમાપ્તિ કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. જેમાં પર્યાપ્તિઓ વિધમાન છે તે ‘પર્યાપ્તા’ છે.

વળી જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિ પરિસમાપ્તિ રહિત છે તે અપર્યાપ્તા છે. તે બે ભેદે — લબ્ધિ વડે અને કરણ વડે. તેમાં જે અપર્યાપ્તા જ મૃત્યુ પામે છે તે લબ્ધિ અપર્યાપ્તા છે. જે કરણ-શરીર, ઈન્દ્રિયાદિથી નિર્વર્ત્તતા નથી, હવે જે અવશ્ય નિર્વર્તશે તે કરણપર્યાપ્ત સંપ્રાપ્ત છે.

હવે શિષ્યજનના અનુગ્રહને માટે શેષવક્તવ્યતા સંગ્રહાર્થે સંગ્રહણી ગાથા છે.

● સૂત્ર-૧૩ :-

***શરીર, અવગાહના, સંઘયણ, સંસ્થાન, કષાય, સંજ્ઞા, લેશ્યા, ઈન્દ્રિય,***

સમુદ્‌ઘાત, સંજ્ઞી, વેદ, પર્યાપ્તિ, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ, ઉપયોગ, આહાર, ઉપપાત, સ્થિતિ, સમુદ્‌ઘાત, ચ્યવન, ગતિ આગતિ.

● વિવેચન-૧૩ :-

પહેલા સૂક્ષ્મ પૃથ્વીકાયિકના શરીરની વક્તવ્યતા, પછી અવગાહના, પછી સંઘયણ ઈત્યાદિ ગાથાક્રમે જાણવું. આ ૨૩-દ્વારો છે.

● સૂત્ર-૧૪ :-

ભગવન્‌ ! તે સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ. ઔદારિક, તૈજસ, કાર્મણ... ભગવન્‌ ! તે જીવોની શરીર અવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલના અસંખ્યાતભાગ, ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતભાગ... તે જીવોના શરીર ક્યા સંઘયણવાળા છે ? ગૌતમ ! સેવાર્ત્ત સંઘયણી છે.

ભગવન્‌ ! તે જીવોના શરીરનું સંસ્થાન શું છે ? ગૌતમ ! મસૂર ચંદ્ર સંસ્થિત... ભગવન્‌ ! તે જીવોને કેટલા કષાયો છે ? ગૌતમ ! ચાર. ક્રોધ-માન-માયા-લોભકષાય... ભગવન્‌ ! તે જીવોને કેટલી સંજ્ઞા છે ? ગૌતમ ! ચાર. આહારસંજ્ઞા યાવત્‌ પરિગ્રહ સંજ્ઞા.

ભગવન્‌ ! તે જીવોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! ત્રણ. કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યા... ભગવન્‌ ! તે જીવોને કેટલી ઈન્દ્રિયો છે ? ગૌતમ ! એક સ્પર્શનેન્દ્રિય... તે જીવને કેટલા સમુદ્‌ઘાતો છે ? ગૌતમ ! ત્રણ. વેદના-કષાય-મારણાંતિક સમુદ્‌ઘાત... ભગવન્‌ ! તે જીવો સંજ્ઞી છે કે અસંજ્ઞી ? ગૌતમ ! સંજ્ઞી નથી, અસંજ્ઞી છે... ભગવન્‌ ! તે જીવો સ્ત્રી-પુરુષ કે નપુંસક વેદે છે ? ગૌતમ ! નપુંસકવેદી છે.

ભગવન્‌ ! તે જીવોને કેટલી પર્યાપ્તિઓ છે ? ગૌતમ ! ચાર. આહાર-શરીર-ઈન્દ્રિય-આનપ્રાણ પર્યાપ્તિ... ભગવન્‌ ! તે જીવોને કેટલી અપર્યાપ્તિઓ છે ? ગૌતમ ! ચાર. આહાર યાવત્‌ આનપ્રાણ પર્યાપ્તિ... ભગવન્‌ ! તે જીવો સમ્યક્‌-મિશ્ર કે મિશ્રદૃષ્ટિ છે ? ગૌતમ ! તે મિથ્યાદૃષ્ટિ છે... ભગવન્‌ ! તે જીવો ચક્ષુ-અચક્ષુ-અવધિ કે કેવલદર્શની છે ? ગૌતમ ! તેઓ અચક્ષુદર્શની માત્ર છે.

ભગવન્‌ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓ અજ્ઞાની છે. નિયમા બે અજ્ઞાન છે - મતિ અજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની... ભગવન્‌ ! તે જીવો મન-વચન કે કાયયોગી છે ? ગૌતમ ! તેઓ કાયયોગી છે... ભગવન્‌ ! તે જીવો સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! સાકારોપયુક્ત પણ છે, અનાકારોપયુક્ત પણ.... ભગવન્‌ ! તે જીવો શું આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંતપ્રદેશિક, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ, કાળથી કોઈપણ સમય સ્થિતિક, ભાવથી વર્ણાદિમંત છે.

ભગવન્‌ ! જો વર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે, તો એક-બે-ત્રણ-ચાર કે પાંચ વર્ણવાળાનો કરે છે ? ગૌતમ ! સ્થાનમાર્ગણા અપેક્ષાએ એક-બે-



ત્રણ-ચાર કે પાંચવર્ણવાળાનો પણ આહાર કરે છે, વિધાન માર્ગણા અપેક્ષાએ કાળા યાવત્‌ સફેદ વર્ણવાળા આહારે છે.

જો વર્ણથી કાળાને આહારે, તો એકગુણ કાળા કે યાવત્‌ અનંતગુણકાળાને આહારે છે ? ગૌતમ ! એક ગુણ કાળાને પણ આહારે છે યાવત્‌ અનંતગુણ કાળાને પણ. એ રીતે યાવત્‌ શુક્લવર્ણ જાણવો.

જો ભાવથી ગંધવાળા પુદ્‌ગલો આહારે, તો શું એક ગંધ કે બે ગંધવાળાને આહારે છે ? ગૌતમ ! સ્થાનમાર્ગણાને આશ્રીને એક ગંધવાળાને પણ અને બે ગંધવાળાને પણ આહારે. વિધાનમાર્ગણા આશ્રીને સુરભિગંધીને પણ અને દુરભિગંધીને પણ આહારે છે, જો સુગંધી પુદ્‌ગલ આહારે છે તો શું એકગુણવાળાને કે યાવત્‌ અનંતગુણ સુરભિગંધીને આહારે છે ? ગૌતમ ! એક ગુણ સુરભિ-ગંધવાળાને પણ યાવત્‌ અનંત ગુણ સુરભિગંધવાળાને પણ આહારે છે. એ રીતે દુર્ગંધી પણ છે.

રસવાળાનું વર્ણન વર્ણવાળાની જેમ કરવું.

જો ભાવથી સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે તો એક સ્પર્શવાળાને કે યાવત્‌ આઠ સ્પર્શવાળાને આહારે ? ગૌતમ ! સ્થાનમાર્ગણાને આશ્રીને એક સ્પર્શવાળાને યાવત્‌ આઠ સ્પર્શવાળાને આહારે છે. વિધાન માર્ગણાને આશ્રીને કર્કશ યાવત્‌ રૂક્ષ સ્પર્શવાળાને પણ આહારે છે.

જો સ્પર્શથી કર્કશ સ્પર્શવાળાને આહારે તો શું એક ગુણ કર્કશને કે યાવત્‌ અનંતગુણ કર્કશને આહારે ? ગૌતમ ! એક ગુણ કર્કશવાળાને પણ યાવત્‌ અનંતગુણ કર્કશને પણ. એ રીતે રૂક્ષ સુધી જાણવું.

ભગવન્‌ ! તે શું સ્પૃષ્ટને આહારે છે કે અસ્પૃષ્ટને ? ગૌતમ ! સ્પૃષ્ટને આહારે છે, અસ્પૃષ્ટને નહીં. ભગવન્‌ ! તે અવગાઢને આહારે છે કે અનવગાઢને ? ગૌતમ ! અવગાઢને, અનવગાઢને નહીં. ભગવન્‌ ! તે અનંતરાવગાઢને આહારે છે કે પરંપરાવગાઢને ? ગૌતમ ! અનંતરાવગાઢને આહારે છે, પરંપરાવગાઢને નહીં. ભગવન્‌ ! તે અણુને આહારે છે કે બાદરોને ? ગૌતમ ! અણુને પણ અને બાદરને પણ.

ભગવન્‌ ! તે ઉર્ધ્વ, અધો કે તિર્છા સ્થિત પુદ્‌ગલોને આહારે છે ? ગૌતમ ! ઉર્ધ્વ, અધો અને તિર્છા ત્રણે આહારે છે. ભગવન્‌ ! તે આદિ, મધ્ય કે અંત્ય પુદ્‌ગલોને આહારે છે ? ગૌતમ ! ત્રણેને. ભગવન્‌ ! તે સ્વવિષય પુદ્‌ગલો આહારે છે કે અવિષય ? ગૌતમ ! સ્વવિષય આહારે છે, અવિષય નહીં. ભગવન્‌ ! તે આનુપૂર્વી પુદ્‌ગલો આહારે છે કે અનાનુપૂર્વી ? ગૌતમ ! આનુપૂર્વી આહારે છે, અનાનુપૂર્વી નહીં. ભગવન્‌ ! તે ત્રણ-ચાર-પાંચ કે છ દિશાથી આહારે છે ? ગૌતમ ! નિર્વ્યાઘાતથી છ દિશામાં, વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશાથી, કદાચ ચાર દિશાથી, કદાચ પાંચ દિશાથી પુદ્‌ગલો આહારે છે.

વિશેષ કરીને વર્ણથી કાળા, નીલા યાવત્‌ શુક્લ, ગંધથી સુરભિ ગંધ

***અને દુરભિગંધવાળા, રસથી યાવત્ તિક્ત-મધુર, સ્પર્શથી કર્કશ, મૃદુ યાવત્ સ્નિગ્ધ, રુક્ષ પુદ્ગલોનો આહાર કરે છે. તે પુરાણા વર્ણગુણો યાવત્ સ્પર્શગુણોને બદલીને, ખસેડીને, ઝટકીને, વિધ્વંસ કરીને તેમાં બીજા અપૂર્વ વર્ણ આદિ ગુણોને ઉત્પન્ન કરીને આત્મ-શરીર અવગાઢ પુદ્ગલોને બધાં આત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે.***

***ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નરક-તિર્યંચ-મનુષ્ય કે દેવથી આવીને ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! તિર્યંચ કે મનુષ્યથી ઉત્પન્ન થાય છે, નૈરયિક દેવથી નહીં. તિર્યંચ યોનિકથી ઉપજે તો અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બાકીના પર્યાપ્ત-અપર્યાપ્ત તિર્યંચોથી ઉપજે છે. મનુષ્યોથી ઉત્પન્ન થાય તો અકર્મભૂમિજ અને અસંખ્યાત વર્ષાયુષ્કને છોડીને બાકીના મનુષ્યોથી ઉપજે છે.***

***આ પ્રમાણે વ્યુત્ક્રાંતિ-ઉપપાત કહેવો જોઈએ.***

***ભગવન્ ! તે જીવોની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને મરે છે કે અસમવહત થઈને ? ગૌતમ ! બંને રીતે. ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? નૈરયિકમાં - તિર્યંચમાં - મનુષ્યમાં કે દેવમાં ? ગૌતમ ! નૈરયિક કે દેવમાં નહીં, પણ તિર્યંચ કે મનુષ્યમાં ઉપજે છે.***

***તેઓ એકેન્દ્રિયોમાં ઉપજે છે યાવત્ પંચેન્દ્રિયોમાં ઉપજે છે ? ગૌતમ ! એકેન્દ્રિયોમાં ઉપજે છે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉપજે છે. અસંખ્યાત-વર્ષાયુષ્કગ સિવાયના પર્યાપ્તા-અપર્યાપ્તામાં ઉપજે છે. અકર્મભૂમિજ, અંતર્દ્વીપક અને અસંખ્યાત વર્ષાયુષ્કોને વર્જીને પર્યાપ્તા-અપર્યાપ્તામાં ઉપજે છે. - - - ભગવન્ ! તે જીવો કેટલી ગતિ અને કેટલી આગતિવાળા છે ? ગૌતમ ! બે ગતિક, બે આગતિક, પરિત્ત અસંખ્યાતા હે આયુષ્યમાન્ શ્રમણ કહ્યા. તે આ સૂક્ષ્મપૃથ્વીકાયિક.***

**● વિવેચન-૧૪ :-**

તે સૂક્ષ્મપૃથ્વીકાયિકો. ભદંત-પરમકલ્યાણયોગી ! કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમસ્વામી ભગવંત મહાવીરને, આ કઈ રીતે નિશ્ચય કરે છે, તે નિર્વચન સૂત્રથી કહે છે. [શંકા] ગૌતમસ્વામી, ભગવંત ઉપચિત કુશલમૂલ ગણધર છે. તીર્થંકરે કહેલ ત્રણ માતૃકાપદ સાંભળી, પ્રકૃષ્ટ શ્રુત જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ચૌદપૂર્વી આ જ્ઞાન યુક્ત જ છે, તો કેમ પૂછે છે ? ચૌદપૂર્વીને પ્રજ્ઞાપનીય કંઈ જ અવિદિત નથી. વિશેષથી તેઓ - x - x - સર્વોત્કૃષ્ટ શ્રુતલબ્ધિ યુક્ત છે ઈત્યાદિ. [સમાધાન] શિષ્યના સંપ્રત્યયાર્થે. જાણવા છતાં શિષ્યોના નિમિત્તે વારંવાર ભગવન્ને પૂછે છે. અથવા ગણધર પ્રશ્ન - તીર્થંકર નિર્વચનરૂપ કેટલાંક સૂત્રો અહીં અધિકૃત્ સૂત્રકાર સૂત્રો રચે છે. અથવા સ્વલ્પ અનાભોગ છદ્મસ્થત્વથી પૂછતા હોય તેમ પણ સંભવે છે - x - હવે પ્રસ્તુત સૂત્રને કહે છે.



ભગવંતે કહ્યું — ગૌતમ ! ઈત્યાદિ. આના વડે લોકપ્રસિદ્ધ મહાગોત્ર વિશિષ્ટ નામથી આમંત્રણ ધ્વનિ વડે આમંત્રતા આમ જણાવે છે — પ્રધાન અસાધારણગુણ વડે ઉત્સાહીને શિષ્યની ધર્મ કહેવો. આ જ સમ્યક્ પ્રતિપત્તિ છે. ત્રણ શરીરો છે. શરીર પાંચ હોય. ઉદાર-પ્રધાન, તીર્થંકર-ગણધરના શરીરને આશ્રીને આનું પ્રાધાન્ય છે. તેથી અનુત્તર દેવ શરીર પણ અનંતગુણ હીન છે. અથવા સાતિરેક હજાર યોજનથી બાકીના શરીરની અપેક્ષાએ મોટું છે માટે પ્રધાન. આ પ્રધાનતા વૈક્રિય ભવધારણીય શરીર અપેક્ષાએ જાણવી, અન્યથા ઉત્તર વૈક્રિય શરીર લાખ યોજનનું સંભવે છે.

વૈક્રિય - વિવિધ કે વિશિષ્ટ ક્રિયાથી થયેલ તે વૈક્રિય તે એક થઈ અનેક થાય છે, અનેક થઈ એક થાય છે. અણુથી મહદ્ અને મહદ્થી અણુ થાય, ખેચર થઈ ભૂમિચાર - ભૂમિચર થઈ ખેચર થાય. દૃશ્ય થઈ અદૃશ્ય થાય, અદૃશ્ય થઈ દૃશ્ય થાય. તે બે ભેદે છે. ઔપપાતિક-જન્મ નિમિત્ત, દેવ-નારકોને છે. લબ્ધિ નિમિત્ત - તિર્યંચો, મનુષ્યોને છે.

આહારક-ચૌદ પૂર્વી, તીર્થંકરની લબ્ધિ આદિ પ્રયોજનથી વિશિષ્ટ લબ્ધિવશાત્ રચે છે. વિશિષ્ટ લબ્ધિથી શ્રુતકેવલી, કાર્ય ઉત્પન્ન થતાં જે રચે છે તે આહારક. કાર્ય આ — પ્રાણિદયા, ઋદ્ધિદર્શન, સૂક્ષ્મતત્ત્વ જાણવા, સંશય છેદનાર્થે જિનેશ્વર પાસે જવું. આ શરીર લોકમાં સર્વથા ન હોય, તે જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ હોય. આહારક શરીર વૈક્રિય શરીરની અપેક્ષાએ અતિ શુભ, સ્વચ્છ, સ્ફટિક શિલાવત્ હોય.

તૈજસ-તેજસ્ પુદ્ગલોનો વિકાર. ઉષ્ણ લક્ષણ ભુક્ત આહારનું પરિણમન કારણ છે. વિશિષ્ટ તપોલબ્ધિથી પુરુષની તેજોલેશ્યાનું વિનિર્ગમ છે. - - - કાર્મણ - કર્મથી બનેલ. કર્મ પરમાણુ આત્મપ્રદેશ સાથે ક્ષીર-નીરવત્ અન્યોન્યાનુગત થઈ શરીરરૂપે પરિણત થાય છે અથવા કર્મનો વિકાર તે કાર્મણ, અષ્ટવિધ વિચિત્ર કર્મ નિષ્પન્ન અને બધાં શરીરોના કારણભૂત, ઔદારિકાદિ શરીરના બીજભૂત. ભવપ્રપંચ બીજભૂત સર્વથા કર્મશરીર ઉચ્છેદ થતાં બાકીના શરીરો ઉદ્ભવે નહીં. બીજી ગતિમાં જવામાં તે સાધકતમ કારણ છે. કાર્મણ અને તૈજસ સહિત જીવો મરણ દેશ છોડીને ઉત્પત્તિ દેશે જાય છે. - x - x - પણ તે અતિસૂક્ષ્મ હોવાથી ચક્ષુ આદિ ઈન્દ્રિયોને ન દેખાતુ હોવાથી જતા-આવતા દેખાતું નથી.

આ પાંચ શરીરોમાં ત્રણ શરીર સૂક્ષ્મ પૃથ્વીકાયિકોને હોય છે તે — ઔદારિક, તૈજસ, કાર્મણ. બાકીના બે તેમને ન સંભવે.

હવે અવગાહનાદ્વાર - જઘન્ય અને ઉત્કૃષ્ટપદ તુલ્ય કહ્યા છે, છતાં જઘન્ય પદથી ઉત્કૃષ્ટ પદ અધિક જાણવું.

સંહનનદ્વાર - x - સંહનન એટલે હાડકાનો સમૂહ. તે છ ભેદે છે — (૧) વજ ઋષભ નારાચ - બંને હાડકાઓ ઉભયથી મર્કટ બંધ વડે બદ્ધ, પટ્ટાકૃતિ થતાં, ત્રીજા હાડકા વડે ઉપર પરિવેષ્ટિત હોય, તે ત્રણ હાડકાંને ભેદીને કીલિકા નામે વજ નામક હાડકું હોય તે. (૨) જે કીલિકા રહિત સંહનન તે ઋષભ નારાચ. (૩) જેમાં

બે હાડકાંનો મર્કટબંધ જ હોય તે નારાચ. (૪) એક પડખે મર્કટબંધ અને બીજા પડખે કીલિકા છે તે અર્દ્ધનારાચ. (૫) જેમાં હાડકાં માત્ર કીલિકાબદ્ધ હોય તે કીલિકા. (૬) જેમાં હાડકાં પરસ્પર છેદથી જ વર્તતા હોય, કીલિકા માત્રનો પણ બંધ ન હોય તે છેવટ્ટુ, આ છ માં તેમને કયું શરીર કહ્યું છે? ભગવંતે કહ્યું – છેવટનું. જો કે સૂક્ષ્મ પૃથ્વીકાયિકોને હાડકાનો અભાવ છે, તો પણ ઔદારિક શરીરીને અસ્થ્યાત્મક સંહનનથી જે શક્તિ વિશેષ ઉપજે, તે ઉપચારથી સંહનન જ કહેવાય. જઘન્ય શક્તિ વિશેષ છેદવર્તી સંહનન વિષય હોવાથી તેમને છેદવર્તી સંહનન છે.

સંસ્થાનદ્વાર - મસૂર નામક ધાન્યનું જે ચંદ્રાકૃતિ દળ, તેના જેવા સંસ્થાનવાળા. જીવોને છ સંસ્થાન હોય. તેમાં પહેલા પાંચ સંસ્થાન મસૂર ચંદ્રકાકાર વાળા ન સંભવે. તેથી આ મસૂર ચંદ્રક આકાર સંસ્થાન હુંડ જાણવું. સર્વત્ર અસંસ્થિત રૂપ તેનું લક્ષણ છે. - x - x -

કષાયદ્વાર - x - જેમાં પરસ્પર પ્રાણી હણાય - કષ્ પામે તે. कष - સંસાર જેના વડે પ્રાણી પામે તે. કષાય - ક્રોધાદિ પરિણામ વિશેષ. ક્રોધ-અપ્રીતિ પરિણામ, માન-ગર્વ પરિણામ, માયા-નિકૃતિ રૂપ, લોભ-ગૃદ્ધિ લક્ષણ. જો કે આ જીવોમાં કષાય અને તેના બાહ્ય ચિહ્ન દેખાતા નથી, પણ મંદ પરિણામથી તેનામાં તે અવશ્ય હોય છે - x -

સંજ્ઞાદ્વાર - સંજ્ઞાન તે સંજ્ઞા. તે બે ભેદે - જ્ઞાનરૂપ અને અનુભવરૂપ. મત્યાદિ પાંચ જ્ઞાન તે જ્ઞાનરૂપ. તેમાં કેવલજ્ઞાન સંજ્ઞા ક્ષાયિકી છે, બાકીની ક્ષાયોપશમિક છે. અનુભવસંજ્ઞા - સ્વકૃત્ અશાતા વેદનિયાદિ કર્મવિપાકોદય જન્ય છે. તેમાં આહાર સંજ્ઞા-ક્ષુધાવેદનીય જન્ય આહાર ઈચ્છા, આ આત્મ પરિણામ અશાતા વેદનીયથી ઉપજે છે. ભયસંજ્ઞા - ભય વેદનીય જનિત ત્રાસ પરિણામરૂપ. પરિગ્રહ સંજ્ઞા-લોભવિપાકોદયજ મૂર્છા પરિણામરૂપ. મૈથુનસંજ્ઞા - વેદોદય જનિત-મૈથુન અભિલાષ. આ ચારે સંજ્ઞા મોહનીયોદયજન્ય છે. આ સંજ્ઞા પણ સૂક્ષ્મ પૃથ્વીકાયિકોને અવ્યક્તરૂપે જાણવી.

લેશ્યાદ્વાર - આત્મા કર્મની સાથે જેનાથી ચોંટે તે લેશ્યા-કૃષ્ણાદિ દ્રવ્યના સાન્નિધ્યથી આત્માના શુભાશુભ પરિણામ. તે છ છે. કૃષ્ણ-નીલ-કાપોત-તેજો-પદ્મ અને શુક્લલેશ્યા. આનું સ્વરૂપ જાંબૂફળ ખાદક છ પુરુષોના દૃષ્ટાંતથી જાણવું. છ પુરુષો માર્ગભ્રષ્ટ થઈ અટવીમાં આવી પડ્યા. છેદન-સ્કંધ-શાખા-પ્રશાખા-ગુચ્છ-પાકીને પડેલા જાંબુ ખાવાના ભાવ અનુસાર છ એ લેશ્યાઓ જાણવી. સૂક્ષ્મ પૃથ્વીકાયિકને અતિ સંક્લિષ્ટ પરિણામ આદિથી કૃષ્ણ-નીલ-કાપોત ત્રણ લેશ્યા જાણવી.

ઈન્દ્રિયદ્વાર - સર્વોપલબ્ધિરૂપ પરમ ઐશ્વર્ય યોગથી તેનું અવિનાભાવી ચિહ્ન તે ઈન્દ્રિયો છે. તે પાંચ છે – શ્રોત્ર, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ અને સ્પર્શન. દરેક બે ભેદે – દ્રવ્ય અને ભાવથી. દ્રવ્યેન્દ્રિય બે ભેદે છે - નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ. તેમાં નિર્વૃત્તિ તે પ્રતિવિશિષ્ટ સંસ્થાન વિશેષ છે. તે પણ બાહ્ય - અભ્યંતર બે ભેદે છે. તેમાં બાહ્ય-કાનની પાપડીરૂપ છે. તે નિયતરૂપ નથી. - x - અભ્યંતર નિર્વૃત્તિ બધાંને એકરૂપે



છે. તેને આશ્રીને જ આ સૂત્રો છે. જેમકે – ભગવન્! શ્રોત્રેન્દ્રિય કયા સંસ્થાને સંસ્થિત છે? ગૌતમ! કલંબુકા સંસ્થા સંસ્થિત ઈત્યાદિ પ્રશ્નો જાણવા. અહીં સ્પર્શનેન્દ્રિય નિર્વૃત્તિના પ્રાયઃ અભ્યંતર-બાહ્ય ભેદ નથી. કેમકે તત્ત્વાર્થમૂલટીકામાં જણાતા નથી.

ઉપકરણ નામક ખડ્ગસ્થાનીયાની બાહ્ય નિર્વૃત્તિના જે ખડ્ગધારા સ્થાનીય સ્વચ્છતર પુદ્ગલ સમૂહાત્મિક અભ્યંતર નિર્વૃત્તિ, તેની શક્તિ વિશેષ. - x - x - કદંબપુષ્પાદિ આકૃતિરૂપ અંતર નિર્વૃત્તિમાં મહાકઠોરતર ઘન ગર્જિતાદિ વડે શક્તિ ઉપઘાત થવા છતાં પ્રાણીને તે શબ્દાદિનો પરિચ્છેદ કરતી નથી.

ભાવેન્દ્રિય પણ બે ભેદે – લબ્ધિ, ઉપયોગ. લબ્ધિ-શ્રોત્રેન્દ્રિયાદિ વિષયનો તદાવરણ ક્ષયોપશમ. ઉપયોગ - સ્વસ્વ વિષયમાં લબ્ધિ અનુસાર આત્માનો પરિચ્છેદ વ્યાપાર. તેમાં જો કે દ્રવ્ય અને ભાવરૂપ અહીં ઈન્દ્રિય અનેક પ્રકારે છે, તો પણ બાહ્યનિર્વૃત્તિરૂપ ઈન્દ્રિય પ્રશ્ન જાણવો. તેને આશ્રીને વ્યવહાર પ્રવર્તે છે. - x - x -

પછી દ્રવ્યેન્દ્રિયને આશ્રીને નિર્વચન સૂત્ર સુગમ છે.

સમુદ્ઘાત દ્વાર - સાત સમુદ્ઘાતો છે – વેદના, કષાય, મારણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલી. તેમાં વેદનાનો સમુદ્ઘાત તે વેદના સમુદ્ઘાત, તે અસાતાવેદનીય કર્માશ્રયી છે. કષાયોદય વડે સમુદ્ઘાત તે કષાય સમુદ્ઘાત - કષાય ચારિત્ર મોહનીય કર્માશ્રય. મરણમાં થાય તે મારણ. વૈક્રિય આરભ્યમાણમાં સમુદ્ઘાત, તે વૈક્રિય શરીર નામ કર્માશ્રયી છે. તૈજસ હેતુભૂતથી સમુદ્ઘાત. આહારક પ્રારભ્યમાણમાં સમુદ્ઘાત, તે આહારક નામ કર્માશ્રયી છે. કેવલીનો અંતર્મુહૂર્ત્તમાં થતો પરમપદમાં સમુદ્ઘાત તે કેવલી સમુદ્ઘાત.

સમુદ્ઘાત એટલે એકીભાવે પ્રાબલ્યથી ઘાત. અર્થથી વેદનાદિ વડે એકીભાવ થવો. જ્યારે આત્મા વેદનાદિ સમુદ્ઘાત ગત હોય છે, ત્યારે વેદનાદિ અનુભવ જ્ઞાન પરિણત જ હોય, અન્ય જ્ઞાન પરિણત નહીં. વેદનાદિ સમુદ્ઘાત પરિણત ઘણાં વેદનીયાદિ કર્મ પુદ્ગલોને કાલાંતરે અનુભવયોગ્યને ઉદીરણા કરણથી ખેંચીને ઉદયાવલિકામાં પ્રક્ષેપીને અનુભવીને નિર્જરે છે. અર્થાત્ આત્મપ્રદેશથી છૂટા પાડે છે - x - વેદના યુક્ત જીવ સ્વપ્રદેશને અનંતાનંત કર્મ પરમાણુથી વીંટીને શરીરથી બહાર ફેંકે છે. તે પ્રદેશ વડે વદન, જઘનાદિ છિદ્રો કર્ણસ્કંધાદિ અંતરાલોને પૂરતા વિસ્તરીને શરીર માત્ર ક્ષેત્રમાં વ્યાપીને અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે. તે અંતર્મુહૂર્ત્તમાં ઘણાં અસાતા વેદનીયને ખેરવી નાંખે છે.

કષાય સમુદ્ઘાત સમુદ્ધત કષાય ચારિત્ર મોહનીય કર્મ પુદ્ગલોને ખેરવે છે. શેષ કથન વેદના સમુદ્ઘાતવત્ જાણવું. એ પ્રમાણે મરણસમુદ્ઘાતમાં આયુકર્મ પુદ્ગલોને ખેરવે છે. વૈક્રિય સમુદ્ઘાતમાં જીવ સ્વપ્રદેશોને શરીરથી બહાર કાઢીને શરીર વિષ્કંભ બાહલ્યમાન લંબાઈથી સંખ્યાત યોજન પ્રમાણ દંડ કાઢીને સ્થૂળ વૈક્રિય શરીર નામકર્મ પુદ્ગલો પૂર્વબદ્ધ હોય તેને ખેરવે છે. તૈજસ અને આહારક સમુદ્ઘાતમાં તે-તે શરીર નામકર્મ પુદ્ગલો ખેરવે છે. કેવલી સમુદ્ઘાત સમુદ્ધત કેવલી સાતા-

અસાતા વેદનીય, શુભાશુભ નામ, ઉચ્ચનીચ ગોત્ર કર્મ પુદ્‌ગલો ખેરવે છે.

કેવલિ સમુદ્‌ઘાત સિવાયના બાકીના છ સમુદ્‌ઘાતો, પ્રત્યેક આંતર્મુહૂર્તિક છે. કેવલિ સમુદ્‌ઘાત આઠ સમયનો છે. આ કથન પ્રજ્ઞાપનામાં પણ છે. અનેક સમુદ્‌ઘાત સંભવમાં સૂક્ષ્મ પૃથ્વીકાયિકોને તે પૂછે છે. આ પ્રશ્ન સુગમ છે. - x -

સંજ્ઞીદ્વાર - સૂક્ષ્મ પૃથ્વીકાયિકો સંજ્ઞી છે કે અસંજ્ઞી ? ભૂત-વર્તમાન-ભાવી સ્વભાવ પર્યાલોચન જેમાં વિદ્યમાન છે તે સંજ્ઞી-વિશિષ્ટ સ્મરણાદિ રૂપ મનોવિજ્ઞાનભાજ. યથોક્ત મનોવિજ્ઞાન વિકલ તે અસંજ્ઞી. કેમકે વિશિષ્ટ મનોલબ્ધિ અભાવ છે.

વેદનાદ્વાર - જેમને સ્ત્રીનો વેદ છે, તે સ્ત્રી વેદક, એ રીતે પુરુષ વેદ, નપુંસક વેદ કહેવો. સ્ત્રીને પુરુષનો અભિલાષ તે સ્ત્રી વેદ, પુરુષને સ્ત્રીનો અભિલાષ તે પુરુષવેદ. બંનેનો અભિલાષ તે નપુંસક વેદ. સૂક્ષ્મ પૃથ્વીકાયિકો સંમૂર્છિમ હોવાથી નપુંસકવેદક છે.

પર્યાપ્તિદ્વાર - સુગમ છે, તેના પ્રતિપક્ષે અપર્યાપ્તિનું નિરૂપણ કરે છે. ચારે અપર્યાપ્તિઓ કરણ અપેક્ષાએ જાણવી. લબ્ધિ અપેક્ષાએ તો એક જ પ્રાણાપાન પર્યાપ્તિ છે. તેથી જ આગમમાં કહ્યું છે કે — આ લબ્ધિ અપર્યાપ્તક હોવા છતાં નિયમથી આહાર-શરીર-ઈન્દ્રિય પરિસમાપ્તિમાં જ મરે છે, પહેલા નહીં. - x -

દૃષ્ટિદ્વાર-તેમાં સમ્યગ્ - અવિપરીતા, દૃષ્ટિ-જિનપ્રણિત વસ્તુતત્ત્વ પ્રતિપત્તિ. મિથ્યા - વિપર્યસ્ત દૃષ્ટિ. એકાંત સમ્યગ્ રૂપ-મિથ્યારૂપ પ્રતિપત્તિ રહિત તે સમ્યગ્મિથ્યા દૃષ્ટિ. હવે નિર્વચન સૂત્ર-સુગમ છે. વિશેષ આ — - x - આસ્વાદન સમ્યક્ત્વ વાળાના તેમાં ઉત્પાદનો અભાવ છે. કેમકે તેઓ અતિ સંક્લિષ્ટ પરિણામી છે. સદા સંક્લિષ્ટ પરિણામત્વથી તેઓમાં સમ્યગ્ મિથ્યાદૃષ્ટિત્વ પરિણામ પણ હોતા નથી. સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ થઈ તેમની મધ્યે ન ઉપજે.

દર્શનદ્વાર - દર્શન એટલે સામાન્ય વિશેષાત્મક વસ્તુમાં સામાન્ય અવબોધ. તે ચાર ભેદે — (૧) ચક્ષુર્દર્શન - ચક્ષુ વડે રૂપ સામાન્ય પરિચ્છેદ. (૨) અચક્ષુર્દર્શન - ચક્ષુ સિવાયની બાકીની ઈન્દ્રિયો વડે દર્શન. (૩) રૂપી સામાન્ય ગ્રહણ તે અવધિદર્શન. (૪) સકળ જગત્ ભાવિ વસ્તુ-સામાન્ય પરિચ્છિત્ત રૂપ તે કેવલ દર્શન. સૂક્ષ્મ પૃથ્વીકાયિકને સ્પર્શન ઈન્દ્રિય અપેક્ષાએ અચક્ષુર્દશનિત્વ છે, બાકીના દર્શનનો નિષેધ છે.

જ્ઞાનદ્વાર - મિથ્યાદૃષ્ટિત્વથી અજ્ઞાનત્વ છે. તે પણ મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અપેક્ષાએ છે. તે બંને અજ્ઞાન પણ શેષજીવ બાદર રાશિ અપેક્ષાએ અત્યંત અલ્પ જાણવું. - x - x - યોગદ્વાર૦

ઉપયોગદ્વાર - ઉપયોગ બે ભેદે છે - સાકાર, અનાકાર. સાકાર - કોઈપણ વસ્તુના પ્રતિનિયત ધર્મને ગ્રહણ કરવાના પરિણામ, તેમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન જાણવા. યથોક્ત આકાર રહિત તે અનાકાર. તે ચક્ષુર્દર્શનાદિ દર્શન ચતુષ્ટયરૂપ છે. સૂક્ષ્મ પૃથ્વીકાયિકનો ઉપયોગ શું છે ? ઉત્તર સુગમ છે. વિશેષ એ કે — સાકારોપયોગોપયુક્તો મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન ઉપયોગ અપેક્ષાએ છે. અનાકારો-



પયોગયુક્ત અચક્ષુર્દર્શન ઉપયોગ અપેક્ષાએ છે.

આહારદ્વાર - સૂક્ષ્મ પૃથ્વીકાયિકો શું આહાર કરે છે ? દ્રવ્યસ્વરૂપ પર્યાલોચનામાં અનંત પ્રાદેશિક દ્રવ્યો, કેમકે સંખ્યાત કે અસંખ્યાત પ્રદેશ રૂપ સ્કંધો જીવને ગ્રહણ પ્રાયોગ્ય ન થાય. ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાળથી જઘન્ય-મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિક. સ્થિતિ - આહાર યોગ્ય સ્કંધ પરિણામત્વમાં અવસ્થાન. - x - ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળી. પ્રતિ પરમાણુ એક-એક વર્ણ-ગંધ-રસ-બે સ્પર્શભાવથી. એ પ્રમાણે પ્રજ્ઞાપનાના અઠ્ઠાવીસમાં આહારપદના પહેલા ઉદ્દેશા મુજબ કહેવું. તે આ રીતે — જો ભાવથી વર્ણવાળાને આહારે છે, તે શું એક વર્ણવાળાને આહારે છે ? યાવત્ પાંચ વર્ણવાળાને આહારે છે ? ગૌતમ ! સ્થાનમાર્ગણા આશ્રીને એક વર્ણવાળાને પણ આહારે છે યાવત્ પાંચ વર્ણવાળાને પણ આહારે છે. વિધાન માર્ગણાને આશ્રીને કાળા યાવત્ શુક્લવર્ણીને આહારે છે. *[ઈત્યાદિ. અહીં વૃત્તિકારશ્રીએ પ્રજ્ઞાપનાના આ સૂત્રનો આખો પાઠ મૂકેલ છે. જે અમે અહીં અનુવાદરૂપે રજૂ કરતા નથી. તે પ્રજ્ઞાપનામાં પદ-આહાર, ઉદ્દેશો-૧, સૂત્ર-૫૫૧ થી ૫૫૫માં જુઓ]* યાવત્ નિર્વ્યાઘાતથી છ દિશામાંથી, વ્યાઘાત આશ્રીને કદાચ ત્રણ દિશા, કદાચ ચાર દિશા, કદાચ પાંચ દિશામાંથી આહારે છે.

વ્યાખ્યા — ઠાણમગ્ગણં - જેમાં વિશેષથી રહેવાય તે સ્થાન-સામાન્ય એક વર્ણ, દ્વિવર્ણ, ત્રિવર્ણ ઈત્યાદિ રૂપ તેનું અન્વેષણ તેને આશ્રીને અર્થાત્ સામાન્ય ચિંતાને આશ્રીને. તેમાં અનંત પ્રદેશિક સ્કંધોનું એક વર્ણત્વ, દ્વિવર્ણત્વ ઈત્યાદિ વ્યવહારનય મત અપેક્ષાથી છે. નિશ્ચયનય મત અપેક્ષાથી અનંત પ્રાદેશિક સ્કંધ અલ્પ હોય તો પણ પંચવર્ણી જ જાણવો. વિધાનમાર્ગણાને આશ્રીને. ઈત્યાદિ. - x - તેની માર્ગણાને આશ્રીને કાળવર્ણી પણ આહારે છે, ઈત્યાદિ સુગમ. આ પણ વ્યવહારથી જાણવું. નિશ્ચયથી તે અવશ્ય પંચવર્ણી છે. જો વર્ણથી કાળાવર્ણના હોય, ઈત્યાદિ સુગમ છે. આ રીતે ગંધ-રસ-સ્પર્શ-વિષયક સૂત્રો પણ કહેવા. અનંતગુણ રૂક્ષ, ઉપલક્ષણથી એક ગુણ કાળા આદિ આહારે છે.

તે સ્પૃષ્ટ - આત્મપ્રદેશ સ્પર્શ વિષયોને આહારે છે કે અસ્પૃષ્ટોને ? ભગવંતે કહ્યું સ્પૃષ્ટોને. તેમાં આત્મપ્રદેશોથી સંસ્પર્શન આત્મપ્રદેશાવગાઢ ક્ષેત્રથી બહાર પણ સંભવે છે. તેથી પૂછે છે જે સ્પૃષ્ટને આહારે છે, તે શું અવગાઢ - આત્મપ્રદેશો સાથે એક ક્ષેત્ર અવસ્થાયી છે કે અનવગાઢ - આત્મપ્રદેશ અવગાહ ક્ષેત્રથી બહાર અવસ્થિત ? ગૌતમ ! તે અવગાઢને આહારે છે. જો અવગાઢને આહારે છે તો અનંતર અવગાઢ - જે આત્મપ્રદેશોમાં જે અવ્યવધાનથી અવગાઢ છે, તે આત્મ પ્રદેશો વડે તેને જ આહારે છે કે પરંપરાવગાઢ - એક, બે, ત્રણ આદિ આત્મપ્રદેશોથી વ્યવહાર કરે છે. ગૌતમ ! અનંતરાવગાઢને આહારે છે.

જો અનંતરાવગાઢ આહારે છે, તો અણુ-સ્તોક, થોડાને કે બાદર-પ્રભૂત પ્રદેશોપચિતને ? બંનેને આહારે છે. આ અણુત્વ-બાદરત્વ તેઓને આહારયોગ્ય સ્કંધોના પ્રદેશના સ્તોકત્વ બાહુલ્ય અપેક્ષાએ જાણવા. જો અણુનો આહાર કરે તો ઉર્ધ્વ-અધો કે તીર્છાને આહારે ? અહીં ‘ઉર્ધ્વ-અધો-તીર્છા’ જેટલા ક્ષેત્રમાં સૂક્ષ્મ

પૃથ્વીકાયિક અવગાઢ છે, તેટલા ક્ષેત્રમાં, તેની અપેક્ષાએ જ કહેવા. અહીં ઉર્ધ્વ-ઉર્ધ્વપ્રદેશ અવગાઢ, એ રીતે અધો અને તીર્છા પણ કહેવા.

જો ઉર્ધ્વાદિ આહારે છે તો આદિ-મધ્ય કે અંત્ય આહારે ? સૂક્ષ્મ પૃથ્વીકાયિકો જ અનંતપ્રાદેશિક દ્રવ્યો અંતર્મુહૂર્ત કાળ સુધી ઉપભોગોચિત લેવા. તે ઉપભોગોચિત કાળના અંતર્મુહૂર્ત પ્રમાણના પહેલા સમયે આહારે, મધ્યે કે અંતે. ભગવંતે કહ્યું ત્રણે પણ આહારે. જો આદિ-મધ્ય-અંત્ય ત્રણે આહારે, તે શું સ્વવિષય - સ્વોચિત આહાર યોગ્ય આહારે છે કે અવિષય - સ્વોચિત આહાર અયોગ્યને આહારે છે ? ગૌતમ ! સ્વવિષયક આહારે છે. જો સ્વવિષય આહારે છે, તો આનુપૂર્વી આહારે છે કે અનાનુપૂર્વી ? આનુપૂર્વી એટલે યથાનીકટ. અનાનુપૂર્વી - તેથી વિપરીત. - x - આનુપૂર્વી આહારે છે, અતિક્રમીને ન આહારે.

આનુપૂર્વી આહારે તો ત્રણ દિશામાંથી - ત્રણ દિશાનો સમાહાર, તે ત્રિદિક્, તેમાં વ્યવસ્થિતને આહારે છે કે ચાર-પાંચ-છ દિશામાંથી ? અહીં લોક નિષ્કુટ પર્યન્તમાં જઘન્યપદે ત્રિદિક્ જ પ્રાપ્ત થાય. નિર્વ્યાઘાત-અલોકાકાશ વડે પ્રતિસ્ખલનનો અભાવ. તેમાં નિયમા છ દિશામાં સ્થિત. દ્રવ્યોને આહારે છે. વ્યાઘાતને આશ્રીને લોકનિષ્કુટાદિમાં કદાચ ત્રણ દિશામાંથી આવેલ, કદાચ ચારથી આવેલ અને કદાચ પાંચથી આવેલ.

અહીં લોકનિષ્કૂટમાં અંતે અધઃપ્રતર આગ્નેયકોણમાં અવસ્થિત જે સૂક્ષ્મ-પૃથ્વીકાયિક વર્તે છે, ત્યારે તેના નીચેના અલોકથી વ્યાપ્તત્વથી અધોદિક્ પુદ્ગલાભાવ, આગ્નેયકોણાવસ્થિતત્વથી પૂર્વદિક્ પુદ્ગલાભાવ, દક્ષિણદિક્ પુદ્ગલાભાવ. એ રીતે અધઃપૂર્વ દક્ષિણ રૂપ ત્રણે દિશા અલોકમાં વ્યાપેલ હોવાથી. તેને છોડીને જે બાકીની ઉર્ધ્વ-પશ્ચિમ-ઉત્તર દિશા અવ્યાહત છે, ત્યાંથી આવેલ પુદ્ગલોને આહારે છે. જો તે પૃથ્વીકાયિક પશ્ચિમ દિશાને અનુસરીને વર્તે છે, તો પૂર્વ દિશા અધિક થશે, બે દિશા અલોકથી વ્યાહત થશે. તેથી ચાર દિશાથી આવેલ પુદ્ગલોને આહારે છે. જો ઉર્ધ્વ દ્વિતીયાદિ પ્રતરગત પશ્ચિમ દિશાને આશ્રીને રહે છે, તો માત્ર દક્ષિણ પર્યન્તવર્તી અલોકથી જ વ્યાઘાત થાય છે. ત્યારે પાંચ દિશાથી આવતા પુદ્ગલો આહારે છે.

વર્ણથી કાળો આદિ પાંચ, ગંધથી બંને ગંધ, રસથી તિક્તાદિ, સ્પર્શથી કર્કશાદિ તથા તેમના આહાર્યમાણ પુદ્ગલોના પુરાણા-અગ્રેતન વર્ણાદિ ગુણો, વિપરિણામિતાદિ - વિનાશ કરીને અર્થાત્ બીજા અપૂર્વ વર્ણાદિ ગુણોને ઉપજાવીને આત્મ-શરીર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને સર્વ આત્મ પ્રદેશોથી આહાર રૂપ પુદ્ગલો આહારે છે.

ઉપપાતદ્વાર - તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો કયા જીવોથી ઉદ્વર્તીને ઉત્પન્ન થાય છે ? પાઠ સિદ્ધ છે. વિશેષ એ કે – દેવ, નારકીથી ઉત્પાદ પ્રતિષેધ, તેમના તથાભવ સ્વભાવતાથી, તેમાં ઉત્પાદ અસંભવ છે. જેમ પ્રજ્ઞાપનાના વ્યુત્ક્રાંતિપદમાં છે, તેમ કહેવું. બાકી સૂત્રાર્થ મુજબ.

સ્થિતિદ્વાર - જઘન્યપદથી ઉત્કૃષ્ટપદ અધિક જાણવું.

સમુદ્ઘાતને આશ્રીને મરણને ચિંતવી કહે છે તે સુગમ છે.



ચ્યવનદ્વાર - સૂક્ષ્મ પૃથ્વીકાયિકના ભવથી અનંતરપણે ઉદ્વર્તીને ક્યાં જાય છે ? આના વડે આત્મનું ગમન અને પર્યાયાંતરને આશ્રીને ધર્મપણું પ્રતિપાદિત કર્યું. તેના વડે સર્વગત-અનુત્પતિધર્મક આત્મવાદનું ખંડન કર્યું. પ્રશ્નોત્તર પાઠ સિદ્ધ છે. તે પ્રજ્ઞાપના સૂત્રમાં વ્યુત્ક્રાંતિ પદમાં જેમ ચ્યવન કહ્યું, તેમ અહીં પણ કહેવું.

ગતિ-આગતિ – કેટલી ગતિ અને કેટલી આગતિ કહી છે ? બે આગતિ-કેમકે નરક અને દેવગતિથી સૂક્ષ્મમાં ઉત્પાદનો અભાવ છે પરીત્ત-પ્રત્યેક શરીરી, અસંખ્યેય - અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણપણાથી, મેં તથા બીજા તીર્થંકરોએ કહેલ છે. આના દ્વારા સર્વે તીર્થંકરોની અવિસંવાદી વચનતા કહી. તે આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકા કહ્યા.

● **સૂત્ર-૧૫ :-**

***તે બાદર પૃથ્વીકાયિકો શું છે ? બે ભેદે – શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક અને ખર બાદર પૃથ્વીકાયિક.***

● **વિવેચન-૧૫ :-**

- x - x - શ્લક્ષ્ણ-ચૂર્ણિત લોટ સમાન મૃદુ પૃથ્વી, તે રૂપ જીવો પણ ઉપચારથી શ્લક્ષ્ણ છે. શ્લક્ષ્ણ એવા બાદર પૃથ્વીની તે કાયશરીર જેનું છે તે શ્લક્ષ્ણબાદર પૃથ્વીકાય. ખર - પૃથ્વી સંઘાત વિશેષ કે કાઠિન્ય વિશેષ, તદાત્મક જીવો પણ ખર છે. ચ શબ્દ બીજા ભેદો માટે છે.

● **સૂત્ર-૧૬ :-**

***તે શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક શું છે ? તે સાત ભેદે છે – કૃષ્ણ માટી૦ પ્રજ્ઞાપના મુજબ ભેદો જાણવા. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. - - ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ – ઔદારિક, તૈજસ, કાર્મણ. બધું પૂર્વવત્, વિશેષ એ કે લેશ્યા ચાર છે, બાકી સૂક્ષ્મપૃથ્વીકાયિકવત્. 'આહાર' યાવત્ નિયમા છ દિશામાંથી છે. ઉપપાત – તિર્યંચ, મનુષ્ય, દેવમાંથી દેવોમાં યાવત્ સૌધર્મ-ઈશાનથી. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ.***

***ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને મરે કે અસમવહત થઈને ? ગૌતમ ! બંને રીતે. ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય ? ક્યાં ઉપજે ? શું નૈરયિકમાં ઉપજે૦ ? ઈત્યાદિ પૃચ્છા. નારક કે દેવમાં ન ઉપજે. તિર્યંચ અને મનુષ્યોમાં ઉપજે. પણ અસંખ્યાતવર્ષાયુવાળામાં ન ઉપજે. - - ભગવન્ ! તે જીવો કેટલી ગતિ, કેટલી આગતિવાળા છે ? ગૌતમ ! દ્વિગતિક, ત્રિઆગતિક, પરિત્ત, અસંખ્યાતા. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે બાદરપૃથ્વીકાયિક કહ્યા.***

● **વિવેચન-૧૬ :-**

તે શ્લક્ષ્ણબાદર પૃથ્વીકાયિક કેટલા છે ? સાત ભદે છે. પ્રજ્ઞાપના સૂત્ર મુજબ - x - જાણવા. તે આ – કાળી-લીલી-રાતી-પીળી-સફેદ-પાંડુ-પનક માટી. તે ખરબાદર પૃથ્વીકાયિક કેટલા છે ? અનેક વિધ-પૃથ્વી, કાંકરા, રેતી, ઢેફા, શિલા, લૂણ ઈત્યાદિ

સૂર્યકાંત પર્યન્ત તથા આવા પ્રકારના બીજા પણ છે તે પ્રજ્ઞાપના સૂત્ર મુજબ કહેવા.

તે પર્યાપ્તા, અપર્યાપ્તા બે ભેદે છે. તેમાં જે અપર્યાપ્તા છે તે અસંપ્રાપ્ત છે. તેમાં જે પર્યાપ્તા છે તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો વિધાનોથી સંખ્યાત લાખ યોનિ પ્રમુખ પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રાંતે છે. જો એક હોય તો નિયમા અસંખ્યાતા.

વ્યાખ્યા-કૃષ્ણમૃતિક, તે કાળી માટીરૂપ છે. એ રીતે નીલ-લોહિત-હારિદ્ર-શુક્લ જાણવા. પાંડુમૃતિકા, તે દેશ વિશેષમાં જે ધૂળરૂપ હોવાથી પાંડુ નામે પ્રસિદ્ધ છે. તદાત્મક જીવો પણ પાંડુમૃતિકા કહેવાય છે. 'પણગમૃત્તિકા' - નદ્યાદિપૂરથી પ્લાવિત દેશમાં નદ્યાદિના પૂર જતાં જે ભૂમિમાં શ્લક્ષ્ણમૃદુ રૂપ કાદવાદિ તે પનકમૃત્તિકા છે. તદાત્મક જીવો પણ ભેદોપચારથી પનકમૃત્તિકા કહેવાય છે.

તે ખરબાદરપૃથ્વીકાયિકો અનેકવિધ છે. તેમાં ચાલીશ મુખ્ય ભેદો કહ્યા. તેમાં વિશેષ ભેદોનો અર્થ આ છે — પૃથ્વી-નદીતટની માટીરૂપ. શર્કરા-કાંકરા, વાલુકા-રેતી, ઉપલ-ઢેફા, શિલા-મોટોપાષાણ, લવણ-મીઠું, ઊષ-ક્ષાર, વજ-હીરા, સાસગ-પારો, પ્રવાલ-વિદ્રુમ, અભ્રવાલુકા-અભ્રપટલમિશ્ર રેતી, બાયરકાય-બાદર પૃથ્વીકાયમાં આ ભેદો છે, તે શેષ કહે છે. મણિવિધાનાનિ-મણિના ભેદ બાદર પૃથ્વીકાયભેદપણે જાણવા. તે મણિવિધાન દર્શાવે છે. ગોમેજ્જક ઈત્યાદિ. અહીં પહેલી ગાથામાં પૃથ્વી આદિ ચૌદ ભેદો કહ્યા, બીજી ગાથામાં હરિતાલાદિ આઠ, ત્રીજી ગાથામાં ગોમેજ્જકાદિ દશ, ચોથી ગાથામાં આઠ, સર્વ સંખ્યા ચાલીશ છે. - x -

બાદર પૃથ્વીકાયિકો સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં અપર્યાપ્તક - સ્વયોગ્ય પર્યાપ્તિ સાકલ્યથી અસંપ્રાપ્ત અથવા અસંપ્રાપ્ત વિશિષ્ટ વર્ણાદિ અનુપગત. તેથી વર્ણાદિ ભેદ વિવક્ષામાં કૃષ્ણ આદિ ભેદથી વ્યપદેશ કરવો શક્ય નથી. - x - તે અપર્યાપ્તા ઉચ્છ્વાસ પર્યાપ્તિથી અપર્યાપ્તા જ મરે છે. તેથી વર્ણાદિ વિભાગ સ્પષ્ટ ન હોવાથી અસંપ્રાપ્ત કહ્યા. - x - x - તેમાં જે પર્યાપ્તક - પરિસમાપ્ત સમસ્ત સ્વયોગ્ય પર્યાપ્તિઓ. તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ભેદ વિવક્ષાથી હજાર સંખ્યાથી ભેદો છે. વર્ણ-કૃષ્ણાદિ ભેદથી પાંચ, ગંધ-સુરભી આદિ બે, રસ-તિક્તાદિ પાંચ, સ્પર્શ-મૃદુ આદિ આઠ. એકૈક વર્ણાદિમાં તારતમ્ય ભેદથી અનેક અવાંતર ભેદો છે. તેથી કહે છે — ભ્રમર, કોકીલ, કાજળ આદિમાં તરતમભાવથી કૃષ્ણ, કૃષ્ણતર, કૃષ્ણતમ ઈત્યાદિ રૂપે અનેક કૃષ્ણભેદો છે. આ પ્રમાણે નીલાદિ વર્ણમાં તથા ગંધ-રસ-સ્પર્શમાં હજારો ભેદો થાય.

એકૈક વર્ણ-ગંધ-રસ-સ્પર્શમાં પૃથ્વીકાયિકોની સંવૃત્તા યોનિ છે. વળી તે ત્રણ ભેદે છે — સચિત્ત, અચિત્ત અને મિશ્ર. વળી તે પ્રત્યેક ત્રણ ભેદે છે — શીત, ઉષ્ણ, શીતોષ્ણ. શીતાદિના પ્રત્યેકના તારતમ્ય ભેદથી અનેક ભેદત્વ છે. કેવળ એક વિશિષ્ટ વર્ણાદિયુક્ત સંખ્યાતીતા સ્વસ્થાને. વ્યક્તિભેદથી યોનિ-જાતિ અધિકૃત્ય એક જ યોનિ ગણાય છે. તેથી સંખ્યાત પૃથ્વીકાયિકોની લાખ યોનિ થાય છે. તે સૂક્ષ્મ બાદર ગત સર્વ સંખ્યાથી સાત [લાખ] થાય છે. પર્યાપ્તાની નિશ્રાથી અપર્યાપ્તકો





ઉત્પન્ન થાય છે. એક પર્યાપ્તાની નિશ્રાએ નિયમા સંખ્યાતીત અપર્યાપ્તકા.

આ પ્રમાણે જે સૂક્ષ્મપૃથ્વીકાયિકોનો ગમ છે તે કહેવો. વિશેષ એ કે — લેશ્યાદ્વારમાં ચાર લેશ્યા કહેવી. કેમકે તેજોલેશ્યા પણ સંભવે છે. તેથી કહે છે — વ્યંતરાદિ ઈશાનાંત દેવો ભવન-વિમાનાદિમાં અતિ મૂર્છાથી પોતાના રત્ન, કુંડલાદિમાં ઉત્પન્ન થાય છે. તે તેજોલેશ્યાવાન્ પણ હોય છે. જે લેશ્યામાં મરે છે, આગળ તે લેશ્યામાં જ ઉપજે છે. પછી કેટલોક કાળ અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યાવાળા પણ આવે, તેથી ચાર લેશ્યા કહી.

આહાર નિયમથી છ દિશામાંથી કેમકે બાદરો લોક મધ્યે જ ઉપપાત પામે છે. ઉપપાત દેવોમાં પણ થાય. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ. આગતિ ત્રણ છે. ગતિ બે પૂર્વવત્. પ્રત્યેક શરીરી અસંખ્યાતા કહ્યા. - x - x - હવે અપ્કાયિકોને કહે છે —

● **સૂત્ર-૧૭ :-**

***તે અપ્કાયિકો કેટલાં છે ? બે ભેદે — સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ અપ્કાયિક બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ. ઔદારિક, તૈજસ, કાર્મણ. સૂક્ષ્મ પૃથ્વીકાયિકવત્ કહેવું. વિશેષ આ - સ્તિબુક સંસ્થિત છે. બાકી પૂર્વવત્ યાવત્ દ્વિગતિ, દ્વિઆગતિ, પરિત્ત, અસંખ્યાત કહ્યા. આ સૂક્ષ્મ અપ્કાયિક.***

● **વિવેચન-૧૭ :-**

અપ્કાયિકો બે ભેદે - સૂક્ષ્મ અને બાદર. તેમાં સૂક્ષ્મ સર્વ લોક વ્યાપી છે, બાદર ઘનોદધ્યાદિભાવી છે. च શબ્દ સ્વગત ભેદ સૂચક. સૂક્ષ્મ પૃથ્વીકાયિકવત્ સંપૂર્ણ કહેવું. માત્ર સંસ્થાન દ્વારાં ભેદ બતાવ્યો છે.

● **સૂત્ર-૧૮ :-**

***તે બાદર અપ્કાયિક શું છે ? અનેકવિધ કહ્યા, તે આ — ઓસ, હીમ યાવત્ આવા પ્રકારના અન્ય. તે સંક્ષેપથી બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. બધું પૂર્વવત્. વિશેષ એ - સ્તિબુક સંસ્થાન છે. લેશ્યાચાર, આહાર નિયમા છ દિશાથી, ઉપપાત-તિર્યંચ, મનુષ્ય, દેવોથી. સ્થિતિ-જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૭૦૦૦ વર્ષ. બાકી બધું બાદર પૃથ્વીકાયિકવત્ જાણવું. યાવત્ બે ગતિ, ત્રણ આગતિ, પરિત્ત, અસંખ્યાત, હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલ છે. તે બાદર અપ્કાયિક કહ્યા.***

● **વિવેચન-૧૮ :-**

તે બાદર અપ્કાયિકો અનેક ભેદે છે. તે આ — ઓસ, હિમ, મહિકા, કરગ, હરતનૂ, શુદ્ધોદક, શીતોદક, ખટ્ટોદક, ક્ષારોદક, અમ્લોદક, લવણોદક, વરુણોદક, ક્ષીરોદક, ક્ષોદોદક, રસોદક. તેવા પ્રકારના જે બીજા છે તે. તે સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તકો છે, તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો ભેદથી સંખ્યાતી યોનિપ્રમુખ લાખ, પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે.

વ્યાખ્યા — ઓસ-ઝાકળ, હિમ-બરફ, મહિકા-ધુમ્મસ, કરક-ઘનોપલ, હરતનુ-ભૂમિફોડા ઉપરના જળબિંદુ, શુદ્ધોદક-આકાશથી પડેલ કે નદ્યાદિ ગત પાણી, તેના સ્પર્શ, રસાદિ ભેદથી અનેક ભેદ છે. તે આ - શીતોદક એટલે નદી, તળાવ, વાવ, પુષ્કરિણી આદિમાં શીત પરિણામ પામેલ. ઉષ્ણોદક-સ્વભાવથી જ ક્વચિત્ ઝરણાદિમાં ઉષ્ણ પરિણામ. ક્ષીરોદક-કંઈક લવણ પરિણામ. ખટ્વોદક-કંઈક અમ્લ પરિણામ. અમ્લોદક-અતી સ્વભાવથી જ અમ્લ પરિણામ, લવણાદિ સમુદ્રમાં લવણાદિ જળ. આ તથા અન્ય પણ તેવા પ્રકારના રસ, સ્પર્શાદિ ભેદથી ધૃતોદકાદિ બાદર અપ્કાયિક, તે બધાં બાદર અપ્કાયિકપણે જાણવા. તે સંક્ષેપથી ઈત્યાદિ પૂર્વવત્ છે. માત્ર સંખ્યાત યોનિ પ્રમુખને સાત લાખ જાણવી.

તે જીવોની શરીર સંખ્યા આદિ બાદર પૃથ્વીકાયિકવત્ જાણવી. માત્ર સંસ્થાન દ્વારમાં સ્તિબુક સંસ્થાન કહેવું. સ્થિતિદ્વારમાં જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃર્ષથી ૭૦૦૦ વર્ષ. હવે વનસ્પતિકાયિક કહે છે—

● **સૂત્ર-૧૯,૨૦ :-**

***[૧૯] તે વનસ્પતિકાયિક શું છે ? બે ભેદે — સૂક્ષ્મ, બાદર.***

***[૨૦] તે સૂક્ષ્મવનસ્પતિકાયિક શું છે ? બે ભેદે — પર્યાપ્તા, અપર્યાપ્તા, પૂર્વવત્. વિશેષ આ — અનિયત સંસ્થાન સંસ્થિત, દ્વિગતિક, દ્વિઆગતિક, અપરિત્ત, અનંતા છે. બાકી બધું પૃથ્વીકાયિકવત્ જાણવું. તે આ સૂક્ષ્મ વનસ્પતિ-કાયિક કહ્યા.***

● **વિવેચન-૧૯,૨૦ :-**

તે વનસ્પતિકાયિક શું છે ? સૂક્ષ્મ અને બાદર. 'च' શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક છે. સૂક્ષ્મ વનસ્પતિકાયના બે ભેદ - પર્યાપ્ત અને અપર્યાપ્ત. શરીર આદિ દ્વાર સૂક્ષ્મ પૃથ્વીકાયિકવત્ ચિંતવવા. માત્ર સંસ્થાન દ્વારમાં અનિયત આકારવાળા કહેવા. તે સંસ્થાન વડે સંસ્થિત તે અનિયત સંસ્થાન સંસ્થિત. છેલ્લે અપરિત્તા અનંતા કહ્યું. અર્થાત્ અપ્રત્યેકશરીરી અનંતકાયિક. તેથી જ અનંતા કહ્યા.

● **સૂત્ર-૨૧ થી ૨૮ :-**

***[૨૧] તે બાદરવનસ્પતિકાયિક શું છે ? બે ભેદે - પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિક, સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિક.***

***[૨૨] તે પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક શું છે ? તે બાર ભેદે છે - - - [૨૩] - - - વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લી, પર્વગ, તૃણ, વલય, હરિત, ઔષધિ, જલરુહ, કુહણ.***

***[૨૪] તે વૃક્ષો શું છે ? બે ભેદે છે — એકબીજક, બહુબીજક. તે એકબીજક શું છે ? અનેકવિધ છે — નીમ, આમ, જાંબુ યાવત્ પુન્નાગ, નાગૃવૃક્ષ, શ્રીપર્ણી, અશોક તથા બીજા પણ આવા પ્રકારના વૃક્ષ. એના મૂળ અસંખ્યાત જીવવાળા છે. એ રીતે કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રશાખા, પગ એક એક જીવવાળા છે. પુષ્પો અનેકજીવવાળા, ફળ એકબીજક છે.***



***તે બહુબીજક શું છે ? અનેક ભેદે છે — અસ્તિક, તેંદુક, ઉંબર, કપિટ્ઠ, આંબળા, પનસ, દાડમ, ન્યગ્રોધ, કાદુંબર, તિલક, લકુચ, લોધ્ર, ધવ અને બીજા પણ આવા વૃક્ષો. તેના મૂળ અસંખ્યાત જીવવાળા છે, યાવત્ ફળ બહુબીજવાળા છે. આ બહુબીજક કહ્યા. તે આ વૃક્ષો, એ પ્રમાણે પ્રજ્ઞાપના અનુસાર કહેવું યાવત્ આવા પ્રકારના અન્ય.***

***[૨૫] વૃક્ષોના સંસ્થાન વિવિધ પ્રકારે છે. તાડ, સરલ અને નાળિયેરના વૃક્ષોના પાન અને સ્કંધ એક એક જીવવાળા છે.***

***[૨૬] જેમ શ્લેષ દ્રવ્યોથી મિશ્રિત કરેલ અખંડ સરસવની બનાવેલ બટ્ટી એકરૂપ હોય, પણ દાણા અલગ-અલગ હોય છે, એ રીતે પ્રત્યેકશરીરીના શરીરસંઘાત હોય છે.***

***[૨૭] જેમ તલપાપડી૦ તેમ શરીર સંઘાત સમુદાયરૂપ છે.***

***[૨૮] તે આ પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિક.***

● **વિવેચન-૨૧ થી ૨૮ :-**

તે બાદર વનસ્પતિકાયિક શું છે ? બે ભેદે - પ્રત્યેક૦ અને સાધારણ શરીર બાદર વનસ્પતિકાય. પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક બાર ભેદે છે — વૃક્ષ-આંબો આદિ, ગુચ્છ-રીંગણા આદિ, ગુલ્મ નવમાલિકા આદિ, લતા-ચંપકલતા આદિ, જે સ્કંધ પ્રદેશમાં વિવક્ષિત ઉર્ધ્વશાખા સિવાયની બીજી શાખા, તેના જેવી પરિસ્થૂલ ન નીકળે તે લતા કહેવાય. વલ્લી-કુષ્માંડી, ત્રપુષી આદિ પર્વગ-શેરડી આદિ, તૃણ-કુશ, અર્જુન આદિ. વલય - કેતકી, કદલી આદિ, તેમની જ ત્વચા વલયાકારે રહેલ છે. હરિત-તંદુલીયક, વત્થુલા આદિ. ઔષધિ-શાલિ આદિ જે પાકીને સૂકાઈ જાય. જલરૂહ-પાણીમાં ઉગતી. કુહણા-ભૂમિફોડા આદિ.

પ્રજ્ઞાપના સૂત્રાનુસાર ઉક્ત ભેદો કહેવા. - x -

જો આ વૃક્ષાદિના મૂલ આદિ પ્રત્યેક અનેક, પ્રત્યેક શરીર જીવાધિષ્ઠિત છે, તો આ અખંડશરીરી કઈ રીતે પ્રાપ્ત થાય છે? જેમ સર્વે સરસવોના શ્લેષ દ્રવ્ય મિશ્રિત વળીમાં 'વર્તી' એકરૂપ હોય છે, તે બધાં સરસવો પરિપૂર્ણ શરીરી થઈ પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહનાથી રહે છે, આ ઉપમા વડે પ્રત્યેક શરીરી જીવોનો શરીરસમૂહ પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહનાવાળો હોય છે. અહીં શ્લેષ દ્રવ્યસ્થાનીય રાગ-દ્વેષયુક્ત તથાવિધ સ્વકર્મ, સકલ સરસવ સ્થાનીય પત્યેકશરીરી છે. સકલ સરસવ ગ્રહણ વિવિક્ત પ્રતિપત્તિથી પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહ પ્રત્યેક શરીર વૈવિક્ત્ય પ્રતિપત્તિ અર્થે છે.

આ જ કથન બીજા દૃષ્ટાંતથી કહે છે — જેમ તલપાપડી, ઘણાં તલ વડે મિશ્રિત છે છતાં પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહ તલયુક્ત હોય છે, આ ઉપમા વડે પ્રત્યેક શરીરી જીવોનો શરીર સંઘાત જાણવો.

હવે સાધારણ વનસ્પતિકાયના પ્રતિપાદનાર્થે કહે છે —

● **સૂત્ર-૨૯ :-**

***તે સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિક શું છે ? અનેક ભેદે છે —***

*આલુ, મૂળા, આદૂ, હિરિલિ, સિરિલિ, સિસ્સિરિલિ, કિટ્ટિયા, છિરિયા, ખલ્લૂડ, છિરિયવિરાલિકા, કૃષ્ણકંદ, વજકંદ, સૂરણકંદ, કૃમિરાશિ, ભદ્ર, મોત્થાપિંડ, હળદર, લોહારી, નિહુ, થિભૂ, અશ્વકર્ણી, સીંહકર્ણી, સીકુંડી, મૂસુંઠી, બીજી પણ આ પ્રકારની હોય તે.*

*તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તક, અપર્યાપ્તક. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ — ઔદારિક, તૈજસ, કાર્મણ. બધું બાદર પૃથ્વીકાયિક મુજબ જાણવું. વિશેષ આ — શરીર અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી સાતિરેક હજાર યોજન. શરીર અનિયત સંસ્થિત, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ યાવત્ બે ગતિ, ત્રણ આગતિ, પરિત્ત, અનંત કહી છે. તે બાદર વનસ્પતિકાયિક કહ્યા. તે સ્થાવર કહ્યા.*

● **વિવેચન-૨૯ :-**

તે સાધારણ બાદર વનસ્પતિકાયિક અનેક ભેદે કહેલ છે. આલુ, મૂળા, આદુ ઈત્યાદિ નામો સૂત્રાર્થ મુજબ કહેવા. આ સાધારણ વનસ્પતિકાયિક ભેદો છે. કેટલાંક અતિ પ્રસિદ્ધ છે, કેટલાંક દેશ વિશેષ થકી સ્વયં જાણવા. આ અને આવા પ્રકારના બીજા — અવક, પનક, સેવાળ આદિ સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિકો જાણવા.

તે બાદર વનસ્પતિકાયિકો સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તક, અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તા છે, તે અસંપ્રાપ્ત છે. જે પર્યાપ્તા છે, તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિશથી હજારો વિધાનોથી સંખ્યાત યોનિપ્રમુખ લાખ ભેદ છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે. જ્યાં એક છે, ત્યાં કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત, કદાચ અનંતા છે. - x - પ્રત્યેક વૃક્ષો સંખ્યાતા કે અસંખ્યાતા, સાધારણો નિયમા અનંતા.

શરીરાદિ બાદર પૃથ્વીકાયિકવત્ છે. સંસ્થાન દ્વારમાં વિવિધ સંસ્થાન સંસ્થિત છે. અવગાહના - તે સાતિરેક હજાર યોજન, તે બાહ્ય દ્વીપોમાં વલ્લી આદિની અપેક્ષાએ, સમુદ્ર અને ગોતીર્થોમાં પદ્મનાલની અપેક્ષાએ સમજવી. પદ્મોની તેનાથી અધિક ઉંચાઈ પૃથ્વીકાયનું પરિણામ છે તેમ વૃદ્ધો કહે છે. - x - x - પરીત્ત-પ્રત્યેકશરીરી અસંખ્યાતા, અપરિત્ત-અપ્રત્યેકશરીરી અનંતા કહ્યા. સ્થાવરો કહીને ત્રસને કહે છે —

● **સૂત્ર-૩૦ :-**

*તે ત્રસો શું છે ? ત્રસો ત્રણ ભેદ છે. તે આ — તેઉકાયિક, વાયુકાયિક અને ઉદાર ત્રસપ્રાણ.*

● **વિવેચન-૩૦ :-**

તે ત્રસો ત્રણે ભેદે કહ્યા છે. તે આ — તેજસ્કાયિક, વાયુકાયિક, ઔદારિક ત્રસ. તેમાં જેમનું શરીર અગ્નિ છે, તે તેઉકાયિક. જેનું શરીર વાયુ છે, તે વાયુકાયિક. ઉદાર એવા ઔદારિક. પ્રત્યક્ષથી સ્પષ્ટ ત્રસત્વ નિબંધન અભિસંધિપૂર્વક ગતિ અને લિંગપણે ઉપલબ્યમાનત્વથી. તેમાં ત્રસ-બેઈન્દ્રિયાદિ. ઔદારિકત્રસ-સ્થૂલત્રસ.

તેમાં તેઉકાયિકને પ્રતિપાદનાર્થે કહે છે —



● **સૂત્ર-૩૧ થી ૩૩ :-**

*[૩૧] તે તેઉકાયિક શું છે ? તે બે ભેદે કહ્યું છે. તે આ - સૂક્ષ્મ તેઉકાયિક અને બાદર તેઉકાયિક.*

*[૩૨] તે સૂક્ષ્મ તેઉકાયિક શું છે ? સૂક્ષ્મ પૃથ્વીકાયિક માફક જાણવું. વિશેષ એ - શરીર શૂચિકલાપ સંસ્થિત છે. એકગતિક, બે આગતિક, પરિત્ત, અસંખ્યાત કહ્યા છે, બાકી બધું પૂર્વવત્.*

*[૩૩] તે બાદર તેઉકાયિક શું છે ? અનેકવિધ કહેલ છે. તે આ — અંગાર, જ્વાલા, મુર્મુર યાવત્ સૂર્યકાંતમણી નિશ્રિત, બીજા પણ તેવા પ્રકારના કહેવા. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા, અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો. તે આ — ઔદારિક, તૈજસ, કાર્મણ. બાકી પૂર્વવત્. શરીર શૂચિકલાપ સંસ્થિત, ત્રણ લેશ્યા, સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત્ર. તિર્યંચ અને મનુષ્યથી ઉપપાત. બાકી પૂર્વવત્. એક ગતિક, બે આગતિ, પરિત્ત, અસંખ્યાતા કહ્યા છે. તે તેઉકાયિક છે.*

● **વિવેચન-૩૩ થી ૩૩ :-**

તે તેઉકાયિકો બે ભેદે કહ્યા છે. તે આ - સૂક્ષ્મ અને બાદર. 'च' શબ્દ અનેક ભેદ સંગ્રહાર્થે છે. સૂક્ષ્મ તેઉકાયિકો ઈત્યાદિ સૂત્ર, બધું સૂક્ષ્મપૃથ્વીકાયિક વત્ કહેવું. વિશેષ એ - સંસ્થાન દ્વારમાં શરીરો સૂચિકલાપ સંસ્થિત કહેવા. ચ્યવનદ્વારમાં અનંતર ઉદ્વર્તીને તિર્યંચગતિમાં જ ઉત્પન્ન થાય છે, મનુષ્યગતિમાં નહીં. કેમકે તેઉ, વાયુથી અનંતર ઉદ્વર્તીને મનુષ્યગતિમાં ઉત્પાદનો પ્રતિષેધ છે.

ગતિ-આગતિ દ્વારમાં બે આગતિ કહી. તિર્યંચગતિ અને મનુષ્યગતિથી તેમનો ઉત્પાદ છે. ગતિ, માત્ર તિર્યંચગતિમાં ગમન છે.

બાદર તેઉકાયિકોને કહે છે — તે અનેકભેદે કહેલા છે. તે આ — અંગાર, જ્વાલા, મુર્મુર, અર્ચીઃ, અલાત, શુદ્ધાગ્નિ, ઉલ્કા, વિદ્યુત્, અશનિ, નિર્ઘાત, સૂર્યકાંત મણિ નિશ્રિત. આવા પ્રકારના બીજા બધાં.

તે સંક્ષેપથી બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તકા છે, તે અસંપ્રાપ્ત છે. તેમાં જે પર્યાપ્તકા છે, તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો વિધાનથી સંખ્યાત યોનિપ્રમુખ લાખ પર્યાપ્તકનિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે, એક ત્યાં અસંખ્યાતા.

વ્યાખ્યા — અંગાર-ધૂમ રહિત જાજ્વલ્યમાન ખૈર આદિ અગ્નિ. જ્વાલા-અગ્નિ સંબંધી દીપશિખા, મુર્મુર-ભસ્મ મિશ્રિત અગ્નિકણ, અર્ચિ - અગ્નિ અપ્રતિબદ્ધ જ્વાલા, અલાત-ઉલ્મુક, શુદ્ધાગ્નિ-લોહપિંડાદિ, ઉલ્કા-તેજોમાલા, અશનિ-આકાશમાં પડતાં અગ્નિમય કણ, નિર્ઘાત-વિદ્યુત્પાત, સંઘર્ષસમુત્થિત-અરણ્યાદિના કાષ્ઠના મથનથી ઉત્પન્ન, સૂર્યકાંત મણિ નિશ્રિત - પ્રખર સૂર્યકિરણના સંપર્કમાં સૂર્યકાંતમણિથી જે ઉપજે છે તે. જે બીજા પણ આવા પ્રકારના તેજસ્કાયિક, તે પણ બાદર તેજસ્કાયિક જાણવા.

શરીરાદિ દ્વાર ચિંતના સૂક્ષ્મ તેજસ્કાયિકવત્ છે. માત્ર સ્થિતિદ્વારમાં જઘન્યથી

અંતર્મુહૂર્ત સ્થિતિ, ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત્રિ. આહાર-બાદર પૃથ્વીકાયિકોની સમાન જાણવો.

તેજસ્કાયિક કહ્યા, હવે વાયુકાયિકોને કહે છે –

● સૂત્ર-૩૪ :-

*તે વાયુકાયિકો શું છે ? તે બે ભેદે છે - સૂક્ષ્મ અને બાદર વાયુકાયિકો. સૂક્ષ્મવાયુકાયિકોને તેઉકાયિકવત્ કહેવા. વિશેષ એ કે શરીર પતાકા સંસ્થિત છે, એક ગતિક, બે આગતિક, પરિત્ત, અસંખ્યાત. તે આ સૂક્ષ્મવાયુકાયિકો છે.*

*તે બાદર વાયુકાયિકો શું છે ? અનેક ભેદે છે. તે આ – પૂર્વીવાયુ, પશ્ચિમવાયુ, આવા પ્રકારના અન્ય વાયુકાય. તે સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ચાર શરીરો છે. તે આ – ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. શરીર પતાકા સંસ્થાને છે. ચાર સમુદ્ઘાતો છે – વેદના-કષાય-મારણાંતિક-વૈક્રિય સમુદ્ઘાત. નિર્વ્યાઘાતથી આહાર છ દિશાથી અને વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશાથી, કદાચ ચાર દિશાથી, કદાચ પાંચ દિશાથી. ઉપપાત દેવ, મનુષ્ય, નૈરયિકોમાં નથી. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૩૦૦૦ વર્ષ બાકી પૂર્વવત્. એકગતિક, બે આગતિક, પરિત્ત, અસંખ્યાતા કહ્યા છે.*

*હે આયુષ્યમાન્ શ્રમણો ! તે આ બાદર વાયુકાય કહ્યા.*

● વિવેચન-૩૪ :-

વાયુકાયિકો બે ભેદે કહ્યા છે – સૂક્ષ્મ વાયુકાયિક અને બાદર વાયુકાયિક. 'च' શબ્દ પૂર્વવત્. તેમાં સૂક્ષ્મવાયુકાયિકો સૂક્ષ્મ તેઉકાયિકવત્ કહેવા. વિશેષ એ કે – સંસ્થાનદ્વારમાં - તેમના શરીર પતાકા સંસ્થાન સંસ્થિત કહેવું. બાકી પૂર્વવત્. બાદરવાયુકાયિકો પણ સૂક્ષ્મતેજસ્કાયિકવત્ જાણવા. વિશેષ એ - તેના ભેદ પ્રજ્ઞાપના સૂત્ર મુજબ કહેવા. તે આ પ્રમાણે – બાદર વાયુકાયિક શું છે ?

બાદર વાયુકાયિક અનેકભેદે કહેલ છે – પૂર્વવાયુ, પશ્ચિમ વાયુ, દક્ષિણવાયુ, ઉત્તરવાયુ, ઉર્ધ્વવાયુ, અધોવાયુ, તિર્છો વાયુ, વિદિશિવાયુ, વાતોદ્ભ્રામ, વાતોત્કલિકા, મંડલિકવાયુ, ઉત્કલિક વાયુ, ગુંજાવાયુ, ઝંઝાવાયુ, સંવર્ત્તક વાયુ, ઘનવાયુ, તનુવાયુ, શુદ્ધવાયુ, બીજા અન્ય આવા પ્રકારના વાયુ. તે સંક્ષેપથી બે ભેદે કહેલ છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તકો છે, તે અસંપ્રાપ્ત છે. તેમાં જે પર્યાપ્તા છે, તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો વિધાનોથી સંખ્યાત યોનિ પ્રમુખ લાખ, પર્યાપ્તક નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે.

વ્યાખ્યા – પાઈણવાયુ - પૂર્વ દિશાથી આવતો વાયુ, તે પ્રાચીન વાયુ. એ રીતે પશ્ચિમી આદિ વાયુ કહેવા. ઉંચે જઈને વહેતો વાયુ તે ઉર્ધ્વ વાયુ. એ રીતે અધો, તીર્છો વાયુ. વાતોદ્ભ્રમ - અનિયત વાયુ, વાતોત્કલિકા - સમુદ્રની જેમ વાયુની આંધી. મંડલિકાવાત-મંડલિકાથી આરંભી પ્રચુરતર આંધીથી મિશ્રિત વાત. ગુંજાવાત-ગુંજન શબ્દ કરતા વહેતો પવન, ઝંઝાવાત - વર્ષા સાથે કે નિષ્ઠુર હવા. સંવર્તકવાયુ



- તૃણાદિ સંવર્તન સ્વભાવ. ઘનવાત - ઘન પરિણામી વાયુ, રત્નપ્રભા પૃથ્વી આદિ અધોવર્તી. તનુવાત-ઘનવાતની નીચે રહેલ પાતળો વાયુ, શુદ્ધવાત-મંદવાયુ, મશકાદિમાં ભરેલ વાયુ, તે સંક્ષેપથી ઇત્યાદિ પૂર્વવત્.

શરીરાદિ દ્વાર કલાપ ચિંતામાં શરીર દ્વારમાં ચાર શરીરો કહ્યા, કેવલી સિવાયના ચાર સમુદ્ઘાતો કહ્યા. સ્થિતિદ્વાર, આહાર દ્વાર આદિ સૂત્રાર્થસમાન જાણવા. લોકનિષ્કુટાદિમાં પણ બાદર વાયુકાયનો સંભવ છે. બાકી સૂક્ષ્મ વાયુકાયવત્ છે.

● સૂત્ર-૩૫ :-

*તે ઔદારિક ત્રસ પ્રાણી શું છે ? તે ચાર ભેદે કહેલ છે – બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય.*

● વિવેચન-૩૫ :-

ઔદારિક ત્રસો ચાર ભેદે છે. તે આ – બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય. તેમાં બે – સ્પર્શન, રસનારૂપ ઈન્દ્રિયો. ત્રણ – સ્પર્શન, રસન, ધ્રાણરૂપ ઈન્દ્રિયો. ચાર - સ્પર્શન, રસના, ધ્રાણ, ચક્ષૂરૂપ ઈન્દ્રિયો. પાંચ-સ્પર્શનાદિ પાંચે ઈન્દ્રિયો.

● સૂત્ર-૩૬ :-

*તે બેઈન્દ્રિયો શું છે ? અનેકવિધ છે – પુલાકૃમિક યાવત્ સમુદ્રલિક્ષા, જે આવા બીજા પ્રકારના છે, તે બેઈન્દ્રિયજીવ. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ – ઔદારિક, તૈજસ અને કાર્મણ. ભગવન્ ! તે જીવોની શરીર અવગાહના કેટલી મોટી છે ? જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી બાર યોજન. છેવટ્ઠુ સંઘયણ અને હુંડ સંસ્થાન સંસ્થિત છે. ચાર કષાયો, ચાર સંજ્ઞા, ત્રણ લેશ્યા, બે ઈન્દ્રિયો, ત્રણ સમુદ્ઘાતો-વેદના, કષાય, મારણાંતિક, સંજ્ઞી નથી - અસંજ્ઞી છે. નપુંસક વેદક છે. પાંચ પર્યાપ્તિ, પાંચ અપર્યાપ્તિ, સમ્યક્ દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે, પણ સમ્યક્ મિથ્યાદૃષ્ટિ નથી. અવધિદર્શની - ચક્ષુદર્શની કે કેવલદર્શની નથી, માત્ર અચક્ષુદર્શની છે.*

*ભગવન્ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ. જે જ્ઞાની છે, તે નિયમા બે જ્ઞાનવાળા છે - આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની. જે અજ્ઞાની છે, તે નિયમા બે અજ્ઞાનવાળા છે - મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની. મનોયોગી નથી પણ વચનયોગી, કાયયોગી છે. સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત પણ છે. આહાર નિયમા છ દિશાથી છે. ઉપપાત અસંખ્યાત વર્ષાયુ સિવાયના તિર્યંચ અને મનુષ્ય તથા દેવ અને નરકથી થાય છે. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી બાર વર્ષ. સમવહત થઈને પણ મરે, અસમવહત થઈને પણ મરે.*

*ક્યાં જાય છે ? નૈરયિક, દેવ અને અસંખ્યાત વર્ષાયુ વર્જીને તિર્યંચો અને મનુષ્યોમાં જાય છે. બે ગતિક, બે આગતિક, પરિત્ત, અસંખ્યાતા છે. તે આ*

***બેઈન્દ્રિયો કહ્યા.***

● **વિવેચન-૩૬ :-**

બેઈન્દ્રિયો અનેક ભેદે કહ્યા છે. તે આ — પુલાકકૃમિક, કુચ્છિકૃમિક, ગંડોલક, ગોલોમ, નેઉર, સોમંગલક, વંસીમુખ, શૂચિમુખ, ગોજલોક, જલોક, જાલાયુષ, શંખા, શંખણગ, ધુલ્લા, ખુલ્લા, વરાડા, સોત્તિકા, મૌક્તિકા, કલ્લુયાવાસ, એકતોવક્રા, દ્વિધાવક્રા, નંદિયાવર્ત્ત, શંબુક્ક, માઈવાહ, સિપ્પિસંપુડ, ચંદન, સમુદ્રલિક્ષા.

વ્યાખ્યા-પુલાકૃમિક-મળદ્વારમાં ઉત્પન્ન કૃમિ, કુક્ષિકૃમિ-કુક્ષિપ્રદેશોત્પન્ન. શંખ-સમુદ્રમાં થાય. શંખનક-શંખિકા, ખુલ્લા-લઘુ શંખ, વરાટા-કપર્દા, માતૃવાહા - કોદ્રવ આકારપણાથી કોદ્રવ. સિપ્પિસંપુડ-સંપુટરૂપ શુકિત, ચંદનક-અક્ષ. જે બીજા આવા પ્રકારના મૃતક ક્લેવર સંભૂત કૃમિ આદિ, તે બધાં બેઈન્દ્રિયો જાણવા.

આ બેઈન્દ્રિયો સંક્ષેપથી બે ભેદે કહ્યા — અપર્યાપ્તા, પર્યાપ્તા. શરીર દ્વારમાં આ ત્રણ શરીરો — ઔદારિક, તૈજસ, કાર્મણ. અવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી બાર યોજન. સંહનન-છેદવર્તિસંહનન. અસ્થિનિચયભાવથી સંહનન મુખ્ય જ જાણવું. સંસ્થાન દ્વારમાં - હુંડ સંસ્થાન. કષાયદ્વાર - ચારે કષાય, સંજ્ઞાદ્વાર - ચારે સંજ્ઞા, લેશ્યાદ્વાર - પહેલી ત્રણ લેશ્યા. ઈન્દ્રિય દ્વાર - સ્પર્શન અને રસન બે. સમુદ્ઘાત દ્વાર - ત્રણ સમુદ્ઘાત — વેદના, કષાય, મારણાંતિક સમુદ્ઘાત. સંજ્ઞીદ્વાર - નો સંજ્ઞી નોઅસંજ્ઞી. વેદદ્વાર-નપુંસક વેદ, કેમકે સંમૂર્છિમ છે. પર્યાપ્તિદ્વારમાં પાંચ પર્યાપ્તિ, પાંચ અપર્યાપ્તિ.

દૃષ્ટિ દ્વારમાં - સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ સમ્યગ્મિથ્યા દૃષ્ટિ નહીં. કઈ રીતે? કંઈક સાસ્વાદન સમ્યક્ત્વ શેષ કોઈ બેઈન્દ્રિયમાં ઉપજે છે. પછી અપર્યાપ્તા-વસ્થામાં કેટલોક કાળ સાસ્વાદન સમ્યકત્વ સંભવથી સમ્યગ્દૃષ્ટિત્વ, બાકીનો કાળ મિથ્યાદૃષ્ટિતા, તેથી સમ્યગ્મિથ્યા દૃષ્ટિત્વ તેમને ન સંભવે. તથા ભવસ્વભાવતા, તથારૂપ પરિણામ યોગથી. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ થઈ ન કોઈ તેમાં ઉત્પન્ન થાય છે.

દર્શનદ્વાર પૂર્વવત્. જ્ઞાનદ્વારમાં જ્ઞાની અને અજ્ઞાની. તેમાં જ્ઞાનીત્વ સાસ્વાદન સમ્યકત્વ અપેક્ષાથી છે, તે જ્ઞાની નિયમથી બે જ્ઞાનયુક્ત છે — મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન. અજ્ઞાની પણ નિયમથી બે અજ્ઞાનવાળા છે. મતિઅજ્ઞાન, શ્રુતાજ્ઞાન. યોગદ્વારમાં માત્ર વચન અને કાયયોગવાળા. આહાર નિયમથી છ દિશાથી, કેમકે બેઈન્દ્રિયાદિઓ ત્રસનાડીમાં જ હોય છે. ઉપપાત - દેવ, નારક અને અસંખ્યાતવર્ષાયુ વર્જિત બાકીના તિર્યંચ, મનુષ્યોથી. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ. ચ્યવનદ્વારમાં દેવ, નારક અને સંખ્યાતવર્ષાયુ વર્જિત બાકીના તિર્યંચ, મનુષ્યોમાં, ઉદ્વર્તીને જાય છે. તેથી જ ગતિ-આગતિ દ્વારમાં દ્વિગતિક, દ્વિઆગતિક તિર્યંચ-મનુષ્ય ગતિ અપેક્ષાથી પરીત્ત-પ્રત્યેકશરીરી, અસંખ્યેય ઘનીકૃત્ લોકના જે ઉર્ધ્વ-અધો લાંબા, એક પ્રાદેશિક્ય શ્રેણી-અસંખ્યાત યોજન કોડાકોડી પ્રમાણ આકાશ સૂચિગત પ્રદેશ રાશિ પ્રમાણ, તેટલા પ્રમાણત્વથી કહેલ છે.



● **સૂત્ર-૩૭ :-**

***તે તેઈન્દ્રિયો શું છે ? અનેક ભેદે કહ્યા છે — ઔપયિક, રોહિણીક, હસ્તિશૌંડ. બીજા પણ આવા પ્રકારના તેઈન્દ્રિય જીવ. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા - પર્યાપ્તા અને અપર્યાપ્તા. બેઈન્દ્રિયવત્ કહેવા. માત્ર શરીર અવગાહના ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ. ત્રણ ઈન્દ્રિયો, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૪૯-અહોરાત્રિ. બાકી પૂર્વવત્. બે ગતિ - બે આગતિ, પરિત્ત, અસંખ્યાતા કહ્યા છે. તે તેઈન્દ્રિય કહ્યા.***

● **વિવેચન-૩૭ :-**

તેઈન્દ્રિયો અનેક ભેદે કહ્યા છે. પ્રજ્ઞાપના સૂત્રાનુસાર આ છે — ઔપયિકા, રોહિણીકા, કુંથુ, પિપિલિકા, ઉદ્દેશકા, ઉદ્દેહિકા, ઉક્કલિયા, તણહાર, કાષ્ઠહાર, પત્રહાર, માલુકા, તૃણ-પત્ર-ફળવૃંતિક, તેંબુરુ-તપુસ-કાર્પાસસ્થિ મિંજિકા, ઝિલ્લિકા, ઝિંગિરા, ઝિગિરિડા, વાહુકા, મુરગા, સૌવસ્તિકા, સુયબેંટા, ઈન્દ્રકાયિક, ઈન્દ્રગોપક, કોત્થલવાહકા, હાલાહલા, પિસુયા, તસવાઈયા, ગોમ્હી, હત્થિસોંડા, આમાં કેટલાંક પ્રસિદ્ધ છે, કેટલાંક દેશવિશેષથી જાણવા. આવા પ્રકારના અન્ય બધાં તેઈન્દ્રિયો જાણવા. સમસ્ત સૂત્ર બેઈન્દ્રિયવત્ કહેવું. વિશેષ એ કે અવગાહના, ઈન્દ્રિય, સ્થિતિમાં સૂત્રાર્થ મુજબ કહેવું. હવે ચઉરિન્દ્રિય કહે છે —

● **સૂત્ર-૩૮ :-**

***તે ચતુરિન્દ્રિય શું છે ? તે અનેક ભેદે છે — અંધિકા, પુત્રિકા યાવત્ ગોમયકીડા. આ પ્રકારના અન્ય જીવ. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો છે, બધું પૂર્વવત્. વિશેષ આ - શરીરાવગાહના ઉત્કૃષ્ટથી ચાર ગાઉ, ઈન્દ્રિયો ચાર, ચક્ષુદર્શની-અચક્ષુર્દર્શની, સ્થિતિ ઉત્કૃષ્ટથી છ માસ, બાકી તેઈન્દ્રિયવત્ યાવત્ અસંખ્યાતા કહ્યા છે. તે આ ચઉરિન્દ્રિય કહ્યા.***

● **વિવેચન-૩૮ :-**

ચઉરિન્દ્રિયો અનેક ભેદે કહ્યા છે, તે આ — અંધિકા, પુત્રિકા, માખી, મચ્છર, કીટ, પતંગ, ઢિંકુણ, કુક્કુડ, કુક્કુહ, નંદાવર્ત્ત, શ્રૃંગિરિટ, કૃષ્ણપત્ર, નીલપત્ર, લોહિતપત્ર, હરિતપત્ર, શુક્લપત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ, ઓભંજલિક, જલચારિક, ગંભીર, નીનિક, તંતવ, અક્ષિરોટ, અક્ષિવેધ, સારંગ, નેવલ, દાલા, ભ્રમર, ભરિલી, જરુલા, તોટ્ટ, વિંછી, પત્રવિંછી, છાણવિંછી, જળવિંછી, પ્રિયંગાલ, કનક, ગોમયકીટ. આવા પ્રકારના બીજા પણ બધાં ચઉરિન્દ્રિયો લોકથી જાણવા. તે સંક્ષેપથી ઈત્યાદિ બધું પણ સૂત્ર બેઈન્દ્રિયવત્ જાણવું. માત્ર અવગાહના ચાર ગાઉ ઉત્કૃષ્ટથી કહેવી. ઈન્દ્રિય દ્વારમાં સ્પર્શન, રસન, ધ્રાણ, ચક્ષુરૂપ ચાર ઈન્દ્રિયો છે. સ્થિતિ-ઉત્કૃષ્ટથી છ માસ છે. બાકી પૂર્વવત્. - - હવે પંચેન્દ્રિયનું કથન —

● **સૂત્ર-૩૯ :-**

***તે પંચેન્દ્રિયો શું છે ? તે ચાર ભેદે છે, તે આ — નૈરયિક, તિર્યંચયોનિક,***

*મનુષ્ય, દેવ.*

● **વિવેચન-૩૯ :-**

પંચેન્દ્રિયો ચાર પ્રકારે કહ્યા છે, તે આ પ્રમાણે - નૈરયિકાદિ. તેમાં – નીકળી ગયું છે. ઈષ્ટ ફળ કર્મ જેમાંથી તે નિરયા - નરકાવાસ, તેમાં થનાર નૈરયિક. તિર્યંચ-પ્રાયઃ તિર્છાલોકમાં યોનિ છે, તેમાં જન્મેલ તે તિર્યક્યોનિજ અથવા તિર્યંચયોનિક એ શબ્દ સંસ્કાર છે, પ્રાયઃ તિર્છા લોકમાં ઉત્પત્તિસ્થાન જેના છે તે. 'મનુ' એ મનુષ્યની સંજ્ઞા છે, મનુના સંતાનો તે મનુષ્ય. સુખમાં રમણ કરે છે તે દેવ

હવે - નૈરયિકને કહે છે –

● **સૂત્ર-૪૦ :-**

*તે નૈરયિકો શું છે ? તે સાત ભેદે છે - રત્નપ્રભાપૃથ્વી નૈરયિક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક. તે સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. -- ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ છે – વૈક્રિય, તૈજસ, કાર્મણ. - - ભગવન્ ! તે જીવોની શરીરાવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! શરીરાવગાહના બે ભેદે છે – ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે, તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્. તેમાં જે ઉત્તરવૈક્રિય છે, તે જઘન્યથી અંગુલનો સંખ્યાતભાગ, ઉત્કૃષ્ટથી હજાર ધનુષ્.*

*ભગવન્ ! તે જીવોના શરીર કયા સંઘયણે છે ? ગૌતમ ! છ સંઘયણમાંથી એક પણ નહીં, તે અસંઘયણી છે. તેમના શરીરમાં હાડકા નથી, નાડી નથી, સ્નાયુ નથી, સંઘયણ નથી. જે પુદ્ગલો છે તે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ છે. તે તેમને સંઘાતપણાએ પરિણમે છે. - - - ભગવન્ ! તે જીવોના શરીર કયા આકારે છે ? ગૌતમ ! સંસ્થાન બે ભેદે છે – ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં ભવધારણીય છે. તે હુંડ સંસ્થિત છે, જે ઉત્તરવૈક્રિય છે, તે પણ હુંડ સંસ્થિત છે.*

*ચાર કષાયો, ચાર સંજ્ઞાઓ, ત્રણ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, પહેલાં ચાર સમુદ્ઘાતો, સંજ્ઞી પણ છે - અસંજ્ઞી પણ છે, નપુંસકવેદ છે, છ પર્યાપ્તિ - છ અપર્યાપ્તિ, ત્રણ દૃષ્ટિ, ત્રણ દર્શન, જ્ઞાની પણ છે - અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની - આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની. જે અજ્ઞાની છે તેમાં કેટલાંક બે અજ્ઞાની છે, કેટલાંક ત્રણ અજ્ઞાની છે. જે બે અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાની છે. ત્રણ યોગ, બે ઉપયોગ છે.*

*આહાર છ દિશાથી, પ્રાયઃ કરીને વર્ણથી કાળા યાવત્ આહારને આહારે છે. ઉપપાત તિર્યંચ અને મનુષ્યોમાંથી છે. સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. બંને રીતે મરે છે. ઉદ્વર્તના મનુષ્ય અને તિર્યંચમાં છે પણ સંમૂર્છિમોમાં જતા નથી. બે ગતિ - બે આગતિ, પરિત્ત, અસંખ્યાત હે આયુષ્યમાન્ શ્રમણ કહ્યા છે. તે નૈરયિક કહ્યા.*



● **વિવેચન-૪૦ :-**

નૈરયિકો સાત ભેદે કહ્યા છે. તે આ – રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, અધઃસપ્તમી (આ સાત પૃથ્વીના) નૈરયિકો. સંક્ષેપથી પર્યાપ્તા, અપર્યાપ્તા છે. હવે શરીરાદિ દ્વાર પ્રતિપાદના - સુગમ છે. વિશેષ આ - ભવપ્રત્યયથી જ તેમના શરીર વૈક્રિય છે, ઔદારિક નથી. ત્રણ શરીરો કહ્યા – વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

તેમની અવગાહના બે ભેદે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. જેનાથી ભવ ધારણ કરાય તે ભવધારણીય, બીજી ભવાંતરવૈરી નારકોના પ્રતિઘાત અર્થે ઉત્તરકાળ જે વિચિત્રરૂપા જે વૈક્રિય અવગાહના તે ઉત્તરવૈક્રિય. તેમાં ભવધારણીય તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, તે ઉપપાતકાળે જાણવી. ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્. આ ઉત્કૃષ્ટ પ્રમાણ સાતમી નરકને આશ્રીને જાણવું. પ્રત્યેક પૃથ્વીનું ઉત્કૃષ્ટ પ્રમાણ સંગ્રહણી ટીકાથી કહેવું. ઉત્તર વૈક્રિયા જઘન્યથી અંગુલનો સંખ્યાત ભાગ, અસંખ્યાત ભાગ નહીં કેમકે તેવા પ્રયત્નનો અભાવ છે. ઉત્કૃષ્ટથી હજાર ધનુષ્. આ ઉત્કૃષ્ટ પરિમાણ પણ સાતમી નરક પૃથ્વીને આશ્રીને જાણવું. - x -

સંહનન દ્વારમાં – છમાંથી કોઈ સંહનનમાંથી કોઈ પણ સંહનન વડે તેમનું સંહનન નથી, તેઓ અસંઘયણી છે. કેમકે તેમના શરીરમાં હાડકાં નથી, ધમનિ-નાડી નથી, સ્નાયુ નથી, અસ્થ્યાદિ અભાવથી અસંઘયણી શરીર કહ્યું. તત્ત્વવૃત્તિથી સંહનન અસ્થિ નિચયાત્મક છે. જેમ પૂર્વે એકેન્દ્રિયોનું સેવાર્ત્ત સંહનન કહ્યું, તે ઔદારિક શરીર સંબંધ માત્ર અપેક્ષાએ ઔપચારિક છે. દેવો પણ પ્રજ્ઞાપનાદિમાં વજ્ર સંઘયણી કહ્યા, તે ગૌણવૃત્તિથી છે. તેથી કહે છે – જેમ મનુષ્યલોકમાં ચક્રવર્તી આદિ વિશિષ્ટ વજ્રઋષભનારાચ સંઘયણી બીજા બધાં મનુષ્યજનથી અસાધારણ શક્તિ છે. - x - તેથી અધિકતર દેવોની પર્વતોત્પાટનાદિ વિષયક શક્તિ સંભળાય છે, શરીર પરિક્લેશ નથી. તેથી તેઓ પણ વજ્રસંહનની જેવા કહ્યા. પરમાર્થથી તેઓ સંહનનવાળા નથી. તેમ નારકોમાં અસ્થિના અભાવથી સંહનનનો અભાવ છે. - x - x -

(શંકા) નૈરયિકોને અસ્થિ અભાવે કઈ રીતે શરીરબંધન થાય ? તથાવિધ પુદ્ગલ સ્કંધવત્ શરીરબંધન થાય.

તેથી જ કહે છે – જે પુદ્ગલો અનિષ્ટ-મનથી ઈચ્છાને ઉલ્લંઘેલ. તેમાં કેટલાંક કમનીય છતાં કોઈને અનિષ્ટ થાય, તેથી કહ્યું - અકાંત-અકમનીય, અત્યંત અશુભવર્ણયુક્તપણાથી. તેથી જ અપ્રિય છે. દર્શનાપાતકાળે પણ પ્રિયબુદ્ધિ ઉત્પન્ન કરનારા નથી. અશુભ રસ, ગંધ, સ્પર્શાત્મકત્વથી અશુભ. અમનોજ્ઞ-મનને આનંદહેતુક નહીં, વિપાકથી દુઃખજનક. અમનામ છે. તથારૂપ શરીર પરિણતિ ભાવે પરિણમે છે.

સંસ્થાન દ્વારમાં - તેમના ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીર હુંડ સંસ્થાન કહેવા. તેથી કહે છે – તેમના ભવધારણીય શરીર, ભવ સ્વભાવથી જ નિર્મૂલ વિલુપ્ત પક્ષોત્પાટિત સકલ ગ્રીવાદિ રોમ પક્ષી શરીરવત્ અતિ બીભત્સ હુંડ સંસ્થાન યુક્ત

છે. ઉત્તરવૈક્રિયને પણ શુભ વિકુર્વવા જાય, તો પણ તથાવિધ નામકર્મોદયથી અતીવ અશુભતર ઉપજે છે. તેથી તે પણ હુંડ સંસ્થાન છે.

લેશ્યા-પહેલી ત્રણ. પહેલી બે નરકમાં કાપોત, ત્રીજામાં કોઈક નરકાવાસમાં કાપોત, બાકીમાં નીલલેશ્યા, ચોથીમાં નીલલેશ્યા, પાંચમી નરકના કેટલાંક નરકાવાસોમાં નીલલેશ્યા, બાકીનામાં કૃષ્ણલેશ્યા. છઠ્ઠીમાં કૃષ્ણલેશ્યા, સાતમી નરકમાં પરમકૃષ્ણલેશ્યા છે. - x -

ઈન્દ્રિય દ્વારમાં સ્પર્શન, રસન આદિ પાંચે ઈન્દ્રિયો છે.

સમુદ્‌ઘાત દ્વારમાં વેદના, કષાય, વૈક્રિય, મારણાંતિક ચાર.

સંજ્ઞીદ્વારમાં — સંજ્ઞી, અસંજ્ઞી. તેમાં જે ગર્ભવ્યુત્ક્રાંતિથી ઉત્પન્ન તે સંજ્ઞી કહેવાય. જે સંમૂર્ચ્છનજથી છે તે અસંજ્ઞી. તેઓ રત્નપ્રભા નારકીમાં જ ઉત્પન્ન થાય, પછી નહીં. અનાશય-અશુભક્રિયાના દારુણ એવા અનંતર વિપાકી છતાં આટલું જ ફળપણું છે તેથી કહે છે કે અસંજ્ઞી પહેલી સુધી, સરીસર્પ બીજી સુધી, પક્ષી ત્રીજી સુધી, સિંહ ચોથી સુધી, ઉરગ પાંચમી સુધી, સ્ત્રી છઠ્ઠી સુધી, મનુષ્ય અને મત્સ્ય સાતમી નરક સુધી ઉત્પન્ન થાય. આ પરમ ઉપાત નરકમાં જાણવો.

વેદ-નપુંસક, પર્યાપ્તિ અને અપર્યાપ્તિ-પાંચ, પાંચ છે. દૃષ્ટિ-ત્રણ પ્રકારે છે. મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્‌દૃષ્ટિ, સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ. દર્શન ત્રણ — ચક્ષુ, અચક્ષુ, અવધિ. જ્ઞાનદ્વારમાં જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. નિયમા ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન છે. જે નારકો અસંજ્ઞી છે, તેને અપર્યાપ્તાવસ્થામાં બે અજ્ઞાન અને પર્યાપ્તાવસ્થામાં ત્રણ અજ્ઞાન. સંજ્ઞીને ઉભયાવસ્થામાં ત્રણે અજ્ઞાન છે. અસંજ્ઞીથી ઉત્પન્ન થનારને તેવી બોધમંદતા અપર્યાપ્તાવસ્થામાં હોવાથી અવ્યક્તઅવધિ પણ નથી.

ઉપપાત - પ્રજ્ઞાપનાના વ્યુત્ક્રાંતિ પદ મુજબ કહેવો. પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોથી અસંખ્યાત આયુ વર્જીને બાકીનાનો કહેવો. સ્થિતિ, સમુદ્‌ઘાત સૂત્રાર્થ મુજબ. ઉદ્વર્તના - પ્રજ્ઞાપનાના વ્યુત્ક્રાંતિ પદ મુજબ કહેવી. ગતિ-દ્વિગતિક, આગતિ-દ્વિઆગતિક. પરીત્ત-પ્રત્યેક શરીરી, અસંખ્યાતા કહેવા. - - હવે તિર્યંચ પંચેન્દ્રિય—

● **સૂત્ર-૪૧ :-**

***તે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો શું છે ? બે ભેદે — સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ગર્ભવ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક.***

● **વિવેચન-૪૧ :-**

પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બે ભેદે — સંમૂર્ચ્છિમ, ગર્ભજ. સંમૂર્ચ્છન-ગર્ભ ઉપપાત સિવાય જે પ્રાણીનો ઉત્પાદ, તેના વડે જન્મેલ. ગર્ભજ-ગર્ભમાં ઉત્પત્તિ જેની છે તે અથવા ગર્ભવશથી નિષ્ક્રમણ જેનું છે, તે ગર્ભ વ્યુત્ક્રાંતિક. 'च' શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક છે.

● **સૂત્ર-૪૨,૪૩ :-**

***[૪૨] તે સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક શું છે ? તે ત્રણ ભેદે છે — જલચર, સ્થલચર, ખેચર.***



***[૪૩] તે જલચર શું છે ? તે પાંચ ભેદે છે — મત્સ્ય, કાચબા, મગર, ગાહ, સુંસુમાર. - - તે મત્સ્ય શું છે ? જેમ પ્રજ્ઞાપનામાં કહ્યું તેમ યાવત્ જે આ પ્રકારના અન્ય છે તે. તે સંક્ષેપથી બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. - - ભગવન્ ! તે જીવોને કેટલા શરીર છે ? ગૌતમ ! ત્રણ — ઔદારિક, તૈજસ, કાર્મણ. શરીરાવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. છેવટનું સંઘયણ, હુંડ સંસ્થિત.***

***ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, સમુદ્‌ઘાત ત્રણ, સંજ્ઞી નથી - અસંજ્ઞી છે. નપુંસક વેદ, પર્યાપ્તિ અને અપર્યાપ્તિ-પાંચ. બે દૃષ્ટિ, બે દર્શન, બે જ્ઞાન, બે અજ્ઞાન, બે યોગ, બે ઉપયોગ. આહાર છ દિશામાથી, ઉપપાત-તિર્યંચ અને મનુષ્યમાંથી થાય, દેવ કે નારકથી નહીં. તિર્યંચમાં અસંખ્યાત વર્ષાયુને વર્જીને. મનુષ્યોમાં અકર્મભૂમિજ, અંતર્દ્વિપજ, અસંખ્યાત વર્ષાયુવાળાને વર્જીને જાણવો.***

***સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી, મારણાંતિક સમુદ્‌ઘાતથી બંને રીતે મરે છે, અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય ? નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવો-ચારેમાં પણ જાય. નૈરયિકમાં માત્ર રત્નપ્રભામાં જાય, બાકીનાનો પ્રતિષેધ છે. બધાં જ તિર્યંચોમાં ઉપજી શકે, સંખ્યાત વર્ષાયુમાં પણ, અસંખ્યાત વર્ષાયુમાં પણ, ચતુષ્પદ અને પક્ષીઓમાં પણ. મનુષ્યોમાં બધી કર્મભૂમિમાં ઉપજે. અકર્મભૂમિમાં ન ઉપજે, અંતર્દ્વીપોમાં પણ, સંખ્યાત વર્ષાયુ, અસંખ્યાત વર્ષાયુવાળામાં પણ ઉપજે. દેવોમાં વ્યંતરો સુધી ઉપજે. ચાર ગતિક, બે આગતિક છે. પરિત્ત, અસંખ્યાતા કહ્યા છે. તે જલચર સંમૂર્છિમ૦ છે.***

● **વિવેચન-૪૨,૪૩ :-**

સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ ભેદે કહ્યા છે — જલચર, સ્થલચર, ખેચર. જે જળમાં ચરે તે જળચર ઈત્યાદિ.

જળચર કોણ છે ? પાંચ ભેદે છે — મત્સ્ય, કચ્છપ, જાગર, ગ્રાહ, સુંસુમાર. એ પ્રમાણે પ્રજ્ઞાપનાનુસાર ભેદો કહેવા. તે આ રીતે —

તે મત્સ્યો શું છે ? અનેકવિધ છે — શ્લક્ષ્ણ મત્સ્ય, ખવલ્લ મત્સ્ય, યુગમત્સ્ય, ભિબ્ભિયમત્સ્ય, હેલિયમત્સ્ય, મંજરિકા મત્સ્ય, રોહિત મત્સ્ય, હલીસાકાર, મોગરાવડા, વડગર, તિમિતિમિંગલ, તંદુલમત્સ્ય, કર્ણિક, સિલેચ્છિયા, લંભણ, પતાકા, પતાકાતિ-પતાકા. તથા આવા પ્રકાર અન્ય પણ. તે આ મત્સ્ય કહ્યા.

તે કાચબા શું છે ? કાચબા બે ભેદે — અસ્થિ, માંસલ.

તે ગાહા શું છે ? પાંચ ભેદે છે — દિલી, વેષ્ટક, મૃદુગ, પુલક, સ્તમાકારા. તે ગ્રાહ કહ્યા.

તે મકરો શું છે ? બે ભેદે છે — સોંડમગર, મૃષ્ટ મગર.

તે સુંસુમાર શું છે ? એક જ પ્રકારના છે.

આ મત્સ્યાદિ ભેદ લોકથી જાણવા. જે બીજા પણ ઉક્ત પ્રકારના મત્સ્યાદિરૂપ,

તે બધાં જળચર સંમૂર્છિમ પંચે૦તિર્યંચ છે.

શરીરાદિ દ્વાર ચઉરિન્દ્રિયવત્ કહેવા. માત્ર અવગાહના દ્વારમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. ઈન્દ્રિયો પાંચ. સંમૂર્છિમ અને સમનસ્કત્વના યોગથી સંજ્ઞી, અસંજ્ઞી બંને છે. ઉપપાત - વ્યુત્ક્રાંતિ પદ મુજબ. - x - સ્થિતિ ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. ચ્યવન-અનંતર ઉદ્વર્તીને ચારે ગતિમાં ઉપજે છે. તેમાં નરકમાં રત્નપ્રભામાં જ, તિર્યંચમાં બધામાં, મનુષ્યોમાં કર્મભૂમિજમાં, દેવોમાં વ્યંતર અને ભવનવાસીમાં. તે સિવાય અસંજ્ઞીઆયુ નથી. તેથી ચાર ગતિક, બે આગતિક. પ્રત્યેકશરીરી અસંખ્યાતા છે.

હવે સંમૂર્છિમ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક —

● સૂત્ર-૪૪ :-

*તે સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? બે ભેદે — ચતુષ્પદ સ્થલ સંમૂર્છિમ અને પરિસર્પ સંમૂર્છિમ૦*

*તે સ્થલચર ચતુષ્પદ સંમૂર્છિમ૦ શું છે ? ચાર ભેદે છે. તે આ — એકખુર, દ્વિખુર, ગંડીપદ, સનખપદ યાવત્ આવા પ્રકારના બીજા પણ. તે સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તા અને અપર્યાપ્તા.*

*શરીર ત્રણ, અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત-ભાગ-ઉત્કૃષ્ટથી ગાઉ પૃથકત્વ. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૮૪,૦૦૦ વર્ષ. બાકી જલચર મુજબ યાવત્ ચતુર્ગતિક, બે આગતિ. પરિત્ત-અસંખ્યાતા કહ્યા છે. તે સ્થલચર ચતુષ્પદ૦*

*તે સ્થલચર પરિસર્પ સંમૂર્છિમ શું છે ? બે ભેદે છે — ઉરગ પરિસર્પ સંમૂર્છિમ અને ભુજગ પરિસર્પ સંમૂર્છિમ.*

*તે ઉરગ૦ શું છે ? ચાર ભેદે — અહી, અજગર, મહોરગ... તે અહી શું છે ? બે ભેદે - દર્વીકર અને મુકુલિક. તે દર્વીકર શું છે ? અનેક ભેદે છે - આસીવિષ યાવત્ તે દર્વીકર છે. તે મુકુલિક શું છે ? અનેકવિધ છે - દિવ્ય, ગોનસ યાવત્ મુકુલિક.*

*તે અજગરો શું છે ? એક પ્રકારના કહ્યા છે. તે આસાલિક શું છે ? પ્રજ્ઞાપનાનુસાર કહેવું. - x - તે મહોરગ શું છે ? પ્રજ્ઞાપના મુજબ કહેવું. આવા પ્રકારના અન્ય પણ કહેવા. તે સંક્ષેપથી બે ભેદે છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. પૂર્વવત્ જાણવા.*

*વિશેષ એ કે - શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી યોજન પૃથક્ત્વ. સ્થિતિ - જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૫૩,૦૦૦ વર્ષ. બાકી જલચર મુજબ જાણવું. યાવત્ ચાર ગતિક, બે આગતિ, પરિત્તા અસંખ્યાતા ઉરગ પરિસર્પ છે.*

*તે ભુજગ પરિસર્પ સંમૂર્છિમ સ્થલચર શું છે ? તે અનેક ભેદે છે — ગોધા, નોળીયા યાવત્ તેવા અન્ય પ્રકારના. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે, તે આ - પર્યાપ્તા અને અપર્યાપ્તા.*



*શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથકત્વ. સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૪૨,૦૦૦ વર્ષ. બાકી જલચર મુજબ. યાવત્ ચારગતિક, બે આગતિ. પરિત્ત, અસંખ્યાત કહ્યા છે. તે ભુજગપરિસર્પ સંમૂર્છિમ તે આ સ્થલચર.*

*તે ખેચર શું છે ? તે ચાર ભેદે કહ્યા છે. તે આ છે — ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્ગપક્ષી, વિતતપક્ષી.*

*તે ચર્મપક્ષી શું છે ? અનેક ભેદે છે - વલ્ગુલી યાવત્ આવા પ્રકારના બીજા પણ... તે રોમપક્ષી શું છે ? અનેક ભેદે છે — ઢંક, કંક, આવા પ્રકારના અન્ય પણ... તે સમુદ્ગ પક્ષી શું છે ? એક પ્રકારના છે, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યા. એ રીતે વિતત પક્ષી યાવત્ આવા પ્રકારના અન્ય પણ. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. વિશેષ આ — શરીરાવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથકત્વ. સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૭૨,૦૦૦ વર્ષ. બાકી જળચર મુજબ યાવત્ ચાર ગતિ, બે આગતિ. પરિત્તા, અસંખ્યાતા કહ્યા છે. તે ખેચર સંમૂર્છિમ તિર્યંચ કહ્યા.*

● વિવેચન-૪૪ :-

સંમૂર્છિમ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બે ભેદે કહ્યા છે — ચતુષ્પદ૦ અને પરિસર્પ૦ તેમાં ચાર પગ જેને છે તે ચતુષ્પદ, અશ્વ આદિ. એવા તે સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિયતિર્યંચ. છાતી કે ભુજા વડે સરકે છે તે પરિસર્પ, સાપ-નોળીયાદિ. 'च' શબ્દ સ્વ-સ્વગત અનેક ભેદ સૂચક છે. તે અનેકવિધત્વ ક્રમથી કહે છે —

ચતુષ્પદ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક ચાર ભેદે કહ્યા છે — જે પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રમાં પહેલા પદ પ્રજ્ઞાપના નામક પદમાં ભેદો કહ્યા તેમ કહેવા. તે એકખુરાદિ ચાર છે. તે એકખુર કયા છે ? અનેક ભેદે છે — અશ્વ, અશ્વતર, ઘોટક, ગર્દભ, ગોરક્ષુર, કંદલક, સિરિકંદલક, આવર્ત્ત, તથા આવા પ્રકારના બીજા.

તે દ્વિખુર કયા છે ? અનેકવિધ છે. તે આ — ઉંટ, ગાય, ગવય, મહિષ, સંવર, વરાહ, અજ, ઘેંટા, રુરૂ, સરભ, ચમરી, કુરંગ, ગોકર્ણ આદિ... તે ગંડીપદ શું છે ? અનકે ભેદે છે — હાથી, હસ્તિપૂયણ, મંકુણ હસ્તી, ખગ્ગ, ગંડ, પરાસર, શીયાળ, શુનક, કોકંતિક, શશક, ચિત્તક, ચિત્તલક. આવા બીજા પ્રકારના પણ. - x - x - સનખપદ-લાંબા નખથી યુક્ત પગ જેના છે તે સનખપદ - કુતરા આદિ.

અશ્વ આદિ આ ભેદોમાં. કેટલાંક અતિપ્રસિદ્ધ છે. આ બધાં સ્વયં કે અન્ય લોકથી જાણવા. વિશેષ આ - સનખપદમાં द्वीपक - ચિત્રક, अच्छ - ઋક્ષ, परासर - સરભ, कोकंतिका - લોમઠિકા, ચિત્તા-ચિત્તલકા એ આરણ્યજીવ વિશેષ છે. બાકીના સિંહ આદિ પ્રતીત છે. તે સંક્ષેપથી પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદે છે. શરીરાદિ દ્વાર જલચરવત્ કહેવા. વિશેષ એ કે — ઉત્કૃષ્ટાવગાહના ગાઉ પૃથક્ત્વ, સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૮૪,૦૦૦ વર્ષ. બાકી પૂર્વવત્.

તે પરિસર્પ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકા - બે ભેદે છે. ઉક્ત પ્રકારે પ્રજ્ઞાપનાનુસાર ભેદો કહેવા. તે આ રીતે - ઉર પસિર્પસ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ભુજ પરિસર્પ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ભુજ પરિસર્પ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક. સુગમ છે વિશેષ એ કે — છાતી વડે સરકે તે ઉરઃપરિસર્પ-સર્પાદિ. ભુજા વડે સરકે છે, તે ભુજ પરિસર્પ-નકુલાદિ. તે ઉરપરિસર્પ૦ શું છે ? તે ચાર ભેદે કહે છે, તે આ — અહી, અજગર, આસાલિક, મહોરગ.

તે અહી શું છે ? અહી બે ભેદે છે — દર્વીકર, મુકુલિક. તે દર્વીકર શું છે ? દર્વીકરો અનેક ભેદે કહ્યા છે — આસીવિસ, દૃષ્ટિવિષ, ઉગ્રવિષ, ભોગવિષ, ત્વચાવિષ, લાલાવિષ, નિઃશ્વાસવિષ, કૃષ્ણસર્પ, શ્વેતસર્પ, કાકોદર, દર્ભપુષ્પ, કોલાહ, શૈલેસિંદ્ર, એવા બીજા પણ.

તે અજગરો શું છે ? એક ભેદે કહ્યા છે... તે આસાલિક શું છે ? ભગવન્ ! આસાલિક ક્યાં સંમૂર્છે છે. ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વીપમાં, નિર્વ્યાઘાતથી પંદર કર્મભૂમિમાં, વ્યાઘાતને આશ્રીને પાંચ મહાવિદેહમાં ચક્રવર્તી સ્કંધાવારમાં, બલદેવ-વાસુદેવ-માંડલિક-મહામાંડલિકના સ્કંધાવારમાં, ગામ-નગર-ખેડ-કર્બડ-મડંબ-દ્રોણમુખ-પટ્ટણ-આકર-આશ્રમ-રાજધાની નિવેસોમાં, જ્યારે તેનો વિનાશ થવાનો હોય ત્યારે અહીં આસાલિકા સંમૂર્છે છે. જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ માત્ર અવગાહના, ઉત્કૃષ્ટ બાર યોજન. તદાનુરૂપ લાંબી-પહોળી ભૂમિને ફાળીને સંમૂર્છે છે. તેઓ અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અંતર્મુહૂર્ત્ત આયુ ભોગવીને કાળ કરે છે.

તે આસાલિક કહ્યા.

તે મહોરગ શું છે ? મહોરગ અનેક ભેદે છે. કોઈ અંગુલ માત્ર, કોઈ અંગુલ પૃથક્ત્વના, કોઈ વેંત પ્રમાણ, કોઈ વેંત પૃથક્ત્વ, એ રીતે રત્નિ-રત્નિપૃથક્ત્વ, કુક્ષિ-કુક્ષિપૃથક્ત્વ, ધનુષ્-ધનુપૃથક્ત્વ, ગાઉ-ગાઉપૃથક્ત્વ, યોજન-યોજનપૃથક્ત્વ, સો યોજન, સો યોજન પૃથક્ત્વના પણ હોય છે. તે સ્થળમાં જન્મી જળમાં પણ ચરે છે, સ્થળમાં પણ ચરે છે. તે અહીં નહીં, પણ બહારના દ્વીપ-સમુદ્રમાં હોય છે.

વિષમપદ વ્યાખ્યા - દર્વી - ફેણ, તેને કરવાના સ્વભાવથી દર્વીકર, મુકુલ - ફેણ વિરહ યોગ્ય, શરીર અવયવ વિશેષાકૃતિ તે મુકુલિન-ફેણ કરવાની શક્તિ વિકલ. 'च' શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક. આસીવિસ - દાઢમાં વિષવાળા. દૃષ્ટિવિષ - જેની દૃષ્ટિમાં વિષ છે તે. ઉગ્રવિષ - ઉગ્ર વિષવાળા. ભોગવિષ - શરીર, તેમાં સર્વત્ર વિષવાળા. ત્વગ્‌વિષ - જેની ત્વચામાં વિષ છે તે. લાલાવિષ - મુખથી શ્રવે તે વિષયુક્ત. નિશ્વાસવિષ - જેના નિઃશ્વાસમાં વિષ છે તે. શેષ લોકથી જાણવા.

તે આસાલિક કોણ છે ? - x - x - ભદંત-પરમકલ્યાણ યોગી ! આસાલિક સંમૂર્છે છે. તે ગર્ભજ નહીં પણ સંમૂર્છિમ જ છે. તેથી 'સંમૂર્છતિ' કહ્યું. ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં. મનુષ્ય ક્ષેત્ર બહાર તેમનો ઉત્પાદ થતો નથી. તે પણ મનુષ્યક્ષેત્રમાં સર્વત્ર નહીં. પણ અઢી દ્વીપમાં. લવણ કે કાલોદ સમુદ્રમાં નહીં. નિર્વ્યાઘાત-વ્યાઘાતનો





અભાવ. - x - x - ત્યારે પંદર કર્મભૂમિમાં સંમૂર્છે છે. વ્યાઘાતને આશ્રીને, શું કહે છે ? પાંચ ભરત, પાંચ ઐરવતમાં યથોક્તરૂપ વ્યાઘાત હોય છે. - x - ત્રીશ કર્મભૂમિમાં ઉત્પન્ન થતા નથી, તેમ પ્રતિપાદિત કર્યું. પંદર કર્મભૂમિમાં, પાંચ મહાવિદેહમાં સર્વત્ર ન સંમૂર્છે. પણ ચક્રવર્તી - બળદેવ-વાસુદેવ-માંડલિક-મહામાંડલિકના સ્કંધાવારમાં ગ્રામ આદિના નિવેશોમાં, તેમાં ગ્રામ-બુદ્ધિ આદિ ગુણોને ગ્રસે તે. શાસ્ત્ર પ્રસિદ્ધ અઢાર કરો જેમાં છે તે ગ્રામ, નિગમ-પ્રભૂતતર વણિક્ વર્ગનો આવાસ. ખેડ-પાંસુ પ્રાકાર નિબદ્ધ, કર્બટ-ક્ષુલ્લક પ્રાકાર વેષ્ટિત. મડંબ-અઢી ગાઉમાં ગામ ન હોય તે. પટ્ટન-પાટણ જેમ કે ભૃગુકચ્છ. દ્રોણમુખ - પ્રાયઃ જળનિર્ગમ પ્રવેશ. આકર-હિરણ્ય આદિની ખાણ, આશ્રમ-તાપસનો આશ્રય. સંબાધ-યાત્રાથી આવેલ પ્રભૂતજન નિવેશ.

આ ચક્રવર્તી સ્કંધાવારાદિનો વિનાશ ઉપસ્થિત થતાં તે સ્થાનોમાં આસાલિકો સંમૂર્છે છે. તે જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ માત્ર અવગાહનામાં રહે છે. આ ઉત્પાદના પ્રથમ સમયે જાણવું. ઉત્કૃષ્ટથી બાર યોજન પ્રમાણ અવગાહના છે, બાર યોજન પ્રમાણ દીર્ઘતા અનુરૂપ વિષ્કંભ અને બાહલ્ય ભૂમિને વિદારીને રહે છે. ચક્રવર્તી સ્કંધાવાર આદિની નીચેની ભૂમિથી ઉત્પન્ન થાય છે. તે સંમૂર્છિમત્વથી અમનસ્ક છે. મિથ્યાદૃષ્ટિ - આસ્વાદન સમ્યક્ત્વનો પણ તેમને અસંભવ છે. તેથી જ અજ્ઞાની છે. અંતર્મુહૂર્ત્ત અદ્ધાયુમાં જ કાળ કરે છે.

કેટલાંક મહોરગો જે અંગુલ પ્રમાણ શરીરાવગાહનાથી હોય છે. અહીં અંગુલ ઉંચાઈથી અંગુલ જાણવું. શરીર પ્રમાણ ચિંતનથી બે થી નવ અંગુલ પ્રમાણ શરીર અવગાહના માનવાળા. આ પ્રમાણે બાકીના સૂત્રો પણ વિચારવા. વિશેષ એ - બાર આંગળ પ્રમાણની વેંત. બે વેંત પ્રમાણ રત્નિ-હાથ. બે હાથ પ્રમાણ - કુક્ષિ. ચાર હાથ પ્રમાણ - ધનુષ્ ૨૦૦૦ ધનુષ્ પ્રમાણનો ગાઉ, ચાર ગાઉનો યોજન. આવા પ્રમાણવાળા મહોરગ સ્થળચર વિશેષત્વથી સ્થળમાં જન્મીને તથા સ્વાભાવ્યથી જળમાં પણ સ્થળની જેમ વિચરે છે, સ્થળમાં પણ વિચરે છે. આ કહેલા સ્વરૂપવાળા મહોરગો બાહ્ય દ્વીપ-સમુદ્રોમાં ઉત્પન્ન થાય છે. સમુદ્રમાં પણ પર્વત, દેવનગરી આદિમાં સ્થળોમાં ઉત્પન્ન થાય છે, જળમાં નહીં. તેથી અહીં મનુષ્ય ક્ષેત્રમાં દેખાતા નથી. - x -

એ અને આવા પ્રકારના ઉક્તરૂપ ''અહી'' આદિ, તે બધાં પણ ઉરઃપરિસર્પ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો જાણવા. તે સંક્ષેપથી પર્યાપ્ત-અપર્યાપ્ત સૂત્ર, શરીરાદિ દ્વાર કદંબક જળચર સમાન કહેવા. વિશેષ એ — અવગાહના ઉત્કૃષ્ટથી યોજન પૃથક્ત્વ છે. સ્થિતિ દ્વારમાં - ઉત્કૃષ્ટથી ૫૩,૦૦૦ વર્ષ છે. બાકી પૂર્વવત્.

ભુજ પરિસર્પ પ્રતિપાદનાર્થે કહે છે — ભુજ પરિસર્પ સંમૂર્છિમ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અનેક ભેદો કહ્યા છે. તે આ રીતે — ગોધા, નકુલ, સરટ, શલ્ય, સરંડ, સાર, ખાર, ઘરોળી, વિષંભરા, મૂષક, મંગુસ, પયોલાતિક, ક્ષીર વિરાલી. આ બધાં દેશ-વિશેષથી જાણવા. આ અને આવા પ્રકારના ગોધાદિ રૂપ બધાં ભુજ-પરિસર્પો જાણવા. તે સંક્ષેપથી બધું પૂર્વવત્ કહેવું. અવગાહના-ઉત્કૃષ્ટથી ધનુષ્પૃથક્ત્વ, સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૪૨,૦૦૦ વર્ષ.

હવે ખેચરના પ્રતિપાદનાર્થે કહે છે — તે સંમૂર્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક શું છે ? તે ચાર ભેદે કહ્યા છે. ભેદો પ્રજ્ઞાપનાનુસાર કહેવા. તે આ — ચર્મ-રોમ-સમુદ્ગ-વિતતપક્ષી.

તે ચર્મપક્ષી શું છે ? અનેક ભેદે છે — વલ્ગુલી, જલોકા, અડિલા, ભારંડપક્ષી, જીવંજીવા, સમુદ્રવાયસ, કર્મત્તિક, પક્ષિવિરાલી. આ અને આવા પ્રકારના છે તે ચર્મપક્ષી કહ્યા, તે રોમપક્ષી શું છે ? તે અનેકભેદે છે — ઢક્ક, કંક, કુરલ, વાયસ, ચક્વાક, હંસ, કલહંસ, પોતહંસ, રાજહંસ, અડા, સેડીવડા, વેલાયકા, ક્રૌંચ, સારસ, મેસર, મયૂર, સેયવક, ગહરા, પોંડરીક, કામા, કામેયક, વંજુલાગા, તિત્તિર, વર્તક, લાવક, કપોત, કપિંજલ, પારેવક, ચિડક, વીસા, કુકકુડા, શુક, વરહિક, મદનશલાકા, કોકિલા ઈત્યાદિ રોમ પક્ષી છે.

તે સમુદ્ગક પક્ષી શું છે ? એક પ્રકારે છે. તે બહારના દ્વીપ-સમુદ્રમાં થાય છે. - - - તે વિતતપક્ષી શું છે ? તે એક પ્રકારે છે, તે પણ બહારના દ્વીપસમુદ્રમાં હોય છે. - અહીં હોતા નથી.

ચર્મરૂપ પાંખો જેને છે, તે ચર્મપક્ષી. રોમરૂપ પાંખો જેને છે, તે રોમપક્ષી. ગમન કરવા છતાં સમુદ્ગવત સ્થિત પાંખો જેની છે, તે સમુદ્ગકપક્ષી. નિત્ય અનાકુંચિત પાંખવાળા તે વિતત પક્ષી. શેષ જળચરવત્ કહેવું. વિશેષ આ - અવગાહના ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથક્ત્વ. સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૭૨,૦૦૦ વર્ષ.

અહીં કોઈ બીજા પુસ્તકમાં અવગાહના અને સ્થિતિ યથાક્રમે સંગ્રહણી ગાથામાં કહ્યા છે. તે ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે - સંમૂર્છિમ જલચરોની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન છે, ચતુષ્પદની ગવ્યૂત પૃથક્ત્વ, ઉર પરિસર્પોની યોજન પૃથક્ત્વ, સંમૂર્છિમ ભુજગ પક્ષી અને સંમૂર્છિમ ભુજગ પરિસર્પોની પ્રત્યેકની ધનુષ્ પૃથક્ત્વ. સંમૂર્છિમ જળચરોની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વકોટી, ચતુષ્પદોની ૮૪,૦૦૦ વર્ષ. ઉરઃ પરિસર્પોની ૫૩,૦૦૦ વર્ષ. ભુજ પરિસર્પની ૪૨,૦૦૦ વર્ષ, પક્ષીની ૭૨,૦૦૦ વર્ષ. - - - હવે ગર્ભવ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ —

● **સૂત્ર-૪૫ :-**

***તે ગર્ભવ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ત્રણ ભેદે કહ્યા છે — જલચર, સ્થલચર, ખેચર.***

● **વિવેચન-૪૫ :-**

તે ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ પ્રકારે કહેલા છે - જલચરાદિ. તેમાં જલચર પ્રતિપાદનાર્થે કહે છે —

● **સૂત્ર-૪૬ :-**

***તે જલચરો શું છે ? તે પાંચ ભેદે છે — મત્સ્ય, કચ્છપ, મગર, ગ્રાહ, સુંસુમાર. પ્રજ્ઞાપનામાં છે તે મુજબ બધાં ભેદો કહેવા. યાવત્ આવા પ્રકારના જે ગર્ભજ જલચર, સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા... ભગવન્ ! તે જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! ચાર શરીરો કહ્યા છે — ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. સંઘયણ છ ભેદે કહ્યા છે — વજ્રઋષભનારાચ સંઘયણી, ઋષભનારાચ સંઘયણી, નારાચ સંઘયણી, અર્દ્ધનારાચ સંઘયણી, કીલિકા સંઘયણી, સેવાર્ત્ત સંઘયણી. છ પ્રકારે સંસ્થિત કહ્યા છે — સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, કુબ્જ, વામન, હુંડ.***

***ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, પાંચ પહેલાના સંઘયણો, સંજ્ઞી છે - અસંજ્ઞી નહીં, ત્રણ વેદો, છ પર્યાપ્તિ - છ અપર્યાપ્તિ, ત્રણે દૃષ્ટિ, ત્રણ દર્શન, જ્ઞાની પણ છે - અજ્ઞાની પણ. જે જ્ઞાની છે તેમાં કોઈક બે જ્ઞાનવાળા છે, કોઈક ત્રણ જ્ઞાનવાળા છે. જે બે જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક, શ્રુત જ્ઞાની છે. જે ત્રણ જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની છે. આ પ્રમાણે અજ્ઞાની પણ છે.***

***ત્રણ ભેદે યોગ, બે ભેદે ઉપયોગ. આહાર છ એ દિશાથી. ઉપપાત-નૈરયિકમાં યાવત્ અધઃસપ્તમીથી તિર્યંચ યોનિકોમાં અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બધાથી, અકર્મભૂમગ-અંતર્દ્વિપક-અસંખ્યાતવર્ષાયુષ્કને વર્જીને બાકી બધાં મનુષ્યોથી, દેવોમાં-સહસ્રાર કલ્પ સુધીથી. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. બંને રીતે મરે છે. અનંતર ઉદ્વર્તીને નૈરયિકમાં યાવત્ અધઃસપ્તમીમાં, બધાં તિર્યંચયોનિકોમાં, બધાં મનુષ્યોમાં, સહસ્રારકલ્પ દેવલોક સુધી છે. ચાર ગતિ - ચાર આગતિ, પરિત્તા-અસંખ્યાતા કહ્યા છે. તે જલચરો કહ્યા.***



● **વિવેચન-૪૬ :-**

પ્રજ્ઞાપનાનુસાર મત્સ્યાદિના ભેદો કહેવા, તે પૂર્વે કહ્યા જ છે. પર્યાપ્તા-અપર્યાપ્તા પાઠસિદ્ધ છે. શરીરાદિ દ્વારો સંમૂર્છિમ જળચરવત્ કહેવા. માત્ર અહીં શરીર દ્વારમાં ચાર શરીરો કહેવા. કેમકે ગર્ભ વ્યુત્ક્રાંતિકોમાં તેઓમાં વૈક્રિયનો પણ સંભવ છે. અવગાહના દ્વારમાં હજાર યોજન ઉત્કૃષ્ટ અવગાહના છે.

સંહનન વિચારણામાં છ એ સંહનનો છે. તત્સ્વરૂપ પ્રતિપાદક આ બે ગાથા છે — વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, છેવટ્ટુ. ઋષભ એ પટ્ટ છે, વજ્ર પુનઃ કીલિકાને જાણવી, ઉભય મર્કટ બંધને નારાચ જાણવો. સંસ્થાન વિચારણામાં છ એ સંસ્થાનો છે. તે આ — સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, વામન, કુબ્જ અને હુંડ. તેમાં સમ - સામુદ્રિક શાસ્ત્રોક્ત પ્રમાણાવિસંવાદિ ચાર દિક્ વિભાગ ઉપલક્ષિત, શરીર અવયવો જેમાં છે - સમચતુરસ્ર. તેથી જ તે બીજે તુલ્યપણે વ્યવહાર કરાય છે - તથા -

ન્યગ્રોધ પરિમંડલ — જેમ ન્યગ્રોધ ઉપરના ભાગે સંપૂર્ણ પ્રમાણ, નીચે હીન હોય, તેમ જે સંસ્થાન નાભિની ઉપર સંપૂર્ણ પણ નીચે નહીં, તે. ઉપરમાં વિસ્તાર બહુલ છે. તથા આદિમાં જે ઉત્સેધ, નાભિથી નીચેનો દેહ ભાગ ગ્રહણ કરાય છે. તેથી આદિ સહ, નાભિનો અધસ્તન ભાગથી યથોક્ત પ્રમાણ લક્ષણથી વર્તે છે, તે સાદિ અર્થાત્ ઉત્સેધ બહુલ. અહીં જો કે સર્વ શરીર આદિ સહ વર્તે છે, તો પણ

સાદિત્વ વિશેષણ અન્યથા અનુપપત્તિથી વિશિષ્ટ જ પ્રમાણલક્ષણ યુક્ત આદિ અહીં મળે છે. તેથી ઉત્સેધ બહુલ કહ્યું — જે સંસ્થાન નાભિની નીચે પ્રમાણયુક્ત અને ઉપર હીન છે, તે સાદિ.

બીજા સાદિને બદલે સાચિ કહે છે. તેમાં સાચીને પ્રવચન જ્ઞાતા શાલ્મલીવૃક્ષ કહે છે. તેથી 'સાચી'વત્ જે સંસ્થાન, જેમ શાલ્મલી વૃક્ષ સ્કંધ, કાંડ અતિપુષ્ટ છે, ઉપર તે મુજબની મહાવિશાળતા નથી, તેની જેમ સંસ્થાનનો અધોભાગ પરિપૂર્ણ હોય, પણ ઉપરનો ભાગ તેમ ન હોય, તથા મસ્તક ગ્રીવા, હાથ-પગ આદિ યથોક્ત પ્રમાણ લક્ષણયુક્ત, ઉર-ઉદરાદિ મંડલ છે, તે કુબ્જ સંસ્થાન. વળી જેમાં ઉદર આદિ પ્રમાણલક્ષણ યુક્ત અને હાથ-પગ આદિ હીન છે, તે વામન. જેમાં બધાં અવયવો પ્રમાણ લક્ષણથી ભ્રષ્ટ છે, તે હુંડ.

કહ્યું છે કે — સમચતુરસ્ર, ન્યગ્રોધમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડ એ જીવોના છ સંસ્થાન જાણવા. તુલ્ય, વિસ્તૃતબહુલ, ઉત્સેધબહુ, મડભકોષ્ઠ, અધસ્તન-કાયમડભ, સર્વત્ર અસંસ્થિત હુંડ.

લેશ્યાદ્વારમાં છ એ લેશ્યા છે. શુક્લલેશ્યા પણ સંભવે છે. સમુદ્ઘાતો પાંચ છે, વૈક્રિય સમુદ્ઘાત પણ સંભવે છે. સંજ્ઞી દ્વારમાં - સંજ્ઞી છે, અસંજ્ઞી નથી. વેદદ્વારમાં ત્રણે વેદ છે - સ્ત્રી, પુરુષ વેદ પણ આમાં હોય છે. પર્યાપ્તિ દ્વારમાં પાંચ પર્યાપ્તિઓ છે — ભાષા, મન પર્યાપ્તિને એક ગણેલ છે માટે. અપર્યાપ્તિ પણ પાંચ છે.

દૃષ્ટિદ્વારમાં ત્રણ દૃષ્ટિઓ છે — મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. દર્શન પણ ત્રણ છે — કોઈકને અવધિ દર્શન હોય છે. જ્ઞાન દ્વારમાં ત્રણ જ્ઞાનો પણ છે. કેટલાંકને અવધિજ્ઞાનનો પણ સંભવ છે. અજ્ઞાન વિચારણામાં ત્રણ અજ્ઞાની પણ છે. કેટલાંકને વિભંગ-જ્ઞાન પણ સંભવે છે. અવધિ અને વિભંગ સમ્યગ્-મિથ્યાદૃષ્ટિભેદથી જાણવા. કહ્યું છે — સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન, મિથ્યાદૃષ્ટિને વિપર્યાસ છે.

ઉપપાત દ્વારમાં ઉપપાત - સાતે નૈરયિકોથી થાય છે. અસંખ્યાત વર્ષાયુષ્ક વર્જીને તિર્યંચયોનિકોમાંથી બધાથી ઉપજે છે. અકર્મ-ભૂમિજ-અંતર્દ્વિપજ - અસંખ્યાત વર્ષાયુષ્ક વર્જીને બાકીના મનુષ્યોથી ઉપજે છે. સહસ્રાર પર્યન્તના કલ્પથી દેવોમાંથી ઉપજે છે.

સ્થિતિ દ્વારમાં જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોટી છે. ચ્યવનદ્વારમાં - સહસ્રાર પછીના દેવોને વર્જીને બાકીના બધાં જીવસ્થાનોમાં જાય છે. તેથી જ ચાર ગતિ, ચાર આગતિ કહી. પરીત્ત-પ્રતત્યેક શરીરી, અસંખ્યાતા કહ્યા

— હવે સ્થલચરને કહે છે —

• **સૂત્ર-૪૭,૪૮ :-**

***[૪૭] તે તે સ્થલચરો શું છે ? બે ભેદે છે — ચતુષ્પદો અને પરિસર્પો. તે ચતુષ્પદો શું છે ? તે ચાર ભેદે છે — એક ખુરવાળા, તે જ ભેદો યાવત્ જે આવા પ્રકારના બીજા પણ, તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. શરીરો-ચાર. અવગાહના-જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી છ ગાઉ. સ્થિતિ-ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. વિશેષ એ કે — ઉદ્વર્તીને નૈરયિકોમાં ચોથી પૃથ્વી સુધી જાય છે. બાકી બધું જલચર સમાન છે, યાવત્ ચાર ગતિ, ચાર આગતિ. પરિત્તા, અસંખ્યાતા કહ્યા છે. તે ચતુષ્પદ૦***

***તે પરિસર્પો શું છે ? બે ભેદે કહ્યા છે - ઉર પરિસર્પ અને ભુજગ પરિસર્પ. તે ઉરપરિસર્પ શું છે ? પૂર્વવત્ આસાલિક સિવાયના ભેદો કહેવા. શરીર-ત્રણ, અવગાહના-જઘન્યથી અંગુલનો અસંખ્યાત-ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. ઉદ્વર્તીને નૈરયિકોમાં યાવત્ પાંચમી પૃથ્વી સુધી જાય છે. બધાં તિર્યંચ-મનુષ્યોમાં, દેવોમાં સહસ્રાર સુધી જાય છે. બાકી બધું જલચર મુજબ યાવત્ ચાર ગતિ, ચાર આગતિ છે. પરિત્તા-અસંખ્યાતા છે. તે આ ઉરપરિસર્પો છે.***

***તે ભુજગ પરિસર્પ શું છે ? ભેદો પૂર્વવત્. શરીર-ચાર. અવગાહના-જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ. ઉત્કૃષ્ટથી ગાઉ પૃથક્ત્વ. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. બાકીના સ્થાનોમાં ઉરઃપરિસર્પવત્ કહેવું. વિશેષ આ — બીજી પૃથ્વી સુધી જાય. તે આ ભુજગ પરિસર્પ કહ્યા. તે આ સ્થલચર કહ્યા.***

***[૪૮] તે ખેચર શું છે ? ચાર ભેદે છે — ચર્મપક્ષી, ભેદો પૂર્વવત્ છે. અવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથકત્વ. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. બાકી બધું જલચર મુજબ છે. વિશેષ આ - યાવત્ ત્રીજી પૃથ્વી સુધી જાય છે. યાવત્ તે ખેચર ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ યોનિક. તે આ તિર્યંચયોનિક કહ્યા.***

• **વિવેચન-૪૭,૪૮ :-**

સ્થલચર ગર્ભ વ્યુત્ક્રાંતિકોનું ભેદોપદર્શક સૂત્ર, જેમ સંમૂર્છિમ સ્થલચરોનું છે, તેમ કહેવું. વિશેષ આ - આસાલિકો ન કહેવા. તે સંમૂર્છિમ જ છે, ગર્ભવ્યુત્ક્રાંતિક નથી. તથા મહોરગ સૂત્રમાં યોજનશત, યોજનશતપૃથકત્વ, યોજન સહસ્ર આટલું અધિક કહેવું. શરીરાદિ દ્વાર સૂત્રો તો સર્વત્ર ગર્ભવ્યુત્ક્રાંતિક જલચરોવત્ છે. વિશેષ આ — અવગાહના, સ્થિતિ, ઉદ્વર્તનામાં ભેદ છે. તેમાં ચતુષ્પદોની ઉત્કૃષ્ટ અવગાહના છ ગાઉ છે, સ્થિતિ-ઉત્કર્ષથી પલ્યોપમ છે, ઉદ્વર્તના ચોથી પૃથ્વીથી શરૂ કરીને સહસ્રાર સુધી છે. આ બધાં જીવ-સ્થાનોમાં ઉદ્વર્તીને અનંતર ઉપજે છે. ઉરઃપરિસર્પની ઉત્કૃષ્ટાવગાહના હજાર યોજન છે. સ્થિતિ-ઉત્કૃષ્ટથી પૂર્વકોટી, ઉદ્વર્તના-પાંચમી પૃથ્વીથી આરંભીને સહસ્રાર સુધી બધાં જીવ સ્થાનોમાં ઉપજે.

ભુજપરિસર્પોની ઉત્કૃષ્ટ અવગાહના ગાઉ પૃથક્ત્વ છે, સ્થિતિ ઉત્કૃષ્ટથી પૂર્વકોટી, ઉદ્વર્તના-બીજી પૃથ્વીથી સહસ્રારકલ્પ સુધીના અંતરમાં બધાં જીવ સ્થાનોમાં ઉત્પાર્ છે.

ખેચર ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય ભેદો, સંમૂર્છિમ ખેચરોવત્ છે. શરીરાદિ દ્વાર વિચારણા ગર્ભ વ્યુત્ક્રાંતિ જલચરવત્ વિશેષ આ — અવગાહના, સ્થિતિ, ઉદ્વર્તનામાં ભેદ છે. ઉત્કૃષ્ટ અવગાહના ધનુષ્, પૃથકત્વ, જઘન્યથી બધે અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ. સ્થિતિ - જઘન્યથી બધે અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ. સ્થિતિ

- જઘન્યથી બધે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ. ઉદ્વર્તના ત્રીજી પૃથ્વીથી સહસ્રાર કલ્પ સુધીના અંતરમાં બધાં જીવ સ્થાનોમાં ઉત્પાદ છે. ક્યાંક આ અંગે સંગ્રહણી ગાથા છે —

આ બંને ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે - ગર્ભ વ્યુત્ક્રાંતિક જલચરોની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન છે. ચતુષ્પદોની છ ગાઉ છે, ઉરઃપરિસર્પોની હજાર યોજન છે. ભુજપરિસર્પોની ગાઉ-પૃથક્ત્વ, પક્ષીઓની ધનુષ્પૃથક્ત્વ. તથા ગર્ભવ્યુત્ક્રાંતિકોમાં જલચરોની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વકોટી છે. ચતુષ્પદોની ત્રણ પલ્યોપમ, ઉરગ અને ભુજગોની પૂર્વકોટી પક્ષીની પલ્યોપમનો અસંખ્યાત ભાગ.

ઉત્પાદવિધિ - નરકમાંથી આ ગાથાઓથી જાણવી - અસંજ્ઞી પહેલી સુધી, સરીસૃપ બીજી સુધી, પક્ષી ત્રીજી સુધી, સીંહ ચોથી સુધી, ઉરગો પાંચમી સુધી, સ્ત્રી છટ્ઠી સુધી, મત્સ્ય અને મનુષ્યો સાતમી પૃથ્વી સુધી, આટલો પરમ ઉપપાત નરકપૃથ્વીમાં જાણવો.

હવે મનુષ્યને પ્રતિપાદનાર્થે કહે છે —

● સૂત્ર-૪૯ :-

*તે મનુષ્યો શું છે ? તે બે ભેદે કહ્યા છે. તે આ રીતે — સંમૂર્છિમ મનુષ્યો અને ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો.*

*ભગવન્ સંમૂર્છિમ મનુષ્યો ક્યાં સંમૂર્છે છે ? ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રની અંદર યાવત્ કરે છે. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો છે, તે આ — ઔદારિક, તૈજસ, કાર્મણ. તે આ સંમૂર્છિમ મનુષ્યો છે.*

*તે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો શું છે ? ત્રણ ભેદે કહ્યા છે — કર્મભૂમક, અકર્મભૂમક, અંતર્દ્વિપજ. એ પ્રમાણે મનુષ્યના ભેદો, જેમ પ્રજ્ઞાપનામાં છે, તેમ નિરવશેષ કહેવું યાવત્ છદ્મસ્થ અને કેવલી. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા.*

*ભગવન્ ! તે જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! પાંચ શરીરો છે. - ઔદારિક યાવત્ કાર્મણ. શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ૦ ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ. છ સંઘયણ છ સંસ્થાન.*

*ભગવન્ ! તે જીવો શું ક્રોધકષાયી યાવત્ લોભકષાયી છે કે અકષાયી ? ગૌતમ ! બધાં છે... ભગવન્ ! તે જીવો શું આહાર-સંજ્ઞોપયુક્ત યાવત્ લોભ સંજ્ઞોપયુક્ત છે, નોસંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ ! તે પાંચે છે... ભગવન્ ! તે જીવો શું કૃષ્ણલેશ્યી છે કે યાવત્ અલેશ્યી ? ગૌતમ ! તે સાતે છે... શ્રોત્રેન્દ્રિયોપયુક્ત યાવત્ નોઈન્દ્રિયોપયુક્ત છે. બધાં સમુદ્ઘાતો - વેદના યાવત્ કેવલી સમુદ્ઘાત.*

*સંજ્ઞી પણ છે, નોસંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે. સ્ત્રીવેદવાળા યાવત્ અવેદી પણ છે. પાંચે પર્યાપ્તિ, ત્રણે દૃષ્ટિ, ચાર દર્શનો, જ્ઞાની પણ છે - અજ્ઞાની પણ છે. જે જ્ઞાની, તેમાં કોઈક બે જ્ઞાની, કોઈક ત્રણ જ્ઞાની, કોઈક ચાર જ્ઞાની, કોઈક એક જ્ઞાની છે તેમાં જે બે જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની છે. જે ત્રણજ્ઞાનવાળા છે તે આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની છે અથવા આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની છે. જે ચાર જ્ઞાની છે તે - આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાની છે જે એક જ્ઞાની છે તે નિયમા કેવળજ્ઞાની છે. એ પ્રમાણે અજ્ઞાની, પણ જાણવા. બે અજ્ઞાની કે ત્રણ અજ્ઞાની છે.*



*મનોયોગી પણ, વચન અને કાયયોગી પણ, અયોગી પણ છે. ઉપયોગ બે ભેદે છે. આહાર છ દિશાથી છે. ઉપપાત - અધઃસપ્તમીને વર્જીને બાકીના નૈરયિકમાંથી આવે. અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બાકીના તિર્યંચોમાંથી, અકર્મભૂમિજ-અંતર્દ્વિપજ - અસંખ્યાત વર્ષાયુ સિવાયના મનુષ્યોમાંથી, બધાં દેવોમાંથી આવીને ઉપજે. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, બંને રીતે મરે છે. ઉદ્વર્તીને નૈરયિકાદિમાં યાવત્ અનુત્તરોપપાતિકોમાં ઉપજે, કોઈક સિદ્ધ થાય યાવત્ દુઃખોનો અંત કરે છે.*

*ભગવન્ ! તે જીવોની કેટલી ગતિ, કેટલી આગતિ છે ? ગૌતમ ! પાંચ ગતિ અને ચાર આગતિ, પરિત્તા સંખ્યાતા કહ્યા છે.*

● વિવેચન-૪૯ :-

તે મનુષ્યો કોણ છે ? આચાર્ય કહે છે — મનુષ્યો બે ભેદે કહ્યા છે — સંમૂર્છિમ મનુષ્યો અને ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો. ચ શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક છે. તેમાં સંમૂર્છિમ મનુષ્ય પ્રતિપાદનાર્થે કહે છે — ભદંત ! સંમૂર્છિમ મનુષ્યો ક્યાં સંમૂર્છે છે ? ગૌતમ ! મનુષ્યક્ષેત્ર અંદર પીસ્તાળીશ લાખ યોજનમાં, અઢીદ્વીપ સમુદ્રમાં, પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિમાં, છપ્પન અંતર્દ્વિપમાં ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યોના જ ઉચ્ચાર, પ્રસ્રવણ, કફ, સિંઘાણ, વમન, પિત્ત, લોહી, વીર્ય, પરિસડન શુક્ર પુદ્ગલમાં, મૃત જીવ કલેવરોમાં, સ્ત્રી-પુરુષના સંયોગોમાં, નગરની ખાળમાં, બધાં અશુચિ સ્થાનોમાં આ સંમૂર્છિમ મનુષ્યો સંમૂર્છે છે. તે અંગુલના અસંખ્યાત ભાગ અવગાહનાથી, અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, બધી પર્યાપ્તિથી અપર્યાપ્ત, અંતર્મુહૂર્ત્ત આયુમાં કાળ કરે છે.

હવે શરીરાદિ દ્વાર પ્રતિપાદનાર્થે કહે છે — ત્રણ શરીરો — ઔદારિક, તૈજસ, કાર્મણ. અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ, સંહનન-સંસ્થાન-કષાય-લેશ્યા દ્વારો, બેઈન્દ્રિય સમાન છે. ઈન્દ્રિય દ્વારમાં પાંચ ઈન્દ્રિયો, સંજ્ઞીદ્વાર - વેદ દ્વાર પણ બેઈન્દ્રિયવત્, પર્યાપ્તિ દ્વારમાં અપર્યાપ્તિઓ પાંચ. દૃષ્ટિ-દર્શન-જ્ઞાન-યોગ-ઉપયોગ દ્વારો, પૃથ્વીકાયિક સમાન, આહાર-બેઈન્દ્રિયવત્. ઉપપાત-નૈરયિક, દેવ, તેઉ, વાયુ-અસંખ્યાતવર્ષાયુ વર્જીને આવે.

સ્થિતિ-જઘન્ય અને ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. વિશેષ આ - જઘન્ય પદથી ઉત્કૃષ્ટને અધિક જાણવું. મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને પણ મરે, અસમવહત થઈને પણ. ઉદ્વર્તીને નૈરયિક, દેવ, અસંખ્યાતવર્ષાયુ વર્જીને બાકીના સ્થાનોમાં ઉપજે. તેથી જ બે ગતિક - બે આગતિક છે, તિર્યંચ - મનુષ્ય ગતિની અપેક્ષાએ છે પરીત્ત-પ્રત્યેક શરીરી, અસંખ્યાતા કહ્યા છે.

સંમૂર્છિમ મનુષ્યો કહ્યા. હવે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય—

તે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો કોણ છે ? આચાર્ય કહે છે — ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો ત્રણ ભેદે કહ્યા છે — કર્મભૂમજ, અકર્મભૂમજ, અંતર્દ્વિપજ. તેમાં કર્મ - કૃષિ, વાણિજ્યાદિ અથવા મોક્ષાનુષ્ઠાન. કર્મપ્રધાન ભૂમિ જેમાં છે તે કર્મભૂમકા. એ રીતે અકર્મ-યથોક્ત કર્મરહિત ભૂમિ જેમાં છે તે અકર્મભૂમકા. અંતર શબ્દ - 'મધ્ય'નો વાચક છે. અંતર - લવણસમુદ્રની મધ્યે દ્વીપો તે અંતર્દ્વિપગા. ઉક્ત પ્રકારથી મનુષ્ય ભેદો કહેવા, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યા છે.

તે સંક્ષેપથી પર્યાપ્તા-અપર્યાપ્તા છે, પાઠસિદ્ધ છે. શરીરાદિ દ્વાર વિચારણામાં — શરીર દ્વારમાં પાંચ શરીરો — ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. મનુષ્યોમાં બધાં સંભવે છે અવગાહના દ્વારમાં - જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ. સંહનન દ્વારમાં છ એ સંસ્થાન. સંસ્થાન દ્વારમાં છ એ સંસ્થાનો છે. કષાય દ્વારમાં ક્રોધ કષાયી - માન કષાયી - માયા કષાયી - લોભકષાયી અને અકષાયી પણ છે. કેમકે વીતરાગ મનુષ્યોનું અકષાયીપણું છે. સંજ્ઞા દ્વારમાં - આહાર સંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુન સંજ્ઞા, લોભ સંજ્ઞા ચારેથી યુક્ત, નોસંજ્ઞોપયુક્તા છે. નિશ્ચયથી વીતરાગમનુષ્યો, વ્યવહારથી બધાં ચારિત્રિને લોકોત્તર ચિત્ત લાભથી તેમને દશે સંજ્ઞાઓથી રહિતપણું હોય છે.

કહ્યું છે — "સર્વે નિર્વાણ સાધક લોકોત્તરાશ્રય જાણવા, બધી સંજ્ઞા લોકાશ્રયી છે, ભવરૂપ અંકુર માટે જળ સમાન છે."

લેશ્યાદ્વારમાં — કૃષ્ણ, નીલ, કાપોત, તેઉ, પદ્મ, શુક્લ એ છ લેશ્યા અને અલેશ્ય. તેમાં અલેશ્યા પરમશુક્લધ્યાયી અયોગી કેવળીને હોય. ઈન્દ્રિયદ્વારમાં - શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય યુક્ત તથા નોઈન્દ્રિય ઉપયુક્ત. તેમાં નોઈન્દ્રિયોપયુક્ત તે કેવલી.

સમુદ્‌ઘાત દ્વારમાં સાતે સમુદ્‌ઘાતો છે. મનુષ્યોમાં બધાંનો સંભવ છે. સમુદ્‌ઘાત સંગ્રાહિકા આ ગાથા — વેદન, કષાય, મારણાંતિક, વૈક્રિય, આહાર, કેવલિ-સમુદ્‌ઘાત કહેવા. સંજ્ઞી દ્વારમાં - સંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી, તેમાં નોસંજ્ઞીનો અસંજ્ઞી તે કેવલી. વેદદ્વારમાં સ્ત્રીવેદી પણ છે, પુરુષવેદી-નપુંસકવેદી, અવેદી પણ છે.

પર્યાપ્તિ દ્વારમાં પાંચ પર્યાપ્તિઓ અને પાંચ અપર્યાપ્તિઓ છે. ભાષા અને મન પર્યાપ્તિની એકત્વ વિવક્ષાથી પાંચ કહી. દૃષ્ટિ દ્વારમાં ત્રણ દૃષ્ટિઓ છે. તે આ - કેટલાંક મિથ્યાદૃષ્ટિઓ, કેટલાંક સમ્યગ્દૃષ્ટિઓ, કેટલાંક સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓ છે. દર્શનદ્વારમાં - ચાર દર્શનો છે, તે આ — ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન, કેવલદર્શન. જ્ઞાનદ્વારમાં - જ્ઞાની અને અજ્ઞાની છે. તેમાં મિથ્યાદૃષ્ટિને અજ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિવાળા તે જ્ઞાની છે. જ્ઞાની તે પાંચ-મતિ જ્ઞાનાદિ છે. અજ્ઞાની તે ત્રણ-મતિ અજ્ઞાનાદિ છે. તેની ભજના કહેવી.

તે ભજના આ પ્રમાણે છે - કેટલાંક બે જ્ઞાની, કેટલાંક ત્રણ જ્ઞાની, કેટલાંક ચાર જ્ઞાની, કેટલાંક એક જ્ઞાની છે. તેમાં જે બે જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક



જ્ઞાની અને શ્રુતજ્ઞાની છે. જે ત્રણ જ્ઞાનવાળા છે, તે મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની છે અથવા આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની છે કેમકે અવધિજ્ઞાન વિના પણ મનઃપર્યવજ્ઞાન સંભવે છે. સિદ્ધ પ્રાભૃત આદિમાં તથા અનેક ભેદે અભિધાનથી છે. જે ચાર જ્ઞાનવાળા છે તે - આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની છે. જે એકજ્ઞાની છે તે કેવળજ્ઞાની છે. કેવલજ્ઞાનના સદ્‌ભાવે બાકીના જ્ઞાનો ચાલ્યા જાય છે. "છદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થતાં" એ વચનથી.

(શંકા) કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં શેષ જ્ઞાનો કેમ ચાલ્યા જાય છે ? જેટલા જે બાકીના મત્યાદિ જ્ઞાનો પોત-પોતાના આવરણના ક્ષયોપશમથી જન્મે છે, તેનાથી નિર્મૂળ સ્વ-સ્વ આવરણ વિલય થતાં, તે ચારિત્ર પરિણામવત્ શોભન થાય. કહ્યું છે — આવરણોના દેશથી વિગમ વડે મતિ-શ્રુતાદિ થાય છે. આવરણના સર્વ વિગમમાં તે જીવને તે કેમ ન હોય ? કહે છે — જેમ જાત્ય મરકત, મણી આદિ જ્યાં સુધી બધો મળ ચાલ્યો ન જાય, ત્યાં સુધી જે - જે દેશથી મલવિલય થાય તે-તે દેશથી અભિવ્યક્તિ થાય છે. તે ક્વચિત્-કદાચિત્-કથંચિત્ અનેક પ્રકારે થાય છે. તે રીતે આત્મા પણ સર્વકાળ - x - જેટલા મળથી વિલય પામે - x - તેટલો શુદ્ધ થાય, દેશથી કર્મમલોચ્છેદ થતાં તેટલું જ્ઞાન ઉપજે. તે અનેક પ્રકારે થાય - x -

આ અનેક પ્રકારતા મતિ-શ્રુતાદિ ભેદથી જાણવી. જેમ મરકત-મણિ આદિનો સ્રવ મલ ચાલ્યો જાય, ત્યારે સમસ્ત દેશ સ્પષ્ટ થઈ જાય - x - તેમ આત્મા પણ જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રભાવથી સર્વ આવરણ વિચ્છેદ થતાં અતિ પરિસ્ફૂટ સર્વ વસ્તુ પર્યાય પ્રપંચ સાક્ષાત્કારી જ્ઞાન ઉપજે છે. - x - x -

જે અજ્ઞાની છે, તે બે અજ્ઞાની કે ત્રણ અજ્ઞાની છે. તેમાં જે બે અજ્ઞાની છે, તે મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે તે મતિઅજ્ઞાની, શ્રુતાજ્ઞાની, વિભંગજ્ઞાની છે.

યોગદ્વારમાં મનોયોગી, વાગ્યોગી, કાયયોગી, અયોગી છે. તેમાં અયોગીપણું શૈલેશી અવસ્થા પ્રતિપન્નને હોય છે. ઉપયોગ દ્વાર અને આહાર દ્વાર બેઈન્દ્રિયવત્ છે. ઉપપાત - અધઃસપ્તમી નારકાદિ વર્જીને કહ્યો. કહ્યું છે કે — સાતમી નારક પૃથ્વીમાં તેજસ્કાયિક, વાયુકાયિક અનંતર ઉદ્વર્તીને માનુષ્યને પામતા નથી. - x -

સ્થિતિદ્વારમાં - જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની સ્થિતિ છે. સમુદ્‌ઘાતને આશ્રીને મરણવિચારણા કરતા સમવહત થઈને પણ મરે, અસમવહત પણ મરે.

ચ્યવનદ્વારમાં - અનંતર ઉદ્વર્તીને બધાં નૈરયિકોમાં, બધાં તિર્યંચયોનિકોમાં, બધાં મનુષ્યોમાં, બધાં દેવોમાં અનુત્તરોપપાતિક સુધી જાય છે. કેટલાંક સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત અને સર્વે દુઃખોના અંતકર થાય છે તેમ કહેવું. તેમાં અણીમાદિ ઐશ્વર્ય પ્રાપ્તિથી તથાવિધ મનુષ્યકૃત્ય અપેક્ષાએ નિષ્ઠિતાર્થ થાય, અહીં અસર્વજ્ઞ પણ કોઈ સિદ્ધ છે તેમ કહે, તેથી આવા પ્રત્યયને ટાળવા કહ્યું — 'બુધ્યતે' નિરાવરણત્વથી

કેવલ અવબોધ વડે સમસ્ત વસ્તુજાત. એ રીતે અસિદ્ધ પણ ભવસ્થ કેવલી એ પ્રમાણે વર્તે છે. તેમ ન થાય, એમ પ્રતીતિ માટે કહે છે — मुच्यन्ते - પુન્યાપુન્યરૂપથી કૃચ્છ્ર કર્મથી. આ પણ અપરિનિર્વૃત્તા જ બીજા વડે ઈચ્છાય છે — "મુક્તિ પદ પ્રાપ્ત થવા છતાં પણ તીર્થનિકાર દર્શનથી અહીં આવે છે." આ વચનથી કહ્યું. તેથી મંદમતિની બુદ્ધિ ભ્રમિત ન થાય માટે કહે છે — परिनिर्वान्ति - બધાં કર્મો અગ્નિમાં બળી ગયા જેવા થાય છે. તેથી શું કહે છે ? સર્વે શારીરિક, માનસિક દુઃખોનો વિનાશ કરે છે.

ઉક્ત કારણે જ ગતિ-આગતિ દ્વારમાં ચાર આગતિ અને પાંચ ગતિ થાય કેમકે સિદ્ધ ગતિમાં ગમન થાય છે. પરીત્ત-પ્રત્યેક શરીરી, સંખ્યેય-સંખ્યેયકોટી પ્રમાણત્વથી કહ્યું.

હવે દેવોને કહે છે —

● **સૂત્ર-૫૦ :-**

***તે દેવો શું છે ? દેવો ચાર ભેદે કહ્યા છે, તે આ રીતે — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.***

***તે ભવનવાસી શું છે ? તેઓ દશ ભેદે કહ્યા છે. તે આ પ્રમાણે — અસુરકુમારો યાવત્ સ્તનિતકુમાર. તે ભવનવાસી કહ્યા.***

***તે વ્યંતરો શું છે ? સર્વે દેવ ભેદો કહેવા. યાવત્ તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે. તે આ — પર્યાપ્તા અને અપર્યાપ્તા.***

***ત્રણ શરીરો — વૈક્રિય, તૈજસ, કાર્મણ. અવગાહના બે ભેદે છે — ભવધારણીય અને ઉત્તર વૈક્રિયિક. તેમાં જે તે ભવધારણીય તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી સાત હાથ. ઉત્તર વૈક્રિયિક શરીર જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી એક લાખ યોજન. શરીરો-છ સંઘયણમાંના કોઈપણ સંઘયણ રહિત એવા અસંઘયણી છે, કેમકે તેમને હાડકા, શિરા, સ્નાયુ ન હોવાથી સંઘયણ પણ નથી. જે ઈષ્ટ, કાંત યાવત્ પુદ્ગલો છે, તે પુદ્ગલો જ સંઘાયતપણે પરિણમે છે.***

***ક્યાં સંસ્થાને સંસ્થિત છે ? ગૌતમ ! બે ભેદે છે — તે આ પ્રમાણે — ભવધારણીય અને ઉત્તરવૈક્રિયિક. તેમાં જે ભવધારણીય છે, તે સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત છે, તેમાં જે ઉત્તર વૈક્રિય છે, તે વિવિધ સંસ્થાને સંસ્થિત કહેલ છે.***

***ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, પાંચ સમુદ્ઘાતો, સંજ્ઞી પણ - અસંજ્ઞી પણ, સ્ત્રીવેદી પણ છે અને પુરુષવેદી પણ છે, નપુંસકવેદી નથી. પર્યાપ્તિ-અપર્યાપ્તિઓ પાંચ, ત્રણ દૃષ્ટિ, ત્રણ દર્શન, જ્ઞાની પણ છે - અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની છે, અજ્ઞાની ભજનાએ છે.***

***બે ઉપયોગ, ત્રણ યોગ, આહાર નિયમા છ દિશાથી ગ્રહણ કરે છે. અવસન્ન કારણને આશ્રીને વર્ણથી પીળો અને શ્વેત યાવત્ આહાર આહારે છે. ઉપપાત-તિર્યંચ, મનુષ્યોમાં છે. સ્થિતિ-જઘન્યથી દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-***



***સાગરોપમ.***

***બંને રીતે મરે છે. ઉદ્વર્તીને નૈરયિકમાં જતા નથી. યથા સંભવ તિર્યંચ અને મનુષ્યોમાં જાય છે, દેવોમાં જતા નથી. બે ગતિક, બે આગતિક છે. પરિત્તા અસંખ્યાતા કહ્યા છે.***

***તે દેવો કહ્યા, તે પંચેન્દ્રિય કહ્યા. ઉદાર-ત્રસ-પ્રાણ કહ્યા.***

● **વિવેચન-૫૦ :-**

તે દેવો કોણ છે ? આચાર્ય કહે છે — દેવો ચાર ભેદે કહ્યા છે. તે આ રીતે — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. ઉક્ત પ્રકારથી ભેદો કહેવા, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યા છે તેમ કહેવા, તે આ રીતે — તે ભવનવાસી કોણ છે ? ભવનવાસી દશ ભેદો કહ્યા છે. ઈત્યાદિરૂપ, તે વ્યાખ્યાન સહિત કહેવા.

તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તા, અપર્યાપ્તા. આમનું અપર્યાપ્તત્વ ઉત્પત્તિકાળે જ કહેવું. અપર્યાપ્તિ નામ કર્મોદય થકી નહીં. કહ્યું છે કે — નારક, દેવો, અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ અને મનુષ્યો., આ બધાં ઉપપાતકાળે જ અપર્યાપ્તા જાણવા.

શરીરાદિ દ્વાર વિચારણામાં શરીર દ્વારે ત્રણ શરીરો છે — વૈક્રિય, તૈજસ અને કાર્મણ. અવગાહના - ભવધારણીય જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ માત્ર છે, ઉત્કર્ષથી સાત હાથ પ્રમાણ છે. ઉત્તર વૈક્રિયની જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ, ઉત્કર્ષથી એક લાખ યોજન પ્રમાણ છે.

સંહનન દ્વારમાં - છ સંહનનોમાંથી કોઈ પણ સંહનન ન હોવાથી અસંહનની છે. કઈ રીતે ? તે કહે છે — તે દેવોના શરીરમાં કોઈ હાડકાં નથી, શિરા પણ નથી, સ્નાયૂઓ પણ નથી. સંહનન એ અસ્થિ નિચયાત્મક છે, તેથી અસ્થિ આદિના અભાવથી સંહનનો અભાવ છે. પરંતુ જે પુદ્ગલો ઈષ્ટ-મનમાં ઈચ્છાને પ્રાપ્ત, તેમાં કિંચિત્ અકાંત હોવા છતાં પણ કેટલાંકને ઈષ્ટ હોય છે. તેથી કહે છે —

कांत - કમનીય, શુભવર્ણયુક્ત હોવાથી યાવત્ કરણથી પ્રિય-મનોજ્ઞ-મણામ જાણવા. તેમાં જે કારણથી જ કાંત છે, તેથી જ પ્રિય - સદૈવ પોતામાં પ્રિય બુદ્ધિને ઉત્પન્ન કરે છે. તથા શુભ - શુભ રસ, ગંધ, સ્પર્શાત્મકપણાથી. મનોજ્ઞ-વિપાકમાં પણ સુખજનકતાથી મનને પ્રહલાદ હેતુપણે છે મણામ - સદૈવ ભોજયપણે જીવોના મનમાં પમાય છે. આવા પ્રકારના પુદ્ગલો તેમને શરીર સંઘાતને માટે પરિણમે છે.

સંસ્થાન દ્વારમાં ભવધારણીય શરીર બધાંને જ સમચતુરસ્ર સંસ્થાનપણે છે. ઉત્તરવૈક્રિય વિવિધ સંસ્થાન સંસ્થિત છે. તેના ઈચ્છાનુસાર પ્રાદુર્ભાવ થાય છે.

કષાય ચાર છે. સંજ્ઞા ચાર છે. લેશ્યા છ છે. ઈન્દ્રિયો પાંચ છે. સમુદ્ઘાતો પાંચ છે — તે વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાતના સંભવથી કહ્યા.

સંજ્ઞીદ્વારમાં સંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે. તેને નૈરયિકવત્ કહેવા. વેદદ્વારમાં સ્ત્રીવેદવાળા પણ છે, પુરુષવેદવાળા પણ છે, નપુંસકવેદવાળા નથી. પર્યાપ્તિ-દૃષ્ટિ-દર્શન નૈરયિકવત્ જાણવા.

જ્ઞાનદ્વારમાં - જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. - x - તેમાં જે જ્ઞાની છે, તે નિયમથી ત્રણ જ્ઞાનવાળા છે. તે આ રીતે – આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની. તેમા ંજે અજ્ઞાની છે, તેમાં કેટલાંક બે અજ્ઞાની છે, કેટલાંક ત્રણ અજ્ઞાની છે. તેમાં જે બે અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની, વિભંગજ્ઞાની છે. આ બે કે ત્રણ અજ્ઞાનીનો વિકલ્પ અસંજ્ઞી મધ્યેથી જે ઉત્પન્ન થાય છે, તેના પ્રતિ કહેવું. તે નૈરયિકવત્ કહેવું.

ઉપયોગ - આહાર દ્વારો નૈરયિકવત્ કહેવા. ઉપપાત-સંજ્ઞી-અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ-ગર્ભજ મનુષ્યોથી છે.

સ્થિતિ-જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમ છે. સમુદ્ઘાતને આશ્રીને મરણ વિચારણામાં સમવહત થઈને પણ મરે છે, અસમવહત થઈને પણ મરે છે.

ચ્યવનદ્વારમાં અનંતર ઉદ્વર્તીને પૃથ્વી, અપ્, વનસ્પતિ કાયિક ગર્ભ વ્યુત્ક્રાંતિક સંખ્યાત વર્ષાયુષ્ તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્યોમાં જાય છે, બાકીના જીવ સ્થાનોમાં નહીં. તેથી ગતિ-આગિતદ્વારમાં બે ગતિ-બે આગતિ, તિર્યંચ અને મનુષ્યગતિ અપેક્ષાએ કહેલ છે. પરીત્ત-પ્રત્યેકશરીરી, અસંખ્યાતા કહ્યા છે.

ઉપસંહારાર્થે, તે આ દેવો, તે પંચેન્દ્રિયાદિ કહ્યું.

હવે સ્થાવર અને ત્રસનું ભવસ્થિતિ કાળમાન કહે છે –

**● સૂત્ર-૫૧ :-**

***ભગવન્ ! સ્થાવરની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ સ્થિતિ કહી છે.***

***ભગવન્ ! ત્રસની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ સ્થિતિ કહી છે.***

***ભગવન્ ! સ્થાવર,સ્થાવરત્વમાં કાળથી ક્યાં સુધી રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંતલોક - અસંખ્યાત પુદ્ગલ પરિવર્ત. તે પુદ્ગલ પરાવર્ત્ત આવલિકાથી અસંખ્યાત ભાગ.***

***ભગવન્ ! ત્રસ, ત્રસત્વથી કાળથી કેટલો કાળ હોય ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ-અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક.***

***ભગવન્ ! સ્થાવરનું કેટલા કાળનું અંતર હોય છે ? ત્રસની સંચિટ્ઠણા મુજબ કહેવું. ભગવન્ ! ત્રસને કેટલા કાળનું અંતર હોય છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.***

***ભગવન્ ! આ ત્રસ અને સ્થાવરમાં કોણ, કોનાથી અલ્પ-બહુ, તુલ્ય-વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં ત્રસ છે, સ્થાવરો અનંતગણા છે. તે આ દ્વિવિધા સંસાર સમાપન્ના જીવો કહ્યા.***



**● વિવેચન-૫૧ :-**

જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ, આ પૃથ્વીકાયને આશ્રીને જાણવું. બીજા સ્થાવર કાયને ઉત્કૃષ્ટથી આટલી ભવસ્થિતિનો અભાવ છે. ત્રસકાયની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમ, આ દેવ-નારક અપેક્ષાએ જાણવું. બીજા ત્રસકાયને ઉત્કૃષ્ટથી આટલી ભવસ્થિતિનો અભાવ છે.

હવે આ બંનેની કાયસ્થિતિ કાળમાનને કહે છે – સ્થાવર, આ રૂપે સ્થાવરત્વ એવો ભાવ છે. કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્તકાળ, ઉત્કૃષ્ટથી અનંતકાળ. તે જ અનતંકાળ. કાળ અને ક્ષેત્ર વડે નિરૂપે છે - અનંતી ઉત્સર્પિણી - અવસર્પિણી, કાળથી. ક્ષેત્રથી અનંત લોક. શું કહે છે ? અનંતલોકમાં જેટલો આકાશ પ્રદેશો છે, તેમાં પ્રતિ સમય એક-એકના અપહારથી જેટલી અનંતી અવસર્પિણી-ઉત્સર્પિણી થાય છે. આનું જ પુદ્ગલપરાવર્ત માન કહે છે–અસંખ્ય પુદ્ગલ પરાવર્ત. અસંખ્ય પુદ્ગલ પરાવર્ત્તોમાં ક્ષેત્રથી એટલે પદ સાંનિધ્યથી ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત્તોમાં જેટલા સંભવે છે. તે અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી સમજવું.

આ અસંખ્યેય અસંખ્યેય ભેદાત્મક છે, તેથી પુદ્ગલપરાવર્ત્ત અસંખ્યેયત્વ નિધરિ છે. પુદ્ગલ પરાવર્ત આવલિકાનો અસંખ્યાત ભાગ. આવલિકાના અસંખ્યાતમે ભાગે જેટલા સમયો છે તેટલું પ્રમાણ સમજવું. આ વનસ્પતિકાય સ્થિતિને આશ્રીને જાણવું. પણ પૃથ્વી-અપ્કાય સ્થિતિની અપેક્ષાએ નહીં. તે બંનેની કાયસ્થિતિ ઉત્કર્ષથી અસંખ્યેય ઉત્સર્પિણી પ્રમાણત્વથી છે. તેથી પ્રજ્ઞાપનામાં કહ્યું છે –

પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ, અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાતલોક, એ રીતે અપ્કાયિક પણ જાણવા. જે વનસ્પતિકાયની સ્થિતિ છે, તે યથોક્ત પ્રમાણ ત્યાં કહેલ છે – ભગવન્ ! વનસ્પતિકાયિક, વનસ્પતિકાયિકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ - અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંત લોક અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત્ત આવલિકાનો અસંખ્યાત ભાગ.

આ જ વનસ્પતિ સ્થિતિકાળ સાંવ્યવહારિક જીવોને આશ્રીને કહ્યો છે, અસાંવ્યવહારિક જીવોને તો કાયસ્થિતિ અનાદિ જાણવી. તથા ‘‘વિશેષવતી’’માં કહ્યું છે – અનંતા જીવો છે, જેના વડે ત્રસાદિ પરિણામ પ્રાપ્ત થતાં નથી, તેઓ અનંતાનંત નિગોદવાસમાં વસે છે. તે પણ તે અસાંવ્યવહારિક જીવોની અનાદિ કાયસ્થિતિ કેટલાંકને અનંતકાળ હોય છે, જેઓ કદી અસાંવ્યવહારિક રાશિમાંથી ઉદ્વર્તીને સાંવ્યવહારિક રાશિમાં પડશે નહીં. કેટલાંકને અનાદિ સાંત હોય છે, જે અસાંવ્યવહારિક રાશિમાંથી ઉદ્વર્તીને સાંવ્યવહારિક રાશિ પામે છે.

હવે કઈ રીતે અસાંવ્યવહારિક રાશિથી નીકળીને સાંવ્યવહારિક રાશિમાં આવે છે ? જેથી એવી પ્રરૂપણા કરાય છે, કહેવાય છે, આવે છે ? કઈ રીતે માનવું ? તેથી કહે છે – પૂર્વાચાર્યના ઉપદેશથી તથા કહે છે – ‘‘દુષમઅંધકાર નિમગ્નજન પ્રવચન

પ્રદીપ'' ભગવન્ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ''વિશેષણવતી''માં કહે છે. આ સંવ્યવહાર રાશિ મધ્યેથી જેટલા સિદ્ધ થાય છે, તેટલા તેમાં અનાદિ વનસ્પતિ રાશિથી આવે છે.

હવે ત્રસકાયની કાયસ્થિતિ કહે છે — ત્રસ એ પર્યાયથી કાળ વડે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ. આને જ અસંખ્યેય કાળ અને ક્ષેત્ર વડે નિરૂપે છે. અસંખ્યેય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યેય લોક - અસંખ્યેય લોકમાં જેટલા આકાશ પ્રદેશો છે, તેમાં પ્રતિ સમય એક-એકને બહાર કાઢતા જેટલી અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી થાય છે, તેટલો કાળ. આ આટલી કાયસ્થિતિ ગતિ ત્રસ તેજસ્કાયિક અને વાયુકાયિકને આશ્રીને જાણવી, લબ્ધિ ત્રસને આશ્રીને નહીં. લબ્ધિત્રસની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી કેટલાંક વર્ષ અધિક બે હજાર સાગરોપમ પ્રમાણ છે.

પ્રજ્ઞાપનામાં કહ્યું છે — ભગવન્ ! ત્રસકાય, ત્રસકાયત્વ થકી કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બે હજાર સાગરોપમ સંખ્યાત વર્ષ અભ્યધિક. ભગવન્ ! તેઉકાયિક કાળથી કેટલો કાળ તેઉકાયિકપણે હોય છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ, અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક. એ પ્રમાણે વાયુકાયિકને પણ કહેવા. - - - હવે સ્થાવરત્વનું અંતર કહે છે —

ભગવન્ ! સ્થાવરનું અંતર૦ ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ — અસંખ્યેય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક. એટલા પ્રમાણ અંતર તેજસ્કાયિક, વાયુકાયિક મધ્યે ગમનમાં જાણવું. અન્યત્ર ગતિમાં આટલા પ્રમાણનું અંતર ન સંભવે. - ત્રસનું અંતર પણ સુગમ છે. પણ તે ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ કહેવું. તે આ રીતે —

ઉત્કૃષ્ટથી અનંતાનંત ઉત્સર્પિણી - અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંતલોક, અસંખ્યાત પુદ્‌ગલપરાવર્ત્ત, તે પુદ્‌ગલ પરાવર્ત્ત આવલિકાનો અસંખ્યાત ભાગ છે. આટલું અંતર વનસ્પતિકાય મધ્યમાં ગયેલથી જાણવું. અન્યત્ર ગતિમાં આટલું અંતર પ્રાપ્ત થતું નથી. - - - હવે અલ્પબહુત્વ કહે છે — ભગવન્ ! આ ત્રસ-સ્થાવર જીવો મધ્યે કોણ કોનાથી અલ્પ-બહુ તુલ્ય-વિશેષાધિક છે ? સૂત્રાર્થ મુજબ જાણવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

# 卐 ભાગ-૧૭મો પૂર્ણ 卐

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧૮

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# જીવાભિગમ-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૧૮ માં છે...

૦ "જીવાભિગમ"-ઉપાંગસૂત્ર-૩ની...

— પ્રતિપત્તિ-૨- સંપૂર્ણ

— પ્રતિપત્તિ-૩-માં...

(૧) નૈરયિકાદિ અધિકાર પૂર્ણ

(૨) દ્વીપસમુદ્ર વક્તવ્યતામાં

— વિજયદેવ અધિકાર સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-3 નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૮ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. આ. દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી મંગળ પારેખનો ખાંચો, જૈન સંઘ**

**શાહપુર, અમદાવાદ.**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ ''આગમદીપ'' સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં “કથાનુયોગ” નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ “આગમ કથાનુયોગ” કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપધ, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૧૮ :-

૦ આ ભાગમાં આગમ-૧૪-જીવાજીવાભિગમ સૂત્ર, જે ત્રીજુ ઉપાંગ સૂત્ર છે, તે ચાલુ જ છે. આ આગમનું નામ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં જીવાજીવાભિગમ છે. તે વ્યવહારમાં 'જીવાભિગમ' એવા નામે પ્રસિદ્ધ છે, સાક્ષી પાઠોમાં પણ જ્યાં-જ્યાં આ સૂત્રની સાક્ષી અપાય છે, ત્યાં-ત્યાં જાવ જીવાભિગમે એ રીતે જ જણાવેલ છે, પણ ક્યાંય જાવ જીવાજીવાભિગમે એવું સાક્ષી પાઠમાં લખેલ જોવા મળતું નથી.

આ જીવાજીવાભિગમ સૂત્ર અમે ત્રણ ભાગમાં વિભાજીત કરેલ છે. જેમાં પહેલી દ્વિવિધા નામે પ્રતિપત્તિ, ભાગ-૧૭માં મૂકેલ છે. પ્રતિપત્તિ-૨-''ત્રિવિધા'' અને પ્રતિપત્તિ-૩- ચતુર્વિધા -ના સૂત્ર-૧૮૪ સુધી અમે આ જ ભાગ-૧૮-માં નોંધેલ છે. પ્રતિપત્તિ-૩-ના સૂત્ર-૧૮૫થી પ્રતિપત્તિ-૯ અને સવ્વજીવાપડિવત્તિ સુધી શેષ આખું ઉપાંગસૂત્ર, હવે પછીના ભાગ-૧૯માં નોંધેલ છે.

જીવાજીવાભિગમ સૂત્ર મુખ્યત્વે દ્રવ્યાનુયોગ પ્રધાન છે. તેમાં અધ્યયન સ્વરૂપ નવ પ્રતિપત્તિ અને અંતે સર્વજીવ પ્રતિપત્તિ છે. જેમાં કોઈકમાં ઉદ્દેશા પણ છે. સવ્વજીવમાં નવ પેટા પ્રતિપત્તિઓ છે. આ ઉપાંગસૂત્રના મૂળ સૂત્રોના સંપૂર્ણ અનુવાદ સાથે અમે ''મલયગિરિ'' કૃત્ ટીકાનો અનુવાદ અહીં લીધેલો છે. આ ઉપાંગની ચૂર્ણિનો પણ ઉલ્લેખ જોવા મળેલ છે, પણ તે મુદ્રિત થયાનું અમારી જાણમાં નથી. તદુપરાંત જીવાજીવાભિગમ-લઘુવૃત્તિનો પણ ઉલ્લેખ મળે છે.

આ આગમ પછીના ઉપાંગ-૪-પ્રજ્ઞાપના સાથે ઘણું સંકડાયેલ છે, અનેક સ્થાને મૂળમાં તથા મલયગિરિકૃત્ વૃત્તિમાં પ્રજ્ઞાપના સૂત્રની સાક્ષી જોવા મળે છે. બંને ઉપાંગ સૂત્રોને સંકલિત સ્વરૂપે પઠન-પાઠન કરતાં પદાર્થનું વિસ્તૃત સ્વરૂપ જાણી શકાય છે. અનુક્રમે ઠાણ અને સમવાય ના ઉપાંગરૂપ આ બંને ઉપાંગો છે.





# ૧૪-જીવાભિગમ-ઉપાંગસૂત્ર-૩/૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

એ પ્રમાણે 'દ્વિવિધા' પ્રતિપત્તિ કહી હવે 'ત્રિવિધા' કહે છે –

## પ્રતિપત્તિ-૨-''ત્રિવિધા''

-- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૫૨,૫૩ :-**

*[૫૨] તેમાં જે એવું કહે છે કે સંસાર સમાપન્નક જીવો ત્રણ ભેદે છે, તેઓ એમ કહે છે કે તે – સ્ત્રી, પુરુષ, નપુંસક છે.*

*[૫૩] તે સ્ત્રીઓ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – તિર્યંચયોનિકી, માનુષી સ્ત્રી, દેવસ્ત્રી... તે તિર્યંચયોનિક સ્ત્રી કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – જલચરી, સ્થલચરી, ખેચરી... તે જલચરી કેટલી છે ? પાંચ ભેદે છે – માછલી યાવત્ સુંસુમારી... તે સ્થલચરી કેટલી છે ? બે ભેદે – ચતુષ્પદી અને પરીસર્પી... તે ચતુષ્પદી કેટલી છે ? ચાર ભેદે – એકખુરી યાવત્ સનખપદી... તે પરીસર્પી કેટલી છે ? બે ભેદે – ઉરઃપરિસર્પી અને ભુજગપરિસર્પી... તે ઉરઃપરિસર્પી કેટલી છે ? ત્રણ ભેદે – અહી, અજગરી, મહોરગી. તે ભુજગપરિસર્પી કેટલા છે ? અનેક ભેદે છે – સેરડી, સેરંધી, ગોધી, નકુલી, સેધા, સણ્ણા, સરડી, સેરંધી, ભાવા, ખારા, પવણ્ણાઇયા, ચતુષ્પદિકા, મૂસિકા, મુગુસિ, ઘરોલિકા, ગોલ્હિકા, યોધિકા, વીરચિરાલિકા.*

*તે ખેચરી કેટલી છે ? ચાર ભેદે – ચર્મપક્ષિણી યાવત્ તે આ ખેચરી કહી. તે તિર્યંચયોનિકી કહી.*

*તે માનુષી સ્ત્રી કેટલી છે ? ત્રણ ભેદે – કર્મભૂમિજા, અકર્મભૂમિજા, અંતર્દ્વિપિકા... તે અંતર્દ્વિપિકા કેટલી છે ? અઠ્ઠાવીસ ભેદે છે – એકોરૂપદ્વિપજા, આભાષિકા યાવત્ શુદ્ધદંતદ્વિપજા. તે અંતર્દ્વિપિજા કહી.*

*તે અકર્મભૂમિજા કેટલી છે ? ત્રીસ ભેદે છે – પાંચ હૈમવત, પાંચ ઐરણ્યવત, પાંચ હરિવંશ, પાંચ રમ્યગ્વાસ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ. એ ત્રીશમાં ઉત્પન્ન થયેલી. તે અકર્મભૂમિજા કહી.*

*તે કર્મભૂમિજા કેટલી છે ? પંદર ભેદે – પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહમાં ઉત્પન્ન. તે કર્મભૂમિજા કહી, તે માનુષી સ્ત્રી કહી.*

*તે દેવસ્ત્રીઓ શું છે ? ચાર ભેદે – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકની દેવી સ્ત્રીઓ... તે ભવનવાસી દેવ સ્ત્રી કેટલી છે ? દશ ભેદે છે –*

*અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર ભવનવાસી દેવી-સ્ત્રીઓ છે... તે વ્યંતરદેવી સ્ત્રી કેટલી છે ? આઠ ભેદ છે — પિશાચ વ્યંતર દેવી સ્ત્રીઓ યાવત્ તે વ્યંતરદેવી સ્ત્રીઓ છે... તે જ્યોતિષ્ક દેવી સ્ત્રી કેટલી છે ? પાંચ ભેદે — ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા વિમાન જ્યોતિષ્ક દેવી સ્ત્રીઓ... તે વૈમાનિક દેવી સ્ત્રીઓ કેટલી છે ? બે ભેદે-સૌધર્મ અને ઈશાન કલ્પ વૈમાનિક દેવી સ્ત્રીઓ. તે વૈમાનિક સ્ત્રીઓ.*

● વિવેચન-૫૨,૫૩ :-

નવ પ્રતિપત્તિ મધ્યે આચાર્યો એમ કહે છે — સંસારી જીવો ત્રણ ભેદે કહ્યા છે. સ્ત્રી, પુરુષ, નપુંસક. અહીં સ્ત્રી આદિ વેદોદયથી યોન્યાદિ સંગત સ્ત્રી આદિ ગ્રહણ કરે છે. યોનિ, મૃદત્વ, અસ્થૈર્ય, મુગ્ધતા, અબલતા, સ્તન, પુરુષકામના આ સાત ''સ્ત્રી''ના ચિહ્નો છે. લિંગ, ખરપણું, દૃઢતા, શૌંડીર્ય, શ્મશ્રૂ, ધૃષ્ટતા, સ્ત્રી કામના એ સાત પુરુષના ચિહ્નો છે. સ્તનાદિ, શ્મશ્રૂ-કેશાદિ ભાવાભાવયુક્તને બુધોએ નપુંસકો કહ્યા, મોહરૂપ અગ્નિથી દીપ્ત છે - સ્ત્રી વક્તવ્યતા કહે છે — સ્ત્રીઓ ત્રણ ભેદે કહી છે. તિર્યંચ-મનુષ્ય-દેવ સ્ત્રીઓ. ઈત્યાદિ - x - સ્ત્રીની ભવસ્થિતિ :-

● સૂત્ર-૫૪ :-

*ભગવન્ ! સ્ત્રીઓની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! એક અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી નવ પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાત પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પચાશ પલ્યોપમ સ્થિતિ છે.*

● વિવેચન-૫૪ :-

ભદંત ! સ્ત્રીઓની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! આદેશ શબ્દ પ્રકારવાચી છે. એક પ્રકારને આશ્રીને, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, આ તિર્યંચ અને મનુષ્ય સ્ત્રી અપેક્ષાએ છે. અન્યત્ર આટલા જઘન્યનો અસંભવ છે ઉત્કૃષ્ટથી-૫૫-પલ્યોપમ, તે ઈશાનકલ્પની અપરિગૃહીતા દેવી અપેક્ષાએ છે. ઉત્કૃષ્ટથી નવ પલ્યોપમ, ઈશાનકલ્પની પરિગૃહીતા દેવી અપેક્ષાએ છે. ઉત્કૃષ્ટથી સાત પલ્યોપમ, સૌધર્મકલ્પની પરિગૃહીતા દેવી આશ્રીને છે. ઉત્કૃષ્ટથી-૫૦-પલ્યોપમ સૌધર્મકલ્પની અપરિગૃહીતા દેવી આશ્રીને છે.

સ્થિતિ-માન કહ્યું. હવે તિર્યંચ સ્ત્રી આદિ ભેદને આશ્રીને —

● સૂત્ર-૫૫ :-

*ભગવન્ ! તિર્યંચયોનિ-સ્ત્રીઓની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ છે. ભગવન્ ! જલચર તિર્યંચયોનિ-સ્ત્રીની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. ભગવન્ ! ચતુષ્પદ સ્થલચર તિર્યંચ-સ્ત્રીની સ્થિતિ કેટલી છે ? ગૌતમ ! તિર્યંચ સ્ત્રી માફક કહેવું.*



*ભગવન્ ! ઉરગપરિસર્પ સ્થલચર તિર્યંચિણીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. એ રીતે ભુજપરિસર્પ સ્ત્રીની પણ કહેવી. એ રીતે ખેચર તિર્યંચીણીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.*

*ભગવન્ ! મનુષ્ય સ્ત્રીની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! ક્ષેત્ર આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. ભગવન્ ! કર્મભૂમજ મનુષ્યસ્ત્રીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, ચારિત્રધર્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. ભરત-ઐરવત કર્મભૂમગ સ્ત્રીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. ધર્મચરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. પૂર્વ-પશ્ચિમ વિદેહ કર્મભૂમગ-સ્ત્રીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમ અર્થાત્ પલ્યોપમનો અસંખ્યાતભાગ ઊણ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.*

*હેમવત્ - ઐરણ્યવત સ્ત્રી-જન્મને આશ્રીને દેશોન પલ્યોપમ-પલ્યોપમનો અસંખ્યાત ભાગ ઊણ પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન-પૂર્વકોડી. હરિવર્ષ-રમ્યક્ વર્ષ-માનુષી સ્ત્રીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્યથી દેશોન બે પલ્યોપમ-પલ્યોપમનો અસંખ્યાતભાગ ઊણ, ઉત્કૃષ્ટ બે પલ્યોપમ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. દેવકુરુ-ઉત્તરકુરુ અકર્મભૂમગ મનુષ્ય સ્ત્રીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્યથી દેશોન ત્રણ પલ્યોપમ-પલ્યોપમનો અસંખ્યાતભાગ ઊણ. ઉત્કૃષ્ટ-ત્રણ પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.*

*અંતર્દ્વિપક અકર્મભૂમગ મનુષ્યસ્ત્રીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમ-પલ્યોપમનો અસંખ્યાત ભાગ ઉણ-પલ્યોપમનો અસંખ્યાત ભાગ. ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ. સંહરણને આશ્રીને અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.*

*ભગવન્ ! દેવીની કેટલી કાળ-સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ. ભવનવાસીદેવીની ? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સાડા ચાર પલ્યોપમ. એ રીતે અસુરકુમારોની દેવીની પણ છે. નાગકુમાર ભવનવાસી દેવીની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ દેશોનપલ્યોપમ. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી.*

*વ્યંતરદેવીની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ. ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ પલ્યોપમ.*

*ભગવન્ ! જ્યોતિષ્કદેવીની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટથી ૫૦,૦૦૦ વર્ષ અધિક અર્ધપલ્યોપમ. ચંદ્રવિમાન જ્યોતિષ્કદેવીની જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ. ઉત્કૃષ્ટ પણ એટલી જ છે. સૂર્યવિમાનદેવીની જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ અર્ધપલ્યોપમ અને ૫૦૦ વર્ષાધિક. ગ્રહવિમાનની દેવીની જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ અર્ધ પલ્યોપમ. નક્ષત્ર વિમાન દેવીની જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ. ઉત્કૃષ્ટ સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ. તારાવિમાનની દેવીની જઘન્ય અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક અષ્ટભાગ પલ્યોપમ.*

*વૈમાનિકદેવીની જઘન્ય પલ્યોપમ. ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ. ભગવન્ ! સૌધર્મકલ્પવાસી દેવીની સ્થિતિ કેટલી છે ? જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાત પલ્યોપમ. ઈશાનદેવીની સ્થિતિ જઘન્યથી સાતિરેક પલ્યોપમ, ઉત્કૃષ્ટ નવ પલ્યોપમ.*

● **વિવેચન-૫૫ :-**

તિર્યંચ સ્ત્રીની સ્થિતિ - ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, દેવકુરુ આદિમાં ચતુષ્પદ સ્ત્રીને આશ્રીને છે. જલચરીની ઉત્કૃષ્ટથી પૂર્વકોટી, સ્થલચરીની ત્રણ પલ્યોપમ. ખેચરીની પલ્યોપમનો અસંખ્યાત ભાગ... મનુષ્યસ્ત્રીની ક્ષેત્ર આશ્રયી જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેવકુરુ આદિ, ભરતાદિમાં એકાંત સુષમાદિ કાળે ત્રણ પલ્યોપમ. ચારિત્ર ધર્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત. તે ભવસ્થિતિના પરિણામ વશથી પ્રતિપાત અપેક્ષાએ કહેવી. - x - કેટલીક સ્ત્રી તથાવિધ ક્ષય-ઉપશમ ભાવથી સર્વ વિરતિને આશ્રીને તેટલા જ ક્ષયોપશમભાવથી અંતર્મુહૂર્ત્તમાં ફરી અવિરતિ સમ્યગ્દૃષ્ટિત્વ કે મિથ્યાત્વને પામે છે. અથવા ચારિત્ર ધર્મથી અહીં દેશ ચારિત્રને જ સ્વીકારવું. દેશચારિત્રથી જઘન્ય પણ આંતર્મુહૂર્તિકી, તેના ઘણાં ભંગને કારણે કહી. ઉભય ચારિત્ર સંભવ છતાં કેમ દેશચારિત્ર લીધું ? દેશચારિત્રપૂર્વક પ્રાયઃ સર્વચારિત્ર છે, તેવું જણાવવા માટે. વૃદ્ધો કહે છે — સમ્યકત્વ પ્રાપ્ત થતાં પલ્યોપમ પૃથક્ત્વથી શ્રાવક થાય. ચારિત્ર મોહોપશમ ક્ષયમાં સંખ્યાતા સાગરોપમ અંતર થાય છે. - x - પૂર્વનું પરિમાણ — ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ છે.

હવે કર્મભૂમિજાદિ વિશેષ સ્ત્રીની વક્તવ્યતા કહે છે — કર્મભૂમિજા સ્ત્રીની કર્મભૂમિક સામાન્ય લક્ષણ આશ્રીને જઘન્યથી અંતર્ મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. તે ભરત-ઐરવતમાં સુષમસુષમા આરામાં જાણવું. ચારિત્રધર્મને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટી. અહીં વિશેષ વિચારણા કરતા કહે છે — તે સુગમ છે. પણ વિશેષ એ કે ભરત-ઐરવતમાં સુષમસુષમામાં ત્રણ પલ્યોપમ, પૂર્વ વિદેહમાં ક્ષેત્રથી પૂર્વકોટી, તેથી આગળ વધુ આયુ અસંભવ છે.

અકર્મભૂમગ-જન્મને આશ્રીને જઘન્યથી દેશોનપલ્યોપમ, તે અષ્ટભાગાદિ ન્યૂન છતાં દેશોન થાય છે. - x - આ હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રાપેક્ષાથી જાણવું. કેમકે ત્યાં જઘન્યથી સ્થિતિના આટલા પ્રમાણનો સંભવ છે. ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ



કુરુક્ષેત્રોની અપેક્ષાથી છે. સંહરણ-કર્મભૂમિજા સ્ત્રીનું અકર્મભૂમિમાં લઈ જવાવું તે. તેને આશ્રીને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી. - x - x - ત્યાં સંહરાયા પછી કોઈક અંતર્મુહૂર્ત્ત જીવે છે, ફરી પણ સંહરણથી કોઈક પૂર્વકોટી આયુ સુધી જીવે છે, તો પણ ત્યાં અંતર્મુહૂર્ત્તથી પૂર્વકોટી સુધી રહે છે.

ભરત-ઐરવત કર્મભૂમિમાં ત્યાં એકાંત સુષમામાં ત્રણ પલ્યોપમ સ્થિતિ થાય. સંહરણ પણ સંભવે છે. તો પણ દેશોન પૂર્વકોટી કર્મકાળ વિવક્ષાના અભિધાનથી આમ કહ્યું. હૈમવત-હૈરણ્યવત્ અકર્મભૂમિક મનુષ્યસ્ત્રીને જન્મથી જઘન્ય દેશોન પલ્યોપમ અને પલ્યોપમના અસંખ્યભાગે ન્યૂન, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ પલ્યોપમ. સંહરણથી ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. એ રીતે હરિવર્ષ-રમ્યક્ વર્ષમાં છે. વિશેષ આ — ઉત્કૃષ્ટ બે પલ્યોપમ, જઘન્ય તેથી અસંખ્યાત ભાગ ન્યૂન, દેવકુરુ-ઉત્તરકુરુમાં જઘન્યથી પલ્યોપમના અસંખ્યાત ભાગ હીન ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ.

અંતર્દ્વીપમાં જન્મથી જઘન્યથી દેશોનપલ્યોપમ, તે ન્યૂનતા પલ્યોપમના અસંખ્યાત ભાગ હીન છે. - x - x - સંહરણને આશ્રીને જઘન્ય અને ઉત્કૃષ્ટથી તેટલું જ પ્રમાણ છે.

હવે દેવસ્ત્રી વક્તવ્યતા - દેવસ્ત્રી સામાન્યથી જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, તે ભવનપતિસ્ત્રી અને વ્યંતરીને આશ્રીને જાણવી. ઉત્કૃષ્ટથી ૫૫-પલ્યોપમ. તે ઈશાન દેવીને આશ્રીને છે. ભવનવાસી દેવી સામાન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાડા ચાર પલ્યોપમ. આ ભવનવાસીમાં અસુરકુમાર દેવીને આશ્રીને છે. - x - નાગકુમાર ભવનવાસી દેવીની જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી દેશોન પલ્યોપમ. એ પ્રમાણે સ્તનિતકુમારી સુધી જાણવું.

વ્યંતરીનું આયુ જઘન્યે ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અર્ધ પલ્યોપમ. જ્યોતીષ્સ્ત્રીનું જઘન્ય આયુ અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ અર્ધ પલ્યોપમ અને ૫૦,૦૦૦ વર્ષ અધિક. અહીં વિશેષ વિચારણામાં ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા વિમાનની દેવીનું આયુ છે, તે સૂત્રાર્થ મુજબ જાણવું.

વૈમાનિક દેવીનું આયુ સામાન્યથી-જઘન્ય પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી ૫૫-પલ્યોપમ. ઈત્યાદિ કથન સૂત્રાર્થમાં લખ્યા મુજબ જાણવું. - x - x - હવે સ્ત્રી નિરંતર-પણાથી સ્ત્રીત્વ છોડ્યા વિના કેટલો કાળ રહે છે ? તે જિજ્ઞાસામાં - x - તેનો ઉત્તર કહે છે —

● **સૂત્ર-૫૬ :-**

*ભગવન્ ! સ્ત્રી, સ્ત્રીરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! એક અપેક્ષાએ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ૧૧૦ પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથકત્વ અધિક ૧૮-પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ૧૪-પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી*

*પૃથકત્વ અધિક ૧૦૦ પલ્યોપમ. એક અપેક્ષાએ પૂર્વકોડી પૃથકત્વ અધિક પલ્યોપમ પૃથક્ત્વ.*

*ભગવન્ ! તિર્યંચ સ્ત્રી, તિર્યંચસ્ત્રીરૂપે કાળથી કેટલો સમય રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ-અધિક ત્રણ પલ્યોપમ. જલચરી તિર્યંચસ્ત્રી જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ. ચતુષ્પદ સ્થલચર તિર્યંચી ઔધિક મુજબ જાણવી. ઉરગ પરિસર્પી-ભુજગપરિસર્પી સ્ત્રી જલચરી સ્ત્રીવત્ જાણવી. ખેચરી તિર્યંચી જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ અધિક પલ્યોપમનો અસંખ્યાત ભાગ છે.*

*માનુષી સ્ત્રી કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! ક્ષેત્ર આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વાધિક ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મ આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. એ રીતે કર્મભૂમિજા પણ, ભરત-ઐરવતની પણ સ્ત્રીઓ કહેવી. વિશેષ આ-ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોનપૂર્વકોડી અધિક ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મ આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોનપૂર્વકોડી.*

*પૂર્વ-પશ્ચિમ વિદેહની સ્ત્રી, ક્ષેત્ર આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ. ચારિત્રધર્મ આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. અકર્મભૂમિજ મનુષ્ય સ્ત્રી, અકર્મભૂમિજા કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમ, પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન. ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અને દેશોન પૂર્વકોડી.*

*હિમવત-ઐરણ્યવત્ અકર્મભૂમગ મનુષ્યસ્ત્રી, હૈમવંત આદિમાં કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જન્મ આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમમાં પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન. ઉત્કૃષ્ટ પલ્યોપમ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમ અને દેશોન પૂર્વકોડી અધિક. - - - હરિવર્ષ, રમ્યક્ અકર્મભૂમગ માનુષી સ્ત્રી જન્મને આશ્રીને જઘન્ય દેશોન બે પલ્યોપમ, પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન. ઉત્કૃષ્ટ બે પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બે પલ્યોપમ, દેશોનપૂર્વકોડી અધિક.*

*ઉત્તરકુરુ-દેવકુરુ૦ જન્મને આશ્રીને જઘન્ય દેશોન ત્રણ પલ્યોપમ, પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન. ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ-દેશોન પૂર્વકોડી અધિક... અંતર્દ્વીપ અકર્મભૂમક મનુષ્ય સ્ત્રી ? જન્મને આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમનો અસંખ્યાત ભાગ - પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન. ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ, દેશોન પૂર્વ કોડી અધિક. દેવી સ્ત્રી ? ભવસ્થિતિ એ જ અવસ્થાનકાળ છે.*



**● વિવેચન-૫૬ :-**

એક અપેક્ષાએ જઘન્ય એક સમય યાવત્ અવસ્થાન, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વાધિક ૧૧૦ પલ્યોપમ. કોઈ યુવતી ઉપશમ શ્રેણીથી ત્રણ વેદના ઉપશમનથી અવેદકત્વ અનુભવી, પછી શ્રેણીથી પડીને સ્ત્રીવેદોદય એક સમય અનુભવે, બીજે સમયે કાળ કરી દેવોમાં પુરુષપણે ઉપજે, તો જઘન્ય સ્ત્રીત્વ સમય માત્ર થાય. હવે પૂર્વકોડી પૃથકત્વાધિક ૧૧૦ પલ્યોપમ આ રીતે – કોઈ પ્રાણી નારી કે તિર્યંચીમાં પૂર્વકોટી આયુ મધ્યે પાંચ ભવો પામીને ઈશાન કલ્પમાં ૫૫-પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુષ્ક અસ્વપરિગૃહીતાદેવીમાં દેવીપણે ઉપજીને પછી સ્વ આયુ ક્ષયે તે સ્થાનથી ફરી નારી કે તિર્યંચીમાં પૂર્વકોટી આયુમાં ઉત્પન્ન થઈ બીજી વખત ઈશાન દેવલોકમાં ૫૫-પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટાયુ - અસ્વપરિગૃહીતા દેવી મધ્યે દેવી થઈ, પછી બીજા વેદને પામે. - x -

(શંકા) જો કુરુ આદિમાં ત્રણ પલ્યોપમ સ્થિતિક સ્ત્રીમાં ઉપજે, તો અધિકપણ સ્ત્રીવેદની અવસ્થિતિ પામે, તો આટલી કેમ કહી ? આ પ્રશ્ન અભિપ્રાયના અપરિજ્ઞાનથી અયુક્ત છે. તેથી કહે છે – તે દેવીથી ચ્યુત થઈ અસંખ્ય વર્ષાયુ સ્ત્રી મધ્યે સ્ત્રીપણે ન ઉપજે. દેવયોનિથી ચ્યુતને અસંખ્યાત વર્ષાયુ મધ્યે ઉત્પાદનો નિષેધ છે. અસંખ્યાત વર્ષાયુષ્કા થઈ ઉત્કૃષ્ટાયુષ્કા દેવીમાં ન ઉપજે. તેથી ઉક્ત સ્થિતિ જ થાય.

બીજી અપેક્ષાથી જઘન્યથી એકસમયાદિ૦ સમય ભાવના સર્વત્ર પૂર્વવત્. પૂર્વકોડી પૃથકત્વાધિક ૧૮-પલ્યોપમ. નારી કે તિર્યંચીમાં પૂર્વકોટી પ્રમાણાયુષ્ક મધ્યે કોઈ જીવ પાંચ ભવ અનુભવીને પૂર્વ પ્રકારથી ઈશાન દેવલોકમાં બે વખત ઉત્કૃષ્ટ સ્થિતિક દેવી મધ્યે ઉત્પન્ન થતાં નિયમા પરીગૃહિતામાં ઉપજે, અપરિગૃહીતામાં નહીં. એ રીતે બીજી અપેક્ષાવાળા વાદીના મતથી સ્ત્રીવેદના ઉત્કૃષ્ટ અવસ્થાનને પામે.

ત્રીજી અપેક્ષાએ ઉત્કૃષ્ટ ચૌદ પલ્યોપમાદિ૦ આ રીતે – પૂર્વ પ્રકારે સૌધર્મ દેવલોકમાં પરિગૃહીતા દેવીમાં સાત પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટાયુ મધ્યે બે વખત ઉપજીને ત્રીજા વાદીના મતનું પ્રમાણ આવે.

ચોથી અપેક્ષાએ ઉત્કૃષ્ટ સો પલ્યોપમ પૂર્વકોટી પૃથકત્વ અધિક આ રીતે – નારી કે તિર્યંચીમાં પૂર્વકોડી આયુમાં પાંચ ભવો પામી પૂર્વ પ્રકારે સૌધર્મ દેવલોકમાં ૫૦ પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટાયુષ્કા અપરીગૃહીતા દેવી મધ્યે દેવીપણે ઉપજે છે. તેથી ચોથો વાદી મત સિદ્ધ થશે.

પાંચમી અપેક્ષાએ ઉત્કૃષ્ટ પલ્યોપમ પૃથક્ત્વ પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક. નારી કે તિર્યંચીમાં પૂર્વકોટી આયુષ્કા મધ્યે સાત ભવો પામીને આઠમે ભવે દેવકુરુ આદિમાં ત્રણ પલ્યોપમ સ્થિતિક સ્ત્રીમાં સ્ત્રીપણે ઉપજે. ત્યાંથી મરી સૌધર્મકલ્પે જઘન્યસ્થિતિકા દેવી થાય. પછી અવશ્ય બીજા વેદને પામે. ત્યારે પાંચમાં વાદીનો મત સિદ્ધ થશે.

આ પ્રમાણે વિવિધ ભવ પ્રમાણ દ્વારમાં - જો સ્ત્રીવેદનું ઉત્કૃષ્ટ અવસ્થાન

વિચારીએ ત્યારે આ પ્રમાણ થાય, અધિક નહીં. આ પાંચ અપેક્ષામાં કોઈપણ બીજી સમીચીન અપેક્ષા અતિશયજ્ઞાની કે સર્વોત્કૃષ્ટ લબ્ધિ સંપન્ન વડે જ કરવો શક્ય છે. વર્તમાનમાં તેવી સ્થિતિ અભાવે સૂત્રકારે પાંચે અપેક્ષા જણાવી, પોતાનો કોઈ નિર્ણય આપેલ નથી. આ રીતે સામાન્યથી કાળ પ્રમાણ જણાવ્યું છે.

હવે તિર્યંચ સ્ત્રી તિર્યંચત્વ ન છોડીને કાલમાનની વિચારણા - જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ પૂર્વકોટિ પૃથકત્વ અધિક. તેમાં અંતર્મુહૂર્ત્ત કોઈક તેટલા પ્રમાણ આયુથી મરીને બીજા વેદને પામે ઈત્યાદિ. ઉત્કૃષ્ટ - મનુષ્ય અને તિર્યંચના ઉત્કૃષ્ટ આઠ ભવ પામે, અધિક નહીં. તેમાં સાત ભવો સંખ્યાત વર્ષાયુષ્ક અને આઠમો અસંખ્યાત વર્ષાયુષ્ક. - x - x - અસંખ્યાત વર્ષાયુષ્કથી મરીને નિયમા દેવલોકમાં ઉત્પન્ન થાય. પણ નવમો ભવ મનુષ્ય ભવ કે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ ભવ નિરંતર પ્રાપ્ત ન થાય. તેથી પાછલા સાત ભવ નિરંતર થતાં સંખ્યાત વર્ષાયુમાં જ ઉપજે, એક પણ અસંખ્યાત વર્ષાયુ ન થાય. અસંખ્યાત વર્ષાયુ ભવ પછી ફરી મનુષ્યભવ કે તિર્યંચભવનો અસંભવ છે. એ રીતે - x - ઉક્તાયુ થાય.

જલચરી સ્ત્રી, જલચરીસ્ત્રીપણે નિરંતર થતાં જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકત્વ, સાત પૂર્વકોટિ આયુ ભવ પછી અવશ્ય જલચર સ્ત્રીથી ચ્યુત થાય. ચતુષ્પદ સ્થલચરી ઔધિક તિર્યંચ સ્ત્રી મુજબ જાણવું. - x - ઉર અને ભુજ પરિસર્પીણી, જલચરી સ્ત્રીવત્ કહેવી. ખેચરી - x - ઉત્કૃષ્ટથી પલ્યોપમ અસંખ્યાત ભાગ અને પૂર્વકોટિ પૃથકત્વ અધિક છે..... હવે મનુષ્ય સ્ત્રીને કહે છે —

મનુષ્ય સ્ત્રી સામાન્યથી - જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, પૂર્વકોટિ પૃથકત્વ અધિક. તે સામાન્ય તિર્યંચ સ્ત્રીવત્ કહેવું. કર્મભૂમક મનુષ્યસ્ત્રીઓ કર્મક્ષેત્ર આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત. પછી તેનો પરિત્યાગ અસંભવ છે. ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, પૂર્વકોટિ પૃથકત્વ અધિક. તેમાં સાત ભવ મહાવિદેહમાં, આઠમો ભવ ભરત ઐરવત એકાંત સુષમાદિમાં ત્રણ પલ્યોપમ છે. ચારિત્રધર્મ આશ્રીને જઘન્ય એક સમય, આવરક કર્મ ક્ષયોપશમ વૈચિત્ર્યથી એક સમય સંભવે, પછી મરણ પામે. ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી...

ભરત-ઐરવત મનુષ્ય સ્ત્રીને ક્ષેત્રને આશ્રીને - x - ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, દેશોન પૂર્વકોડી અધિક. તે આ પ્રમાણે — પૂર્વ કે પશ્ચિમ વિદેહની માનુષી સ્ત્રી, પૂર્વકોટી આયુષ્કા હોય. કોઈ વડે ભરતાદિમાં એકાંત સુષમાદિમાં સંહૃત થાય, તે ભલે મહાવિદેહમાં ઉત્પન્ન હોય, તો પણ ભરત-ઐરાવતની કહેવાય છે. તે પૂર્વકોટિ જીવીને પોતાનો આયુ ક્ષય થતાં ત્યાં જ ભરતાદિમાં એકાંત સુષમા કાળના આરંભે ઉત્પન્ન થાય, તે અપેક્ષાએ આ કાળ થાય. ધર્મચરણ અપેક્ષાએ કર્મભૂમિજા સ્ત્રીવત્ કહેવી. પૂર્વ કે પશ્ચિમ વિદેહ કર્મભૂમિજા મનુષ્ય સ્ત્રીઓ ક્ષેત્રને આશ્રીને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ પૃથકત્વ, ત્યાં જ પુનઃઉત્પત્તિ અપેક્ષાએ જાણવી. ધર્મચરણ અપેક્ષાએ ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ.

હવે અકર્મભૂમિજા મનુષ્ય સ્ત્રી વક્તવ્યતા-જન્મને આશ્રીને જઘન્યથી દેશોન



પલ્યોપમ. - x - પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન. ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. સંહરણ અપેક્ષાથી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને દેશોન પૂર્વકોટી અધિક. તેની ભાવના - x - પૂર્વવત્ સમજવી. આના દ્વારા એમ કહે છે કે — ન્યૂન અંતર્મુહૂર્ત્ત આયુ શેષ હોય તેવી સ્ત્રી તથા ગર્ભસ્થનું સંહરણ ન થાય.

હૈમવત્, ઐરણ્યવત્, હરિવર્ષ, રમ્યક્, દેવકુરુ, ઉત્તરકુરુ, અંતર્દ્વિપમાં જન્મને આશ્રીને જે જેની સ્થિતિ, તે તેનું અવસ્થાન કહેવું, સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સ્થિતિ તે તેની દેશોન પૂર્વકોટી અધિક જાણવી. હૈમવત-ઐરણ્યવતની માનુષી સ્ત્રી જન્મને આશ્રીને જઘન્યથી પલ્યોપમ-પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન, ઉત્કૃષ્ટથી પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટથી દેશોન પલ્યોપમ-પૂર્વકોટિ અધિક ઈત્યાદિ [હરિવર્ષ આદિ બધાં ક્ષેત્રોમાં સૂત્રાર્થ મુજબ જાણવું. અહીં વૃત્તિની પુનરુક્તિ કરી નથી.]

આ રીતે સામસ્ત્યથી મનુષ્ય સ્ત્રી વક્તવ્યતા કહી. હવે દેવસ્ત્રી વક્તવ્યતા કહે છે — દેવીના તથાભવ સ્વભાવતાથી કાયસ્થિતિનો અસંભવ છે. કેમકે દેવી મરીને ફરી દેવી ન થાય.

સ્ત્રીપણાનો અવસ્થાનકાળ કહ્યો. હવે અંતરદ્વાર કહે છે—

● **સૂત્ર-૫૭ :-**

***ભગવન્ ! સ્ત્રીને ફરી સ્ત્રીત્વ પ્રાપ્તિમાં કેટલા કાળનું અંતર હોય છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ-વનસ્પતિકાળ. આમ બધી તિર્યંચ સ્ત્રીઓમાં કહેવું. મનુષ્યસ્ત્રીનું અંતર ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ચારિત્ર ધર્મને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અપાર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત. આ પ્રમાણે યાવત્ પૂર્વ-પશ્ચિમ વિદેહિકાનું જાણવું. અકર્મભૂમક મનુષ્યસ્ત્રીનું અંતર ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દશહજાર વર્ષ-અંતર્મુહૂર્ત્ત અધિક. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે અંતર્દ્વિપિકા સ્ત્રી સુધી. દેવી સ્ત્રીનું બધીનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.***

● **વિવેચન-૫૭ :-**

સ્ત્રી થઈ, સ્ત્રીપણાથી રહિત થઈ, ફરી કેટલા કાળે સ્ત્રી થાય. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. કોઈ સ્ત્રી સ્ત્રીપણે મરી બીજા ભવમાં પુરુષ કે નપુંસક વેદને અંતર્મુહૂર્ત્ત અનુભવી, ત્યાંથી મરી, ફરી સ્ત્રીપણે જન્મે તો અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ-અસંખ્યેય પુદ્‌ગલ પરાવર્ત્ત નામે કાળ. તેટલો કાળ સ્ત્રીત્વનો વ્યવચ્છેદ થાય. વનસ્પતિકાળ આ રીતે — કાળથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી. ક્ષેત્રથી અનંત લોક, અસંખ્ય પુદ્‌ગલ પરાવર્ત્ત-આવલિકાનો અસંખ્યાત ભાગ પ્રમાણ. આ પ્રમાણે ઔધિક તિર્યંચ સ્ત્રી આદિ - x - કહેવા.

કર્મભૂમિક્ષેત્રને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંત કાળ-વનસ્પતિકાળ

પ્રમાણ. ધર્મચરણને આશ્રીને જઘન્ય એક સમય કેમકે તે સૌથી ઓછો છે. ઉત્કૃષ્ટ અનંતકાળ. દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત સુધી. આથી અધિક ચારિત્ર લબ્ધિપાત કાળ ન હોય. દર્શનલબ્ધિપાત કાળનો સંપૂર્ણ અર્દ્ધપુદ્‌ગલ પરાવર્ત્તનો નિષેધ છે.

અકર્મભૂમક મનુષ્યસ્ત્રીનું જન્મ આશ્રીને અંતર જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને અંતર્મુહૂર્ત્ત અધિક. અહીં કોઈ અકર્મભૂમિકા સ્ત્રી મરીને જઘન્યસ્થિતિક દેવમાં ઉત્પન્ન થાય. ત્યાં ૧૦,૦૦૦ વર્ષાયુ પાળી, ચ્યવીને કર્મભૂમિમાં મનુષ્ય પુરુષ કે સ્ત્રીરૂપે ઉપજે. કેમકે દેવપણાથી અનંતર અકર્મભૂમિમાં ઉત્પાદનો અભાવ છે. અંતર્મુહૂર્ત્તમાં મરીને પછી અકર્મભૂમિજ સ્ત્રીપણે જન્મે, તો ઉક્ત કાળ થાય. સંહરણ અપેક્ષાએ અંતર્મુહૂર્ત્ત. - x - ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ - કોઈ અકર્મભૂમિથી કર્મભૂમિમાં સંહરાય, તેણી પોતાનું આયુ ક્ષય થતાં અનંતકાળ વનસ્પત્યાદિમાં સંચરીને ફરી અકર્મભૂમિમાં ઉત્પન્ન થાય. પછી કોઈ દ્વારા સંહરાય, ત્યારે યથોક્ત સંહરણનું ઉત્કૃષ્ટ કાળ માન થાય, આ રીતે બધાં કહેવા.

દેવસ્ત્રીનો અંતરકાળ - કોઈ દેવસ્ત્રી દેવભવથી ચ્યુત થઈ ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્યમાં ઉપજી, પર્યાપ્તિ પૂરી કરી, તેવા ભાવમાં મરીને ફરી દેવી થાય તો અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. આ રીતે અસુરકુમારીથી ઈશાનદેવી સુધી ઉત્કૃષ્ટ અંતર કહેવું.

હવે પાંચ પ્રકારે અલ્પબહુત્વને જમાવે છે —

● સૂત્ર-૫૮ :-

*ભગવન્ ! આ તિર્યંચયોનિક્, મનુષ્ય, દેવ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછી મનુષ્યસ્ત્રી, તિર્યંચસ્ત્રી અસંખ્યાતગણી, તેથી દેવી અસંખ્યાતગણી છે.*

*ભગવન્ ! આ તિર્યંચસ્ત્રીમાં જલચરી, સ્થલચરી, ખેચરીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડી ખેચરી, સ્થલચરી સંખ્યાતગણી, જલચરી તેથી સંખ્યાતગણી.*

*ભગવન્ ! આ માનુષીસ્ત્રીમાં કર્મભૂમિજા, અકર્મભૂમિજા, અંતર્દ્વીપિજામાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડી અંતર્દ્વીપિજા અકર્મભૂમિગા મનુષ્યસ્ત્રીઓ, દેવકુરુ-ઉત્તરકુરુ અકર્મભૂમગા બંને તુલ્ય અને સંખ્યાતગણી, તેથી હરિવર્ષ-રમ્યક્‌વાસ અકર્મભૂમગા બંને તુલ્ય અને સંખ્યાતગણી, તેથી હેમવત-ઐરણ્યવર્ષ૦ની બંને તુલ્ય અને સંખ્યાતગણી, તેથી ભરત-ઐરવત કર્મભૂમગા બંને તુલ્ય અને સંખ્યાતગણી, પૂર્વ-પશ્ચિમ વિદેહ કર્મભૂમગા મનુષ્યસ્ત્રી બંને તુલ્ય અને તેથી સંખ્યાતગણી છે.*

*ભગવન્ ! આ દેવીસ્ત્રીમાં ભવનવાસી, વ્યંતરી, જ્યોતિષ્કી, વૈમાનિકી સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડી વૈમાનિકી દેવી, ભવનવાસી દેવી તેથી અસંખ્યાતગણી, વ્યંતરદેવી તેથી અસંખ્યાતગણી, તેથી જ્યોતિષ્ક દેવી સંખ્યાતગણી છે.*



*ભગવન્ ! આ તિર્યંચસ્ત્રીમાં જલચરી, સ્થલચરી, ખેચરી, મનુષ્યસ્ત્રીમાં કર્મભૂમિજા, અકર્મભૂમિજા, અંતર્દ્વીપિજા, દેવીમાં ભવનવાસિણી, જ્યોતિષ્કી, વૈમાનિકીમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડી અંતર્દ્વીપજ અકર્મભૂમગા માનુષી સ્ત્રી, દેવકુરુ-ઉત્તરકુરુ અકર્મ૦ બંને સંખ્યાતગણી, હરિવર્ષ-રમ્યક્‌વાસ અકર્મભૂમિજા સંખ્યાતગણી, હેમવત-ઐરણ્યવત્ અકર્મભૂમિજા બંને સંખ્યાતગણી, ભરત-ઐરવત કર્મભૂમગા માનુષી સ્ત્રી બંને સંખ્યાતગણી, પૂર્વ-પશ્ચિમ વિદેહ વર્ષ કર્મભૂમિજા માનુષીસ્ત્રી બંને સંખ્યાતગણી, વૈમાનિક દેવીસ્ત્રીઓ અસંખ્યાતગણી, ભવનવાસીદેવી અસંખ્યાતગણી, ખેચર તિર્યંચસ્ત્રી અસંખ્યાતગણી, સ્થલચર તિર્યંચસ્ત્રી સંખ્યાતગણી, જલચર તિર્યંચસ્ત્રી સંખ્યાતગણી, વ્યંતરદેવી સંખ્યાતગણી અને તેથી જ્યોતિષ્ક્ દેવી સંખ્યાતગણી છે.*

● વિવેચન-૫૮ :-

સૌથી ઓછી મનુષ્યસ્ત્રી, સંખ્યાત કોટાકોટી પ્રમાણત્વથી, તેનાથી તિર્યંચસ્ત્રી અસંખ્યાતગણી — દ્વીપ, સમુદ્રની તિર્યંચસ્ત્રીના સંભવથી, તેનાથી દેવી અસંખ્યાતગણી, ભવનવાસી-વ્યંતર-જ્યોતિષ્ક સૌધર્મ-ઈશાનની પ્રત્યેક અસંખ્યાત શ્રેણી આકાશ પ્રદેશરાશિથી કહેવી.

બીજું અલ્પબહુત્વ-સૌથી ઓછી ખેચરી તિર્યંચસ્ત્રી, તેનાથી સ્થલચર તિર્યંચિણી સંખ્યાતગુણ કેમકે ખેચરથી સ્થલચરનું સ્વાભાવિક પ્રાચુર્ય છે, તેનાથી જલચરી સંખ્યાતગણી કેમકે લવણ, કાલોદ અને સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલીઓનું પ્રાચુર્ય છે.

ત્રીજું અલ્પબહુત્વ-સૌથી થોડી અંતર્દ્વીપિજા માનુષી સ્ત્રી, ક્ષેત્રની અલ્પતાથી છે. તેનાથી કુરુની સ્ત્રી સંખ્યાતગણી, ક્ષેત્રના સંખ્યાત ગુણત્વથી, પણ સ્વસ્થાને બંને તુલ્યા છે. તેનાથી હરિવર્ષ-રમ્યકવર્ષથી સંખ્યાતગણી - કારણ પૂર્વવત્. તેનાથી હૈમવત-ઐરણ્યવત્ મનુષ્યસ્ત્રી સંખ્યાતગણી, ક્ષેત્રની અલ્પતા છતાં, અલ્પ સ્થિતિકતાથી ઘણી સ્ત્રીનો સંભવ છે. તેનાથી ભરત-ઐરવતની સ્ત્રી સંખ્યાતગણી, કર્મભૂમિપણાથી સ્વભાવથી જ તેમના પ્રાચુર્યનો સંભવ છે. તેનાથી પૂર્વ-પશ્ચિમ વિદેહની સ્ત્રી સંખ્યાતગણી, ક્ષેત્રની બહુલતા અને અજિતસ્વામીના કાળ જેવા સ્વભાવથી જ તેનું પ્રાચુર્ય છે.

હવે ચોથું અલ્પબહુત્વ - સૌથી થોડી વૈમાનિકદેવી, અંગુલમાત્ર ક્ષેત્ર પ્રદેશ રાશિનું જે દ્વિતીય વર્ગમૂળ, તેને ત્રીજા વર્ગમૂળ વડે ગુણતા જે પ્રદેશરાશિ ઈત્યાદિ - x - તેમના આકાશપ્રદેશથી. તેનાથી ભવનવાસીદેવી અસંખ્યાતગુણ, અંગુલ માત્ર ક્ષેત્ર પ્રદેશરાશિનું પ્રથમ વર્ગમૂળ, તેમાં બીજા વર્ગમૂળથી ગુણતાં જે પ્રદેશરાશિ પ્રમાણ ઈત્યાદિ - x - હોવાથી. તેનાથી વ્યંતરદેવી અસંખ્યાતગણી, સંખ્યાત યોજન પ્રમાણ એક પ્રાદેશિક ક્ષેણિમાત્ર ખંડ એક પ્રતરમાં હોય છે ઈત્યાદિ - x - તેનાથી જ્યોતિષ્કદેવી સંખ્યાતગણી ૨૫૬ અંગુલ પ્રમાણ એક પ્રાદેશિક શ્રેણિ માત્ર ખંડો એક પ્રતરમાં હોય છે ઈત્યાદિ - x -

હવે સમસ્તસ્ત્રી વિષયક પાંચમું અલ્પબહુત્વ - સૌથી થોડી અંતર્દ્વિપકા મનુષ્યસ્ત્રી,

તેનાથી સંખ્યાતગણી દેવકુરુ-ઉત્તરકુરુની મનુષ્ય સ્ત્રી [ઈત્યાદિ સૂત્રાર્થમાં જણાવ્યા મુજબ જ વૃત્તિમાં છે, તેથી પુનરુક્તિ કરેલ નથી.] ભાવના પણ પ્રાગ્વત્ જાણવી.

હવે સ્ત્રીવેદકર્મનું જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિમાન કહે છે –

**● સૂત્ર-૫૯ :-**

***ભગવન્ ! સ્ત્રીવેદ કર્મની કેટલા કાળની બંધસ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન દોઢ સાગરોપમનો સાતમો ભાગ છે. ઉત્કૃષ્ટ-પંદર કોડાકોડી સાગરોપમ. ૧૫૦૦ વર્ષ અબાધાકાળ, અબાહૂનિક કર્મસ્થિતિ, કર્મનિષેક. સ્ત્રીવેદ કયા પ્રકારે ? કુંકુ અગ્નિ સમાન છે. તે સ્ત્રીઓ.***

**● વિવેચન-૫૯ :-**

સ્ત્રી વેદ નામના કર્મની કેટલો કાળની બંધસ્થિતિ છે ? ગૌતમ ! દોઢ સાગરોપમના સાતમા ભાગમાં પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન. તે આ રીતે – જે પ્રકૃતિનો જે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ છે, તેમાં મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમનો ભાગ દેવાથી જે રાશિ પ્રાપ્ત થયા છે, તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઘટાડી, તે પ્રકૃતિની જઘન્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે. સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમ છે, તેથી ૧૫/૭૦ કોડાકોડી સાગરોપમ પ્રાપ્ત થશે. તેથી છેદ ઉડાડતા દોઢ સપ્તમાંશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ બને છે. તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરવાથી ઉપરોક્ત સ્થિતિ થાય છે. આ વ્યાખ્યા મૂળ ટીકા અનુસાર છે. પંચસંગ્રહના મતે પણ આ જ જઘન્યસ્થિતિ પરિમાણ છે, માત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ન કહેવો.

કર્મપ્રકૃતિ સંગ્રહણીકારે જઘન્ય સ્થિતિ માટે બીજી વિધિ બતાવી છે - જ્ઞાનવરણીયાદિ - x - x - કર્મોની પોત-પોતાની પ્રકૃતિ જ્ઞાનાવરણ આદિ - x - x - વર્ગ કહેવાય છે. વર્ગોની પોત-પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય, તેમાં મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિનો ભાગ દેવાથી જે પ્રાપ્ત થાય છે તેમાં પલ્યોપમનો સંખ્યાત ભાગ ઓછો કરવાથી જઘન્ય સ્થિતિ આવે છે. અહીં સ્ત્રીવેદ નોકષાયમોહનીય વર્ગની પ્રકૃતિ છે. તેની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોડાકોડી સાગરોપમની છે. તેમાં સીતેર કોડાકોડી સાગરોપમનો ભાગ દેવાથી શૂન્યને શૂન્યથી કાપતા ૨/૭ બે-સપ્તમાંશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ થાય છે. તેમાં પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન કરવાથી સ્ત્રી વેદની જઘન્ય સ્થિતિ પ્રાપ્ત થાય.

ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની છે.

સ્થિતિ બે પ્રકારે છે – કર્મરૂપતા અવસ્થાનરૂપ અને અનુભવ યોગ્ય. અહીં જે સ્થિતિ બતાવી છે, તે કર્મરૂપતાવસ્થાનરૂપ છે. અનુભવયોગ્ય સ્થિતિ તો અબાધાકાળથી હીન હોય છે. જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે, તેટલા જ સો વર્ષની તેની અબાધા હોય છે. જેમકે સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની છે, તો તેનો અબાધાકાળ ૧૫૦૦ વર્ષ થાય છે.



અર્થાત્ આટલો કાળ તે બાંધેલી પ્રકૃતિ ઉદયમાં આવતી નથી અને પોતાનું ફળ આપતી નથી. અબાધાકાળ વીત્યા પછી જ કર્મદલિકોની રચના થાય છે. તેને કર્મ નિષેક કહેવાય છે. અબાધાકાળથી હીન કર્મસ્થિતિ જ અનુભવ યોગ્ય હોય છે.

હવે સ્ત્રીવેદ કર્મોદયજનિત જે સ્ત્રીવેદનું સ્વરૂપ કહે છે. ગૌતમ ! તે કુંકુક-છાણના અગ્નિ સમાન છે. તે ધીમે ધીમે જાગૃત થાય છે અને લાંબા કાળ સુધી રહે છે. સ્ત્રી અધિકારપૂર્ણ થયો.

**● સૂત્ર-૬૦ :-**

***તે પુરુષોના પ્રકાર કેટલા છે ? ત્રણ ભેદે – તિર્યંચયોનિક પુરુષ, મનુષ્યપુરુષ, દેવપુરુષ... તે તિર્યંચપુરુષ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – જલચર, સ્થલચર, ખેચર. સ્ત્રી અધિકારવત્ ભેદો કહેવો યાવત્ ખેચર. તે ખેચરો, ખેચર તિર્યંચ પુરુષો કહ્યા.***

***તે મનુષ્ય પુરુષો કેટલા ભેદે છે ? કર્મભૂમકા, અકર્મભૂમકા, અંતર્દ્વીપકા. તે મનુષ્યપુરુષો છે... તે દેવપુરુષો કેટલા ભેદે છે ? ચાર ભેદે છે. સ્ત્રી ભેદવત્ કહેવા યાવત્ સર્વાર્થસિદ્ધ.***

**● વિવેચન-૬૦ :-**

પુરુષો ત્રણ ભેદે કહ્યા છે – તિર્યંચયોનિકાદિ (સૂત્રવત્). તે તિર્યંચયોનિક પુરુષો ત્રણ ભેદે કહ્યા છે – જલચર પુરુષાદિ ત્રણ. મનુષ્યપુરુષો પણ ત્રણ ભેદે છે – કર્મભૂમકાદિ ત્રણ દેવ પુરુષો ચાર ભેદે છે – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. ભવનપતિ-અસુરાદિ ભેદથી દશ પ્રકારે છે. વ્યંતર પિશાચાદિ ભેદથી આઠ પ્રકારે છે. જ્યોતિષ્ક ચંદ્રાદિ ભેદથી પાંચ પ્રકારે. વૈમાનિકો-કલ્પોપપન્ન, કલ્પાતીત બે ભેદે. કલ્પોપપન્ન સૌધર્માદિભેદથી બાર ભેદે. કલ્પાતીત બે ભેદે – ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક. હવે સ્થિતિ કહે છે –

**● સૂત્ર-૬૧ :-**

***ભગવન્ ! પુરુષોની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ. તિર્યંચયોનિક પુરુષો અને મનુષ્યોની સ્ત્રીઓની સ્થિતિવત્ પુરુષોની સ્થિતિ જાણવી. દેવપુરુષોની યાવત્ સર્વાર્થસિદ્ધ, સ્થિતિ પ્રજ્ઞાપનાવત્ કહેવી.***

**● વિવેચન-૬૧ :-**

પુરુષને પોત-પોતાનો ભવ છોડ્યા વિના કેટલો કાળ સ્થિતિ કહી છે ? ભગવંતે કહ્યું – જઘન્યથી અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. તે અનુત્તરસુર અપેક્ષાએ જાણવું. બીજાને તે સ્થિતિનો અભાવ છે. તિર્યંચયોનિકોમાં ઔઘિક, જલચર, સ્થલચર, ખેચરોની સ્ત્રીઓની જે સ્થિતિ કહી છે, તેમ કહેવી. મનુષ્યોની પણ ઔઘિક-કર્મભૂમિકની - x - અકર્મભૂમિકની - x - પોતપોતાના સ્થાને જે સ્ત્રીઓની સ્થિતિ છે, તે જ પુરુષોની કહેવી. જેમકે – સામાન્ય તિર્યંચયોનિક પુરુષોની જઘન્યથી

અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. - x - x - ઈત્યાદિ... સામાન્યથી મનુષ્ય પુરુષોની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત. આ બાહ્યલિંગ પ્રવ્રજ્યા પ્રતિપત્તિ આશ્રીને જાણવી. અન્યથા ચારિત્ર પરિણામ એક સમયનો પણ સંભવે છે, તો એક સમય કહે અથવા દેશચારિત્રને આ કહ્યું છે. દેશચારિત્ર પ્રતિપત્તિના ઘણાં ભંગોથી જઘન્યથી પણ અંતર્મુહૂર્ત સંભવે છે. તેમાં સર્વ ચારિત્ર સંભવ છતાં પણ જે આ દેશચારિત્ર આશ્રીને કહ્યું — તે દેશચારિત્રપૂર્વક પ્રાયઃ સર્વ ચારિત્ર પ્રતિપત્તિ છે. કહ્યું છે કે — સમ્યક્ત્વ પ્રાપ્તિમાં પલ્યોપમ પૃથક્ત્વથી શ્રાવક થાય. ચારિત્ર ક્ષયોપશમને સંખ્યાત સાગરોપમ અંતર થાય.

અહીં આદ્ય વ્યાખ્યાન તે સ્ત્રીવેદ વિચારણામાં પણ કહેવું. જે સ્ત્રીવેદ વિચારણામાં કહ્યું તે અહીં પણ જાણવું. ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટી કેમકે આઠ વર્ષની વય પછી ચારિત્રનો સ્વીકાર સંભવે છે. કર્મભૂમક પુરુષોને જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. ચારિત્રને આશ્રીને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી.

ભરત-ઐરવતના પુરુષોને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, તે સુષમસુષમ આરામાં જાણવું. ચારિત્રધર્મને આશ્રીને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી. પૂર્વ-પશ્ચિમ વિદેહ પુરુષોને ક્ષેત્રને આશ્રીને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી. ચારિત્રધર્મને આશ્રીને પણ ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી.

સામાન્યથી અકર્મભૂમિના મનુષ્ય પુરુષોને જન્મને આશ્રીને જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન એક પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટી *[ઇત્યાદિ તથા હૈમવત-હૈરણ્યવત, હરિવર્ષ-રમ્યક્ વર્ષ, દેવકુરુ-ઉત્તરકુરુ આદિ કહેવા.]*

અંતર્દ્વીપક અકર્મભૂમક મનુષ્ય પુરુષોના જન્મને આશ્રીને જઘન્યથી દેશોન પલ્યોપમનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ પલ્યોપમનો અસંખ્યાત ભાગ. સંહરણને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત અને દેશોન પૂર્વકોટી.

દેવપુરુષોને સામાન્યથી જઘન્ય-૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ. વિશેષ વિચારણાથી - અસુરકુમારોને જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાતિરેક એક સાગરોપમ. નાગકુમારાદિ પુરુષોમાં બધાને જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી દેશોન બે પલ્યોપમ. વ્યંતરપુરુષોમાં જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી પલ્યોપમ. જ્યોતિષ્ક દેવપુરુષોને જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ પલ્યોપમ, એક લાખ વર્ષાધિક. સૌધર્મકલ્પે દેવોનું જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ બે સાગરોપમ. ઈશાન કલ્પે દેવપુરુષોનું જઘન્ય સાધિક પલ્યોપમ, ઉત્કૃષ્ટથી સાતિરેક બે સાગરોપમ. સનત્કુમાર દેવોનું જઘન્ય બે સાગરોપમ, ઉત્કૃષ્ટ સાત સાગરોપમ. માહેન્દ્રકલ્પે દેવોનું જઘન્ય સાતિરેક બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાતિરેક સાત સાગરોપમ.

બ્રહ્મલોકના દેવોનું જઘન્ય સાત સાગરોપમ, ઉત્કૃષ્ટથી દશ. લાંતક દેવોનું જઘન્ય દશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ચૌદ. મહાશુક્ર દેવોનું જઘન્ય ચૌદ સાગરોપમ, ઉત્કૃષ્ટથી સત્તર. સહસ્રારદેવોનું જઘન્ય સત્તર સાગરોપમ, ઉત્કૃષ્ટથી અઢાર. આનતદેવોનું



જઘન્ય અઢાર સાગરોપમ, ઉત્કૃષ્ટથી ઓગણીશ. પ્રાણતદેવોનું જઘન્ય ઓગણીશ, ઉત્કૃષ્ટથી વીશ સાગરોપમ છે. આરણ દેવોનું જઘન્ય વીશ, ઉત્કૃષ્ટ એકવીશ સાગરોપમ. અચ્યુત દેવોનું જઘન્ય એકવીશ, ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમ. એ રીતે ક્રમશઃ અધસ્તન અધસ્તન ગ્રૈવેયકથી નવમાં ઉપરિતન-ઉપરિતન ગ્રૈવેયક સુધી એક-એક સાગરોપમ વધારતા જવું. વિજય-વૈજયંત-જયંત-અપરાજિત ચાર અનુત્તરોપપાતિક દેવોનું જઘન્ય ૩૧-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ છે. સર્વાર્થસિદ્ધમાં અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. ક્યાંક એવો સૂત્રપાઠ છે કે — દેવપુરુષોની સ્થિતિ ''પ્રજ્ઞાપના''ના સ્થિતિ પદ મુજબ કહેવું. ત્યાં પણ આ પ્રમાણે સ્થિતિ કહી છે.

પુરુષની ભવસ્થિતિ કહી, હવે કાયસ્થિતિ કહે છે —

**● સૂત્ર-૬૨ :-**

***ભગવન્ ! પુરુષ, પુરુષરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ પૃથક્ત્વ. ભગવન્ ! તિર્યંચયોનિક પુરુષ કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ. એ રીતે પૂર્વવત્. સંસ્થિતિ સ્ત્રીઓની જેમ યાવત્ ખેચર તિર્યંચયોનિક પુરુષની સંસ્થિતિ કહેવી.***

***ભગવન્ ! મનુષ્ય પુરુષ કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વાધિક ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મને આશ્રીને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી એ પ્રમાણે સર્વત્ર યાવત્ પૂર્વ-પશ્ચિમ વિદેહ. અકર્મભૂમક પુરુષો અકર્મભૂમક સ્ત્રી સમાન જાણવા યાવત્ અંતર્દ્વીપકોની જે સ્થિતિ તે જ સંચિટ્ઠણા યાવત્ સર્વાર્થસિદ્ધ કહેવું.***

**● વિવેચન-૬૨ :-**

ભગવન્ પુરુષ, પુરુષભાવને છોડ્યા વિના કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, તેટલા કાળ પછી મરીને સ્ત્રી આદિ ભાવમાં જાય. ઉત્કૃષ્ટ સાતિરેક શતપૃથક્ત્વ સાગરોપમ. સામાન્યથી તિર્યંચ, નર, દેવ ભવમાં આટલો કાળ પુરુષરૂપે રહેવાનો સંભવ છે. મનુષ્યભવની અપેક્ષાએ કંઈક અધિકતા જાણવી. તેથી આગળ પુરુષ નામ કર્મોદયના અભાવથી નિયમા સ્ત્રી આદિમાં જાય.

તિર્યંચયોનિક પુરુષની વક્તવ્યતા તિર્યંચયોનિક સ્ત્રી માફક કહેવી. તે જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક, તેમાં સાત ભવ પૂર્વકોટિ આયુના પૂર્વવિદેહ આદિમાં અને આઠમો ભવ દેવકુરુ-ઉત્તરકુરુમાં ત્રણ પલ્યોપમમાં. જેમાં જલચરમાં જઘન્યથી અંતર્મુહૂર્ત પછી ગત્યંતર કે વેદાંતરમાં જાય. ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકત્વ-ત્યાંજ બે આદિ વાર ઉપજે. ચતુષ્પદ સ્થલચર પુરુષ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અને પૂર્વકોટિ પૃથકત્વ અધિક, સામાન્ય તિર્યંચ પુરુષ માફક. ઉરસ્ અને ભુજગ પરિસર્પ સ્થલચર પુરુષ ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકત્વ, જલચરવત્. ખેચર પુરુષ ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકત્વ અધિક પલ્યોપમનો અસંખ્યેય ભાગ, તે સાત વખત

પૂર્વકોટિ સ્થિતિમાં ઉપજે પછી આઠમીવાર અંતર્દ્વિપાદિ ખેચર પુરુષમાં પલ્યોપમના અસંખ્યાત ભાગે ઉપજે.

મનુષ્ય પુરુષ, મનુષ્ય સ્ત્રીવત્. સામાન્યથી ક્ષેત્રને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, પૂર્વકોટી પૃથક્ત્વ અધિક. ત્યાં સાત ભવ પૂર્વકોટિ આયુ મહાવિદેહમાં, આઠમો ભવ દેવકુરુ આદિમાં. ચારિત્ર ધર્મને આશ્રીને એક સમય ઉત્કૃટ દેશોન પૂર્વકોટિ. કેમકે આઠ વર્ષ પછી ચારિત્ર સ્વીકારે તેથી દેશોન કહ્યું. વિશેષ વિચારણાથી - કર્મભૂમક મનુષ્ય પુરુષ કર્મભૂમિ ક્ષેત્રને આશ્રીને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, પૂર્વકોટિ પૃથકત્વાધિક, ભાવના પૂર્વવત્. માત્ર આઠમો ભવ એકાંત સુષમામાં ભરત-ઐરવતમાં જાણવો. ચારિત્રધર્મને આશ્રીને જઘન્ય એક સમય, સર્વવિરતિ પરિણામથી. ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી, સમગ્રચારિત્રકાળથી.

ભરત-ઐરવત કર્મભૂમક મનુષ્યપુરુષ પણ ભરત-ઐરવત ક્ષેત્રને આશ્રીને, જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, દેશોન પૂર્વકોટિ અધિક. તે પૂર્વકોટિ આયુષ્ક વિદેહપુરુષનું ભરતાદિમાં સંહરણ કરીને ભરતાદિવાસ યોગથી ભરતાદિ પ્રવૃત્ત વ્યપદેશના ભવાયુક્ષયમાં એકાંત સુષમા પ્રારંભે ઉત્પન્ન જાણવા. ચારિત્રધર્મ આશ્રીને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી. ભાવના પૂર્વવત્. પૂર્વ-પશ્ચિમ વિદેહ મનુષ્ય પુરુષ ક્ષેત્રને આશ્રીને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકત્વ, તે ફરી-ફરી ત્યાં જ સાત વખત ઉત્પત્તિ ભાવવી. પછી અવશ્ય ગત્યંતર કે યોન્યંતર સંક્રમ થાય. ચારિત્રધર્મ આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ.

સામાન્યથી અકર્મભૂમક મનુષ્ય પુરુષ તે ભાવ ન છોડીને જન્મને આશ્રીને જઘન્ય એક પલ્યોપમ ઈત્યાદિ તેની સ્ત્રીના વિષયમાં કહ્યા મુજબ જાણવું - x - x - એ રીતે હૈમવત-હૈરણ્યવત, હરિવર્ષ-રમ્યક્ વર્ષ, દેવકુરુ-ઉત્તરકુરુમાં જાણવું *[વૃત્તિકારશ્રીએ તેને નોંધેલ છે, પણ અમે અનુવાદ છોડી દીધેલ છે.]*

અંતર્દ્વીપક મનુષ્યપુરુષ જન્મને આશ્રીને દેશોન પલ્યોપમનો અસંખ્યેય ભાગ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ પલ્યોપમનો અસંખ્યાત ભાગ, સંહરણને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ અધિક પલ્યોપમનો અસંખ્યાત ભાગ.

દેવોની જે સ્થિતિ પૂર્વે કહી, તે જ કાયસ્થિતિ કહેવી. દેવપુરુષ દેવપુરુષત્વ છોડ્યા વિના કેટલો કાળ યાવત્ નિરંતર રહે ? તે દેવપણામાં મરી, પછી અનંતર ભવે દેવ ન થાય. ઈત્યાદિ - x -

આ પ્રમાણે અવસ્થાન કહ્યું, હવે અંતર કહે છે –

● સૂત્ર-૬૩ :-

***ભગવન્ ! પુરુષને કેટલા કાળનું અંતર હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. તિર્યંચયોનિક પુરુષોને જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, એ રીતે યાવત્ ખેચર તિર્યંચયોનિકપુરુષોની... ભગવન્ ! મનુષ્યપુરુષોનું કેટલું કાળ અંતર છે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત.***





***ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, ધર્મચરણ આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ, અનંતી ઉત્સર્પિણી યાવત્ દેશોનઅર્ધપુદ્ગલ પરાવર્ત્ત. કર્મભૂમકોનું યાવત્ વિદેહ યાવત્ ચારિત્રધર્મમાં એક સમય. શેષ સ્ત્રીઓ સમાન કહેવું યાવત્ અંતર્દ્વીપકોની સ્થિતિ જાણવી.***

***દેવપુરુષોનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, ભવનવાસી દેવપુરુષોનું યાવત્ સહસ્રાર, જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ભગવન્ ! આનતદેવ-પુરુષોને કેટલા કાળનું અંતર હોય છે ? ગૌતમ ! જઘન્ય વર્ષ પૃથકત્વ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે યાવત્ ગ્રૈવેયક દેવપુરુષનું અનુત્તરોપપાતિક દેવપુરુષોનું જઘન્ય વર્ષ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ સાતિરેક સંખ્યાત સાગરોપમ.***

● વિવેચન-૬૩ :-

પુરુષ, પુરુષત્વથી પડીને ફરી કેટલા કાળે, તે પામે છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય પછી ફરી પુરુષત્વને પામે છે – જ્યારે કોઈ પુરુષ ઉપશમશ્રેણિ પામી ઉપશાંત પુરુષવેદમાં એક સમય જીવીને, પછી મરે, પછી નિયમથી દેવપુરુષોમાં ઉપજે છે. જો કે સ્ત્રી-નપુંસકને પણ શ્રેણિલાભ થાય, પણ તેઓ શ્રેણિએ ચડીને અવેદક ભાવ પછી મરીને શુભાધ્યાવસાયથી દેવપુરુષપણે ઉત્પન્ન થાય છે. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ - x - x - જાણવો.

હવે તિર્યક્ પુરુષ વિષયક અતિદેશ કહે છે – પૂર્વે જે તિર્યક્યોનિક સ્ત્રીનું અંતર કહ્યું, તે જ તિર્યંચયોનિક પુરુષોનું કહેવું. તે આ રીતે – *[વૃત્તિનો સંક્ષેપ કરેલ છે–]* સામાન્યથી જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાતપુદ્ગલ પરાવર્તન નામે વનસ્પતિકાળ. એ રીતે વિશેષથી જલચર-સ્થલચર-ખેચર પુરુષોનું અંતર પણ કહેવું.

હવે મનુષ્ય પુરુષત્વ વિષય અંતર પ્રતિપાદનાર્થે અતિદેશ કહે છે – મનુષ્ય સ્ત્રીની માફક મનુષ્ય પુરુષોનું અંતર કહેવું. તે આ રીતે – સામાન્યથી મનુષ્યપુરુષને ક્ષેત્રને આશ્રીને અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, ચારિત્રધર્મ આશ્રીને જઘન્યથી એક સમય, ચારિત્ર પરિમાણથી ભ્રષ્ટ થઈ સમયાંતરમાં ફરી પણ કોઈને ચારિત્રની પ્રતિપત્તિ સંભવે છે. ઉત્કૃષ્ટથી દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. આ રીતે ભરત, ઐરવત, પૂર્વ-પશ્ચિમવિદેહ પુરુષોની વક્તવ્યતા કહેવી.

સામાન્યથી અકર્મભૂમક મનુષ્યપુરુષને જન્મને આશ્રીને જઘન્ય અંતર ૧૦,૦૦૦ વર્ષ અંતર્મુહૂર્ત્તાધિક - અકર્મભૂમિમાં ઉત્પન્ન પુરુષ મરે, જઘન્ય સ્થિતિક દેવ થઈ, કર્મભૂમિમાં ઉત્પન્ન થઈ ફરી કોઈ અકર્મભૂમિમાં પુરુષરૂપે ઉપજે. - x - ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત ઈત્યાદિ - x - x - x - સ્ત્રીવત્ કહેવું.

આ પ્રમાણે હૈમવત-હૈરણ્યવત આદિ કર્મભૂમિમાં જન્મથી અને સંહરણથી જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર અંતર્દ્વીપજ સુધી કહેવું.

હવે દેવપુરુષના અંતરને કહે છે – જઘન્યથી અંતર્મુહૂર્ત. દેવ ભવથી ચ્યવીને

ગર્ભજ મનુષ્યમાં ઉપજી પર્યાપ્તિ પૂરી કરી, તથાવિધ અધ્યવસાય મરણથી ફરી કોઈ દેવપણે ઉપજે. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. આ પ્રમાણે અસુરકુમારથી સહસ્રાર દેવ સુધી કહેવું. આનતદેવનું અંતર જઘન્યથી વર્ષપૃથક્ત્વ. - x - x - આનતાદિમાં ઉત્પત્તિ નિયમા ચારિત્રથી પામે. ચારિત્ર આઠમે વર્ષે મળે, તેથી જઘન્યથી વર્ષ પૃથક્ત્વ કહ્યું. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે ગ્રૈવેયક દેવ સુધી કહેવું. અનુત્તર-ઉપપાતિક દેવ પુરુષનું જઘન્ય અંતર વર્ષપૃથકત્વ, ઉત્કૃષ્ટ સાતિરેક સંખ્યાત સાગરોપમ. તેમાં <u>સંખ્યાત સાગરોપમ અન્ય વૈમાનિકોમાં સંખ્યેયવાર ઉત્પત્તિ અને સાતિરેક મનુષ્યભવ.</u> સામાન્યથી આ અપરાજિત સુધી જાણવું. સર્વાર્થસિદ્ધમાં એક જ વખત ઉત્પત્તિ થાય. બીજા કહે છે - x - x - વિજયાદિ ચારમાં બે સાગરોપમ કહ્યું છે.

હવે અલ્પબહુત્વ પાંચ પ્રકારે કહે છે —

**• સૂત્ર-૬૪ :-**

*અલ્પબહુત્વ સ્ત્રીઓની માફક યાવત્ હે ભગવન્! આ દેવપુરુષોમાં ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડાં વૈમાનિક દેવપુરુષો, તેથી ભવનપતિ દેવો અસંખ્યાતા, તેથી વ્યંતર દેવો અસંખ્યાતા, તેથી જ્યોતિષ્ક દેવપુરુષો સંખ્યાત-ગણા છે.*

*ભગવન્ ! આ તિર્યંચયોનિક પુરુષોમાં જલચર-સ્થલચર-ખેચરોના મનુષ્ય પુરુષો, કર્મભૂમક-અકર્મભૂમક-અંતર્દ્વીપક, દેવપુરુષોમાં ભવનવાસી-વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકોમાં સૌધર્મ યાવત્ સવાર્થસિદ્ધક દેવોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ?*

*ગૌતમ! સૌથી થોડાં અંતર્દ્વીપગ મનુષ્ય પુરુષો, દેવકુરુ-ઉત્તરકુરુ અકર્મભૂમક મનુષ્ય પુરુષો બંને સંખ્યાતગણા, હરિવર્ષ-રમ્યક્વર્ષ૰ પુરુષો બંને સંખ્યાતગણા, હેમવત-હેરણ્યવત૰ પુરુષો સંખ્યાતગણા, ભરત-ઐરવત કર્મભૂમગા બંને સંખ્યાતગણા, પૂર્વ-પશ્ચિમ વિદેહ૰ પુરુષો બંને સંખ્યાતગણા. તેથી અનુત્તરોપપાતિક દેવપુરુષો અસંખ્યાતગણા, ઉપરના ગ્રૈવેયકદેવો સંખ્યાતગણા, મધ્યમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગણા, હેઠ્ઠિમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગણા, તેથી અચ્યુતદેવો સંખ્યાતગણા યાવત્ આનત દેવો સંખ્યાતગણા, સહસ્રાર દેવો અસંખ્યાતગણા, તેનાથી મહાશુક્ર દેવો અસંખ્યાતગણા યાવત્ માહેન્દ્ર દેવો અસંખ્યાતગણા, સનત્કુમાર દેવો અસંખ્યાતગણા, ઈશાન દેવો અસંખ્યાતગણા, સૌધર્મ દેવો સંખ્યાતગણા, તેથી ભવનવાસી દેવો અસંખ્યાતગણા, ખેચરતિર્યંચ પુરુષો તેથી અસંખ્યાતગણા, સ્થલચર તિર્યંચયોનિકો સંખ્યાતગણા, જલચર તિર્યંચપુરુષો અસંખ્યાત-ગણા, વ્યંતર દેવો સંખ્યાતગણા, જ્યોતિષ્ક દેવો સંખ્યાતગણા છે.*

**• વિવેચન-૬૪ :-**

સૌથી થોડાં મનુષ્યો, સંખ્યાત કોડાકોડી પ્રમાણત્વથી, તેથી તિર્યંચપુરુષો



અસંખ્યાત ગણા-પ્રતરના અસંખ્યેયભાગવર્તી અસંખ્યાત શ્રેણિગત - આકાશપ્રદેશ રાશિ પ્રમાણત્વથી. તેથી દેવપુરુષો સંખ્યાતગણા, બૃહત પ્રતરરાશિ૰ થી - x - તિર્યંચ અને મનુષ્ય પુરુષોનું વક્તવ્ય, તેમની સ્ત્રી સમાન કહેવું.

હવે દેવપુરુષોનું અલ્પબહુત્વ કહે છે —

સૌથી થોડાં અનુત્તરોપપાતિક દેવો, ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યેય ભાગવર્ત્તી આકાશ પ્રદેશ રાશિ પ્રમાણત્વથી. તેનાથી ઉપરિતન ગ્રૈવેયકના દેવો સંખ્યાતગણા-બહુત્તર ક્ષેત્રથી૰ વિમાનના બહુલ્યથી. ઉપરના ગ્રૈવેયકમાં ૧૦૦ વિમાનો છે, પ્રતિ વિમાનમાં અસંખ્યાત દેવો છે. જેમ જેમ અધો-અધોવર્તી વિમાનો, તેમ-તેમ દેવોની પ્રચૂરતા હોય છે. તેથી - x - ઉપરિતન કરતા મધ્યમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગણા છે, તેથી અધસ્તન ગ્રૈવેયકના દેવો સંખ્યાતગણા, એ રીતે આરણ સુધી.

જો કે આરણ-અચ્યુતકલ્પો સમશ્રેણિક-<u>સમવિમાન</u> <u>સંખ્યક</u> છે, તો પણ કૃષ્ણપાક્ષિકો તથાસ્વાભાવ્ય પ્રાચુર્યથી, દક્ષિણ દિશામાં ઉપજે છે. તે કૃષ્ણ પાક્ષિકો કોણ છે ? જીવો બે ભેદે - કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિક. તેમાં જેનો કિંચિત્ ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત સંસાર છે તે શુક્લપાક્ષિકો, બીજા દીર્ઘસંસાર ભાગી તે કૃષ્ણપાક્ષિકો. તેથી શુક્લપાક્ષિકો થોડાં છે, અલ્પ સંસારીનું થોડું પ્રમાણ સંભવે છે. કૃષ્ણપાક્ષિકો અનંતાનંત દીર્ઘ સંસારીપણાથી ઘણાં છે. કૃષ્ણપાક્ષિકો પ્રાચુર્યથી દક્ષિણ દિશામાં તથા સ્વભાવપણાથી ઉપજે છે. પૂર્વાચાર્યોએ પણ કહેલ છે — કૃષ્ણ પાક્ષિકો દીર્ઘસંસાર ભાજી કહેવાય છે. તેઓ ઘણાં પાપોદયવાળા અને ક્રુરકર્મી છે. તેવા સ્વભાવથી આ ક્રુરકર્મપણું છે. તેના કારણે તદ્ભવ સિદ્ધિક પણ દક્ષિણ દિશામાં ઉપજે છે. નૈરયિક-તિર્યક્-મનુષ્ય-અસુરાદિ સ્થાનોમાં જાય છે. તેથી દક્ષિણદિશામાં પ્રચુરપણે કૃષ્ણપાક્ષિકોના સંભવથી ઉપજે છે —

અચ્યુતકલ્પ દેવપુરુષ અપેક્ષાએ આરણ દેવો સંખ્યેયગણાં છે, તેનાથી પ્રાણતકલ્પના દેવો સંખ્યાતગણા છે. તેનાથી આનતકલ્પના દેવો સંખ્યાતગણા છે. અહીં પણ પ્રાણતકલ્પની અપેક્ષાએ સંખ્યાત ગણત્વ કૃષ્ણપાક્ષિકોના દક્ષિણ દિશાના પ્રાચુર્યથી છે. આ અનુત્તર વિમાનવાસી આદિ આનત કલ્પવાસી પર્યન્ત દેવો પ્રત્યેક ક્ષેત્ર પલ્યોપમ-અસંખ્યાત ભાગવર્તી આકાશ પ્રદેશ રાશિ પ્રમાણ જાણવા. - x -

આનતકલ્પના દેવોથી સહસ્રારના દેવો અસંખ્યાતગણા છે, ઘનીકૃત લોકના એક પ્રાદેશિકતાથી શ્રેણિના અસંખ્યાતમાં ભાગમાં જેટલા આકાશપ્રદેશ છે, તેટલા પ્રમાણત્વથી, તેનાથી મહાશુક્રકલ્પના દેવો અસંખ્યાતગણાં છે કેમકે બૃહત્તર શ્રેણી અસંખ્યેય ભાગ આકાશ પ્રદેશ રાશિ પ્રમાણત્વથી છે. વિમાન બાહુલ્યથી - ૬૦૦૦ વિમાન સહસ્રાર કલ્પમાં, ૪૦,૦૦૦ મહાશુક્રમાં, બીજા નીચે-નીચેના વિમાનવાસી દેવો બહુ-બહુતર છે. સહસ્રારકલ્પ દેવોથી મહાશુક્ર દેવો અસંખ્યાતગણા છે, તેનાથી લાંતક દેવો અસંખ્યાતગણા છે. તેનાથી બ્રહ્મલોક દેવો અસંખ્યાતગણા છે, તેનાથી માહેન્દ્રદેવો અસંખ્યાતગણાં છે અહીં બધે બૃહત્ આકાશ શ્રેણી અસંખ્યેયભાગ ગત

આકાશ પ્રદેશમાનત્વથી જાણવું. તેનાથી સનત્કુમારકલ્પ દેવો અસંખ્યાતગણા છે કેમકે વિમાનની બહુલતા છે. ઈત્યાદિ - x - x - x - સનતકુમાર દેવોથી ઈશાન દેવો અસંખ્યાતગણા, અંગુલ માત્ર ક્ષેત્ર પ્રદેશ રાશિ સંબંધી બીજું વર્ગમૂળ, ત્રીજા વર્ગમૂળથી ગુણતા જેટલી પ્રદેશરાશિ છે તેટલી સંખ્યામાં ઘનીકૃત્ લોકની એક પ્રાદેશિક શ્રેણીમાં જેટલાં આકાશપ્રદેશો છે તેના બત્રીશમાં ભાગ પ્રમાણથી. તેમનાથી સૌધર્મ દેવો સંખ્યાતગણાં છે. કેમકે વિમાનની બહુલતા છે. સૌધર્મકલ્પ દક્ષિણ દિગ્‌વર્તી છે, તેથી ઘણાં કૃષ્ણપાક્ષિકો ઉપજે છે. - x - x - x - પ્રજ્ઞાપના આદિ બધામાં આમ કહ્યું છે.

સૌધર્મદેવોથી ભવનવાસી દેવો અસંખ્યાતગણાં છે, અંગુલ માત્ર ક્ષેત્ર પ્રદેશ રાશિ સંબંધી પહેલાં વર્ગમૂળમાં, બીજા વર્ગમૂળથી ગુણતા જેટલાં પ્રદેશ રાશિ ઉપજે, તેટલી સંખ્યામાં ઘનીકૃત્ લોકના એક પ્રાદેશિકી શ્રેણિમાં જેટલા આકાશપ્રદેશો છે, તેમાં જેટલો બત્રીશમો ભાગ છે, તેટલા પ્રમાણથી. તેનાથી વ્યંતર દેવો અસંખ્યાતગણા છે. - x - તેનાથી જ્યોતિષ્પુરુષ સંખ્યાતગણાં છે. - x -

હવે પાંચમું અલ્પ બહુત્વ - સૌથી થોડાં અંતર્દ્વીપક મનુષ્ય પુરુષો, કેમકે ક્ષેત્ર નાનું છે. તેનાથી દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્ય પુરુષો સંખ્યાતગણા છે, ક્ષેત્રના બહુપણાથી સ્વસ્થાને બંને તુલ્ય છે. તેનાથી હરિવર્ષ-રમ્યક્‌વર્ષના પુરુષો સંખ્યાતગણા, તેનાથી હૈમવત-હૈરણ્યવત્‌ના મનુષ્યપુરુષો સંખ્યાતગણા છે – બંનેમાં ક્ષેત્ર બહુલતા કારણરૂપ છે. તે બંને સ્વસ્થાને તુલ્ય છે. તેનાથી ભરત-ઐરવત કર્મભૂમક પુરુષો સંખ્યાતગણા છે, અજિતસ્વામી કાળે ઉત્કૃષ્ટ પદમાં અને સ્વભાવથી જ ભરત ઐરવતમાં મનુષ્યોનું પ્રાચુર્ય સંભવે છે. તે બંને સ્વસ્થાનથી પરસ્પર તુલ્ય છે. તેનાથી પૂર્વ-પશ્ચિમ વિદેહના મનુષ્ય પુરુષો સંખ્યાતગણાં છે, ક્ષેત્ર બાહુલ્ય અને સ્વભાવથી જ મનુષ્ય પુરુષોનું પ્રાચૂર્ય સંભવે છે. સ્વસ્થાનમાં બંને તુલ્ય છે.

તેનાથી અનુત્તરોપપાતિક દેવો અસંખ્યાતગણા છે. ક્ષેત્ર પલ્યોપમ અસંખ્યેય ભાગવર્તી આકાશ પ્રદેશ પ્રમાણત્વથી. પછી ઉપરની ગ્રૈવેયક-પછી મધ્યમ ગ્રૈવેયક-પછી નીચેની ગ્રૈવેયકથી છેક આનતકલ્પના દેવપુરુષો સુધી અનુક્રમે સંખ્યાતગણા છે. પછી સહસ્રારકલ્પ, પછી લાંતકકલ્પથી ઈશાનકલ્પ સુધી અસંખ્યાતગણાં છે. તેનાથી સૌધર્મના દેવો સંખ્યાતગણાં છે, તેથી ભવનવાસી દેવો અસંખ્યાતગણાં છે, ભાવના બધે જ પૂર્વવત્ કહેવી.

તેનાથી ખેચર તિર્યંચ પુરુષો અસંખ્યાતગણાં છે, પ્રતર અસંખ્યાતભાગવર્તી અસંખ્યાત શ્રેણિગત આકાશપ્રદેશ રાશિ પ્રમાણથી. તેમનાથી સ્થલચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણાં, તેનાથી જલચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણાં, યુક્તિ પૂર્વવત્. તેનાથી વ્યંતર પુરુષો સંખ્યાતગણાં, સંખ્યાત યોજન કોટી પ્રમાણ એક પ્રાદેશિક શ્રેણિ માત્ર ખંડ, જેટલાં એક પ્રતરમાં થાય છે, તેના બત્રીશમાં ભાગ પ્રમાણથી. તેનાથી જ્યોતિષ્ક દેવો સંખ્યાતગણાં છે.



**• સૂત્ર-૬૫ :-**

***ભગવન્ ! પુરુષવેદ કર્મની કેટલો કાળ બંધ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય આઠ સંવત્સર, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ કોડાકોડી. ૧૦૦૦ વર્ષ અબાધા, અબાધાકાળ રહિત સ્થિતિ કર્મનિષેક છે. ભગવન્ ! પુરુષવેદ કેવા પ્રકારે છે ? ગૌતમ ! વન દવાગ્નિ જ્વાલા સમ.***

**• વિવેચન-૬૫ :-**

પુરુષવેદની જઘન્યથી આઠ વર્ષ, કેમકે તેનાથી ઓછી સ્થિતિના પુરુષવેદ બંધ યોગ્ય અધ્યવસાય હોતા નથી. ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ આદિની વ્યાખ્યા પૂર્વવત્. આ પુરુષવેદ દવાગ્નિ જ્વાળા સમાન પ્રારંભમાં તીવ્ર કામ દાહ યુક્ત.

**• સૂત્ર-૬૬ :-**

***તે નપુંસકો કેટલા છે ? ત્રણ ભેદે છે – નૈરયિક નપુંસક, તિર્યંચયોનિક નપુંસક, મનુષ્ય યોનિક નપુંસક. તે નૈરયિકનપુંસક શું છે ? તે સાત ભેદે છે – રત્નપ્રભા પૃથ્વી નૈરયિક નપુંસક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસક. તે આ નૈરયિક નપુંસક કહ્યા.***

***તે તિર્યંચયોનિક નપુંસક શું છે ? પાંચ ભેદે - એકેન્દ્રિય તિર્યંચ નપુંસક યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો છે. એકેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકો કેટલા છે ? પાંચ ભેદે - પૃથ્વી યાવત્ વાયુકાયિક. - x - બેઈન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકો ? અનેક ભેદે છે. એ રીતે તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિયો પણ જાણવા. તે પંચેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકો કેટલા છે ? ત્રણ ભેદે – જલચર, સ્થલચર, ખેચર. તે જલચરો કેટલા ભેદે છે ? તે આશાલિક સિવાયના પૂર્વોક્ત ભેદો જાણવા. - x -***

***તે મનુષ્ય નપુંસકો શું છે ? ત્રણ ભેદે છે – કર્મભૂમક, અકર્મભૂમક, અંતર્દ્વીપક. ભેદો યાવત્ કહેવા.***

**• વિવેચન-૬૬ :-**

નપુંસકો ત્રણ ભેદે કહ્યા છે – નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય નપુંસકો. નૈરયિક નપુંસકો કેટલા છે ? પૃથ્વીભેદથી સાત પ્રકારે - રત્નપ્રભા આદિ પૃથ્વી નૈરયિક નપુંસકો. તિર્યંચયોનિક નપુંસકો પાંચ ભેદે કહ્યા છે – એકેન્દ્રિયાદિ તિર્યંચ યોનિકનપુંસકો. એકેન્દ્રિય નપુંસકો પાંચ ભેદે કહ્યા છે – પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યગ્‌યોનિક નપુંસકો. ભગવન્ ! બેઈન્દ્રિય તિર્યંચ નપુંસકો કેટલા છે ? ગૌતમ ! અનેકવિધ. પુલાકૃમિક આદિ પૂર્વવત્ કહેવા. ચતુરિન્દ્રિય સુધી કહેવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો ત્રણ ભેદે કહ્યા છે – જલચર, સ્થલચર, ખેચર. આ પૂર્વવત્ ભેદસહિત કહેવા. તે મનુષ્ય નપુંસકો ત્રણ ભેદે કહ્યા છે – કર્મભૂમક, અકર્મભૂમક-અંતર્દ્વીપક. આ બધાં પૂર્વવત્ પ્રભેદો સહિત કહ્યા. ભેદો

કહ્યા. હવે સ્થિતિ પ્રતિપદનાર્થે કહે છે –

● સૂત્ર-૬૭ :-

*ભગવન્ ! નપુંસકોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ. ભગવન્ ! નૈરયિક નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ. બધાં નારકોની સ્થિતિ અહીં કહેવી.*

*ભગવન્ ! તિર્યંચયોનિક નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. એકેન્દ્રિય તિર્યંચ નપુંસકની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષ, ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ. બધાં એકેન્દ્રિય નપુંસકોની સ્થિતિ કહેવી. બેઈન્દ્રિયથી ચઉરિન્દ્રિયની સ્થિતિ કહેવી.*

*ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકોની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. આ પ્રમાણે જલચર તિર્યંચ, ચતુષ્પદ-સ્થલચર, ઉરગ પરિસર્પ, ભુજગ પરિસર્પ, ખેચર તિર્યંચ૦ બધાંને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી.*

*ભગવન્ ! મનુષ્ય નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. ધર્મચરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. કર્મભૂમજ ભરત-ઐરવત-પૂર્વવિદેહ-પશ્ચિમવિદેહ મનુષ્ય નપુંસકની પણ તેમજ. ભગવન્ ! અકર્મભૂમગ મનુષ્યનપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી, એ પ્રમાણે અંતર્દ્વીપક સુધી કહેવું.*

*ભગવન્ ! નપુંસક, નપુંસકપણે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ભગવન્ ! નૈરયિક નપુંસક ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ એ પ્રમાણે [પ્રત્યેક] નરકપૃથ્વીની સ્થિતિ જાણવી.*

*ભગવન્ ! તિર્યંચયોનિક નપુંસકની સ્થિતિ ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. આ પ્રમાણે એકેન્દ્રિય નપુંસકની, વનસ્પતિકાયિકની પણ એમજ જાણવી. બાકીનાની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ - અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી અને ક્ષેત્રથી અસંખ્યાત લોક. બે-ત્રણ-ચાર ઈન્દ્રિય નપુંસકોની જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સ્થિતિ છે.*

*ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકની સ્થિતિ ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ. આ પ્રમાણે જલચર તિર્યંચ-ચતુષ્પદ,*



*સ્થલચર, ઉરગપરિસર્પ, ભુજગપરિસર્પ, મહોરગોને પણ કહેવા. - - - ભગવન્ ! મનુષ્ય નપુંસકને ? ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ. ધર્મચરણને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. આ પ્રમાણે કર્મભૂમક, ભરત-ઐરવત-પૂર્વ પશ્ચિમ વિદેહમાં પણ કહેવું.*

*ભગવન્ ! અકર્મભૂમક મનુષ્ય નપુંસક ? જન્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ મુહૂર્ત્ત પૃથક્ત્વ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. એ રીતે અંતર્દ્વીપક સુધી.*

*ભગવન્ ! નપુંસકને કેટલા કાળનું અંતર હોય ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક શત સાગરોપમ પૃથકત્વ. નૈરયિક નપુંસકને કેટલા કાળનું અંતર હોય ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. રત્નપ્રભા પૃથ્વી આદિ નૈરયિકોનું પણ એમજ જાણવું.*

*તિર્યંચયોનિક નપુંસકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમશત પૃથકત્વ. એકેન્દ્રિય૦ નપુંસકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૨૦૦૦ સાગરોપમ, સંખ્યાત વર્ષો અધિક. પૃથ્વી-અપ્-તેઉ-વાયુનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. વનસ્પતિકાયિકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ અસંખ્યાત લોક. બાકીના બેઈન્દ્રિયાદિનું યાવત્ ખેચર, જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.*

*મનુષ્ય નપુંસકનું ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ચારિત્ર ધર્મને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ. યાવત્ દેશોન અર્દ્ધપુદ્ગલ પરાવર્ત્ત, એ પ્રમાણે કર્મભૂમકનું પણ. ભરત-ઐરવત, પૂર્વ-પશ્ચિમ વિદેહનું પણ છે.*

*ભગવન્ ! અકર્મભૂમક મનુષ્ય નપુંસકનું કેટલો કાળ ? જન્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અંતર્દ્વીપક સુધી.*

● વિવેચન-૬૭ :-

નપુંસકમાં અંતર્મુહૂર્ત્ત સ્થિતિ તિર્યંચ મનુષ્ય અપેક્ષાએ જાણવી. તેત્રીશ સાગરોપમ સાતમી નારકપૃથ્વી અપેક્ષાએ જાણવા. આ સ્થિતિ સામાન્યથી કહી. વિશેષ વિચારણા- નૈરયિક નપુંસક વિષયક-સામાન્યથી જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. વિશેષથી રત્નપ્રભા પૃથ્વી નૈરયિક નપુંસકની સ્થિતિ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી એક સાગરોપમ. શર્કરાપૃથ્વીનૈરયિક નપુંસકની જઘન્યથી એક સાગરોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમ. એ રીતે પૂર્વ-પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ તે પછી-પછીની જઘન્ય સ્થિતિ જાણવી. ઉત્કૃષ્ટ સ્થિતિ આ રીતે – વાલુકાપ્રભા૦ સાત સાગરોપમ, પંકપ્રભા૦ દશ સાગરોપમ, ધૂમપ્રભા૦ ૧૭-સાગરોપમ, તમઃપ્રભા૦ ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટ-33-સાગરોપમ. ક્યાંક અતિદેશ છે - પ્રજ્ઞાપનાના સ્થિતિપદ મુજબ જાણવું.

સામાન્ય તિર્યંચયોનિક નપુંસકની સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ-પૂર્વકોટી. સામાન્યથી એકેન્દ્રિય૦ નપુંસકની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ-૨૨૦૦૦ વર્ષ. વિશેષથી પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ, અપ્‌કાયિક૦ ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષ, તેઉકાયિક૦ ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત્ર, વાયુકાયિક૦ ઉત્કૃષ્ટ ૩૦૦૦ વર્ષ, વનસ્પતિકાયિક૦ નપુંસકની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ.

બેઇન્દ્રિયતિર્યંચયોનિક નપુંસકની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૨-વર્ષ, તેઇન્દ્રિય૦ની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૪૯ અહોરાત્ર, ચઉરિન્દ્રિય૦ની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ છ માસ. સામાન્યથી પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોટી.

સામાન્યથી મનુષ્ય નપુંસકની ઉત્કૃષ્ટ પૂર્વકોટી. કર્મભૂમક મનુષ્ય નપુંસકની ક્ષેત્રને આશ્રીને ઉત્કૃષ્ટ પૂર્વકોટી. ચારિત્ર ધર્મ-બાહ્ય વેશ પરિકરિત પ્રવ્રજ્યા સ્વીકારીને જઘન્યથી અંતર્મુહૂર્ત, પછી મૃત્યુ પામે. ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી, જન્મ પછી આઠ વર્ષ બાદ દીક્ષા લેતા. આ પ્રમાણે જ ભરત, ઐરવત, વિદેહના નપુંસકને કહેવા. અકર્મભૂમક નપુંસકને જન્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત. અકર્મભૂમિમાં નપુંસક મનુષ્યો સંમૂર્છિમજ હોય, ગર્ભજ નહીં, કેમકે યુગલધર્મીને નપુંસકત્વનો અભાવ છે. સંમૂર્છિમમાં જઘન્યથી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત મોટું જાણવું. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી. તે ગર્ભથી નીકળતા જ સંહરણથી સંભવે છે, તે આમરણાંતપણાથી થાય. હૈમવત આદિ છ અકર્મભૂમિ અને અંતર્દ્વીપક નપુંસકમાં આ કથન જ કરવું.

હવે કાયસ્થિતિ - નપુંસક, નપુંસકત્વને છોડ્યા વિના કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ઉપશમ શ્રેણિથી પડીને નપુંસક વેદોદયના સમય પછી મરણ થાય. મરીને દેવોત્પાદથી પુંવેદોદય પામે. વનસ્પતિકાળ-આવલિકા સંખ્યેય ભાગ ગત સમય રાશિ પ્રમાણ અસંખ્યેય પુદ્‌ગલ પરાવર્ત્ત પ્રમાણ. - - - નૈરયિક નપુંસક કાયસ્થિતિ વિચારણામાં સ્થિતિમાન મુજબ કહેવું. તેની ભવસ્થિતિ જ કાયસ્થિતિ છે.

સામાન્યથી તિર્યંચયોનિક નપુંસક કાયસ્થિતિ - જઘન્ય અંતર્મુહૂર્ત, પછી મરીને બીજી ગતિ કે વેદમાં સંક્રમે છે. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એકેન્દ્રિય તિર્યંચ નપુંસક પણ એ પ્રમાણે જ છે. વિશેષ વિચારણા - પૃથ્વીકાયિક૦ નપુંસકની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ-અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ. - x - આ પ્રમાણે અપ્-તેઉ-વાયુ૦ કાયસ્થિતિ પણ કહેવી. વનસ્પતિકાય, એકેન્દ્રિયવત્.

બેઇન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક કાયસ્થિતિ જઘન્ય-અંતર્મુહૂર્ત, ઉત્કૃષટ સંખ્યાતકાળ - તે સંખ્યાત હજાર વર્ષ જાણવા. એ રીતે તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય-તિર્યંચ યોનિક નપુંસકની કાયસ્થિતિ પણ કહેવી. પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકકાયસ્થિતિ-



જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોટિ પૃથકત્વ. તે નિરંતર સાત ભવ પૂર્વકોટિ આયુ નપુંસકત્વથી અનુભવતો જાણવો. પછી અવશ્ય તેને છોડે. આ પ્રમાણે જળચર-સ્થળચર-ખેચર નપુંસકોના વિષયમાં જાણવું.

સામાન્ય મનુષ્ય નપુંસક કાયસ્થિતિ આ રીતે જ કહેવી. કર્મભૂમક મનુષ્ય નપુંસકની ક્ષેત્રથી-જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોટિ પૃથકત્વ. ચારિત્રધર્મથી-જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ. આ પ્રમાણે ભરત, ઐરવત, વિદેહના નપુંસકોની કાયસ્થિતિ કહેવી. સામાન્યથી અકર્મભૂમક મનુષ્ય નપુંસક કાયસ્થિતિમાં જન્મને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પૃથકત્વ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી. આ પ્રમાણે હૈમવતાદિ છ અકર્મભૂમિ, અંતર્દ્વીપક મનુષ્ય નપુંસક કહેવા.

હવે અંતરને કહે છે — નપુંસક થઈ, નપુંસકત્વથી રહિત થઈ, ફરી કેટલા કાળે નપુંસક થાય ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ. પુરુષાદિકાળ આટલો જ સંભવે છે. સંચિટ્ઠણા-સાતત્યથી અવસ્થાન. - x - x - ભગવન્ ! નપુંસક, નપુંસકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય. પુરુષની સંચિટ્ઠણા અને નપુંસકનું અંતર ઉત્કૃષ્ટ સાગર પૃથક્ત્વ-પદૈકદેશમાં પદસમુદાયોપચારથી સાગરોપમશત પૃથકત્વ છે. તેથી નપુંસક અંતરઉત્કર્ષ પ્રતિપાદક આ અધિકૃત્ સૂત્ર કહ્યું.

સામાન્યથી નૈરયિક નપુંસકનું અંતર જઘન્યથી અંતર્ મુહૂર્ત. સાતમી નરકથી ઉદ્વર્તીને તંદુલ મત્સ્યાદિમાં અંતર્મુહૂર્ત્ત રહીને ફરી સાતમી નરકે જાય. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. નરકના ભવથી ઉદ્વર્તીને પરંપરાથી નિગોદમાં જઈને અનંતકાળ રહે.

સામાન્યથી તિર્યંચયોનિક નપુંસકનું અંતર-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાગરોપમ શત પૃથકત્વ સાતિરેક. વિશેષથી-એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકનું અંતર ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ. કેમકે ત્રસકાયની આટલી કાયસ્થિતિ છે પૃથ્વીકાયિક એકેન્દ્રિય નપુંસકનું અંતર ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે આ જ પ્રમાણે અપ્-તેઉ-વાયુ૦ નપુંસકનું પણ કહેવું. વનસ્પતિ૦ નપુંસકનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ - તે કાળથી અસંખ્યાત-ઉત્સર્પિણી-અવસર્પિણી, ક્ષેત્રથી અસંખ્યાતલોક. વનસ્પતિના ભવથી ચ્યવીને અન્યત્ર આટલો કાળ અવસ્થાન સંભવે. પછી સંસારી જીવ નિયમથી વનસ્પતિકાયિકમાં ઉત્પન્ન થાય.

બે થી પાંચ ઇન્દ્રિય તિર્યંચનપુંસક, જલચરાદિ તિર્યંચ નપુંસકોનું અંતર, સામાન્ય મનુષ્ય નપુંસકનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ છે, તે અનંતકાળ-વનસ્પતિકાળ છે. કર્મભૂમક મનુષ્ય નપુંસકનું અંતર ક્ષેત્રને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ, ચારિત્ર-ધર્મને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ. તે અનંતકાળ-અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંતલોક, દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્ત્ત. આ પ્રમાણે ભરત, ઐરવત, વિદેહ૦

મનુષ્ય નપુંસકનું અંતર કહેવું. અકર્મભૂમક મનુષ્ય નપુંસકનું જન્મને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. સંહરણથી જઘન્ય અંતર્મુહૂર્ત-કોઈ કર્મભૂમિજ મનુષ્યનપુંસક કોઈ અકર્મભૂમિમાં સંહરાઈ, કેટલા કાળ પછી તથાવિધ બુદ્ધિ પરાવર્તન ભાવથી ફરી કર્મભૂમિમાં સંહરાય તેમાં અંતર્મુહૂર્ત પછી ફરી અકર્મભૂમિમાં લવાય. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. આ પ્રમાણે હૈમવત આદિ બધી અકર્મભૂમિમાં કહેવું.

● **સૂત્ર-૬૮ :-**

*ભગવન્ ! આ નૈરયિક-તિર્યચ-મનુષ્ય નપુંસકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા મનુષ્ય નપુંસકો, નૈરયિકનપુંસક અસંખ્યાતગણા, તિર્યંચ૦ અનંતગણા છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભા૦ યાવત્ અધઃસપ્તમી૦ નૈરયિક નપુંસકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા અધઃસપ્તમી પૃથ્વીનૈરયિક નપુંસક છે. છઠ્ઠી પૃથ્વીના૦ અસંખ્યાતગણા, યાવત્ બીજી પૃથ્વી૦ના અસંખ્યાતગણા છે. તેનાથી રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસક અસંખ્યાતગણા છે.*

*ભગવન્ ! આ તિર્યંચયોનિક નપુંસકોમાં એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકોમાં પૃથ્વીકાયિક૦ યાવત્ વનસ્પતિકાયિક૦, બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિય તિર્યંચ નપુંસક, જલચર-સ્થલચર-ખેચર૦ આ બધામાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં ખેચર તિર્યંચનપુંસકો છે, સ્થલચર તિર્યંચનપુંસક સંખ્યાતગણાં, જલચર તિર્યંચ નપુંસક સંખ્યાતગણાં, ચઉરિન્દ્રિય૦ વિશેષ અધિક, તેઈન્દ્રિય૦ વિશેષાધિક, બેઈન્દ્રિય વિશેષાધિક, તેઉકાયિક એકેન્દ્રિય તિર્યંચ અસંખ્યાતગણા, પૃથ્વીકાયિક૦ વિશેષાધિક, એ પ્રમાણે અપ્-વાયુ-વનસ્પતિ૦ તિર્યંચનપુંસક અનંતગણા છે.*

*ભગવન્ ! આ મનુષ્યનપુંસકોમાં કર્મભૂમિક-અકર્મભૂમિક-અંતર્દ્વીપકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા અંતર્દ્વીપક અકર્મભૂમક નપુંસકો છે. દેવકુરુ-ઉત્તરકુરુજા૦ બંને સંખ્યાતગણા, એ પ્રમાણે યાવત્ પૂર્વ-પશ્ચિમ વિદેહકર્મભૂમિજા મનુષ્ય નપુંસકો બંને સંખ્યાતગણા છે.*

*ભગવન્ ! આ નૈરયિક નપુંસકોમાં રત્નપ્રભા૦ યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકો, તિર્યંચયોનિક નપુંસકોમાં-એકેન્દ્રિય તિર્યંચયોનિકોમાં પૃથ્વીકાયિક૦ યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકો, બે-ત્રણ-ચાર ઈન્દ્રિયો૦ પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકોમાં જલચર-સ્થલચર-ખેચર૦, મનુષ્ય નપુંસકોમાં કર્મભૂમિજા-અકર્મભૂમિજા-અંતર્દ્વીપકા૦ નપુંસકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ?*

*ગૌતમ ! સૌથી થોડાં અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકો છે, છઠ્ઠી પૃથ્વી૦ અસંખ્યાતગુણા યાવત્ બીજી પૃથ્વી૦ અસંખ્યાતગુણા અંતર્દ્વીપક મનુષ્ય નપુંસક અસંખ્યાતગણા. દેવકુરુ-ઉત્તરકુરુ૦ નપુંસકો બંને સંખ્યાતગણા યાવત્ પૂર્વ-પશ્ચિમવિદેહ૦ મનુષ્ય નપુંસકો બંને સંખ્યાતગણા, રત્નપ્રભા૦ નૈરયિક અસંખ્યાતગણા, ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો અસંખ્યાતગણા, સ્થલચર૦ સંખ્યાતગણા, જલચર૦ સંખ્યાતગણા, ચઉરિન્દ્રિય૦ વિશેષાધિકા, તેઈન્દ્રિય૦ વિશેષાધિકા, બેઈન્દ્રિય વિશેષાધિકા, તેઉકાયિક૦ અસંખ્યાતા, પૃથ્વીકાયિક૦ વિશેષાધિક, અપ્કાયિક૦ વિશેષાધિક, વાયુકાયિક૦ વિશેષાધિક, વનસ્પતિકાયિક૦ અનંતગુણા.*



● **વિવેચન-૬૮ :-**

સૌથી થોડાં મનુષ્ય નપુંસકો છે. શ્રેણીના અસંખ્યાત ભાગવર્તી પ્રદેશોની રાશિ પ્રમાણ છે. તેથી નૈરયિક નપુંસક અસંખ્યાતગણા છે. અંગુલ ક્ષેત્રની પ્રદેશરાશિના પ્રથમ વર્ગને દ્વિતીય વર્ગમૂળથી ગુણિત કરતા જે પ્રદેશરાશિ હોય છે, તેની બરાબર ઘનીકૃત્ લોકની એક પ્રાદેશિક શ્રેણીઓમાં જેટલા આકાશ પ્રદેશની બરાબર છે. તેનાથી તિર્યંચયોનિક નપુંસકો અનંતગુણા છે, કેમકે નિગોદના જીવો અનંત છે.

નૈરયિક નપુંસકોમાં - સૌથી થોડાં અધઃસપ્તમી નૈરયિક નપુંસકો છે. તેનાથી છઠ્ઠી પૃથ્વીના અસંખ્યાતગણાં છે, તેથી પાંચમીના યાવત્ બીજી પૃથ્વીના નપુંસક નૈરયિકો એક-એકથી અસંખ્યાતગણા છે. કેમકે બધાં પૂર્વ-પૂર્વ નૈરયિક પરિમાણ હેતુ શ્રેણી અસંખ્યાતભાગ અપેક્ષાથી અસંખ્યાત-અસંખ્યાતગુણ શ્રેણીના ભાગવર્તી નભઃપ્રદેશ રાશિ પ્રમાણ છે. બીજીથી પહેલી પૃથ્વીના નૈરયિકનપુંસક અસંખ્યાતગણા છે. તેનું કારણ - x - આકાશપ્રદેશ છે. - x -

પ્રત્યેક પૃથ્વીના પૂર્વ-ઉત્તર-પશ્ચિમ દિશાના નૈરયિક સર્વથી થોડાં છે, તેથી દક્ષિણદિશાના નૈરયિક અસંખ્યાતગણા છે. પૂર્વ-પૂર્વની પૃથ્વીઓની દક્ષિણ દિશાના નૈરયિક નપુંસકોની અપેક્ષા પશ્ચાનુપૂર્વીથી આગળ-આગળ પૃથ્વીઓમાં ઉત્તર અને પશ્ચિમ દિશામાં રહેલ નૈરયિક નપુંસક અસંખ્યાતગણા અધિક છે, પ્રજ્ઞાપનામાં તે કહ્યું છે. *[વૃત્તિકારશ્રીએ પ્રજ્ઞાપનાનો પાઠ આપેલ છે, તેનો સંક્ષેપ ઉપર કર્યો છે.]*

હવે તિર્યંચયોનિક નપુંસક વિષય અલ્પબહુત્વ કહે છે સૌથી થોડાં ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો-પ્રતર અસંખ્યેય ભાગવર્તી અસંખ્યાત શ્રેણિગત આકાશ પ્રદેશરાશિ પ્રમાણત્વથી. તેનાથી સ્થલચર તિર્યંચનપુંસક સંખ્યાતગણા, તેનાથી જલચર તિર્યંચનપુંસક સંખ્યાતગણા, - x - તેનાથી ચઉરિન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષાધિક, - x - તેનાથી તેઈન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષાધિક છે, તેનાથી બેઈન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષાધિક, તેનાથી તેઈન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષાધિક છે, તેનાથી બેઈન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષાધિક, - x - તેનાથી તેઉકાયિક૦ નપુંસક અસંખ્યાતગણા છે. કેમકે સૂક્ષ્મ-બાદર ભેદથી તેના અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પરિમાણત્વ છે. તેનાથી પૃથ્વીકાયિક૦ નપુંસક વિશેષ-અધિક છે, પ્રભુત અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણત્વથી છે. તેનાથી અપ્કાયિક૦ નપુંસક વિશેષાધિક છે - x - તેનાથી વાયુકાયિક૦ નપુંસક વિશેષાધિક છે. - x - તેનાથી વનસ્પતિકાયિક

એકેન્દ્રિય તિર્યંચ નપુંસકો વિશેષાધિક છે. કેમકે અનંત લોકાકાશ પ્રદેશરાશિ પ્રમાણ છે.

હવે મનુષ્ય નપુંસકનું અલ્પબહુત્વ-સૌથી થોડાં અંતર્ દ્વીપજ મનુષ્ય નપુંસકો છે, તે સંમૂર્છજનજ જાણવા. ગર્ભજ નપુંસકો અસંભવ છે. તેથી દેવકુરુ-ઉત્તરકુરુ નપુંસક સંખ્યાતગણા છે. - x - સ્વસ્થાને આ બંને તુલ્ય છે. તેનાથી હરિવર્ષ-રમ્યક્ વર્ષ નપુંસકો સંખ્યાતગુણા, સ્વસ્થાને તુલ્ય. તેથી હૈમવત-હૈરણ્યવતના નપુંસકો સંખ્યાતગણા, સ્વસ્થાને બંને તુલ્ય છે. તેથી ભરત-ઐરવત નપુંસકો સંખ્યાતગણા. તેથી પૂર્વ-પશ્ચિમ વિદેહ નપુંસકો સંખ્યાતગણા છે.

હવે નૈરયિક-તિર્યંચ-મનુષ્યોનું અલ્પબહુત્વ-સૌથી થોડા સાતમી નરકના નપુંસકો છે. તેનાથી છઠ્ઠી-પાંચમી-ચોથી-ત્રીજી-બીજી પૃથ્વીના નૈરયિક નપુંસક અનુક્રમે અસંખ્યાતગણા છે. બીજી પૃથ્વી૦ નપુંસકોથી અંતર્દ્વિપજ મનુષ્ય નપુંસક અસંખ્યાતગણાં છે. આ અસંખ્યેય ગુણત્વ સંમૂર્છનજ મનુષ્ય અપેક્ષાએ છે. તેનાથી દેવકુરુ-ઉત્તરકુરુ૦ મનુષ્ય નપુંસકો, હરિવર્ષ-રમ્યક્વર્ષ૦ નપુંસકો, હૈમવત-હૈરણ્યવત૦નપુંસકો, ભરત-ઐરવત૦ નપુંસકો, પૂર્વ-પશ્ચિમ વિદેહ૦ નપુંસકો અનુક્રમે સંખ્યાતગણાં છે. સ્વસ્થાનમાં બંને તુલ્ય છે.

પૂર્વ-પશ્ચિમ વિદેહ૦ નપુંસકોથી આ પ્રત્યક્ષ ઉપલભ્યમાન રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા છે. તેનાથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો અસંખ્યાતગણા છે, તેનાથી સ્થલચર૦ જલચર૦ નપુંસકો અનુક્રમે સંખ્યાતગણાં છે. જલચર૦ નપુંસકથી ચાર-ત્રણ-બેઈન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષાધિક છે. બેઈન્દ્રિય૦નપુંસકથી તેઉકાયિક૦નપુંસકો અસંખ્યાતગણાં છે, તેનાથી પૃથ્વી-અપ્-વાયુ તિર્યંચ નપુંસકો અનુક્રમે વિશેષાધિક છે. વાયુ૦ નપુંસકથી વનસ્પતિ૦ નપુંસક અનંતગણા છે. યુક્તિ પૂર્વવત્. - હવે નપુંસક બંધસ્થિતિ —

● **સૂત્ર-૬૯ :-**

*ભગવન્ ! નપુંસકવેદ કર્મની કેટલા કાળની બંધસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી બે સપ્તમાંશ સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન. ઉત્કૃષ્ટ વીશ સાગરોપમ કોડાકોડી. ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. આ અબાધાકાળહીન કર્મસ્થિતિ તે કર્મનિષેક છે. ભગવન્ ! નપુંસક વેદ કેવા પ્રકારે છે ? ગૌતમ ! મહાનગરના દાહ સમાન કહ્યો છે.*

● **વિવેચન-૬૯ :-**

નપુંસકવેદ કર્મની૦ ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ આ - મહા નગર દાહ સમાન, સર્વ અવસ્થા - સર્વપ્રકારે કામ દાહ સમાન છે.

હવે અલ્પબહુત્વ આઠ પ્રકારે કહે છે — તે નીચે મુજબ.

● **સૂત્ર-૭૦ :-**

*ભગવન્ ! આ સ્ત્રી, પુરુષ, નપુંસકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા પુરુષો છે, તેનાથી સ્ત્રીઓ સંખ્યાતગણી*



*છે, તેનાથી નપુંસકો અનંતગણા છે.*

*ભગવન્ ! આ તિર્યંચોના સ્ત્રી-પુરુષ-નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી ઓછા તિર્યંચ પુરુષો છે, તિર્યંચ સ્ત્રીઓ અસંખ્યાતગણી, તેથી અનંતગણા તિર્યંચ નપુંસકો છે.*

*ભગવન્ ! આ મનુષ્યોના સ્ત્રી-પુરુષ-નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! મનુષ્ય પુરુષો સૌથી થોડાં છે, તેનાથી મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતગણી છે, તેનાથી મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! આ દેવોના સ્ત્રી-પુરુષ, નૈરયિક નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી ઓછા નૈરયિક નપુંસકો છે, દેવ પુરુષો તેનાથી અસંખ્યાતગણા, દેવસ્ત્રીઓ તેનાથી સંખ્યાતગણી છે.*

*ભગવન્ ! આ તિર્યંચોની સ્ત્રી-પુરુષ-નપુંસકો, મનુષ્યોના સ્ત્રી-પુરુષ-નપુંસકો, દેવસ્ત્રી-પુરુષ, નૈરયિકનપુંસકોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી ઓછા મનુષ્યપુરુષો, મનુષ્યસ્ત્રી સંખ્યાતગણી, મનુષ્યનપુંસકો અસંખ્યાતગણા, નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા, તિર્યંચ પુરુષો અસંખ્યાતગણા, તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, દેવો અસંખ્યાતગણા, દેવીઓ સંખ્યાતગણી, તિર્યંચનપુંસકો અનંતગણા છે.*

*ભગવન્ ! આ તિર્યંચ સ્ત્રીઓમાં જલચરી, સ્થલચરી, ખેચરી, તિર્યંચપુરુષોમાં જલચર, સ્થલચર, ખેચર, તિર્યંચ નપુંસકોમાં - એકેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક નપુંસકો, બે-ત્રણ-ચાર ઈન્દ્રિય નપુંસકો, પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં-જલચર, સ્થલચર, ખેચરોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં ખેચર તિર્યંચ પુરુષો, ખેચર તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, જલચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, જલચર તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગણી, ખેચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો અસંખ્યાતગણા, સ્થલચર પંચેન્દ્રિયતિર્યંચ નપુંસકો સંખ્યાતગણા, જલચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો સંખ્યાતગણા, ચઉરિન્દ્રિયો૦ વિશેષાધિક, તેઈન્દ્રિયો૦ વિશેષાધિક, બેઈન્દ્રિયો વિશેષાધિક, તેઉકાયિક૦ અસંખ્યાતા, પૃથ્વીકાયિક૦ વિશેષાધિક, અપ્કાયિક૦ વિશેષાધિક, વાયુકાયિક વિશેષાધિક, વનસ્પતિકાયિક એકેન્દ્રિયતિર્યંચ યોનિક નપુંસકો અનંતગણા છે.*

*ભગવન્ ! આ મનુષ્ય સ્ત્રીઓમાં કર્મભૂમિકા-અકર્મભૂમિકા-અંતર્દ્વીપિકા, મનુષ્યપુરુષોમાં કર્મભૂમક-અકર્મભૂમક-અંતર્દ્વીપક, મનુષ્ય નપુંસકોમાં કર્મભૂમક-અકર્મભૂમક-અંતર્દ્વીપકોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! અંતર્દ્વીપક મનુષ્ય સ્ત્રી અને પુરુષો બંને તુલ્ય અને સૌથી થોડાં છે, દેવકુરુ-ઉત્તરકુરુ અકર્મભૂમક મનુષ્ય સ્ત્રી-પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા, હરિવર્ષ-રમ્યક્વર્ષ૦*

*મનુષ્ય સ્ત્રી-પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા, હેમવત-હેરણ્યવત્૦ મનુષ્ય સ્ત્રી-પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા, ભરત-ઐરવત૦ મનુષ્ય પુરુષો બંને સંખ્યાતગણા, ભરત-ઐરવત૦ મનુષ્ય સ્ત્રી બંને સંખ્યાત ગણી, પૂર્વ-પશ્ચિમ વિદેહ૦ મનુષ્ય પુરુષો બંને સંખ્યાતગણા, પૂર્વ-પશ્ચિમ વિદેહ૦ મનુષ્ય સ્ત્રી બંને સંખ્યાતગણી, અંતર્દ્વીપક મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણા, દેવકુરુ-ઉત્તરકુરુ૦ મનુષ્ય નપુંસકો બંને સંખ્યાતગણા, તે પ્રમાણે જ યાવત્ પૂર્વ-પશ્ચિમ વિદેહ૦ મનુષ્ય નપુંસકો સંખ્યાતગણા.*

*ભગવન્ ! આ દેવીસ્ત્રીઓમાં - ભવનવાસીણી, વ્યંતરી, જ્યોતિષ્કીણી, વૈમાનિકી, દેવપુરુષોમાં ભવનવાસી યાવત્ વૈમાનિકમાં સૌધર્મક યાવત્ ગ્રૈવેયક, અનુત્તરોપપાતિકા, નૈરયિક નપુંસકોમાં - રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અનુત્તરોપપાતિક દેવો, ઉપરી ગ્રૈવેયક દેવો સંખ્યાતગણા, યાવત્ તે રીતે આનત દેવો સંખ્યાતગણા, અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા, છટ્ઠી પૃથ્વી નૈરયિક૦ અસંખ્યાત ગણા, સહસ્રારદેવો અસંખ્યાતગણા, મહાશુક્ર દેવો અસંખ્યાતગણા, પાંચમી પૃથ્વી નૈરયિકો૦ અસંખ્યાતગણા, લાંતક દેવો અસંખ્યાતગણા, ચોથી પૃથ્વીનૈરયિક૦ અસંખ્યાતગણા, બ્રહ્મલોક દેવો અસંખ્યાતગણા, ત્રીજી પૃથ્વી નૈરયિક અસંખ્યાતગણા, માહેન્દ્ર દેવો અસંખ્યાતગણા, ઈશાન દેવો અસંખ્યાતગણા, ઈશાન દેવી સંખ્યાતગણી, અસંખ્યાતગણા, ભવનવાસી દેવી સંખ્યાતગણી, આ રત્નપ્રભા નૈરયિક૦ અસંખ્યાતગણા, વ્યંતર દેવો અસંખ્યાતગણા, વ્યતરદેવી સંખ્યાતગણી, જ્યોતિષ્ક દેવો સંખ્યાત ગણા, જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગણી છે.*

*ભગવન્ ! આ તિર્યંચસ્ત્રીઓમાં - જલચરી, સ્થલચરી, ખેચરી, તિર્યંચપુરુષોમાં — જલચર, સ્થલચર, ખેચરો, તિર્યંચનપુંસકોમાં એકેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક૦ નપુંસકો, બે-ત્રણ-ચાર ઈન્દ્રિય નપુંસકો, પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં — જલચર-સ્થલચર-ખેચર, મનુષ્યસ્ત્રીઓમાં — કર્મભૂમિકા, અકર્મભૂમિકા, અંતર્દ્વીપિકા, તથા મનુષ્યપુરુષોમાં કર્મભૂમિક-અકર્મભૂમિક-અંતર્દ્વીપક, મનુષ્ય નપુંસકોમાં કર્મભૂમિક-અકર્મભૂમિક-અંતર્દ્વીપક, દેવીમાં ભવનવાસિણી-વ્યંતરી-જ્યોતિષ્કી-વૈમાનિકી, દેવપુરુષોમાં ભવનવાસી-વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકોમાં સૌધર્મક યાવત્ ગ્રૈવેયક-અનુત્તરોપપાતિક, નૈરયિક નપુંસકોમાં રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ?*

*ગૌતમ ! અંતર્દ્વીપક અકર્મભૂમક મનુષ્ય સ્ત્રી-પુરુષો, બંને તુલ્ય અને સૌથી ઓછા છે. દેવકુરુ-ઉત્તરકુરુ૦ મનુષ્ય સ્ત્રી-પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે, એ રીતે હરિવર્ષ-રમ્યક્વર્ષ૦ હૈમવત્-હેરણ્યવત્૦ ભરત-ઐરવત મનુષ્ય પુરુષો*



*બંને સંખ્યાતગણા છે, ભરત-ઐરવત૦ મનુષ્ય સ્ત્રીઓ બંને સંખ્યાતગણા, પૂર્વ-પશ્ચિમ વિદેહ૦ મનુષ્યપુરુષો બંને સંખ્યાતગણા, પૂર્વ-પશ્ચિમવિદેહ૦ મનુષ્ય સ્ત્રીઓ બંને સંખ્યાતગણી, અનુત્તરોપપાતિક દેવો અસંખ્યાતગણા, ઉપરી ગ્રૈવેયક દેવો સંખ્યાતગણા યાવત્ આનત દેવો સંખ્યાતગણા, અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકો અસંખ્યાતગુણા, છટ્ઠી પૃથ્વીનૈરયિક૦ અસંખ્યાતગણા, સહસ્રાર દેવો અસંખ્યાતગણા, મહાશુક્ર દેવો અસંખ્યાતગણા, પાંચમી પૃથ્વી નૈરયિક અસંખ્યાતગણા, લાંતક દેવો અસંખ્યાતગણા, ચોથી પૃથ્વીનૈરયિક૦ અસંખ્યાતગણા, બ્રહ્મલોક દેવો અસંખ્યાતગણા, ત્રીજી પૃથ્વીનૈરયિક૦ અસંખ્યાતગણા, માહેન્દ્ર દેવો અસંખ્યાતગણા, સનત્કુમાર દેવો અસંખ્યાતગણા,*

*બીજી પૃથ્વી નૈરયિક૦ અસંખ્યાતગુણા, અંતર્દ્વીપક૦ મનુષ્ય નપુંસક અસંખ્યાતગણા, દેવકુરુ-ઉત્તરકુરુ૦ મનુષ્ય નપુંસકો સંખ્યાતગણા, એ પ્રમાણે યાવત્ વિદેહ૦ ઈશાન દેવો અસંખ્યાતગણા, ઈશાનદેવી સંખ્યાતગણી, સૌધર્મદેવો સંખ્યાતગણા, સૌધર્મદેવી સંખ્યાતગણી, ભવનવાસી દેવો અસંખ્યાતગણા, ભવનવાસી દેવી સંખ્યાતગણી, આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા, ખેચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, ખેચર તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગણી, સ્થલચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, સ્થલચર તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, જલચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, જલચર તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, વ્યંતર દેવો સંખ્યાતગણા, વ્યંતરદેવીઓ સંખ્યાતગણી, જ્યોતિષ્કદેવો સંખ્યાતગણા, જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગણી, ખેચર પંચેન્દ્રિયતિર્યંચ નપુંસકો સંખ્યાતગણા, સ્થલચર નપુંસકો સંખ્યાતગણા, જલચરનપુંસકો સંખ્યાતગણા, ચઉરિન્દ્રિયો વિશેષાધિક, તેઈન્દ્રિયો વિશેષાધિક, બેઈન્દ્રિયો વિશેષાધિક, તેઉકાયિકો૦ અસંખ્યાતગણા, પૃથ્વી૦ વિશેષાધિક, અપ્૦ વિશેષાધિક, વાયુકાયિક વિશેષાધિક, વનસ્પતિકાયિક૦ અનંતગુણા છે.*

**● વિવેચન-૭૦ :-**

**સૌથી ઓછા તિર્યંચ્ પુરુષો છે. તેનાથી તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણ-ત્રણ ગુણત્વથી છે. તેનાથી તિર્યંચ નપુંસકો અનંતગુણા છે. નિગોદ જીવોના અનંતત્વથી. - - હવે બીજું - - સૌથી થોડાં મનુષ્ય પુરુષો, સંખ્યેય કોડાકોડી પ્રમાણત્વથી. તેનાથી મનુષ્ય સ્ત્રી સંખ્યાતગુણ, ૨૭-ગણી હોવાથી. તેનાથી મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણા છે. - x -**

**હવે ત્રીજુ-સૌથી થોડાં નૈરયિક નપુંસક, અંગુલ માત્ર ક્ષેત્ર રાશિમાં સ્વપ્રથમ વર્ગમૂળથી ગુણતાં જે પ્રદેશ રાશિ પ્રમાણ ઘનીકૃત્ લોકના એક પ્રાદેશિકી શ્રેણી આકાશ પ્રદેશ પ્રમાણત્વથી. તેનાથી દેવો અસંખ્યેય ગુણા - x - તેનાથી દેવસ્ત્રીઓ સંખ્યાતગુણ, બત્રીશ ગુણત્વથી.**

**સકલ સન્મિશ્ર ચોથું - સૌથી થોડાં મનુષ્યપુરુષો, તેનાથી મનુષ્યસ્ત્રી સંખ્યાતગુણ,**

તેનાથી મનુષ્ય નપુંસક અસંખ્યાતગુણ, તેનાથી નૈરયિક નપુંસકો અસંખ્યાતગુણ - x - તેથી તિર્યંચપુરુષ અસંખ્યાતગણા - x - તેનાથી તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણ, ત્રિગુણત્વથી. તેનાથી દેવો સંખ્યાતગણા - x - તેનાથી દેવસ્ત્રી સંખ્યાતગુણ, બત્રીસગુણત્વથી. તેનાથી તિર્યંચ નપુંસક અનંતગુણ, નિગોદજીવના અનંતત્વથી.

હવે પાંચમું - સૌથી થોડા ખેચર પંચેન્દ્રિય તિર્યંચ પુરુષો, તેનાથી ખેચર તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગણી, તેનાથી સ્થલચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, તેનાથી તેમની સ્ત્રીઓ સંખ્યાતગણી, તેનાથી જલચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, તેનાથી તેની સ્ત્રીઓ સંખ્યાતગણી, તેનાથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો અસંખ્યાતગણા, તેનાથી સ્થલચર-જલચર તિર્યંચ નપુંસકો અનુક્રમે સંખ્યાતગણા, તેનાથી ચાર-ત્રણ-બે ઈન્દ્રિયો અનુક્રમે વિશેષાધિક, તેનાથી તેઉકાયિક અસંખ્યાતગણા, તેનાથી પૃથ્વી-અપ્-વાયુકાયિકા અનુક્રમે વિશેષાધિક છે, તેનાથી વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો અનંતગણા છે.

હવે છટ્ઠું-સૌથી થોડાં અંતર્દ્વીપક મનુષ્ય સ્ત્રી-પુરુષો છે, આ બંને પરસ્પર તુલ્ય છે, તેમાં સ્ત્રી-પુરુષોના યુગલધર્મપણાથી છે. તેનાથી દેવકુરુ-ઉત્તરકુરુક મનુષ્ય સ્ત્રી-પુરુષ સંખ્યાતગણા છે. સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. એ પ્રમાણે હરિવર્ષ-રમ્યક્ સ્ત્રી-પુરુષ, હૈમવત-હૈરણ્યવત્ સ્ત્રી-પુરુષો અનુક્રમે સંખ્યાતગણા છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. તેનાથી ભરત-ઐરવતના મનુષ્યો બંને સંખ્યાતગણા, સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેનાથી તેની સ્ત્રીઓ સંખ્યાતગણી, ૨૭-ગણી હોવાથી, સ્વસ્થાને પરસ્પર તુલ્ય. તેનાથી પૂર્વ-પશ્ચિમ વિદેહના પુરુષો બંને સંખ્યાતગણા અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય. તેનાથી તેની સ્ત્રીઓ સંખ્યાતગણી, પરસ્પર તુલ્ય. તેનાથી અંતર્દ્વીપ મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણા - શ્રેણી અસંખ્યેય ભાગગત આકાશ પ્રદેશ રાશિ પ્રમાણત્વથી. તેનાથી દેવકુરુ-ઉત્તરકુરુ મનુષ્ય નપુંસકો સંખ્યાત ગણા અને પરસ્પર તુલ્ય એ રીતે હરિવર્ષ-રમ્યક્ વર્ષ અને હૈમવત-હૈરણ્યવત મનુષ્યનપુંસકો અનુક્રમે કહેવા. તેનાથી ભરત-ઐરવત મનુષ્ય નપુંસકો સંખ્યાતગણા, સ્વસ્થાને તુલ્ય, તેનાથી પૂર્વ-પશ્ચિમ વિદેહ મનુષ્યનપુસંકો સંખ્યાતગણા, પરસ્પર તુલ્ય.

હવે સાતમું - સૌથી થોડાં અનુત્તરોપપાતિક દેવપુરુષો, તેનાથી ઉપરી-મધ્યમ-નીચેના ગ્રૈવેયકના-અચ્યુત-આરણ-પ્રાણત-આનત દેવો અનુક્રમે સંખ્યાતગણા, ઇત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું.

હવે આઠમું - સૌથી થોડાં અંતરદ્વીપક મનુષ્ય સ્ત્રી-પુરુષો સ્વસ્થાને બંને તુલ્ય-યુગલધર્મત્વથી, એ રીતે દેવકુરુ-ઉત્તરકુરુ, હરિવર્ષ-રમ્યક્વર્ષ, હૈમવત-હૈરણ્યવત્ના મનુષ્ય સ્ત્રી-પુરુષો અનુક્રમે સંખ્યાતગણા, પરસ્પરતુલ્ય. તેનાથી ભરત-ઐરવતના મનુષ્યપુરુષો બંને સંખ્યાતગણા, સ્વસ્થાને તુલ્ય. તેનાથી ભરત-ઐરવત મનુષ્યસ્ત્રી સંખ્યાતગણા, સ્વસ્થાને પરસ્પરતુલ્ય, તેનાથી પૂર્વ-પશ્ચિમ વિદેહના મનુષ્યપુરુષો બંને સંખ્યાતગણા [ઇત્યાદિ બધું સૂત્રાર્થમાં કહ્યા મુજબ હોવાથી અહીં વૃત્તિનો અનુવાદ





છોડી દીધેલ છે.] - x - x -

● **સૂત્ર-૭૧ :-**

***ભગવન્ ! સ્ત્રીઓની કેટલી કાયસ્થિતિ છે ? ગૌતમ ! એક અપેક્ષાએ ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. એ રીતે પુરુષ અને નપુંસક પણ જાણવા. સંચિટ્ઠણા પણ ત્રણેની પૂર્વવત્ કહેવી. અંતર પણ તેમજ છે.***

● **વિવેચન-૭૧ :-**

આ બધું પૂર્વે કહ્યા મુજબ જાણવું. જે કથન પહેલાં અલગ-અલગ પ્રકરણોમાં કરેલ, તે અહીં સમુદાયરૂપે છે, માટે પુનરુક્તિ દોષ નથી. હવે સ્ત્રી-પુરુષ-નપુંસકોનું અલ્પ બહુત્વ કહે છે — સ્ત્રી, પુરુષ, નપુંસકોમાં સૌથી ઓછા પુરુષો, સ્ત્રી આદિથી હીન સંખ્યાવાળા હોવાથી, તેનાથી સ્ત્રીઓ સંખ્યાતગણી, તેનાથી નપુંસકો અનંતગણા કેમકે એકેન્દ્રિયો અનંતાનંત સંખ્યાવાળા છે. હવે સ્ત્રીનું સ્વજાતિ પુરુષથી બહુત્વ—

● **સૂત્ર-૭૨,૭૩ :-**

***[૭૨] તિર્યંચ સ્ત્રીઓ, તિર્યંચ પુરુષોથી ત્રણગણી અને ત્રણરૂપ અધિક છે, મનુષ્ય સ્ત્રીઓ - મનુષ્ય પુરુષોથી ૨૭-ગણી અને ૨૭-રૂપ અધિક છે. દેવસ્ત્રી-દેવપુરુષોથી ૩૨-ગણી, ૩૨-રૂપ અધિક છે.***

***[૭૩] ત્રણ વેદરૂપ આ પ્રતિપત્તિમાં ભેદ, સ્થિતિ, સંચિટ્ઠણા, અંતર, અલ્પબહુત્વ, વેદોની બંધ સ્થિતિ, વેદોનો પ્રકાર કહ્યો. આ રીતે ત્રણ ભેદે સંસારી જીવોનું કથન કર્યું.***

● **વિવેચન-૭૨,૭૩ :-**

- x - x - વૃદ્ધાચાર્યોએ પણ ઉક્ત સૂત્રને બે ગાથામાં રજૂ કરીને કહ્યું છે - રાગદ્વેષને જિતનાર જિનેશ્વરોએ આમ કહ્યું છે.

પ્રતિપત્તિ ઉપસંહાર ગાથામાં કહ્યું — ત્રણ વેદે કથનમાં પહેલો અધિકાર ''ભેદ'' કહ્યો, પછી સ્થિતિ ઈત્યાદિ કહેલ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ✠ પ્રતિપત્તિ-૩-“ચતુર્વિધ” ✠

૦ — ૦ — ૦ — ૦ — ૦

૦ બીજી પ્રતિપત્તિ કહી, હવે ત્રીજી પ્રતિપત્તિ કહે છે —

● **સૂત્ર-૭૪ :-**

***તેમાં જે એમ કહે છે — સંસારી જીવો ચાર ભેદે કહ્યા છે, તે એમ કહે છે — નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ.***

● **વિવેચન-૭૪ :-**

તે દશ પ્રતિપત્તિઓમાં જે આચાર્યો એમ કહે છે કે — સંસારી જીવો ચાર ભેદે કહ્યા છે - તેઓ નૈરયિકાદિ ચાર ભેદ બતાવે છે.

## ❀ પ્રતિપત્તિ-૩-“નૈરયિક”-ઉદ્દેશો-૧ ❀

— x — x — x — x — x —

● **સૂત્ર-૭૫ થી ૮૦ :-**

***[૭૫] તે નૈરયિકો શું છે ? તે સાત ભેદે છે - પહેલી પૃથ્વી નૈરયિક, બીજી પૃથ્વી નૈરયિક યાવત્ સાતમી પૃથ્વી નૈરયિક.***

***[૭૬] ભગવન્ ! પહેલી પૃથ્વીનું શું નામ, શું ગોત્ર છે ? ગૌતમ ! નામ‘ધમ્મા’ છે. ગોત્ર રત્નપ્રભા છે - - ભગવન્ ! બીજી પૃથ્વીનું શું નામ, શું ગોત્ર છે ? ગૌતમ ! નામ‘વંસા’ ગોત્ર શર્કરાપ્રભા છે, એ રીતે આ આલાવાથી બધાંની પૃચ્છા કરવી નામો આ પ્રમાણે — ત્રીજી સેલા, ચોથી અંજના, પાંચમી રિષ્ઠા, છઠ્ઠી મઘા, સાતમી માઘવતી.***

***[૭૭] સાત પૃથ્વીના ક્રમશઃ નામ છે — ધર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી... [૭૮] સાત પૃથ્વીના ગોત્ર ક્રમશઃ છે — રત્ના, શર્કરા, વાલુકા, પંકા, ધૂમા, તમા, તમસ્તમા.***

***[૭૯] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી કેટલી મોટી છે ? ગૌતમ ! તે ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યથી છે. આ આલાવા મુજબ આમ જાણવું —***

***[૮૦] ક્રમશઃ સાતેનું બાહલ્ય એક લાખ ઉપરાંત એંશી, બત્રીશ, અઠ્ઠાવીશ, વીશ, અઢાર, સોળ, આઠ હજાર યોજન છે.***

● **વિવેચન-૭૫ થી ૮૦ :-**

આ નૈરયિકો સાત ભેદે છે — પહેલી પૃથ્વીના નૈરયિક ઈત્યાદિ. હવે પ્રત્યેક પૃથ્વીના નામ, ગોત્ર કહે છે. તેમાં - અનાદિકાળ સિદ્ધ અન્વર્થ રહિત તે નામ, સાન્વર્થ નામ તે ગોત્ર. તેના પ્રતિપાદન માટે કહે છે — અનાદિ કાળ પ્રસિદ્ધ અન્વર્થ રહિત નામ કયા છે ? અને અન્વર્થયુક્ત નામ [ગોત્ર] કયા છે ? નામથી ધર્મા, ગોત્રથી રત્નપ્રભા. અન્વર્થ આ રીતે — રત્નોનું બાહુલ્ય જ્યાં છે, તે રત્નપ્રભા. આ રીતે બાકીના સૂત્રો પ્રત્યેક પૃથ્વી પ્રશ્ન-ઉત્તર રૂપે કહેવી. વિશેષ આ - શર્કરાનું બાહુલ્ય જેમાં છે તે શર્કરાપ્રભા, ધૂમના જેવી પ્રભા તે ધૂમપ્રભા, તમસનું બાહુલ્ય જેમાં



છે તે તમઃપ્રભા, પ્રકૃષ્ટ તમઃપ્રભા, તે તમસ્તમપ્રભા.

કોઈક પુસ્તકમાં સંગ્રહણી ગાથા છે — જેમાં સાત પૃથ્વીના ધર્મા આદિ સાત નામો, રત્ના આદિ સાત ગોત્રોનો ઉલ્લેખ છે.

હવે પ્રત્યેક પૃથ્વીનું બાહુલ્ય - નામની અપેક્ષા ગોત્રની પ્રધાનતા છે, તેથી રત્નપ્રભાદિ ગોત્રના ઉલ્લેખથી પ્રશ્નોત્તર કરાયા છે. ભગવંતે કહ્યું — ૧,૮૦,૦૦૦ બાહલ્યથી છે. એ રીતે બધાં સૂત્રો કહેવા.

● **સૂત્ર-૮૧ :-**

***ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે — ખરકાંડ, પંકબહુલકાંડ, અપ્‌બહુલકાંડ... ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનો ખરકાંડ કેટલા ભેદે છે ? ગૌતમ ! ૧૬-ભેદે-રત્ન, વજ્ર, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંજન, અંજનપુલક, રજત, જાત્યરૂપ, અંક, સ્ફટિક અને રિષ્ટ. ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ કેટલા ભેદે છે ? ગૌતમ ! એક પ્રકારે. અપ્‌બહુલકાંડ કેટલા ભેદે છે ? એક પ્રકારે... ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી કેટલા ભેદે છે ? ગૌતમ ! એક પ્રકારે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.***

● **વિવેચન-૮૧ :-**

આ રત્નપ્રભાપૃથ્વીના કેટલા પ્રકાર, કેટલા વિભાગ કહ્યા છે? ગૌતમ! ત્રણ વિભાગ છે - ખરકાંડ આદિ, કાંડ એટલે વિશિષ્ટ ભૂભાગ. ખર-કઠિન, તેમાં પહેલા ખરકાંડ, પછી પંકબહુલ, પછી અપ્‌બહુલ. રત્નપ્રભા પૃથ્વીમાં ખરકાંડ કેટલા ભેદે છે? ગૌતમ! સોળ વિભાગ છે. પહેલો રત્નકાંડ, બીજો વજ્રકાંડ, ત્રીજો વૈડૂર્યકાંડ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું તેમાં રત્ન - કર્કેતનાદિ, તેની મુખ્યતાવાળો કાંડ તે રત્નકાંઠ, એ રીતે બધાં કહેવા. એકૈક કાંડનું હજાર યોજન બાહલ્ય છે. રત્નકાંડના કેટલા વિભાગ કહ્યા છે? એક પ્રકાર. એ રીતે બાકીના કાંડના પ્રશ્નોત્તર ક્રમથી કહેવા. એ રીતે પંકબહુલ, અપ્‌બહુલ પણ કહેવા. બાકી સૂત્રો પાઠ સિદ્ધ છે.

હવે પ્રત્યેક પૃથ્વી નરકાવાસ સંખ્યા કહે છે —

● **સૂત્ર-૮૨ થી ૮૫ :-**

***[૮૨] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરક-આવાસ છે ? ગૌતમ ! ૩૦-લાખ. આ આલાવાથી બધી પૃચ્છા-ગાથા.***

***[૮૩] ત્રીશ, પચીશ, પંદર, દશ, ત્રણ લાખ, પાંચ ન્યૂન એક લાખ અને પાંચ અનુત્તર નરકો... [૮૪] યાવત્ અધઃસપ્તમીમાં પાંચ અનુત્તર મહા-મોટા મહાનરકો કહ્યા છે — કાલ, મહાકાલ, રૌરવ, અતિરૌરવ અને અપ્રતિષ્ઠાન... [૮૫] ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અવકાશાંતર છે ? હા, છે. અધઃસપ્તમી સુધી કહેવું.***

**● વિવેચન-૮૨ થી ૮૫ :-**

અહીં સંગ્રહણી ગાથા કહી — ત્રીશ, પચીશ, પંદર ઈત્યાદિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કાલ આદિ મહાનરક અપ્રતિષ્ઠાન નરક છે. તે આ રીતે — પૂર્વમાં કાલ, પશ્ચિમમાં મહાકાલ, દક્ષિણમાં રૌરવ, ઉત્તરમાં મહારૌરવ. રત્નપ્રભાથી તમઃપ્રભા સુધી છ પૃથ્વીમાં પ્રત્યેકમાં બે પ્રકારના નરકાવાસો છે — આવલિકા પ્રવિષ્ટ, પ્રકીર્ણક રૂપ. તેમાં રત્નપ્રભામાં તેર પ્રસ્તટ-ગૃહભૂમિ તુલ્ય છે. પહેલા પ્રસ્તટમાં પૂર્વાદિ ચારે દિશામાં પ્રત્યેકમાં ૪૯ નરકાવાસો છે. ચારે વિદિશામાં ૪૮-૪૮ છે. મધ્યમાં સીમાંત નામે નરકેન્દ્રક છે. પહેલા પ્રસ્તટમાં નરકાવાસોની આવલિકા પ્રવિષ્ટોની ૩૮૯ સંખ્યા છે, બાકી બાર પ્રસ્તટમાં પ્રત્યેકમાં દિશા-વિદિશામાં એક-એક નરકાવાસ ઓછો થતાં આઠ-આઠ નરકાવાસ ઓછા જાણવા. સર્વસંખ્યા રત્નપ્રભાના આવલિકા પ્રવિષ્ટ નરકાવાસોની ૪૪૩૩ છે અને બાકીના ૨૯,૯૫,૫૬૭ નરકાવાસ પ્રકીર્ણક રૂપ છે. કુલ ૩૦ લાખ નરકાવાસ છે.

શર્કરાપ્રભામાં અગિયાર પ્રસ્તટો છે. તેમાં પહેલા પ્રસ્તટમાં ચારે દિશામાં ૩૬-૩૬ આવલિકા પ્રવિષ્ટ નરકાવાસો છે. વિદિશામાં ૩૫-૩૫, મધ્યમાં એક નરકેન્દ્રક છે. સર્વ સંખ્યા-૨૮૫ છે. બાકીના દશ પ્રસ્તટમાં પ્રત્યેકમાં આઠ-આઠની હાનિ છે. - x - સર્વ સંખ્યા આવલિકાપ્રવિષ્ટ નરક-આવાસો-૨૬૯૫ છે, બાકીના-૨૪,૯૭,૩૦૫ પુષ્પાવકીર્ણકા છે. કુલ ૨૫-લાખ.

વાલુકાપ્રભામાં નવ પ્રસ્તટ છે. પ્રથમ પ્રસ્તટમાં પ્રત્યેક દિશામાં આવલિકા પ્રવિષ્ટ નરકાવાસ ૨૫-૨૫, વિદિશામાં ૨૪-૨૪, મધ્યમાં એક નરકેન્દ્રક. સર્વ સંખ્યા-૧૯૭. બાકીના આઠ પ્રસ્તટમાં એક-એકમાં આઠ-આઠની હાનિ. સર્વસંખ્યા આવલિકાપ્રવિષ્ટ નરકાવાસની ૧૪૮૫, બાકીના પુષ્પાવકીર્ણ ૧૪,૯૮,૫૧૫ છે. કુલ પંદર લાખ છે.

પંકપ્રભામાં સાત પ્રસ્તટો છે. પહેલા પ્રસ્તટમાં પ્રત્યેક દિશામાં ૧૬-૧૬ આવલિકા પ્રવિષ્ટ નરકાવાસા, વિદિશામાં ૧૫-૧૫, મધ્યમાં એક નરકેન્દ્ર, સર્વ સંખ્યા-૧૨૫ છે. બાકીના છ પ્રસ્તટમાં પૂર્વવત્ આઠ-આઠની હાનિ. તેથી સર્વસંખ્યા તે આવલિકા પ્રવિષ્ટ નરકાવાસની ૭૦૭ છે, બાકીના પુષ્પાવકીર્ણ ૯,૯૯,૨૯૩, કુલ દશ લાખ.

ધૂમપ્રભામાં પાંચ પ્રસ્તટ છે. પહેલાં પ્રસ્તટમાં એકૈક દિશામાં નવ-નવ આવલિકા પ્રવિષ્ટ નરકાવાસો, વિદિશામાં આઠ-આઠ, મધ્યમાં એક નરકેન્દ્રક, સર્વ સંખ્યા ૬૯, બાકીના ચાર પ્રસ્તટોમાં પૂર્વવત્ આઠ-આઠની હાનિ. સર્વસંખ્યા તે આવલિકા પ્રવિષ્ટ નરકાવાસની ૨૬૫, બાકીના પુષ્પાવકીર્ણાની ૨,૯૯,૭૩૫, સર્વ સંખ્યા ૩૦-લાખ.

તમઃપ્રભામાં ત્રણ પ્રસ્તટ છે. પહેલા પ્રસ્તટમાં પ્રત્યેક દિશામાં ચાર-ચાર આવલિકા પ્રવિષ્ટ નરકાવાસ છે. વિદિશામાં ત્રણ-ત્રણ, મધ્યમાં એક નરકેન્દ્રક, સર્વ સંખ્યા-૨૯, બાકીના બે પ્રસ્તટમાં પ્રત્યેકમાં ક્રમથી આઠ-આઠની હાનિ છે. બધાં મળીને ૬૩-



આવલિકા પ્રવિષ્ટ નરકાવાસો છે. બાકીના ૯૯,૯૩૨ પુષ્પાવકીર્ણક છે. કુલ ૯૯,૯૯૫.

સાતમી પૃથ્વીમાં કેવળ પાંચ નરકાવાસો છે.

આ પ્રત્યક્ષ ઉપલભ્યમાન રત્નપ્રભા પૃથ્વી નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, શુદ્ધ આકાશ છે, એ રીતે પ્રત્યેક પૃથ્વીમાં કહેવું.

**● સૂત્ર-૮૬ :-**

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીમાં ખરકાંડ કેટલી જાડાઈવાળુ છે ? ગૌતમ ! ૧૬,૦૦૦ યોજન. ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! ૧૦૦૦ યોજન. આ રીતે રિષ્ટકાંડ સુધી.*

*ભગવન્ ! આ રત્નપ્રભાનો પંકબહુલ કાંડ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! ૮૪,૦૦૦ યોજન... ભગવન્ ! આ રત્નપ્રભાનો અપ્‌બહુલ કાંડ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! ૮૦,૦૦૦... આ રત્નપ્રભાનો ઘનોદધિ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન. આ પ્રમાણે તનુવાત અને અવકાશાંતર પણ કહેવા.*

*ભગવન્ ! શર્કરાપ્રભાનો ઘનોદધિ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! ૨૦,૦૦૦ યોજન... શર્કરાપ્રભાનો ઘનવાત કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન. એ રીતે તનુવાત અને અવકાશાંતર પણ છે. શર્કરાપ્રભા પૃથ્વી માફક યાવત્ અધઃસપ્તમી કહેવું.*

**● વિવેચન-૮૬ :-**

આ રત્નપ્રભા પૃથ્વી સંબંધી જે પ્રથમ 'ખર' નામે કાંડ, તે બાહલ્યથી કેટલો છે ? ગૌતમ ! ૧૬,૦૦૦ યોજન. રત્નપ્રભા પૃથ્વીનો રત્ન નામે કાંડનું બાહલ્ય કેટલું છે ? ગૌતમ ! ૧૦૦૦ યોજન. - x -

આ પ્રમાણે પંકબહુલ - અપ્‌બહુલ કાંડ સૂત્ર પણ કહેવા. પંકબહુલકાંડ ૮૪,૦૦૦ યોજન બાહલ્યથી છે, અપ્‌બહુલકાંડ ૮૦,૦૦૦ યોજન છે. રત્નપ્રભાના બાહલ્યની સર્વસંખ્યા ૧,૮૦,૦૦૦ છે. તેની નીચે ઘનોદધિ ૨૦,૦૦૦ યોજન બાહલ્ય છે, તેની નીચે ઘનવાત અસંખ્યાત હજાર યોજન બાહલ્ય છે. તેની નીચે અસંખ્યાત હજાર યોજન તનુવાતનું બાહલ્ય છે. તેની નીચે તેટલું જ અવકાશાંતર બાહલ્ય છે.

**● સૂત્ર-૮૭ :-**

*ભગવન્ ! આ રત્નપ્રભા, જે ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્ય વાળી અને પ્રતર-કાંડાદિરૂપે વિભક્ત આ રત્નપ્રભા પૃથ્વીમાં વર્ણથી કાળા-લીલા-લાલ-પીળા-સફેદ, ગંધથી સુગંધી-દુર્ગંધી, રસથી તિક્ત-કટુક-કષાય-અંબિલ-મધુર, સ્પર્શથી કર્કશ-મૃદુ-ગુરુ-લઘુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રુક્ષ, સંસ્થાનથી પરિમંડલ-વૃત્ત-ત્ર્યસ-ચતુરસ - આયત સંસ્થાન પરિણત અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ, અન્યોન્યાવગાઢ. અન્યોન્ય સ્નેહ પ્રતિબદ્ધ, અન્યોન્ય સંબદ્ધ છે ? હા, છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભાના ખરકાંડના ૧૬,૦૦૦ યોજન બાહલ્યવાળા*

*અને બુદ્ધિથી પ્રતરાદિરૂપમાં વિભક્ત ખરકાંડમાં વર્ણ-આદિમાં પરિણત દ્રવ્ય યાવત્ પરસ્પર સંબદ્ધ છે ? હા, છે.*

*આ રત્નપ્રભાના રત્ન નામક કાંડના ૧૦૦૦ યોજન બાહલ્યવાળા અને પ્રતરાદિરૂપમાં બુદ્ધિ દ્વારા વિભક્તમાં પૂર્વવત્ દ્રવ્યો છે ? હા, છે. એ પ્રમાણે રિષ્ટકાંડ સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભાના પંકબહુલ કાંડના ૮૪,૦૦૦ યોજન બાહલ્યવાળા અને બુદ્ધિ દ્વારા પ્રતરાદિ રૂપમાં વિભક્ત છે, તેમાં પણ પૂર્વવત્. એ પ્રમાણે અપ્બહુલના ૮૦,૦૦૦ બાહલ્યવાળામાં જાણવું. એ પ્રમાણે રત્નપ્રભાના ૨૦,૦૦૦ યોજન બાહલ્યવાળા અને બુદ્ધિથી વિભક્ત ઘનોદધિમાં તેમજ છે. એ રીતે અસંખ્યાત હજાર યોજન બાહલ્યવાળા ઘનવાતમાં, અવકાશાંતરમાં તેમજ છે.*

*ભગવન્ ! શર્કરાપ્રભાના ૧,૩૨,૦૦૦ યોજનના બુદ્ધિ કલ્પિત વિભાગમાં દ્રવ્યથી વર્ણ યાવત્ સંબદ્ધ છે શું ? હા, છે. એ રીતે ઘનોદધિના ૨૦,૦૦૦ યોજન બાહલ્યમાં અને અસંખ્યાત હજાર યોજન બાહલ્યવાળા ઘનવાત અને આકાશના વિષયમાં જાણવું.*

*શર્કરાપ્રભા માફક અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.*

● વિવેચન-૮૭ :-

આ ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યવાળી રત્નપ્રભામાં ક્ષેત્રચ્છેદ-બુદ્ધિ વડે પ્રતરકાંડ વિભાગથી છેદાતા. - x - વર્ણથી કાળા આદિ પાંચ દ્રવ્ય, ગંધથી બંને ગંધ, રસથી તિક્તાદિ પાંચ, સ્પર્શથી કર્કશાદિ પાંચ, સંસ્થાનથી પરિમંડલાદિ પાંચ. આ બધાં કેવા છે ? પરસ્પર સ્પર્શ માત્ર યુક્ત, તથા પરસ્પર અવગાઢ, જેમાં એક દ્રવ્ય અવગાઢ ત્યાં બીજા પણ દેશથી ક્વચિત્ સર્વથી અવગાઢ છે. પરસ્પર સ્નેહથી પ્રતિબદ્ધ હોવાથી એકને ચલાવતા કે ગ્રહણ કરતા બીજું પણ ચલનાદિ ધર્મયુક્ત થાય છે. પરસ્પર ઘડત્તાए - પરસ્પર પ્રગાઢ રૂપે મળીને રહે છે. ભગવંતે કહ્યું. હા, રહે.

આ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીમાં ખરકાંડના ૧૬,૦૦૦ યોજન બાહલ્ય, પછી રત્નકાંડ ૧૦૦૦ યોજન બાહલ્ય, પછી રિષ્ઠકાંડ સુધી કહેવું. પછી આ રત્નપ્રભા પૃથ્વી પછી પંકબહુલકાંડ - ૮૪,૦૦૦ યોજન બાહલ્ય, પછી અપ્બહુલકાંડનું ૮૦,૦૦૦ યોજન બાહલ્ય, પછી ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અવકાશાંતર સૂત્રાર્થમાં જણાવેલ પ્રમાણ મુજબ જાણવું.

પછી શર્કરાપ્રભા પૃથ્વી - ૧,૩૨,૦૦૦ યોજન બાહલ્યથી છે, તેની નીચે યથોક્ત પ્રમાણ ઘનોદધ્યાદિ છે. એ રીતે અધ-સપ્તમી પૃથ્વી સુધી સૂત્રાર્થ મુજબ બધું કહેવું. - x - હવે સંસ્થાનનું પ્રતિપાદન કરે છે—

● સૂત્ર-૮૮ :-

*ભગવન્ ! આ રત્નપ્રભાનો આકાર કેવો છે ? ગૌતમ ! ઝલ્લરી આકાર. રત્નપ્રભાનો ખરકાંડ કયા આકારે છે ? ઝલ્લરી આકાર, રત્નપ્રભાનો રત્નકાંડ*



*કયા આકારે છે ? ગૌતમ ! ઝલ્લરી. એ રીતે રિષ્ઠકાંડ સુધી. એ પ્રમાણે પંકબહુલ, એ રીતે અપ્બહુલ, ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અવકાશાંતર એ બધાં ઝાલર આકારે જ છે.*

*ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી કયા આકારે છે ? ગૌતમ ! ઝાલર આકારે. શર્કરાપ્રભા ઘનોદધિ કયા આકારે છે ? ગૌતમ ! ઝાલર આકારે. એ રીતે અવકાશાંતર સુધી કહેવું. એ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.*

● વિવેચન-૮૮ :-

આ રત્નપ્રભા કયા આકારે રહેલી છે ? ગૌતમ ! ઝાલરવત્ સંસ્થિત-વિસ્તીર્ણ વલયાકારત્વથી. આ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વી ખરકાંડ પણ છે, પછી રત્નકાંડ, પછી વજ્રકાંડ યાવત્ રિષ્ટકાંડ ઈત્યાદિ - x - અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું. તેની નીચે ક્રમથી ઘનોદધિ આદિ બધું ઝાલર સંસ્થાને કહેવું. આ સાતે પૃથ્વી બધી દિશાએ અલોકને સ્પર્શે છે ?

● સૂત્ર-૮૯ :-

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીની પૂર્વદિશાના ઉપરીમથી કેટલા અપાંતરાલ પછી લોકાંત છે ? ગૌતમ ! બાર યોજનના અંતર પછી લોકાંત છે. આ પ્રમાણે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરમાં પણ જાણવું.*

*શર્કરાપ્રભા પૃથ્વીના પૂર્વીય ચરમાંતથી કેટલા અંતરે લોક છે ? ગૌતમ ! ત્રણ ભાગ ન્યૂન ૧૩ યોજનના અંતરે લોકાંત છે. આ રીતે ચારે દિશામાં કહેવું. વાલુકાપ્રભાની પૂર્વદિશાથી ? ગૌતમ ! ત્રિભાગ સહિત તેર યોજન અંતરે લોકાંત છે. એ રીતે ચારે દિશામાં પણ કહેવું.*

*આ પ્રમાણે બધી તરફ ચારે દિશામાં પૂછવું જોઈએ.*

*પંકપ્રભામાં ચૌદ યોજન અંતરે લોકાંત છે. પાંચમીમાં ત્રિભાગ ન્યૂન પંદર યોજન અંતરે લોકાંત છે. છઠ્ઠીમાં ત્રિભાગ સહિત પંદર યોજન અંતરે લોકાંત છે. સાતમીમાં ૧૬ યોજન અંતરે લોકાંત છે. આ પ્રમાણે ઉત્તરદિશાના ચરમાંત સુધી જાણવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભાનું પૂર્વીય ચરમાંત કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ત્રણ ભેદે — ઘનોદધિવલય, ઘનવાતવલય, તનુવાતવલય. ભગવન્ ! આ રત્નપ્રભાનું દક્ષિણી ચરમાંત કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. એ પ્રમાણે ઉત્તરિલ્લ સુધી કહેવું. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી બધી પૃથ્વીના ઉત્તરી ચરમાંત સુધી કહેવું.*

● વિવેચન-૮૯ :-

રત્નપ્રભા પૃથ્વીના પૂર્વદિશાવર્તી ચરમાંતથી, કેટલા અંતરે લોકાંત-અલોકની અવધિ છે ? બાર યોજન પ્રમાણથી. પછી લોકાંત છે. રત્નપ્રભા પૃથ્વીની પૂર્વ દિશામાં ચરમપર્યન્તથી પછી અલોક પૂર્વે બાર યોજન અપાંતરાલ છે. એ રીતે દક્ષિણાદિ

ત્રણેનું અપાંતરાલ કહેવું. દિશાના ગ્રહણથી ચારે વિદિશા પણ જાણવી. બાકીની પૃથ્વીની બધી દિશા અને વિદિશામાં ચરમ પર્યન્તથી અલોક ક્રમથી નીચે-નીચે ત્રણ ભાગ ન્યૂન યોજન અધિકથી બાર યોજનથી જાણવું. તે આ રીતે – શર્કરાપ્રભા પૃથ્વીમાં - x - ત્રિભાગ ન્યૂન તેરે યોજન, વાલુકાપ્રભામાં ત્રણ ભાગ સહિત તેર યોજન. પંકપ્રભામાં પરિપૂર્ણ ચૌદ યોજન આદિ.

હવે આ રત્નપ્રભાદિના બાર યોજન પ્રમાણ અંતરાલમાં શું છે ? ઘનોદધિ આદિ વ્યાપ્ત છે. તેમાં કેટલાં અપાંતરાલે કેટલાં ઘનોદધ્યાદિ. - x - x - અહીં ત્રણ પ્રકારે વિભાગ છે. વલયાકારે રહેલ ઘનોદધિ, ઘનવાત, તનુવાત. પૂર્વે બધી નરકપૃથ્વીની નીચે ઘનોદધિ આદિનું જે બાહલ્ય છે, તે તેનો મધ્યભાગ છે. પછી પ્રદેશ હાનિથી ઘટતા ઘટતા પોત-પોતાની પૃથ્વી પર્યન્ત તનુતર થઈને પોત-પોતાની પૃથ્વીને વલયાકારથી વેષ્ટિત કરતા રહે છે. તેથી વલય કહેવાય છે. આ વલયોનું ઉચ્ચત્વ બધે પોત-પોતાની પૃથ્વી મુજબ છે. તિર્છું બાહલ્ય આગળ કહેવાશે. અહીં અપાંતરાલોનો વિભાગ માત્ર કહ્યો છે. - x -

હવે ઘનોદધિ વલયનું તિર્છું બાહલ્ય કહે છે–

● સૂત્ર-૯૦ :-

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીનું ઘનોદધિ વલય બાહલ્યથી કેટલું છે ? ગૌતમ ! છ યોજન... શર્કરાપ્રભાપૃથ્વીનું ઘનોદધિ વલય કેટલું બાહલ્યવાળું છે ? ગૌતમ ! ત્રિભાગ સહિત છ યોજન. વાલુકાપ્રભાની પૃચ્છા - ગૌતમ ! ત્રિભાગ ન્યૂન સાત યોજન. એ રીતે આ આલાવાથી પંકપ્રભાનું બાહલ્ય સાત યોજન ધૂમપ્રભાનું ત્રિભાગસહ સાત યોજન, તમપ્રભાનું ત્રિભાગ ન્યૂન આઠ યોજન, તમસ્તમ પ્રભાનું આઠ.*

*આ રત્નપ્રભાપૃથ્વીનું ઘનવાતવલય બાહલ્યથી કેટલું છે ? ગૌતમ ! સાડા ચાર યોજન. શર્કરાપ્રભાનું ? કોશ ન્યૂન પાંચ યોજન. એ રીતે આ આલાવાથી વાલુકાપ્રભાનું પાંચ યોજન, પંકપ્રભાનું એક કોશ સહિત પાંચ યોજન, ધૂમપ્રભાનું સાડા પાંચ યોજન, તમસ્પ્રભાનું કોશ ન્યૂન છ યોજન, અધઃસપ્તમીનું છ યોજન બાહલ્ય છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભાનું તનુવાત વલય બાહલ્યથી કેટલું છે ? ગૌતમ ! છ કોશ, એ રીતે આ આલાવાથી શર્કરાપ્રભાનું ત્રિભાગ સહ છ કોશ, વાલુકાપ્રભાનું સાત કોશ, પંકપ્રભાનું સાત કોશ, ધૂમપ્રભાનું ત્રિભાગ સહ સાત કોશ, તમપ્રભાનું ત્રિભાગ ન્યૂન આઠ કોશ, અધઃસપ્તમી-પૃથ્વીનું આઠ કોશ બાહલ્ય કહ્યું છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભાના છ યોજન બાહલ્યવાળા અને બુદ્ધિ કલ્પિત પ્રતરાદિ વિભાગવાળા ઘનોદધિ વલયમાં વર્ણથી કાળા આદિ દ્રવ્ય છે ? હા, છે. ભગવન્ ! શર્કરાપ્રભાના સત્રિભાગ છ યોજન બાહલ્ય અને પ્રતરાદિ વિભાગયુક્ત ઘનોદધિ વલયમાં વર્ણથી કાળા આદિ દ્રવ્ય છે ? હા, છે. આ રીતે અધઃસપ્તમી*



*સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભાના સાડા ચાર યોજન બાહલ્યવાળા અને પ્રતરાદિરૂપે વિભક્ત ઘનવાત વલયમાં વર્ણાદિ પરિણત દ્રવ્ય છે શું ? હા, છે. એ રીતે અધઃસપ્તમી સુધી કહેવું. એ રીતે તનુવાત વલય સંબંધે પોતપોતાના બાહલ્યથી અધઃસપ્તમી સુધી છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનું ઘનોદધિ વલય કયા આકારે છે ? ગૌતમ ! વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત છે. જે આ રત્નપ્રભા પૃથ્વીને ચોતરફથી ઘેરીને રહેલ છે. એ રીતે સાતે પૃથ્વીના ઘનોદધિ વલયને કહેવું. વિશેષ એ કે તે પોત-પોતાની પૃથ્વીને ઘેરીને રહેલ છે.*

*આ રત્નપ્રભાનું ઘનવાત વલય કયા આકારે છે ? ગૌતમ ! વૃત્ત, વલયાકાર, પૂર્વવત્. યાવત્ જેમ આ રત્નપ્રભાનું ઘનોદધિ વલય ચોતરફથી ઘેરીને રહેલ છે, અધઃસપ્તમી સુધી કહેવું.*

*આ રત્નપ્રભાનું તનુવાત વલય કયા આકારે છે ? વૃત્ત-વલયાકાર સંસ્થાન સંસ્થિત યાવત્ જેમ આ રત્નપ્રભાનું ઘનવાત વલય ચોતરફથી ઘેરીને રહેલ છે, અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી કેટલી લાંબી-પહોળી છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન લાંબી-પહોળી, અસંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી છે. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા અંતે અને મધ્યે સર્વત્ર સમાન બાહલ્યવાળી છે ? હા, ગૌતમ ! છે. અધઃસપ્તમી સુધી કહેવું.*

● વિવેચન-૯૦ :-

ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વી બધી દિશા, વિદિશામાં અને ચરમાંતે ઘનોદધિ વલય કેટલા તીર્છા બાહલ્યથી છે? ગૌતમ! તિર્છું બાહલ્ય છ યોજન. આગળ પ્રત્યેક પૃથ્વી યોજનના ત્રિભાગે કહેવી. જેમકે શર્કરાપ્રભા સત્રિભાગ છ યોજન - x - ઈત્યાદિ.

હવે ઘનવાત વલયના તિર્છા બાહલ્યનું પરિમાણ પ્રતિપાદન કરવા કહે છે – આ રત્નપ્રભાનું ઘનવાત વલય તિર્છા બાહલ્યથી સાડા ચાર યોજન છે, તેથી આગળ પ્રત્યેક પૃથ્વીને એકેક ગાઉ વધારવી. તેથી કહે છે – બીજી પૃથ્વી કોશ ન્યૂન પાંચ યોજન, ત્રીજી પૃથ્વી પરિપૂર્ણ પાંચ યોજન, ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

હવે તનુવાત વલયના તિર્છાબાહલ્ય પરિમાણને બતાવતા કહે છે – આ રત્નપ્રભા પૃથ્વીનું તનુવાત વલય બાહલ્યથી કેટલું પ્રમાણ છે ? તિર્છું બાહલ્ય છ કોશ છે. તેથી આગળ પ્રત્યેક પૃથ્વી કોશનો ત્રીજો ભાગ વધારવી. તેથી કહે છે – બીજી પૃથ્વી ત્રિ ભાગ સહ છ કોશ, ત્રીજી પૃથ્વી ત્રિભાગ ન્યૂન સાત કોશ ઈત્યાદિ.

- x - x - x - હવે તે જ ઘનોદધ્યાદિ વલયોમાં ક્ષેત્રચ્છેદથી કૃષ્ણવર્ણાદિ યુક્ત દ્રવ્ય અસ્તિત્વ પ્રતિપાદન કરે છે. - x - પછી ઘનોદધ્યાદિ સંસ્થાન પ્રતિપાદનાર્થે

કહે છે — આ રત્નપ્રભાનું ઘનોદધિ વલય કયા આકારે છે ? ગૌતમ ! વૃત્તચક્રવાલપણે પરિવર્તુલ, વલય-મધ્યમાં પોલું, આકૃતિ વલયાકાર, તેના જેવા સંસ્થાનથી સંસ્થિત. વલયાકાર સંસ્થાન કઈ રીતે ? જે કારણે રત્નપ્રભા પૃથ્વી બધી દિશા-વિદિશામાં સમસ્તપણે વીંટાઈને રહેલ છે. તે કારણે વલયાકાર સંસ્થાન સંસ્થિત કહ્યું.

આ પ્રમાણે ઘનવાત અને તનુવાત વલય સૂત્ર કહેવું. વિશેષ આ — ઘનવાત વલય, ઘનોદધિ વલય સંપરિક્ષિપ્ય કહેવું. તનુવાત વલય ઘનવાતવલય સંપરિક્ષિપ્ય છે. એ રીતે બાકીની પૃથ્વીમાં પ્રત્યેકમાં ત્રણ ત્રણ સૂત્રો કહેવા. - - - રત્નપ્રભા પૃથ્વી કેટલી લંબાઈ-પહોડાઈથી છે ? અસંખ્યેય હજાર યોજન લંબાઈ-પહોડાઈ. અહીં લંબાઈ-પહોડાઈ બંને તુલ્ય છે. - x - આ રીતે સાતે પૃથ્વી કહેવી.

રત્નપ્રભાદિ પૃથ્વી અંતે-મધ્યે બધે બાહલ્યથી સમ છે.

● સૂત્ર-૯૧ :-

*ભગવન્ ! શું આ રત્નપ્રભામાં બધાં જીવો પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? તથા યુગપત્ ઉત્પન્ન થયા છે ? ગૌતમ ! સર્વે જીવો કાળક્રમે ઉત્પન્ન થયા છે, એક સાથે નહીં, રત્નપ્રભા પૃથ્વીની માફક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી સર્વે જીવો દ્વારા પૂર્વે પરિત્યક્ત છે ? યુગપત્ પરિત્યક્ત છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી કાળક્રમે સર્વે જીવો દ્વારા પૂર્વે પરિત્યક્ત છે, યુગપત્ પરિત્યક્ત નથી. આ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીમાં સર્વે પુદ્ગલ પૂર્વે પ્રવેશેલ છે ? યુગપત્ પ્રવેશેલ છે ? ગૌતમ ! રત્નપ્રભામાં સર્વે પુદ્ગલો પૂર્વે પ્રવેશ્યા છે, પણ યુગપત્ નહીં. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી સર્વે પુદ્ગલો દ્વારા પૂર્વે પરિત્યક્ત છે ? યુગપત્ પરિત્યક્ત છે ? ગૌતમ ! રત્નપ્રભા કાળક્રમે સર્વે પુદ્ગલથી પરિત્યક્ત છે, યુગપત્ નહીં. આ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.*

● વિવેચન-૯૧ :-

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીમાં સર્વે જીવો સામાન્યથી પૂર્વે-કાળક્રમથી ઉત્પન્ન થયા છે ? સર્વે જીવો એકસાથે ઉત્પન્ન થયા છે ? હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીમાં સર્વે જીવો સાંવ્યવહારિક જીવરાશિ અંતર્ગત્ પ્રાયઃ વૃત્તિને આશ્રીને સામાન્યથી કાળક્રમે ઉત્પન્ન પૂર્વ છે, કેમકે સંસાર અનાદિ છે, પણ સર્વે જીવો એકસાથે ઉત્પન્ન થયા નથી. સર્વે જીવોના એક કાળે રત્નપ્રભા પૃથ્વીત્વમાં ઉત્પાદથી બધાં દેવ-નારકાદિ ભેદનો અભાવ થાય, જગત્ના એવા સ્વભાવથી આવું કદી ન બને.

સર્વ જીવો વડે રત્નપ્રભા પૃથ્વી પૂર્વે કાળક્રમે પરિત્યક્ત છે ? સર્વ જીવોએ એકસાથે ત્યજેલ છે ? ઉપરોક્ત ઉત્તરની માફક કહેવું કેમકે તેવા નિમિત્તના અભાવે એક કાળે પરિત્યાગ અસંભવ છે.



આ રત્નપ્રભા પૃથ્વીમાં સર્વે પુદ્ગલ-લોકોદર વિવરવર્તી કાળક્રમથી તે ભાવથી પરિણત પૂર્વ છે, તથા સર્વ પુદ્ગલો એક કાળે તદ્ભાવથી પરિણત છે? સંસારના અનાદિત્વથી સર્વે પુદ્ગલો લોકવર્તી તદ્ભાવે પરિણમેલ છે, પણ એક કાળે બધાં પુદ્ગલો તદ્ભાવે પરિણત થયા નથી. કેમકે તેવા જગત્ સ્વભાવથી બાકી બધે પુદ્ગલાભાવ ન થાય. આ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી સુધી ક્રમથી બધું કહેવું.

આ રત્નપ્રભા પૃથ્વી બધાં પુદ્ગલોથી કાળક્રમથી પૂર્વે પરિત્યક્ત છે ? બધાં પુદ્ગલો એક કાળે પરિત્યક્ત છે ? ઉત્તર પૂર્વવત્ - x - x - શાશ્વતત્વથી તેવા જગત્ સ્વાભાવ્યથી એક કાળે ન થાય.

● સૂત્ર-૯૨ :-

*ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વી શું શાશ્વત છે કે અશાશ્વત? ગૌતમ! કંઈક શાશ્વત-કંઈક અશાશ્વત છે. ભગવન્! એવું કેમ કહ્યું? ગૌતમ! દ્રવ્યાર્થતાથી શાશ્વત, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયોથી અશાશ્વત છે, તેથી હે ગૌતમ! એવું કહ્યું કે — કંઈક શાશ્વત - કંઈક અશાશ્વત છે. એ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી કાળથી કેટલો કાળ રહેશે ? ગૌતમ ! કદી ન હતી તેમ નહીં, કદી નથી તેમ નહીં, કદી નહીં હશે તેમ નહીં. હતી - છે અને રહેશે. ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત નિત્ય છે, આ પ્રમાણે અધઃસપ્તમી સુધી જાણવું.*

● વિવેચન-૯૨ :-

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી શાશ્વતી કે અશાશ્વતી ? ગૌતમ ! કોઈ નયથી શાશ્વતી, કોઈ નયથી અશાશ્વતી. જિજ્ઞાસુ આગળ પૂછે છે - આવું કેમ કહો છો ? દ્રવ્યાર્થપણે શાશ્વતી. દ્રવ્ય સર્વત્રપણે સામાન્ય કહેવાય છે. તે-તે પર્યાય વિશેષને પામે તે દ્રવ્ય. દ્રવ્ય એ જ અર્થ-તાત્વિક પદાર્થો જેના છે તે પણ પર્યાય નહીં તે દ્રવ્યાર્થ-દ્રવ્ય માત્રના અસ્તિત્વના પ્રતિપાદક, આ નયના અભિપ્રાયથી શાશ્વતી, દ્રવ્યાર્થિક નય મતના પર્યાલોચનામાં આવા પ્રકારે રત્નપ્રભાનો સદા આકાર છે.

કૃષ્ણાદિ વર્ણ, સુરભિ આદિ ગંધ, તિક્તાદિ રસ, કઠિનત્વ આદિ સ્પર્શથી અશાશ્વતી-અનિત્ય. કેમકે તેના વર્ણાદિ પ્રતિક્ષણે અથવા કેટલાંક કાળે અન્યથા થાય છે. અનિત્ય કે અવસ્થિત્વના અભાવથી પણ ભિન્ન અધિકરણમાં નિત્યત્વ-અનિત્યત્વ નથી. - x - દ્રવ્યને છોડીને પર્યાય ન રહે, પર્યાય વિના દ્રવ્ય ન રહે. - x - x -

અનંતર કહેલ કારણથી એમ કહ્યું કે કથંચિત્ શાશ્વતી, કથંચિત્ અશાશ્વતી. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી પ્રત્યેક પૃથ્વી કહેવી. - x - x - અહીં શંકા કરે છે કે — આ રત્નપ્રભા પૃથ્વી સકલકાલાવસ્થિતિરૂપ શાશ્વતી છે કે અન્ય રીતે ? જેમ અન્યતીર્થી કહે છે કે — આ પૃથ્વી આકલ્પ શાશ્વત છે. તેનું સમાધાન કરે છે કે - x - x - આ પૃથ્વી અનાદિત્વથી સદાકાળ હતી, સર્વદા વર્તમાનકાળ વિચારણાથી

છે કેમકે સદા અસિત્વ યુક્ત છે, અનંતકાળ હોવાથી ભાવિ વિચારણાથી સદા હશે.

એ પ્રમાણે ત્રિકાળ વિચારણામાં અસ્તિત્વનો પ્રતિષેધ જણાતો નથી. અસ્તિત્વથી પ્રતિપાદિત કરે છે - હતી, છે, રહેશે. એ રીતે ત્રિકાળભાવિત્વથી ધ્રુવ છે, નિયત અવસ્થાન ધર્માસ્તિકાયાદિવત્ છે નિયતત્વથી શાશ્વતી છે કેમકે પ્રલયનો અભાવ છે. શાશ્વતત્વથી જ સતત ગંગા-સિંધુ પ્રવાહ પ્રવૃત્ત છતાં પદ્મ પૌંડરીક દ્રહ માફક બીજા પુદ્‌ગલ વિઘટન છતાં બીજા પુદ્‌ગલના ઉપચયથી. અક્ષય, અવ્યય, સૂર્યમંડલાદિ માફક સ્વપ્રમાણ અવસ્થિત, સદા અવસ્થાનથી વિચારતા જીવસ્વરૂપ માફક નિત્ય છે અથવા ધ્રુવ આદિ શબ્દ પર્યાયવાચી છે. વિવિધ દેશના શિષ્યોના અનુગ્રહાર્થે કહેલ છે - - હવે અંતરને જણાવે છે –

● સૂત્ર-૯૩ :-

*ભગવન્ ! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી નીચેના ચરમાંતનું કેટલું અબાધા અંતર કહ્યું છે ? ગૌતમ ! ૧,૮૦,૦૦૦ યોજન.*

*ભગવન્ ! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી ખરકાંડના નીચેના ચરમાંત સુધી અબાધા અંતર કેટલું છે ? ગૌતમ ! ૧૬,૦૦૦ યોજન. ભગવન્ ! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી રત્નકાંડના નીચેના ચરમાંત સુધી કેટલું અબાધા અંતર છે ? ગૌતમ ! ૧૦૦૦ યોજન.*

*ભગવન્ ! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી વજ કાંડના ઉપરના ચરમાંત સુધી કેટલું અબાધા અંતર છે ? ગૌતમ ! ૧૦૦૦ યોજન. આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી વજકાંડના નીચેના ચરમાંતનું કેટલું અબાધા અંતર છે ? ગૌતમ ! ૨૦૦૦ યોજન. એ પ્રમાણે યાવત્ રિષ્ટકાંડના ઉપર સુધી ૧૫,૦૦૦ યોજન, નીચેના ચરમાંત સુધી ૧૬,૦૦૦ યોજન અબાધા અંતર કહેલ છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી પંકબહુલ કાંડના ઉપરના ચરમાંત સુધી અબાધાથી કેટલું અંતર છે ? ગૌતમ ! ૧૬,૦૦૦ યોજન. નીચેના ચરમાંત સુધી એક લાખ યોજન અપ્‌બહુલ કાંડની ઉપર એક લાખ યોજન, નીચેના ચરમાંતે ૧,૮૦,૦૦૦ યોજન.*

*ઘનોદધિની ઉપરે ૧,૮૦,૦૦૦ યોજન, નીચેના ચરમાંત સુધી બે લાખ યોજન. ભગવન્ ! આ રત્નપ્રભાના ઘનવાતના ઉપરના ચરમાંતથી ? બે લાખ યોજન. નીચેના ચરમાંતે અસંખ્યાત લાખ યોજન. રત્નપ્રભાના તનુવાતના ઉપરના ચરમાંતે અસંખ્યાત લાખ યોજન અબાધા અંતર, નીચેનું પણ અસંખ્યાત લાખ યોજન અબાધા અંતર છે. એ પ્રમાણે અવકાશાંતરમાં પણ જાણવું.*

*ભગવન્ ! બીજી પૃથ્વીના ઉપરના ચરમાંતથી નીચેના ચરમાંતે કેટલું અબાધા અંતર કહ્યું છે ? ગૌતમ ! ૧,૩૨,૦૦૦ યોજન. શર્કરાપ્રભાના ઉપરના ઘનોદધિથી નીચેના ચરમાંત સુધી ૧,૫૨,૦૦૦ યોજન અબાધા અંતર છે ઘનવાતનું અસંખ્યાત લાખ યોજન છે. એ પ્રમાણે યાવત્ અવકાશાંતર યાવત્ અધઃસપ્તમી, વિશેષ એ-જે પૃથ્વીનું જેટલું બાહલ્ય છે, તેનો ઘનોદધિથી સંબંધ બુદ્ધિથી જોડવો. શર્કરાપ્રભા અનુસાર ઘનોદધિ સહિત આ પ્રમાણ છે.*



*જેમકે - ત્રીજીનું ૧,૪૮,૦૦૦ યોજન, પંકપ્રભાનું ૧,૪૪,૦૦૦, ધૂમપ્રભાનું ૧,૩૮,૦૦૦ યોજન, તમાનું ૧,૩૬,૦૦૦ યોજન, અધઃસપ્તમીનું ૧,૨૮,૦૦૦ યોજન અંતર યાવત્ અધઃસપ્તમીમાં ઉપરના ચરમાંતથી અવકાશાંતરના નીચેના ચરમાંત સુધી કેટલું અબાધા અંતર કહ્યું છે ? ગૌતમ ! અસંખ્યાત લાખ યોજન અબાધા અંતર કહ્યું છે.*

● વિવેચન-૯૩ :-

રત્નપ્રભા પૃથ્વીના રત્નકાંડનું પહેલા ખરકાંડ વિભાગનું ઉપરના ચરમાંતથી જે નીચેનું ચરમ પર્યન્તનું અંતર કેટલા યોજન પ્રમાણ, અવ્યાઘાતરૂપથી અંતર કહ્યું છે ? ભગવંતે કહ્યું – એક લાખ યોજન પ્રમાણ અંતર કહ્યું છે. [બાકી સૂત્રાર્થ મુજબ જ વૃત્યર્થ છે. માટે નોંધેલ નથી.] - x - x - પ્રત્યેક કાંડમાં બબ્બે આલાવા કહેવા. કાંડના નીચેના ચરમાંતથી વિચારતા ૧૦૦૦ યોજન પરિવૃદ્ધિ કરવી યાવત્ રિષ્ઠકાંડના અધસ્તન ચરમાંતથી કહેતા ૧૬,૦૦૦ યોજન અબાધા અંતર કહ્યું છે.

એ પ્રમાણે રત્નપ્રભાના રત્નકાંડના ઉપરી ચરમાંત થકી પંકબહુલ કાંડનું ઉપરી ચરમાંત ઈત્યાદિ [વૃત્તિમાં જે કંઈ પ્રશ્નોત્તર છે, તે બધાં સૂત્રાર્થ અનુસાર હોવાથી નોંધેલ નથી.]

ભગવન્ ! બીજી પૃથ્વીના ઉપરી ચરમાંતથી નીચેના ચરમાંત સુધી કેટલા પ્રમાણમાં અબાધા અંતર કહ્યું છે ? ૧,૩૨,૦૦૦ યોજન અબાધા અંતર કહ્યું છે. ઈત્યાદિ - x - x - x - સૂત્રાર્થવત્.

● સૂત્ર-૯૪ :-

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વીની અપેક્ષાથી બાહલ્યથી શું તુલ્ય, વિશેષાધિક કે સંખ્યાતગણી છે ? વિસ્તાર અપેક્ષાએ તુલ્ય, વિશેષહીન કે સંખ્યાતગુણ હીન છે ? ગૌતમ ! રત્નપ્રભા, શર્કરાપ્રભા અપેક્ષાથી બાહલ્ય થકી તુલ્ય નથી, વિશેષાધિક છે, સંખ્યાતગુણ નથી. વિસ્તારથી તુલ્ય નથી, વિશેષ હીન છે, સંખ્યાતગુણ હીન નથી. ભગવન્ ! બીજી પૃથ્વી, ત્રીજી પૃથ્વી અપેક્ષાએ બાહલ્યથી શું તુલ્ય છે ? પૂર્વવત્ કહેવું. એ રીતે ચોથી, પાંચમી, છઠ્ઠી કહેવી. ભગવન્ ! છઠ્ઠી પૃથ્વી, સાતમી પૃથ્વીની અપેક્ષાએ શું તુલ્ય વિશેષાધિક, સંખ્યાતગુણ બાહલ્યથી છે ? પૂર્વવત્ કહેવું. - x -*

● વિવેચન-૯૪ :-

આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વી શર્કરાપ્રભાને આશ્રીને બાહલ્ય-પિંડ ભાવથી શું તુલ્ય, વિશેષાધિક, સંખ્યેય ગુણ છે ? આ ત્રણ પ્રશ્ન છે. [શંકા] પહેલી ૧,૮૦,૦૦૦ યોજન છે, બીજી ૧,૩૨,૦૦૦ યોજન છે, તે અર્થ જ્ઞાત હોવાથી આ પ્રશ્ન જ અયુક્ત છે. - x - સત્ય છે, કેવલ આ જ્ઞ પ્રશ્ન છે, અન્યના મોહના અપોહાર્થે છે. તે સ્વ

અવબોધ માટે છે કેમકે પ્રશ્નાંતર ઉપન્યાસથી. તેથી કહ્યું કે — વિષ્કંભથી શું તુલ્ય, વિશેષ હીન, સંખ્યાતગુણ હીન છે? વિશેષાધિક છે, તુલ્ય કે સંખ્યેયગુણ નહીં. કેમકે બીજી કરતા પહેલી પૃથ્વી ૪૮,૦૦૦ યોજન વધુ હોવાથી વિશેષાધિક છે. - x - વિસ્તારની અપેક્ષાએ વિશેષહીન છે કેમકે પ્રદેશાદિની વૃદ્ધિથી પ્રવર્દ્ધમાન હોવાથી તેટલાં જ ક્ષેત્રમાં શર્કરાપ્રભાદિમાં વૃદ્ધિ હોય છે એમ બધામાં કહેવું.

o — x — x — x — x — x — o



## ❀ પ્રતિપત્તિ-૩-નૈરયિક, ઉદ્દેશો-૨ ❀

— x — x — x — x — x —

o હવે બીજો ઉદ્દેશો આરંભીએ છીએ, તેનું આદિ સૂત્ર કહે છે—

● **સૂત્ર-૯૫ :-**

***ભગવન્ ! પૃથ્વી કેટલી છે ? ગૌતમ ! સાત. તે આ - રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી. આ ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યની રત્નપ્રભાની ઉપર કેટલા દૂર જવાથી અને નીચે કેટલો ભાગ છોડીને મધ્યના કેટલા ભાગમાં કેટલા લાખ નરકાવાસ કહ્યા છે ? ગૌતમ ! ૧,૮૦,૦૦૦ના ઉપરના અને નીચેના એક-એક હજાર યોજન છોડીને મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં રત્નપ્રભા પૃથ્વીના ત્રીશ લાખ નરકાવાસો હોય છે, એમ કહ્યું છે. તે નરકો અંદરથી વૃત્ત, બાહ્ય ચતુરસ્ર યાવત્ અશુભ વેદનાવાળા છે. આ આલાવા મુજબ 'સ્થાન' પદ અનુસાર બધી વક્તવ્યતા કહેવી. જ્યાં જેટલું બાહલ્ય, જ્યાં જેટલા લાખ નરકાવાસ છે, તે મુજબ અધઃસપ્તમી સુધી કહેવું.***

***અધઃસપ્તમીના મધ્યવર્તી કેટલા ક્ષેત્રમાં કેટલા અનુત્તર મોટા-મોટા મહાનરકો છે, એમ પૂછી પૂર્વવત્ ઉત્તર કહેવા.***

● **વિવેચન-૯૫ :-**

પૃથ્વી કેટલી છે ? વિશેષ અભિધાનાર્થે આ કહ્યું છે. પૂર્વે કહેલું જે ફરી કહે છે, ત્યારે કારણ હોય, તે કારણ પ્રતિષેધ, અનુજ્ઞા કે પૂર્વ વિષયમાં વિશેષતા પ્રતિપાદન માટે પણ હોય.

આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના કેટલા ભાગને અતિક્રમીને અને નીચે કેટલાં પ્રમાણને વર્જીને, મધ્યે કેટલા પ્રમાણમાં નરકાવાસો કહ્યા છે ? - x - x - ૧,૭૮,૦૦૦ યોજનમાં, ત્રીશ લાખ નરકાવાસો હોય છે, એવું મેં અને બીજા તીર્થંકરોએ કહેલ છે. આના દ્વારા સર્વ તીર્થંકરોની અવિસંવાદી વચનતા જણાવી છે.

તે નરકો મધ્યભાગે વૃત્તાકાર, બાહ્ય ભાગે ચોરસ આકારે છે. આ પીઠ ઉપરવર્તી મધ્યભાગને આશ્રીને કહેલ છે. સકલ પીઠાદિ અપેક્ષાથી આવલિકા પ્રવિષ્ટ વૃત્ત-ત્ર્યસ્ર-ચતુરસ્ર સંસ્થાને અને પુષ્પાવકીર્ણ વિવિધ સંસ્થાનવાળા જાણવા. પછી આગળ સ્વયં જ કહે છે. ભૂમિતલ નીચે પ્રહરણ વિશેષ સમાન જે આકાર વિશેષ તીક્ષ્ણતા લક્ષણ છે, તેના વડે સંસ્થિત છે, તે ક્ષુરપ્રસંસ્થાન સંસ્થિત. તે નરકાવાસમાં ભૂમિતલમાં મસૃણત્વનો અભાવ છે. કાંકરાથી યુક્ત છે, તેના સ્પર્શ માત્રથી પગ કપાય છે.

નિત્યાંધકાર - ઉદ્યોત અભાવથી જે તમસ્ તેથી નિત્ય-સર્વકાળ અંધકાર જેમાં છે તે. તેમાં અપવરકાદિમાં તમસ્-અંધકાર હોય છે, કેવળ બહાર મંદતમ સૂર્યપ્રકાશ હોય છે. તીર્થંકરના જન્મ-દીક્ષાદિ કાળ સિવાય અન્ય સર્વ કાળે ઉદ્યોતના અભાવે જાત્યંધની માફક મેઘાચ્છાદિત અર્ધરાત્રવત્ અતી અંધકાર છે.

વ્યપગત-પરિભ્રષ્ટ, ગ્રહ-ચંદ્ર-સૂર્ય-નક્ષત્રરૂપ ઉપલક્ષણથી તારારૂપ પણ જ્યોતિષ્કોના માર્ગ જેમાં છે તે તથા સ્વભાવથી તે નરકાવાસ મેદ, ચરબી, પૂતિ, લોહી, માંસ, કાદવથી લિપ્ત છે. પુનઃપુનઃ લિપ્ત ભૂમિ છે. તેથી જ અપવિત્ર, બીભત્સ દર્શનથી અતિ જુગુપ્સા ઉત્પન્ન કરે છે. તે મૃત ગાય આદિના કલેવરથી પણ અતી અનિષ્ટ દુર્ગંધવાળી છે.

ધમાતા લોઢા જેવી અતિ કૃષ્ણરૂપ અગ્નિના વર્ણવાળી અર્થાત્ ઘણી કાળાવર્ણરૂપ અગ્નિજ્વાલા નીકળે છે, તેના જેવા વર્ણરૂપ તે કપોતાગ્નિ વર્ણાભા, અતિ દુસહ્ય અસિપત્રવત્ સ્પર્શવાળી. તેથી જ દુઃખે કરીને સહન થાય તે દુરધ્યાસ તથા ગંધ, રસ, સ્પર્શ, શબ્દ વડે અશુભ-અતી અસાતારૂપ નરક વેદના.

એ પ્રમાણે બધી પૃથ્વીમાં આલાપક કહેવો. તે આ રીતે – શર્કરાપ્રભા પૃથ્વીના ૧,૩૨,૦૦૦ યોજનમાં ઉપર-નીચે કેટલા યોજન છોડીને મધ્યે કેટલા લાખ નરકાવાસો છે ? ગૌતમ ! ઉપર-નીચે એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૩૦,૦૦૦ યોજન મધ્યે પચીશ લાખ નરકાવાસો છે યાવત્ અશુભ વેદનાવાળા છે.

વાલુકાપ્રભાના ૧,૨૮,૦૦૦ યોજનમાં ઉપર-નીચે કેટલા યોજન છોડીને મધ્યે કેટલા યોજનમાં કેટલા નરકાવાસો કહ્યા છે ? ગૌતમ ! ઉપર-નીચે એક-એક હજાર યોજન છોડીને મધ્યે ૧,૨૬,૦૦૦ યોજનમાં વાલુકાપ્રભાના પંદર લાખ નરકાવાસો છે, તે નરકો યાવત્ અશુભ વેદનાવાળા છે.

પંકપ્રભાના ૧,૨૦,૦૦૦ યોજનમાં ઉપર-નીચે એક-એક હજાર યોજન છોડીને મધ્યના ૧,૧૮,૦૦૦ યોજનમાં પંકપ્રભાના નૈરયિકોના દશ લાખ નરકાવાસો છે, તેમ કહ્યું છે તે નરકો યાવત્ અશુભ નરક વેદના હોય છે.

ધૂમપ્રભાના ૧,૧૮,૦૦૦ યોજનમાં ઉપર-નીચે એક-એક હજાર યોજન છોડીને મધ્યના ૧,૧૬,૦૦૦ યોજનમાં આ ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકના ત્રણ લાખ નરકાવાસો છે, એમ કહેલ છે. તે નરકો મધ્યમાં વૃત્ત યાવત્ અશુભ નરક વેદના હોય છે.

તમપ્રભાના ૧,૧૬,૦૦૦ યોજનોમાં ઉપર-નીચે એક-એક હજાર યોજન છોડીને મધ્યના ૧,૧૪,૦૦૦ યોજનમાં આ તમપ્રભાપૃથ્વી નૈરયિકના ૯૯,૯૯૫ નરકાવાસો છે, એમ કહેલ છે. તે નરકો મધ્યમાં વૃત્ત યાવત્ અશુભ નરક વેદના હોય છે.

અધઃસપ્તમી પૃથ્વીના ૧,૦૮,૦૦૦ યોજનોમાં ઉપર-નીચે ૫૨,૫૦૦-૫૨,૫૦૦ યોજન છોડીને મધ્યના ૩૦૦૦ યોજનોમાં અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકના પાંચ અનુત્તર અતિ વિશાળ મહાનરકો કહ્યા છે તે આ રીતે – કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ અને મધ્યમાં અપ્રતિષ્ઠાન. તે મહાનરકો મધ્યે વૃત્ત યાવત્ અશુભવેદનાવાળા છે.

આ બધાં સૂત્રો સુગમ છે. [વૃત્તિકારશ્રીએ અહીં ચાર સંગ્રહણી ગાથા નોંધેલી છે] પહેલી ગાથા બાહલ્યનું પ્રમાણ દર્શાવે છે. બીજી અને ત્રીજી ગાથા મધ્ય ભાગ પ્રમાણ બતાવે છે. [જે પ્રમાણ ઉપર નોંધેલ છે.] ચોથી ગાથામાં નરકાવાસોની સંખ્યા કહી છે. તે પાઠસિદ્ધ છે.





● **સૂત્ર-૯૬,૯૭ :-**

*[૯૬] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોનો આકાર શો છે ? ગૌતમ ! બે ભેદે - આવલિકા પ્રવિષ્ટ, આવલિકા બાહ્ય, તેમાં જે આવલિકા પ્રવિષ્ટ છે તે ત્રણ ભેદે છે – વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર. તેમાં જે આવલિકા બાહ્ય છે, તે વિવિધ સંસ્થાન સંસ્થિત છે. તે આ રીતે – લોઢાની કોઠી-પિષ્ટ પાચનક - કંડૂ - લોઢી - કડાહ - થાળી - પિઠરક - કૃમિક - કીર્ણ પુટક - ઉટજ-મુરજ-મુયંગ - નંદિમુયંગ - આલિંગક - સુઘોસ - દર્દરક - પણવ - પટહ - ભેરી - ઝલ્લરી - કુતુંબક કે નાલિ આકારે સંસ્થિત છે. આ પ્રમાણે તમપ્રભા સુધી કહેવું. ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વી નરકાવાસ કયા આકારે છે ? ગૌતમ ! બે ભેદે કહ્યા છે, તે આ પ્રમાણે - વૃત્ત અને ત્ર્યસ્ર.*

*[૯૭] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસો બાહલ્યથી કેટલા છે ? ગૌતમ ! ત્રણ લાખ યોજન બાહલ્યથી છે તે આ રીતે - નીચે ૧૦૦૦ યોજન ઘન, મધ્યે ૧૦૦૦ યોજન સુધી પોલી, ઉપર ૧૦૦૦ યોજન સંકુચિત છે. એ રીતે અધઃ-સપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકો આયામ-વિષ્કંભ થકી કેટલા, પરિક્ષેપથી કેટલું કહેલ છે ? ગૌતમ ! બે ભેદે - સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત. તેમાં જે સંખ્યાત વિસ્તૃત છે, તે સંખ્યાત હજાર યોજન આયામ-વિષ્કંભથી અને સંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી કહેલ છે. તેમાં જે તે અસંખ્યાત વિસ્તૃત છે, તે અસંખ્યાત હજાર યોજન આયામ-વિષ્કંભથી, અસંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી કહેલ છે. એ પ્રમાણે તમસ્પ્રભા સુધી કહેવું.*

*ભગવન્ ! અધઃસપ્તમીની પૃચ્છા. ગૌતમ ! બે ભેદે કહેલ છે, તે આ - સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત. તેમાં જે તે સંખ્યાત વિસ્તૃત છે, તે એક લાખ યોજન આયામ-વિષ્કંભથી, તેની પરિધિ-૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૧૨૮ ધનુષ્, ૧૩॥ અંગુલ કરતાં કંઈક અધિક છે. તેમાં જે અસંખ્યાત વિસ્તૃત છે, તે અસંખ્યાત લાખ યોજન આયામ-વિષ્કંભથી, અસંખ્યાત યાવત્ પરિધિ છે.*

● **વિવેચન-૯૬,૯૭ :-**

રત્નપ્રભા પૃથ્વીની નરકાવાસ કયા સંસ્થાને સંસ્થિત છે ? ગૌતમ ! નરકાવાસ બે ભેદે છે – આવલિકા પ્રવિષ્ટ, આવલિકા બાહ્ય. 'च' શબ્દ બંનેની અશુભતા-તુલ્યતાનો સૂચક છે.

આવલિકાપ્રવિષ્ટ - આઠે દિશામાં સમશ્રેણિ અવસ્થિત, તેમાં આવલિકા - શ્રેણિ, પ્રવિષ્ટ-વ્યવસ્થિત, તે આકારથી ત્રણ ભેદે - વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર. આવલિકા બાહ્ય, તે વિવિધ આકારે છે. લોઢાની કોઠી જેવા આકારે, મદિરા બનાવવા માટે લોટ જેમાં પકાવાય તે ભાજન જેવું, - x - x - કંડુ-પાકસ્થાન, લોઢી-કડાઈ-થાળી જેવા

આકારે, પિડહ-જેમાં ઘણાં લોકો માટેનું ધાન્ય પકાવાય, ઉટજ-તાપસ આશ્રમ, નંદીમૃદંગ-બાર પ્રકારના વાજિંત્રો અંતર્ગત્ મૃદંગ, તે બે પ્રકારે - મુકુંદ, મર્દલ. આલિંગ-માટી મય મુરજ, સુઘોષ-દેવલોકની ઘંટા, દર્દર-એક વાદ્ય, પણવ - ભાંડનું પટહ, ભેરી-ઢક્કા, ઝલ્લરી-ઝાલર, નાડી-ઘટિકા. - x -

શર્કરાપ્રભા પૃથ્વી નરકાવાસ કયા આકારે છે. તે બે ભેદે છે — આવલિકાપ્રવિષ્ટ, આવલિકાબાહ્ય આ રીતે બધા નરકાવાસ કહેવા. સાતમી અધઃસપ્તમી નરક વિષયક સૂત્ર સાક્ષાત્ કહેલ છે. તે બે ભેદે છે — વૃત્ત, ત્ર્યસ્ર. અધઃસપ્તમી પૃથ્વીના નરકાવાસો આવલિકા પ્રવિષ્ટ જ છે, આવલિકા બાહ્ય નથી. તે પણ પાંચ ભેદે છે, અધિક નથી. તેમાં મધ્યે રહેલ અપ્રતિષ્ઠાન નરકેન્દ્ર વૃત્ત છે. બાકીના ચાર ત્ર્યસ્ર પૂર્વાદિમાં છે.

હવે નરકાવાસ બાહલ્ય-રત્નપ્રભા પૃથ્વી નરક બાહલ્ય - પિંડભાવ ઉત્સેધ. તે ૩૦૦૦ યોજન છે. અધસ્તન પાદપીઠ ઘન-નિચિત. મધ્યે-પીઠના ઉપરના ભાગે પોલું, ઉપર સંકુચિત-શિખરાકૃતિ. તે ત્રણે એક-એક હજાર યોજન છે. એ પ્રમાણે સાતે પૃથ્વી કહેવી. - x -

હવે નરકાવાસનો આયામ-વિષ્કંભ અને પરિક્ષેપ-તે બે ભેદે છે — સંખ્યેય વિસ્તૃત અને અસંખ્યેય વિસ્તૃત. 'च' શબ્દ સ્વગત અનેક ભેદ દેખાડે છે. ઈત્યાદિ સર્વ પાઠ સૂત્રાર્થમાં કહ્યા મુજબ છે. આ પ્રમાણે સાતે પૃથ્વી જાણવી - x - તેમાં અધઃસપ્તમી નરકો કેટલા આયામ-વિષ્કંભ અને પરિધિથી છે ? ગૌતમ ! બે ભેદે - સંખ્યેય વિસ્તૃત એક, તે અપ્રતિષ્ઠાન નામક નરકેન્દ્રક જાણવું. બાકીના ચાર અસંખ્યેય વિસ્તૃત છે. તેમાં અપ્રતિષ્ઠાન નરકેન્દ્ર એક લાખ યોજન આયામ-વિષ્કંભથી છે, ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ. આ પરિક્ષેપ પ્રમાણનું ગણિત જંબૂદ્વીપ પરિક્ષેપ પ્રમાણવત્ કહેવું. બાકીના ચાર નરકાવાસો એક હજાર યોજન આયામ-વિષ્કંભથી, અસંખ્યાત હજાર યોજન પરિધિથી હવે નરકાવાસ વર્ણ પ્રતિપાદના કહે છે—

● સૂત્ર-૯૮ (અધુરુ) :-

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસ વર્ણથી કેવા છે ? ગૌતમ ! કાળા-કાળી આભાવાળા, ગંભીર, રુંવાડા ઉભા કરી દે તેવા, ભયાનક, ત્રાસદાયી, પરમકૃષ્ણ વર્ણથી કહ્યા છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી. ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસો કેવી ગંધવાળા છે ? ગૌતમ ! જેમ કોઈ સર્પ-ગાય-કુતરા-બીલાડા-મનુષ્ય-ભેંસ-ઉંદર-ઘોડો-હાથી-સીંહ-વાઘ-વૃક-દ્વીપિકનું મૃત કલેવર હોય, જે ધીમે-ધીમે સૂઝી, ફૂલી, સડી ગયું હોય, દુર્ગંધ ફૂટતી હોય, માંસ સડી ગયુ હોય, અત્યંત અશુચિ અને બિભત્સ દર્શનીય હોય, જેમાં કીડા ખદબદતા હોય, શું તેવી દુર્ગંધ ત્યાં હોય ?*

*ના, આ અર્થ સમર્થ નથી. ગૌતમ ! આ રત્નપ્રભાના નરકો આનાથી અનિષ્ટતર અને અકાંતતર યાવત્ અમણામતર ગંધથી કહેલા છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી કહેવું.*



*ભગવન્! આ રત્નપ્રભાના નરકાવાસો કેવા સ્પર્શ વાળા છે? ગૌતમ! જેમ અસિપત્ર, ક્ષુરપત્ર, કદંબચીરિકાપત્ર, શક્તિ-કુંત-તોમર-નારાચ-શૂલ-લગુડ-ભિંડિમાલનો અગ્રભાગ, સોયનો સમૂહ, કપિકચ્છુ, વિંછીના કાંટા કે અંગારા, જ્વાલા, મુર્મુર, અર્ચી, અલાત કે શુદ્ધાગ્નિ જેવો તે સ્પર્શ હોય? ના, તે અર્થ સમર્થ નથી. ગૌતમ! આ રત્નપ્રભાના નરકાવાસ આનાથી અનિષ્ટતર યાવત્ અમણામતર સ્પર્શવાળા કહ્યા છે. એ રીતે અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.*

● વિવેચન-૯૮ (અધુરુ) :-

આ રત્નપ્રભાનો વર્ણ - x - કાળો છે. તેમાં કોઈ વળી મંદ કાળો છે તેવી શંકા કરે તો ? તેથી કહ્યું — કાળી પ્રભાવાળા, કાળી પ્રભાવાળા પટલથી યુક્ત. અતી ઉત્કટ રોમાંચ ભયના વશથી થાય તેવા. તે જોવા માત્રથી નારકીને ભય ઉપજાવતા. તેથી જ ભયાનક, ભીમત્વથી ત્રાસજનક - x - વર્ણથી પરમકૃષ્ણ-જેનાથી વધુ કંઈપણ ભયાનક નથી તેવા. એમ અધઃસપ્તમી સુધી કહેવું.

ગંધથી-મરેલા સર્પનું મડદુ, ગાય-ઘોડો-બીલાડી-હાથી-સિંહ-વાઘ-ચિત્તાના મડદા. વળી આ મડદા તુરંતના હોય તો ગંધાય નહીં, તેથી કહે છે — મર્યા પછી તે મડદુ સડી ગયું હોય, તે સૂઝી-ફૂલી જવાથી થાય, દુર્ગંધ ફૂટતી હોય, તે પણ તેટલું દુર્ગન્ધી ન હોય, તેથી કહે છે — જેનું માંસ સડી-ગળી ગયેલ હોય, સૌથી વધુ દુષ્ટ ગંધયુક્ત હોય, અશુચિ અને ઘૃણા ઉત્પાદક હોય, તેની પાસે કોઈ ભટકતું ન હોય, જેનું દર્શન નિંદનીય હોય, કૃમિના જાળાથી સંસક્ત હોય, શું આ વિશેષણો કહ્યા, તેવી ગંધ હોય ?

ના, આ અર્થ સમર્થ નથી - યુક્ત નથી. યથોક્ત વિશેષણ વિશિષ્ટ સર્પના મૃતકાદિથી અનિષ્ટતર જ છે. ક્યાંક રમ્ય હોવા છતાં અનિષ્ટતર હોય, તેથી કહ્યું — 'અકાંતતર' સ્વરૂપથી જ અકમનીય, અર્થાત્ અભવ્ય. અકાંત છતાં કોઈને પ્રિય હોય છે, જેમ ભુંડને અશુચિ, તેથી કહ્યું — અપ્રિયતર છે, તેથી જ અમનોજ્ઞતર - મનને પ્રતિકૂળ, વળી સ્વવિષયમાં મનને અત્યંત આસક્ત કરે તે મણામ, તેથી વિરુદ્ધ તે અમણામ. અથવા આ બધાં શબ્દો એકાર્થિક છે.

સ્પર્શને આશ્રીને — અસિપત્રાદિ, તેમાં અસિ-ખડ્ગ, કદંબચીરિકા-તૃણ વિશેષ, શક્તિ-પ્રહરણ વિશેષ, ભિંડિમાલ-પ્રહરણ વિશેષ, કપિકચ્છૂ-ખુજલી કરનારી વનસ્પતિ, અંગાર-નિર્ધૂમ અગ્નિ, જ્વાલા-અગ્નિ સંબંધી, મુર્મુર-અગ્નિના કણિયા, અર્ચિ-અગ્નિથી છુટી પડેલ જ્વાલા, અલાત-ઉલ્કા, શુદ્ધાગ્નિ-લોહના પિંડનો અનુગત અગ્નિ કે વિદ્યુત્. 'वा' શબ્દ, પરસ્પર સમુચ્ચયમાં છે. આ કોઈપણ નરકનો સ્પર્શ (કોઈને) શરીરના અવયવનો છેદક, બીજાને ભેદક, અન્યને વ્યથાજનક, બીજાને દાહક ઈત્યાદિ, તેથી સામ્યતા જણાવવા અસિપત્રાદિ વિવિધ ઉપમા સ્વીકારી છે

- - હવે નરકાવાસનું મોટાપણું બતાવે છે —

● સૂત્ર-૯૮ (અધુરેથી) :-

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસ કેટલા મોટા કહ્યા છે ? ગૌતમ ! આ જંબૂદ્વીપ દ્વીપ બધાં દ્વીપ સમુદ્રોમાં સૌથી અભ્યંતર, સૌથી નાનો, વૃત્ત-તેલમાં તળેલ પૂડલા આકારે છે, વૃત્ત-રથના ચક્રાકારે છે, વૃત્ત-પુષ્કર કર્ણિકા આકારે છે, વૃત્ત-પ્રતિપૂર્ણ ચંદ્ર આકારે છે, એક લાખ યોજન લંબાઈ-પહોડાઈથી યાવત્ કિંચિત્ વિશેષાધિક પરિધિથી છે. મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ યાવત્ હમણાં-હમણાં કહેતા, આ સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડતા થતાં સમયમાં એકવીશ વખત પ્રદક્ષિણા કરીને જલ્દી આવી જાય, તે દેવ તેવી ઉત્કૃષ્ટા-ત્વરિતા-ચપલા-ચંડા-શિઘ્રા-ઉદ્ધૂતા-જય કરનારી - નિપુણ દિવ્ય દેવગતિ વડે જતાં-જતાં જઘન્યથી એક બે કે ત્રણ દિવસમાં, ઉત્કૃષ્ટ છ માસ સુધી ચાલે છે, તો પણ તે નરકાવાસોમાં કેટલાંકને પાર કરી શકે, કેટલાંકને ન કરી શકે, હે ગૌતમ ! આટલા મોટા આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસો છે. આમ અધઃસપ્તમી સુધી કહેવુ. વિશેષ એ — અધઃસપ્તમીના કેટલાંક નરકાવાસનો પાર પામે છે, કેટલાંકનો પાર પામી શકતો નથી.*

● વિવેચન-૯૮ (અધુરેથી) :-

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકો કેટલા પ્રમાણમાં મોટા કહ્યા છે ? પૂર્વે અસંખ્યાત વિસ્તૃત કહ્યા છે, તે અસંખ્યેયત્વ ન સમજાયું તેથી ફરી પ્રશ્ન છે, ભગવંત ઉપમાથી જવાબ આપે છે. અયં જ્યાં આપણે છીએ, આઠ યોજન ઉંચુ રત્નમય જંબૂ વૃક્ષ ઉપલક્ષિત જંબૂદ્વીપ છે. બધાં દ્વીપ સમુદ્રમાં પહેલો, સૌથી નાનો છે. તેથી જ કહે છે — બધાં લવણાદિ સમુદ્ર, ધાતકીખંડાદિ દ્વીપો આ જંબૂદ્વીપથી આરંભીને પ્રવચનમાં કહેલ ક્રમથી બમણા-બમણા આયામ-વિષ્કભાદિથી છે, તેથી બાકીના દ્વીપાદિ અપેક્ષાએ સર્વ લઘુ છે.

વૃત્ત-જેમ તેલથી પકાવેલ પૂડલો જ પ્રાયઃ પરિપૂર્ણ થાય છે, ઘીથી પકવેલ નહીં, માટે 'તેલ' વિશેષ કહ્યું. તેના જેવો આકાર તથા વૃત્ત પુષ્કરકર્ણિકા આદિ સૂત્રોક્ત અનેક ઉપમાન-ઉપમેય ભાવ વિવિધ દેશના શિષ્યોને જણાવવા માટે છે. એક લાખ યોજન લંબાઈ-પહોળાઈથી, ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૨૮-ધનુષ્, ૧૩॥ અંગુલથી કંઈક વિશેષાધિક પરિધિથી છે. તે પ્રમાણ ક્ષેત્રસમાસાદિથી જાણવું.

દેવ, જેને મોટી વિમાન-પરિવારાદિ ઋદ્ધિ છે તે, શરીર-આભરણ વિષયક જે મહાદ્યુતિ, મહા શરીર બલવાળા, મહા ખ્યાતિવાળા, મહાસૌખ્ય અથવા મહાન્ ઈશ્વર એમ જે કહેવાય છે તે અથવા ઈશમ્-ઐશ્વર્ય આત્માની ખ્યાતિવાળા - x - અથવા પ્રભૂત સત્ વેદોદય વશથી સૌખ્ય જેને છે તે, બીજા કહે છે — મહા અશ્વાક્ષ, અર્થાત્ અશ્વ - મન, અક્ષ - ઈન્દ્રિય, સ્વ વિષય વ્યાપકત્વથી. મહાનુભાગ - अनुभाग - વિશિષ્ટ વૈક્રિયાદિ કરણ વિષય અચિંત્ય શક્તિ. - x -

આ મહર્દ્ધિકાદિ વિશેષણ, તેમના સામર્થ્ય અતિશયના પ્રતિપાદક છે. ત્રણ



ચપટી કાળની અવધિ દર્શાવે છે. હમણાં-હમણાં પાર કરું તે અવજ્ઞા વચન છે. પરિપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડતા, અર્થાત્ આટલા કાળમાં, એકવીશ વખત સામસ્ત્યથી ભમીને જલ્દી પાછો આવે છે. તે આવી ગમન શક્તિ યોગ્ય દેવ. દેવજન પ્રસિદ્ધ ઉત્કૃષ્ટ પ્રશસ્ત વિહાયોગતિ નામોદયથી પ્રશસ્ત શીઘ્ર સંચરણ ત્વરિતપણાથી - શીઘ્રતરપણાથી બીજા પ્રદેશમાં જવું. ચપલા-ચંડા-શીઘ્રા-પરમ ઉત્કૃષ્ટ વેગ પરિણામ યુક્તતાથી જવના, વિપક્ષને જિતવાથી જયના, નિપુણતાથી, દિગંતવ્યાપી રજની માફક જે ગતિ, તે ઉદ્ધૂતા કે દર્પના અતિશયથી. દેવલોકમાં થનાર તે દિવ્ય, દેવગતિથી જતાં, જઘન્યથી એક-બે-ત્રણ દિવસ યાવત્ છ માસ ચાલે. તો પણ કેટલાંક નરકો ઓળંગે, કેટલાંક ન ઓળંગે. ઘણા વિશાળ હોવાથી તેના અંતને પામવો અશક્ય છે, આટલા મોટા તે નરકાવાસો છે.

અધઃસપ્તમીમાં અપ્રતિષ્ઠાન નામક નરક લાખ યોજન હોવાથી તેનો અંત પામે, પણ બાકીના ચાર અસંખ્યેય કોડાકોડી યોજન પ્રમાણના હોવાથી ઘણાં મોટા છે, તેનો પાર પામવો અશક્ય છે. હવે આ નરકો શેના બનેલા છે, તે કહે છે —

● સૂત્ર-૯૯ :-

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસ શેના બનેલા છે ? ગૌતમ ! સર્વ વજ્રમય કહ્યા છે. તે નરકાવાસોમાં ઘણાં જીવો અને પુદ્ગલો ચ્યવે છે અને ઉપજે છે - અવક્રમે વ્યુતક્રમે છે. દ્રવ્યાર્થિક નયથી તે નરકો શાશ્વત છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયથી અશાશ્વત છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી સુધી કહેવું.*

● વિવેચન-૯૯ :-

આ રત્નપ્રભા પૃથ્વી - x - સર્વથા વજ્રમય કહી છે. - x - તે નરકોમાં ઘણાં જીવો ખર બાદર પૃથ્વીકાયિક રૂપ અને પુદ્ગલો છે તે ચ્યવે છે અને ઉપજે છે. - x - કેટલાંક જીવો અને પુદ્ગલો યથાયોગ જાય છે, બીજા આવે છે, જે પ્રતિનિયત સંસ્થાનાદિ રૂપ આકાર, તે તદવસ્થ જ છે, તેથી જ શાશ્વત છે દ્રવ્યાર્થપણે તે નરકો તથાવિધ પ્રતિનિયત સંસ્થાનાદિ રૂપપણે છે, વર્ણાદિ પર્યાયથી અશાશ્વત છે. વર્ણાદિના અન્યથા-અન્યથા થવાથી હવે ઉપપાત વિચારણા —

● સૂત્ર-૧૦૦ થી ૧૦૨ :-

*[૧૦૦] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાંથી આવીને ઉપજે છે ? અસંજ્ઞીથી ? સરિસૃપોથી ? પક્ષીથી ? ચતુષ્પદથી ? ઉરગથી ? સ્ત્રીઓથી ? મત્સ્ય અને મનુષ્યોથી આવીને ઉપજે છે ? ગૌતમ ! અસંજ્ઞીથી યાવત્ મત્સ્ય-મનુષ્યોથી આવીને ઉપજે છે.*

*[૧૦૧] અસંજ્ઞી પહેલી નરક સુધી, સરિસર્પ બીજી સુધી, પક્ષી ત્રીજી સુધી, સિંહ ચોથી સુધી, ઉરગો પાંચમી સુધી...*

*[૧૦૨] સ્ત્રીઓ છઠ્ઠી સુધી, મત્સ્ય અને મનુષ્ય સાતમી સુધી ઉપજે છે. યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક અસંજ્ઞીથી આવીને ન ઉપજે, યાવત્ સ્ત્રીઓથી*

*આવીને ન ઉપજે. મત્સ્ય-મનુષ્યોથી આવીને ઉપજે છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિક એક સમયમાં કેટલાં ઉપજે છે ? ગૌતમ ! જઘન્યથી એક-બે કે ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાતથી ઉપજે છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક સમયે સમયે અપહાર કરાતા કેટલા કાળે ખાલી થાય ? ગૌતમ ! તે અસંખ્યાત છે. સમયે-સમયે અપહાર કરાતા અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી વીત્યા પછી પણ ખાલી ન થાય. અધઃસપ્તમી સુધી આમ કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની કેટલી મોટી શરીરાવગાહના છે ? ગૌતમ ! શરીરાવગાહના બે પ્રકારે છે — ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીયા છે, તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી સાત ધનુષ્-ત્રણ હાથ અને છ આંગળ છે. ઉત્તર વૈક્રિય અવગાહના જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટથી ૧૫ ધનુષ્ અને ૨ા હાથ છે.*

*બીજીમાં ભવધારણીય જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૧૫-ધનુષ્ અને ૨ા હાથ છે. ઉત્તરવૈક્રિયા જઘન્ય અંગુલનો સંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ૩૧-ધનુષ્ એક હાથ છે.*

*ત્રીજીમાં ભવધારણીય ૩૧-ધનુષ્ અને ૧-હાથ. ઉત્તર વૈક્રિય ૬૨-ધનુષ્ અને બે હાથ છે. ચોથીમાં ભવધારણીય ૬૨ ધનુષ્ અને બે હાથ, ઉત્તર વૈક્રિય-૧૨૫ ધનુષ્ છે. પાંચમીમાં ભવધારણીય ૧૨૫ ધનુષ્, ઉત્તરવૈક્રિય-૨૫૦ ધનુષ્ છે. છટ્ઠીમાં ભવધારણીય ૨૫૦ ધનુષ્, ઉત્તરવૈક્રિય-૫૦૦ ધનુષ્ છે. સાતમીમાં ભવધારણીય અવગાહના-૫૦૦ ધનુષ્ અને ઉત્તરવૈક્રિય-૧૦૦૦ ધનુષ્ છે.*

● **વિવેચન-૧૦૦ થી ૧૦૨ :-**

ભદંત ! રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકો ક્યાંથી આવીને ઉપજે છે ? અસંજ્ઞીથી ? ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. શર્કરાપ્રભા આદિ પૃથ્વીમાં બે ગાથા કહી છે. સંમૂર્છિમ પંચેન્દ્રિય અસંજ્ઞી પહેલી નરક સુધી જાય છે, અહીં खलु શબ્દ અવધારણાર્થે છે. તેનાથી અસંજ્ઞી પહેલીમાં જ યાવત્ જાય છે, આગળ નહીં. વળી તેઓ જ પ્રથમામાં જાય છે, તેમ નહીં ગર્ભજ સરીસૃપાદિ આગળની છ પૃથ્વીમાં જનારા પણ પહેલીમાં જઈ શકે છે. આમ આગળ પણ જાણવું.

બીજી શર્કરાપ્રભા પૃથ્વી સુધી સરીસૃપ-ગોધા, નકુલ આદિ ગર્ભ વ્યુત્ક્રાંતા જાય, આગળ નહીં. ત્રીજી સુધી ગીધ આદિ ગર્ભજ પક્ષીઓ - x - છટ્ઠીમાં મહા ક્રુર અધ્યવસાયી સ્ત્રીરત્નાદિ, સાતમી સુધી ગર્ભજ મત્સ્ય, મનુષ્ય અતિક્રુર અધ્યવસાયી, મહાપાપકારી જાય છે. આલાવા પ્રત્યેક પૃથ્વીમાં આ પ્રમાણે છે —

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિક શું અસંજ્ઞીથી યાવત્ મત્સ્ય-મનુષ્યોથી



આવીને ઉપજે છે ? ગૌતમ ! અસંજ્ઞીથી આવીને ન ઉપજે, પણ સરીસૃપ યાવત્ મત્સ્ય-મનુષ્યોથી ઉપજે.

ભગવન્ ! વાલુકાપ્રભામાં ? ઇત્યાદિ પ્રશ્નો જાણવા. તેમાં પૂર્વ-પૂર્વનો પ્રતિષેધ કહેવો. યાવત્ અધઃસપ્તમીમાં સ્ત્રી સુધી પ્રતિષેધ.

હવે એક સમયમાં આ રત્નપ્રભામાં કેટલા નારકો ઉપજે ? - x - જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કર્ષથી સંખ્યેય કે અસંખ્યેય. - x -

હવે પ્રત્યેક સમયે એક નારકના અપહારથી સર્વ નારક અપહાર કાલમાન વિચારણા — ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો સમયે સમયે એક-એક સંખ્યાથી અપહાર કરાતા કેટલા કાળે બધાંનો અપહાર થાય ? ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો અસંખ્યેય છે, તેથી સમયે-સમયે એક-એક સંખ્યાથી અપહાર કરાતા અસંખ્યેય ઉત્સર્પિણી, અપસર્પિણી વડે અપહાર થાય, આ નારક પરિમાણ પ્રતિપત્તિ અર્થે કલ્પના માત્ર છે, પણ અપહાર થતા નથી. અપહાર કરાયા નથી અને કરાશે પણ નહીં. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

હવે શરીર પરિમાણ - રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોની શરીર અવગાહના કેટલી મોટી છે ? પ્રજ્ઞાપનાનું અવગાહના સંસ્થાન પદ કહેવું. તે બે ભેદે છે — ભવધારણીય અને ઉત્તરવૈક્રિયા શરીરાવગાહના. તેમાં જે ભવધારણીયા છે, તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી સાત ધનુષ્, ત્રણ હાથ અને છ પરિપૂર્ણ અંગુલ. ઉત્તરવૈક્રિય જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ૧૫-ધનુષ્, બે હાથ અને એક વેંત. શર્કરાપ્રભાની ભવધારણીયા ઉત્કૃષ્ટ ૧૫-ધનુષ્, બે હાથ એક વેંત. ઉત્તરવૈક્રિયા ઉત્કૃષ્ટ ૩૧-ધનુષ્, એક હાથ.

વાલુકાપ્રભાની ભવધારણીયા ઉત્કૃષ્ટથી ૩૧-ધનુષ્, એક હાથ, ઉત્તરવૈક્રિયા ઉત્કૃષ્ટથી ૬૨ા ધનુષ્. પંકપ્રભાની ભવધારણીયા ઉત્કૃષ્ટથી ૬૨ા ધનુષ્, ઉત્તરવૈક્રિયા ઉત્કૃષ્ટથી ૧૨૫ ધનુષ્. ધૂમપ્રભાની ભવધારણીયા ઉત્કૃષ્ટથી ૧૨૫-ધનુષ્, ઉત્તરવૈક્રિયા ઉત્કૃષ્ટથી ૨૫૦ ધનુષ્, તમઃપ્રભાની ભવધારણીયા ઉત્કૃષ્ટથી ૨૫૦ ધનુષ્, ઉત્તર વૈક્રિયા-ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્. તમસ્તમપ્રભાની ભવધારણીયા ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્, ઉત્તર વૈક્રિયા ઉત્કૃષ્ટથી ૧૦૦૦ ધનુષ્.

જો પુનઃ પ્રતિ પસ્તટમાં વિચારણા કરાય તો આ પ્રમાણે જાણવું - ભવધારણીય જઘન્યા અવગાહના સર્વત્ર અંગુલનો અસંખ્યાત ભાગ છે. ઉત્તર વૈક્રિયા પણ અંગુલનો અસંખ્યાત ભાગ છે. મૂલ ટીકાકારે અન્યત્ર કહ્યું છે — ઉત્તર વૈક્રિયા તથાવિધ પ્રયત્ન અભાવથી આધ સમયે અંગુલના અસંખ્યાત ભાગ માત્ર જ છે. ઉત્કૃષ્ટા ભવધારણીયા રત્નપ્રભાના પ્રથમ પ્રસ્તટમાં ત્રણ હાથની છે, તેનાથી આગળ પ્રત્યેક પ્રસ્તટમાં ૫૬ા અંગુલની વૃદ્ધિ કહેવી. તેથી આ રીતે પરિમાણ થાય છે — બીજા પ્રસ્તટમાં એક ધનુષ્, એક હાથ, ૮ા અંગુલ. ત્રીજા પ્રસ્તટમાં ધનુષ્-૧, હાથ-૩, ૧૭ અંગુલ. ચોથામા બે ધનુષ્, બે હાથ, ૧ા અંગુલ, પાંચમામાં ત્રણ ધનુષ્, દશ અંગુલ છટ્ઠામાં

ત્રણ ધનુષ્, બે હાથ, ૧૮ા અંગુલ, સાતમામાં ચાર ધનુષ્, એક હાથ, ત્રણ અંગુલ, આઠમામાં ચાર ધનુષ્, ત્રણ હાથ, ૧૧ા અંગુલ - x - x -

એ રીતે પ્રત્યેક પ્રતરે વૃદ્ધિ જાણવી.

શર્કરાપ્રભામાં પહેલા પ્રસ્તટમાં સાત ધનુષ્, ત્રણ હાથ, છ અંગુલ અવગાહના છે. પછી આગળ પ્રતિ પ્રસ્તટે ત્રણ હાથ, ત્રણ અંગુલ ક્રમથી ઉમેરતા જવા. તેનાથી આ પ્રમાણે પરિમાણ થાય છે — બીજા પ્રસ્તટમાં આઠ ધનુષ્, બે હાથ, નવ અંગુલ. ત્રીજામાં નવ ધનુષ્, એક હાથ, બાર આંગળ, ચોથામાં દશ ધનુષ્, ૧૫ આંગળ. પાંચમામાં દશ ધનુષ્, ત્રણ હાથ, ૧૧-આંગળ, છઠ્ઠામાં ૧૧-ધનુષ્, બે હાથ, ૨૧-આંગળ, સાતમામાં બાર ધનુષ્, બે હાથ, આઠમામાં ૧૩-ધનુષ્, એક હાથ, ત્રણ આંગળ, નવમામાં ૧૪-ધનુષ્, છ અંગુલ, દશમામાં ૧૪-ધનુષ, ત્રણ હાથ, નવ અંગુલ, અગીયારમાં પ્રસ્તટમાં ૧૫-ધનુષ્, બે હાથ, એક વેંત. તેથી વૃત્તિકારશ્રીએ બે ગાથા નોંધી ઉક્ત વાત જણાવી કહ્યું છે — પહેલી પૃથ્વીમાં ૧૩માં પ્રસ્તટમાં ઉત્સેધ કહ્યો. સાત ધનુષ્, ત્રણ હાથ, છ અંગુલ, તે બીજી શર્કરાપ્રભા પૃથ્વીમાં પહેલા પ્રસ્તટનો ઉત્સેધ થાય છે. બાકી સુગમ છે.

વાલુકાપ્રભાના પહેલા પ્રસ્તટમાં ૧૫ ધનુષ્ - બે હાથ-૧૨ અંગુલ, ત્યાંથી આગળ પ્રતિ પસ્તટે ૭-હાથ, ૧૯ા અંગુલ ક્રમથી વધારતા જવા. ત્યારે આવું પરિમાણ થાય છે - બીજા પ્રસ્તટમાં-૧૭ ધનુષ્, બે હાથ, ૭ા અંગુલ. ત્રીજામાં ૧૯-ધનુષ્, બે હાથ, ૩-અંગુલ. ચોથામાં, ૨૧-ધનુષ્, ૧-હાથ, ૨૨ા અંગુલ પાંચમામાં ૨૩-ધનુષ્, ૧-હાથ, ૧૮-અંગુલ, છઠ્ઠામાં - ૨૫ ધનુષ્, ૧-હાથ, ૧૩ા અંગુલ. સાતમામાં ૨૭-ધનુષ્, ૧-હાથ, નવ અંગુલ આઠમામાં ૩૧-ધનુષ્, ૧-હાથ, ૪ા અંગુલ, નવમા-પ્રસ્તટમાં ૩૧-ધનુષ્, એક હાથ. - x - બીજી શર્કરાપ્રભાના ૧૧-માં પ્રસ્તટનો ઉત્સેધ છે. તે જ ત્રીજી વાલુકાપ્રભાના પહેલા પ્રસ્તટમાં હોય છે.

પંકપ્રભાના પહેલા પ્રસ્તટમાં ૩૧-ધનુષ્, ૧-હાથ છે. તેનાથી આગળ પ્રત્યેક પ્રસ્તટમાં પાંચ ધનુષ્, ૨૦ અંગુલ ક્રમથી ઉમેરતા જવા ત્યારે આવું પરિમાણ થાય છે. બીજી પ્રસ્તટમાં ૩૬-ધનુષ્, ૧-હાથ, ૨૦-અંગુલ. ત્રીજામાં ૪૧-ધનુષ્, બે હાથ, ૧૬-અંગુલ. ચોથામાં ૪૬-ધનુષ્, ૩-હાથ, ૧૨-અંગુલ. પાંચમામાં ૫૨-ધનુષ્, ૮-અંગુલ. છઠ્ઠામાં ૫૭-ધનુષ્, ૧-હાથ, ૪-અંગુલ. સાતમામાં ૬૨-ધનુષ્, ૨-હાથ. - x - ચોથીના સાતમા પ્રતરનો ઉત્સેધ, તે પાંચમીના પહેલા પ્રતરમાં હોય છે.

ધૂમપ્રભાના પહેલા પ્રતરમાં ૬૨-ધનુષ્, ૨-હાથ છે. તેથી આગળ પ્રતિ પ્રતરે ૧૫-ધનુષ્, ૨ા હાથ ક્રમથી ઉમેરતા જવા. તેનાથી આ પરિમાણ થાય છે - બીજા પ્રતરમાં ૭૮ ધનુષ્, એક વેંત. ત્રીજામાં ૯૦-ધનુષ્, ૩-હાથ. ચોથામાં ૧૦૯ ધનુષ્, ૧-હાથ, ૧-વેંત. પાંચમામાં ૧૨૫ ધનુષ્ અવગાહના છે. - x - x - શેષ સુગમ છે.

તમઃપ્રભાના પહેલા પ્રસ્તટમાં ૧૨૫ ધનુષ્, પછીના બે પ્રસ્તટમાં ક્રમથી ૬૨ા ધનુષ્, ઉમેરવા. તેના વડે પરિમાણ આ પ્રમાણે થાય - બીજા પ્રસ્તટમાં ૧૮૭ા ધનુષ્.



ત્રીજામાં ૨૫૦ ધનુષ્.

હવે સંઘયણના પ્રતિપાદન માટે કહે છે —

**● સૂત્ર-૧૦૩ :-**

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિકોનું શરીર કયા સંઘયણથી કહેલ છે ? ગૌતમ ! છ સંઘયણોમાંથી એક પણ નહીં - તેઓ અસંઘયણી છે. તેમને હાડકા, શિરા, સ્નાયુ કે સંઘયણ નથી. જે અનિષ્ટ યાવત્ અમણામ પુદ્‌ગલો છે. તે તેઓને શરીર સંઘાતપણે પરિણમે છે. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોનું શરીર કયા સંસ્થાને કહ્યું છે ? ગૌતમ ! તે બે ભેદે છે - ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જ ભવધારણીય છે, તે હુંડ સંસ્થિત છે, જે તે ઉત્તર વૈક્રિય છે, તે પણ હુંડ સંસ્થિત છે. એ રીતે અધઃસપ્તમી સુધી.*

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિકોનું શરીર કેવા વર્ણથી છે ? ગૌતમ ! કાળા-કાળી આભાવાળા યાવત્ પરમકૃષ્ણ વર્ણથી કહ્યા છે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોનું શરીર કેવી ગંધથી યુક્ત છે ? ગૌતમ ! જેમ કોઈ સર્પનું મૃતક હોય ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ અધઃસપ્તમી. ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોનું શરીર સ્પર્શથી કેવું છે ? ગૌતમ ! ફાટેલ ચામડી અને કડચલીઓને કારણે તેમના શરીર કાંતિ રહિત છે. કર્કશ, કઠોર, છેદવાળી, બળેલી વસ્તુ માફક ખરબચડું છે, આ પ્રમાણે સાતમી પૃથ્વી સુધી કહેવું.*

**● વિવેચન-૧૦૩ :-**

ભગવન્ ! રત્નપ્રભા નૈરયિક ક્યા સંઘયણથી યુક્ત છે ? ગૌતમ ! છ સંઘયણાદિ૦ બધું પૂર્વવત્ જાણવું. રત્નપ્રભાના નૈરયિકના શરીરો કયા સંસ્થાને છે ? શરીર બે ભેદે છે, તેમાં ભવધારણીય શરીર તથાભવ્ય સ્વાભાવથી અવશ્ય હુંડ નામ કર્મોદયથી હુંડ સંસ્થાને છે. જે ઉત્તરવૈક્રિય રૂપો છે, તે ''હું શુભની વિકુર્વણા કરીશ'' એમ ચિંતવે તો પણ તથાભવ સ્વાભાવ્યથી હુંડ સંસ્થાન નામ કર્મોદયથી ઉત્પાટિત સર્વ રોમપિંછાવાળા પોતપક્ષી માફક હુંડ સંસ્થાન હોય છે. - x -

નારકોના શરીરનો વર્ણ - કાળો અને કાળી આભાવાળો હોય છે ઈત્યાદિ પ્રાગ્વત્. હવે ગંધ પ્રતિપાદના - શરીરની ગંધ, જેમ કોઈ સર્પનું મૃતક ઈત્યાદિ પૂર્વવત્ જાણવું. અધઃસપ્તમી સુધી કહેવું. શરીરના સ્પર્શને કહે છે — ''સ્ફુટિતચ્છવિવિચ્છવયઃ'' અહીં એકત્ર 'છવિ' શબ્દ ત્વક્‌વાચી છે, બીજો છાયાવાચી છે. અર્થાત્ સેંકડો કડચલી અને સંકુચિત ત્વચાથી છાયા-કાંતિ રહિત. તથા અતિ કઠોર, બળેલ છાયાવાળા, સેંકડો શુષિરયુક્ત સ્પર્શથી છે. અધઃસપ્તમી સુધી કહેવું.

હવે ઉચ્છ્‌વાસ પ્રતિપાદનાર્થે કહે છે —

● **સૂત્ર-૧૦૪ :-**

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોના શ્વાસોચ્છ્વાસરૂપે કેવા પુદ્ગલો પરિણમે છે ? ગૌતમ ! જે પુદ્ગલો અનિષ્ટ યાવત્ અમણામ છે, તે તેમને શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમે છે. આ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી કહેવું. સાતેમાં આહારકથન કરવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભાના નૈરયિકોને કેટલી લેશ્યા કહી છે ? ગૌતમ ! એક જ કાપોતલેશ્યા. એમ શર્કરાપ્રભામાં પણ છે, વાલુકાપ્રભાની પૃચ્છા-બે લેશ્યા છે - નીલ અને કાપોત લેશ્યા. તેમાં જે કાપોત લેશ્યી છે, તે ઘણાં છે, જે નીલલેશ્યી છે, તે થોડાં છે. પંકપ્રભાનો પ્રશ્ન - એક નીલલેશ્યી છે. ધૂમપ્રભાનો પ્રશ્ન - ગૌતમ ! બે લેશ્યા છે - કૃષ્ણ અને નીલ લેશ્યા. નીલલેશ્યી ઘણાં જ છે અને કૃષ્ણલેશ્યી થોડાં છે. તમસ્પ્રભાનો પ્રશ્ન - ગૌતમ ! એક કૃષ્ણલેશ્યા છે. અધઃસપ્તમીમાં એક જ પરમકૃષ્ણલેશ્યી છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો શું સમ્યક્ દૃષ્ટિ છે, મિથ્યા દૃષ્ટિ કે સમ્યક્ મિથ્યાદૃષ્ટિ ? ગૌતમ ! સમ્યક્ દૃષ્ટિ, મિથ્યા દૃષ્ટિ, સમ્યક્મિથ્યા દૃષ્ટિ પણ છે. અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની પણ, અજ્ઞાની પણ. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની છે - આભિનિબોધિક, શ્રુત, અવધિજ્ઞાની. જે અજ્ઞાની છે, તેમાં કેટલાંક બે અજ્ઞાનવાળા, કેટલાંક ત્રણ અજ્ઞાન વાળા છે. જે બે અજ્ઞાની છે તે નિયમા મતિ - શ્રુતઅજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાની છે. બાકી અધઃસપ્તમી સુધી ત્રણે જ્ઞાન-અજ્ઞાનવાળા છે.*

*ભગવન્ ! રત્નપ્રભા નૈરયિકો મનોયોગી છે, વચન યોગી છે કે કાયયોગી ? ત્રણે. આમ અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો સાકાર ઉપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! સાકારોપયુક્ત પણ છે, અનાકારોપયુક્ત પણ. આમ અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્! આ રત્નપ્રભાના નૈરયિકો અવધિ વડે કેટલા ક્ષેત્રને જાણે છે? - જુએ છે? ગૌતમ! જઘન્યથી સાડા ત્રણ ગાઉ, ઉત્કૃષ્ટથી ચાર ગાઉ. શર્કરાપ્રભાના જઘન્ય ત્રણ ગાઉ, ઉત્કૃષ્ટ સાડા ત્રણ ગાઉ. એ રીતે અડધો-અડધો ગાઉ ઘટે છે યાવત્ અધઃસપ્તમીમાં જઘન્ય અર્ધ ગાઉ, ઉત્કૃષ્ટ એક ગાઉ.*

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોને સમુદ્ઘાતો કેટલા છે ? ગૌતમ ! ચાર — વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય સમુદ્ઘાત. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.*



● **વિવેચન-૧૦૪ :-**

રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોને ઉચ્છ્વાસપણે કેવા પુદ્ગલો પરિણમે છે ? જે પુદ્ગલો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનામ પુદ્ગલો રત્નપ્રભા નૈરયિકોને ઉચ્છ્વાસપણે પરિણમે છે. આ રીતે અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.

હવે આહાર પ્રતિપાદના - રત્નપ્રભા નૈરયિકોને કેવા પુદ્ગલો આહારપણે પરિણમે છે ? જે પુદ્ગલો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનામ છે, તે આહારપણે પરિણમે છે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું. અહીં પ્રતોમાં ઘણાં અન્યથા પાઠો કહ્યા છે. પણ બધાં વાચના ભેદો દર્શાવવા શક્ય નથી. - x - x -

હવે લેશ્યા પ્રતિપાદના - રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોને કેટલી લેશ્યા કહી છે ? ગૌતમ ! કાપોતલેશ્યી. શર્કરાપ્રભા નૈરયિકો પણ કાપોતલેશ્યી છે, પણ તેમને અતિ સંક્લિષ્ટ જાણવા. વાલુકાપ્રભા નૈરયિકોને બે લેશ્યા છે - નીલ અને કાપોત. તેમાં ઉપરના પ્રસ્તટવર્તી નારકો કાપોતલેશ્યી અને ઘણાં છે. નીલલેશ્યી થોડાં છે. પંકપ્રભા પૃથ્વી નૈરયિકો નીલલેશ્યી છે. તે ત્રીજી પૃથ્વીગત નીલલેશ્યાની અપેક્ષાએ અવિશુદ્ધતર છે. ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકોને કૃષ્ણ અને નીલ બે લેશ્યા છે — બાકી પૂર્વવત્. તમઃપ્રભા પૃથ્વી નૈરયિકોને કૃષ્ણ લેશ્યા છે, તે પાંચમી પૃથ્વીગત કૃષ્ણલેશ્યા અપેક્ષાએ વધુ અવિશુદ્ધ છે. અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકોને એક પરમકૃષ્ણલેશ્યા છે.

હવે સમ્યગ્દૃષ્ટિત્વાદિ પ્રતિપાદનાર્થે કહે છે — ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો સમ્યગ્ દૃષ્ટિ છે, મિથ્યા દૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યા દૃષ્ટિ ? ગૌતમ ! ત્રણે છે. તમસ્તમા સુધી કહેવું.

હવે જ્ઞાની-અજ્ઞાની વિચારણા - રત્નપ્રભા પૃથ્વી નૈરયિક જ્ઞાની છે કે અજ્ઞાની ? બંને. કેમકે સમ્યગ્ દૃષ્ટિથી જ્ઞાનીપણુ અને મિથ્યાદૃષ્ટિત્વથી અજ્ઞાનીપણું છે. તેમાં જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની છે. અપર્યાપ્તાવસ્થામાં પણ તેમને અવધિજ્ઞાન સંભવે છે. કેમકે સંજ્ઞી પંચેન્દ્રિયોથી તેમનો ઉત્પાદ છે. - x - જે અજ્ઞાની છે, તેમાં કેટલાંક બે અજ્ઞાનવાળા, કેટલાંક ત્રણ અજ્ઞાનવાળા છે. જે અસંજ્ઞી પંચેન્દ્રિયોથી ઉત્પન્ન થાય, તેઓને અપર્યાપ્તાવસ્થામાં વિભંગજ્ઞાન અસંભવ છે, માટે બે અજ્ઞાન છે, બાકીના કાળે તેમને ત્રણ અજ્ઞાન છે. સંજ્ઞી પંચેન્દ્રિય થકી ઉત્પન્ન થનારને તો સર્વકાળે ત્રણ અજ્ઞાનતા છે. કેમકે અપર્યાપ્ત અવસ્થામાં પણ તેમને વિભંગજ્ઞાન હોય છે. - x - x -

શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિકો જ્ઞાની છે કે અજ્ઞાની ? જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. સમ્યગ્ કે મિથ્યા દૃષ્ટિત્વથી. જ્ઞાની કે અજ્ઞાની બંને નિયમા ત્રણ ભેદ યુક્ત છે. કેમકે સંજ્ઞીપંચેન્દ્રિયથી તેમનો ઉત્પાદ છે. આ પ્રમાણે બાકીની પૃથ્વીમાં પણ કહેવું. તેમાં પણ સંજ્ઞી જ ઉપજે છે.

હવે યોગ પ્રતિપાદનાર્થે કહે છે — રત્નપ્રભાના નૈરયિકો મનોયોગી છે, વચનયોગી છે કે કાયયોગી ? ગૌતમ ! ત્રણે. એ રીતે અધઃસપ્તમી સુધી કહેવું. -

- હવે સાકાર-અનાકાર ઉપયોગ વિચારણા - રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો સાકારોપયુક્ત છે કે નિરાકારોપયુક્ત ? બંને. અધઃસપ્તમી સુધી આમ કહેવું. - - હવે સમુદ્‌ઘાત વિચારણા - રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોને કેટલા સમુદ્‌ઘાતો છે ? ચાર. — વેદના, કષાય, મારણાંતિક અને વૈક્રિય. આ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.

હવે ભુખ-તરસની વિચારણા કરે છે —

● સૂત્ર-૧૦૫ :-

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો કેવી ભુખ-તરસ અનુભવતા રહે છે ? ગૌતમ ! અસત્ કલ્પનાથી માનો કે જો કોઈ એક રત્નપ્રભા પૃથ્વી નૈરયિકને બધાં સમુદ્રોનું જળ તથા બધાં ખાદ્ય પુદ્‌ગલો તેના મુખમાં નાંખવામાં આવે, તો પણ તે રત્નપ્રભા પૃથ્વી નૈરયિકની ભુખ કે તરસ શાંત ન થઈ શકે. ગૌતમ ! રત્નપ્રભા નૈરયિકો આવી ભુખ-તરસ અનુભવે છે. આ રીતે યાવત્ અધઃસપ્તમી જાણવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, એક રૂપ વિકુર્વવા કે પૃથક્ રૂપ વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! એક અને પૃથક્ બંને પ્રકારે વિકુર્વવા સમર્થ છે. એક રૂપ વિકુર્વતા એક મોટું મુદ્‌ગરરૂપ વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે મુસુંઢી, કરવત, તલવાર, શક્તિ, હળ, ગદા, મૂસલ, ચક્ર, બાણ, તોમર, શૂલ, લાઠી, ભિંડમાલરૂપ વિકુર્વે છે. ઘણાં રૂપ વિકુર્વતા મુદ્‌ગર યાવત્ ભિંડમાલરૂપ વિકુર્વે છે. વિકુર્વણા કરતા તેઓ સંખ્યાતની કરે - અસંખ્યાતની નહીં, સંબદ્ધની કરે - અસંબદ્ધની નહીં, સદૃશની કરે - અસદૃશની નહીં. વિકુર્વીને પરસ્પર કાયાને હણતા-હણતા વેદનાને ઉદીરે છે, તે વેદના ઉજ્જ્વલ, વિપુલ, પ્રગાઢ, કર્કશ, કટુક, કઠોર, નિષ્ઠુર, ચંડ, તિવ્ર, દુઃખ, દુર્ગ, દુરધ્યાસ હોય છે. આ પ્રમાણે યાવત્ ધૂમપ્રભા જાણવું.*

*છટ્ઠી-સાતમી પૃથ્વીમાં નૈરયિકો ઘણાં મોટા લાલ કુંથુ રૂપોને વિકુર્વે છે. જે વજ્રમય મુખવાળા, છાણના કીડા જેવા હોય છે. તે વિકુર્વીને એકબીજાના શરીરની ઉપર ચઢતા, ખાતા-ખાતા સો પર્વવાળા ઇક્ષુના કીડાની માફક અંદર જ અંદર પ્રવેશ કરતા કરતા ઉજ્જ્વલ યાવત્ અસહ્ય વેદના ઉત્પન્ન કરે છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક શું શીત વેદના વેદે છે, ઉષ્ણ વેદના વેદે છે કે શીતોષ્ણ વેદના વેદે છે ? ગૌતમ ! ઉષ્ણ વેદના વેદે છે, શીત કે શીતોષ્ણ વેદના નહીં. [તેઓ અલ્પતર ઉષ્ણયોનિક વેદે છે] એ પ્રમાણે યાવત્ વાલુકાપ્રભા જાણવું. પંકપ્રભાની પૃચ્છા - ગૌતમ ! શીત અને ઉષ્ણ વેદના વેદે છે, શીતોષ્ણ વેદના નહીં. તેમાં ઉષ્ણ વેદના ઘણાં વેદે છે, શીત વેદના વેદનાર થોડાં છે.*

*ધૂમપ્રભાની પૃચ્છા - ગૌતમ ! શીત વેદના પણ વેદે, ઉષ્ણ પણ વેદે. શીતોષ્ણ ન વેદે. શીત વેદના વેદનાર વધુ છે, ઉષ્ણ વેદના વેદક થોડાં છે.*



*તમસ્પ્રભાની પૃચ્છા - માત્ર શીત વેદના વેદે છે, ઉષ્ણ કે શીતોષ્ણ વેદના નહીં, એ રીતે અધઃસપ્તમી, માત્ર પરમ શીત.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેવા નરકભવને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! તેઓ ત્યાં નિત્ય ડરેલ, નિત્ય ત્રસિત, નિત્ય ભુખ્યા, નિત્ય ઉદ્વિગ્ન, નિત્ય ઉપદ્રવગ્રસ્ત, નિત્ય વધિક, નિત્ય પરમ અશુભ-અતુલ-અનુબદ્ધ નરકભવને અનુભવતા વિચરે છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી કહેવું.*

*સાતમી પૃથ્વીમાં પાંચ અનુત્તરો - અતિ વિશાળ મહા નરકો કહ્યા છે — કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન. તેમાં આ પાંચ મહાપુરુષો અનુત્તર દંડ સમાદાનથી કાળ માસે કાળ કરીને અપ્રતિષ્ઠાન નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થયા છે. જમદગ્નિપુત્ર રામ, લેચ્છવિપુત્ર દઢાયુ, ઉપરિચર વસુ, કૌરવ્ય સુભૂમ, ચુલનિપુત્ર બ્રહ્મદત્ત. તેઓ ત્યાં કાળા, કાળી આભાવાળા યાવત્ વર્ણથી પરમકૃષ્ણ છે. તેઓ ત્યાં ઉજ્જ્વલ-વિપુલ-અસહ્ય વેદના વેદે છે.*

*ભગવન્ ! ઉષ્ણ વેદનાવાળા નરકોમાં નૈરયિકો કેવી ઉષ્ણ વેદના અનુભવતા રહે છે ? ગૌતમ ! જેમ કોઈ કર્મારપુત્ર હોય, જે તરુણ-બળવાન્-યુગવાન્ હોય, અલ્પાતંકી-સ્થિરાગ્રહસ્ત-દૃઢ હાથ-પગ-પાંસળી-પીઠ-ઉરુ સંઘાત પરિણત, લંઘન-પ્લવન-જવણ-વલ્ગન-પ્રમર્દણસમર્થ, તલ-યમલ-યુગલ-બહુ સ્ફટિક-પુષ્ટબાહુવાળા, ઘન-નિચિત-વલિત-વૃત્ત સ્કંધવાળા, ચર્મેષ્ટક-દ્રુઘણ-મૌષ્ટિક સમાહત નિચિત ગાત્રયુક્ત, અંતરના બળથી યુક્ત, છેક, દક્ષ, પ્રષ્ઠ, કુશલ, નિપુણ, મેઘાવી, વિપુણ શિલ્પોપગત એક મોટા લોહપિંડને-પાણીના ઘડા સમાનને લઈને તેને તપાવી-તપાવી, કુટી-કુટી, કાપી-કાપીને, ચૂર્ણ બનાવી-બનાવીને યાવત્ એક, બે કે ત્રણ દિનમાં, ઉત્કૃષ્ટથી અર્ધમાસ આવું કરતા રહે. તે તેને ઠંડા કરે, તે ઠંડા લોહ ઘડાને સાણસીથી ગ્રહણ કરી અસત્ કલ્પનાથી ઉષ્ણ વેદનાવાળા નરકમાં રાખી દે. તે વિચારે કે તેને ઉન્મેષ-નિમેષ અંતરમાં ફરી બહાર કાઢી લઈશ. પણ તે ક્ષણમાત્રમાં જ તેને ફુટતો એવો જુએ છે. પીગળતો જુએ છે, ભસ્મીભૂત થતો જુએ છે પણ તેને અસ્ફુટિત, અગલિત અને અવિધ્વસ્તરૂપે ફરી કાઢવામાં સમર્થ થતો નથી.*

*જેમ કોઈ મત્ત માતંગ હાથી કુંજર જે સાઈઠ વર્ષનો છે. પ્રથમ શરદકાળ સમયમાં કે ચરમ નિદાઘ કાળ સમયમાં ગરમી-તૃષ્ણા કે દવાગ્નિ જ્વાલાથી હણાઈને આતુર, શુષિત, પિપાસિત, દુર્બળ, કલાંત થઈને એક મોટી પુષ્કરિણીને જુએ, જે ચતુષ્કોણ, સમતીર, અનુક્રમે સુજાત-વપ્ર-ગંભીર-શીતળ જળયુક્ત, કમળપત્ર-કંદ-મૃણાલથી ઢાંકેલ, ઘણાં ઉત્પલ-કુમુદ-નલિન-સુભગ-સૌગંધિક-પુંડરીક-મહાપુંડરીક-શતપત્ર-સહસ્રપત્ર-કેસરાદિ યુક્ત છે, જેના કમળો ઉપર ભ્રમર રસપાન કરે છે. જે સ્વચ્છ-નિર્મળ-જળથી પૂર્ણ, જેમાં ઘણાં કાચબા-મત્સ્ય અહીં-તહીં ઘૂમે છે, અનેક પક્ષીગણ મિથુનક વિરચિત શબ્દોથી જે મધુર સ્વરે*

*શબ્દાયમાન થઈ રહેલી પુષ્કરિણીને જુએ છે, જોઈને પ્રવેશે છે. પછી ત્યાં ગરમી-તૃષા-ભુખ-જ્વર-દાહને શાંત કરે. ત્યાં નિદ્રા લે, વધુ નિદ્રા લે, સ્મૃતિ-રતિ-ધૃતિ-મતિને પ્રાપ્ત કરે, ઠંડો થઈને અતિ શાંતિને અનુભવતા, ઘણાં શાતા સૌખ્યને અનુભવતા વિચરે, - -*

*આ પ્રમાણે હે ગૌતમ ! અસત્ કલ્પનાથી ઉષ્ણ વેદનીય નરકોથી નીકળી કોઈ નૈરયિક જીવ અહીં મનુષ્યલોકમાં ગોળપકાવવાની - શરાબ બનાવવાની - બકરીની લિંડીવાળી ભટ્ટીમાં લોઢું-તાંબુ-તરવા-સીસુ-રૂપું-સુવર્ણ-હિરણ્ય-કુંભારની ભટ્ટીમાં, મૂસ-ઇંટ-કવેલુ પકાવવાની ભટ્ટીનો અગ્નિ, લુહારની ભટ્ટી-શેરડીના વાડની ચુલ્લી - તલ તુષ કે વાંસ, આ બધાંની અગ્નિનું જે સ્થાન છે, જે તપ્ત છે, તપીને અગ્નિ તુલ્ય થઈ ગયું છે, ફૂલેલા પલાશના ફૂલ માફક લાલ છે, જેમાંથી હજારો ઉલ્કા નીકળી રહી છે, હજારો જ્વાલા કે અંગારા નીકળે છે, અતિ જાજ્વલ્યમાન છે, અંદર-અંદર ધગધગે છે. તેવા સ્થાનને જોઈને તેમાં નૈરયિક જીવ પ્રવેશ કરે, તો પ્રવેશીને પોતાની ઉષ્ણતા-તૃષા-ક્ષુધા-તાહ આદિને દૂર કરી દે છે, પછી ત્યાં નિદ્રા, ગાઢ નિદ્રા લેતો સ્મૃતિ-રતિ-ધૃતિ-મતિને પામે છે. શીત-શીતીભૂત થઈ, ધીમે-ધીમે ત્યાંથી નીકળતા અત્યંત સુખ-શાંતાનો અનુભવ કરે છે.*

*હે ભગવન્ ! શું નારકોની આવી ઉષ્ણ વેદના છે ? ના, આ અર્થ સમર્થ નથી. ગૌતમ ! નરકમાં નૈરયિકની ઉષ્ણ વેદના આનાથી અનિષ્ટતરિક આદિને અનુભવતો વિચરે છે.*

*ભગવન્ ! શીત વેદનીય નરકોમાં નૈરયિક જીવ કેવી શીત વેદનાનો અનુભવ કરે છે ? ગૌતમ ! જેમ કોઈ કર્મારપુત્ર તરુણ, યુગવાન્, બલવાન્ હોય યાવત્ કુશળ શિલ્પી નિર્મિત એક મોટા પાણીના ઘડા સમાન લોહપિંડને તપાવી-તપાવી, કુટ્ટી-કુટ્ટી જઘન્યથી એક-બે કે ત્રણ દિન, ઉત્કૃષ્ટથી એક માસ સુધી પૂર્વવત્ બધી ક્રિયા કરે, પછી તે ઉષ્ણ-ઉષ્ણીભૂત ગોળાને લોઢાની સાણસીથી પકડી, અસત્ કલ્પનાથી તેને શીત વેદનીય નરકમાં નાંખે, "હું હમણાં ઉન્મેષ-નિમેષ સમય માત્રમાં તેને કાઢી લઈશ" એમ વિચારે પણ યાવત્ તેને અસ્ફૂટિતરૂપે કાઢવામાં સફળ થતો નથી. ઈત્યાદિ પૂર્વવત્. મત્ત હાથીનું દૃષ્ટાંત પણ પૂર્વવત્. આ પ્રમાણે હે ગૌતમ ! અસત્ કલ્પનાથી શીત વેદનાવાલા નરકોથી નીકળેલ નૈરયિક આ મનુષ્યલોકમાં જે શીતપ્રધાન સ્થાન છે. જેમકે — હિમ-હિમપુંજ-હિમ પટલ-હિમપટલપુંજ, તુષાર-તુષારપુંજ, હિમકુંડ-હિમકુંડપુંજ આદિને જુએ, જોઈને તેમાં પ્રવેશ કરે. પ્રવેશીને ત્યાં તે પોતાની શીત-તૃષા-ભુખ-જ્વર-દાહને દૂર કરી શાંતિ અનુભવી નીદ્રા-ગાઢ નિદ્રા લેતો ઉષ્ણ - અતિ ઉષ્ણ થઈ, ત્યાંથી ધીમે-ધીમે નીકળીને સાતા-સુખને અનુભવે છે. હે ગૌતમ ! શીતવેદનીય નરકોમાં નૈરયિક આનાથી પણ અનિષ્ટતર શીતવેદનાને અનુભવે છે.*



● **વિવેચન-૧૦૫ :-**

ભગવન્ ! રત્નપ્રભા નૈરયિકો કેવી ભુખ-તરસ વેદે છે ? ગૌતમ ! રત્નપ્રભા નૈરયિકના મુખમાં અસત્‌ભાવ કલ્પનાથી બધાં ખાદ્ય પુદ્‌ગલો અને બધાં સમુદ્રોનું જળ નાંખવામાં આવે, તો પણ તેમની તરસ છીપતી નથી. અહીં પ્રબલ ભસ્મક વ્યાધિવાળા પુરુષનું દૃષ્ટાંત છે. આવી ભુખ-તરસને અનુભવતા રહે છે. - x -

હવે વૈક્રિય શક્તિની વિચારણા - રત્નપ્રભાના નૈરયિકો એકરૂપ કે અનેકરૂપ વિકુર્વવા સમર્થ છે ? કર્મપ્રકૃતિ સંગ્રહણી ચૂર્ણિકાર પણ કહે છે - પૃથક્ શબ્દ બહુત્વ વાચી છે. - x - ભગવંતે કહ્યું - એક પણ વિકુર્વી શકે, અનેક પણ વિકુર્વી શકે. એક રૂપને વિકુર્વતો - મુદ્‌ગર, મુસુંઢી યાવત્ ભિંડમાલરૂપને વિકુર્વે છે. - x - x - પૃથક્‌ને વિકુર્વતો મુદ્‌ગરરૂપ યાવત્ ભિંડમાલરૂપને વિકુર્વે, તે પણ સમાન રૂપોને - અસમાન રૂપોને નહીં, તથા પરિમિતને સંખ્યાતીતને નહીં, વિસદૃશ કે અસંખ્યાત કરવાની શક્તિનો અભાવ છે. તથા સંબદ્ધ-શરીર સંલગ્નને, પોતાના શરીરથી પૃથક્‌ભૂતને નહીં. વિકુર્વીને પરસ્પરની કાયાને હણતાં વેદનાને ઉદીરે છે.

કેવી વેદના ? દુઃખરૂપપણાથી જાજ્વલ્યમાન, લેશ સુખ પણ નહીં તેવી. સકલ શરીર વ્યાપિતાથી વિસ્તીર્ણ, પ્રકર્ષ થકી મર્મ પ્રદેશ વ્યાપિતાથી અતિ સમવગાઢ કર્કશ એવી. જેમ કર્કશ પાષાણ સંઘર્ષ શરીરના ખંડને તોડતાં વેદના ઉપજાવે છે તેવી કર્કશ. પિત પ્રકોપ માફક કટુક, તેના કારણે અતિ અપ્રીતિજનક, મનથી અતી રુક્ષતાજનક, અશક્ય પ્રતિકારથી દુર્ભેદ, રૌદ્રાધ્યવસાય હેતુત્વથી રૌદ્ર, અતિશય, દુઃખરૂપ, દુર્લંધ્ય, અતિ અસહ્ય. આ પ્રમાણે પાંચમી પૃથ્વી સુધી જાણવું. છટ્ઠી-સાતમી પૃથ્વીના નૈરયિકો ઘણાં મોટા કીડા વિકુર્વે છે, તે લાલ-કુંથુઆ જેવા - વજ્રમય મુખ વાળા હોય છે. તેનાથી એકબીજાના શરીરને આરોહીને ખાતા-ખાતાં શરીરમાં પ્રવેશીને - x - શરીરમાં સંચરીને વેદના ઉદીરે છે.

હવે ક્ષેત્ર સ્વભાવજન્ય વેદના કહે છે — રત્નપ્રભાના નૈરયિક શીત-ઉષ્ણ કે શીતોષ્ણ વેદના વેદે છે ? ગૌતમ ! તેઓ ઉષ્ણ વેદના વેદે છે. તે નારક શીતયોનિવાળા છે, યોનિસ્થાન સિવાય સર્વ ભૂમિ ખેરના અંગારાથી અધિક તપ્ત છે. તેથી તેઓ ઉષ્ણ વેદના વેદે છે, શીત વેદના નહીં શીતોષ્ણ વેદનાના તો મૂળથી અભાવ જ છે - શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા આ પ્રમાણે જ કહેવી.

પંકપ્રભા નૈરયિકોની પૃચ્છા-ગૌતમ ! શીત અને ઉષ્ણ બંને વેદના વેદે છે. નરકાવાસના ભેદથી આમ કહ્યું. શીતોષ્ણ વેદના ન વેદે. તેમાં ઘણાં ઉષ્ણ વેદના વેદે છે, શીતયોનિત્વથી થોડાં શીત વેદના વેદે છે. આ પ્રમાણે ધૂમપ્રભામાં પણ કહેવું. વિશેષ એ - ઘણાં ઉષ્ણયોનિત્વથી તેઓ ઘણી શીત વેદના વેદે છે. અલ્પતર શીતયોનિત્વથી થોડાં ઉષ્ણ વેદનાને વેદે છે.

તમસ્પ્રભાના નૈરયિકોની પૃચ્છા - માત્ર શીત વેદના વેદે છે. કેમકે ત્યાં બધાં ઉષ્ણ યોનિક છે. યોનિ સ્થાનોને છોડીને બધું ક્ષેત્ર અત્યંત બરફની માફક ઠંડુ છે.

આ રીતે તમઃપ્રભા નૈરયિકોને પણ કહેવા. વિશેષ એ કે - પરમ શીત વેદનાને વેદે છે કેમકે છઠ્ઠી કરતાં સાતમી પૃથ્વીની શીતવેદના અતિ પ્રબળ છે.

હવે ભવાનુભવ પ્રતિપાદના - રત્નપ્રભા નૈરયિકો કેવી નરકભવ વેદના વેદતા રહે છે ? ગૌતમ ! સર્વકાળ - ક્ષેત્ર સ્વભાવજન્ય મહાનિબિડ અંધકાર દર્શનથી ડરેલા અને શંકિત રહે છે, પરમાધાર્મિક દેવ તથા પરસ્પરોદીરિત દુઃખ સંઘાતથી નિત્ય ત્રસ્ત રહે છે. નિત્ય દુઃખાનુભવને કારણે ઉદ્વિગ્ન રહે છે નિત્ય ઉપદ્રવગ્રસ્તથી થોડી પણ શાતા પામતા નથી. તે સદા અશુભ-અશુભરૂપથી અનન્ય સદૃશ તથા અશુભરૂપથી નિરંતર ઉપચિત નરકભવને અનુભવે છે. અધઃસપ્તમી સુધી કહેવું.

આ અધઃસપ્તમીમાં ક્રૂરકર્મી પુરુષો જ ઉપજે છે, બીજા નહીં. તે જણાવવા પાંચ પુરુષોના નામ કહ્યા છે. - x - તેઓ અતિ ઉત્કૃષ્ટ સ્થિતિના અને ઉત્કૃષ્ટ અનુભાગનો બંધ કરાવનારા ક્રૂરકર્મોને બાંધીને ઉત્પન્ન થાય છે. મનોદંડ-પ્રાણ હિંસાના અધ્યવસાયરૂપ. તેમના વડે કાળમાસે કાળ કરીને ઉત્પન્ન થયેલા — (૧) રામ - જમદગ્નિપુત્ર પરશુરામ, (૨) છાતીસુત દાઢાદાલ, (૩) ઉપરિચર વસુરાજા - તે દેવતા અધિષ્ઠિત આકાશ સ્ફટિક સિંહાસને બેસતો. તે સિંહાસન અદૃશ્ય રહેતું. લોકમાં એવી પ્રસિદ્ધિ હતી કે — આ વસુરાજા સત્યવાદી છે, તે પ્રાણના ભોગે પણ જૂઠું ન બોલે. તેથી દેવતાકૃત પ્રાતિહાર્ય માફક ઉપરના આકાશમાં ચરે છે. તે કોઈ દિવસે હિંસ્રવેદાર્થ પ્રરૂપક પર્વતનો પક્ષ લઈને અને સમ્યગ્દૃષ્ટિ નારદનો પક્ષ ન લઈને જૂઠું બોલતા, દેવતાએ સિંહાસનેથી તેને પાડી દીધો, તે રૌદ્રધ્યાનમાં આરૂઢ થઈ સાતમી નરકે ગયો.

સુભૂમ-આઠમો ચક્રવર્તી, કૌરવ્ય ગોત્ર ચુલનીપુત્ર બ્રહ્મદત્ત. આ પરશુરામ આદિ, અપ્રતિષ્ઠાન નરકે વેદના - x - વેદે છે.

હવે નરકમાં ઉષ્ણ વેદનાનું સ્વરૂપ - નરકોમાં નૈરયિક કેવી ઉષ્ણ વેદનાને અનુભવે છે ? જેમ કોઈ લુહારપુત્ર હોય, તે તરુણ વધતી ઉંમરવાળો હોય. - x - પ્રવર્દ્ધમાન વયવાળા આસન્ન મૃત્યુ ન હોય, કેમકે આસન્નમૃત્યુકને વિશિષ્ટ સામર્થ્ય ન સંભવે. તેથી વિશિષ્ટ સામર્થ્યના પ્રતિપાદનાર્થે બીજા વિશેષણો કહ્યા છે. બીજા કહે છે — જે દ્રવ્ય વિશિષ્ટ વર્ણાદિ ગુણયુક્ત અને અભિનવ હોય તે લોકમાં તરુણ કહેવાય. તેથી - x - તે લુહારપુત્ર અભિનવ અને વિશિષ્ટ વર્ણાદિ ગુણોપેત હોય. સામર્થ્યવાન્ હોય. યુગ - સુષમદુષ્ષમાદિ કાળવાળા તે યુગવાન્. કાલોપદ્રવ પણ સામર્થ્યવિઘ્ન હેતુ છે, તે જેને નથી તે. યૌવનસ્થ - કેમકે યુવાવસ્થામાં બલાતિશય હોય છે. અલ્પાતંક - સર્વથા અવિદ્યમાન જ્વરાદિ જેને છે તે. સ્થિરાગ્રહસ્ત. દૃઢ - અતિનિબિડ - x - ઘન-અતિશય - x - x - ચામડાની બેંત, મુદ્ગર, મુઠ્ઠીના આઘાતથી ઘન અને પુષ્ટ બનેલ અવયવવાળો આંતર્ ઉત્સાહ વીર્યયુક્ત. તાલવૃક્ષના સમશ્રેણિક યુગલની જેવા અતિ સરલ અને પીવર બાહુ જેના છે તે. - -

- - લંઘન - અતિક્રમણ, પ્લવન્ - કંઈક પૃથુતર વિક્રમ ગતિ ગમન, જવન





- અતિ શીઘ્ર ગતિ, પ્રમર્દન - કઠીન વસ્તુનું પણ ચૂર્ણ કરવામાં સમર્થ. ક્યાંક વાયામણ શબ્દ પણ છે, તેનો અર્થ છે વ્યાયામકરણ. છેક - ૭૨-કલાપંડિત, દક્ષ - અવિલંબપણે કાર્ય કરનાર, પ્રષ્ઠ - વાચાકુશળ, કુસલ - સમ્યક્ ક્રિયા પરિજ્ઞાનવાન્, મેધાવી - પૂર્વાપર અનુસંધાન દક્ષ, તેથી ક્રિયામાં કૌશલ્યને પ્રાપ્ત. એક નાના પાણીના ઘડા સમાન લોહપિંડને લઈને તેને તપાવી - તપાવીને, ઘણ વડે કુટી-કુટીને - x - તે લોહપિંડને બહારથી અને અંદરથી ઠંડો કરે. લોઢાની સાણસી વડે પકડીને અસત્ ભાવ કલ્પનાથી અર્થાત્ આવું બન્યું નથી કે બનશે નહીં, તે પિંડને ઉષ્ણવેદના નરકમાં મૂકે. પછી ઉન્મેષ-નિમેષ કરે અર્થાત્ આંખના પલકારા માત્ર કાળમાં હું પાછો લઈ લઉં, એમ વિચારીને જુએ તેટલામાં ફૂટી જાય કે માખણની જેમ પીગળી જાય કે સવર્થા ભસ્મીભૂત થઈ જાય. - x - પણ ફરી ત્યાંથી કાઢી ન શકે, આટલી ઉષ્ણ વેદના ત્યાં હોય. આ જ અર્થને બીજા દૃષ્ટાંતથી કહે છે —

આ દૃષ્ટાંત વિવક્ષિત અર્થની પ્રતિપત્તિ અર્થે જાણવું. મદયુક્ત હાથી, અહીં માતંગ શબ્દ અંત્યજ અર્થમાં પણ સંભવે છે, તેથી તે શંકા નિવારણાર્થે કે વિવિધ દેશના શિષ્યોના અનુગ્રહાર્થે બે પર્યાયો કહે છે, દ્વિપઃ - બે મુખ વડે પીએ છે તે. કુંજર-ગહન વનમાં રતિ પામે છે તે. ૬૦ વર્ષનો જે છે તે. કારતક માસ સમયે. પ્રવચનમાં અષાઢ આદિ બબ્બે માસ પ્રમાણ કહેલ છે. તે મુજબ પહેલી પ્રાવૃટ્, બીજી વર્ષારાત્ર, ત્રીજી શરદ, ચોથી હેમંત, પાંચમી વસંત, છઠ્ઠી ગ્રીષ્મ - x - તેમાં પ્રથમ શરત્કાલ તે કારતક - x - ચરમ નિદાઘકાળ - જેઠ માસ પર્યન્ત, તેમાં સૂર્યના કઠોર કિરણોના પ્રતાપથી અભિભૂત તેથી જ ઉષ્ણ સૂર્ય કિરણ વડે સર્વથા પ્રતપ્ત અંગપણે તૃષા વડે હણાયેલ. તેમાં પાણીને શોધવા સ્વેચ્છાથી ભમતાં કોઈક દવાગ્નિમાં જતાં દવાગ્નિજ્વાલાથી હણાયેલ, તેથી ક્યાંય પણ સ્વાસ્થ્ય ન પામતાં આકુળ થયેલ, ગળું સુકાતું હોય તેવો કે ક્ષીણ શરીરી, અસાધારણ તૃષા વેદના યુક્તતાથી શરીર અને મનથી દુર્બળ થયેલ, ગ્લાનિને પામેલ હોય.

એક મોટી પુષ્કરિણી હોય, કેવી ? ચાર ખૂણાવાળી, વિષમ અને ઉન્નતપણાં રહિત, સુખે ઉતરી શકાય તેવી કિનારાવાળી, નિમ્ન-નિમ્નતર ભાવરૂપે પણ ક્યાંક ખાડા-ક્યાંક ટેકરારૂપ નહીં, અતિશય યુક્ત ક્યારાવાળી, તળ સ્થાન ન દેખાતી, શીતલજળયુક્ત હોય, પાણીને ઢાંકતા પત્ર-બિસ-મૃણાલ યુક્ત, પદ્મિનીપત્ર યુક્ત, તથા ઘણાં ઉત્પલ-કુમુદ નલિનાદિના કેસરા વડે વિકસિત રૂપથી ઉપચિત હોય, તે કમળ-કુમુદાદિની રજ ભ્રમરો વડે ભોગવાતી હોય, સ્વરૂપથી તે પુષ્કરિણી સ્ફટિકવત્ શુદ્ધ હોય, આવતા મળતી રહિત હોય, પાણી વડે પૂર્ણ હોય, તેમાં અતિરેકપણાથી ભમતાં મત્સ્ય, કચ્છપાદિ હોય, અનેક પક્ષીગણ યુગલના અહીં-તહીં સ્વેચ્છા વડે પ્રવૃત્ત ઉન્નત્ત શબ્દ અને મધુર સ્વર વડે જે નાદિત હોય, તેને જોઈને તેમાં પ્રવેશ કરે. કરીને શરીરના દાહને તે હાથી પ્રકર્ષથી સર્વથા દૂર કરે, ક્ષુધાને શમાવે. કઈ રીતે ? નીકટના તટવર્તી શલ્લકી આદિ કિસલયના ભક્ષણ અને જળપાન થકી. જ્વરના

સંતાપને પણ શાંત કરે. એ પ્રમાણે સર્વ ભુખાદિ દોષ ચાલ્યા જતાં સુખ ભાવથી નિદ્રા પામે, સુખપ્રબોધા નિદ્રાને પામે, પ્રચલા પામે, ક્ષણ માત્ર નિદ્રા લાભથી અતિ સ્વસ્થ થાય...

- - સ્મૃતિં - પૂર્વાનુભૂત સ્મરણ, રતિ - તદવસ્થાની આસક્તિરૂપ, ધૃતિ - ચિત્ત સ્વાસ્થ્ય, મતિ - સમ્યગ્ ઈહા-અપોહ રૂપ. આ બધાંને પામે છે. પછી શીત - બાહ્ય શરીર પ્રદેશના શીત ભાવથી, શીતીભૂત - શરીરની અંદર પણ નિર્વૃત્તિરૂપ, પછી એકી ભાવથી જતા સાતા-આહ્લાદ, તત્પ્રધાન સૌખ્ય, પણ અભિમાન માત્ર જનિત આહ્લાદ નહીં. આ સાતાસૌખ્યની બહુલતાથી સ્વેચ્છાએ પરિભ્રમણ કરે. આ રીતે આ દૃષ્ટાંતની માફક હે ગૌતમ ! અસત્ ભાવ કલ્પનાથી - x - ઉષ્ણ વેદના નરકથી તે નૈરયિક અનંતર ઉદ્વર્તીને નીકળે, અહીં પ્રત્યક્ષ ઉપલભ્ય મનુષ્ય લોકના જે સ્થાનો છે. જેવા કે - ગોળ પકાવવાની ભઠ્ઠી ઈત્યાદિ...

... પિષ્ટ પાચનક અગ્નિ ભેદથી આનું સ્વરૂપ કહે છે ... તે પણ અવિરુદ્ધ જ છે - તલનો અગ્નિ, તુષનો અગ્નિ ઈત્યાદિ. લોઢું ગાળવાની ભઠ્ઠી, એ રીતે તાંબુ-ત્રપુષ્-શીશા આદિ ગાળવાની ભઠ્ઠી જાણવી, ઇંટનો નિભાડો ઇત્યાદિ કે લોઢાની કોઠી, યંત્ર વાડચુલ્લી - શેરડી પીલવાનું યંત્ર, તેમાં જ્યાં ઈક્ષુરસ પકાવાય છે, આવા પ્રકારના જે સ્થાનો મનુષ્યલોકમાં છે કે જે અગ્નિના સંપર્કથી અતિ તપેલા છે, તે કેટલાંક લોહભઠ્ઠી આદિ, કેટલાંક ઉષ્ણ સ્પર્શવાળા પણ સંભવે છે, તેથી વિશેષમાં કહે છે — સાક્ષાત્ અગ્નિ વર્ણ થયા, આ જ ઉપમાને સ્પષ્ટ કરે છે — વિકસિત પલાશપુષ્પ સમાન થાય, ઉલ્કા-મૂળ અગ્નિથી છુટી-છુટીને જે અગ્નિકણો પ્રસરે છે, તે ઉલ્કા કહેવાય છે. તેવી હજારો ઉલ્કાને મૂકતા, હજારો જ્વાલાને છોડતાં, હજારો અંગારાને વિખેરતા, અતિ જાજ્વલ્યમાન, સારી રીતે પ્રગટેલ અગ્નિ જેમાં છે, તેને જુએ છે. જોઈને તેમાં પ્રવેશે છે. પ્રવેશીને નરકની ઉષ્ણ વેદના જનિત બાહ્ય શરીરના પરિતાપને શાંત કરે છે. કેમકે નરકના ઉષ્ણ સ્પર્શાદિ, ભઠ્ઠી આદિના ઉષ્ણસ્પર્શ કરતા અતીવ મંદ છે. એ રીતે તૃષા-ક્ષુધા-દાહાદિને શાંત કરે છે. તેમ થતાં નિદ્રા-પ્રચલાને પામીને, સ્મૃતિ-ધૃતિ-રતિને પામે છે. પછી શીત-શીતીભૂત થઈને નીકળતા ઘણી સાતાપામી વિચરે છે.

આમ કહી ગૌતમસ્વામી પૂછે છે — શું ઉષ્ણ વેદનીય નરકોમાં આવા પ્રકારની ઉષ્ણવેદના હોય છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. ઉષ્ણ વેદનીય નરકોમાં જે ઉષ્ણ વેદના છે, તે આના કરતા ઘણી અનિષ્ટતર, અપ્રિયતર, અમનોજ્ઞતરાદિ વેદના વેદે છે.

હવે શીત વેદનીય નરકોમાં શીતવેદના સ્વરૂપ કહે છે — શીતવેદનીય નરકોમાં નૈરયિકો કેવી શીતવેદના અનુભવતા રહે છે ? જેમ કોઈ લુહારપુત્ર, તરુણ ઇત્યાદિ વિશેષણયુક્ત હોય ઈત્યાદિ પૂર્વવત્. વિશેષમાં અહીં ઉત્કર્ષથી એક માસ કહેવો. તે લુહારપુત્ર, લોઢાના ઉષ્ણ પિંડને, અહીં ઉષ્ણ - બાહ્ય પ્રદેશ માત્ર અપેક્ષાથી કહે છે.



ઉષ્ણીભૂત - સર્વથા અગ્નિવર્ણરૂપ. લોઢાની સાણસી વડે પકડીને અસત્‌ભાવ પ્રસ્થાપનાથી શીતવેદનીય નરકોમાં ફેંકે. બાકી પૂર્વવત્ - તે આ રીતે - ''તેને પલકવારમાં પાછો લઈ લઈશ'' એમ વિચારે, તેટલામાં તેને ફૂટતો-પીગળતો-નષ્ટ થતો જુએ છે. પણ તેને અસ્ફૂટિત સ્વરૂપે બહાર કાઢવામાં સમર્થ થતો નથી યાવત્ સાતા સૌખ્યથી વિચરે છે.

આ ઉક્ત અધિકૃત્ દૃષ્ટાંત પ્રકારથી, ગૌતમ ! અસત્‌ભાવ પ્રસ્થાપનાથી શીત વેદનીય નરકોથી અનંતર ઉદ્વર્તીને, જે આ મનુષ્યલોકમાં સ્થાનો છે - જેમકે - હિમ, હિમપુંજ, હિમપટલ, હિમકૂટ. આ પર્યાય પદો છે. તે શીત-શીતપુંજ ઇત્યાદિને જુએ છે. જોઈને તેમાં પ્રવેશે. પ્રવેશીને નરકજનિત શીતત્વને દૂર કરે. પછી સુખાસિકા ભાવથી તૃષા, ક્ષુધા, જ્વર, નરક વેદનીય, નરકસંપર્કથી ઉત્પન્ન ઠંડીને પણ દૂર કરે. પછી આ દોષો દૂર થતાં અનુત્તર સ્વાસ્થ્ય પ્રાપ્ત થતાં નિદ્રા-પ્રચલા પામે, સ્મૃતિ આદિ પામે. પછી નરકગત ઠંડી દૂર થવાથી બાહ્યપ્રદેશથી ઉષ્ણ, આંતરિક રીતે પણ ઠંડી દૂર થતાં ઉત્સાહ જન્મતાં, સુખે સંક્રમતો ઘણા સાતા-સુખથી વિચરે - x -

હવે નૈરયિકોની સ્થિતિ પ્રતિપાદન કરે છે —

● **સૂત્ર-૧૦૬,૧૦૭ :-**

***[૧૦૬] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ સ્થિતિ કહેવી. યાવત્ અધઃસપ્તમી.***

***[૧૦૭] ભગવન્ ! આ રત્નપ્રભા નૈરયિક અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? શું નૈરયિકોમાં કે તિર્યંચ યોનિકોમાં ઉપજે છે ? ઉદ્વર્તના કહેવી. જેમ વ્યુત્ક્રાંતિ પદમાં છે તેમ અહીં પણ અધઃસપ્તમી સુધી કહેવી.***

● **વિવેચન-૧૦૬,૧૦૭ :-**

ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વી નૈરયિકોની સ્થિતિ કેટલા કાળની છે ? જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાગરોપમ. એ રીતે શર્કરાપ્રભાના નૈરયિકોની જઘન્યથી સાગરોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમ. વાલુકાપ્રભા નૈરયિકોની જઘન્ય ત્રણ સાગરોપમ, ઉત્કૃષ્ટ સાત સાગરોપમ. પંકપ્રભાના નૈરયિકોની જઘન્ય સાત સાગરોપમ, ઉત્કૃષ્ટથી દશ ધૂમપ્રભાની જઘન્ય-દશ, ઉત્કૃષ્ટ-૧૭, તમઃપ્રભા નૈરયિકોની જઘન્ય-૧૭, ઉત્કૃષ્ટ-૨૨, તમસ્તમપ્રભાની જઘન્ય-૨૨, ઉત્કૃષ્ટ-૩૩-સાગરોપમ. ક્યાંક એવું કહે છે કે — ''જેમ પ્રજ્ઞાપનાના સ્થિતિપદમાં'' કહ્યું છે.

દરેક પ્રસ્તટનું સ્થિતિ પરિમાણ આ રીતે - રત્નપ્રભાના પહેલા પ્રસ્તટમાં જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ-૯૦,૦૦૦ વર્ષ. બીજા પ્રસ્તટમાં જઘન્ય દશ લાખ વર્ષ, ઉત્કૃષ્ટ ૯૦ લાખ વર્ષ. ત્રીજા પ્રસ્તટમાં ૯૦ લાખ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વ કોટી, *[આગળ-આગળની જઘન્યા સ્થિતિ, પૂર્વ-પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિવત્ છે.]* ચોથા પ્રસ્તટમાં ઉત્કૃષ્ટી સાગરોપમનો $^{2}/_{10}$ ભાગ. છઠ્ઠા પ્રસ્તટમાં ઉત્કૃષ્ટી $^{3}/_{10}$ સાગરોપમ, સાતમામાં

ઉત્કૃષ્ટી ૪/૧૦ આઠમામાં ઉત્કૃષ્ટ ૫/૧૦, નવમામાં ઉત્કૃષ્ટ ૬/૧૦, દશમામાં ઉત્કૃષ્ટ સાત દશાંશ, અગીયારમામાં ઉત્કૃષ્ટ ૮/૧૦, બારમામાં ઉત્કૃષ્ટ ૯/૧૦ તેરમામાં ઉત્કૃષ્ટ એક સાગરોપમ પૂર્ણ.

શર્કરાપ્રભાના પહેલાં પ્રસ્તટમાં જઘન્યા એક સાગરોપમ, ઉત્કૃષ્ટી એક સાગરોપમ અને ૨/૧૧ સાગરોપમ છે. *[પ્રત્યેકની જઘન્ય સ્થિતિ પૂર્વ-પૂર્વની ઉત્કૃષ્ટ મુજબ સર્વત્ર જાણવી.]* બીજા પ્રસ્તટમાં એક પૂર્ણાંક છ અગિયારાંશ સાગરોપમ, ચોથા પ્રસ્તટમાં ઉત્કૃષ્ટી એક પૂર્ણાંક આઠ અગિયારાંશ સાગરોપમ. પાંચમા પ્રસ્તટમાં ઉત્કૃષ્ટ એક પૂર્ણાંક દશ અગિયારાંશ સાગરોપમ. છટ્ઠામાં ઉત્કૃષ્ટી બે પૂર્ણાંક એક અગીયારાંશ સાગરોપમ, સાતમામાં ઉત્કૃષ્ટી બે પૂર્ણાંક ત્રણ અગિયારાંશ સાગરોપમ, આઠમામાં ઉત્કૃષ્ટી બે પૂર્ણાંક પાંચ અગિયારાંશ સાગરોપમ, નવમામાં ઉત્કૃષ્ટી બે પૂર્ણાંક સાત અગિયારાંશ સાગરોપમ, દશમામાં ઉત્કૃષ્ટી બે પૂર્ણાંક નવ અગિયારાંશ સાગરોપમ, અગિયારમાં પ્રસ્તટમાં ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રણ સાગરોપમ છે.

વાલુકાપ્રભામાં પહેલા પ્રસ્તટમાં જઘન્યા સ્થિતિ ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રણ સાગરોપમ અને ચાર નવમાંશ [૩-૪/૯] સાગરોપમ છે. *[પછી પછીની જઘન્યસ્થિતિ પૂર્વ-પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ મુજબ જાણવી.]* બીજા પ્રસ્તટમાં ઉત્કૃષ્ટી સ્થિતિ ૩-૮/૯ સાગરોપમ છે. ત્રીજામાં ઉત્કૃષ્ટી સ્થિતિ ૪-૩/૯ સાગરોપમ છે. ચોથામાં ઉત્કૃષ્ટી સ્થિતિ ૪-૭/૯ સાગરોપમ છે. પાંચમામાં ઉત્કૃષ્ટી ૫-૨/૯ સાગરોપમ છે. છટ્ઠામાં ઉત્કૃષ્ટી ૫-૬/૯ સાગરોપમ છે. સાતમામાં ઉત્કૃષ્ટી ૬-૧/૯ સાગરોપમ. આઠમામાં ઉત્કૃષ્ટી ૬-૫/૯ સાગરોપમ, નવમા પ્રસ્તટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ પરિપૂર્ણ સાત સાગરોપમ છે. અર્થાત્ અહીં ત્રણ સાગરોપમમાં પ્રતિ પ્રસ્તટે ક્રમથી ચાર સાગરોપમના નવ ભાગ [૪/૯] વધારવાથી યથોક્ત પરિમાણ આવે છે.

પંકપ્રભામાં પહેલા પ્રસ્તટમાં જઘન્યા સ્થિતિ સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટી સાત સાગરોપમ અને ત્રણ સાગરોપમના સાત ભાગ [૭-૩/૭] છે. બીજામાં ઉત્કૃષ્ટી ૭-૬/૭ સાગરોપમ. ત્રીજામાં ઉત્કૃષ્ટી ૮-૨/૭ સાગરોપમ, ચોથામાં ઉત્કૃષ્ટ ૮-૫/૭ સાગરોપમ. પાંચમામાં ઉત્કૃષ્ટી ૯-૧/૭ સાગરોપમ. છટ્ઠામાં ઉત્કૃષ્ટ ૯-૪/૭ સાગરોપમ, સાતમાં પ્રસ્તટમાં ઉત્કૃષ્ટી સ્થિતિ પરિપૂર્ણ દશ સાગરોપમ છે. અહીં પણ સાત સાગરોપમમાં ૩/૭ સાગરોપમ પ્રત્યેક પ્રસ્તટમાં વધારતા યથોક્ત પરિમાણ આવે છે.

ધૂમપ્રભાના પહેલાં પ્રસ્તટમાં જઘન્યા સ્થિતિ દશ સાગરોપમ, ઉત્કૃષ્ટી સ્થિતિ ૧૧-૨/૫ સાગરોપમ છે. બીજામાં ઉત્કૃષ્ટ ૧૨-૪/૫ સાગરોપમ, ત્રીજામાં ઉત્કૃષ્ટ ૧૪-૧/૫ સાગરોપમ, ચોથામાં ઉત્કૃષ્ટ - ૧૫-૩/૫ સાગરોપમ, પાંચમાં પ્રસ્તટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭-સાગરોપમ છે. અહીં પણ દશ સાગરોપમની ઉપર પ્રત્યેક પ્રસ્તટમાં ક્રમથી ૧-૨/૫ સાગરોપમ વધારતા આ પ્રમાણ આવે.

તમ:પ્રભામાં પહેલા પ્રસ્તટમાં જઘન્યા સ્થિતિ-૧૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૮-



૨/૩ સાગરોપમ છે. બીજામાં ઉત્કૃષ્ટી ૨૦-૧/૩ સાગરોપમ છે. ત્રીજામાં ઉત્કૃષ્ટી ૨૨-સાગરોપમ છે. અહીં તાત્પર્ય આ છે - ૧૭ સાગરોપમની ઉપર પ્રતિ પ્રસ્તટે ક્રમથી ૧-૨/૩ ભાગ વધારતા યથોક્ત પરિમાણ થાય છે.

સાતમી પૃથ્વીમાં એક જ પ્રસ્તટ હોય છે.

નૈરયિકોનું ઉદ્વર્તન હવે કહે છે — રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય છે ? જેમ પ્રજ્ઞાપનાના વ્યુત્ક્રાંતિ પદમાં કહ્યું છે, તેમ તમસ્તમા સુધી જાણવું. સંક્ષેપાર્થ આ પ્રમાણે - રત્નાપ્રભાથી તમસ્તમાના નૈરયિકો અનંતર ઉદ્વર્તીને નૈરયિક-દેવ-એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-સંમૂર્છિમ પંચેન્દ્રિય-અસંખ્યાત વર્ષાયુ વર્જીને બાકીના તિર્યંચ-મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. સાતમી પૃથ્વી નૈરયિકો ઉદ્વર્તીને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોમાં જ ઉપજે છે, બીજામાં નહીં. - - હવે નરકોમાં સ્પર્શ સ્વરૂપ કહે છે —

**● સૂત્ર-૧૦૮ થી ૧૧૬ :-**

***[૧૦૮] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેવા પૃથ્વી સ્પર્શને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. આ પ્રમાણે અધ:સપ્તમી પૃથ્વી સુધી જાણવું.***

***ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેવા જળ સ્પર્શ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. એ રીતે અધ:સપ્તમી સુધી જાણવું યાવત્ વનસ્પતિ સ્પર્શ સુધી કહેવું.***

***ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વી અપેક્ષાએ બાહલ્યમાં મોટી અને સર્વાંતોમાં સૌથી નાની છે ? હા, ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વીની અપેક્ષાએ યાવત્ સૌથી નાની છે.***

***ભગવન્ ! બીજી પૃથ્વી, ત્રીજી પૃથ્વીની અપેક્ષાથી યાવત્ સર્વાંતથી સૌથી ક્ષુદ્ર છે, આ આલાવાથી યાવત્ છટ્ઠી પૃથ્વી અધ:સપ્તમી પૃથ્વીની અપેક્ષાએ સર્વાંતથી સૌથી નાની છે.***

***[૧૦૯] ભગવન્ ! આ રત્નપ્રભાના નરકાવાસોના અંતવર્તી પ્રદેશોમાં જે પૃથ્વી યાવત્ વનસ્પતિકાયિક જીવ છે, તે મહાકર્મી-મહાક્રિયાવાળા - મહાઆસ્રવ-વાળા - મહાવેદનાવાળા છે શું ? હા, ગૌતમ ! તેમ જ છે, આ પ્રમાણે અધ:સપ્તમી સુધી કહેવું.***

***[૧૧૦] ભગવન્ ! આ રત્નપ્રભાના ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં બધાં પ્રાણો, બધાં ભૂતો, બધાં જીવો, બધાં સત્વો પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિકપણે અને નૈરયિકપણે પૂર્વે ઉત્પન્ન થયા છે શું ? હા, ગૌતમ ! અનેકવાર કે અનંતવાર, એ પ્રમાણે યાવત્ અધ:સપ્તમી પૃથ્વી સુધી કહેવું. વિશેષ એ કે - જેને જેટલા નરકાવાસ છે, તેનો ઉલ્લેખ કરવો.***

*[૦ આ ઉદ્દેશામાં આટલા વિષયો પ્રતિપાદિત થયા.]*

*[૧૧૧] પૃથ્વીની સંખ્યા, કેટલા ક્ષેત્રમાં અવગાહિત છે ?, નરકનું સંસ્થાન, બાહલ્ય, વિષ્કંભ, પરિક્ષેપ, વર્ણ, ગંધ અને સ્પર્શ... [૧૧૨] નરકોની વિસ્તીર્ણતા બતાવવા દેવની ઉપમા, જીવ અને પુદ્‌ગલોની તેમાં વ્યુત્ક્રાંતિ, શાશ્વતાદિ પ્રરૂપણા... [૧૧૩] ઉપપાત, પરિમાણ, અપહાર, ઉચ્ચત્વ, સંઘયણ, સંસ્થાન, વર્ણ-ગંધ-સ્પર્શ, ઉચ્છ્‌વાસ, આહાર... [૧૧૪] લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, સમુદ્‌ઘાત, ક્ષુધા, તૃષા, વિકુર્વણા, વેદના, ભય... [૧૧૫] પાંચ મહાપુરુષોનો ઉપપાત, બે પ્રકારની વેદના, ઉદ્વર્તના, પૃથ્વીનો સ્પર્શ, સર્વે જીવોનો ઉપપાત. [૧૧૬] આ સંગ્રહણી ગાથાઓ છે.*

**● વિવેચન-૧૦૮ થી ૧૧૬ :-**

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક કેવો સ્પર્શ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ. તેનો અર્થ પૂર્વવત્. તમસ્તમા સુધી આમ કહેવું. આ રીતે અપ્, તેઉ, વાયુ, વનસ્પતિના સ્પર્શ સૂત્રો પણ કહેવા. વિશેષ એ કે — તેઉ સ્પર્શ - ઉષ્ણ રૂપતા પરિણત નરકકુડી આદિ સ્પર્શ અથવા બીજા દ્વારા ઉદરિત વૈક્રિયરૂપ જાણવી. પણ સાક્ષાત્ બાદર અગ્નિકાયનો સ્પર્શ, તેમાં અસંભવ છે. - - - રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસમાં પ્રત્યેક નરકાવાસમાં બધાં પ્રાણો - બેઈન્દ્રિયો, બધાં ભૂતો-વનસ્પતિકાયિક, બધાં સત્વો - પૃથ્વી આદિ, બધાં જીવો-પંચેન્દ્રિયો.

પૂર્વે પૃથ્વી-અપ્-વાયુ-વનસ્પતિ-નૈરયિકપણે ઉત્પન્ન થયા છે શું ? હા. ગૌતમ ! સંસારના અનાદિત્વથી અનેકવાર કે અનંતવાર થયા છે - આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

*[વૃત્તિકારશ્રીએ નોંધેલ સૂત્ર, સૂત્રાર્થમાં કહેવાઈ ગયું છે.]*

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીમાં નરકાવાસ પર્યતવર્તી પ્રદેશોમાં બાદર પૃથ્વીકાયિક-અપ્-વાયુ-વનસ્પતિકાયિક જીવો મહાકર્મતર-ઘણાં જ અસાતાવેદનીય કર્મોવાળા, અતિશય મહાકર્મી છે. મહાકર્મી કઈ રીતે ? મહાકિરિયતર છે - પ્રાણાતિપાતિદિક, પૂર્વ જન્મમાં તે ભવમાં તે અધ્યવસાયની અનિવૃત્તિ જેને છે તે મહાક્રિયા, તેનું અતિશયપણું. - x - મહાક્રિયાવાળા છે માટે મહાકર્મવાળા છે. મહાક્રિયતરત્વમ્ કઈ રીતે ? મહાશ્રવતર. મોટા પાપ ઉપાદાનના હેતુઓ આરંભાદિ, જેમાં છે તે મહાશ્રવા. જે કારણે મહાકર્મી છે, તે જ કારણે મહાવેદનાવાળા છો. કેમકે નરકમાં ક્ષેત્રજ-સ્વભાવજ વેદના ઘણી દુઃસહ હોય છે. ભગવંતે કહ્યું — હા છે.

બધી નરકમાં આમ કહેવું.

હવે ઉદ્દેશકાર્ય સંગ્રહણી ગાથા કહે છે. તેની અક્ષર ગમનિકા - પૃથ્વી. ભગવન્ ! પૃથ્વી કેટલી કહી છે ? ઓગાહિત્તાનરગા. જે પૃથ્વીમાં જે અવગાહ્ય અને જેવી નરકો છે તે. જેમકે - ભગવન્ ! આ ૧,૮૦,૦૦૦ યોજન રત્નપ્રભા પૃથ્વી બાહલ્યથી ઉપર કેટલી અવગાહે છે, ઈત્યાદિ. પછી નરકોનું સંસ્થાન, પછી બાહલ્ય,



પછી વિષ્કંભ-પરિક્ષેપ, પછી વર્ણ-ગંધ-સ્પર્શ, દેવ વડે નરકની મોટાઈની ઉપમા, પછી જીવો અને પુદ્‌ગલોની તે નરકમાં વ્યુત્ક્રાંતિ, તથા શાશ્વતા-અશાશ્વતા નરકો કહેવા. પછી ઉપપાત કહેવો. તે આ રીતે - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ક્યાંથી આવીને ઉપજે છે ? ઈત્યાદિ.

પછી પરિમાણ, અપહાર, ઉચ્ચત્વ, સંહનન, સંસ્થાન, પછી વર્ણ, ગંધ, સ્પર્શ, ઉચ્છ્‌વાસ, આહાર, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, સમુદ્‌ઘાત, ભુખ-તરસ, વિકુર્વણા, વેદના, ભય, પાંચ પુરુષોનો અધઃસપ્તમીમાં ઉપપાત, ઔપમ્ય વેદના, સ્થિતિ કથન, ઉદ્વર્તના, સ્પર્શ, સર્વ જીવોનો ઉપપાત કહ્યો છે.

o — x — x — x — x — x — o

## ❀ પ્રતિપત્તિ-૩-નૈરયિક ઉદ્દેશક-૩ ❀

-- x -- x -- x -- x -- x --

૦ નરકોદ્દેશક-૨-સમાપ્ત થયો. હવે ત્રીજો આરંભે છે –

● **સૂત્ર-૧૧૭ થી ૧૨૯ :-**

*[૧૧૭] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક કેવા પ્રકારના પુદ્‌ગલ પરિણામોને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. એ રીતે અધઃસપ્તમી સુધી જાણવું.*

*[૧૧૮] આ સાતમી પૃથ્વીમાં પ્રાયઃ નરવૃષભ, વાસુદેવ, જલચર, માંડલિક, રાજા અને મહારંભી ગૃહસ્થ ઉત્પન્ન થાય છે.*

*[૧૧૯] નારકોમાં અંતર્મુહૂર્ત્ત, તિર્યંચ અને મનુષ્યોમાં ચાર અંતર્મુહૂર્ત્ત, દેવોમાં અર્ધમાસ ઉત્કૃષ્ટ વિકુર્વણા કાળ કહ્યો છે.*

*[૧૨૦] જે પુદ્‌ગલ અનિષ્ટ છે, તે નિયમા તેઓ આહાર કરે છે તેમનું સંસ્થાન નિયમા જઘન્ય અને હુંડ જાણવું.*

*[૧૨૧] બધાં નૈરયિકોની વિકુર્વણા અશુભ જ હોય છે. વૈક્રિય શરીર પણ અસંહનનયુક્ત અને હુંડ સંસ્થાન હોય છે.*

*[૧૨૨] સર્વે નરક પૃથ્વીઓમાં અને કોઈપણ સ્થિતિવાળા નૈરયિકનો જન્મ અને નરકભવ અશાતાવાળો અને દુઃખમય હોય છે.*

*[૧૨૩] નૈરયિક જીવમાં કોઈ જીવ ઉપપાત સમયે, પૂર્વ સાંગતિક દેવના નિમિત્તે, કોઈ શુભ અધ્યવસાયથી અથવા કર્માનુભાવથી સાતાનું વેદન કરે છે.*

*[૧૨૪] સેંકડો વેદનાથી અવગાઢ હોવાથી દુઃખોથી વ્યાપ્ત નારક ઉત્કૃષ્ટ ૫૦૦ યોજન ઉછળે છે.*

*[૧૨૫] રાત-દિન દુઃખોથી પચતા નૈરયિકોને નરકમાં પલક ઝપકાવવા માત્ર કાળ પણ સુખ નથી, સદા દુઃખી જ રહે છે.*

*[૧૨૬] તૈજસ-કાર્મણ શરીર, સૂક્ષ્મ શરીર અને અપર્યાપ્તા જીવો દ્વારા મૂકાતા શરીર હજારો ખંડોમાં ખંડિત થઈ વિખરાય છે.*

*[૧૨૭] નરકોમાં નૈરયિકોને અતિશીત-અતિઉષ્ણ-અતિતૃષા, અતિભુખ, અતિભય અને સેંકડો દુઃખ નિરંતર રહે છે.*

*[૧૨૮] આ ગાથાઓમાં ભિન્ન મુહૂર્ત્તો, પુદ્‌ગલ, અશુભ, અસાતા, ઉપપાત, ઉત્પાત, અક્ષી, શરીરનું વર્ણન છે.*

*[૧૨૯] તે આ નૈરયિકોનું વર્ણન થયું.*

● **વિવેચન-૧૧૭ થી ૧૨૯ :-**

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો આહારાદિ પુદ્‌ગલ વિપાકને પ્રત્યેકને વેદતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ આદિ. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું. એ રીતે વેદના-લેશ્યા-નામ-ગોત્ર-અરતિ-ભય-શોક-ક્ષુધા-તૃષા-વ્યાધિ-ઉચ્છ્‌વાસ-અનુતાપ-



ક્રોધ આદિ, આહારાદિ સંજ્ઞા સૂત્રો કહેવા. આ વિષયોને જણાવતી સંગ્રહણી ગાથાઓ વૃત્તિકારે મૂકી છે. હવે સાતમી નરકે જનારને બતાવે છે –

આ પરિગ્રહ સંજ્ઞા પરિણામ કથનમાં છેલ્લું સૂત્ર, સાતમી નરક પૃથ્વી વિષયક છે, પછી આ ગાથા છે, તેથી અધઃસપ્તમી પૃથ્વી લીધી છે. તેમાં - x - બહુલતાથી નર વૃષભો, વાસુદેવો, તંદુલ મત્સ્યાદિ જલચરો, વસુ આદિ માંડલિકો, સુભૂમાદિ ચક્રવર્તી, કાલસૌરિકાદિ મહારંભી ગૃહસ્થીઓ જાય છે.

હવે નરકના પ્રસ્તાવથી તિર્યંચાદિનો ઉત્તર વૈક્રિય અવસ્થાનકાળ કહે છે – ભિન્ન - ખંડ મુહૂર્ત્ત તે અંતર્મુહૂર્ત્ત. નરકોમાં તે ઉત્કૃષ્ટ વિકુર્વણા સ્થિતિકાળ છે, તિર્યંચ-મનુષ્યમાં ચાર અંતર્મુહૂર્ત્ત છે. દેવોમાં અર્ધમાસ કહેલ છે. આ કાળ તીર્થંકરાદિએ કહેલ છે.

હવે નરકમાં આહારાદિ સ્વરૂપ કહે છે – જે અનિષ્ટ પુદ્‌ગલો છે, તે નિયમથી તેમનો આહાર થાય છે. તેમનું સંસ્થાન હુંડ છે. હુંડ પણ જઘન્ય, અતિ નિકૃષ્ટ, અનિષ્ટ જાણવું. આ ભવધારણીય શરીરને આશ્રીને જાણવું. ઉત્તર વૈક્રિય સંસ્થાન હવે કહેવાશે.

હવે વિકુર્વણા સ્વરૂપ કહે છે – બધાં નૈરયિકોની વિકુર્વણા નિશ્ચિત્ત અશુભ છે. "હું શુભ વિકુર્વણા કરીશ" એમ તે વિચારે, તો પણ તથાવિધ પ્રતિકૂલ કર્મોદયથી તેમને અશુભ વિકુર્વણા થાય છે. તેમનું ઉત્તર વૈક્રિય શરીર પણ અસ્થિના અભાવે અસંહનની - x - તથા હુંડ સંસ્થાન જ હોય કેમકે હુંડ સંસ્થાન નામે ભવ પ્રત્યય ઉદય હોય છે.

કોઈ જીવ રત્નપ્રભાથી તમસ્તમા પર્યન્ત બધામાં જઘન્યાદિ રૂપોમાં અસાતા ઉદય યુક્ત હોય. ઉત્પત્તિકાળે પણ પૂર્વભવ મરણકાલાનુભૂત મહાદુઃખાનુવૃત્તિથી તેમ કહ્યું. ઉત્પત્તિ પછી પણ અસાતોદય યુક્ત જ સર્વે પણ નિરયભવ છે. જન્મીને લેશમાત્ર પણ સુખને પામે છે. તો પછી ક્યારેક તેમાં સાતાનો ઉદય કઈ રીતે થાય ? તે કહે છે – ઉપપાત કાળે કોઈક સાતા વેદનીય કર્મોદય વેદે છે. જે કોઈ પૂર્વભવમાં દાહ-છેદાદિ વિના સહજ રૂપે મૃત્યુ પામીને અધિક સંક્લિષ્ટ પરિણામી ન હોય, ત્યારે તેને પૂર્વભવમાં બાંધેલ આધિરૂપ દુઃખ કે ક્ષેત્ર સ્વભાવજા પીડા ન હોય, પરમાધામીકૃત્ કે પરસ્પરોદીરિત વેદના ન હોય. એ રીતે દુઃખ અભાવે સાતાને વેદે છે.

કોઈ જીવ દેવ પ્રભાવથી સાતા વેદે છે. જેમ - કૃષ્ણવાસુદેવની વેદનાના ઉપશમન માટે બલદેવ નરકમાં ગયેલા. આ રીતે પૂર્વસાંગતિક દેવના પ્રભાવથી થોડા સમય માટે નૈરયિક સાતાને અનુભવે છે પછી તો નિયમા ક્ષેત્ર સ્વભાવજા અન્ય-અન્ય વેદના તેમને થાય છે.

અધ્યવસાન નિમિત્તે સમ્યક્ત્વ ઉત્પાદ કાળે કે પછી ક્યારેક તથાવિધ વિશિષ્ટ શુભ અધ્યવસાય નિમિત્તે કોઈ નૈરયિક બાહ્ય ક્ષેત્ર-સ્વભાવજા વેદના છતાં સાતોદય અનુભવે. સમ્યકત્વોત્પાદ કાળે પણ મહા પ્રમોદ ઉપજે છે. પછી પણ ક્યારેક

તીર્થંકરાગુણાનુમોદન અનુગત વિશિષ્ટ ભાવના ભાવતા સાતોદય હોઈ શકે. અથવા કર્માનુભાવ-બાહ્ય-તીર્થંકરજન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ કલ્યાણકાદિ નિમિત્તે તથાવિધ સાતા વેદનીય કર્મના વિપાકોદય નિમિત્તે નૈરયિક સાતોદય પામે. આ વ્યાખ્યાન અનાર્ષ નથી. વસુદેવચરિત્રમાં પણ કહ્યું છે.

આ નૈરયિકો કુંભિ આદિમાં પકાવાતા, ભાલાથી ભેદાતા ભય અને ત્રાસથી ઉંચે ઉછળે છે. - x - જઘન્યથી એક કોસ, ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજન ઉછળે છે, એવો પણ પાઠ છે. નૈરયિકોને - x - ઉષ્ણ કે શીત વેદનાથી રાત-દિન પકાવાતા ક્ષણ માત્ર પણ સુખ ન પામે. માત્ર દુઃખ જ પામે.

નૈરયિકોના વૈક્રિય શરીરના પુદ્ગલો, તે જીવો શરીર છોડે ત્યારે હજારો ખંડોમાં છિન્ન ભિન્ન થઈને વિખેરાઈ જાય છે. - x - x - x -

ઉક્ત દશ ગાથા પછી - x - x - પૂર્વોક્ત બધી ગાથામાં કહેલ બાબતોનું સંકલન કરેલ છે, જે સૂત્રાર્થમાં કહેલ છે.

**મુનિ દીપરત્નસાગર દ્વારા કરાયેલ**
**પ્રતિપત્તિ-૩-નરકોદ્દેશકનો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## 卐 પ્રતિપત્તિ-૩, તિર્યંચ અધિકાર 卐

-- o -- o -- o -- o -- o --

o નારકાધિકાર કહ્યો. હવે તિર્યંચાધિકાર કહે છે –

### ❀ પ્રતિપત્તિ-૩-તિર્યંચ ઉદ્દેશો-૧ ❀

-- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૩૦ :-**

*તે તિર્યંચયોનિક શું છે? તે પાંચ ભેદે છે - એકેન્દ્રિય તિર્યંચયોનિક, બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચયોનિક.*

*તે એકેન્દ્રિય તિર્યંચયોનિક શું છે? પાંચ ભેદે છે, તે આ - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક.*

*તે પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક શું છે? બે ભેદે છે, તે આ - સૂક્ષ્મ અને બાદર પૃથ્વી૦ એકેન્દ્રિય તિર્યંચયોનિક છે. તે સૂક્ષ્મ પૃથ્વી૦ શું છે? બે ભેદે છે, તે આ - પર્યાપ્ત સૂક્ષ્મ૦ અપર્યાપ્ત સૂક્ષ્મ૦ તે સૂક્ષ્મ કહ્યા. તે બાદર પૃથ્વી૦ શું છે? બે ભેદે છે, તે આ - પર્યાપ્ત બાદર૦ અપર્યાપ્ત બાદર૦ તે બાદર પૃથ્વી૦ એકે૦ કહ્યા.*

*તે અપ્કાયિક એકેન્દ્રિય૦ શું છે? બે ભેદે છે. એ પ્રમાણે પૃથ્વીકાયિકવત્ કહેવું. એ રીતે વાયુકાયિક૦ યાવત્ વનસ્પતિકાયિકના ભેદો કહેવા. તે વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા.*

*તે બેઈન્દ્રિય તિર્યંચયોનિક શું છે? બે ભેદે છે, તે આ - પર્યાપ્તક અને અપર્યાપ્તક બેઈન્દ્રિય૦ એ રીતે ચઉરિન્દ્રિય સુધી કહેવું.*

*તે પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે? ત્રણ ભેદે છે, તે આ – જલચર૦, સ્થલચર૦ અને ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો.*

*તે જલચર પંચે૦ શું છે? બે ભેદે છે - સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ગર્ભ વ્યુત્ક્રાંતિક જલચર૦. તે સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે? બે ભેદે છે. તે આ - પર્યાપ્ત સંમૂર્છિમ૦ અપર્યાપ્ત સંમૂર્છિમ૦ તે સંમૂર્છિમ૦ કહ્યા.*

*તે ગર્ભવ્યુત્ક્રાંતિક જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે? બે ભેદે છે, તે આ - પર્યાપ્ત ગર્ભજ૦ અપર્યાપ્તગર્ભજ૦ તે ગર્ભવ્યુત્ક્રાંતિક જલચર૦ કહ્યા. તે આ જલચર પંચેન્દ્રિય તિર્યંચ કહ્યા.*

*તે આ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક શું છે? બે ભેદે છે. તે આ - ચતુષ્પદ૦ અને પરિસર્પ સ્થલચર પંચે૦ તિર્યંચ.*

*તે ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય શું છે? ચતુષ્પદ૦ બે ભેદે છે, તે આ - સંમૂર્છિમ૦ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક. જલચરોની માફક તેમજ ચાર ભેદો કહેવા. તે આ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય*

*તિર્યંચ કહ્યા.*

*તે પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? બે ભેદે છે, તે આ - ઉરગ પરિસર્પ૦ અને ભુજગ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક. તે ઉરગ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? બે ભેદે છે, તે આ - જલચર૦ ની માફક ચાર ભેદો કહેવા. આ રીતે ભુજગ પરિસર્પને પણ કહેવા. તે ભુજગ પરિસર્પ કહ્યા. તે સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા.*

*તે ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? બે ભેદે છે - સંમૂર્છિમ૦ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક. તે સંમૂર્છિમ ખેચર૦ શું છે ? બે ભેદે છે, તે આ - પર્યાપ્તા અને અપર્યાપ્તા સંમૂર્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક. એ પ્રમાણે ગર્ભવ્યુત્ક્રાંતિક પણ જાણવા યાવત્ પર્યાપ્ત ગર્ભ વ્યુત્ક્રાંતિક યાવત્ અપર્યાપ્ત ગર્ભ૦*

*ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનો યોનિસંગ્રહ, ભગવન્ ! કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે, તે આ — અંડજ, પોતજ, સંમૂર્છિમ. અંડજ ત્રણ ભેદે છે — સ્ત્રી, પુરુષ, નપુંસક. પોતજ ત્રણ ભેદે છે — સ્ત્રી, પુરુષ, નપુંસક. તેમાં જે સંમૂર્છિમો છે, તે બધાં નપુંસકો છે.*

**● વિવેચન-૧૩૦ :-**

તે તિર્યંચયોનિકો કેટલા ભેદે છે ? પાંચ ભેદે છે. એકેન્દ્રિય ઇત્યાદિ સૂત્ર પ્રાયઃ સુગમ છે. - x - અહીં અક્ષર સંસ્કાર માત્ર કરીએ છીએ — એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય. તે એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? પાંચ ભેદે — પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક. પૃથ્વીકાયિકો બે ભેદે — સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મપૃથ્વીકાયિકો બે ભેદે — પર્યાપ્તક, અપર્યાપ્તક. બાદર પૃથ્વીકાયિકો પણ બે ભેદે — પર્યાપ્તક અને અપર્યાપ્તક. આ રીતે વનસ્પતિકાયિક સુધી કહેવું. તે બેઈન્દ્રિયો કેટલા ભેદે છે ? બે ભેદે છે — પર્યાપ્તા, અપર્યાપ્તા. આ પ્રમાણે તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય પણ છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ ભેદે — જલચર, સ્થલચર, ખેચર. જલચરો બે ભેદે — સંમૂર્છિમ અને ગર્ભવ્યુત્ક્રાંતિક. સંમૂર્છિમો બે ભેદે છે — પર્યાપ્તક અને અપર્યાપ્તક. ગર્ભવ્યુત્ક્રાંતિક બે ભેદે છે — પર્યાપ્તક અને અપર્યાપ્તક. એ પ્રમાણે ચતુષ્પદ, ઉરઃપરિસર્પ, ભુજ-પરિસર્પ અને પક્ષીઓ પ્રત્યેક ચાર પ્રકારે કહેવા.

હવે પક્ષીના બીજા પ્રકારે ભેદ પ્રતિપાદનાર્થે કહે છે — ભગવન્ ! પક્ષીનો કેટલા પ્રકારે યોનિનો સંગ્રહ - યોનિને ઉપલક્ષીને ગ્રહણ કહ્યું છે ? ગૌતમ ! ત્રણ ભેદે — મયૂરાદિ અંડજ, વાગુલી આદિ પોતજ, ખંજરીટાદિ સંમૂર્છિમ. અંડજ અને પોતજ ત્રણ-ત્રણ ભેદે છે — સ્ત્રી, પુરુષ, નપુંસક. સંમૂર્છિમ બધાં નપુંસક છે, કેમકે તેમને તે વેદ જ હોય.

**● સૂત્ર-૧૩૧ :-**

*ભગવન્ ! આ જીવોને કેટલી લેશ્યાઓ કહી છે ? ગૌતમ ! છ લેશ્યાઓ,*



*તે આ — કૃષ્ણ યાવત્ શુક્લ લેશ્યા. ભગવન્ ! તે જીવો શું સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ? ગૌતમ ! તેઓ સમ્યગ્દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ છે, ભગવન્ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની છે ? ગૌતમ ! જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ છે.*

*ભગવન્ ! તે જીવો મનોયોગી - વચનયોગી - કાયયોગી છે ? ગૌતમ ! ત્રણે પણ છે. ભગવન્ ! તે જીવો સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! સાકાર-અનાકાર બંને ઉપયુક્ત છે. ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે ? નૈરયિકથી કે તિર્યંચયોનિકથી આવીને ઉપજે ? ગૌતમ ! અસંખ્યાત વર્ષાયુષ્ક, અકર્મભૂમક, અંતર્દ્વીપકને વર્જીને ઉપજે છે. ભગવન્ ! તે જીવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ.*

*ભગવન્ ! તે જીવોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે ? ગૌતમ ! પાંચ સમુદ્ઘાતો. તે આ - વેદના યાવત્ તૈજસ સમુદ્ઘાત. ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈ મરે છે કે અસમવહત થઈ મરે છે ? ગૌતમ ! બંને રીતે મરે છે.*

*ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યા જાય છે ? ક્યા ઉપજે છે ? શું નૈરયિકોમાં ઉપજે છે કે તિર્યંચયોનિકોમાં ? ગૌતમ ! એ પ્રમાણે ઉદ્વર્તના કહેવી જેમ વ્યુત્ક્રાંતિપદમાં કહી છે.*

*ભગવન્ ! તે જીવોની કેટલી લાખ જાતિ કુલ કોડી યોનિ પ્રમુખ કહ્યા છે ? ગૌતમ ! બાર લાખ જાતિકુલ કોડી પ્રમુખ છે.*

*ભગવન્ ! ભુજગ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનો કેટલા ભેદે યોનિસંગ્રહ કહ્યો છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે, તે આ — અંડજ, પોતજ, સંમૂર્છિમ. એ પ્રમાણે ખેચરોમાં કહ્યા મુજબ અહીં કહેવું. વિશેષ એ કે - સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. ઉદ્વર્તીને બે નરક સુધી જાય છે. તેની નવ લાખ જાતિ કુલ કોડી કહી છે, બાકી પૂર્વવત્. ઉરગ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પૃચ્છા. ભુજગ પરિસર્પવત્ કહેવું. વિશેષ એ — સ્થિતિ, જઘન્ય અંતર્ મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. ઉદ્વર્તીને પાંચમી પૃથ્વી સુધી જાય. તેમની દશ લાખ જાતિ કુલ કોડી છે. ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ૦ પૃચ્છા ગૌતમ ! તે બે ભેદે છે — જરાયુજ [પોતજ] અને સંમૂર્છિમ. તે જરાયુજ શું છે ? ત્રણ ભેદે છે — સ્ત્રી, પુરુષ, નપુંસક. સંમૂર્છિમો નપુંસક છે.*

*ભગવન્ ! તે જીવોને કેટલી લેશ્યાઓ કહી છે ? બાકીનું પક્ષીની માફક કહેવું. વિશેષ એ કે — સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, ઉદ્વર્તીને ચોથી નરક સુધી જાય છે. દશ લાખ જાતિકુલ કોડી છે. જલચર*

*પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની પૃચ્છા. ભુજગ પરિસર્પ મુજબ કહેવું. વિશેષ એ - ઉદ્વર્તીને અધઃસપ્તમી નરક સુધી જાય. સાડા બાર લાખ કુલ કોડી યોનિ પ્રમુખ૦ યાવત્ કહી છે.*

*ભગવન્ ! ચતુરિન્દ્રિયની કેટલી જાતિ કુલ કોડી યોનિ પ્રમુખ કહી છે ? ગૌતમ ! નવ લાખ જાતિ કુલ કોડી પ્રમુખ યાવત્ કહી છે. તેઈન્દ્રિયોની પૃચ્છા. ગૌતમ ! આઠ લાખ જાતિ કુલ૦ યાવત્ કહી છે. ભગવન્ ! બેઈન્દ્રિયોની ? ગૌતમ ! સાત લાખ જાતિ કુલ કોડી પ્રમુખ.*

**● વિવેચન-૧૩૧ :-**

ભગવન્ ! પક્ષીઓને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! છ - કૃષ્ણ યાવત્ શુક્લ લેશ્યા. પરિણામના સંભવથી તેમને દ્રવ્ય કે ભાવથી બધી લેશ્યા છે. તે જીવોની દૃષ્ટિ સમ્યક્ - મિથ્યા - સમ્યક્મિથ્યા છે ? ત્રણે છે. તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? બંને છે. જે જ્ઞાની છે, તે બે કે ત્રણ જ્ઞાની છે. અજ્ઞાની પણ બે કે ત્રણ અજ્ઞાનવાળા છે. તે જીવો મન-વચન-કાય યોગી છે ? ત્રણે. તે જીવો સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! બંને છે. તે પક્ષીઓ મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ? જેમ પ્રજ્ઞાપનાના વ્યુત્ક્રાંતિપદમાં કહ્યું છે, તેમ જાણવું.

ભગવન્ ! તે પક્ષીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ. તે જીવોને કેટલા સમુદ્‌ઘાતો છે ? પાંચ — વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાત. તે જીવો મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થઈને મરે છે કે અસમવહત ? બંને રીતે મરે.

તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યા જાય છે ? જેમ દ્વિવિધ પ્રતિપત્તિમાં કહ્યું છે તેમ કહેવું. તે જીવોની કેટલા પ્રમાણમાં યોનિ પ્રમુખ જાતિ કુલકોટિ છે ? બાર લાખ. તેમાં જાતિ કુલ યોનિનું સ્થૂળ દૃષ્ટાંત પૂર્વાચાર્યોએ આ પ્રકારે બતાવેલ છે - જાતિ એટલે તિર્યંગ્જાતિ, કુલ - કૃમિ, કીટ, વૃશ્ચિકાદિ. આ કુલ યોનિપ્રમુખ છે અર્થાત્ એક યોનિમાં અનેક કુળ હોય છે. જેમકે છગણ યોનિમાં કૃમિકુળ, કીટકુળ, વૃશ્ચિકકુળ આદિ અથવા 'જાતિકુળ' એક પદ છે. જાતિકુળ અને યોનિમાં પરસ્પર આ વિશેષતા છે કે એક યોનિમાં અનેક જાતિકુળ સંભવે છે. - x - આ પ્રકારે એક જ યોનિમાં અવાંતર જાતિભેદ હોવાથી અનેક યોનિપ્રમુખ જાતિકુળ હોય છે.

દ્વારોના સંબંધમાં અહીં સંગ્રહણી ગાથા છે — યોનિ સંગ્રહ, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત, સ્થિતિ, સમુદ્‌ઘાત, ચ્યવન, જાતિ કુલકોટિનું આ સૂત્રમાં પ્રતિપાદન છે.

ભગવન્ ! ભુજગોનો કેટલા ભેદે યોનિસંગ્રહ કહ્યા છે ? ઇત્યાદિ પક્ષિવત્ સંપૂર્ણ કહેવું. વિશેષ આ — સ્થિતિ, ચ્યવન, કુલકોટિમાં તફાવત છે. સ્થિતિ - જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોટી. ચ્યવન-ઉદ્વર્તના. નરકમાં નીચે બીજી પૃથ્વી સુધી અને ઉપર સહસ્રાર કલ્પ સુધી ઉપજે છે. જાતિકુલ કોટિ યોનિ પ્રમુખ નવ લાખ છે. એ



પ્રમાણે ઉરઃપરિસર્પ પણ કહેવા. વિશેષ આ - ઉદ્વર્તના પાંચમી નરક સુધી કહેવી. જાતિકુલ કોટિ દશ લાખ છે.

ચતુષ્પદોનો યોનિસંગ્રહ બે ભેદે છે - પોતજ અને સંમૂર્છિમ. જે અંડજ સિવાયના ગર્ભ વ્યુત્ક્રાંત છે, તે બધાં જરાયુજ કે અજરાયુજ 'પોતજ' કહ્યા છે. તેથી જ બે પ્રકારનો યોનિ સંગ્રહ કહેલ છે. અન્યથા ગાય આદિ જરાયુજ છે અને સર્પાદિ અંડજ છે આ બે અને એક સંમૂર્છિમ એમ ત્રણ પ્રકારે યોનિસંગ્રહ કહેવાત. પોતજ ત્રણ ભેદે કહ્યા — સ્ત્રી, પુરુષ અને નપુંસક. તેમાં સંમૂર્છિમ છે તે બધાં નપુંસક છે. બાકીના દ્વારો પૂર્વવત્ કહેવા. વિશેષ આ - સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. ઉદ્વર્તના ચોથી નરક સુધી અને ઉપર સહસ્રાર કલ્પ સુધી. ઈત્યાદિ - x -

જલચરોનો કેટલો યોનિસંગ્રહ છે ? ત્રણ ભેદે છે — અંડજ, પોતજ, સંમૂર્છિમ. બાકી સૂત્રાર્થ મજુબ જાણવું. - x - x - ચઉરિન્દ્રિયની જાતિકુલ કોડી યોનિ પ્રમુખ નવ લાખ, તેઈન્દ્રિયની આઠ લાખ અને બેઈન્દ્રિયની સાત લાખ. - - - આ જાતિકુલ કોટી યોનિજાતિયા છે, તેથી ભિન્ન જાતિયના અવસરથી ભિન્નજાતિય ગંધાંગોની પ્રરૂપણા કરે છે —

**● સૂત્ર-૧૩૨ :-**

*ભગવન્ ! ગંધ કેટલા કહ્યા છે ? ગંધશત કેટલા છે ? ગૌતમ ! સાત ગંધ, સાત ગંધશત કહેલ છે. ભગવન્ ! ફૂલોની કેટલા લાખ જાતિકુલ કોડી યોનિ પ્રમુખ કહી છે ? ગૌતમ ! ૧૬ લાખ. તે આ — ચાર લાખ જલજ પુષ્પોની, ચાર લાખ સ્થલજ પુષ્પોની, ચાર લાખ મહાવૃક્ષોના ફૂલોની, ચાર લાખ મહાગુલ્મિક ફુલોની.*

*ભગવન્ ! વલ્લી અને વલ્લીશત કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ચાર વલ્લી, ચાર વલ્લીશત છે... ભગવન્ ! લતા કેટલી છે, લતાશત કેટલા છે ? આઠ લતા અને આઠ લતાશત છે.*

*ભગવન્ ! હરિતકાય અને હરિતકાયશત કેટલા છે ? ગૌતમ ! ત્રણ હરિતકાય, ત્રણ હરિતકાયશત કહેલ છે. બિંટબદ્ધ ફળના હજાર પ્રકાર, નાલબદ્ધ ફળના હજાર પ્રકાર, એ બધાં હરિતકાયમાં સમાવિષ્ટ છે. આ પ્રમાણે સૂત્ર દ્વારા સ્વયં સમજવાથી, બીજા દ્વારા સૂત્રમાં સમજાવવાથી, ચિંતન કરવાથી, પુનઃ પર્યાલોચન કરવાથી આ બધાં ત્રસ અને સ્થાવર બે કાયોમાં સમાવિષ્ટ થાય છે. આ પ્રમાણે પૂર્વાપર વિચારણાથી આજીવિક દૃષ્ટાંતથી ૮૪-લાખ જાતિ કુલ કોડી યોનિ પ્રમુખ થાય છે તેમ જિનવરોએ કહેલ છે.*

**● વિવેચન-૧૩૨ :-**

અહીં મૂળપાઠમાં "ગંધ" શબ્દ છે, તે 'ગંધાંગ'નો વાચક છે. તેથી 'ગંધાંગ' કેટલા છે ? ગંધાંગશત - ગંધાંગની પેટા જાતિ કેટલા ૧૦૦ છે ? ગંધાંગ સાત છે, ગંધાંગશત સાત છે. સાત ગંધાંગ આ પ્રમાણે — મૂલ, ત્વચા, કાષ્ઠ, નિર્યાસ, પત્ર,

ફૂલ, ફૂલ. તેમાં મૂલ - મુસ્તા, વાલુકા, ઉશીરાદિ. त्वक् - સુવર્ણ છાલ, ત્વચા. काष्ठ - ચંદન, અગરુ આદિ. निर्यास - કર્પૂરાદિ, पत्र - જાતિપત્ર, તમાલપત્ર. पुष्प - પ્રિયંગુ નાગરપુષ્પાદિ, फल - જાઈફળ, કર્કોલ ઈત્યાદિ.

આ સાત ગંધાંગોને કાળો આદિ પાંચ વર્ણથી ગુણતાં ૩૫ ભેદ થયા. આ સુગંધવાળા જ છે તેથી એકથી ગુણતાં ૩૫ x ૧ = ૩૫ જ થાય. પ્રત્યેક વર્ણ ભેદમાં પાંચ રસ પ્રાપ્ત છે. પૂર્વોક્ત ૩૫ ને પાંચ વડે ગુણવાથી ૧૭૫ ભેદ થયા. જો કે સ્પર્શ આઠ હોય છે, પણ ગંધાંગોમાં પ્રશસ્ત સ્પર્શરૂપ મૃદુ-લઘુ-શીત-ઉષ્ણ ચાર સ્પર્શ જ વ્યવહારથી ગણાય છે, તેથી પૂર્વોક્ત ૧૭૫ x ૪ = ૭૦૦ થાય. *[આ સંબંધમાં વૃત્તિકારશ્રીએ બે ગાથા પણ ટાંકેલ છે.]*

પુષ્પ જાતિ કુલ કોટી કેટલાં લાખ છે ? સોળ લાખ. તે આ પ્રમાણે — ચાર લાખ જલજ, પદ્મોના જાતિ ભેદથી. ચાર લાખ સ્થલજ, કોરંટકાદિ જાતિભેદથી, ચાર લાખ મહાગુલ્મિક, જાઈ આદિ. ચાર લાખ મધુક આદિ મહાવૃક્ષો.

વલ્લિ અને વલ્લિશત કેટલા છે ? ચાર વલ્લિ છે. ત્રપુષિ આદિ મૂલભેદથી. મૂળ ટીકાકારે તેની અલગ વ્યાખ્યા કરી નથી. તેથી સંપ્રદાયથી જાણવું. તેના અવાંતર જાતિભેદ-૪૦૦ છે.

ભગવન્ ! લતા અને લતાશત કેટલા છે ? ગૌતમ ! મૂળ ભેદથી આઠ લતા છે, તે પણ સંપ્રદાયથી જાણવી. મૂળ ટીકાકારે વ્યાખ્યા કરી નથી. અવાંતર જાતિભેદથી ૮૦૦ લતા કહેલ છે.

હરિતકાય અને હરિતકાયશત કેટલાં છે ? ગૌતમ ! હરિતકાય ત્રણ છે — જલજ, સ્થલજ, ઉભયજ. પ્રત્યેકના અવાંતરભેદ ૧૦૦ છે. તેથી ૩૦૦ હરિતકાયો છે. વૃંતાક આદિ ફળ હજાર ભેદે છે, નાલબદ્ધ ફળ પણ હજાર ભેદે છે. તે બધાં અને બીજા પણ તેવા પ્રકારના ભેદો હરિતકાયમાં સમાવિષ્ટ છે. હરિતકાય વનસ્પતિકાયમાં, વનસ્પતિ સ્થાવરમાં, સ્થાવરો જીવમાં સમાવેશ પામે છે.

આ પ્રમાણે સમજીને - સૂત્રાનુસાર સ્વયં સમજીને, બીજા દ્વાર સમજાવવાથી, અર્થાલોચનરૂપે વિચારવાથી, યુક્તિ આદિ દ્વારા ચિંતન કરવાથી, આ બધાં સંસારી જીવોનો ત્રસકાય અને સ્થાવર કાયમાં સમવતાર થાય છે. એમ પૂર્વાપર પર્યાલોચનથી જાણવું. તે આજીવક દૃષ્ટાંતથી જાણવું. आ - સર્વ જગતમાં અભિવ્યાપ્ત જે જે દૃષ્ટાંત, તેના વડે સર્વ જીવના દર્શનથી. મૂળ ટીકાકારે પણ આમ જ કહ્યું છે. ૮૪ લાખ જાતિ કુલ કોટિ યોનિપ્રમુખ થાય છે, તેમ મેં અને બીજા ઋષભાદિ જિનવરોએ કહેલ છે.

આ ૮૪ લાખ સંખ્યાથી, તેના સિવાયની પણ જાતિ કુલકોટિ યોનિ પ્રમુખ જાણવા. તેથી કહ્યું છે — જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખ પક્ષીની ૧૨-લાખ, ભુજગોની નવ લાખ, ઉરગોની દશ લાખ, ચતુષ્પદોની દશ લાખ, જલચરોની સાડા બાર લાખ, ચતુરિન્દ્રિયોની નવ લાખ, તેઈન્દ્રિયોની આઠ લાખ, બેઈન્દ્રિયોની સાત લાખ, પુષ્પ જાતિની ૧૬-લાખ. એ રીતે કુલ ૯૩॥ લાખ જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખ થાય છે.





તેથી ૮૪ લાખ સંખ્યા ઉપાદાન લક્ષણ જાણવી. આ અમે અમારી બુદ્ધિથી કહેતા નથી, ચૂર્ણિમાં પણ તેમ કહ્યું છે.

કુલ કોટિ વિચારણામાં વિશેષાધિકારથી કહે છે —

**● સૂત્ર-૧૩૩ :-**

***ભગવન્ ! શું સ્વસ્તિક, સ્વસ્તિકાવર્ત્ત, સ્વસ્તિકપ્રભ, સ્વસ્તિકકાંત, સ્વસ્તિકવર્ણ, સ્વસ્તિકલેશ્ય, સ્વસ્તિકધ્વજ, સ્વસ્તિકશ્રૃંગાર, સ્વસ્તિકકૂટ, સ્વસ્તિકશિષ્ટ, સ્વસ્તિકોત્તરાવતંસક નામક વિમાન છે ? હા, છે. ભગવન્ ! તે વિમાનો કેટલા મોટા છે ? ગૌતમ ! જેટલે દૂર સૂર્ય ઉદિત થાય છે, જેટલે દૂર સૂર્ય અસ્ત થાય છે. એવા ત્રણ અવકાશાંતર પ્રમાણ ક્ષેત્ર, કોઈ દેવનો એક પદ ન્યાસ હોય અને તે દેવ તે ઉત્કૃષ્ટ, ત્વરિત યાવત્ દિવ્ય દેવગતિથી ચાલતા-ચાલતા યાવત્ એક કે બે દિવસ, ઉત્કૃષ્ટ છ માસ ચાલે, તો કેટલાંક વિમાનો પાર કરી શકે છે અને કેટલાંક વિમાનો પાર પામી શકતા નથી. ગૌતમ ! આટલા મોટા તે વિમાનો કહ્યા છે. ભગવન્ ! શું અર્ચિ, અર્ચિરાવર્ત્ત આદિ યાવત્ અર્ચિરાવતંસક નામ વિમાન છે ? હા, છે. તે વિમાન કેટલા મોટા છે ? ગૌતમ ! સ્વસ્તિકાદિ વિમાનવત્ કહેવું. વિશેષ એ - પાંચ અવકાશાંતર કોઈ દેવનો પદન્યાસ કહેવો. બાકી પૂર્વવત્.***

***ભગવન્ ! શું કામ, કામાવર્ત્ત યાવત્ કામોત્તરાવતંસક વિમાનો છે ? હા, છે. ભગવન્ ! તે વિમાનો કેટલા મોટા છે ? ગૌતમ ! સ્વસ્તિકાદિ વિમાનવત્ કહેવું. વિશેષ આ — સાત અવકાશાંતર પદન્યાસ કહેવો. બાકી પૂર્વવત્. ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિત નામક વિમાનો છે ? હા, છે. ભગવન્ ! તે વિમાનો કેટલા મોટા છે ? ગૌતમ ! યાવત્ જેટલા દૂરથી સૂર્ય ઉદય૦ એટલા નવ આકાશાંતર કહેવા. બાકી પૂર્વવત્. કેટલાંક વિમાનોને પાર કરી શકતા નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! આટલા મોટા તે વિમાનો કહ્યા છે.***

**● વિવેચન-૧૩૩ :-**

- x - विमान - વિશેષરૂપે પુણ્યશાળી જીવો દ્વારા તદ્‌ગત સુખોનો અનુભવ કરાય છે તે વિમાન છે. તેને નામ લઈને કહે છે — અર્ચિઃ - અર્ચિઃ નામથી અર્ચિરાવર્ત્તાદિ અગિયાર નામો છે. - x - આ વિમાનો કેટલા પ્રમાણમાં મોટા છે ? ઈત્યાદિ. [અહીં ઉપમાથી કહે છે.]

જંબૂદ્વીપમાં સર્વોત્કૃષ્ટ દિવસમાં સર્વાભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય જેટલાં ક્ષેત્રમાં ઉદય પામે છે અને જેટલાં ક્ષેત્રમાં અસ્ત પામે છે. આ ઉદય-અસ્ત પ્રમાણને આશ્રીને જેટલું ક્ષેત્ર છે, તે અવકાશાંતર ગણતા, તેનાથી ત્રણ ગણું ક્ષેત્ર. કલ્પના કરો કે કોઈ એક દેવનો આટલો વિક્રમ-પદન્યાસ હોય. તેમાં જંબૂદ્વીપમાં સર્વોત્કૃષ્ટ દિવસે ૪૭,૨૬૩ અને ૨૧/૬૦ યોજન તેનું ઉદય ક્ષેત્ર છે, આટલું જ તેનું અસ્તક્ષેત્ર છે. તે બંને મળીને - ૯૪,૫૨૬ - ૪૨/૬૦ યોજન ક્ષેત્ર પરિમાણ થાય છે. આ એક અવકાશાંતરનું

પરિમાણ છે. આવા ત્રણ અવકાશાંતરથી - ૨૮,૦૩,૫૮૦ અને ૬/૬૦ પરિમાણ થાય છે. હવે તે વિવક્ષિત દેવ, સર્વ દેવજન પ્રસિદ્ધ ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપળ, ચંડ, શીઘ્ર, ઉદ્ધત, જવન, છેક, દિવ્ય દેવગતિ વડે ચાલતા-ચાલતા જઘન્યથી એક કે બે, ઉત્કૃષ્ટથી છ માસ ચાલે. તો પણ કેટલાંક વિમાનોનો પાર પામે, કેટલાંકનો નહીં. - x - x - આટલા મોટા તે વિમાનો કહ્યા છે.

ભગવન્ ! સ્વસ્તિક, સ્વસ્તિકાવર્ત્ત૦ આદિ વિમાનો છે ? *[સૂત્રમાં સ્વસ્તિકાદિ વિમાન પહેલા કહ્યાં છે, અર્ચિઃ આદિ પછી કહ્યા છે, અહીં વૃત્તિકારશ્રીએ આ ક્રમ આગળ-પાછળ કેમ કર્યો તે ન સમજાયું !]* હા, છે. ઈત્યાદિ પૂર્વવત્. માત્ર ઉદય-અસ્ત અવકાશાંતર ક્ષેત્ર પાંચ ગણું કહેવું. ભગવન્ ! કામ, કામાવર્ત્ત આદિ વિમાનો છે ? હા, છે આદિ બધું પૂર્વવત્. માત્ર અહીં ઉદય-અસ્ત અવકાશાંતર ક્ષેત્ર સાત ગણું છે. વિજયાદિ ચાર વિમાનો છે ? હા, છે. ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ એ કે - નવ અવકાશાંતર કહેવા. *[અહીં વૃત્તિકારશ્રીએ ચાર ગાથા આપેલ છે. જે ઉક્ત અર્થને જ પ્રતિપાદન કરનારી છે.]*



## ❁ પ્રતિપત્તિ-૩-તિર્યંચ ઉદ્દેશક-૨ ❁

-- x -- x -- x -- x -- x --

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજા ઉદ્દેશાનો અવસર છે.

**● સૂત્ર-૧૩૪ :-**

***હે ભગવન્ ! સંસારી જીવો કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે છે, તે આ - પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક. તે પૃથ્વીકાયિકો શું છે ? બે ભેદે છે — સૂક્ષ્મ અને બાદર પૃથ્વીકાયિક. તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક શું છે ? બે ભેદે છે - પર્યાપ્તક અને અપર્યાપ્તક. તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક કહ્યા છે. તે બાદર પૃથ્વીકાયિક શું છે ? બે ભેદે છે — પર્યાપ્તક અને અપર્યાપ્તક. એ પ્રમાણે પ્રજ્ઞાપનાપદમાં કહ્યા મુજબ કહેવું. શ્લક્ષ્ણ૦ સાત ભેદે છે. ખર૦ અનેક ભેદે છે. યાવત્ અસંખ્યાત છે. તે બાદર પૃથ્વીકાયિક કહ્યા. તે પૃથ્વીકાયિક કહ્યા. એ પ્રમાણે પ્રજ્ઞાપના પદમાં કહ્યું છે તેમ બધું જ કહેવું. યાવત્ વનસ્પતિકાયિક. એ પ્રમાણે યાવત્ જ્યાં એક વનસ્પતિકાય છે, ત્યાં કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત, કદાચ અનંત વનસ્પતિકાયિક જાણવા. તે બાદર વનસ્પતિકાયિક કહ્યા. તે વનસ્પતિકાયિક કહ્યા.***

***તે ત્રસકાયિક શું છે ? ચતુર્વિધ છે. તે આ — બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય. તે બેઈન્દ્રિયો શું છે ? અનેક ભેદે છે. એ પ્રમાણે જેમ પ્રજ્ઞાપના પદમાં કહ્યું, તે બધું સંપૂર્ણ કહેવું યાવત્ સર્વાર્થસિદ્ધ દેવો. તે અનુત્તરોપપાતિક કહ્યા. તે દેવો કહ્યા, પંચેન્દ્રિયો કહ્યા૦***

**● વિવેચન-૧૩૪ :-**

ભગવન્ ! સંસારી જીવો કેટલા ભેદે છે ? છ ભેદે. તે આ - પૃથ્વી યાવત્ ત્રસકાયિક. પ્રજ્ઞાપના સૂત્રના પહેલાં પ્રજ્ઞાપના પદની સંપૂર્ણ વક્તવ્યતા યાવત્ "તે દેવો કહ્યા". સુધી કહેવું.

હવે વિશેષ અભિધાનાર્થે પૃથ્વીકાયિક વિષય સૂત્ર કહે છે —

**● સૂત્ર-૧૩૫,૧૩૬ :-**

***[૧૩૫] ભગવન્ ! પૃથ્વી કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે છે — શ્લક્ષ્ણપૃથ્વી, શુદ્ધ પૃથ્વી, વાલુકા પૃથ્વી, મનોશિલા પૃથ્વી, શર્કરા પૃથ્વી અને ખર પૃથ્વી... ભગવન્ ! શ્લક્ષ્ણ પૃથ્વીની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ ૧૦૦૦ વર્ષ.***

***શુદ્ધ પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૨,૦૦૦ વર્ષ. વાલુકા પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૪,૦૦૦ વર્ષ. મનોશિલા પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૬,૦૦૦ વર્ષ. શર્કરા પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૮,૦૦૦ વર્ષ. ખર પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષની સ્થિતિ જાણવી.***

*ભગવન્ ! નૈરયિકોની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ સ્થિતિ. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધ દેવ સુધી બધું જ [પ્રજ્ઞાપનાનુસાર] કહેવું.*

*ભગવન્ ! જીવ, જીવરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! સર્વકાળ રહે. ભગવન્ ! પૃથ્વીકાય, પૃથ્વીકાયરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! સર્વકાળ. એ પ્રમાણે ત્રસકાયિક સુધી કહેવું.*

*[૧૩૬] ભગવન્ ! પ્રત્યુત્પન્ન પૃથ્વીકાયિક કેટલા કાળમાં નિર્લેપ થઈ શકે છે ? ગૌતમ ! જઘન્ય પદે અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી, ઉત્કૃષ્ટપદે પણ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી. અહીં જઘન્યપદથી ઉત્કૃષ્ટપદમાં અસંખ્યાતગણી અધિકતા જાણવી. આ પ્રમાણે પ્રત્યુત્પન્ન વાયુકાયિક સુધી કહેવું.*

*ભગવન્ ! પ્રત્યુત્પન્ન વનસ્પતિકાયિક કેટલા કાળે નિર્લેપ થાય ? ગૌતમ ! જઘન્ય પદે અપદ, ઉત્કૃષ્ટ પદે અપદ, પ્રત્યુત્પન્ન વનસ્પતિકાયિકને નિર્લેપના નથી - કદી નિર્લેપ ન થાય.*

*પ્રત્યુત્પન્ન ત્રસકાયિકને પ્રશ્ન. જઘન્ય પદે સાગરોપમ શત-પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ પદે પણ સાગરોપમ શતપૃથક્ત્વ. [પરંતુ] જઘન્ય પદથી ઉત્કૃષ્ટ પદને વિશેષાધિક જાણવું.*

● **વિવેચન-૧૩૫,૧૩૬ :-**

- x - પૃથ્વી કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે કહેલ છે. તે આ — શ્લક્ષ્ણપૃથ્વી - ચૂર્ણિત લોટ સમાન મૃદુ માટી. શુદ્ધ પૃથ્વી - પર્વતાદિના મધ્યની માટી, મનઃશિલા, વાલુકા-રેતી રૂપ, શર્કરા-કાંકરા, ખર-પાષાણાદિરૂપ...

હવે આની સ્થિતિના નિરૂપણાર્થે કહે છે —

શ્લક્ષ્ણ પૃથ્વીકાયિકોની ભગવન્ ! કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૦૦૦ વર્ષ. આ આલાવાથી બાકીની પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. શ્લક્ષ્ણ પૃથ્વીની ૧૦૦૦ વર્ષ, શુદ્ધ પૃથ્વીની ૧૨,૦૦૦ વર્ષ, વાલુકા પૃથ્વીની ૧૪,૦૦૦ વર્ષ, મનઃશિલા પૃથ્વીની ૧૬,૦૦૦ વર્ષ, શર્કરા પૃથ્વીની ૧૮,૦૦૦ વર્ષ, ખરપૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ-૨૨,૦૦૦ વર્ષ જાણવી. બધાંની જઘન્ય અંતર્મુહૂર્ત.

હવે સ્થિતિ નિરૂપણાના પ્રસ્તાવથી નૈરયિકાદિને ચોવીશ દંડના ક્રમથી સ્થિતિને નિરૂપવાને કહે છે — નૈરયિકોની કેટલી કાળ સ્થિતિ છે ? પ્રજ્ઞાપનાના સ્થિતિ પદાનુસાર ચોવીશ દંડ ક્રમથી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો સુધીની સ્થિતિની નિરૂપણા કરેલ છે.

આ રીતે ભવસ્થિતિ નિરૂપણા કરી, હવે કાયસ્થિતિને કહે છે — કાયસ્થિતિ - જીવનો વિવક્ષિત સામાન્ય કે વિશેષરૂપ પર્યાય-વિશેષ, તેમાં સ્થિતિ તે કાયસ્થિતિ. જે વસ્તુ જે પર્યાય-જીવત્વલક્ષણથી-પૃથ્વીકાયાદિત્વ લક્ષણથી આદેશ કરાય તેનું છેદન તે કાયસ્થિતિ.



તેમાં જીવ - પ્રાણોને ધારણ કરે તે જીવ. પ્રાણ બે ભેદે — દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ. તેમાં દ્રવ્યપ્રાણ - આયુ વગેરે. પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, આયુ, શ્વાસોચ્છ્વાસ એ દશ દ્રવ્ય પ્રાણ છે. જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય એ ચાર ભાવપ્રાણ છે. વિશેષ ઉપાદાનથી બંનેનું ગ્રહણ કરવું. જીવ - જીવન પર્યાય વિશિષ્ટ, कालतः કાળને આશ્રીને કેટલો કાળ રહે ? ભગવંતે કહ્યું — સર્વકાળ. કેમકે સંસારી અવસ્થામાં દ્રવ્ય-ભાવ પ્રાણને આશ્રીને અને મુક્તિ અવસ્થામાં ભાવપ્રાણોને આશ્રીને બધે જીવનનું વિદ્યમાનત્વ છે. અથવા જીવ કોઈ એક જીવને નહીં પણ જીવ-સામાન્યને કહે છે, તેથી ‘‘પ્રાણ ધારણ લક્ષણ’’ - જીવ માનવામાં દોષ નથી.

- x - જીવ, જીવરૂપે કેટલો કાળ રહે છે ? સર્વકાળ. કેમકે જીવ સામાન્યનું અનાદિ અનંતત્વ છે. આ વ્યાખ્યા અમે અમારી બુદ્ધિથી કરી નથી. મૂલટીકામાં પણ તે કહ્યું છે. - x - x - એ પ્રમાણે ગતિ, ઈન્દ્રિય, કાયાદિ દ્વારો વડે પ્રજ્ઞાપનાસૂત્રના અગિયારમાં ‘કાયસ્થિતિ’ નામના પદમાં કાયસ્થિતિ કહી છે, તેમ અહીં બધું સંપૂર્ણ કહેવું.

[જીવ] ગતિ-ઈન્દ્રિય-કાયાદિ દ્વાર સંગ્રાહક આ બે ગાથા છે, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, પરિત્ત, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવસિદ્ધિક, અસ્તિકાય અને ચરમ. આ પદોની કાયસ્થિતિ હોય છે, તેમ જાણવું. થોડો સૂત્રપાઠ કહે છે — ભગવન્ ! નૈરયિક નૈરયિકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. ભગવન્ ! તિર્યંચયોનિક, તિર્યંચયોનિકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ-અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી. ક્ષેત્રથી અનંત લોક-અસંખ્ય પુદ્ગલ પરિવર્ત્ત, આવલિકાનો અસંખ્યાતભાગ ઈત્યાદિ.

હવે સામાન્ય પૃથ્વીકાયાદિ ગત કાયસ્થિતિ નિરૂપણા-પૃથ્વીકાય કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! સર્વકાળ. કેમકે પૃથ્વીકાય સામાન્યથી સર્વદા હોય છે. આ રીતે અપ્કાયાદિ પાંચે સૂત્રો કહેવા.

હવે વિવક્ષિત કાળે જઘન્ય કે ઉત્કૃષ્ટ પદે કેટલા અભિનવ ઉત્પદ્યમાન પૃથ્વીકાયિકાદિ છે ? તે કહે છે. તત્કાળ ઉત્પન્ન થનાર પૃથ્વીકાયિક કેટલા કાળે નિર્લેપ થાય છે ? નિર્લેપ એટલે - જો પ્રતિ સમય એક એક જીવનો અપહાર કરાય તો કેટલા સમયમાં તે જીવો બધાં જ અપહૃત થઈ જાય તે કાળ. જઘન્ય પદે અર્થાત્ જ્યારે સૌથી થોડાં હોય ત્યારે અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી. ઉત્કૃષ્ટ પદે સૌથી વધુ હોય ત્યારે પણ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી. વિશેષ આ - જઘન્ય પદથી ઉત્કૃષ્ટ પદ અસંખ્યાતગણું છે.

વનસ્પતિ સૂત્રમાં - અભિનવ ઉત્પન્ન થનાર વનસ્પતિકાયિક કેટલા કાળે નિર્લેપ થાય છે ? તે જીવો અનંતાનંત હોવાથી જઘન્ય કે ઉત્કૃષ્ટ એક પણ પદમાં

નિર્લેપના સંભવ નથી. ‘‘આટલા સમયમાં તે નિર્લેપ થઈ જશે’’ તેમ કહેવું અસંભવ હોવાથી અપદ કહ્યા.

પ્રત્યુત્પન્ન ત્રસકાયિક કેટલા કાળે નિર્લેપ થાય ? ગૌતમ ! જઘન્ય કે ઉત્કૃષ્ટ બંને પદે સાગરોપમ શતપૃથક્ત્વ. વિશેષ એ કે - જઘન્ય કરતા ઉત્કૃષ્ટ પદ વિશેષાધિક જાણવું.

હવે અવિશુદ્ધ-વિશુદ્ધ લેશ્યા વિષયમાં કંઈક કહે છે —

● સૂત્ર-૧૩૭ :-

*ભગવન્ ! અવિશુદ્ધ લેશ્યી અણગાર અસમવહત આત્માથી અવિશુદ્ધલેશ્યી દેવ, દેવી અનગારને જાણે છે ? જુએ છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. ભગવન્ ! અવિશુદ્ધલેશ્યી અણગાર અસમવહત આત્મા દ્વારા વિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જાણે છે ? જુએ છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! અવિશુદ્ધલેશ્યી અણગાર સમવહત થઈ આત્મા દ્વારા અવિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જુએ છે ? જાણે છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. અવિશુદ્ધલેશ્યી અણગાર સમવહત થઈ આત્મા વડે વિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જુએ છે ? જાણે છે ?. ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! અવિશુદ્ધલેશ્યી અણગાર સમવહત કે અસમવહત થઈ આત્મા વડે અવિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જાણે છે ? જુએ છે ? ના, તે અર્થ સમર્થ નથી... અવિશુદ્ધ લેશ્યી અણગાર સમવહત કે અસમવહત થઈ, આત્મા વડે વિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જુએ છે ? જાણે છે ? તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ વિશુદ્ધ લેશ્યી અણગાર અસમવહત થઈ આત્મા વડે અવિશુદ્ધ લેશ્યી દેવ, દેવી, અણગારને જાણે છે ? જુએ છે ? હા, જાણે છે. જુએ છે. જે રીતે અવિશુદ્ધ લેશ્યાના આલાવા કહ્યા એ રીતે વિશુદ્ધલેશ્યીના પણ છ આલાવા કહેવા. યાવત ભગવન્ ! વિશુદ્ધલેશ્યી અણગાર સમવહતાસમવહત થઈ આત્મા વડે વિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જાણે-જુએ ? હા, જાણે-જુએ છે.*

● વિવેચન-૧૩૭ :-

अविसुद्धलेश्यः - કૃષ્ણાદિ લેશ્ય. अनगार - જેને અગારગૃહ વિધમાન્ નથી, તે અનગાર - સાધુ. असमवहत - વેદનાદિ સમુદ્ઘાત રહિત. समवहत - વેદનાદિ સમુદ્ઘાત યુક્ત. આ રીતે બે સૂત્ર અસમવહત-સમવહત આત્મા વડે અવિશુદ્ધ લેશ્યાવાળાના વિષયમાં, બે સૂત્ર સમવહત-અસમવહત આત્મા વડે વિશુદ્ધલેશ્યી વિષયમાં વિચારવા તથા અન્ય અવિશુદ્ધલેશ્ય-વિશુદ્ધલેશ્યી વિષયમાં બે સૂત્ર સમવહત-અસમવહત આત્મા વડે છે. સમવહતાસમવહત એટલે વેદનાદિ સમુદ્ઘાત ક્રિયાવિષ્ટ, પરિપૂર્ણ સમવહત નહીં અને સર્વથા અસમવહત પણ નહીં. આ રીતે અવિશુદ્ધલેશ્યીના છ સૂત્રો કહ્યા, એ પ્રમાણે વિશુદ્ધલેશ્યીના પણ છ સૂત્રો જાણવા. વિશેષ એ કે તેમાં જાણે છે - જુએ છે કહેવું. કેમકે યથાવસ્થિત જ્ઞાન-દર્શન છે.



મૂલ ટીકાકારે પણ આ કહ્યું છે. - x - x - x - હવે સમ્યગ્ - મિથ્યા ક્રિયાનો એક સાથે હોવાનો નિષેધ કહે છે —

● સૂત્ર-૧૩૮,૧૩૯ :-

*ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે, ભાસે છે, પ્રજ્ઞાપે છે અને પ્રરૂપે છે કે — એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે. તે આ — સમ્યકત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા. જે સમયે સમ્યકત્વ ક્રિયા કરે છે, તે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે અને જે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે, તે સમયે સમ્યકત્વ ક્રિયા કરે છે. સમ્યકત્વ ક્રિયાને કરતી વેળા સાથે મિથ્યાત્વ ક્રિયા કરે છે, મિથ્યાત્વ ક્રિયા કરતી વેળાએ સાથે સમ્યકત્વ ક્રિયા પણ કરે છે. એ પ્રમાણે એક જીવ એક સમયે બે ક્રિયા કરે છે - સમ્યકત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા.*

*ભગવન્ ! આમ કઈ રીતે બને ? ગૌતમ ! અન્યતીર્થિકો જે આમ કહે છે, ભાસે છે, પ્રજ્ઞાપે છે, પ્રરૂપે છે કે — એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે આદિ પૂર્વવત્ યાવત્ સમ્યકત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા, તે જેઓ આમ કહે છે તે મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપણા કરું છું કે —*

*નિશ્ચે એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે. તે આ - સમ્યકત્વ ક્રિયા કે મિથ્યાત્વ ક્રિયા. જે સમયે સમ્યકત્વ ક્રિયા કરે છે. તે સમયે મિથ્યાત્વ ક્રિયા કરતા નથી અને જે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે, તે સમયે સમ્યકત્વ ક્રિયા કરતા નથી. એ રીતે એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે, સમ્યકત્વ કે મિથ્યાત્વ ક્રિયા.*

*[૧૩૯] તિર્યંચયોનિક અધિકારનો બીજો ઉદ્દેશો પૂર્ણ થયો.*

● વિવેચન-૧૩૮ :-

ભગવન્ ! અન્યતીર્થિકો - ચરક આદિ સામાન્યથી એમ કહે છે — શ્રવણ અભિમુખ થયેલ પોતાના શિષ્યોને વિસ્તારથી વ્યક્તરૂપે કહે છે, પ્રકર્ષથી જણાવે છે - પોતાના આત્મામાં જે રીતે જ્ઞાન રહેલું છે, તે રીતે બીજાને જણાવે છે. તત્ત્વ વિચારણાથી આ અસંદિગ્ધ છે એવું નિરૂપે છે. એક જીવ એક સમયે યુગપત્ બે ક્રિયા કરે છે, તે આ રીતે - सम्यक्त्वक्रिया - સુંદર અધ્યવસાયરૂપ અને मिथ्यात्वक्रिया - અસુંદર અધ્યવસાયરૂપ. જે સમયે સમ્યકત્વ ક્રિયા કરે છે, તે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે, જે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે તે સમયે સમ્યકત્વ ક્રિયા કરે છે૦ ઈત્યાદિ - x - x -

ભગવન્ ! આમ કઈ રીતે બને ? આ પ્રમાણે ગૌતમે પૂછતાં ભગવંતે કહ્યું — અન્યતીર્થિકો જે પૂર્વવત્ કહે છે, તે ખોટું છે. હું એમ કહું છું, બોલું છું, પ્રજ્ઞાપું છું, પ્રરૂપું છે કે એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે. સમ્યકત્વ ક્રિયા કે મિથ્યાત્વ ક્રિયા. તેથી જે સમયે સમ્યકત્વ ક્રિયા કરે છે, તે સમયે મિથ્યાત્વ ક્રિયા કરતો નથી

અને જે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે, તે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરતો નથી. પરસ્પર વૈવિકત્ય નિયમ જણાવવા કહે છે કે – સમ્યકત્વ ક્રિયા કરવા વડે મિથ્યાત્વ ક્રિયા કરતો નથી અને મિથ્યાત્વ ક્રિયા કરવા વડે સમ્યકત્વ ક્રિયા કરતો નથી. સમ્યકત્વ અને મિથ્યાત્વ ક્રિયાના પરસ્પર પરિહાર અવસ્થાનાત્મકપણાથી જીવને તદુભય કરણ સ્વભાવત્વના અયોગથી આમ કહ્યું. અન્યથા સર્વથા મોક્ષનો અભાવ થાય, કેમકે કદાપી મિથ્યાત્વ છૂટું પડતું નથી.

આ રીતે તિર્યંચયોનિ અધિકારનો બીજો ઉદ્દેશો આ ત્રીજી પ્રતિપત્તિમાં પુરો થયો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૩, તિર્યંચાધિકારનો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**



## ❀ પ્રતિપત્તિ-૩-મનુષ્યાધિકાર ❀

-- x -- x -- x -- x -- x --

૦ તિર્યંચયોનિજ અધિકાર કહ્યો. હવે મનુષ્યાધિકાર –

**● સૂત્ર-૧૪૦ :-**

***તે મનુષ્યો કેટલા છે ? મનુષ્યો બે પ્રકારે છે - સંમૂર્છિમ મનુષ્યો અને ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્યો.***

***તે સંમૂર્છિમ મનુષ્યો કેટલા છે ? તે એક જ પ્રકારના હોય છે. ભગવન્ ! તે સંમૂર્છિમ મનુષ્યો ક્યાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યું યાવત્ તે આ સંમૂર્છિમ મનુષ્યો કહ્યા છે.***

**● વિવેચન-૧૪૦ :-**

તે મનુષ્યો બે ભેદે છે - સંમૂર્છિમ અને ગર્ભજ. ચ શબ્દ બંને પણ મનુષ્યત્વ જાતિની તુલ્યતાના સૂચક છે.

તે સંમૂર્છિમો એક પ્રકારે કહ્યા છે. તેમનો સંભવ ક્યાં છે ? - x - મનુષ્ય ક્ષેત્રમાં ઈત્યાદિ પ્રાગ્વત્ કહેવું. યાવત્ અંતર્મુહૂર્ત આયુ પાળીને કાળ કરે છે. - x - હવે ગર્ભજ મનુષ્યને કહે છે.

**● સૂત્ર-૧૪૧,૧૪૨ :-**

***[૧૪૧] તે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – કર્મભૂમજ, અકર્મભૂમજ, અંતર્દ્વીપજ.***

***[૧૪૨] તે અંતર્દ્વીપજ કેટલા ભેદે છે ? ૨૮ ભેદે. તે આ પ્રમાણે – એકોરુકા, આભાષિકા, વૈષાણિકા યાવત્ - x - શુદ્ધદંતા.***

**● વિવેચન-૧૪૧,૧૪૨ :-**

તે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો - x - ત્રણ ભેદે કહ્યા છે – કર્મભૂમક, અકર્મભૂમક, અંતર્દ્વીપક. તેમાં અનાનુપૂર્વીથી કથન કરાય છે, આ ન્યાયથી પહેલા અંતર્દ્વીપોનું કથન કરવા કહે છે કે – તે અંતર્ દ્વીપકો કયા છે ? લવણ સમુદ્ર મધ્યે અંતરે અંતરે દ્વીપ તે અંતર્દ્વીપ. અંતર્દ્વીપમાં થનાર તે આંતર્દ્વીપકા, તે ૨૮ છે. તે આ પ્રમાણે–

એકોરુકા, આભાષિકા, વૈષાણિકા, નાંગોલિક, હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલીકર્ણ, આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ, ગોમુખ, અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ, અશ્વકર્ણ, સિંહકર્ણ, અકર્ણ, કર્ણપ્રાવરણ, ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુદ્દંત, ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત અને શુદ્ધદંત. - - આ એકોરુકાદિ નામ દ્વીપો છે. તે એકોરુક આદિ મનુષ્યો કહ્યા. જેમ પંચાલ દેશનો નિવાસી પુરુષ ''પંચાલ'' કહેવાય છે. ઐકોરુક મનુષ્યોના એકોરુક દ્વીપને વિશે પૂછે છે –

**● સૂત્ર-૧૪૩ :-**

***ભગવન્ ! એકોરુક મનુષ્યોનો એકોરુક નામે દ્વીપ ક્યાં આવેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે લઘુ હિમવંત વર્ષધર પર્વતના ઈશાન***

*ચરમાંતથી લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન ગયા પછી દક્ષિણ દિશામાં એકોરુક મનુષ્યોનો એકોરુક નામે દ્વીપ કહ્યો છે. તે દ્વીપની લંબાઈ-પહોળાઈ ૩૦૦ યોજન છે, ૯૫૦ યોજનથી કંઈક અધિક પરિધિયુક્ત છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પદ્મવર વેદિકા આઠ યોજન ઉચ્ચત્વથી ઉર્ધ્વ છે, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી એકોરુકદ્વીપને ઘેરીને રહી છે. તે પદ્મવર વેદિકાનું આવા પ્રકારે વર્ણન છે - તેની નિમ્મા વજ્રમય છે. એ પ્રમાણે વેદિકા વર્ણન રાજપ્રશ્નીય સૂત્રમાં જેમ કરેલ છે, તેમ કહેવું.*

● **વિવેચન-૧૪૩ :-**

દક્ષિણ દિશાના એકોરુકાદિ મનુષ્યો શિખરી પર્વતાદિ ઉપર પણ હોય છે, તે મેરુની ઉત્તરે છે, તેથી તેના વ્યવચ્છેદાર્થે અહીં 'દક્ષિણ દિશાનો' એમ કહ્યું. ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતનો અન્યત્ર સંભવ હોવાથી, અહીં ''આ જંબૂદ્વીપમાં'' એમ કહ્યું. મેરુની દક્ષિણે ચુલ્લ હિમવત્ વર્ષધર પર્વતની. અહીં 'ચુલ્લ' ગ્રહણ મહા હિમવંત વર્ષધર પર્વતના વ્યવચ્છેદાર્થે છે. પૂર્વરૂપ ચરમાંતથી ઇશાન ખૂણામાં લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન ગયા પછી ચુલ્લ હિમવંત દાઢાની ઉપર, દક્ષિણ દિશાનો એકોરુક દ્વીપ છે. તે લંબાઈ-પહોળાઈથી ૩૦૦ યોજન, સાધિક ૯૪૯ યોજન પરિધિથી છે.

● **સૂત્ર-૧૪૪ :-**

*તે પદ્મવર વેદિકા એક વનખંડ વડે ચોતરફથી ઘેરાયેલ હતી. તે વનખંડ દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી વેદિકાસમ પરિધિથી કહેલ છે. તે વનખંડ કૃષ્ણ, કૃષ્ણાવભાસ ઈત્યાદિ જેમ રાજપ્રશ્નીયમાં વનખંડ વર્ણન છે, તેમ સંપૂર્ણ કહેવું. તૃણોના વર્ણ, ગંધ, સ્પર્શ, શબ્દ તથા વાવડી, ઉત્પાત પર્વત, પૃથ્વીશિલાપટ્ટક કહેવા યાવત્ ત્યાં ઘણાં વ્યંતર દેવ-દેવીઓ યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૧૪૪ :-**

તે એકોરુક નામક દ્વીપ એક પદ્મવરવેદિકાથી, એક વનખંડથી બધી દિશામાં સમસ્તપણે ઘેરાયેલ છે. તેમાં પદ્મવર વેદિકા આદિ વર્ણન કહેવાનાર જંબૂદ્વીપ જગતી ઉપરની પદ્મવર વેદિકા અને વનખંડ વર્ણનવત્ કહેવું. - x -

● **સૂત્ર-૧૪૫ :-**

*એકોરૂકદ્વીપ દ્વીપનો અંદરનો ભૂમિભાગ બહુસમરમણીય કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર હોય૦ એ રીતે શયનીય કહેવું યાવત્ પૃથ્વીશિલાપટ્ટક, ત્યાં ઘણાં એકોરૂકદ્વીપક મનુષ્યો અને સ્ત્રીઓ બેસે છે યાવત્ વિચરે છે.*

*હે આયુષ્યમાન્ શ્રમણ ! એકોરૂક દ્વીપમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં ઉદ્દાલક, કોદ્દાલક, કૃતમાલ, નયમાલ, નૃત્યમાલ, શ્રૃંગમાલ, શંખમાલ, દંતમાલ, શેલમાલક નામે દ્રુમગણ કહ્યા છે. તે કુસ-વિકુસ-વિસુદ્ધ-વૃક્ષ મૂળવાળા, મૂલમંત યાવત્ બીજમંત, પત્ર અને પુષ્પોથી આચ્છન્ન પ્રતિચ્છન્ન છે અને શ્રી વડે અતી-અતી શોભતા-સોહતા રહેલા છે. તે એકોરૂક દ્વીપમાં ઘણાં વૃક્ષો છે - તેમાં હેરુ*



*તાલ - ભેરુતાલ - મેરુતાલ - સેરુતાલ - સાલ - સરલ-સપ્તપર્ણ-સોપારી-ખજૂર-નારિયેલના વન છે. તે કુશ-કાંસાદિ રહિત યાવત્ છે.*

*તે એકોરુકદ્વીપમાં ત્યાં ત્યાં ઘણાં તિલક, લવક, ન્યગ્રોધ યાવત્ રાજવૃક્ષ, નંદિવૃક્ષ છે. જે દર્ભ-કાંસથી રહિત છે. યાવત્ શોભે છે. એકોરૂકદ્વીપમાં ત્યાં ઘણી પદ્મલતા યાવત્ શ્યામલતા છે. જે નિત્ય કુસુમિત છે ઈત્યાદિ લતા વર્ણન ઉવવાઈ સૂત્ર મુજબ યાવત્ પ્રતિરૂપ સુધી કહેવું. એકોરૂકદ્વીપમાં ત્યાં ઘણાં સેરિકાગુલ્મ યાવત્ મહાજાતિ ગુલ્મ છે. તે ગુલ્મો પંચવર્ણી ફૂલોથી કુસુમિત રહે છે. તેની શાખા પવનથી હલતી રહે છે, તેથી તેના ફૂલો એકોરુકદ્વીપના ભૂમિભાગને આચ્છાદિત કરતા રહે છે.*

*એકોરુકદ્વીપમાં ત્યાં ઘણી વનરાજીઓ છે. તે વનરાજી કૃષ્ણા, કૃષ્ણાવભાસા યાવત્ રમ્યા, મહામેઘ નિકુરંબરૂપ યાવત્ મહાન્ ગંધને મુક્તી તથા પ્રાસાદીયાદિ છે.*

*[૧] એકોરૂક દ્વીપમાં ત્યાં ઘણાં મત્તાંગ નામે વૃક્ષગણો કહ્યા છે. જેમ ચંદ્રપ્રભા, મણિશલાકા, શ્રેષ્ઠ સીધુ, પ્રવર વારુણી, જાતિવંત ફળ-પત્ર-પુષ્પ સુગંધિત દ્રવ્યોથી કાઢેલ સારભૂત રસ અને વિવિધ દ્રવ્યોથી યુક્ત અને ઉચિત કાળે સંયોજિત કરીને બનાવેલ આસવ, મધુ, મેરક, રિષ્ટાભ, દુગ્ધતુલ્યસ્વાદવાળી પ્રસન્ના, મેલ્લક, શતાયુ, ખજૂર અને દ્રાક્ષનો રસ, કપિશ વર્ણનો ગોળનો રસ, સુપક્વ ક્ષોદરસ, વરસૂરાદિ વિવિધ મદ્ય પ્રકારોમાં જેવો વર્ણ-રસ-ગંધ-સ્પર્શ તથા બળવીર્ય પરિણામી છે. તે રીતે જ તે મત્તાંગ વૃક્ષ વિવિધ પ્રકારે વિવિધ સ્વાભાવિક પરિણામવાળી મદ્યવિધિથી યુક્ત, ફળોથી પરિપૂર્ણ અને વિકસિત છે. તે કુશ-કાંસરહિત યાવત્ રહેલ છે.*

*[૨] એકોરૂક દ્વીપમાં ત્યાં ઘણાં ભૃત્તાંગ નામે વૃક્ષગણ કહેલા છે. જેમ વારક, ઘટ, કરક, કળશ, કર્કરી, પાદકંચનિકા, ઉદંક, વદ્ધણિ, સુપ્રતિષ્ઠક, પારી, ચષક, ભૃંગારક, કરોટી, શરક, થરક, પાત્રી, થાળી, પાણી ભરવાનો ઘડો, વિચિત્ર વર્તક, મણીના વર્તક, સોના અને મણિરત્નના બનેલા શુક્તિ આદિ વાસણ કે જેના ઉપર વિવિધ ચિત્રકારી કરેલી છે, તેવા આ ભૃત્તાંગ વૃક્ષ ભાજન વિધિમાં વિવિધ પ્રકારના વિસ્રસા પરિણત ભાજનોથી યુક્ત હોય છે. ફળોથી પરિપૂર્ણ અને વિકસિત હોય છે. કુશ-કાસ રહિત યાવત્ રહેલા છે.*

*[૩] એકોરૂકદ્વીપમાં ત્યાં ત્યાં ઘણાં ત્રુટિતાંગ નામે વૃક્ષગણો કહ્યા છે. જેમ કોઈ મુરજ, મૃદંગ, પ્રણવ, પટહ, દર્દરક, કરટી, ડિંડિમ, ભંભા, હોરંભ, ક્વણિત, ખરમુખી, મુકુંદ, શંખિકા, પરિલી, પરિવાદિની, વંશ, વીણા, સુઘોષા, વિપંચી, મહતી, કચ્છપી, રિંગસકા, તલતાલ, કાંસ્યતાલ આદિ વાજિંત્ર, જે સમ્યક્ પ્રકારે વગાડાય છે. વાદ્યકળામાં નિપુણ અને ગંધર્વશાસ્ત્રમાં કુશલ વ્યક્તિ દ્વારા જે સ્પંદિત કરાય છે. જે આદિ-મધ્ય-અવસાનરૂપ ત્રણ સ્થાનોથી શુદ્ધ છે, તે રીતે આ ત્રુટિતાંગ વૃક્ષ વિવિધ પ્રકારે સ્વાભાવિક પરિણામ થકી*

પરિણત થઈ તત-વિતત-ઘન-શુષિર રૂપ ચાર પ્રકારની વાદ્ય વિધિથી યુક્ત હોય છે. ફળોથી પરિપૂર્ણ અને વિકસિત હોય છે. કુશ-વિકુશથી રહિત યાવત્ શોભાયમાન રહેલા છે.

[૪] એકોરૂકદ્વીપમાં ઘણાં દીપશિખા નામના વૃક્ષગણો કહ્યા છે. જેમ સંધ્યા વિરાગ સમયે નવનિધિપતિને ત્યાં દીપિકાઓ હોય છે. જેનું પ્રકાશમંડલ ચોતરફ ફેલાયેલ હોય છે. જેમાં ઘણી બત્તિ અને ભરપુર તેલ ભરેલ હોય છે. જે પોતાના ઘન પ્રકાશથી અંધકારનું મર્દન કરે છે, જેનો પ્રકાશ કનકનિકા જેવા પ્રકાશયુક્ત કુસુમોવાળા પારિજાતના વનના પ્રકાશ જેવો હોય છે. સુવર્ણ-મણિરત્નથી બનેલ, વિમલ, બહુમૂલ્ય કે મહોત્સવોમાં સ્થાપ્ય, તપનીય અને વિચિત્ર દંડયુક્ત, - x - જેનું તેજ ખૂબ પ્રદીપ્ત થઈ રહેલ છે. જે નિર્મળ ગ્રહગણો માફક પ્રભાસિત તથા અંધકારને દૂર કરનાર સૂર્યની ફેલાયેલ પ્રભા જેવી ચમકે છે. પોતાની ઉજ્જવલ જ્વાલાથી જાણે હસી રહી હોય, એવી તે દીપિકાઓ શોભિત છે. એ જ રીતે દીપશિખા વૃક્ષ પણ વિવિધ વિસ્રસા પરિણામી ઉદ્યોત્‌વિધિથી યુક્ત છે ફળોથી પૂર્ણ અને વિકસિત છે યાવત્ શ્રી વડે અતી શોભાયમાન છે.

[૫] એકોરૂક દ્વીપમાં ત્યાં ઘણાં જ્યોતિશિખા નામે વૃક્ષગણો કહ્યા છે. જેમ તત્કાળનું ઉદિત શરત્કાલીન સૂર્યમંડલ, ખરતી એવી હજારો ઉલ્કા, ચમકતી વિજળી, જ્વાલા સહિત નિર્ધૂમ અગ્નિ, અગ્નિથી શુદ્ધ તપનીય સુવર્ણ, વિકસિત કિંશૂકના ફૂલો, અશોક અને જપા પુષ્પોનો સમૂહ, મણિરત્નોના કિરણો, શ્રેષ્ઠ હિંગલોક સમુદાય, પોત-પોતાના વર્ણ અને આભારૂપ તેજસ્વી લાગે છે. એ રીતે જ્યોતિશિખા વૃક્ષ પોતાના ઘણાં પ્રકારના અનેક વિસ્રસા પરિણામથી ઉદ્યોત્ વિધિથી યુક્ત હોય છે. તેનો પ્રકાશ સુખકારી, મંદ, મંદ આતાપ છે. પોતાને સ્થાને સ્થિત હોય છે, એકબીજામાં મિશ્ર થઈ પોતાના પ્રકાશથી પોતાના પ્રદેશમાં રહેલ પદાર્થોને ચોતરફથી પ્રકાશિત-ઉદ્યોતિત-પ્રભાસિત કરે છે. કુશ-વિકુશ આદિથી રહિત યાવત્ અતી શોભે છે.

[૬] એકોરુકદ્વીપમાં ત્યાં-ત્યાં ઘણાં ચિત્રાંગ નામે વૃક્ષ ગણો કહેલા છે. જેમ કોઈ પ્રેક્ષાગૃહ, વિવિધ પ્રકારના ચિત્રોથી ચિત્રિત, રમ્ય, શ્રેષ્ઠ ફૂલોની માળાથી ઉજ્જ્વલ, વિકસિત-વિખરાયેલા પુષ્પ પુંજોથી સુંદર, પૃથક્‌રૂપે સ્થાપિત અને વિવિધ પ્રકારની ગૂંથેલ માળાઓની શોભાના પ્રકર્ષથી અતીવ મોહક હોય છે. ગ્રંથિમ-વેષ્ટિત-પૂરિમ-સંઘાતિમ માળા, જે છેક શિલ્પી દ્વારા ગુંથી છે. સારી રીતે સજાવવાથી જેનું સૌંદર્ય વધી ગયેલ છે. વિવિધ રૂપે દૂર લટકતી પંચવર્ણી ફૂલમાલાથી સજાવેલ હોય, તેનાથી દીપ્તિમાન એવા પ્રેક્ષાગૃહ સમાન, તે ચિત્રાંગ વૃક્ષ પણ વિવિધ પ્રકારના વિસ્રસા પરિણામથી માલ્યવિધિથી યુક્ત છે. તે કુશ-વિકુશ રહિત યાવત્ શોભે છે.



[૭] એકોરુક દ્વીપમાં ત્યાં ઘણાં ચિત્રરસ નામે વૃક્ષો કહેલા છે. જેમ સુગંધી શ્રેષ્ઠ કલમ જાતિના ચોખા અને વિશિષ્ટ ગાય થકી નિસૃત, દોષ રહિત શુદ્ધ દૂધથી પકાવેલ શરદઋતુના ઘી, ગોળ, ખાંડ અને મધથી મિશ્રિત અતિ સ્વાદિષ્ટ અને ઉત્તમ વર્ણ-ગંધયુક્ત પરમાન્ન નિષ્પન્ન કરાય છે અથવા જેમ ચક્રવર્તી રાજાના કુશળ સૂપકારો દ્વારા નિષ્પાદિત ચાર ઉકાળાથી સેકેલ, કલમ ઓદન-જેનો એક એક દાણો વરાળથી સીઝીને મૃદુ થઈ ગયેલ છે. જેમાં અનેક મેવાદિ નાંખેલ છે, સુગંધિત દ્રવ્યોથી સંસ્કારિત છે. જે શ્રેષ્ઠ-વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી યુક્ત થઈ બળ-વીર્યરૂપે પરિણત થાય છે. ઈન્દ્રિયની શક્તિને વધારનાર, ભૂખ-તરસને શાંત કરનાર, પ્રધાન ગોળ-સાકર-ખાંડ આદિથી યુક્ત, ગરમ કરેલ ઘી નાંખેલ, અંદરના ભાગે મુલાયમ અને સ્નિગ્ધ, અત્યંત પ્રિયકારી દ્રવ્યોથી યુક્ત, એવો પરમ આનંદદાયક પરમાન્ન હોય છે. એવી ભોજન વિધિ સામગ્રીથી યુક્ત ચિત્રરસ નામક વૃક્ષ હોય છે તે વૃક્ષોમાં આ સામગ્રી વિવિધ પ્રકારના વિસ્રસા પરિણામથી થાય છે. તે વૃક્ષ કુશ-કાશાદિથી રહિત યાવત્ શોભે છે.

[૮] એકોરુક દ્વીપમાં ઘણાં મણ્યંગ નામે વૃક્ષગણો કહેલા છે. જેમ હાર, અર્દ્ધહાર, વેષ્ટનક, મુગટ, કુંડલ, વામોત્તક, હેમજાલ, મણિજાલ, સૂત્રક, ઉચ્ચયિત કટક, મુદ્રિકા, એકાવલી, કંઠસૂત્ર, મકરાકાર આભૂષણ, ઉરઃસ્કંધ ગ્રૈવેયક, શ્રોણીસૂત્ર, ચૂડામણી, સુવર્ણતિલક, બિંદિયા, સિદ્ધાર્થક, કર્ણવાલી, ચંદ્ર-સૂર્ય-વૃષભ-ચક્રાકાર ભૂષણ, તલ ભંગક, ત્રુટિક, માળાકાર હસ્તાભૂષણ, વલક્ષ, દીનાર માલિકા, મેખલા, કલાપ, પ્રતરક, પ્રાતિહારિક, ઘુંઘરુ, કિંકિણી, રત્નમય કંદોરા, નુપૂર, ચરણમાળા, કનકનિકરમાળા આદિ સોના-મણિ-રત્નાદિ રચનાથી ચિત્રિત, સુંદર આભુષણોના પ્રકાર છે, તેની જેમ આ મણ્યંગ વૃક્ષ અનેક બહુવિધ વિસ્રસા પરિણામથી પરિણત ભૂષણવિધિથી યુક્ત છે. કુશાદિ રહિત યાવત્ શોભે છે.

[૯] એકોરુક દ્વીપમાં ત્યાં-ત્યાં ઘણાં ગેહાકાર નામક વૃક્ષો કહેલા છે. જેમ પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, પ્રાસાદ, આકાશતલ, મંડપ, એક-બે-ત્રણ-ચાર ખંડવાળા મકાન, ગર્ભગૃહ, મોહનગૃહ, વલભિઘર, ચિત્રશાળાથી સજ્જિત પ્રકોષ્ઠ ગૃહ, ભોજનાલય, ગોળ-ત્રિકોણ-ચોરસ-નંદાવર્તાકારના ગૃહ, પાંડુર તલમુંડમાળા, હર્મ્ય અથવા ધવલ-અર્દ્ધ-માગધ-વિભ્રમ ગૃહ, પહાડ-પહાડનો અર્દ્ધભાગ-પર્વત શિખરના આકારનું ગૃહ, સુવિધિ કોષ્ટક ગૃહ, અનેકગૃહ, શરણ-લયન-આપમ-વિડંગ-જાલ-ચંદ નિર્યૂહ, અપવરક, દ્વારવાળા ગૃહ, ચાંદની આદિથી યુક્ત વિવિધ પ્રકારના ભવન હોય છે, એ જ પ્રકારે તે ગેહાકાર વૃક્ષ પણ વિવિધ પ્રકારના, ઘણાં વિસ્રસા પરિણત સુખારોહણ, સુખોત્તારક, સુખ નિષ્ક્રમણ પ્રવેશ, દર્દર-સોપાન-પંક્તિયુક્ત, સુખવિહારક, મનો અનુકૂલ ભવન

વિધિથી યુક્ત, કુસાદિ રહિત યાવત્ શોભે છે.

[૧૦] એકોરુકદ્વીપમાં ત્યાં-ત્યાં ઘણાં અનગ્ન નામક વૃક્ષગણો કહેલા છે. જેમ - અનેક પ્રકારના ચર્મ વસ્ત્ર, ક્ષૌમ વસ્ત્ર, કંબલ વસ્ત્ર, દુકૂલ વસ્ત્ર, કોશેયક, કાલમૃગપટ્ટ, ચીનાંશુક, વરણાત, વરવાણિગયતુ, આભરણ ચિત્રિત, શ્લક્ષ્ણ, કલ્યાણક, ભંવરી-નીલ-કાજળ જેવા વર્ણના વસ્ત્ર, બહુવર્ણ, લાલ-પીળા-સફેદ વર્ણના વસ્ત્ર, અક્ષત મૃગરોમના વસ્ત્ર, સોના-ચાંદીના તારના વસ્ત્ર, પશ્ચિમ કે ઉત્તર દેશનું વસ્ત્ર, સિંધુ-ઋષભ-તામિલ-બંગ-કલિંગ દેશનું સૂક્ષ્મ તંતુમય બારીક વસ્ત્ર ઈત્યાદિ વસ્ત્રો, જે શ્રેષ્ઠ નગરોમાં કુશળ કારીગરો વડે બનાવાયેલ છે, સુંદર વર્ણવાળા છે, તે પ્રકારે આ અનગ્ન વૃક્ષ પણ અનેક પ્રકારે અને બહુવિધ વિસ્રસા પરિણામથી પરિણત વિવિધ વસ્ત્ર યુક્ત છે, તે કુશ-કાશથી રહિત યાવત્ અતી શોભે છે.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં મનુષ્યોનો આકાર-પ્રકાર આદિ સ્વરૂપ કેવા છે ? હે ગૌતમ ! તે મનુષ્ય અનુપમ સૌમ્ય અને સુંદર રૂપવાળા છે. ઉત્તમ ભોગસૂચક લક્ષણવાળા, ભોગ જન્ય શોભાથી યુક્ત છે. તેમના અંગો જન્મથી જ શ્રેષ્ઠ અને સર્વાંગ સુંદર છે. તેમના પગ સુપ્રતિષ્ઠિત અને કાચબા માફક સુંદર છે. તેમના પગની તળીયા લાલ અને ઉત્પલ પત્ર સમાન મૃદુ, મુલાયમ, કોમળ છે. તેમના ચરણમાં પર્વત, નગર, સમુદ્ર, મગર, ચક્ર, ચંદ્રમા આદિના ચિહ્ન છે. તેમના ચરણની આંગળી ક્રમશઃ મોટી-નાની અને મળેલી છે. તેમની આંગળીના નખ ઉન્નત, પાતળા, તામ્રવર્ણી, સ્નિગ્ધ છે. તેમના ગુલ્ફ, પિંડલિકા ક્રમશઃ સ્થૂળ, સ્થૂળતર અને ગોળ છે, તેમના ઘુંટણ સંપુટમાં રાખેલની જેમ ગૂઢ છે. તેમની જાંઘ હાથીની સૂંઢની માફક સુંદર, ગોળ અને પુષ્ટ છે. શ્રેષ્ઠ મદોન્મત્ત હાથીની ચાલ જેવી ચાલ છે. શ્રેષ્ઠ ઘોડા માફક તેમનો ગુહ્ય દેશ સુગુપ્ત છે. આકીર્ણક અશ્વ માફક મળમૂત્રાદિ લેપથી રહિત છે તેમની કમર યૌવન પ્રાપ્ત શ્રેષ્ઠ ઘોડા અને સિંહની કમર જેવી પાતળી અને ગોળ છે. સંકોચેલી ત્રિપાઈ, મૂસલી દર્પણનો દંડ અને શુદ્ધ કરેલ સોનાની મૂંઠ વચ્ચેથી પાતળી હોય છે, તેવી પાતળી તેમની કમર છે. તેની રોમરાજિ સરળ-સમ-સઘન-સુંદર-શ્રેષ્ઠ-પાતળી-કાળી-સ્નિગ્ધ-આદેય-લાવણ્યમય-સુકુમાર-સુકોમળ અને રમણીય છે, તેમની નાભિ ગંગાના આવર્ત્ત સમાન દક્ષિણાવર્ત્ત, તરંગની જેમ વક્ર અને સૂર્યની ઉગતા કિરણોથી ખીલેલા કમળની માફક ગંભીર અને વિશાળ છે. તેમની કુક્ષિ મત્સ્ય અને પક્ષી માફક સુંદર અને પુષ્ટ છે, તેમનું પેટ માછલી માફક કૃશ છે.

તેમની ઈન્દ્રિયો પવિત્ર છે. તેમની નાભિ કમળ સમાન વિશાળ છે. તેમના પાર્શ્વભાગ નીચે નમેલ છે. પ્રમાણોપેત છે. સુંદર છે, પરિમિત માત્રાયુક્ત, સ્થૂળ અને આનંદદાયી છે. તેમના પીઠની હડ્ડી માંસલ હોવાથી અનુપલક્ષિત હોય છે. તેમના શરીર કંચનની કાંતિવાળા નિર્મળ સુંદર અને નિરુપહત હોય છે. તેઓ



શુભ બત્રીશ લક્ષણોથી યુક્ત હોય છે. તેમનું વક્ષસ્થળ કંચનના શિલાતલ જેવું ઉજ્જ્વલ, પ્રશસ્ત, સમતલ, પુષ્ટ, વિસ્તીર્ણ અને મોટુ હોય છે. તેમની છાતી ઉપર શ્રીવત્સનું ચિહ્ન અંકિત હોય છે, તેમની ભુજા નગરની અર્ગલા સમાન લાંબી હોય છે. તેમના બાહુ નાગના વિપુલ શરીર તથા આઠાવેલ અર્ગલા સમાન લાંબી હોય છે. તેમના હાથની કલાઈ યૂપ સમાન દૃઢ, આનંદદાયી, પુષ્ટ, સુસ્થિત, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, ઘન, સ્થિર, સુબદ્ધ, નિગૂઢ પર્વ સંધિવાળી છે.

તેમની હથેળી લાલ વર્ણની, પુષ્ટ, કોમળ માંસલ, પ્રશસ્ત, લક્ષણયુક્ત, સુંદર છિદ્ર જાળ રહિત આંગળીવાળી છે. તેમના હાથની આંગળી પુષ્ટ, ગોળ, સુજાત અને કોમળ છે. તેમના નખ, તામ્રવર્ણીય, પાતળા, સ્વચ્છ, મનોહર અને સ્નિગ્ધ છે. તેમના હાથોમાં ચંદ્ર-સૂર્ય-શંખ-ચક્ર રેખા, દક્ષિણાવર્ત્ત સ્વસ્તિક રેખા અને ચંદ્રાદિની સંયુક્ત રેખા હોય છે. અનેક શ્રેષ્ઠ લક્ષણયુક્ત ઉત્તમ, પ્રશસ્ત, સ્વચ્છ, આનંદપ્રદ રેખાઓથી યુક્ત હાથ છે. તેમના સ્કંધ શ્રેષ્ઠ ભેંસ વરાહ, સિંહ, શાર્દૂલ, બળદ, હાથીના સ્કંધ માફક પ્રતિપૂર્ણ વિપુલ અને ઉન્નત છે. તેમની ડોક ચાર આંગળ પ્રમાણ અને શ્રેષ્ઠ શંખ સમાન છે. તેમની દાઢી અવસ્થિત, સુવિભક્ત, વાળતી યુક્ત, માંસલ, સુંદર સંસ્થાન યુક્ત, પ્રશસ્ત અને વાઘની વિપુલ દાઢી સમાન છે. તેમના હોઠ પરિકર્મિત શિલાપ્રવાલ અને બિંબ ફળ સમાન લાલ છે. તેમના દાંત સફેદ ચંદ્રમાના ટુકડા જેવા વિમલ છે અને શંખ, ગાયના દૂધના ફીણ, જલકણ, મૃણાલિકાના તંતુ સમાન સફેદ છે. તેમના દાંત અખંડિત હોય છે, અલગ-અલગ હોતા નથી, તેઓ સુંદર દાંતવાળા છે. તેમની જીભ અને તાળવું અગ્નિમાં તપાવી ધોયેલ અને તપાવેલ સ્વર્ણ સમાન લાલ છે.

તેમની નાસિકા ગરુડ જેવી લાંબી, સીધી અને ઉંચી હોય છે. તેમની આંખો સૂર્યકિરણોથી વિકસિત પુંડરીક કમળ જેવી, ખીલેલા શ્વેત કમળ જેવી, ખૂણામાં લાલ, વચ્ચે કાળી અને ધવલ તથા પક્ષ્મપુટવાળી હોય છે. તેમની ભંવર કંઈક આરોપેલ ધનુષ્ સમાન વક્ર, રમણીય, કૃષ્ણ મેઘરાજિ સમાન કાળી, સંગત, દીર્ઘ, સુજાત, પાતળી, સ્નિગ્ધ હોય છે. તેમના કાન મસ્તકના ભાગ સુધી કંઈક ચોંટેલા અને પ્રમાણોપેત છે. તેઓ સુંદર કાનોવાળા છે. તેમના કપોળ પીની અને માંસલ હોય છે. તેમના લલાટ નવીન ઉદિત બાલચંદ્ર જેવું પ્રશસ્ત, વિસ્તીર્ણ અને સમતલ હોય છે. તેમનું મુખ પૂર્ણિમાના ચંદ્રમા જેવું સૌમ્ય છે, મસ્તક છત્રાકાર અને ઉત્તમ હોય છે. તેમનું સિર ઘન-નિબિડ-સુબદ્ધ-પ્રશસ્ત લક્ષણવાળું, કૂટાકાર માફક ઉન્નત્ત અને પાષાણના પિંડ માફક ગોળ અને મજબૂત હોય છે. તેમની કેશાંતભૂમિ દાડમના પુષ્પવત્ લાલ, તપનીય સુવર્ણ સમાન નિર્મલ અને સુંદર હોય છે. મસ્તકના વાળ શાલ્મલિ ફળ માફક ઘન અને નિબિડ હોય છે. તે બાલ મૃદુ, નિર્મળ, પ્રશસ્ત, સૂક્ષ્મ, લક્ષણયુક્ત,

સુગંધિત, સુંદર, ભુજભોજક, નીલમણિ, ભ્રમરી, નીલ અને કાજળ સમાન કાળા, હર્ષિત ભ્રમર સમાન અતિ કાળા, સ્નિગ્ધ, નિચિત હોય છે. ઘુંઘરાલા અને દક્ષિણાવર્ત હોય છે.

તે મનુષ્યો લક્ષણ, વ્યંજન અને ગુણ યુક્ત હોય છે. તેઓ સુંદર, સુવિભક્ત સ્વરૂપવાળા હોય છે. તેઓ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હોય છે. આ મનુષ્યો હંસ-ક્રૌંચ-સીંહ-મંજુ-સુસ્વરવાળા, નંદિ-સીંહ-મંજુ-સુસ્વર ઘોષવાળા, અંગ-અંગમાં કાંતિવાળા, વજ્રઋષભનારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાનવાળા, સ્નિગ્ધ-ત્વચાવાળા, નિરાતંક, ઉત્તમ પ્રશસ્ત અતિશય યુક્ત અને નિરુપમ શરીરવાળા, સ્વેદાદિ મેલ કલંકથી રહિત, સ્વેદ-રજાદિ દોષોથી રહિત, ઉપલેપ રહિત, અનુકૂળ વાયુવેગવાળા, કંકપક્ષીવત્ નિર્લેપ ગુદાભાગવાળા, કબૂતર માફક બધુ પચાવી લેનાર, પક્ષી માફક નિર્લેપ અપાનદેશવાળા, સુંદર પૃષ્ઠભાગ, ઉદર અને જંઘાવાળા, ઉન્નત્ત અને મુષ્ટિગ્રાહ્ય કુક્ષિવાળા, પદ્મ-ઉત્પલ સમાન સુગંધી શ્વાસોચ્છ્વાસ અને મુખવાળા છે.

આ મનુષ્યોની ઉંચાઈ ૮૦૦ ધનુષ્ હોય છે, તે મનુષ્યોને ૬૪-પાંસળી હોય છે. તેઓ સ્વભાવથી જ ભદ્ર, વિનીત, શાંત, સ્વાભાવિક પાતળા ક્રોધ-માન-માયા-લોભયુક્ત, મૃદુ-માર્દવ સંપન્ન, અલ્લીન, ભદ્ર, વિનીત, અલ્પેચ્છા, અસંનિધિ સંચય, અચંડ, વૃક્ષોની શાખામાં રહેનાર, ઈચ્છાનુસાર, વિચરણ કરનારા, એવા તે મનુષ્ય ગણને હે આયુષ્યમાન્ શ્રમણો ! કહેલા છે.

તે મનુષ્યોને કેટલાં કાળે આહારેચ્છા થાય છે ? હે ગૌતમ ! ચતુર્થભક્તે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! તે એકોરુક દ્વીપની સ્ત્રીઓનો આકાર-પ્રકાર-ભાવ કેવો કહ્યો છે ? તે સ્ત્રીઓ સુજાત સર્વાંગ સુંદરી છે, પ્રધાન મહિલા ગુણોથી યુક્ત, અત્યંત વિકસીત પદ્મકમળ માફક સુકોમળ અને કાચબા માફક ઉન્નત્ત ચરણવાળા છે, તેમના પગની આંગળીઓ સીધી, કોમળ, સ્થૂળ, નિરંતર, પુષ્ટ અને મળેલી છે તેમના નખ ઉન્નત્ત, રતિદેનારા, પાતળા, તામ્રવર્ણી, સ્વચ્છ અને સ્નિગ્ધ છે. તેમની પીંડીઓ રોમરહિત, ગોળ, સુંદર, સંસ્થિત, ઉત્કૃષ્ટ શુભ લક્ષણવાળી અને પ્રીતિકર હોય છે. તેમના ઘુંટણ સુગૂઢ, સુનિર્મિત, સુબદ્ધસંધિવાળા છે. તેમની જાંઘ કેળના સ્તંભથી અધિક સુંદર, વ્રણાદિ રહિત, સુકોમલ, મૃદુ, નીકટ, સમાન પ્રમાણવાળી, મળેલી, સુજાત, ગોળ, મોટી અને નિરંતર છે. તેમનો નિતંબ ભાગ અષ્ટાપદ દ્યુતના પટ્ટ આકારે, શુભ, વિસ્તીર્ણ અને મોટો છે, મુખ પ્રમાણથી બમણુ, વિશાળ, માંસલ અને સુબદ્ધ તેમનો જઘન પ્રદેશ છે, તેમનું પેટ વજ્ર માફક સુશોભિત, શુભ લક્ષણોવાળું અને પાતળું છે. તેમની કમર ત્રિવલીથી યુક્ત, પાતળી, લચીલી હોય છે. તેમની રોમરાજિ સરળ, સમ, મળેલી, જન્મજાત પાતળી, કાળી, સ્નિગ્ધ, શોભતી, સુંદર, સુવિભક્ત, સુજાત,





કાંત, શોભાયુક્ત, રુચિર અને રમણીય છે, તેમની નાભિ ગંગાના આવર્ત માફક દક્ષિણાવર્ત, તરંગ, ભંગુર, સૂર્યવિકાસી કમળ જેવી ગંભીર છે.

તેમની કુક્ષિ ઉગ્રતારહિત, પ્રશસ્ત અને સ્થૂળ છે, પડખાં કંઈક ઝુકેલ અને પ્રમાણોપેત, જન્મજાત સુંદર છે. પરિમિત માત્રાવાળા, સ્થૂળ અને આનંદદાયી છે. શરીર માંસલ હોવાથી તેમાં પીઠની હડ્ડી અને પાંસળી દેખાતી નથી. શરીર સુવર્ણ જેવી કાંતિવાળુ, નિર્મળ, જન્મજાત સુંદર, જ્વરાદિ ઉપદ્રવોથી રહિત છે. તેમના સ્તનો સુવર્ણકળશ સમાન પ્રમાણોપેત, બરાબર મળેલા, સુજાત અને સુંદર છે. સ્તનોની ડીંટડી સ્તનો ઉપર મુગટ જેવી લાગે છે, બંને સ્તનો ગોળ-ઉન્નત-રતિક સંસ્થિત છે. તેની બંને બાહુ સર્પની જેમ નીચેની તરફ અને પાતળી ગોપુચ્છવત્, પરસ્પર સમાન, પોત-પોતાની સંધીથી જોડાયેલી, નમ્ર, અતિ આદેય તથા સુંદર હોય છે. નખો તામ્રવર્ણી, પંજા માંસલ, આંગળીઓ પુષ્ટ કોમળ અને શ્રેષ્ઠ હોય છે. હાથની રેખાઓ સ્નિગ્ધ, હાથમાં સૂર્ય-ચંદ્ર-શંખ-ચક્ર-સ્વસ્તિકની અલગ-અલગ અને સુવિરચિત હોય છે, તેમની કાંખ અને બસ્તિ ભાગ પીન, ઉન્નત છે. તેમનું કપોલ ભર્યુ-ભર્યુ હોય છે.

તેમની ગરદન ચાર અંગુલ પ્રમાણ અને શ્રેષ્ઠ શંખ જેવી હોય છે. દાઢી માંસલ, સુંદર આકારની અને શુભ હોય છે. નીચેનો હોઠ દાડમના ફૂલ જેવો લાલ અને પ્રકાશમાન, પુષ્ટ અને કંઈક વળેલ હોય છે. ઉપરનો હોઠ સુંદર હોય છે. તેમના દાંત દહીં-જલકણ-ચંદ્ર-કુંદ-વાસંતીકલી સમાન સફેદ અને અક્ષત હોય છે. તેમનું તાલુ, જીભ લાલ કમળના પત્ર સમાન, મૃદુ અને કોમળ હોય છે. તેમના નાક કણેરની કળી સમાન સીધી, ઉન્નત્ત, ઋજુ અને તીક્ષ્ણ હોય છે. તેમના નેત્ર શરદઋતુના કમળ અને ચંદ્ર વિકાસી નીલકમળથી વિમુક્ત પત્ર દલ સમાન કંઈક શ્વેત, કંઈક લાલ અને કંઈક કાળા અને વચ્ચે કાળી કીકીથી અંકિત હોવાથી સુંદર લાગે છે. તેમના લોચન પક્ષ્મપુટયુક્ત, ચંચળ, કાન સુધી લાંબા અને કંઈક રક્ત હોય છે. તેમની ભ્રમર કંઈક નમેલ ધનુષ્વત્ વાંકી, સુંદર, કાળી અને મેઘરાજિ સમાન પ્રમાણોપેત, લાંબી, સુજાત, કાળી અને સ્નિગ્ધ હોય છે. તેમના કાન મસ્તકથી કંઈક જોડાયેલા અને પ્રમાણયુક્ત હોય છે. તેમની ગંડલેખા માંસલ, ચીકણી, રમણીય હોય છે. તેમનું લલાટ ચોરસ, પ્રશસ્ત અને સમતલ હોય છે, મુખ કાર્તિક પૂનમના ચંદ્ર માફક નિર્મળ અને પરિપૂર્ણ હોય છે. મસ્તક છત્ર સમાન ઉન્નત, વાળ ઘુંઘરાળા-સ્નિગ્ધ-લાંબા હોય છે.

તે સ્ત્રીઓ આ બત્રીશ લક્ષણધારી હોય છે – છત્ર, ધ્વજ, યુગ, સ્તૂપ, દામિની, કમંડલ, કળશ, વાપી, સ્વસ્તિક, પતાકા, યવ, મત્સ્ય, કુંભ, શ્રેષ્ઠરથ, મકર, શુકસ્થાલ, અંકુશ, અષ્ટાપદવીચિદ્યુત્ ફલક, સુપ્રતિષ્ઠક, મયૂર, શ્રીદામ, અભિષેક, તોરણ, મેદિનીપતિ, સમુદ્ર, ભવન, પ્રાસાદ, દર્પણ, મનોજ્ઞ હાથી,

બળદ, સિંહ અને ચમર.

તે એકોરુકદ્વીપની સ્ત્રીઓ હંસ સમાન ચાલવાળી, કોયલ સમાન સ્વરવાળી, કમનીય, બધાંને પ્રિય છે. તેમના શરીરમાં કડચલીઓ પડતી નથી, વાળ સફેદ થતા નથી. તેઓ વ્યંગ્ય, વર્ણવિકાર, વ્યાધિ, દૌર્ભાગ્ય, શોકથી મુક્ત હોય છે. તેઓ ઉંચાઈમાં પુરુષ અપેક્ષાએ કંઈક નીચી હોય છે. તેઓ સ્વાભાવિક શ્રૃંગાર અને શ્રેષ્ઠ વેશવાળી હોય છે. તેઓ સુંદર ચાલ, હાસ્ય, બોલ, ચેષ્ટા, વિલાસ, સંલાપમાં ચતુર, યોગ્ય ઉપચાર કુશળ હોય છે. તેમના સ્તન-જઘન-મુખ-હાથ-પગ-નેત્ર ઘણાં સુંદર હોય છે. તેઓ સુંદર વર્ણવાળી, લાવણ્યવાળી, યૌવનવાળી, વિલાસયુક્ત હોય છે. નંદનવનમાં વિચરણ કરનારી અપ્સરા માફક તેઓ આશ્ચર્યથી દર્શનીય છે. તે સ્ત્રીઓ પ્રાસાદીયાદિ છે.

ભગવન્ ! તે સ્ત્રીઓને કેટલા કાળના અંતરે આહાર-અભિલાષા થાય છે ? ગૌતમ ! ચતુર્થભક્ત પછી થાય છે.

ભગવન્ ! તે મનુષ્યો કેવો આહાર કરે છે ? તેઓ પૃથ્વી-પુષ્પ-ફળોનો આહાર કરે છે. ભગવન્ ! તે પૃથ્વીનો સ્વાદ કેવો છે ? જેમકે – ગોળ, ખાંડ, સાકર, મિશ્રી, કમલકંદ, પર્પટમોદક, પુષ્પ વિશેષની શર્કરા, કમલ વિશેષની શર્કરા, અકોશિતા, વિજયા, મહાવિજયા, આદર્શોપમા, અનોપમાના સ્વાદ જેવો તેનો સ્વાદ હોય છે અથવા ચતુઃસ્થાન પરિણત, ગોળ-ખાંડ-મિશ્રી યુક્ત ગાયનું દૂધ, જે મંદાગ્નિ ઉપર પકાવાયેલ તથા શુભ વર્ણાદિથી યુક્ત હોય, એવો ગોક્ષીર જેવો તે સ્વાદ હોય છે ? ના, આ અર્થ સંગત નથી. તે પૃથ્વીનો સ્વાદ તેનાથી ઈષ્ટતર યાવત્ મણામતર છે.

ભગવન્! ત્યાંના પુષ્પો અને ફળોનો સ્વાદ કેવો હોય છે? ગૌતમ! જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તીનું ભોજન, જે કલ્યાણ ભોજનના નામે પ્રસિદ્ધ છે, જે લાખ ગાયોથી નિષ્પન્ન થાય છે. જે શ્રેષ્ઠ વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી યુક્ત છે, આસ્વાદનીય છે. જે દીપનીય, બૃંહણીય, દર્પણીય, મદનીય, સમસ્ત ઈન્દ્રિય અને શરીરને આનંદદાયક હોય છે. શું તે પુષ્પાદિનો આવો સ્વાદ છે? ના, આ અર્થ સંગત નથી. તે પુષ્પ-ફળોનો સ્વાદ આનાથી અધિકતર યાવત્ કહેલો છે.

ભગવન્ ! તે મનુષ્યો તે આહારનો ઉપભોગ કરીને કેવા નિવાસોમાં રહે છે ? ગૌતમ ! તે મનુષ્યો ગેહાકાર પરિણત વૃક્ષોમાં રહે છે, તે વૃક્ષોના આકાર કેવો છે ? ગૌતમ ! તે કૂટાકાર-પ્રેક્ષાગૃહ-છત્રાકાર-ધ્વજ-સ્તૂપ-તોરણ-ગોપુરચૈત્ય પાલક-અટ્ટાલક-પ્રાસાદ-હર્મ્યતલ-ગવાક્ષ-વાલાગ્રહપોત્તિય અને વલભી આકારે રહેલા છે. બીજા પણ ત્યાં ઘણાં ઉત્તમ ભવન, શયન, આસન, વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત સુખશીલ છાયાવાળા વૃક્ષગણો હે આયુષ્યમાન્ શ્રમણ ! ત્યાં કહેલા છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં ઘર અને માર્ગ છે ? ના, તે અર્થ સંગત નથી. તે મનુષ્યો ગૃહાકાર બનેલ વૃક્ષમાં રહે છે. ભગવન્ ! એકોરૂકદ્વીપમાં ગામ, નગર યાવત્ સન્નિવેશ છે ? ના, તે અર્થસંગત નથી. તે મનુષ્યો ઈચ્છાનુસાર ગમન કરનારા કહ્યા છે. ભગવન્ ! એકોરુકદ્વીપમાં અસિ-મસિ-કૃષિ-પણ્ય અને વાણિજ્યાદિ છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો અસિ, મિસ, કૃષિ, પણ્ય, વાણિજ્યાદિ રહિત કહેલા છે.



ભગવન્ ! એકોરુકદ્વીપમાં હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, વસ્ત્ર, મણી, મોતી, વિપુલ ધન-કનક-રત્ન-મણિ-મોતી-શંખ-શિલ-પ્રવાલ-સંતસાર દ્રવ્ય છે ? હા, છે. પણ તે મનુષ્યોને તેમાં તીવ્ર મમત્વભાવ ઉપજતો નથી.

ભગવન્ ! એકોરૂકદ્વીપમાં યુવરાજ, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહાદિ છે ? ના, તે અર્થસંગત નથી. તે મનુષ્ય ઋદ્ધિ સત્કાર રહિત છે.

ભગવન્ ! એકોરૂકદ્વીપમાં દાસ, પ્રેષ્ય, શિષ્ય, ભૃતક, ભાગીયા, કર્મકર પુરુષો છે ? ના, તે અર્થ સંગત નથી. તે મનુષ્યો આભિયોગ્યાદિ વ્યવહાર રહિત કહેલા છે.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં માતા, પિતા, ભાઈ, બહેન, ભાર્યા, પુત્ર, પુત્રી, પૂત્રવધૂ છે શું ? હા, છે. પરંતુ તે મનુષ્યોને તીવ્ર પ્રેમબંધન હોતું નથી. તેઓ અલ્પ પ્રેમબંધનવાળા કહ્યા છે.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં અરિ, વૈરી, ઘાતક, વધક, પ્રત્યનીક, પ્રત્યમિત્ર છે શું ? ના, તે અર્થ સંગત નથી. તે મનુષ્યો વૈરાનુબંધ રહિત કહેલા છે.... ભગવન્ ! એકોરૂક દ્વીપમાં મિત્ર, વ્યસ્ક, પ્રેમી, સખા, સુહૃદ, મહાભાગ, સંગતિક છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યગણ પ્રેમરહિત હોય છે.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં આબાહ, વિવાહ, યજ્ઞ, શ્રદ્ધા, સ્થાલિપાક, ચોલોપનયન, સીમંતોન્નયન, પિતૃ પિંડદાનાદિ સંસ્કાર છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો આબાધા, વિવાહ, યજ્ઞ, શ્રાદ્ધ, ભોજ, ચોલોપનયન, પિતૃપિંડદાનાદિ વ્યવહાર રહિત છે.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં ઈન્દ્ર-સ્કંદ-રુદ્ર-શિવ-વૈશ્રમણ-મુકુંદ-નાગ-યક્ષ-ભૂત-કૂપ-તળાવ-નદી-દ્રહ-પર્વત વૃક્ષારોપણ-ચૈત્ય કે સ્તૂપ મહોત્સવ છે ? ના, તે અર્થ સંગત નથી. હે શ્રમણો ! તે મનુષ્યગણ મહોત્સવાદિ રહિત છે.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં નટ-નાટ્ય-મલ્લ-મૌષ્ટિક-વિડંબક-કથક-પ્લવક-અક્ષાટક-લાસક-લંખ-મંખ-તૂણઈલ્લ-તુંબવીણ-કાયણ-માગધ-જલ્લપ્રેક્ષક છે. ના તે અર્થ સંગત નથી. હે શ્રમણો ! તે મનુષ્યો વ્યપગત કુતૂહલવાળા છે.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લી, થિલ્લી, પિપિલ્લી, પ્રવહણ, શિબિકા, સ્વયંદમાનિકા છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો પગે ચાલનારા કહેલા છે.

*ભગવન્ ! એકોરુકદ્વીપમાં અશ્વ, હાથી, ઉંટ, બળદ, પાડા, ખર, ઘોડા, બકરા, ઘેંટા છે ? હા, છે. પણ તે મનુષ્યોના પરિભોગપણે આવતા નથી.... ભગવન્ ! એકોરુકદ્વીપમાં સીંહ, વાઘ, વૃક, દ્વીપિકા, અચ્છ, પરચ્છ, પરાશર, તરચ્છ, બિડાલ, શુનક, કોલશુનક, કોકંતિક, શશક, ચિત્તલ, ચિલ્લલગ છે. હા, છે. પરંતુ તે પરસ્પર કે તે મનુષ્યોને કંઈ આબાધા, પ્રબાધા ઉત્પન્ન કરતા નથી કે છવિચ્છેદ કરતા નથી. તે શ્વાપદગણ પ્રકૃતિભદ્રક છે.*

*ભગવન્ ! એકોરુકદ્વીપમાં શાલી, વ્રીહી, ગોધૂમ, યવ, તિલ કે ઈક્ષુ છે. હા, છે. તે મનુષ્યના પરિભોગમાં ન આવે. ભગવન્ ! એકોરુકદ્વીપમાં ગર્તા, દરી, ઘંસ, ભૃગુ, ઉપાત, વિષમ, વિજ્જલ, ધૂળ, રેણુ, પંક કે ચલણી છે ? ના, તે અર્થ સંગત નથી. એકોરુકદ્વીપમાં બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે.*

*ભગવન્ ! એકોરુકદ્વીપમાં સ્થાણુ, કંટક, હીરક, શર્કરા, તૃણ કચરો, પત્ર કચરો, અશુચિ, પૂતિ, દુરભિગંધ, અચોક્ષ છે. ના, તે અર્થ સમર્થ નથી. સ્થાણુ, કંટક, હીરકાદિથી રહિત આ દ્વીપ છે.*

*ભગવન્ ! એકોરુક દ્વીપમાં ડાંસ, મશક, પિસુક, જૂ, લીખ, ઢંકુણ છે ? ના, તે અર્થ સમર્થ નથી. ડાંસ, મશકાદિ રહિત દ્વીપ છે.*

*ભગવન્ ! એકોરુકદ્વીપમાં સર્પ, અજગર, મહોરગ છે ? હા, છે. પણ તેઓ પરસ્પર કે તે મનુષ્યોને કંઈ આબાધા, પ્રબાધા, છવિચ્છેદ કરતાં નથી. તે વ્યાલ ગણ પ્રકૃતિભદ્રક કહેલ છે.*

*ભગવન્ ! એકોરુક દ્વીપમાં ગ્રહદંડ, ગ્રહમુસલ, ગ્રહ ગર્જિત, ગ્રહયુદ્ધ, ગ્રહસંઘાટક, ગ્રહાપસવ, અભ્ર, અભ્રવૃક્ષ, સંધ્યા, ગંધર્વનગર, ગર્જિત, વિદ્યુત્, ઉલ્કાપાત, દિશાદાહ, નિર્ઘાત, પાંસુ વૃષ્ટિ, યૂપક, યક્ષાલિપ્ત, ધૂમિત, મહિત, રજોદ્ઘાત, ચંદ્રોપરાગ સૂર્યોપરાગ, ચંદ્ર પરિવેશ, સૂર્ય પરિવેશ, પ્રતિચંદ્ર પ્રતિસૂર્ય, ઈન્દ્રધનુષ્, ઉદક મત્સ્ય, અમોઘ, કપિહસિત, પૂર્વ વાયુ-પશ્ચિમ વાયુ યાવત્ શુદ્ધ વાયુ, ગામ-નગર યાવત્ સન્નિવેશ દાહ, પ્રાણ-જન-કુળ કે ધનક્ષય, વસનભૂત અનાર્યાદિ ત્યાં છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્! એકોરુકદ્વીપમાં ડિંબ, ડમર, કલહ, બોલ, ખાર, વૈર, વિરુદ્ધરાજ્યાદિ છે શું? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યગણ ડિંબ, ડમરાદિથી રહિત છે.*

*ભગવન્ ! એકોરુકદ્વીપમાં મહાયુદ્ધ, મહાસંગ્રામ, મહા શસ્ત્રનિપાત, મહાપુરુષોના બાણ, મહારુધિર બાણ, નાગ બાણ, આકાશ બાણ, તામસ બાણ, દુર્ભૂતિક, કુળ રોગ, ગ્રામ-નગર-મંડલ રોગ, શિર-અચ્છિ-કર્ણ-નાક-દાંત-નાંખની વેદના, કાશ-શ્વાસ, જરા-દાહ-કચ્છુ-દાદર-કોઢ-ડમરુવાત-જલોદર-અર્શ-અજીર્ણ-ભગંદર કે ઈન્દ્ર-સ્કંદ-કુમાર-નાગ-યક્ષ-ભૂત-ઉદ્વેગ-ધનુષ્-ગ્રહ હોય, કે એક-બે-ત્રણ-ચાર અંતરીયો તાવ, હૃદય-મસ્તક-પાર્શ્વ-કુક્ષી-યોનિ શૂળ કે ગામ મારી યાવત્ સન્નિવેશ મારી, કે પ્રાણક્ષય યાવત્ વસનભૂત અનાર્યતા છે ? ના, તે અર્થ*



*સમર્થ નથી. તે મનુષ્યગણ રોગાતંકાદિથી રહિત છે.*

*ભગવન્ ! એકોરુકદ્વીપમાં અતિ વર્ષા, મંદ વર્ષા, સુવૃષ્ટિ, મંદવૃષ્ટિ, ઉદ્વાહ, પ્રવાહ, ઉદકભેદ, ઉદકપીડા, ગામવાહ યાવત્ સંનિવેશવાહ, પ્રાણક્ષય યાવત્ દુઃખરૂપાદિ ઉપદ્રવ છે શું ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યગણ ઉદક ઉપદ્રવાદિ રહિત કહેલા છે. - - - ભગવન્ ! એકોરુક દ્વીપમાં લોઢા-તાંબા-શીશા-સુવર્ણ-રત્ન-વજની ખાણો કે વસુધારા કે હિરણ્ય-સુવર્મ-રત્ન-વજ-આભરણ-પત્ર-પુષ્પ-ફળ-બીજ-માલ્ય-ગંધ-વર્ણ-ચૂર્ણની વર્ષા કે ક્ષીર-રત્ન-હિરણ્ય-સુવર્ણાદિ યાવત્ ચૂર્ણ વૃષ્ટિ, સુકાળ-દુષ્કાળ, સુભિક્ષ-દુર્ભિક્ષ, અલ્પાર્ઘ-મહાર્ઘ, ક્રય-વિક્રય, સંનિધિ-સંચય, નિધિ-નિધાન, ઘણી જૂની, પ્રહીણ સ્વામી, પ્રહીણ સેચનક, પ્રહીણ ગોત્રાગાર એવા જે આ ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશમાં શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથોમાં તથા નગર-નિદ્ધમણ, શ્મશાન, ગિરિકંદર, સંતિશૈલ, ઉપસ્થાન, ભવનગૃહોમાં રાખેલ ધન હોય છે શું ? ના, તે અર્થ સંગત નથી.*

*ભગવન્ ! એકોરુકદ્વીપમાં મનુષ્યોની કેટલી કાળ-સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ અને અસંખ્યાતભાગ ન્યૂન. ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ. ભગવન્ ! તે મનુષ્યો કાળ માસે કાળ કરી ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? ગૌતમ ! તે મનુષ્યો છ માસ આયુ શેષ રહેતા એક મિથુનને જન્મ આપે છે, ૭૯ રાતદિવસ તેમનું સંરક્ષણ, સંગોપન કરે છે, પછી ઉચ્છ્વાસ કે નિઃશ્વાસ લેતા અથવા ખાંસીને, છીંકીને, કોઈ કષ્ટ-દુઃખ-પરિતાપ વિના સુખપૂર્વક, મૃત્યુના અવસરે મરીને કોઈ પણ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યગણ દેવલોકમાં જનારા જ છે.*

*ભગવન્ ! દક્ષિણ દિશાના આભાષિક મનુષ્યોનો આભાષિક દ્વીપ ક્યા છે ? ગૌતમ ! જંબૂદ્વીપના લઘુહિમવંતના વર્ષધરપર્વતના અગ્નિકોણ ચરમાંતથી લવણ સમુદ્રમાં ત્રણ યોજન શેષ કથન બધું એકોરુકદ્વીપ મુજબ કરવું.*

*ભગવન્! દાક્ષિણાત્ય લાંગૂલિક મનુષ્યોનો દ્વીપ ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપના મેરુ પર્વતના દક્ષિણમાં લઘુ હિમવંત વર્ષધર પર્વતના ઈશાન ચરમાંતથી લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન ગયા પછી લાંગૂલિક દ્વીપ છે. શેષ કથન એકોરૂક દ્વીપવત્ છે.*

*ભગવન્ ! દાક્ષિણાત્ય વૈષાણિક મનુષ્યોની પૃચ્છા. ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે લઘુ હિમવંત વર્ષધર પર્વતના નૈઋત્ય ખૂણાના ચરમાંતથી લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન૦ શેષ કથન એકોરુકદ્વીપ મુજબ કરવું.*

**● વિવેચન-૧૪૫ :-**

એકોરુકદ્વીપના ભૂમિ આદિ સ્વરૂપ કેવા છે ? ત્યાં ઘણો જ સમ, રમ્ય ભૂમિભાગ છે. જેમ કોઈ આલિંગપુષ્કર૦ અહીં ઉત્તરકુરુનો આલાવો અનુસરવો.

વિશેષ આ - મનુષ્યો ૮૦૦ ધનુષ્, ઉંચા કહેવા, ૬૪-પીઠ કરંડક, ૭૯ અહોરાત્ર પોતાના સંતાનને પાળે, સ્થિતિ-જઘન્યથી દેશોન પલ્યોપમનો અસંખ્યેય ભાગ, ઉત્કૃષ્ટ, પરિપૂર્ણ પલ્યોપમનો અસંખ્યાતભાગ - x - આભાષિક દ્વીપ ક્યાં છે ? મેરુ પર્વતની દક્ષિણે૰ ઈત્યાદિ - x - x - સૂત્રાર્થ મુજબ જાણવું.

દાક્ષિણાત્ય નાંગોલિક દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે૰ ઈત્યાદિ - x - x - સૂત્રાર્થ મુજબ છે.

વૈશાલિક દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતના દક્ષિણ દિશામાં૰ ઈત્યાદિ - x - x - સૂત્રાર્થ મુજબ છે.

**● સૂત્ર-૧૪૬ થી ૧૫૧ :-**

*[૧૪૬] ભગવન્ ! દાક્ષિણાત્ય હયકર્ણ મનુષ્યોનો હયકર્ણ નામક દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! એકોરુક દ્વીપના ઈશાન ચરમાંતથી લવણસમુદ્રમાં ૪૦૦ યોજન ગયા પછી દાક્ષિણાત્ય હયકર્ણ મનુષ્યોનો હયકર્ણ નામે દ્વીપ કહ્યો છે. ૪૦૦ યોજન લંબાઈ-પહોળાઈથી, ૧૨૬૫ યોજનથી અધિક તેની પરિધિ છે. તે એક પદ્મવરવેદિકાથી મંડિત છે. તે પદ્મવરવેદિકાથી મંડિત છે. શેષ સર્વ કથન એકોરુકદ્વીપ અનુસાર કરવું.*

*ભગવન્ ! દાક્ષિણાત્ય ગજકર્ણ મનુષ્યોના દ્વીપનો પ્રશ્ન - ગૌતમ ! આભાષિક દ્વીપની દક્ષિણ-પશ્ચિમ ચરમાંતથી લવણ સમુદ્રમાં ૪૦૦ યોજન જતાં૰ શેષ બધું હયકર્ણ મુજબ કહેવું. એ પ્રમાણે ગોકર્ણ મનુષ્યની પૃચ્છા. વૈશાલિક દ્વીપના દક્ષિણ-પશ્ચિમ ચરમાંતથી લવણ સમુદ્રમાં ૪૦૦ યોજન જતાં. બાકી હયકર્ણવત્ જાણવું. શષ્કુલિકર્ણની પૃચ્છા. ગૌતમ ! નંગોલિક દ્વીપના ઉત્તરપશ્ચિમ ચરમાંતથી લવણસમુદ્રમાં ૪૦૦ યોજન જઈને૰*

*આદર્શમુખની પૃચ્છા. હયકર્ણ દ્વીપના ઉત્તર-પૂર્વી ચરમાંતથી ૫૦૦ યોજન જઈને દાક્ષિણાત્ય આદર્શમુખ મનુષ્યોનો આદર્શમુખ નામક દ્વીપ છે. ૫૦૦ યોજન લંબાઈ-પહોળાઈથી છે. અશ્વમુખાદિ ચાર દ્વીપ ૬૦૦ યોજન આગળ જવાથી, અશ્વકર્ણાદિ ચાર દ્વીપ ૭૦૦ યોજન જવાથી, ઉલ્કામુખાદિ ચાર દ્વીપ ૮૦૦ યોજન જવાથી, ઘનદંતાદિ ચાર દ્વીપ ૯૦૦ યોજન જવાથી ત્યાં આવે છે.*

*[૧૪૭] એકોરુક દ્વીપાદિની પરિધિ ૯૪૯ યોજનથી કંઈક અધિક, હયકર્ણાદિની પરિધિ ૧૨૬૫ યોજનથી અધિક છે.*

*[૧૪૮] આદર્શમુખાદિની પરિધિ સાધિક ૧૫૮૧ યોજન છે. એ રીતે આ ક્રમથી ચાર-ચાર દ્વીપ એક સમાન પ્રમાણવાળા છે. અવગાહના, વિષ્કંભ, પરિધિમાં ભેદ જાણવો. પહેલા-બીજા-ત્રીજા ચતુષ્કનું અવગાહન, વિષ્કંભ અને પરિધિનું કથન કરેલ છે. ચોથા ચતુષ્કમાં ૬૦૦ યોજનનો આયામ-વિષ્કંભ, ૧૮૯૭ યોજનથી કંઈક અધિક પરિધિ છે. પાંચમાં ચતુષ્કમાં ૭૦૦ યોજન આયામ વિષ્કંભ અને ૨૨૧૩ યોજનથી અધિકની પરિધિ છે. છટ્ઠા ચતુષ્કમાં ૮૦૦ યોજન આયામ-*



*વિષ્કંભ અને ૨૫૨૯ યોજનથી અધિકની પરિધિ છે. સાતમાં ચતુષ્કમાં ૯૦૦ યોજન આયામ-વિષ્કંભ, ૨૮૪૫ યોજનથી કંઈક અધિકની પરિધિ છે.*

*[૧૪૯] જેનો જે વિષ્કંભ છે, તે તેની અવગાહના છે. પ્રથમથી બીજાની અધિક-૩૧૬ યોજન, બાકી એ રીતે અધિક જાણવી.*

*[૧૫૦] આયુષ્યમાન્ શ્રમણ ! શેષ વર્ણન એકોરુકદ્વીપ માફક શુદ્ધદંત દ્વીપ પર્યન્ત સમજવું યાવત્ તે મનુષ્યો, દેવલોકમાં ઉત્પન્ન થાય છે. - - - ભગવન્ ! ઉત્તરીય એકોરુક મનુષ્યોનો એકોરુક નામક દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરમાં શિખરી વર્ષધર પર્વતના ઉત્તર-પૂર્વી ચરમાંતથી લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન જઈને, એ પ્રમાણે જેમ દક્ષિણમાં કહ્યું તેમ ઉત્તરમાં પણ કહેવું. વિશેષ એ કે અહીં શિખરી વર્ષધરની વિદિશામાં સ્થિત છે, એમ કહેવું. એ રીતે શુદ્ધદંતદ્વીપ સુધી કહેવું.*

*[૧૫૧] તે અકર્મભૂમક શું છે ? ત્રીશ ભેદે કહ્યા છે. તે આ - પાંચ હૈમવતમાં ઈત્યાદિ, જેમ "પ્રજ્ઞાપના પદ"માં છે, તેમ કહેવું યાવત્ પાંચ ઉત્તરકુરુ. આ અકર્મભૂમિકો કહ્યા.*

*તે કર્મભૂમિક શું છે? તે ૧૫-ભેદે છે, તે આ — પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ. તે સંક્ષેપથી બે ભેદે છે — આર્ય અને મ્લેચ્છ. એ રીતે "પ્રજ્ઞાપનાપદ" મુજબ કહેવું. યાવત્ તે આર્યો કહ્યા. તે આ ગર્ભજ, તે આ મનુષ્યો કહ્યા.*

**● વિવેચન-૧૪૬ થી ૧૫૧ :-**

ભગવન્ ! હયકર્ણદ્વીપ ક્યાં છે ? ગૌતમ ! એકોરુક દ્વીપના પૂર્વ ચરમાંતથી ઉત્તરપૂર્વ દિશામાં૰ ઈત્યાદિ - x - સૂત્રાર્થ મુજબ જાણવું. એ રીતે આભાષિક દ્વીપના પૂર્વ ચરમાંતથી દક્ષિણ-પૂર્વ દિશામાં - x - x - યાવત્ ગજકર્ણદ્વીપ છે. આ રીતે ગોકર્ણદ્વીપ - x - વૈશાલિકદ્વીપ - x - શષ્કુલીકર્ણ દ્વીપાદિ સૂત્રાર્થવત્ કહેવા.

આ આલાવા મુજબ [પહેલા અને બીજા ચતુષ્ક મુજબ] હયકર્ણાદિ ચાર દ્વીપ પછી યથાક્રમે પૂર્વોત્તરાદિ વિદિશામાં લવણસમુદ્રમાં ૫૦૦ યોજન ગયા પછી ૧૫૮૧ યોજન પરિધિયુક્ત, પદ્મવર વેદિકા અને વનખંડ મંડિત બાહ્ય પ્રદેશયુક્ત, જંબૂદ્વીપની વેદિકાના અંતથી ૫૦૦ યોજન પ્રમાણાંતરે આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ, ગોમુખ નામના ચાર દ્વીપો છે. - x -

આ આદર્શમુખાદિ ચાર દ્વીપ પછી યથાક્રમે પૂર્વોત્તર આદિ વિદિશામાં લવણસમુદ્રમાં ૬૦૦-૬૦૦ યોજન ગયા પછી સાધિક ૧૮૯૭ યોજનની પરિધિયુક્ત, વેદિકાદિથી પરિવૃત્ત, જંબૂદ્વીપ વેદિકાંતથી ૬૦૦ યોજન પ્રમાણાંતરે અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ નામક ચાર દ્વીપો કહેવા. આ ચાર દ્વીપ પછી યથાક્રમે પૂર્વોત્તરાદિ વિદિશામાં ૭૦૦-૭૦૦ યોજન લવણ સમુદ્રમાં ગયા પછી ૨૨૧૩ યોજનથી અધિક પરિધિ અને ૭૦૦ યોજન વિષ્કંભવાળા ઈત્યાદિ - x - x - અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ, કર્ણ પ્રાવરણ નામના ચાર દ્વીપો જાણવા. - x - x -

આ અશ્વકર્ણાદિ ચાર દ્વીપોથી આગળ યથાક્રમે પૂર્વોત્તરાદિ વિદિશામાં ૮૦૦-૮૦૦ યોજન પ્રત્યેકના લવણ સમુદ્રમાં જઈને ૮૦૦ યોજન વિષ્કંભ, સાધિક ૨૫૨૯ યોજન પરિધિ યુક્ત, વેદિકા અને વનખંડથી પરિવરેલ અને જંબૂદ્વીપ વેદિકાંતથી ૮૦૦ યોજન પ્રમાણાંતરથી ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ, વિદ્યુદંત નામના ચાર દ્વીપો કહ્યા છે. એ રીતે આગળ - x - ૯૦૦ યોજન જતાં ૯૦૦ યોજન વિષ્કંભથી અને ૨૮૪૫ યોજન પરિધિથી જંબૂદ્વીપ વેદિકાંતથી ૯૦૦ યોજન પ્રમાણાંતરથી ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત નામે ચાર દ્વીપો ઉલ્કામુખાદિથી અનુક્રમે છે.

આ દ્વીપોનો અવગાહ, વિષ્કંભ, પરિધિના પરિમાણનો સંગ્રહ કરનારી છ ગાથા કહી છે — (૧) પહેલા ચતુષ્કમાં અવગાહ, વિષ્કંભાદિ ૩૦૦ યોજન છે, પછી ૧૦૦-૧૦૦ વધતાં ૯૦૦ સુધી જાણવું. (૨) પહેલા ચતુષ્કની પરિધિથી ૩૧૬ યોજન પરિધિ બીજાની અધિક છે, બીજા ચતુષ્કથી આ જ ક્રમે આગળ-આગળ ૩૧૬ યોજન કહેવા.

એકોરુકાદિ ચતુષ્કનો પરિક્ષેપ ૯૪૯ યોજન, હયકર્ણ ચતુષ્કનો ૧૨૬૫ યોજન, આ ક્રમે ૩૧૬-૩૧૬ વધારતા સાતમા ચતુષ્ક ઉલ્કામુખાદિની પરિધિ-૨૮૪૫ યોજન છે. ‘સાધિક’ શબ્દ બધે જ જોડવો. આની વ્યાખ્યા કહે છે — અવગાહના - અવગાહ અને વિષ્કંભ, વિષ્કંભના ગ્રહણથી આયામ પણ ગ્રહણ કરવો. કેમકે બંને તુલ્ય પરિણામપણે છે. - x - x - પહેલા ચતુષ્કમાં ૩૦૦ યોજન છે, પછી ૧૦૦-૧૦૦ યોજન, બીજા ચતુષ્કથી વધારતા જતાં સાતમા ચતુષ્કમાં ૯૦૦ યોજન થયા.

પહેલા દ્વીપ ચતુષ્કની પરિધિના પરિમાણથી બીજા દ્વીપ ચતુષ્કની પરિધિનું પરિમાણ ૩૧૬ યોજન અધિક છે. આ પ્રકારે બાકીના દ્વીપચતુષ્કોની પરિધિનું પરિમાણ પૂર્વ-પૂર્વના ચતુષ્ક કરતાં આટલું અધિક-અધિક જાણવું. - x - x - x - આ પ્રમાણે પૂર્વે જણાવ્યા મુજબ - x - પહેલા ચતુષ્ક એકોરુકાદિમાં પરિધિ સાધિક ૯૪૯ યોજન અને ઉલ્કામુખાદિ સાતમાં ચતુષ્કમાં [અનુક્રમે ૩૧૬-૩૧૬] ૨૮૪૫ યોજન થશે. અહીં વિસેસમહિઓ શબ્દથી બધામાં કંઈક વિશેષાધિક એમ ‘પરિધિ’ સાથે જોડવું.

આ પ્રમાણે હિમવત્ પર્વતમાં ચારે દિશામાં રહેલ સર્વ સંખ્યાથી અઠ્ઠાવીશ દ્વીપો છે. એ રીતે હિમવત્ તુલ્ય વર્ણ પ્રમાણ, પદ્મદ્રહ પ્રમાણ આયામ-વિષ્કંભ અવગાહ પુંડરીક દ્રહ ઉપશોભિત શિખરિણી પર્વતે પણ - x - યથોક્ત પ્રમાણ ચારે વિદિશામાં એકોરુકાદિ નામે - x - ૨૮ દ્વીપો જાણવા. - x - x - બધું દક્ષિણવત્ જાણવું. માત્ર શબ્દ ઉત્તર કહેવો. આ રીતે અંતર દ્વીપની સર્વ સંખ્યા-૫૬-થઈ. આ અંતર્દ્વીપો કહ્યા.

આ રીતે અકર્મભૂમક અને કર્મભૂમક મનુષ્યોની સૂચના સૂત્રકારે આપી, પ્રજ્ઞાપના સૂત્રાનુસાર જાણવું તેમ કહ્યું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૩-મનુષ્યાધિકારનો સટીકાનુવાદ પૂર્ણ**



## ❀ પ્રતિપત્તિ-૩-“દેવાધિકાર” ❀

— x — x — x — x —

આ પ્રમાણે મનુષ્યો કહ્યા, હવે દેવોને કહે છે —

● **સૂત્ર-૧૫૨ થી ૧૫૫ :-**

***[૧૫૨] તે દેવો કોણ છે? ચાર ભેદે છે, તે આ — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.***

***[૧૫૩] તે ભવનવાસી શું છે? દશ ભેદે કહેલા છે — અસુરકુમારાદિ, જેમ પ્રજ્ઞાપનાપદમાં દેવોના ભેદો કહ્યા છે, તેમ કહેવા યાવત્ અનુત્તરોપપાતિકો પાંચ ભેદે કહ્યા છે — વિજય, વૈજયંત, યાવત્ સર્વાર્થસિદ્ધક. આ અનુત્તરોપપાતિ કહ્યા.***

***[૧૫૪] ભગવન્! તે ભવનવાસી દેવોના ભવનો ક્યાં કહ્યા છે? ભગવન્! ભવનવાસી દેવો ક્યાં વસે છે? ગૌતમ! આ ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યવાળી રત્નપ્રભા પૃથ્વીમાં ઈત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રાનુસાર યાવત્ ભવનાવાસ કહેવું. ત્યાં ભવનવાસી દેવોના ૭,૭૨,૦૦,૦૦૦ ભવનાવાસો કહેલા છે. ત્યાં ઘણાં ભવનવાસી દેવો વસે છે — અસુર, નાગ, સુવર્ણાદિ પ્રજ્ઞાપના મુજબ કહે છે.***

***[૧૫૫] ભગવન્! અસુરકુમાર દેવોના ભવનો ક્યાં કહ્યા છે? એ પ્રમાણે પ્રજ્ઞાપનાના “સ્થાનપદ”માં કહ્યા મુજબ જાણવું યાવત્ વિચરે છે. ભગવન્! દક્ષિણના અસુરકુમાર દેવોના ભવનોની પૃચ્છા. સ્થાનપદ મુજબ ‘ચમર’ સુધી કહેવું. ત્યાં અસુરકુમારરાજ અસુરકુમારેન્દ્ર વસે છે યાવત્ વિચરે છે.***

● **વિવેચન-૧૫૨ થી ૧૫૫ :-**

તે દેવો ચાર ભેદે કહ્યા — ભવનવાસી આદિ. આ શબ્દોની વ્યુત્પત્તિ પ્રજ્ઞાપના ટીકાનુસાર જાણવી. તે ભવનવાસી દશ ભેદે કહ્યા છે — આ પ્રમાણે દેવોના પ્રજ્ઞાપના સૂત્રના પ્રજ્ઞાપનાપદ માફક સર્વાર્થસિદ્ધના દેવો સુધી ભેદો કહેવા. હવે ભવનવાસી દેવોના ભવન-વસન પ્રતિપાદનાર્થે કહે છે — ભવનવાસીના ભવનો ક્યાં છે? ભવનવાસી દેવો ક્યાં વસે છે? ભગવન્ કહે છે —

ગૌતમ! આ પ્રત્યક્ષ ઉપલભ્યમાન રત્નપ્રભાપૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્ય જેનું છે તે. તેના ઉપર અને નીચેના એક-એક યોજન વર્જીને મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં ભવનવાસી દેવોના ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો છે, તેમ મેં અને બીજા બધાં તીર્થંકરોએ પણ કહેલ છે. તેમાં અસુરકુમારના ૬૪ લાખ, નાગકુમારના ૮૪-લાખ, સુપર્ણકુમારના-૭૨ લાખ, વિદ્યુત્-અગ્નિ-દ્વીપ-ઉદધિ-દિક્-સ્તનિત એ બધાં કુમારોના ૭૬-૭૬ લાખ, વાયુકુમારોના-૯૬ લાખ ભવનો છે. એ રીતે સર્વ સંખ્યા થશે.

તે ભવનો બહારથી ગોળ, અંદરથી સમચતુરસ્ર, અધસ્તલ ભાગમાં પુષ્કરકર્ણિકા સંસ્થાન સંસ્થિત છે. ઉક્ત પ્રકારે ભવનવર્ણન કહેવું — જેમ પ્રજ્ઞાપનાના બીજા સ્થાન પદમાં કહ્યું છે. તે આ રીતે — તે ભવનોની ચારે તરફ ઉંડી અને વિસ્તીર્ણ ખાઈ અને પરિખા ખોદેલી છે. પ્રાકાર-અટ્ટાલક-કમાડ-તોરણ-પ્રતિદ્વાર-દેશભાગ વડે શોભે છે,

ત્યાં વિવિધ યંત્ર, શતઘ્ની, મુસલ, મુસંઢી આદિ છે. - x - x - x - ઈત્યાદિ સૂત્ર પાઠ વૃત્તિકારે નોંધ્યો છે, તેની વ્યાખ્યા —

उत्कीर्ण - અતિ વ્યક્ત. જે ખાઈ-પરીખાનું અંતર અતિ વ્યક્ત છે તે उत्कीर्णान्तरा. - x - x - विपुल - વિસ્તીર્ણ, गंभीर - જે ખાઈ, પરિખાનો મધ્ય ભાગ પ્રાપ્ત નથી તે - x - x - परिखा - ઉપર વિશાળ અને નીચે સંકુચિત. खाइ - બંને તરફ સમ. - x - x - अट्टालक - પ્રાકારની ઉપર ભૃત્યાશ્રય વિશેષ, कपाट - પ્રતોલી દ્વાર - x - તોરણ, પ્રતિદ્વાર-મૂળદ્વારની અંદરના નાના દ્વાર.

जंत - યંત્ર, शतघ्नि - મોટી લાકડી કે મહાશિલા પાડે તો સો પુરુષોને હણે છે. मुषंढी - શસ્ત્ર વિશેષ, પરિવરિત-ચોતરફથી વેષ્ટિત, अयोध्य - બીજા વડે લડવું અશક્ય, અયોધ્યત્વથી કહે છે — सदा - સર્વકાળ જય જેમાં છે, તે સદાજય-સર્વકાળ જયવાળા તથા સર્વકાળ ગુપ્ત પ્રહરણ અને પુરુષ યોદ્ધા વડે, ચોતરફ નિરંતર પરિવરિત હોવાથી બીજા વડે સહન ન થતાં થોડાં પણ પ્રવેશનો અસંભવ છે. અડતાલીશ કોઠા વડે રચિત, ૪૮-વનમાળામાં સુસજ્જિત, ક્ષેમમય, શિવમય, કિંકર દેવોના દંડોથી ઉપરક્ષિત છે. તે ભૂમિ છાણાદિના ઉપલેપનથી લેપિત છે. ભીંત અને માળા ચૂના વડે સંમાર્જિત છે. महित - પૂજિત, ગોશીર્ષ અને સરસરક્ત ચંદનથી થાપા લગાવેલ છે.

જેમાં મંગલકળશો રખાયેલા છે તેવા ભવનો છે. તે ચંદનકળશો વડે શોભે છે એવા તોરણો છે, જે દ્વારના દેશભાગે રહેલા છે. તે ભવનો ઉપરથી નીચે સુધી લટકતી એવી લાંબી, વિપુલ અને ગોળાકાર પુષ્પ-માળાઓથી યુક્ત છે. તથા પંચવર્ણી-સુગંધોને છોડતા, પુષ્પપુંજ લક્ષણ પૂજા વડે યુક્ત, કાલાગરુ-પ્રધાન-કુંદુરુષ્ક-તુરુષ્કના ધૂપની જે મઘમઘતી ગંધ, અહીં-તહીં ફેલાય છે, તેના વડે રમણીય, તથા જેની શોભન ગંધ છે તે અને ઉત્તમ ગંધ છે, તેના વડે યુક્ત. તેથી જ ગંધવર્તીભૂત, સૌરભ્ય અતિશયથી ગંધદ્રવ્યગુટિકા સમાન છે.

[વળી તે ભવનો] અપ્સરાઓના સમુદાય વડે રમણીયપણે વ્યાપ્ત, તથા દિવ્ય વેણુ-વીણા-મૃદંગોના શબ્દો વડે સમ્યક્ શ્રોત્ર મનોહારિપણે પ્રકર્ષથી સર્વકાળ શબ્દ કરે છે. સમસ્ત રત્નમય, આકાશ અને સ્ફટિકવત્ સ્વચ્છ, શ્લક્ષ્ણ પુદ્ગલ સ્કંધ નિષ્પન્ન પટવત્, ઘુંટેલા પટવત્ મસૃણ, ઘૃષ્ટ, મૃષ્ટ, સ્વાભાવિક રજ રહિતત્વથી નિરજ, આગંતુક મલના અસંભવથી નિર્મળ, કલંક કે કર્દમ રહિત, નિષ્કવચ-નિરાવરણ-નિરુપઘાત દિપ્તી જેની છે તેવા, સ્વરૂપથી પ્રભાવાળા, બહાર નીકળતા કિરણજાલ, બહાર રહેલ વસ્તુને પ્રકાશ કરતા, મનને પ્રસક્તિકારિણી, દર્શન યોગ્ય-જેને જોતાં ચક્ષુને શ્રમ ન લાગે, બધાં જોનારના મનને પ્રાસાદ અનુકૂળતાથી અભિમુખ રૂપવાળા અર્થાત્ અતિ કમનીય, તેથી જ પ્રતિ વિશિષ્ટ રૂપવાળા અથવા પ્રતિક્ષણ નવા-નવા રૂપવાળા આ ભવનો છે.

- x - x - અનંતર ઉક્ત ભવનોમાં ઘણાં ભવનવાસી દેવો રહે છે, તેને જાતિ



ભેદથી કહે છે — અસુર, નાગ, સુવર્ણ આદિ દશ ભેદે છે. તેમના ચિહ્નો ક્રમથી આ રીતે — ચૂડામણિ, નાગની ફેણ, ગરુડ, વજ, પૂર્ણકળશથી અંકિતમુગટ, સિંહ, શ્રેષ્ઠ અશ્વ, શ્રેષ્ઠ હાથી, મગર, વર્દ્ધમાનક. તે ભવનવાસી દેવો સુરૂપ, મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાયશા, મહાબલી, મહાનુભાગ, મહાસૌખ્ય૦ ઈત્યાદિ - x - x - દિવ્ય ભોગ ભોગવતા વિચરે છે.

असुर - અસુરકુમાર, એ રીતે નાગકુમારાદિ દશ ભેદ. તેઓ અનુક્રમે ચૂડામણી આદિ ચિહ્નોથી યુક્ત છે. જેના મુગટમાં ચૂડામણિ ચિહ્ન છે તે ચૂડામણિ મુગટ રત્ના. એ રીતે વૃત્તિકારશ્રીએ અહીં દશે ભવનવાસીને તેમના પોત-પોતાના દશેના ચિહ્નોથી ઓળખાવેલ છે. - x - વળી તે બધાં કેવા છે ? તે કહે છે —

सुरूप - જેમનું શોભનરૂપ છે તે - અત્યંત કમનીય રૂપવાળા. મહર્દ્ધિકાદિ વિશેષણ પૂર્વવત્. હાર વડે વિરાજિત છાતી વાળા, કટક અને ત્રુટિત વડે સ્તંભિત ભુજાવાળા અંગદ, કુંડલ, મૃષ્ટગંડ, કર્ણપીઠ આભરણને ધારણ કરનારા, વિચિત્ર હસ્તાભરણ વાળા, વિચિત્ર માળા-મુગટથી યુક્ત, કલ્યાણકારી ઉત્તમ વસ્ત્ર પહેરેલા, કલ્યાણકારી શ્રેષ્ઠમાળા અને અનુલેપનના ધારક, દેદીપ્યમાન શરીરવાળા, લાંબી વનમાળાના ધારક, દિવ્ય એવા વર્ણ-ગંધ-સ્પર્શ-સંહનન-આકૃતિ-ઋદ્ધિ-દ્યુતિ-પ્રભા-છાયા-અર્ચિ-તેજ-લેશ્યા વડે દશે દિશાઓને પ્રકાશિત કરતા, સુશોભિત કરતા તેઓ સ્વસ્થાનમાં પોત-પોતાના લાખો ભવનો, પોત-પોતાના હજારો સામાનિકો, પોત-પોતાના ત્રાયસ્ત્રિંશકો, પોત-પોતાના લોકપાલો, અગ્રમહિષીઓ, સૈન્યો, સૈન્યાધિપતિઓ, આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં સ્વસ્વ ભવન-આવાસ-નગરીમાં વસતા ભવનવાસી દેવો અને દેવીઓનું - - - -

- - - - આધિપત્ય-અધિપતિકર્મ, રક્ષા કરતા. આ રક્ષા સામાન્યથી આરક્ષક કરે છે, તેથી કહે છે — પુરનો પતિ તે પુરપતિ, તેનું કર્મ તે પૌરોપત્ય અર્થાત્ બધાં આત્મીયોનું અગ્રેસરત્વ, તે અગ્રેસરત્વ નાયકત્વ અંતરથી પણ થાય. નાયક-તથાવિધ ગૃહચિંતક સામાન્ય પુરુષ પણ હોય, તેથી કહે છે — स्वामित्व - નાયકત્વ તે નાયકત્વ, પોષકત્વ વિના પણ થાય, તેથી કહે છે — भर्तृत्व - પોષકત્વ. તેથી જ મહત્તરકત્વ પણ મહત્તરકત્વ, કોઈ આજ્ઞાવિકલને પણ સંભવે છે, તેથી કહે છે — આજ્ઞેશ્વર અને સેનાપતિત્વ. સ્વ સૈન્ય પ્રતિ અદ્‌ભૂત આજ્ઞા પ્રાધાન્ય. - x - સ્વયં પાલન કરતો.

आहय - આખ્યાનક પ્રતિબદ્ધ અથવા અવ્યાહત - નિત્યાનુબંધી જે નૃત્ય, ગાન, તંત્રી-તાલ-ત્રુટિત જે વાજિંત્રો, કુશળ પુરુષો વડે વગાડાતું ઘનમૃદંગ. આ બધાંના મધુર રવ વડે દિવ્ય કે પ્રધાન શબ્દાદિ ભોગોને ભોગવતો ત્યાં રહે છે. - x - x -

અસુરકુમાર દેવોના ભવનો ક્યાં છે ? તે દેવો ક્યાં વસે છે ? એ પ્રમાણે સ્થાનપદમાં જે વક્તવ્યતા છે, તે કહેવી. - x - તે કથન કંઈક આવું છે —

૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યવાળી આ રત્નપ્રભા પૃથ્વીના ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ અસુરકુમાર દેવોના ૬૪-લાખ ભવનો કહ્યા છે. તે ભવનો બહારથી વૃત્ત, અંદરથી ચોરસ, નીચે પુષ્કરકર્ણિકા સંસ્થાન સંસ્થિત, વિપુલ-ગંભીર ખાત-પરિખા યાવત્ પ્રતિરૂપ છે. અહીં અસુરકુમાર દેવોના ભવનો કહ્યા છે. અહીં ઘણાં અસુરકુમાર દેવો વસે છે. જેઓ કાળા, લોહિતાક્ષ બિંબ હોઠવાળા, ધવલ પુષ્પદંતવાળા, અશ્વેત કેશવાળા, ડાબા કાનમાં કુંડલને ધારણ કરેલા, આર્દ્ર ચંદનાનું લિપ્ત ગાત્રવાળા શિલિંઘ્ર પુષ્પ સમાન કિંચિત્ રક્ત, સંક્લેશ ઉત્પન્ન ન કરનાર, પ્રવર સૂક્ષ્મ વસ્ત્ર ધારણ કરેલા, પ્રથમ વયને સમતિક્રાંત, બીજી વયને અસંપ્રાપ્ત, ભદ્ર, યૌવનમાં વર્તતા, તલભંગક, ત્રુટિત અને અન્યાન્ય શ્રેષ્ઠ આભૂષણોથી જડિત નિર્મળ મણી તથા રત્નોથી મંડિત ભુજાવાળા, દશ મુદ્રિકાથી શોભિત આંગળીઓવાળા, ચૂડામણિ ચિહ્નવાળા, સુરૂપ, મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાયશસ્વી, મહાપ્રભાવયુક્ત, મહાસુખી, હાર વડે શોભિત છાતીવાળા યાવત્ દશે દિશાને ઉદ્યોતીત-પ્રભાસિત કરતા વિચરે છે.

તેઓ ત્યાં પોત-પોતાના લાખો ભવનો યાવત્ દિવ્ય ભોગોપભોગોને ભોગવતા વિચરે છે. અસુરકુમાર રાજા અને અસુરકુમારેન્દ્ર ચમર અને બલિ એવા બે ઈન્દ્રો વસે છે. તે કાળા, મહાનીલ સદૃશ, નીલ-ગુલિક-ગવલ-પ્રકાશ, વિકસિત શતપત્ર નિર્મળ કંઈક શ્વેત-રક્ત-તામ્ર નયન, ગરુડ જેવી નાસિકાવાળાસ ઉપચિત શિલપ્રવાલ, બિંબફળ જેવા અધરોષ્ઠવાળા, શ્વેત-વિમલ-ચંદ્રખંડ, જામેલ દહીં, શંખ, ગાયનું દૂધ, કુંદ, જલકણ, મૃણાલિકા સમાન ધવલ દંતપંક્તિવાળા, અગ્નિમાં તપાવેલ અને ધોયેલ સોના સમાન લાલ તાળવા અને જીભવાળા, અંજન અને મેઘ સમાન કાળા રુચક રત્ન સમાન રમણીય અને સ્નિગ્ધ વાળ વાળા, ડાબા એક કાનમાં કુંડલના ધારકાદિ પૂર્વવત્ કહેવું.

દક્ષિણના અસુરકુમાર દેવોના ભવનો ક્યાં છે ? તે દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજન મધ્યેના ૧,૭૮,૦૦૦ યોજનમાં દક્ષિણના અસુરકુમાર દેવોના ચોત્રીશ લાખ ભવનો કહ્યા છે. વર્ણન પૂર્વવત્. ત્યાં ઘણાં દક્ષિણ દિશાના અસુરકુમાર દેવો વસે છે. - x - અહીં અસુરકુમાર રાજા અસુરેન્દ્ર ચમર વસે છે. - x - ત્યાં ૩૪-લાખ ભવનાવાસ, ૬૪,૦૦૦ સામાનિક દેવો, ૩૩-ત્રાયસ્ત્રિંશક દેવ, ચાર લોકપાલ, સપરિવાર પાંચ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત અનિક, સાત અનિકાધિપતિ, ૨,૫૬,૦૦૦ આત્મરક્ષક દેવો તથા બીજા દક્ષિણ દિશાના દેવો-દેવીનું આધિપત્ય, પૌરોપત્ય કરતાં યાવત્ વિચરે છે.

આ સૂત્રપાઠ પ્રાયઃ સુગમ છે. વિશેષ આ - लोहियक्ख बिंबोट्ठा - લોહિતાક્ષરત્ન અને બિંબવત્ હોઠવાળા. અશ્વેત-કાળા વાળ વાળા. અહીં દાંત અને કેશ વૈરિય જાણવા, સ્વાભાવિક નહીં. वामेयकुंडलधरा - એક કાનમાં કુંડલ ધારણ કરનારા.



आर्द्र - સરસ ચંદનથી અનુલિપ્ત ગાત્રવાળા. ईषत् - કંઈક. असंक्लिष्टानि - અત્યંત સુખજનકતાથી થોડાં પણ સંક્લેશનો અનુત્પાદક. - x -

वय - ઉંમર, प्रथम - કુમારત્વ લક્ષણને ઓળંગી ગયેલ અર્થાત્ તેના છેડે રહેલ અને द्वितीय - મધ્ય લક્ષણ વયને ન પામેલ. भद्र - અતિ પ્રશસ્ય યૌવનમાં વર્તતા. तलभंगक - બાહુનું આભરણ, त्रुटित - બાહુ રક્ષક, તેમાં જે નિર્મલ મણિ - ચંદ્રકાંતાદિ, રત્ન-ઈન્દ્રનીલાદિ તેના વડે મંડિત, જેમને ચૂડામણિ નામે અદ્‌ભૂત ચિહ્ન રહેલું છે તે. ચમર બલિ સામાન્ય સૂત્રમાં શું કહે છે ? —

काला - કૃષ્ણ વર્ણના, આને જ ઉપમા વડે કહે છે — મહાનીલ કોઈ વસ્તુ લોકમાં હોય, તેના સમાન. गवल - ભેંસના શીંગડા, તેમના જેવા પ્રકાશ-પ્રતિમાવાળા. - x - x - ગરુડ જેવી લાંબી, અકુટિલ, ઉન્નત નાસિકા જેમની છે તે તથા પાંડુર, સંધ્યાકાળભાવિ આરક્ત નહીં. શશિશકલ-ચંદ્ર ખંડ. વળી રજરહિત કે કલંક રહિત, ઘન દહીં, શંખ, ગાયનું દૂધ આદિવત્ નિર્મળ એવી ધવલ દંતશ્રેણિ જેમની છે તે. તથા અગ્નિ વડે ધમીને પછી ધોઈને નિર્મળ કરેલ, તપનીય, લાલ સુવર્ણ જેવા હાથ-પગના તળીયા, તાળવું અને જીભ જેના છે તે. અંજન-વર્ષાકાળના મેઘવત્ કૃષ્ણ-રુચક રત્નવત્ રમણીય અને સ્નિગ્ધ વાળવાળા.

ચમર સૂત્રની પર્ષદા વિશેષને હવે કહે છે —

● **સૂત્ર-૧૫૬ :-**

***ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજની કેટલી પર્ષદા છે ? ગૌતમ ! ત્રણ-સમિતા, ચંડા, જાતા, અભ્યંતર તે સમિતા, મધ્યા તે ચંડા અને બાહ્યા તે જાતા કહેવાય છે.***

***ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની અભ્યંતર પર્ષદાની કેટલા હજાર દેવો કહ્યા છે ? મધ્યમાની૦ અને બાહ્ય પર્ષદાના કેટલા હજાર દેવો કહ્યા છે ? ગૌતમ ! અસુરેન્દ્ર ચમરની અભ્યંતર પર્ષદામાં ૨૪,૦૦૦ મધ્યમ પર્ષદાની ૨૮,૦૦૦ અને બાહ્ય પર્ષદામાં ૩૨,૦૦૦ દેવો છે... ભગવન્ ! અસુરરાજ અસુરેન્દ્ર ચમરની અભ્યંતર-મધ્યમ અને બાહ્ય પર્ષદામાં કેટ-કેટલા સો દેવીઓ છે ? ગૌતમ ! અસુરરાજ અસુરેન્દ્ર ચમરની અભ્યંતર પર્ષદામાં ૩૫૦, મધ્યમ પર્ષદામાં-૩૦૦ અને બાહ્ય પર્ષદામાં ૨૫૦ દેવીઓ કહેલી છે.***

***ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની અભ્યંતર પર્ષદાના દેવોની-મધ્યમ પર્ષદીય દેવોની - બાહ્ય પર્ષદીય દેવોની કેટલી કાળ સ્થિતિ કહી છે ? અભ્યંતર-મધ્યમ-બાહ્ય પર્ષદાની દેવીની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! અસુરેન્દ્ર ચમરની અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ અઢી પલ્યોપમ, મધ્યમ પર્ષદાના દેવોની બે પલ્યોપમ, બાહ્ય પર્ષદાના દેવોની દોઢ પલ્યોપમ સ્થિતિ છે. દેવીઓમાં આભ્યંતરની દોઢ, મધ્યમની એક અને બાહ્ય પર્ષદાની અડધો પલ્યોપમની છે.***

***ભગવન્ ! એમ કેમ કહેવાય છે કે — અસુરેન્દ્ર ચમરની ત્રણ પર્ષદા કહી***

*છે — સમિતા, ચંડા, જાયા ઈત્યાદિ ? ગૌતમ ! અસુરરાજ અસુરેન્દ્ર ચમરની અભ્યંતર પર્ષદાના દેવો બોલાવાતા જલ્દી આવે છે, બોલાવ્યા વિના નહીં, મધ્યમ પર્ષદાના દેવો બોલાવતા પણ આવે, ન બોલાવતા પણ આવે છે. બાહ્ય પર્ષદાના દેવો ન બોલાવા છતાં જલ્દી આવે છે. ગૌતમ ! બીજું એ કે - અસુરેન્દ્ર અસુરરાજ ચમર કોઈ ઉંચ-નીચ કુટુંબ કાર્ય ઉત્પન્ન થતાં અભ્યંતર પર્ષદા સાથે વિચારણા કરે છે, તેમની સંમતિ લે છે. મધ્યમ પર્ષદાને પોતે નિશ્ચિત કરેલ કાર્યની સૂચના આપીને તેમને સ્પષ્ટતા સહિત કારણાદિ સમજાવે છે, બાહ્ય પર્ષદાને આજ્ઞા આપતા વિચરે છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે અસુરેન્દ્ર અસુરરાજ ચમરની ત્રણ પર્ષદા છે. ઈત્યાદિ - x - x -*

**● વિવેચન-૧૫૬ :-**

અસુરકુમાર રાજ અસુરેન્દ્ર ચમરની ત્રણ પર્ષદા છે. - x - તેમાં આભ્યંતર પર્ષદા ‘સમિતા’ નામે છે. મધ્યમિકા ‘ચંડા’ નામે અને બાહ્યા ‘જાતા’ નામે છે. ચમરેન્દ્રની અભ્યંતર-મધ્યમ અને બાહ્ય પર્ષદામાં કેટલા-કેટલા દેવો છે ? ઈત્યાદિ પ્રશ્નો અને તેના ઉત્તરો વૃત્તિકારે નોંધ્યા તે સૂત્રાર્થ મુજબ જ છે. - x - x - એ પ્રમાણે જ ત્રણે પર્ષદાના દેવો અને દેવીની સ્થિતિ વિષયક પ્રશ્નોત્તર પણ વૃત્તિકારશ્રીએ નોંધેલ છે. જે સૂત્રાર્થમાં લખ્યા પ્રમાણે હોવાથી અહીં પુનરુક્તિ કરી નથી. જો કે વૃત્તિકારશ્રી નોંધે છે કે — જો કે અહીં ઘણાં વાંચના ભેદો છે, તેથી સૂત્ર અક્ષરનું જ વિવરણ કર્યુ છે. - - હવે અભ્યંતરિકાદિના વ્યપદેશનું કારણ કહે છે —

ચમરેન્દ્રની ત્રણ પર્ષદા સમિતા-ચંડા-જાતા આદિ કેમ કહેવાય છે ? - x - અભ્યંતર પર્ષદાના દેવો वाहिता - બોલાવતા, हव्व - શીઘ્ર આવે છે. अव्वाहिता - ન બોલાવેલા નહીં. આના દ્વારા તેમનું ગૌરવ કહ્યું. મધ્યમ પર્ષદાના દેવો બોલાવતા પણ આવે, ન બોલાવતા પણ આવે. કેમકે મધ્યમપ્રતિપત્તિ વિષય છે. બાહ્ય પર્ષદાના દેવો ન બોલાવવા છતાં જલ્દી આવે છે. કેમકે તેઓ એવા ગૌરવને યોગ્ય નથી. વળી શોભન-અશોભન કૌટુંબિક કાર્યોમાં અભ્યંતર પર્ષદા સાથે સંમતિ-સંપ્રશ્નબહુલથી વિચરે છે. અહીં સંમતિ-ઉત્તમ મત્તિ વડે, સંપ્રશ્ન-પર્યાલોચન બહુલ.

જે અભ્યંતર પર્ષદા સાથે જે પર્યાલોચના કરી તે કર્તવ્યપણે માધ્યમિક પર્ષદા સાથે કર્તવ્યપણે નિશ્ચિત કરે છે. - x - બાહ્ય પર્ષદા-જે અભ્યંતર પર્ષદા સાથે પર્યાલોચન કરેલ છે, મધ્યમા સાથે ગુણદોષ પ્રપંચ કથનથી વિસ્તારેલ છે તેને બાહ્ય પર્ષદા આજ્ઞા પ્રધાન થઈને અવશ્ય કર્તવ્યપણે નિરૂપતા રહે છે. જેમકે તમારે આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી.

આ રીતે એકાંત ગૌરવને યોગ્ય છે, જેની સાથે ઉત્તમ મતિત્વથી સ્વલ્પ કાર્ય પણ પ્રથમથી પર્યાલોચે છે, તે ગૌરવ વિષયમાં પર્યાલોચનામાં અત્યંત અભ્યંતર વર્તે છે તેથી અભ્યંતર, - x - પછી જે પર્યાલોચનાના મધ્યમ ભાગે વર્તે છે, તે મધ્યમિકા અને જે ગૌરવને યોગ્ય નથી - x - x - જેને માત્ર આદેશ અપાય છે તે ગૌરવને



અયોગ્ય અને પર્યાલોચનાના બાહ્ય ભાગે વર્તે છે, તે બાહ્ય.

હવે - x - ઉપસંહાર કરે છે. જે સમિતા-ચંડા-જાતા નામો છે, તે બીજા કારણે છે. તે કારણો બીજા ગ્રંથોથી જાણવા. અહીં વૃત્તિકાર શ્રી સંગ્રહણી ગાથા નોંધે છે, જેમાં પર્ષદાના દેવાદિની સંખ્યા કહી છે.

**● સૂત્ર-૧૫૭ :-**

*ભગવન્ ! ઉત્તર દિશાના અસુરકુમારના ભવનો ક્યાં કહ્યા છે ? ‘સ્થાનપદ’ અનુસાર ‘બલી’ સુધી કહેવું. અહીં વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ નિવાસ કરે છે, યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! વૈરોચનેન્દ્ર વૈરોચન રાજ બલિની કેટલી પર્ષદા કહી છે ? ગૌતમ ! ત્રણ-સમિતા, ચંડા, જાયા. અભ્યંતરિકા-સમિતા, મધ્યમિકા-ચંડા, બાહ્યા—જાયા.*

*વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની અભ્યંતર પર્ષદાના કેટલા હજાર દેવો છે ? મધ્યમા પર્ષદાના કેટલા હજાર દેવો છે ? યાવત્ બાહ્ય પર્ષદાની કેટલી સો દેવીઓ છે ? ગૌતમ ! વૈરોચનેન્દ્ર બલિની અભ્યંતર પર્ષદાના ૨૦,૦૦૦ દેવો છે, મધ્યમા પર્ષદાના ૨૪,૦૦૦ દેવો છે, બાહ્ય પર્ષદાના ૨૮,૦૦૦ દેવો છે. દેવીઓ અભ્યંતર પર્ષદામાં ૪૫૦, મધ્યમા પર્ષદામાં ૪૦૦, બાહ્ય પર્ષદામાં ૩૫૦ કહેલી છે.*

*બલિની સ્થિતિની પૃચ્છા યાવત્ બાહ્ય પર્ષદાની દેવીની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! વૈરોચનેન્દ્ર બલિની અભ્યંતર પર્ષદાના દેવોની સાડા ત્રણ પલ્યોપમ, મધ્યમ પર્ષદાની ત્રણ પલ્યોપમ, બાહ્ય પર્ષદાની અઢી પલ્યોપમ સ્થિતિ કહી છે. દેવીઓમાં અભ્યંતર પર્ષદાની અઢી પલ્યોપમ, મધ્યમા પર્ષદાની બે પલ્યોપમ અને બાહ્ય પર્ષદાની દોઢ પલ્યોપમ સ્થિતિ કહી છે, શેષ કથન અસુરકુમાર રાજ અસુરેન્દ્ર ચમર મુજબ જાણવું.*

**● વિવેચન-૧૫૭ :-**

ભગવન્ ! ઉત્તર દિશાના અસુરકુમારના ભવનો ક્યાં છે ? પ્રજ્ઞાપના સૂત્રના બીજા ‘સ્થાન’ પદમાં કહ્યા મુજબ છે. - x - તે આ પ્રમાણે - ઉત્તરીય અસુરકુમારો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે આ ૧,૮૦,૦૦૦ યોજન રત્નપ્રભા પૃથ્વીના ઉપર-નીચેના એક-એક હજાર યોજન વર્જીને મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ ઉત્તર દિશાના અસુરકુમાર દેવોના ત્રીશ લાખ ભવનો કહ્યા છે. તે ભવનો બહારથી વૃત્ત, અંદરથી ચોરસ, બાકી દક્ષિણ દિશા મુજબ કહેવું. અહીં બલીન્દ્ર વસે છે. તે કાળા, મહાનીલ સદૃશ યાવત્ પ્રભાસે છે.

તે ત્યાં ત્રીશ લાખ ભવનોમાં ૬૦,૦૦૦ સામાનિક યાવત્ ૨,૪૦,૦૦૦ આત્મરક્ષક દેવો અને બીજા પણ ઉત્તર દિશાના અસુરકુમાર દેવો અને દેવીઓનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે. બધું પૂર્વવત્.

હવે પર્ષદા નિરૂપણાર્થે સૂત્ર છે, બધું પૂર્વવત્. માત્ર અહીં દેવ-દેવીની સંખ્યા

સ્થિતિમાં ભેદ છે. જે સૂત્રકારશ્રીએ બતાવેલ છે.

● **સૂત્ર-૧૫૮ :-**

*નાગકુમાર દેવોના ભવનો ક્યાં કહ્યા છે ? 'સ્થાનપદ' મુજબ યાવત્ દક્ષિણ દિશાના પણ પૂછવા જોઈએ. યાવત્ ધરણ. અહીં નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા વસે છે, યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! નાગકુમારરાજા નાગકુમારેન્દ્ર ધરણની કેટલી પર્ષદાઓ છે ? ગૌતમ ! ત્રણ. ચમરમાં કહ્યા મુજબ બધું કહેવું. ભગવન્ ! ધરણેન્દ્રની અભ્યંતર પર્ષદામાં કેટલા હજાર દેવો છે ? યાવત્ બાહ્ય પર્ષદામાં કેટલી દેવી છે ? ગૌતમ ! નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ધરણની અભ્યંતર પર્ષદામાં ૬૦,૦૦૦ દેવો, મધ્યમ પર્ષદામાં ૭૦,૦૦૦ દેવો, બાહ્ય પર્ષદામાં ૮૦,૦૦૦ દેવો છે. આભ્યંતર પર્ષદામાં ૧૭૫ દેવીઓ, મધ્યમમાં ૧૫૦, બાહ્યમાં ૧૨૫ દેવીઓ છે.*

*ધરણેન્દ્રની અભ્યંતર પર્ષદામાં દેવોની કેટલી કાળ સ્થિતિ કહી છે ? મધ્યમ પર્ષદામાં દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? બાહ્ય પર્ષદાના દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? આભ્યંતર-મધ્યમ-બાહ્ય પર્ષદાની દેવીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ધરણેન્દ્રની અભ્યંતર પર્ષદાના દેવોની સાતિરેક અર્ધ પલ્યોપમની સ્થિતિ છે. મધ્યમ પર્ષદાના દેવોની અર્દ્ધ પલ્યોપમ સ્થિતિ છે, બાહ્ય પર્ષદાના દેવોની દેશોન અર્ધ પલ્યોપમ સ્થિતિ છે, અભ્યંતર પર્ષદાની દેવીની સ્થિતિ દેશોન અર્ધપલ્યોપમ છે. મધ્યમ પર્ષદાની સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ, બાહ્ય પર્ષદાની દેવીની ચતુર્ભાગ પલ્યોપમ સ્થિતિ છે. શેષ કથન ચમરેન્દ્ર સમાન છે.*

*ઉત્તર દિશાના નાગકુમારો૦ સ્થાન પદ મુજબ કહેવું.*

*ભગવન્ ! નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ભૂતાનંદની અભ્યંતર પર્ષદામાં કેટલા હજાર દેવો છે ? મધ્યમ પર્ષદામાં કેટલા હજાર દેવો છે ? બાહ્ય પર્ષદામાં કેટલા હજાર દેવો છે ? અભ્યંતર-મધ્યમ-બાહ્ય પર્ષદામાં કેટલા સો દેવીઓ છે ? ગૌતમ ! નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદની અભ્યંતર પર્ષદામાં ૫૦,૦૦૦ દેવો છે, મધ્યમા પર્ષદામાં ૬૦,૦૦૦ દેવો છે, બાહ્ય પર્ષદામાં ૭૦,૦૦૦ દેવો છે. અભ્યંતર પર્ષદામાં ૨૨૫ દેવી, મધ્યમા પર્ષદામાં ૨૦૦ દેવી, બાહ્ય પર્ષદામાં ૧૭૫ દેવીઓ કહેલી છે.*

*ભગવન્ ! નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ભૂતાનંદની અભ્યંતર પર્ષદાના દેવોની કેટલો કાળ સ્થિતિ છે ? યાવત્ બાહ્ય પર્ષદાની દેવીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ભૂતાનંદેન્દ્રની અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ દેશોન પલ્યોપમ છે, મધ્યમ પર્ષદાના દેવોની સાતિરેક અર્દ્ધપલ્યોપમ સ્થિતિ છે. બાહ્ય પર્ષદાના દેવોની અર્ધપલ્યોપમ સ્થિતિ છે, બાહ્ય પર્ષદાના દેવીની સ્થિતિ સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ છે, મધ્યમા પર્ષદાના દેવીની દેશોન અર્ધ પલ્યોપમ સ્થિતિ છે, અભ્યંતર પર્ષદાની દેવીની અર્ધપલ્યોપમ સ્થિતિ છે. શેષ કથન ચમરેન્દ્ર*





*મુજબ જાણવું.*

*બાકીના વેણુદેવથી મહાઘોષ પર્યન્તનું કથન સ્થાન પદની વક્તવ્યતા મુજબ સંપૂર્ણ કહેવું. ધરણ અને ભૂતાનંદની પર્ષદા માફક બાકીના ભવનપતિ કહેવા. ધરણ માફક દક્ષિણ દિશાના, ભૂતાનંદ માફક ઉત્તર દિશાના ઈન્દ્રો કહેવા. પરિમાણ-સ્થિતિ પણ જાણવા.*

● **વિવેચન-૧૫૮ :-**

નાગકુમાર દેવોના ભવનો ક્યાં છે ? પ્રજ્ઞાપના સૂત્રના 'સ્થાન' નામક બીજા પદમાં કહ્યા મુજબ જાણવું. - x - તે આ રીતે - ભગવન્ ! નાગકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના - x - મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં વસે છે. અહીં નાગકુમાર દેવોના ૮૪-લાખ ભવનો કહ્યા છે. તે ભવનો યાવત્ પ્રતિરૂપ કહ્યા છે. અહીં નાગકુમાર દેવોના ભવનો કહ્યા, તેમાં ઘણાં મહર્દ્ધિક, મહાદ્યુતિક દેવો વસે છે. બાકી બધું ઔધિક મુજબ યાવત્ વિચરે છે. અહીં ધરણ અને ભૂતાનંદ એ બે નાગકુમારેન્દ્ર વસે છે, બાકી ઔધિક મુજબ જાણવું.

ભગવન્ ! દક્ષિણના નાગકુમાર દેવોના ભવનો ક્યાં છે ? તે દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં - x - વસે છે. અહીં દક્ષિણ દિશાના નાગકુમાર દેવોના ૪૪-લાખ ભવનો કહેલા છે. તે ભવનો બહારથી વૃત્ત યાવત્ પ્રતિરૂપ છે. અહીં દક્ષિણ દિશાના નાગકુમાર દેવોના ભવનો છે. અહીં ઘણાં મહર્દ્ધિક દાક્ષિણી નાગકુમારો વસે છે યાવત્ વિચરે છે. અહીં ધરણેન્દ્ર રહે છે. તે ત્યાં ૪૪ લાખ ભવનાવાસ, ૬૦૦૦ સામાનિકો, ૩૩-ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલ, છ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ આદિનું આધિપત્ય કરતા વિચરે છે.

હવે પર્ષદા નિરૂપણ - પૂર્વવત્ છે. વિશેષ એ કે - અભ્યંતર પર્ષદામાં ૬૦,૦૦૦ દેવો છે યાવત્ બાહ્ય પર્ષદામાં ૧૨૫ દેવી છે. - x - x - અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ સાતિરેક અર્દ્ધ પલ્યોપમ છે ઈત્યાદિ - x - x - બધું સૂત્રાર્થ મુજબ કહેવું.

ભગવન્ ! ઉત્તરના નગાકુમારોના ભવનો ક્યાં છે ? ઈત્યાદિ. પ્રજ્ઞાપના સૂત્રના 'સ્થાન' નામક પદ મુજબ કહેવું. તે આ પ્રમાણે — ભગવન્ ! ઉત્તરિલ્લ નાગકુમારો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તર આ રત્નપ્રભા પૃથ્વીના મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં ઉત્તરિલ્લ નાગકુમારના ૪૦ લાખ ભવનાવાસ કહ્યા છે. તે ભવનો બહારથી વૃત્ત યાવત્ દક્ષિણવત્ કહેવું. અહીં ભૂતાનંદ નાગકુમારેન્દ્ર વસે છે - x - તે ત્યાં ૪૦-લાખ ભવનોનું ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ વિચરે છે.

પર્ષદા નિરૂપણ - ભૂતાનંદની પર્ષદા૦ પૂર્વવત્. વિશેષ એ કે અભ્યંતર પર્ષદામાં ૫૦,૦૦૦ દેવો ઈત્યાદિ સંખ્યા સૂત્રાર્થ મુજબ જાણવું તથા અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ દેશોન પલ્યોપમ ઈત્યાદિ સંખ્યા સૂત્રાર્થ મુજબ જાણવી, બાકી પૂર્વવત્.

નાગકુમાર રાજ સિવાયના વેણુદેવાદિથી મહાઘોષ સુધીની વક્તવ્યતા પ્રજ્ઞાપનાના ''સ્થાનપદ'' મુજબ કહેવું. તે આ પ્રમાણે - સુવર્ણકુમાર દેવોના ભવનો ક્યાં છે ?

તે દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી મધ્યે - x - છે. અહીં સુવર્ણકુમાર દેવોના ૭૨-લાખ ભવનો કહ્યા છે. તે ભવનો બહારથી વૃત્ત યાવત્ પ્રતિરૂપ છે. અહીં સુવર્ણકુમારના ભવનો છે, તેમાં ઘણાં સુવર્ણકુમાર દેવો વસે છે, બાકી ઔધિક મુજબ જાણવું. વેણુદેવ અને વેણુદાલી આ બે સુવર્ણકુમારેન્દ્રો ત્યાં વસે છે યાવત્ વિચરે છે.

દક્ષિણદિશાના સુવર્ણકુમારોના ભવનો ક્યાં છે ? તે દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વી મધ્યે ૧,૭૯,૦૦૦ યોજનમાં દક્ષિણ દિશાના સુવર્ણકુમારના ૩૮-લાખ ભવનો કહ્યા છે તે ભવનો યાવત્ પ્રતિરૂપ છે. અહીં દક્ષિણી સુવર્ણકુમારના ભવનો છે. તેમાં ઘણાં દક્ષિણી સુવર્ણકુમારો વસે છે. અહીં વેણુદેવ સુવર્ણકુમારેન્દ્ર વસે છે. તેઓ મહર્દ્ધિક યાવત્ પ્રભાસે છે. તેઓ ત્યાં ૩૮ લાખ ભવનોનું યાવત્ વિચરે છે. પર્ષદા કથન ધરણવત્ છે.

ભગવન્ ! ઉત્તરના સુવર્ણકુમારના ભવનો ક્યાં છે ? તે દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વી મધ્યે ૧,૭૮,૦૦૦ યોજનમાં ઉત્તરિલ્લ સુવર્ણકુમાર દેવોના ૩૪-લાખ ભવનો કહ્યા છે. તે ભવનો બહારથી વૃત્ત યાવત્ પ્રતિરૂપ છે. અહીં ઘણાં સુવર્ણકુમારો વસે છે. અહીં મહર્દ્ધિક૦ એવો સુવર્ણકુમારેન્દ્ર સુવર્ણકુમાર રાજા વસે છે. તે ત્યાં ૩૪-લાખ ભવનાવાસનું૦ બાકી નાગકુમારવત્ કહેવું. પર્ષદા વક્તવ્યતા ભૂતાનંદવત્ સંપૂર્ણ કહેવી.

સુવર્ણકુમારવત્ બાકીનાની વક્તવ્યતા કહેવી. વિશેષ આ - અસુરના-૬૪, નાગના-૮૪, સુપર્ણના-૭૨, વાયુના-૯૬, દ્વિપ-દિક્-ઉદધિ-વિદ્યુત્-સ્તનિત-અગ્નિકુમારના પ્રત્યેકના ૭૬-૭૬ લાખ ભવનો છે. દક્ષિણ દિશાના અસુરના-૩૪, નાગના-૪૪, સુવર્ણના-૩૮, વાયુના-૫૦, દ્વીપાદિ છ ના ૪૦-૪૦ લાખ ભવનો છે. ઉત્તર દિશાના અસુરના-૩૦, નાગ-૪૦, સુવર્ણ-૩૪, વાયુ-૪૬, બાકીના છ ના પ્રત્યેકના ૩૬-૩૬ લાખ ભવનો છે.

ઈન્દ્રોના નામ આ પ્રમાણે છે :- ચમર, ધરણ, વેણુદેવ, હરિકંત, અગ્નિશીખ, પૂર્ણ, જલકાંત, અમિત, વેલંબ અને ઘોષ તથા બલિ, ભૂતાનંદ, વેણુદાલિ, હરિસ્સહ, અગ્નિમાણવ, વિશિષ્ટ, જલપ્રભ, અમિતવાહન, પ્રભંજણ, મહાઘોષ સામાનિક દેવો ચમરના ૬૪,૦૦૦, બલિનાં ૬૦,૦૦૦, બાકીના બધા છ-છ હજાર. આત્મરક્ષક દેવો તેનાથી ચાર ગણાં જાણવા. - x -

o — x — x — x — x — x — o



## ❁ હવે વ્યંતરની વક્તવ્યતા ❁

— x — x — x — x —

● **સૂત્ર-૧૫૯ :-**

*ભગવન્ ! વ્યંતર દેવોના ભવન [ભૌમેય નગરો] ક્યાં કહ્યા છે ? 'સ્થાનપદ' મુજબ કહેવું. યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! પિશાચ દેવોના ભવનો ક્યાં છે ? સ્થાન પદમાં કહ્યા મુજબ જાણવું યાવત્ વિચરે છે. ત્યાં કાલ અને મહાકાલ નામે બે પિશાચકુમાર રાજા વસે છે યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! દાક્ષિણિલ્લ પિશાચકુમારના ભવનો ક્યાં છે ? યાવત્ વિચરે છે. અહીં પિશાચકુમારરાજ, પિશાચકુમારેન્દ્ર કાલ વસે છે. તે મહર્દ્ધિક છે યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! પિશાચકુમારરાજ પિશાચકુમારેન્દ્ર કાળની કેટલી પર્ષદા છે ? ગૌતમ ! ત્રણ — ઈશા, ત્રુટિતા, દૃઢરથા, અભ્યંતરિકા-ઈસા, મધ્યમિકા—ત્રુટિતા, બાહ્યા-દૃઢરથા.*

*ભગવન્ ! પિશાચકુમારેન્દ્ર કાલની અભ્યંતર પર્ષદામાં કેટલાં હજાર દેવો છે ? યાવત્ બાહ્ય પર્ષદામાં કેટલા સો દેવીઓ છે ? ગૌતમ ! પિશાચેન્દ્ર કાળની અભ્યંતર પર્ષદામાં ૮૦૦૦, મધ્યમ પર્ષદામાં ૧૦,૦૦૦, બાહ્ય પર્ષદામાં ૧૨,૦૦૦ દેવો છે. અભ્યંતર-મધ્યમ અને બાહ્ય ત્રણે પર્ષદામાં ૧૦૦-૧૦૦ દેવીઓ છે.*

*ભગવન્ ! પિશાચેન્દ્ર કાળની અભ્યંતર પર્ષદાના દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? મધ્યમ પર્ષદાના દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? બાહ્ય પર્ષદાના દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? યાવત્ બાહ્ય પર્ષદાની દેવીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! પિશાચેન્દ્ર કાળની અભ્યંતર પર્ષદાના દેવોની અર્દ્ધપલ્યોપમ, મધ્યમ પર્ષદાના દેવોની દેશોન અર્ધ પલ્યોપમ, બાહ્ય પર્ષદાના દેવોની સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ સ્થિતિ છે. અભ્યંતર પર્ષદાની દેવીની સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ, મધ્યમ પર્ષદાની દેવીની ચતુર્ભાગ પલ્યોપમ, બાહ્ય પર્ષદાની દેવીની દેશોન ચતુર્ભાગ પલ્યોપમ સ્થિતિ કહી છે. શેષકથન ચમરવત્ કહેવું. એ પ્રમાણે ઉત્તરના વ્યંતરો પણ કહેવા. એ પ્રમાણે ગીતયશ પર્યન્ત કહેવું.*

● **વિવેચન-૧૫૯ :-**

ભગવન્ ! વ્યંતર દેવોના ભૌમેય નગરો ક્યાં છે ? પ્રજ્ઞાપના સૂત્રના બીજા "સ્થાન" પદ મુજબ કહેવું. તે આ રીતે — ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના રજતમય કાંડના ૧૦૦૦ યોજન બાહલ્યના ઉપર-નીચેના ૧૦૦-૧૦૦ યોજન છોડીને મધ્યેના ૮૦૦ યોજનોમાં અહીં વ્યંતરોના તિર્છા અસંખ્ય લાખ ભૌમેય નગરાવાસ હોય છે. તે ભૌમેય નગરો બહારથી વૃત્ત, અંદરથી ચોરસ, નીચે પુષ્કરકર્ણિકા સંસ્થાન સંસ્થિત છે. તેની ચોતરફ ઉંડી અને વિસ્તીર્ણ ખાઈ અને પરિખા ખોદેલી છે. તે યથાસ્થાને

પ્રાકાર, અટ્ટાલક, કપાટ, તોરણ, પ્રતિદ્વારોથી યુક્ત છે. ઈત્યાદિ વર્ણન - x - x - ચમર સૂત્રવત્ સમજી લેવું યાવત્ તે ભૌમેય નગરો પ્રાસાદીય, દર્શનીય આદિ છે.

ત્યાં ઘણાં વ્યંતર દેવો વસે છે. જેમકે — પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ભુજગપતિ મહાકાય ગંધર્વગણ અને નિપુણ ગંધર્વગીતરમણ અણપન્નિ, પણપન્નિ, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કુહંડપતંગ દેવા ચંચલ ચપલ ચિત્ત ક્રીડન અને પરિહાસ પ્રિય હોય છે. ગંભીર હાસ્ય, ગીત, નૃત્યમાં તેમની અનુરક્તિ રહે છે. વનમાળા, કલગી, મુગટ, કુંડલ અને ઈચ્છાનુસાર વિકુર્વિત આભૂષણોથી તેઓ મંડિત રહે છે. સર્વઋતુક સુગંધી પુષ્પોથી રચિત, લાંબી, શોભનીય, સુંદર અને ખીલતી વનમાળાથી તેમનું વક્ષઃસ્થળ શોભે છે. પોતાની કામનાનુસાર કામભોગોને સેવે છે. ઈચ્છા અનુસાર રૂપ અને દેહના ધારક, વિવિધ વર્ણી વેશભૂષા કરે છે.

તેમને પ્રમોદ, કંદર્પ, કલહ, કેલિ, કોલાહલ પ્રિય છે તેમનામાં હાસ્ય, બોલ-ચાલ ઘણાં હોય છે. તેમના હાથોમાં ખડ્ગ, મુદ્ગર, શક્તિ અને ભાલા પણ રહે છે. તેઓ અનેક મણિ અને રત્નોના વિવિધ ચિહ્નવાળા હોય છે. તેઓ મહર્દ્ધિક, મહાદ્યુતિમાન્, મહાયશસ્વી, ઈત્યાદિ, હારથી શોભિત વક્ષઃસ્થળવાળા યાવત્ દશે દિશાઓને ઉદ્યોતીત અને પ્રભાસીત કરતા વિચરણ કરે છે.

તેઓ ત્યાં પોત-પોતાના લાખો ભોમેજ્જ નગરાવાસ, હજારો સામાનિકો, અગ્રમહિષીઓ, પર્ષદાઓ, સૈનિકો, સૈન્યાધિપતિ, આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં વ્યંતર દેવ-દેવીઓનું આધિપત્ય યાવત્ ભોગવતા વિચરે છે. પ્રાયઃ સુગમ છે. વિશેષ આ પ્રમાણે —

महाकाय - મહોરગ. ગંધર્વગણ - ગંધર્વ સમુદાય. કેવો ? નિપુણ - પરમ કૌશલયુક્ત, ગંધર્વ-ગંધર્વજાતીય દેવો, તેમના જે ગીત, તેમાં જેમની રતિ છે તે. આવા વ્યંતરોના આઠ મૂળ ભેદો અને આઠ અવાંતર ભેદો - 'અણપન્નિક' આદિ છે. આ સોળે વ્યંતર દેવો કેવા છે ? અનવસ્થિત ચિત્તવાળા, અતિશય ચપળ, વિવિધ ક્રીડા અને પરિહાસ જેમને પ્રિય છે તેવા. ગંભીર હસિત, ગીત, નર્ત્તનમાં જેમની રતિ છે તેવા. વનમાલામય શેખરવાળા મુગટ અને કુંડલ તથા સ્વચ્છંદ વિકુર્વિત આભૂષણોને ધારણ કરે છે તથા સર્વ ઋતુવર્તી સુગંધી ફૂલોથી શોભિત લાંબી, શોભતી, કમનીય, અમુકુલિત, અમ્લાન પુષ્પમયી વિચિત્ર વનમાળા હૃદયે ધારણ કરે છે. તેઓ સ્વેચ્છાચારી છે. काम - સ્વેચ્છાથી, काम - મૈથુનસેવા જેમને છે તે कामकामा - અનિયતકામા. સ્વેચ્છાથી રૂપ અને ઈચ્છિત દેહને ધારણ કરનારા, તે કામરૂપદેહધારી.

- x - x - x - कंदर्प - કામોદ્દીપન વચન ચેષ્ટા, कलह - રાટિ, કેલિ-ક્રીડા, કોલાહલ-બોલ. અતિ પ્રભૂત હાસ્ય-બોલ યુક્ત, હાથમાં અસિ, મુદ્ગર, શક્તિ, કુંતવાળા. मणि - ચંદ્રકાંતાદિ, रत्न - કર્કેતનાદિ, અનેક મણિ-રત્નો વડે નિયુક્ત ચિહ્નવાળા.

ભગવન્ ! પિશાચ દેવોના ભૌમેય નગરો ક્યાં છે ? પ્રજ્ઞાપના સૂત્રના 'સ્થાનપદ' મુજબ જાણવું. તે આ રીતે — ભંતે ! પિશાચ દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના રજતમય કાંડના ૧૦૦૦ યોજન બાહલ્યના ઉપર-નીચેના ૧૦૦-૧૦૦ યોજન છોડી વચ્ચેના ૮૦૦ યોજનોમાં પિશાચ દેવોના તિર્છા અસંખ્યાતા ભોમેજ્જ નગરો છે તે ભોમેજ્જનગરો બહારથી વૃત્ત, ઈત્યાદિ ઔધિકવત્ કહેવું. ત્યાં ઘણાં પિશાચ દેવો વસે છે. કાલ, મહાકાલ નામે બે પિશાચેન્દ્રો વસે છે ઈત્યાદિ.



ભગવન્ ! દાક્ષિણિલ્લ પિશાચોના ભોમેજ્જ નગરો ક્યાં છે ? યાવત્ તે બહારથી વૃત્ત આદિ ઔધિકવત્ કહેવું. અહીં પિશાચોના ભોમેજ્જ નગરો કહ્યા છે. ભગવન્ ! દાક્ષિણિલ્લ પિશાચદેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીના રજતમય કાંડના મધ્યના ૮૦૦ યોજનોમાં દાક્ષિણિલ્લ પિશાચદેવોના ભૌમેય નગરો છે. ત્યાં ઘણાં દાક્ષિણિલ્લ પિશાચ દેવો વસે છે. ત્યાં કાલ પિશાચેન્દ્ર રહે છે. તે ત્યાં તિર્છા અસંખ્યાતા લાખ ભૌમેય નગરો, ૪૦૦૦ સામાનિક, ચાર અગ્રમહિષી સપરિવાર, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવાદિનું આધિપત્ય કરતાં યાવત્ વિચરે છે.

પર્ષદા નિરૂપણ-ભગવન્ ! પિશાચેન્દ્ર કાળની કેટલી પર્ષદા છે ? ગૌતમ ! ત્રણ. ઈસા-ત્રુટિતા-દૃઢ રથા ઈત્યાદિ પૂર્વવત્. દેવ-દેવીની સંખ્યા આદિ સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણવા - x - x - ભગવન્ ! ઉત્તરિલ્લ પિશાચના ભૌમેય નગરો ક્યાં છે ? તે દેવો ક્યાં વસે છે ? દાક્ષિણિલ્લ જેવી જ વક્તવ્યતા કહેવી. એ રીતે પિશાચ માફક ભૂતથી ગંધર્વ સુધી કહેવું. ભૂતના-સૂરૂપ અને પ્રતિરૂપ, યક્ષના પૂર્ણભદ્ર-માણિભદ્ર, રાક્ષસના ભીમ-મહાભીમ, કિંનરના કિંનર-કિંપુરુષ, કિંપુરુષના સત્પુરુષ-મહાપુરુષ, મહોરગના અતિકાય-મહાકાય, ગંધર્વના ગીતરતિ-ગીતયશ.

**૦ એ પ્રમાણે વ્યંતરો કહ્યા.**

## ❀ હવે જ્યોતિષ્કોને કહે છે ❀

-- x -- x -- x -- x --

**● સૂત્ર-૧૬૦ :-**

*ભગવન્ ! જ્યોતિષ્ક દેવોના વિમાનો ક્યાં કહેલા છે ? ભગવન્ ! જ્યોતિષ્ક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! દ્વીપ સમુદ્રોથી ઉપર, આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિ ભાગથી ૭૯૦ યોજન ઉપર ગયા પછી ૧૧૦ યોજન પ્રમાણ ઉંચાઈરૂપ ક્ષેત્રમાં તિર્છા જ્યોતિષ્ક દેવોના અસંખ્યાત લાખ વિમાનાવાસ કહ્યા છે. તે વિમાનો અર્દ્ધ કપિઠક સંસ્થાન સંસ્થિત છે. એ રીતે સ્થાનપદમાં કહ્યા મુજબ યાવત્ ત્યાં ચંદ્ર અને સૂર્ય જ્યોતિષેન્દ્ર, જ્યોતિષ્રાજ નિવાસ કરે છે. તેઓ મહર્દ્ધિક યાવત્ ભોગ ભોગવતા વિચરે છે.*

*ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ સૂર્યની કેટલી પર્ષદાઓ કહી છે ? ગૌતમ ! ત્રણ પર્ષદા – તુંબા, ત્રુટિતા, પ્રેત્યા. અભ્યંતરિકા-તુંબા, મધ્યમિકા-ત્રુટિતા, બાહ્યા-પ્રેત્યા. બાકી બધું 'કાલ' ઈન્દ્ર મુજબ જાણવું. પરિમાણ અને સ્થિતિ પણ તેમજ જાણવા. બાકી બધું 'ચમર'વત્ જાણવું. ચંદ્ર વિશે પણ તેમજ કહેવું.*

**● વિવેચન-૧૬૦ :-**

જ્યોતિષ્ક દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? તે દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિ ભાગથી રુચકને ઉપલક્ષીને ૭૯૦ યોજન ઉંચે-બુદ્ધિ વડે જઈને ૧૧૦ યોજન બાહલ્યમાં તિર્છા અસંખ્યાત યોજન કોટાકોટી પ્રમાણ જ્યોતિર્વિષયમાં આ પ્રદેશમાં જ્યોતિષ્ક દેવોના તિર્છા અસંખ્યાત લાખ જ્યોતિષ્ક વિમાનો છે, તેમ મેં અને બાકીના તીર્થંકરોએ પણ કહ્યું છે. તે વિમાનો અર્દ્ધ કપિત્થ સંસ્થાન સંસ્થિત છે.

અહીં આક્ષેપ-પરિહાર ચંદ્રપ્રજ્ઞપ્તિટીકા, સૂર્યપ્રજ્ઞપ્તિ ટીકા અને સંગ્રહણીટીકામાં બતાવેલ છે, ત્યાંથી અવધારવા.

સર્વ સ્ફટિકમય. જેમ પ્રજ્ઞાપના સૂત્રમાં 'સ્થાન' નામક બીજા પદમાં ચંદ્ર-સૂર્ય સુધી કહેલ છે, તેમ કહેવું. ઈત્યાદિ૦ આ પ્રમાણે – અભ્યુદ્ગત ઉચ્છ્રિત પ્રહસિત એવા વિવિધ મણિ-કનક રત્ન વડે ચિત્રિત, વાયુથી ઉડતી વિજય વૈજયંતી પતાકા, છત્રાતિછત્ર યુક્ત, તુંગ, ગગનતલને સ્પર્શતા શિખરોવાળા છે. તેની જાળીઓમાં રત્ન જડેલ છે, તે વિમાન આચ્છાદન ખસેડ્યા પછી પ્રગટ થયેલ વસ્તુ માફક ચમકદાર છે. તે મણિ અને રત્નોની સ્તૂપિકાથી યુક્ત છે તેમાં શતપત્ર અને પુંડરીક કમળ ખીલેલા છે. તિલકો અને રત્નમય અર્ધચંદ્રોથી તે ચિત્ર-વિચિત્ર છે, વિવિધ મણિમયમાલા વડે સુશોભિત છે. અંદર અને બહારથી સ્નિગ્ધ છે. તેના પ્રસ્તટ સોનાની રુચિર રેતીવાળા છે. તે સુખદ સ્પર્શવાળા, શ્રીસંપન્ન, સુરૂપ, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. અહીં જ્યોતિષ્ક વિમાનો છે. અહીં જ્યોતિષ્ક દેવો વસે છે, તે આ – ગુરુ,



ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનૈશ્ચર, રાહુ, ધૂમકેતુ, મંગળ. આ દેવો તપેલા સુવર્ણ સમાન કનકવર્ણી છે તથા જ્યોતિષ્ક ક્ષેત્રમાં વિચરતા, ગતિરતિક, અઠ્ઠાવીસ ભેદે નક્ષત્ર દેવગણો, વિવિધ સંસ્થાન સંસ્થિત અને પંચવર્ણી તારાઓ સ્થિત લેશ્ય, સંચાર કરનારા, અવિશ્રામ મંડલ ગતિ યુક્ત, પોતાના નામાંકિત ચિહ્નધારીઓ ત્યાં વસે છે.

તેઓ ત્યાં પોત-પોતાના લાખો વિમાનો, હજારો સામાનિકો, સપરિવાર અગ્રમહિષી, પર્ષદા, સૈન્ય, સૈન્યાધિપતિ, આત્મરક્ષક દેવો આદિનું આધિપત્યાદિ કરતાં યાવત્ વિચરે છે. અહીં બે મહર્દ્ધિક જ્યોતિષેન્દ્ર, જ્યોતિષ્રાજ ચંદ્ર અને સૂર્ય વસે છે. તેઓ ત્યાં પોત-પોતાના લાખો વિમાનો, ચાર-ચાર હજાર સામાનિકો, સપરિવાર ચાર-ચાર હજાર સામાનિકો, સપરિવાર ચાર-ચાર અગ્રમહિષી ઈત્યાદિનું આધિપત્યાદિ કરતાં વિચરે છે. અહીં અભ્યુદ્ગત - સર્વથા આભિમુખ્યથી ગયેલ - x - x - x - વાતોદ્ધૂતા - વાયુ વડે કંપિત, વિજય - અભ્યુદય સૂચિકા વૈજયંતી નામક પતાકા અથવા વિજય એ વૈજયંતીની પાર્શ્વકર્ણિકા કહેવાય છે - x - ઉપરી-ઉપરી સ્થિત છત્રો વડે યુક્ત.

તુંગ-ઉચ્ચ, ગગનતલ-આકાશતલ, - x - x - x - સ્તૂપિકા-શિખર, - x - x - તિલક - ભિંત આદિમાં રહેલ પુંડ્ર, અને રત્નમય અર્ધચંદ્ર. - x - x - શ્લક્ષ્ણ-મસૃણ, તપનીય-સુવર્ણ વિશેષ, તેનાથી યુક્ત રુચિર વાલુકા-રેતી, પ્રસ્તટ-પ્રતર તથા સુખ કે શુભ સ્પર્શયુક્ત. ગુરુ-ચંદ્ર-સૂર્ય આદિ ગ્રહો કંઈક સુવર્ણ વર્ણી છે. જ્યોતિષ્ ચક્રમાં જે ચાર ચરે છે, તે બાહ્ય દ્વીપ સમુદ્રમાં છે તે અગતિરતિક છે. જે ૨૮-નક્ષત્ર દેવગણો છે, તે બધાં પણ વિવિધ સંસ્થાન સંસ્થિત છે. તારાઓ પંચવર્ણી છે.

આ બધાં અવસ્થિત તેજોલેશ્યાવાળા છે, ચાર રત હોવાથી અવિશ્રામ મંડલ ગતિક છે. બધાં પોત-પોતાના નામથી અંકિત ચિહ્ન મુકુટવાળા છે. ચંદ્રના સ્વમુગટમાં ચંદ્રમંડલ લાંછન, સૂર્યમાં સૂર્યમંડલ, ગ્રહમાં ગ્રહમંડલ, નક્ષત્રમાં મંડલ છે.

પર્ષદા નિરૂપણાર્થે કહે છે – જ્યોતિષ્કેન્દ્ર સૂર્યની કેટલી પર્ષદા છે ? ત્રણ – તુંબા, ત્રુટિકા, પ્રેત્યા૦ ઈત્યાદિ પૂર્વવત્.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૩-માં દેવાધિકારનો સટીકાનુવાદ પૂર્ણ**

## ❀ પ્રતિપત્તિ-૩-“દ્વીપસમુદ્રાધિકાર” ❀

-- x -- x -- x -- x -- x --

૦ હવે તીર્છાલોકના પ્રસ્તાવથી દ્વીપ-સમુદ્ર વક્તવ્યતા કહે છે—

**● સૂત્ર-૧૬૧ :-**

***ભગવન્ ! દ્વીપ-સમુદ્રો ક્યાં છે ? ભગવન્ ! દ્વીપસમુદ્રો કેટલા છે ? ભગવન્ ! દ્વીપ સમુદ્રો કેટલા મોટા છે ? ક્યા સંસ્થાને છે ? ક્યા આકાર-ભાવ પ્રત્યાવતારથી છે ?***

***ગૌતમ ! જંબૂદ્વીપ આદિ દ્વીપો, લવણ આદિ સમુદ્રો છે. સંસ્થાનથી એકવિધ વિધાનવાળા, વિસ્તારથી અનેકવિધ પ્રકારે છે. બમણાં-બમણાં છે, પ્રત્યુત્પદ્યમાન-પ્રવિસ્તારમાણ-અવભાસમાન તરંગવાળા, ઘણાં ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પૌંડરીક, મહાપૌંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, પ્રફૂલ્લ કેસરા યુક્ત, પ્રત્યેકે પ્રત્યેક પદ્મવરવેદિકાથી ઘેરાયેલા, પ્રત્યેકે પ્રત્યેક વનખંડથી પરિક્ષિપ્ત છે. હે આયુષ્માન્ શ્રમણ ! તિર્છાલોકમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રો સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત કહેલા છે.***

**● વિવેચન-૧૬૧ :-**

भदंत - પરમ કલ્યાણયોગી ! દ્વીપ-સમુદ્રો ક્યાં છે ? આના વડે દ્વીપસમુદ્રોનું અવસ્થાન પૂછ્યું. કેટલી સંખ્યામાં છે ? આના વડે દ્વીપસમુદ્રોની સંખ્યા પૂછી. કેટલા મહાલય-આશ્રય, વ્યાપ્ય ક્ષેત્રરૂપ અર્થાત્ કેટલાં મોટા છે ? - x - આના દ્વારા દ્વીપ-સમુદ્રોનું આયામ-પરિમાણ પૂછ્યું. તેનું સંસ્થાન-આકાર શું છે તે પૂછ્યું. आकारभाव - સ્વરૂપ વિશેષ તે દ્વીપસમુદ્રોનું શું છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ આદિ દ્વીપ, લવણસમુદ્રાદિ સમુદ્રો છે. આના દ્વારા દ્વીપ-સમુદ્રોની આદિ કહી. આ ન પૂછવા છતાં ભગવંતે કહ્યું, આગળ તે ઉપયોગી છે. શિષ્યએ ન પૂછવા છતાં જાણવા માટે આ કથન કર્યુ છે. સંસ્થાનને આશ્રીને એક પ્રકારનો વિધાનવાળા છે અર્થાત્ એક સ્વરૂપવાળા છે. કેમકે બધાં વૃત્તસંસ્થાન સંસ્થિત છે. વિસ્તારને આશ્રીને વળી અનેક પ્રકારના છે અર્થાત્ વિસ્તારને આશ્રીને વિવિધ સ્વરૂપવાળા છે. તે કહે છે —

જે રીતે બમણાં-બમણાં થાય, એ રીતે ગુણન કરાતા પ્રકર્ષથી વિસ્તારને પામે છે. તેથી કહે છે — જંબૂદ્વીપ એક લાખ યોજન, લવણસમુદ્ર બે લાખ યોજન, ધાતકીખંડ ચાર લાખ યોજન ઈત્યાદિ. દૃશ્યમાન જળતરંગોથી તરંગિત છે. આ વિશેષણ સમુદ્રોમા તો પ્રતીત છે જ, દ્વીપોમાં પણ તે જાણવું. તેમાં પણ નદી, દ્રહ, તળાવા આદિમાં કલ્લોલનો સંભવ છે.

આ દ્વીપ-સમુદ્રો ઘણાં ઉત્પલ, પદ્મ, કુમુદ આદિ વડે વિકસિત કેસર વડે ઉપલક્ષિત-અત્યંત શોભિત છે. તેમાં ઉત્પલ-ગર્દભક, પદ્મ-સૂર્યવિકાસી, કુમુદ-ચંદ્ર વિકાસી, નલિન- કંક રક્ત પદ્મ. સુભગ-પદ્મવિશેષ, સૌગંધિક-કલ્હાર, પૌંડરીક-



સિતાંબુજ, તે જ મહાપૌંડરીક. - x - x - પ્રત્યેક દ્વીપ-સમુદ્ર પદ્મવરવેદિકા અને વનખંડથી ઘેરાયેલ છે. જંબૂદ્વીપાદિ દ્વીપ સ્વયંભૂરમણ દ્વીપ પર્યન્ત, લવણસમુદ્રાદિ સમુદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત આ તિર્છાલોકમાં જ્યાં આપણે છીએ તે અસંખ્યાત દ્વીપ સમુદ્રો કહ્યા છે. “આ તિર્છાલોકમાં” શબ્દથી ‘સ્થાન’ કહ્યું. असंखेज्ज - સંખ્યા કહી. બમણાં-બમણાં શબ્દથી ‘મહત્ત્વ’ કહ્યું. - x - હવે સ્વરૂપ કહે છે —

**● સૂત્ર-૧૬૨ :-**

***તેમાં આ જંબૂદ્વીપ નામક દ્વીપ બધાં દ્વીપસમુદ્રોમાં અભ્યંતર, સૌથી નાનો, વૃત્ત-તેલના પૂડલા જેવા આકારે રહેલ, વૃત્તરથ ચક્વાલ સંસ્થાન સંસ્થિત, વૃત્ત-પુષ્કર કર્ણિકા સંસ્થાન સંસ્થિત, વૃત્ત-પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, એક લાખ યોજન લંબાઈ-પહોળાઈથી, ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૧૨૮ ધનુષ્, ૧૩॥ અંગુલથી કંઈક અધિક પરિધિવાળું છે. તે એક જગતી વડે ચોતરફથી ઘેરાયેલો છે. તે જગતી આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચપણે, મૂળમાં ૧૨-યોજન વિષ્કંભથી, મધ્યે આઠ યોજન, ઉપર ચાર યોજન વિષ્કંભથી છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર તનુક, ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વ વજ્રમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, સપ્રભા, સકિરણ, સઉદ્યોત્, (તથા) પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતી.***

***તે જગતી એક જાલકટક વડે ચોતરફથી ઘેરાયેલી છે તે જાલકટક અર્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.***

**● વિવેચન-૧૬૨ :-**

તે દ્વીપ-સમુદ્ર મધ્યે જ્યાં આપણે વસીએ છીએ. તે જંબૂદ્વીપ નામે દ્વીપ છે. બધાં દ્વીપ-સમુદ્રોમાં સર્વાભ્યંતર. - x - તેથી કહે છે — બધાં પણ બાકીના દ્વીપ-સમુદ્રો જંબૂદ્વીપથી આરંભીને આગમ અભિહિત ક્રમથી બમણાં-બમણાં વિસ્તારથી છે, તેથી સર્વ દ્વીપ સમુદ્રોમાં સર્વાભ્યંતર છે. આના વડે જંબૂદ્વીપનું અવસ્થાન કહ્યું. તે બધાં દ્વીપસમુદ્રથી લઘુ, તેથી કહે છે — બધાં લવણાદિ સમુદ્ર, બધાં ધાતકીખંડાદિ દ્વીપો, જંબૂદ્વીપથી આરંભી બમણાં-બમણાં આયામ, વિષ્કંભ, પરિધિ છે, તેથી બીજા દ્વીપ-સમુદ્રાપેક્ષાથી લઘુ છે. આનાથી સામાન્યથી પરિમાણ કહ્યું. - x -

વૃત્ત-તેલ વડે પક્વ અપૂપ, પ્રાયઃ પરિપૂર્ણ વૃત્ત હોય છે. ઘીથી પકવેલ નહીં, તેના જેવું જે સંસ્થાન, તેના વડે સંસ્થિત. તથા વૃત્ત-રથચક્રવાલ સંસ્થિત - રથના અવયવ એવા ચક્ર-મંડલ, તેના જેવું સંસ્થાન. વૃત્ત-પુષ્કરકર્ણિકા અર્થાત્ પદ્મબીજ કોશ સંસ્થાનથી સંસ્થિત. વૃત્ત-પરિપૂર્ણ ચંદ્ર સંસ્થાન. આ રીતે જંબૂદ્વીપ સંસ્થાન કહ્યું.

હવે આયામાદિ પરિમાણ - આયામ-વિષ્કંભથી એક લાખ યોજન છે. પરિધિ-સૂત્રાર્થમાં કહી છે. આ પરિક્ષેપ પરિમાણ-સ્વયં ગણવું અથવા ક્ષેત્રસમાસ ટીકાથી ભાવના કરવી. - x -

હવે આકાર-ભાવ પ્રત્યવતાર-અનંતરોક્ત આયામ, વિષ્કંભ, પરિક્ષેપ પરિમાણ જંબૂદ્વીપ એક જગતી જે સુનગરના પ્રાકાર સમાન છે, તેનાથી બધી દિશામાં સામસ્ત્યથી સમ્યગ્ વેષ્ટિત છે તે જગતી ઉંચી આઠ યોજન છે ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. આ જગતી ગોપુચ્છના સંસ્થાનથી સંસ્થિત, ઉંચા કરેલ ગોપુચ્છ આકારે છે. તે સર્વથા વજરત્નાત્મિક, આકાશ-સ્ફટિકવત્ અતિ સ્વચ્છ, શ્લક્ષ્ણ પુદ્ગલ સ્કંધ નિષ્પન્ન, ઘુંટિત પટ માફક મસૃણ, શાનપત્થર વડે ઘસેલ પાષાણ પ્રતિમાવત્ ઘૃષ્ટ, મૃષ્ટ-સુકુમાર શાનથી રગડેલ પાષાણ પ્રતિમાવત્. સ્વાભાવિક રજોરહિત, આગંતુક મલના અભાવથી, કલંક કે કર્દમ રહિત, નિષ્કંટક-નિષ્કવચ, નિરાવરણ, નિરુપઘાત.

સપ્રભા-સ્વરૂપથી પ્રભાવાળી, સમરીચ-બહારનીકળતી કિરણોની જાળ, તેથી જ સોદ્યોત-બહાર રહેલ વસ્તુને પ્રકાશકારી, પ્રાસાદીય-મનને પ્રહ્લાદકારી, દર્શનીય-જેને જોતાં ચક્ષુ ન થાકે. અભિરૂપ-જોનારના મનને પ્રાસાદનુકૂળ. પ્રતિરૂપ-અસાધારણરૂપ.

તે - અનંતરોદિત સ્વરૂપવાળી જગતી જાળકટકથી-ભવનની ભીંતોમાં રહેલ જાલક, તેમનો સમૂહ. જાલકાકીર્ણ રમ્ય સંસ્થાન પ્રદેશ વિશેષ પંક્તિ, તે જાલ કટક વડે બધી દિશામાં ઘેરેલ. તેનું ઉચ્ચત્વાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. સર્વરત્નમયાદિ પૂર્વવત્.

● સૂત્ર-૧૬૩ :-

***તે જગતીની ઉપર બહુ મધ્ય દેશ ભાગમાં અહીં એક મોટી પદ્મવર વેદિકા છે. તે પદ્મવરવેદિકા ઉર્ધ્વ ઉચ્ચત્વથી અર્દ્ધ યોજન, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, સર્વરત્નમય, જગતી સમાન પરિધિથી છે. તથા સર્વ રત્નમયીય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.***

***તે પદ્મવર વેદિકાનું વર્ણન આ પ્રમાણે છે — વજ્રમય નેમ, રિષ્ટરત્નમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સોના-રૂપામય ફલક, વજ્રમય સંધિ, લોહિતાક્ષમય શૂચિઓ, વિવિધમણિમય કલેવર અને કલેવર સંઘાત, વિવિધમણિમય રૂપ અને રૂપ સંઘાત, અંકમય પક્ષ અને પક્ષબાહા, જ્યોતિરસમય વંશ અને વંશ કવેલ્લુક, રજતમય પટ્ટિકા, જાત્યરૂપમયી અવઘાટની, વજ્રમયી ઉપરની પુંછણીઓ, સર્વ શ્વેત રજતમય કવેલૂના આચ્છાદન છે.***

***તે પદ્મવર વેદિકા એક હેમજાલ, એક ગવાક્ષજાલ, એક ખિંખિણિજાલ યાવત્ મણિજાલ, કનકજાલ, રત્નજાલ, એક શ્રેષ્ઠ પદ્મજાલ [આ બધાં] વડે ચોતરફથી ઘેરાયેલી છે. તે જાલો તપનીય ઝૂમખાં, સુવર્ણ પ્રતર મંડિત, વિવિધ મણિરત્ન, વિવિધ હાર-અર્ધહાર વડે ઉપશોભિત સમુદય કંઈક અન્યોન્યસંપત્ત પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરાગત વાયુ વડે મંદ-મંદ હલતી-ચલતી, કંપતી-કંપતી, લંબાતી, ટકરાતી, શબ્દો કરતી, તે ઉદાર મનોજ્ઞ, કાન અને મનને સુખકારી શબ્દો વડે ચોતરફથી પૂરતી, શ્રી વડે અતીવ શોભતી રહેલી છે.***

***તે પદ્મવર વેદિકામાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં અશ્વ-હાથી-મનુષ્ય-***



***કિંનર-કિંપુરુષ-મહોરગ-ગંધર્વ-વૃષભ સંઘાટકો છે, જે સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, પ્રભા-કિરણો-ઉદ્યોત સહિત છે તેમજ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.***

***તે પદ્મવર વેદિકાના તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણી અશ્વપંક્તિઓ આદિ પૂર્વવત્ યાવત્ પ્રતિરૂપ છે. એ રીતે અશ્વવીથી, અશ્વયુગલ આદિ યાવત્ પ્રતિરૂપ છે, તે પદ્મવર વેદિકામાં ત્યાં-ત્યાં, તે-તે દેશમાં ઘણી જ પદ્મલતા, નાગલતા, અશોક-ચંપક-ચૂતવન-વાસંતિ-અતિમુક્તક-કુંદ અને શ્યામલતા નિત્ય કુસુમિત યાવત્ સુવિભક્ત પિંડમંજરી વતંસકધરી છે. તે સર્વે રત્નમય, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, પ્રભા-કિરણો-ઉદ્યોત સહિત છે, પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ છે.***

***તે પદ્મવર વેદિકામાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં અક્ષય સ્વસ્તિક કહ્યા છે. તે સર્વે રત્નમય, સ્વચ્છ ઈત્યાદિ છે.***

***ભગવન્ ! એવું કેમ કહે છે કે પદ્મવરવેદિકા પદ્મવર-વેદિકા છે ? ગૌતમ ! પદ્મવરવેદિકાના તે-તે દેશમાં ત્યાં-ત્યાં વેદિકામાં, વેદિકાબાહામાં, વેદિકા શીર્ષફલકમાં, વેદિકાપુટંતરમાં, સ્તંભ-સ્તંભની બાહા શીર્ષ અને પુડંતરમાં, શૂચિ-શૂચિમુખ ફલક અને પુટંતરમાં, પક્ષ-પક્ષબાહા અને પક્ષ પેરંતરમાં ઘણાં જ ઉત્પલ, પદ્મ યાવત્ શતસહસ્ર પત્રો છે. તે સર્વે રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ,ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, પ્રભા-કિરણો-ઉદ્યોત સહિત પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ છે. મોટા-મોટા વર્ષા કાળ સમયે લગાડેલા છત્રાકાર છે. તે કારણથી હે ગૌતમ ! એમ કહ્યું કે પદ્મવરવેદિકા એ પદ્મવર વેદિકા છે.***

***ભગવન્ ! પદ્મવરવેદિકા શાશ્વત છે કે અશાશ્વત ? ગૌતમ ! કિંચિત્ શાશ્વત છે - કિંચિત્ અશાશ્વત છે. ભગવન્ ! એમ કેમ કહ્યું કે કિંચિત્ શાશ્વત-કિંચિત્ અશાશ્વત છે ? ગૌતમ ! દ્રવ્યાર્થપણે શાશ્વત છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયથી અશાશ્વત છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે કે કિંચિત્ શાશ્વત-કિંચિત્ અશાશ્વત છે.***

***ભગવન્ ! પદ્મવરવેદિકા કાળથી કેટલો કાળ રહેશે ? ગૌતમ ! કદી ન હતી તેમ નથી, કદી નથી તેમ નથી, કદી નહીં હોય તેમ નથી. તે હતી - છે - રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય એવી પદ્મવર વેદિકા છે.***

● વિવેચન-૧૬૩ :-

[આ સૂત્રમાં પદ્મવર વેદિકાનું વર્ણન છે.] તે જગતીના ઉપરના તળમાં જે બહુમધ્યદેશભાગ છે - x - x - ત્યાં પૂર્વવત્ એક મોટી પદ્મવરવેદિકા મેં તથા બધાં તીર્થંકરે કહેલ છે. તેની ઉંચાઈ અડધું યોજન અર્થાત્ બે ગાઉ છે. ૫૦૦ ધનુષ્

વિષ્કંભ છે. જગતી સમાન પરિધિ છે. તે સર્વ રત્નમય છે. સ્વચ્છ, શ્લક્ષ્ણ ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્.

તે પદ્મવર વેદિકાનું સ્વરૂપ - યથાવસ્થિત સ્વરૂપ કીર્તન, વર્ણક નિવેશ આ પ્રમાણે છે — નેમ એટલે પદ્મવર વેદિકાના ભૂમિભાગથી ઉર્ધ્વ નીકળતો પ્રદેશ વજરત્નમય છે. મૂળ પાદ રિષ્ટરત્ન મય છે. સ્તંભ વૈડૂર્ય રત્નમય છે. ફલકો સોના-રૂપાના છે. શૂચિઓ લોહિતાક્ષ રત્નમય છે. સંધિ-બે ફલક છૂટા ન પડે તેવા હેતુ પાદુકા સ્થાનીય સંધિ બધી વજમય છે. અર્થાત્ વજ રત્ન વડે તે ફલકોની સંધિઓ પૂરેલી છે. વિવિદ મણિમય-મનુષ્ય શરીર, મનુષ્ય શરીરયુગ્મ, રૂપક, રૂપયુગ્મ છે. અંકરત્નમય પક્ષો અને પક્ષની બાહાઓ છે. - x - જ્યોતીરસ રત્નમય મહાન્ પૃષ્ઠવંશ, પૃષ્ઠવંશની બંને બાજુ તીર્છા સ્થપાતા વંશ કવેલ્લુક છે. વંશોની ઉપર કંબાસ્થાનીય પટ્ટીકા રજતમયી છે. સુવર્ણ વિશેષમય અવઘાટિન્ય-આચ્છાદન કિલિંચિકો છે. વજ રત્નમય એવી અવઘાટનીની ઉપર પુંછણી-નિબિડ આચ્છાદન હેતુ શ્લક્ષ્ણતર તૃણ વિશેષ છે. - x - x - સર્વ શ્વેત રજતમય છે.

આવી પદ્મવરવેદિકાના તે-તે પ્રદેશમાં એકૈક-સર્વથા સુવર્ણમય લટકતા માળાસમૂહ, ગવાક્ષાકૃતિ રત્નવિશેષ માળાસમૂહ, ક્ષુદ્ર ઘંટિકા જાળ, મહતી ઘંટિકા જાળ, મુક્તાફળમય માળા સમૂહ, મણીમય માળા સમૂહ, પીળા સુવર્ણની માળાનો સમૂહ, રત્નજાળ-રત્નમય પદ્મજાળ ઈત્યાદિથી બધી દિશા-વિદિશામાં ઘેરાયેલ છે. - x - x -

લાલ સુવર્ણમય માળાના અગ્રભાગે ઝુંમખા છે. પડખે સમસ્તપણે સુવર્ણપત્રક વડે મંડિત છે. વિવિધ મણી અને રત્નોના જે વિચિત્ર વર્ણવાળા અઢારસરા હાર, નવસરા હારથી શોભે છે. કંઈક અન્યોન્ય અસંલગ્ન છે પૂર્વાદિ વાયુ વડે તે મંદ મંદ કંપે છે - x - કંઈક કંપનના વશથી પ્રકર્ષથી અહીં-તહીં કંઈક ચલન વડે લંબાતા-વિશેષ લંબાતા, પરસ્પર સંપર્ક વડે શબ્દો કરતા-કરતા, ઉદાર શબ્દો થાય છે. તે મનને પ્રતિકૂળ પણ હોય, તેથી કહે છે મનોનુકૂળ છે. વળી આ મનોનુકૂલત્વ થોડું પણ હોય. તેથી કહે છે — શ્રોતાના મનને હરે છે, તેથી મનોહર છે તે મનોહરત્વ કાન અને મનને સુખનું નિમિત્ત છે. આવા શબ્દો વડે તે નીકટની દિશા-વિદિશાને આપૂરિત કરે છે તે રીતે શોભા વડે અતીવ ઉપશોભિત રહે છે.

તે પદ્મવર વેદિકાના તે-તે દેશમાં, જ્યાં એક છે ત્યાં બીજા પણ વિદ્યમાન છે (શું ?) અશ્વયુગ્મ. એ રીતે હાથી-કિંનર આદિના યુગ્મો પણ કહેવા. એ કેવા છે ? સંપૂર્ણ રત્નમય, આકાશ સ્ફટિકવત્ અતિ સ્વચ્છ, યાવત્ પ્રતિરૂપ અર્થાત્ પૂર્વોક્ત વિશેષણો લેવા. આ બધાં અશ્વયુગ્માદિ પુષ્પાવકીર્ણ કહ્યા. હવે આ અશ્વાદિની પંક્તિ આદિ પ્રતિપાદનાર્થે કહે છે — તેની પંક્તિ, વીથી, યુગલો છે. - x - પંક્તિ એટલે એક દિશામાં જે શ્રેણી તે. બંને બાજુ એકૈક શ્રેણિ ભાવથી જે બે શ્રેણી તે વીથી. - x - આ અશ્વ આદિની સ્ત્રી-પુરુષ યુગ્મ તે મિથુન કહેવાય છે. જેમકે



અશ્વમિથુન આદિ.

તે પદ્મવર વેદિકાના તે-તે દેશમાં. જ્યાં એક લતા છે, ત્યાં બીજી પણ ઘણી લતા છે તેમ જાણવું. ઘણી પદ્મિની, નાગ વૃક્ષની લતા-તીર્છી શાખાનો પ્રસાર. વનતરુ વિશેષ. આ બધી લતાં જે સૂત્રમાં કહી છે તે કેવી છે ? સર્વકાળ છ ઋતુક. કુસુમિત - જેમાં પુષ્પો આવેલા છે તેવી. મુકુલિત-કળીઓ હોવી તે. પલ્લવિત, સ્તબકિત, ગુલ્મિત, યમલિત, યુગલિત. સર્વકાળ ફળના ભારથી નમેલ-કંઈક નમેલ અને મહાભારથી વધારે નમેલ. સુવિભક્ત, પ્રતિવિશિષ્ટ મંજરીરૂપ અવતંસકને ધારણ કરનારી.

અહીં કુસુમિતત્વાદિ ધર્મ એકૈક લતાનો કહ્યો. હવે કેટલીક લતાનો સર્વ કુસુમિત આદિ ધર્મ કહે છે — નિત્યં કુસુમિતાદિ૦ આ લતા સર્વથા રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ આદિ છે.

હવે પદ્મવર વેદિકાનું શબ્દ પ્રવૃત્તિ નિમિત્ત પૂછે છે — - x - x - પદ્મવર વેદિકાના દેશ-પ્રદેશમાં, વેદિકા-બેસવા યોગ્ય મત્ત વારણરૂપ, વેદિકાના પડખા, વેદિકા પુટના અપાંતરાલમાં, એ રીતે સ્તંભ, સ્તંભપાર્શ્વ, સ્તંભશીર્ષ, બે સ્તંભન, અંતરમાં, ફલક છુટા ન પડે તે માટે પાદુકા સ્થાનીય શૂચિમાં, જ્યાં શૂચિ, ફલકને ભેદીને મધ્યે પ્રવેશે, તેની નીકટના દેશમાં, શૂચિ સંબંધી ફલક પ્રદેશો, બે શૂચિનું અંતર. ઈત્યાદિમાં ઘણાં ઉત્પલ, સૂર્યવિકાસી-ચંદ્રવિકાસી કમળ ઈત્યાદિ કમળો છે. તે સંપૂર્ણ રત્નમય આદિ છે. વર્ષાકાળે પાણીથી રક્ષણાર્થે કરેલ તે વાર્ષિક એવા છત્રો, તેના સમાન છે. આ કારણોથી તેને પદ્મવર વેદિકા કહે છે - x - પદ્મપ્રધાન વેદિકા તે પદ્મવરવેદિકા.

પદ્મવર વેદિકા શાશ્વતી છે કે અશાશ્વતી ? કથંચિત્ નિત્ય [શાશ્વતી] અને કથંચિત્ અશાશ્વતી છે. કેમ ? દ્રવ્યાસ્તિક નયના મતે શાશ્વતી. દ્રવ્યાસ્તિક નય દ્રવ્યને જ તાત્વિક માને છે પર્યાયોને નહીં. દ્રવ્ય અન્વયિપરિણામી છે. અન્યથા દ્રવ્યત્વનો અયોગ થાય. અન્વયિત્વથી સર્વકાળ ભાવિથી શાશ્વતી છે પરંતુ સમુત્પન્ન થનાર વર્ણ-ગંધ-રસ-સ્પર્શના પર્યાયોથી અને ઉપલક્ષણ થકી અન્ય પુદ્‌ગલ વિચટન-ઉચ્ચટનથી અશાશ્વતી છે. કેમકે પર્યાયાસ્તિક નયના મતે પર્યાયની પ્રધાનતા છે. પર્યાય કેટલાંક કાળે તો વિનાશ પામે જ છે. અહીં દ્રવ્યાસ્તિક નયવાદી કહે છે — ઉત્પાદ અત્યંત અસત્ નથી, વિનાશ સત્ નથી, જે વસ્તુનો ઉત્પાદ અને વિનાશ દેખાય છે, તે આવિર્ભાવ કે તિરોભાવ માત્ર છે માટે નિત્ય છે.

ફરી પૂછે છે હે પરમ કલ્યાણયોગી ! પદ્મવર વેદિકા કેટલો કાળ રહેશે ? અનાદિ હોવાથી સર્વદા હતી, સર્વદા રહેલી છે અને સર્વદા રહેશે જ. કેમકે અનંત છે. ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવે છે. ધ્રુવ હોવાથી સદા સ્વરૂપે નિયત છે. નિયતત્વથી શાશ્વતી છે - x - x - વળી યથોક્ત સ્વરૂપ આકારથી પરિભ્રંશ તે ક્ષય. જેમાં ક્ષય વિદ્યમાન નથી તે અક્ષય. અક્ષયત્વથી જ અવ્યય. પોતાના સ્વરૂપથી ચલિત થવાનું અસંભવ હોવાથી અવ્યય. અવ્યયત્વથી સ્વપ્રમાણમાં અવસ્થિત, માનુષોત્તર પર્વતના

બહારના સમુદ્રવત્. સ્વપ્રમાણમાં સદા અવસ્થાનથી નિત્ય-ધર્માસ્તિકાયાદિવત્.

● સૂત્ર-૧૬૪ :-

*તે જગતીની ઉપર બહારની પદ્મવરવેદિકામાં અહીં એક મોટું વનખંડ કહ્યું છે. તે દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી છે અને તેની પરિધિ જગતી સમાન છે. તે વનખંડ કૃષ્ણ, કૃષ્ણ આભાવાળું યાવત્ અનેક શકટ-રથ-યાન-યુગ્ય પરિમોચન, સુરમ્ય, પ્રાસાદીય, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિષ્પંક, નિર્મળ, નિષ્કંટકછાયા, પ્રભા-કિરણ-ઉધોત્ સહિત, પ્રાસાદીયાદિ છે.*

*તે વનખંડની અંદર બહુસમરણીય ભૂમિભાગ છે. જેમકે — આલિંગપુષ્કર, મૃદંગપુષ્કર, સરતલ, કરતલ, આદર્શમંડલ, ચંદ્રમંડલ, સૂર્યમંડલ, ઘેટાં-વૃષભ-વરાહ-સીંહ-વાઘ-વૃક કે દીપડાનું ચામડું હોય. તે જ્યારે શંકુ પ્રમાણ હજારો ખીલીથી તાડિત હોય ત્યારે તે સંપૂર્ણ સમતલ થઈ જાય છે. તે વનખંડ આવર્ત્ત, પ્રત્યાવર્ત્ત, શ્રેણી, પ્રશ્રેણી, સ્વસ્તિક, સૌવસ્તિક, પુષ્યમાણવ, વર્ધમાનક, મત્સ્યકંડક, મકરંડક, જારમાર લક્ષણવાળી પુષ્પાવલી, પદ્મપત્ર, સાગરતરંગ, વાસંતીલતા, પદ્મલતાદિ વિવિધ ચિત્રયુક્ત મણિ અને તૃણોથી સુશોભિત છે. તે મણિઓ છાયા-કિરણ-ઉધોત સહિત, વિવિધ પંચવર્ણી તૃણ અને મણિથી શોભે છે. તે આ પ્રમાણે - કૃષ્ણ યાવત્ શુક્લ.*

*તેમાં જે તે કૃષ્ણ તૃણ અને મણી છે તેનું વર્ણન આ પ્રમાણે છે — જેમ કોઈ જળ ભરેલ વાદળ, અંજન, ખંજન, કાજલ, મસી, ગુલિકા, ગવલ, ગવલગુલિકા, ભ્રમર, ભ્રમરાવલિ, ભ્રમર પત્રગતસાર, જાંબુના ફળ, આર્દ્ર અરીઠો, પરિપુષ્ટક, ગજ, ગજકલભ, કૃષ્ણસર્પ, કૃષ્ણ કેસરા, આકાશ થિગ્ગલ, કૃષ્ણાશોક, કૃષ્ણકણવીર કે કૃષ્ણબંધુજીવક હોય. તેના જેવો કાળો વર્ણ તેનો હોય ? ગૌતમ ! ના, આ અર્થ સમર્થ નથી. તે કૃષ્ણ તૃણ અને મણી આના કરતાં પણ ઈષ્ટતરક, કાંતતરક, પ્રિયતરક, મનોજ્ઞતરક, મણામતરક વર્ણવાળું કહેલ છે.*

*તેમાં જે નીલ તૃણ અને મણી તેનું વર્ણન આ પ્રમાણે કહેલ છે — જેમ કોઈ ભૃંગ-ભૃંગપત્ર, ચાસ-ચાસપિચ્છ, શુક-શુકપિચ્છ, નીલી-નીલીભેદ-નીલીગુલિકા, શ્યામાક, ઉચ્ચંતક, વનરાજી, બળદેવનું વસ્ત્ર, મોરની ગ્રીવા, પારેવાની ગ્રીવા, અતસીકુસુમ, અંજનકેશિકાકુસુમ, નીલોત્પલ, નીલાશોક, નીલકણવીર કે નીલબંધુજીવક હોય. શું તેના જેવા નીલવર્ણ આ તરુ અને મણીનો હોય ? ના, તે અર્થ સમર્થ નથી. તે નીલ તૃણ અને મણી આના કરતાં પણ ઈષ્ટતરક યાવત્ મણામતરક વર્ણથી કહેવાયેલ છે.*

*તેમાં જે લોહિતક તૃણ અને મણી છે, તેનું વર્ણન આ પ્રમાણે છે — જેમ કોઈ સસલાનું લોહી, ઘેટા-મનુષ્ય-વરાહ કે મહિસનું લોહી, બાલ ઈન્દ્રગોપ, બાલસૂર્ય, સંધ્યાના વાદળનો રંગ, અર્ધ ચણોઠીનો રંગ, જાતિહિંગલોક, શિલપ્રવાલ, પ્રવાલાંકુર, લોહિતાક્ષમણિ લાક્ષારસ, કૃમિરાગ, રક્તકંબલ, ચણાના લોટનો ઢગલો, જાસુદનું ફૂલ, કિંશુકનું ફૂલ, પારિજાતના ફૂલ, રક્તોત્પલ, રક્તાશોક, રક્ત કણેર, રક્ત બંધુજીવક આ બધાં જેવો લાલ રંગ તેનો હોય ? ના, તે અર્થ સમર્થ નથી. તે લોહિતક [લાલ] તૃણ અને મણી આનાથી પણ ઈષ્ટતરક ઈત્યાદિ યાવત્ વર્ણથી કહ્યા છે.*



*તેમાં જે પીળા તૃણ અને મણીનું આવું વર્ણન છે - જેમ કોઈ :— ચંપક - ચંપકની છાલ-ચંપકખંડ, હળદર-હળદર ખંડ-હળદરની ગોળી, હરિતાલ-હરિતાલખંડ-હળદરની ગોળી, હરિતાલ-હરિતાલખંડ-હરિતાલ ગુલિકા ચિકુર-ચિકુરંગરાગ, વરકનક-વરકનકનિઘસ, સુવર્ણશિપ્રિય, ઉત્તર પુરુષનું વસ્ત્ર, શલ્લકી કુસુમ, ચંપક કુસુમ, કુહંડિકા-કોરંટક-તડપુટ-ઘોષાડિયા-સુવર્ણયૂથિકા-સુહરણ્યિકા કે બીજગ કુસુમ, પીતાશોક, પીત કણેર, પ્રીયબંધુજીવ. એ બધાં જેવો પીળો વર્ણ છે શું ? ના, આ અર્થ સમર્થ નથી. તે પીળા તૃણ અને મણી આના કરતાં પણ ઇષ્ટતર યાવત્ વર્ણથી કહેલ છે.*

*તેમાં જે શ્વેત તૃણ અને મણી છે, તેનું આવું વર્ણન છે — અંક, શંખ, ચંદ્ર, કુંદ, કુસુમ, દકરજ, ઘનદહીં, ક્ષીર, ક્ષીરપૂર, હંસ-કૌંચ-હાર-બલાક-ચંદ્ર-શારદીયબલાહકની શ્રેણી, ધંતધોત-રૂપ્યપટ્ટ, ચોખાના લોટનો ઢગલો, કુંદપુષ્પરાશી, કુમુદરાશી, શુકછિવાડી, પેહુણમિંજ, બિસ, મૃણાલિકા, ગજદંત, લવંગદલ, પુંડરીક દલ, સિંદુવારમાલ્યદામ, શ્વેત અશોક, શ્વેત કણવીર, શ્વેત બંધુજીવક, શું આ બધાં જેવો શ્વેત વર્ણ છે ? ના, આ અર્થ સમર્થ નથી. તેનાથી પણ તે શુક્લ તૃણ અને મણી ઈષ્ટતરકાદિ યાવત્ વર્ણથી છે.*

*ભગવન્ ! તે તૃણ અને મણીની કેવી ગંધ કહી છે ? જેમકે — કોષ્ઠપુટ, પત્ર-ચોય-તગર-એલચી-કિરિમેરી-ચંદન-કુંકુમ-ઉસીર-ચંપક-મરુતક-દમનક-જાતિ-જૂહિકા-મલ્લિય-નોમાલિય-વાસંતિક-કેતકી કે કર્પૂરનું પુટ હોય. અનુવાતમાં ઉઘાડતા, ભેદ કરતા, કૂટતા, નાના ખંડ કરતા, ઉડાડતા-વિખેરતા, પરિભોગ કરાતા, એક ભાંડથી બીજા ભાંડમાં સંહરતા, જેવી મનોજ્ઞ અને ઉદાર, ઘ્રાણ અને મનને સુખકારી, ચોતરફથી ગંધ ફેલાય છે, આવી ગંધ તેની હોય છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે તૃણ અને મણીની ગંધ આનાથી પણ ઈષ્ટતર યાવત્ મણામતર કહી છે.*

*ભગવન્ ! તે તૃણ અને મણીનો કેવો સ્પર્શ કહ્યો છે ? જેમ કોઈ આજિન, રૂ, બૂર, નવનીત, હંસગર્ભતુલી, શિરીષકુસુમનો સમૂહ, બાલ કુમુદ પત્રનો ઢગલો હોય. આ બધાં જેવો સ્પર્શ તેનો છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે તૃણો અને મણીઓ આના કરતા પણ ઈષ્ટતરક આદિ યાવત્ સ્પર્શથી કહેલ છે.*

*ભગવન્ ! તે તૃણ અને મણીઓ, પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તર દિશાથી આવતા વાયુથી મંદ-મંદ એજિત-વેજિત-કંપિત-ક્ષોભિત-ચાલિત-સ્પંદિત-ઘટ્ટિત-ઉદીરિત કરાતા કેવો શબ્દ થાય છે ? જેમ કોઈ શિબિકા, સ્યંદમાનિકા, શ્રેષ્ઠ રથ જે*

*છત્ર-ધ્વજ-ઘંટ-શ્રેષ્ઠ તોરણ-નંદિઘોષ-ઘંટિકાથી યુક્ત એવી સુવર્ણની માળા સમૂહોથી ચોતરફથી વ્યાપ્ત છે. જે હિમવંત પર્વતના ચિત્ર-વિચિત્ર-તિનિશ લાકડીથી બનેલ, સોનાથી ખચિત છે. જેના આરા સારી રીતે લાગેલ છે, જેની ધુરા મજબૂત છે. જેના પૈડા ઉપર લોઢાની પટ્ટી ચઢાવેલ હોય, ગુણયુક્ત શ્રેષ્ઠ ઘોડા જોડેલ હોય. કુશળ અને દક્ષ સારથી હોય. પ્રત્યેકમાં સો-સો બાણવાળા બત્રીશ તૂણીર જેમાં લાગેલ હોય, કવચ જેનો મુગટ હોય, ધનુષ્ સહિત બાણ અને ભાલા આદિ શસ્ત્રો તથા આવરણોથી પરિપૂર્ણ હોય, યુદ્ધ નિમિત્તે સજાવાયેલ હોય. રાજાંગણ કે અંતઃપુરમાં મણીથી જડેલ ભૂમિતલમાં વારંવાર વેગથી ચાલતો હોય, આવતો-જતો હોય, ત્યારે જે ઉદાર, મનોજ્ઞ, મન અને કાનને તૃપ્ત કરનાર શબ્દ ચોતરફથી નીકળે, તેના જેવો શું તૃણો અને મણીનો શબ્દ હોય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.*

*જેમ કોઈ વૈતાલિકા, વીણા, ઉત્તરમંદા મૂર્છનાથી યુક્ત, ખોળામાં સારી રીતે રાખેલ હોય, ચંદનસારથી નિર્મિત કોણ વડે ઘર્ષિત કરાતી હોય, વગાડવામાં કુશળ નર-નારી વડે સંગૃહીત હોય, પ્રાતઃકાળ અને સંધ્યાકાળે મંદ-મંદ અને વિશેષરૂપે કંપિત કરાતી, વગાડાતી, ક્ષોભિત, ચાલિત, સ્પંદિત, ઘર્ષિત અને ઉદિરિત કરવાથી જેવો ઉદાર, મનોજ્ઞ, કાન અને મનને તૃપ્તિકર શબ્દ ચોતરફથી નીકળતો હોય, શું તેવો તે તૃણ-મણીનો શબ્દ છે ? ગૌતમ ! આ અર્થ સમથી નથી.*

*જેમ કોઈ કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ હોય. તે ભદ્રશાલ-નંદન-સોમનસ-પાંડુક વનમાં ગયેલ હોય, હિમવંત-મલય-મેરુ-ગિરિગુફામાં બેઠેલ હોય, એક સ્થાને એકઠા થયા હોય, પરસ્પર સંમુખ બેઠા હોય, સુખપૂર્વક આસીન હોય, સમસ્થાને સ્થિત હોય, જે પ્રમુદિત અને ક્રીડામાં મગ્ન હોય, ગીતરતિ હોય, ગંધર્વ નાટ્યાદિથી જેનું મન હર્ષિત થઈ રહ્યું હોય, તે ગંધર્વાદિના ગદ્ય, પદ્ય, કથ્ય પદબદ્ધ, પાદબદ્ધ, ઉત્ક્ષિપ્ત, પ્રવર્તક, મંદાક એ આઠ પ્રકારના ગેયને, રોચિતાવસાનને, સાત સ્વરોથી યુક્ત ગેયને, આઠ રસ સુસંપ્રયુક્ત, છ દોષ વિપ્રમુક્ત, અગિયાર ગુણાલંકાર અને આઠ ગુણોથી યુક્ત, વાંસળીની સુરીલી અવાજથી ગવાતા ગેયને, રાગથી રક્ત, ત્રિસ્થાન-કરણ શુદ્ધ, મધુર-સમ-સુલલિત, વાંસળી અને તંત્રી વગાડાતા બંનેના મેળ સાથે ગવાતું ગેય, તાલ-લય-ગ્રહ સંપ્રયુક્ત, મનોહર, મૃદુ અને રિભિત પદ સંચાર વાળા, શ્રોતાને આનંદ દેનાર, અંગોના સુંદર ઝુકાવવાળા, શ્રેષ્ઠ-સુંદર દિવ્ય ગીતો ગાનાર તે કિન્નરાદિના મુખથી નીકળતા શબ્દ જેવા તે તૃણ-મણીના શબ્દ હોય છે શું ? હા, ગૌતમ ! આવા પ્રકારે તે શબ્દો હોય.*

● વિવેચન-૧૬૪ :-

તે જગતી ઉપર પદ્મવર વેદિકાના બહિર્વર્ત્તી પ્રદેશ, તેમાં એક મહાન્ વનખંડ છે. અનેક ઉત્તમ જાતીય મહીરુહ સમૂહ વનખંડ છે. - x - તે પ્રત્યેક દેશોન બે યોજન





વિષ્કંભથી છે. તે વનખંડ કેવું છે ? કૃષ્ણ ઇત્યાદિ. અહીં પ્રાયઃ વૃક્ષોની મધ્યવયમાં વર્તમાન પત્રો કૃષ્ણ નહીં પણ તેવો પ્રતિભાસ પણ છે. તેથી કહ્યું — જેટલા ભાગમાં કૃષ્ણ પત્રો છે, તેટલા ભાગમાં તે વનખંડ કૃષ્ણ ભાસે છે તેથી કૃષ્ણાવભાસ કહ્યું. તથા હરિતત્વને ઓળંગીને કૃષ્ણત્વને અસંપ્રાપ્ત પત્રો છે, તે નીલ પત્રોના યોગે વનખંડ પણ નીલ છે. તે રીતે જ નીલાવભાસ પૂર્વવત્ સમજવું.

યૌવનમાં તે જ પત્રો કિશલયત્વ અને રક્તત્વને ઓળંગીને કંઈક હરિતના લાભથી પાંડૂ હોય ત્યારે હરિત કહેવાય છે. તેના યોગથી વનખંડ પણ હરિત કહેવાય છે. હરિતાવભાસ પૂર્વવત્. બાલ્યપણાને ઓળંગીને વૃક્ષોના પત્રો શીત થાય છે, તેના યોગથી વનખંડ પણ શીત છે. શીતાવભાસ - અધોભાગવર્તી વ્યંતર દેવ-દેવીના યોગે શીત વાત સંસ્પર્શ છે. - x -

તથા આ કૃષ્ણ-નીલ-હરિતવર્ણા જે કારણે પોતાના રૂપે અત્યર્થ ઉત્કટ સ્નિગ્ધ કહેવાય છે, તેથી તેના યોગમાં વનખંડ પણ સ્નિગ્ધ અને તીવ્ર કહ્યું. તેનો અવભાસ પણ જાણવો. આવો અવભાસ ભ્રમ પણ હોય, જેમ મૃગજળ. તેથી અવભાસ માત્રના ઉપદર્શનથી યથાવસ્થિત વસ્તુ સ્વરૂપ વર્ણિત્ ન થાય, પણ યથાવસ્તુ સ્વરૂપ પ્રતિપાદનથી પછી કૃષ્ણત્વાદિ તથા સ્વરૂપ પ્રતિપાદનાર્થે અનુવાદ સહ વિશેષથી કહે છે —

કૃષ્ણછાય - સર્વ અવિસંવાદિતતાથી તેમાં કૃષ્ણ આકાર પામે છે. ભ્રમ કે અવભાસમાત્રથી નહીં - x - આ પ્રમાણે નીલ, નીલચ્છાય પણ કહેવું. માત્ર શીત-શીતછાય ન કહેવું. કેમકે છાયા શબ્દ આતપનો પ્રતિપક્ષ વસ્તુ વાચી જાણવો.

घणकडियच्छाए - અહીં શરીરના મધ્ય ભાગમાં કેડ છે, તેથી બીજાના મધ્ય ભાગને પણ 'કેડ'-કમર જ કહે છે ઘન - અન્યાન્યશાખા-પ્રશાખાના પ્રવેશથી નિબિડ મધ્ય ભાગમાં છાયા જેની છે તે. પાઠાંતરથી कट વડે સંજાત તે कटित - કટના અંતરથી ઉપર આવૃત્ત કટિત એવો આ કટ તે કટિત કટ. તેના જેવી અધોભૂમિમાં છાયા જેની છે તે ઘનકટિતચ્છાય. તેથી જ રમણીય. જળના ભારથી નમેલ વર્ષાકાળભાવી મેઘસમૂહ, તે ગુણથી પ્રાપ્ત.

તે વનખંડ અંતર્ગત્ વૃક્ષો મૂળવંત, કંદવત્ એ રીતે સ્કંધ-ત્વક્-શાખા-પ્રવાલ-પત્ર-પુષ્પ-ફળ-બીજવંત કહેવા. તેમાં મૂલ - પ્રસિદ્ધ છે, कंद ની નીચે પ્રસરે છે, કંદ તે મૂળની ઉપર વર્તે છે, તે પણ પ્રસિદ્ધ છે. स्कंध - થડ, જેમાંથી મૂળશાખા નીકળે છે. त्वक् - છાલ, प्रवाल - પલ્લવાંકુર. તે મૂલાદિ ક્રમથી સારી રીતે ઉત્પન્ન તે આનુપૂર્વી સુજાત, रुचिल - સ્નિગ્ધતાથી દેદીપ્યમાન. વૃત્તભાવથી પરિણત - બધી દિશા-વિદિશામાં શાખા અને પ્રશાખા વડે પ્રસૃત જેથી વર્તુલ થયેલ.

તે વૃક્ષો પ્રત્યેક એક સ્કંધવાળા છે. અનેક શાખા-પ્રશાખા વડે મધ્ય ભાગમાં વિસ્તાર જેનો છે તે. તિર્છી બે બાહુ પ્રસારણ પ્રમાણ તે વ્યામ. અનેક પુરુષ વ્યામ વડે અગ્રાહ્ય. ઘન અને વિસ્તીર્ણ સ્કંધ જેમાં છે તે. अच्छिद्रपत्र - તે પત્રમાં વાત અને કાળ દોષથી તેમાં ઈતિ ઉપજતી નથી, તે પત્રોમાં છિદ્રો નથી શાખા-પ્રશાખાના

અનુપ્રવેશથી પત્રોમાં કંઈપણ અપાંતરાલ કે છિદ્ર થતાં નથી, તેથી અવિરલપત્ર કહ્યું. તે પત્ર વાયુ વડે ઉપહત કે પાડેલ નથી અર્થાત્ ત્યાં પ્રબળ વાયુ નથી, જેનાથી પત્રો તુટીને ભૂમિ ઉપર પડે છે. તેથી અવાતીનપત્રત્વથી અવિરલપત્ર કહ્યું.

અણઈઇ - જેમાં ઈતિ વિદ્યમાન નથી તે. અનીતિપત્રપણાથી અચ્છિદ્ર પત્ર કહ્યું. જેમાંથી જરઠ અને પાંડુ પત્ર દૂર કરાયેલ છે તે. અર્થાત્ જે વૃક્ષસ્થાને જરઠ પાંડુ પત્રો છે, તે વાયુ વડે ઘસડી-ઘસડીને ભૂમિ ઉપર પાડીને, ત્યાંથી બીજે લઈ જાય છે. પ્રત્યગ્રથી હરિત-નીલ ભાસતા, સ્નિગ્ધ ત્વચાથી દીપતા, દલ સંચયથી થતાં અંધકાર વડે મધ્યભાગ ન દેખાતો હોય તેવું તથા નિરંતર વિનિર્ગત નવતરુણ પલ્લવ વડે તથા કોમલ અને શુદ્ધ એવા કંઈક કંપતા કિશલય-પલ્લવ વિશેષ, સુકુમાર પલ્લવ અંકુરથી શોભતા, શ્રેષ્ઠ અંકુરયુક્ત અગ્રશિખર જેમાં છે તે. - x - x - x - અહીં અંકુર-પ્રવાલાદિથી કાળકૃત્ અવસ્થા વિશેષ જાણવી. નિત્ય કુસુમિત, મુકુલિત ઇત્યાદિ પૂર્વવત્.

પક્ષીગણોનું મિથુન-સ્ત્રીપુરુષ યુગલ વડે અહીં તહીં વિચરિત, ઉન્નત શબ્દક મધુરસ્વર અને નાદિત, તેથી જ સુરમ્ય છે. અહીં શુક - પોપટ, બર્હિણો - મયૂર, મદનશલાકા, સારિકા, કોકીલા, ચક્રવાક ઈત્યાદિ જીવ વિશેષ. એકત્ર થયેલા. મદોન્મત્તપણે દર્પથી ધ્માત, ભ્રમર અને મધુકરીનો સંઘાત તથા પરિલીયમાન - બીજેથી આવી-આવીને ઉન્મત્ત ષટ્પદો ભમે છે. કિંજલ્ક પાનમાં લંપટ અને મધુર શબ્દ વિશેષને કરે છે. - x - x -

બાહિરપત્તચ્છન્ન - બહાર પત્ર વડે છન્ન-વ્યાપ્ત. અવચ્છન્નપરિચ્છન્ન - અત્યંત આચ્છાદિત. નીરોગ - રોગ વર્જિત. અકંટક - કંટક રહિત, તેની મધ્યે બબુલાદિના વૃક્ષો ન હોય. - x - x - નાના પ્રકારનતા ગુચ્છાથી - વૃંતાકી આદિ. ગુલ્મ-નવમાલિકાદિ, મંડપ-દ્રાક્ષાદિનો માંડવો, તેના વડે ઉપશોભિત. શુભ - મંગલભૂત, કેતુ - ધ્વજા, બહુલ - વ્યાપ્ત. વાપી-ચાર ખૂણાના આકારે. દીર્ધિકા - ઋજુસારિણી. નિર્હારિમ - તે સુગંધને દૂર લઈ જતી.

સુહસેઉકેઉબહુલ - તેમાં શુભ - પ્રધાન, સેતુ - માર્ગ, કેતુ - ધ્વજા, બહુલ - અનેકરૂપ જેના છે તે. અણેગરહજાણજુગ્ગસિબિય સંદમાણિપડિમોયણા - તેમાં રથ - બે ભેદે છે - ક્રીડા રથ અને સંગ્રામ રથ, યાન - સામાન્યથી વાહન, યુગ્ય - ગોલ્લ દેશ પ્રસિદ્ધ બે હાથ પ્રમાણ વેદિકા વડે ઉપશોભિત જંપાન. શિબિકા - કૂટાકારથી આચ્છાદિત જંપાન વિશેષ, સ્યન્દમાનિકા - પુરુષ પ્રમાણ જંપાન વિશેષ. પાસાઇય - પ્રાસાદીય આદિ ચાર પદો પૂર્વવત્.

તે વનખંડના અંત - મધ્યમાં બહુસમ રમણીય ભૂમિ ભાગ કહેલ છે. કેવો ? આલિંગપુક્ખર - મુરજ નામે વાધ વિશેષ, તેનું પુષ્કર-ચર્મપુટક, તે ખરેખર અત્યંત સમ હોવાથી ઉપમા કહી. ઇતિ શબ્દ, બધે જ સ્વ-સ્વ ઉપમાભૂત વસ્તુ પરિસમાપ્તિ ધોતક છે. મૃદંગ-લોક પ્રતીત મર્દલ, તેનું પુષ્કર. તડાગ - સરોવર, તેનું તલ - ઉપરનો



ભાગ તે સરસ્તલ. ચંદ્રમંડલ જો કે તત્ત્વવૃત્તિથી ઉત્તાનીકૃત કપિત્થ આકાર પીઠ પ્રાસાદ અપેક્ષાથી વૃત્ત આલેખ છે, તેમાંનો દૃશ્યમાન ભાગ સમતલ નથી, તો પણ સમતલ જેવો લાગે છે તેથી ઉપમા કહી.

ઉરબ્ભચર્મ૦ ઈત્યાદિ. અહીં સર્વત્ર અણેગસંકુકીલગ સહસ્સવિતતે એ વિશેષણ જોડવું. તેમાં ઉરભ્ર - ઘેટું, વૃષભ, વરાહ આદિ પ્રસિદ્ધ છે. દ્વીપી - ચિત્તો, આ બધાં ચર્મ અનેક શંકુ પ્રમાણ હજારો ખીલાઓ વડે ઠોકવામાં આવતા પ્રાયઃ મધ્યક્ષામ થાય છે પણ સમતલ નહીં, તેથી શંકુ ગ્રહણ કર્યુ. વિતત-ખેંચીને ઠોકવામાં આવ્યું. એ રીતે જેમ અત્યંત બહુસમ થાય, તેમ તે વનખંડનો અંદરનો ભૂમિભાગ ઘણો સમ હતો. વળી કેવો ? વિવિધ પંચવર્ણી મણી અને તૃણ વડે ઉપશોભિત. નાનાવિધ - જાતિભેદથી વિવિધ પ્રકારના, જે પંચવર્ણ મણીઓ અને તૃણો વડે ઉપશોભિત, કેવા મણી ?

આવડ - આવર્ત્તાદિ મણી લક્ષણ, પ્રત્યાવર્ત્ત - એક આવર્ત્તના પ્રત્યભિમુખ આવર્ત્ત. શ્રેણિ - તથાવિધ બિંદુ જાતાદિની પંક્તિ, પ્રશ્રેણિ - તે શ્રેણિથી નીકળેલ અન્યા શ્રેણિ. - x - જારમાર - સમ્યગ્ મણિ લક્ષણ જણાવતા લક્ષણ વિશેષ, પુષ્પાવલિ પદ્મ૦ આદિ પ્રસિદ્ધ છે. - x - x - આવર્ત્તાદિ લક્ષણયુક્ત, સચ્છાય-છાયા સહિત, શોભન પ્રભાકાંતિ જેની છે તે સત્પ્રભા. સમરીચિક - બહાર નીકળતા કિરણજાલસહિત સોદ્યોત્-બહાર રહેલ નજીકની વસ્તુને પ્રકાશકર.

હવે પંચવર્ણોને કહે છે — તે મણી-તૃણમાં જે કાળા મણિ અને તૃણ છે, તેનું વર્ણન કરીએ છીએ — તેમાં જીમૂત - મેઘ વાદળ તે આ વર્ષાના પ્રારંભ સમયે જળભૃત જાણવું. તે પ્રાયઃ અતિ કાળુ સંભવે છે. 'વા' શબ્દ બીજી ઉપમાની અપેક્ષાએ સમુચ્ચય માટે છે. અંજન - સૌવીરાંજન કે રત્નવિશેષ, ખંજન-દીવાની મેસ, કજ્જલ-કાજળ, મષી - તે જ કાજળ તામ્રભાજનાદિમાં સામગ્રી વિશેષથી ઘોલિત. મષીગુલિકા - ઘોલિત કાજળ ગુટિકા. ગવલ-ભેંસનું શીંગડુ, તે પણ ઉપરના ત્વચાના ભાગે કહેવું. ત્યાંજ વિશિષ્ટ કાળાપણું સંભવે છે. તે જ ભેંસના શીંગડાની નિબિડતર સાર નિર્વર્તિત ગુટિકા. ભ્રમરાવલી-ભ્રમર પંક્તિ, ભ્રમરપતંગસાર - ભ્રમરની પાંખમાં રહેલ વિશિષ્ટ કાલિમાયુક્ત પ્રદેશ. આર્દ્રારિષ્ટ-કોમળ કાક. પરપુષ્ટ-કોકિલ. કૃષ્ણસર્પ - કાળાવર્ણનો સર્પ જાતિ વિશેષ. આકાશથિગ્ગલ - શરદમાં મેઘ રહિત આકાશખંડ તેના જેવો કૃષ્ણ લાગે છે માટે તે ઉપમા લીધી. તો શું મણિ-તૃણોનો વર્ણ આવો કૃષ્ણ છે ? ના, તેમ નથી. પણ કૃષ્ણ મણી અને તૃણ ઉક્ત જીમૂત આદિથી ઈષ્ટતરક - કૃષ્ણ વર્ણથી વિશેષ ઈષ્ટતરક હોય છે. તેમાં કંઈક અકાંત હોવા છતાં કોઈને ઈષ્ટતર હોય, તેથી અકાંતતાનો વ્યવચ્છેદ કરવા કહે છે :— કાંતતરક - અતિ સ્નિગ્ધ મનોહારી કાલિમા યુક્ત જીમૂતાદિથી કમનીયતર. તેથી જ મનોજ્ઞતરક-મનથી અનુકૂળપણે સ્વપ્રવૃત્તિવિષયી કરાય છે તેથી મનોજ્ઞ. મનોજ્ઞતર છતાં કિંચિત્ મધ્યમ હોય છે, તેથી સર્વોત્કર્ષ પ્રતિપાદનાર્થે કહે છે - મણામતર-જોતાની સાથે જ મનમાં-આત્મવશ થાય.

તેમાં જે નીલ મણી-તૃણો છે, તેનું આવું વર્ણન કહ્યું છે — જેમ કોઈ भृंग - કીટક વિશેષ, भृंगपत्र - ભૃંગ નામક કીટ વિશેષની પાંખ, शुक - પોપટ, शुकपिच्छ - પોપટની પાંખ. चाष - પક્ષિ વિશેષ, नीलीभेद - નીલીનો છેદ, ગુલિકા-ગુટિકા. श्यामाक - ધાન્ય વિશેષ. ઉચ્ચંતગ-દંતરાગ, હલધર-બળદેવ તે નીલ હોય છે. કેમકે તથા સ્વભાવત્વથી બળદેવ નીલવસ્ત્ર ધારણ કરે છે. - x - ઈન્દ્રનીલાદિ રત્ન વિશેષ છે. अंजनकेशिका - વનસ્પતિ વિશેષ નીલોત્પલ-કુવલય. તેના જેવો નીલવર્ણ ? ઈત્યાદિ પૂર્વવત્.

તેમાં જે લોહિત મણિ-તૃણ છે, તેનું વર્ણન કહે છે — ઉરભ્ર-ઘેટું તેનું લોહી, વરાહ-શૂકર, મહિષ-ભેંસ, બાકીના રુધિર કરતાં લોહિતવર્ણ ઉત્કટ હોવાથી તે ઉપમાનું ઉપાદાન કર્યુ. बालेन्द्र गोपक - સદ્ય જન્મેલ ઈન્દ્રગોપક. તે જ પ્રવૃદ્ધ થઈ કંઈક પાંડુરક્ત થાય છે, તેથી 'બાલ' ગ્રહણ કર્યુ છે. ઈન્દ્રગોપક - પહેલી વર્ષામાં થયેલ કીટ વિશેષ. बालदिवाकर - પહેલો ઉગેલો સૂર્ય, संध्याभ्रराग - વર્ષામાં સંધ્યા સમયે થનાર અભ્રરાગ. ગુંજા-ચણોઠી, તેનો અર્ધભાગ, તે અતિ લાલ હોય છે, અર્ધો અતિ કૃષ્ણ. તેથી ગુંજાર્દ્ધ ગ્રહણ કર્યુ. શિલાપ્રવાલ-પ્રવાલ નામે રત્ન, તે જ રત્નવિશેષનું પ્રવાલ નામે અંકુર. તે પ્રથમ ઉદ્‌ગતપણે અત્યંત રક્ત હોય છે, તેથી તે ઉપમા લીધી. લોહિતાક્ષમણિ પણ એક રત્ન છે. શેષ પૂર્વવત્.

તેમાં જે હરિદ્ર [પીળા] મણિ અને તૃણો છે, તેનું આવા સ્વરૂપનું વર્ણન છે. જેમકે - चंपक - સામાન્યથી સુવર્ણચંપક વૃક્ષ. ચંપકછલ્લી-સુવર્ણ ચંપકત્વક્, ચંપકભેદ - સુવર્ણચંપકનો ટુકડો. हरिद्राभेद - હળદરનો ટુકડો હરિદ્રાગુલિકા - હરિદ્રાસારની બનેલ ગોળી. હરિતાલ-પૃથ્વી વિકારરૂપ - x - x - चिकुर - રાગ દ્રવ્ય વિશેષ, ચિકુરાંગરાગ - ચિકુર સંયોગ નિમિત્ત વસ્ત્રાદિમાં રાગ. વરકનક-જાત્યસુવર્ણ. વરપુરુષ-વાસુદેવ, તેનું વસ્ત્ર, તે પીળું જ હોય છે. માટે તે ઉપમા લીધી. કૂષ્માંડીકુસુમ - પુષ્પફલી કુસુમ, કોરંટક-પુષ્પની એક જાતિ વિશેષ, તેની માળા. આ રીતે બીજા પુષ્પો પણ સૂત્રમાં કહ્યા મુજબ જાણવા. सुहरिण्यक - વનસ્પતિ વિશેષ, બીયક એક વૃક્ષ છે. - x - શું આવો વર્ણ હોય ઈત્યાદિ પૂર્વવત્.

તે તૃણ મણીમાં જે સફેદ વર્ણના છે, તેનું વર્ણન-જેમ કોઈ अंक - રત્ન વિશેષ. શંખ-ચંદ્ર-કુમુદ આદિ ઉપમા પ્રસિદ્ધ છે. चंद्रावली - તળાવ આદિમાં જળમધ્યે પ્રતિબિંબિત ચંદ્ર પંક્તિ. સારઈયબલાહગ - શરદઋતુમાં થનાર મેઘ. ધંતધોયરુપ્પપટ્ટ-અગ્નિના સંપર્કથી નિર્મળ કરેલ, રાખાદિથી ખરડેલ હાથે સંમાર્જન વડે અતિ શિત કરાયેલ રજતપટ અથવા અગ્નિ સંયોગથી શોધિત એવો રૂપ્યપટ્ટ. શાલિ પિષ્ટરાશિ - ચોખાના લોટનો ઢગલો. सुक्क छेवाडियाइ તેમાં छेवाडि - વાલ આદિની શીંગ, તે કોઈ દેશવિશેષમાં સુકાયા પછી શ્વેત થાય છે, માટે તેની ઉપમા આપી. पेहुणमिंजियाइ - મોરપીંછ, તેના મધ્યવર્તી મિંજા, તે અતિ શુક્લ હોય છે. बिस - પદ્મિની કંદ, मृणाल - પદ્મતંતુ. આ બધાં જેવા શ્વેત છે શું ? ઈત્યાદિ પ્રાગ્વત્.



હવે ગંધ સ્વરૂપને પ્રતિપાદન કરવા કહે છે — તે મણી અને તૃણોની કેવી ગંધ કહી છે ? ''જેવી ગંધ આ પદાર્થોમાંથી નીકળે છે તે'' — એ સંબંધ જોડવો. कोष्ठ - ગંધ દ્રવ્ય, તેની પુટ તગર - એ ગંધ દ્રવ્ય છે. ચોયગ - ગંધ દ્રવ્ય છે. उशीर - વીરણીમૂલ, સ્નાન યોગ્ય મલ્લિકા વિશેષ. अनुवात - સુંઘનાર કોઈ પુરુષને અનુકૂલ વાયુ વાય ત્યારે. उद्भिद्यमान - ઉઘાડતાં, निर्भिद्यमान - અતિશય ભેદતા, પુટ વડે પરિમિત જે કોષ્ઠાદિગંધ દ્રવ્યો, તે પણ પરિમેય પરિમાણ ઉપચારથી કોષ્ઠપુટ કહેવાય છે તેમને ખલ આદિમાં કૂટતા, શ્લક્ષ્ણ ખંડ કરાતા. - x - છરી આદિ વડે કોષ્ઠાદિ પુટ કે કોષ્ઠાદિ દ્રવ્યોના નાના-નાના ટુકડા કરાતા, અહીં-તહીં વિખેરાતા, પરિભોગને માટે ઉપયોગ કરાતા, પાસે રહેનારને થોડોક ભાગ આપતા, એક સ્થાન કે એક ભાજનમાંથી બીજા સ્થાને કે બીજા ભાજનમાં લઈ જવાતા ઉદાર ગંધ પ્રસરે છે. તે અમનોજ્ઞ પણ હોઈ શકે, તેથી કહે છે मनोज्ञ - મનને અનુકૂળ. તે મનોજ્ઞત્વ કઈ રીતે ? મનોહર-મનને હરે છે. મનોહરત્વ કઈ રીતે ? ઘ્રાણ અને મનને સુખકારી. એ પ્રમાણે બધી દિશામાં, સામસ્ત્યથી ગંધ સુંઘનારની સન્મુખ નીકળે છે. - x -

તે મણી અને તૃણોનો કેવો સ્પર્શ કહ્યો છે ? ગૌતમ ! જેમકે - आजिनक - ચર્મમય વસ્ત્ર, बूर - વનસ્પતિ વિશેષ, નવનીત-માખણ, बालकुमुदपत्तरासी - તુરંતના કાળના ઉગેલ જે કુમુદપત્રો, તેનો ઢગલો. શું આવો સ્પર્શ છે ? ઈત્યાદિ પૂર્વવત્.

તે તૃણોને પૂર્વાદિ વાયુ વડે મંદ-મંદ કંપિત, વિશેષ કંપિત, આ જ પર્યાય શબ્દથી કહે છે — કંપિત, અહીં-તહીં વિક્ષિપ્ત, સ્પંદિત, પરસ્પર ઘર્ષણથી સંઘટ્ટિત. ક્ષોભિત-સ્વસ્થાનથી ચલિત સ્વસ્થાનથી ચાલન કઈ રીતે ? પ્રાબલ્યથી પ્રેરિત કરીને, કેવા શબ્દો કહે છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! જેમ કોઈ શિબિકા કે રથાદિ હોય. તેમાં શિબિકા-જંપાનવિશેષરૂપે ઉપરથી આચ્છાદિત કોષ્ઠ આકારે હોય છે. दीर्घ - જંપાન વિશેષ, પુરુષને સ્વપ્રમાણ અવકાશદાયી તે સ્યંદમાનિકા. આ બંનેને પુરુષો ઉપાડીને ચાલે ત્યારે લઘુ હેમ ઘંટિકાદિના ચલનવશથી [શબ્દો થાય તેમ] જાણવું.

'રથ' શબ્દથી અહીં સંગ્રામ રથ જાણવો, ક્રીડારથ નહીં, કેમકે તેને આગળના વિશેષણો અસંભવ છે. - x - તે રથના વિશેષણો કહે છે — ધ્વજ, છત્ર સહિત, બંને પડખાને અવલંબીને મોટા પ્રમાણની ઘંટાયુક્ત, પતાકા સહિત, તોરણયુક્ત, બાર વાજિંત્ર નિનાદ રૂપ સનંદિઘોષ, ક્ષુદ્ર ઘંટિકા સહિત, જે હેમમય માળાનો સમૂહ, બધી દિશામાં બાહ્ય પ્રદેશોમાં વ્યાપ્ત. તથા હિમવત્ પર્વતમાં થનાર મનોહારી ચિત્રોપેત તિનિશ કાષ્ઠ સંબંધી કનક નિયુક્ત કાષ્ઠ જેનું છે તે હૈમવત ચિત્રવિચિત્રતૈનિશકનક નિયુક્ત દારુ [કાષ્ઠ]. - x - x - कालायस - લોઢું सुष्ठु - અતિશય, नेम - યંત્રની બાહ્ય પરિધિ, આરા ઉપર ફલક ચક્રવાલનું કર્મ જેમાં તે. आकीर्ण - ગુણો વડે વ્યાપ્ત. वर - પ્રધાન, सुष्ठु - અતિશય સમ્યક્, प्रयुक्ता - જોડેલ. સારથી કર્મમાં જે કુશલ નર, તેઓની મધ્યે અતિશય છેક - દક્ષ સારથી, તેણે સારી રીતે ગ્રહણ કરેલ. - x - x - x - कंकट - કવચ, કંકટ સહિત તે સકંકટ, ચાપ સહિત તે સચાપ. - x -

x - x - મણિકુટ્ટિમતલ-મણિબદ્ધભૂમિતલ - x - અભિઘટ્ટિજ્જમાણ - વેગ વડે જતા અભિઘટ્ટયમાન, उदार - મનોજ્ઞ, કાન-મનને સુખકારી ચોતરફથી શબ્દો નીકળે છે.

શું તે મણી અને તૃણોનો શબ્દ આવો હોય છે ? ભગવંતે કહ્યું – ના, આ અર્થ સમર્થ નથી. ફરી ગૌતમે કહ્યું – સવારે કે સાંજે દેવતાની આગળ જે વગાડવા માટે સ્થપાય છે, તે મંગલપાઠિકા તાલ અભાવે પણ વગાડે છે માટે વિતાલ કહ્યું. વૈતાલિકી-વીણા. જેમાં મૂર્છના થાય તે મૂર્છિતા, ગાંધાર સ્વર અંતર્ગત્, સાતમી મૂર્છના, અર્થાત્ ગાંધારસ્વરની સાતમી મૂર્છના તે આ રીતે – નંદી, ખુટ્ટિમા, પૂરિમા, શુદ્ધ ગંધારા, ઉનર ગંધારા, સૂક્ષ્મોત્તરઆયામા, સાતમી મૂર્છના તે ઉત્તરમંદા જાણવી.

મૂર્છના કયા સ્વરૂપની છે ? આ સાત મૂર્છના એટલા માટે સાર્થક છે કે આ ગાનારા અને સાંભળનારાને અન્ય-અન્ય સ્વરોથી વિશિષ્ટ થઈને મૂર્છિત જેવા કરી દે છે.

ગાંધાર સ્વર અંતર્ગત્ મૂર્છનાની વચ્ચે ઉત્તરમંદા નામે મૂર્છના જ્યારે અતિ પ્રકર્ષને પ્રાપ્ત થઈ જાય છે, ત્યારે તે શ્રોતાજનોને મૂર્છિત જેવા બનાવી દે છે. એટલું જ નહીં પણ સ્વર વિશેષોને કરતો ગાયક પણ મૂર્છિત સમાન થઈ જાય છે.

આવી ઉત્તરમંદા મૂર્છનાથી યુક્ત વીણાનો જેવો શબ્દ નીકળે છે, શું એવો શબ્દ તે તૃણ અને મણીઓનો છે ? ત્યારે ભગવંતે કહ્યું – ના, આ સ્વરથી પણ અધિક ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનોહર તે તૃણ-મણીનો શબ્દ હોય છે.

ફરી ગૌતમસ્વામી ત્રીજી ઉપમા કહે છે – ભગવન્ ! જેવા કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વનો, જે ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન, પંડકવનમાં સ્થિત હોય કે હિમવંત-મલય-મંદર પર્વતની ગુફામાં બેઠા હોય, એક સ્થાને એકત્રિત થયેલ હોય, એકબીજાની સમક્ષ બેઠા હોય, એ રીતે બેઠા હોય કે કોઈને બીજાના રગડવાથી બાધા ન હોય, પોતાને પણ કોઈ પોતાના અંગથી બાધા ન પહોંચતી હોય, જેના શરીર હર્ષિત હોય, જે આનંદથી ક્રીડા રવામાં રત હોય, ગીતમાં જેની રતિ હોય, નાટ્યાદિ દ્વારા જેમનું મન હર્ષિત થઈ રહ્યું હોય એવા ગંધર્વોના આઠ પ્રકારના ગેયથી તથા આગળ કહેલ ગેયના ગુણો સહિત અને દોષો રહિત તાલ અને લયથી યુક્ત ગીતોના ગાવાથી જે સ્વર નીકળે છે, તેવો શું આ તૃણ અને મણીનો શબ્દ છે ?

ગેય આઠ પ્રકારે હોય છે – (૧) ગદ્ય - જે સ્વર સંચારથી ગવાય છે. (૨) પદ્ય - જે છંદાદિરૂપ છે, (૩) કથ્ય-કથાત્મકગીત, (૪) પદબદ્ધ-જે એકાક્ષરાદિ રૂપ હોય, (૫) પાદબદ્ધ - શ્લોકના ચતુર્થ ભાગરૂપે હોય, (૬) ઉત્ક્ષિપ્ત - જો પહેલા આરંભ કરેલ હોય, (૭) પ્રવર્તક - પહેલા આરંભથી ઉપર આક્ષેપપૂર્વક થનાર, (૮) મંદાક-મધ્ય ભાગમાં સકલ મૂર્છનાદિ ગુણોપેત તથા મંદ-મંદ સ્વરથી સંચરિત હોય.

આ આઠ પ્રકારનું ગેય રોચિતાવસાન વાળા હોય. અર્થાત્ જે ગીતનો અંત રુચિકર રીતે ધીમે - ધીમે થતો હોય, તથા જે સપ્તસ્વરોથી યુક્ત હોય, તથા જે સપ્તસ્વરોથી યુક્ત હોય, ગેયના સાત સ્વર આ રીતે –



ષડ્જ, ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નૈષાદ, આ સાત સ્વર છે. આ સાત સ્વર પુરુષ કે સ્ત્રીના નાભિ દેશથી નીકળે છે. કહ્યું છે કે – 'सप्तसरा नाभिओ'

અષ્ટરસ સંપ્રયુક્ત - તે ગેય, શ્રૃંગારાદિ આઠ રસયુક્ત છે.

ષડ્દોષ વિપ્રયુક્ત - તે ગેય છ દોષોથી રહિત હોય છે તે છ દોષ આ પ્રકારે છે – ભીત, દ્રુત, ઉપ્પિચ્છ, ઉત્તાલ, કાકસ્વર અને અનુનાસ. આ ગેયના છ દોષ છે.

એકાદશ ગુણાલંકાર - પૂર્વોની અંતર્ગત્ સ્વરપ્રાભૃતમાં ગેયના અગિયાર ગુણોનું વિસ્તારથી વર્ણન છે. વર્તમાનમાં પૂર્વો વિચ્છિન્ન છે, તેથી આંશિક રૂપોમાં પૂર્વોથી નીકળેલ જે ભરત, વિશાખિલ આદિ ગેય શાસ્ત્ર છે - તેનાથી જાણવું.

અષ્ટગુણોપેત - ગેયના આઠ ગુણ આ પ્રકારે છે – (૧) પૂર્ણ - જે સ્વર કલાઓથી પરિપૂર્ણ હોય, (૨) રક્ત-રાગથી અનુરક્ત થઈને જે ગવાય. (૩) અલંકૃત્ - પરસ્પર વિશેષરૂપ સ્વરથી જે ગવાય. (૪) વ્યક્ત - જેમાં અક્ષર અને સ્વર સ્પષ્ટ રૂપે ગવાય (૫) અવિઘુષ્ટ - જે વિસ્વર અને આક્રોશ યુક્ત ન હોય, (૬) મધુર - જે મધુર સ્વરે ગવાય. (૭) સમ-જે તાલ, વંશ, સ્વર આદિ સાથે મેળ ખાતું એવું ગવાય. (૮) સુલલિત - જે શ્રેષ્ઠ ઘોલના પ્રકારથી શ્રોત્રેન્દ્રિયને સુખદ લાગે એ રીતે ગવાય. આ ગેયના આઠ ગુણ છે.

गुंजंत वंशकुहरम् - જે વાંસળીમાં ત્રણ મધુર અવાજથી ગવાયેલ હોય એવું ગેય. रत्त - રાગથી અનુરક્ત ગેય. त्रिस्थानकरणसुद्ध - જે ગેય ઉર, કંઠ, મસ્તક આ ત્રણ સ્થાનોથી શુદ્ધ હોય અર્થાત્ ઉર અને કંઠ શ્લેષ્મવર્જિત હોય અને મસ્તક અવ્યાકુલિત હોય. આવું ગેય ત્રિસ્થાનકરણશુદ્ધ હોય છે.

सकुहरगुजंतवंसतंतीसुसंपउत्तं - જે ગાનમાં એક બાજુ વાંસળી વગાડાતી હોય અને બીજી બાજુ વીણા વગાડાતી હોય, આ બંનેના સ્વરથી જે ગાન અવિરુદ્ધ હોય અર્થાત્ તે બંનેના સ્વરોથી મળતું એવું જે ગવાઈ રહ્યું હોય.

तालसुसंप्रयुक्त - હાથની તાલીઓથી સાથે સુસંવાદી ગવાતું હોય તે. એ રીતે તાલ, લય, વીણાદિના સ્વર સાથે સંવાદી એવું ગવાતું ગેય તે तालसम लयसंप्रयुक्त ग्रहसुसंप्रयुक्त. मणोहर - મનને હરનારું ગેય. सम - તાલ વંશ સ્વરાદિ સમનુગત.

મૃદુરિભિતપદ સંચાર - મૃદુ સ્વરથી યુક્ત પણ નિષ્ઠુર નહીં. જેમાં સ્વર-અક્ષરોમાં અર્થાત્ ઘોલના સ્વર વિશેષમાં સંચરી રાગમાં અતી પ્રતિભાસે તે પદ સંચાર રિભિત કહેવાય છે. મૃદુરિભિત પદોમાં ગેય નિબદ્ધમાં સંચાર જે ગેયમાં છે તે મૃદુરિભિતપદ સંચાર.

सुरई - શ્રોતાઓને આનંદ દેનાર ગેય. सुनंति - અંગોના સુંદર હાવભાવથી યુક્ત ગેય. वरचारुरूप - વિશિષ્ટ સુંદર રૂપવાળું ગેય. दिव्य - પ્રધાન નૃત્ય ગેય ગાન અનુસાર ધ્વનિમાન્ને જેવા શબ્દો અતિ મનોહર થાય, કંઈક એવા સ્વરૂપના તૃણો અને મણીઓનો શબ્દ હોય ? ત્યારે ભગવંતે કહ્યું – હા, આવા શબ્દો હોય.

● સૂત્ર-૧૬૫ :-

તે વનખંડના મધ્યમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણી જ નાની-નાની ચોખૂણી વાવડીઓ છે. ગોળ-ગોળ કે કમળયુક્ત પુષ્કરિણીઓ છે. સ્થાને-સ્થાને નહેરોવાળી દીર્ઘિકાઓ છે. વાંકી-ચુંકી ગુંજાલિકાઓ છે. સ્થાને-સ્થાને સરોવર છે, સરોવરની પંક્તિઓ છે. અનેક સરસર પંક્તિઓ અને ઘણાં જ કુવાની પંક્તિઓ છે. તે સ્વચ્છ છે અને મૃદુ પુદ્ગલોથી નિર્મિત છે. એના તીર સમ છે.

તેના કિનારા ચાંદીના બનેલ છે, કિનારે લાગેલ પાષાણ વજ્રમય છે. તેનો તલભાગ તપનીય સુવર્ણનો બનેલો છે. તેનો તટવર્તી અતિ ઉન્નત પ્રદેશ વૈડૂર્યમણિ અને સ્ફટિકનો બનેલો છે. તેનું તળ માખણ જેવું સુકોમળ છે. રેતી સોના-ચાંદીની છે. આ બધાં જળાશય સુખપૂર્વક પ્રવેશ અને નિષ્ક્રમણ યોગ્ય છે. વિવિધ પ્રકારના મણીઓથી તેના ઘાટ મજબુત બનેલા છે. કુવા અને વાવડી ચોખૂણા છે. તેના જળસ્થાન ક્રમશઃ નીચે-નીચે ઉંડુ હોય છે અને તેનું જળ અગાધ અને શીતળ છે. પદ્મિનીપત્ર, કંદ, પદ્મનાલથી તે ઢાંકેલ છે.

તે [જળાશય]માં ઘણાં જ ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, પુષ્પો રહેલા છે, તે પરાગથી સંપન્ન છે. આ બધાં કમળ ભ્રમરો વડે પરિભુજ્યમાન્ છે. અર્થાત્ ભ્રમર તેનું રસપાન કરતા રહે છે. આ બધાં જળાશય સ્વચ્છ અને નિર્મળ જળથી પરિપૂર્ણ છે. પરિહત્થ [ઘણાં] મત્સ્ય અને કચ્છપ અહીં-તહીં ઘૂમતા રહે છે. અનેક પક્ષી યુગલ પણ ભમે છે.

આ જળાશયોમાં પ્રત્યેક જળાશય વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે અને પ્રત્યેક જળાશય પદ્મવરવેદિકાથી યુક્ત છે. તેમાં કેટલાંકનું પાણી આસવ જેવા સ્વાદવાળું છે, કેટલાંક વારુણ સમુદ્ર જેવા જળ છે, કોઈકનું જળ દૂધ જેવું, કોઈનું જળ ઘી જેવું, કોઈનું ઈક્ષુરસ જેવું, કોઈનું અમૃતરસ જેવું અને કોઈ જળ સ્વભાવથી ઉદક રસ જેવું છે આ બધાં જળાશય પ્રાસાદીયાદિ છે.

તે નાની વાવડી યાવત્ બિલપંક્તિઓમાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં યાવત્ ઘણાં ત્રિસોપાન પ્રતિરૂપકો કહેલા છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકનો આવા સ્વરૂપનો વર્ણક નિવેશ છે. તે આ – વજ્રમય નેમા, રિષ્ઠમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સુવર્ણ-રૂપ્યમય ફલક, વજ્રમય સંધી, લોહિતાક્ષમય શૂચિઓ, વિવિધમણિમય અવલંબનો અને અવલંબન બાહાઓ છે.

તે ત્રિસોપાન પ્રતિરૂપકોની આગળ પ્રત્યેક-પ્રત્યેકને તોરણો કહેલા છે. તે તોરણો વિવિધ મણિમય સ્તંભો ઉપર ઉપનિવિષ્ટ અને સન્નિવિષ્ટ છે. અનેક પ્રકારની રચના યુક્ત મોતી તેની વચ્ચે વચ્ચે લાગેલા છે. વિવિધ પ્રકારના તારાઓથી તે તોરણ ઉપચિત છે. તે તોરણોમાં ઈહામૃગ, વૃષભ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, વ્યાલ, કિન્નર, રુરુ, સરભ, હાથી, વનલતા અને પદ્મલતાનાં ચિત્રો બનેલા છે. આ તોરણોના સ્તંભો ઉપર વજ્રમયી વેદિકાઓ છે. સમશ્રેણિ વિદ્યાધર



યુગલોના યંત્રોના પ્રભાવથી આ તોરણો હજારો કિરણોથી પ્રભાસિત થઈ રહ્યા છે. આ તોરણો દીપ્યમાન છે, વિશેષ દીપ્યમાન છે, જોનારના નેત્રો તેના ઉપર ચોંટી જાય છે. તે તોરણો સુખસ્પર્શવાળા, સશ્રીક રૂપવાળા, પ્રાસાદીયાદિ છે.

તે તોરણોની ઉપર અનેક આઠ-આઠ મંગલો કહેલા છે – સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્દ્ધમાન, ભદ્રાસન, કલશ, મત્સ્ય, દર્પણ. તે સર્વે રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની ઉપર ઘણાં કૃષ્ણ-ચામરધ્વજ, નીલ-ચામરધ્વજ, લોહિત-ચામરધ્વજ, હારિદ્ર ચામરધ્વજ, શુક્લ ચામરધ્વજ છે. તે ધ્વજો સ્વચ્છ, શ્લક્ષ્ણ, રૂપ્યપટ્ટ, વજ્રદંડ, કમળ સમાન ગંધવાળા, સુરૂપ અને પ્રાસાદીયાદિ ચારે પ્રકારે છે.

તે તોરણોની ઉપર ઘણાં છત્રાતિછત્રો, પતાકા-અતિપતાકા, ઘંટાયુગલ, ચામર યુગલ, ઉત્પલ હસ્તક યાવત્ શત-સહસ્રપત્ર હસ્તકા છે, તે સર્વે રત્નમય સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે લઘુ વાવડી યાવત્ બિલપંક્તિઓના તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં ઉત્પાત્ પર્વતો, નિયતિ પર્વતો, જગતિ પર્વતો, દારુ પર્વતો, દકમંડપક, દકમંચક, દકમાલક, દકપ્રાસાદક છે. જેમાં કોઈ ઉંચા છે - કોઈ નાના છે, કોઈક નીચા છે પણ લાંબા છે. ત્યાં ઘણાં હીંચકા, પક્ષીઓના હીંચકા છે. તે સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

તે ઉત્પાત્ પર્વતોમાં યાવત્ પક્ષીના હીંચકાઓમાં ઘણાં હંસાસન, ક્રૌંચાસન, ગરુડાસન, ઉન્નતાસન, પ્રનતાસન, દીર્ઘાસન, ભદ્રાસન, પક્ષાસન, મકરાસન, વૃષભાસન, સીંહાસન, પદ્માસન, દિશાસૌવસ્તિકાસનો છે, તે સર્વે રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરય, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટકછાયા, સપ્રભા, સકિરણ, સોદ્યોત્, પ્રાસાદીયો, દર્શનીયો, અભિરૂપો અને પ્રતિરૂપો છે.

તે વનખંડમાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં આલિગૃહો માલિગૃહો, કદલિગૃહો, લતાગૃહો, અચ્છણગૃહો, પ્રેક્ષણગૃહો, મજ્જનગૃહો, પ્રસાધનગૃહો, ગર્ભગૃહો, મોહનગૃહો, શાલગૃહો, જાલગૃહો, કુસુમગૃહો, ચિત્રગૃહો, ગંધર્વગૃહો, આદર્શગૃહો છે. તે બધાં સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, સપ્રભા, સકિરણો, સોદ્યોત્, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે.

તે આલિગૃહો યાવત્ આદર્શગૃહોમાં ઘણાં હંસાસન યાવત્ દિશા સૌવસ્તિકાસન છે. તે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે વનખંડના તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં જાઈ-મંડપ, જૂહિકમંડપ, મલ્લિકામંડપ, નવમાલિકા-મંડપ, વાસંતીમંડપ, દધિવાસુકમંડપ, સૂરિલ્લિમંડપ, તંબોલીમંડપ, મુદ્રિકામંડપ, નાગલતામંડપ, અતિમુક્તમંડપ, આસ્ફોટકમંડપ, માલુકામંડપ, શ્યામલતામંડપ છે. તે નિત્ય કુસુમીત યાવત્ પ્રતિરૂપ છે.

તે જાઈમંડપાદિમાં ઘણાં પૃથ્વીશિલાપટ્ટકો કહેલા છે. તે આ પ્રમાણે –

*હંસાસન સંસ્થિત, ક્રૌંચાસન સંસ્થિત, ગરુડાસન સંસ્થિત, ઉન્નતાસન સંસ્થિત, પ્રનતાસન સંસ્થિત, દીર્ઘાસન સંસ્થિત, ભદ્રાસન સંસ્થિત, પક્ષાસન સંસ્થિત, મકરાસન સંસ્થિત, વૃષભાસન સંસ્થિત, સીંહાસન સંસ્થિત, પદ્માસન સંસ્થિત, દિશાસૌવસ્તિકાસન સંસ્થિત કહેલા છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! ત્યાં ઘણાં શ્રેષ્ઠ શયન-આસનો વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત કહેલા છે. તેનો સ્પર્શ આજિનક, રૂત, બૂર, નવનીત, તૂલી સમાન છે તે મૃદુ, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*ત્યાં ઘણાં વ્યંતર દેવો-દેવીઓ વિશ્રામ કરે છે, સુવે છે, ઉભે છે, બેસે છે, પડખાં ફેરવે છે, રમે છે, લીલા કરે છે, ક્રીડા કરે છે, મોહન કરે છે. જૂના પુરાણા સુચિર્ણ, સુપરિકાંત, શુભ, કલ્યાણ, કૃત્ કર્મોના કલ્યાણકારી ફળ વૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.*

*તે જગતીની ઉપર અંદરના ભાગે પદ્મવર વેદિકામાં ત્યાં એક મોટું વનખંડ કહેલ છે. દેશોન બે યોજન વિષ્કંભથી, વેદિકા સમાન પરિધિથી છે. તે કૃષ્ણ-કૃષ્ણાવભાસ છે ઈત્યાદિ વનખંડ વર્ણન, મણિ-તૃણ શબ્દ સિવાયનું પૂર્વવત્ જાણવું.*

*ત્યાં ઘણાં વ્યંતર દેવો-દેવીઓ વિશ્રામ કરે છે, સુવે છે, ઉભે છે, બેસે છે, પડખાં ફેરવે છે, રમે છે, લીલા કરે છે, ક્રીડા કરે છે, મોહન કરે છે. જૂના-પુરાણા સુચિર્ણ, સુપરિકાંત, શુભ, કાંત કર્મોના કલ્યાણકારી ફળ-વૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.*

● **વિવેચન-૧૬૫ :-**

વનખંડના મધ્યમાં તે-તે દેશમાં, તે જ દેશના તે-તે એક દેશમાં ઘણી લઘુ-લઘુ-લઘુ ચતુરસ્રાકાર વાવ, વૃત્તાકાર પુષ્કરિણી અથવા જેમાં પુષ્કરો વિધમાન છે તે પુષ્કરિણી, સારિણી-વકા ગુંજાલિકા, ઘણાં કેવળ-કેવળ પુષ્પાવકીર્મ સરોવરો, ઘણાં સરોવર એક પંક્તિ વ્યવસ્થિત છે, ઘણાં બહુ પંક્તિ વ્યવસ્થિત છે, જે સરપંક્તિમાં કૂવાનું પાણી નાલિકા વડે સંચરે છે, તે સરસર પંક્તિ, તથા બિલ જેવા કૂવા, તેની પંક્તિઓ. આ બધાં કેવા છે? સ્ફટિકવત્ બહિર્નિર્મલ પ્રદેશવાળા, શ્લક્ષ્ણ પુદ્ગલ નિષ્પાદિત બહિઃપ્રદેશા, રજતમય કાંઠાવાળા, તથા અગર્તાના સદ્ભાવથી અવિષમ તીર - કાંઠાવાળા - x - વજ્રમય પાષાણ, તપનીય સુવર્ણમય ભૂમિતલવાળા, પીળી કાંતિવાળા સુવર્ણ, રૂપ્ય વિશેષ, રજત મય રેતી તેમાં છે. વૈડૂર્ય મણિમય, સ્ફટિક પટલમય, તટ સમીપવર્તી અતિ ઉન્નત પ્રદેશવાળા છે. જળમધ્યે પ્રવેશન ઘણું સુખમય છે. જલમધ્યેથી બહાર નીકળવાનું પણ સરળ છે. વિવિધ મણી વડે સુબદ્ધ તીર્થો છે.

ચાર ખૂણા છે જેના તે ચતુષ્કોણ, આ વિશેષણ વાવ અને કૂવા માટે કહેલ છે. કેમકે તેમને જ ચતુષ્કોણ સંભવ છે, બીજાને નહીં. आनुपूर्वी - ક્રમથી, सुष्ठु - અતિશય, वप्र - કેદાર. ગંભીર - અલબદ્ધસ્થાન સંછન્ન - જળ વડે અંતરિત પત્ર-



બિસ-મૃણાલ, પત્ર-પદ્મિની પત્રો જાણવા. બિસ - કંદ, મૃણાલ - પદ્મનાલ. ઘણાં ઉત્પલ, કુમુદ, નલિનાદિ યુક્ત. ભ્રમર વડે પરિભોગમાં આવતા કમળો. સ્વરૂપથી સ્ફટિકવત્ શુદ્ધ, વિમલ - આગંતુક મલરહિત, જળ વડે પૂર્ણ પડિહત્થ - અતિપ્રભૂત.

અનેક મત્સ્ય, કાચબા, શકુનમિથુન વડે પ્રવિચરિત છે. આ વાપી વગેરે સરસ્સરપંક્તિ સુધી. પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલ છે. કેટલીક વાવડીમાં. ચંદ્રહાસાદિ પરમ આસવ સમાન ઉદક જેમાં છે, તે આસવોદક. વારુણ સમુદ્રની માફક ઉદક જેમાં છે તે વારુણોદકા, ક્ષીર જેવા ઉદકવાળા તે ક્ષીરોદકા ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. પ્રાસાદીય આદિ ચાર વિશેષણ પૂર્વવત્ જાણવા.

તે નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિના પ્રત્યેકની ચારે દિશામાં - એક એક દિશામાં એકૈકના ભાવથી ત્રિસોપાન પ્રતિરૂપક છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકનું હવે કહેવાનાર સ્વરૂપે વર્ણન છે —

વજરત્નમય નેમા-ભૂમિથી ઉંચો નીકળતો પ્રદેશ, રિષ્ઠ રત્નમય ત્રિસોપાનમૂળપાદ, વૈડૂર્યરત્નના સ્તંભ, સોનારૂપના ફલક - ત્રિસોપાનના અંગભૂત વજમય-વજરત્નાપૂરિત, સંધિ - બે ફલકના અંદરના પ્રદેશો, લોહિતાક્ષમય સૂચિ ઈત્યાદિ તથા ચડતી ઉતરતી વખતે અવલંબન હેતુભૂત બાહાઓ - બંને બંને પડખે અવલંબનના આશ્રયભૂત ભિંતો પ્રાસાદીયાદિ છે.

તે ત્રિસોપાન પ્રતિરૂપકને પ્રત્યેકને તોરણો કહેલા છે. તે તોરણોનું વર્ણન — મણિ - ચંદ્રકાંતાદિ, उपविष्ट - સમીપતાથી સ્થિત, विविहमुत्तंतरोचिया - વિવિધ મુક્તા ફળોને અંતરમાં આરોપિત. - x - x - विविहतारारूवोवचिय - વિવિધ તારિકા રૂપો વડે ઉપચિત. તોરણોમાં શોભાર્થે તારા બંધાય છે, તે લોકમાં પણ પ્રતીત છે. ઈહામૃગ - વરુ, વ્યાલ - શ્વાપદ ભુજગ. તે બધાંના ચિત્રો આલેખેલા છે. સ્તંભોદ્ગત - સ્તંભની ઉપર રહેલ વજરત્નમયી વેદિકા વડે પરિગત હોવાથી અભિરમણીય છે.

विज्जाहरजंत० ઈત્યાદિ-વિધાધરના જે સમશ્રેણિક યુગલ તેના પ્રપંચોથી યુક્ત, હજારો અર્ચિ. વડે પરિવારણીય. અહીં અર્ચિમાલિની-પ્રભાના સમુદાયયુક્ત, વિશિષ્ટ વિધાશક્તિવાળા પુરુષ વિશેષના પ્રપંચયુક્ત. હજારો રૂપક વડે યુક્ત. દીપતા અને અતિ દીપતા ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

તે તોરણોની ઉપર આઠ-અષ્ટમંગલો છે, ઈત્યાદિ સુગમ છે. તે તોરણોની ઉપર ઘણાં કૃષ્ણ ચામરયુક્ત ધ્વજો છે. એ રીતે ઘણાં નીલ-લોહિત-હારિદ્ર-શુકલ ચામર ધ્વજો પણ છે. તે ધ્વજો કેવાં છે ? આકાશ સ્ફટિકવત્ અતિ નિર્મળ, કૃષ્ણ પુદ્ગલ સ્કંધથી નિર્મિત, વજમય દંડની ઉપર રજતમય પટ્ટ તે રૂપ્યપટ્ટ તે રૂપ્ય પટ્ટ મધ્યવર્તી વજરત્નમય દંડ. જલજકુસુમ અને પદ્માદિની માફક અમલ-નિર્મલ, કુદ્રવ્યગંધ સંમિશ્ર જે ગંધ, જેમાં વિધમાન નથી તે જલજામલગંધિકા. તેથી જ સુરમ્યાદિ જાણવી.

તે તોરણોની ઉપર ઘણાં છત્રાતિચ્છત્ર - લોકપ્રસિદ્ધ સંખ્યાથી અતિશાયી બે સંખ્યક, છત્રો. ઘણી પતાકા-લોકપ્રસિદ્ધથી અતિશાયી દીર્ઘત્વ અને વિસ્તારથી પતાકા.

ઘણાં જ ઘંટાયુગલ અને ચામર યુગલો, ઉત્પલ નામે જલજકુસુમ સમૂહ વિશેષ. એ રીતે પદ્મહસ્તક, નલિનહસ્તક આદિ. આ બધાં રત્નમય છે યાવત્ શબ્દથી સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ યાવત્ પ્રતિરૂપ છે.

તે નાની વાવડી યાવત્ બિલપંક્તિના અપાંતરાલમાં તે-તે દેશમાં, તે દેશના તે-તે એકદેશમાં ઘણાં ઉત્પાત્ પર્વતો છે. જ્યાં આવીને વ્યંતર દેવ-દેવી વિચિત્ર ક્રીડા નિમિત્તે વૈક્રિય શરીરની રચના કરે છે, નૈયત્યથી પર્વત તે નિયતિપર્વતા. નિયત-સદા, ભોગ્યત્વથી અવસ્થિત પર્વત. અહીં વ્યંતર દેવો-દેવી ભવધારણીય અને વૈક્રિય શરીરથી પ્રાયઃ સદા રમણ કરતા રહે છે.

જગતીપર્વત - એક પર્વત વિશેષ. દારુ પર્વત - લાકડામાંથી બનેલો એવો પર્વત. દકમંડપ-સ્ફટિક મંડપ. - x - આ મંડપ આદિ કેટલાંક ઉત્સૃત-ઉચ્ચ, કેટલાંક ક્ષુદ્ર-લઘુ, કેટલાંક નાના અને લાંબા તથા અંદોલક આદિ જ્યાં આવી મનુષ્યો પોતાને હીંચોડે છે, તે અંદોલક. જ્યાં પક્ષીઓ આવી પોતાને હીંચોડે છે તે પક્ષ્યંદોલક. તે વનખંડમાં તે-તે પ્રદેશમાં વ્યંતર દેવ-દેવી ક્રીડા યોગ્ય ઘણાં હોય છે. તે ઉત્પાત્પર્વતાદિ સર્વ રત્નમય, સ્વચ્છ ઈત્યાદિ છે.

તે ઉત્પાતપર્વતમાં યાવત્ પક્ષ્યન્દોલકમાં ઘણાં જ હંસાસનો છે, તેમાં જે આસનોના અધો ભાગે હંસો રહેલા છે, જેમ સિંહાસનમાં સિંહ હોય તેમ હંસાસન જાણવું. એ પ્રમાણે ક્રૌંચાસન, ગરુડાસનાદિ કહેવા. ઉન્નત આસન નામે જે ઉચ્ચાસન, પ્રણતાસન-નિમ્નાસન, દીર્ઘાસન-શય્યારૂપ, ભદ્રાસન-જેમાં અધોભાગમાં પીઠિકાબંધ હોય છે. પક્ષ્યાસન - જેના અધો ભાગે વિવિધ પક્ષીઓ છે. એ પ્રમાણે મકરાસન, સીંહાસન કહેવા. પદ્માસન-પદ્મ આકાર આસન. દિશા સૌવસ્તિકાસન - જેના અધો ભાગમાં દિક્ સૌવસ્તિક આલેખેલ છે. અહીં વૃત્તિકારશ્રીએ આસનોની સંગ્રાહક ગાથા નોંધી છે.

આ બધાં આસનો કેવા છે ? સર્વે રત્નમય ઇત્યાદિ પૂર્વવત્. તે વનખંડ મધ્યે તે-તે પ્રદેશમાં તે જ દેશના એકદેશમાં ઘણાં આલિગૃહકો ઈત્યાદિ છે. અહીં आलि - વનસ્પતિ વિશેષ છે, તેનાથી યુક્ત ગૃહક તે આલિગૃહક. એ રીતે मालि - વનસ્પતિ વિશેષ છે. કદલી અને લતા પ્રસિદ્ધ છે. અવસ્થાનગૃહક - જેમાં ગમે ત્યારે આવીને ઘણાં લોકો સુખે બેસીને રહે છે. પ્રેક્ષણકગૃહ - જ્યાં આવીને પ્રેક્ષકો નિરખે છે. મજ્જનકગૃહ - જ્યાં આવીને સ્વેચ્છાએ મજ્જન કરે છે, પ્રસાધનગૃહક - જ્યાં આવી સ્વ અને પરને મંડન કરે છે. મોહનગૃહ - મૈથુન સેવા, તેનાથી પ્રધાનગૃહ તે મોહનગૃહ-વાસભવન. શાલાગૃહક - પટ્ટશાલા પ્રધાન ગૃહક, જાલગૃહક - જાલયુક્તગૃહક. કુસુમગૃહક-કુસુમ પ્રકરોપચિત ગૃહક. ચિત્રગૃહક - ચિત્ર પ્રધાનગૃહક. ગંધર્વગૃહક - ગીત, નૃત્ય, અભ્યાસ યોગ્ય ગૃહકો. બધાં રત્નમય છે.

તે આલીગૃહાદિમાં હંસાસનાદિ પૂર્વવત્ જાણવા.

તે વનખંડ મધ્યે તે દેશમાં, તે દેશના એકદેશમાં ઘણાં જાતિ મંડપો, યૂથિકા મંડપો ઈત્યાદિ છે. તેમાં દધિવાસુકા અને સૂરિલ્લિ બંને વનસ્પતિ વિશેષ છે. તેનાથી યુક્ત મંડપ સમજવો. તાંબૂલી-નાગવલ્લી, તેનાથી યુક્ત મંડપક. નાગ-દ્રુમવિશેષ, તે જ લતા. - x - x - अप्फोय - વનસ્પતિ વિશેષ, તેનાથી યુક્ત મંડપ. मालुका - એકાસ્થિક ફળ વૃક્ષ વિશેષ, તેનાથી યુક્ત મંડપ, તે માલુકા મંડપ. આ બધાં મંડપો કેવા છે ? સર્વ રત્નમય ઈત્યાદિ.



તે જાતીયમંડપ યાવત્ માલુકામંડપ. ત્યાં ઘણાં શિલાપટ્ટક કહેલ છે. તે આ રીતે - કેટલાંક હંસાસન વત્ સંસ્થિત, યાવત્ કેટલાંક દિક્ સૌવસ્તિકાસન સંસ્થિત. યાવત્ શબ્દથી કેટલાંક ક્રૌંચાસન સંસ્થિત, કેટલાંક ગરુડાસન સંસ્થિત, કેટલાંક ઉન્નતાસન સંસ્થિત, કેટલાંક પ્રણતાસન સંસ્થિત, કેટલાંક ભદ્રાસન સંસ્થિત, કેટલાંક પક્ષાસન સંસ્થિત, કેટલાંક મકરાસન સંસ્થિત, કેટલાંક વૃષભાસન સંસ્થિત, કેટલાંક સીંહાસન સંસ્થિત, કેટલાંક પદ્માસન સંસ્થિત, કેટલાંક દીર્ઘાસન સંસ્થિત, એમ ગ્રહણ કરવું. બીજા પણ ઘણાં શિલાપટ્ટક, જે વિશિષ્ટચિહ્નો અને વિશિષ્ટ નામો છે. તે પ્રધાન શયન અને આસન, તેની જેમ સંસ્થિત. પાઠાંતરથી બીજા ઘણાં શિલાપટ્ટક માંસલની માફક માંસલ - અકઠિન હતા. सुघुष्ट - અતિશય મસૃણ. વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત.

ત્યાં આ ઉત્પાત્ પર્વતાદિના હંસાસનાદિમાં જ્યાં વિવિધ સંસ્થાન સંસ્થિત પૃથ્વીશિલાપટ્ટકમાં પૂર્વવત્ ઘણાં વ્યંતર દેવો અને દેવીઓ સુખે બેસે છે. કાયાને પ્રસારીને રહે છે પણ નિદ્રા કરતા નથી. કેમકે તેમને દેવ યોનિપણાથી નિદ્રાનો અભાવ હોય છે, ઉર્ધ્વસ્થાને રહે છે, બેસે છે, પડખાં ફેરવે છે. રતિ-રમણ કરે છે. મનને ઈપ્સિત લાગે તેમ વર્તે છે યથાસુખં અહીં-તહીં ગમનવિનોદ કે ગીતનૃત્યાદિ વિનોદથી રહે છે. મૈથુન સેવા કરે છે. પૂર્વભવે કરેલાં કર્મો જે સુચરિત હોય. કાર્યમાં કારણના ઉપચારથી સુચરિત કહ્યા. વિશિષ્ટ તથાવિધ ધર્માનુષ્ઠાન વિષય અપ્રમાદ કરણ ક્ષાંત્યાદિ સુચરિત તથા સુપરાક્રાંત કે તેના વડે જનિત કર્મો. સર્વ જીવો પ્રત્યે મૈત્રી, સત્ય ભાષણ, પરદ્રવ્ય ન લેવું, સુશીલ આદિરૂપ સુપરાક્રમ જનિત કર્મો. તેથી જ શુભ ફળવાળા. હવે કેટલાંક અશુભ ફળ પણ ઈન્દ્રિય અને મતિ વિપર્યાસથી શુભફળ જેવા લાગે છે. તેથી તાત્ત્વિક શુભત્વ પ્રતિપત્તિ અર્થે તેના પર્યાય શબ્દને કહે છે — कल्याण - તત્ત્વવૃત્તિથી તથાવિધ વિશિષ્ટ ફળ દેનાર અથવા કલ્યાણ - અનર્થ ઉપશમકારી કે કલ્યાણરૂપ ફળ વિપાકને અનુભવતા વિચરે છે.

હવે તે જ પદ્મવરવેદિકાની પૂર્વની જગતી ઉપર જે વનખંડ તેની જેમ વક્તવ્યતા જણાવતા કહે છે — તે જગતી ઉપર પદ્મવરવેદિકાના મધ્ય ભાગે એક મોટું વનખંડ કહેલ છે. બધું જ બહિર્વનખંડવત્ સંપૂર્ણ કહેવું. માત્ર અહીં મણી-તૃણોના શબ્દો ન કહેવા. કેમકે પદ્મવર વેદિકાથી અંતરિતપણે હોવાથી તથાવિધ વાયુના અભાવે મણી અને તૃણોના ચલનનો અભાવ થવાથી પરસ્પર સંઘર્ષનો અભાવ છે.

હવે દ્વાર સંખ્યા કહે છે —

● સૂત્ર-૧૬૬,૧૬૭ :-

*[૧૬૬] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના કેટલાં દ્વારો કહ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.*

*[૧૬૭] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપનું વિજય નામે દ્વાર ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પૂર્વે ૪૫,૦૦૦ યોજન અબાધાએ ગયા પછી જંબૂદ્વીપ દ્વીપના પૂર્વાંતમાં તથા લવણ સમુદ્રના પૂર્વાર્ધના પશ્ચિમ ભાગમાં સીતા મહાનદી ઉપર જંબૂદ્વીપનું વિજયદ્વાર છે. આ દ્વાર આઠ યોજન ઉંચુ, ચાર યોજન પહોળું અને ચાર યોજન પ્રવેશમાં છે, આ દ્વાર શ્વેતવર્ણી છે, તેનું શિખર શ્રેષ્ઠ સોનાનું છે. આ દ્વાર ઉપર ઈહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, રુરુ, સરભ, ચમર, હાથી, વનલતા અને પદ્મલતાના વિવિધ ચિત્રો બનેલા છે. તેના સ્તંભ ઉપર વજ્રવેદિકા હોવાથી તે રમ્ય લાગે છે. તે વિદ્યાધર યમલ યુગલ યંત્ર યુક્તની માફક અર્ચીસહસ્રમાલિનીના હજારો રૂપથી કલિત, દીપ્યમાન, દેદીપ્યમાન, જોતાં જ આંખ ચોંટી જાય તેવું, સુખ સ્પર્શવાળું, સશ્રીકરૂપ છે. તે દ્વારનું વર્ણન આ પ્રમાણે —*

*વજ્રમય નેમા, રિષ્ટરત્નમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, જાત્યરૂપ ઉપચિત પ્રવર પંચવર્ણી મણિ-રત્નોથી જડિત તળ, હંસગર્ભમય દેહલી, ગોમેજ્જ રત્નની ઈન્દ્રકાલ, લોહિતાક્ષ રત્નમય દ્વારશાખા, જ્યોતિરસમય ઉત્તરંગ, વૈડૂર્યમય કમાડ, વજ્રમય સંધી, લોહિતાક્ષરત્નમય શૂચિ, વિવિધ મણિમય સમુદ્ગક, વજ્રમયી અર્ગલા અને અર્ગલાપાસા, વજ્રમયી આવર્તન પીઠિકા, અંકરત્નનું ઉત્તર પાર્શ્વ, નિરંતરિત ઘન કપાટ અને ભીંતોમાં ૧૬૮ ભિત્તીગુલિકા હોય છે. તેટલી જ ગોમાનસી હોય છે. દ્વાર ઉપર વિવિધ મણિ-રત્ન વ્યાલ રૂપક લીલાસ્થિત શાલભંજિકા, વજ્રમય કૂડ, રજતમય ઉત્સેધ, સર્વ તપનીયમય ઉલ્લોક, વિવિધ મણિ રત્નના જાલપંજર મણિ વંશક, લોહિતાક્ષ રત્નના પ્રતિવંશક, રજતમય ભૂમિ છે. અંકરત્નમય પક્ષબાહા, જ્યોતિરસમય વંશ અને વંશ કવેલ્લુગ, રજતમયી પટ્ટિકા, જાત્યરૂપમયી અવઘાટની, વજ્રરત્નમયી ઉપરની પુંછલી, સર્વ શ્વેત રજતમય છાદન, અંકરત્નમય કનકકૂટ, તપનીય સ્તૂપિકા, શ્વેત-શંખતલ-વિમલ-નિર્મલ-દધિઘન-ગોક્ષીર-ફીણ-રજત નિકર સમાન છે. તિલકરત્ન અને અર્દ્ધચંદ્રોથી તે વિવિધ મણિમય માળાથી અલંકૃત્ છે. અંદર અને બહારથી શ્લક્ષ્ણ, તપનીય રુચિર વાલુકા પ્રસ્તટ છે. સુખ સ્પર્શવાળા, સશ્રીકરૂપ, પ્રાસાદીયાદિ તે દ્વાર છે.*

*વિજય દ્વારની બંને પડખે બે નિસિધિકા છે. બબ્બે ચંદન કળશની પરિપાટી છે. તે ચંદન કળશો શ્રેષ્ઠ કમળો પર પ્રતિષ્ઠિત છે. સુગંધિત અને શ્રેષ્ઠ જળથી ભરેલા છે. તેના ઉપર ચંદનનો લેપ કરેલો છે. તેના કંઠોમાં મૌલી બાંધેલી છે. પદ્મકમળ વડે ઢાંકેલ છે. તે સર્વરત્નોના બનેલા છે, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે કળશો મોટા મોટા મહેન્દ્રકુંભની*



*સમાન છે.*

*તે વિજયદ્વારની બંને બાજુ બે નૈષેધિકાઓમાં બે-બે નાગદંતોની પંક્તિ છે. તે મુક્તાજાળોની અંદર લટકતી સુવર્ણની માળાઓ અને ગવાક્ષની આકૃતિની રત્નમાળાઓ અને નાની-નાની ઘંટિકાઓથી યુક્ત છે. આગળના ભાગમાં કંઈક ઉંચી છે, ઉપરના ભાગે આગળ નીકળેલી છે અને સારી રીતે ઠોકેલી છે. સર્પના નીચલા અર્દ્ધભાગની માફક તેનું રૂપ છે પન્નગાર્દ્ધ સંસ્થાન સંસ્થિત છે. તે સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. મોટા-મોટા ગજદંત સમાન કહેલ છે.*

*તે નાગદંતોમાં કાળા દોરામાં બાંધેલ ઘણી માળાનો સમૂહ લટકી રહ્યો છે. યાવત્ શુક્લ દોરામાં બાંધેલ માળાનો સમૂહ લટકી રહ્યો છે. તે માળા તપનીય લંબૂસક અને સુવર્ણપ્રતર મંડિત, વિવિધ મણિરત્ન, વિવિધ હાર - અર્દ્ધહારથી ઉપશોભિત સમુદય યાવત્ શ્રી વડે અતીવ અતીવ શોભતું-શોભતું રહેલ છે.*

*તે નાગદંતકોની ઉપર બીજી બબ્બે નાગદંત પરિપાટી કહેલી છે. તે નાગદંતક મોતીના જાળમાં લટકતી ઈત્યાદિ પૂર્વવત્ હે આયુષ્યમાન્ શ્રમણ કહેલી છે.*

*તે નાગદંતકોમાં ઘણાં રજતમય સિક્કા કહેલ છે. તે રત્નમય સિક્કાઓમાં ઘણી વૈડૂર્યમય ધૂપઘટીઓ કહેલી છે. તે આ રીતે - તે ધૂપઘટિકા કાળો અગરુ, પ્રવર કુંદરુષ્ક, તુરુષ્ક, ધૂપથી ગંધિકા-ગંધવતીભૂત એવી ઉદાર, મનોજ્ઞ, ઘ્રાણ-મનને સુખકારી ગંધથી તે પ્રદેશને ચોતરફથી આપૂરીત કરતી-કરતી, અતી અતી શોભા વડે યાવત્ રહે છે.*

*વિજય દ્વારને બંને પડખે, બંને નૈષેધિકામાં બબ્બે શાલભંજિકાની પરિપાટી કહી છે. તે શાલભંજિકા લીલાસ્થિત, સુપ્રતિષ્ઠિત, સુઅલંકૃત્, વિવિધ આકાર-વસ્ત્રયુક્ત, વિવિધ માળાઓને ધારણ કરેલી, મુષ્ટીમાં ગ્રાહ્ય મધ્ય ભાગવાળી છે તથા તેના પયોધર સમશ્રેણિક, ચુચુક યુગલથી યુક્ત, કઠિન, ગોળાકાર છે. તે સામે તરફ ઉઠેલા અને પુષ્પ છે, તેથી રતિ-ઉત્પાદક છે. આ પુતળીના આંખના ખૂણા લાલ છે, વાળ કાળા અને કોમલ છે. વિશદ, પ્રશસ્ત લક્ષણ છે તેનો અગ્રભાગ મુગટથી આવૃત્ત છે. તે અશોકવૃક્ષનો કંઈક સહારો લઈને ઉભેલી છે. ડાબા હાથે તેણે અશોકવૃક્ષનો અગ્રભાગ પકડી રાખેલ છે. પોતાના તિર્છા કટાક્ષથી દર્શકોનું મન આકર્ષી રહી છે. પરસ્પરના તિર્છા અવલોકનથી લાગે છે કે એક-બીજીને ખિન્ન કરી રહી છે. આ પુતળી પૃથ્વીકાયના પરિણામરૂપ અને શાશ્વત ભાવને પ્રાપ્ત છે. તેમનું મુખ ચંદ્રમાં જેવું છે. લલાટ અર્ધચંદ્ર સમાન છે, દર્શન ચંદ્રમા કરતાં પણ સૌમ્ય છે. ઉલ્કા સમાન ચમકતી છે. તેમનો પ્રકાશ વિજળીના પ્રગાઢ કિરણો અને અનાવૃત્ત સૂર્યના તેજથી પણ અધિક છે. આકૃતિ શ્રૃંગારપ્રધાન છે. વેશભૂષા શોભાવાન્ છે. તે પ્રાસાદીય - દર્શનીયાદિ છે. તેજથી*

***અતી શોભતી એવી રહેલી છે.***

***વિજય દ્વારની બંને પડખે બબ્બે નૈષેધિકીમાં બબ્બે જાલકટકો કહ્યા છે, તે જાલકટકો સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. વિજય દ્વારની બંને પડખે બબ્બે નૈષેધિકી, બબ્બે ઘંટા-પરિપાટીઓ કહી છે. તે ઘંટાનો આવા સ્વરૂપે વર્ણક નિવેશ છે. તે આ — જાંબુનદમયી ઘંટા, વજ્રમયી લાલા, વિવિધ મણિમય ઘંટાના પાર્શ્વભાગ તપનીયમયી સાંકળો, રજતમયી રજ્જૂ છે.***

***તે ઘંટાઓ ઓઘસ્વરા, મેઘસ્વરા, હંસસ્વરા, ક્રૌંચસ્વરા, નંદીસ્વરા, નંદિઘોષા, સીંહસ્વરા, સીંહઘોષા, મંજુસ્વરા, મંજુઘોષા, સુસ્વરા, સુસ્વર નિર્ઘોષા છે. તે પ્રદેશમાં ઉદાર, મનોજ્ઞ, કાન-મનને સુખકારી શબ્દોથી યાવત્ રહેલ છે.***

***વિજય દ્વારની ઉભય પડખે બબ્બે નૈષેધિકાઓ છે. બબ્બે વનમાલા પરિપાટી કહી છે. તે વનમાલા વિવિધ દ્રુમલતા, કિશલય, પલ્લવ સમાકુલ, ષટ્પદ પરિભુજ્યમાન કમળોથી શોભંત, સશ્રીકો, પ્રાસાદીયાદિ, તે પ્રદેશમાં ઉદાર યાવત્ ગંધથી વ્યાપ્ત કરતી યાવત્ સ્થિત છે.***

**● વિવેચન-૧૬૬,૧૬૭ :-**

ભગવન્ ! જંબૂદ્વીપને કેટલા દ્વારો કહ્યા છે ? ગૌતમ ! ચાર દ્વારો કહ્યા છે. તે આ — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત. જંબૂદ્વીપનું વિજય દ્વાર ક્યાં છે. ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વ દિશામાં ૪૫,૦૦૦ યોજન પ્રમાણના અપાંતરાલથી જે જંબૂદ્વીપનો પૂર્વ પર્યન્તનો લવણસમુદ્ર તેના પૂર્વાર્દ્ધના પશ્ચિમ ભાગમાં શીતા મહાનદી ઉપર જંબૂદ્વીપનું વિજય દ્વાર છે.

આઠ યોજન ઉચ્ચત્વથી, ચાર યોજન વિષ્કંભથી, ચાર યોજન પ્રવેશથી કેવા છે ? શ્વેતવર્ણ યુક્ત. બાહલ્યથી અંકરત્નમયત્વથી. વર કનકમય શિખરયુક્ત. ઈહામૃગ, વૃષભાદિ ચિત્રોથી યુક્ત૦ ઈત્યાદિ બધું સૂત્રાર્થ મુજબ જાણવું.

वण्णो - વર્ણક નિવેશ, વિજય નામક દ્વારનું. આ પ્રમાણે થશે. તે કહે છે — વજ્રમય નેમ - ભૂમિ ભાગથી ઉર્ધ્વ નીકળતો પ્રદેશ, રિષ્ટરત્નમય મૂળ પાદ, વૈડૂર્ય રત્નમય રુચિર સ્તંભ. સુવર્ણ વડે ઉપચિત પ્રધાન પંચવર્ણી મણિ વડે - ચંદ્રકાંતાદિ વડે, રત્ન-કર્કેતનાદિ વડે. कुट्टिमतल - બદ્ધભૂમિતલ જેનું છે તે તથા હંસ ગર્ભ - રત્ન વિશેષ, તેનાથી યુક્ત एलुक - દેહલી, ગોમેજ્જ રત્નમય ઈન્દ્રકીલ, લોહિતાક્ષ રત્નમય દ્વાર શાખ છે. જ્યોતિરસ મય ઉત્તરંગ-દ્વારની ઉપર તિર્છું વ્યવસ્થિત કાષ્ઠ છે. વૈડૂર્ય રત્નમય કબાટ છે, લોહિતાક્ષ રત્નાત્મિક શૂચિઓ - બે ફલક સંબંધ વિઘટનના અભાવે હેતુ પાદુકા સ્થાનીય. વજ્રમય ફલકોના સંધિમેલા. કેવા ? વજરત્નથી પૂરિત ફલકોની સંધિઓ.

વિવિધ મણિમય સમુદ્ગક - સૂતિકા ગૃહો, તે વિવિધ મણિમય છે. અર્ગલા-પ્રાસાદા - જ્યાં અર્ગલાનું નિયમન થાય છે. - x - આ બંને વજરત્નમય છે. આવર્ત્તન પીઠિકા જ્યાં ઈન્દ્રકીલિકા હોય છે. જેના પડખાં અંકરત્નમય છે તે. જેમાંથી લઘુ





અંતરરૂપ ચાલ્યુ ગયેલ છે, તે નિરંતરિક, તેથી જ ઘન કપાટ જેનો છે તે નિરંતરઘન કપાટ. તેના દ્વારની બંને પડખાની ભિંતોમાં ભિત્તિગુલિકા - પીઠક સંસ્થાનીય છે, તે છપ્પન્ન-ત્રિક પ્રમાણ છે. ગોમાનસ્ય-શય્યા તે પણ ૫૬ x ૩ પ્રમાણ જ છે.

નાનામણિ રત્નમય વ્યાલરૂપક લીલા સ્થિત શાલ ભંજિકા-લીલા સ્થિતપુત્રિકા. વજરત્નમય कूट - માડ ભાગ છે, રજતમય ઉત્સેધ-શિખર. - x - કેવળ શિખર, તેના જ માડ ભાગના સંબંધી કહેવું, દ્વારનું નહીં. તે પૂર્વે કહેવાઈ ગયેલ છે. સંપૂર્ણ તપનીય એવો ઉલ્લોક-ઉપરિભાગ. नानामणिरयण० ઈત્યાદિ. મણિમય વંશ જેના છે, તે મણિમયવંશક. લોહિતાક્ષમય પ્રતિવંશા જેમાં છે તે. रजत - રજતમયી ભૂમિ જેમાં છે તે રજતભૂમિ. - x - વિવિધ મણિરત્નમય જાલપંજર - ગવાક્ષનો અપર પર્યાય જે દ્વારમાં છે તે.

- x - x - x - अंकमय - બાહુલ્યથી અંક રત્નમય કેમકે પક્ષના બાહુ આદિ અંકરત્નાત્મક છે. कनक - કનકમય, कूट - શિખર જેને છે, તે કનકકૂટ, તપનીયમયી સ્તૂપિકા - લઘુ શિખરરૂપ જેની તે તપનીય સ્તૂપિકા. - x - x - x -

હવે તે જ શ્વેતત્વ ઉપસંહારાર્થે ફરી દર્શાવે છે — सेए - શ્વેતત્વ જ ઉપમા વડે દૃઢ કરે છે. શંખતલ, વિમલ - જે શંખતલ - શંખના ઉપરના ભાગમાંથી મલ ચાલ્યો ગયેલ છે તે. દધિઘન-ઘનીભૂત દહીં, ગાયના દૂધના ફીણ, રજતનો ઢગલો, તેના જેવો પ્રકાશ - પ્રતિમત. તિલકરત્ન-પુંડ્ર વિશેષ, તેવા અર્ધચંદ્રથી ચિત્ર - વિવિધ રૂપ તિલકાર્દ્ધ ચંદ્ર ચિત્ર. - x - x -

નાના મણિમય दामानि - માળા, તેના વડે અલંકૃત્. અંદર અને બહાર. શ્લક્ષ્ણ પુદ્ગલ સ્કંધ વડે નિર્મિત. તપનીય-તપનીય મય્ય જે વાલુકા - રેતી, તેના પ્રસ્તટ-પ્રસ્તાર જેમાં છે તે. સુખ સ્પર્શ, સશ્રીક, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે.

વિજય દ્વારના બંને પડખે એકૈક નૈષેધિકીભાવથી — બે પ્રકારે, નૈષેધિકી - નિષીદન સ્થાન. - x - પ્રત્યેકમાં બબ્બે ચંદન કળશો કહેલા છે. તે ચંદનકળશો પ્રધાન, જે કમળ, તત્પ્રતિષ્ઠાન-આધાર જેનો છે તે વરકમલપ્રતિષ્ઠાન. તથા સુરભિ વર વારિ વડે પ્રતિપૂર્ણ ચંદન કૃત્ ઉપરાગ. आविद्ध - આરોપિત કંઠમાં લાલ દોરા રૂપ જેમાં તેવો, પદ્મ ઉત્પલને યથાયોગ્ય ઢાંકેલ છે, જેમાં તે.

महयामहया - અતિશય મહાન્, મહેન્દ્રકુંભ સમાન. કુંભોનો ઈન્દ્ર તે ઈન્દ્રકુંભ. મહેન્દ્ર કુંભ સમાન - મહાકળશ પ્રમાણ.

વિજયદ્વારના બંને પડખે એકૈક નૈષેધિકી ભાવથી બે નૈષેધિકી વડે બબ્બે નાગદંતક અર્થાત્ અંકુટકો. તે નાગદંતક-મુક્તજાલના અંતરમાં જે ઉત્સૃત-લટકતી હેમજાલ - હેમમય માળા સમૂહ, જે ગવાક્ષ જાળ - ગવાક્ષાકૃતિ રત્ન વિશેષ માળા સમૂહ. જે किंकिणी - લઘુ ઘંટિકા. તેના વડે પરિક્ષિપ્ત - સર્વથા વ્યાપ્ત.

अब्भुग्गया - અભિમુખ ઉદ્ગત, અભ્યુદ્ગત અર્થાત્ અગ્રિમભાગે કંઈક ઉન્નત. अभिनिसिट्ठा - બહિર્ભાગ અભિમુખ નિસૃષ્ટ તે અભિનિસૃષ્ટ. तिरियं सुसंपग्गहिया

- ભિત્તના પ્રદેશમાં સારી રીતે અતિશયથી સમ્યક્ - કંઈપણ ચલન રહિત પરિગૃહીત. अहेपन्नगद्धरूवा - નીચે રહેલ જે પન્નગ-સર્પનું અર્દ્ધ, તેના જેવો રૂપ-આકાર જેનો છે તે, અધઃપન્નગાર્દ્ધવત્ અતિ સરળ અને દીર્ઘ. આ જ વાતને કહે છે — અધઃ પન્નગાર્દ્ધ સંસ્થાન સંસ્થિત. સર્વથા વજ્રમય. महयामहया - અતિશય ગજદંત આકાર કહેલ છે.

તે નાગદંતકોમાં કાળા દોરા વડે બાંધેલ ઘણાં અવલંબિત પુષ્પ માળા સમૂહ, નીલ સૂત્ર બદ્ધ ઘણો પુષ્પમાળા સમૂહ, આ પ્રમાણે લોહિત-હારિદ્ર-શુક્લ દોરાથી બદ્ધ પણ કહેવો. તે માળાઓ તપનીયકાય લંબૂસગ - માળાના આગળના ભાગે લટકતું આભુષણ વિશેષ ગોલક આકૃતિ જેમની છે તે. सुवण्ण पयरगमंडिय - પડખાંઓ સામસ્ત્યથી સુવર્ણના પતરા વડે મંડિત. नानामणिरयणविविह० વિવિધરૂપ મણી અને રત્નોના જે વિચિત્ર વર્ણવાળા हार - અઢાર સરો, अर्द्धहार - નવસરોહાર, તેના વડે ઉપશોભિત સમુદાય જેનો છે તે તથા યાવત્ અતી શોભતો રહે છે.

અહીં યાવત્ શબ્દથી પરિપૂર્ણ પાઠ આ પ્રમાણે — કંઈક અન્યોન્ય અસંપ્રાપ્ત, પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરથી આવતા વાયુથી મંદ-મંદ કંપતા, લટકતા-શબ્દો કરતા, ઉદાર-મનોજ્ઞ-મનહર-કાન મનને સુખકારી શબ્દોથી તે પ્રદેશમાં ચોતરફથી આપૂરિત કરતા-કરતા શ્રી વડે શોભતા-શોભતા રહે છે. - x -

તે નાગદંત ઉપર બીજા બે નાગદંતકો કહેલ છે. તે નાગદંતકો મુક્તાજાળતી૦ ઈત્યાદિ પૂર્વોક્ત બધું કહેવું યાવત્ ગજદંત સમાન કહેલ છે. તે નાગદંતકમાં ઘણાં રજતમય સિક્કામાં ઘણાં વૈડૂર્યરત્નમય ધૂપઘટિકાઓ કહી છે. તે ધૂપઘટિકાઓ કાલાગરુ, પ્રધાન કુંદુરુક્ક, તુરુષ્ક તેમની ધૂપનો જે મઘમઘતી ગંધ જે અહીં-તહીં પ્રસરે છે, તેના વડે રમ્ય. તથા જેમાં શોભન ગંધ છે, તે સુગંધ, તેવી ઉત્તમ ગંધ તેમાંથી આવે છે માટે તે સુગંધવર ગંધિકા કહ્યું. તેથી જ ગંધવર્તીભૂત-સૌરભ્યના અતિશયથી ગંધદ્રવ્ય ગુટિકા સમાન. ઉદાર - મનોજ્ઞ અનુકૂળથી કઈ રીતે ? ઘ્રાણ અને મનને સુખ કરવાના હેતુથી, તે ગંધ વડે તે નીકટવર્તી પ્રદેશોને આપૂરિત કરતા-કરતા તેથી જ શ્રી વડે અતીવ શોભતા ત્યાં રહેલ છે.

વિજય દ્વારના બંને પડખે એકૈક નૈષેધિકીભાવથી બે પ્રકારે નૈષેધિકીમાં બબ્બે શાલભંજિકા કહી છે. તે શાલભંજિકા લીલા વડે લલિતાંગ નિવેશ રૂપથી સ્થિત છે. તે મનોજ્ઞપણે પ્રતિષ્ઠિત છે. અતિશય રમણીયપણે અલંકૃત છે. જેમાં વિવિધ પ્રકારે રાગ છે, તે નાનાવિધ રાગાણિ, તેવા વસ્ત્રો જેને પહેરાવેલ છે. જેના આંખના ખૂણા રક્ત છે. જેના કાળા વાળ છે. मृदु - કોમળ, विशद - નિર્મળ, પ્રશસ્ત-શોભન, અસ્ફૂટિતત્વ વગેરે લક્ષણો જેમાં છે, તે પ્રશસ્ત લક્ષણ, જેમાં શેખરકરણથી અગ્રભાગ સંવૃત્ત છે, તે સંવેલ્લિતાગ્રા. शिरोज - મસ્તકના કેશ. णाणामल्लपिणद्धाओ - વિવિધરૂપ માલ્ય-પુષ્પો, પિનદ્ધ-આવિદ્ધ. - x - મુષ્ઠિગ્રાહ્ય, શોભન મધ્ય ભાગ જેમનો છે તે મુષ્ટિ ગ્રાહ્ય સમુધ્ય. आमेलगजमलजुगल० તેમાં



પીન - પીવર રચિત, સંસ્થિત-સંસ્થાન. आमेलक - આપીડઃ અર્થાત્ શેખરક. તેનો યમલ - સમશ્રેણિક યુગલ, તેની જેમ વર્તિત - બદ્ધ સ્વભાવ ઉપચિત કઠિન ભાવ, અભ્યુન્નત એવા પયોધરવાળી.

ईषत् - કંઈક, ઉત્તમ અશોકવૃક્ષે સમવસ્થિત, તથા ડાબા હાથથી ગ્રહણ કરેલ અગ્ર શાખાના અર્થાત્ અશોકવૃક્ષની શાખા ડાબા હાથે પકડી છે તેવી. ईषत् - - કંઈક, अड्ढ - તિર્છી વલિત આંખમાં જે કટાક્ષરૂપમાં - ચેષ્ટિતમાં, દેવજનોના મનને આકર્ષિત કરે છે. પરસ્પર ચક્ષુના અવલોકનથી તેનો સંશ્લેષ પરસ્પર વિધ્યમાનવત્ રહે છે અર્થાત્ પરસ્પર સૌભાગ્યને સહન ન કરતા તિર્છા વલિત કટાક્ષથી પરસ્પર ખેદ પામતી એવી જણાય છે. પૃથ્વી પરિણામરૂપ શાશ્વતભાવને પામી વિજયદ્વારની માફક, ચંદ્રના જેવા મુખવાળી તે ચંદ્રાનના, ચંદ્રવત્ મનોહર વિલાસ કરવાના સ્વભાવથી ચંદ્રવિલાસિણી. આઠમના ચંદ્રની સમાન લલાટ જેમનું છે તે ચંદ્રાર્ધસમ લલાટા. ચંદ્રથી પણ અધિક સુભગ કાંતિમત્ દર્શન-આકાર જેનો છે તે. ઉલ્કા જેવી ચમકતી. વિધુતના જે બહુલતર કિરણો અને સૂર્યનું દીપતું અનાવૃત તેજ, તે બંનેથી અધિકતર પ્રકાશ જેનો છે તેવી. મંડન-ભૂષણના આટોપથી પ્રધાન, आकार - જેની આકૃતિ છે, તે શ્રૃંગારાકાર અને ચારુવેષ જેનો છે તે. પ્રાસાદીયાદિ વિશેષણ પૂર્વવત્.

વિજયદ્વારના બંને પડખે એક-એક નૈષેધિકીભાવથી બે પ્રકારે નૈષેધિકીના બબ્બે જાલકટક કહ્યા છે, તે જાલકટક આકીર્ણ રમ્ય સંસ્થાન પ્રદેશ વિશેષ છે. તે સર્વ રત્નમયાદિ છે.

વિજયદ્વારના બંને પડખે બે પ્રકારની નૈષેધિકી છે. તેમાં બબ્બે ઘંટા કહેલ છે. તે ઘંટાનું આવું વર્ણન છે - જેમકે - જાંબૂનદમય ઘંટા, વજ્રમયલાલા, વિવિધ મણિમય ઘંટા પાર્શ્વા, તપનીયમય સાંકળ જેમાં છે, તે રજતમય રજ્જુમાં લટકે છે.

તે ઘંટાઓ ઓઘસ્વરા - પ્રવાહ વડે સ્વર જેનો છે તે ઓઘસ્વર, મેઘસ્વર-મેઘની જેમ અતિ દીર્ઘ સ્વર જેમાં છે તે. હંસ જેવો મધુર સ્વર જેનો છે તે. સિંહની જેમ પ્રભૂત દેશવ્યાપી સ્વર જેનો છે તે સિંહસ્વરા, દુંદુભિસ્વર-નંદિ સ્વર, બાર વાજિંત્રનો સંઘાત તે નંદી. નંદીવત્ ઘોષ જેનો છે તે નંદિઘોષ. મંજુ-પ્રિય સ્વરવાળી. એ રીતે મંજુઘોષ. વિશેષ શું કહીએ ? સુસ્વરા, સુસ્વરઘોષા. ઉદાર૦ ઈત્યાદિ પૂર્વવત્.

વિજય દ્વારના બંને પડખે બે પ્રકારની નૈષેધિકીમાં બબ્બે વનમાલા કહી છે. તે વનમાલા વિવિધ વૃક્ષ અને લતાના જે કિશલયરૂપ અર્થાત્ અતિકોમળ, પલ્લવો વડે સંમિશ્ર. ભ્રમરો વડે ભોગવાતા હોવાથી શોભતા, તેથી જ સશ્રીક- છે.

● **સૂત્ર-૧૬૮ :-**

***વિજય દ્વારના બંને પડખે બંને નૈષેધિકીમાં બબ્બે પ્રકંઠકો કહેલા છે. તે પ્રકંઠકો ચાર યોજન આયામ-વિષ્કંભથી, બે યોજન બાહલ્યથી છે, તે સર્વ વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.***

***તે પ્રકંઠકો ઉપર પ્રત્યેક-પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલા છે. તે પ્રાસાદાવતંસક***

*ચાર યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, બે યોજન આયામ-વિષ્કંભથી, અભ્યુદ્ગત-ઉચ્છ્રિત-પ્રહસિત સમાન વિવિધ મણિરત્ન વડે ચિત્રિત છે, વાયુ વડે ઉદ્ધૂત વિજય-વૈજયંતી-પતાકા, છત્રાતિછત્ર યુક્ત હતી તુંગ, ગગનતલને ઉલ્લંઘતી કે સ્પર્શતા શિખરો હતા. તેની જાળીમાં રત્ન જડેલા હતા, તે આવરણથી બહાર નીકળેલ વસ્તુ માફક નવા નવા લાગતા હતા. તેના શિખર મણી અને સોનાના છે. વિકસિત શતપત્ર, પુંડરીક, તિલકરત્ન, અર્દ્ધચંદ્રોના ચિત્રોથી ચિત્રિત છે. વિવિધ પ્રકારની મણીની માળાથી અલંકૃત છે. અંદર-બહારથી શ્લક્ષ્ણ છે. તપનીય સુવર્ણની રેતી તેના આંગણમાં બિછાવેલી છે. તેનો સ્પર્શ અત્યંત સુખદાયી છે, આકર્ષક રૂપ છે. આ પ્રાસાદાવતંસકો પ્રાસાદીય આદિ વિશેષય યુક્ત છે.*

*તે પ્રાસાદાવતંસકોના ઉપરી ભાગ પદ્મલતા યાવત્ શ્યામલતાના ચિત્રોથી ચિત્રિત છે. તે સર્વે તપનીયમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે પ્રાસાદાવતંસકોમાં પ્રત્યેકે પ્રત્યેકનો ઘણો સમ-રમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગ પુષ્કર યાવત્ મણી વડે ઉપશોભિત હોય. મણીના ગંધ-વર્ણ-સ્પર્શ જાણવા.*

*તે બહુસમ રમણીય ભૂમિભાગોના બહુ મધ્યદેશ ભાગે પ્રત્યેકે પ્રત્યેકમાં મણિપીઠિકાઓ કહી છે. તે મણિપીઠિકા યોજન આયામ વિષ્કંભથી, અષ્ટ યોજન બાહલ્યથી, સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકા ઉપર એક એક સીંહાસન કહેલ છે. તે સીંહાસનનું આવા પ્રકારનું વર્ણન છે —*

*તપનીયમય ચકવાલ, રજતમય સીંહો, સુવર્ણના પાદ, વિવિધ મણિમય પાદપીઠક, જંબૂનદમય ગાત્રો, વજ્રમય સંધી, વિવિધ મણિમય મધ્ય ભાગ છે. તે સીંહાસનો ઈહામૃગ-વૃષભ યાવત્ પદ્મલતાદિ ચિત્રોથી ચિત્રિત છે. સસારસારોવચિત વિવિધ મણિ રજતપાદપીઠ, મૃદુ સ્પર્શવાળા આસ્તરક યુક્ત ગાદી, જેમાં નવીન છાલવાળા મુલાયમ-મુલાયમ દર્ભાગ્ર અને અતિ કોમળ કેસરા ભરી છે, ગાદી ઉપર વેલબૂંટાથી યુક્ત સુતરાઉ ચાદર બિછાવેલી છે, તેના ઉપર રજસ્ત્રાણ છે. તે રમણીય લાલ વસ્ત્રથી આચ્છાદિત છે, સુરમ્ય છે, આજિનક, રૂઅ, બૂર, વનસ્પતિ, માખણ, અર્કતૂલાની સમાન મૂલાયમ સ્પર્શવાળા છે. તે સીંહાસન પ્રાસાદીયાદિ છે.*

*તે સિંહાસનની ઉપર પ્રત્યેક પ્રત્યેકમાં વિજયદૂષ્ય કહેલ છે. તે વિજયદૂષ્ય શ્વેત શંખ-કુંદ-દકરજ-અમૃતમથિત ફિણના પુંજ સદૃશ સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે વિજયદૂષ્યના બહુ મધ્ય દેશભાગમાં પ્રત્યેક પ્રત્યેક વજ્રમય અંકુશ કહેલ છે. તે વજ્રમય અંકુશમાં પ્રત્યેક-પ્રત્યેકમાં કુંભિકા મુક્તાદામ કહેલ છે. તે કુંભિકા મુક્તાદામ બીજા ચાર-ચાર તેનાથી અર્દ્ધ ઉચ્ચપ્રમાણ માત્રથી અર્દ્ધકુંભિક્ક મુક્તાદામથી ચોતરફથી ઘેરાયેલ છે. તે દામ તપનીય લંબૂસક અને સુવર્ણ પ્રતરકથી મંડિત યાવત્ રહેલ છે. તે પ્રાસાદાવતંસકની ઉપર ઘણાં આઠ-આઠ મંગલો કહેલ છે. સ્વસ્તિક થી છત્ર.*



● **વિવેચન-૧૬૮ :-**

વિજય દ્વારની બંને પડખે બે પ્રકારે નૈષેધિકીમાં બબ્બે પ્રકંઠકો કહ્યા. પ્રકંઠક એટલે પીઠ વિશેષ મૂળ ટીકાકાર અને ચૂર્ણિકાર બંને આમ જ કહે છે. તે પ્રત્યેક ચાર યોજન આયામ-વિષ્કંભથી છે અને બે યોજન બાહલ્યથી છે. તે પ્રકંઠકો સર્વથા વજ્રમયાદિ છે.

તે પ્રકંઠકોની ઉપર પ્રત્યેકને પ્રાસાદાવતંસક છે. અર્થાત્ પ્રાસાદ વિશેષ છે. તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે — પ્રાસાદોના અવતંસકવત્ - શેખરકવત્ તે પ્રાસાદાવતંસક. તે પ્રત્યેક ચાર યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી અને બે યોજન આયામ-વિષ્કંભથી છે. આભિમુખ્યતાથી સર્વથા વિનિર્ગત, પ્રબળતાથી બધી દિશામાં પ્રસૃત જે પ્રભાપણે બદ્ધવત્ રહેલ છે. અર્થાત્ અન્યથા કઈ રીતે તે અતિ ઉચ્ચ નિરાલંબ રહે ? અથવા પ્રબળ શ્વેત પ્રભા પટલથી પ્રહસિત માફક પ્રકર્ષથી હસતા એવા. તથા विविहमणिरयण-भत्तिचित्ता - વિવિધ-અનેક પ્રકારના જે મણી-ચંદ્રકાંતાદિ, જે રત્નો-કર્કેતનાદિ તેના વડે ચિત્રિત - વિવિધરૂપ આશ્ચર્યવંત અથવા વિવિધ મણિરત્ન વડે ચિત્રિત. वाउद्धयविजयवेजयंति० વાયુ વડે કંપિત વિજય-અભ્યુદય, તેને સૂચવતી વૈજયંતી નામની જે પતાકા અથવા વિજયા એટલે વૈજયંતીની પાર્શ્વકર્ણિકા, તત્પ્રધાન વૈજયંતી - x -

છત્રાતિછત્ર - ઉપર ઉપર રહેલ આતપત્ર, તેના વડે યુક્ત. તુંડ - ઉચ્ચ, ઉચ્ચત્વથી ચાર યોજન પ્રમાણ. તેથી જ ગગનતલ - આકાશ, તેને ઉલ્લંઘતા શિખરો જેમાં છે તે. जालानि - જાલક, જે ભવનની ભીંતોમાં લોકમાં પ્રસિદ્ધ છે. તેના આંતરામાં વિશિષ્ટ શોભા નિમિત્ત રત્નો જેમાં છે તે જાલાંતર રત્ન તથા પાંજરાથી બહિષ્કૃત એવા. જેમ કોઈ વસ્તુ વંશાદિમય પ્રચ્છાદન વિશેષથી બહિષ્કૃત્ અત્યંત અવિનષ્ટછાય થાય છે, એ રીતે તે પણ પ્રાસાદાવતંસકા છે.

મણિકનકમય્ય સ્તૂપિકા-શિખરો જેમાં છે તે તથા વિકસિત જે શતપત્રો અને પુંડરીકો દ્વારાદિમાં પ્રતિકૃતિત્વથી સ્થિત, તિલકરત્નો ભિંત આદિમાં પુંડ્ર વિશેષ, અર્ધચંદ્રદ્વારાદિમાં, તેના વડે વિશેષ આશ્ચર્યરૂપ છે. - x - x - શ્લક્ષ્ણ - મસૃણ, તપનીય-સુવર્ણ વિશેષમયી વાલુકાનો પ્રસ્તટ જેમાં છે તે. શેષ પૂર્વવત્.

તે પ્રાસાદાવતંસકોના ઉપરના ભાગમાં પદ્મલતા, અશોકલતા આદિના ચિત્રોથી ચિત્રિત છે તે સંપૂર્ણ તપનીયમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે તે પ્રાસાદાવતંસકોની અંદર બહુસમ-રમણીય ભૂમિભાગ કહેલ છે. તેનું સમસ્ત ભૂમિવર્ણન, મણીનો વર્ણપંચક, સુરભિગંધ, શુભ સ્પર્શ એ બધું વર્ણન પૂર્વવત્ જાણવું.

તે પ્રાસાદાવતંસકોની અંદરના બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગમાં એકે એક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા એક યોજન આયામ-વિષ્કંભથી, આઠ યોજન બાહલ્યથી, સર્વ રત્નમય્ય યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકા ઉપર સિંહાસન છે. તે સિંહાસનનું વર્ણન આ પ્રમાણે છે — રજતમય સિંહ વડે

ઉપશોભિત, સોનાના પાયા, તપનીયમય ચક્કલા-પાયાનો અધો પ્રદેશ છે વિવિધ મણિમય પાદ શિર્ષક-પાયાના ઉપરના અવયવ વિશેષ છે. જાંબુનદમય ગાત્ર, વજરત્નમય પૂરિત ગાત્રોની સંધિ છે ઈત્યાદિ તથા ઈહામૃગ, ઋષભ, તુરગ, નર, મનુષ્ય આદિના ચિત્રોથી ચિત્રિત છે. પ્રધાન-પ્રધાન, વિવિધ મણિ રત્ન વડે ઉપચિત પાદપીઠ સાથે છે.

તેનું आस्तरक - આચ્છાદન. મૃદુ આચ્છાદન જેને છે તે. જેને નવી ત્વચા છે તે નવત્વગ્. કુશાંત-દર્ભ પર્યન્ત. તે અતિ કોમળ છે. ૦ आजिनक - ચર્મમય વસ્ત્ર, તે સ્વભાવથી જ અતિ કોમળ હોય છે. રૂત-કપાસનું પક્ષ્મ. बूर - વનસ્પતિ વિશેષ નવનીત - માખણ, તૂલ-અર્કતુલ તેના જેવો સ્પર્શ જેનો છે તે, તથા પ્રત્યેકની ઉપર સુવિરચિત રજસ્ત્રાણ જેમાં છે તે.

उपचित - પરિકર્મિત જે ક્ષૌમદુકૂલ - કપાસનું વસ્ત્ર, તે રજસ્ત્રાણ ઉપર બીજું આચ્છાદન તે પ્રત્યેકમાં છે. તેની ઉપર અતિ રમણીય લાલ વસ્ત્રથી સંવૃત્ત - આચ્છાદિત, તેથી જ સુરમ્ય છે. અહીં પ્રાસાદીય ઈત્યાદિ ચાર પદો પૂર્વવત્ કહેવા.

તે સિંહાસનની ઉપર પ્રત્યેક-પ્રત્યેક વિજય દૂષ્ય-વસ્ત્ર વિશેષ કહેલ છે. તે વિજયદૂષ્ય કેવું છે ? શંખ, કુંદ-કુંદકુસુમ, દકરજ-ઉદકકણ, અમૃત-ક્ષીરોદધિજળના મથનથી જે ફેણપુંજ-ફીણોનો ઢગલો થાય, તેની સદૃશ-તત્સમ પ્રમાણ. વળી તે કેવા છે ? સર્વ રત્નમય, સ્વચ્છ-શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ પૂર્વવત્.

તે સિંહાસનની ઉપર રહેલ વિજય દૂષ્યોના પ્રત્યેક-પ્રત્યેકના બહુ મધ્યદેશ ભાગે વજમય-વજરત્નાત્મક અંકુશ-અંકુશાકાર મુક્તાદામ અવલંબન આશ્રયભૂત કહેલ છે તે વજમય અંકુશમાં પ્રત્યેક-પ્રત્યેક કુંભપ્રમાણ મુક્તામય મુક્તાદામ કહેલ છે. તે પ્રત્યેકે પ્રત્યેક બીજા ચાર કુંભાગ્ર મુક્તાદામ કે જે તેનાથી અર્દ્ધ પ્રમાણ માત્ર છે, તે બધી દિશામાં સામસ્ત્યથી પરીવરેલ છે.

તે દામ તપનીય લંબૂસક વિવિધ મણિરત્ન વિવિધ હાર, અર્દ્ધહાર વડે ઉપશોભિત સમુદાયવાળા છે. કંઈક અન્યોન્ય અસંપ્રાપ્ત પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરથી આવતા વાયુ વડે મંદ-મંદ કંપતા, વિશેષ કંપતા, પ્રકંપતા-પ્રકંપતા, ઉદાર-મનોજ્ઞ-મનોહર-કાન મનને સુખકારી શબ્દો તે પ્રદેશમાં ચોતરફ પૂરિત કરતા રહે છે.

● સૂત્ર-૧૬૯ :-

*વિજયદ્વારના બંને પડખે બે પ્રકારની નિષિધિકામાં બબ્બે તોરણો કહ્યા છે. તે તોરણો વિવિધ મણિમય આદિ પૂર્વવત્ કહેવું યાવત્ આઠ અષ્ટમંગલો અને છત્રાતિછત્ર જાણવું. તે તોરણો આગળ બબ્બે શાલભંજિકા કહી છે. વર્ણન પૂર્વવત્. તે તોરણોની આગળ બબ્બે નાગદંતકો કહ્યા છે. તે નાગદંતકો મુક્તાજાલમાં અંદર લટકતી માળા યુક્ત છે. તે નાગદંતકો ઘણી કાળા ઘેરામાં ગુંથેલ વૃત્ત-લટકતી-માલ્યદામથી યુક્ત યાવત્ રહેલ છે.*

*તે તોરણોની આગળ બબ્બે શાલભંજિકાઓ કહી છે. તે પૂર્વવત્ કહેવી. તે તોરણોની આગળ બબ્બે નાગદંતકો કહ્યા છે. તે નાગદંતકો મુક્તાજાળની*



*અંદર લટકતી માળાઓથી યુક્ત છે આદિ પૂર્વવત્. તે તોરણોની આગળ બબ્બે અશ્વ સંઘાટકો કહેલા છે. સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. એ પ્રમાણે પંક્તિ, વીથી, મિથુનકો જાણવા. બબ્બે પદ્મલતા યાવત્ પ્રતિરૂપ છે. તે તોરણોની આગળ અક્ષત સૌવસ્તિક, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે તોરણોની આગળ બબ્બે ચંદનકળશો કહ્યા છે. તે ચંદન કળશો શ્રેષ્ઠ કમળે પ્રતિષ્ઠાન છે. પૂર્વવત્ સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.*

*તે તોરણોની આગળ બબ્બે ભૃંગારક કહેલ છે. શ્રેષ્ઠ કમળ પ્રતિષ્ઠિત યાવત્ સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. મોટા મોટા મત્ત ગજ મુખાકૃતિ સમાન હે આયુમાન શ્રમણ ! કહેલ છે.*

*તે તોરણોની આગળ બબ્બે આદર્શક કહેલ છે. તે આદર્શકોનું આવા સ્વરૂપનું વર્ણન છે. તે આ — તપનીયમય પ્રકંઠક, વૈડૂર્યમય સ્તંભ, વજમય વરાંગ, વિવિધ મણિમય વલાક્ષ, અંકમય મંડલ, અનવઘર્ષિત નિર્મળ છાયાથી યુક્ત સર્વતઃ સમનુબદ્ધ, ચંદ્રમંડલ સમાન ગોળાકાર છે. આ દર્પણ મોટા-મોટા અને અર્ધકાય સમાન છે.*

*તે તોરણોની આગળ બબ્બે વજમય સ્થાલ કહ્યા છે. તે થાળા સ્વચ્છ, ત્રણ વખત સૂપ આદિ દ્વારા સાફ કરેલ, મૂસલાદિથી ખાંડેલ શુદ્ધ સ્ફટિક જેવા ચોખાથી ભરેલ છે તે સર્વ સ્વર્ણમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. મોટા-મોટા રથ ચક્રસમાન તે કહ્યા છે.*

*તે તોરણોની આગળ બબ્બે પાત્રીઓ કહી છે. તે પાત્રીઓ સ્વચ્છ જળથી પરિપૂર્ણ છે. વિવિધ પંચરંગી લીલા ફળોથી ભરેલી હોય એવી લાગે છે. તે પાત્રીઓ સર્વ રત્નમયી યાવત્ પ્રતિરૂપ છે. મોટા-મોટા ગોકલિંજર ચક્રની સમાન હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલી છે.*

*તે તોરણોની આગળ બબ્બે સુપ્રતિષ્ઠક કહેલ છે. તે સુપ્રતિષ્ઠકો વિવિધ પંચવર્ણી પ્રસાધનક ભાંડ વિરચિત સર્વોષધિ પ્રતિપૂર્ણ, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે તોરણોની આગળ બબ્બે મનોગુલિકાઓ કહેલ છે. તે મનોગુલિકામાં ઘણાં સોના-રૂપાના ફલકો કહ્યા છે. તે સોના-રૂપાના ફલકોમાં ઘણાં વજમય નાગદંતક, મુક્તાજાલની અંદર લટકતા૦ સુવર્ણ યાવત્ ગજદંતક સમાન કહેલ છે. તે વજમય નાગદંતકોમાં ઘણાં રજતમય સિક્કા કહેલ છે. તે રજતમય સિક્કામાં ઘણાં વાતકરગો કહેલ છે. તે વાતકરક કાળ દોરાના બનેલા ઢાંકણથી યાવત્ સફેદ સૂત્રના બનેલ ઢાંકણથી આચ્છાદિત છે. બધાં વૈડૂર્યમય યાવત્ પ્રતિરૂપ છે.*

*તે તોરણોની આગળ બબ્બે ચિત્ર રત્નકરંડક છે. જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાનું ચિત્ર રત્નકરંડક વૈડૂર્યમણિ અને સ્ફટિક મણીઓનું ઢાંકણ*

*લાગેલ હોય, પોતાની પ્રભાથી તે પ્રદેશને ચોતરફથી અવભાસિત કરે છે, ઉધોતિત-તાપિત-પ્રભાસિત કરે છે. એ પ્રમાણે તે ચિત્ર રત્નકરંડક વૈડૂર્યરત્નના ઢાંકણથી યુક્ત થઈને પોતાની પ્રભાથી તે પ્રદેશને બધી તરફથી અવભાસિત કરે છે.*

*તે તોરણોની આગળ બબ્બે અશ્વ કંઠકો યાવત્ બબ્બે ઋષભકંઠકો કહ્યા છે તે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે અશ્વકંઠકો યાવત્ ઋષભ કંઠકોમાં બબ્બે પુષ્પ ચંગેરી, એ પ્રમામે માલ્ય-ગંધ-ચૂર્ણ-વસ્ત્ર-આભરણ ચંગેરીઓ, સિદ્ધાર્થ ચંગેરી, રોમહસ્ત ચંગેરીઓ છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે તોરણોની આગળ બબ્બે પુષ્પ પટલ યાવત્ લોમહસ્ત પટલ છે. તે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે તોરણોની આગળ બબ્બે સીંહાસન કહ્યા છે. તે સીંહાસનોનું આવું વર્ણન છે. તે બધું પૂર્વવત્ કહેવું યાવત્ પ્રાસાદીય છે.*

*તે તોરણોની આગળ બબ્બે ચાંદીના આચ્છાદનવાળા છત્ર કહેલ છે. તે છત્રોના દંડ વૈડૂર્યમણીના છે, તે ચમકતા અને નિર્મળ છે. તેની કર્ણિકા સ્વર્ણની છે, તેમની સંધિઓ વજરત્નથી પૂરિત છે. તે છત્ર મોતીની માળાથી યુક્ત છે. તે ૧૦૦૮ શલાકાથી યુક્ત છે, જે શ્રેષ્ઠ સુવર્ણની બનેલ છે. વસ્ત્રથી છણેલ ચંદનની ગંધ સમાન સુગંધિત અને સર્વ ઋતુમાં સુગંધી રહેનારી તેની શીતળ છાયા છે. તે છત્રો ઉપર મંગલ ચિત્રિત છે. તે ચંદ્રાકાર સમવૃત્ત છે.*

*તે તોરણોની આગળ બબ્બે ચામરો કહી છે. તે ચામર ચંદ્રપ્રભ-વજ-વૈડૂર્યાદિ વિવિધ મણિ રત્ન ખચિત દંડ, વિવિધ મણિ-કનક-રત્ન-વિમલ-મહાર્હ-તપનીય-ઉજ્જ્વલ વિચિત્ર દંડ-ચમકતા છે. [તે ચામર] શંખ, અંક, કુંદ, જળકણ, અમૃત મથિત ફેણના પુંજ સદૃશ સુક્ષ્મ રજત દીર્ઘ બાલયુક્ત, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે તોરણોની આગળ બબ્બે તેલ સમુદ્ગક, કોષ્ઠ સમુદ્ગક, પત્ર સમુદ્ગક, ચોય સમુદ્ગક, તગર સમુદ્ગક, એલ સમુદ્ગક, હરિતાલ સમુદ્ગક, હિંગલોક સમુદ્ગક, મનોશીલ સમુદ્ગક, અંજન સમુદ્ગક છે. તે સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

● વિવેચન-૧૬૯ :-

વિજય દ્વારના બંને પડખે બે પ્રકારે નિષિધિકામાં બબ્બે તોરણો કહ્યા છે. તે તોરણો વિવિધ મણિમય ઈત્યાદિ તોરણ વર્ણન સંપૂર્ણ પૂર્વવત્ કહેવું. તે તોરણોની આગળ બબ્બે શાલભંજિકા કહી છે. શાલભંજિકા વર્ણન પૂર્વવત્. તે તોરણોના બબ્બે નાગદંતકો કહ્યા છે. તે નાગદંતકોનું વર્ણન જેમ પૂર્વે કહ્યું તેમ કહેવું.

તે તોરણોના બબ્બે નાગદંતકો કહ્યા છે. તે નાગદંતકોનું વર્ણન જેમ પૂર્વે કહ્યું તેમ કહેવું. માત્ર ઉપરના નાગદંતકો ન કહેવા, કેમકે તેનો અભાવ છે. તે તોરણોની આગળ બબ્બે અશ્વ સંઘાટક, બબ્બે ગજસંઘાટક, બબ્બે નરસંઘાટક, બબ્બે કિન્નર



સંઘાટક, બબ્બે કિંપુરુષ સંઘાટક, બબ્બે મહોરગ સંઘાટક, બબ્બે ગંધર્વ સંઘાટક, બબ્બે વૃષભસંઘાટક છે. એ બધાં સર્વ રત્નમયાદિ પૂર્વવત્ છે. આ પ્રમાણે પંક્તિ, વીથી, મિથુનક પણ પ્રત્યેકમાં કહેવા.

તે તોરણોની આગળ બબ્બે — પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા, વાસંતીલતા, કુંદલતા, અતિમુક્તલતા અને શ્યામલતા છે. તે કેવી છે ? નિત્ય કુસુમિત, નિત્ય મુકુલિત, નિત્ય લવચિક, નિત્ય સ્તબકીત, નિત્ય ગુલ્મિક, નિત્ય યમલિક, નિત્ય વિનમિત, નિત્યપ્રણમિત, નિત્ય સુવિભક્ત-પ્રતિમંજરી-વતંસકધરી છે. વ્યાખ્યા પૂર્વવત્. વળી તે કેવી છે ? સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ. અહીં પણ સ્વચ્છ, શ્લક્ષ્ણાદિ વિશેષણ કહેવા.

તે તોરણોની આગળ બબ્બે ચંદનકળશ કહ્યા છે. તે શ્રેષ્ઠ કમળે પ્રતિષ્ઠિત છે, ઈત્યાદિ વર્ણન પૂર્વવત્ કહેવું. તે તોરણોની આગળ બબ્બે ભૃંગારકો કહ્યા છે. તેનું પણ ચંદન કળશવત્ વર્ણન કહેવું. વિશેષ એ કે — મત્ત ગજ મહામુખાકૃતિ સમાન કહેલ છે, તેમ કહેવું. મત્ત એવો જે હાથી, તેના અતિ વિશાળ જે મુખ, તેની આકૃતિ આકાર, તેની સમાન-તત્સદૃશ કહેલ છે.

તે તોરણોની આગળ બબ્બે આદર્શકો કહ્યા છે. તે આદર્શોનો આ આવા સ્વરૂપે વર્ણકનિવેશ કહેલ છે. જેમકે તપનીયમય. પીઠક વિશેષ. વૈડૂર્યમય સ્તંભ - આદર્શક ગંડ પ્રતિબંધ પ્રદેશ, અર્થાત્ આદર્શ ગંડોનો મુષ્ટિ ગ્રહણ યોગ્ય પ્રદેશ. વજરત્નમય વરાંગ, વિવિધ મણિમય વલક્ષ-શ્રૃંખલાદિરૂપ અવલંબન. અંકરત્નમય મંડલ, જેમાં પ્રતિબિંબ પડે છે. અવઘર્ષિત-ભૂતિ આદિ વડે નિમજ્જન અનવઘર્ષિત વડે નિર્મલ, તેની છાયા વડે સમનુબદ્ધ. ચંદ્રમંડલ સદૃશ. અતિશય મહાન્. શરીરના અર્દ્ધ પ્રમાણ કહેલ છે.

તે તોરણોની આગળ બબ્બે વજનાભ થાળા કહેલ છે. તે થાળાઓ अच्छ - નિર્મળ, શુદ્ધ સ્ફટિકવત્ ત્રિછટિત. - x - ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. પૃથ્વી પરિમાણરૂપ તે થાળો ત્યાં સ્થિત છે. માત્ર આકારાદિથી ઉપમા છે તથા કહે છે — સર્વથા જાંબુનદમય છે. હે આયુષ્યમાન્ ! તેને અતિશય મહાન્ રથચક્રસમાન કહેલ છે.

તે તોરણોની આગળ બબ્બે પાત્રીઓ કહેલ છે. તે પાત્રીઓ સ્વચ્છ પાણીથી પરિપૂર્ણ છે. નાનાવિધ હરિત ફળ વડે ઘણી પ્રતિપૂર્ણ એવી રહેલ છે. ખરેખર તેવા ફળો કે જળ નથી, પણ તથારૂપ શાશ્વત ભાવને પામેલ, પૃથ્વી પરિણામને તે ઉપમા આપી છે. - x - અતિશય મહતી ગોકલિંજર ચક્ર સમાન કહેલ છે.

તે તોરણોની આગળ બબ્બે સુપ્રતિષ્ઠક-આધારવિશેષ કહેલ છે. તે સુપ્રતિષ્ઠક સર્વોષધિથી પ્રતિપૂર્ણ, નાનાવિધ પંચવર્ણ પ્રસાધન ભાંડથી બહુ પરિપૂર્ણવત્ છે. ઉપમા ભાવના પૂર્વવત્.

તે તોરણોની આગળ બબ્બે મનોગુલિકા કહેલ છે. મનોગુલિકા નામે પીઠિકા છે. તે મનોગુલિકા સંપૂર્ણ વૈડૂર્ય રત્નમય, 'अच्छ' ઈત્યાદિ પૂર્વવત્ છે. તે મનોગુલિકામાં

ઘણાં સુવર્ણમય અને રૂપ્યમય ફલકો કહેલા છે. તે ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતકો-અંકુટક કહ્યા છે. તે નાગદંતકોમાં ઘણાં રૂપાના સિક્કા કહેલા છે.

તે રજતમય સિક્કામાં ઘણાં વાતકરક-જળશૂન્ય ઘડાં કહેલા છે. તે વાતકરકો. આચ્છાદન ગવસ્થાથી સંજાત તે ગવસ્થિત, કૃષ્ણ સૂત્રમય ગવસ્થ વડે. કાળા દોરાવાળા સિક્કામાં અવસ્થિત. આ પ્રમાણે નિલસૂત્ર સિક્કગ અવસ્થિત આદિ કહેવું. તે વાતકરકો સર્વથા વૈડૂર્યમય, સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત્.

તે તોરણોની આગળ બબ્બે ચિત્ર વર્ણોપિત આશ્ચર્ય ભૂત રત્નકરંડક કહેલ છે. જેમ કોઈ રાજા - ચાતુરંત ચક્વર્તી હોય. ચાર — પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર રૂપ પૃથ્વી પર્યન્તમાં ચક્ર વડે વર્તવાનો સ્વભાવ જેનો છે તે, આશ્ચર્યરૂપ, નાના મણિમયત્વથી કે વર્ણથી બાહુલ્યથી વૈડૂર્યમણિમય તથા સ્ફટિક-પટલ-મય-આચ્છાદન છે. તે પોતાની પ્રભા વડે નીકટના પ્રદેશને બધી દિશામાં સમસ્તપણે અવભાસે છે. એ જ ત્રણ પર્યાયથી કહે છે — ઉધોત કરે છે, તપાવે છે, પ્રભાસે છે. ઈત્યાદિ સુગમ છે.

તે તોરણોની આગળ બબ્બે અશ્વકંઠ પ્રમાણ રત્ન વિશેષ કહેલ છે. એ પ્રમાણે ગજ-કિન્નર આદિ પણ જાણવા. - x - સર્વ રત્નવિશેષરૂપ ઈત્યાદિ પૂર્વવત્. તે તોરણોની આગળ બબ્બે પુષ્પચંગેરી છે. એ રીતે માળા, ચૂર્ણ, ગંધ ઈત્યાદિની ચંગેરી પણ કહેવી. આ બધાં સર્વથા રત્નમય્ય છે. એ રીતે પુષ્પાદિ પટલ બબ્બે કહેવા.

તે તોરણોની આગળ બબ્બે સિંહાસન કહેલ છે. તેનું વર્ણન પૂર્વે કહ્યા મુજબ સંપૂર્ણ દામ વર્ણન સુધી કહેવું. તે તોરણો આગળ રૂપ્ય આચ્છાદન છત્ર કહેલ છે. તે છત્રો વૈડૂર્ય રત્નમય વિમલ દંડ અને જાંબૂનદ કર્ણિકા છે, વજરત્ન વડે આપૂરિત દંડશલાકા સંધિ છે, મુક્તાજાલ પરિગત ૧૦૦૮ ઉત્તમ કાંચનમય્ય શલાકા જેમાં છે તે. દર્દ્દર-વસ્ત્ર વડે ઢાંકેલ કુંડિકાદિ ભાજન મુખ, તેના વડે ગાળેલ કે તેમાં પકવેલ જે મલય - મલયોદ્ભવ શ્રીખંડ, તત્સંબંધી સુગંધ, ગંધવાસ, તેની જેમ બધી ઋતુમાં સુરભિ અને શીતળ છાયાવાળું. તથા અષ્ટમંગલના ચિત્ર વડે આલેખેલ છે જેમાં તે. તથા ચંદ્રાકાર-ચંદ્રાકૃતિ ઉપમા જેમાં છે તે તથા ચંદ્રમંડલ વત્ વૃત્ત.

તે તોરણોની આગળ બબ્બે ચામર કહેલ છે. તે ચામરો ચંદ્રકાંત-વજ-વૈડૂર્ય તથા બાકીના વિવિધ મણિરત્ન વડે ખચિત જે દંડમાં છે તે. એ પ્રકારે ચિત્ર-વિવિધ પ્રકારના દંડ, જે ચામરોમાં છે તે. સૂક્ષ્મ-રજતમય-દીર્ઘ વાળ જેમાં છે તે. તથા શંખ, અંકરત્નવિશેષ, કુંદપુષ્પ, જલકણ, ક્ષીરોદના જળનું મથન કરવા સમુત્થ ફેણ પુંજ, તેની જેમ પ્રભા જેની છે તે. શેષ પૂર્વવત્.

તે તોરણોની આગળ બબ્બે તૈલ સમુદ્ગક છે, તે સુગંધિ તૈલાધાર વિશેષ છે. એ રીતે કોષ્ઠાદિ સમુદ્ગક પણ કહેવા. અહીં સંગ્રહણી ગાથા છે. જે વૃત્તિકારશ્રીએ નોંધેલ છે. તે બધાં જ સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે ઈત્યાદિ પૂર્વવત્.

● **સૂત્ર-૧૭૦ :-**

*વિજય દ્વાર ઉપર ૧૦૮ ચક્રધ્વજ, ૧૦૮ મૃગધ્વજ, ૧૦૮-ગરુડધ્વજ, ૧૦૮*



*વૃકધ્વજ, ૧૦૮ ગરુડધ્વજ, ૧૦૮ છત્રધ્વજ, ૧૦૮ પિચ્છ ધ્વજ, ૧૦૮ શકુનિધ્વજ, ૧૦૮ સીંહધ્વજ, ૧૦૮ વૃષભ ધ્વજ, ૧૦૮ શ્વેત ચાર દાંતવાળા હાથી [થી અંકિત] ધ્વજા - આ રીતે બધી મળીને ૧૦૮૦ ધ્વજાઓ વિજયદ્વારે કહેલી છે.*

*વિજય દ્વારે નવ ભોમ કહેલા છે. તે ભોમની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ મણીનો સ્પર્શ. તે ભોમની ઉપર ઉલ્લોક, પદ્મલતા યાવત્ શ્યામલતાના ચિત્રો યાવત્ સર્વ તપનીયમય સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે ભોમના બહુ મધ્ય દેશ ભાગે જે પાંચમું ભોમ છે, તે ભોમના બહુ મધ્યદેશ ભાગમાં એક મોટું સીંહાસન કહેલ છે. સીંહાસન વર્ણન વિજયદૂષ્ય યાવત્ અંકુશ યાવત્ માળાઓ રહેલી છે. [પૂર્વવત્ જાણવું.]*

*તે સીંહાસનની પશ્ચિમ-ઉત્તરમાં, ઉત્તરમાં, ઉત્તર-પૂર્વમાં આ વિજય દેવના ૪૦૦૦ સામાનિકોના ૪૦૦૦ ભદ્રાસન કહ્યા છે. તે સીંહાસનની પૂર્વે અહીં વિજય દેવની સપરિવાર ચાર અગ્રમહિષીના ચાર ભદ્રાસન કહ્યા છે. તે સીંહાસનની દક્ષિણ-પૂર્વમાં વિજય દેવની અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવોના ૮૦૦૦ ભદ્રાસનો કહેલ છે. તે સીંહાસનની દક્ષિણે વિજય દેવની મધ્યમા પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ ભદ્રાસનો કહ્યા છે. તે સીંહાસનની દક્ષિણ-પશ્ચિમે વિજયદેવની બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ ભદ્રાસનો કહ્યા છે.*

*તે સીંહાસનની પશ્ચિમે આ વિજય દેવના સાત સેનાધિપતિના સાત ભદ્રાસનો કહેલ છે. તે સીંહાસનની પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં આ વિજય દેવના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો કહ્યા છે. તે આ રીતે — પૂર્વમાં ૪૦૦૦ એ પ્રમાણે ચારેમાં યાવત્ ઉત્તરમાં ૪૦૦૦ છે. બાકીના ભોમોમાં પ્રત્યેક-પ્રત્યેકમાં ભદ્રાસન કહેલા છે.*

● **વિવેચન-૧૭૦ :-**

તે વિજયદ્વારમાં ૧૦૮ ચક્રધ્વજ - ચક્ર આલેખરૂપ ચિહ્નયુક્ત ધ્વજ, એ પ્રમાણે મૃગથી હાથી સુધી બીજા નવ પણ કહેવા. બધાં ૧૦૮-૧૦૮ કહેવા. આ રીતે બધાં મળીને ૧૦૮૦ ધ્વજો થાય છે. એ પ્રમાણે મેં તથા બીજા બધાં તીર્થંકરોએ કહેલ છે.

વિજય દ્વારની આગળ નવ ભૌમ-વિશિષ્ટ સ્થાન કહેલ છે. તે ભૌમોનો ભૂમિભાગ અને ઉલ્લોક પૂર્વવત્ કહેવો. તે ભૌમોના બહુ મધ્ય દેશ ભાગમાં પાંચમાં ભૌમના બહુમધ્યદેશભાગમાં વિજયદ્વારાધિપતિ વિજય દેવને યોગ્ય સિંહાસન છે. તે સિંહાસનનું વર્ણન, વિજયદૂષ્ય, કુંભાગ્ર-મુક્તાદામ વર્ણન પૂર્વવત્ છે. ભદ્રાસનાદિની સંખ્યા સૂત્રાર્થમાં કહ્યા મુજબ છે. તેથી અહીં પુનરુક્તિ કરી નથી. માત્ર વિશિષ્ટ શબ્દાદિ અહીં નોંધેલ છે.

અપરોત્તર - વાયવ્ય ખૂણો, ઉત્તરપૂર્વ-ઈશાન, દક્ષિણપૂર્વ-અગ્નિકોણ, દક્ષિણ પશ્ચિમ-નૈઋત્ય ખૂણો.

વિજય દેવ સંબંધી આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો કહેલા છે. બાકીના

પ્રત્યેક પ્રત્યેક સિંહાસન સપરિવાર સામાનિકાદિ દેવ યોગ્ય ભદ્રાસનરૂપ પરિવાર રહિત કહેલ છે.

**● સૂત્ર-૧૭૧ :-**

***વિજય દ્વારનો ઉપરનો ભાગ સોળ પ્રકારના રત્નોથી ઉપશોભિત છે. તે આ પ્રમાણે — રત્ન, વજ, વૈડૂર્ય યાવત્ રિષ્ટ. વિજયદ્વારની ઉપર ઘણાં આઠ-આઠ મંગલો કહ્યા છે. તે આ — સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ, સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. વિજય દ્વારની ઉપર ઘણાં કૃષ્ણ ચામરધ્વજ છે યાવત્ સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. વિજય દ્વારની ઉપર ઘણાં છત્રાતિછત્રો છે. આ બધાંનું વર્ણન પૂર્વવત્ જાણવું.***

**● વિવેચન-૧૭૧ :-**

વિજય દ્વારનો ઉપરિતન આકાર - ઉતરંગાદિ રૂપ સોળ પ્રકારના રત્નોથી ઉપશોભિત છે. તે આ રીતે — કર્કેતન, વજ, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંક, અંજન, રજત, જાતરૂપ, અંજનપુલક, સ્ફટિક, અને રિષ્ટ.

વિજયદ્વારની ઉપર આઠ-આઠ સ્વસ્તિકાદિ મંગલ કહેલ છે. તે બધાં સર્વરત્નમય છે, ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.

**● સૂત્ર-૧૭૨ :-**

***ભગવન્ ! એમ કેમ કહેવાય છે કે વિજયદ્વાર એ વિજયદ્વાર છે ? ગૌતમ ! વિજય દ્વારે વિજય નામક મહર્દ્ધિક, મહાધુતિક યાવત્ મહાનુભાવ એવો પલ્યોપમ-સ્થિતિક દેવ વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિક, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષકદેવ, વિજયદ્વાર, વિજયા રાજધાની, બીજા પણ ઘણાં વિજયા રાજધાનીમાં વસતા દેવો, દેવીઓનું આધિપત્ય યાવત્ દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે. તેથી હે ગૌતમ ! વિજયદ્વારને વિજયદ્વાર કહે છે અથવા હે ગૌતમ ! વિજયદ્વાર એ શાશ્વત નામ છે. જે કદી ન હતું-નથી કે નહીં હશે તેમ નહીં યાવત્ અવસ્થિત, નિત્ય એવું આ વિજય દ્વાર છે.***

**● વિવેચન-૭૨ :-**

પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું — વિજયદ્વારે વિજય નામનો. પ્રવાહથી અનાદિકાળ સંતતિ પતિતથી વિજય નામે દેવ છે. महर्द्धिक - ભવન પરિવારાદિ મોટી ઋદ્ધિવાળો. महाद्युतिक - જેને શરીરમાં રહેલ અને આભરણમાં રહેલ મોટી ધુતિ છે તે. મોટું બળ - શારીર પ્રાણ જેને છે તે મહાબલ, મોટી ખ્યાતિ જેને છે તે મહાયશ અથવા મહેશ નામે પ્રસિદ્ધ અથવા ઈશ - ઐશ્વર્ય, આત્માની ખ્યાતિ, મહા એવી આ ઈશા તે મહેશ. મહાસૌખ્ય - ઘણાં સત્ વેદ્યના ઉદયના વશથી છે તે. પલ્યોપમના આયુવાળો દેવ વસે છે.



તે ત્યાં ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષી - તે પ્રત્યેકને એક-એક હજારનો પરિવાર છે, અભ્યંતર - મધ્યમ - બાહ્ય રૂપ યથાક્રમે આઠ-દશ-બાર હજાર દેવોની પર્ષદા, સાત સૈન્ય-અશ્વ, હાથી, રથ, પદાતિ, મહિષ, ગંધર્વ, નાટ્ય રૂપ. સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો૦ ઈત્યાદિનું આધિપત્ય - અધિપતિકર્મ અર્થાત્ રક્ષા, તે રક્ષા સામાન્યથી આરક્ષક કરે છે, તેથી કહે છે — પુરનો પતિ તે પુરપતિ, તેનું કર્મ પૌરોપત્ય - સર્વનું અગ્રેસરત્વ. તે અગ્રેસરત્વ નાયકત્વ વિના પણ થાય. - x - તેથી નાયકત્વની પ્રતિપતિ અર્થે કહે છે — સ્વામી અર્થાત્ નાયક. તે નાયકત્વ કદાચ પોષકત્વ સિવાય પણ થાય - x - તેથી કહે છે — ભતૃત્વ અર્થાત્ પોષકત્વ તેથી જ મહત્તરકત્વ, તે કોઈ આજ્ઞારહિતને પણ થાય, તેથી કહે છે — આજ્ઞેશ્વર સેનાપતિ - સ્વ સૈન્ય પ્રતિ અદ્ભુત આજ્ઞા પ્રાધાન્ય.

कारयन् - બીજા નિયુક્ત પુરુષ વડે કે સ્વયં પાલન કરતા મોટા-મોટા શબ્દોથી એ જોડવું. अहय - આખ્યાનક પ્રતિબદ્ધ અથવા અવ્યાહત નિત્ય અર્થાત્ નિત્યાનુબંધી. જે નૃત્ય-ગાન અને વાજિંત્ર, તંત્રી-વીણા, તલ-હસ્તતલ, તાલ-કંસિકા, ત્રુટિત-વાજિંત્ર તથા જે ઘન મૃદંગ પટુ પુરુષ વડે પ્રવાદિત છે. તેમાં घनमृदंग - ઘન સમાન ધ્વનિ જે મૃદંગ, તે બધાંનો રવ-અવાજ. दिव्य - પ્રધાન, ભોગ - શબ્દ આદિ, તે ભોગોને ભોગવતા વિચરે છે. આ કારણથી ગૌતમ ! એમ કહેવાય છે, વિજયદ્વાર એ વિજયદ્વાર છે, વિજય દેવથી ‘‘વિજય’’ એવું નામ છે.

**● સૂત્ર-૧૭૩ :-**

***વિજય દેવની વિજયા નામે રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! વિજયદ્વારના પૂર્વમાં તિર્છા અસંખ્ય દ્વીપ-સમુદ્ર ઓળંગ્યા પછી અન્ય જંબૂદ્વીપ દ્વીપમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી આ વિજય દેવની વિજયા નામે રાજધાની છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબી-પહોળી અને ૪૭,૯૪૮ યોજનથી કંઈક વિશેષાધિક પરિધિ કર્ઈ છે.***

***તે એક પ્રાકાર વડે ઘેરાયેલ છે. તે પ્રાકાર ૩૭॥ યોજન ઉંચા છે, તેનો વિષ્કંભ મૂળમાં ૧૨॥ યોજન, મધ્યમાં ૬-યોજન એક કોસ અને ઉપર [ને છેડે] ૩ યોજન અને અડધો કોસ છે. એ રીતે મૂળમાં વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર પાતળું છે. તે બહારથી ગોળ, અંદરથી ચોરસ, ગાયની પૂંછના આકારે સંસ્થિત છે. તે સર્વ કનકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.***

***તે પ્રાકાર વિવિધ પંચવર્ણી કપિશીર્ષકથી શોભે છે. તે આ પ્રમાણે — કૃષ્ણ યાવત્ શુક્લ. તે કપિશીર્ષક અદ્ધે કોશ લાંબા, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, દેશોન અર્દ્ધકોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે સર્વે મણિમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.***

***વિજયા રાજધાનીની એક-એક બાહામાં ૧૨૫-૧૨૫ દ્વાર હોય છે, એમ કહેલ છે. તે દ્વારો ૬૨॥ યોજન ઉંચા, ૩૧ યોજન વિષ્કંભ અને તેટલો જ પ્રવેશ છે. તે દ્વાર શ્વેતવર્ણી છે, શ્રેષ્ઠ સ્વર્ણની સ્તૂપિકા છે, તેના ઉપર ઈહામૃગાદિના ચિત્ર બનેલા છે ઈત્યાદિ. યાવત્ તેના પ્રસ્તટમાં સ્વર્ણમય રેતી બિછાવેલી છે***

તેનો સ્પર્શ શુભ અને સુખદ છે. તે પ્રાસાદીયાદિ વિશેષણયુક્ત છે.

તે દ્વારોની બંને બાજુ બંને નિષિધિકામાં બબ્બે ચંદન કળશની પરિપાટી છે ઈત્યાદિ યાવત્ વનમાલા કહેવું.

તે દ્વારની બંને બાજુ બંને નૈષેધિકામાં બબ્બે પ્રકંઠકો કહ્યા છે. તે પ્રકંઠક- ૩૧ યોજન એક કોશ લંબાઈ-પહોળાઈથી અને ૧૫- યોજન અઢી કોશ બાહલ્યથી છે. સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે પ્રકંઠક ઉપર એકૈક પ્રાસાદાવતંસક છે. તે પ્રાસાદાવતંસક ૩૧ા યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૧૫ યોજન-અઢી કોશ લંબાઈ-પહોળાઈથી છે. બાકી પૂર્વવત્ યાવત્ સમુદ્ગક્ વિશેષ એ કે આ બધું બહુવચનમાં કહેવું.

વિજય રાજધાનીમાં એકૈક દ્વારમાં ૧૦૮ ચક્રધ્વજ યાવત્ ૧૦૮ શ્વેત ચતુર્દંત શ્રેષ્ઠ હાથીની આકૃતિવાળી ધ્વજા છે. એ પ્રમાણે તે બધી મળીને વિજયા રાજધાનીના એકૈક દ્વારમાં ૧૦૮૦ ધ્વજાઓ હોય છે, એમ કહેલ છે.

વિજય રાજધાનીના એકૈક દ્વારે - તે દ્વારની આગળ ૧૭-ભૌમ કહ્યા છે. તે ભૌમોનો ભૂમિભાગ, ઉલ્લોક પદ્મલતાદિ ચિત્રોથી ચિત્રિત છે. તે ભૌમના બહુ મધ્યદેશ ભાગમાં જે નવ-નવ ભૌમ છે. તે ભૌમના બહુમધ્યદેશ ભાગમાં પ્રત્યેક પ્રત્યેક સીંહાસન કહેલ છે. સીંહાસન વર્ણન દામ પર્યન્ત પૂર્વે કહ્યા મુજબ જાણવું. અહીં અવશેષ ભૌમમાં પ્રત્યેકપ્રત્યેક ભદ્રાસન છે.

તે દ્વારોના ઉપરનો ભાગ સોળ પ્રકારના રત્નોથી શોભિત છે આદિ પૂર્વવત્ યાવત્ છત્રાતિછત્ર, એ પ્રમાણે બધાં મળીને વિજયા રાજધાનીમાં ૫૦૦ દ્વાર છે એમ કહેલ છે.

● વિવેચન-૧૭૩ :-

ભદંત ! વિજય દેવની વિજયા રાજધાની ક્યાં છે ? ગૌતમ ! વિજય દ્વારની પૂર્વ દિશામાં તિર્છા અસંખ્યાત દ્વીપ સમુદ્રો ઓળંગીને તેના અંતરમાં જે અન્ય જંબૂદ્વીપ, અધિકૃત્ દ્વીપ તુલ્ય નામક, આના દ્વારા જંબૂદ્વીપનું પણ અસંખ્યેયત્વ સૂચવે છે. તેમાં ૧૨,૦૦૦ યોજન અવગાહ્યા પછી તેના માર્ગમાં વિજય દેવની યોગ્યા વિજયા નામની રાજધાની મેં અને બધાં તીર્થંકરે કહી છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબી-પહોળી છે ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ કહેવું.

વિજયા નામની રાજધાની એક મોટા પ્રાકાર વડે બધી દિશાથી સમસ્તપણે પરિક્ષિપ્ત છે. તે પ્રાકાર ૩૭ા યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે ઈત્યાદિ માપ પ્રમાણ સૂત્રાર્થ મુજબ જાણવું. આ પ્રાકાર મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત-મૂળ વિષ્કંભનું અડધું થવાથી, ઉપર તનુ-પાતળું, કેમકે મધ્ય વિષ્કંભથી પણ અડધું થવાથી છે. તે ઉંચા કરાયેલ ગાયની પૂંછના આકારે રહેલ છે. સંપૂર્ણ સુવર્ણમય છે, સ્વચ્છ ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્, તે પ્રાકાર વિવિધ પંચવર્ણી - કૃષ્ણાદિ વર્ણ તારતમ્યતાથી કહેવા. પંચવર્ણત્વને જ જણાવે છે - ‘કૃષ્ણ’ ઈત્યાદિ.



તે કપિશીર્ષક પ્રત્યેક અર્દ્ધકોશ-૧૦૦૦ ધનુષ્ પ્રમાણ આયામથી - દીર્ઘતાથી, ૫૦૦ ધનુષ્ વિસ્તારથી આદિ છે. - x - વિજયા રાજધાનીની એકૈક બાહામાં ૧૨૫-૧૨૫ દ્વારો કહેલા છે. સર્વ સંખ્યા ૫૦૦ દ્વાર છે. તે દ્વારો પ્રત્યેક ૬૨ા યોજન ઉર્ધ્વ, ૩૧ા યોજન વિષ્કંભથી અને ૩૧ા યોજન પ્રવેશથી છે. દ્વારોનું વર્ણન સંપૂર્ણ, વનમાળાના વર્ણન પર્યન્ત કહેવું.

તે દ્વારોના પ્રત્યેક ઉભય પડખામાં એકૈક નૈષેધિકી ભાવથી બે પ્રકારે નૈષેધિકીમાં બબ્બે પ્રકંઠક-પીઠ વિશેષ કહી છે. તે પ્રકંઠકો પ્રત્યેક ૩૧ા યોજન લંબાઈ-પહોડાઈથી ઈત્યાદિ કહેવું. તે પ્રકંઠકો વજરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ ઈત્યાદિ પૂર્વવત્.

તે પ્રકંઠકો ઉપર પ્રતર્યેક પ્રાસાદ વિશેષ કહેલ છે. તે પ્રાસાદાવતંસક ૩૧ા યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી ઈત્યાદિ કહેવું. તે પ્રાસાદોનું અભ્યુદ્ગત ઈત્યાદિ સામાન્યથી સ્વરૂપ વર્ણન, ઉલ્લોક વર્ણન, મધ્યભૂમિ ભાગ વર્ણન, સિંહાસન વર્ણન, વિજયદૂષ્ય વર્ણન, મુક્તદામ વર્ણન એ બધું વિજયદ્વારવત્ જાણવું. બાકીના તોરણાદિ વિજય-દ્વારવત્ હવે કહેવાનાર ગાથા મુજબ જાણવા.

તોરણ ઈત્યાદિ ત્રણ ગાથા, દ્વારોમાં પ્રત્યેક એકૈક નૈષેધિકીમાં બબ્બે તોરણ કહ્યા. તે તોરણોની ઉપર પ્રત્યેકમાં આઠ-આઠ મંગલો છે. તે તોરણોની ઉપર કૃષ્ણ ચામર ધ્વજાદિ ધ્વજા છે. પછી તોરણોની આગળ શાલભંજિકા, પછી નાગદંતકો, નાગદંતકોમાં માળા, પછી અશ્વસંઘાટાદિ સંઘાટો કહેવા. પછી અશ્વપંક્તિ આદિ, પંક્તિ પછી અશ્વવીથી આદિ વીથીઓ, પછી અશ્વમિથુનકાદિ મિથુનો, પછી પદ્મલતાદિ લતા, પછી ચતુર્દિક્ સૌવસ્તિક કહેવા. પછી વંદન કળશ, પછી ભૃંગારક, પછી આદર્શક, પછી સ્થાલ, પછી પાત્રી, પછી સુપ્રતિષ્ઠ, પછી મનોગુલિકા તેમાં વાતકરક-વાયુ ભરેલ અથવા જળશૂન્ય ઘડા છે. પછી ચિત્ર રત્નકરંડક, પછી અશ્વ કંઠ, ગજકંઠ, નરકંઠ, ઉપલક્ષણથી કિંનર-કિંપુરુષ-મહોરગ-ગંધર્વ-વૃષભ કંઠક ક્રમથી કહેવા. પછી પુષ્પ ચંગેરી, પછી પુષ્પાદિ પટલક, પછી સિંહાસન, પછી છત્ર, પછી ચામર, પછી તૈલ સમુદ્ગક વક્તવ્યતા પછી ધ્વજા, તે ધ્વજાનું આ છેલ્લું સૂત્ર છે —

એ પ્રમાણે બધાં મળીને વિજયા રાજધાનીના એકૈક દ્વારમાં ૧૦૮૦-૧૦૮૦ ધ્વજાઓ થાય છે, એમ કહ્યું છું. પછી ભૌમો કહેવા. તેમાં સૂત્રમાં સાક્ષાત્ કહે છે — તે દ્વારોની આગળ સત્તર-સત્તર ભોમો કહ્યા છે. તે ભૌમોના ભૂમિભાગ, ઉલ્લોક પૂર્વવત્ કહેવા.

તે ભૌમોના બહુ મધ્ય દેશ ભાગમાં જે નવ-નવ ભૌમ છે તેના બહુ મધ્યદેશ ભાગમાં પ્રત્યેકમાં વિજયદેવ યોગ્ય સિંહાસન, જેમ વિજયદ્વાર પાંચમાં ભૌમમાં છે, તેમ કહેવું. માત્ર સપરિવાર સિંહાસન કહેવું. બાકીના ભૌમમાં પ્રત્યેકમાં સપરિવાર કહેલ છે. - x -

● સૂત્ર-૧૭૪ :-

વિજયા રાજધાનીની ચારે દિશામાં ૫૦૦ યોજન અબાધાએ અહીં ચાર

વનખંડો કહ્યા છે. તે આ પ્રમાણે – અશોકવન, સપ્તવર્ણવન, ચંપકવન અને ચૂતવન. પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સપ્તવર્ણવન, પશ્ચિમમાં ચંપકવન, ઉત્તરમાં ચૂતવન છે.

તે વનષંડો સાતિરેક ૧૨,૦૦૦ યોજન લંબાઈથી અને ૫૦૦ યોજન વિષ્કંભથી કહેલ છે. પ્રત્યેક-પ્રત્યેક પ્રાકાર વડે ઘેરાયેલ છે. કૃષ્ણ, કૃષ્ણાવભાસ વનખંડ વર્ણન કહેવું યાવત્ ઘણાં વ્યંતર દેવો અને દેવીઓ ત્યાં વિશ્રામ કરે છે, સુવે છે, રહે છે, બેસે છે, પડખાં બદલે છે, રમણ કરે છે, લીલા કરે છે, ક્રીડા કરે છે, મોહન કરે છે, જૂના-પુરાણા સુચીર્ણ સુપરિકાંત શુભ કર્મોના કરેલા કલ્યાણ-ફળવૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.

તે વનખંડોના બહુમધ્ય દેશ ભાગમાં પ્રત્યેકે પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલ છે. તે પ્રાસાદાવતંસક ૬૨॥ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી અને ૩૧। યોજન લંબાઈ-પહોળાઈથી અભ્યુદ્ગત, ઉચ્છ્રિત આદિ પૂર્વવત્ યાવત્ અંદર બહુસમરમણીય ભૂમિભાગ કહેલો છે. ઉલ્લોક અને પદ્મભક્તિચિત્રો કહેવા. તે પ્રાસાદાવતંસકોના બહુ મધ્યદેશ ભાગમાં પ્રત્યેક-પ્રત્યેકમાં સીંહાસન કહેલ છે. સપરિવાર વર્ણન કરવું. તે પ્રાસાદાવતંસકની ઉપર ઘણાં આઠ આઠ મંગલો, ધ્વજ, છત્રાતિછત્ર છે. [તે કહેવું.]

ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવો વસે છે. તે આ રીતે – અશોક, સપ્તપર્ણ, ચંપક, ચૂત. ત્યાં પોત-પોતાના વનષંડોનું, પોત-પોતાના પ્રાસાદાવતંસકોનું, પોત-પોતાના સામાનિક દેવોનું, પોત-પોતાની અગ્રમહિષીઓનું પોત–પોતાની પર્ષદાનું, પોત-પોતાના આત્મરક્ષક દેવોનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે.

વિજયા રાજધાનીની અંદર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. યાવત્ તે પંચવર્ણીમણીથી ઉપશોભિત છે. તૃણ શબ્દરહિત મણીઓનો સ્પર્શ યાવત્ દેવ-દેવીઓ ત્યાં બેસે છે યાવત્ વિચરે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગે અહીં એક મોટું ઉપકારિકાલયન કહેલ છે. તે ૧૨૦૦ યોજન લાંબુ-પહોળું અને ૩૭૯૫ યોજનથી કંઈક અધિક તેની પરિધિ છે. અડધો કોસ તેની જાડાઈ છે. તે સંપૂર્ણ સુવર્ણનું યાવત્ પ્રતિરૂપ છે.

તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. પદ્મવર વેદિકા વર્ણન, વનખંડ વર્ણન યાવત્ વિહરે છે, સુધી કહેવું. તે વનખંડ દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી અને ઉપકારિકાલયનની પરિધિ તુલ્ય પરિધિવાળું વનખંડ છે.

તે ઉપકારિકાલયનની ચારે દિશામાં ચાર ત્રિસોપાન-પ્રતિરૂપક કહેલ છે. (વર્ણન કરવું). તે ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ પ્રત્યેક પ્રત્યેક તોરણ કહેલ





છે. છત્રાતિછત્ર છે. તે ઉપકારિકા લયન ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ મણી વડે શોભે છે. મણિ વર્ણન કરવું. ગંધ-રસ-સ્પર્શ [કહેવા]. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટું મૂલ પ્રાસાદાવતંસક કહેલ છે તે ૬૨॥ યોજન ઉંચુ, ૩૧। યોજન લાંબુ-પહોળું, અભ્યુદ્ગત-ઉન્નિત-પ્રહસિત પૂર્વવત્. તે પ્રાસાદાવતંસકના અંદર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. યાવત્ મણિસ્પર્શ, ઉલ્લોક.

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગે અહીં એક મોટી મણિપીઠિકા કહી છે. તે એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધયોજન બાહલ્યથી સર્વ મણિમયી સ્વચ્છ, શ્લક્ષ્ણ છે. તે મણિપીઠિકા ઉપર એક મોટું સીંહાસન કહેલ છે. એ પ્રમાણે સપરિવાર સીંહાસન વર્ણન કરવું.

તે પ્રાસાદાવતંસક ઉપર ઘણાં આઠ-આઠ મંગલો, ધ્વજો, છત્રાતિછત્રો છે. તે પ્રાસાદાવતંસક બીજા ચાર, તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણ માત્ર પ્રાસાદાવતંસકોથી ચોતરફથી ઘેરાયેલ હતું. તે પ્રાસાદાવતંસકો ૩૧। યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી અને સાડા પંદર યોજન અને અર્દ્ધ કોશ લાંબા-પહોળા છે, અભ્યુદ્ગત૦ આદિ પૂર્વવત્. તે પ્રાસાદાવતંસકોની અંદર બહુસમરમણીય ભૂમિભાગ અને ઉલ્લોક છે. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેકે પ્રત્યેક સીંહાસન કહેલ છે. વર્ણન કરવું તેમાં પરિવારરૂપ ભદ્રાસન કહેલ છે, તેમાં આઠ આઠ મંગલ તથા ધ્વજ, છત્રાતિછત્રો કહેવા.

તે પ્રાસાદાવતંસકો તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણ માત્ર બીજા ચાર ચાર પ્રાસાદાવતંસકથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પ્રાસાદાવતંસકો ૧૫॥ યોજન અને અર્ધકોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, દેશોન આઠ યોજન લંબાઈ-પહોળાઈથી આદિ પૂર્વવત્ કહેવું. તે પ્રાસાદાવતંસકોની અંદર બહુસમરમણીય ભૂમિભાગ, ઉલ્લોક છે. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે પ્રત્યેક પ્રત્યેક પદ્માસનો કહેલા છે. તે પ્રાસાદે અષ્ટમંગલો, ધ્વજો, છત્રાતિ છત્રો છે.

તે પ્રાસાદાવતંસકો તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણ બીજા ચાર પ્રાસાદાવતંસકોથી ચોતરફથી ઘેરાયેલા છે. તે પ્રાસાદાવતંસકો દેશોન આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, દેશોન ચાર યોજન લંબાઈ-પહોડાઈથી છે. શેષ પૂર્વવત્. ભૂમિભાગ, ઉલ્લોક, ભદ્રાસનો ઉપર અષ્ટ મંગલો, ધ્વજો, છત્રાતિછત્રો કહેવા.

તે પ્રાસાદાવતંસક, તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણ બીજા ચાર પ્રાસાદાવતંસકોથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પ્રાસાદાવતંસકો દેશોન ચાર યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી અને દેશોન બે યોજન લંબાઈ-પહોડાઈથી છે તે અભ્યુદ્ગત૦ આદિ પૂર્વવત્. ભૂમિભાગ, ઉલ્લોક, પદ્માસન, ઉપર અષ્ટમંગલ, ધ્વજ, છત્રાતિછત્રો છે.

● **વિવેચન-૧૭૪ :-**

વિજયા રાજધાનીની ચારે દિશામાં - x - ૫૦૦-૫૦૦ યોજન અબાધાએ -

આક્રમણ રહિત અર્થાત્ અપાંતરાલ છોડીને. ચાર વનખંડો કહ્યા છે. તે જ વનખંડોને નામથી દિશા ભેદથી દર્શાવે છે. અશોક વૃક્ષ પ્રધાન વન તે અશોકવન. એ પ્રમાણે સપ્તપર્ણવન, ચંપકવન, ચૂતવન પણ જાણવું. - x -

તે વનખંડ સાતિરેક ૧૨,૦૦૦ યોજન લંબાઈથી અને ૫૦૦ યોજન વિષ્કંભથી પ્રત્યેક કહ્યા છે, પ્રત્યેક પ્રાકારથી ઘેરાયેલ છે. વળી તે વનખંડો કેવા છે ? પદ્મવર વેદિકા, બાહ્ય વનખંડ સુધી તે વિશેષણો કહેવા. ત્યાં ઘણાં વ્યંતર દેવો અને દેવીઓ યાવત્ વિચરે છે.

તે વનખંડોના બહુ મધ્ય દેશ ભાગે પ્રત્યેક પ્રાસાદાવતંસકો કહ્યા છે. તે પ્રાસાદાવતંસકો ૬૨॥ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી અને ૩૧। યોજન વિષ્કંભથી છે ''અભ્યુદ્‌ગત૦'' ઈત્યાદિ પ્રાસાદાવતંસકોનું વર્ણન સંપૂર્ણ, સપરિવાર પ્રત્યેક સિંહાસન સુધી કહેવું.

તે વનખંડોમાં પ્રત્યેકમાં એકૈક દેવ ભાવથી ચાર દેવો મહર્દ્ધિક, મહદ્યુતિક, મહાબલ, મહાયશ, મહાસૌખ્ય, મહાનુભાવ એવા પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે આ પ્રમાણે — અશોકવનમાં અશોક, સપ્તપર્ણ વનમાં સપ્તપર્ણ, ચંપકવનમાં ચંપક, ચૂતવનમાં ચૂત.

તે અશોકાદિ દેવો, તે વનખંડના પોતાના પ્રાસાદાવતંસકના પોત-પોતાના હજારો સામાનિકો, પોત-પોતાની સપરિવાર અગ્રમહિષી, પોત-પોતાની પર્ષદા ઈત્યાદિનું આધિપત્ય કરતાં વિચરે છે.

વિજયા રાજધાનીનો અંદરનો બહુસમરમણીય ભૂમિભાગ કહ્યો છે. તેનું — ''જેમ કોઈ આલિંગપુષ્કર'' ઈત્યાદિ ''વર્ણન પૂર્વવત્ સંપૂર્ણ મણીના સ્પર્શ સુધી કહેવું. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગમાં અહીં એક મોટું ઉપકારિકાલયન કહેલ છે. રાજધાની સ્વામીના પ્રાસાદાવતંસકાદિને ઉપકાર કરે છે અથવા ઉપકારીકા એટલે પ્રાસાદાવતંસકાદિની પીઠિકા. અન્યત્ર આ ઉપકારક પ્રસિદ્ધ છે. આ ઉપકારિકાલયનવત્ ઉપકારિકલયન છે. તે ૧૨૦૦ યોજન લાંબુ-પહોળું, ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. - x - તે સંપૂર્ણ જાંબૂનદમય છે, ''સ્વચ્છ'' ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્ જાણવા.

તે ઉપકારિકાલયન એક પદ્મવરવેદિકાથી, તેના પછી એક વનખંડથી બધી દિશામાં, સામસ્ત્યથી પરીવરેલ છે. બંનેનું વર્ણન પૂર્વવત્ કહેવું. ત્યાં ઘણાં વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે, સુવે છે યાવત્ વિચરે છે. તે ઉપકારિકાલયનની ચારે દિશામાં એક-એક દિશામાં એકૈક ભાવથી ચાર ત્રિસોપાનપ્રતિરૂપક - પ્રતિવિશિષ્ટરૂપ ત્રિસોપાન કહે છે. વર્ણન પૂર્વવત્ કહેવું. તે ત્રિસોપાન પ્રતિરૂપકોની આગળ પ્રત્યેક-પ્રત્યેકને તોરણ કહેલ છે, તેનું વર્ણન પૂર્વવત્.

તે ઉપકારિકાલયનની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. - x - ભૂમિભાગ વર્ણન પૂર્વવત્ મણીના સ્પર્શ સુધી કહેવું. તે બહુસમરમણીય ભૂમિભાગના



બહુમધ્ય દેશભાગે અહીં એક મહાન્ મૂલ પ્રાસાદાવતંસક કહેલ છે. તે ૬૨॥ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. ૩૧। યોજન લંબાઈ-પહોળાઈથી છે. - x - તેનું વર્ણન, મધ્યમાં ભૂમિભાગ વર્ણન, સિંહાસન વર્ણન, બાકીના ભદ્રાસનો, તેના પરિવાર ભૂત વિજયદ્વાર બહાર રહેલ પ્રાસાદવત્ કહેવું.

તે મૂલ પ્રાસાદાવતંસકના બહુમધ્ય દેશભાગે અહીં એક મણિપીઠિકા કહી છે, તે એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધયોજન બાહલ્યથી છે. તે સંપૂર્ણ મણિમયી છે. શેષ વિશેષણ પૂર્વવત્. તે મણિપીઠિકાની ઉપર અહીં એક મોટું સિંહાસન કહેલ છે. તે સિંહાસનના પરિવારભૂત બીજા ભદ્રાસનો પૂર્વવત્ કહેવા. તે મૂલ પ્રાસાદાવતંક બીજા ચાર મૂલપ્રાસાદાવતંસકતી ચોતરફથી ઘેરાયેલ છે. તે પ્રાસાદો, મૂલ પ્રાસાદથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણવાળા છે. બાકી સૂત્રાર્થ મુજબ છે.

તે પ્રાસાદાવતંસકોના બહુમધ્ય દેશભાગે એક-એકમાં સિંહાસન કહેલ છે, તે સિંહાસનનું વર્ણન પૂર્વવત્ છે. વિશેષ એ કે સિંહાસનોમાં શેષ-બાકીનાને પરિવારભૂત ન કહેવા. તે પ્રાસાદાવતંસકો બીજા ચાર પ્રાસાદાવતંસકોથી ઘેરાયેલા છે. તે પૂર્વના પ્રાસાદ કરતા અર્દ્ધા ઉચ્ચત્વ પ્રમાણથી છે ઈત્યાદિ સૂત્રાર્થવત્. તેથી તે મૂલ પ્રાસાદની અપેક્ષાએ ચતુર્થ ભાગ માત્ર પ્રમાણથી થશે. - x - x -

આ પ્રાસાદાવતંસકો પણ તેનાથી અર્દ્ધા ઉચ્ચત્વ પ્રમાણ માત્ર - અનંતરોક્ત પ્રાસાદાવતંસકોથી અડધી ઉંચાઈવાળા બીજા ચાર પ્રાસાદાવતંસકોથી પરિવરેલ છે. સ્વરૂપાદિ વર્ણન અનંતર પ્રાસાદવત્ કહેવું. તે પ્રાસાદાવતંસકો પણ તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વવાળા બીજા ચાર પ્રાસાદાવતંસકોથી ઘેરાયેલ છે. અર્થાત્ તે પ્રાસાદાવતંસકો મૂળ પ્રાસાદાવતંસકની અપેક્ષાએ સોળમાં ભાગ પ્રમાણ છે. તેનું લંબાઈ આદિ પ્રમાણ સૂત્રાર્થવત્ જાણવું. તેનું સ્વરૂપ વર્ણન, મધ્ય ભૂમિભાગ વર્ણન, ઉલ્લોક વર્ણન સિંહાસનનું પરિવાર વર્જિત વર્ણન પૂર્વવત્.

● **સૂત્ર-૧૭૫ :-**

***તે મૂલ પ્રાસાદાવતંસકની ઉત્તરપૂર્વમાં અહીં વિજય દેવની સુધર્માસભા કહી છે. તે ૧૨॥ યોજન લાંબી, ૬। યોજન પહોળી અને નવ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે. અભ્યુદ્‌ગત સુકૃત્ વજ્રવેદિકા, શ્રેષ્ઠ તોરણ ઉપર રતિદાયી શાલભંજિકા, સુશ્લિષ્ટ-વિશિષ્ટ-લષ્ટ-સંસ્થિત-પ્રશસ્ત-વૈડૂર્ય-વિમલ સ્તંભ છે. વિવિધ મણિ-કનક-રત્ન ખચિત ઉજ્જ્વલ-બહુસમ-સુવિભક્ત-ચિત્ર-નિચિત રમણીય કુટ્ટિમતલ, ઈહામૃગ-વૃષભ-અશ્વ-નર-મગર-વિહગ-વ્યાલક-કિન્નર-રુરુ-સરભ-ચમર-કુંજર-વનલતા-પદ્મલતા આદિના ચિત્રો [તે સભામાં છે] તેના સ્તંભો ઉપર વજ વેદિકાથી પરિગત હોવાથી અભિરામ - રમ્ય લાગે છે. સમશ્રેણીના વિદ્યાધરોના યુગલોના યંત્રોના પ્રભાવે આ સભા હજારો કિરણોથી પ્રભાસિત છે.***

***[આ સભા] હજારો રૂપકોથી યુક્ત છે. તે દીપ્યમાન છે, વિશેષ દીપ્યમાન***

છે, જોનારના નેત્ર ચોંટી જાય તેવી છે. સ્પર્શ સુખદ છે, સશ્રીકરૂપ છે, કંચન-મણિ-રત્ન-સ્તૂપિકાગ્ર છે. વિવિધ પંચવર્ણી ઘંટા-પતાકાથી પ્રતિમંડિત શીખરો છે. તે સભા શ્વેત, મરીચિ કવચને છોડતી, લીંપેલી-ચુનો દીધેલી, ગોશીર્ષ-સરસ-રક્ત ચંદનથી હાથના થાપા ભીંત ઉપર લગાવેલ છે, તેમાં ચંદન કળશ સ્થાપિત કરેલ છે, તેના દ્વાર ભાગ ઉપર ચંદનના કળશોથી તોરણ સુશોભિત કરાયેલ છે. ઉપરથી નીચે સુધી વિસ્તૃત, ગોળ, લટકતી એવી પુષ્પમાળાથી તે યુક્ત છે. પંચવર્ણી સરસ સુરભિ ફૂલોના પુંજથી તે સુશોભિત છે. કાળો અગરુ-શ્રેષ્ઠ કુંદુરુક્ક-તુરુક્કની ધૂપની ગંધથી તે મહેકી રહી છે. શ્રેષ્ઠ સુગંધી દ્રવ્યોની ગંધથી સુગંધી છે. સુગંધની ગુટિકા સમાન છે. અપ્સરાના સમુદાયથી વ્યાપ્ત દિવ્યવાદ્યના શબ્દોથી નિનાદિત, સુરમ્ય, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ આ સુધર્માસભા છે.

તે સુધર્માસભાની ત્રણ દિશામાં ત્રણ દ્વારો કહ્યા છે, તે દ્વારો પ્રત્યેક પ્રત્યેક બબ્બે યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, એક યોજન વિષ્કંભથી, તેટલું જ પ્રવેશથી છે. તે શ્વેત, શ્રેષ્ઠ સુવર્ણ સ્તૂપિકાગ્ર યાવત્ વનમાળા દ્વારનું વર્ણન કરવું.

તે દ્વારની આગળ મુખમંડપો કહ્યા છે. તે મુખમંડપો સાડા બાર યોજન લાંબા, સવા છ યોજન પહોળા, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે મુખ મંડપો અનેકશત સ્તંભ-સંનિવિષ્ટ છે યાવત્ ઉલ્લોક, ભૂમિભાગનું વર્ણન કરવું. તે મુખમંડપોની ઉપર પ્રત્યેક પ્રત્યેક આઠ આઠ મંગલો કહ્યા છે. તે આ રીતે – સૌવસ્તિક યાવત્ મત્સ્ય.

તે મુખમંડપોની આગળ પ્રત્યેક પ્રત્યેક પ્રેક્ષાગૃહમંડપ કહેલ છે. તે પ્રેક્ષાગૃહમંડપ સાડા બાર યોજન લાંબુ, યાવત્ બે યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી યાવત્ મણીના સ્પર્શ સુધી કહેવું. તેના બહુ મધ્યદેશ ભાગે પ્રત્યેક પ્રત્યેક વજ્રમય અક્ષાટક કહેલ છે. તે વજ્રમય અક્ષાટકના બહુ મધ્યદેશ ભાગે પ્રત્યેક પ્રત્યેક મણિપીઠિકા કહેલ છે. તે મણિપીઠિકા એક યોજન લાંબી-પહોળી અને અર્દ્ધયોજન બાહલ્યથી છે. સર્વ મણિમયી, સ્વચ્છ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક પ્રત્યેક સીંહાસન કહેલ છે. સીંહાસન વર્ણન યાવત્ દામ, પરિવાર કહેવું.

તે પ્રેક્ષાગૃહમંડપની ઉપર આઠ-આઠ મંગલ, ધ્વજો, છત્રાતિછત્રો છે. તે પ્રેક્ષાગૃહમંડપની આગળ ત્રણ દિશામાં ત્રણ મણિપીઠિકા છે. તે મણિપીઠિકા બે યોજન લાંબી-પહોળી અને એક યોજન બાહલ્યથી સર્વ મણિમય યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક પ્રત્યેક ચૈત્યસ્તૂપ કહેલ છે. તે ચૈત્ય સ્તૂપો બે યોજન લાંબા-પહોળા, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે શ્વેત, શંખ-અંક-કુંદ-જલકણ-અમૃતમથિતફિણના પુંજ સમાન, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે ચૈત્ય સ્તૂપની ઉપર આઠ-આઠ મંગલકો, ઘણાં કૃષ્ણચામર ધ્વજો, છત્રાતિછત્ર કહેલા છે.



તે ચૈત્યસ્તૂપની ચારે દિશામાં પ્રત્યેક પ્રત્યેક ચાર મણિપીઠિકાઓ કહી છે. તે મણિપીઠિકાઓ એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધયોજન બાહલ્યથી છે. સર્વ મણીમય્યી છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક પ્રત્યેકમાં ચાર જિન – અરિહંત પ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ માત્ર, પલ્યંકાસને બેઠેલી, સ્તૂપ અભિમુખ સન્નિવિષ્ટ રહેલી હતી. તે આ પ્રમાણે – ઋષભ, વર્દ્ધમાન, ચંદ્રાનન, વારિષેણ.

તે ચૈત્યસ્તૂપની આગળ ત્રણ દિશામાં પ્રત્યેક પ્રત્યેક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા બબ્બે યોજન લાંબી-પહોળી, એક યોજન બાહલ્યથી, સર્વ મણીમય્યી, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નિષ્પંક, નીરજ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકા ઉપર પ્રત્યેક-પ્રત્યેક ચૈત્યવૃક્ષ છે. તે ચૈત્યવૃક્ષ આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અર્ધયોજન ઉદ્વેધથી, બે યોજન સ્કંધ છે - તે સ્કંધનો વિષ્કંભ અર્ધયોજન છે છ યોજન વિડિમા, બહુમધ્યદેશ ભાગે આઠ [અધી] યોજન લાંબી-પહોળી છે. તે સર્વાગ્રથી સાતિરેક આઠ યોજન કહેલ છે.

તે ચૈત્યવૃક્ષનું વર્ણન આ પ્રમાણે કહે છે – તેનું મૂળ વજ્રમય છે, રજત સુપ્રતિષ્ઠિત વિડિમા, રિષ્ટમય વિપુલ કંદ, સ્કંધ વૈડૂર્ય રત્નમય અને રુચિર છે. મૂળભૂત વિશાળ શાખા શુદ્ધ અને શ્રેષ્ઠ સ્વર્ણની છે. વિવિધ શાખા-પ્રશાખા વિવિધ મણિરત્નની છે, પાંદડા વૈડૂર્ય રત્નના છે, પાંદડાના વૃંત તપનીય સુવર્ણના છે. જાંબુનદ સુવર્ણ સમાન લાલ, મૃદુ, સુકુમાર, પ્રવાલ અને પલ્લવ તથા પહેલા ઉગનાર અંકુરોને ધારણ કરનારા છે. તેના શિખર તથાવિધ પ્રવાલ પલ્લવ અંકુરોથી સુશોભિત છે. તે ચૈત્ય વૃક્ષોની શાખા વિચિત્ર મણિરત્ન, સુગંધી ફૂલ, ફળના ભારથી ઝુકેલી છે. તે ચૈત્યવૃક્ષ સુંદર છાયા-પ્રભા-કિરણ-ઉદ્યોતથી યુક્ત છે, અમૃતરસ સમાન ફળોનો રસ છે. તે નેત્ર અને મનને અત્યંત તૃપ્તિદાયી, પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ છે.

તે ચૈત્યવૃક્ષ બીજા ઘણાં તિલક, લવંગ છત્રોપગ શિરિષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, નીપ, કુટજ, કદંબ, પનસ, તાલ, તમાલ, પ્રિયાલ, પ્રિયંગુ, પારાપત, રાજવૃક્ષ અને નંદિવૃક્ષોથી ચોતરફથી ઘેરાયેલ છે. તે તિલક યાવત્ નંદિવૃક્ષ મૂલવાળા, કંદ વાળા યાવત્ સુરમ્ય છે. તે તિલક યાવત્ નંદિવૃક્ષ બીજી ઘણી પદ્મલતા યાવત્ શ્યામલતાથી ચોતરફથી ઘેરાયેલ છે.

તે પદ્મલતા યાવત્ શ્યામલતા નિત્ય કુસુમિત યાવત્ પ્રતિરૂપ છે. તે ચૈત્યવૃક્ષોની ઉપર ઘણાં આઠ-આઠ મંગલો, ધ્વજ અને છત્રાતિછત્રો છે.

તે ચૈત્યવૃક્ષોની આગળ ત્રણ દિશામાં ત્રણ મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા એક યોજન લંબાઈ-પહોળાઈથી અને અડધી યોજન બાહલ્યથી છે. તે સર્વે મણીમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક પ્રત્યેક મહેન્દ્રધ્વજ છે. તે સાડા સાત યોજન ઉર્ધ્વ-ઉચ્ચત્વથી, અર્દ્ધકોશ ઉદ્વેધ,

*અર્દ્ધ કોશ વિષ્કંભ વજ્રમય, વૃત્ત, લષ્ટ, સંસ્થિત, સુશ્લિષ્ટ, પરિઘૃષ્ટ, મૃષ્ટ, સુપ્રતિષ્ઠિત, વિશિષ્ટ, અનેક શ્રેષ્ઠ પંચવર્ણી લઘુપતાકાથી પરિમંડિત હોવાથી સુંદર લાગે છે. વાયુથી ઉડતી વિજયસૂચક વૈજયંતી પાતાકથી યુક્ત છે. છત્રો પર છત્રોથી યુક્ત છે, ઉંચી છે, તેના શિખરો આકાશને લાંઘી રહ્યા છે. તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે.*

*તે મહેન્દ્ર ધ્વજો ઉપર આઠ આઠ મંગલ, ધ્વજ, છત્ર છે.*

*તે મહેન્દ્ર ધ્વજની આગળ ત્રણ દિશામાં ત્રણ નંદા પુષ્કરિણી છે. તે પુષ્કરિણીઓ ૧૨॥ યોજન લાંબી, ૬। યોજન પહોળી, ૧૦ યોજન ઉંડી, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે આદિ પુષ્કરિણી વર્ણન કરવું પ્રત્યેક પ્રત્યેક પુષ્કરિણી પદ્મવર વેદિકાથી ઘેરાયેલી, તે વનખંડોથી ઘેરાયેલ છે. તેનું વર્ણન કરવું યાવત્ તે પ્રતિરૂપ છે.*

*તે પુષ્કરિણી પ્રત્યેક પ્રત્યેકમાં ત્રણ દિશામાં ત્રિસોપાનક પ્રતિરૂપકો છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકોનું વર્ણન કરવું, તોરણો કહેવા યાવત્ છત્રાતિછત્ર (કહેવું). સુધર્માસભામાં છ હજાર મનોગુલિકા કહી છે. તે આ રીતે – પૂર્વમાં ૨૦૦૦, પશ્ચિમમાં-૨૦૦૦, દક્ષિણમાં ૧૦૦૦, ઉત્તરમાં-૧૦૦૦. તે મનોગુલિકામાં ઘણાં સુવર્ણ-રૂપ્યમય ફલકો કહ્યા છે. તે સુવર્ણ-રૂપ્યમય ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતકો કહ્યા છે. તે વજ્રમય નાગદંતકોમાં કાળા દોરામાં બાંધેલ ઘણાં વૃત્ત-લટકતા-માલ્યદામ સમૂહો છે. તે દામોમાં તપનીય લંબૂસકો છે યાવત્ રહેલા છે.*

*તે સુધર્માસભામાં ૬૦૦૦ ગોમાનસિકા કહેલી છે. તે આ રીતે – પૂર્વમાં ૨૦૦૦, પશ્ચિમમાં ૨૦૦૦, દક્ષિણમાં-૧૦૦૦, ઉત્તરમાં ૧૦૦૦, તે ગોમાનસીમાં ઘણાં સુવર્ણ-રૂપ્યમય ફલકો કહ્યા છે. યાવત્ તે વજ્રમય નાગદંતકોમાં ઘણાં રજતમય સિક્કા કહ્યા છે. તે રજતમય સિક્કામાં ઘણી વૈડૂર્યમય ધૂપઘટિકાઓ કહી છે. તે ધૂપઘટિકાઓ કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક યાવત્ ઘ્રાણ-મનને સુખકર ગંધથી ચોતરફથી ભરી દેતી રહેલી છે. સુધર્માસભામાં અંદર બહુ સમ રમણીય ભૂમિભાગ કહ્યો છે યાવત્ મણીનો સ્પર્શ, ઉલ્લોક, પદ્મલતાદિના ચિત્રો યાવત્ સર્વ તપનીયમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

● **વિવેચન-૧૭૫ :-**

તે મૂલ પ્રાસાદાવતંસકની ઈશાન દિશામાં આ ભાગમાં વિજય દેવને યોગ્ય સુધર્માસભા નામે વિશિષ્ટ છંદક યુક્ત સાડાબાર યોજન લાંબી, સવા છ યોજન પહોળી, નવ યોજન ઉંચી છે, તે અનેક સેંકડો સ્તંભ ઉપર રહેલી છે. અભ્યુદ્ગત - અતિરમણીયપણે જોનારની સન્મુખ પ્રાબલ્યથી સ્થિત છે. સુકૃત્ - નિપુણ શિલ્પીરચિત છે. વજ્રવેદિકા-દ્વારમુંડક ઉપર વજ્રરત્નમયી વેદિકા, તોરણ છે, પ્રધાન, વિરચિત કે રતિદાયી શાલભંજિકા વડે સંબદ્ધ, પ્રધાન, મનોજ્ઞ, સંસ્થાન જેનું છે, તેવી પ્રશસ્ત-પ્રશંસાદિરૂપ, જેમાં વૈડૂર્યરત્નમય સ્તંભો છે તેવી. તથા વિવિધ મણિ-કનક રત્ન ખચિત છે. उज्जवल - નિર્મળ, बहुसम - અત્યંત સમ, सुविभक्त निचित - નિબીડ



અને રમણીય ભૂમિભાગ વાળી છે. ઈહામૃગ, ઋષભાદિના ચિત્રોથી ચિત્રિત છે.

તથા સ્તંભની ઉપરવર્તી એવી વજરત્નમય્ય વેદિકા વડે પરિગત હોવાથી રમ્ય લાગે છે. - x - x - સુવર્ણ, મણિ, રત્નોની સ્તૂપિકા-શિખર જેને છે તેવી વિવિધ પ્રકારના પંચવર્ણી ઘંટા અને પતાકાઓ વડે સામસ્ત્યથી મંડિત અગ્ર શિખરો યુક્ત છે. શ્વેત, કિરણ જાળને ફરતો છોડતી એવી, ભૂમિ ઉપર છાણ આદિનું લેપન કરેલી, ભીંતો અને માળને ચુના વડે સંમાર્જિત કરેલી, તે બંનેની માફક પૂજિત એવી તથા ગોશીર્ષ ચંદન-સરસરક્ત ચંદનના થાપા - પાંચે આગળી સહિત હાથના થાપા મારેલ એવી આ સભા છે.

તથા જ્યાં વંદન-મંગલ કળશો મૂકાયેલા છે, ચંદન ઘટ વડે સારી રીતે શોભાયમાન છે. તેવા તોરણો પ્રતિદ્વારના દેશ ભાગે જે સભામાં રહેલા છે તે તથા અધોભૂમિ સુધી લાગેલા, ઉપર-ઉલ્લોચતળથી લટકતા, વિસ્તીર્ણ, વર્તુળ, પ્રલંબિત, પુષ્પ માળાનો સમૂહ જેમાં છે તેવી. પંચવર્ણી સરસ-છાયા સહિત ગંધ વડે મુક્ત-ક્ષિપ્ત પુષ્પપુંજ લક્ષણ ઉપચાર-પૂજાથી યુક્ત કાલાગરુ-પ્રવર કુંદુરુષ્ક આદિ સુગંધ યુક્ત, ગંધવર્તીભૂત છે. ત્યાં અપ્સરાઓના સમુદાય છે, તે વડે રમણીયપણે સમ્યક્, વ્યાપ્ત, દિવ્ય ત્રુટિત-વાજિંત્રોમાં વેણુ-વીણા-મૃદંગાદિના જે શબ્દો, તેના વડે કાન અને મનને હરતા પ્રકર્ષ શબ્દોવાળી એવી આ સભા છે.

તે સુધર્માસભામાં ત્રણે દિશામાં - એક એક દિશામાં એક એક દ્વારના ભાવથી ત્રણ દ્વારો કહેલા છે. તે આ રીતે - એક પૂર્વમાં, એક દક્ષિણમાં, એક ઉત્તરમાં. તે દ્વારો દરેકે દરેક બબ્બે યોજન ઉંચા, એક યોજન પહોળા, એક યોજન પ્રવેશમાં છે. એ રીતે દ્વાર વર્ણન વનમાળા સુધી કહેવું.

તે દ્વારની આગળ એકૈક મુખમંડપ છે. તે મુખમંડપ સાડા બાર યોજન લાંબા, સવા છ યોજન વિષ્કંભથી, સાતિરેક બે યોજન ઉંચા છે. તે અનેક સેંકડો સ્તંભ સંનિવિષ્ટ છે ઈત્યાદિ વર્ણન સુધર્માસભાની જેમ સંપૂર્ણ કહેવું. તે મુખ-મંડપોનું ઉલ્લોક વર્ણન, બહુસમરમણીય ભૂમિ ભાગ વર્ણન કે મણીનો સ્પર્શ પૂર્વવત્ કહેવો.

તે મુખમંડપોની ઉપર આઠ-આઠ મંગલક-સ્વસ્તિકાદિ કહેલ છે. તેના વિશેષણ સુધર્માસભામાં પણ કહેવા. તે મુખમંડપોની આગળ એકૈક પ્રેક્ષાગૃહમંડપ કહેલ છે. તે પ્રેક્ષાગૃહમંડપ સાડાબાર યોજન લાંબો, સવા છ યોજન પહોળો છે. સાતિરેક બે યોજન ઉંચો છે. પ્રેક્ષાગૃહમંડપ અને ભૂમિ ભાગનું વર્ણન મણીઓના સ્પર્શ સુધી પૂર્વવત્ કહેવું.

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેક-પ્રત્યેક વજ્રમય ચતુષ્કોણ અક્ષપાટક કહેલ છે. તે અક્ષપાટકોના બહુમધ્ય દેશભાગે એકૈક મણિપીઠિકા કહી છે. તા મણિપીઠિકા એક યોજન લાંબી, એક યોજન પહોળી, અર્દ્ધ યોજન બાહલ્યથી છે. તે સંપૂર્ણ મણિમય છે, સ્વચ્છાદિ પૂર્વવત્.

તે મણિપીઠિકાની ઉપર એકૈક સિંહાસન કહેલ છે. તે સિંહાસનોનું વર્ણન

અને પરિવાર પૂર્વવત્ કહેવા. તે પ્રેક્ષાગૃહમંડપની ઉપર આઠ-આઠ સ્વસ્તિકાદિ મંગલ કહેલા છે. કૃષ્ણચામર ધ્વજા આદિ બધું પૂર્વવત્ કહેવું.

તે પ્રેક્ષાગૃહ મંડપની આગળ એકૈક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા પ્રત્યેક બબ્બે યોજન લાંબી-પહોળી, એક યોજન બાહલ્યથી છે. સંપૂર્ણ મણીમય, સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત્ જાણવું. તે મણિપીઠિકા ઉપર એક એક ચૈત્યસ્તૂપ કહેલ છે. તે ચૈત્યસ્તૂપ સાતિરેક બે યોજન ઉંચા, બબ્બે યોજન લાંબા-પહોળા છે. શંખાદિવત્ શ્વેત, સર્વથા રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ ઈત્યાદિ પૂર્વવત્ છે. તે ચૈત્યસ્તૂપ ઉપર આઠ-આઠ મંગલ, ઘણાં કૃષ્ણ ચામર ધ્વજાદિ પૂર્વવત્.

તે ચૈત્યસ્તૂપોની પ્રત્યેકે પ્રત્યેકમાં ચારે દિશામાં એકૈક દિશામાં એકૈક મણિપીઠિકા ભાવથી ચાર મણીપીઠિકા છે. તે મણીપીઠિકા એકૈક યોજન લાંબી-પહોળી, અર્દ્ધ યોજન બાહલ્યથી સર્વથા મણીમય્યી, સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત્ છે. તે મણીપીઠિકા ઉપર એકૈક મણીપીઠિકાની ઉપર એકૈક પ્રતિમા એ રીતે ચાર જિનપ્રતિમા છે. ઉત્કર્ષથી ૫૦૦ ધનુષ્, જઘન્યથી સાત હાથ જિનોત્સેધ હોય, પણ અહીં ૫૦૦ ધનુષ્ સંભવે છે. તે પર્યંકાસને રહેલી અને સ્તૂપની સામે રહેલ છે. તે આ - ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, વારિષેણ.

તે ચૈત્ય સ્તૂપોની આગળ પ્રત્યેક-પ્રત્યેક મણિપીઠિકા છે. તે મણિપીઠિકા બબ્બે યોજન લંબાઈ-પહોળાઈથી અને એક યોજન બાહલ્યથી છે. સંપૂર્ણ મણિમય્ય, સ્વચ્છ આદિ છે. તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક-પ્રત્યેક ચૈત્યવૃક્ષ કહેલ છે. તે ચૈત્યવૃક્ષ આઠ યોજન ઉંચું છે, અડધો યોજન ઉત્સેધ-ઉંડુ છે. બે યોજન ઉચ્ચ સ્કંધ, તે અર્ધ યોજન વિષ્કંભથી યાવત્ બહુમધ્ય દેશભાગમાં ઉર્ધ્વ નીકળેલ શાખા તે વિડિમા છ યોજન ઉર્ધ્વ છે. તે પણ અર્દ્ધ યોજન વિષ્કંભથી છે. સાતિરેક આઠ યોજન છે.

તે ચૈત્યવૃક્ષોનું આવું વર્ણન છે. તે આ રીતે — વજરત્નમય મૂલ, રજતમયી સુપ્રતિષ્ઠિત વિડિમા-બહુમધ્ય દેશભાગ, ઉર્ધ્વ વિનિર્ગત શાખા, રિષ્ઠ રત્નમય કંદયુક્ત, વૈડૂર્યરત્નમય રુચિર સ્કંધયુક્ત. સુજાત - મૂલ દ્રવ્ય શુદ્ધ, वर - પ્રધાન, પ્રથમक्ता - મૂળભૂત, વિશાળ શાખા જેમાં છે તે. વિવિધ મણિ રત્નોની વિવિધા શાખા અને પ્રશાખા જેમાં છે તે. વૈડૂર્યમય પત્રો યુક્ત, તપનીયમય પત્રવૃંતવાળા. જાંબૂનદ નામક સુવર્ણ વિશેષમય, રક્તવર્ણી-મનોજ્ઞ-સુકુમાર સ્પર્શવાળા જે પ્રવાલ-કંઈક ઉઘડેલ પત્રરૂપ, પલ્લવ-સંજાત પરિપૂર્ણ પ્રથમ પત્ર ભાવરૂપ, વરાંકુર - પહેલા ઉદ્‌ભેદ પામતા અંકુર, તેને ધારણ કરનાર અથવા પાઠાંતરથી જાંબૂનદ રક્ત મૃદુ-અકઠીન, સુકુમાર-અકર્કશ સ્પર્શ, કોમલ-મનોજ્ઞ. - x -

વિચિત્રમણિ રત્નમય જે સુરભી કુસુમ અને ફળોના ભારથી નમેલ શાખા જેની છે તે. જેની શોભન છાયા છે. તે સચ્છાય. શોભન પ્રભા-કાંતિ જેમાં છે, તે સત્પ્રભા. ઉદ્યોત સહ વર્તે છે તે મણિ રત્નોના ઉદ્યોત્ ભાવથી સોદ્યોત अधिकं - અતિશય નયન



અને મનને સુખકર. અમૃતરસ જેવા રસવાળા ફળો જેના છે તે. પ્રાસાદીયાદિ ચાર વિશેષણ પૂર્વવત્.

તે ચૈત્યવૃક્ષ બીજા ઘણાં તિલક, લવંગ આદિ સૂત્રોક્ત વૃક્ષો વડે ચોતરફથી ઘેરાયેલ છે. તે તિલક યાવત્ નંદિ વૃક્ષો મૂળવાળા - કંદવાળા ઈત્યાદિ વૃક્ષવર્ણન પૂર્વવત્ ત્યાં સુધી કહેવું જ્યાં સુધી અનેક શકટ, રથ, યાન, શિબિકા, સ્યંદમાનિકાથી સુરમ્યા છે. તે તિલક યાવત્ નંદિવૃક્ષ બીજા ઘણી પદ્મલતા, નાગલતા, અશોકલતા આદિ વડે ચોતરફથી ઘેરાયેલ છે. તે પદ્મલતા યાવત્ શ્યામલતા નિત્ય કુસુમિત છે ઈત્યાદિ લતા વર્ણન પ્રતિરૂપ છે ત્યાં સુધી કહેવું. વ્યાખ્યા પૂર્વવત્ છે.

તે ચૈત્યવૃક્ષો ઉપર આઠ-આઠ મંગલકો, ઘણાં કૃષ્ણ ચામરધ્વજ ઈત્યાદિ૦ ઘણાં સહસ્રપત્ર હસ્તક, સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપક છે સુધી કહેવું. તે ચૈત્યવૃક્ષોની આગળ એકૈક મણિપીઠિકા કહી છે, તે મણિપીઠિકા એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધ યોજન બાહલ્યથી, સંપૂર્ણ મણીમયી, સ્વચ્છાદિ પૂર્વવત્.

તે મણિપીઠિકાની ઉપર એકૈક મહેન્દ્ર ધ્વજ કહ્યો છે તે સાડા સાત યોજન ઉંચો, અર્દ્ધક્રોશ - હજાર ધનુષ્, પ્રમાણ ઉદ્વેધ, અર્દ્ધકોશના વિસ્તારવાળો છે. તે વજરત્નમય, વર્તુળ, મનોજ્ઞ, સંસ્થાનથી સંસ્થિત, સુશ્લિષ્ટ, ઘસેલી પ્રતિમા જેમ પરિઘૃષ્ટ, મૃષ્ટ-સુકુમાર પાષાણ પ્રતિમાની જેમ સુપ્રતિષ્ઠિત કેમકે જરા પણ ચલિત નથી. પ્રધાન પંચવર્ણી હજારો લઘુપતાકાથી પરિમંડિત હોવાથી રમ્ય, વાયુ વડે ઉડતી વૈજયંતી પતાકા આદિ પૂર્વવત્.

તે મહેન્દ્ર ધ્વજાની ઉપર આઠ-આઠ મંગલક, ઘણાં કૃષ્ણ ચામર ધ્વજ ઈત્યાદિ પૂર્વવત્ બધું કહેવું. - x -

તે મહેન્દ્ર ધ્વજોની આગળ એકૈક 'નંદા' નામની પુષ્કરિણી કહી છે. તે સાડા બાર યોજન લાંબી, સવા છ યોજન પહોળી, દશ યોજન ઉંડી. સ્વચ્છ-શ્લક્ષ્ણ આદિ પૂર્વવત્ જગતીની ઉપર પુષ્કરિણી સંપૂર્ણ કહેવી યાવત્ ઉદકરસથી પ્રાસાદીયાદિ કહી છે. તે નંદા પુષ્કરિણી પ્રત્યેકે પ્રત્યેક પદ્મવર વેદિકા અને વનખંડ વડે પરિવરેલી છે. તે નંદાપુષ્કરિણીની ત્રણ દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક કહેલ છે. તેનું અને તોરણનું વર્ણન પૂર્વવત્.

સુધર્માસભામાં ૬૦૦૦ મનોગુલિકા કહેલી છે. આ બધાનું, ફલક-નાગદંતક-માલ્યદામનું વર્ણન પૂર્વવત્. સુધર્મા સભામાં ૬૦૦૦ ગોમાનસિક-શય્યારૂપ સ્થાન વિશેષ કહેલા છે. તેનું પણ ફલકવર્ણન, નાગદંત વર્ણન, ધૂપઘટિકા વર્ણન ''વિજયદ્વાર''ના વર્ણન માફક જાણવું. ભૂમિભાગ વર્ણન પૂર્વવત્.

● **સૂત્ર-૧૭૬ :-**

***તે બહુસમરમણીયભૂમિ ભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા બે યોજન લાંબી-પહોળી, એક યોજન જાડી અને સંપૂર્ણ મણિમય છે.***

*તે મણિપીઠિકાની ઉપર અહીં માણવક નામે ચૈત્યસ્તંભ કહેલ છે. તે સાડા સાત યોજન ઉંચો, અર્દ્ધ કોશ ઉદ્વેધથી - જમીનમાં, અર્દ્ધ કોશ વિષ્કંભથી છે. તેની છ કોટી, છ કોણ, છ ભાગ છે. તે વજ્રમય, વૃત્ત, લષ્ઠ સંસ્થિત છે. એ પ્રમાણે મહેન્દ્ર ધ્વજના વર્ણન મુજબ "પ્રાસાદીય" સુધી કહેવું.*

*તે માણવક ચૈત્યસ્તંભની ઉપર છ કોશ ઉલ્લંઘીને અને નીચે પણ છ કોશ વર્જીને વચ્ચેના સાડા ચાર યોજનમાં આ ઘણાં સુવર્ણ-રૂપ્યમય ફલકો કહ્યા છે. તે સોના-રૂપાના ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતકો કહ્યા છે. તે વજ્રમય નાગ-દંતકોમાં ઘણાં રજતમય સિક્કાઓ કહ્યા છે. તે રજતમય સિક્કામાં ઘણાં વજ્રમય ગોળ-વૃત્ત સમુદ્ગકો કહ્યા છે. તે વજ્રમય ગોળવૃત્ત સમુદ્ગકોમાં ઘણાં જિનસક્થિઓ સંનિક્ષિપ્ત રહેલા છે. તે વિજય દેવ અને બીજા ઘણાં વ્યંતર દેવ-દેવીઓ માટે અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ-મંગલ-દેવત્વ-ચૈત્યરૂપ તથા પર્યુપાસનીય છે. માણવક ચૈત્યસ્તંભની ઉપર આઠ-આઠ મંગલ, ધ્વજ, છત્રાતીછત્ર રહેલ છે.*

*તે માણવક ચૈત્યસ્તંભની પૂર્વે એક મોટી મણિપીઠિકા કહેલી છે. તે મણિપીઠિકા બે યોજન લાંબી-પહોળી એક યોજન બાહલ્યથી સર્વમણીમયી યાવત્ પ્રતિરૂપ છે.*

*તે મણિપીઠિકા ઉપર એક મોટું સીંહાસન કહેલ છે. સીંહાસન વર્ણન કરવું. તે માણવક ચૈત્ય સ્તંભની પશ્ચિમે એક મોટી મણિપીઠિકા કહેલ છે. એક યોજન લાંબી-પહોળી, અર્ધયોજન બાહલ્યથી, સર્વમણિમયી, સ્વચ્છ છે.*

*તે મણિપીઠિકાની ઉપર એક મોટું દેવશયનીય કહેલ છે. તે દેવશયનીયનું આવા સ્વરૂપનું વર્ણન કહેલ છે. - વિવિધ મણિમય પ્રતિપાદ, સુવર્ણના પાયા, વિવિધ મણિમય પાદશીર્ષ, જાંબૂનદમય ગાત્રો, વજ્રમય સંધિ, વિવિધ મણિમય તે વણેલ છે. રજતમય તૂલી, લોહિતાક્ષમય તકીયા, તપનીયમય ગંડોપધાનિકા છે. તે દેવ શયનીયની બંને બાજુ તકીયા, બે બાજુ ઉન્નત, મધ્યે ગંભીર, શાલિંગણવર્તિક, ગંગા નદીના કિનારાની રેતીમાં પગ રાખતા અંદર ધસી જાય તેવી જ શય્યા છે. તેના ઉપર વેલ-બૂટા કાઢેલ સુતરાઉ વસ્ત્ર બિછાવેલ છે. તેના ઉપર રજસ્ત્રાણ લગાવેલ છે, તે લાલ વસ્ત્રથી ઢાંકેલ, સુરમ્ય, મૃગચર્મ-રુ-બૂર-વનસ્પતિ અને માખણ સમાન મૃદુ સ્પર્શવાળી, પ્રાસાદીય છે.*

*તે દેવશયનીયના ઉત્તર પૂર્વમાં એક મોટી મણીપીઠિકા કહેલ છે. તે એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધ યોજન બાહલ્યથી, સર્વમણિમયી યાવત્ સ્વચ્છ છે.*

*તે મણિપીઠિકાની ઉપર એક મોટો ક્ષુલ્લક મહેન્દ્રધ્વજ કહે છે. સાડા સાત યોજન ઉર્ધ્વ-ઉચ્ચત્વથી છે. અર્દ્ધકોશ ઉદ્વેધથી, અર્દ્ધકોશ વિષ્કંભથી, વૈડૂર્યમય-વૃત્ત-લષ્ટ-સંસ્થિત આદિ પૂર્વવત્ યાવત્ મંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે.*

*તે ક્ષુદ્ર મંગલધ્વજની પશ્ચિમે વિજય દેવનો ચોપ્પાલ નામે પ્રહરણ કોશ*



*કહેલ છે. તે વિજય દેવના પરીઘરત્ન પ્રમુખ ઘણાં પ્રહરણ રત્નો સંનિક્ષિપ્ત રહેલ છે. તે શસ્ત્ર ઉજ્જ્વલ, અતિ તેજ અને તીક્ષ્ણધારવાળા છે. તે પ્રાસાદીયાદિ છે. તે સુધર્માસભાની ઉપર ઘણાં આઠ-આઠ મંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે.*

**● વિવેચન-૧૭૬ :-**

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગમાં અહીં એક મણિપીઠિકા કહી છે. બે યોજન લાંબી-પહોળી, એક યોજન બાહલ્યથી સર્વથા મણિમયી, સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત્ છે.

તે મણિપીઠિકાની ઉપર મહાન્ એક માણવક નામક ચૈત્યસ્તંભ કહેલ છે. સાડા સાત યોજન ઉચ્ચ, અર્દ્ધકોશ વિષ્કંભથી, છકોટિક, છ વિગ્રહિક, વજ્રમય-વૃત્ત-લષ્ટ-સંસ્થિત ઈત્યાદિ મહેન્દ્ર-ધ્વજવત્ વર્ણન ત્યાં સુધી કહેવું યાવત્ પ્રતિરૂપ છે.

તે માણવક ચૈત્ય સ્તંભ ઉપર-નીચે છ-છ કોશ છોડીને મધ્યેના સાડા ચાર યોજનમાં ઘણાં સુવર્ણ રૂપ્યમય ફલક છે, ઈત્યાદિ ફલક વર્ણન કરવું. નાગદંત-સિક્કગ વર્ણન પૂર્વવત્ કરવું તે રજતમય સિક્કામાં ઘણાં વજ્રમય, ગોળ-વૃત્ત, સમુદ્ગકો છે. તે વજ્રમય સમુદ્ગકમાં ઘણી જિનસક્થિ રહેલ છે. જે વિજય દેવ તથા બીજા વ્યંતરાદિ દેવ-દેવીને ચંદનથી અર્ચનીય, સ્તુતિ આદિથી વંદનીય, પુષ્પાદિથી પૂજનીય, બહુમાનકરણથી માનનીય, વસ્ત્રાદિથી સત્કારણીય, કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્ય એ બુદ્ધિથી પર્યુપાસનીય છે.

તે માણવક ચૈત્યસ્તંભની પૂર્વ દિશામાં મોટી મણિપીઠિકા કહેલી છે. એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધ યોજન બાહલ્યથી, સર્વથા મણીમયી, અચ્છ ઈત્યાદિ પૂર્વવત્ છે. તે મણિપીઠિકાની ઉપર એક મોટું સિંહાસન કહેલ છે, તેનું વર્ણન અને ભદ્રાસનાદિ પૂર્વવત્ છે.

તે માણવક નામક ચૈત્યસ્તંભની પશ્ચિમ દિશામાં મોટી મણિપીઠિકા કહેલ છે. એક યોજન લાંબુ-પહોળું છે, અર્દ્ધ યોજન બાહલ્યથી છે. સર્વમણીમયી ઇત્યાદિ પૂર્વવત્. તે મણિપીઠિકાની ઉપર અહીં એક મોટી દેવશય્યા છે. તેનું વર્ણન આ રીતે - વિવિધ મણિમય, મૂળપાયા - પ્રતિવિશિષ્ટ ઉપષ્ટંભ કરણને માટે પાદ, પ્રતિપાદ. - x - જાંબૂનદમય ગાત્ર - ઇષત્ વજ્રમય વજ રત્નપૂરિત સંધિઓ છે. વિવિધ મણિમય વ્યૂત-વિશિષ્ટવાન રજમયી તૂલી, લોહિતાક્ષમય ઉપાધાનક [તકીયા] તપનીયમય્ય ગંડોપધાનકાદિ.

તે દેવશયનીય આલિંગનવર્તીસહ - શરીર પ્રમાણ ઉપધાનથી જે છે તે. ઉભયતઃ - મસ્તકના અને પગના અંતને આશ્રીને જે તકીયા છે તે. બંને તરફ ઉન્નત, મધ્યમાં નિમ્ન હોવાથી નમેલ, ગંભીર, अवदाल - વિદલન, પગ મૂકતા નીચે ધસી જાય તેવું. सालिसए - સદૃશક, ओयविय - વિશિષ્ટ પરિકર્મિત, क्षौम - કાર્પાસિક, दुकूल - વસ્ત્ર, તે જ पट्ट. प्रतिच्छादन - આચ્છાદન. આજીનક-રૂ આદિ પૂર્વવત્ કહેવું. - x - x -

તે દેવશયનીયની ઉત્તરપૂર્વ દિશામાં એક મોટી મણિપીઠિકા કહી છે. એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધ યોજન બાહલ્યથી સર્વમણીમયી આદિ પૂર્વવત્. તે મણિપીઠિકાની ઉપર ક્ષુલ્લક મહેન્દ્રધ્વજ છે. તેનું પ્રમાણ અને વર્ણન મહેન્દ્ર-ધ્વજવત્ કહેવું. તે મહેન્દ્રધ્વજની પશ્ચિમમાં વિજયદેવનો ચોપ્પાલ નામે એક પ્રહરણકોશ કહેલ છે. તે સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે કોશમાં પરિઘરત્ન પ્રમુખ પ્રહરણરત્ન રહેલા છે. જે નિર્મળ, અતિ તેજવાળા, તેથી જ તીક્ષ્ણ ધારાવાળા આદિ હતા.

તે સુધર્માસભાની ઉપર ઘણાં આઠ-આઠ મંગલક હતા ઈત્યાદિ બધું પૂર્વવત્ કહેવું યાવત્ પ્રતિરૂપ હતી.

● સૂત્ર-૧૭૭ :-

*સુધર્માસભાની ઉત્તરપૂર્વમાં એક મોટું સિદ્ધાયતન [જિનાલય] કહેલ છે. તે સાડા બાર યોજન લાંબી, સવા છ યોજન પહોળી, નવ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે યાવત્ ગોમાનસિકની વક્તવ્યતા કહેવી. જે સુધર્માસભાની વક્તવ્યતા છે, તે સંપૂર્ણ પૂર્વવત્ દ્વાર, મુખમંડપ, પ્રેક્ષાઘર મંડપ, ધ્વજ, સ્તૂપ, ચૈત્યવૃક્ષ, માહેન્દ્ર ધ્વજ, નંદા પુષ્કરિણી, પછી સુધર્માની મનોગુલિકાનું પ્રમાણ, ગોમાનસીકા, ધૂપઘટિકા, તે જ પ્રમાણે ભૂમિભાગ, ઉલ્લોક યાવત્ મણીઓનો સ્પર્શ કહેવો.*

*તે સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે બે યોજન લંબાઈ-પહોળાઈથી, એક યોજન બાહલ્યથી છે. સર્વમણીમયી, સ્વચ્છ૦ આદિ છે. તે મણિપીઠિકાની ઉપર એક મોટો દેવછંદક કહેલ છે. તે બે યોજન લાંબો-પહોળો છે, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઉંચો, સર્વરત્નમયાદિ છે.*

*તે દેવછંદકમાં ૧૦૮ જિન [અરિહંત] પ્રતિમા, જિન ઉત્સેધ પ્રમાણ માત્ર સંનિક્ષિપ્ત રહેલી છે. તે જિન પ્રતિમાનું આવા પ્રકારે વર્ણન કહ્યું છે. જેમકે — હથેળી તપનીયમય, નખો અંકરત્નમય અને તેનો મધ્ય ભાગ લોહિતાક્ષ રત્નોથી યુક્ત છે. પગ સુવર્ણમય છે, ગુલ્ફ-ઘુંટણ કનકમય છે, જાનૂ કનકમય છે. ઉરૂ કનકમય છે, ગાત્રલષ્ટીઓ કનકમય છે. નાભિ તપનીયમય છે, રોમરાજી રિષ્ટરત્નમય છે. ચુચુક તપનીયમય છે, શ્રીવત્સ તપનીયમય છે. બાહુ કનકમય છે. પાસળીઓ કનકમય છે. ગ્રીવા કનકમયી છે, મૂંછ રિષ્ટરત્નમય છે. હોઠ પ્રવાલરત્નમય છે. દાંત સ્ફટિકરત્નમય છે, તપનીયમય જીભ છે. તાળવું તપનીયમય છે. નાક કનકમયી છે, તેનો મધ્યભાગ લોહિતાક્ષ રત્નની લાલીમાવાળો છે. આંખો અંકરત્નની છે - તેનો મધ્યભાગ લોહિતાક્ષરત્નની લાલાશવાળો છે, દૃષ્ટિ પુલકિત છે. આંખોની કીકી રિષ્ટરત્નમય છે. તેના અક્ષિપત્ર અને ભ્રમર રિષ્ટ રત્નમય છે. કપાળ સુવર્ણમય છે, કાન સુવર્ણમય છે, લલાટ કનકમય છે. શીર્ષ ઘટિકા વૃત્ત-વજરત્નમય છે. શાંત કેશ ભૂમિ તપનીય સુવર્ણની છે. કેશ રિષ્ટરત્નોના છે.*



*તે જિનપ્રતિમાની પાછળ અલગ-અલગ છત્રધાર પ્રતિમા કહી છે. તે છત્રધાર પ્રતિમાઓ લીલાપૂર્વક કોરંટપુષ્પની માળાથી યુક્ત હિમ, રજત, કુંદ અને ચંદ્ર સમાન સફેદ આતપત્રોને ધારણ કરીને ઉભી છે. તે જિનપ્રતિમાના બંને પડખે અલગ-અલગ ચામરધારી પ્રતિમા છે. તે ચામરધારી પ્રતિમા ચંદ્રકાંતમણિ, વજ, વૈડૂર્યાદિ વિવિધ મણિ, સુવર્ણ અને રત્નયુક્ત નિર્મળ મહાર્હ, તપનીય, ઉજ્જ્વલ વિચિત્ર દંડો અને શંખ-અંકરત્ન-કુંદ-જલકણ, અમૃત મથિત ફીણના પુંજની સદેશ સૂક્ષ્મ અને રજતમય દીર્ઘવાળ વાળી ધવલ ચામરોને લીલાપૂર્વક ધારણ કરી ઉભી છે.*

*તે જિનપ્રતિમાની આગળ બબ્બે નાગપ્રતિમા, બબ્બે યક્ષ પ્રતિમા, બબ્બે ભૂતપ્રતિમા, બબ્બે કુંડધાર પ્રતિમાઓ વિનયપૂર્વક, પગે પડેલી, અંજલિ જોડેલી, સંનિક્ષિપ્ત રહેલ છે. સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ધૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિષ્પંક યાવત્ પ્રતિરૂપ છે.*

*તે જિનપ્રતિમાની આગળ ૧૦૮ ઘંટા, ૧૦૮ ચંદન કળશો, ૧૦૮ ભૃંગાર, એ પ્રમાણે ૧૦૮-૧૦૮ આદર્શક, થાલા, પાત્રી, સુપ્રતિષ્ઠક, મનોગુલિકા, વાતકરક, ચિત્ર, રત્નકરંડક, હયકંઠક યાવત્ વૃષભ કંઠક, પુષ્પચંગેરી યાવત્ લોમહસ્તચંગેરી, પુષ્પ પટલક, તેલ સમુદ્ગક યાવત્ ધૂપકડછા લઈને રહેલી છે.*

*તે સિદ્ધાયતનની ઉપર ઘણાં આઠ-આઠ મંગલો, ધ્વજ, છત્રાતિછત્રો છે તે. ઉત્તમ આકારના સોળ પ્રકારના રત્નોથી ઉપશોભિત છે. તે આ પ્રમાણે - રત્નો યાવત્ રિષ્ટ રત્નો વડે.*

● વિવેચન-૧૭૭ :-

સુધર્માસભાની ઉત્તરપૂર્વ દિશામાં એક મોટું સિદ્ધાયતન છે. તે ૧૨॥ યોજન લાંબુ, ૬। યોજન પહોળું, ૯ યોજન ઉંચુ છે, ઈત્યાદિ સર્વે સુધર્માસભાવત્ ગોમાનસી વક્તવ્યતા સુધી કહેવું. - x - જેમ સુધર્માસભામાં પૂર્વ-દક્ષિણ-ઉત્તરમાં ત્રણ દ્વાર છે. તે દ્વારની આગળ મુખમંડપ છે, મુખમંડપ આગળ પ્રેક્ષાગૃહ મંડપ છે. તે પ્રેક્ષાગૃહ મંડપોની આગળ પ્રતિમાસહિત ચૈત્યસ્તૂપ છે. તે ચૈત્યવૃક્ષો આગળ મહેન્દ્ર ધ્વજ છે. તે મહેન્દ્ર ધ્વજની આગળ નંદા પુષ્કરિણી કહી છે. પછી સુધર્માસભામાં ૬૦૦૦ ગુલિકા, ૬૦૦૦ ગોમાનસી કહી છે. તે બધું જ અહીં સંપૂર્ણ ક્રમથી કહેવું. ઉલ્લોક વર્ણન, બહુસમરમણીય ભૂમિ ભાગ વર્ણન તેમજ કહેવું.

તે સિદ્ધાયતનના બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. બે યોજન લાંબી-પહોળી, એક યોજન બાહલ્યથી, સર્વમણીમયી આદિ પૂર્વવત્.

તે મણિપીઠિકાની ઉપર મહા દેવછંદક છે. સાતિરેક બે યોજન ઉંચી, બબ્બે યોજન લાંબી-પહોળી, સર્વથા રત્નમય ઈત્યાદિ પૂર્વવત્. તે દેવછંદકમાં ૧૦૮ જિનપ્રતિમા જિનોત્સેધ પ્રમાણ માત્રાની ૫૦૦ ધનુષ્ પ્રમાણ સંનિક્ષિપ્ત રહેલી છે.

તે જિનપ્રતિમાનું આવું વર્ણન છે – તપનીય હાથ-પગ, અંકરત્નમય પણ મધ્યમાં લોહિતાક્ષ રત્નયુક્ત નખો, કનકમય એવા જંઘા-જાનૂ ઉરૂ અને ગાત્રયષ્ટિ, તપનીયમય નાભિ, રિષ્ટ રત્નમય રોમરાજી, તપનીયમય સ્તનાગ્રભાગ અને શ્રીવત્સ. વિદ્રુમમય હોઠ, સ્ફટિકમય દાંત, તપનીયમય જીભ અને તાળવું. કનકમય નાસિકા-જેમાં લોહિતાક્ષરત્નની લાલાશ છે. અંકમય આંખ જેમાં લોહિતાક્ષ રત્નની લાલાશ છે. આંખની વચ્ચે રહેલ કીકી રિષ્ઠરત્નની છે. અક્ષિપત્ર અને ભ્રમર પણ રિષ્ટરત્નમય છે. કપોલ-કાન-લલાટ પટ્ટિકા એ કનકમય છે. વજ્રમય શીર્ષઘટી છે. તપનીયમય કેશભૂમિ છે. તે વાળ રિષ્ટરત્નમય છે.

તે જિનપ્રતિમાની પાછળ એકૈક છત્રધર પ્રતિમા છે તે હેમ-રજત-કુંદ-ચંદ્ર સમાન પ્રકાશવાળા કોરંટમાળા યુક્ત ધવલ આતપત્ર લઈને લીલા કરતા રહેલ છે. તે જિનપ્રતિમાની બંને બાજુ બબ્બે ચામરધારી પ્રતિમા કહી છે. તેમાં ચંદ્રકાંત, વજ્ર, વૈડૂર્યાદિ મણી ખચિત દંડ છે. તેવા વિવિધ પ્રકારના દંડો છે. તેમાં સૂક્ષ્મ-શ્લક્ષ્ણ, રજતમય વાળ છે. તે ચામરોથી પવન ઢોળતી રહી છે.

તે જિનપ્રતિમાની આગળ બબ્બે નાગપ્રતિમા, બબ્બે યક્ષપ્રતિમા, બબ્બે ભૂતપ્રતિમા, બબ્બે કુંડધાર પ્રતિમા રહેલ છે.

તે દેવછંદકમાં જિનપ્રતિમાની આગળ ૧૦૮ ઘંટા, ૧૦૮ ચંદનકળશો, ૧૦૮ ભૃંગાર, ૧૦૮ દર્પણ, ૧૦૮ થાલા, ૧૦૮ પાત્રી, ૧૦૮ સુપ્રતિષ્ઠક, ૧૦૮ મનોગુલિકા-પીઠિકા વિશેષ, ૧૦૮ વાતકરકો, ૧૦૮ રત્નકરંડક, ૧૦૮ અશ્વકંઠ, એ રીતે ગજકંઠ, નરકંઠ, કિંનર કંઠ, કિંપુરુષકંઠ, મહોરગકંઠ, ગંધર્વકંઠ, વૃષભ કંડ છે. ૧૦૮-૧૦૮ પુષ્પ ચંગેરી, માલ્ય ચંગેરી, ચૂર્ણચંગેરી, ગંધ ચંગેરી, વસ્ત્ર ચંગેરી, આભરણ ચંગેરી, લોમહસ્ત ચંગેરી છે. લોમહસ્ત-મોરપીંછીની પૂંજણી.

૧૦૮ પુષ્પપટલક, ૧૦૮ માલ્ય પટલકોના મુત્કલ પુષ્પોની ગ્રથિત માળા, ૧૦૮ ચૂર્ણ પટલક એ પ્રમાણે ગંધ, વસ્ત્ર, આભરણ, સિદ્ધાર્થ, લોમહસ્તક, પટલક કહેવા. એ રીતે ૧૦૮-૧૦૮ સિંહાસન, છત્ર, ચામર, તૈલ સમુદ્ગક, કોષ્ઠ સમુદ્ગક, ચોયક સમુદ્ગક, તગર સમુદ્ગક, મેલા સમુદ્ગક, હરિતાલ સમુદ્ગક, હિંગલોક સમુદ્ગક, મનઃશિલા સમુદ્ગક, અંજન સમુદ્ગક છે. આ તૈલ આદિ બધા સમુદ્ગક પરમ સુરભિ ગંધયુક્ત કહેવા. ૧૦૮ ધ્વજા છે.

અહીં વૃત્તિકાર મહર્ષિએ બે ગાથા નોંધી છે. જેમાં ૧૦૮-૧૦૮ ચંદનકળશાદિની નોંધ છે. શેષ - x - પૂર્વવત્.

● **સૂત્ર-૧૭૮ :-**

***તે સિદ્ધાયતનની ઉત્તર-પૂર્વમાં એક મોટી ઉપપાતસભા કહી છે. સુધર્માસભા માફક ગોમાનસી પર્યન્ત બધું વર્ણન અહીં પણ કરી લેવું. ઉપપાતસભામાં પણ દ્વાર, મુખમંડપાદિ બધું વર્ણન. ભૂમિભાગ યાવત્ મણીઓનો સ્પર્શ આદિ કહેવા. સુધર્મા સભાની વક્તવ્યતા ભૂમિ અને સ્પર્શ પર્યન્ત કહેવી.***



***તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગે એક મોટી મણિપીઠિકા કહી છે. તે એક યોજન લાંબી-પહોળી અર્દ્ધ યોજન બાહલ્યથી છે. તે સર્વે મણીમયી, સ્વચ્છાદિ છે. તે મણિપીઠિકાની ઉપર એક મોટું દેવશયનીય કહ્યું છે. તે દેવશયનીયનું વર્ણન કરવું. ઉપપાત સભાની ઉપર આઠ-આઠ મંગલો, ધ્વજ, છત્રાતિછત્ર યાવત્ ઉત્તમ આકારે છે.***

***તે ઉપપાત સભાની ઉત્તરપૂર્વમાં એક મોટો દ્રહ કહેલ છે. તે દ્રહ સાડાબાર યોજન લાંબો, સવા છ યોજન પહોળો, દશ યોજન ઉંડો, સ્વચ્છ-શ્લક્ષ્ણ આદિનું વર્ણન કરવું. જે પ્રમાણે નંદા પુષ્કરિણી યાવત્ તોરણનું વર્ણન છે, તેમ કહેવું.***

***તે દ્રહના ઉત્તરપૂર્વમાં એક મોટી અભિષેકસભા કહી છે. સુધર્માસભાની માફક સંપૂર્ણ બધું જ ગોમાનસી, ભૂમિભાગ, ઉલ્લોક સુધી પૂર્વવત્ કહેવું. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગમાં એક મોટી મણિ-પીઠિકા કહેલી છે. તે એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધયોજન જાડી, સર્વમણિ-મયાદિ છે.***

***તે મણિપીઠિકાની ઉપર એક મોટું સીંહાસન કહેલ છે. સીંહાસનનું વર્ણન પરિવાર રહિત કરવું.***

***તે વિજય દેવના અભિષેકના ઘણાં ભાંડો રાખેલા છે. અભિષેકસભામાં ઉપર આઠ-આઠ મંગલ યાવત્ ઉત્તમાકારના સોળ પ્રકારના રત્નોથી સુશોભિત છે.***

***તે અભિષેકસભાની ઉત્તરપૂર્વમાં અહીં એક મોટી અલંકારિકસભા વક્તવ્યતા યાવત્ ગોમાનસી કહેવી. મણિપીઠિકા વર્ણન અભિષેકસભા માફક જાણવું. તેની ઉપર સીંહાસનનું વર્ણન સપરિવાર કરવું. ત્યાં વિજયદેવના ઘણાં અલંકાર, ભાંડ રહેલા છે. ઉત્તમાકારા અલંકારિક૦ ઉપર મંગલકો, ધ્વજ, છત્રાતિછત્રો છે.***

***તે અલંકારિકસભાની ઉત્તરપૂર્વમાં અહીં એક મોટી વ્યવસાયસભા કહી છે. પરિવાર રહિત સીંહાસન સુધીની બધી વક્તવ્યતા અભિષેકસભા માફક કહેવી. ત્યાં વિજયદેવનું એક મોટું પુસ્તકરત્ન રહેલ છે. તે પુસ્તકરત્નનું વર્ણન આ પ્રમાણે છે –***

***તે પુસ્તકરત્નની રિષ્ટરત્નમય કંબિકા, રજતમય પત્રક, રિષ્ટરત્નમય અક્ષરો, તપનીયમય દોરા, વિવિધ મણિમય ગ્રંથિઓ, અંકરત્નમય પત્રો, વૈડૂર્યમય લિપ્યાસન, તપનીયમય સાંકળ, રિષ્ટરત્નમય ઢાંકણ, રિષ્ટ રત્નમય મષી, વજ્રમયી લેખની, રિષ્ટરત્નમય અક્ષરો તે ધાર્મિક શાસ્ત્રમાં છે. તે વ્યવસાય સભા ઉપર આઠ-આઠ મંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે જે ઉત્તમાકારથી યાવત્ શોભિત છે.***

***તે વ્યવસાયની ઉત્તરપૂર્વમાં એક મોટી બલિપીઠ કહી છે. તે બે યોજન લાંબી-પહોળી, એક યોજન સર્વ રજતમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.***

***અહીં તે બલિપીઠની ઉત્તરપૂર્વમાં એક મોટી નંદા પુષ્કરિણી કહી છે. તેના પ્રમાણ આદિનું વર્ણન દ્રહ માફક કરવું.***

● **વિવેચન-૧૭૮ :-**

તે સિદ્ધાયતનના ઉત્તરપૂર્વમાં એક મોટી ઉપપાત સભા છે. તેનું સુધર્માસભા માફક પ્રમાણ, ત્રણ દ્વારો, દ્વારોની આગળ મુખમંડપ ઈત્યાદિ બધું ગોમાનસી સુધી કહેવું. પછી ઉલ્લોક વર્ણન, ભૂમિભાગ વર્ણન યાવત્ મણીના સ્પર્શ સુધી કહેવું. તે બહુસમ રમણીય ભૂમિ ભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા છે. જે એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધ યોજન જાડી, સંપૂર્ણ મણીમય ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. તે મણિ પીઠિકા ઉપર એક દેવશયનીય કહેલ છે. તેના સ્વરૂપનું વર્ણન સુધર્માસભાના દેવશયનીયની માફક કહેવું. તે ઉપપાત સભાની ઉપર આઠ-આઠ મંગલકો છે ઈત્યાદિ પૂર્વવત્ કહેવું.

તે ઉપપાત સભાની ઉત્તરપૂર્વમાં અહીં એક મોટો દ્રહ છે. તે સાડાબાર યોજન લાંબો, સવા છ યોજન પહોળો, દશ યોજન ઉંડો છે. નંદાપુષ્કરિણીવત્ સ્વચ્છ, શ્લક્ષ્ણાદિ બધું કહેવું. - x -

તે દ્રહ એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. પદ્મવર વેદિકા અને વનખંડનું વર્ણન – ત્યાં ઘણાં વ્યંતર દેવ-દેવીઓ યાવત્ વિચરે છે. સુધી કહેવું.

તે દ્રહની ત્રણ દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક છે. તે ત્રિસોપાન પ્રતિરૂપક અને તોરણોનું વર્ણન પૂર્વવત્ છે. તે દ્રહની ઉત્તરપૂર્વ દિશામાં એક મોટી અભિષેકસભા કહી છે. તેનું પણ પ્રમાણ-સ્વરૂપ-દ્વાર-મુખમંડપ-પ્રેક્ષાગૃહ મંડપ-ચૈત્યસ્તૂપ ઈત્યાદિનું વર્ણન સુધર્માસભાવત્ કહેવું. તે ગોમાનસી સુધી કહેવું. ત્યારપછી તે પ્રમાણે જ ઉલ્લોક વર્ણન, ભૂમિભાગ વર્ણન મણીઓના સ્પર્શ સુધી કહેવું.

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગે એક મોટી મણિપીઠિકા કહી છે. તે એક યોજન લાંબી-પહોળી, અર્દ્ધ યોજન જાડી, સંપૂર્ણ મણિમય, સ્વચ્છ-શ્લક્ષ્ણાદિ છે.

તે મણિપીઠિકા ઉપર અહીં એક મોટું સિંહાસન છે. તેનું વર્ણન પૂર્વવત્. અહીં પરિવારભૂત ભદ્રાસનો ન કેહવા. તે સિંહાસનમાં વિજય દેવને યોગ્ય ઘણાં અભિષેક ભાંડ રહે છે. તે અભિષેક સભાની ઉત્તરપૂર્વ દિશામાં મોટી અલંકાર સભા છે. તે પ્રમાણ - સ્વરૂપ - ત્રણ દ્વાર - મુખમંડપ - પ્રેક્ષા ગૃહમંડપાદિ વર્ણન પ્રકારથી અભિષેક સભા પરિવાર રહિત સીંહાસન સુધી કરવું.

તે સિંહાસને વિજયદેવને યોગ્ય ઘણાં અલંકાર ભાંડ રહેલા છે. તે અલંકાર સભાની ઉત્તરપૂર્વ દિશામાં એક મોટી વ્યવસાય સભા છે. તે અભિષેક સભાવત્ પ્રમાણ-સ્વરૂપ-ત્રણ દ્વાર-મુખ મંડપાદિ વર્ણન પ્રકારથી અપરિવાર સિંહાસન સુધી કહેવું. અહીં સિંહાસનમાં એક મોટું પુસ્તકરત્ન રાખેલ છે.

તે પુસ્તકનું વર્ણન આ પ્રમાણે છે - રિષ્ટ રત્નમયી કંબિકા-પુષ્ટક. રજતમય-તપનીયમય દવરક જેમાં પત્ર, પ્રોત છે. દવરકની આદિમાં વિવિધ મણિમય ગ્રંથિ છે,





જેનાથી પત્રો નીકળતા નથી. અંકરત્નમય પત્રો છે. વિવિધ મણિ-વૈડૂર્યમય લિપ્યાસન-મષી ભાજન છે. તપનીયમય સાંકળ છે. મષીભાજનની ઉપર રિષ્ટ રત્નમય તેનું ઢાંકણ છે. રિષ્ટરત્નમય મષી, વજ્રમય લેખની, રિષ્ટમય અક્ષરોથી ધાર્મિક લેખ્ય છે.

તે ઉપપાત સભાની ઉત્તરપૂર્વ દિશામાં એક મોટી બલિપીઠ છે. તે બે યોજન લાંબી-પહોળી, એક યોજન જાડી આદિ છે. તે બલિપીઠની ઉત્તરપૂર્વ દિશામાં એક મોટી નંદાપુષ્કરિણી કહી છે. તે દ્રહ પ્રમાણ છે. દ્રહની જેમ તેના પણ ત્રિસોપાન અને તોરણનું વર્ણન પૂર્વવત્ કરવું. વિજય દેવની રાજધાનીનું વર્ણન કર્યુ.

હવે વિજયદેવ, ત્યાં ઉત્પન્ન થાય પછી જે કરે છે, જે રીતે તેનો અભિષેક થાય છે, તેને હવે જણાવે છે –

**મુનિ દીપરત્નસાગરે સટીક અનુવાદિત કરેલ**
**દ્વીપસમુદ્રાંતર્ગત્ જંબૂદ્વીપ-વિજયદ્વારાધિકાર પૂર્ણ**

## ❀ વિજયદેવ-અધિકાર ❀

-- x -- x -- x --

*૦ [દ્વીપ સમુદ્ર વક્તવ્યતા અંતર્ગત્ ''જંબૂદ્વીપ'' દ્વીપ વર્ણનમાં 'વિજય દ્વાર' વર્ણનમાં ''વિજયદેવ''નો અધિકાર કહે છે.]*

● **સૂત્ર-૧૭૯ :-**

*તે કાળે તે સમયે વિજયદેવ વિજયા રાજધાનીમાં ઉપપાતસભામાં દેવશયનીયમાં દેવદૂષ્યથી અંતરિત અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ શરીરમાં વિજયદેવ રૂપે ઉત્પન્ન થયો. ત્યારે તે વિજયદેવ ઉત્પત્તિ પછી પાંચ પ્રકારની પર્યાપ્તિથી પૂર્ણ થયો. તે આ રીતે – આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઈન્દ્રિય પર્યાપ્તિ, આનપ્રાણ પર્યાપ્તિ, ભાષામન પર્યાપ્તિ.*

*ત્યારપછી પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત વિજય દેવને આ પ્રકારે અધ્યવસાય, ચિંતન, પ્રાર્થિત, મનોગત સંકલ્પ થયો કે મારે માટે પહેલા શું શ્રેયસ્કર છે, પછી શું શ્રેયસ્કર છે ? મારે પહેલા શું કરવું જોઈએ, પછી શું કરવું જોઈએ ? મારે માટે પહેલા કે પછી શું હિતકારી, સુખકારી, કલ્યાણકારી, નિઃશ્રેયસ્કારી અને આનુગામિકપણે થશે ? એ પ્રમાણે વિચારે છે.*

*ત્યારપછી તે વિજયદેવની સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવો વિજયદેવના તે પ્રકારના અધ્યવસાય, ચિંતન, પ્રાર્થિત અને મનોગત સંકલ્પને ઉત્પન્ન થયો જાણી જ્યાં વિજયદેવ હતો ત્યાં આવે છે. આવીને વિજયદેવને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય-વિજય વડે વધાવે છે. જય વિજયથી વધાવીને આ પ્રમાણે કહ્યું –*

*હે દેવાનુપ્રિય ! નિશ્ચે વિજયા રાજધાનીમાં સિદ્ધાયતનમાં ૧૦૮ જિનપ્રતિમાઓ જિનોત્સેધ પ્રમાણ માત્ર રહેલી છે. સુધર્માસભાના માણવક ચૈત્યસ્તંભ ઉપર વજ્રમય ગોળ-વૃત્ત-સમુદ્ગકમાં ઘણાં જિન અસ્થિ રાખેલા છે. જે આપ દેવાનુપ્રિયને અને બીજા ઘણાં વિજય રાજધાની વાસ્તવ્ય દેવો અને દેવીને અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ પર્યુપાસનીય છે. આ આપ દેવાનુપ્રિયને પૂર્વે પણ શ્રેયસ્કર છે, પછી પણ શ્રેયસ્કર છે. આપને પૂર્વે પણ કરણીય છે, પછી પણ કરણીય છે. આપને પહેલાં કે પછી યાવત્ આનુગામિકપણે થશે. એમ કહી મોટે-મોટેથી [મહા શબ્દોથી] જય-જય શબ્દને પ્રયોજે છે.*

*ત્યારે વિજયદેવ તે સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવોની પાસે આ કથન સાંભળી, અવધારી હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ દેવશયનીયથી ઉભો થયો, ઉભો થઈને દિવ્ય દેવદૂષ્ય યુગલ ધારણ કર્યું. કરીને દેવ શયનીયથી નીચે ઉતર્યો. ઉતરીને ઉપપાતસભાના પૂર્વ દ્વારથી નીકળ્યો. નીકળીને જ્યાં દ્રહ હતું ત્યાં આવ્યો, આવીને દ્રહને અનુપ્રદક્ષિણા કરતા-કરતા પૂર્વના તોરણથી અનુપ્રવેશે છે. પ્રવેશીને પૂર્વ દિશાના ત્રિસોપાન-પ્રતિરૂપકથી ઉતરે છે, ઉતરીને દ્રહમાં પ્રવેશે છે, પ્રવેશીને જલ અવગાહન કરે છે, કરીને જલમજ્જન કરે છે, જલક્રીડા કરે છે. - - -*



*- - - ત્યારપછી અત્યંત પવિત્ર અને શુચિભૂત થઈને દ્રહની બહાર નીકળે છે અને જ્યાં અભિષેકસભા છે. ત્યાં જાય છે. જઈને અભિષેકસભાને પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશાના દ્વારથી પ્રવેશે છે, પ્રવેશીને જ્યાં પોતાનું સીંહાસન છે, ત્યાં આવે છે, આવીને તે શ્રેષ્ઠ સીંહાસને જઈ પૂર્વાભિમુખ બેસે છે.*

*ત્યારપછી તે વિજય દેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવોએ આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – જલ્દીથી ઓ દેવાનુપ્રિયો ! વિજયદેવના મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ ઈન્દ્રાભિષેક [સામગ્રી] ઉપસ્થાપિત કરો. ત્યારે તે આભિયોગિક દેવો સામાનિક પર્ષદાના દેવોએ આમ કહેતા હર્ષિત-સંતુષ્ટ યાવત્ હૃદયી થઈ બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, હે દેવ ! 'તહત્તિ' કહી આજ્ઞા અને વિનયથી વચનને સ્વીકાર્યુ, સ્વીકારીને ઉત્તરપૂર્વ દિશામાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે, થઈને સંખ્યાત યોજન દંડ કાઢે છે. તે આ પ્રમાણે રત્નોનો યાવત્ રિષ્ટ રત્નોનો યથા બાદર પુદ્ગલોને છોડે છે અને યથા સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. પછી બીજી વખત વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે.*

*સમવહત થઈને ૧૦૦૮ સુવર્ણના કળશો, ૧૦૦૮ રૂપાના કળશો, ૧૦૦૮ મણીમય કળશો, ૧૦૦૮ સુવર્ણ રૂપ્યમય કળસો, ૧૦૦૮ સુવર્ણ-મણીમય કળશો, ૧૦૦૮ રૂપા-મણિમય કળશો. ૧૦૦૮ માટીના કળશો. - - તથા - - ૧૦૦૮ ભૃંગાર, એ પ્રમાણે આદર્શ, થાલા, પાત્રી, સુપ્રતિષ્ઠક, ચિત્ર, રત્નકરંડક, પુષ્પચંગેરી યાવત્ રોમહસ્ત ચંગેરી, પુષ્પપડલક યાવત્ રોમહસ્ત પડલક, - - તથા - - ૧૦૮ સીંહાસન, એ રીતે છત્ર, ચામર ધ્વજા, વર્તક, તપસિપ્ર, ક્ષીરક, પીનક, તૈલ સમુદ્ગક, ૧૦૮ ધૂપ કડછા વિકુર્વે છે.*

*તે સ્વાભાવિક અને વિકુર્વિત કળશો યાવત્ ધૂપ કડછાને ગ્રહણ કરે છે, કરીને વિજયા રાજધાનીથી નીકળે છે, નીકળીને તેવી ઉત્કૃષ્ટી યાવત્ તેજ દિવ્ય દેવગતીથી તિર્છા અસંખ્યાતા દ્વીપ સમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જ્યાં ક્ષીરોદ સમુદ્ર છે, ત્યાં આવે છે. આવીને ક્ષીરોદક લઈને, જે ત્યાંના ઉત્પલો યાવત્ શત સહસ્ર પત્રો છે, તેને ગ્રહણ કરે છે. કરીને જ્યાં પુષ્કરોદ સમુદ્ર છે, ત્યાં આવે છે, આવીને પુષ્કરોદક ગ્રહણ કરે છે. કરીને ત્યાંના જે ઉત્પલો યાવત્ શત-સહસ્રપત્રો છે તેને લે છે.*

*ત્યારપછી [તે દેવો] જ્યાં સમયક્ષેત્ર છે, તેમાં જ્યાં ભરત-ઐરવત વર્ષક્ષેત્ર છે, તેમાં જ્યાં માગધ-વરદામ-પ્રભાસ તિર્થો છે, ત્યાં આવે છે, આવીને તીર્થોદકને ગ્રહણ કરે છે, કરીને તીર્થની માટીને ગ્રહણ કરે છે, કરીને જ્યાં ગંગા-સિંધુ-*

રક્તા-રક્તવતી નદીઓ છે, ત્યાં આવે છે. આવીને નદીનું જળ ગ્રહણ કરે છે, કરીને ઉભય તટની માટીને ગ્રહણ કરે છે. - x -

ત્યારપછી જ્યાં ચુલ્લ હિમવંત અને શિખરી વર્ષધર પર્વત છે, ત્યાં આવે છે, આવીને સર્વે તૂવર, સર્વપુષ્પ, સર્વ ગંધ, સર્વ માલ્ય, સર્વૌષધિ-સિદ્ધાર્થક ગ્રહણ કરે છે. - x -

ત્યારપછી જ્યાં પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ છે ત્યાં આવે છે, આવીને ત્યાં-ત્યાંના દ્રહોદકને ગ્રહણ કરે છે. ત્યાં જે ઉત્પલો યાવત્ શત-સહસ્રપત્રો છે, તેને ગ્રહણ કરે છે.

ત્યારપછી જ્યાં હૈમવત-હૈરણ્યવત વર્ષક્ષેત્ર છે, તેમાં જ્યાં રોહિત-રોહિતાંશા-સુવર્ણકૂલા-રૂપ્યકૂલા નદી છે ત્યાં આવે છે, આવીને નદીનું જળ ગ્રહે છે, ઉભય તટની માટી લે છે. - x -

ત્યારપછી જ્યાં શબ્દાપાતી, માલ્યવંતપર્યાય વૃત્ત વૈતાઢ્ય પર્વત છે ત્યાં આવે છે. આવીને સર્વ તૂવર યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થકને ગ્રહણ કરે છે. - x -

ત્યારપછી જ્યાં મહાહિમવંત અને રુકિમ વર્ષધર પર્વત છે, ત્યાં આવે છે. આવીને સર્વ પુષ્પાદિ લે છે, તે બધું પૂર્વવત્. પછી જ્યાં મહાપદ્મ દ્રહ અને મહાપુંડરીક દ્રહ છે ત્યાં આવે છે, આવીને ત્યાં જે ઉત્પલો છે આદિ પૂર્વવત્ લે છે. ત્યાંથી હરિવર્ષ અને રમ્યક્ વર્ષ ક્ષેત્રમાં જ્યાં હરકાંતા, હરિકાંતા, નરકાંત, નારિકાંતા નદીઓ છે, ત્યાં આવે છે, આવીને નદીનું જળ ગ્રહણ કરે છે. - x -

ત્યારપછી વિકટાપાતી અને ગંધાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વત છે, ત્યાં આવે છે, આવીને સર્વપુષ્પો આદિ લે છે, તે પૂર્વવત્. ત્યાંથી નિષધ અને નીલવંત વર્ષધર પર્વતો છે ત્યાં આવે છે, આવીને સર્વતૂવર આદિ પૂર્વવત્ લે છે.

પછી જ્યાં તિગિચ્છિ દ્રહ અને કેશરી દ્રહ છે ત્યાં આવે છે, આવીને ત્યાં જે ઉત્પલો છે ઇત્યાદિ પૂર્વવત્ લે છે.

પછી જ્યાં પૂર્વવિદેહ - પશ્ચિમવિદેહમાં જ્યાં સીતા-સીતોદા મહાનદીઓ છે૦ નદીઓ માફક જ્યાં સર્વ ચક્રવર્તી-વિજયો છે, જ્યાં સર્વે માગધ-વરદામ-પ્રભાસ તીર્થો છે, તે બધામાં પૂર્વવત્ જાણવું. જ્યાં બધાં વક્ષસ્કાર પર્વતો છે ત્યાં સર્વ તુવર આદિ પૂર્વવત્ લે છે. જ્યાં બધી અભ્યંતર નદીઓ છે, ત્યાંનું જળ ગ્રહણ કરે છે આદિ પૂર્વવત્.

પછી જ્યાં મંદર પર્વત છે, તેમાં જ્યાં ભદ્રશાલવન છે, ત્યાં આવે છે. ત્યાં સર્વ તુવર યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક ગ્રહણ કરે છે, કરીને જ્યાં નંદનવન છે ત્યાં આવે છે. આવીને સર્વ તુવર યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક લે છે. સરસ ગોશીર્ષ ચંદન ગ્રહણ કરે છે. કરીને જ્યાં સોમનસ વન છે, ત્યાં આવે છે. આવીને સર્વતુવર યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક, સરસ ગોશીર્ષ ચંદન,



દિવ્ય સુમનદામને ગ્રહણ કરે છે. કરીને જ્યાં પંડકવન છે, ત્યાં આવે છે, આવીને સર્વતૂવર યાવત્ સર્વૌષધિ, સિદ્ધાર્થક, સરસ-ગોશીર્ષચંદન, દિવ્ય સુમનદામ, દર્દરક મલય સુગંધિદત ગંધને ગ્રહણ કરે છે. - x -

ત્યારપછી બધાં આભિયોગિક દેવ એકઠાં થઈને જંબૂદ્વીપના પૂર્વના દ્વારેથી નીકળે છે. પૂર્વ દ્વારેથી નીકળીને તેવી ઉત્કૃષ્ટ યાવત્ દિવ્ય દેવગતિથી તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર વચ્ચોવચ્ચથી જતાં-જતાં જ્યાં વિજયા રાજધાની છે, ત્યાં આવે છે. ત્યાં આવીને વિજયા રાજધાનીની અનુપ્રદક્ષિણા કરતા-કરતા જ્યાં અભિષેકસભા છે, જ્યાં વિજયદેવ છે ત્યાં આવે છે. આવીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય-વિજય વડે વધાવે છે. તે મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ અભિષેક સામગ્રીને વિજયદેવની પાસે ઉપસ્થાપિત કરે છે.

ત્યારે તે વિજય દેવ ૪૦૦૦ સામાનિકો, ચાર અગ્રમહિષી પરિવાર સહિત, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્ય અધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં વિજય-રાજધાનીમાં વસતા વ્યંતર દેવો અને દેવીઓ તે સ્વાભાવિક અને ઉત્તરવૈક્રિયથી નિર્મિત શ્રેષ્ઠ કમળના આધારવાળા, સુગંધિત શ્રેષ્ઠ જળથી ભરેલા, ચંદનથી ચર્ચિત, ગળામાં મૌલિ બાંધેલ, પદ્મકમલના ઢાંકણાવાળા, સુકુમાર અને મૃદુ કરતલોમાં પરિગૃહિત ૧૦૦૮ સોનાના, ૧૦૦૮ ચાંદીના યાવત્ ૧૦૦૮ માટીના કળશો ને સર્વોદક સર્વ માટી, સર્વ તૂવર, સર્વ પુષ્પ યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક વડે - સર્વ ઋદ્ધિથી, સર્વ યુક્તિથી, સર્વ બળથી, સર્વ સમુદયથી, સર્વ આદરથી, સર્વ વિભૂતિથી, સર્વ વિભૂષાથી, સર્વ સંભ્રમથી, સર્વારોહણથી, સર્વ નાટકોથી, સર્વ પુષ્પ-ગંધ-માળા-અલંકાર-વિભૂષાથી, સર્વ દિવ્ય ત્રુટિત નિનાદથી, મહક ઋદ્ધિથી, મહા દ્યુતિથી, મહા બળથી, મહા સમુદયથી, મહા તુરિય-યમક શમક-પટુ-પ્રવાદી-રવથી, શંખ-પ્રણવ-પટહ-ભેરી-ઝલ્લરી-ખરમુખી-મુરવ-મૃદંગ-દુંદુભિ-હુડુક્ક-નિર્ઘોષના સંનિનાદિત રવ વડે મહા-મહા એવા ઈન્દ્રાભિષેક વડે અભિષિક્ત કરે છે.

ત્યારે તે વિજયદેવના મહા મહા ઈન્દ્રાભિષેક વર્તતો હતો ત્યારે કેટલાંક દેવો અતિ જળ ન વર્ષે કે અતિ માટી ન થાય તે રીતે પ્રવિરલ છંટાતા દિવ્ય સુરભિ રજ-રેણુને વિનાશ કર્તા ગંધોદક વાસને વરસાવે છે. - - કેટલાંક દેવો નિહતરજ-નષ્ટરજ-ભ્રષ્ટરજ-પ્રશાંતરજ-ઉપશાંતરજ કરે છે. - - કેટલાંક દેવો વિજયા રાજધાનીને અંદરથી અને બહારથી આસિક્ત-સંમાર્જિત અને ઉપલિપ્ત કરે છે. સિક્ત-શુચિ-સંમૃષ્ટ-રથ્યાંતર, આપણ [દુકાનો] અને વીથી કરે છે. - - કેટલાંક દેવો વિજયા રાજધાનીને મંચાતિમંચ યુક્ત કરે છે. - - કેટલાંક દેવો વિજયા રાજધાનીને વિવિધ પ્રકારના રંગથી રંગેલી, ઉછળતી જય વિજય વૈજયંતી પતાકા અતિપતાકાથી મંડિત કરે છે.

કેટલાંક દેવો વિજયા રાજધાનીને લીંપણ અને ચુનાથી ધોળેલી કરે છે.

કેટલાંક દેવો વિજય રાજધાનીને ગોશીર્ષ-સરસ ચંદન, દર્દરદિન્ન પંચાંગુલિતલ - થાપા દીધેલી કરે છે. કેટલાંક દેવો વિજયારાજધાનીના ઘર-ઘરના દરવાજે ચંદન કળશ રાખે છે. કેટલાંક દેવો ચંદન ઘટ અને તોરણોથી ઘર-ઘરના દરવાજા સજાવે છે. કેટલાંક દેવ ઉપરથી નીચે સુધી લટકનારી મોટી મોટી ગોળાકાર પુષ્પમાળાથી તે રાજધાનીને સજાવી રહ્યા છે.

કેટલાંક દેવો પંચવર્ણી શ્રેષ્ઠ સુગંધિત પુષ્પોના પુંજોથી યુક્ત રાજધાનીને કરી રહ્યા છે. કેટલાંક દેવ વિજયા રાજધાનીને કાળો અગરુ-પ્રવર કુંદુરુષ્ક-તુરુષ્ક-ધૂપ સળગાવીને તેની સુગંધથી મઘમઘાયમાન કરી રહ્યા છે. તેથી તે રાજધાની અત્યંત સુગંધથી રમ્ય બનેલી છે અને વિશિષ્ટ ગંધવર્તીભૂત જણાય છે. કોઈ દેવ સુવર્ણની વર્ષા કરે છે, કોઈ દેવ ચાંદીની વર્ષા કરે છે, કોઈ દેવ રત્નની એ પ્રમાણે રત્નવર્ષા, વજવર્ષા, પુષ્પવર્ષા, માલ્યવર્ષા, ગંધવર્ષા, ચૂર્ણવર્ષા, વસ્ત્ર વર્ષા કે આભરણ વર્ષા કરે છે. કોઈ દેવ હિરણ્ય વહેંચે છે. એ પ્રમાણે સુવર્ણ-રત્ન-વજ-પુષ્પ-માલ્ય-ચૂર્ણ-ગંધ-વસ્ત્ર કે આભરણની વહેંચણી કરી રહેલ છે.

કેટલાંક દેવો દ્રુત નૃત્યવિધિ દેખાડે છે. કેટલાંક દેવો વિલંબિત નૃત્યવિધિ દેખાડે છે. કેટલાંક દેવો દ્રુતવિલંબિત નામક નૃત્યવિધિ દેખાડે છે. કેટલાંક દેવો અંચિત નૃત્યવિધિ દેખાડે છે. કેટલાંક દેવો રિભિત નૃત્યવિધિ દેખાડે છે, કેટલાંક દેવો અંચિતરિભિત નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે.

કેટલાંક દેવો આરભટ નૃત્યવિધિ દેખાડે છે, કેટલાંક દેવો ભસોલ નૃત્યવિધિ દેખાડે છે, કેટલાંક દેવો આરભટભસોલ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે. કેટલાંક દેવો ઉત્પાતનિપાતપ્રવૃત્ત, સંકુચિત-પ્રસારિત, રિયારિત, ભ્રાંત-સંભ્રાંત નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે.

કેટલાંક દેવો ચાર પ્રકારના વાજિંત્ર વગાડે છે. તે આ — તત, વિતત, ઘન, ઝુસિર. કેટલાંક દેવો ચાર પ્રકારના ગીતને ગાય છે. તે આ — ઉત્ક્ષિપ્ત, પ્રવૃત્ત, મંદ અને રોચિતાવસાન. કેટલાંક દેવો ચાર પ્રકારના અભિનયને કરે છે. તે આ — દાષ્ટાન્તિક, પ્રતિશ્રુતિક, સામંતોપનિપાતિક, લોકમધ્યાવસાનિક.

કેટલાંક દેવો પોતાને પીન-સ્થૂળ બનાવે છે. કેટલાંક દેવો ‘છુ-છુ’ કરે છે. કેટલાંક દેવો તાંડવ નૃત્ય કરે છે, કેટલાંક દેવો રાસડા લે છે. કેટલાંક દેવો પીન-છુક્કાર-તાંડવ-લાસ્ય ચારે કરે છે.

કેટલાંક દેવો બુક્કાર કરે છે, કેટલાંક દેવો આસ્ફોટન કરે ચે, કેટલાંક દેવો વલ્ગન કરે છે, કેટલાંક દેવો ત્રિપદી છેદન કરે છે. કેટલાંક દેવો આસ્ફોટન-વલ્ગન-ત્રિપદી—છેદનાદિ બધું કરે છે.

કેટલાંક દેવો ઘોડાની જેમ હણહણે છે, કેટલાંક દેવો હાથી માફક ગુડગુડ અવાજ કરે છે, કેટલાંક દેવો રથની જેમ ઘણઘણાહટ કરે છે. કેટલાંક દેવો હણહણાટ-ગુડગુડ-ઘણઘણાહટ ત્રણે કરે છે.



કેટલાંક દેવો ઉછળે છે, કેટલાંક દેવો વિશેષ ઉછળે છે, કેટલાંક દેવો ઉત્કૃષ્ટી-છલાંગ મારે છે, કોઈ દેવ આ ત્રણે કરે છે.

કેટલાંક દેવો સીંહનાદ કરે છે, કેટલાંક દેવો ભૂમિ ઉપર પગથી આઘાત કરે છે, કેટલાંક દેવો હાથથી પ્રહાર કરે છે. કેટલાંક દેવો સીંહનાદ-પાદદર્દર-ભૂમિચપેટ એ ત્રણે ક્રિયાઓ સાથે કરે છે.

કેટલાંક દેવો હક્કાર કરે છે, કેટલાંક દેવો બુક્કાર કરે છે, કેટલાંક દેવો થક્કાર કરે છે. કેટલાંક દેવો પુત્કાર કરે છે. કેટલાંક દેવો નામ સંભળાવવા લાગે છે. કેટલાંક દેવો ઉક્ત બધી જ ક્રિયાઓ કરે છે.

કેટલાંક દેવો ઉપર ઉછળે છે, કેટલાંક દેવો નીચે પડે છે કેટલાંક દેવો તિર્છા પડે છે. કેટલાંક દેવો આ ત્રણે ક્રિયાઓ કરે છે.

કેટલાંક દેવો બળે છે, કેટલાંક દેવો તપે છે, કેટલાંક દેવો ખૂબ તપે છે. કેટલાંક દેવો બળે છે - તપે છે - ખૂબ તપે છે.

કેટલાંક દેવો ગર્જે છે, કેટલંક દેવો વિજળી ચમકાવે છે, કેટલાંક દેવો વરસાદ વરસાવે છે. કેટલાંક દેવો આ ત્રણે કરે છે.

કેટલાંક દેવો દેવ સંનિપાત કરે છે, કેટલાંક દેવો દેવોત્કલિયં કરે છે, કેટલાંક દેવો દેવકહકહ કરે છે. કેટલાંક દેવો દુહદુહ કરે છે. કેટલાંક દેવો સન્નિપાતાદિ ચારે ક્રિયા કરે છે.

કેટલાંક દેવો દેવોદ્યોત કરે છે, કેટલાંક દેવો વિજળી ચમકાવે છે, કેટલાંક દેવો વસ્ત્રક્ષેપ કરે છે. કેટલાંક દેવો દેવોદ્યોત- વિજળીચમકાર - વસ્ત્રોત્ક્ષેપ એ ત્રણે કરે છે.

કેટલાંક દેવોના હાથમાં ઉત્પલ કમલ છે યાવત્ કેટલાંક દેવોના હાથમાં સહસ્રપત્ર છે. કેટલાંક દેવોના હાથમાં ઘંટા છે, કેટલાંક દેવોના હાથમાં કળશ છે યાવત્ કેટલાંક દેવોના હાથમાં ધૂપના કડછાં છે. આ પ્રમાણે તે દેવો હૃષ્ટ-તુષ્ટ છે. યાવત્ હર્ષના વશથી વિકસિતહૃદયી છે. તેઓ વિજયા રાજધાનીમાં ચોતરફ ભાગી-દોડી રહ્યા છે, વિશેષ દોડી રહ્યા છે.

ત્યારપછી તે વિજયદેવ ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં વિજયા રાજધાની વાસ્તવ્યા વ્યંતર દેવો અને દેવીઓ તે શ્રેષ્ઠકમલો ઉપર પ્રતિષ્ઠિત યાવત્ ૧૦૮ સુવર્ણ કળશો આદિ બધું પૂર્વવત્ ૧૦૮ માટીના કળશો સુધી કહેવું. આ કળશો, સર્વ ઉદક, સર્વ માટી, સર્વ તુવર, સર્વ પુષ્પો વડે યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક વડે, સર્વ ઋદ્ધિથી યાવત્ નિર્ઘોષ-નાદિતરવ વડે, મહાન્-મહાન્ ઈન્દ્રાભિષેક વડે અભિસિંચિત્ કરે છે.

અભિષેક કરીને બધાં અલગ અલગ મસ્તક ઉપર અંજલિ જોડીને આ પ્રમાણે કહે છે — હે નંદ ! આપનો જય થાઓ, વિજય થાઓ. હે ભદ્ર ! આપનો

***જય થાઓ - વિજય થાઓ. હે નંદ ! હે ભદ્ર ! આપનો જય-વિજય થાઓ. આપ ન જિતેલાને જીતો. જીતેલાનું પાલન કરો, અજિત શત્રુપક્ષને જીતો. જિતેલ મિત્રપક્ષનું પાલન કરો. હે દેવ ! તમે જીતેલા મધ્યેવાસ કરો.***

***હે દેવ ! આપ દેવોમાં ઈન્દ્રસમાન, તારામાં ચંદ્ર સમાન, અસુરોમાં ચંદ્ર સમાન, નાગોમાં ધરણ સમાન, મનુષ્યોમાં ભરત સમાન ઉપસર્ગ રહિત રહી, ઘણાં પલ્યોપમો, ઘણાં સાગરોપમો સુધી ૪૦૦૦ સામાનિકો યાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવોનું વિજયા રાજધાની અને બીજા ઘણાં વિજયા રાજધાનીમાં વસતા વ્યંતર દેવો-દેવીઓનું આધિપત્ય યાવત્ આજ્ઞૈશ્વરત્વ અને સેનાપત્ય કરતા, પાલન કરતા વિચરો. એમ કહી મોટા-મોટા શબ્દોથી જય-જય શબ્દ કરે છે.***

**● વિવેચન-૧૭૯ :-**

તે કાળે, તે સમયે વિજય દેવ ઉપપાત સભામાં દેવ શયનીયમાં દેવદૂષ્યથી અંતરિત, પહેલાં અંગુલનો અસંખ્યેય ભાગ માત્રની અવગાહનાથી ઉત્પન્ન થયો. - x - x - પર્યાપ્તિમાં ભાષા અને મનઃપર્યાપ્તિ સમાપ્તિ કાળ અંતર, પ્રાયઃ શેષ પર્યાપ્તિ કાલાંતર અપેક્ષાથી થોડો હોવાથી એક પણે વિવક્ષા કરી છે. તેથી પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્તિભાવને પામે છે - તેમ કહ્યું.

ત્યારપછી વિજયદેવને પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્તિભાવ પામીને આવો - આવા સ્વરૂપનો સંકલ્પ ઉત્પન્ન થયો. કેવો ? તે કહે છે — મનમાં રહેલો, પણ હજી સુધી વચનથી ન પ્રકાશેલો એવો. વળી કેવો ? તે કહે છે — આધ્યાત્મિક - આત્મામાં રહેલ, તે અધ્યાત્મ. તેમાં થાય તે આધ્યાત્મિક અર્થાત્ આત્મવિષયક. સંકલ્પ બે ભેદે હોય - કોઈને આધ્યાત્મિક અને બીજાને ચિંતાત્મક તેમાં અહીં ચિંતાત્મકના પ્રતિપાદનાર્થે કહે છે.

ચિંતા જન્મેલી છે, જેમાં તે ચિંતિત-ચિંતાત્મક. તે પણ કોઈને અભિલાષાત્મક થાય છે, કોઈને અન્યથા થાય. તેમાં આ અભિલાષાત્મક છે, તેથી કહે છે — પ્રાર્થન. પ્રાર્થ જન્મેલ છે જેમાં તે પ્રાર્થિત અર્થાત્ અભિલાષાત્મક. કેવા સ્વરૂપનો છે ? તે કહે છે — મારે શું પૂર્વે કરવા યોગ્ય છે, શું પછી કરવા યોગ્ય છે ? ઈત્યાદિ સૂત્રમાં નિર્દેશ મુજબ જાણવું. વિશેષ આ પ્રમાણે —

હિતત્વાય-પરિણામથી સુંદરપણાને. સુખાય - શર્મ્મ કે ક્ષેમને માટે અથવા સંતગપણા માટે. નિઃશ્રેયસાય - નિશ્ચિત કલ્યાણને માટે, આનુગામિકતાયૈ - પરંપરાએ શુભાનુબંધ કે સુખના માટે થનાર છે.

આવી ચિંતા કરતાં તુરંત જ દિવ્યાનુભાવથી વિજય દેવના, સામાનિક પર્ષદામાં ઉત્પન્ન અર્થાત્ અભ્યંતરાદિ પર્ષદા ઉપગત, અનંતરોક્ત, અનંતરોદિત સ્વરૂપ આધ્યાત્મકિ, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ સારી રીતે જાણીને જ્યાં વિજય દેવ છે, ત્યાં જ આવે છે.

ત્યાં આવીને બે હાથની પરસ્પર આંગળી સંપુટરૂપે જેમાં એકત્ર મળે તે



અંજલિ, તેને કરતલ વડે ગ્રહણ કરી અર્થાત્ અંજલી જોડીને, આવર્ત્તન એ આવર્ત્ત - મસ્તકે આવર્ત્ત છે જેમાં તે શિરસાવર્ત્ત. એ પ્રમાણે મસ્તકે કરીને જય-વિજયથી વધાવે છે. તે દેવ ! તમે જય પામો. તમે વિજય પામો. એ રીતે વધાવે છે. તેમાં જય - બીજા વડે અપરાભવ અને પ્રતાપની વૃદ્ધિ. વિજય - બીજાને સહન ન કરી શકતા તેમનો અભિભવ કરવો.

જય-વિજય વડે વધાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિય ! ઈત્યાદિ. પછી વિજયદેવ તે સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવોની પાસે આ અર્થ સાંભળીને, હૃદયમાં પરિણમાવીને અતીવ તુષ્ટ થયો. અથવા હૃષ્ટ-વિસ્મયને પામ્યો. તુષ્ટ - તોષ પામવો - જેમકે - આ ભવ્ય થયું કે જે આમણે આવો ઉપદેશ કર્યો. તોષને વશ થઈને ચિત્તમાં આનંદિત થયો. - x - x - જેના મનમાં પ્રીતિ થઈ અર્થાત્ જિનપ્રતિમાના અર્ચન વિષયમાં બહુમાન પરાયણ મનવાળો. પછી બહુમાનના ઉત્કર્ષના વશથી પરમ એવું શોભન મન જેનું થયેલ છે તેવો.

ઉક્ત કથનને વધુ વ્યક્ત કરતા કહે છે — હર્ષના વશથી વિસ્તાર પામેલ છે હૃદય જેનું તે, દેવશયનીયથી ઉભો થાય છે. ઉભો થઈને દેવદૂષ્ય ધારણ કરે છે. કરીને ઉપપાત-સભાના પૂર્વદ્વારથી નીકળે છે. નીકળીને જે પ્રદેશમાં દ્રહ છે, ત્યાં આવે છે. આવીને દ્રહને પ્રદક્ષિણા કરીને પૂર્વના તોરણેથી દ્રહમાં પ્રવેશે છે. પ્રવેશીને દ્રહમાં મધ્યમાં પ્રવેશે છે, દ્રહમાં અવગાહન કરતાં જલમજ્જન કરે છે, ક્ષણમાત્ર જળક્રીડા કરે છે. પછી - x - શુદ્ધોદક પ્રક્ષાલન વડે આચમન કરી, સ્વલ્પ પણ શંકિત મલનું અપનયન કરી, પરમશુચિભૂત થઈ દ્રહથી નીકળે છે.

ત્યારપછી જે પ્રદેશમાં અભિષેકસભા છે ત્યાં આવે છે. આવીને અભિષેકસભાને અનુપ્રદક્ષિણા કરતો પૂર્વદ્વારથી પ્રવેશે છે. પ્રવેશીને જ્યાં મણિપીઠિકા છે, જ્યાં મણિ પીઠિકા ઉપર સીંહાસન છે. ત્યાં આવે છે. આવીને શ્રેષ્ઠ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠો.

ત્યારપછી તે વિજયદેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવો, આભિયોગિક અર્થાત્ પ્રેષ્યકર્મમાં પ્રવૃત્ત અથવા અભિયોગમાં નિયુક્ત દેવો તે આભિયોગિક, તેમને બોલાવે છે. બોલાવીને, તેમને આ પ્રમાણે કહે છે —

ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી વિજયદેવના મહાર્થ - જેમાં મણિ-કનક-રત્નનો ઉપયોગ કરાયો હોય તે. महार्घ - મહા પૂજા જેમાં છે તે મહાર્ઘ, महार्ह - મોટા ઉત્સવને યોગ્ય છે તે. વિપુલ - વિસ્તીર્ણ. શક્રાભિષેકવત્ અભિષેક સામગ્રી લાવો.

ત્યારે તે આભિયોગિક દેવો, સામાનિક પર્ષદાના દેવોએ આમ કહેતા હર્ષિત-સંતુષ્ટ-ચિત્ત આનંદિત, પ્રીતિમન, પરમ સૌમનસ્યિક થઈ હર્ષના વશથી વિસ્તૃત થયેલા હૃદયી થઈ, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલી કરી, વિનય વડે તેમના વચનોને સ્વીકારે છે. કેવા પ્રકારના વિનય વડે ? તે કહે છે — હે દેવ ! જે રીતે આપ અમને આજ્ઞા કરો છો, તેવી જ આજ્ઞા - આપના આદેશથી કરીશું — એ રીતે વચન સ્વીકારી ઈશાન ખૂણામાં કેમકે તે અતિ પ્રશસ્ત

છે, તેથી ગયા.

ત્યાં જઈને વૈક્રિય કરણ પ્રયત્ન વિશેષથી સમવહત થાય છે. સમવહત થઈને આત્મપ્રદેશોને દૂરથી છોડે છે. તેથી સંખ્યાત યોજન દંડને કાઢે છે. દંડ - ઉપર નીચે લાંબો, શરીર બાહલ્ય જીવ પ્રદેશ સમૂહ, તેને શરીરની બહાર સંખ્યાતયોજન યાવત્ કાઢે છે. કાઢીને તથાવિધ પુદ્‌ગલો ગ્રહણ કરે છે. જેમકે — કર્કેતન, વજ, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતીરસ, અંજન, અંજનપુલક, રજત, જાત્યરૂપ, અંક, સ્ફટિક અને રિષ્ઠ. યથાબાદર-અસાર પુદ્‌ગલોને છોડે છે. યથાસૂક્ષ્મ - સાર રૂપ પુદ્‌ગલોને સ્વીકારે છે. પછી ઈચ્છિત રૂપના નિર્માણ માટે બીજી વખત પણ વૈક્રિયસમુદ્‌ઘાતથી સમવહત થઈને યથોક્ત બાદર પુદ્‌ગલોને વિખેરે છે અને સૂક્ષ્મ પુદ્‌ગલો ગ્રહણ કરે છે.

૧૦૦૮-૧૦૦૮ એવા (૧) સોનાના, (૨) રૂપાના, (૩) મણીના, (૪) સોના-રૂપાના, (૫) સોના-મણીના, (૬) રૂપા-મણીના, (૭) સોના-રૂપા-મણીના, (૮) માટીના એવા આઠ પ્રકારના કળશો વિકુર્વે છે. ૧૦૦૮ ભૃંગાર, એ પ્રમાણે આદર્શ, થાળી, પાત્રી ઈત્યાદિ સૂત્રમાં જણાવ્યા મુજબ બધી જ વસ્તુ ૧૦૦૮-૧૦૦૮ વિકુર્વે છે.

ત્યારપછી જ્યાં ક્ષીરોદ સમુદ્ર છે. ત્યાં આવે છે, આવીને ક્ષીરોદકને ગ્રહણ કરે છે. ત્યાં જે ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, શતસહસ્રપત્રો તે બધાંને ગ્રહણ કરે છે. કરીને પુષ્કરોદ સમુદ્રે આવીને ત્યાંના જળ અને ઉત્પલાદિને ગ્રહણ કરે છે. પછી સમય ક્ષેત્રમાં જ્યાં ભરત-ઐરાવત ક્ષેત્ર છે, તેમાં માગધ-વરદામ-પ્રભાસ નામના તીર્થો છે, ત્યાં આવીને તીર્થોદક અને તીર્થની માટી ગ્રહણ કરે છે.

સિંધુ-રક્તા-રક્તવતી મહાનદીમાં નદીના ઉભય કિનારાની માટીને ગ્રહણ કરે છે. પછી ચુલ્લહિમવંત-શિખરીમાં આવીને સર્વ કષાય, સર્વ જાતિભેદથી પુષ્પો, સર્વ ગંધવાસ, સર્વ માલ્ય-ગ્રથિતાદિ ભેદ ભિન્ન, સર્વોષધિ અને સિદ્ધાર્થકોને ગ્રહણ કરે છે. પછી પદ્મદ્રહ-પુંડરીક દ્રહમાં આવીને તેનું જળ અને ઉત્પલાદિ ગ્રહણ કરે છે.

ત્યારપછી હૈમવત-ઐરણ્યવત્ વર્ષક્ષેત્રોમાં રોહિતા, રોહિતાંશા, સુવર્ણકુલા, રૂપ્યકૂલા મહાનદીમાં નદીના ઉભય તટની માટી, પછી શબ્દાપાતી-વિકટાપાતી વૃત્ત વૈતાઢ્યોમાં સર્વ તુવરાદિ, પછી મહાહિમવંત-રૂપી આદિ વર્ષધર પર્વતમાં સર્વે તુવરાદિ, પછી મહાપદ્મ-મહાપૌંડરીક દ્રહોમાં દ્રહનું જળ અને ઉત્પલ પછી હરિવર્ષ-રમ્યક્ વર્ષમાં હરકાંતા-હરિકાંતા-નરકાંતા-નારીકાંતા મહાનદીમાં જળ, બંને કોઠાની માટી લે છે.

*[ઉક્ત સમગ્ર વર્ણન તથા હવે પછીનું વૃત્તિનું કથન, અહીં સૂત્રાર્થમાં આવી જ ગયેલ છે. તેથી અનુવાદમાં અહીં નિરર્થક પુનરુક્તિ કરતા નથી.]* - x - x - x - વિશેષ એ કે — दद्दरमलए - તેમાં દર્દર એટલે વસ્ત્ર વડે ઢાંકેલ કુંડીમાં ગાળેલ કે તેમાં પકાવેલ.



મલયના ઉદ્‌ભવથી પ્રસિદ્ધ હોવાથી મલય-શ્રીખંડ, તેની પરમગંધ યુક્ત ગંધને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને બધાં એક સ્થાને ભાગે થાય છે. થઈને - x - વિજયદેવ પાસે આવે છે. - x - વિજયદેવને જય-વિજયથી વધાવે છે. - x - અભિષેક યોગ્ય સામગ્રી અર્પણ કરે છે.

તે વિજયદેવ ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, પર્ષદા ત્રણે-યથાક્રમે આઠ-દશ-બાર હજાર દેવોની, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં વિજય રાજધાનીમાં રહેતા વ્યંતર દેવ-દેવીઓ, તેમના વડે સ્વાભાવિક અને વિકુર્વિત શ્રેષ્ઠ કમલ પ્રતિષ્ઠાન, સુગંધી-શ્રેષ્ઠ જળ વડે પ્રતિપૂર્ણ ચંદનકૃત્ ચર્ચાકથી. કંઠમાં લાલ સૂત્રતંતુ વડે બાંધીને, પદ્મોત્પલ વડે ઢાંકીને સુકુમાર કરતલ પરિગૃહીત અનેક હજાર સંખ્યક કળશો વડે.

તે કળશોનો વિભાગ દેખાડે છે — ૧૦૦૮ સોનાના કળશો, ૧૦૦૮ રૂપાના કળશો, ૧૦૦૮ મણીના કળશો, ૧૦૦૮ સોના-રૂપાના કળશો, ૧૦૦૮ સોના-મણીના કળશો, ૧૦૦૮ રૂપા-મણીના કળશો, ૧૦૦૮ સોના-રૂપા-મણીના કળશો, ૧૦૦૮ માટીના કળશો. બધી સંખ્યા આઠ વડે ગુણતા ૮૦૬૪ થશે તથા સર્વોદક - બધાં તીર્થ, નદી આદિના ઉદક વડે. સર્વ તુવર-પુષ્પ-ગંધ-માલ્ય-ઔષધિ આદિ વડે.

સર્વઋદ્ધિ-પરિવારાદિ, સર્વદ્યુતિ-યથાશક્તિ વિસ્ફારિત શરીર તેજ વડે. સર્વબલ-સામસ્ત્યથી સ્વ-સ્વ હસ્તિ આદિ સૈન્ય વડે. સર્વ સમુદય - સ્વ સ્વામિયોગ્યાદિ સમસ્ત પરિવારથી. સર્વાદર - સમસ્ત યાવત્ શક્તિ તોલનથી. સર્વ વિભૂતિ - સ્વ સ્વ અભ્યંતર વૈક્રિય કરણાદિ બાહ્ય રત્નાદિ સંપદા, સર્વ વિભૂષા - યાવત્ શક્તિ સ્ફારોદાર શ્રૃંગાર કરણથી. સવ્વસંભમ-સર્વોત્કૃષ્ટ સંભ્રમથી અર્થાત્ સ્વનાયક વિષય બહુમાન ખ્યાપ્નાર્થપર, સ્વનાયક કાર્ય સંપાદના માટે યાવત્ શક્તિ ત્વરિત-ત્વરિતા પ્રવૃત્તિ.

સર્વ પુષ્પ વસ્ત્ર ગંધમાલ્યાલંકાર. અહીં ગંધ - વાસ, માલ્ય - પુષ્પની માળા, અલંકાર - આભરણ. પછી સર્વ દિવ્ય ત્રુટિત-તેનો શબ્દ. - x - સર્વ એવા તે દિવ્ય ત્રુટિત-દિવ્ય તૂર્ય આ બધાંના એકત્ર મીલનથી જે સંગત નિત્ય નાદ-મહાન્ ઘોષ. અહીં તૂલ્ય છતાં સર્વ શબ્દ કહ્યો.

महया - મહતી, યાવત્ શક્તિ તુલિતપણે. ऋद्धि - પરિવારાદિ, 'ધુતિ' ઈત્યાદિ કહેવું. महता - સ્ફૂર્તિવાળા, वर - પ્રધાન, त्रुटित - આતોદ્ય, યમકસમક - એક કાળે, કુશળ પુરુષો વડે પ્રવાદિતાનો જે रव - અવાજ. આને જ વિશેષણથી કહે છે — संखपणव० ઈત્યાદિ તેમાં શંખ પ્રસિદ્ધ છે. पणव - ભાંડોનો ઢોલ, પટહ-ઢોલ, ભેરી-ઢક્કા, ઝલ્લરી-ઝાલર, ચામડાથી બાંધેલ વિસ્તીર્ણ વલયરૂપ. ખરમુહી-કાહલ, હુડુક્ક-મોટા પ્રમાણનું મર્દલ, मुरज - તે જ લઘુ મૃદંગ, दुंदुभी - ભેરી આકારની સંકટ મુખી. તે બધાંનો निर्घोष - મહાન્ નાદિત, ઘંટાની જેમ વાગ્યા પછીના ઉત્તરના કાળે થતો સતત ધ્વનિ, તે લક્ષણ રૂપ જે રવ, તે રીતે મહાન્ ઈન્દ્રાભિષેકથી વિજય દેવનો

અભિષેક કરે છે.

પછી પૂર્વવત્ તે વિજય દેવનો અતિશય મહાન્ ઈન્દ્રાભિષેક વર્તતો હતો ત્યારે કેટલાંક દેવો વિજયા રાજધાનીને અતિ જળ વડે નહીં. કેમકે પ્રભૂત જળ સંગ્રહ થાય. વળી અતિ માટીથી નહીં કેમકે તેનાથી અતિ કાદવ થાય છે. - x - પવિરલ-પ્રવિરલ, ઘન ભાવે કાદવના સંભવથી. પ્રકર્ષથી જેટલામાં રેણુઓ - ધૂળ સ્થગિત થાય, તેટલાં જ માત્ર ઉત્કર્ષ સ્પર્શન વડે જે વર્ષા થાય તે પ્રવિરલ સ્પૃષ્ટ. શ્લક્ષ્ણતર રજના પુદ્ગલો અથવા રજની જેમ સ્થૂલ રેણુ તે રજરેણુ, તેનો વિનાશ થાય તે રીતે. દિવ્ય - પ્રધાન સુરભિ ગંધોદક૦

કોઈ વળી સમસ્ત વિજયા રાજધાનીને નિહત રજ કરે છે. નિહતરજ ક્ષણ માત્ર ઉત્થાન અભાવે પણ સંભવે છે. તેથી કહે છે – નષ્ટરજસ - સર્વથા અદૃશ્ય તે નષ્ટ. ભ્રષ્ટ-વાયુ વડે રાજધાનીથી દૂર લઈ જવાયેલ રજ જેમાં છે તે. આ બંનેને બે એકાર્થિક શબ્દોથી કહે છે – પ્રશાંત રજ અને ઉપશાંત રજ.

કોઈ કોઈ દેવો વિજયા રાજધાનીને પાણી છાંટવા વડે આસિક્ત, કચરો શોધવા દ્વારા સંમાર્જિત, છાણ આદિ વડે ઉપલિપ્ત, પાણી વડે સિક્ત, તેથી જ શુચિ-પવિત્ર, કચરો દૂર કરવાથી સંમાર્જિત થયેલ માર્ગના અંતર અને હાટના માર્ગો, એવા પ્રકારની રાજધાનીને કરે છે.

કોઈ કોઈ દેવો મંચાતિમંચ યુક્ત કરે છે. કોઈ કોઈ દેવો વિવિધ રંગી ઉર્ધ્વીકૃત્ ધ્વજા વડે અને પતાકાતિપતાકા વડે મંડિત કરે છે. કેટલાંક દેવો લીંપણ-ગુંપણ આદિ કરે છે. કેટલાંક દેવો વિજયા રાજધાનીને ચંદનકળશ યુક્ત કરે છે. કેટલાંક દેવો પ્રતિદ્વાર દેશ ભાગને ચંદન-ઘટથી સુકૃત્ તોરણ કરે છે.

કેટલાંક દેવો વિજયા રાજધાનીને સીંચેલી, પુષ્પમાળા લટકાવેલી એવી કરે છે. કેટલાંક દેવો પંચવર્ણ સુરભિમુક્ત પુષ્પ પુંજોપચાર યુક્ત કરે છે. કેટલાંક દેવો કાળો અગરુ-પ્રવર કુંદુરુષ્ક - તુરુષ્ક-ધૂપ વડે મઘમઘતી અને ગંધ વડે ઉદ્ધૃત-રમ્ય, સુગંધ વર ગંધ ગંધિકા ગંધવર્તીભૂત કરે છે. - x -

કેટલાંક દેવો હિરણ્ય વરસાવે છે, કેટલાંક દેવો સુવર્ણ વરસાવે છે, કેટલાંક આભરણ વરસાવે છે. એ રીતે રત્નો, વજ, પુષ્પ, માળા, ચૂર્ણ કે વસ્ત્રને કોઈ-કોઈ દેવ વરસાવે છે. કોઈ કોઈ દેવ હિરણ્યરૂપ મંગલ પ્રકારને બાકીના દેવોને આપે છે. એ પ્રમાણે સોનું-રત્ન-આભરણ-પુષ્પ-માળા-ગંધ-ચૂર્ણ-વસ્ત્ર આ બધાંની પણ એકબીજા દેવોને વહેંચણી કરે છે તેમ કહેવું.

કેટલાંક દેવો દ્રુત નૃત્યવિધિ દર્શાવે છે. અહીં બત્રીશ નાટ્યવિધિઓ છે. તે જે ક્રમથી ભગવંત વર્દ્ધમાનસ્વામી આગળ સૂર્યાભદેવે દર્શાવી. તે ક્રમે અહીં બતાવે છે –

૧. સ્વસ્તિકાદિ અષ્ટ મંગલાકાર અભિનયરૂપ નાટ્યવિધિ.

૨. આવર્ત્ત, પ્રત્યાવર્ત્ત યાવત્ પદ્માલતા ભક્તિચિત્રના અભિનયરૂપ બીજી નાટ્યવિધિ.



૩. ઈહામૃગ, વૃષભાદિ યાવત્ પદ્મલતા ભક્તિચિત્ર નાટ્ય૦

૪. એકતોચક્ર, દ્વિધાચક્ર યાવત્ અર્દ્ધ ચક્રવાલાભિનય રૂપ.

૫. ચંદ્રાવલિ પ્રવિભક્તિ યાવત્ પુષ્પાવલિ પ્રવિભક્તિરૂપ.

૬. ચંદ્રોદ્ગમ-પ્રવિભક્તિ સૂર્યોદ્ગમ–પ્રવિભક્તિ અભિનય.

૭. ચંદ્રાગમન-સૂર્યાગમન પ્રવિભક્તિ અભિનયરૂપ.

૮. ચંદ્રાવરણ-સૂર્યાવરણ પ્રવિભક્તિ અભિનયરૂપ.

૯. ચંદ્રાસ્તમન પ્રવિભક્તિ, સૂર્યાસ્તમયન પ્રવિભક્તિ.

૧૦. ચંદ્રમંડલ પ્રવિભક્તિ, સૂર્યમંડલ પ્રવિભક્તિ આદિરૂપ.

૧૧. ઋષભમંડલ પ્રવિભક્તિ, સિંહમંડલ પ્રવિભક્તિ આદિ.

૧૨. સાગર પ્રવિભક્તિ, નાગ પ્રવિભક્તિ અભિનયરૂપ.

૧૩. નંદા પ્રવિભક્તિ, ચંપા પ્રવિભક્તિ રૂપ અભિનય.

૧૪. મત્સ્યાંડક યાવત્ જારમાર પ્રવિભક્તિ રૂપ અભિનય.

૧૫. क કાર યાવત્ ङ કાર પ્રવિભક્તિરૂપ અભિનય.

૧૬. च કાર થી ञ કાર પ્રવિભક્તિ રૂપ અભિનય.

૧૭. ट કારથી ण કાર પ્રવિભક્તિ રૂપ અભિનય.

૧૮. त કારથી न કાર પ્રવિભક્તિ રૂપ અભિનય.

૧૯. प કારથી म કાર પ્રવિભક્તિ રૂપ અભિનય.

૨૦. અશોકપલ્લવ યાવત્ કોશાંબપલ્લવ પ્રવિભક્તિ.

૨૧. પદ્મલતા યાવત્ શ્યામલતા પ્રવિભક્તિ.

૨૨. દ્રુત નામક નાટ્યવિધિ.

૨૩. વિલંબિત નામક નાટ્યવિધિ.

૨૪. દ્રુતવિલંબિત નામક નાટ્યવિધિ.

૨૫. અંચિત નામક નાટ્યવિધિ.

૨૬. રિભિત નામક નાટ્યવિધિ.

૨૭. અંચિતરિભિત નામક નાટ્યવિધિ.

૨૮. આરભટ નામક નાટ્યવિધિ.

૨૯. ભસોલ નામક નાટ્યવિધિ.

૩૦. આરભટ-ભસોલ નામક નાટ્યવિધિ.

૩૧. ઉત્પાત નિપાત પ્રસક્ત, સંકુચિત પ્રસારિત રેકરચિત, ભ્રાંત-સંભ્રાંત નામક નાટ્યવિધિ.

૩૨. ચરમચરમ નામક નિબદ્ધનામા - ભગવંત મહાવીરના ચરમ પૂર્વ મનુષ્યભવ, ચરમ દેવલોક ભવ, ચરમ ચ્યવન, ચરમ ગર્ભસંહરણ, ચરમ તીર્થંકર જન્માભિષેક, ચરમ બાલભાવ, ચરમ યૌવન, ચરમ નિષ્ક્રમણ, ચરમ તપશ્ચરણ, ચરમ જ્ઞાનોત્પાદ, ચરમ તીર્થ પ્રવર્તન, ચરમ પરિનિર્વાણને બતાવનાર અભિનય.

ઉક્ત બત્રીશમાંથી કેટલીક નાટ્યવિધિનો અત્રે ઉલ્લેખ છે જેમકે — દ્રુત, વિલંબિત, દ્રુતવિલંબિત આદિ સૂત્રાર્થવત્ જાણવી. - x - x - કેટલાંક દેવો ચાર પ્રકારે વાદ્ય વગાડે છે. જેમકે —

તત - મૃદંગ - પટહ આદિ, વિતત - વીણાદિ, ઘન - કંસિકાદિ, શુષિર - કાહલાદિ. કેટલાંક દેવો ચાર પ્રકારના ગીતો ગાય છે. જેમકે — ઉત્ક્ષિપ્ત - પહેલાથી સમારંભ કરાતું, પ્રવૃત્ત - ઉત્ક્ષેપ અવસ્થાથી વિક્રાંત મનાક્ ભરથી પ્રવર્તમાન. મંદાય - મધ્યભાગમાં મૂર્છનાદિ ગુણોપેતતાથી મંદ મંદ ઘોલનાત્મક. રોચિતાવસાન - યથોચિત લક્ષણોપેતતાથી ભાવિત, સત્યાપિત યાવત્ અવસાન.

કેટલાંક ચતુર્વિધ અભિનય કરે છે. જેમકે — દાર્ષ્ટાન્તિક, પ્રતિશ્રુતિક, સામાન્યતોવિનિપાતિક, લોકમધ્યાવસાનિક. આ અભિનય વિધિ નાટ્યકુશલો પાસેથી જાણવી.

કેટલાંક દેવો પોતાને પીન-સ્થૂળ બનાવે છે. કેટલાંક દેવો તાંડવરૂપ નૃત્ય કરે છે, કેટલાંક દેવો લાસ્યરૂપ નૃત્ય કરે છે. કેટલાંક દેવો છૂત્કાર કરે છે. કેટલાંક ચારે કરે છે.

કેટલાંક દેવો ઉછળે છે, કેટલાંક દેવો વિશેષ ઉછળે છે. કેટલાંક દેવો ત્રિપદીને છેદે છે. કેટલાંક ત્રણે કરે છે.

કેટલાંક દેવો ઘોડા માફક હણહણે છે, કેટલાંક દેવો હાથી માફક ગુડગુડ કરે છે. કેટલાંક દેવો રથ માફક ઘણઘણે છે. કેટલાંક એ ત્રણે કરે છે. - - - કેટલાંક દેવો આસ્ફોટન કરે છે૦ ઈત્યાદિ બધાં અર્થો સૂત્રાર્થમાં છે જ. તેથી વૃત્તિના અનુવાદ વડે તેની પુનરુક્તિ કરેલ નથી. [વૃત્યર્થ છોડી દીધો છે.] યાવત્ કેટલાંક દેવો જ્વલે છે - જ્વાલામાલાકુલ થાય છે. કેટલાંક દેવો તપે છે - તપ્ત થાય છે. કેટલાંક દેવો પ્રતપન્તિ-વિશેષ તપ્ત થાય છે. કેટલાંક દેવો આ ત્રણે કરે છે. - x - x -

કેટલાંક દેવો દેવોત્કલિકા કરે છે. દેવોના વાયુવત્ ઉત્કલિકા તે દેવોત્કલિકા. કેટલાંક દેવો દેવકહકહ કરે છે — ઘણાં દેવો પ્રમોદના ભારને વશ થઈ સ્વેચ્છા વચન વડે બોલ કરે તે, કોલાહલને દેવ કહકહ કહે છે. કેટલાંક દેવો દુહુદુહુક કરે છે. - x - x - x -

કેટલાંક દેવો હાથમાં વંદન કળશ લે છે, કેટલાંક ભૃંગાર કલશ હાથમાં લે છે. એ રીતે આદર્શ, થાળી આદિ જાણવા.

એ રીતે અતીવ તુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિ મનવાળા, પરમ સૌમનસ્યિક, હર્ષના વશથી વિકસીત હૃદયી થઈ દોડાદોડ કરે છે. પછી तए णं विजयं देवं એ સૂત્ર પાઠસિદ્ધ છે.

**● સૂત્ર-૧૮૦ :-**

*ત્યારપછી તે વિજયદેવ મહાન્ ઈન્દ્રાભિષેકથી અભિષિક્ત થયેલો હતો તે સીંહાસનથી ઉભો થાય છે. સીંહાસન થકી ઉભો થઈને અભિષેકસભાના પૂર્વ*



*દિશાના દ્વારથી નીકળે છે, નીકળીને જ્યાં અલંકારિક સભા છે ત્યાં આવે છે, આવીને તે આલંકારિક સભામાં અનુપ્રદક્ષિણા કરતા-કરતા પૂર્વ દ્વારેથી અનુપ્રવેશે છે. પૂર્વના દ્વારેથી પ્રવેશીને જ્યાં સીંહાસન છે ત્યાં જાય છે, જઈને શ્રેષ્ઠ સીંહાસને પૂર્વાભિમુખ બેસે છે.*

*ત્યારપછી તે વિજય દેવના સામાનિક પર્ષદાના દેવો, આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આમ કહે છે — ઓ દેવાનુપ્રિયા ! જલ્દીથી વિજયદેવના આલંકારિક ભાંડને અહીં લાવો. તેઓ પણ તે આલંકારિક ભાંડ યાવત્ લાવે છે.*

*ત્યારપછી તે વિજયદેવે સર્વપ્રથમ પક્ષ્મલસુકુમાલ દિવ્ય સુરભી ગંધકાષાયી વસ્ત્રથી ગાત્ર લુંછે છે. ગાત્રો લુંછીને સરસ ગોશીર્ષચંદનથી ગાત્રોને લિંપે છે. સરસ ગોશીર્ષચંદનથી ગાત્રોને લીંપીને, ત્યારપછી નાકના ઉચ્છ્વાસ વડે ઉડે તેવા અને ચક્ષુર્હર વર્ણ-સ્પર્શયુક્ત ઘોડાની લાળથી પણ અધિક મૃદુ, ધવલ અને સુવર્ણથી ખચિત છેડાવાળા, આકાશ-સ્ફટિક સદૃશ પ્રભાવાળા, ન ફાટેલા, દિવ્ય દેવદૂષ્ય યુગલને ધારણ કરે છે, ધારણ કરીને હાર પહેરે છે. હાર પહેરીને એ રીતે એકાવલીને ધારણ કરે છે. એકાવલીને ધારણ કરીને એ પ્રમાણે આ આલાવા વડે મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ, કટક, ત્રુટિત, અંગદ, કેયૂર, દશ મુદ્રિકાનંતક, કટિસૂત્રક, ત્રિ-અસ્થિસૂત્રક, મુરવિ, કંઠ મુરવિ, પ્રાલંબ, કુંડલ, ચૂડામણી, ચિત્રરત્નોત્કટ, મુકુટને ધારણ કરે છે. ધારણ કરીને ગ્રંથિમ-વેષ્ટિમ-પૂરિમ-સંઘાતિમ એ ચતુર્વિધ માલા વડે કલ્પવૃક્ષની જેમ પોતાને અલંકૃત્ વિભૂષિત કરે છે. કલ્પવૃક્ષની જેમ પોતાને અલંકૃત્-વિભૂષિત કરીને દર્દર-મલય-સુગંધ ગંધિત ગંધ વડે ગાત્રોને સુગંધી કરીને દિવ્ય પુષ્પમાળાને ધારણ કરે છે.*

*ત્યારપછી તે વિજય દેવ કેશાલંકાર, વસ્ત્રાલંકાર, માલ્યાલંકાર, આભરણાલંકાર એ ચતુર્વિધ અલંકારથી અલંકૃત્ વિભૂષિત થઈને પ્રતિપૂર્ણાલંકાર થઈ સીંહાસનથી ઉભો થાય છે, ઉભો થઈને આલંકારિક સભાના પૂર્વ દ્વારેથી નીકળે છે. નીકળીને જ્યાં વ્યવસાય સભા છે, ત્યાં આવે છે.*

*ત્યાં આવીને વ્યવસાયસભાને અનુપ્રદક્ષિણા કરતો-કરતો ઉત્તમ સીંહાસને પૂર્વાભિમુખ થઈને બેઠો. ત્યારે તે વિજય દેવના આભિયોગિક દેવો પુસ્તક રત્ન લાવ્યા.*

*ત્યારે તે વિજય દેવે પુસ્તકરત્નને ગ્રહણ કર્યું. કરીને પુસ્તકરત્નને ખોળામાં મૂકે છે. પુસ્તકરત્નને મૂકીને તેને ઉઘાડે છે. પુસ્તકરત્ન ઉઘાડીને પુસ્તકરત્નને વાંચે છે. પુસ્તકરત્ન વાંચીને તેના ધાર્મિક મર્મને ગ્રહણ કરે છે. પુસ્તકરત્નને પાછુ મુકે છે. મૂકીને તે સીંહાસનથી ઉભો થાય છે. - -*

*ઉભો થઈને વ્યવસાયસભાના પૂર્વ દ્વારેથી નીકળે છે. નીકળીને જ્યાં નંદા પુષ્કરિણી છે ત્યાં આવે છે. આવીને તે નંદા પુષ્કરિણીની અનુપ્રદક્ષિણા કરતો-કરતો પૂર્વ દ્વારેથી પ્રવેશે છે, પ્રવેશીને પૂર્વ દિશાના ત્રિસોપાન પ્રતિરૂપકથી ઉતરે*

છે. તેમાં ઉતરીને હાથ-પગ ધુવે છે, ધોઈને`ક મોટું શ્વેત રજતમય વિમલ-સલિલ પૂર્ણ મત્ત ગજના મોટા મુખની આકૃતિ સમાન ભૃંગારને ગ્રહણ કરે છે. ભૃંગાર ગ્રહણ કરીને ત્યાં જે ઉત્પલ, પદ્મ યાવત્ શતસહસ્રપત્રો છે, તેને ગ્રહણ કરે છે, કરીને નંદા પુષ્કરિણી થકી બહાર નીકળે છે. બહાર નીકળીને જે તરફ સિદ્ધાયતન છે, તે તરફ જવાને નીકળે છે.

ત્યારપછી તે વિજયદેવના ૪૦૦૦ સામાનિક દેવો યાવત્ બીજા પણ ઘણાં વ્યંતર દેવો અને દેવીઓમાં કેટલાંક હાથમાં ઉત્પલ લઈને યાવત્ કેટલાંક હાથમાં સહસ્રપત્રો લઈને વિજય દેવની પાછળ-પાછળ જાય છે.

ત્યારે તે વિજયદેવના ઘણાં આભિયોગિક દેવો અને દેવીઓ હાથમાં કળશ લઈને યાવત્ હાથમાં ધૂપ કડછાં લઈને વિજય દેવની પાછળ-પાછળ જાય છે.

ત્યારપછી વિજય દેવ ૪૦૦૦ સામાનિકો યાવત્ બીજા પણ ઘણાં વ્યંતર દેવો અને દેવીઓ સાથે સંપરિવૃત્ત થઈને સર્વ ઋદ્ધિથી, સર્વ દ્યુતિથી યાવત્ નિર્ઘોષ-નાદિત-રવથી જ્યાં સિદ્ધાયતન છે, ત્યાં આવે છે. આવીને સિદ્ધાયતનની અનુપ્રદક્ષિણા કરતા-કરતા પૂર્વના દ્વારેથી અનુપ્રવેશ કરે છે.

સિદ્ધાયતનમાં પ્રવેશીને જ્યાં દેવછંદક છે ત્યાં આવે છે, ત્યાં આવીને જિનપ્રતિમાને જોતાંની સાથે પ્રણામ કરે છે. કરીને મોરપીંછી ગ્રહણ કરે છે. મોરપીંછી લઈને જિનપ્રતિમાને મોરપીંછી વડે પ્રમાર્જે છે. પ્રમાર્જીને સુગંધી ગંધોદક વડે ન્હવડાવે છે, ન્હડાવી દિવ્ય સુગંધી ગંધ કાષાયિત વડે ગાત્રો લુંછે છે. લુંછીને સરસ ગોશીર્ષ ચંદન વડે ગાત્રોને લીપે છે. લીંપીને જિનપ્રતિમાને ન ફાટેલા શ્વેત દિવ્ય દેવદૂષ્ય યુગલ પહેરાવે છે.

ત્યારપછી અગ્ર પ્રધાન ગંધ અને માલ્ય વડે અર્ચા કરે છે, અર્ચા કરીને પુષ્પારોહણ, ગંધારોહણ, માલ્યારોહણ, વર્ણારોહણ, ચૂર્ણારોહણ અને આભરણારોહણ કરે છે. કરીને પછી ઉપરથી નીચે સુધી લટકતી એવી, વિપુલ અને ગોળ મોટી-મોટી માળાઓ ચઢાવે છે.

ત્યારપછી સ્વચ્છ, શ્વેત, રજતમય ચમકદાર ચોખા વડે જિનપ્રતિમા આગળ આઠ-આઠ મંગલ આલેખે છે. તે આ – સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ. આઠ-આઠ મંગલ આલેખે છે, આલેખીને કચગ્રાહથી ગૃહીત અને કરતલથી મુક્ત થઈને વિખરાયેલ પંચવર્ણી પુષ્પોથી પુષ્પોપચાર કરે છે.

ત્યારપછી ચંદ્રકાંતમણિ, વજમણિ, વૈડૂર્ય મણિથી યુક્ત નિર્મળ દંડવાળા, કંચન-મણી-રત્નોથી વિવિધ રૂપોમાં ચિત્રિત, કાલો અગરુ-શ્રેષ્ઠ કુંદુરુક્ક-તુરુક્કની ધૂપની ઉત્તમ ગંધથી યુક્ત ધૂપને છોડતા, વૈડૂર્યમય કડુચ્છકને લઈને સાવધાની સાથે ધૂપ દઈને સાત-આઠ પગલાં પાછળ સરકી જિનવરોની ૧૦૮ વિશુદ્ધ ગ્રંથયુક્ત, મહાછંદોવાળી, અર્થયુક્ત અને અપુનરુક્ત સ્તોત્રો વડે સ્તુતિ કરે છે.





સ્તુતિ કર્યા પછી ડાબો ઘૂંટણ ઉંચો રાખી, જમણો ઘૂંટણ જમીનને લગાડી ત્રણ વખત પોતાનું મસ્તક જમીન ઉપર નમાવે છે. પછી થોડા ઉંચા ઉઠાવીને પોતાની કટક અને ત્રુટિતથી સ્તંભિત ભુજાઓને સંકોચીને, બંને હાથ જોડી, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે બોલે છે –

નમસ્કાર થાઓ અરિહંત ભગવંતોને યાવત્ સિદ્ધિ ગતિ નામક સ્થાનને પ્રાપ્ત થયેલ છે. એમ કહી વંદન કરે છે, નમસ્કાર કરે છે. વંદન-નમસ્કાર કરીને જ્યાં સિદ્ધાયતનનો બહુમધ્યદેશ ભાગ છે, ત્યાં આવે છે. આવીને દિવ્ય જળધારાથી તેનું સીંચન કરે છે. કરીને સરસ-ગોશીર્ષ ચંદનથી હાથોને લિપ્ત કરીને પાંચે આંગળીથી એક મંડલ બનાવે છે. મંડલ આલેખીને તેની અર્ચા કરે છે. અર્ચા કરીને કચગ્રાહ ગૃહિત અને કરતલથી વિમુક્ત થઈને વિખરાયેલા પંચવર્ણી ફુલોથી તેને પુષ્પોપચાર યુક્ત કરે છે અને ધૂપ દે છે. ધૂપ દઈને જ્યાં સિદ્ધાયતનની દક્ષિણ દિશા છે, ત્યાં જાય છે.

દક્ષિણ દ્વારે જઈને વિજય દેવ મોરપીંછી ગ્રહણ કરે છે, કરીને દ્વાર ચેટીઓ, શાલભંજિકાઓ અને વ્યાલરૂપને મોરપીંછી વડે પ્રમાર્જે છે. પ્રમાર્જીને બહુ મધ્યદેશ ભાગમાં સરસ ગોશીર્ષ ચંદન વડે પંચાંગુલિતલથી અનુલિંપન કરે છે. અનુલિંપન કહીને અર્ચા કરે છે. કરીને કચગ્રાહ ગૃહિત યાવત્ પુંજોપચાર કલિત કરે છે. કરીને ધૂપ આપે છે.

ત્યારપછી જ્યાં મુખમંડપનો બહુમધ્ય દેશભાગ છે ત્યાં આવે છે, આવીને બહુમધ્યદેશ ભાગમાં મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સિંચન કરે છે. કરીને સરસ ગોશીર્ષ ચંદનથી પંચાંગુલિના તલ વડે મંડલ આલેખે છે, આલેખીને અર્ચા કરે છે. કરીને કચગ્રાહ યાવત્ ધૂપ આપે છે.

ત્યારપછી મુખમંડપનું પશ્ચિમ દ્વાર છે ત્યાં આવે છે. આવીને મોરપીંછી લે છે લઈને દ્વારચેટી, શાલભંજિકા અને વ્યાલરૂપને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. સીંચીને સરસ ગોશીર્ષ ચંદનથી યાવત્ અર્ચા કરે છે કરીને ઉપરથી-નીચે સુધીની માળા લટકાવે છે. કચગ્રાહ૦વત્ પુષ્પ વિખેરે છે. ધૂપ આપે છે.

ત્યારપછી જે મુખમંડપની ઉત્તરની સ્તંભ પંક્તિ છે ત્યાં જાય છે, જઈને મોરપીંછીથી શાલભંજિકાદિને પ્રમાર્જે છે. દિવ્ય જળધારાથી સીંચી, સરસ ગોશીર્ષ ચંદન લગાડી, પુષ્પારોહણ યાવત્ ઉપરતી નીચે ફૂલ માળા લટકાવી, ફૂલ વિખેરી, ધૂપ આપે છે. પછી મુખમંડપના પૂર્વ દ્વારે તે બધું જ કહેવું યાવત્ દ્વારની અર્ચનિકા. દક્ષિણ દ્વારે તેમજ કહેવું.

ત્યારપછી જ્યાં પ્રેક્ષાગૃહમાં મંડપનો બહુમધ્ય દેશભાગ છે, જ્યાં વજમય અક્ષાટક છે, જ્યાં મણિપીઠિકા છે. જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે, આવીને મોરપીંછી ગ્રહણ કરે છે. મોર-પીંછી ગ્રહણ કરીને અક્ષાટક અને સીંહાસનને

મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સીંચે છે. પુષ્પારોહણ યાવત્ ધૂપ દે છે. પછી જ્યાં પ્રેક્ષાગૃહ મંડપનું પશ્ચિમ દ્વાર છે ત્યાં દ્વારાર્ચનિકા કરી, ઉત્તરની સ્તંભ પંક્તિને, તે રીતે પૂર્વના દ્વારે તેમજ જ્યાં દક્ષિણ દ્વાર છે ત્યાં, તે પ્રમાણે જ જ્યાં ચૈત્ય સ્તૂપ છે ત્યાં આવે છે.

ચૈત્યસ્તૂપે આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, કરીને ચૈત્ય સ્તુપને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચી, સરસ ચંદનની અર્ચી, પુષ્પારોહણ કરી, ઉપરથી-નીચે સુધી માળા લટકાવી યાવત્ ધૂપ આપે છે.

ત્યારપછી પશ્ચિમની મણિપીઠિકામાં જ્યાં જિન-પ્રતિમા છે, ત્યાં આવે છે. જિન પ્રતિમાને જોતાં જ પ્રણામ કરે છે. કરીને મોરપીંછી ગ્રહણ કરે છે. કરીને આદિ પૂર્વવત્. જે જિન પ્રતિમાને યાવત્ સિદ્ધિગતિનામધેય સ્થાનને પામેલાને વાંદે છે - નમે છે. એ પ્રમાણે ઉત્તર-પૂર્વ અને દક્ષિણમાં જાણવું.

જ્યાં ચૈત્યવૃક્ષ, દ્વારવિધિ, મણિપીઠિકા. જ્યાં મહેન્દ્રધ્વજ દ્વારવિધિ. જ્યાં દક્ષિણની નંદાપુષ્કરિણી ત્યાં આવે છે. મોરપીંછી ગ્રહણ કરે છે. ચૈત્ય, ત્રિસોપાન પ્રતિરૂપક, તોરણ, શાલભંજિકા અને વ્યાલરૂપોને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સિંચે છે. સરસ ગોશીર્ષ ચંદનથી લીંપે છે. લીંપીને પુષ્પારોહણ કરે છે યાવત્ ધૂપ આપે છે.

ધૂપ દઈને સિદ્ધાયતનને અનુપ્રદક્ષિણા કરતાં જ્યાં ઉત્તરની નંદાપુષ્કરિણી છે ત્યાં આવે છે. આવીને પૂર્વવત્ મહેન્દ્રધ્વજ, ચૈત્યવૃક્ષ, ચૈત્યસ્તૂપ, પશ્ચિમની મણિપીઠિકા, જિનપ્રતિમા, ઉત્તરની-પૂર્વની-દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપમાં પણ તેમજ. જેમ દક્ષિણના પશ્ચિમી દ્વારમાં યાવત્ દક્ષિણની સ્તંભ પંક્તિ, મુખમંડપ પણ, ત્રણ દ્વારોની અર્ચનિકા કહીને દક્ષિણની સ્તંભપંક્તિ, ઉત્તર દ્વાર, પૂર્વનું દ્વાર, બાકીનું તે જ ક્રમથી યાવત્ પૂર્વની નંદાપુષ્કરિણી. જ્યાં સુધર્માસભા છે ત્યાં જવાને પ્રસ્થાન કર્યુ.

ત્યારે તે વિજયના ૪૦૦૦ સામાનિકો આદિ યાવત્ સર્વઋદ્ધિથી યાવત્ નાદિત રવથી સુધર્માસભાએ આવ્યા. તેઓ ત્યાં સુધર્માસભાની અનુપ્રદક્ષિણા કરતા-કરતા પૂર્વ દ્વારેથી પ્રવેશે છે. પ્રવેશતાં જિન-અસ્થિઓને જોતાં જ પ્રણામ કરે છે. કરીને જ્યાં મણિપીઠિકા છે, જ્યાં માણવક ચૈત્યસ્તંભ છે, જ્યાં વજ્રમય ગોળ-વૃત્ત સમુદ્ગક છે, ત્યાં આવે છે. આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, કરીને વજ્રમય ગોળ-વૃત્ત-સમુદ્ગકને ઉઘાડે છે. ઉઘાડીને જિન અસ્થિઓને મોરપીંછીથી પ્રમાર્જે છે પ્રમાર્જીને, સુગંધી ગંધોદકથી એકવીશ વખત જિન અસ્થીઓને પ્રક્ષાલે છે. પ્રક્ષાલીને સરસ ગોશીર્ષ ચંદનથી અનુલિંપન કરે છે અનુલિંપન કરીને અગ્રપ્રધાન ગંધ અને માલ્ય વડે અર્ચા કરે છે. અર્ચા કરીને ધૂપ આપે છે. ધૂપ દઈને વજ્રમય ગોળ-વૃત્ત-સમુદ્ગકમાં પાછા મૂકે છે.

ત્યારપછી માણવક ચૈત્યસ્તંભને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય



જળધારાથી સીંચે છે. સીંચીને સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચા આપે છે. આપીને પુષ્પારોહણ કરે છે યાવત્ લટકતી માળા૦ પુષ્પો વિખેરવા૦ ધૂપ દેવો૦ એ કરે છે.

ત્યારપછી જ્યાં સુધર્મસભાનો બહુમધ્ય દેશભાગ છે, ત્યાં પૂર્વવત્. જ્યાં સીંહાસન છે ત્યાં દ્વાર અર્ચનિકા માફક કહેવું. જ્યાં સીંહાસન છે ત્યાં દ્વાર અર્ચનિકા માફક કહેવું. જ્યાં દેવ શયનીય છે, ત્યાં પૂર્વવત્. જ્યાં ક્ષુદ્ર મહેન્દ્રધ્વજ છે, ત્યાં પૂર્વવત્. જ્યાં પ્રહરણ કોશ છે, ચોપ્પાલ છે, ત્યાં જાય છે. જઈને પ્રત્યેકેપ્રત્યેક પ્રહરણને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને સરસ ગોશીર્ષ ચંદનથી પૂર્વવત્ પૂજે છે તે બધું કહેવું.

દક્ષિણ દ્વાર આવીને પૂર્વવત્ પૂજા કરે છે. યાવત્ પૂર્વ દિશાની નંદાપુષ્કરિણી, બધી સભાને સુધર્માસભાની માફક અર્ચનિકા કહેવી. માત્ર ઉપપાતસભામાં દેવશયનીયની અર્ચનિકા, બાકીની સભામાં સીંહાસનની અર્ચનિકા કહેવી.

દ્રહની, જેમ નંદાપુષ્કરિણી અર્ચનિકા કહી તેમ જાણવું. વ્યવસાયસભામાં પુસ્તકરત્નને મોરપીંછીથી પ્રમાર્જી, દિવ્ય જળધારાથી સીંચી, સરસ ગોશીર્ષ ચંદનથી અનુલિંપે છે અગ્ર પ્રધાન ગંધ અને માલ્યથી અર્ચા કરે છે. કરીને સીંહાસનને મોરપીંછીથી પ્રમાર્જે છે યાવત્ ધૂપ આપે છે. બાકી બધું પૂર્વવત્. દ્રહનું કથન નંદાપુષ્કરિણી માફક કરવું.

ત્યારપછી જ્યાં બલિપીઠ છે, ત્યાં જાય છે, જઈને આભિયોગિક દેવને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી વિજયા રાજધાનીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ-પથ, પ્રાસાદ, પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, તોરણ, વાવડી અને પુષ્કરિણીમાં યાવત્ બિલપંક્તિકામાં, આરામ-ઉદ્યાન-કાનન-વન-વનખંડ અને વનરાજીઓમાં અર્ચનિકા કરો. કરીને મારી આ આજ્ઞા જલ્દીથી મને પાછી સોંપો.

ત્યારે તે આભિયોગિક દેવો, વિજય દેવે આમ કહેતા યાવત્ હૃષ્ટ-તુષ્ટ થઈ વિનયથી આજ્ઞા સ્વીકારીને વિજયા રાજધાનીના શ્રૃંગાટકોમાં યાવત્ અર્ચના કરીને જ્યાં વિજય દેવ છે ત્યાં આવે છે, આવીને આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે વિજયદેવ, તે આભિયોગિક દેવો પાસે આ અર્થને સાંભળી-સમજીને હૃષ્ટ-તુષ્ટ-આનંદિત ચિત્ત થયો યાવત્ હર્ષિત હૃદયી થઈ જ્યાં નંદાપુષ્કરિણી છે ત્યાં આવે છે. આવીને પૂર્વના તોરણથી યાવત્ (પ્રવેશી) હાથ-પગ પ્રક્ષાલે છે. પ્રક્ષાલન કરીને, આચમન કરી - ચોખ્ખા થઈ - પરમ શુચિભૂત થઈ નંદા પુષ્કરિણીથી બહાર નીકળે છે. નીકળીને જ્યાં સુધર્માસભા છે ત્યાં જવાને નીકળે છે.

ત્યારપછી તે વિજયદેવ ૪૦૦૦ સામાનિકો યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો સાથે સર્વઋદ્ધિથી યાવત્ નિર્ઘોષ નાદિતરવ સાથે જ્યાં સુધર્માસભા છે, ત્યાં આવે છે. આવીને સુધર્માસભાના પૂર્વના દ્વારેથી પ્રવેશ કરે છે. કરીને જ્યાં

***મણિપીઠિકા છે, ત્યાં આવે છે. આવીને શ્રેષ્ઠ સીંહાસને પૂર્વાભિમુખ થઈને બેસે છે.***

● **વિવેચન-૧૮૦ :-**

ત્યારપછી તે વિજયદેવ, વ્યંતરદેવો વડે અતિશય મહાન્ ઈન્દ્રાભિષેકથી અભિષિક્ત થઈ સિંહાસનેથી ઉભો થયો. ઉભો થઈને અભિષેકસભાના પૂર્વ દ્વારથી નીકળીને જ્યાં અલંકારસભા છે, ત્યાં જાય છે. જઈને આલંકારિકસભાને પ્રદક્ષિણા કરીને પૂર્વ દ્વારથી પ્રવેશે છે. પ્રવેશીને જ્યાં મણિપીઠિકા છે, તેમાં જ્યાં સીંહાસન છે, ત્યાં જાય છે. જઈને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો. પછી તે વિજયદેવના આભિયોગ્ય દેવો ઘણાં બધાં અલંકાર યોગ્ય ભાંડને લાવ્યા.

ત્યારપછી તે વિજયદેવે પ્રથમ તે અલંકારસભામાં પહેલા પક્ષ્મલ અને સુકુમારપણાથી સુરભિગંધ કષાયદ્રવ્યથી પરિકર્મિત લઘુ શાટિકા વડે શરીરને લુંછ્યું. લુંછીને સરસ ગોશીર્ષ ચંદનથી શરીરને લેપન કર્યુ. લીંપીને દેવ દૂષ્ય યુગલ પહેર્યુ. કેવું દેવદૂષ્ય ? તે કહે છે — નાકના નિઃશ્વાસથી ઉડી જાય તેવું. આના દ્વારા શ્લક્ષ્ણતા કહી. ચક્ષુર્હર-આત્મવશ કહી દે, તેવું વિશિષ્ટ રૂપાતિશયયુક્ત હોવાથી ચક્ષુર્હર. અતિશય વર્ણ અને અતિશય સ્પર્શથી યુક્ત. ઘોડાની લાળથી પણ અતિ પાતળું — અર્થાત્ અતિવિશિષ્ટ મૃદુત્વ-લઘુત્વ ગુણથી યુક્ત.

ધવલ૦ - શ્વેત, આંચલ કે છેડે સોનાના તારથી ખચિત. आकाश स्फटिक - અતિ સ્વચ્છ સ્ફટિક વિશેષ, તેના જેવી પ્રભાવાળું દિવ્ય. દેવ વસ્ત્ર યુગ્મને ધારણ કર્યુ. ધારણ કરીને હાર આદિ અન્ય આભરણોને ધારણ કરે છે. તેમાં हार - અઢાર સરો, अर्द्धहार - નવસરો, એકાવલી - વિચિત્ર મણિકા, મુક્તાવલી - મુક્તાફળમયી, કનકાવલી - કનકમણિમયી, પ્રાલંબ - તપનીય મય વિચિત્ર મણિરત્ન ભક્તિ ચિત્ર, સ્વ પ્રમાણ આભરણ વિશેષ. કટક - કલાચિક આભરણ. ત્રુટિત-બાહુરક્ષિકા, અંગદ-બાહ્ય આભરણ વિશેષ. દશમુદ્રિકાનંતક - હાથની આંગળી સંબંધી દશ વીંટીઓ. કુંડલ-કાનનું આભરણ, ચૂડામણી-ચૂડામણી નામક સકલ પાર્થિકરત્ન સર્વસાર, દેવેન્દ્ર-મનુષ્યેન્દ્રનો ઉર્ધ્વકૃત્ નિવાસ નિઃશેષ અપ્મંગલ-અશાંતિ-રોગ પ્રમુખ દોષનો અપહાર કરનાર પ્રવરલક્ષણયુક્ત, પરમ મંગલભૂત આભરણ વિશેષ. चित्तरयणसंकडं मउड - વિવિધ પ્રકારના જે રત્નો તેના વડે સંકટ અર્થાત્ પ્રભૂતરત્ન નિચયોપેત. दिव्व० દિવ્ય પુષ્પમાળા.

પુષ્પમાળા કેવી ? ग्रन्थिम - ગ્રથન, ગુંથવા વડે તૈયાર થયેલ. જે સૂત્રાદિ વડે ગુંથાય છે, તે ગ્રંથિમ. भरिम - જે ગુંથાયા પછી વેષ્ટન કરાય છે, જેમ ફૂલનો દડો. पूरिम - જે વંશશલાકામય પાંજરામાં પૂરાય છે. सङ्घातिम - જે પરસ્પર નાળ સંઘાત વડે સંઘાત કરાય છે. આવા પ્રકારની ચતુર્વિધ માળા વડે કલ્પવૃક્ષની જેમ પોતાને અલંકૃત્-વિભૂષિત કરે છે, કરીને પરિપૂર્ણ અલંકાર થઈ સિંહાસનેથી ઉભો થયો. અલંકાર સભાથી ઉભો થઈને પૂર્વના દ્વારેથી નીકળીને જ્યાં વ્યવસાયસભા છે, ત્યાં



આવવા નીકળે છે. આવીને સીંહાસને પૂર્વાભિમુખ થઈને બેસે છે.

ત્યારપછી તે વિજયદેવના આભિયોગિકો પુસ્તક રત્નને લાવે છે. પછી તે વિજય દેવપુસ્તકરત્નને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને પુસ્તક રત્નને ખોળામાં મૂકે છે, મૂકીને ઉઘાડે છે. ઉઘાડીને વાંચે છે. તેમાં अनु - પરિપાટીથી, પ્રકર્ષેણ-વિશિષ્ટ અર્થાવગમ રૂપથી વાંચે છે. વાંચીને, ધર્માનુગત વ્યવસાય કરે છે. અર્થાત્ કરવાની અભિલાષા કરે છે. કેમકે વ્યવસાય સભામાં શુભ અધ્યવસાય નિબંધનત્વથી કહ્યું. વળી ક્ષેત્રાદિથી પણ કર્મ ક્ષયોપશમાદિ હેતુત્વથી કહ્યું. - x - x -

ધાર્મિક એવો વ્યવસાય કરીને પછી પુસ્તકરત્નને મૂકે છે. મૂકીને સિંહાસનથી ઉભો થાય છે. ઉભો થઈને વ્યવસાય સભાથી પૂર્વ દ્વારથી નીકળે છે. નીકળીને જ્યાં વ્યવસાયસભામાં જ પૂર્વા નંદાપુષ્કરિણી છે, ત્યાં આવે છે. આવીને નંદાપુષ્કરિણીને પ્રદક્ષિણા કરીને, પૂર્વના તોરણથી પ્રવેશે છે. પ્રવેશીને પૂર્વના ત્રિસોપાન પ્રતિરૂપકથી ઉતરે છે. અર્થાત્ મધ્યમાં પ્રવેશે છે. પછી હાથ અને પગને પ્રક્ષાલે છે. પ્રક્ષાલન કરીને એક મહાન્ શ્વેત રજતમય વિમલ સલિલપૂર્ણ ઉન્મત્ત હાથીના મહામુખાકૃતિ સમાન ભૃંગારને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને જે ત્યાં ઉત્પલ, પદ્મ, કુસુમ, નલિન યાવત્ શતસહસ્ર પત્રો છે, તેને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને નંદા પુષ્કરિણીથી બહાર નીકળે છે.

ત્યારપછી જ્યાં સિદ્ધાયતન છે, ત્યાં જવાનો આરંભ કર્યો. ત્યારપછી વિજય દેવના ૪૦૦૦ સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઘણાં વિજય રાજધાનીમાં વસતા વ્યંતર દેવો અને દેવીઓમાં કેટલાંક હાથમાં ઉત્પલ લઈ, કેટલાંક હાથમાં પદ્મ લઈ, કેટલાંક હાથમાં ઉત્પલ લઈ, કેટલાંક હાથમાં પદ્મ લઈ, કેટલાંક હાથમાં કુમુદ લઈને એ પ્રમાણે નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર કે સહસ્રપત્ર હાથમાં લઈને વિજયદેવની પાછળ-પાછળ અનુક્રમે નીકળે છે.

ત્યારપછી તે વિજયદેવના ઘણાં આભિયોગિક દેવો અને દેવીઓમાં પણ કોઈકોઈ હાથમાં વંદન કળશ લઈ, કેટલાંક હાથમાં ભૃંગાર લઈ, કેટલાંક હાથમાં અરીસો લઈ, એ રીતે થાળો, પાત્રી, સુપ્રતીષ્ઠક, વાતકરક, ચિત્ર, રત્નકરંડક, પુષ્પચંગેરી, યાવત્ લોમહસ્ત ચંગેરી, પુષ્પપટલક યાવત્ લોમહસ્તપટલક, સિંહાસન, છત્ર, ચામર, તૈલ સમુદ્ગક યાવત્ અંજન સમુદ્ગક, ધૂપ કડછા ક્રમથી હાથમાં લઈ વિજય દેવની પાછળ જાય છે.

ત્યારપછી તે વિજયદેવ ૪૦૦૦ સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્ય-અધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ વિજય રાજધાની વાસ્તવ્યા વ્યંતર દેવો-દેવીઓ સાથે પરીવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ નિર્ઘોષ નાદિત રવ સહિત નીકળે છે. અહીં યાવત્ શબ્દ થકી પરિપૂર્ણ પાઠ કહેવો — સર્વ દ્યુતિથી, સર્વ બળથી, સર્વ સમુદયથી, સર્વ વિભૂતિથી, સર્વ સંભ્રમથી, સર્વ

પુષ્પ-ગંધ-માલા-અલંકારથી, સર્વ ત્રુટિત શબ્દ નિનાદથી, મહા ઋદ્ધિ, મહા ધુતિ, મહાબલ, મહા સમુદય, મહા શ્રેષ્ઠ ત્રુટિત યુગપત્ પટુ પ્રવાદિત અવાજથી – શંખ, પ્રણવ, પટહ, ભેરી, ઝલ્લરી, ખરમુખી, હુડુક્ક, દુંદુભી, નિર્ઘોષ નાદિત રવથી. વ્યાખ્યા પૂર્વવત્.

જયાં સિદ્ધાયતન છે, ત્યાં જાય છે. જઈને સિદ્ધાયતનને પ્રદક્ષિણા કરીને પૂર્વ દ્વારથી પ્રવેશે છે. પ્રવેશીને જિનપ્રતિમાને જોતાંની સાથે જ પ્રણામ કરે છે. કરીને જયાં મણિપીઠિકામાં જયાં દેવછંદક છે, ત્યાં જિન પ્રતિમા છે, ત્યાં જાય છે. જઈને મોરપીંછી ફેરવે છે, ફેરવીને જિન પ્રતિમાને પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારા વડે સ્નાન કરાવે છે. સ્નાન કરાવીને સરસ આર્દ્ર ગોશીર્ષ ચંદનથી શરીરને લીંપે છે. લીંપીને અપરિમલિત દિવ્ય દેવદૂષ્ય યુગલ પહેરાવે છે. પહેરાવીને અપરિભુક્ત પ્રધાન ગંધ અને માળા વડે અર્ચા કરે છે.

આ જ વાતને વિસ્તારપૂર્વક જણાવે છે – પુષ્પારોપણ, માલ્યારોપણ, વર્ણકારોપણ, ચૂર્ણારોપણ, ગંધારોપણ, આભરણ-આરોપણ કરે છે. કરીને તે જિનપ્રતિમાની આગળ સ્વચ્છ, મસૃણ, રજતમય, સ્વચ્છરસ, નિકટ વસ્તુ પ્રતિબિંબ આધારરૂપ એવા અતિ નિર્મળ, તેવા તંદુલ. તેના વડે આઠ-આઠ સ્વસ્તિકાદિ મંગલોનું આલેખન કરે છે. - x -

कयग्गाहगहिय - મૈથુનના પ્રથમ આરંભમાં મુખ ચુંબનાદિ અર્થે યુવતીના વાળને પાંચ આંગળી વડે ગ્રહણ કરવા તે કચગ્રાહ. તે કચગ્રાહથી ગ્રહણ કરેલ, કરતલથી છોડેલ તે કરતલપ્રભ્રષ્ટ વિમુક્ત. તેમ પંચવર્ણી કુસુમ સમૂહથી પુષ્પના પુંજની જેમ ઉપચાર – પૂજા, તેના વડે યુક્ત કરે છે.

– કરીને ચંદ્રપ્રભ, વજ, વૈડૂર્ય વિમલ દંડ જેનો છે તે તથા તે કાંચન, મણિરત્ન ભક્તિ ચિત્ર, કાલાગરુ-પ્રવર કુંદુરુષ્ક - તુરુષ્ક ધૂપથી ગંધોત્તમથી અનુવિદ્ધ, તે ધૂપવર્તીને છોડતી, વૈડૂર્યમય ધૂપકડછાંને ગ્રહણ કરીને, જિનેશ્વરને ધૂપ દઈને. પછી સાત-આઠ ડગલાં પાછળ જઈને, દશ આંગળી વડે મસ્તકે અંજલિ કરીને વિશુદ્ધ-નિર્મળ, લક્ષણ દોષ રહિત. જે ગ્રંથ - શબ્દ સંદર્ભ, તેના વડે યુક્ત, ૧૦૮ સંખ્યામાં, તે અર્થ વડે યુક્ત, અપુનરુક્ત, મહાવૃત્ત, તથાવિધ દેવ લબ્ધિના પ્રભાવથી સ્તુતિ કરે છે.

સ્તુતિ કરીને ડાબો ઘુંટણ ઉંચો કરે છે. જમણો ઘુંટણ ધરણિતલે લગાડે છે. ત્રણ વખત મસ્તક ધરણિતલે નમાવે છે, નમાવીને, કંઈક મસ્તક ઉંચુ કરે છે. કરીને કટક અને ત્રુટિત વડે સ્તંભિત ભુજાને સંકોચે છે. સંહરીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને કહ્યું –

નમસ્કાર થાઓ. દેવાદિ વડે અતિશય પૂજાને યોગ્ય હોવાથી અરહંત, તેમને. તે અરહંત નામાદિ રૂપે પણ હોય, તેથી ભાવ અર્હત્‌ને જણાવવા માટે કહે છે – ભગવંતને અર્થાત્ भग - સમગ્ર ઐશ્વર્યાદિ લક્ષણ, તે જેને છે, તે ભગવંત आदि -



ધર્મની પ્રથમ પ્રવૃત્તિને કરવાના સ્વભાવવાળા તે આદિકર.

(તથા) तीर्थ, તેને કરવાના સ્વભાવવાળા તે તીર્થકર, स्वयं - બીજા ઉપદેશ વિના સમ્યક્ વર બોધિ પ્રાપ્ત, बुद्ध - મિથ્યાત્વ, નિદ્રા જતાં સંબોધ પામેલ. તે સ્વયં સંબુદ્ધ, પુરુષોમાં ઉત્તમ તે પુરુષોત્તમ ભગવંત જ સંસારમાં વસતા સદા પરાર્થ વ્યસની, સ્વાર્થને ઉપસર્જન કરેલ, અદીન ભાવથી ઉચિત ક્રિયા કરનાર, કૃતજ્ઞતા અને આતપ વડે અનુપહત ચિત્તવાળા, દેવગુરુ બહુમાની થાય છે માટે પુરુષોત્તમ.

પુરુષ, સિંહ જેવા. કર્મરૂપી હાથી પ્રત્યે સિંહ સમાન. પુરુષ - શ્રેષ્ઠ પુંડરીકવત્. સંસારજલના અસંગાદિથી ધર્મકલાપ વડે પુરુષવરપુંડરીક. પુરુષ-શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન, પરચક્ર-દુર્ભિક્ષ-મારી આદિ ક્ષુદ્ર ગજને દૂર કરે છે માટે - તથા -

લોક-ભવ્ય સત્ત્વલોક, તેને સકલ કલ્યાણ એક નિબંધનપણાથી ભવ્યત્વ ભાવથી ઉત્તમ તે લોકોત્તમ. લોકભવ્યલોકના નાથ-યોગક્ષેમકૃત્ તે લોકનાથ. તેમાં योग - બીજાધાન ઉદ્‌ભેદ પોષણકરણ. क्षेम - તેના ઉપદ્રવના અભાવને પામવો. લોક-પ્રાણિલોક કે પંચાસ્તિકાયાત્મક, હિતોપદેશથી સમ્યક્ પ્રરૂપણાથી કે હીત તે લોકહિત. લોક-દેશના યોગ્ય વિશિષ્ટ પ્રદીપ-દેશના કિરણ વડે યથાવસ્થિત વસ્તુ પ્રકાશક, તે લોકપ્રદીપ. લોક-ઉત્કૃષ્ટ મતિ ભવ્ય સત્વ લોકનો પ્રદ્યોત-પ્રદ્યોતકત્વ-વિશિષ્ટ જ્ઞાન શક્તિ, તેને કરવાના સ્વભાવવાળા તે લોકપ્રદ્યોતકર. - x - ભગવંતના પ્રસાદથી તત્ક્ષણ જ ભગવંત ગણધરને વિશિષ્ટ જ્ઞાન સંપત્ સમન્વિત કરે છે, જેના લીધે દ્વાદશાંગીની રચના થાય છે.

अभय - વિશિષ્ટ આત્માનું સ્વાસ્થ્ય, નિઃશ્રેયસ ધર્મભૂમિકા નિબંધનરૂપ, પરમ ધૃતિ. તે અભયને આપે તે અભયદા. આ રીતે બધે જાણવું. તથા चक्षु - વિશિષ્ટ ગુણ સ્થાનને પ્રાપ્ત કરાવનાર ગુણ, સ્વરસવાહી ક્ષયોપશમ વિશેષને આપે તે માર્ગદા. शरण - સંસાર કાંતારગત, અતિપ્રબળ રાગ-આદિથી પીડિતોને સમ આશ્વાસન સ્થાનરૂપ-તત્ત્વ ચિંતારૂપ અધ્યવસાન, તેને દેનાર તે શરણદા.

बोधि - જિનપ્રણિત ધર્મપ્રાપ્તિ, તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ સમ્યગ્દર્શનરૂપ આપે છે તે બોધિદા તથા ધર્મ - ચારિત્રરૂપ આપે તે ધર્મદા. કઈ રીતે ? તે કહે છે –

ધર્મ દેશના દેવાથી ધર્મદેશક, ધર્મના નાયક - સ્વામી તેના વશીકરણ અને તેના ફળના પરિભોગથી. ધર્મના સારથી જેવા, સમ્યક્ પ્રવર્તન યોગથી. ધર્મ જ वर - પ્રધાન, ચતુરંતના હેતુથી ચતુરંત, ચક્રની જેમ તે ચતુરંતચક્ર, તેના વડે વર્તવાના સ્વભાવવાળા, તે ધર્મવર ચતુરંત ચક્રવર્તી તથા અપ્રતિહત-અપ્રતિસ્ખલિત કેમકે ક્ષાયિક છે. वर - પ્રધાન, જ્ઞાન-દર્શનને ધારણ કરે છે તેથી અપ્રતિહતવરજ્ઞાનદર્શનધર. छादयति - આવરે છે. છદ્મ-ઘાતિ કર્મ ચતુષ્ટ્ય, વ્યાવૃત્ત - ચાલ્યું ગયેલ છે જેમાંથી તે વ્યાવૃત્તછદ્મા.

તથા રાગ-દ્વેષ-કષાય-ઈન્દ્રિય-ઉપસર્ગ-પરીષહ રૂપ ઘાતિકર્મ શત્રુને જિતનારને જિન, બીજાને જીતાડે છે માટે જાપક. તે જિન અને જાપકને. ભવ સમુદ્રને સ્વયં

તરેલા અને અન્યોને પણ તારનારા છે માટે તીર્ણ-નારક, કેવલ દશા અવગત તત્ત્વથી બુદ્ધ-બોધ પામેલ અને બીજાને બોધ કરાવે છે તેથી બોધક. મુક્ત - કૃતકૃત્ય અર્થાત્ નિષ્ઠિતાર્થા. બીજાને પણ મુકાવે છે માટે મોચક. સર્વજ્ઞ અને સર્વદર્શીને.

શિવ - સર્વોપદ્રવરહિતત્વથી. अचल - સ્વાભાવિક, પ્રાયોગિક ચલનક્રિયા રહિતત્વથી. अरुज - શરીર, મનના અભાવથી આધિ-વ્યાધિના સંભવથી. अनंत - કેવળ આત્માના અનંતત્વથી. अक्षय - વિનાશના કારણના અભાવથી અવ્યાબાધ - કોઈ વડે વિબાધા કરવાને અશક્યત્વથી. જેમાં પુનઃ આવવાનું નથી તે અપુનરાવૃત્તિ. सिद्धयन्ति - નિષ્ઠિતાર્થ જેમાં થાય છે તે. सिद्धि - લોકાંત ક્ષેત્રલક્ષણ, તે જ ગમ્ય હોવાથી ગતિ. તે સિદ્ધિગતિ. - x - સ્થાન-વ્યવહારથી સિદ્ધક્ષેત્ર, નિશ્ચયથી યથાવસ્થિત સ્વ સ્વરૂપ. - x - x -

આ પ્રમાણે પ્રણિપાત દંડક બોલીને વંદે છે — ચૈત્યવંદન વિધિથી પ્રતિમાને વાંદે તે પ્રસિદ્ધ છે. નમસ્કાર-પછી પ્રણિધાનાદિ યોગથી અથવા વિરતિવાળાને જ. - x - અથવા વંદન-સામાન્યથી, નમસ્કાર-આશય વૃદ્ધનું ઉત્થાન. અહીં તત્વ તો ભગવંત પરમઋષિ કેવલી જ કહી શકે. વાંદી-નમીને સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગમાં જાય છે, ત્યાં દિવ્ય જળધારા વડે અભિમુખ સિંચે છે. સીંચીને સરસ ગોશીર્ષ ચંદનથી પાંચ અંગુલિ તલ દઈને, પંચવર્ણી પુષ્પો વડે પુષ્પપુંજોપચાર યુક્ત કરે છે, કરીને ધૂપ આપે છે.

ત્યારપછી જ્યાં દક્ષિણનું દ્વાર છે, ત્યાં જાય છે. જઈને મોરપીંછી લઈને તેનાથી દ્વારશાખા, શાલભંજિકા, વ્યાલ રૂપકને પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. ગોશીર્ષ ચંદનથી ચર્ચે છે. પુષ્પાદિ આરોપે છે, ધૂપદાન કરે છે.

પછી દક્ષિણ દ્વારથી નીકળીને જ્યાં દક્ષિણ દિશાનો મુખમંડપ છે, ત્યાં બહુમધ્યદેશ ભાગે આવે છે. આવીને મોરપીંછી વડે પ્રમાર્જે છે. પછી બહુ મધ્યદેશ ભાગને મોરપીંછીથી પ્રમાર્જે છે. પછી દિવ્ય જળધારા વડે સીંચે છે, સરસ ગોશીર્ષ ચંદન વડે પંચાંગુલિતલથી મંડલ આલેખે છે. કચગ્રાહવત્ પંચવર્ણી પુષ્પોનો ઉપચાર કરે છે. કરીને ધૂપ દે છે.

પછી દક્ષિણના મુખમંડપના પશ્ચિમ દ્વારે જાય છે. જઈને મોરપીંછીથી પ્રમાર્જે છે. મોરપીંછીથી દ્વારશાખ, શાલભંજિકા, વ્યાલરૂપને પ્રમાર્જે છે. જળધારા વડે સીંચે છે ઈત્યાદિ - x -

પછી દક્ષિણના મુખમંડપના ઉત્તર દ્વારે જાય છે જઈને પૂર્વવત્ દ્વારાર્ચનિકા કરે છે. કરીને દક્ષિણના મુખમંડપના પૂર્વ દ્વારે જાય છે. જઈને પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને દક્ષિણના મુખમંડપના દક્ષિણ દ્વારે જઈને પૂર્વવત્ પૂજા કરીને તે દ્વારેથી નીકળીને દક્ષિણના પ્રેક્ષાગૃહમંડપમાં જ્યાં દક્ષિણના પ્રેક્ષામંડપનો બહુમધ્ય દેશ ભાગ છે, જ્યાં વજ્રમય અક્ષપાટક છે અને જ્યાં મણિપીઠિકા છે, જ્યાં સિંહાસન છે ત્યાં આવે છે. આવીને મોરપીંછી વડે પ્રમાર્જે છે. પછી અક્ષપાટકાદિ પ્રમાર્જે છે પ્રમાર્જીને



જળધારા વડે સીંચીને ચંદન ચર્ચા, પુષ્પપૂજા અને ધૂપદાન કરે છે.

ત્યારપછી દક્ષિણના પ્રેક્ષાગૃહમંડપના ઉત્તર દ્વારે આવે છે, આવીને પૂર્વવત્ દ્વાર અર્ચનિકા કરે છે. કરીને જ્યાં દક્ષિણના પ્રેક્ષાગૃહમંડપનું પૂર્વ દ્વાર છે, ત્યાં આવે છે. આવીને પૂર્વદ્વારની અર્ચનિકા કરે છે. કરીને જ્યાં દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપનુ દક્ષિણનું દ્વાર છે, ત્યાં જાય છે. જઈને ત્યાં પૂજા કરે છે.

પછી જ્યાં દક્ષિણ દિશાનો ચૈત્યસ્તંભ છે ત્યાં જાય છે જઈને સ્તૂપ અને મણિપીઠિકાને મોરપીંછી વડે પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચા કરે છે. પુષ્પાદિ આરોહણ કરે છે, ધૂપદાનાદિ કરે છે.

ત્યારપછી જ્યાં પાશ્ચાત્ય મણિપીઠિકા છે, જ્યાં પશ્ચિમ દિશાની જિનપ્રતિમા છે, ત્યાં આવે છે. આવીને જિનપ્રતિમા જોતાં જ પ્રણામ કરે છે ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ નમસ્કાર કરીને જ્યાં ઉત્તરની જિનપ્રતિમા છે, ત્યાં આવે છે. આવીને ત્યાં પણ યાવત્ નમસ્કાર કરીને, જ્યાં પૂર્વની જિનપ્રતિમા છે, ત્યાં આવે છે આવીને પૂર્વવત્ યાવત્ નમસ્કાર કરીને જ્યાં દક્ષિણની જિનપ્રતિમા છે, ત્યાં પૂર્વવત્ બધું જ તે પ્રમાણે કરવું યાવત્ નમસ્કાર કરીને દક્ષિણના ચૈત્યવૃક્ષે જાય છે.

ચૈત્યવૃક્ષે જઈને પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને જ્યાં મહેન્દ્રધ્વજ છે, ત્યાં જાય છે. જઈને પૂર્વવત્ અર્નિકા કરીને જ્યાં દક્ષિણની નંદા પુષ્કરિણી છે, ત્યાં જાય છે, જઈને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને તોરણ, ત્રિસોપાન પ્રતિરૂપક, શાલભંજિકા, વ્યાલરૂપકને પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. સીંચીને સરસ ગોશીર્ષ ચંદનથી અર્ચે છે ઈત્યાદિ પૂર્વવત્.

ત્યારપછી સિદ્ધાયતનની અનુપ્રદક્ષિણા કરીને જ્યાં ઉત્તર નંદાપુષ્કરિણી છે, ત્યાં આવે છે. આવીને બધું પૂર્વવત્ કરે છે. કરીને ઉત્તરના માહેન્દ્રધ્વજે પછી ચૈત્યવૃક્ષ, પછી ચૈત્યસ્તૂપ, પછી પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ જિનપ્રતિમાની પૂર્વવત્ બધી વક્તવ્યતા કહેવી. પછી ઉત્તરીય પ્રેક્ષાગૃહમંડળે આવે છે. ત્યાં દક્ષિણના પ્રેક્ષાગૃહ-મંડપવત્ સર્વ વક્તવ્યતા કહેવી.

પછી ઉત્તર દ્વારેથી નીકળીને ઉત્તરના મુખમંડપે આવે છે. ત્યાં પણ દક્ષિણના મુખમંડપવત્ બધું કરીને ઉત્તર દ્વારેથી નીકળીને સિદ્ધાયતનના પૂર્વદ્વારે જાય છે. ત્યાં પૂર્વવત્ પૂજા કરી. પૂર્વના મુખમંડપના દક્ષિણાદિ ત્રણે દ્વારે ક્રમથી પૂજા કરી પૂર્વ દ્વારથી નીકળી, પૂર્વપ્રેક્ષા મંડપમાં જઈને પૂર્વવત્ પૂજા કરે છે. પછી પૂર્વ પ્રકારથી ક્રમથી ચૈત્યસ્તૂપ, જિનપ્રતિમા, ચૈત્યવૃક્ષ, મહેન્દ્ર ધ્વજ, નંદા પુષ્કરિણીની પૂજા કરી પછી સુધર્માસભામાં પૂર્વદ્વારેથી પ્રવેશે છે.

ત્યાં મણિપીઠિકાએ જાય છે, જઈને જિનઅસ્થિ જોઈને પ્રણામ કરે છે. પછી માણવક ચૈત્ય સ્તંભમાં વજ્રમય ગોળ-વૃત્ત-સમુદ્ગક પાસે આવીને સમુદ્ગકો ગ્રહણ કરીને, ઉઘાડીને મોરપીંછીથી પ્રમાર્જે છે. પછી જળધારાથી સીંચે છે, સીંચીને ગોશીર્ષ ચંદનથી લીંપે છે. પછી પ્રધાન ગંધ-માળાથી અર્ચા કરી ધૂપ પ્રગટાવે છે. પછી ફરી

પણ વજ્રમય ગોળ-વૃત્ત સમુદ્ગકમાં અસ્થિને મૂકે છે. મૂકીને તે સમુદ્ગકને સ્વસ્થાને મૂકે છે. પછી તેમાં પુષ્પ-ગંધ-માળા-વસ્ત્ર-આભરણ આરોપે છે.

પછી મોરપીંછીથી માણવક ચૈત્ય સ્તંભને પ્રમાર્જી, ઉદકધારાથી સીંચી, ચંદનથી ચર્ચી, પુષ્પાદિ આરોપી, ધૂપદાન કરે છે. કરીને સિંહાસનપ્રદેશે આવીને સિંહાસનને મોરપીંછીથી પ્રમાર્જનાદિરૂપ પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને જ્યાં મણિપીઠિકા છે, દેવશયનીય છે, ત્યાં આવીને મણિપીઠિકાદિની પૂજા કરે છે.

પછી ઉક્ત પ્રકારેજ ક્ષુલ્લક ઈન્દ્રધ્વજની પૂજા કરે છે. કરીને જેમાં ચોપ્પાલક નામે પ્રહરણ કોશ છે, ત્યાં આવીને મોર-પીંછી વડે પરિઘરત્ન આદિ પ્રહરણ રત્નોને પ્રમાર્જે છે. જળધારા વડે સીંચે છે, ચંદન ચર્ચા-પુષ્પાદિ આરોહણ-ધૂપદાન કરે છે. કરીને સુધર્માસભાના બહુ મધ્ય દેશ ભાગે પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને સુધર્માસભાના દક્ષિણ દ્વારે પૂર્વવત્ પૂજા કરે છે.

અહીંથી આગળ જેમ સિદ્ધાયતનથી નીકળી દક્ષિણ દ્વારથી દક્ષિણ નંદા પુષ્કરિણી સુધી ફરી ઉત્તર નંદા પુષ્કરિણી આદિમાં - x - x - ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. - x - x - x -

પછી પૂર્વ નંદા પુષ્કરિણીથી નીકળીને દ્રહ પાસે આવી પૂર્વવત્ તોરણ અર્ચનિકા કરે છે. કરીને પૂર્વદ્વારેથી અભિષેક સભામાં પ્રવેશે છે. પછી મણિપીઠિકાના સિંહાસનની-અભિષેક ભાંડની - બહુમધ્યદેશ ભાગની પૂર્વવત્ અર્ચનિકા કરે છે. ત્યારપછી અહીં પણ સિદ્ધાયતનવત્ દક્ષિણ દ્વારાદિથી પૂર્વ નંદા પુષ્કરિણી સુધીની અર્ચનિકા કહેવી.

પછી પૂર્વ નંદા પુષ્કરિણીથી પૂર્વદ્વારથી વ્યવસાય સભામાં પ્રવેશીને પુસ્તકરત્નને મોરપીંછીથી પ્રમાર્જી, જળધારા વડે સીંચીને, ચંદનથી ચર્ચીને, વરગંધમાળાથી અર્ચા કરીને પુષ્પાદિ આરોપણ અને ધૂપદાન કરે છે. પછી મણિપીઠિકાના સિંહાસનના બહુમધ્ય દેશ ભાગની અર્ચા કરે છે. પછી સિદ્ધાયતનવત્ દક્ષિણ દ્વારાદિથી પૂર્વ નંદા પુષ્કરિણી સુધીની અર્ચા કહેવી.

પછી પૂર્વ નંદા પુષ્કરિણીથી બલિપીઠે આવીને તેના બહુમધ્ય દેશ ભાગમાં પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને ઉત્તરપૂર્વની નંદાપુષ્કરિણીમાં આવીને તેના તોરણોમાં પૂર્વવત્ અર્ચનિકા કરીને આભિયોગિક દેવોને બોલાવે છે. બોલાવીને કહ્યું - x - x - તેમાં વિશેષ આ — શ્રૃંગાટક - ત્રિકોણ સ્થાન, ત્રિક - જ્યાં ત્રણ શેરીઓ મળે છે. ચતુષ્ક-ચાર પથયુક્ત, ચત્વર - ઘણાં માર્ગો ભેગા થતાં હોય તે સ્થાન. ચતુર્મુખ - જ્યાં ચારે દિશામાં માર્ગ નીકળતા હોય. મહાપથ-રાજપથ, બાકીના સામાન્ય પથ. અટ્ટાલક-પ્રાકાર ઉપરની ભૃત્યાશ્રય વિશેષ. ચરિકા-આઠ હાથ પ્રમાણનો નગર-પ્રાકારનો અંતરાલમાર્ગ. દ્વાર-પ્રાસાદાદિના દરવાજા. ગોપુરપ્રાકાર દ્વાર. તોરણ-દ્વારાદિ સંબંધી. આરામ - દંપતિ જે માધવી-લતાગૃહાદિમાં આવીને રમણ કરે છે તે. ઉદ્યાન આદિ પૂર્વવત્.

ત્યારપછી તે વિજયદેવ બલિપીઠનું બલિ વિસર્જન કરે છે. કરીને જ્યાં ઉત્તર



નંદા પુષ્કરિણીએ આવે છે. આવીને તેની પ્રદક્ષિણા કરતો પૂર્વ તોરણથી અનુપ્રવેશે છે. પ્રવેશીને પૂર્વ ત્રિસોપાન પ્રતિરૂપકથી ઉતરે છે. ઉતરીને હાથ-પગને પ્રક્ષાલે છે. પ્રક્ષાલન કરીને નંદા પુષ્કરિણીથી પાછા ફરે છે. પછી ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષી આદિ - x - x - સાથે પરિવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ દુંદુભિ નિર્ઘોષ નાદિત રવથી વિજયા રાજધાનીની વચ્ચોવચ્ચથી જ્યાં સુધર્માસભા છે, ત્યાં આવે છે આવીને સુધર્માસભામાં પૂર્વ દ્વારથી પ્રવેશે છે. પ્રવેશીને જ્યાં મણિપીઠિકા છે, ત્યાં સિંહાસને આવીને પૂર્વાભિમુખ બેઠો.

**● સૂત્ર-૧૮૧ :-**

***ત્યારે તે વિજયદેવના ૪૦૦૦ સામાનિક દેવો પશ્ચિમોત્તર - ઉત્તર અને ઉત્તરપૂર્વમાં પહેલાથી રખાયેલા ૪૦૦૦ ભદ્રાસનો ઉપર બેઠા. ત્યારપછી તે વિજયદેવની ચાર અગ્રમહિષી પૂર્વ દિશામાં પહેલાથી રાખેલા ચાર ભદ્રાસનો ઉપર બેઠી. ત્યારપછી તે વિજયદેવની દક્ષિણ પૂર્વમાં અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો યાવત્ બેઠા. એ પ્રમાણે દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવો યાવત્ બેઠા દક્ષિણ-પશ્ચિમમાં બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવો યાવત્ બેઠા.***

***ત્યારપછી તે વિજયદેવની પશ્ચિમે સાત સેનાધિપતિ યાવત્ બેઠા. ત્યારપચી તે વિજયદેવની પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો પ્રત્યેકે પ્રત્યેક પૂર્વે મુકેલા ભદ્રાસનો ઉપર બેઠા, તે આ પ્રમાણે — પૂર્વમાં ૪૦૦૦ યાવત્ ઉત્તરમાં ૪૦૦૦. તે આત્મરક્ષક દેવો સન્નદ્ધ બદ્ધ વર્મિત કવચવાળા, ઉત્પીડિત શરાસનપટ્ટિકા, પિનદ્ધ ગ્રૈવેયક વિમલવરચિંધપટ્ટ, ગ્રહિત આયુધ-પ્રહરણા, ત્રણ સ્થાને નમેલ, ત્રણ સંધિયુક્ત, વજ્રમય કોટિવાળા ધનુષ્યને લીધેલા અને તેના તૂણીરોમાં વિવિધ પ્રકારે બાણો છે.***

***નીલપાણી, પીતપાણી, રક્તપાણી, ચાપપાણી, ચારુપાણી, ચર્મપાણી, ખડ્ગપાણી, દંડપાણી, પાસપાણી, નીલ-પીત-રક્ત-ચાપ-ચારુ-ચર્મ-ખડ્ગ-દંડ-પાસને ધારણ કરેલા આત્મરક્ષક, રક્ષોપક, ગુપ્ત-ગુપ્ત પાલિત, યુક્ત-યુક્ત પાલિત દરેકે દરેક સમયથી-વિનયથી કિંકરરૂપ એવા થઈને ઉભા છે.***

***ભગવન્ ! વિજયદેવની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! એક પલ્યોપમ સ્થિતિ કહી છે.***

***ભગવન્ ! વિજયદેવના સામાનિક દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? એક પલ્યોપમ સ્થિતિ કહી છે.***

***એ પ્રમાણે આવી મહાઋદ્ધિ - મહાદ્યુતિ - મહાબલ - મહાયશ - મહાસુખ - મહાનુભાગ યુક્ત વિજયદેવ છે.***

**● વિવેચન-૧૮૧ :-**

ત્યારે તે વિજયદેવની વાયવ્ય-ઉત્તર અને ઈશાન દિશામાં ૪૦૦૦ સામાનિક દેવો ૪૦૦૦ ભદ્રાસનોમાં બેસે છે. પછી વિજયદેવની પૂર્વ દિશામાં ચાર અગ્રમહિષી

ચાર ભદ્રાસનોમાં બેઠી. પછી વિજયદેવની નૈઋત્યમાં અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો ૮૦૦૦ ભદ્રાસનોમાં બેઠા, [ઈત્યાદિ બધું સૂત્રાર્થમાં આવી ગયેલ હોવાથી અહીં વૃત્તિના અનુવાદમાં પુનરુક્તિ કરી નથી.]

આત્મરક્ષક દેવો કેવા છે ? સન્નદ્ધબદ્ધ વર્મિત કવચા - અહીં कवच - તનુત્રાણ, બખ્તર. वर्म - લોહમય કુતૂલિકાદિ રૂપ, તેમાં સંજાત તે વર્મિત. सन्नद्ध - શરીરે આરોપણ કરવાથી. बद्ध - ગાઢતર બંધનથી બાંધવાથી. ઉપ્પીલિયસરાસણપટ્ટિયા- તેમાં उत्पीडिता - ગાઢીકૃત, शर - બાણ, જેમાં રખાય તે શરાસન - ઇષુધિ. તેની પટ્ટિકા. પિણદ્ધગેવેજ્જવિમલવરચિંધપટ્ટા-તેમાં ग्रैवेय - ગ્રીવાનું આભરણ. વિમલ શ્રેષ્ઠ ચિહ્નપટ્ટ વડે તે. ગહિયાઉહપહરણ - તેમાં - आउह - જેના વડે યુદ્ધ કરાય છે તે આયુધ-ખેટક આદિ. प्रहरण - અસિકુંતાદિ. જેના વડે આયુધ અને પ્રહરણ ગ્રહણ કરાયેલ છે તે त्रिनत - આદિ-મધ્ય-અંતે નમેલ. त्रिसंधि - આદિ-મધ્ય-અંતે સંધિના ભાવથી. વજ્રમય કોટિ ધનૂષ્ ગ્રહણ કરીને. પરિયાઇયકંડકલાવા - વિચિત્ર કાંડ કલાપના યોગથી પર્યાત્ત કાંડકલાપ.

કોઈક નીલપાણય - નીલ કાંડ કલાપ, બે હાથમાં જેને છે તે નીલપાણી. આ પ્રમાણે પીતપાણી અને રક્તપાણી પણ જાણવું. જેના હાથમાં चाप - ધનુષ્ છે તે ચાપપાણી. चारु - પ્રહરણ વિશેષ, તે જેના હાથમાં છે તે. એ રીતે ચર્મપાણી - x - દંડપાણી ઈત્યાદિ - x - x - જાણવું.

રક્ષોપગ - એક ચિતપણે તત્પરાયણ રહે તે. गुप्त - સ્વામી ભેદ ન કરે તે. गुप्ता - બીજાથી અપ્રવેશ્ય. पालि - સેતુ. युक्त - સેવકના ગુણથી યુક્ત. युक्ता - પરસ્પર બદ્ધ પણ બૃહત્ અંતરાલ પાલિ જેમાં નથી તે युक्तपालिका સમય-આચાર. કિંકરભૂત-તેઓ ખરેખર કિંકર નથી, પણ તેના જેવા છે. તેમને પણ જુદુ આસન આપવાથી માન્ય કર્યા છે. તેઓ માત્ર નિજાચાર પરિપાલનથી અને વિનીતપણાથી તથાભૂતવત્ રહે છે.

**મુનિ દીપરત્નસાગરે સટીક અનુવાદ કરેલ**
**પ્રતિપત્તિ-૩-અંતર્ગત્ વિજયદેવાધિકાર પૂર્ણ**



## ❁ વૈજયંત આદિ અન્ય દ્વારો ❁

-- x -- x -- x -- x --

વિજયદ્વારની વક્તવ્યતા કહી. હવે વૈજયંત દ્વાર કહે છે –

● **સૂત્ર-૧૮૨,૧૮૩ :-**

*[૧૮૨] ભગવન્ ! જંબૂદ્વીપનું વૈજયંત નામે દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે ૪૫,૦૦૦ યોજન અબાધાએ ગયા પછી જંબૂદ્વીપ-દ્વીપની દક્ષિણ દિશાને અંતે અને લવણસમુદ્રના દક્ષિણાર્દ્ધની ઉત્તરમાં આ જંબૂદ્વીપ દ્વીપનું વૈજયંત નામક દ્વાર કહેલ છે. તે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે ઈત્યાદિ બધી વક્તવ્યતા વિજય દ્વારવત્ યાવત્ “તે નિત્ય છે” ત્યાં સુધી કહેવી.*

*ભગવન્ ! રાજધાની ક્યાં કહી છે ? દક્ષિણ દિશામાં છે. યાવત્ વૈજયંત નામક મહર્દ્ધિક દેવ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપનું જયંત નામક દ્વાર ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પશ્ચિમે ૪૫,૦૦૦ યોજન જંબૂદ્વીપના પશ્ચિમાંતે અને લવણ સમુદ્રના પશ્ચિમાર્દ્ધની પૂર્વમાં સીતોદા મહાનદીની ઉપર આ જંબૂદ્વીપનું જયંત નામક દ્વાર કહેલ છે. પ્રમાણાદિ પૂર્વવત્ કહેવું. પશ્ચિમમાં તે રાજધાની છે ત્યાં જયંત નામે મહર્દ્ધિક દેવ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપનું અપરાજિત નામક દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુની ઉત્તરે અબાધાથી ૪૫,૦૦૦ યોજન, જંબૂદ્વીપ દ્વીપના ઉત્તરાંતે અને લવણ સમુદ્રની ઉત્તરાર્દ્ધની દક્ષિણે આ જંબૂદ્વીપ દ્વીપનું અપરાજિત નામક દ્વાર કહેલ છે. પ્રમાણાદિ પૂર્વવત્. રાજધાની ઉત્તરમાં યાવત્ અપરાજિત દેવ છે. ચારે રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં છે.*

*[૧૮૩] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અબાધાએ કેટલું અંતર કહેલ છે ? ગૌતમ ! ૭૯,૦૫૨ યોજન અને દેશોન અર્દ્ધ યોજન અંતર છે.*

● **વિવેચન-૧૮૨,૧૮૩ :-**

कहि णं भंते० ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ આ - વૈજયંત દ્વારથી દક્ષિણથી તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર જતા-તેમ કહેવું. એ પ્રમાણે જયંત, અપરાજિત દ્વાર વક્તવ્યતા પણ કહેવી. વિશેષ એ કે – જયંત દ્વારની પશ્ચિમ દિશામાં, અપરાજિત દ્વારની ઉત્તરથી તિર્છા અસંખ્યાત દ્વીપ સમુદ્ર ગયા પછી - તેમ કહેવું.

હવે વિજયાદિ દ્વારોનું પરસ્પર અંતર બતાવે છે –

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ સંબંધી એક દ્વારનું બીજા દ્વારથી અંતર કેટલાં પ્રમાણમાં પ્રતિઘાત રહિતપણે કહેલ છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! ૭૯,૦૫૨ યોજન અને દેશોન અર્દ્ધ યોજન એક દ્વારથી બીજા દ્વારનું અબાધાએ અંતર કહેલ છે.

તેથી કહે છે –

પ્રત્યેક દ્વારની શાખારૂપ ભીંત એક એક કોસ મોટી છે અને પ્રત્યેક દ્વારનો વિસ્તાર ચાર-ચાર યોજન છે. આ રીતે ચારે દ્વારોમાં કુડ્ય અને દ્વાર પ્રમાણ ૧૮ યોજનનું થાય છે.

જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, ૩-કોશ, ૧૦૮ ધનુષ્ અને ૧૩ા અંગુલથી કંઈક અધિક છે. તેમાં ચારે દ્વારો અને શાખા દ્વારોના ૧૮ યોજન પ્રમાણ ઘટાડવાથી પરિધિનું પ્રમાણ ૩,૧૬,૨૦૯ યોજન, ૩ કોશ, ૧૦૮ ધનુષ્ અને ૧૩ા અંગુલથી કંઈક અધિક બાકી રહે છે. તેના ચાર ભાગ કરવાથી ૭૯,૦૫૨ યોજન, ૧-કોશ, ૧૫૩૨ ધનુષ્, ૩ અંગુલ, ૩-યવ આવે છે.

આટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું. આ જ વાત જણાવવા વૃત્તિકારશ્રીએ અહીં બે ગાથા નોંધી છે.

**● સૂત્ર-૧૮૪ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના પ્રદેશો લવણસમુદ્રને સ્પૃષ્ટ છે ? હા, સ્પૃષ્ટ છે. ભગવન્ ! તે શું જંબૂદ્વીપ રૂપ છે કે લવણસમુદ્ર રૂપ છે ? ગૌતમ ! નિશ્ચે તે જંબૂદ્વીપ રૂપ છે પણ લવણસમુદ્રરૂપ નથી.***

***ભગવન્ ! લવણ સમુદ્રના પ્રદેશો જંબૂદ્વીપને સ્પૃષ્ટ છે ? હા, સ્પૃષ્ટ છે. ભગવન્ ! તે શું લવણ સમુદ્ર રૂપ છે કે જંબૂદ્વીપ રૂપ છે ? ગૌતમ ! નિશ્ચે તે લવણસમુદ્ર રૂપ છે, જંબૂદ્વીપ રૂપ નથી.***

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં જીવો મરીને લવણસમુદ્રમાં જન્મે છે ? ગૌતમ ! કોઈ જીવ જન્મે છે, કોઈ જીવ જન્મતા નથી.***

***ભગવન્ ! લવણ સમુદ્રમાં જીવો મરીને જંબૂદ્વીપમાં જન્મે છે ? ગૌતમ ! કેટલાંક જન્મે છે, કેટલાંક જન્મતા નથી.***

**● વિવેચન-૧૮૪ :-**

જંબૂદ્વીપ દ્વીપના પ્રદેશ - સ્વ સીમાગત ચરમરૂપ લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે ? - x - x - અર્થાત્ સ્પૃષ્ટ છે કે નથી ? ભગવંતે કહ્યું – હા, અર્થાત્ સ્પૃષ્ટ છે, એમ કહેતા ફરી પૂછે છે –

ભગવન્ ! તે સ્વસીમાગત ચરમ પ્રદેશો શું જંબૂદ્વીપના છે ? કે લવણસમુદ્રના છે ? અહીં વ્યપદેશ ચિંતામાં સંશય એ પ્રશ્ન છે. કેમકે જંબૂદ્વીપના ચરમ પ્રદેશો લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. જેમ તર્જનીને સ્પર્શેલ જ્યેષ્ઠા આંગળી જ્યેષ્ઠાવત્ છે ?

ભગવંતે કહ્યું – ગૌતમ ! "જંબૂદ્વીપ જ". 'णं' નિપાતની અવધારણાર્થત્વથી કહ્યું. તે ચરમપ્રદેશો દ્વીપના છે કેમકે તે જંબૂદ્વીપ સીમાએ વર્તે છે. તે જંબૂદ્વીપના ચરમ પ્રદેશો લવણસમુદ્રના નથી. જંબૂદ્વીપની સીમાને ઓળંગીને તે લવણસમુદ્ર સીમાને પામ્યા નથી પણ સ્વ સીમાગત જ લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. - x - x -

એ પ્રમાણે લવણસમુદ્રનું સૂત્ર પણ કહેવું.



ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં જે જીવો છે, તે મરીને લવણસમુદ્રમાં જાય છે - જન્મે છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! કેટલાંક જીવો મરી-મરીને લવણસમુદ્રમાં જાય છે, કેટલાંક જીવો મરીને ત્યાં જતાં નથી. કેમકે જીવોને તેવા-તેવા સ્વકર્મવશપણાથી ગતિના વૈચિત્ર્યનો સંભવ છે - આ રીતે લવણસમુદ્ર સૂત્ર પણ કહેવું.

**મુનિ દીપરત્નસાગરે સટીકઅનુવાદ કરેલ પ્રતિપત્તિ (૩)માં સૂત્ર-૧૮૪ સુધી પૂર્ણ**

# ભાગ-૧૮-પુરો થયો

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ




અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# જીવાભિગમ-૩

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૧૯ માં છે...

૦ “જીવાભિગમ”-ઉપાંગસૂત્ર-૩ની...

– પ્રતિપત્તિ-૩-માં

જંબૂદ્વીપાદિ દ્વીપસમુદ્રાધિકાર

– પ્રતિપત્તિ-૪થી

આરંભીને પ્રતિપત્તિ-૯ સુધી

– સર્વજીવ પ્રતિપત્તિ સંપૂર્ણ

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિધ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ૠચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૯ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. આ.દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ૠચકચંદ્રસૂરીશ્વરજી***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી ભાવનગર જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**ભાવનગર**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્વિજય ૠચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે "કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંકયા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શકયા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૧૯ :-

૦ આ ભાગમાં આગમ-૧૪-જીવાજીવાભિગમ સૂત્ર, જે ત્રીજુ ઉપાંગ સૂત્ર છે, તે ચાલુ જ છે. આ આગમનું નામ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં जीवाजीवाभिगम છે. તે વ્યવહારમાં 'जीवाभिगम' એવા નામે પ્રસિદ્ધ છે, સાક્ષી પાઠોમાં પણ જ્યાં-જ્યાં આ સૂત્રની સાક્ષી અપાય છે, ત્યાં-ત્યાં जाव जीवाभिगमे એમ લખે છે, પણ जाव जीवाजीवाभिगमे એવું સાક્ષીપાઠમાં લખતા નથી.

આ જીવાજીવાભિગમ સૂત્ર અમે ત્રણ ભાગમાં છૂટું પાડેલ છે. પહેલી 'द्विविधा' પ્રતિપત્તિ, ભાગ-૧૭માં મૂકેલ છે. બીજી ''त्रिविधा'' અને પ્રતિપત્તિ-૩- चतुर्विधा માં સૂત્ર-૧૮૪ સુધી અમે ભાગ-૧૮-માં મૂકેલ છે. પ્રતિપત્તિ-૩-ના સૂત્ર-૧૮૫થી પ્રતિપત્તિ-૯ તથા सव्वजीवापडिवत्ति સુધીનું બાકીનું ઉપાંગ આ ભાગ-૧૯માં આપેલ છે.

જીવાજીવાભિગમ સૂત્ર મુખ્યત્વે દ્રવ્યાનુયોગ પ્રધાન છે. તેમાં અધ્યયન સ્વરૂપ નવ પ્રતિપત્તિ છે અને અંતે સર્વજીવ પ્રતિપત્તિ છે. જેમાં કોઈકમાં ઉદ્દેશા પણ છે. सव्वजीव માં નવ પેટા પ્રતિપત્તિઓ છે. આ ઉપાંગસૂત્રના મૂળ સૂત્રોના સંપૂર્ણ અનુવાદ સાથે અમે ''મલયગિરિ'' કૃત્ ટીકાનો અનુવાદ અહીં લીધેલો છે. આ ઉપાંગની ચૂર્ણિનો પણ ઉલ્લેખ જોવા મળે છે, પણ તે મુદ્રિત થયાનું અમારી જાણમાં નથી. જીવાજીવાભિગમ-લઘુવૃત્તિનો ઉલ્લેખ પણ છે.

આ આગમ પછીના ઉપાંગ-૪-પ્રજ્ઞાપના સાથે ઘણું સંકડાયેલ છે, અનેક સ્થાને મૂળમાં તથા મલયગિરિકૃત્ વૃત્તિમાં પ્રજ્ઞાપના સૂત્રની સાક્ષી જોવા મળે છે. બંને ઉપાંગસૂત્રોને સંકલિત સ્વરૂપે પઠન-પાઠન કરતાં પદાર્થનું વિસ્તૃત સ્વરૂપ જાણી શકાય છે. અનુક્રમે ઠાણ અને સમવાય ના ઉપાંગરૂપ આ બંને ઉપાંગો છે.





# ૧૪-જીવાભિગમ-ઉપાંગસૂત્ર-૩/૩

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

*[૦ પ્રતિપત્તિ-૩- ''चतुर्विधा'' અંતર્ગત્ ''દ્વીપ સમુદ્ર'' અધિકાર ચાલુ છે. જેમાં સૂત્ર-૧૮૪ સુધી ભાગ-૧૮-માં લખ્યા છે. અહીં સૂત્ર-૧૮૫ - ''જંબૂદ્વીપ'' નામ કેમ છે ? ત્યાંથી આરંભીએ છીએ –]*

● **સૂત્ર-૧૮૫ :-**

***હે ભગવન્ ! જંબૂદ્વીપ, જંબૂદ્વીપ કેમ કહેવાય છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે, નીલવંતની દક્ષિણે માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, ગંધમાદન વક્ષસ્કાર પર્વતની પૂર્વે ઉત્તરકુરા નામે કુરા ક્ષેત્ર છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબુ અને ઉત્તર-દક્ષિણ પહોળું, અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, વિષ્કંભથી ૧૧,૮૪૨-૨/૧૯ યોજન છે. તેની જીવા પૂર્વ-પશ્ચિમ બે વક્ષસ્કાર પર્વતોને સ્પર્શે છે. પૂર્વ દિશાની કોટીથી પૂર્વના વક્ષસ્કાર પર્વતને અને પશ્ચિમની કોટીથી પશ્ચિમના વક્ષસ્કારને સ્પર્શે છે. આ જીવા ૫૩,૦૦૦ યોજન લાંબી, તેનું ધનુપૃષ્ઠ દક્ષિણમાં ૬૦,૪૧૮-૧૨/૧૯ યોજન છે. આ ધનુપૃષ્ઠ પરિધિ રૂપ છે.***

***ભગવન્ ! ઉત્તરકુરાનો આકારભાવ-પ્રત્યાવતાર કેવો કહ્યો છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહ્યો છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ બધું વર્ણન એકોરુક દ્વીપની વક્તવ્યતા મુજબ યાવત્ દેવલોકે ઉત્પન્ન થનાર તે મનુષ્યગણ કહેલો છે, હે આયુષ્યમાન્ શ્રમણ !, માત્ર એટલી વિશેષતા છે કે – ૬૦૦૦ ધનુષ્ ઉંચાઈ, ૨૫૬ પાંસળીઓ, ત્રણ દિવસ પછી આહારેચ્છા ઉત્પન્ન થાય. જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન-દેશોન ત્રણ પલ્યોપમની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. તેઓ ૪૯-દિવસ સંતાનની અનુપાલના કરે છે. બાકી એકોરુકવત્ જાણવું.***

***ઉત્તરકુરા કુરામાં છ પ્રકારના મનુષ્યો ઉત્પન્ન થાય છે. – પદ્મગંધી, મૃગગંધી. અમમ, સહ, તેયાલીસ, શનૈશ્ચારી.***

● **વિવેચન-૧૮૫ :-**

કયા કારણે ભદંત ! જંબૂદ્વીપને જંબૂદ્વીપ કહે છે ? ભગવંતે કહ્યું – જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ગંધમાદન વક્ષસ્કાર પર્વતની પૂર્વમાં, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમમાં, આ પ્રદેશમાં ઉત્તરકુરુ નામે કુરુ કહેલ છે. તે કેવો ? તે કહે છે –

પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, ૧૧,૮૪૨-૨/૧૯ યોજન દક્ષિણ-ઉત્તર વિસ્તારથી છે. તે આ રીતે – મહાવિદેહમાં મેરુની ઉત્તરે

ઉત્તરકુરુ, દક્ષિણે દક્ષિણકુરુ તેમાં મહાવિદેહના વિસ્તારમાંથી મેરુ પર્વતનો વિસ્તાર બાદ કરતાં જે રહે, તેનું અર્દ્ધ યાવત્ પરિમાણ તે દક્ષિણકુરુ અને ઉત્તરકુરુનો વિષ્કંભ. - x - તે યથોક્ત પ્રમાણ આ રીતે –

મહાવિદેહનો વિષ્કંભ - ૩૩,૬૮૪-૪/૧૯ યોજન છે. તેમાં મેરુનો વિષ્કંભ ૧૦,૦૦૦ યોજન બાદ કરવો. તેથી ૨૩,૬૮૪ યોજન અને ૪ કળા થાય. તેનું અડધું કરો તો ૧૧,૮૪૨ યોજન, ૨-કળા છે. તે ઉત્તરકુરુની જીવા ઉત્તરથી નીલવર્ષધર સમીપે પૂર્વ-પશ્ચિમ ઉભયથી પૂર્વ-પશ્ચિમ ભાગો વડે વક્ષસ્કાર પર્વત યથાક્રમે માલ્યવંત અને ગંધમાદનને સ્પર્શે છે. - x - પૂર્વના અગ્રભાગથી પૂર્વના વક્ષસ્કાર પર્વત માલ્યવંતને સ્પર્શે છે. પશ્ચિમ દિશાના અગ્રભાગે પશ્ચિમવક્ષસ્કાર ગંધમાદનને સ્પર્શે છે. તે જીવા આયામથી ૫૩,૦૦૦ યોજન છે. કઈ રીતે ?

આ મેરુના પૂર્વ અને પશ્ચિમ દિશાના ભદ્રશાલવનની પ્રત્યેકની લંબાઈ થકી જે પરિમાણ અને જે મેરુનો વિષ્કંભ તે એકત્ર મળવાથી ગંધમાદન અને માલ્યવંત વક્ષસ્કાર પર્વતના મૂળ પૃથુત્વ પરિમાણ રહિત જે પ્રમાણ થાય તેટલું ઉત્તરકુરુનું જીવાનું પરિમામ છે. - x - મેરુની પૂર્વ અને પશ્ચિમ દિશામાં પ્રત્યેકમાં ભદ્રશાલવનનું દૈર્ધ્ય-પરિમાણ ૨૨,૦૦૦ યોજન છે. તેને બે વડે ગુણવાથી ૪૪,૦૦૦ યોજન થાય. મેરુનું પૃથુત્વ પરિમાણ ૧૦,૦૦૦ યોજન પૂર્વ રાશિમાં ઉમેરીએ. તેથી ૫૪,૦૦૦ યોજન થાય. ગંધમાદન અને માલ્યવંત વક્ષસ્કાર પર્વત પ્રત્યેક મૂળમાં પૃથુત્વ ૫૦૦ યોજન છે. તે ૫૦૦ને બે વડે ગુણતા ૧૦૦૦ યોજન થાય. તે ૫૪,૦૦૦માંથી બાદ કરતાં ૫૩,૦૦૦ યોજન રહેશે.

તે ઉત્તરકુરુનું ધનુપૃષ્ઠ દક્ષિણમાં ૬૦,૪૧૮ યોજન અને ૧૨-કલા છે. તે પરિધિ છે. ગંધમાદન અને માલ્યવંત બંને વક્ષસ્કાર પર્વતોની લંબાઈ અને પરિમાણ એકત્ર કરતાં ઉત્તરકુરૂના ધનુઃપૃષ્ઠ પરિમાણ થાય. ગંધમાદન અને માલ્યવંત વક્ષસ્કાર પર્વતના પત્યેકની લંબાઈ-પરિમાણ ૩૦,૨૦૯ યોજન, ૬-કળા છે. બંનેની કુલ લંબાઈ- ૬૦,૪૧૮ યોજન, ૧૨ કળા થાય.

ભદંત ! ઉત્તરકુરુનો કેવો આકાર ભાવ સ્વરૂપનો પ્રત્યવતાર - સંભવ કહ્યો છે. ભગવંતે કહ્યું – ગૌતમ ! ઉત્તરકુરુનો બહુસમ રમણીય ભૂમિભાગ કહેલો છે. જેમકે ‘આલિંગપુષ્કર’ ઈત્યાદિ. જગતી ઉપરનું વનષંડનું વર્ણન-વક્તવ્ય કહેવું.

ઉત્તરકુરુમાં ત્યાં ત્યાં તે દેશમાં - તે તે પ્રદેશમાં ઘણી નાની-મોટી વાવડીઓ આદિ તથા ત્રિસોપાન પ્રતિરૂપક, તોરણ પર્વત, પર્વતમાં આસન, ગૃહ, ગૃહમાં આસન આદિ પૂર્વવત્ છે. પછી આ વક્તવ્યતા - ત્યાં ઘણાં ઉત્તરકુરુના મનુષ્યો-માનુષીઓ બેસ છે - સુવે છે યાવત્ કલ્યાણ ફળ વિશેષ અનુભવતા રહે છે.

ઉત્તરકુરુમાં તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણાં સરિકા-નવમાલિકા-કોરંડ-બંધુજીવક-મનોવઘ-બીયક-બાણ-કણવીર-કુબ્જક-સિંદુવાર-જાતિ-મુદ્ગર-યૂથિકા-મલ્લિકા-વાસંતિકા-વસ્તુલ-કસ્તૂલ-સેવાલ-અગત્સ્ય-મગદંતિ-ચંપક-જાતિ-નવનાતિકા-કુંદ-મહાકુંદ-આ બધાં ગુલ્મો છે. ગુલ્મ એટલે હ્રસ્વસ્કંધ, બહુકાંડ,



પુષ્પફળયુક્ત જાણવા. વિશેષ અર્થ લોકથી જાણવો. વૃત્તિકારશ્રીએ અહીં સંગ્રહણી ગાથા નોંધી છે.

અનંતરોક્ત ગુલ્મ પંચવર્ણ કુસુમસમૂહને ઉત્પન્ન કરે છે. આ કુસુમોના ઉત્પાદનથી ‘કુરુ’ ક્ષેત્ર બહુસમ રમણીય ભૂમિભાગ થાય છે. વાયુ વડે કંપિત, તેની અગ્રશાખા મુકાયેલ પુષ્પકુંજ રૂપ ઉપચાર-પૂજા, તેના વડે યુક્ત, શ્રી વડે અતીવ ઉપશોભતું રહેલ છે.

ઉત્તરકુરુમાં તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં હરુતાલ-ભેરુતાલ-મેરુતાલ-શાલ-સરલ-સપ્તપર્ણ-પૂગીફળ-ખજૂરી-નાલિકેરી એ બધાંના વનો છે. તે કુશવિકુશ રહિત વિશુદ્ધ વૃક્ષમૂળવાળા છે. તે વૃક્ષો મૂળવાળા-કંદવાળા છે ઈત્યાદિ વિશેષણવાળા છે. તેને જગતી ઉપરના વનખંડની માફક કહેવા. - x - x - ભેરુતાલ આદિ વૃક્ષો જાતિ વિશેષ છે.

ઉત્તરકુરુમાં તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણાં ઉદ્દાલ, કોદ્દાલ, મોદ્દાલ, કૃતમાલ, નૃત્તમાલ, વૃત્તમાલ, દંતમાલ, શ્રૃંગમાલ, શંખમાલ, શ્વેતમાલ નામે દ્રુમજાતિ વિશેષ સમૂહ તીર્થંકરો અને ગણધરો વડે કહેવાયેલ છે. તે કેવા છે ? કુશ-વિકુશ વિશુદ્ધ વૃક્ષમૂળવાળા ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ સુરમ્યા છે.

ઉત્તરકુરુમાં તે તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણાં તિલક, લવક, છત્રોપગ, શિરીષ, સપ્તવર્ણ, લુબ્ધ, ધવ, ચંદન, અર્જુન, નીપ, કુટજ, કદંબ, પનસ, શાલા, તમાલ, પ્રિયાલ, પ્રિયંગુ, પારાપત, રાજવૃક્ષ, નંદિવૃક્ષ, તિલકાદિ લોકપ્રતીત છે. આ કેવા છે ? કુશ વિકુશ વિશુદ્ધ વૃક્ષમૂળવાળા ઈત્યાદિ બધું પૂર્વવત્ છે.

ઉત્તરકુરુમાં તે-તે દેશમાં - x - પ્રદેશમાં ઘણી પદ્મલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા, વનલતા, વાસંતિકલતા, અતિમુક્તલતા, કુંદલતા, શ્યામલતાદિ છે. તે નિત્ય કુસુમિતાદિ પૂર્વવત્ છે.

ઉત્તરકુરુમાં તે-તે દેશ - x - પ્રદેશમાં ઘણી વનરાજીઓ કહી છે. અહીં અનેક જાતિના વૃક્ષોની પંક્તિ-વનરાજીઓ છે. તે કાળી, કાળી આભાવાળી ઈત્યાદિ વિશેષણયુક્ત પૂર્વવત્ છે તેમ જાણવું.

(૧) ઉત્તરકુરુમાં તે-તે દેશ - x - પ્રદેશમાં ઘણાં મતાંગક નામક દ્રુમગણ કહેલ છે. તે કેવા છે ? જેમ ચંદ્રપ્રભાદિ મદ્યવિધિઓ ઘણાં પ્રકારે છે. તેમાં ચંદ્રપ્રભની જેમ પ્રભા-આકાર જેનો છે તે ચંદ્રપ્રભા, - x - ચંદ્રપ્રભા મણિશલાકા વરવારુણી - x - x - આસવ - પત્રાદિ વાસક દ્રવ્ય ભેદથી અનેક પ્રકારે છે. પ્રજ્ઞાપનામાં લેશ્યાપદમાં કહ્યું છે – પત્રાસવ, પુષ્પાસવ, ફલાસવ, ચોયાસવ. પછી ‘નિર્યાસસાર’ શબ્દ પત્રાદિ સાથે જોડતાં પત્રનિર્યાસસાર, પુષ્પ નિર્યાસસાર આદિ. - x - x - ચોય - ગંધદ્રવ્ય. - x - સુજાત - સુપરિપાકને પામેલ.

વળી તે કેવા છે ? કાલસંધિતા. કાળ-સ્વ સ્વ ઉચિત. સંધા તે કાલસંધા, તે જેમાં જન્મે તે કાલસંધિત - x - x - મધુમેરક-મધ વિશેષ. રિષ્ટરત્ન વર્ણની આભાયુક્ત, દુગ્ધજાતિ-આસ્વાદથી ક્ષીર સદૃશી. પ્રસન્ના - સુરા વિશેષ. શતાયુ - સો

વખત શોધવા છતાં સ્વ સ્વરૂપને ન છોડે. તેમા ખર્જૂરસાર - ખજૂરના સારથી નિષ્પન્ન આસવ વિશેષ. મૃદ્વીકા - દ્રાક્ષના સારથી નિષ્પન્ન આસવ વિશેષ. - x - x - ક્ષોદરસ - શેરડીના રસથી નિષ્પન્ન ઉત્તમ દારુ. આ મધ વિશેષ કેવા છે ? વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત કે જેનું વીર્ય પરિણામ બલહેતુક છે. અર્થાત્ પરમ અતિશય સંપન્ન વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વડે બલ હેતુથી વીર્ય પરિણામ વડે યુક્ત. વળી જે જાતિભેદથી ઘણાં પ્રકારે છે. તેની જેમ મતાંગક દ્રુમગણો પણ મધવિધિ વડે યુક્ત છે.

કેવી મધવિધિથી વિશિષ્ટ ? અનેક બહુવિવિધ વિસ્રસા પરિણત. તેમાં અનેક જાતીય પણ વ્યક્તિ ભેદથી થાય છે. તેથી કહ્યું પ્રભૂત. વિવિધ - જાતિભેદથી વિવિધ પ્રકારે. - x - તે કોઈ વડે નિષ્પાદિત પણ સંભવે છે. વિશ્રસા - સ્વભાવથી, તથાવિધ ક્ષેત્રાદિ સામગ્રી વિશેષ જનિતથી પરિણત, પણ ઈશ્વરાદિથી નિષ્પાદિત નહીં તે વિશ્રસા. તે મધવિધિથી યુક્ત છે. તાડાદિ વૃક્ષની જેમ અંકુરાદિમાં નહીં પણ ફળોમાં. ફળમાં મધવિધિ વડે જાણવું પૂર્ણા - સંભૃત. વિષ્યન્દન્તિ - સ્રવે છે - ઝરે છે. - x - x - કુશ વિકુશ વિશુદ્ધ મૂળાદિ પૂર્વવત્.

(૨) ઉત્તરકુરુમાં ત્યાં-ત્યાં - x - ઘણાં ભૃંગાંગક નામક દ્રુમગણો કહેલા છે. જેમ તે કરક-ઘટક-કલશ-કર્કરીપાદ-કાંચનિકા - ઉદંકવાર્દ્ધાની-સુપ્રતિષ્ઠક ઈત્યાદિ ભાજનવિધિ. તેમાં વિશેષ આ - પાદકાંચનિકા - પગ-ધોવા યોગ્ય કાંચનમયી પાત્રી. ઉદંક-જેના વડે પાણી ઉલેચાય. વાર્દ્ધાની-ગલંતિકા, સરક-વાંસનું સીક્કુ. કેવું છે ? તે કહે છે — કાંચન મણિરત્ન ભક્તિચિત્ર. ઘણાં પ્રકારે - એક એક વિધિમાં અવાંતર અનેક ભેદ ભાવથી છે. તેવા પ્રકારે ભૃંગાગક દ્રુમગણ પણ છે. કુશવિકુશ વિશુદ્ધ વૃક્ષમૂલવાળાદિ પૂર્વવત્.

(૩) ઉત્તરકુરુમાં તે-તે દેશ - x - પ્રદેશમાં ઘણાં તુટિતાંગક નામ દ્રુમગણા કહેલ છે. જેમ કે આલિંગ્ય, મુરવ, મૃદંગ, પણવ, પટહ, દર્દરક, કરટી, ડિંડમ, ભંભા, હોરંભા, ક્વણિતા - x - ઈત્યાદિ વાદ્યો છે. તેમાં આલિંગીને વગાડાય તે આલિંગ્ય, મુરવ-વાદ્ય વિશેષ, મૃદંગ-લઘુમર્દલ, પણવ-ભાંડ, - x - ડિંડિમ પણવ વિશેષ, ભંભા-ઢક્કા, હોરંભા-મહાઢક્કા, ક્વણિતા - કોઈ વીણા, ખરમુખી-કાહલા, મકુંદ-મરુજ વાદ્ય વિશેષ - x - શંખિકા-શંખ કરતા તીક્ષ્ણ સ્વરવાળી. પિરલી-વચક બંને તૃણરૂપ વાદ્ય વિશેષ છે. પરવાદિની-સાત તંત્રી વીણા, વેણુ-વંશ વિશેષ. સુઘોષા-વીણા વિશેષ, વિપંચી-તંત્રી વીણા - x -

આ વાદ્યો કેવા છે ? તલ - હસ્તપુટ, તાલ, કાંસ્યતાલ - કંસાલિકા. આના વડે સંપ્રયુક્ત. સુષ્ઠુ - અતિશય, સમ્યક્-યથોક્ત નીતિ વડે. પ્રયુક્ત-સંબદ્ધ. આતોદ્ય ભેદ. વળી તે કેવા છે ? નિપુણ, નાટ્ય સમયમાં કુશળ, તેમના વડે વગાડાયેલ. વળી — આદિ, મધ્ય, અવસાનરૂપ ત્રણ સ્થાનમાં ક્રિયા વડે - યથોક્ત વાદન ક્રિયાથી શુદ્ધ અવદાત પણ દોષથી કલંકિત નહીં. તેના જેવા તે "તુટિતાંગક" દ્રુમગણો હતા. અનેક-બહુવિધ-વિસ્રસા પરિણત. તત-વીણાદિ, વિતત-પટહાદિ, ઘન-કાંસ્યતાલાદિ, શુષિર-વંશાદિ. - x -



(૪) ઉત્તરકુરુમાં તે-તે દેશ - x - પ્રદેશમાં ઘણાં દીપશિખા નામક દ્રુમગુણ કહ્યા છે. જેમ સંધ્યારૂપ, વિરુદ્ધ તિમિરરૂપપણાથી રાગ, તે સંધ્યા વિરાગ. તે અવસરે નવનિધિપતિ - ચક્રવર્તી માફક દીપિકા ચક્રવાલ વૃંદ-લઘુદીપના પરિમંડલરૂપ વૃંદ. તે કેવું છે ? બહુસંખ્યક કે સ્થૂર, પ્રતિપૂર્ણ સ્નેહ-તૈલાદિરૂપ. અત્યર્થ ઉજ્જ્વાલિત, તેથી જ તિમિરનાશક. વળી - ગાળેલ સુવર્ણ, કુસુમિત પારિજાતક વન, એ બંને જેવો પ્રકાશ-પ્રભા, આકાર જેનો છે તે.

સમુદાય વિશેષણની વિવક્ષા માટે સમુદાયી વિશેષણ કહે છે — દીપિકા વડે શોભતા. કેવી દીપિકા ? સુવર્ણ-રત્નમય, સ્વાભાવિક આગંતુકમલ રહિત, મહાર્હ-મહોત્સવાર્હ, વિચિત્ર વર્ણયુક્ત દંડ જેમાં છે તે. તથા સહસા પ્રજ્વાલિત અને ઉત્સર્પિત, મનોહર તેજવાળી, દીપ્યમાન-રાત્રિમાં પ્રકાશક, ધૂળ આદિ જવાથી વિમલ. ગ્રહસમૂહ સમાન પ્રભાવાળી, વિતિમિરકર સૂરની જેમ જે ઉદ્યોત-પ્રભાસમૂહને પ્રસારે છે, તેના વડે દીપ્યમાન. જ્વાલાની જેમ ઉજ્જ્વલ, પ્રહસિત, તેના વડે રમ્ય. તેથી જ શોભમાન. તેના જેવા દીપશિખા દ્રુમગણો હતા. તે અનેક બહુવિધ વિશ્રસા પરિણત ઉદ્યોતવિધિયુક્ત, કુશ વિકુશ વિશુદ્ધ વૃક્ષ મૂળવાળા આદિ પૂર્વવત્ કહેવું.

(૫) ઉત્તરકુરુના તે-તે દેશ - x - પ્રદેશમાં ઘણાં જ્યોતિષિકા નામે દ્રુમગણો હતા. જેમ તે તુરંતના ઉગેલ શરદમાં સૂર્યમંડલ અથવા ઉલ્કા સહસ્ર કે દીપતી વિદ્યુત્ અથવા નિર્ધૂમ જ્વલિત ઉંચી જતી જ્વાલાયુક્ત અગ્નિ. - x - x - આ કેવા છે ? સતત અગ્નિ સંયોગથી જે શોધિત અને તપ્ત-તપનીય જે કિંશુક-અશોક-જપા કુસુમ, વિકસિત પુંજ જે મણિરત્ન કિરણ, જે જાત્ય હિંગલોકસમૂહ તદ્‌રૂપથી અતિશય યથાયોગ વર્ણથી પ્રભા વડે જે સ્વરૂપ તે. તેની જેવા તે જ્યોતિષિકા દ્રુમગણો અનેક બહુ વિવિધ વિશ્રસા પરિણત ઉદ્યોતવિધિથી યુક્ત, કુશવિકુશ વિશુદ્ધ ઇત્યાદિ પૂર્વવત્.

(૬) ઉત્તરકુરુમાં તે-તે દેશ - x - પ્રદેશમાં ઘણાં ચિત્રાંગક નામક દ્રુમગણો કહ્યા છે. જેમ તે પ્રેક્ષાગૃહ વિવિધ ચિત્ર વડે યુક્ત હોય, તેથી જ રમ્ય, જોતાં મનમાં રમ્ય લાગે. શ્રેષ્ઠ એવી તે ગ્રથિત કુસુમમાળા, તેના વડે ઉજ્જ્વલ, દેદીપ્યમાનત્વથી. તથા વિકસિતપણા અને મનોહરપણાથી દેદીપ્યમાન, પુષ્પ પુંજોપચાર વડે યુક્ત - x - પથરાયેલી વિચિત્ર જે માળાઓ, ગ્રથિત પુષ્પમાળા તેમાં જે શ્રીસમુદય તેના વડે અતીવ પરિપુષ્ટ. ગ્રથિમ-સૂત્ર વડે ગ્રથિત. વેષ્ટિમ - જે પુષ્પ મુગટની જેમ ઉપર-ઉપર શિખરાકૃતિથી માળા સ્થાપવી તે. પૂરિમ-જે લઘુ છિદ્રોમાં પુષ્પો રાખીને પૂરાય તે. સંઘાતિમ-પુષ્પને પુષ્પ વડે નાલ પ્રવેશથી સંયોજાય તે. તે માળા પરમદક્ષ શિલ્પી વડે જે વિભાગરહિતતાથી યોગ્ય ગ્રંથિમ-વેષ્ટિમ-પૂરિમ-સંઘાતિમ તેના વડે બધી દિશામાં સમનુબદ્ધ અને લટકતી - વિપ્રકૃષ્ટ-મોટા અંતરાલથી, પંચવર્ણી ફૂલમાળાથી શોભતી ચંદનમાળા જેની આગળ કરાયેલ છે, તેની જેમ દીપ્યમાન. તેની સમાન ચિત્રાંગક નામ દ્રુમગણો - અનેક બહુ વિવિધ વિસ્રસા પરિણતથી ગ્રન્થિમ આદિ ચાર ભેદે માલ્યવિધિ યુક્ત, કુશવિકુશ વિશુદ્ધાદિ.

(૭) ઉત્તરકુરુમાં તે તે દેશમાં - x - પ્રદેશમાં ચિત્રરસા નામે દ્રુમગણો કહ્યા

છે. જેમ પરમાન્ન હોય. કેવું ? પ્રવર ગંધયુક્ત. પ્રધાન દોષરહિત ક્ષેત્ર-કાલાદિ સામગ્રી સંપાદિત આત્મ લાભ. કમલ-શાલિતંદુલ, જે વિશિષ્ટ ગાય આદિ સંબંધી નિરુપહત - પાક આદિ વડે અવિનાશિત દૂધ, તેના વડે પક્વ પરમકલમશાલિ અને પરમ દૂધ વડે યથોચિત માત્રા પાક વડે નિષ્પાદિત તથા શારદઘૃત, ગોળ-ખાંડ કે મધુ શર્કરાના પર્યાય જ્યાં મેલિત છે. તેથી જ અતિ ઉત્તમ રસ-વર્ણ-ગંધવત્, અથવા રાજા-ચક્રવર્તીના કુશળ રસોઈયાએ બનાવેલ ચતુષ્કલ્પ સેકસિક્ત એવા ઓદન. - x - x - ઓદનમાં શું વિશેષતા છે ? કલમશાલિમય, વિશિષ્ટ પરિપાકને પામેલ, બાષ્પને છોડતા, કોમળ, ચતુષ્કલ્પ સેકાદિથી પરિકર્મિત હોવાથી વિશદ, સર્વથા તુષાદિ મલના ચાલ્યા જવાથી, પરિપૂર્ણ સિત્થુ. અનેક જે પુષ્પ-ફળ આદિ, તેના વડે સંયુક્ત - x - પરિપૂર્ણ-સમસ્ત દ્રવ્ય-એલાયચી વગેરે નિયુક્ત, જેમાં તે પરિપૂર્ણ દ્રવ્ય તૈયાર કરેલ છે. સુસંસ્કૃત-યથોક્ત માત્રા અગ્નિ પરિપાતાદિ વડે પરમસંસ્કારથી ઉપનીત. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વડે સામર્થ્યથી અતિશાયિ વડે સહિત, બળ-વીર્ય હેતુ પરિણામ જેના છે તે તથા અહીં બલ - શારીરિક, વીર્ય - અંતરોત્સાહ. ચક્ષુ આદિ ઈન્દ્રિયો, સ્વ-સ્વ વિષય ગ્રહણમાં પટુ એવું ઈન્દ્રિય બલ, તેનું અતિશાયી પોષણ તે ઈન્દ્રિયબલપુષ્ટિ, તેને વધારે છે તથા ભુખ અને તૃષા, તેનું મથન, તથા ક્વથિત ગોળ, ખાંડ કે શર્કરા, જે પ્રધાન ઘૃત, તે જેમાં યોજેલ છે તે પ્રધાન ક્વથિત ગોળ ખાંડ મત્સ્યંડી ઘૃતોપનીત. તેના જેવા મોદક - અતિ શ્લક્ષ્ણ કણિક્કામૂલદલ કહેલ છે. તેની જેવા ચિત્રરસ દ્રુમગણો અનેક બહુ વિવિધ વિસ્રસા પરિણતથી ભોજન-વિધિ વડે યુક્ત, કુશવિકુશ વિશુદ્ધ વૃક્ષમૂલાદિ પૂર્વવત્ જાણવું.

(૮) ઉત્તરકુરુમાં તે-તે દેશમાં - x - પ્રદેશમાં ઘણાં મણ્યંગ નામક દ્રુમગણો છે. જેમ તે હાર, અર્દ્ધહાર, વેષ્ટન, મુગટ, કુંડલ, વામોત્તક, હેમજાલ, મણિજાલ, કનકજાલ, સૂત્રક, મુંચીકટક, ખુડકામઙ્ક, એકાવલિ, કંઠસૂત્ર, મકરિકા, ઉરસ્કંધ ગ્રૈવેયક, શ્રોણીસૂત્રક, ચૂડામણી, કનકતિલક આદિ આદિ - x - આભૂષણ વિધિ ઘણાં પ્રકારે છે. એ લોકથી જાણવી. કેવી છે ? કાંચન-મણિ-રત્ન-ભક્તિચિત્ર. તેની જેમ જ તે મણ્યંગ દ્રુમગણા અનેક બહુવિવિધ વિશ્રસા પરિણત ભૂષણ વિધિ વડે યુક્ત છે. કુશવિકુશવિશુદ્ધાદિ પૂર્વવત્.

(૯) ઉત્તરકુરુમાં તે તે દેશમાં - x - પ્રદેશમાં ઘણાં ગેહાકાર નામક દ્રુમગણો કહેલા છે. જેમ તે પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, પ્રાસાદ, આકાશતલ, મંડપ, ઐકશાલક, દ્વિશાલક, ત્રિશાલક, ચતુઃશાલક, ગર્ભગૃહ, મોહનગૃહ, વલ્લભીગૃહ, ચિત્રશાલા ઈત્યાદિ અથવા ધવલગૃહ, અર્દ્ધમાગધવિભ્રમ, શૈલસુસ્થિતાદિ - x - તથા અનેક ગૃહ, શરણ, લયન એ ભવન વિકલ્પો છે. આ બધાની વિશેષતા વાસ્તુ વિદ્યાથી જાણવી. તે કેવા છે ? કપોતપાલી, ગવાક્ષ સમૂહ, ગૃહના એક દેશ વિશેષ, અપવરક, શિરોગૃહ એ બધાંથી યુક્ત હોય તેની જેમ ગૃહાકાર એવા દ્રુમગણો અનેક બહુ વિવિધ વિશ્રસા પરિણતથી ભવનવિધિ છે. વિશિષ્ટ શું ? સુખે ઉર્ધ્વગમન, સુખે નીચે ઉતરવું, જેના દર્દર સોપાન પંક્તિ આદિ છે તેવા. તથા સુખે નિષ્ક્રમણ અને



પ્રવેશ યુક્ત. અર્થાત્ જેથી દર્દર સોપાન પંક્તિ યુક્ત છે, તે કારણે સુખે ચડ-ઉતર થાય છે. એકાંતે અવસ્થાન, શયનાદિ રૂપ સુખવિહાર જેમાં છે તે. કુશવિકુશ વિશુદ્ધાદિ પૂર્વવત્.

(૧૦) ઉત્તરકુરુમાં તે તે દેશમાં - x - પ્રદેશમાં ઘણાં અનગ્નક નામે દ્રુમગણ કહેલ છે. આજિનક નામે ચર્મમય વસ્ત્ર, ક્ષૌમકાર્પાસિક, કંબલ, દુકૂલ-વસ્ત્રજાતિ, કૌસેય-ત્રસરિતંતુ નિષ્પન્ન, કાલમૃગચર્મ, અંશુક-ચીનાંશુક દુકુલ વિશેષ, પટ્ટ, આભરણચિત્ર, શ્લક્ષ્ણ-પરમવસ્ત્ર લક્ષણયુક્ત, નિપુણ શિલ્પી નિષ્પાદિતતાથી જેનું મધ્ય સ્વરૂપ અલબ્ધ છે. સ્નેહલ-સ્નિગ્ધ, - x - વસ્ત્ર વિધિ ઘણાં પ્રકારે થાય. પ્રસિદ્ધ એવા તે-તે પત્તનોથી નીકળેલ. વિવિધ વર્ણ અને મંજિષ્ઠ રાગ આદિથી યુક્ત હોય. તે પ્રમાણે અનગ્નક દ્રુમગણ પણ અનેક બહુવિવિધ વિસ્રસા પરિણત વસ્ત્રવિધિથી યુક્ત, કુશવિકુશ વિશુદ્ધ વૃક્ષ મૂલાદિ પૂર્વવત્.

ભદંત ઉત્તરકુરુમાં મનુષ્યોના કેવા કેવા આકારભાવ, પ્રત્યવતાર સ્વરૂપ સંભવે છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! પૂર્વવત્ મનુષ્યો અતિશય સૌમ્ય, ચારુ રૂપવાળા. ઉત્તમ ભોગના સંસૂચક લક્ષણોવાળા, ભોગ વડે શોભતા, યથોક્ત પ્રમાણ ઉત્પન્નત્વથી શોભન જન્મવાળા જે સર્વે ઉરઃશિરઃવગેરે અંગો, તેના વડે સુંદર અંગ જેમનું છે, તે સુજાત સુંદરાંગ. શોભન, પ્રતિષ્ઠિત, કાચબા જેવા ઉન્નત ચારુ ચરણવાળા. લોહિત ઉત્પલપત્ર વત્ માર્દવ-અકર્કશ, તે સુકુમાર પણ સંભવે છે જેમ ઘૃષ્ટ-મૃષ્ટ પાષાણ પ્રતિમા છે. તેથી શિરીષ કુસુમવત્ અકઠિન, મનોજ્ઞ ચરણ તલવાળા તે રક્તોત્પલ પત્ર મૃદુ સુકુમાર કોમલતલવાળા કહ્યા.

પર્વત, નગર, મકર, સાગર, ચંદ્ર, ચંદ્રમા, અંકની જેમ લાંછન મૃગ, એવા પ્રકારના જે લક્ષણો તેના વડે અંકિત ચરણ જેના છે તે. અનુપૂર્વ સુસાહયંગુલીયા - અનુક્રમે નખ નખથી હીન, સુશ્લિષ્ટ અંગુલીવાળા. ઉન્નત-તનુ-તામ્રવર્ણી-સ્નિગ્ધ નખવાળા, - x - સમ્યક્ સ્વરૂપ પ્રમાણથી સ્થિત તે સંસ્થિત, માંસલ, ગુલ્ફ જેના છે તે. હરણની જેમ કુરુવિંદની જેમ વર્તુળ, ક્રમથી ઉર્ધ્વ-સ્થૂરતર જંઘા જેની છે તેવા. સમુદ્ગક પક્ષીની જેમ અંતઃપ્રવિષ્ટ, માંસલત્વથી ગૂઢ હાડકાંવાળા, હાથીની સુંઢની જેમ સુનિષ્પન્ન ઉરૂ જેના છે તે - x - x - મદોન્મત્ત જે પ્રધાન ભદ્રજાતીક હસ્તિ, જેની સમાન પરાક્રમ-વિલાસિત ગતિ જેની છે તેવા. રોગ શોકાદિ ઉપદ્રવના અભાવે પ્રમુદિત. પાઠાંતરથી રોગ-શોકાદિ ઉપદ્રવ રહિતત્વથી અતિ પુષ્ટ-પ્રધાન ઘોડા અને સીંહની કમર, તેની જેમ અતિ વૃત કટિવાળા. શ્રેષ્ઠ અશ્વની જેમ સુજાત-સંગુપ્તત્વથી સુનિષ્પન્ન ગુહ્યદેશ જેનો છે તે. પ્રશસ્ત શ્રેષ્ઠ અશ્વ જેવા ગુહ્ય ભાગવાળા. ગુણથી વ્યાપ્ત અશ્વની જેમ લેપરહિત શરીર મલવાળા, જેમ જાત્યશ્વના મૂત્ર-મળાદિથી અનુલિપ્ત ગાત્ર ન હોય તેમ.

ઉર્ધ્વ કરાયેલ ઉદૂખણ આકૃતિ કાષ્ઠ, તેની મધ્યે પાતળુ અને બંને પડખે જાડુ, મુસલ, દર્પણનો ગંડ, સારીકૃત વર કનક, તેનાથીયુક્ત ખડ્ગાદિ મુષ્ટિના સદેશ. વરવજની જેમ ક્ષામ વલિત સંજાત-ત્રિવલીયુક્ત મધ્ય ભાગ વાળા છે. મત્સ્ય, પક્ષીની

જેમ જન્મદોષરહિત સુનિષ્પન્ન, પીન-ઉપચિત કુક્ષીવાળા. મત્સ્યની જેવા ઉદરવાળા, પવિત્ર-નિરૂપલેપ. ચક્ષુ આદિ ઈન્દ્રિયો જેમની છે તે શુચિકરણવાળા. પદ્મની જેમ વિસ્તીર્ણ નાભિવાળા, ગંગાવર્ત્તની જેમ દક્ષિણાવર્ત્ત, તરંગ માફક, ત્રિવલિ વડે ભંગુર સૂર્યકિરણથી તરુણ-નવા, જે બોધિત-ઉન્નિદ્રીકૃત. તેથી વિકચીત પદ્મ, તેની જેવી ગંભીર અને વિસ્તીર્ણ નાભિવાળા.

ઋજુ-અવક્ર, સમ, સુજન્મ-કાલાદિ વૈગુણ્યથી દુર્જન્મ નહીં, તેથી જ જાત્ય-પ્રધાન, પાતળા પણ સ્થૂળ નહીં, કૃષ્ણ પણ મર્કટ વર્ણવાળા નહીં, કૃષ્ણ પણ કંઈક નિર્દીપ્તક હોય છે, તેથી કહે છે — સ્નિગ્ધ, આદેય-દર્શનપથમાં ઉપગત થતા ઉપાદેય-સુભગ. આ જ વાત વિશેષથી કહે છે — લડહ, તેથી જ આદેય, સુકુમાર-અકઠિન, અકઠિન છતાં કંઈક કર્કશ સ્પર્શવાળા હોય છે, તેથી કહે છે — મૃદુ. તેથી જ રમણીય રોમરાજિવાળા.

સમ્યક્ - અધોક્રમથી નમેલ પાર્શ્વવાળા. દેહપ્રમાણ ઉચિત પાર્શ્વવાળા, તેથી જ સુંદર પાર્શ્વવાળા, સુનિષ્પન્ન પાર્શ્વવાળા, દેહાનુસારે પરિમિત, દીર્ઘ, ઉપચિત, માંસલ, સ્વ-સ્વ નામ કર્મોદય વડે નિર્વર્તિત કે રતિદા. રમ્ય પડખાંવાળા. માંસલપણાથી અવિદ્યમાન પાછળના-વાંસાના હાડકાં જેના છે તે. કનકની માફક રુચિ જેની છે તે, સ્વાભાવિક આગંતુકમલ રહિત, બીજાધાનથી આરંભીને જન્મદોષ રહિત, જ્વરાદિ-દંશાદિ ઉપદ્રવરહિત દેહને ધારણ કરવાના સ્વભાવવાળા છે. કનક શિલાતલવત્ ઉજ્જ્વલ, અતિ પ્રશસ્ય, વિષમ કે ઉન્નત નહીં પણ સમતલ, માંસલ, ઉર્ધ્વ-અધો અપેક્ષાએ વિસ્તીર્ણ, દક્ષિણ-ઉત્તરથી પૃથુલ વક્ષ જેને છે તે. શ્રીવત્સથી અંકિત છાતી જેની છે તેવા.

યુગસન્નિભ - વૃત્ત અને આયતપણાથી, યૂપતુલ્ય, ઉપચિત-સ્થૂળ, જોનારને દૃષ્ટિસુખદાયી, પીવર પ્રકૌષ્ઠ, વિશિષ્ટ સંસ્થાનવાળા, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, ઘન, સ્થિર, સુબદ્ધ, - x - તથા મહાનગરની અર્ગલા જેવા વર્તુળાકાર બાહૂવાળા. - x - x - તથા સંસ્થિત - સમ્યક્ સ્થિત, ઉપચિત, ઘન, નિબિડ, સ્થિર. કઈ રીતે ? દૃઢબંધન બદ્ધ, માંસલત્વથી અનુપલક્ષ્ય, હાથની પર્વસંધિ જેને છે તે. ભુજગેશ્વર-નાગરાજ, તેનો જે મહાન્ દેહ, તથા દ્વાર બંધ કરવા ગ્રહણ કરાય તે આદાન, તેવો આ પરિઘ તે આદાનપરિઘ, અર્ગલા સ્થાનથી કાઢી દ્વારના પૃષ્ઠ ભાગે દેવાયેલ. તે બધાં જેવા દીર્ઘબાહુવાળા, રક્તતલ, ક્રમથી હીયમાન-ઉપચાય, કોમળ, જન્મદોષરહિત, અંગુલી અંતરાલ સમૂહ રહિત હાથ જેનો છે તેવા છે - x -

સ્વશરીર અનુક્રમ ઉપચય, કોમળ, પ્રશસ્તલક્ષણ યુક્ત જેમની આંગળીઓ છે, પાઠાંતરમાં ઉપચિત-વૃત્ત-સુજાત-કોમળ અને પ્રશસ્ત આંગળીઓ કહ્યું. કંઈક લાલ, પાતળા, પવિત્ર, દીપ્ત, સ્નિગ્ધ નખવાળા છે. ચંદ્રાકાર હાથની રેખાઓ તે ચંદ્ર પાણિલેખા, સૂર્ય પાણિલેખા, શંખ પાણિરેખા, દિક્-સૌવસ્તિક પાણિરેખાવાળા છે અથવા સંગ્રહથી ચંદ્ર-સૂર્ય-શંખ-ચક્ર-દિક્ સૌવસ્તિક રેખાવાળા છે. - x - x -

અનેક સંખ્યક પ્રધાન લક્ષણોથી ઉત્તમ, પ્રશસ્ત, પવિત્ર, સ્વકર્મથી નિષ્પાદિત



હસ્તરેખાવાળા, પ્રધાન મહિષ, શૂકર, સિંહ, વાઘ, વૃષભ, પ્રધાન હાથી, આ બધાંની જેમ સ્વપ્રમાણથી પ્રતિપૂર્ણ, વિસ્તીર્ણ, સ્કંધવાળા. સ્વ અંગુલની અપેક્ષાએ ચાર અંગુલના માપથી શોભન પ્રમાણવાળી, ઉન્નતપણાથી અને વલિ યોગથી પ્રધાન શંખ જેવી ગ્રીવા જેની છે તે. ઉપચિત માંસયુક્ત સમ્યક્ સંસ્થિત, પ્રશસ્ય લક્ષણયુક્ત, વાઘની જેમ વિસ્તીર્ણ હનુક-હડપચીવાળા. અવસ્થિત - ન વધતા એવા સુવિભક્ત-અતિ રમ્યપણે અદ્‌ભુત દાઢી-મૂછ આદિ વાળવાળા.

પરિકર્મિત જે શિલારૂપ પ્રવાલ અર્થાત્ વિદ્રુમ. બિંબફળ, તે બંને જેવા લાલપણાથી, ઉન્નત-મધ્યપણાથી નીચેનો હોઠ-અધસ્તન દંતચ્છદ જેમાં છે તે. અકલંક જે શશિ શકલ-ચંદ્રખંડ, આગંતુક મળરહિત, સ્વભાવથી મળરહિત જે શંખ, ગાયના દૂધના ફીણ, કુંદ, જલકણ, મૃણાલિકા આ બધાંની જેમ ધવલ દંતશ્રેણી જેની છે તેવા. અખંડ-સકલ દાંત જેના છે તે. અસ્ફૂટિત-અજર્જર, રાજરહિત દાંતવાળા. સુજાત-જન્મથી દોષરહિત દાંત જેના છે તે તથા અવિરલ-ઘન દાંતવાળા. એકાકાર દંત શ્રેણિ માફક પરસ્પરનુપલક્ષ્ય દંત વિભાગત્વથી અનેક દાંત જેના છે તે અનેક દંતા. એ રીતે અવિરલ દંતા.

અગ્નિ વડે નિર્માત જે ધૌત, શોધિતમલ, તપનીય સુવર્ણ વિશેષ, તેના જેવા લાલ હસ્તતલ, તાળવું, જીભ જેની છે તે. ગરુડની જેમ લાંબી, અવક્ર, ઉન્નત નાસિકા વાળા. પદ્મવત્ વિકસિત, ધવલ, ક્વચિત્ દેશમાં પક્ષ્મવાળા લોચન જેના છે તે. આ જ વાતને વિસ્તારે છે. સૂર્ય કિરણથી વિકાસિત, જે પુંડરીક શ્વેત પદ્મ, તેના જેવા નયનવાળા. - x - કંઈક નમેલ જે ધનુષ્ તેની જેમ સંસ્થાન વિશેષ ભાવથી રમણીય, તનુ, શ્લક્ષ્ણ-પરિમિત-બાલપંક્ત્યાત્મકત્વથી પરમ કાલિમાયુક્ત, સ્નિગ્ધચ્છાય ભ્રમરવાળા - x - x - યથોક્ત પ્રમાણ સુજાત ભ્રમરવાળા છે. ક્વચિત્ એવો પાઠ પણ છે - નમેલા ધનુષ્વત્ મનોજ્ઞ કાળા મેઘની રેખા જેવી પાતળી, કાળી, સ્નિગ્ધ ભ્રમર જેની છે તે.

આલીન, પ્રમાણયુક્ત, કર્ણવાળા છે. તેથી જ શોભન શ્રવણવાળા, અકૃશ અને માંસલ કપોલદેશ - મુખનો દેશભાગ જેનો છે, તે અથવા કપોલ અવયવ. માંસલ. નિર્વ્રણ-ક્ષત રહિત, અવિષમ, તેથી જ મનોજ્ઞ, મસૃણ, અર્દ્ધ ચંદ્ર સમાન લલાટ જેનું છે તે. પ્રતિપૂર્ણ ચંદ્ર સમાન, સશ્રીક વદન જેનું છે તે. ઘન - અતિશય નિચિત, અતિશય બદ્ધ, મધ્યભાગમાં ઉન્નત-કૂટાકાર સ્વકર્મથી સંયોજિત મસ્તક જેમનું છે તે. છત્રાકાર ઉત્તમાંગરૂપ દેશ જેમનો છે તે. દાડમના પુષ્પના પ્રકાશ જેવું કે તપનીય સદૃશ. આગંતુક સ્વાભાવિક મલ રહિત કેશોત્પત્તિ સ્થાનરૂપ મસ્તકની ત્વચા જેની છે તેવા. - x - x - શાલ્મલિ વૃક્ષ, તેના ફળ તેની જેમ છોટિત છતાં ઘન-અતિશય નિચિત, પરિજ્ઞાનાભાવે સ્નેહ કેશપાશ કરતાં નથી. માત્ર છોટિતા પણ તથાસ્વભાવપણાથી શાલ્મલી બોંડાકારવત્ ઘન નિચિત રહે છે તથા મૃદુ, નિર્મળ, પ્રશસ્ત, સૂક્ષ્મ-શ્લક્ષ્ણ, લક્ષણવંત, પરમગંધયુક્ત હોવાથી સુંદર તથા ભુજમોચક-રત્ન, ભૃંગ, નીલ-મરકત મણિ, કાજળ, પ્રમુદિત એવો ભ્રમરગણ, તારુણ્યાવસ્થામાં

થાય છે, તેથી અતિ કૃષ્ણ એમ પ્રહૃષ્ટ ગ્રહણ - તેની જેમ સ્નિગ્ધ, નિકુરંબી ભૂત થઈ નિચિત, પણ વિસ્તૃત નહીં, કંઈક કુટિલ, પ્રદક્ષિણાવર્ત્ત મસ્તકના વાળ જેમના છે તેવા.

લક્ષણ-સ્વસ્તિકાદિ, વ્યંજન-મષ, તિલકાદિ, ગુણ–ક્ષાંતિ આદિ વડે યુક્ત સુનિષ્પન્ન-જન્મ દોષરહિતપણાથી સુજાત, અંગ-પ્રત્યંગ-ઉપાંગોના યથોક્ત વૈવિક્ત્ય ભાવથી સુરૂપ-શોભનરૂપ સમુદાયગત. પ્રાસાદીયાદિ પૂર્વવત્. *[પુરુષવર્ણન પૂરુ]*

ભદંત ઉત્તરકુરુની મનુષ્ય સ્ત્રીના કેવા આકાર ભાવ-પ્રત્યાવતાર સ્વરૂપ સંભવે છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! તે સુજાત-યથોક્ત પ્રમાણ યુક્તતાથી શોભન જન્મ જે સર્વે અંગો-ઉદર વગેરે, તેના વડે સુંદર આકારવાળી. અતિશયવાળા જે મહિલાગુણો - પ્રિયંવદત્વ, પતિના ચિત્તને અનુવર્તકપણુ આદિ, તેનાથી યુક્ત. કમનીય, નિર્મળ, મૃદુ, સુકુમાર, કાચબાની જેમ ઉન્નત્ત, વિશિષ્ટ લક્ષણયુક્ત ચરણ જેના છે તેવી. ઋજુ-મૃદુ-અકૃશ-માંસલ-સુશ્લિષ્ટ આંગળીઓ જેની છે તેવી.

ઉર્ધ્વ નમેલ, રમણીય, પાતળા, કંઈક લાલ, પવિત્ર, સ્નિગ્ધ નખો જેણીના છે તેવી. રોમરહિત, વર્તુળ, મનોજ્ઞ સંસ્થાન, ક્રમથી ઉર્દ્ધ, સ્થૂળ-સ્થૂળતર, અજઘન્ય પ્રશસ્ત લક્ષણ જંઘા યુગલવાળી - રોમરહિત, વૃત્ત, લષ્ટ, સંસ્થિત, અજઘન્ય પ્રશસ્ત લક્ષણ જંઘાયુગલ. અતિશયથી નિર્મિત અને માંસલતાથી અનુપલક્ષ્યમાણ જાનુમંડલ, સ્નાયુ વડે અતીવબદ્ધવાળી છે.

કદલી સ્તંભોથી અતિશાયિતાથી સંસ્થિત, નિર્વ્રણ-વિસ્ફોટકાદિ કૃત્ ક્ષતરહિત, સુકુમાર, મૃદુ, કોમલ, અતિવિમલ, સ્વાભાવિક આગંતુક મલ વેશથી પણ અકલંકિત, સમપ્રમાણ સંહત સુજાત – જન્મ દોષ રહિત, વર્તુળ, માંસલ, નિરંતર-ઉપચિત અવયવતાથી અપાંતરાલવર્જિત સાથળ જેણીના છે તેવી. શિલાપટ્ટકાદિવત્ સંસ્થિત પટ્ટસંસ્થિત પ્રશસ્ત લક્ષણ યુક્તત્વથી વિસ્તીર્ણ ઉર્દ્ધ-અધઃ પૃથુલ, દક્ષિણ-ઉત્તરથી કટિનો અગભાંગ જેણીનો છે તેવી. મુખના આયામ પ્રમાણથી – બાર અંગુલથી બમણું પ્રમાણ વિશાળ, વદનથી બમણું વિશાળ, માંસલથી ઉપચિત, અતિ સુબદ્ધ અવયવ પણ ઢીલા નહીં એવું શ્રેષ્ઠ જઘન, તેને ધારણ કરવાના સ્વભાવવાળી.

વજ્રની જેમ વિરાજિત, પ્રશસ્ત લક્ષણયુક્ત, વિકૃત ઉદર રહિત, ત્રણ વલયને વિશેષથી પ્રાપ્ત કરેલ એવી, તનુ-કૃશ, કંઈક નમેલ એવા મધ્યભાગવાળી. ઋજુકા, સમા, સંહિતા-સંતતા પણ અપાંતરાલ વ્યવચ્છિન્ન નહીં, પ્રધાના તન્વી પણ સ્થૂળ નહીં, કૃષ્ણા-મર્કટવર્ણી નહીં, સ્નિગ્ધ, દર્શનપથ પ્રાપ્ત થતાં ઉપાદેય-સુભગા. આને જ સમર્થન આપતા કહે છે લટહ-આદેય, સુવિભક્તા, જન્મદોષરહિતા, તેથી જ શોભતા, દીપ્ત, રમણીય રોમરાજિ જેની છે તેવી. ગંગાના આવર્ત, પ્રદક્ષિણાવર્ત, તરંગ ભંગુર સૂર્યકિરણથી બોધિત-વિકસિત પદ્મ સમાન, ગંભીર અને વિવૃત્ત નાભિવાળી.

અનુદ્‌ભટ, પ્રશસ્ત લક્ષણા, પીના, કુક્ષીવાળી. સન્નત પાર્શ્વ-સંગત પાર્શ્વ-સુજાત પાર્શ્વ આદિ પૂર્વવત્. કાંચન કળશવત્, સ્વશરીરાનુસારિપ્રમાણયુક્ત, સમ-એક હીન કે એક અધિક નહીં, સંહિત-અપાંતરાલ રહિત, સુજાત, મનોજ્ઞ એવી ચૂચુક,



આપીડક શેખર જેના છે તેવી. સમશ્રેણિક યુગલરૂપ વૃત્ત, કઠિન, અભિમુખ ઉન્નત, રતિકારી, સંસ્થિત એવા પયોધર જેણીના છે તેવી. અનુક્રમે તનુક, તેથી જ ગોપુચ્છવત્ વર્તુલ, સમપ્રમાણ, સ્વશરીર સંશ્લિષ્ટ નમેલ - સ્કંધ દેશના નમેલપણાથી. આદેય - અતિ સુભગતાથી ઉપાદેય. લલિત - મનોજ્ઞચેષ્ટા કલિત બાહુ જેણીના છે તેવી. તામ્ર-કંઈક રક્ત નખોવાળી.

માંસલ એવા બાહુના અગ્રભાગવર્તી હાથવાળી, ઉપચિત, કોમલ, પ્રમાણ લક્ષણયુક્ત, પ્રધાન આંગળીઓ જેની છે તેવી. સ્નિગ્ધ-હાથની રેખા જેણીની છે તેવી. સૂર્ય-ચંદ્ર-શુક્ર-સ્વસ્તિક-વિભક્ત સુરચિત હસ્તરેખાયુક્ત. ઉપચિત અવયવ, અભ્યુન્નત, કક્ષા-વક્ષ-બસ્તિરૂપ પ્રદેશો જેણીના છે તેવી. પ્રતિપૂર્ણ ગલક-પોલ જેણીનો છે તેવી. ચતુરંગુલ-સુપ્રમાણ ગ્રીવાવાળી, માંસલ-વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત-પ્રશસ્તલક્ષણ યુક્ત હનુક જેમની છે તેવી. દાડમના ફુલ જેવા પ્રકાશવાળા પ્રવર-સુભગ હોઠવાળી, દહીં, જલકણ, ચંદ્ર, કુંદ, વાસંતિકામુકુલ આ બધાંની જેમ ધવલ, છિદ્રરહિત, મલરહિત, દાંત જેના છે તેવી.

લાલ ઉત્પલવત્ લાલ, મૃદુ, સુકુમાર, તાલુ અને જિહ્વા જેણીના છે તેવી. અતિ સ્નિગ્ધતાથી શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણ સ્વેદકણથી આકીર્ણ, નાકના બંને ફોયણાં પણ યથોક્ત પ્રમાણ અને સંવૃત્તાકારપણાથી મુકુલાકાશ, અભ્યુન્નત, ઋજક, ઉચ્ચ નાક જેણીનું છે તે. શરદમાસમાં થનાર જે નવ કમલ, કુમુદ, કુવલયથી વિમુક્ત જે દલનિકર, તેની સદૃશ અર્થાત્ લાંબા દીર્ઘ મનોહારી નયન જે શારદીય અભિનવ કમલ-કુમુદ-કુવલયથી ઉત્પદ્ય બે પત્ર માફક અવસ્થિત હોય પ્રશસ્તલક્ષણયુક્ત નયન જેણીના છે તેવી. આ જ વાત કંઈક વિશેષાર્થે કહે છે. પત્રલ-ચપળ એવા, કોઈક પ્રદેશે કંઈક રક્ત લોચન જેણીના છે તે. કંઈક નમેલ ધનુષ્ જેવા રુચિર, કૃષ્ણ - x - સુજાત ભ્રમરોવાળી ઈત્યાદિ પૂર્વવત્.

ઉપચિત, મસૃણ, રમણીય, કપોલ રેખા જેણીની છે તે. ચતુષ્કોણ, પ્રશસ્ત-લક્ષણયુક્ત, ઉર્ધ્વ-અધોપણાથી સમ, દક્ષિણ-ઉત્તરપણે તુલ્ય પ્રમાણ લલાટવાળી. કાર્તિકી પૂનમમાં ચંદ્રની જેમ વિમલ, પ્રતિપૂર્ણ, સૌમ્ય વદનવાળી. છત્રની જેમ મધ્યમાં ઉન્નત્ત ઉત્તમાંગવાળી. કુટિલ, સુસ્નિગ્ધ, દીર્ઘ વાળવાળી. છત્ર-ધ્વજ-યૂપ-સ્તૂપ-દામની-કમંડલુ-કળશ-વાપી-સૌવસ્તિક-પતાકા-યવ-મત્સ્ય કૂર્મ-રથ-શ્રેષ્ઠમગર-શુક - x - x - ઈત્યાદિ પ્રધાન અને સામુદ્રીક શાસ્ત્રોમાં પ્રશંસા કરાયેલ એવા બત્રીશ લક્ષણને ધારણ કરનારી. હંસના જેવી ગતિવાળી. કોકિલાની જેમ મધુર ગાયન ગાતી એવી સુસ્વરા. કમનીયા, નીકટવર્તી લોકોને અનુમત.

તથા કડચલી-વલી અને પલિત-પળીયાથી રહિત, વ્યઙ્ગ, દુર્વર્ણ, વ્યાધિ, દૌર્ભાગ્ય, શોકથી મુક્ત. સ્વભાવથી શ્રૃંગારરૂપ અને પ્રધાન વેષ જેણીનો છે તેવી, તથા સુશ્લિષ્ટ એવું જે ગમન-હંસલી ગમન માફક. હસવું તે કપોલ વિકાસી અને પ્રેમસંદર્શી, ભણન ગંભીર-મન્મથને ઉદ્દીપ્તકર્તા. ચેષ્ટિત-સકામ અંગ પ્રત્યંગ દેખાડવા આદિ. વિલાસ-નેત્રવિકાર, સંલાપ-પતિ સાથે હાસ્ય અને કામ સહિત સ્વહૃદય

પ્રત્યર્પણક્ષમ પરસ્પર સંભાષણ, પરમ નૈપુણ્યતા યુક્ત શેષ ઉપચાર તેમાં કુશળ. આ બધાં વિશેષણ સ્વ પતિ પ્રત્યે જાણવા, પરપુરુષ પ્રત્યે નહીં. તથા ક્ષેત્ર સ્વાભાવ્યથી પાતળા કામપણા થકી પરપુરુષ પ્રતિ તે અભિલાષનો અસંભવ છે.

પૂર્વોક્ત અર્થને સાથે કહે છે — શ્રેષ્ઠ સ્તન, જઘન, વદન, હાથ-પગ, નયન, લાવણ્ય, વર્ણ યૌવન વિલાસ યુક્ત. નંદનવને ફરતી અપ્સરા જેવી, જોવામાં આશ્ચર્યકારી, પ્રાસાદીયાદિ પૂર્વવત્.

હવે સ્ત્રી-પુરુષ વિશેષ અંતર વિના સામાન્યથી મનુષ્યોના સ્વરૂપને જણાવવાને કહે છે — તે ઉત્તરકુરુ નિવાસી મનુષ્યો ઓઘપ્રવાહી સ્વરવાળા, હંસની જેમ મધુર સ્વરવાળા, ક્રૌંચની જેમ દીર્ઘ-દેશવ્યાપી સ્વરવાળા, એ પ્રમાણે સિંહસ્વરા-દુંદુભિસ્વરા-નંદિસ્વરા નંદીની જેમ ઘોષ જેમાં છે તે નંદીઘોષ, પ્રિય સ્વર જેમાં છે તે મંજુસ્વરા. મંજુઘોષા ઈત્યાદિ. પદ્મ-કમલ, નીલોત્પલ અથવા પદ્મ નામક ગંધ દ્રવ્ય, ઉત્પલકુષ્ઠ, તેમની સુગંધ સદૃશ જે નિઃશ્વાસ, તેનાથી સુરભિગંધી વદન જેમનું છે તેવા. ઉદાત્તવર્ણ અને સુકુમારત્વચાયુક્ત.

તથા નીરોગી, ઉત્તમ લક્ષણોયુક્ત, કર્મભૂમક મનુષ્યોની અપેક્ષા અતિશાયી, તેથી જ નિરુપમ શરીર જેમનું છે તેવા. આ જ વાત વિશેષથી કહે છે — જતા લાગે તે જલ્લ, સ્વલ્પ પ્રયત્નથી જે દૂર થાય તેવો આ મલ, તે જલ્લમલ, કલંક-દુષ્ટતિલક કે ચિત્રાદિ, સ્વેદ-પરસેવો, રેણુ, માલિન્યકારિણી ચેષ્ટા, તેને વર્જીને. નિરુપલેપ-મૂત્ર વિષ્ઠાદિ ઉપલેપરહિત શરીર જેમનું છે તેવા નિરૂપલેપશરીરી.

શરીરની પ્રભાથી ઉદ્યોતિત અંગ-પ્રત્યંગ જેમના છે તે. અનુકૂળ વાયુવેગ-શરીર અંતર્વર્તિ વાયુ વેગ જેમને છે તે અર્થાત્ વાયુગુલ્મરહિત ઉદરમધ્ય પ્રદેશવાળા. - x - કંક-પક્ષી વિશેષ, તેની જેમ ગ્રહણી-ગુદાશય, નીરોગ વર્ચ્ચસ્કતા જેમને છે તે. કપોત-પક્ષી વિશેષની જેમ આહારનું પરિણમનવાળા. કેમકે કબૂતર ને જ જઠરાગ્નિથી પત્થર પણ ઓગળી જાય છે, તેવી શ્રુતિ છે. એ પ્રમાણે તેમને અર્ગલા આહાર ગ્રહણ છતાં અજીર્ણ દોષ ન થાય.

શકુનિ-પક્ષીવત્ પુરીષોત્સર્ગમાં નિર્લેપતા હોય. પોસ - અપાન દેશ. પુરુષ જેના વડે ઉત્સર્જન કરે તે પુરીષોત્સર્ગ. - x - x - મુઠ્ઠીમાં ગ્રાહ્ય એવી ઉન્નત કુક્ષિ જેમની છે તેવા. વજ્રઋષભ નારાચ સંહનનવાળા, સમચતુરસ્ર સંસ્થાનથી સંસ્થિત. છ હજાર ધનુષ્ - ત્રણ ગાઉ પ્રમાણ ઉંચા૦ છે. વળી તે ઉત્તરકુરુમાં રહેનારા મનુષ્યો ૨૫૬ પાંસળીવાળા હોય છે તેમ કહ્યું છે.

તે ઉત્તરકુરુમાં વસતા મનુષ્યો સ્વભાવથી ભદ્રક-બીજાને અનુતાપ હેતુ મન-વચન-કાયાની ચેષ્ટા વિનાના, સ્વભાવથી પણ પરઉપદેશથી નહીં તેમ બીજાને ભય ન પમાડનારા. વળી સ્વભાવથી અતિમંદીભૂત ક્રોધ-માન-માયા-લોભવાળા છે. તેથી જ મનોજ્ઞ-સુખાવહ પરિણામ છે, જે માર્દવથી સંપન્ન તે મૃદુ માર્દવ સંપન્ન, કપટ માર્દવયુક્ત નહીં. ચોતરફની બધી ક્રિયામાં ગુપ્ત તે આલીન. ભદ્રક-સકલ તે ક્ષેત્રોચિત કલ્યાણ ભાગી. વિનીત-મોટા પુરુષને વિનય કરવાના સ્વભાવવાળા. અલ્પેચ્છામણિ કનકાદિ



વિષય પ્રતિબંધ રહિત. તેથી જ તેમને સંનિધિરૂપ સંચય વિધમાન નથી. શાખાના અંતરમાં પ્રાસાદાદિ આકૃતિમાં સદાકાળને માટે તેમનો આવાસ છે, મનોવાંછિત શબ્દાદિ કામોને ભોગવવાના સ્વભાવવાળા તે ઉત્તરકુરુવાસીઓ છે.

ભગવન્ ! તે ઉત્તરકુરુમાં રહેનારા મનુષ્યોને કેટલો કાળ ગયા પછી આહારેચ્છા થાય છે ? આહારલક્ષણ પ્રયોજન ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! આઠ ભક્ત ગયા પછી આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! તે ઉત્તરકુરુવાસીઓ શો આહાર કરે છે ? ગૌતમ ! પૃથ્વી પુષ્પફલ-કલ્પવૃક્ષોનો આહાર તેમને છે. ભગવન્ ! તે પૃથ્વીનો કેવો આસ્વાદ કહ્યો છે ? ગૌતમ ! લોકમાં પ્રસિદ્ધ એવા - x - x - ગોળ, શર્કરા, મત્સ્યંડી-ખાંડ શર્કરા, પર્પટ મોદક, બિસકંદ, પુષ્પોત્તર, પદ્મોત્તર ઈત્યાદિ - x - ચાતુરક્ય-ચતુઃ સ્થાન પરિણામ પર્યન્ત, પુંડ્રદેશોદ્ભાવ ઈક્ષુચારિણી કાળી ગાયનું જે દૂધ - x - x - ઈત્યાદિ તે ચતુઃસ્થાન પરિણામ પર્યન્ત, એ પ્રમાણે જે ચાતુરક્ય ગોક્ષીર ખાંડ ગોળ મત્સ્યંડી યુક્ત. અહીં ખાંડ આદિ વડે સુરસતાને પ્રાપ્ત કરે છે. મંદ અગ્નિ વડે કથિત તે મંદાગ્નિકથિત. અત્યગ્નિ કથિત વિરસ અને વિગંધાદિ થાય છે. તેથી મંદનું ગ્રહણ કર્યુ. હવે વર્ણાદિ અતિશય પ્રતિપાદનાર્થે કહે છે —

સામર્થ્યના અતિશાયીથી અન્યથા વર્ણોપાદાન વડે અર્થક્યાપત્તિથી યુક્ત થાય [?] એ પ્રમાણે ગંધ-રસ-સ્પર્શ વડે પણ અતિશાયીપણાથી યુક્ત જાણવું. આવું કહ્યું ત્યારે ગૌતમે પૂછ્યું — ભગવન્ ! શું પૃથ્વીનો આસ્વાદ આવો હોય ? ભગવંતે કહ્યું — ના, આ અર્થ સમર્થ નથી. તે પૃથ્વીનો સ્વાદ, આ ગોળ-શર્કરાદિથી પણ ઈષ્ટતર છે. યાવત્ શબ્દથી કાંતતર, પ્રિયતર, મણામતર એવો આસ્વાદ કહ્યો છે, તેમ જાણવું.

પુષ્પ, ફળ આદિના આસ્વાદને પૂછતાં કહે છે — ગૌતમ ! જેમ કોઈ રાજા હોય, તે લોકમાં કેટલાંક દેશનો અધિપતિ થાય, પછી ચાતુરંત ચક્રવર્તી - x - રાજા થાય. તેના એકાંત સુખાવહ ભોજન, જે લાખ મુદ્રાથી નિષ્પન્ન થાય, તે વર્ણ-ગંધ-રસ અને સ્પર્શથી અતિશયવાળું હોય છે. સામાન્યથી આસ્વાદનીય અને વિશેષથી તેના રસના પ્રકર્ષને આશ્રીને દીપનીય-અગ્નિવૃદ્ધિકર હોય. તેમાં જઠરાગ્નિને દીપ્ત કરે તે દીપનીય. એ રીતે ઉત્સાહવૃદ્ધિ હેતુથી દર્પણીય. મન્મથના જનનથી મદનીય, ધાતુ ઉપચયકારીત્વથી બૃંહણીય, સર્વે ઈન્દ્રિય અને ગાત્રને પ્રહ્લાદનીય હોય છે - x - ત્યારે ગૌતમે કહ્યું — શું આવો તે પુષ્પ ફળોનો આસ્વાદ છે ? ના, આર્થ સમર્થ નથી. તે પુષ્પફળોનો સ્વાદ, તેનાથી ઈષ્ટતર છે.

ભગવન્ ! અનંતરોક્ત આહાર કરીને તે મનુષ્યો ક્યાં વસે છે ? ક્યાં રહે છે ? ગૌતમ ! વૃક્ષરૂપ ગૃહ આશ્રય જેમને છે તે વૃક્ષ ગૃહાલયા તે મનુષ્યો કહેલા છે. તે વૃક્ષો કઈ રીતે સંસ્થિત છે ? ગૌતમ ! કેટલાંક કૂટાકાર-શિખરાકાર સંસ્થિત છે. કેટલાંક પ્રેક્ષાગૃહ સંસ્થિત છે, કેટલાંક આકાશછત્ર સંસ્થિત છે. કેટલાંક ધ્વજ સંસ્થિત છે, કેટલાંક સ્તૂપ સંસ્થિત છે, કેટલાંક તોરણ સંસ્થિત છે, કેટલાંક ગોપુર સંસ્થિત છે, કેટલાંક વેદિકા સંસ્થાન સંસ્થિત છે. તેમાં વેદિકા-ઉપવેશન યોગ્ય ભૂમિ,

કેટલાંક ચોપ્પાલ સંસ્થિત છે. કેટલાંક અટ્ટાલક સંસ્થાન સંસ્થિત છે. વીથી - માર્ગ કેટલાંક પ્રાસાદ સંસ્થિત છે. રાજા અને દેવતાના ભવનો તે પ્રાસાદો અથવા ઘણાં ઉત્સેધવાળા તે પ્રાસાદ. હર્મ્ય-શિખરરહિત, ધનવાનના ભવનો. કેટલાંક ગવાક્ષ સંસ્થિત છે. કેટલાંક વાલાગ્રપોતિકા સંસ્થિત છે. વાલાગ્રપોતિકા-તળાવાદિમાં પાણી ઉપરનો પ્રાસાદ. કેટલાંક વલભી સંસ્થિત છે. વલભી-ગૃહનું આચ્છાદન, કેટલાંક વરભવન વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત છે. - x - તે શુભ અને શીતલ છાયાવાળા દ્રુમગણો છે.

ભગવન્ ! શું ઉત્તરકુરુમાં ગૃહો કે આવા ગૃહ સમાન ગૃહાયતન - તે ગૃહોમાં તે મનુષ્યોના આયતન છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. તે મનુષ્ય વૃક્ષરૂપ ગૃહાલયવાળા કહ્યા છે.

ભગવન્ ! શું ઉત્તરકુરુમાં ગામ યાવત્ સન્નિવેશ છે ? યાવત્ શબ્દથી નગરાદિ પણ લેવા, જે બુદ્ધ્યાદિ ગુણોને ગ્રસે તે ગ્રામ અથવા શાસ્ત્રપ્રસિદ્ધ અઢાર કરો જેમાં છે તે ગ્રામ. જેમાં કર વિદ્યમાન નથી તે નગર. નિગમ - વણિક્ વર્ગાવાસ, ખેટ-પાંશુ પ્રાકાર નિબદ્ધ, કર્બટ-ક્ષુલ્લ પ્રાકાર વેષ્ટિત. મડંબ-અઢી ગાઉમાં કોઈ ગામ ન હોય તે. પટ્ટન કે પત્તન. તેમાં પટ્ટન-નૌકા વડે જ્યાં જવાય તે. પણ જ્યાં ગાડાં-ઘોડા-નાવ વડે જવાય તે પતન. - x - દ્રોણમુખ-બહુલતાએ જલનિર્ગમ પ્રવેશ. આકર-ખાણ, આશ્રમ-તાપસાદિનું આશ્રયસ્થાન, સંબાધ-યાત્રામાં આવેલનો નિવેશ. રાજધાની - જે નગરાદિમાં સ્વયં રાજા વસતો હોય. સન્નિવેશ - જેમાં સાર્થાદિનો આવાસ હોય. - - - ગૌતમ ! ઉત્તરકુરુમાં ગામ યાવત્ સન્નિવેશ ન હોય. કેમકે તેમનો આ ઈચ્છા વિષય જ નથી. તેઓ સ્વેચ્છાએ ગમન કરવાના સ્વભાવવાળા છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં અસિ ઉપલક્ષિત સેવક-પુરુષો, મષી ઉપલક્ષિત લેખનજીવી, કૃષિથી કૃષિ કર્મોપજીવી, પણ્યક્રય વિક્રયોપજીવી, વાણિજ્યકલા ઉપજીવી (એ બધાં) હોય છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. તેઓ અસિ-મષી-કૃષિ-વાણિજ્ય રહિત છે.

ભગવન્ ! શું ઉત્તરકુરુમાં હિરણ્ય-અઘડિત સોનું, કાંસ્ય ભાજન જાતિ, વસ્ત્ર જાતિ, મણિ-મોતી-શંખ-શિલા-પ્રવાલ-વિદ્યમાન ધન આદિ છે ? હા, ગૌતમ ! છે. પણ તે મનુષ્યોને તે વિષયમાં તીવ્ર મમત્વભાવ થતો નથી. કેમકે તેઓ મંદ રાગાદિ છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં રાજા-ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, મહામાંડલિક, યુવરાજ, ભોગિકાદિ ઈશ્વર અથવા અણિમાદિ અષ્ટવિધ ઐશ્વર્ય યુક્ત ઈશ્વર, તલવર - રાજા જેને ખુશ થઈને મસ્તકને સુવર્ણપટ્ટ વિભૂષિત કરે, કૌટુંબિક-કેટલાંક કુટુંબનો વડો, માડંબિક-મડંબ સ્થાનનો અધિપતિ. - x - ઈભ્ય-હાથી પ્રમાણ દ્રવ્યને યોગ્ય. શ્રેષ્ઠી-શ્રી દેવતા અધ્યાસિત સુવર્ણપટ્ટ વિભૂષિત મસ્તકવાળા પુરજ્યેષ્ઠ વણિક્ વિશેષ. સેનાપતિ-હાથી, રથ, પદાતિ લક્ષણ સેનાના સ્વામી, સાર્થવાહ-ગણિમાદિ દ્રવ્યને લઈને લાભાર્થે જે બીજા દેશમાં જાય છે, નૃપને બહુમાન્ય, પ્રસિદ્ધ, દીન-અનાથોના વત્સલ, તે લોકમાં ધાન્ય સાર્થવાહ કહેવાયો સાર્થવાહના આ લક્ષણ છે. ભગવંતે કહ્યું — ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, ઉત્તરકુરુના મનુષ્યો "ઋદ્ધિ સત્કાર અર્થાત્ વૈભવ અને સેવ્યતા લક્ષણથી રહિત છે.



ભગવન્ ! ઉત્તરકુરુમાં દાસ-ઘરેણાં ખરીદ-વેચ કરનાર, પ્રેષ્ય-મોકલવા યોગ્ય, શિષ્ય-ઉપાધ્યાયનો ઉપાસક, ભૃતક-નિયતકાળને આશ્રીને વેતનથી કર્મ કરવાને રાખેલ, ભાગિક-ભાગીયો, કર્મકાર-લુહારાદિ કર્મ કરનાર, આ બધાં છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. આભિયોગ્યપણાથી રહિત તે મનુષ્યો છે. કર્મમાં અભિમુખ યોજાય કે પ્રવૃત્તિ કરાવાય તે આભિયોગ્ય. હે આયુષ્યમાન્ શ્રમણ ! તેઓમાં આભિયોગ્યત્વ નથી.

ભગવન્ ! ઉત્તરકુરુમાં માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ આદિ છે ? તેમાં માતા-જનની, પિતા-જનક, સહોદર-ભાઈ, સહોદરી-બહેન, વધૂ-પત્ની, સુત-પુત્ર, સુતા-પુત્રી, સ્નૂષા-પુત્રવધૂ એ બધાં છે. તેથી જ કહ્યું છે કે જે જન્મ આપે તે જનની, જે બીજ સીંચે તે પિતા, સાથે જન્મે તે એક માતા-પિતાપણાથી ભાઈ કે બહેન, ભોગ્યપણાથી પત્ની ઈત્યાદિ છે, પણ તે મનુષ્યોમાં તીવ્ર પ્રેમરૂપ બંધન હોતું નથી. ક્ષેત્રની સ્વાભાવિકતાથી તેઓ પાતળા પ્રેમબંધનવાળા મનુષ્યો છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં અરિ — શત્રુ, વૈરી-જાતિ બદ્ધ વૈરવાળા, ઘાતક-બીજાને હણે, વધક-સ્વયં હણે. પ્રત્યનીક - છિદ્રાન્વેષી, પ્રત્યમિત્ર-પહેલા મિત્ર થઈ પછી મિત્ર થાય. ભગવંતે કહ્યું — આ અર્થ સમર્થ નથી, તે મનુષ્યગણ ચાલ્યા ગયેલા વૈરાનુબંધવાળા કહેલા છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં મિત્ર-સ્નેહ વિષય, વયસ્ય-માનવતા સહિત ગાઢતર સ્નેહવિષય, સખા - સમાન ખાન-પાન ગાઢતમ સ્નેહનું સ્થાન છે. સુહૃત્ - મિત્ર, સકલ કાલ અવ્યભિચારી અને હિતોપદેશ દેનાર. સાંગતિક - સંગતિ માત્ર. ભગવંતે કહ્યું — આવો સંબંધ ભાવ ન હોય, કેમકે તે મનુષ્ય સ્નેહરાગ રહિત છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં નાટકોમાં નાટક કરનારાની પ્રેક્ષા તે નટપ્રેક્ષા કે નૃત્યપ્રેક્ષા, નૃત્ય કરનારાને જોવાં તે. જલ્લ-વરત્ર આખેલક અથવા રાજાના સ્તોત્ર પાઠકો, તેમની પ્રેક્ષા. મલ્લપ્રેક્ષા, મૌષ્ટિક-મલ્લ વિશેષ જે મુષ્ટિ વડે પ્રહાર કરે છે, તેની પ્રેક્ષા. વિડંબક-વિદૂષક, વિવિધ વેશ કરનારની પ્રેક્ષા. કથનપ્રેક્ષા, પ્લવક - જે ખાડો આદિને ઝંપલાવીને ઓળંગી જાય કે નદી આદિને તરી જાય તેની પ્રેક્ષા. લાસક - રાસને ગાનારા કે જય શબ્દને બોલનારા અથવા ભાંડ, તેમની પ્રેક્ષા, આખ્યાયક - જે શુભાશુભને કહે છે, તેમની પ્રેક્ષા. લંખ-જે મહાવંશાગ્રને આરોહીને નૃત્ય કરે છે, તેમની પ્રેક્ષા. મંખપ્રેક્ષા-જે ચિત્રપટ્ટાદિ હાથમાં લઈ ભિક્ષા કરે છે. તૂણઈલ્લ-તૂણ નામક વાદ્ય વિશેષ તેની પ્રેક્ષા, તુંબવીણાવાદકની પ્રેક્ષા. કાવડિ વાહક, તેની પ્રેક્ષા. માગધ-બંદિભૂત તેમની પ્રેક્ષા. ભગવંતે કહ્યું — તે મનુષ્યોને આ કશું ન હોય, કેમકે તેઓ કૌતુકરહિત છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં ઈન્દ્ર-શક્રનો મહોત્સવ-પ્રતિ નિયત દિવસભાવી ઉત્સવ, સ્કંદ-કાર્તિકેય મહોત્સવ, એ રીતે રુદ્ર, શિવ-દેવતા વિશેષ, વૈશ્રમણ-ઉત્તરદિશાનો લોકપાલ, નાગ-ભવનપતિ વિશેષ, યક્ષ અને ભૂત-વ્યંતર વિશેષ, મકુંદ-બળદેવ આ બધાંનો મહોત્સવ. કૂવા-તળાવ-નદી-દ્રહ-પર્વત-ચૈત્ય-સ્તૂપનો મહોત્સવ. ભગવંતે કહ્યું.

આ અર્થ સમર્થ નથી. તે મનુષ્યો મહોત્સવાદિ રહિત કહેલા છે.

ઉત્તરકુરુમાં શકટાદિ હોય ? શકટ - ગાડું, રથ-બે પ્રકારે છે યાન રથ, સંગ્રામ રથ. તેમાં સંગ્રામરથને પ્રાકારાનુકારી, ફલકમયી વેદિકા હોય, બીજા રથમાં તે ન હોય. યાન-ગાડુ આદિ, યુગ્ય - બે હાથ પ્રમાણ, ચોખૂણી વેદિકાથી ઉપશોભિત જંપાન, ગિલ્લી-હાથી ઉપરની અંબાડીરૂપ, થિલ્લી-અઙ પલાણને બીજા દેશમાં થિલ્લી કહે છે. શિબિકા - કૂટાકાર આચ્છાદિત જંપાન, સ્યંદમાનિકા-પુરુષ પ્રમાણ જંપાન વિશેષ. ભગવંતે કહ્યું — આમાંનું કશું જ ન હોય, કેમકે તે મનુષ્યો પગે ચાલનારા કહેલા છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં ઘોડા, હાથી, ઉંટ, બળદ, પાડા, ગધેડા, ઘોટક આદિ હોય ? અહીં અશ્વ - જન્મથી જલ્દી ગમન કરનાર, ખર - ગધેડો, આદિ અર્થ છે. ભગવંતે કહ્યું — તે બધાં છે, પણ તેઓ મનુષ્યોને પરિભોગ્યપણે જલ્દી આવતા નથી.

ભગવન્ ! ઉત્તરકુરુમાં ગાય, ભેંસ, ઉંટડી, બકરી, ઘેટી આદિ હોય ? હા, હોય, પણ તે મનુષ્યને કામમાં ન આવે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં સિંહો, વાઘ, વરુ, ચિત્તા, ઋક્ષા, પરાશર, શીયાળ, બીલાડા, શુનક, કાળશુનક, કોકંતિક, લોંકડી, સસલા, ચિલ્લલ આદિ હોય ? ભગવંતે કહ્યું — હોય, પણ તેઓ પરસ્પરને કે મનુષ્યને કંઈપણ આબાધા, પ્રબાધા, છવિચ્છેદ કરી શકતા નથી. તે શ્વાપદો પ્રકૃતિભદ્રક કહેવાયેલા છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં શાલિ, ઘઉં, ડાંગર, જવ, તલ, શેરડી આદિ છે ? હા, છે. પણ તે મનુષ્યને પરિભોગપણે આવતી નથી. - - - ભગવન્ ! ઉત્તરકુરુમાં સ્થાણુ, કંટક, હીર-લઘુ કુત્સિત તૃણ, શર્કરા-કાંકરા, તૃણ, કચરો આદિ અશુચિ-શરીર મલાદિ, પૂતિ-કુથિત સ્વ સ્વભાવ ચલિત ત્રણ દિવસના વટક આદિવત્. દુરભિગંધ-મૃતક્લેવરાદિ, અચોક્ષ-અપવિત્ર અસ્થિ આદિવત્ છે ? ભગવંતે કહ્યું — આ અર્થ સમર્થ નથી. 'ઉત્તરકુરુ' ક્ષેત્ર સ્થાણુ, કંટક, હીર, કાંકરા ઈત્યાદિથી રહિત છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં ગર્ત્તા - મોટો ખાડો, દરી-ઉંદર આદિથી કરાયેલ નાના ખાડા, ઘસી-ભૂરાજિ, ભૃગુ-પ્રપાતસ્થાન, વિષમ-દુરારોહ-અવરોહ સ્થાન, ધૂળ, કાદવ, ચલણી - માત્ર પગને સ્પર્શે તેટલો કાદવ છે ? ભગવંતે કહ્યું — આ અર્થ સમર્થ નથી. ઉત્તરકુરુમાં બહુસમરમણીય ભૂભાગ કહેલ છે.

ભગવન્ ! 'ઉત્તરકુરુ' ક્ષેત્રમાં દંસ, મસક, ઢંકુણ, પિશુકા-ચાંચડ, યૂકા, લીંખ છે ? ભગવંતે કહ્યું — આ અર્થ સમર્થ નથી. કેમકે 'ઉત્તરકુરુ' ક્ષેત્ર ઉપદ્રવ રહિત કહેલ છે. - - - ભગવન્ ! ઉત્તરકુરુમાં અજગર, મહોરગાદિ છે ? હા, છે. પણ તેઓ અન્યોન્ય કે મનુષ્યોને કંઈ આબાધા, વ્યાબાધા, છવિચ્છેદ કરતા નથી. તે સર્પગણને હે આયુષ્યમાન્ શ્રમણ ! પ્રકૃતિથી ભદ્રક કહેલ છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં દંડાકાર વ્યવસ્થિત ગ્રહ-ગ્રહદંડ, તે અનર્થ ઉપનિપાત હેતુપણે પ્રતિષેધ્ય છે, સ્વરૂપથી નહીં, એ પ્રમાણે ગ્રહમુશલ, ગ્રહંગર્જિત-ગ્રહચારહેતુક ગર્જિત, આ સ્વરૂપ થકી પણ પ્રતિષેધ્ય છે. ગ્રહયુદ્ધ-એક ગ્રહ અન્ય ગ્રહની મધ્યે





જાય, ગ્રહસંઘાટક, ગ્રહાપસવ્યાનિ [તથા] અભ્રાણિ-સામાન્યકારથી પ્રતીત, અભ્રવૃક્ષ-વૃક્ષાકારે પરિણત અભ્ર, સંધ્યા-સંધ્યાકાળે નીલાદિ અભ્રપરિણતરૂપ, ગંધર્વનગર-સુર સદન પ્રાસાદ ઉપશોભિત નગરાકારપણે તથાવિધ નભઃપરિણત પુદ્ગલ રાશિરૂપ આ બધું પણ ત્યાં સ્વરૂપથી ન હોય. ગર્જિત વિદ્યુત્, ઉલ્કાપાત-આકાશમાં સંમૂર્છિત જ્વલન પડવારૂપ. દિગ્દાહ-કોઈ દિશામાં છિન્નમૂલ જ્વલન જ્વાલા કરાલિત અંબર પ્રતિભાસરૂપ, નિર્ઘાત-વિદ્યુત્નો પ્રપાત, પાંશુવૃષ્ટિ-ધૂળની વર્ષા, યક્ષદીપ્તક - આકાશમાં દૃશ્યમાન અગ્નિસહિત પિશાચ. ધૂમિકા-રૂક્ષ, પ્રવિરલ, ધૂમાભા, સ્નિગ્ધ ઘન ઘનત્વથી ભૂમિમાં પડેલ - x - મહિકા રજોદ્ઘાત.

[તથા] ચંદ્રોપરાગ-ચંદ્રગ્રહણ, સૂર્યોપરાગ-સૂર્યગ્રહણ, અહીં ગર્જિત, વિદ્યુત્, ઉલ્કા, દિગ્દાહ, નિર્ઘાત ઇત્યાદિનો સ્વરૂપથી પણ પ્રતિષેધ છે. તેમાં ચંદ્ર-સૂર્ય ગ્રહણ અનર્થ ઉપનિપાતના હેતુપણે નિષેધ જાણવો. કેમકે સ્વરૂપથી તે બંનેનો પ્રતિષેધ અશક્ય છે. જંબૂદ્વીપના જ સૂર્ય-ચંદ્ર ત્યાં પ્રકાશે છે. એક ચંદ્ર કે સૂર્યના ગ્રહણથી સકલ મનુષ્યલોકમાં ચંદ્ર-સૂર્ય ગ્રહણ થતાં સ્વરૂપથી ચંદ્ર-સૂર્યના ગ્રહણનો પ્રતિષેધ સંભવતો નથી. ચંદ્ર સૂર્યપરિવેષ-ચંદ્ર કે સૂર્યના ફરતી વલયાકાર પરિણતિરૂપ પ્રસિદ્ધ છે.

પ્રતિચંદ્ર - ઉત્પાદાદિ સૂચક બીજો ચંદ્ર, એ રીતે બીજો સૂર્ય. ઈન્દ્રધનુષ્, ઉદકમત્સ્ય, કપિહસિત-અકસ્માત આકાશમાં જ્વલત્-ભીમ શબ્દરૂપ, અમોઘ-સૂર્યબિંબની નીચે કદાચિત દેખાતું શકટની ઉદ્ધિ સંસ્થિત શ્યામાદિ રેખા. આવા ચંદ્પરિવેષાદિ સ્વરૂપથી પણ પ્રતિષેધ્ય છે. પૂર્વનો વાયુ-પશ્ચિમનો વાયુ ઈત્યાદિ વાયુ અસુખહેતુરૂપ કે વિકૃતરૂપ હોતા નથી. સામાન્યથી તેનો નિષેધ કરેલ નથી. કેમકે પૂર્વાદિ વાયુ તો ત્યાં પણ હોય છે. ગ્રામદાહ, નગર દાહ ઈત્યાદિ, દાહકૃત્થી પ્રાણક્ષય, ભૂતક્ષય કુળક્ષય, આ બધું સ્વરૂપથી પણ પ્રતિષેધ્ય છે. કોઈનો અનર્થ હેતુપણે અને કોઈનો સ્વરૂપથી નિષેધ છે, તેમ ભગવંતે કહ્યું છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં ડિંબ-સ્વદેશોત્થા વિપ્લવ, ડમર-પરરાજથી કૃત્, કલહ-વાક્યુદ્ધ, બોલ-ઘણાં પીડિતોનો કલકલપૂર્વકનો મેળાપક, ક્ષાર-પરસ્પર માત્સર્ય, વૈર-પરસ્પરની અસહનતાથી હિંસ્ય-હિંસક ભાવ અધ્યવસાય, મહાયુદ્ધ-પરસ્પર મરાતા-મારતા વડે યુદ્ધ, મહાસંગ્રામાદિ, મહાસન્નાહ, મહાપુરુષ કે મહાશસ્ત્રનું નિપતન-નાગ બાણાદિથી દિવ્ય અસ્ત્રોનું પ્રક્ષેપણ, અદ્ભુત વિચિત્ર શક્તિને કારણે નાગબાણાદિ એ જ મહાશસ્ત્રો છે. તેથી કહે છે કે — ધનુષ્ય આરોપિત નાગબાણ મૂકતા તે જાજ્વલ્યમાન, અસહ્ય, ઉલ્કાદંડરૂપ, બીજાના શરીરે નાગમૂર્તિરૂપ બંધન કરે છે. તામસ બાણથી બધી સંગ્રામભૂમિમાં મહાંધતમસરૂપતા થાય છે. - x - x -ઈત્યાદિ. ભગવંતે કહ્યું કે આ અર્થ સમર્થ નથી. કેમકે હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો આ ડિંબ-ડમરાદિથી રહિત છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં દૂર્મૂત-અશિવ, કુલરોગ, મંડલરોગ. શિરો-અક્ષિ-કર્ણ-નખ-દંત વેદના છે ? કાશ, શ્વાસ, શોષ, જ્વર, દાહ, કચ્છૂ, ખસર, કુષ્ઠ, અર્શ, અજીર્ણ, ભગંદરાદિ છે ? સ્કંધ-કુમાર-નાગ-યક્ષ-ભૂત-ધનુર્ગ્રહાદિ છે ? ઉદ્વેગ,

એકાહિતકથી ચતુર્થક તાવ, હૃદય-મસ્તક-પાર્શ્વ-કુક્ષિ-યોનિશૂલાદિ, નગરનિગમ યાવત્ સંનિવેશમારિ આદિ છે ? મારિકૃત્ પ્રાણ-જન-ધન-કુળ ક્ષયાદિ છે ? ભગવંતે કહ્યું – આ અર્થ સમર્થ નથી. કેમકે તે મનુષ્યો રોગ-આતંક આદિથી રહિત છે.

ભગવન્ ! ઉત્તરકુરુમાં રહેતા મનુષ્યોની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી દેશોન ત્રણ પલ્યોપમ. તેમાં દેશોન એટલે પલ્યોપમનો અસંખ્યાત ભાગ. ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ.

ભગવન્ ! ઉત્તરકુરુમાં રહેતા મનુષ્યો કાળમાસે મરણ કરીને ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! તે મનુષ્યો છ માસ આયુ બાકી રહેતા પરભવના આયુનો બંધ કરીને, સ્વકાળે યુગલને જન્મ આપે. પછી ૪૯ અહોરાત્ર તે યુગલને પાળે, પાળીને ખાંસી-છીંક કે બગાસુ ખાતાં, સ્વશરીરમાં કલેશથી રહિત, બીજા દ્વારા અપાતા દુઃખથી રહિત, પોતાને કે બીજાને મન-વચન-કાયાનો પરિતાપ ઉપજાવ્યા વિના કાળમાસે કાળ કરી, ભવનપતિ આદિ આશ્રય રૂપ તથાક્ષેત્ર સ્વાભાવ્ય, તદ્યોગ્ય આયુ બાંધીને દેવલોકે જાય.

ભગવન્ ! ઉત્તરકુરુમાં જાતિભેદથી કેટલા પ્રકારના મનુષ્યો સંતાનરૂપથી અનુવર્તે છે ? ગૌતમ ! છ ભેદે મનુષ્યો અનુવર્તે છે – પદ્મગંધા ઈત્યાદિ. આ શબ્દો જાતિવાચક છે.

હવે શિષ્યજનના અનુગ્રહને માટે ઉત્તરકુરુ વિષયસૂત્ર સંકલનાર્થે ત્રણ સંગ્રહણી ગાથાઓ - x - x - x - કહી છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે – પહેલાં ઉત્તરકુરુ વિષય ઈષુ-જીવા-ધનુઃપૃષ્ઠનું પ્રતિપાદક સૂત્ર, પછી ભૂમિ વિષયક સૂત્ર, પછી ગુલ્મવિષય, પછી હેરુતાલ વન વિષય, પછી ઉદ્દાલાદિ વિષય, પછી તિલક પદ - લતા - વનરાજી - દશ પ્રકારના કલ્પવૃક્ષ વિષયક સૂત્ર દંડકો, પછી મનુષ્ય વિષયક ત્રણ સૂત્રો - પુરુષનું, સ્ત્રીનું, સામાન્ય મનુષ્યનું, પછી આહાર, ગૃહના બે દંડક - ગૃહાકાર વૃક્ષાભિધાયી, ગેહાદિ અભાવ વિષયક, પછી અસિ આદિ અભાવ વિષયક, પછી હિરણ્યાદિ - રાજાદિ અને દાસાદિના અભાવ વિષયક, પછી માતા આદિ વિષયક, પછી અરિ-વૈરિ આદિ પ્રતિષેધ વિષયક, પછી મિત્રાદિ અભાવ વિષય ઈત્યાદિ - x - x - વૃત્તિમાં ઉપર કહ્યા મુજબના વિષયો છે.

હવે ઉત્તરકુરુમાં રહેલ 'યમક' પર્વતનું કથન કરે છે–

● સૂત્ર-૧૮૬ :-

*ભગવન્ ! "ઉત્તરકુરુ" કુરુક્ષેત્રમાં યમક નામે બે પર્વતો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે ૮૩૪ યોજન અને એક યોજનના ૪/૭ ભાગ યોજન ગયા પછી સીતા મહાનદીના પૂર્વ-પશ્ચિમ બંને કિનારે અહીં ઉત્તરકુરુમાં યમક નામે બે પર્વતો કહ્યા છે. તે એક-એક ૧૦૦૦ યોજન ઉંચા છે. તે જમીનમાં ૨૫૦ યોજન છે. મૂળે ૧૦૦૦ યોજન લાંબા-પહોળા, મધ્યમાં ૭૫૦ યોજન લાંબા-પહોળા અને ઉપર ૫૦૦ યોજન લાંબા-પહોળા છે. મૂળમાં ૩૧૬૨ યોજનથી કંઈક અધિક પરિધિ, મધ્યમાં ૨૩૭૨ યોજનથી કંઈક અધિક પરિધિ, ઉપર ૧૫૮૧ યોજનથી કંઈક અધિક પરિધિ છે. એ રીતે મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત અને ઉપર તનુ છે. ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વ કનકમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. પ્રત્યેકે પ્રત્યેક પદ્મવર વેદિકાથી અને વનખંડથી પરિક્ષિપ્ત છે. બંનેનું વર્ણન કરવું. તે યમક પર્વત ઉપર બહુસમરમણિય ભૂમિભાગ કહેલ છે. વર્ણન કરવું. - x -*



*તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે પ્રત્યેક-પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલ છે. તે પ્રાસાદાવતંસક ૬૨॥ યોજન ઉંચા, ૩૧। યોજન પહોળા છે, ઘણાં ઉંચા ઈત્યાદિ વર્ણન, ભૂમિભાગ-ઉલ્લોકાદિ કહેવા. ત્યાં બે યોજનની મણિપીઠિકા છે. તેના ઉપર શ્રેષ્ઠ સિંહાસન-સપરિવાર છે. યાવત્ ત્યાં યમક દેવ રહે છે.*

*ભગવન્ ! યમક પર્વતને યમક પર્વત કેમ કહે છે ? ગૌતમ ! યમક પર્વતમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણી બધી નાની-નાની વાવડી છે. યાવત્ બિલપંક્તિઓ છે. તે નાની નાની વાવડી યાવત્ બિલપંક્તિમાં ઘણાં ઉત્પલો યાવત્ શત-સહસ્ર પત્રો, યમકની પ્રભા - યમકના વર્ણના છે. યાવત્ પલ્યોપમ સ્થિતિક બે મહર્દ્ધિક દેવો ત્યાં વસે છે. તેઓ ત્યાં પ્રત્યેક પ્રત્યેક ૪૦૦૦ સામાનિકોનું યાવત્ યમક પર્વતનું, યમક રાજધાનીનું, બીજા ઘણાં વ્યંતર દેવો-દેવીઓનું અધિપત્ય કરતા યાવત્ પાલન કરતા વિચરે છે. તે કારણથી, હે ગૌતમ ! યમક પર્વતને યમક પર્વત કહે છે અથવા હે ગૌતમ ! યાવત્ નિત્ય છે.*

*ભગવન્ ! યમક દેવની યમકા નામે રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! યમક પર્વતની ઉત્તરે તિર્છા અસંખ્યાતા દ્વીપ સમુદ્રો ગયા પછી, બીજા જંબૂદ્વીપ દ્વીપમાં, ૧૨,૦૦૦ યોજન ગયા પછી, અહીં યમક દેવની યમકા નામે રાજધાની કહી છે. તે ૧૨,૦૦૦ યોજન આદિ વિજયા રાજધાનીવત્ કહેવું. યાવત્ ત્યાં મહર્દ્ધિક એવા બે યમક દેવ છે. યમક દેવ કહેવાય છે.*

● વિવેચન-૧૮૬ :-

ભગવન્ ! ઉત્તરકુરુમાં યમક નામે બે પર્વતો ક્યાં છે ? ગૌતમ ! નીલવત્ વર્ષધર પર્વતના દક્ષિણી ચરમાંતથી ૮૩૪ - ૪/૭ યોજનનું અંતર ગયા પછી, ત્યાં શીતા મહાનદીના પૂર્વ-પશ્ચિમી બંને કૂળના પ્રદેશમાં યમક નામે બે પર્વતો કહ્યા છે – એક પૂર્વકૂળે, એક પશ્ચિમ કૂળે. બંને ૧૦૦૦ યોજન ઉંચા છે. ૨૫૦ યોજન ઉંડા છે. મેરુ સિવાયના શેષ શાશ્વત પર્વતોમાં બધામાં અવિશેષપણે ઉચ્ચત્વની અપેક્ષાએ ચોથા ભાગનો ઉદ્વેધ હોય છે. તે પર્વત મૂળમાં ૧૦૦૦ યોજન, મધ્યે-૭૫૦ યોજન, ઉપર ૫૦૦-યોજન છે. પરિધિ-મૂળમાં ૩૧૬૨ યોજન, મધ્યમાં ૨૩૭૨, ઉપર-૧૫૮૧ યોજનથી કંઈક અધિક છે. એ રીતે મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર તનુક, એમ ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત છે. ઈત્યાદિ સૂત્રાર્થવત્.

પ્રત્યેક પર્વત પદ્મવરવેદિકાથી, વનખંડથી પરિક્ષિપ્ત છે. તે બંનેનું વર્ણન જગતી ઉપરની વેદિકાથી સમાન કહેવા.

યમક પર્વત ઉપર બહુસમરમણીય ભૂમિભાગ છે. ભૂમિભાગ વર્ણન “આલિંગપુષ્કર” આદિ પૂર્વવત્ યાવત્ વ્યંતર દેવો અને દેવીઓ ત્યાં બેસે છે, સુવે છે યાવત્ અનુભવતા રહે છે.

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશે એક-એક પ્રાસાદાવતંસક છે. જે ૬૨ા યોજન, ૩૧ા યોજન પહોળા, ઈત્યાદિ બધું પૂર્વવત્. પ્રાસાદાવતંસક - ઉલ્લોચ-ભૂમિભાગ - મણિપીઠિકા - સિંહાસન-વિજયદૂષ્ય-અંકુશ-દામ વર્ણન પૂર્વવત્. વિશેષ એ કે અહીં મણિપીઠિકાનું પ્રમાણ લંબાઈ-પહોળાઈથી બે યોજન અને બાહલ્યથી એક યોજન કહેવું, બાકી પૂર્વવત્.

તે સિંહાસનના પ્રત્યેકના વાયવ્ય-ઉત્તર-ઈશાનમાં યમક નામક યમક પર્વતના સ્વામી દેવના પ્રત્યેકના ૪૦૦૦ સામાનિક યોગ્ય ૪૦૦૦ ભદ્રાસન કહ્યા છે. આ ક્રમે સિંહાસન પરિવાર કહેવો.

તે પ્રાસાદાવતંસકોની પ્રત્યેકની ઉપર આઠ-આઠ મંગલો કહ્યા છે ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ શતસહસ્રપત્રક.

હવે નામનું કારણ પૂછે છે — યમક પર્વત, યમક પર્વત કેમ કહેવાય છે ? નાની-નાની વાવડીથી લઈને બિલપંક્તિમાં ઘણાં સહસ્રપત્રો, યમક નામના પક્ષીની પ્રભા-આકારના છે. તે જ કહે છે — યમકવર્ણ આભાવાળા. તે બંને યમક પર્વત ઉપર સ્વામીપણે બે મહર્દ્ધિક દેવ યાવત્ પલ્યોપમ સ્થિતિવાળા રહે છે. તે બંનેના પ્રત્યેકના ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, સોળ આત્મરક્ષક દેવો, યમક પર્વત, યમકા રાજધાની, બીજા પણ ઘણાં વ્યંતર દેવો અને દેવીઓનું આધિપત્યાદિ કરતા વિચરે છે. તેથી યમક આકાર, યમક વર્ણના ઉત્પલાદિનો યોગ, સ્વામીપણે યમક નામક દેવ એ બધાં કારણોથી યમક પર્વત કહ્યો છે.

હવે યમક રાજધાની સ્થાન પૂછે છે — યમકદેવની યમકા રાજધાની ક્યાં છે ? સૂત્રાર્થમાં જણાવ્યા મુજબ જાણવું.

હવે દ્રહવક્તવ્યતા બતાવે છે —

● સૂત્ર-૧૮૭ :-

*ઉત્તરકુરુનો નીલવંત દ્રહ નામે દ્રહ ક્યાં કહેલો છે ? ગૌતમ ! યમક પર્વતની દક્ષિણે ૮૩૪ - ૪/૭ યોજન ગયા પછી સીતા મહાનદીના બહુ મધ્ય દેશભાગમાં, આ ઉત્તરકુરુમનો નીલવંત નામનો દ્રહ કહેલો છે. તે ઉત્તર-દક્ષિણ લાંબો અને પૂર્વ-પશ્ચિમ પહોળો છે. તે ૧૦૦૦ યોજન લાંબો અને ૫૦૦ યોજન પહોળો છે. ૧૦ યોજન ઉદ્વેધ-ઉંડો છે. તે સ્વચ્છ, શ્લક્ષ્ણ અને રજતમય કાંઠાવાળો, ચતુષ્કોણ અને સમતીર યાવત્ પ્રતિરૂપ છે. બંને તરફ પદ્મવર વેદિકાથી અને વનખંડોથી ચોતરફથી ઘેરાયેલો છે. બંનેનું વર્ણન કરવું.*

*નીલવંતદ્રહમાં ત્યાં ત્યાં યાવત્ ઘણાં ત્રિસોપાન પ્રતિરૂપક કહેલા છે. વર્ણન કરવું યાવત્ તોરણ.*



*તે નીલવંત દ્રહના બહુમધ્યદેશ ભાગમાં એક મોટું પદ્મ કહ્યું છે. એક યોજન લંબાઈ-પહોળાઈથી અને તેનાથી ત્રણગણાં કરતાં સવિશેષ પરિક્ષેપથી, અર્દ્ધયોજન બાહલ્યથી, દશ યોજન ઉદ્વેધથી, બે કોશ જળથી ઉંચુ, સાતિરેક સાડા દશ યોજન બધું મળીને તેની ઉંચાઈ છે.*

*તે પદ્મનું સ્વરૂપ આ પ્રમાણે છે — તેનું મૂળ વજ્રમય, કંદ રિષ્ટરત્નમય, નાલ વૈડૂર્યમય, બહારના પાન વૈડૂર્યમય, અભ્યંતર પાન જાંબૂનદમય, કેસરા તપનીયમય, કનકમયી કર્ણિકા, વિવિધ મણિમય પુષ્કર સ્તિબુકા છે. તે કર્ણિકા અર્દ્ધ યોજન લાંબી-પહોળી, તેનાથી ત્રણ ગુણાથી અધિક તેની પરિધિ છે. એક કોસની જાડાઈ છે. તે પૂર્ણરૂપે કનકમયી છે, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે કર્ણિકાની ઉપર બહુસમ રમણીય દેશભાગ મણી પર્યન્ત કહેલ છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગે એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ, અર્દ્ધ કોશ પહોળું, દેશોન એક કોશ ઉંચુ છે. અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે. યાવત્ વર્ણન કરવું. તે ભવનથી ત્રણ દિશામાં ત્રણ દ્વાર કહ્યા છે — પૂર્વમાં, દક્ષિણમાં, ઉત્તરમાં. તે દ્વારો ૫૦૦ ધનુષ્ ઉંચા, ૨૫૦ ધનુષ્ પહોળા, તેટલાં જ પ્રવેશમાં છે. તે શ્વેત, શ્રેષ્ઠ સ્વર્ણની સ્તૂપિકા યાવત્ વનમાળા છે.*

*તે ભવનની અંદર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ મણી૦ વર્ણવો. તે બહુ સમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશ ભાગમાં મણિપીઠિકા કહેલી છે, તે ૫૦૦ ધનુષ્ લાંબી-પહોળી, ૨૫૦ ધનુષ્ જાડી છે. તે સર્વથા મણિમયી છે. તે મણિપીઠિકા ઉપર એક મોટું દેવ-શયનીય કહેલ છે. દેવ શયનીયનું વર્ણન કરવું.*

*તે પદ્મ બીજા, તેનાથી અર્દ્ધ ઉંચાઈ પ્રમાણવાળા ૧૦૮ પદ્મોથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પદ્મો અર્દ્ધયોજન લાંબા-પહોળા અને તેનાથી સાધિક ત્રણગણી પરિધિવાળા, એક કોશ જાડા, ૧૦ યોજન ઉદ્વેધ, એક કોશ જળથી ઉંચા, બધું મળીને સાતિરેક દશ યોજન કહેલા છે.*

*તે પદ્મોનું વર્ણન આ પ્રમાણે છે — વજ્રમયમૂલ યાવત્ વિવિધ મણિમય પુષ્કરસ્તિબુક. તે કર્ણિકાઓ એક કોશ લાંબી-પહોળી, તેનાથી સાધિક ત્રણગુણી પરિધિ, અર્દ્ધકોશ જાડી, સર્વ કનકમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે કર્ણિકાની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ યાવત્ મણિનો વર્ણ, ગંધ, સ્પર્શ.*

*તે પદ્મની વાયવ્ય-ઉત્તર-ઈશાને નીલવંતદ્રહ-કુમારના ૪૦૦૦ સામાનિકોના ૪૦૦૦ પદ્મો કહેલા છે. આ રીતે આ સર્વે પરિવાર યોગ્ય પદ્મોનું કથન કરવું જોઈએ.*

*તે પદ્મ બીજા ત્રણ પદ્મવર પરિધિથી ચોતરફથી ઘેરાયેલ છે — અભ્યંતર, મધ્યમ, બાહ્ય. આભ્યંતર પદ્મ પરિવેશમાં ૩૨-લાખ પદ્મો છે. મધ્યમ પદ્મ પરિવેશમાં ૪૦ લાખ પદ્મો છે. બાહ્ય પદ્મપરિવેશમાં ૪૮-લાખ પદ્મો છે. આ રીતે બધાં પદ્મોની સંખ્યા એક કરોડ, વીશ લાખ કહેલી છે.*

*ભગવન્ ! નીલવંત દ્રહને નીલવંત દ્રહ કેમ કહે છે ? ગૌતમ ! નીલવંત*

***દ્રહમાં ત્યાં-ત્યાં નીલવર્ણી ઉત્પલ યાવત્ શત-સહસ્રપત્રો, નીલવંતપ્રભાવાળા નીલવંતદ્રહકુમાર રહે છે ઈત્યાદિ આલાવો યાવત્ નીલવંત દ્રહ કહેવાય છે.***

**• વિવેચન-૧૮૭ :-**

ભગવન્ ! ઉત્તરકુરુમાં નીલવંત દ્રહ નામે દ્રહ ક્યાં કહેલ છે ? ગૌતમ ! યમક પર્વતના દક્ષિણ ચરમાંત પૂર્વે દક્ષિણ અભિમુખ ૮૩૪-૪/૭ યોજન જઈને - તેટલું અપાંતરાલ છોડીને, આ અંતરમાં શીતા મહાનદીના બહુમધ્યદેશ ભાગમાં આ અવકાશમાં ઉત્તરકુરુમાં નીલવંતદ્રહ નામે દ્રહ છે. તે ઉત્તરદક્ષિણ અવયવથી લાંબો, પૂર્વ-પશ્ચિમ અવયવથી પહોળો છે ઈત્યાદિ સૂત્રાર્થવત્. અચ્છ સ્ફટિકવત્ બહાર નિર્મળ પ્રદેશ, શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણ પુદ્ગલ નિર્માપિત બહિપ્રદેશ. રૂપાના કૂલ-કિનારાવાળો છે. ઈત્યાદિ વિશેષણ જગતી ઉપરની વાપી આદિવત્ કહેવા.

તે નીલવંત દ્રહ શીતા મહાનદીના બંને પડખે બહાર રહેલ છે. તે તે રીતે બંને પડખે એકૈક પદ્મવરવેદિકાથી અને બે વનખંડો વડે બધી દિશામાં સામસ્ત્યથી પરિવરેલ છે. પદ્મવરવેદિકા અને વનખંડ વર્ણન પૂર્વવત્. નીલવંત દ્રહના તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણાં પ્રતિવિશિષ્ટરૂપક ત્રિસોપાન કહેલા છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ એક-એક તોરણ કહેલ છે. ઈત્યાદિ તોરણ વર્ણન પૂર્વવત્.

તે નીલવંત દ્રહના બહુમધ્ય દેશ ભાગમાં એક મોટું પદ્મ કહ્યું છે. એક યોજન લાંબુ આદિ સૂત્રાર્થવત્ જાણવું. તે પદ્મનું અનંતરજ કહેવાનાર સ્વરૂપનું વર્ણન કહેલ છે — વજ્રમય મૂળ, રિષ્ટરત્નમય કંદ, વૈડૂર્યરત્નમય નાલ, વૈડૂર્યરત્ન મય બાહ્ય પત્રો, જાંબૂનદમય અભ્યંતર પત્રો૰ ઈત્યાદિ તેની કર્ણિકા અર્દ્ધ યોજન લાંબી-પહોળી ઈત્યાદિ સૂત્રાર્થવત્. તે સ્વચ્છ, શ્લક્ષ્ણ, ધૃષ્ટ, મૃષ્ટ, નીરજ, પ્રતિરૂપાદિ છે. તે કર્ણિકા ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. તેનું વર્ણન વિજય રાજધાનીના ઉપરિકાલયનની જેમ કહેવું. - x -

તેના બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું ભવન કહેલ છે, તે એક કોશ લાંબુ છે ઈત્યાદિ સૂત્રાર્થવત્. તે વર્ણન વિજય રાજધાનીની સુધર્માસભા માફક ત્યાં સુધી કહેવું - જ્યાં સુધી "દિવ્ય ત્રુટિત શબ્દ૰" છે. પછીના સૂત્રમાં સર્વરત્નમય, સ્વચ્છ-શ્લક્ષ્ણ-ધૃષ્ટ-મૃષ્ટાદિ કહેવું.

તે ભવનની ત્રણે દિશામાં - એક એક દિશામાં એક-એક દ્વાર ભાવથી ત્રણ દ્વાર કહેલા છે — પૂર્વ, ઉત્તર, દક્ષિણમાં. તે દ્વારો ૫૦૦ ધનુષ્ ઉંચા છે, ઇત્યાદિ સૂત્રાર્થવત્. તે દ્વારોનું વર્ણન વિજયદ્વારની માફક ત્યાં સુધી અવિશેષપણે જાણવું, યાવત્ વનમાલા વક્તવ્યતાની પરિસમાપ્તિ થાય છે. - x -

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ-ભાગમાં મણિપીઠિકા કહી છે. તે ૫૦૦ ધનુષ્ લાંબી-પહોળી છે ઈત્યાદિ પૂર્વવત્. તે મણિપીઠિકા ઉપર એક મોટું દેવશયનીય કહેલ છે, વર્ણન પૂર્વવત્. તે ભવન ઉપર આઠ-આઠ સ્વસ્તિક આદિ મંગલો છે ઈત્યાદિ. તે મૂલપદ્મ બીજા ૧૦૮ પદ્મોથી પરિવૃત્ત છે. તે પદ્મોની ઉંચાઈ મૂળ પદ્મથી અડધી છે. તે આ રીતે — તે પદ્મો પ્રત્યેક અર્દ્ધ યોજન લાંબા-પહોળા, એક



કોશ બાહલ્યથી, ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. તે પદ્મોનું વર્ણન આવું છે — વજ્રમય મૂળ, રિષ્ઠ રત્નમય કંદ, વૈડૂર્યરત્નમય નાલ૰ ઈત્યાદિ.

તેની કર્ણિકા એક કોશ લાંબી-પહોળી, અર્દ્ધકોશ જાડી, સર્વથા કનકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે કર્ણિકા ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. તેનું વર્ણન પૂર્વવત્. તે મૂળપદ્મની વાયવ્યે-ઉત્તરે-ઈશાને એ રીતે ત્રણ દિશામાં અહીં નીલવંત નાગકુમારેન્દ્ર નાગકુમારરાજના ૪૦૦૦ સામાનિકોને યોગ્ય ૪૦૦૦ પદ્મો કહેલા છે. આ આલાવા માટે, જેમ વિજયદેવનો સિંહાસન પરિવાર કહ્યો, તેમ અહીં પણ પદ્મપરિવાર કહેવો. તે આ રીતે — પૂર્વમાં ચાર અગ્રમહિષીને યોગ્ય ચાર મહાપદ્મો, અગ્નિમાં અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવોના ૮૦૦૦ પદ્મો, દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ પદ્મો, નૈઋત્યમાં બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ પદ્મો, પશ્ચિમમાં સાત સેનાધિપતિના સાત મહાપદ્મો કહેલા છે.

પછી તેના બીજા પદ્મપરિવેશની પાછળ ચાર દિશામાં ૧૬,૦૦૦ આત્મરક્ષકોના ૧૬,૦૦૦ પદ્મો - તે પૂર્વાદિ ચારે દિશામાં ચાર-ચાર હજાર જાણવા. મૂળપદ્મના ત્રણ પદ્મ પરિવેષો થાય છે. બીજે પણ ત્રણ જ વિદ્યમાન છે. તેના પ્રતિપાદનાર્થે કહે છે — તે પદ્મ બીજા અનંતરોક્ત પરિક્ષેપત્રિક વ્યતિરિક્ત ત્રણ પદ્મપરિવેષોથી બધી દિશામાં સામસ્ત્યથી સંપરિક્ષિપ્ત છે. તે આ રીતે — અભ્યંતર મધ્ય, બાહ્ય, અભ્યંતર પદ્મપરિક્ષેપમાં સર્વ સંખ્યાથી બત્રીશ લાખ પદ્મો છે, મધ્ય પદ્મપરિક્ષેપમાં ચાલીશ લાખ પદ્મો છે. બાહ્ય પદ્મ પરિક્ષેપમાં ૪૮-લાખ પદ્મો છે. આ રીતે બધાં મળીને ૧,૨૦,૦૦૦ પદ્મો થાય છે, તેમ મેં તથા બધાં તીર્થંકરોએ કહેલ છે. - x -

હવે નામના અન્વર્થ માટે પૃચ્છા-નીલવંત દ્રહ, નીલવંત દ્રહ કેમ કહેવાય છે ? ગૌતમ ! તે-તે દેશમાં-પ્રદેશમાં ઘણાં પદ્મો યાવત્ સહસ્રપત્રો છે નીલવંત દ્રહ પ્રભાયુક્ત છે. નીલવંત પર્વતના જેવા વર્ણથી અર્થાત્ નીલ છે નીલવંત નામે નાગકુમારેન્દ્ર, મહર્દ્ધિક આદિ યમકદેવ વત્ કહેવું. ઉક્ત - x - x - કારણોથી તે નીલવંત દ્રહ કહેવાય છે. - x - x - નીલવંત દ્રહની રાજધાની વિષયક સૂત્ર પૂર્વવત્ *[અહીં જુઓ]*

**• સૂત્ર-૧૮૮ :-**

***ભગવન્ ! નીલવંતકુમારની નીલવંત રાજધાની ક્યાં છે ? ગૌતમ ! નીલવંત પર્વતની ઉત્તરમાં તીર્છા અસંખ્યાત દ્વીપ-સમુદ્ર ગયા પછી અન્ય જંબૂદ્વીપમાં છે.***

**• વિવેચન-૧૮૯ :-**

*[વાસ્તવમાં વૃત્તિમાં કોઈ આવું સૂત્ર નથી, પણ આમ હોવું જોઈએ તેવી કલ્પનાથી સંક્ષિપ્ત પાઠ ઉભો કરેલ છે.]*

**• સૂત્ર-૧૮૯ :-**

***નીલવંત દ્રહની પૂર્વ-પશ્ચિમમાં દશ યોજન જતાં દશ-દશ કાંચન પર્વતો કહ્યા છે. તે કાંચન પર્વતો પ્રત્યેક ૧૦૦ ઉંચા, પચીશ-પચીશ યોજન ભૂમિમાં છે. મૂળમાં ૧૦૦-૧૦૦ યોજન પહોળા, મધ્યમાં ૭૫ યોજન લાંબા-પહોળા, ઉપર-૫૦ યોજન પહોળા છે. મૂળમાં સાધિક ૩૧૬ યોજન પરિધિ, મધ્યમાં સાધિક ૨૨૭***

*યોજન પરિધિ, ઉપર સાધિક ૧૫૮ યોજનની પરિધિ છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર તનુક, એવા ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વે કંચનમય૦ સ્વચ્છ, પ્રત્યેક-પ્રત્યેક પદ્મવરવેદિકા અને વનખંડથી પરિવૃત્ત છે.*

*તે કંચન પર્વતોની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે યાવત્ વ્યંતર દેવી-દેવી ત્યાં બેસે છે૦ ઈત્યાદિ. તેમાં પ્રત્યેકે પ્રત્યેકમાં પ્રાસાદાવતંસક છે, તે ૬૨ાા યોજન ઉંચા, ૩૧ા યોજન પહોળા છે. તેમાં બે યોજનની મણિપીઠિકા અને સપરિવાર સિંહાસન છે.*

*ભગવન્ ! આ કાંચન પર્વત, કાંચન પર્વત કેમ કહેવાય છે ? ગૌતમ ! કાંચન પર્વતમાં ત્યાં-ત્યાં વાવડીમાં ઉત્પલો યાવત્ તે કંચન વર્ણની આભાવાળા, યાવત્ ત્યાં મહર્દ્ધિક કાંચન દેવ વિચરે છે. ઉત્તરમાં કાંચનક દેવોની કાંચનિકા રાજધાની છે, જે બીજા જંબૂદ્વીપ છે ઈત્યાદિ બધું પૂર્વવત્ કહેવું.*

*ભગવન્ ! ઉત્તરકુરુ ક્ષેત્રનો ઉત્તરકુરુ દ્રહ ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત દ્રહની દક્ષિણે ૮૩૪-૪/૭ યોજન ઈત્યાદિ પૂર્વવત્ નીલવંત દ્રહનો આલાવો કહેવો. બધાં દ્રહોમાં તેના-તેના નામના દેવ છે. બધાંમાં પૂર્વ-પશ્ચિમમાં દશ-દશ કાંચનક પર્વત છે. તે બધાં સમાન પ્રમાણવાળા છે. રાજધાનીઓ ઉત્તરમાં બીજા જંબૂદ્વીપમાં છે.*

*આ પ્રમાણે ચંદ્રદ્રહ, ઐરાવતદ્રહ, માલ્યવંતદ્રહનો પણ એક-એક આલાવો જાણવો.*

**● વિવેચન-૧૮૯ :-**

નીલવંત દ્રહની પૂર્વમાં અને પશ્ચિમમાં પ્રત્યેકમાં દશ-દશ યોજન જતાં - અપાંતરાલ છોડીને. દક્ષિણોત્તર શ્રેણીમાં દશ-દશ કાંચન પર્વતો કહેલા છે. તે કાંચનક પર્વતો ૧૦૦ યોજન ઉંચા, ૨૫-યોજન ઉદ્વેધવાળા ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ કહેવું. યાવત્ તે પ્રત્યેક પર્વત પદ્મવરવેદિકા અને વનખંડથી પરિક્ષિપ્ત છે. પદ્મવરવેદિકા, વનખંડ વર્ણન પૂર્વવત્.

તે કાંચનક પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે ઐકૈક પ્રાસાદાવતંસક કહેલ છે. પ્રાસાદ વક્તવ્યતા યમક પર્વતની ઉપરના પ્રાસાદાવતંસક માફક સંપૂર્ણ, સિંહાસનકથન સુધી કહેવી.

હવે નામ-અન્વર્થે પૃચ્છા-પૂર્વવત્. વિશેષ એ કે જે કારણથી ઉત્પલાદિ કાંચનપ્રભા છે, કાંચન નામના દેવો ત્યાં વસે છે, તેથી અને કાંચનપ્રભા - ઉત્પલાદિ યોગથી, કાંચનક નામક દેવ અને સ્વામિત્વથી તે કાંચનક કહેવાય છે.

કાંચનિકા રાજધાની યમિકા રાજધાનીવત્ કહેવી. જંબૂદ્વીપમાં ઉત્તરકુરુમાં ઉત્તરકુરુ દ્રહ નામે દ્રહ ક્યાં છે ? ગૌતમ ! નીલવંત દ્રહના દક્ષિણ ચરમાંતથી ૮૩૪-૪/૭ યોજન જઈને શીતા મહાનદીના બહુમધ્યદેશભાગમાં ઉત્તરકુરુ નામે દ્રહ છે જેમ પહેલાં નીલવંત દ્રહની લંબાઈ-પહોળાઈ-ઉંડાઈ ઈત્યાદિ બધી વક્તવ્યતા કહી, તેમ અહીં પણ અન્યૂનોરિક્ત કહેવું.



નામકરણની પૃચ્છા-પૂર્વવત્. વિશેષ એ - જેથી ઉત્તરકુરુદ્રહાકાર, તેથી તેના આકારયોગથી, ઉત્તરકુરુ નામે ત્યાં દેવ વસે છે, તેના યોગથી પણ દ્રહનું નામ ઉત્તરકુરુ છે. વળી બંને નામો અનાદિકાળથી તેમ પ્રવૃત્ત છે. એ રીતે બીજે પણ જાણવું. ઉત્તરકુરુદેવની વક્તવ્યતા નીલવંત નાગકુમારવત્ કહેવી. રાજધાની આદિ વક્તવ્યતા પૂર્વવત્ જાણવી.

ચંદ્રદ્રહની વક્તવ્યતા કહે છે — પ્રશ્નસૂત્ર સુગમ છે. ગૌતમ ! ઉત્તરકુરુ દ્રહના દક્ષિણી ચરમાંતની પૂર્વે દક્ષિણ દિશામાં ૮૩૪-૪/૭ યોજન ગયા પછી શીતા મહાનદીના બહુમધ્યદેશભાગે આ અવકાશમાં ઉત્તરકુરુમાં ચંદ્રદ્રહ નામે દ્રહ કહેલો છે. આની પણ નીલવંત દ્રહ માફક લંબાઈ-પહોળાઈ ઉંડાઈ ઈત્યાદિ બધી વક્તવ્યતી કહેવી. નામ અને અન્વર્થસૂત્ર પણ તેમજ છે. વિશેષ એ કે — જે કારણે ઉત્પલાદિ ચંદ્રદ્રહ આકારે, ચંદ્રવર્ણના અને ચંદ્ર નામે દેવ ત્યાં વસે છે. ઈત્યાદિથી ચંદ્રદ્રહ કહ્યો છે. ચંદ્રરાજધાની અને કાંચનક પર્વતાદિ કથન પૂર્વવત્.

હવે ઐરાવત દ્રહ વક્તવ્યતા — પ્રશ્ન સૂત્ર પાઠસિદ્ધ છે. ઉત્તર આ — ગૌતમ ! ચંદ્રદ્રહના દક્ષિણી ચરમાંતની પૂર્વે દક્ષિણ દિશામાં ૮૩૪ યોજન અને ૪/૭ ભાગ ગયા પછી, શીતા મહાનદીના બહુમધ્યદેશ ભાગના અવકાશમાં ઐરાવતદ્રહ નામે દ્રહ છે. આનો પણ નીલવંત નામક દ્રહની જેમ લંબાઈ-પહોળાઈ આદિ વક્તવ્યતા કહેવી. વિશેષ આ - ઉત્પલાદિ ઐરાવત દ્રહપ્રભાવાળા છે. ઐરાવત નામક હાથીના વર્ણવાળા, ઐરાવત નામે દેવ ત્યાં વસે છે, તેથી ઐરાવતદ્રહ નામ છે. ઐરાવત રાજધાની વિજય રાજધાનીવત્, કાંચનક પર્વત વક્તવ્યતા સુધી તેમજ છે.

હવે માલ્યવંત નામે દ્રહ વક્તવ્યતા - પ્રશ્ન સુગમ છે. ભગવંતે કહ્યું — ગૌતમ ! ઐરાવત દ્રહના દક્ષિણ ચરમાંતની પૂર્વે દક્ષિણ દિશામાં ૮૩૪-૪/૭ યોજન જતાં, શીતા નદીના બહુમધ્ય દેશભાગે ઉત્તરકુરુમાં માલ્યવંતદ્રહ છે. શેષ કથન નીલવંતદ્રહ માફક જાણવું. નામ-જે કારણે ઉત્પલાદિ માલ્યવંત દ્રહાકારે, માલ્યવંત નામે વક્ષસ્કાર પર્વતના વર્ણવાળા અને માલ્યવંત દેવ ત્યાં વસે છે માટે માલ્યવંતદ્રહ નામ છે. તેની રાજધાની વિજયા રાજધાનીવત્ કહેવી. - x -

હવે જંબૂવૃક્ષ વક્તવ્યતા કહે છે —

**● સૂત્ર-૧૯૦ :-**

*ભગવન્ ! ઉત્તરકુરુમાં સુદર્શના બીજું નામ જંબૂ તેની જંબૂપીઠ નામે પીઠ ક્યાં કહેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની ઈશાનમાં નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે ગંધમાદન વક્ષસ્કાર પર્વતની પૂર્વે સીતા મહાનદીના પૂર્વ કિનારે અહીં 'ઉત્તરકુરુ' કુરુમાં જંબૂપીઠ નામક પીઠ ૫૦૦ યોજન લંબાઈ-પહોળાઈથી, ૧૫૮૧ યોજનથી કંઈક અધિક પરિધિથી છે. બહુમધ્યદેશ ભાગમાં ૧૨ યોજન બાહલ્ય છે પછી માત્રા-માત્રાની પ્રદેશ હાનિથી સૌથી ચરમાંતે બે કોશ બાહલ્યથી છે. સર્વ જંબૂનદમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. વેદિકા અને વનખંડ બંનેનું વર્ણન કરવું.*

*તે જંબૂપીઠની ચારે દિશામાં ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહેલા છે. તે બધું પૂર્વવત્ યાવત્ તોરણ યાવત્ છત્ર.*

*તે જંબૂપીઠની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે. જેમ કોઈ આલિંગપુષ્કર હોય યાવત્ મણીનો સ્પર્શ૦ પૂર્વવત્.*

*તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી, મણીમયી, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે મણિપીઠિકા ઉપર અહીં એક મોટું જંબૂ-સુદર્શના વૃક્ષ છે. તે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અર્દ્ધયોજન ભૂમિમાં, બે યોજનનો સ્કંધ, આઠ યોજન પહોળું, છ યોજન તેની શાખાઓ ફેલાયેલ છે, મધ્યમાં આઠ યોજન પહોળું છે. બધું મળીને આઠ યોજન કરતાં અધિક ઉંચુ છે. તેનું મૂળ વજ્રમય, રજત સુપ્રતિષ્ઠિત વિડિમા એ રીતે ચૈત્યવૃક્ષ વર્ણન સમાન યાવત્ સર્વ રિષ્ટમય વિપુલ કંદ, વૈડૂર્ય રુચિલ સ્કંધ, સુજાત-વરજાત-રૂપ પ્રથમ વિશાળ શાખા, વિવિધ મણિરત્નની વિવિધ શાખા-પ્રશાખા, વૈડૂર્યના પાન, તપનીય પત્ર-બિંટ, જંબૂનદ-રક્ત-મૃદુ-સુકુમાલ-પ્રવાલ-પ્રલંબ અંકુર ધર, વિચિત્ર-મણિ-રત્ન-સુરભિકુસુમ-ફળના ભારથી નમેલ શાખા યુક્ત, છાયા-પ્રભા-શ્રીક-ઉધોત સહિત, અધિક મનોનિવૃત્તિકર, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.*

● વિવેચન-૧૯૦ :-

જંબૂદ્વીપના ઉત્તરકુરુમાં જંબૂ, જેનું બીજું નામ સુદર્શના છે, તે જંબૂસંબંધી જંબૂપીઠ નામની પીઠ ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઈશાનમાં નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણથી ગંધમાદન વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે શીતા મહાનદીના પૂર્વમાં ઉત્તરકુરુના પૂર્વાર્દ્ધમાં બહુમધ્યદેશ ભાગે આ અવકાશમાં જંબૂવૃક્ષની જંબૂપીઠ કહેલ છે. તે ૫૦૦ યોજન લાંબી-પહોળી, ૧૫૮૧ યોજન પરિક્ષેપથી છે. ઇત્યાદિ સૂત્રાર્થવત્. આ માટે उक्तं च કહી વૃત્તિકારશ્રીએ બે સંગ્રહણી ગાથા પણ મૂકી છે.

તે જંબૂપીઠ એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચારે દિશામાં સામસ્ત્યપણે પરિવૃત્ત છે. વેદિકા-વનખંડ પૂર્વવત્.

તે જંબૂપીઠની ચારે દિશામાં એક-એક દિશામાં એકૈક ત્રિસોપાન પ્રતિરૂપક ભાવથી ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહેલા છે. - x - તે ત્રિસોપાન પ્રતિરૂપકોનું આ આવા સ્વરૂપે વર્ણન છે. વજ્રમય નેમા અર્થાત્ ભૂમિથી ઉંચો જતો પ્રદેશ આદિ, જગતિ ઉપર વાવડી આદિ ત્રિસોપાન વક્તવ્ય અવલંબન બાહા, તોરણો આદિ સુધી કહેવું.

જંબૂપીઠની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. તેને વિજયા રાજધાની ઉપકારિકાલયનવત્ મણીના સ્પર્શ સુધી કહેવો. યાવત્ ત્યાં ઘણાં વ્યંતર દેવો-દેવીઓ



બેસે છે, સુવે છે, વિચરે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મોટી મણિપીઠિકા છે. તે આઠ યોજન લાંબી-પહોળી છે ઇત્યાદિ સૂત્રાર્થવત્ કહેવું. તે મણિપીઠિકાની ઉપર બહુમધ્યદેશ ભાગમાં એક મોટી જંબૂ/સુદર્શના કહેલ છે. તે આઠ યોજન ઉંચી, અર્દ્ધ યોજન જમીનમાં, બે યોજનનો સ્કંધ, છ યોજનની ઉર્ધ્વ નીકળેલ શાખા, ઈત્યાદિ - x - x - તે જંબૂના વજ્રમય મૂળ, રજતમયી સુપ્રતિષ્ઠિત વિડિમા - x - રિષ્ટરત્નમય કંદ, વૈડૂર્યરત્નમય દીપ્યમાન સ્કંધ, મૂલદ્રવ્ય શુદ્ધ, પ્રધાન, જાત્યરૂપ મૂળભૂત વિશાળ શાખા, વિવિધ મણિ રત્નમય વિવિધ શાખા-પ્રશાખા, વૈડૂર્યરત્નમય પત્રો, તપનીય પત્રવૃંત છે. બીજા મતે મૂળ શાખા સોનાની, પ્રશાખા રજતમય છે. જાંબુનદ સુવર્ણમય રક્ત વર્ણ, મનોજ્ઞ, સુકુમાર સ્પર્શવાળા જે પ્રવાલ - કંઈક પત્ર ભાવને પામેલા, પ્રથમ ઉઘડતા એવા અંકુરો છે. પાઠાંતરથી જાંબૂનદ સુવર્ણમય લાલ, મૃદુ, સુકુમાર, મનોજ્ઞ પ્રવાલ-પલ્લવ અંકુર - યથોદિત સ્વરૂપ અગ્રશિખરોવાળા છે. વિચિત્ર મણિરત્નમય, સુરભી કુસુમ ફળોના ભારથી નમેલ શાખાવળું છે. આ અંગે વૃત્તિકારશ્રીએ બે ગાથાઓ પણ નોંધી છે.

सच्छाया - શોભાના છાયા જેની છે તે. सप्रभा - શોભના પ્રભા જેની છે તે. તેથી જ સશ્રીકા, સહઉધોત - મણિરત્નોના ઉધોતના ભાવથી સોદ્દ્યોત, अधिक - અતિશય મનોનિર્વૃત્તિ કર, પ્રાસાદીય આદિ ચાર પદો પૂર્વવત્.

● સૂત્ર-૧૯૧ થી ૧૯૪ :-

*[૧૯૧] જંબૂ, બીજું નામ સુદર્શનાની ચારે દિશામાં ચાર શાખા કહી છે. તે આ — પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં. તેમાં જે પૂર્વની શાખા છે, ત્યાં એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ, અર્દ્ધકોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અનેક સ્તંભ૦ વર્ણન યાવત્ ભવનના દ્વાર પૂર્વવત્. પ્રમાણ-૫૦૦ ધનુષ્ ઉંચા, ૨૫૦ ધનુષ્ પહોળા યાવત્ ભૂમિભાગ સુધી લટકતી વનમાળા, ઉલ્લોક, મણિપીઠિકા-૫૦૦ ધનુષ્ની અને દેવશયનીય કહેવા.*

*તેમાં જે દક્ષિણી શાખા, ત્યાં એક મોટું પ્રાસાદાવતંસક કહેલ છે. તે એક કોશ ઉંચુ, અર્દ્ધ કોશ લાંબુ-પહોળું, અત્યંત ઉંચુ૦ મધ્યમાં બહુસમ રમણીય૦ ઉલ્લોક. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં સપરિવાર સિંહાસન કહેવું.*

*તેમાં જે પશ્ચિમી શાખા છે, ત્યાં એક પ્રાસાદાવતંસક કહેલ છે. પૂર્વવત્ પ્રમાણ, સપરિવાર સિંહસાન કહેવું.*

*તેમાં જે ઉત્તરની શાખા, અહીં એક મોટું પ્રાસાદાવતંસક કહેલ છે, પ્રમાણ પૂર્વવત્. સપરિવાર સીંહાસન કહેવું.*

*તેમાં જે ઉપરની વિડિમા, ત્યાં એક મોટું સિદ્ધાયતન છે. તે એક કોશ લાંબુ, અર્દ્ધકોશ પહોળું, દેશોન એક કોશ ઉંચુ, અનેકશત સ્તંભ સંનિવિષ્ટાદિ વર્ણન કરવું. તેને ત્રણ દિશામાં ત્રણ દ્વારો ૫૦૦ ધનુષ્ ઉંચા, ૨૫૦ ધનુષ્ પહોળા*

છે. ૫૦૦ ધનુષ્‌ની મણિપીઠિકા, દેવછંદક ૫૦૦ ધનુષ્ પહોળો, સાતિરેક ૫૦૦ ધનુષ્ ઉંચો છે. તે દેવછંદકમાં ૧૦૮ જિનપ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ છે. એ રીતે બધી સિદ્ધાયતન વક્તવ્યતા કહેવી યાવત્ ધૂપકડછાં છે. તે ઉત્તમ આકારે અને સોળભેદે રત્નોથી યુક્ત છે.

આ સુદર્શના/જંબૂ મૂળમાં બાર પદ્મવરવેદિકાથી ચોતરફથી સંપરિવૃત્ત છે. તે પદ્મવરવેદિકાઓ અર્દ્ધ યોજન ઉંચી, ૫૦૦ ધનુષ્, પહોળી છે - વર્ણન કરવું.

જંબૂ/સુદર્શના, બીજા-તેનાથી અર્દ્ધ ઉંચાઈ પ્રમાણ માત્રના ૧૦૮ જંબૂવૃક્ષોથી ચોતરફથી ઘેરાયેલ છે. તે જંબૂવૃક્ષો ચાર યોજન ઉંચા, એક કોશ ભૂમિમાં, એક યોજનનો સ્કંધ, એક યોજન વિષ્કંભ, ત્રણ યોજન સુધી ફેલાયેલી શાખાઓ છે. તેના મધ્યભાગે ચાર યોજનનો વિષ્કંભ છે, ચાર યોજનથી અધિક તેની સમગ્ર ઉંચાઈ છે. મૂલ-વજ્રમય છે આદિ ચૈત્ય વૃક્ષ વર્ણન કહેવું.

જંબૂ/સુદર્શનના પશ્ચિમોત્તરમાં - ઉત્તરમાં - ઉત્તરપૂર્વમાં અનાહત દેવના ૪૦૦૦ સામાનિકદેવોના ૪૦૦૦ જંબૂ છે. જંબૂ/સુદર્શનાના પૂર્વમાં અનાહત દેવની ચાર અગ્રમહિષીના ચાર જંબૂ છે. આ પ્રમાણે સમસ્ત પરિવાર, આત્મરક્ષકો સુધીના જંબૂ કહેવા.

જંબૂ/સુદર્શના સો-સો યોજનના ત્રણ વનખંડોથી ચોતરફથી ઘેરાયેલી છે. જેમકે — પહેલું, બીજું, ત્રીજું.

જંબૂ/સુદર્શનાના પૂર્વના પહેલા વનખંડમાં ૫૦ યોજન જઈને એક મોટું ભવન કહેલ છે. પૂર્વના ભવન સમાનજ શયનીય પર્યન્ત બધું વર્ણન કહેવું. એ પ્રમાણે દક્ષિણમાં, પશ્ચિમમાં અને ઉત્તરમાં પણ ભવનો જાણવા.

જંબૂ/સુદર્શનાના ઉત્તર-પૂર્વના પહેલાં વનખંડમાં ૫૦ યોજન આગળ ગયા પછી ચાર નંદા પુષ્કરિણી કહેલી છે. તે આ — પદ્મા, પદ્મપ્રભા, કુમુદા અને કુમુદપ્રભા. તે નંદા પુષ્કરિણી એક કોસ લાંબી, અર્દ્ધ કોસ પહોળી, ૫૦૦ ધનુષ્ ઉંડી છે. તે સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નિષ્પંક, નીરજ યાવત્ પ્રતિરૂપ છે, ઈત્યાદિ વર્ણન તોરણ સુધી કહેવું જોઈએ.

તે નંદા પુષ્કરિણીના બહુમધ્યદેશભાગમાં એક પ્રાસાદાવતંસક કહેલ છે, તે કોશ પ્રમાણ લાંબુ, અર્દ્ધકોશ પહોળું, ઈત્યાદિ વર્ણન પૂર્વવત્ સપરિવાર સીંહાસન સુધી કહેવું.

એ પ્રમાણે દક્ષિણ-પૂર્વમાં ૫૦૦ યોજન જતાં ચાર નંદા પુષ્કરિણી છે — ઉત્પલગુલ્મા, નલિના, ઉત્પલા, ઉત્પલોજ્જ્વલા.

એ પ્રમાણે દક્ષિણ-પશ્ચિમમાં ૫૦ યોજન જતાં ચાર પુષ્કરિણી-ભૃંગા, ભૃંગિનિયા, અંજના, કજ્જલપ્રભા. બાકી પૂર્વવત્.

જંબૂ/સુદર્શનાના ઉત્તરપૂર્વમાં પહેલું વનખંડ ૫૦-યોજન ઓળંગ્યા પછી આ ચાર નંદાપુષ્કરિણી કહી છે. તે આ — શ્રીકાંતા, શ્રીમહિતા, શ્રીચંદ્રા, શ્રીનિલયા. તેનું પ્રમાણ પૂર્વવત્ છે અને પ્રાસાદાવતંસક પણ પૂર્વવત્ જાણવા.



જંબૂ/સુદર્શનાના પૂર્વદિશાના ભવનની ઉત્તરમાં, ઉત્તર-પૂર્વમાં, પ્રાસાદાવતંસકની દક્ષિણમાં અહીં એક મોટો કૂટ કહેલ છે. તે આઠ યોજન ઉંચો, મૂળમાં ૧૨-યોજન પહોળો, મધ્યમાં આઠ યોજન પહોળો, ઉપર ચાર યોજન પહોળો છે. મૂળમાં કંઈક અધિક ૩૭-યોજન પરિધિ, મધ્યમાં સાધિક ૨૫-યોજન પરિધિ, ઉપર સાધિક ૧૨-યોજન પરિધિવાળા છે. મૂળમાં વિસ્તીર્ણ-મધ્યે સંક્ષિપ્ત-ઉપર તનુ-પાતળો, ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વ જંબૂનદમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે એક પદ્મવર વેદિકા, એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. વેદિકા અને વનખંડનું વર્ણન કરવું.

તે કૂટની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ ત્યાં વ્યંતર દેવો-દેવીઓ બેસે છે યાવત્ વિચરે છે.

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગે એક સિદ્ધાયતન છે, તે કોશ પ્રમાણાદિ બધું સિદ્ધાયતન કથન કરવું.

જંબૂ/સુદર્શનાના પૂર્વીય ભવનથી દક્ષિણમાં, દક્ષિણ-પૂર્વના પ્રાસાદાવતંસકની ઉત્તરમાં એક વિશાળ કૂટ છે. તેનું પ્રમાણ પૂર્વવત્ યાવત્ ત્યાં સિદ્ધાયતન છે... જંબૂ/ સુદર્શનાની દક્ષિણના ભવનની પૂર્વમાં અને દક્ષિણ-પૂર્વના પ્રાસાદાવતંસકની પશ્ચિમમાં એક વિશાળ કૂટ છે... એ રીતે દક્ષિણના ભવનની પશ્ચિમમાં અને દક્ષિણ-પશ્ચિમ પ્રાસાદાવતંસકની પૂર્વમાં એક વિશાલ કૂટ છે... જંબૂની પશ્ચિમી ભવનની દક્ષિણમાં અને દક્ષિણ-પશ્ચિમ પ્રાસાદાવતંસકની ઉત્તરમાં વિશાળકૂટ છે. તેનું પ્રમાણ પૂર્વવત્ અને સિદ્ધાયતન છે.

જંબૂના પશ્ચિમી ભવનની ઉત્તરમાં, ઉત્તર પશ્ચિમી પ્રાસાદાવતંસકની દક્ષિણમાં એક મોટો કૂટ કહેલ છે. તેનું પ્રમાણ પૂર્વવત્ અને સિદ્ધાયતન છે... જંબૂના ઉત્તર ભવનની પશ્ચિમે, ઉત્તર-પશ્ચિમ પ્રાસાદાવતંસકની પૂર્વમાં અહીં એક કૂટ કહેલ છે, તે પૂર્વવત્. જંબૂના ઉત્તરના ભવનની પૂર્વે, ઉત્તર-પૂર્વના પ્રાસાદાવતંસકની પશ્ચિમે એક મોટો કૂટ કહેલ છે. તેનું પ્રમાણ પૂર્વવત્ તેમજ સિદ્ધાયતન છે.

જંબૂ/સુદર્શના બીજા ઘણા તિલક-લકુટ - યાવત્ - રાયવૃક્ષો, હિંગુવૃક્ષોથી યાવત્ ચોતરફથી સંપરિવૃત્ત છે.

જંબૂ/સુદર્શના ઉપર ઘણાં આઠ-આઠ મંગલકો કહ્યા છે. તે આ — સ્વસ્તિક, શ્રીવત્સાદિ. કૃષ્ણ ચામરધ્વજ યાવત્ છત્રાતિછત્ર છે. - - - જંબૂ/ સુદર્શનાના બાર નામો છે —

[૧૯૨] સુદર્શના, અમોઘા, સુપ્રબુદ્ધા, યશોધરા, વિદેહ જંબૂ, સોમનસા, નિયતા, નિત્યમંડિતા... [૧૯૩] સુભદ્રા, વિશાલા, સુજાતા, સુમના. જંબૂ/સુદર્શનાના આ બાર નામો છે.

[૧૯૪] ભગવન્ ! જંબૂ સુદર્શના, જંબૂ સુદર્શના કેમ કહેવાય છે ? ગૌતમ ! જંબૂ/સુદર્શનામાં જંબૂદ્વીપાધિપતિ અનાદૃત નામ મહર્દ્ધિક દેવ યાવત્ પલ્યોપમસ્થિતિક વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિકોનું યાવત્ જંબૂદ્વીપના જંબૂ/

***સુદર્શનાનું અને અનાદૃતા રાજધાનીનું આધિપત્ય કરતાં યાવત્ વિચરે છે.***

***ભગવન્ ! અનાદંતદેવની [અનાદંતા રાજધાની] ક્યાં છે ? રાજધાનીની સમસ્ત વક્તવ્યતા પૂર્વવત્, યાવત્ મહર્દ્ધિક તે અનાદંત દેવ રહે છે. અથવા હે ગૌતમ ! જંબૂદ્વીપના તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં જંબૂવૃક્ષો, જંબૂવન, જંબૂવનખંડ નિત્ય કુસુમિત યાવત્ શ્રી વડે અતીવ ઉપશોભિત રહે છે. તે કારણથી હે ગૌતમ ! જંબૂદ્વીપ, જંબૂદ્વીપ કહેવાય છે. અથવા હે ગૌતમ ! જંબૂદ્વીપ શાશ્વત નામધેય કહેલ છે. જે કદી ન હતું તેમ નહીં યાવત્ નિત્ય છે.***

**● વિવેચન-૧૯૧ થી ૧૯૪ :-**

જંબૂ/સુદર્શનાની ચારે દિશામાં એકૈક દિશામાં એકૈક શાખા છે, એ રીતે ચાર શાખા કહી છે – એક પૂર્વમાં, એક પશ્ચિમમાં આદિ. તેમાં જે પૂર્વ-શાખા છે, તેના બહુ મધ્યદેશભાગમાં એક મોટું ભવન કહેલ છે. એક કોશ લાંબુ, અર્દ્ધ કોશ પહોળું, દેશોન કોશ ઉંચુ. તેનું વર્ણન, દ્વારાદિ વક્તવ્યતા પૂર્વોક્ત મહાપદ્મવત્ છે. - x -

તેમાં જે દક્ષિણી શાખા છે, તેના બહુમધ્યદેશ ભાગમાં એક મોટું પ્રાસાદાવતંસક છે. તે પણ એક કોશ ઉંચુ આદિ છે. તે ઘણું ઉંચુ છે આદિ વર્ણન, ઉલ્લોચ, ભૂમિભાગ, મણિપીઠિકા, સિંહાસન આ વર્ણનો પૂર્વવત્. વિશેષ એ કે – મણિપીઠિકા ૫૦૦ ધનુષ્ લાંબી-પહોળી, ૨૫૦ ધનુષ્ જાડી, સપરિવાર સીંહાસનાદિ કહેવા.

તે પ્રાસાદાવતંસક ઉપર ઘણાં આઠ-આઠ સ્વસ્તિક આદિ મંગલો છે. તે હાથમાં ઘણાં સહસ્રપત્ર સુધી કહેવું.

જેમ દક્ષિણની શાખામાં પ્રાસાદાવતંસક કહ્યું છે તેમ પશ્ચિમ અને ઉત્તરનું પણ પ્રત્યેકનું કહેવું. જંબૂ/સુદર્શનાની ઉપરની વિડિમાના બહુમધ્યદેશ ભાગમાં સિદ્ધાયતન છે. તે પૂર્વના ભવનની જેમ મણિપીઠિકાના વર્ણન સુધી કહેવું. - x -

તે મણિપીઠિકાની ઉપર એક મોટો દેવછંદક કહ્યો છે, ૫૦૦ ધનુષ્ લાંબો પહોળો, આતિરેક ૫૦૦ ધનુષ્ ઉંચો, સર્વથા રત્નમય, સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત્. ત્યાં ૧૦૮ જિનપ્રતિમા છે. ઈત્યાદિ બધું પૂર્વવત્ ૧૦૮ ધૂપ કડછા રહેલ છે - સુધી કહેવું. સિદ્ધાયતનની ઉપર અષ્ટમંગલો ઈત્યાદિ પૂર્વવત્ સહસ્રપત્ર-હાથમાં રાખેલ છે સુધી કહેવું. બધાંની વ્યાખ્યા પૂર્વવત્.

જંબૂ/સુદર્શના બાર પદ્મવરવેદિકા વડે બધી દિશામાં સામસ્ત્યથી ઘેરાયેલ છે. વેદિકાવર્ણન પૂર્વવત્. જંબૂવૃક્ષ, બીજા-તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણવાળા ૧૦૮ જંબૂવૃક્ષોથી બધી દિશામાં સામસ્ત્યથી પરિવરેલ છે. તેનું આ પ્રમાણ કહે છે – પ્રત્યેક ૧૦૮ જંબૂઓ ચાર યોજન ઉંચા, જમીનમાં એક કોશ ઉંડા, એક યોજન સ્કંધવાળા, બાહલ્યથી એક કોશ સ્કંધ. ત્રણ યોજનની વિડિમા, બહુમધ્યદેશ ભાગે ચાર યોજન લાંબા-પહોળા, ઉર્ધ્વ-અધોરૂપે સાતિરેક ચાર યોજન છે. - x - x -

જંબૂ/સુદર્શનાના વાયવ્ય-ઉત્તર-ઈશાનમાં એ ત્રણ દિશામાં અનાદત દેવના ૪૦૦૦ સામાનિકોને યોગ્ય ૪૦૦૦ જંબૂ કહ્યા છે. પૂર્વમાં ચાર અગ્રમહિષીને યોગ્ય



ચાર મહાજંબૂઓ છે. દક્ષિણ-પૂર્વમાં અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવોને યોગ્ય ૮૦૦૦ જંબૂ, દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ જંબૂ, દક્ષિણ-પશ્ચિમમાં બાહ્યપર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ જંબૂ, પશ્ચિમમાં સાત સેનાપતિના સાત મહાજંબૂ અને ચારે દિશામાં ૧૬,૦૦૦ આત્મરક્ષકોના ૧૬,૦૦૦ જંબૂઓ છે.

તે જંબૂ/સુદર્શના ૧૦૦ યોજન પ્રમાણ વનખંડોથી બધી દિશામાં સામસ્ત્યથી પરિવૃત્ત છે. તે આ રીતે – અભ્યંતર, મધ્ય અને બાહ્ય. જંબૂની પૂર્વ દિશામાં પહેલું વનખંડ ૫૦ યોજન ગયા પછી એક મોટું ભવન છે. તે પૂર્વદિગ્વર્તી ભવનવત્ વક્તવ્યતા કહેવી. જંબૂની દક્ષિણમાં પહેલું વનખંડ ૫૦-યોજન જતાં એક મોટું ભવન છે. તે રીતે પશ્ચિમ અને ઉત્તરમાં પણ પ્રથમ વનખંડમાં ૫૦-યોજન જતાં ભવન છે.

જંબૂના ઈશાનમાં પ્રથમ વનખંડ ૫૦-યોજન ગયા પછી મોટી ચાર નંદાપુષ્કરિણી છે. પૂર્વમાં પદ્મા, દક્ષિણમાં પદ્મપ્રભા, પશ્ચિમમાં કુમુદા, ઉત્તરમાં કુમુદપ્રભા, તે નંદાપુષ્કરિણી પ્રત્યેક એક કોશ લાંબી, અર્દ્ધકોશ પહોળી ઈત્યાદિ જાણવું. તે વર્ણન – એક પદ્મવર વેદિકા, વનખંડથી ઘેરાયેલ છે સુધી કરવું.

તે પુષ્કરિણીની ચારે દિશામાં એકૈક દિશામાં એકૈક એવા ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહેલ છે. તેનું વર્ણન પૂર્વવત્. તોરણો તે રીતે જ. તે પુષ્કરિણીના બહુમધ્ય દેશ ભાગે એક મોટું પ્રાસાદાવતંસક છે. તે જંબૂવૃક્ષની દક્ષિણ-પશ્ચિમ શાખામાં રહેલ પ્રાસાદાવત્ જાણવું - x - સર્વત્ર સીહાસન સપરિવાર છે.

એ પ્રમાણે દક્ષિણપૂર્વમાં, દક્ષિણ-પશ્ચિમ, ઉત્તર-પશ્ચિમ પ્રત્યેકને કહેવા. વિશેષ એ કે – નંદાપુષ્કરિણીના નામમાં ભેદ છે, તે આ રીતે – દક્ષિણ પૂર્વમાં પૂર્વાદિ ક્રમથી - ઉત્પલગુલ્મ, નલિન, ઉત્પલ, ઉત્પલોજ્જ્વલ. દક્ષિણ પૂર્વમાં - ભૃંગા, ભૃંગનિભા, અંજના, કજ્જલપ્રભા. ઉત્તરપશ્ચિમમાં શ્રીકાંતા ઈત્યાદિ.

જંબૂ/સુદર્શનામાં પૂર્વ દિશાના ભવનની ઉત્તરથી, ઉત્તરપૂર્વ દિશાના પ્રાસાદાવતંસકની દક્ષિણથી એક મોટો કૂટ છે. તે આઠ યોજન ઉંચો છે. મૂળમાં આઠ, મધ્યે-છ, ઉપર-ચાર યોજન પહોળો છે ઈત્યાદિ વર્ણન સૂત્રાર્થવત્ જાણવું. - x - આ કૂટ એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિક્ષિપ્ત છે. વેદિકા-વનખંડ વર્ણન પૂર્વવત્ છે.

તે કૂટની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે. - x - x - તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગે અહીં એક મોટું સિદ્ધાયતન છે. તે જંબૂવૃક્ષની ઉપરની વિડિમાના સિદ્ધાયતન સદૃશ કહેવું. યાવત્ ૧૦૮ ધૂપ કડછાં છે.

જંબૂવૃક્ષના પૂર્વના ભવનની દક્ષિણથી, દક્ષિણ-પશ્ચિમના પ્રાસાદાવતંસકની ઉત્તરે તથા દક્ષિણના ભવનની પૂર્વથી, દક્ષિણપૂર્વના પ્રાસાદાવતંસકની પશ્ચિમ દિશામાં તથા દક્ષિણના ભવનની આગળ અને દક્ષિણપશ્ચિમના પ્રાસાદાવતંસકની પૂર્વથી તથા પાશ્ચાત્ય ભવનની પૂર્વથી, દક્ષિણ-પશ્ચિમ પ્રાસાદાવતંસકની ઉત્તરથી - x - x - ઈત્યાદિ બધામાં એકૈક કૂટ છે, કૂટનું પ્રમાણ પૂર્વવત્ કહેવું. તે કૂટોની ઉપર પ્રત્યેકમાં એકૈક સિદ્ધાયતન છે. તે સિદ્ધાયતન પૂર્વવત્ કહેવા. કહ્યું છે – આઠ ઋષભકૂટ

સદૃશ સર્વે જાંબૂનદમય કહેવા. તેના ઉપર એક કોશ પ્રમાણનું જિનભવન પરમ રમ્ય છે.

જંબૂ/સુદર્શનાના બાર નામો આ પ્રમાણે છે —

(૧) સુદર્શના - અતિ સુંદર અને નયન મનોહારી હોવાથી સુદર્શના કહે છે. - - (૨) અમોઘા - જેમ તેનું શોભન દર્શન, તેમ આગળ સ્વયં સૂત્રકાર ભાવશે. અમોઘ - અનિષ્ફળ, તેથી કહે છે — સ્વસ્વામીભાવને અંગીકાર કરી જંબૂદ્વીપાધિપત્યને સફલ કરે છે. તેના સિવાય તે વિષયમાં સ્વામીભાવના અયોગથી અનિષ્ફળ છે. (૩) સુપ્રબુદ્ધા - અતિશય પ્રબુદ્ધવત્ પ્રબુદ્ધા, મણિ-કનક-રત્નોથી અદા ઝગમગતી, સર્વકાળ ઉજ્ઞિદ્ર. - - (૪) યશોધરા - સકલ ભુવનવ્યાપી યશને ધારણ કરે તે યશોધરા, તેના કારણથી જ જંબૂદ્વીપનો યશ ત્રિભુવનમાં વ્યાપ્ત છે.

(૫) સુભદ્રા - શોભન ભદ્ર - કલ્યાણ, સર્વકાળ કલ્યાણ ભાગિની, તેનો અધિષ્ઠાતા મહર્દ્ધિક દેવ હોવાથી તે કદી ઉપદ્રવગ્રસ્ત ન થાય. - - (૬) વિશાલા - આઠ યોજન પ્રમાણ વિશાળ હોવાથી તે વિસ્તીર્ણા છે. - - (૭) સુજાતા - શોભન જન્મ જેણીનો છે તે. વિશુદ્ધ મણિ-કનક-રત્ન મૂલ દ્રવ્યતાથી જન્મદોષરહિતા. - - (૮) સુમણા - જેની પાસે મન શોભન થાય છે, તેને જોઈને મહર્દ્ધિકોના મન શોભન થાય.

(૯) વિદેહજંબૂ વિદેહ અંતર્ગત્ જંબૂદ્વીપના ઉત્તર કુરુક્ષેત્રમાં હોવાથી વિદેહ જંબૂ. (૧૦) સૌમનસ્યા - સૌમનસ્યનો હેતુ હોવાથી. તેને જોઈને કોઈનું મન દુષ્ટ થતું નથી. - x - (૧૧) નિયતા - સાશ્વતત્વથી સર્વકાળ અવસ્થિત. (૧૨) નિત્યમંડિત - સદા ભૂષણ વડે ભૂષિત હોવાથી. આ બાર નામો છે.

હવે સુદર્શના શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત પૂછે છે - પ્રશ્ન સુગમ છે. ઉત્તર આ પ્રમાણે — અનાદૃતા - અનાદર ક્રિયાને વિષયીકૃત શેષ જંબૂદ્વીપગત્ દેવો, જેના વડે આત્માથી અત્યદ્ભુત મહર્દ્ધિકત્વ જોવાથી અનાદૃત. ભાવાર્થ આ રીતે — જેથી મહર્દ્ધિક અનાદૃત નામે દેવ, ત્યાં વસે છે, તેથી - x - x - રાજધાની કથન પૂર્વવત્ છે.... આવા સ્વરૂપના જંબૂથી ઉપલક્ષિત હોવાથી તે જંબૂદ્વીપ કહેવાય છે અથવા આ જંબૂદ્વીપ શબ્દ પ્રવૃત્તિ નિમિત્ત છે તે દર્શાવે છે — જંબૂદ્વીપમાં ઉત્તરકુરુમાં - x - ઘણાં જંબૂવૃક્ષો, જંબૂવન, જંબૂખંડ છે. અહીં વન - એક જાતીય વૃક્ષ સમુદાય, વનખંડ - અનેક જાતીય વૃક્ષ સમૂહ. તેથી આ જંબૂદ્વીપ કહ્યો છે.

હવે જંબૂદ્વીપગત ચંદ્રાદિ સંખ્યા જણાવે છે —

● **સૂત્ર-૧૯૫ થી ૧૯૭ :-**

*[૧૯૫] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલાં ચંદ્રો પ્રકાશેલા હતા, પ્રકાશે છે કે પ્રકાશશે ? કેટલા સૂર્યો તપ્યા હતા, તપે છે કે તપશે ? કેટલાં નક્ષત્રોએ યોગ કરેલો, યોગ કરે છે કે યોગ કરશે ? કેટલાં મહાગ્રહો ચાર ચર્યા હતા, ચરે છે કે ચરશે. કેટલા તારાગણ કોડાકોડી શોભતા હતા, શોભે છે કે શોભશે ?*

*ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં બે ચંદ્રો પ્રકાશેલા, પ્રકાશે છે અને પ્રકાશશે. બે સૂર્યો તપેલા - તપે છે - તપશે.*

*છોંતેર નક્ષત્રોએ યોગ કર્યો છે - કરે છે - કરશે. ૧૭૬ ગ્રહો ચાર ચર્યા છે - ચરે છે - ચરશે.*

*[૧૯૬] ૧,૩૩,૯૫૦ તારાગણ કોડાકોડી - - - [૧૯૭] શોભ્યા છે, શોભે છે, શોભશે.*





● **વિવેચન-૧૯૫ થી ૧૯૭ :-**

સુગમ છે. એકૈક ચંદ્રપરિવારમાં ૨૮-નક્ષત્રો હોવાથી અહીં ૫૬-નક્ષત્રો કહ્યા. એ રીતે એક ચંદ્રના પરિવારમાં ૮૮ ગ્રહો અને ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ જાણવા.

**મુનિ દીપરત્નસાગરે સટીકાનુવાદ કરેલ**
**પ્રતિપત્તિ-૩-માં જંબૂદ્વીપાધિકાર પૂર્ણ**

## ❀ પ્રતિપત્તિ-૩-“લવણસમુદ્રાધિકાર” ❀

-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૧૯૮ થી ૨૦૦ :-

*[૧૯૮] વૃત્ત અને વલયાકાર સંસ્થાન સંસ્થિત લવણ સમુદ્ર જંબૂદ્વીપ નામક દ્વીપને ચોતરફથી ઘેરીને રહેલ છે.*

*ભગવન્ ! લવણ સમુદ્ર સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ સંસ્થિત છે ? ગૌતમ ! તે સમચક્રવાલ સંસ્થિત છે, વિષમચક્રવાલ સંસ્થિત નથી.*

*ભગવન્ ! લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ? ગૌતમ ! લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન છે અને પરિધિ ૧૫,૮૧,૯૩૯ યોજનથી અધિક છે.*

*તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે બાજુથી પરિવેષ્ટિત છે. વેદિકા અને વનખંડનું વર્ણન કરવું. તે પદ્મવર વેદિકા અર્દ્ધ યોજન ઉંચી, ૫૦૦ ધનુષ્ પ્રમાણ પહોળી છે. લવણ સમુદ્ર સમાન તેની પરિધિ છે. બાકી વર્ણન પૂર્વવત્. તે વનખંડ દેશોન બે યોજન છે યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! લવણ સમુદ્રના કેટલા દ્વારો કહેલા છે ? ગૌતમ ! ચાર. તે આ — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.*

*ભગવન્ ! લવણ સમુદ્રનું વિજયદ્વાર ક્યાં છે ? ગૌતમ ! લવણ સમુદ્રના પૂર્વી પર્યન્તમાં અને પૂર્વાર્દ્ધ ધાતકીખંડની પશ્ચિમે શીતોદા મહાનદીની ઉપર લવણ સમુદ્રનું વિજયદ્વાર છે. તે આઠ યોજન ઉંચુ, ચાર યોજન પહોળું, આદિ બધું કથન જંબૂદ્વીપના વિજયદ્વાર સદૃશ કરવું. રાજધાની પૂર્વમાં [અસંખ્ય દ્વીપ-સમુદ્ર ગયા પછી] બીજા લવણ સમુદ્રમાં છે.*

*ભગવન્ ! લવણ સમુદ્રનું વૈજયંત નામક દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! લવણ સમુદ્રના દક્ષિણી ચરમાંતે, દક્ષિણાર્દ્ધ ધાતકીખંડની ઉત્તરે. બાકી બધું પૂર્વવત્. એ પ્રમાણે જયંતદ્વાર પણ જાણવું. વિશેષ આ — સીતા મહાનદીની ઉપર કહેવું. એ રીતે અપરાજિત દ્વાર છે. માત્ર દિશા કહેવી.*

*ભગવન્ ! લવણ સમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કેટલું કહ્યું છે ? ગૌતમ !*

*[૧૯૯] ૩,૯૫,૨૮૦ યોજન અને કોસ લવણસમુદ્રના દ્વારોનું અબાધા અંતર કહેલ છે.*

*[૨૦૦] લવણ સમુદ્રના પ્રદેશો ધાતકીખંડ દ્વીપને સ્પૃષ્ટ છે ? જંબૂદ્વીપમાં કહ્યા મુજબ તે આલાવો કહેવો.*

*ભગવન્ ! લવણ સમુદ્રમાં જીવો મરીને ધાતકીખંડમાં જન્મે ? પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે ધાતકીખંડમાંથી પણ કહેવું.*

*ભગવન્ ! લવણ સમુદ્રને લવણ સમુદ્ર કેમ કહે છે ? ગૌતમ ! લવણ સમુદ્રનું જળ અસ્વચ્છ, રજવાળું, ખારું, લિંદ્ર, ક્ષારક, કટુક છે તે જળ ઘણાં*



*દ્વિપદ - ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરિસૃપોને માટે અપેય છે. કેવળ લવણસમુદ્રયોનિક જીવો માટે તે પેય છે. અહીં સુસ્થિત નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક લવણાધિપતિ દેવ છે. તે ત્યાં સામાનિકો યાવત્ લવણ-સમુદ્રનું, સુસ્થિતા રાજધાનીનું, બીજા પણ૦ યાવત્ વિચરે છે, તે કારણથી હે ગૌતમ ! લવણ સમુદ્રને લવણ સમુદ્ર કહે છે. અથવા લવણ સમુદ્ર શાશ્વત યાવત્ નિત્ય છે.*

● વિવેચન-૧૯૮ થી ૨૦૦ :-

લવણ નામે સમુદ્ર, વૃત્ત - વર્તુળ, પણ તે તો ચંદ્રમંડલવત્ પરિપૂર્ણ પણ હોય, તેથી કહે છે — વલયાકાર અર્થાત્ મધ્યમાં પોલાણયુક્ત જે સંસ્થાન, તેના વડે સંસ્થિત. બધી દિશામાં સામસ્ત્યથી જંબૂદ્વીપને વીંટીને રહ્યો છે.

લવણ સમુદ્રનું સંસ્થાન - સમચક્રવાલ કહેલ છે. સર્વત્ર બે લાખ યોજન પ્રમાણથી ચક્રવાલ. હવે ચક્રવાલ વિષ્કંભ આદિ પરિમાણને કહે છે — જંબૂદ્વીપના વિષ્કંભથી તે બમણું હોવાથી બે લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ છે. ૧૫,૮૧,૧૩૯થી કંઈક વિશેષ યોજન પરિક્ષેપ છે. આ ગણિત ક્ષેત્રસમાસમાં જોવું.

લવણ સમુદ્ર એક પદ્મવર વેદિકા - આઠ યોજન ઉંચી, જગતી ઉપર છે તેવી અને એક વનખંડ વડે ઘેરાયેલ છે. તે પદ્મવર વેદિકા અર્દ્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, લવણ સમુદ્રના પરિધિ પ્રમાણવત્ પરિધિથી છે. વનખંડ દેશોન બે યોજન - x - વર્ણન જંબૂદ્વીપની પદ્મવર વેદિકા અને વનખંડ મુજબ જાણવું.

હવે દ્વાર વક્તવ્યતા — લવણ સમુદ્રના હે ગૌતમ ! ચાર દ્વારો કહેલા છે. તે આ — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત. લવણ સમુદ્રનું વિજય નામે દ્વાર ક્યાં છે ? ગૌતમ ! લવણ સમુદ્રના પૂર્વપર્યન્તમાં ધાતકીખંડ દ્વીપપૂર્વાર્દ્ધના પશ્ચિમ ભાગમાં શીતોદા મહાનદીની ઉપરના અંતરમાં વિજય દ્વાર છે - આઠ યોજન ઉંચુ ઈત્યાદિ જંબૂદ્વીપના વિજયદ્વાર સદૃશ બધું કહેવું.

હવે વિજયદ્વારના નામનું કારણ કહે છે — ભગવન્ ! ક્યા કારણે વિજયદ્વાર, વિજયદ્વાર કહેવાય છે ? વિજયદ્વારે વિજય નામક મહર્દ્ધિક દેવ યાવત્ વિજયા રાજધાનીના અને બીજા ઘણાં વિજય રાજધાની રહીશ વ્યંતર દેવ-દેવીનું આધિપત્ય કરતો યાવત્ રહે છે. તેના સ્વામિકત્વથી વિજય.

વિજયદેવની વિજયા રાજધાની ક્યાં છે ? ગૌતમ ! વિજયદ્વારની પૂર્વ દિશામાં તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્રો જઈને બીજા લવણ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને, ત્યાં વિજયદેવની વિજયા રાજધાની છે. તે જંબૂદ્વીપની વિજયાવત્ જાણવી.

હવે વૈજયંતદ્વાર - લવણ સમુદ્રનું વૈજયંત દ્વાર ક્યાં છે ? ગૌતમ ! લવણ સમુદ્રના દક્ષિણ પર્યન્તથી દક્ષિણાર્દ્ધ ધાતકીખંડની ઉત્તરમાં છે. સર્વ કંઈ વક્તવ્યતા વિજયદ્વારવત્ જાણવી. માત્ર રાજધાની વૈજયંત દ્વારની દક્ષિણથી જાણવી.

જયંતદ્વાર — લવણ સમુદ્રનું જયંતદ્વાર ક્યાં છે ? ગૌતમ ! લવણસમુદ્રના પશ્ચિમપર્યન્તે પશ્ચિમાર્દ્ધ ધાતકીખંડની પૂર્વથી શીતા મહાનદીની ઉપર છે. વિજયદ્વારવત્ વક્તવ્યતા છે. માત્ર રાજધાની જયંતદ્વારની પશ્ચિમે કહેવી.

અપરાજિતદ્વાર – લવણ સમુદ્રનું અપરાજિતદ્વાર ક્યાં છે ? ગૌતમ ! લવણસમુદ્રના ઉત્તર પર્યન્તે, ઉત્તરાર્દ્ધ ધાતકીખંડદ્વીપની દક્ષિણે છે. વિજય દ્વારવત્ સંપૂર્ણ વક્તવ્યતા કહેવી. માત્ર રાજધાની અપરાજિત દ્વારની ઉત્તરે કહેવી.

હવે દ્વારથી દ્વારનું અંતર - લવણ સમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું અંતર કેટલું છે ? ગૌતમ ! ૩,૯૫,૨૮૦ યોજન અને એક કોશ છે. તેથી કહે છે – એકૈક દ્વારનું પૃથુત્વ ચાર યોજન, એકૈક દ્વારમાં એકૈક દ્વારશાખા, એક કોશ જાડાઈથી. દ્વારે બબ્બે શાખા, એક દ્વારમાં ૪॥ યોજન થાય. ચાર દ્વારના મળીને ૧૮-યોજન થાય. તે લવણસમુદ્ર પરિરય પરિમાણથી - ૧૫,૮૧,૧૩૯ યોજન થાય. આ પરિમાણથી ભાગ કરાય, જે શેષ વધે તેને ચાર ભાગથી અપહૃત્ કરાતા જે આવે તે દ્વારોનું પરસ્પર અંતર પરિમાણ. તે યથોક્ત જ થાય.

લવણસમુદ્રના પ્રદેશો આદિ ચાર સૂત્ર પૂર્વવત્.

હવે લવણ સમુદ્રનો નામ-અન્વર્થ – લવણ સમુદ્રને લવણ સમુદ્ર કેમ કહે છે ? ગૌતમ ! લવણ સમુદ્રનું જળ આવિલ પ્રકૃતિથી અસ્વચ્છ છે. रइल - રજોવત્, જળ વૃદ્ધિ-હાનિથી ઘણાં કાદવવાળું. लवण - સાન્નિપાતિક રસયુક્તત્વથી. ગોબર નામક રસ વિશેષથી યુક્ત, क्षार - તીક્ષ્ણ, લવણરસ વિશેષત્વથી. कटुक - કટુરસ યુક્ત. આવા કારણોથી અપેય ? કોને ? ચતુષ્પદ આદિને. માત્ર લવણસમુદ્ર યોનિકને પેય છે. કેમકે તેના જીવોનો તે આહાર છે. તે જળમાં લવણ છે, માટે લવણસમુદ્ર કહ્યો.

જે કારણથી સુસ્થિત નામે તેનો અધિપતિ લવણાધિપતિ પ્રસિદ્ધ છે. તેનું આધિપત્ય અધિકૃત્ સમુદ્રનું જ છે, બીજે નહીં. તેથી પણ લવણ સમુદ્ર. - x -

હવે લવણસમુદ્રગત ચંદ્રાદિ સંખ્યા પરિમાણ –

● **સૂત્ર-૨૦૧ :-**

***ભગવન્ ! લવણ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ? એ રીતે પાંચેની પૃચ્છા. ગૌતમ ! લવણ સમુદ્રમાં ચાર ચંદ્રો પ્રકાશ્યા-છે-રહેશે. ચાર સૂર્યો તપ્યા-છે-તપશે. ૧૧૨-નક્ષત્રોએ ચંદ્રનો યોગ કર્યો-કરેછે-કરશે. ૩૫૨ મહાગ્રહોએ ચાર ચર્યો-ચરેછે-ચરશે. ૨,૬૭,૯૦૦ કોડાકોડી તારાગણ શોભિત હતો-છે-રહેશે.***

● **વિવેચન-૨૦૧ :-**

પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું – ગૌતમ ! ચાર ચંદ્રો પ્રભાસ્યા હતા, પ્રભાસે છે, પ્રભાસશે. એ રીતે ચાર સૂર્યો૦ જંબૂદ્વીપગત ચંદ્ર સૂર્યો સાથે સમ શ્રેણિએ પ્રતિબદ્ધ જાણવા. જેમકે બે સૂર્યો, એક જંબૂદ્વીપગત સૂર્યની શ્રેણી વડે પ્રતિબદ્ધ જાણવા, બે સૂર્યો જંબૂદ્વીપગત બીજા સૂર્ય સાથે. એ રીતે ચંદ્રમાં પણ જાણવું. તે બંને આ પ્રમાણે છે – જ્યારે જંબૂદ્વીપનો એક સૂર્ય મેરુની દક્ષિણથી ચાર ચરે છે, ત્યારે લવણ સમુદ્રમાં પણ તેથી સાથે સમશ્રેણિ પ્રતિબદ્ધ એક શિખાની અંદર ચાર ચરે છે, બીજો તેની સાથે શ્રેણિથી પ્રતિબદ્ધ શિખાથી પરથી ચાર ચરે છે. એ રીતે જ મેરુની ઉત્તરથી ચાર ચરતા સૂર્યમાં જાણવું. એ પ્રમાણે ચંદ્ર પણ જંબૂદ્વીપગત બંને ચંદ્રો સાથે



સમશ્રેણિથી પ્રતિબદ્ધ વિચારવો.

ઉક્ત કારણથી જંબૂદ્વીપની માફક લવણસમુદ્રમાં પણ જ્યારે મેરુની દક્ષિણે દિવસ હોય, ત્યારે મેરુની ઉત્તરે પણ લવણ સમુદ્રમાં દિવસ હોય છે. જ્યારે મેરુની ઉત્તરમાં લવણ સમુદ્રમાં દિવસ હોય ત્યારે દક્ષિણમાં પણ દિવસ હોય, ત્યારે પૂર્વ-પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રમાં રાત્રિ હોય છે. જ્યારે મેરુની પૂર્વ દિશામાં દિવસ હોય ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય. જ્યારે પશ્ચિમમાં દિવસ હોય ત્યારે પૂર્વમાં પણ દિવસ હોય અને મેરુની દક્ષિણ-ઉત્તરમાં નિયમા રાત્રિ હોય. આ રીતે ધાતકીખંડાદિમાં પણ કહેવું.

સૂર્યપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે – જ્યારે લવણ સમુદ્રમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય ત્યારે લવણસમુદ્રમાં પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ હોય છે. એ પ્રમાણે 'ધાતકીખંડ' સંબંધી પણ પાઠ છે. - x - એ રીતે જંબૂદ્વીપવત્ જાણવું. લવણ મુજબ કાલોદ સમુદ્રમાં જાણવું.

લવણ સમુદ્રમાં ૧૬,૦૦૦ યોજન પ્રમાણ શિખા છે, તો ચંદ્ર-સૂર્યોને તે-તે દેશમાં ચાર-ચરતા ગતિવ્યાઘાત કેમ ન થાય ? કહે છે. આ લવણ સમુદ્ર સિવાયના બાકીના દ્વીપસમુદ્રોમાં જે જ્યોતિષ્ક વિમાનો છે, તે સર્વે સામાન્યરૂપ સ્ફટિકમય છે. જ્યારે લવણ સમુદ્રમાં રહેલ જ્યોતિષ્કવિમાનો તથા જગત્ સ્વાભાવ્યથી ઉદક સ્ફાટન સ્વભાવ સ્ફટિકમય છે. - x - તેથી તેમને ઉદક મધ્યે ચાર ચરતા ઉદકથી વ્યાઘાત થતો નથી. બીજા દ્વીપ-સમુદ્રોમાં ચંદ્ર-સૂર્ય વિમાનો અધોલેશ્યક હોય છે, જ્યારે લવણ સમુદ્રમાં ઉર્ધ્વલેશ્યક હોવાથી શિખામાં પણ સર્વત્ર લવણ સમુદ્રમાં પ્રકાશ થાય છે. જો કે અર્થ ઘણાંને અપ્રતીત છે. વિશેષણવતીમાં જિનભદ્રગણિ કહે છે –

૧૬,૦૦૦ યોજન શિખામાં ક્યાં જ્યોતિષ્કનો વિઘાત થતો નથી ? જ્યોતિષ્ક વિમાનોમાં બધાં સ્ફટિકમય હોય છે, પણ લવણ સમુદ્રમાં ઉદકસ્ફાલિય હોય છે. - x - x - લવણ સમુદ્રમાં આ કારણથી ઉદક વિઘાત થતો નથી. ઈત્યાદિ - x - x -. ૧૧૨ નક્ષત્રો છે. કેમકે લવણસમુદ્રમાં ચાર ચંદ્ર, એકૈકનો પરિવાર ૨૮-નક્ષત્રો છે. તેથી ૨૮ x ૪ = ૧૧૨. તથા ૩૫૨ મહાગ્રહો છે. કેમકે એક ચંદ્રના પરિવાર-૮૮ ગ્રહો છે અને ૨,૬૭,૯૦૦ કોડાકોડી તારાગણ છે. [આ અંગે વૃત્તિકારશ્રીએ ગાથા પણ નોંધી છે.]

આ લવણ સમુદ્રમાં ચૌદશ આદિ તિથિમાં નદીમુખોને પૂરતો, જળના અતિરેકથી જે વૃદ્ધિ દેખાય છે, તેનું કારણ પૂછે છે –

● **સૂત્ર-૨૦૨ :-**

***હે ભગવન્ ! લવણ સમુદ્રનું પાણી ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમની તિથીઓમાં અતિશય વધે કે ઘટે છે, તે કેમ ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપની ચારે દિશામાં બાહ્ય વેદિકાંતથી લવણ સમુદ્રમાં ૯૫,૦૦૦ યોજન જતાં, ત્યાં મહાકુંભ આકારના વિશાળ ચાર મહાપાતાળ કળશ છે. તે આ – વલયામુખ, કેયૂપ, યૂપ, ઈશ્વર. તે મહાપાતાળ કળશો એક લાખ યોજન જળમાં છે, મૂળમાં વિષ્કંભ***

*૧૦,૦૦૦ યોજન, મધ્યમાં એક પ્રદેશિક શ્રેણિથી વૃદ્ધિગત થતાં એક-એક લાખ યોજન પહોળા હોય છે. પછી એક એક પ્રદેશ શ્રેણીથી હીન થતાં ઉપર મુખમૂળમાં ૧૦,૦૦૦ યોજન પહોળા રહે છે.*

*આ મહાપાતાળ કળશોની ભીંતો સર્વત્ર સમાન છે. તે ૧૦૦૦ યોજન જાડી છે. સર્વ વજરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તેમાં ઘણાં જીવો અને પુદ્‌ગલો ઉત્પન્ન થાય છે અને નીકળે છે, તેમનો ચય-ઉપચય થાય છે. દ્રવ્યાર્થતાથી તે ભીંતો શાશ્વત છે. વર્ણ આદિ પર્યાયોથી અશાશ્વત છે. પાતાળ કળશોમાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ-સ્થિતિક ચાર દેવો — કાલ, મહાકાલ, વેલંબ, પ્રભંજન છે.*

*તે મહાપાતાળ કળશોના ત્રણ ત્રિભાગ કહેલા છે — નીચેનો ત્રિભાગ, મધ્યમ ત્રિભાગ, ઉપરનો ત્રિભાગ. તે ત્રિભાગો ૩૩,૩૩૩-$^1/_3$ યોજન બાહલ્યથી છે. તેના નીચલા ત્રિભાગમાં વાયુકાય છે, મધ્યમ ત્રિભાગમાં વાયુકાય અને અપ્‌કાય છે, ઉપરના ત્રિભાગમાં અપ્‌કાય છે. આનાથી અતિરિક્ત હે ગૌતમ ! લવણસમુદ્રમાં તે-તે દેશમાં ઘણાં નાના કુંભાકૃતિ વાળા લઘુ પાતાળ કળશો કહ્યા છે. તે લઘુ પાતાળ કળશો એક-એક હજાર યોજન પાણીમાં ઉંડા પ્રવિષ્ટ છે. તેનો વિષ્કંભ મૂળમાં ૧૦૦ યોજન, મધ્યમાં એક પ્રદેશિક શ્રેણી વડે વધતા-વધતા ૧૦૦૦ યોજન, ઉપર એ રીતે ઘટતાં-ઘટતાં મુખમૂલમાં એક-એક સો યોજન પહોળા છે.*

*તે લઘુ પાતાળ કળશોની ભીંતો સર્વત્ર સમ, દશ યોજન બાહલ્યથી છે. તે સર્વે વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તેમાં ઘણાં જીવો અને પુદ્‌ગલો યાવત્ અશાશ્વત પણ છે, પ્રત્યેકમાં અર્દ્ધ પલ્યોપમ સ્થિતિક દેવ રહે છે. તે લઘુ પાતાળ કળશોમાં ત્રણ ત્રિભાગ છે — નીચેનો ત્રિભાગ, મધ્ય ત્રિભાગ, ઉપરનો ત્રિભાગ. તે ત્રિભાગો ૩૩૩-$^1/_3$ યોજન બાહલ્યથી કહેલા છે. તેમાં જે નીચેનો ત્રિભાગ છે, તે વાયુકાયથી, મધ્યમ ત્રિભાગ વાયુકાય અને અપ્‌કાયથી તથા ઉપરનો ત્રિભાગ અપ્‌કાયથી ભરેલ છે. આ રીતે બધાં મળીને લવણ સમુદ્રમાં ૭૮૮૪ પાતાળ કળશો હોય છે, તેમ કહેલ છે.*

*તે મહાપાતાળ અને લઘુપાતાળ કળશોના નીચેના અને મધ્યના ત્રિભાગમાં ઘણાં ઉદાર વાયુકાય સંસ્વેદે છે, સંમૂર્છે છે, હલે છે - ચલે છે, કંપે છે, ક્ષોભ પામે છે, ઘર્ષિત થાય છે, સ્પંદિત થાય છે, તે-તે ભાવમાં પરિણમે છે, ત્યારે તે ઉદક [પાણી] ઉછાળા મારે છે. જ્યારે તે મહાપાતાળ અને લઘુપાતાળ કળશોના નીચેના અને મધ્યના ત્રિભાગમાં ઘણાં ઉદાર વાયુકાયો યાવત્ તે તે ભાવને પરિણમતા નથી, ત્યારે તે ઉદક—પાણી ઉછાળા મારતું નથી. તે અંતરમાં જ્યારે તે વાયુ ઉદીરણા પામે ત્યારે તે પાણી ઉછાળા મારે છે અને તે અંતરમાં જ્યારે તે વાયુ ઉદીરણા ન પામે, ત્યારે તે પાણી ઉછાળા મારતું નથી. એ પ્રમાણે હે ગૌતમ ! લવણસમુદ્રમાં ચૌદશ-આઠમ-અમાસ-પૂનમમાં અતિશય પાણી વધે છે કે ઘટે છે.*



**● વિવેચન-૨૦૨ :-**

ભદંત ! લવણ સમુદ્રમાં ચૌદશ-આઠમ-અમાસ-પૂનમની તિથિમાં, તેમાં પૌર્ણમાસી-પૂનમ એટલે જેમાં મહીનો પૂર્ણ થાય તે. અથવા જેમાં ચંદ્રમા પૂર્ણ છે તે પૂર્ણીમા. અતિ-અતિ વધે કે ઘટે ? ગૌતમ ! જંબૂદ્વીપનો જે મેરુ પર્વત, તેની ચારે દિશામાં લવણસમુદ્રમાં ૯૫,૦૦૦ - ૯૫,૦૦૦ યોજન જતાં અતિ મોટી ચાર મહાપિટક સંસ્થાન સંસ્થિત અથવા મહાપાતાળ કળશો કહ્યા છે - x - તે આ રીતે —

મેરુની પૂર્વ દિશામાં વડવામુખ, દક્ષિણમાં કેયૂપ, પશ્ચિમમાં યૂપ અને ઉત્તરમાં ઈશ્વર. તે ચારે મહાપાતાળ કળશો એક-એક લાખ યોજન ઉદ્વેધથી, મૂળમાં ૧૦,૦૦૦ યોજન આદિ સૂત્રાર્થવત્. - x - x - તે મહાપાતાળ કળશોની ભીંતો સર્વત્ર સમ, ૧૦૦૦ યોજન જાડી છે તે સર્વથા વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે વજ્રમય ભીંતોમાં ઘણાં પૃથ્વીકાયિક જીવો અને પુદ્‌ગલો જાય છે અને ઉપજે છે. જીવોનો જ ઉત્પત્તિધર્મ છે. માટે જીવ લીધા, ચય અને ઉપચયને પામે છે, આ બંને પદ પુદ્‌ગલોની અપેક્ષાએ છે. કેમકે ચય અને અપચય ધર્મનો વ્યવહાર પુદ્‌ગલોમાં છે.

તે સકલ કાળ તદાકાર અને સદા અવસ્થાનથી તે ભીંતો દ્રવ્યાર્થપણે શાશ્વત છે અને વર્ણાદિ પર્યાયથી વળી અશાશ્વત છે. કેમકે વર્ણાદિ પ્રતિક્ષણે અથવા કેટલાંક કાળે અન્યથા-અન્યથા થાય.

તે ચાર પાતાળ કળશોમાં ચાર મહર્દ્ધિક દેવો, પલ્યોપમ સ્થિતિવાળા છે, તે વસે છે. વડવામૂળમાં કાળ, કેયૂપમાં મહાકાળ, યૂપમાં વેલંબ, ઈશ્વરમાં પ્રભંજન. તે પ્રત્યેક મહાપાતાળ કળશના ત્રણ ત્રિભાગ છે. નીચે-મધ્યે-ઉપર. તે ત્રણે ૩૩,૩૩૩-$^1/_3$ યોજન બાહલ્યથી કહ્યા છે. તે ચારે પાતાળ કળશોમાં નીચેના ત્રિભાગમાં વાયુકાય રહે છે, મધ્યમાં વાયુકાય અને અપ્‌કાય, ઉપર અપ્‌કાય રહે છે.

તે પાતાળ કળશોના આંતરામાં તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં લઘુ પાતાળ કળશો છે, ઈત્યાદિ સૂત્રાર્થવત્. - x - તે લઘુ પાતાળ કળશોની ભીંતો સર્વત્ર સમ અને દશ-દશ યોજન જાડી છે. ઈત્યાદિ સૂત્રાર્થવત્ યાવત્ સ્પર્શ પર્યાયથી અશાશ્વત છે. પ્રત્યેકે પ્રત્યેક તે અર્દ્ધ પલ્યોપમ સ્થિતિક દેવતા વડે પરિગૃહિત છે. તે લઘુ પાતાળ કળશોના પ્રત્યેકના ત્રણ ત્રિભાગ કહ્યા છે તે સૂત્રાર્થવત્. તે લઘુ પાતાળ કળસોમાં પણ નીચેના ત્રિભાગમાં વાયુકાયાદિ કહેવા.

આ પ્રમાણે બધાં મળીને ૭૮૮૪ પાતાળ કળશો મેં તથા બધાં તીર્થંકરોએ કહેલા છે. પાતાળ કળશ સંખ્યા, ત્રિભાગ, ત્રિભાગદ્રવ્ય આદિને જણાવતી ત્રણ ગાથા પણ વૃત્તિકારે નોંધેલી છે. - x - x -

તે લઘુ પાતાળ કળસો અને મહાપાતાળ કળશોના નીચેના અને મધ્યના ત્રિભાગમાં તથા જગત્‌સ્થિતિ સ્વાભાવ્યથી પ્રતિદિન બે વખત, તેનાથી પણ ચૌદશ આદિ તિથિઓમાં અતિરેકથી અતિ પ્રભૂત, ઉર્ધ્વગમન સ્વભાવી અને પ્રબળશક્તિવાળા વાયુ ઉત્પત્તિ અભિમુખ થાય છે. પછી ક્ષણાંતરે સંમૂર્છન જન્મને પ્રાપ્ત કરનારા થાય

છે. પછી વાયુના ચલન સ્વભાવત્વથી કંપે છે. પછી પરસ્પર સંઘટને પામે છે. પછી મહા અદ્ભુત શક્તિક થઈ ઉપર અહીં-તહીં પ્રસરે છે. પછી બીજા વાયુ અને જળ પણ પ્રબળપણે પ્રેરાય છે. તે-તે દેશકાલોચિત મંદ-તીવ્ર કે મધ્યમ ભાવના પરિણામને પામે છે. શેષ સુગમ છે - x - તે જળ ઉપર ફેંકાય છે.

- x - તે લઘુપાતાળ, મહાપાતાળના નીચેના અને મધ્યમના ત્રિભાગમાં ઘણો ઉદાર વાયુ સંસ્વેદે છે, આદિ પૂર્વવત્. - x - ત્યારે જળના ઉત્ક્ષેપનો અભાવ છે. તે જ સ્પષ્ટતર કહે છે — અહોરાત્રિમાં બે વખત પ્રતિનિયત કાળ વિભાગમાં, પક્ષ મધ્યમાં, ચૌદશ આદિ તિથિમાં અતિરેકથી તે વાયુ તથા જગત્ સ્વાભાવ્યથી ઉદીરણા પામે છે. - x - x - પ્રતિનિયત કાળ વિભાગ સિવાય તે વાયુ ઉત્પન્ન થતો નથી. - x - x - તેથી એ પ્રમાણે હે ગૌતમ ! લવણસમુદ્રમાં ચૌદશ-આઠમ-અમાસ-પૂનમ તિથિમાં અતિ-અતિ વધે-ઘટે છે.

એ પ્રમાણે ચૌદશાદિ તિથિમાં અતિરેકથી જળવૃદ્ધિનું કારણ કહ્યું, હવે અહોરાત્ર મધ્યે બે વખત જળવૃદ્ધિનું કારણ કહે છે —

• **સૂત્ર-૨૦૩ :-**

***ભગવન્ ! લવણ સમુદ્ર ત્રીશ મુહૂર્તોમાં કેટલી વાર અતિશય વધે છે કે ઘટે છે ? ગૌતમ ! લવણ સમુદ્ર ત્રીશ મુહૂર્તોમાં બે વખત અતિશય વધે છે કે ઘટે છે. ભગવન્ ! એમ કેમ કહો છો કે લવણ સમુદ્ર બે વખત વધે કે ઘટે ? ગૌતમ ! પાતાળ કળશોમાં પાણી ઉછળે ત્યારે સમુદ્રમાં પાણી વધે છે, જળથી આપૂરિત રહે ત્યારે ઘટે છે. તેથી હે ગૌતમ ! લવણ સમુદ્રમાં ત્રીશ મુહૂર્તોમાં બે વખત અતિ-અતિ પાણી વધે છે કે ઘટે છે.***

• **વિવેચન-૨૦૩ :-**

ભદંત ! લવણસમુદ્ર ૩૦ મુહૂર્તોમાં દિવસના કેટલી વાર અતિ-અતિ વધે કે ઘટે ? બધું સૂત્રાર્થ મુજબ જાણવું. વિશેષ એ કે નીચેના અને મધ્યમ ત્રિભાગમાં વાયુ સંક્ષોભથી જળ ઉંચે ફેંકાય અને વાયુ સ્થિર થતાં ફરી પાણી નીચે ઉતરતા ઘટાડો થાય.

હવે લવણશિખા વક્તવ્યતા કહે છે —

• **સૂત્ર-૨૦૪ :-**

***ભગવન્ ! લવણશિખા ચક્વાલ વિષ્કંભથી કેટલી છે ? અતિશયથી કેટલી વધે છે કે ઘટે છે ? ગૌતમ ! લવણશિખા ચક્વાલ વિષ્કંભથી દશ હજાર યોજન છે અને દેશોન અર્દ્ધ યોજન સુધી તે વધે છે અથવા ઘટે છે. - - - ભગવન્ ! લવણસમુદ્રની અભ્યંતર વેળા કેટલા હજાર નાગકુમાર દેવો ધારણ કરે છે ? કેટલા નાગકુમારો બાહ્ય વેળાને ધારણ કરે છે ? કેટલા હજાર નાગકુમારો અગ્રોદકને ધારણ કરે છે ?***

***ગૌતમ ! ૪૨,૦૦૦ નાગકુમારો અભ્યંતર વેળાને, ૭૨,૦૦૦ નાગ૦ બાહ્ય વેળાને અને ૬૦,૦૦૦ નાગ૦ અગ્રોદકને ધારણ કરે છે. એ રીતે બધાં મળીને ૧,૭૪,૦૦૦ નાગકુમાર દેવો કહ્યા છે.***



• **વિવેચન-૨૦૪ :-**

ભદંત ! લવણશિખા ચક્વાલ વિષ્કંભથી કેવડી છે ? કેટલી અતિશયથી વધે કે ઘટે છે ? ગૌતમ ! લવણશિખા સર્વતઃ ચક્વાલ વિષ્કંભથી સમપ્રમાણ ૧૦,૦૦૦ યોજન વિષ્કંભ ચક્વાલરૂપથી વિસ્તારથી છે. બે ગાઉ પ્રમાણ અતિ-અતિ વધે છે કે ઘટે છે. અહીં ભાવના આ પ્રમાણે છે —

લવણસમુદ્રમાં જંબૂદ્વીપ અને ધાતકીખંડ દ્વીપથી પ્રત્યેક ૯૫-૯૫ હજારે ગોતીર્થ છે. ગોતીર્થ - તડાવ આદિવત્ પ્રવેશ માર્ગ રૂપ નીચો, નીચતર ભૂદેશ, મધ્યભાગનો અવગાહ ૧૦,૦૦૦ યોજન વિસ્તાર છે. ગોતીર્થ જંબૂદ્વીપ અને ધાતકીખંડની વેદિકાંત સમીપે અંગુલનો અસંખ્યાત ભાગ છે. પછી સમતલ ભૂભાગથી આરંભીને ક્રમથી પ્રદેશ હાનિથી ત્યાં સુધી નીચત્વ, નીચતરત્વ કહેવું જ્યાં સુધી ૯૫,૦૦૦ યોજન થાય. ૯૫,૦૦૦ સુધી સમતલ ભૂ ભાગની અપેક્ષા ૧૦૦૦ યોજન ઉંડાઈ છે તેથી જંબૂદ્વીપ અને ધાતકીખંડ વેદિકાની પાસે તે સમતલ ભૂભાગમાં જળવૃદ્ધિ અંગુલના અસંખ્યાત પ્રમાણ થાય, ત્યાંથી આગળ સમતલ ભૂભાગમાં પ્રદેશવૃદ્ધિથી જળવૃદ્ધિ ક્રમશઃ વધતી એવી જાણવી. - x - અહીં સમતલ ભૂભાગ અપેક્ષાએ ૭૦૦ યોજન જળવૃદ્ધિ થાય છે. અર્થાત્ સમતલ ભૂ ભાગથી ૧૦૦૦ યોજન ઉંડાઈ છે અને તેની ઉપર ૭૦૦ યોજનની જળવૃદ્ધિ થાય છે. મધ્યભાગે - x - ૧૬,૦૦૦ યોજનની જળવૃદ્ધિ થાય. પાતાળ કળશગત વાયુના ક્ષોભિત થવાથી તેની ઉપર એક અહોરાત્રમાં બે વખત કંઈક ન્યૂન બે કોશ પ્રમાણ અતિશયરૂપમાં ઉદકની વૃદ્ધિ થાય છે અને જ્યારે પાતાલકલશનો વાયુ ઉપશાંત હોય છે, ત્યારે જળવૃદ્ધિ થતી નથી.

આ વાત માટે વૃત્તિકારે ત્રણ ગાથા પણ નોંધેલ છે.

હવે વેલંધર વક્તવ્યતા કહે છે — ભદંત ! લવણસમુદ્રની આભ્યંતરિકી-જંબૂદ્વીપાભિમુખ વેલા - શિખર ઉપરનું જળ, શિખા-આગલ પડતું હોય તેને કેટલા હજાર ભવનપતિકાયાંતર્વર્તી નાગકુમાર - નાગો ધારણ કરે છે ? કેટલાં બાહ્ય-ધાતકીખંડાભિમુખ વેલાને ધાતકીખંડમાં પ્રવેશતી રોકે છે ? કેટલાં અગ્રોદક-દેશોન યોજનાર્દ્ધ જળથી ઉપર વધતાં જળને ધારી રાખે છે ? ગૌતમ ! ૪૨,૦૦૦ નાગકુમારો અભ્યંતર વેળાને ધારે છે આદિ સૂત્રાર્થવત્ કહેવું. - - આ પ્રમાણે મેં તથા બીજા બધાં તીર્થંકરોએ કહેલ છે.

• **સૂત્ર-૨૦૫,૨૦૬ :-**

***[૨૦૫] ભગવન્ ! વેલંધર નાગરાજ કેટલા કહ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ — ગોસ્તૂપ, શિવક, શંખ અને મનઃશિલાક.***

***ભગવન્ ! આ ચાર વેલંધર નાગરાજના કેટલા આવાસ પર્વતો છે ? ગૌતમ ! ચાર. ગોસ્તૂપ, ઉદકભાસ, શંખ, દકસીમા.***

***ભગવન્ ! ગોસ્તૂપ વેલંધર નાગરાજનો ગોસ્તૂપ નામે આવાસ પર્વત ક્યા છે ? ગૌતમ ! જંબૂદ્વીપ-દ્વીપના મેરુની પૂર્વે લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી ગોસ્તૂપ વેલંધર નાગરાજનો આ આવાસ પર્વત છે. તે ૧૭૨૧ યોજન***

ઉંચો, ૪૩૦ યોજન અને એક કોશ પાણીમાં, મૂળમાં ૧૦૨૨ યોજન લાંબો-પહોળો, મધ્યમાં ૭૨૩ યોજન અને ઉપર ૪૨૪ યોજન લાંબો-પહોળો છે. પરિધિ-મૂળમાં ૩૨૩૨ યોજનથી કંઈક ન્યૂન, મધ્યમાં ૨૨૮૬ યોજનથી કંઈક વિશેષ અધિક, ઉપર ૧૩૪૧ યોજનથી કંઈક ન્યૂન છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર તનુક ગોપુચ્છસંસ્થાન સંસ્થિત, સર્વ કનકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે એક પદ્મવર વેદિકા અને વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. બંનેનું વર્ણન કરવું. ગોસ્તુપ આવાસપર્વત ઉપર બહુ સમરમણીય ભૂમિભાગ છે યાવત્ ત્યાં દેવ-દેવી બેસે છે આદિ.

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશભાગે એક મોટું પ્રાસાદાવતંસક છે. જે ૬૨॥ યોજન ઉંચુ, ૩૧। યોજન લાંબુ-પહોળું છે. સપરિવાર સીંહાસન સુધી વર્ણન કરવું.

ભગવન્ ! ગોસ્તૂપ આવાસ પર્વતને ગોસ્તૂપ આવાસ પર્વત કેમ કહે છે ? ગૌતમ ! ગોસ્તૂપ આવાસ પર્વતમાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણી નાની-નાની વાવડીઓ યાવત્ ગોસ્તૂપ વર્ણના ઘણાં ઉત્પલાદિ પૂર્વવત્ યાવત્ ત્યાં મહર્દ્ધિક ગોસ્તૂપ નામનો પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિકો યાવત્ ગોસ્તૂપ આવાસ પર્વતનું અને ગોસ્તૂપ રાજધાનીનું આધિપત્યાદિ કરતા યાવત્ વિચરે છે. તે કારણથી યાવત્ તે નિત્ય છે.

રાજધાની પૃચ્છા – ગૌતમ ! ગોસ્તૂપ આવાસ પર્વતની પૂર્વે તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર ગયા પછી બીજા લવણ સમુદ્રમાં છે. પ્રમાણાદિ બધું પૂર્વવત્.

ભગવન્ ! શિવક વેલંધર નાગરાજનો દકાભાસ નામનો આવાસ પર્વત ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે, લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી શિવક વેલંધર નાગરાજનો દકાભાસ આવાસપર્વત છે. ગોસ્તુપની જેમ જ પ્રમાણ કહેવું. વિશેષ એ કે – સર્વ અંકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે યાવત્ અર્થ કહેવો. ગૌતમ ! દકાભાસ આવાસ પર્વત, લવણ સમુદ્રમાં આઠ યોજનના ક્ષેત્રમાં પાણીને ચોતરફ અવભાસિત, ઉદ્યોતીત, તાપિત, પ્રકાશિત કરે છે. શિવક નામે મહર્દ્ધિક દેવ યાવત્ શિવકા રાજધાની દકાભાસની દક્ષિણમાં છે, બાકી બધું કથન પૂર્વવત્.

ભગવન્ ! શંખ વેલંધર નાગરાજનો શંખ નામનો આવાસ પર્વત ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે ૪૨,૦૦૦ યોજન જતાં આ શંખ વેલંધર નાગરાજનો શંખ આવાસ પર્વત છે. પ્રમાણાદિ પૂર્વવત્. માત્ર સર્વ રત્નમય, સ્વચ્છ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ઘેરાયેલ છે યાવત્ અર્થ - ઘણી નાની નાની વાવડી યાવત્ ઘણાં ઉત્પલો શંખાભા-શંખવર્ણ-શંખવર્ણાભાથી છે. શંખ નામે મહર્દ્ધિક દેવ યાવત્ રાજધાની-શંખ આવાસપર્વતની પશ્ચિમે શંખા નામક રાજધાની છે. પ્રમાણાદિ પૂર્વવત્.



ભગવન્ ! મનોસિલક વેલંધર નાગરાજનો ઉદકસીમા નામનો આવાસ પર્વત ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુની ઉત્તરે લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી આ મનોશિલક વેલંધર નાગરાજનો ઉદકસીમા નામે આવાસ પર્વત છે. પ્રમાણાદિ પૂર્વવત્ વિશેષ એ કે – તે સર્વ સ્ફટિકમય, સ્વચ્છ છે યાવત્ અર્થ કહેવો – ગૌતમ ! દકસીમ આવાસ પર્વત સીતા-સીતોદા મહાનદીઓના પ્રવાહ અહીં આવીને પ્રતિહત થાય છે, તેથી તેને ઉદકસીમ કહે છે યાવત્ નિત્ય છે. અહીં મનોશિલક નામે મહર્દ્ધિક દેવ છે યાવત્ તે ત્યાં ૪૦૦૦ સામાનિક આદિનું આધિપત્ય૦ યાવત્ વિચરે છે.

ભગવન્ ! મનોશિલક વેલંધર નાગરાજની મનોશિલા નામે રાજધાની ક્યાં છે ? ગૌતમ ! દકસીમ આવાસ પર્વતની ઉત્તરે તિર્છા અસંખ્યાતદ્વીપ સમુદ્ર પછી બીજા લવણસમુદ્રમાં આ મનોશિલક રાજધાની કહી છે. પ્રમાણ પૂર્વવત્ યાવત્ મનોશિલક દેવ.

[૨૦૬] વેલંધરોના આવાસ પર્વત ક્રમશઃ કનકમય, અંકરત્નમય, રજતમય અને સ્ફટિકમય છે.

● વિવેચન-૨૦૫,૨૦૬ :-

વેલંધર નાગરાજ કેટલા કહ્યા છે ? ચાર. તે આ છે – ગોસ્તૂપ, શિવક, શંખ, મનઃશિલાક. આ ચાર વેલંધર નાગરાજના કેટલા આવાસપર્વતો કહ્યા છે ? ગૌતમ ! એકૈકના એકૈક પ્રમાણે ચાર આવાસ પર્વતો છે. ગોસ્તૂપ, ઉદકભાસ, શંખ, દકસીમ.

પ્રશ્ન સુગમ છે. ગૌતમ ! આ જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વ દિશામાં લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી ગોસ્તૂપ નાગેન્દ્ર નાગરાજનો ગોસ્તૂપ નામે આવાસપર્વત કહેલો છે. તે ૧૭૨૧ યોજન ઉંચો ઈત્યાદિ પ્રમાણ સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણવું. તે ગોપુચ્છના આકારથી, સર્વથા જાંબૂનદમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે પર્વત એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે દિશામાં સંપરિક્ષિપ્ત છે. વેદિકા અને વનખંડ બંનેનું વર્ણન પૂર્વવત્.

ગોસ્તૂપ આવાસ પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે, ત્યાં ઘણાં નાગકુમાર દેવો બેસે છે, સુવે છે આદિ. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક પ્રાસાદાવતંસક છે. તે વિજયદેવના પ્રાસાદાવતંસક સદૃશ કહેવું. તે ૬૨॥ યોજન ઉંચુ, ૩૧। યોજન લાંબુ-પહોળું છે. પ્રાસાદ અને ઉલ્લોચ વર્ણન પૂર્વવત્ જાણવું.

તે પ્રાસાદાવતંસકના બહુમધ્ય દેશભાગે એક મોટી સર્વ રત્નમયી પીઠિકા છે. તે યોજન લાંબી-પહોળી, બે ગાઉ જાડી છે. તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન છે, ભદ્રાસનથી પરિવૃત્ત છે.

ભગવન્ ! "ગોસ્તૂપ આવાસ પર્વત" એવું નામ કેમ છે ? ગૌતમ ! ત્યાં નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિમાં ઘણાં ઉત્પલો યાવત્ શતસહસ્રપત્રો ગોસ્તૂપપ્રભાવાળા - ગોસ્તૂપાકારના - ગોસ્તૂપ વર્ણવાળા, ગોસ્તૂપવર્ણાભાવાળા છે.

આ બધાંના સાદૃશ્યાદિ આવાસ પર્વતને ગોસ્તૂપ કહે છે. અનાદિકાળ પ્રવૃત્ત આ વ્યવહાર છે. - x -

અહીં ભુજગેન્દ્ર ભુજગરાજ ગોસ્તૂપ મહર્દ્ધિક, મહાદ્યુતિક આદિ દેવ છે. તે ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, ગોસ્તૂપા રાજધાની, બીજા પણ ત્યાંના દેવ-દેવીઓનું આધિપત્ય કરતા વિચરે છે. તેથી ગોસ્તૂપદેવ સ્વામીત્વથી ગોસ્તૂપ નામ છે.

હવે ગોસ્તૂપ રાજધાની પૂછે છે — ભદંત ! નાગેન્દ્ર-નાગરાજ ગોસ્તૂપની ગોસ્તૂપા રાજધાની ક્યાં છે ? ગૌતમ ! ગોસ્તૂપ આવાસ પર્વતની પૂર્વ દિશામાં તિર્છી અસંખ્યાત દ્વીપસમુદ્ર ગયા પછી લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી, તે અંતરમાં ગોસ્તૂપ નાગેન્દ્ર નાગરાજની ગોસ્તૂપા રાજધાની છે, વિજયા રાજધાની સદૃશ તે કહેવી. આ પ્રમાણે ગોસ્તૂપ કહ્યો, હવે દકાભાસને કહે છે —

શિવક — જંબૂદ્વીપદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણથી લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી નાગરાજ શિવકનો દકાભાસ નામે આવાસ પર્વત છે. તે ગોસ્તૂપવત્ કહેવો યાવત્ સિંહાસન. હવે નામ નિમિત્ત પૂછે છે — ગૌતમ ! દકાભાસ આવાસપર્વત લવણ સમુદ્રમાં બધી દિશામાં સ્વ સીમાથી આઠ યોજન પ્રમાણ ક્ષેત્રમાં જે ઉદક છે, તે સમસ્તપણે અતિ વિશુદ્ધ અંકરત્નમય સ્વપ્રભાથી અવભાસે છે. તેને ત્રણ પર્યાયથી કહે છે — ચંદ્રની જેમ ઉદ્યોત કરે છે, સૂર્યની જેમ તપે છે, ગ્રહાદિવત્ પ્રભાસે છે. તેથી દક-પાણીને આભાસે છે. બધી દિશામાં અવભાસે છે તેથી દકાભાસ શિવક નામે આ પર્વત ઉપર નાગરાજ, મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે ૪૦૦૦ સામાનિકોનું આધિપત્ય કરતો આદિ પૂર્વવત્. અહીં શિવકા રાજધાની કહેવી. તે આવાસ પર્વત દક મધ્યે શોભે છે માટે દકાભાસ. દકાભાસની શિવકા રાજધાની વિજયા રાજધાનીવત્ કહેવી.

હવે શંખ આવાસ પર્વત વક્તવ્યતા — નાગેન્દ્ર નાગરાજ શંખનો શંખઆવાસ પર્વત ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન થઈને ત્યાં નાગરાજ નાગેન્દ્ર શંખનો શંખ આવાસ પર્વત છે. તે ગોસ્તૂપવત્ કહેવો. - x - તેના નામનું કારણ — શંખ આવાસ પર્વતમાં નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિમાં ઘણાં ઉત્પલ યાવત્ શતસહસ્રપત્રો શંખાકાર, શંખવર્ણ, શંખવર્ણ સદૃશ વર્ણવાળા છે. ભુજગેન્દ્ર ભુજગરાજ શંખ મહર્દ્ધિક દેવ અહીં વસે છે. - x - માત્ર અહીં શંખા રાજધાની કહેવી. વળી તેમાં રહેલ ઉત્પલાદિ, શંખાકાર, શંખદેવ સ્વામી આદિ કારણે શંખ. તેથી ઉક્ત નામ રાખ્યું. શંખા રાજધાની, શંખાવાસ પર્વતની પશ્ચિમ દિશામાં તિર્છા અસંખ્યાત દ્વીપ સમુદ્ર ગયા પછી લવણ સમુદ્રમાં છે. તેની વક્તવ્યતા વિજયા રાજધાનીવત્ છે.

હવે દકસીમા પર્વત વક્તવ્યતા — ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી, આ અવકાશમાં મનઃશિલક ભુજગેન્દ્ર ભુજગરાજનો દકસીમ નામે આવાસ પર્વત કહ્યો છે. તે ગોસ્તૂપ



પર્વતવત કહેવો.

હવે તેના નામનું નિમિત્ત — ગૌતમ ! દકસીમ આવાસ પર્વતે શીતા-શીતોદા મહાનદીનો જળપ્રવાહ પ્રતિહત થાય છે, તેથી ઉદકના સીમાકારીપણાથી તેને દકસીમ કહે છે - x - બીજું મનઃશિલ ભુજગેન્દ્ર ભુજગરાજ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે ૪૦૦૦ સામાનિકોનું૦ આદિ પૂર્વવત્. માત્ર મનઃશિલા એ રાજધાની કહેવી. મનઃશિલ દેવની લવણ જળ મધ્યે સીમા છે - x - તેથી 'દકસીમા' નામ છે. મનઃશિલા રાજધાની વિજયાવત્ કહેવી.

આ રીતે ચાર વેલંધર આવાસ પર્વતો કહ્યા, હવે મૂળદલમાં વિશેષથી જણાવવા કહે છે — ગોસ્તૂપાદિના આવાસો ગોસ્તૂપ આદિ ચારે પર્વતો યથાક્રમે કનક, અંક, રજત, સ્ફટિકમય છે. - x - તથા મોટાં વેલંધરાના આદેશને પ્રતિચ્છકપણે અનુયાયી વેલંધર, તે અનુવેલંધર. તે અનુવેલંધરરાજના પર્વત રત્નમય છે.

● **સૂત્ર-૨૦૭ :-**

***ભગવન્ ! અનુવેલંધર નાગરાજ કેટલા છે ? ગૌતમ ! ચાર. તે આ — કર્કોટક, કર્દમક, કૈલાશ, અરુણપ્રભ. - - ભગવન્ ! આ ચાર અનુવેલંધર નાગરાજના કેટલા આવાસ પર્વતો કહ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ — કર્કોટક યાવત્ અરુણપ્રભ.***

***ભગવન્ ! કર્કોટક અનુ વેલંધર નાગરાજનો કર્કોટક આવાસ પર્વત ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઈશાનમાં લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી આ કર્કોટક નાગરાજનો કર્કોટક નામે આવાસ પર્વત છે. તે ૧૭૨૧ યોજન ઉંચો છે, તે બધું પ્રમાણ ગોસ્તૂપવત્ કહેવું. વિશેષ એ કે — સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ સંપૂર્ણ કહેવું યાવત્ સપરિવાર સિંહાસન સુધી કહેવું. અર્થ — ઘણાં ઉત્પલો કર્કોટક આકારના છે આદિ પૂર્વવત્. વિશેષ આ — કર્કોટક પર્વતની ઈશાને રાજધાની છે આદિ બધું પૂર્વવત્. - - - કર્દમ આવાસ પર્વત પણ તેમજ કહેવો. માત્ર અગ્નિ ખૂણામાં આવાસ, વિદ્યુત્પ્રભા રાજધાની પણ અગ્નિખૂણામાં કહેવી. - - - કૈલાશ પણ તેમજ છે. માત્ર નૈઋત્ય ખૂણામાં, કૈલાશ રાજધાની પણ તેમજ છે. - - - અરુણપ્રભ પણ તેમજ છે. તે વાયવ્ય ખૂણામાં છે. રાજધાની પણ તેમજ છે.***

***ચારે પર્વત એક પ્રમાણના, સર્વ રત્નમય છે.***

● **વિવેચન-૨૦૭ :-**

ભગવન્ ! અનુવેલંધર રાજ કેટલા છે ? ગૌતમ ! ચાર. કર્કોટક આદિ. ભગવન્ ! ચાર અનુવેલંધરરાજના કેટલાં આવાસપર્વતો છે ? ગૌતમ એકૈકના એકૈક ભાવથી ચાર, અનુવેલંધર-રાજના આવાસ પર્વતો કહ્યા છે — કર્કોટક ઈત્યાદિ ચાર.

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની ઉત્તરપૂર્વમાં લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી કર્કોટક ભુજગેન્દ્ર ભુજગરાજનો કર્કોટક નામે આવાસપર્વત છે. તેના પ્રમાણાદિ માટે ગોસ્તૂપ આવાસ પર્વતની વક્તવ્યતા અહીં અહીનાતિરિક્ત

કહેવી. વિશેષ આ - સર્વરત્નમય કહેવું. નામ નિમિત્ત — નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિમાં ઘણાં ઉત્પલો યાવત્ સહસ્રપત્રો કર્કોટક આકારના છે તેથી તે કર્કોટકાદિ કહેવાય છે. તેના યોગે પર્વત પણ કર્કોટક છે તથા કર્કોટક નામે પલ્યોપમસ્થિતિક દેવ ત્યાં રહે છે. તેથી કર્કોટકના સ્વામીત્વથી કર્કોટક છે. રાજધાની પણ કર્કોટક આવાસ પર્વતની ઉત્તરપૂર્વ દિશામાં તીર્છા અસંખ્યાત દ્વીપસમુદ્રો ગયા પછી બીજા લવણ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી કર્કોટક નામે વિજયા રાજધાની જેવી જાણવી.

એ પ્રમાણે કર્દમ, કૈલાશ, અરુણપ્રભ વક્તવ્યતા કહેવી. વિશેષ આ — જંબૂદ્વીપના મેરુની લવણસમુદ્રમાં દક્ષિણપૂર્વમાં કર્દમક, દક્ષિમ-પશ્ચિમમાં કૈલાશ, પશ્ચિમ-ઉત્તરમાં અરુણપ્રભ છે. નામ વિચારણા પૂર્વવત્ - તેના તેવા ઉત્પલ અને તે-તે નામક દેવ સમજી લેવા - x - x -

રાજધાની — કર્દમકા, કર્દમ આવાસ પર્વતની દક્ષિણપૂર્વમાં, કૈલાશા - કૈલાશ આવાસ પર્વતની દક્ષિણપશ્ચિમમાં અરુણપ્રભા - અરુણપ્રભ આવાસ પર્વતની પશ્ચિમોત્તરમાં - x - x - છે. તે વિજયા રાજધાનીની માફક કહેવી.

**● સૂત્ર-૨૦૮ :-**

*ભગવન્ ! લવણાધિપતિ સુસ્થિત દેવનો ગૌતમ નામે દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતાં અહીં લવણાધિપતિ સુસ્થિતનો ગૌતમદ્વીપ કહેલ છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબો-પહોળો, ૩૭,૯૪૮ યોજનથી કંઈક ન્યૂન પરિધિથી, જંબૂદ્વીપાંત દિશામાં ૮૮-$^1/_2$ યોજન અને $^{40}/_{95}$ યોજન જલાંતથી ઉપર ઉઠેલ છે. લવણસમુદ્ર તરફ જલાંતથી બે કોશ ઉપર ઉઠેલ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે ઈત્યાદિ. બંનેનું વર્ણન કરી લેવું.*

*ગૌતમદ્વીપ દ્વીપમાં યાવત્ બહુસમરમણીય ભૂમિભાગ કહ્યો છે. જેમ કોઈ આલિંગપુષ્કર૦ યાવત્ બેસે છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગે લવણાધિપતિ સુસ્થિત દેવનો એક મોટો અતિક્રિડાવાસ નામે ભૌમેયવિહાર છે તે ૬૨॥ યોજન ઉંચો અને ૩૧। યોજન પહોળો છે. અનેક શત સ્તંભો ઉપર સંનિવિષ્ટ છે. અહીં ભવન વર્ણન કહેવું.*

*તે અતિક્રીડાવાસ ભૌમેયવિહારની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહ્યો છે, યાવત્ મણીનો સ્પર્શ. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા બે યોજન લાંબી-પહોળી, યોજન જાડી સર્વ મણિમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકાની ઉપર દેવ શયનીય છે. તેનું વર્ણન કરવું.*

*ભગવન્ ! ગૌતમદ્વીપને ગૌતમદ્વીપ કેમ કહે છે ? ત્યાં-ત્યાં, તેમાં-તેમાં ઘણાં ઉત્પલો યાવત્ ગૌતમ આકારે ઉત્પલો છે ઈત્યાદિ કારણે કહે છે, યાવત્ તે નિત્ય છે.*



*ભગવન્ ! લવણાધિપતિ સુસ્થિત દેવની સુસ્થિતા રાજધાની ક્યાં છે ? ગૌતમ દ્વીપની પશ્ચિમમાં તીર્છા અસંખ્યાત દ્વીપ૦ ગયા પછી બીજા લવણ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને. એ પ્રમાણે બધું પૂર્વવત્ જાણવું યાવત્ સુસ્થિત દેવ છે.*

**● વિવેચન-૨૦૮ :-**

લવણાધિપતિ સુસ્થિતનો ગૌતમ દ્વીપ નામે દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપની પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી લવણાધિપ સુસ્થિત દેવનો ગૌતમદ્વીપ નામે દ્વીપ છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબો-પહોળો છે ઈત્યાદિ. જંબૂદ્વીપ દિશામાં ૮૮॥ યોજન અને $^{40}/_{95}$ ભાગ યોજન જળના ઉપરિતળથી ઉંચો છે. લવણસમુદ્ર દિશામાં જળાંતથી બે કોશ ઉંચો છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફતી પરિક્ષિપ્ત છે.

તે ગૌતમદ્વીપની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે, તેનું વર્ણન પૂર્વવત્ યાવત્ તૃણોના અને મણીના શબ્દનું વર્ણન, વાવડી આદિ વર્ણન યાવત્ ઘણાં વ્યંતર દેવો બેસે છે, સુવે છે યાવત્ વિચરે છે. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે અહીં લવણાધિપ સુસ્થિતને યોગ્ય એક મોટો અતિક્રીડાવાસ નામે ભૌમેય વિહાર છે. તે ૬૨॥ યોજન ઉંચો ઈત્યાદિ છે. ભવન-ઉલ્લોચાદિ વર્ણન પૂર્વવત્.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગમાં અહીં એક મોટી મણિપીઠિકા છે. તે યોજન લાંબી-પહોળી, અર્દ્ધ યોજન જાડી, સર્વથા મણિમયી યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકા ઉપર દેવ શયનીય છે, અષ્ટમંગલાદિ પૂર્વવત્.

નામ નિમિત્ત પૃચ્છા-તેને ગૌતમદ્વીપ કેમ કહે છે ? ગૌતમ ! આ નામ શાશ્વત છે ઈત્યાદિ પૂર્વવત્. બીજી પ્રતમાં એવો પાઠ છે કે — ગૌતમદ્વીપમાં તેમાં-તેમાં, ત્યાં-ત્યાં ઘણાં ઉત્પલો યાવત્ સહસ્રપત્રો ગૌતમપ્રભા, ગૌતમવર્ણા, ગૌતમવર્ણાભી યુક્ત છે ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. લવણાધિપ સુસ્થિત અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિક દેવોનું યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોનું, ગૌતમદ્વીપની સુસ્થિતા રાજધાની અને બીજા ઘણાં વ્યંતર દેવ-દેવીનું આધિપત્ય કરતાં યાવત્ વિચરે છે. આ નામ શાશ્વત છે - x - x - - - -

હવે જંબૂદ્વીપગત ચંદ્રદ્વીપ પ્રતિપાદનાર્થે કહે છે —

**● સૂત્ર-૨૦૯ થી ૨૧૬ :-**

*[૨૦૯] ભગવન્ ! જંબૂદ્વીપગત ચંદ્રોના ચંદ્રદ્વીપો નામક બંને દ્વીપો ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને અહીં જંબૂદ્વીપગત ચંદ્રના ચંદ્રદ્વીપ નામે બે દ્વીપ છે. તે જંબૂદ્વીપની દિશામાં ૮૮॥ યોજન અને $^{40}/_{95}$ યોજન પાણીથી ઉપર બેઠેલ છે. લવણસમુદ્રની દિશામાં જલાંતથી બે કોશ ઉપર ઉઠેલ છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબા-પહોળા છે. બાકી પરિધિ આદિ કથન ગૌતમદ્વીપવત્ જાણવું. તે પ્રત્યેક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિવેષ્ટિત છે. આ બંનેનું વર્ણન કરવું જોઈએ. ત્યાં બહુસમ રમણીય ભૂમિભાગ છે યાવત્ જ્યોતિષ્ક દેવો બેસે છે. તે બહુસમ રમણીય*

ભૂમિભાગમાં પ્રાસાદ-અવતંસક છે. જે ૬૨॥ યોજન ઉંચો છે ઈત્યાદિ૦ બહુમધ્ય દેશ ભાગે બે યોજનની મણિપીઠિકા છે યાવત્ સપરિવાર સીંહાસન છે.

ગૌતમ ! ઘણી નાની-નાની વાવડીમાં ઘણાં ઉત્પલો ચંદ્રવર્ણાભાવાળા હોય છે. ચંદ્ર અહીંનો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ રહે છે. તે ત્યાં પ્રત્યેકે પ્રત્યેક ૪૦૦૦ સામાનિકોનું યાવત્ ચંદ્ર દ્વીપની ચંદ્ર રાજધાનીનું, બીજા પણ ઘણાં જ્યોતિષ્ક દેવ-દેવીનું આધિપત્ય કરતાં યાવત્ વિચરે છે. તે કારણથી હે ગૌતમ ! ચંદ્રદ્વીપ છે યાવત્ નિત્ય છે.

ભગવન્ ! જંબૂદ્વીપગત ચંદ્રની ચંદ્રા નામે રાજધાની ક્યાં છે ? ગૌતમ ! ચંદ્રદ્વીપની પૂર્વે તીર્છા યાવત્ અન્ય જંબૂદ્વીપમાં ૧૨,૦૦૦ યોજન જતાં, પૂર્વવત્ બધું કહેવું. પ્રમાણ યાવત્ આટલી મોટી જાણવી. ત્યાં ચંદ્રદેવ છે.

ભગવન્ ! જંબૂદ્વીપગત સૂર્યનો સૂર્યદ્વીપ નામે દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતાં ઈત્યાદિ પૂર્વવત્. ઉંચાઈ, લંબાઈ-પહોળાઈ, પરિધિ, વેદિકા, વનખંડ, ભૂમિભાગ યાવત્ બેસે છે. પ્રાસાદાવતંસક પૂર્વવત્. તે જ પ્રમાણ, મણિપીઠિકા, સપરિવાર સિંહાસન કહેવા. અર્થ – ઉત્પલો સૂર્યપ્રભાવાળા, સૂર્ય અહીંનો દેવ છે યાવત્ રાજધાની, પોત-પોતાના દ્વીપોથી પશ્ચિમમાં બીજા જંબૂદ્વીપમાં છે. બાકી પૂર્વવત્ યાવત્ સૂર્યદેવ છે.

[૨૧૦] ભગવન્ ! લવણસમુદ્રમાં રહીને વિચરતા ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતાં અભ્યંતર લવણ સમુદ્રીય ચંદ્રોના ચંદ્રદ્વીપો કહેલા છે. જેમ જંબૂદ્વીપગત ચંદ્ર કહ્યા તેમ અહીં કહેવા. વિશેષ એ – રાજધાની બીજા લવણ સમુદ્રમાં છે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે અભ્યંતર લવણ સમુદ્રીય સૂર્યના પણ દ્વીપ લવણ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતાં પૂર્વવત્ બધુતં કહેવું યાવત્ રાજધાની.

ભગવન્ ! બાહ્ય લવણ સમુદ્રના ચંદ્રના ચંદ્રદ્વીપ ક્યાં છે ? ગૌતમ ! લવણ સમુદ્રની પૂર્વે વેદિકાંતથી લવણ સમુદ્રની પશ્ચિમે ૧૨,૦૦૦ યોજન ગયા પછી આ બાહ્ય લવણ સમુદ્રીય ચંદ્રદ્વીપ નામે દ્વીપો છે. ધાતકીખંડદ્વીપાંત તરફ ૮૮॥ યોજન અને ૪૦/૯૫ યોજન જલાંતની ઉપર ઉઠેલ છે. લવણ સમુદ્રાંત તરફ બે કોશ ઉંચે ઉઠેલ છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબો-પહોળો છે. તે પદ્મવર વેદિકા - વનખંડ - બહુસમ રમણીય ભૂમિભાગ - મણિપીઠિકા - સપરિવાર સીંહાસનાદિ પૂર્વવત્. અર્થ – રાજધની, સ્વ-સ્વ દ્વીપની પૂર્વમાં તિર્છા અસંખ્યાત દ્વીપ-સમુદ્રમાં ગયા પછી બીજા લવણ સમુદ્રમાં આદિ બધું પૂર્વવત્.

ભગવન્ ! બાહ્ય લવણ સમુદ્રના સૂર્યોના સૂર્યદ્વીપ નામે દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! લવણ સમુદ્રની પશ્ચિમી વેદિકાંતથી લવણ સમુદ્રના પૂર્વમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી છે. જે ધાતકીખંડ દ્વીપાંત તરફ ૮૮॥ યોજન અને ૪૦/૯૫ યોજન, જલાંતથી બે કોશ ઉંચા, બાકી પૂર્વવત્ યાવત્ રાજધાની સ્વ-સ્વ દ્વીપની





પશ્ચિમે તિર્છા૦ ઈત્યાદિ બધું પૂર્વવત્ કહેવું.

[૨૧૧] ભગવન્ ! ધાતકીખંડ દ્વીપગત ચંદ્રોના ચંદ્રદ્વીપ ક્યાં છે ? ગૌતમ ! ધાતકીખંડ દ્વીપના પૂર્વી વેદિકાંતથી કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને ત્યાં ધાતકી ખંડદ્વીપના ચંદ્રના ચંદ્રદ્વીપ નામે દ્વીપ કહ્યા છે. તે ચોતરફથી બે કોશ ઉંચો જલાંતથી છે. આ દ્વીપો ૧૨,૦૦૦ યોજન લાંબા-પહોળા આદિ પૂર્વવત્ વિષ્કંભ, પરિધિ, ભૂમિભાગ, પ્રાસાદાવતંસક, મણિપીઠિકા, સપરિવાર સીંહાસન કહેવા. અર્થ પૂર્વવત્, રાજધાની-પોત-પોતાના દ્વીપની પૂર્વમાં બીજા ધાતકીખંડદ્વીપમાં છે. બાકી બધું પૂર્વવત્. એ પ્રમાણે સૂર્યદ્વીપ પણ જાણવા. વિશેષ એ કે – ધાતકીખંડ દ્વીપના પશ્ચિમી વેદિકાંતથી કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતાં ઈત્યાદિ પૂર્વવત્ કહેવું યાવત્ રાજધાની સૂર્યદ્વીપની પશ્ચિમે બીજા ધાતકીખંડમાં છે તેમ બધું કહેવું.

[૨૧૨] ભગવન્ ! કાલોદ સમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપ ક્યાં છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રના પૂર્વ વેદિકાંતથી કાલોદ સમુદ્રની પશ્ચિમે ૧૨,૦૦૦ યોજન જતાં આ કાલોદ સમુદ્રગત ચંદ્રોના ચંદ્રદ્વીપ છે, તે ચોતરફથી જલાંતથી બે કોશ ઉંચે છે. બાકી પૂર્વવત્ યાવત્ રાજધાની સ્વ-સ્વ દ્વીપની પશ્ચિમે અન્ય કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન છે ઈત્યાદિ પૂર્વવત્, યાવત્ ચંદ્રદેવ છે. એ પ્રમાણે સૂર્યદ્વીપને જાણવા. વિશેષ એ કે – કાલોદ સમુદ્રથી પશ્ચિમી વેદિકાંતથી કાલોદ સમુદ્રની પૂર્વે ૧૨,૦૦૦ યોજન ગયા પછી પૂર્વવત્ કહેવું. રાજધાની સ્વ-સ્વ દ્વીપથી પશ્ચિમમાં અન્ય કાલોદ સમુદ્રમાં૦ બધું પૂર્વવત્ કહેવું.

એ પ્રમાણે પુષ્કરવર દ્વીપના ચંદ્રોના ચંદ્રદ્વીપ પુષ્કરવરદ્વીપના પૂર્વી વેદિકાંતથી પુષ્કરવર સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને ચંદ્રદ્વીપ છે. અન્ય પુષ્કરવરદ્વીપમાં રાજધાની પૂર્વવત્ એ પ્રમાણે સૂર્યના સૂર્યદ્વીપો પુષ્કરવરદ્વીપના પશ્ચિમી વેદિકાંતથી પુષ્કરોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી૦ આદિ બધું પૂર્વવત્. યાવત્ રાજધાની દ્વીપગત દ્વીપ, સમુદ્રગત સમુદ્રમાં એક અભ્યંતર પાર્શ્વમાં, એક બાહ્ય પાર્શ્વમાં રાજધાની પોત-પોતાના નામવાળા દ્વીપોમાં અને પોત-પોતાના નામવાળા સમુદ્રોમાં૦ બધું પૂર્વવત્.

[૨૧૩] દ્વીપ-સમુદ્રોમાં કેટલાંક નામો આ પ્રકારે જાણવા –

[૨૧૪] જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડદ્વીપ, કાલોદસમુદ્ર, પુષ્કરવરદ્વીપ, પુષ્કરવરસમુદ્ર એ રીતે વરુણ, ક્ષીર, ઘૃત, ઈક્ષુવર, નંદી, અરુણવર, કુંડલ અને રુચક દ્વીપ-સમુદ્ર.

[૨૧૫] આભરણ-વસ્ત્ર-ગંધ-ઉત્પલ-તિલક-પૃથ્વી-નિધિ-રત્ન-વર્ષધર-દ્રહ-નદી-વિજય-વક્ષસ્કાર-કપિ-ઈન્દ્ર... [૨૧૬] પુર-મંદર-આવાસ-કૂટ-નક્ષત્ર-ચંદ્ર-સૂર્ય નામના દ્વીપ-સમુદ્રો કહેવા.

● વિવેચન-૨૦૯ થી ૨૧૬ :-

ભદંત ! જંબૂદ્વીપગત ચંદ્રના ચંદ્રદ્વીપો ક્યાં કહ્યા ? ગૌતમ ! બધું ગૌતમદ્વીપવત્

વિચારવું. વિશેષ એ - જંબૂદ્વીપની પૂર્વ દિશામાં કહેવું. પ્રાસાદાવતંસકો કહેવા, તેની લંબાઈ આદિ પૂર્વવત્. નામ વિચારણા — જે કારણથી નાની વાવડી આદિમાં ઘણાં ઉત્પલ યાવત્ સહસ્રપત્ર ચંદ્રવર્ણવાળા છે અને મહર્દ્ધિક એવા જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજા બે ચંદ્રો પલ્યોપમસ્થિતિક ત્યાં વસે છે. તે બંને ચંદ્રો પ્રત્યેક ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, પોતાનો ચંદ્રદ્વીપ, પોતાની ચંદ્રા રાજધાની, તે રાજધાનીના બીજા અનેક જ્યોતિષ્ક દેવ-દેવીનું આધિપત્યાદિ કરતા વિચરે છે. ત્યાં રહેલ ઉત્પલાદિના ચંદ્રાકારત્વ, ચંદ્રવર્ણત્વ અને ચંદ્રદેવસ્વામીત્વથી તે બંને ચંદ્રદ્વીપ છે તે ચંદ્રદ્વીપની ચંદ્રા નામે રાજધાની છે. ચંદ્રદ્વીપથી પૂર્વ દિશામાં તીર્છા જતા, - x - વિજયા રાજધાની સદૃશ કહેવી.

એ પ્રમાણે જંબૂદ્વીપગત સૂર્યના સૂર્યદ્વીપ પણ કહેવા. વિશેષ એ કે — જંબૂદ્વીપની પશ્ચિમમાં લવણ સમુદ્રમાં જતા, એમ કહેવું. રાજધાની પણ પોતાના દ્વીપની પશ્ચિમમાં બીજા જંબૂદ્વીપમાં કહેવી. બાકી બધું ચંદ્રદ્વીપવત્. - x -

હવે લવણ સમુદ્રગત ચંદ્ર-સૂર્યની વક્તવ્યતા - લવણમાં થાય તે લાવણિક, અભ્યંતર લાવણિક - x - x - જંબૂદ્વીપની પૂર્વમાં લવણસમુદ્ર ૧૨,૦૦૦ યોજન જઈને ત્યાં અભ્યંતર લાવણિક બે ચંદ્રના બે ચંદ્રદ્વીપ છે. ઈત્યાદિ જંબૂદ્વીપના ચંદ્રના ચંદ્રદ્વીપવત્ બધું કહેવું. માત્ર રાજધાનીઓ પોતાના દ્વીપની પૂર્વદિશામાં બીજા લવણસમુદ્રમાં જાણવી. એ પ્રમાણે અભ્યંતર લાવણિક સૂર્યના સૂર્યદ્વીપ પણ કહેવા. વિશેષ એ — તે બંને જંબૂદ્વીપની પશ્ચિમ દિશામાં લવણ સમુદ્ર પ્રતિ કહેવા. રાજધાની પણ સ્વકીયદ્વીપની પશ્ચિમે કહેવી.

ભદંત ! બાહ્યલાવણિક બંને ચંદ્રના ચંદ્ર દ્વીપ ? બાહ્ય લાવણિક - લવણ સમુદ્રમાં શિખાની બહાર ચરતા બંને ચંદ્ર. તે લવણ સમુદ્રના પૂર્વીય વેદિકાંત પૂર્વે લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી છે. તે બંને ધાતકી ખંડદ્વીપની દિશામાં ૮૮॥ યોજન ઈત્યાદિ સૂત્રાર્થવત્ કહેવું. આ પ્રમાણે બાહ્ય લાવણિક સૂર્યના સૂર્યદ્વીપો કહેવા. માત્ર અહીં લવણ સમુદ્રના પશ્ચિમ વેદિકાંતથી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં ૧૨,૦૦૦ યોજન જઈને - એમ કહેવું. રાજધાની સ્વદ્વીપની પશ્ચિમે.

હવે ધાતકીખંડના ચંદ્ર-સૂર્ય દ્વીપોની વક્તવ્યતા. ધાતકીખંડમાં બાર ચંદ્રો છે. ધાતકીખંડ દ્વીપની પૂર્વ દિશામાં કાલોદ સમુદ્રને ૧૨,૦૦૦ યોજન અવગાહ્યા પછી ધાતકીખંડના ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો છે. વક્તવ્યતા જંબૂદ્વીપના ચંદ્રદ્વીપ સમાન છે. વિશેષ એ - તે બધી દિશામાં જળથી ઉંચે બે કોશ છે. કેમકે ત્યાં પાણીનું સર્વત્ર સમપણું છે. રાજધાનીઓ પણ તેના પોતાના દ્વીપની પૂર્વમાં તીર્છા - x - બીજા ધાતકીખંડ દ્વીપમાં છે. તેની વક્તવ્યતા વિજયા રાજધાનીવત્ છે. આ પ્રમાણે ધાતકીખંડગત સૂર્યના સૂર્યદ્વીપો પણ કહેવા. માત્ર ધાતકીખંડના પશ્ચિમવેદિકાંતથી કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતાં - કહેવું. રાજધાની પણ પોતાના સૂર્યદ્વીપની પશ્ચિમદિશામાં૦ - x -



હવે કાલોદ સમુદ્રના ચંદ્ર-સૂર્યની વક્તવ્યતા-કાલોદ સમુદ્રના પૂર્વીય વેદિકાંતથી કાલોદ સમુદ્રની પશ્ચિમ દિશામાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી છે. તે બધી દિશામાં જળાંતથી ઉંચે બબ્બે કોશ ઉંચા છે. બાકી પૂર્વવત્. રાજધાની પણ સ્વકીય દ્વીપોની પૂર્વ દિશામાં તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર ગયા પછી કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને વિજયારાજધાનીવત્ કહેવું.

એ પ્રમાણે કાલોદગત સૂર્યના સૂર્ય દ્વીપો પણ કહેવા. વિશેષ એ કે — કાલોદ સમુદ્રની પશ્ચિમ વેદિકાંતથી કાલોદ સમુદ્રની પૂર્વમાં ૧૨,૦૦૦ યોજન અવગાહીને એમ કહેવું રાજધાની પણ પોતાના દ્વીપની પશ્ચિમે બીજા કાલોદમાં કહેવી.

એ પ્રમાણે પુષ્કરવરદ્વીપના ચંદ્રોના પુષ્કરવરદ્વીપના પૂર્વીય વેદિકાંતથી પુષ્કરોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને આ દ્વીપ કહેવા. રાજધાની પણ પોતાના દ્વીપની પશ્ચિમે - x - બીજા પુષ્કરવરદ્વીપમાં કહેવી. પુષ્કરવરદ્વીપના સૂર્યોના દ્વીપો, પુષ્કરવરદ્વીપના પશ્ચિમી વેદિકાંતથી પુષ્કરવર સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને કહેવા. રાજધાની સ્વદ્વીપની પશ્ચિમે૦ - x -

પુષ્કરવર સમુદ્રના ચંદ્રના ચંદ્રદ્વીપો પુષ્કરવર સમુદ્રના પૂર્વીય વેદિકાંતથી પશ્ચિમ દિશામાં ૧૨,૦૦૦ યોજન અવગાહીને જાણવું. રાજધાની પોતાના દ્વીપની પૂર્વદિશામાં તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર ગયા પછી બીજા પુષ્કરવર સમુદ્રમાં - x - છે. પુષ્કરવર સમુદ્રના સૂર્યના સૂર્યદ્વીપો પુષ્કરવર સમુદ્રના પશ્ચિમી વેદિકાંતથી પૂર્વે ૧૨,૦૦૦ યોજન જઈને છે. રાજધાની પૂર્વવત્ - x -

એ પ્રમાણે બાકીના દ્વીપોના ચંદ્રોના ચંદ્રદ્વીપો પૂર્વના વેદિકાંતથી અનંતર સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને કહેવા. સૂર્યોના સૂર્યદ્વીપો પશ્ચિમી વેદિકાંતથી અનંતર સમુદ્રમાં છે. રાજધાનીઓ ચંદ્રોના પોતાના ચંદ્રદ્વીપોથી પૂર્વ દિશામાં અન્ય સદૃશ નામવાળા દ્વીપમાં છે, સૂર્યોની પણ પોતાના સૂર્યદ્વીપોથી પશ્ચિમ દિશામાં તેમના જ સદૃશ નામના બીજા દ્વીપમાં જાણવી. બાકીના સમુદ્રોના ચંદ્રોના ચંદ્રદ્વીપો પોતાના સમુદ્રની પૂર્વીય વેદિકાંતથી પશ્ચિમ દિશામાં૦ સૂર્યોના દ્વીપો પોતાના સમુદ્રના પશ્ચિમી વેદિકાંતથી પૂર્વ દિશામાં૦ ચંદ્રોની રાજધાની પોત-પોતાના દ્વીપોની પૂર્વદિશામાં બીજા સદૃશ નામક સમુદ્રમાં છે. સૂર્યોની રાજધાની પોત-પોતાના દ્વીપોની પશ્ચિમ દિશામાં છે. [આગળની રાજધાની વિશે તજ્જ્ઞ પાસે સમજવું.]

હવે દેવદ્વીપાદિમાં રાજધાની પ્રતિ વિશેષ કહે છે —

● **સૂત્ર-૨૧૭ થી ૨૧૯ :-**

***[૨૧૭] દેવદ્વીપગત ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો ક્યાં છે ? ગૌતમ ! દેવદ્વીપના પૂર્વ વેદિકાંતથી દેવોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને છે. આ જ ક્રમથી પૂર્વ વેદિકાંતથી યાવત્ રાજધાની પોતાના દ્વીપની પૂર્વેથી દેવદ્વીપ સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજનો ગયા પછી આ દેવદ્વીપના ચંદ્રોની ચંદ્રા નામે રાજધાનીઓ કહેલી છે. દેવદ્વીપના ચંદ્રદ્વીપ માફક સૂર્યના દ્વીપ પણ કહેવા. વિશેષ એ — પશ્ચિમી વેદિકાંતથી પશ્ચિમે કહેવા અને તે જ સમુદ્રમાં રાજધાનીઓ જાણવી.***

*દેવ સમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો ક્યાં છે ? ગૌતમ ! દેવોદક સમુદ્રના પૂર્વી વેદિકાંતથી દેવોદક સમુદ્રમાં પશ્ચિમમાં ૧૨,૦૦૦ યોજન જતાં છે. તે જ ક્રમે યાવત્ રાજધાની કહેવી. રાજધાની પોત-પોતાના દ્વીપની પશ્ચિમે દેવોદક સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજન ગયા પછી અહીં દેવોદકના ચંદ્રોની ચંદ્રા નામે રાજધાનીઓ કહી છે. એ બધું પૂર્વવત્ કહેવું. એ પ્રમાણે સૂર્યના દ્વીપો પણ કહેવા. વિશેષ આ - દેવોદકના પશ્ચિમી વેદિકાંતથી દેવોદક સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજનો ગયા પછી છે.*

*આ રીતે નાગ, યક્ષ, ભૂતાદિ ચારે દ્વીપ સમુદ્ર કહેવા.*

*ભગવન્ ! સ્વયંભૂરમણદ્વીપના ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો ક્યાં છે ? સ્વયંભૂરમણ દ્વીપના પૂર્વી વેદિકાંતથી સ્વયંભૂરમણોદક સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જવાથી છે. તે પ્રમાણે જ રાજધાનીઓ પોતાના દ્વીપની પૂર્વેથી સ્વયંભૂરમણોદક સમુદ્રમાં પૂર્વમાં અસંખ્યાત યોજન ગયા પછી પૂર્વવત્ છે.*

*એ પ્રમાણે જ સૂર્યદ્વીપો કહેવા. સ્વયંભૂરમણ દ્વીપના પશ્ચિમી વેદિકાંતથી છે, રાજધાની પોત-પોતાના દ્વીપોની પશ્ચિમે સ્વયંભૂરમણોદ સમુદ્રમાં અસંખ્યાત યોજન ગયા પછી૦ બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! સ્વયંભૂરમણ સમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપ ક્યાં છે ? સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વી વેદિકાંતથી સ્વયંભૂરમણ સમુદ્રની પશ્ચિમમાં ૧૨,૦૦૦ યોજન જઈને. બાકી પૂર્વવત્. એ પ્રમાણે સૂર્યોના પણ જાણવા. સ્વયંભૂરમણના પશ્ચિમથી, સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વમાં ૧૨,૦૦૦ યોજન જઈને છે. રાજધાની પોતાના દ્વીપની પૂર્વમાં સ્વયંભુરમણ સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજન જઈને, આ સ્વયંભૂરમણ યાવત્ ત્યાં સૂર્યદેવ છે.*

*[૨૧૮] ભગવન્ ! લવણસમુદ્રમાં વેલંધર નાગરાજ, ખન્ના, અગ્ઘા, સિંહા, વિજાતી, જળનો હ્રાસ કે વૃદ્ધિ છે શું ? હા, છે. ભગવન્ ! જે રીતે લવણસમુદ્રમાં વેલંધર નાગરાજ યાવત્ હ્રાસવૃદ્ધિ છે, તે રીતે બહારના સમુદ્રોમાં પણ વેલંધરનાગરાજ, અગ્ઘા, સીહા, વિજા, જળનો હ્રાસ કે વૃદ્ધિ છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*[૨૧૯] ભગવન્ ! લવણસમુદ્રમાં શું ઉચ્છ્રિતજળ, પ્રસ્તટ જળ, ક્ષુભિત જળ, અક્ષુભિત જળ છે ? ગૌતમ ! ઉચ્છ્રિત અને ક્ષુભિત જળ છે, પણ પ્રસ્તટ અને અક્ષુભિત જળ નથી. - - - ભગવન્ ! જેમ લવણસમુદ્રમાં ઉચ્છ્રિત જળ છે - પણ પ્રસ્તટ જળ નથી, ક્ષુભિત જળ છે - પણ અક્ષુભિત જળ નથી, તે પ્રમાણે શું બહારના સમુદ્રોમાં - x - છે ? ગૌતમ ! બાહ્ય સમુદ્રોમાં ઉચ્છ્રિતોદક નથી - પણ પ્રસ્તટોદક છે, ક્ષુભિત જળ નથી - પણ અક્ષુભિત જળ છે. તે પૂર્ણ, પૂર્ણપ્રમાણવાળા, વોલટ્ટમાણ, વોસટ્ટમાણ, સમભરઘડપણે રહેલ છે.*

*ભગવન્ ! લવણસમુદ્રમાં ઘણો ઉદાર મેઘ સંસ્વેદિત, સંમૂર્છિમ થાય છે અથવા વર્ષા વરસાવે છે ? હા, છે. ભગવન્ ! જેમ લવણસમુદ્રમાં ઘણો ઉદાર મેઘ*



*સંસ્વેદિત-સંમૂર્છિત થાય કે વર્ષા વરસાવે છે, તેમ બહારના સમુદ્રોમાં પણ - x - છે ? ના, તે અર્થ સમર્થ નથી. - - - ભગવન્ ! એમ કેમ કહ્યું — બાહ્ય સમુદ્રો પૂર્ણ, પૂર્ણ પ્રમાણવાળા, વોલટ્ટમાણ, વોસટ્ટમાણ, સમભરઘડિતપણે રહેલા છે ? ગૌતમ ! બહારના સમુદ્રમાં ઘણાં ઉદકયોનિક જીવો અને પુદ્‌ગલો ઉદકપણે આવે છે - જાય છે, ચય-ઉપચય પામે છે. તે કારણથી એમ કહ્યું કે બહારના સમુદ્રો પૂર્ણ, પૂર્ણ પ્રમાણવાળા યાવત્ સમભરઘડત્તપણે રહેલ છે.*

**● વિવેચન-૨૧૭ થી ૨૧૯ :-**

ભદંત ! દેવદ્વીપના ચંદ્રોના ચંદ્રદ્વીપ ક્યાં છે ? ગૌતમ ! દેવદ્વીપના પૂર્વી વેદિકાંતથી દેવોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને ત્યાં દેવદ્વીપના ચંદ્રોના ચંદ્રદ્વીપો છે. રાજધાની સ્વકીય ચંદ્રદ્વીપોની પશ્ચિમ દિશામાં તે જ દેવદ્વીપમાં અસંખ્યાત હજાર યોજન ગયા પછી દેવદ્વીપના ચંદ્રોની ચંદ્રા નામે રાજધાની, વિજયા રાજધાનીવત્ છે.

દેવદ્વીપના સૂર્યોના સૂર્યદ્વીપ નામે દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! દેવદ્વીપના પશ્ચિમ વેદિકાંતથી દેવોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતાં છે. રાજધાની સ્વકીય સૂર્યદ્વીપની પૂર્વ દિશામાં તે જ દેવદ્વીપમાં અસંખ્યાત હજાર યોજન ગયા પછી આવે છે.

ભદંત ! દેવસમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપો ક્યાં છે ? ગૌતમ ! દેવસમુદ્રના પૂર્વ વેદિકાંતથી દેવસમુદ્રમાં પશ્ચિમ દિશામાં ૧૨,૦૦૦ યોજન અવગાહીને - x - છે. રાજધાનીઓ સ્વકીય ચંદ્રદ્વીપની પશ્ચિમ દિશામાં દેવોદક સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજને છે. દેવોદક સમુદ્રના સૂર્યોના સૂર્યદ્વીપો દેવોદક સમુદ્રના પશ્ચિમવેદિકાંત થકી દેવોદક સમુદ્રની પૂર્વ દિશામાં ૧૨,૦૦૦ યોજન જઈને છે. રાજધાનીઓ પણ સ્વકીય સૂર્યદ્વીપોની પૂર્વદિશામાં દેવોદક સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજન જઈને છે. એ રીતે નાગાદિ ચાર જાણવા.

દ્વીપગત ચંદ્ર-સૂર્યના ચંદ્રદ્વીપ, સૂર્યદ્વીપ અનંતરસમુદ્રમાં, સમુદ્રગતોમાં સ્વસમુદ્રમાં જ, રાજધાનીઓ દ્વીપગત ચંદ્ર-સૂર્યોના સ્વ-સ્વદ્વીપમાં, સમુદ્રગતોમાં સ્વ સમુદ્રમાં છે. મૂળ ટીકાકારે પણ કહેલ છે કે શેષ દ્વીપગત ચંદ્ર-સૂર્યના દ્વીપો અનંતર સમુદ્રમાં જાણવા. રાજધાની પૂર્વ કે પશ્ચિમ અસંખ્યાત દ્વીપ, સમુદ્રોમાં જઈને પછી બીજા સદેશ નામના દ્વીપમાં હોય છે. પણ તેમાં છેલ્લા આ પાંચ-છોડી દેવા — દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ, તેમના ચંદ્ર-સૂર્યોની રાજધાની બીજા દ્વીપમાં નથી. પણ પોતાના જ દ્વીપમાં અસંખ્યાત યોજન દૂર હોય છે. - x -

ભદંત ! લવણસમુદ્રમાં નાગરાજ વેલંધર, અગ્ઘાદિ - મત્સ્ય, કચ્છપ વિશેષ. હ્રાસ અને વૃદ્ધિ જળના જ જાણવા. ભગવંતે કહ્યું — હા, હોય છે. - - - ભગવન્ ! લવણ સમુદ્ર શું ઉચ્છ્રિતોદક, પ્રસ્તટોદક - પ્રસ્તટ આકારપણે સ્થિત જળ જેનું છે તે. અર્થાત્ સર્વત્ર સમ-ઉદક. ક્ષુભિત જળ અને અક્ષુભિત જળ હોય ? ગૌતમ ! ઉચ્છ્રિત જળ, ક્ષુભિત જળ હોય, બાકીના બે ન હોય. લવણસમુદ્ર માફક બહારના સમુદ્રોમાં ઉચ્છ્રિતોદક આદિ ચાર જળ હોય ? ગૌતમ ! ઉચ્છ્રિત જળ, ક્ષુભિત જળ હોય, બાકીના બે ન હોય. લવણસમુદ્ર માફક બહારના સમુદ્રોમાં ઉચ્છ્રિતોદક આદિ

ચાર જલ હોય ? ગૌતમ ! તેમાં ઉચ્છ્રિતોદક ન હોય, પણ પ્રસ્તટોદક હોય કેમકે બધે સમઉદક હોય છે. ક્ષુભિતજળ ન હોય પણ અક્ષુભિતજળ હોય. કેમકે તેમાં ક્ષોભના હેતુરૂપ પાતાળકળશાદિનો અભાવ હોય છે. પણ તે પૂર્ણ હોય છે. સ્વપ્રમાણ યાવત્ જળથી પૂર્ણ, પરિપૂર્ણ ભૃતપણે ઉછળતા, વિશેષથી ઉછળતા અને પરિપૂર્ણ ભરણ તે સમભરઘટપણે છે.

ભદંત ! આ લવણસમુદ્રમાં ઉદાર મેઘો સંમૂર્છન અભિમુખ થાય છે, પછી સંમૂર્છે છે, પછી પાણી વરસાવે છે ? હા, તેમ છે. - x - ભદંત ! એવું શા માટે કહેવાય છે કે બાહ્ય સમુદ્રો પૂર્ણ અને પૂર્ણ પ્રમાણવાળા છે ? ગૌતમ ! બાહ્ય સમુદ્રોમાં ઘણાં ઉદકયોનિક જીવો અને પુદ્‌ગલો જળપણે જાય છે અને જન્મે છે. અર્થાત્ એક જાય છે - બીજા ઉત્પન્ન થાય છે. ચય-ઉપચય થાય છે. આ પુદ્‌ગલો પ્રતિ જાણવું. કેમકે ચયોપચય પુદ્‌ગલોનો જ હોય.

હવે ઉદ્વેધ-પરિવૃદ્ધિ વિચારતા આ કહે છે —

• **સૂત્ર-૨૨૦ :-**

***ભગવન્ ! લવણ સમુદ્રની ઉદ્વેધની પરિવૃદ્ધિ કઈ રીતે થાય છે ? ગૌતમ ! લવણ સમુદ્રના બંને પડખે ૯૫-૯૫ પ્રદેશ જઈને એક પ્રદેશની ઉદ્વેધ-પરિવૃદ્ધિ કહી છે. ૯૫-૯૫ વાલાગ્ર ગયા પછી એક એક વાલાગ્રની ઉદ્વેધ-પરિવૃદ્ધિ કહી છે, ૯૫-૯૫ લિક્ષા ગયા પછી એક એક લિક્ષાની ઉદ્વેધ-પરિવૃદ્ધિ થાય છે. એ રીતે — ૯૫-૯૫ યવથી યવમધ્ય, અંગુલ, વિતસ્તિ, રત્નિ, કુક્ષી, ધનુષ્, ગાઉ, યોજન, યોજનશત, યોજનસહસ્ર ઉદ્વેધ-પરિવૃદ્ધિ જાણવી.***

***ભગવન્ ! લવણ સમુદ્રમાં ઉત્સેધ પરિવૃદ્ધિ ક્યા ક્રમે થાય છે ? ગૌતમ ! લવણ સમુદ્રની બંને બાજુએ ૯૫-૯૫ પ્રદેશ જઈને ૧૬-પ્રદેશ પ્રમાણ ઉત્સેધ પરિવૃદ્ધિ કહી છે. ગૌતમ ! લવણ સમુદ્રની બંને બાજુ આ જ ક્રમથી યાવત્ ૯૫-૯૫ હજાર યોજન જઈને ૧૬,૦૦૦ યોજનની ઉત્સેધ વૃદ્ધિ થાય છે.***

• **વિવેચન-૨૨૦ :-**

ભદંત ! લવણ સમુદ્ર ઉદ્વેધ-પરિવૃદ્ધિથી કેટલા યોજનનો કહ્યો છે ? અર્થાત્ જંબૂદ્વીપના વેદિકાંતથી, લવણ સમુદ્ર વેદિકાંતથી આરંભીને બંને તરફ લવણસમુદ્ર કેટલા યોજન માત્રા-માત્રાથી ઉદ્વેધ-પરિવૃદ્ધિ પામે છે ? લવણ સમુદ્ર બંને પડખે ૯૫-૯૫ પ્રદેશ જઈને પ્રદેશ ઉદ્વેધ-પરિવૃદ્ધિ કહી છે. - x - પછી ૯૫-૯૫ વાલાગ્ર જઈને એક વાલાગ્ર ઉદ્વેધ પરિવૃદ્ધિથી કહેલ છે. એ પ્રમાણે લીક્ષા, યવમધ્યથી યોજનશત સુધી સૂત્રો કહેવા. પછી ૯૫,૦૦૦ યોજન જઈને હજાર યોજન ઉદ્વેધપરિવૃદ્ધિ કહેવી.

હવે ત્રૈરાશિક સિદ્ધાંતથી ૯૫ યોજને કેટલી વૃદ્ધિ થશે, એ જાણવા માટે ૯૫,૦૦૦/૧૦૦૦/૯૫ આ ત્રણ રાશિઓની સ્થાપના કરવી જોઈએ. આદિ અને મધ્યની રાશિના ત્રણ ત્રણ શૂન્યનો છેદ ઉડી જતાં ૯૫/૧/૯૫ આ રાશિ રહે છે. મધ્યરાશિ ૧-નો અંત્યરાશિ ૯૫ થી ગુણન કરતાં ૯૫ ગુણનફળ આવે છે. તેમાં પ્રથમ રાશિ ૯૫નો ભાગ દેવાથી ભાગફળ એક આવે છે. અર્થાત્ એક યોજનની વૃદ્ધિ થાય છે.



તે માટે ગાથા પણ મૂકી છે.

હવે ઉત્સેધને આશ્રીને કહે છે — લવણ સમુદ્ર ઉત્સેધ પરિવૃદ્ધિથી કેટલો કહ્યો છે ? અર્થાત્ લવણ સમુદ્રના બંને કિનારાથી આરંભીને કેટલું-કેટલું દૂર જવાથી કેટલી-કેટલી જળવૃદ્ધિ થાય છે ? લવણ સમુદ્રના પૂર્વોક્ત બંને કિનારે સમતલ ભૂભાગમાં જળવૃદ્ધિ અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ થાય છે અને આગળ સમતળથી પ્રદેશવૃદ્ધિથી જળવૃદ્ધિ ક્રમશઃ વધતા-વધતા ૯૫,૦૦૦ યોજન જતાં ૭૦૦ યોજનની વૃદ્ધિ થાય છે. તેનાથી આગળ ૧૦,૦૦૦ યોજનના વિસ્તાર ક્ષેત્રમાં ૧૬,૦૦૦ યોજનની વૃદ્ધિ થાય છે. - x - x -

લવણ સમુદ્રના બંને કિનારાથી ૯૫ પ્રદેશ ત્રસરેણુ જવાથી ૧૬ પ્રદેશની ઉત્સેધ વૃદ્ધિ કહેવાઈ છે. ૯૫ વાલાગ્ર જવાથી ૧૬ વાલાગ્રની ઉત્સેધવૃદ્ધિ થાય છે. એ રીતે યાવત્ ૯૫,૦૦૦ યોજન જવાથી ૧૬,૦૦૦ યોજનની ઉત્સેધ વૃદ્ધિ થાય છે.

અહીં આ ત્રૈરાશિક ભાવના છે - ૯૫,૦૦૦ યોજન જવાથી ૧૬,૦૦૦ યોજનની ઉત્સેધ વૃદ્ધિ થાય છે તો ૯૫ યોજન જવાથી કેટલી ઉત્સેધવૃદ્ધિ થાય ? ત્રણ રાશિની સ્થાપના-૯૫,૦૦૦/૧૬,૦૦૦/૯૫. પ્રથમ અને મધ્યરાશિનો છેદ ઉડાડતા ત્રણ ત્રણ શૂન્ય ઉડી જશે. પછી ૯૫/૧૬/૯૫ની રાશિ રહેશે. મધ્યમ રાશિ ૧૬ને તૃતીય રાશિ ૯૫ વડે ગુણતાં ૧૫૨૦ આવે છે. તેમાં પ્રથમ રાશિના ૯૫ વડે ભાગ કરતાં ભાગફળ ૧૬-આવે છે. અર્થાત્ ૯૫ યોજન જવાથી ૧૬ યોજનની જળવૃદ્ધિ થાય છે. આ સંબંધમાં વૃત્તિકારશ્રીએ બે ગાથા નોંધેલી છે.

આ રીતે ૯૫ યોજન જવાથી ૧૬ યોજન ઉત્સેધ થાય, તો ૯૫ ગાઉ જવાથી ૧૬ ગાઉનો, ૯૫ ધનુષ્ જવાથી ૧૬-ધનુષ્નો ઉત્સેધ પણ સહજ જ્ઞાન થાય છે.

હવે ગોતીર્થ પ્રતિપાદનાર્થે કહે છે —

• **સૂત્ર-૨૨૧ :-**

***ભગવન્! લવણ સમુદ્રનું ગોતીર્થ કેટલું મોટું છે? ગૌતમ! લવણ સમુદ્રના બંને કિનારે ૯૫-૯૫ હજાર યોજનનું ગોતીર્થ છે. - - - ભગવન્! લવણ સમુદ્રનો કેટલો મોટો ભાગ ગોતીર્થથી વિરહિત કહેલ છે? ગૌતમ! લવણ સમુદ્રનું ૧૦,૦૦૦ યોજન ક્ષેત્ર ગોતીર્થથી વિરહિત છે. - - - લવણ સમુદ્રની ઉદકમાળા કેટલી મોટી છે? ગૌતમ! ઉદકમાળા ૧૦,૦૦૦ યોજનની છે.***

• **વિવેચન-૨૨૧ :-**

ભદંત ! લવણ સમુદ્રનું ગોતીર્થ કેટલું મોટું છે ? ગોતીર્થ - ક્રમથી નીચ, નીચતર પ્રવેશમાર્ગ. ગૌતમ ! લવણ સમુદ્રના બંને પડખે જંબૂદ્વીપ વેદિકાંત અને લવણ સમુદ્ર વેદિકાંતથી આરંભીને ૯૫,૦૦૦ યોજન યાવત્ ગોતીર્થ કહેલ છે. - x -

ભદંત લવણ સમુદ્ર ગોતીર્થ વિરહિત ક્ષેત્ર કેટલું મોટું છે ? ગૌતમ ! લવણ સમુદ્રનું ૧૦,૦૦૦ યોજન ક્ષેત્ર ગોતીર્થરહિત છે.

ભદંત ! લવણ સમુદ્રના વિસ્તારને આશ્રીને કેટલા પ્રમાણની મોટી ઉદકમાળા છે ? સમપાણીની ઉપરીભૂત ૧૬,૦૦૦ યોજન ઉંચી કહેલ છે ? ગૌતમ ! ૧૦,૦૦૦

યોજન ઉદકમાળા છે.

● સૂત્ર-૨૨૨,૨૨૩ :-

*[૨૨૨] ભગવન્ ! લવણ સમુદ્રનું સંસ્થાન કેવું છે ? ગૌતમ ! ગોતીર્થ આકાર, નાવના આકારે, સીપ સંપુટ આકારે, અશ્વસ્કંધ આકારે, વલભી આકારે, વૃત્ત-વલયાકાર સંસ્થિત કહેલ છે. - - - ભગવન્ ! લવણ સમુદ્રના ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ? પરિધિ કેટલી છે ? ઉદ્વેધ કેટલો છે ? ઉત્સેધ કેટલો છે ? સમગ્રથી કેટલો છે ? ગૌતમ ! લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન, પરિધિ ૧૫,૮૧,૧૩૯ યોજનથી કંઈક ન્યૂન, ઉંડાઈ ૧૦૦૦ યોજન, ઉત્સેધ ૧૬,૦૦૦ યોજન, સમગ્રરૂપથી ૧૭,૦૦૦ યોજન પ્રમાણ છે.*

*[૨૨૩] ભગવન્ ! જો લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન છે, પરિધિ-૧૫,૮૧,૧૩૯ યોજન કંઈક ન્યૂનાદિ છે તો ભગવન્ ! તે લવણ સમુદ્ર જંબૂદ્વીપને જળથી આપ્લાવિત કેમ કરતો નથી ? પ્રબળતાથી ઉત્પીડિત કેમ નથી કરતો ? અને તેને જળમગ્ન કેમ નથી કરતો ?*

*ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરત, ઐરવત ક્ષેત્રોમાં અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકાઓ છે. ત્યાંના મનુષ્યો પ્રકૃતિથી ભદ્ર, પ્રકૃતિવિનીત, પ્રકૃતિ ઉપશાંત, પ્રકૃતિથી પ્રતનુ ક્રોધ-માન-માયા-લોભવાળા, મૃદુ-માર્દવ સંપન્ન, આલીન, ભદ્રક, વિનીત છે. તેમના પ્રભાવથી લવણ સમુદ્ર જંબૂદ્વીપ-દ્વીપને જળ આપ્લાવિત, ઉત્પીડિત અને જળમગ્ન કરતો નથી. ગંગા-સિંધુ-રક્તા-રક્તવતી નદીઓમાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ રહે છે. તેમના પ્રભાવથી લવણ સમુદ્ર જંબૂદ્વીપને યાવત્ જળમગ્ન કરતો નથી.*

*ચુલ્લહિમવંત અને શિખરી વર્ષધર પર્વતોમાં રહેતા મહર્દ્ધિક દેવના પ્રભાવથી. હેમવત-ઐરણ્યવત્ વર્ષક્ષેત્રોમાં મનુષ્યો પ્રકૃતિ ભદ્રક આદિ છે તેમના પ્રભાવથી. રોહિતાંશા, સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા નદીઓમાં રહેતી મહર્દ્ધિક દેવીઓના પ્રભાવથી. શબ્દાપાતી, વિકટાપાતી, વૃત્તવૈતાઢ્ય પર્વતોના મહર્દ્ધિક૦ દેવોના પ્રભાવથી. મહાહિમવંત, રુક્મિ વર્ષધર પર્વતોના મહર્દ્ધિક દેવોના પ્રભાવથી. હરિવર્ષ અને રમ્યક્વર્ષ ક્ષેત્રોમાં મનુષ્યો પ્રકૃતિથી ભદ્રક છે૦, ગંધાપાતિ-માલ્યવંતપર્યાય વૃત્ત વૈતાઢ્ય પર્વતોમાં રહેતા મહર્દ્ધિક દેવોમાં, નિષધ-નીલવંત વર્ષધર પર્વતોમાં મહર્દ્ધિક દેવો છે, આ પ્રમાણે બધાં દ્રહોની દેવીઓ કહેવી. પદ્મદ્રહ, તિગિંછદ્રહ, કેસરીદ્રહ આદિમાં રહેતા મહર્દ્ધિક દેવોના પ્રભાવથી તથા પૂર્વ-પશ્ચિમ વિદેહ વર્ષક્ષેત્રમાં અરહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા, પ્રકૃતિભદ્રક૦ મનુષ્યના પ્રભાવથી. શીતા-શીતોદાના જળમાં મહર્દ્ધિક દેવતા, દેવકુરુ-ઉત્તરકુરુના પ્રકૃતિભદ્રક૦ મનુષ્યો, મેરુ પર્વતે મહર્દ્ધિક દેવ, જંબૂ-સુદર્શનામાં જંબૂદ્વીપાધિપતિ અનાદૃત નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તેના પ્રભાવથી લવણ સમુદ્ર જંબૂદ્વીપને જળથી આપ્લાવિત, ઉત્પીડિત અને જળમગ્ન કરતો નથી.*

*અથવા હે ગૌતમ ! લોકસ્થિતિ, લોકાનુભાવ છે કે લવણ સમુદ્ર જંબૂદ્વીપને આપ્લાવિત, ઉત્પીડિત, જળમગ્ન ન કરે.*



● વિવેચન-૨૨૨,૨૨૩ :-

ભદંત ! લવણ સમુદ્ર કયા આકારે છે ? ગૌતમ ! તે ગોતીર્થ સંસ્થાન સંસ્થિત-ક્રમશઃ નિમ્ન, નિમ્નતર ઉદ્વેધના ભાવથી. નાવાસંસ્થિત - બંને તરફ સમતલ ભૂભાગની અપેક્ષા ક્રમથી જળવૃદ્ધિ સંભવથી ઉન્નત આકારત્વથી. શુક્તિ સંપુટ સંસ્થાન સંસ્થિત-ઉદ્વેધનું જળ અને જળવૃદ્ધિનું જળ એકત્ર મિલનની અપેક્ષાથી શુક્તિ સંપુટ સાદૃશ્યત્વથી. અશ્વસ્કંધ સંસ્થિત - બંને પડખે ૯૫,૦૦૦ યોજન પર્યન્ત અશ્વસ્કંધની માફક ઉન્નતપણે ૧૬,૦૦૦ યોજન ઉંચી શિખાથી. વલભી સંસ્થિત-૧૦,૦૦૦ યોજન પ્રમાણ વિસ્તારવાળી શિખા વલભીગૃહાકાર પ્રતીત થવાથી. તથા લવણ સમુદ્ર વૃત્ત અને વલયાકાર સંસ્થિત છે કેમકે તેનું અવસ્થાન ચક્રવાલપણે છે.

હવે વિષ્કંભાદિ પરિમાણ — ગૌતમ ! લવણ સમુદ્ર બે લાખ યોજન ચક્રવાલવિષ્કંભથી છે. ૧૫,૮૧,૧૩૯ યોજનથી કંઈક વિશેષ ન્યૂન પરિધિથી કહેલ છે. ૧૦૦૦ યોજન ઉંડાઈ, ૧૬,૦૦૦ યોજન ઉંચાઈ, તથા ઉત્સેધ અને ઉંચાઈ મળીને ૧૭,૦૦૦ યોજન.

અહીં લવણ સમુદ્રની પૂર્વાચાર્યો વડે ઘનપ્રતર ગણિત ભાવના કરાયેલ છે. તે સંક્ષેપમાં આ રીતે — લવણ સમુદ્રના બે લાખ યોજન વિસ્તારમાંથી ૧૦,૦૦૦ યોજન કાઢી શેષ રાશિને અર્દ્ધા કરાય છે. તેનાથી ૯૫,૦૦૦ થાય છે. તેમાં પહેલાં કાઢેલા ૧૦,૦૦૦ ઉમેરતાં ૧,૦૫,૦૦૦ થાય છે. આ રાશિને કોટી કહે છે. આ કોટીથી લવણ સમુદ્રના મધ્યભાગવર્તી પરિધિ ૯,૪૮,૬૮૩ વડે ગુણન કરાય છે, તેથી પ્રતરનું પરિણામ મળે છે. તે આ - ૯૯,૬૧,૧૭,૧૫,૦૦૦. આ અંગે વૃત્તિકારશ્રીએ ત્રણ ગાથા પણ નોંધી છે.

ઘનગણિત આ પ્રમાણે છે — લવણ સમુદ્રની ૧૬,૦૦૦ યોજનની શિખા અને ૧૦૦૦ યોજન ઉદ્વેધ, એ રીતે સર્વસંખ્યા - ૧૭,૦૦૦ યોજન થાય. તેને પૂર્વોક્ત પ્રતર પરિણામથી ગુણિત કરવાથી લવણસમુદ્રનું ઘનગણિત આવે છે. અને તે ગણિત ૧૬૯૩,૩૯૯૧,૫૫૦૦,૦૦૦૦ યોજન કહેલ છે.

આ સંખ્યાની ત્રણ ગાથા પણ વૃતિકારે નોંધી છે.

અહીં શંકા થાય છે કે — લવણ સમુદ્ર બધે સ્થાને ૧૭,૦૦૦ યોજન પ્રમાણ નથી, મધ્યભાગે તો તેનો વિસ્તાર ૧૦,૦૦૦ યોજન છે. પછી આ ઘનગણિત કઈ રીતે સંગત થાય છે ? આ સત્ય છે. પણ જ્યારે લવણશિખાની ઉપર બંને વેદિકાંતો ઉપર સીધી દોરી નાંખવામાં આવે તો જો અપાંતરાલમાં જલશૂન્ય ક્ષેત્ર બને છે. તે પણ કરણગતિ અનુસાર સજલ માની લેવાય છે. આ વિષયમાં મેરુ પર્વતનું ઉદાહરણ છે. તે સર્વત્ર ૧૧-ભાગ પરિહાનિરૂપ કહેવાય છે, પણ બધે આટલી હાનિ હોતી નથી. ક્યાંક કેટલી છે, ક્યાંક કેટલી. કેવળ મૂળથી લઈ શિખર સુધી દોરી નાંખતા

અપાંતરાલમાં જે આકાશ છે, તે બધો મેરુનો ગણાય છે. આવું માનીને ગણિતજ્ઞોએ સર્વત્ર ૧૧-ભાગ હાનિનું કથન કરેલ છે. તે રીતે આ પણ યથોક્ત ઘનપરિણામ છે. આ સ્વબુદ્ધિથી વ્યાખ્યાયિત કરેલ નથી. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે પણ આ વાત વિશેષણવતીમાં કરેલ છે. - x -

ભદંત ! જ્યારે લવણ સમુદ્ર બે લાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ છે તો હે ભદંત ! લવણ સમુદ્ર, જંબૂદ્વીપને પાણી વડે કેમ પલાળતો નથી ? પ્રબળતાથી બાધિત કરતો નથી, સંપૂર્ણપણે જળતી ધોઈ નાંખતો નથી ? ગૌતમ ! જંબૂદ્વીપના ભરત - ઐરવત ક્ષેત્રમાં અરહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, ચારણજંઘા ચારણ મુનિ, વિદ્યાધર, સાધુ, સંયતી, શ્રાવક, શ્રાવિકા, આ સુષમદુઃષમાદિ ત્રીજા આરાની અપેક્ષાએ કહેલ જાણવું. તેમાં અરહંતાદિનો યથા યોગ સંભવ છે. સુષમા સુષમાદિને આશ્રીને કહે છે — મનુષ્યો પ્રકૃતિભદ્રક ઈત્યાદિ વિશેષણો સૂત્રાર્થવત્ જાણવા. તેમના પ્રભાવથી લવણસમુદ્ર જંબૂદ્વીપને જળથી પ્લાવિત કરતો નથી.

દુષમ દુષમાદિમાં પણ પ્લાવિત કરતા નથી. કેમકે ભરતના વૈતાઢ્યાદિ અધિપતિ દેવતાના પ્રભાવ છે. એ રીતે વર્ષધર પર્વતોના મહર્દ્ધિક દેવતા વસે છે, તેથી. હૈમવતાદિ વર્ષક્ષેત્રના મનુષ્યો પ્રકૃતિ ભદ્રકાદિ છે તેથી. વૃત્તવૈતાઢ્ય પર્વતોના મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવોના કારણે, પૂર્વ-પશ્ચિમ વિદેહના અરહંતાદિ, પ્રકૃતિભદ્રક મનુષ્યોના કારણે ઈત્યાદિથી અથવા લોકસ્થિતિ કે લોકાનુભાવથી લવણ સમુદ્રનું જળ જંબૂદ્વીપને પલાળતું નથી. આ રીતે મેરુ ઉદ્દેશો સમાપ્ત થયો. - x -

૦ હવે ધાતકીખંડ વક્તવ્યતા કહે છે —

**● સૂત્ર-૨૨૪ થી ૨૨૭ :-**

***[૨૨૪] ધાતકીખંડ નામક દ્વીપ વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત, ચોતરફથી લવણ સમુદ્રને ઘેરીને રહેલ છે. ભગવન્ ! ધાતકીખંડ દ્વીપ સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ સંસ્થિત ગૌતમ ! સમચક્રવાલ સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થિત નથી.***

***ભગવન્ ! ધાતકીખંડ દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ? ગૌતમ ! ચક્રવાલ વિષ્કંભ ચાર લાખ યોજન છે અને પરિધિ ૪૧,૧૦,૯૬૧ યોજનથી કંઈક ન્યૂન પરિધિવાળો છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. વેદિકા અને વનખંડનું વર્ણન કરવું. પરિધિ દ્વીપ સમાન છે.***

***ભગવન્ ! ધાતકીખંડ દ્વીપને કેટલા દ્વારો છે ? ગૌતમ ! ચાર દ્વારો કહ્યા છે — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.***

***ભગવન્ ! ધાતકીખંડનું વિજય નામક દ્વાર ક્યાં છે ? ગૌતમ ! ધાતકીખંડના પૂર્વાંતમાં અને કાલોદ સમુદ્રના પૂર્વાર્દ્ધની પશ્ચિમ દિશામાં શીતા મહાનદીની ઉપર ધાતકીખંડનું વિજયદ્વાર છે. પ્રમાણ પૂર્વવત્. રાજધાની બીજા ધાતકીખંડ દ્વીપમાં છે. દ્વીપ વક્તવ્યતા કહેવી. આ પ્રમાણે ચારે દ્વારો કહેવા.***



***ભગવન્ ! ધાતકીખંડ દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અંતર અબાધાથી કેટલું છે ? ગૌતમ ! ૧૦,૨૭,૭૩૫ યોજન અને ત્રણ કોશનું અબાધાથી અંતર છે.***

***ભગવન્ ! ધાતકીખંડદ્વીપના પ્રદેશ કાલોદ સમુદ્રને સ્પર્શે છે ? હા, સ્પર્શે છે. ભગવન્ ! તે પ્રદેશ ધાતકીખંડદ્વીપના છે કે કાલોદ સમુદ્રના ? તે ધાતકીખંડના છે, કાલોદ સમુદ્રના નહીં. એ પ્રમાણે કાલોદના પ્રદેશો માટે પણ જાણવું.***

***ધાતકીખંડ દ્વીપમાં જીવો મરીને કાલોદ સમુદ્રમાં જન્મે છે ? ગૌતમ ! કેટલાંક જન્મે છે, કેટલાંક જન્મતા નથી. એ પ્રમાણે કાલોદના પણ૦ કેટલાંક જન્મે, કેટલાંક જન્મતા નથી.***

***ભગવન્ ! “ધાતકીખંડ દ્વીપ” એવું નામ કેમ છે ? ગૌતમ ! ધાતકીખંડ દ્વીપમાં તે-તે દેશમાં, તે-તે પ્રદેશમાં ધાતકી વૃક્ષો, ધાતકી વર્ણવાળા, ધાતકીખંડા નિત્ય કુસુમિત યાવત્ શોભાયમાન થતાં રહેલ છે. ધાતકી-મહાધાતકી વૃક્ષોમાં સુદર્શન અને પ્રિયદર્શન નામક બે દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક રહે છે. એ કારણથી૦ અથવા ગૌતમ ! યાવત્ નિત્ય છે.***

***ભગવન્ ! ધાતકીખંડ દ્વીપમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ? કેટલાં સૂર્યો તપ્યા૦ ? કેટલાં મહાગ્રહો ચાર ચર્યા૦ ? કેટલા નક્ષત્રોએ યોગ કર્યો૦ ? કેટલા કોડાકોડી તારાગણ શોભ્યા હતા, શોભે છે, શોભશે ?***

***ગૌતમ ! ૧૨ ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે.***

***[૨૨૫] બાર ચંદ્ર - બાર સૂર્ય એ ચોવીશ, ૩૩૬ નક્ષત્રો, અને ૧૦૫૬ ગ્રહો ધાતકીખંડમાં છે.***

***[૨૨૬] ૮,૦૩,૭૦૦ કોડાકોડી તારાગણ... [૨૨૭] શોભતો હતો, શોભે છે અને શોભશે.***

**● વિવેચન-૨૨૪ થી ૨૨૭ :-**

ધાતકીખંડ નામે દ્વીપ વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત છે, તે ચોતરફથી સમસ્તપણે લવણસમુદ્રને વીંટીને રહેલ છે. - x - ધાતકીખંડ ચાર લાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી અને ૪૧,૧૦,૯૬૧ યોજનથી કંઈક ન્યૂન પરિધિથી છે. તે ધાતકીખંડ દ્વીપ એક પદ્મવર વેદિકાથી પરિવૃત્ત છે, તે આઠ યોજન ઉંચી છે. એક વનખંડથી પરિવૃત્ત છે. વેદિકા અને વનખંડનું વર્ણન પૂર્વવત્ કરવું.

ભદંત ! ધાતકીખંડ દ્વીપના કેટલા દ્વારો છે ? ગૌતમ ! ચાર - વિજયાદિ. ધાતકીખંડદ્વીપનું વિજય નામે દ્વાર ક્યાં છે ? ગૌતમ ! ધાતકીખંડદ્વીપના પૂર્વ પર્યન્ત અને કાલોદ સમુદ્રના પૂર્વાર્ધની પશ્ચિમ દિશામાં શીતા મહાનદીની ઉપર આ અંતરમાં ધાતકીખંડ દ્વીપનું વિજયદ્વાર છે. તેને જંબૂદ્વીપના વિજયદ્વારવત્ જાણવું. માત્ર રાજધાની બીજા ધાતકીખંડમાં કહેવી.

ધાતકીખંડ દ્વીપના દક્ષિણ પર્યન્તે અને દક્ષિણાર્દ્ધ કાલોદસમુદ્રની ઉત્તરમાં ધાતકીખંડદ્વીપનું વૈજયંત નામે દ્વાર છે. તેને જંબૂદ્વીપના વૈજયંત દ્વારની માફક કહેવું. ઈત્યાદિ - x -

ધાતકીખંડ દ્વીપના પશ્ચિમ પર્યન્તે અને પશ્ચિમાર્દ્ધ કાલોદ સમુદ્રની પૂર્વે શીતોદા મહાનદીની ઉપર ધાતકીખંડદ્વીપનું જયંત નામે દ્વાર છે. તે પણ જંબૂદ્વીપના જયંત માફક કહેવું. - x -

ધાતકીખંડ દ્વીપના ઉત્તર પર્યન્તે અને દક્ષિણાર્દ્ધ કાલોદ સમુદ્રની દક્ષિણથી અહીં ધાતકીખંડ દ્વીપનું અપરાજિત નામે દ્વાર છે. તે પણ જંબૂદ્વીપના અપરાજિત માફક કહેવું. - x -

ધાતકીખંડદ્વીપના દ્વારોનું પરસ્પર અબાધા અંતર-૧૦,૨૭,૭૩૫ યોજન છે. તે કહે છે — એકૈક દ્વારના દ્વારશાખ સહિત જંબૂદ્વીપ દ્વારની જેમ પૃથુત્વ સાડા ચાર યોજન છે. ચાર દ્વારનું ૧૮ યોજન થાય. અનંતરોક્ત પરિધિ ૪૧,૧૦,૯૬૧ શોધિત કરતા શેષ રહેશે ૪૧૧૦ ૯મું યોજન. તેને ચાર ભાગ વડે ભાંગતા યથોક્ત દ્વારોનું પરસ્પર અંતર પ્રાપ્ત થાય છે. - x - x -

ધાતકીખંડ દ્વીપને ધાતકીખંડ દ્વીપ કેમ કહે છે ? ભગવંતે કહ્યું — ધાતકીખંડ દ્વીપમાં તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણાં ધાતકી વૃક્ષો, ઘણાં ધાતકી વનખંડ, ઘણાં ધાતકીવનો છે. નિત્ય કુસુમિતાદિ છે. ઉત્તરકુરુના પૂર્વાર્દ્ધમાં નીલવંત ગિરિ સમીપે ધાતકી નામે વૃક્ષ અને પશ્ચિમાર્દ્ધમાં મહાધાતકી વૃક્ષ રહેલ છે. તે જંબૂવૃક્ષવત્ કહેવું. ત્યાં અનુક્રમે સુદર્શન અને પ્રિયદર્શન બે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવો રહે છે. તેને ઉપલક્ષીને ધાતકીખંડદ્વીપ કહે છે.

હવે ચંદ્રાદિ વક્તવ્યતા — ગૌતમ ! ધાતકીખંડમાં ત્રણે કાળમાં બાર ચંદ્રો, બાર સૂર્યો, ૩૩૬ નક્ષત્રો છે. કેમકે એક એક ચંદ્રનો પરિવાર ૨૮-નક્ષત્રો છે તથા ૧૦૫૬ મહાગ્રહો છે. કેમકે એકૈક ચંદ્રના પરિવારમાં ૮૮ મહાગ્રહો હોય. ૮,૦૩,૭૦૦ કોડાકોડી તારાગણ છે. આ પણ એક ચંદ્રનો પરિવારને હિસાબે બાર વડે ગુણીને જાણવું.

**હવે કાલોદ સમુદ્ર વક્તવ્યતા —**

**● સૂત્ર-૨૨૮ થી ૨૩૪ :-**

***[૨૨૮] કાલોદ નામે સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થાને રહેલ છે. તે ધાતકીખંડ દ્વીપને ચોતરફથી ઘેરીને રહેલો છે. કાલોદ સમુદ્ર શું સમચક્રવાલ સંસ્થાન સંસ્થિત છે કે વિષમ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત છે ? ગૌતમ ! સમચક્રવાલ સંસ્થાન સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત નથી.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલાં પ્રમાણ છે ? ગૌતમ ! આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ છે અને પરિધિ ૯૧,૧૭,૬૦૫ યોજનથી કંઈક વિશેષાધિક કહી છે. તે એક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિવૃત્ત છે.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રના કેટલા દ્વારો કહ્યા છે ? ગૌતમ ! ચાર દ્વારો. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રનું વિજય દ્વાર ક્યાં કહ્યું છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રના પૂર્વ પૂર્યન્ત અને પૂર્વાર્દ્ધ પુષ્કરવર દ્વીપની પશ્ચિમે સીતોદા મહાનદીની***



***ઉપર અહીં કાલોદ સમુદ્રનું વિજય નામે દ્વાર કહેલ છે. આઠ યોજન પ્રમાણ પૂર્વવત્ યાવત્ રાજધાની (કહેવી). - - - ભગવન્ ! કાલોદસમુદ્રનું વૈજયંત દ્વાર ક્યાં કહ્યું છે ? ગૌતમ ! કાલોદસમુદ્રના દક્ષિણ પર્યન્તે અને દક્ષિણાર્દ્ધ પુષ્કરવરદ્વીપની ઉત્તરે આ વૈજયંત દ્વાર છે.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રનું જયંત નામક દ્વાર ક્યાં કહ્યું છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રનો પશ્ચિમ પર્યન્ત, પશ્ચિમાર્દ્ધ પુષ્કરવરદ્વીપની પૂર્વે શીતા મહાનદી ઉપર જયંતદ્વાર છે.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રનું અપરાજિત દ્વાર ક્યાં છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રના ઉત્તરાર્દ્ધ પર્યન્તે, ઉત્તરાર્દ્ધ પુષ્કરવરદ્વીપની દક્ષિણે આ અપરાજિત દ્વાર છે. બાકી પૂર્વવત્.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કેટલું કહ્યું છે ? ગૌતમ ! ....***

***[૨૨૯] ૨૨,૯૨,૬૪૬ યોજન અને ત્રણ કોશ....***

***[૨૩૦] એક દ્વારથી બીજા દ્વારનું અંતર કહેલ છે.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રના પ્રદેશો પુષ્કરવરદ્વીપને સ્પર્શે છે. એ જ રીતે પુષ્કરવરદ્વીપના પ્રદેશો વિશે પણ સમજવું. એ પ્રમાણે પુષ્કરવરદ્વીપના જીવો મરીને આદિ પૂર્વવત્ કહેવું.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રને કાલોદ સમુદ્ર કેમ કહે છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રનું પણ આસ્વાદ્ય, માંસલ, પેશલ, કાળનું છે. અડદની રાશિના વર્ણનું છે. સ્વાભાવિક ઉદકરસવાળું છે. ત્યાં કાલ અને મહાકાલ એ બે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તેથી ગૌતમ ! તેનું 'કાલોદ' એવું નામ છે. યાવત્ આ નામ નિત્ય છે.***

***ભગવન્ ! કાલોદ સમુદ્રમાં કેટલાં ચંદ્રો પ્રકાશ્યા હતા, પ્રકાશે છે, પ્રકાશશે ?, ગૌતમ ! કાલોદ સમુદ્રમાં ૪૨ ચંદ્રો છે.***

***[૨૩૧] ૪૨ ચંદ્રો, ૪૨ સૂર્યો કાલોદધિમાં સંબદ્ધ લેશ્યાવાળા વિચરણ કરે છે... [૨૩૨] ૧૧૭૬ નક્ષત્રો અને ૩૬૯૯ મહાગ્રહો છે... [૨૩૩] ૨૮,૧૨,૯૫૦ કોડાકોડી તારાગણ... [૨૩૪] શોભતો હતો, શોભે છે અને શોભશે.***

**● વિવેચન-૨૨૮ થી ૨૩૪ :-**

ધાતકીખંડ પૂર્વવત્. કાલોદ સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થિત છે. ધાતકીખંડને ચોતરફથી વીંટીને રહેલ છે. - x - કાલોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજન છે અને પરિધિ ૯૧,૧૭,૬૦૫ યોજનથી કંઈક વિશેષાધિક છે. ૧૦૦૦ યોજન ઉદ્વેધ છે. વૃત્તિકારે અહીં બે ગાથા પણ આ સંબંધે મૂકી છે. કાલોદ સમુદ્ર એક પદ્મવરવેદિકા જે આઠ યોજન ઉંચી છે, તે અને એક વનખંડથી ચોતરફથી સંપરિક્ષિપ્ત છે. - x -

ભદંત! કાલોદ સમુદ્રના કેટલા દ્વારો કહ્યા છે? ગૌતમ! ચાર દ્વારો છે -

વિજયાદિ. ભદંત! કાલોદ સમુદ્રનું વિજય નામે દ્વાર ક્યાં છે? ગૌતમ! કાલોદસમુદ્રના પૂર્વપર્યન્ત અને પૂર્વાર્દ્ધ પુષ્કરવરદ્વીપની પશ્ચિમમાં શીતોદા મહાનદીની ઉપર કાલોદ સમુદ્રનું વિજય નામે દ્વાર કહેલ છે. એ પ્રમાણે વિજયદ્વાર વક્તવ્યતા પૂર્વાનુસાર કહેવું. માત્ર રાજધાની બીજા કાલોદ સમુદ્રમાં છે. - x - વૈજયંત દ્વાર કાલોદ સમુદ્રના દક્ષિણપર્યન્ત અને દક્ષિણાર્દ્ધ પુષ્કરવરદ્વીપની ઉત્તરે છે. એ પ્રમાણે જંબૂદ્વીપના વૈજયંત દ્વારવત્ કહેવું. માત્ર રાજધાની બીજા કાલોદ સમુદ્રમાં છે. કાલોદ સમુદ્રના પશ્ચિમ પર્યન્ત અને પશ્ચિમાર્દ્ધ પુષ્કરવરદ્વીપની પૂર્વે શીતા મહાનદીની ઉપર કાલોદ સમુદ્રનું જયંત દ્વાર છે. - x - અપરાજિતદ્વાર કાલોદ સમુદ્રના ઉત્તરાર્દ્ધ પર્યન્ત અને ઉત્તરાર્દ્ધ પુષ્કરવરદ્વીપની દક્ષિણે અહીં કાલોદ સમુદ્રનું અપરાજિતદ્વાર છે. બધું જંબૂદ્વીપ દ્વારવત્ છે.

હવે દ્વારોનું પરસ્પર અંતર — ગૌતમ ! ૨૨,૯૨,૬૪૬ યોજન અને ત્રણ કોશ એક દ્વારથી બીજા દ્વાર પરસ્પર અબાધા અંતર છે. ચારે દ્વારોના માપથી ૧૮-યોજનને કાલોદ સમુદ્રની પરિધિ-૯૧,૭૦,૬૦૫માંથી બાદ કરતાં ૯૧,૭૦,૫૮૭ થશે. તેને ચાર ભાગ વડે ભાગ દેતાં બે દ્વારનું પરસ્પર પરિમાણ અંતર ૨૨,૯૨,૬૪૬ યોજન અને ૩ કોશ પ્રાપ્ત થશે. - x - x -

નામાન્વર્થ જણાવતાં કહે છે — કાલોદ સમુદ્ર નામ કેમ છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રનું જળ ઉદકરસત્વથી આસ્વાદ્ય છે. ગુરુધર્મપણાથી માંસલ છે. મનોજ્ઞ આસ્વાદપણાથી પેશલ છે. કાળું છે. આ ઉપમાથી પ્રતિપાદિત કરે છે - અડદના ઢગલા જેવી વર્ણાભા છે. કાળુ પાણી હોવાથી કાલોદ. કાલ-મહાકાલ એ બે પૂર્વાર્દ્ધ-પશ્ચિમાર્દ્ધ અધિપતિ દેવ છે. - x -

ચંદ્રાદિનું પરિણામ બીજે પણ કહ્યું છે. તેમ કહી વૃત્તિકારશ્રીએ ત્રણ ગાથા નોંધેલી છે. **હવે પુષ્કરવરદ્વીપ વક્તવ્યતા કહે છે—**

**● સૂત્ર-૨૩૫ થી ૨૪૯ :-**

*[૨૩૫] પુષ્કરવર નામક દ્વીપ વૃત્ત-વલયાકાર સંસ્થાન સંસ્થિત છે. તે કાલોદ સમુદ્રને ચોતરફથી પરીવરીને રહેલ છે આદિ પૂર્વવત્. યાવત્ સમચક્રવાલ સંસ્થાન સંસ્થિત છે. વિષમ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત નથી.*

*ભગવન્ ! પુષ્કરવરદ્વીપનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલા છે ? ગૌતમ ! ૧૬-લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ.*

*[૨૩૬] પુષ્કરવરદ્વીપની પરિધિ-૧,૯૨,૮૯,૮૯૪ યોજન.*

*[૨૩૭] તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી સંપરિવૃત્ત છે. બંનેનું વર્ણન કરવું. ભગવન્ ! પુષ્કરવર દ્વીપના કેટલા દ્વારો કહ્યા છે ? ગૌતમ ! ચાર દ્વારો છે — વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત.*

*ભગવન્ ! પુષ્કરવર દ્વીપનું વિજય નામક દ્વાર ક્યાં છે ? ગૌતમ ! પુષ્કરવરદ્વીપના પૂર્વી પર્યન્તમાં અને પૂર્વાર્દ્ધ પુષ્કરોદસમુદ્રના પશ્ચિમમાં પુષ્કરવર દ્વીપનું વિજયદ્વાર છે. ઈત્યાદિ બધું પૂર્વવત્. આ પ્રમાણે ચારે દ્વારો જાણવા. પણ શીતા-શીતોદા નદી કહેવી નહીં. ભગવન્ ! પુષ્કરવર દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કેટલું કહ્યું છે ? ગૌતમ !*



*[૨૩૮] ૪૮,૨૨,૪૬૯ યોજન અંતર પુષ્કરવર દ્વારનું છે.*

*[૨૩૯] પ્રદેશો બંનેના પણ સ્પૃષ્ટ છે. જીવો પણ કેટલાંક એકબીજામાં ઉત્પન્ન થાય છે. ભગવન્ ! પુષ્કરવર દ્વીપને પુષ્કરવર દ્વીપ કેમ કહેવાય છે ? ગૌતમ ! પુષ્કરવરદ્વીપમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં પદ્મવૃક્ષો, પદ્મવનખંડો નિત્ય કુસુમિત યાવત્ રહે છે. પદ્મ-મહાપદ્મ વૃક્ષમાં પદ્મ અને પુંડરીક નામે પલ્યોપમસ્થિતિક અને મહર્દ્ધિક બે દેવ રહે છે. તે કારણથી હે ગૌતમ ! પુષ્કરવર દ્વીપ કહેવાય છે. યાવત્ તે નિત્ય છે.*

*ભગવન્ ! પુષ્કરવર દ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસતા હતા, પ્રભાસે છે, પ્રભાસશે ? ઈત્યાદિ પ્રશ્નો.*

*[૨૪૦] ચંદ્રો-૧૪૪, સૂર્યો-૧૪૪, પુષ્કરવરદ્વીપમાં પ્રભાસિત થતાં એવા વિચરે છે.*

*[૨૪૧] ૪૦૩૨-નક્ષત્રો, ૧૨,૬૭૨ મહાગ્રહો છે.*

*[૨૪૨] ૯૬,૪૪,૪૦૦ કોડાકોડી તારાગણ પુષ્કરવરદ્વીપમાં... [૨૪૩] શોભિત થયા, શોભે છે, શોભશે.*

*પુષ્કરવર દ્વીપના બહુમધ્ય દેશભાગમાં માનુષોત્તર નામે પર્વત કહ્યો છે. તે વૃત્ત-વલયાકાર સંસ્થાન સંસ્થિત છે. તે પર્વત પુષ્કરવર દ્વીપને બે ભાગોમાં વિભાજિત કરે છે - આભ્યંતર પુષ્કરાર્દ્ધ અને બાહ્ય પુષ્કરાર્દ્ધ.*

*ભગવન્ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ? ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજન છે.*

*[૨૪૪] તેની પરિધિ-૧,૪૨,૩૦,૨૪૯ યોજન પુષ્કરાર્દ્ધની અને મનુષ્યક્ષેત્રની પરિધિ છે.*

*[૨૪૫] ભગવન્ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધને આભ્યંતર પુષ્કરાર્દ્ધ કેમ કહે છે ? ગૌતમ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધ ચોતરફથી માનુષોત્તર પર્વતથી ઘેરાયેલ છે. તેથી હે ગૌતમ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધ કહેવાય છે. અથવા તે નિત્ય છે.*

*ભગવન્ ! અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં કેટલાં ચંદ્રો પ્રકાશ્યા હતા૦ ઈત્યાદિ પૃચ્છા યાવત્ તારાગણ કોડાકોડી ? ગૌતમ !*

*[૨૪૬] ૭૨-ચંદ્રો, ૭૨-સૂર્યો પુષ્કરવરદ્વીપાર્દ્ધમાં આ ચંદ્ર-સૂર્યો પ્રભાસિત થઈને ચરે છે.*

*[૨૪૭] ૬૩૩૬-મહાગ્રહો, ૨૦૧૬ નક્ષત્રો છે.*

*[૨૪૮] ૪૮,૨૨,૨૦૦ કોડાકોડી તારાગણ પુષ્કરાર્દ્ધમાં... [૨૪૯] શોભતા હતા, શોભે છે અને શોભશે.*

**● વિવેચન-૨૩૫ થી ૨૪૯ :-**

પુષ્કરવર દ્વીપ વૃત્ત-વલયાકાર સંસ્થાન સંસ્થિત છે. તે ચોતરફથી કાલોદ

સમુદ્રને વીંટીને રહેલ છે. સમચક્રવાલ સંસ્થિત છે. તે પૂર્વવત્ જાણવું. વિષ્કંભાદિ પ્રતિપાદનાર્થે કહે છે –

ગૌતમ ! સોળ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ છે અને ૧,૯૨,૮૯,૮૯૪ યોજન પરિધિ છે. તે પુષ્કરવરદ્વીપ એક પદ્મવર વેદિકા જે આઠ યોજન ઉંચી છે, એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. વેદિકા અને વનખંડ વર્ણન પૂર્વવત્ છે.

હવે દ્વાર વક્તવ્યતા - પુષ્કરવરદ્વીપના કેટલાં દ્વારો છે ? ગૌતમ ! ચાર. - વિજય આદિ. પુષ્કરવર દ્વીપનું વિજય દ્વાર ક્યાં છે ? ગૌતમ ! પુષ્કરવર દ્વીપ પૂર્વાર્દ્ધપર્યન્તે અને પુષ્કરોદ સમુદ્રની પશ્ચિમ દિશામાં છે. તેની જંબૂદ્વીપના વિજયદ્વારવત્ સંપૂર્ણ કહેવું. માત્ર રાજધાની બીજા પુષ્કરવર દ્વીપમાં કહેવી. એ રીતે વૈજયંતાદિ સૂત્રો કહેવા. બધામાં રાજધાની બીજા પુષ્કરવરદ્વીપમાં.

હવે દ્વારોનું પરસ્પર અંતર - ગૌતમ ! ૪૮,૨૨,૪૬૯ યોજન એક દ્વારથી બીજા દ્વારનું પરસ્પર અબાધા અંતર પરિમાણ છે. ચારે દ્વારોનું માપ ૧૮ યોજન છે. તેને પુષ્કરવરદ્વીપના પરિમાણ-૧,૯૨,૮૯,૮૯૪માંથી બાદ કરતા ૧,૯૨,૮૯,૮૭૬ યોજન થાય, તેને ચાર ભાગે ભાંગતા ૪૮,૨૨,૪૬૯ યોજન થાય છે. - x - x -

હવે નામ નિમિત્ત કહે છે - x - x - ગૌતમ ! પુષ્કરવરદ્વીપમાં તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણાં પદ્મ વૃક્ષો, પદ્મખંડ, પદ્મવનો છે. ‘નિત્ય કુસુમિત’ ઈત્યાદિ પૂર્વવત્. તથા ઉત્તરકુરુના પૂર્વાર્દ્ધમાં જે પદ્મવૃક્ષ અને પશ્ચિમાર્દ્ધમાં જે મહાપદ્મવૃક્ષ છે તેમાં અનુક્રમે પદ્મ અને પુંડરીક બે દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક અનુક્રમે પૂર્વાર્ધ અને પશ્ચિમાર્દ્ધના અધિપતિરૂપે વસે છે. પુષ્કરને ઉપલક્ષીને તે પુષ્કરવર કહેવાય છે.

હવે ચંદ્ર-સૂર્યાદિ પરિમાણ કહે છે, તે પાઠસિદ્ધ છે. વિશેષ એ કે – નક્ષત્રાદિ પરિમાણ-૨૮ આદિ સંખ્યક નક્ષત્રાદિ સ્વયં વિચારી લેવા. આવું પરિમાણ બીજે પણ કહ્યું છે. આ વિષયમાં વૃત્તિકારશ્રીએ ત્રણ ગાથા નોંધી છે.

હવે મનુષ્યક્ષેત્ર સીમાકારી માનુષોત્તર પર્વતની વક્તવ્યતા – પુષ્કરવરદ્વીપના બહુમધ્ય દેશભાગે માનુષોત્તર નામે પર્વત છે. તે વૃત્ત છે. પણ વૃત્ત તો મધ્યમાં પૂર્ણ પણ હોય, જેમ પૂનમનું ચંદ્રમંડલ, તેથી તેના વિચ્છેદ માટે કહે છે – વલય આકારે રહેલ, જે પુષ્કરવર દ્વીપ. તે પુષ્કરવર દ્વીપના બે ભાગ કરીને રહેલ છે. કઈ રીતે ? અભ્યંતર પુષ્કરાર્દ્ધ અને બાહ્ય પુષ્કરાર્દ્ધ. અર્થાત્ માનુષોત્તર પર્વતની પૂર્વે જે પુષ્કરાર્દ્ધ છે. તે અભ્યંતર પુષ્કરાર્દ્ધ. જે માનુષોત્તર પર્વતની બહાર છે, તે બાહ્ય પુષ્કરાર્દ્ધ છે. અભ્યંતર પુષ્કરાર્દ્ધ આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી છે. ૧,૪૨,૩૦,૨૪૯ યોજનથી કંઈક વિશેષ પરિધિ કહી છે. તે માનુષોત્તર પર્વતની અભ્યંતર વર્તતો હોવાથી હે ગૌતમ ! તેને અભ્યંતર પુષ્કરાર્દ્ધ કહે છે.

અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં ચંદ્રાદિ પરિમાણ સૂત્ર પાઠસિદ્ધ છે. માત્ર નક્ષત્રાદિ પરિમાણ-૨૮ નક્ષત્રો, ૭૨ને ગુણીને કહેવા. આવું પરિમાણ અન્યત્ર પણ કહેલ છે. વૃત્તિકારશ્રીએ અહીં ત્રણ ગાથા નોંધેલ છે. અહીં સર્વત્ર તારા પરિમાણ વિચારણામાં





કોટીકોટ્યથી ક્રોડ જ સમજવા. પૂર્વાચાર્યએ આવી જ વ્યાખ્યા કરી છે. કેમકે ક્ષેત્ર થોડું છે. બીજા ઉત્સેધાંગુલ પ્રમાણથી કોટિ કોટિની સંગતિ કરે છે. આ અંગે વૃત્તિકારશ્રીએ ગાથા પણ નોંધી છે.

- **સૂત્ર-૨૫૦ થી ૨૮૬ :-**

*[૨૫૦] ભગવન્ ! સમયક્ષેત્રની લંબાઈ, પહોળાઈ અને પરિધિ કેટલી છે ? ગૌતમ ! લંબાઈ-પહોળાઈ ૪૫ લાખ યોજન અને ૧,૪૨,૩૦,૨૪૯ યોજન પરિધિ છે. ભગવન્ ! મનુષ્ય ક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કેમ કહે છે ? ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં ત્રણ ભેદે મનુષ્યો વસે છે, તે આ – કર્મભૂમક, અકર્મભૂમક, અંતર્દ્વીપક. તે કારણે હે ગૌતમ ! મનુષ્યક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કહે છે... ભગવન્ ! મનુષ્ય ક્ષેત્રમાં કેટલા ચંદ્રો પ્રભાસ્યા૦ કેટલા સૂર્યો તપ્યા૦ ?*

*[૨૫૧] ગૌતમ ! ૧૩૨ ચંદ્રો અને ૧૩૨ સૂર્યો. પ્રભાસિત થઈને સકલ મનુષ્યક્ષેત્રમાં વિચરણ કરે છે.*

*[૨૫૨] ૧૧૬૧૬ મહાગ્રહો છે, ૩૬૯૬ નક્ષત્રો છે.*

*[૨૫૩] ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારાગણ મનુષ્યલોકમાં [૨૫૪] શોભતા હતા, શોભે છે અને શોભશે.*

*[૨૫૫] આ રીતે મનુષ્યલોકમાં તારાપિંડ પૂર્વોક્ત સંખ્યા પ્રમાણ છે. મનુષ્યલોકની બહાર જિનેશ્વરોએ અસંખ્ય તારાપિંડ કહેલ છે...*

*[૨૫૬] મનુષ્યલોકમાં જે આ તારા પ્રમાણ છે. તે જ્યોતિષ્ક દેવ છે, તે કદંબપુષ્પ સંસ્થિત છે, ચાર ચરે છે.*

*[૨૫૭] સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રનું પ્રમાણ મનુષ્યલોકમાં આટલું જ કહ્યું છે. જેના નામ ગોત્ર સામાન્યજન ન કહી શકે.*

*[૨૫૮] બે ચંદ્ર અને બે સૂર્યની એક પિટક થાય છે. મનુષ્યલોકમાં ચંદ્ર-સૂર્યની આવી ૬૬-૬૬ પિટક છે.*

*[૨૫૯] એક-એક પિટકમાં ૫૬-૫૬ નક્ષત્રો છે. મનુષ્યલોકમાં નક્ષત્રોની ૬૬ પિટક છે.*

*[૨૬૦] એક-એક પિટકમાં ૧૭૬-૧૭૬ મહાગ્રહો છે. મનુષ્ય લોકમાં મહાગ્રહોની ૬૬ પિટક છે.*

*[૨૬૧] એક-એક પંક્તિમાં ૬૬ - ૬૬ ચંદ્ર અને સૂર્ય છે. મનુષ્યલોકમાં ચંદ્ર અને સૂર્યોની ચાર-ચાર પંક્તિઓ છે.*

*[૨૬૨] એક-એક પંક્તિમાં ૬૬ - ૬૬ નક્ષત્રો છે. મનુષ્ય લોકમાં નક્ષત્રોની ૫૬-પંક્તિઓ છે.*

*[૨૬૩] મનુષ્ય લોકમાં ગ્રહોની ૧૭૬ પંક્તિઓ છે. તે પ્રત્યેક પંક્તિમાં ૬૬ - ૬૬ ગ્રહો છે.*

*[૨૬૪] આ ચંદ્ર-સૂર્યાદિ બધાં જ્યોતિષ્કમંડલ મેરુ પર્વતને ચોતરફથી પ્રદક્ષિણા કરે છે. તે બધાં પ્રદક્ષિણાવર્તમંડલ છે. ચંદ્ર-સૂર્ય-ગ્રહ-ગણોના મંડળ*

અનવસ્થિત છે.

[૨૬૫] નક્ષત્ર અને તારાના મંડલ અવસ્થિત જાણવા. તેઓ પણ પ્રદક્ષિણાવર્ત્ત જ મેરુને અનુચરે છે.

[૨૬૬] સૂર્ય અને ચંદ્રનો ઉપર અને નીચે સંક્રમ થતો નથી. તેમનું વિચરણ તિર્છું અભ્યંતર-બાહ્ય મંડલમાં થાય છે.

[૨૬૭] ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, મહાગ્રહોના ચાર વિશેષથી મનુષ્યોના સુખ-દુઃખ પ્રભાવિત થાય છે.

[૨૬૮] બાહ્યથી અભ્યંતર મંડલમાં પ્રવેશતા તેમનું તાપક્ષેત્ર નિયમા વધે છે. બહાર નીકળતા તે ક્રમશઃ ઘટે છે.

[૨૬૯] તે સૂર્ય-ક્ષેત્રનો તાપક્ષેત્ર માર્ગ કદંબપુષ્પના આકાર જેવો છે. તે અંદર સંકુચિત અને બહાર વિસ્તૃત હોય છે.

[૨૭૦] ચંદ્ર કેમ વધે છે અને કેમ ઘટે છે ? ક્યા કારણે કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષ થાય છે ?

[૨૭૧] કૃષ્ણરાહુ વિમાન ચંદ્રથી સદા ચાર આંગળ દૂર રહી ચંદ્રની નીચે ચાલે છે.

[૨૭૨] શુક્લપક્ષમાં ચંદ્ર પ્રતિદિન ૬૨ - ભાગ પ્રમાણ વધે છે અને કૃષ્ણપક્ષમાં ૬૨-ભાગ પ્રમાણ ઘટે છે.

[૨૭૩] ચંદ્રવિમાનના ૧૫ માં ભાગને રાહુવિમાન પોતાના ૧૫-માં ભાગથી ઢાંકે છે અને શુક્લપક્ષમાં તેને મુક્ત કરે છે.

[૨૭૪] આ પ્રમાણે ચંદ્રની વૃદ્ધિ અને હાનિ થાય છે અને આ જ કારણે કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ થાય છે.

[૨૭૫] મનુષ્યક્ષેત્રમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. એ પાંચ પ્રકારના જ્યોતિષ્ક ચારોપગ [ગતિશીલ] છે.

[૨૭૬] મનુષ્યક્ષેત્ર બહાર જે બાકીના ચંદ્ર, સૂર્ય, ગ્રહ, તારા, નક્ષત્રોને ગતિ નથી - ચાર નથી, તેમને અવસ્થિત જાણવા.

[૨૭૭] જંબૂદ્વીપમાં બે ચંદ્ર-બે સૂર્ય, લવણ સમુદ્રમાં ચાર-ચાર અને ધાતકીખંડમાં બાર-બાર ચંદ્રો-સૂર્યો છે.

[૨૭૮] જંબૂદ્વીપમાં બબ્બે ચંદ્ર-સૂર્યો છે. લવણ સમુદ્રમાં તેથી બમણાં છે. તેનાથી ત્રણગણાં ધાતકીખંડ દ્વીપમાં છે.

[૨૭૯] ધાતકીખંડને આશ્રીને આગળના સમુદ્ર અને દ્વીપોમાં પૂર્વથી ત્રણગણાં કરી, તેમાં પૂર્વ પૂર્વના ચંદ્ર-સૂર્યો જોડવા.

[૨૮૦] જે દ્વીપ-સમુદ્રમાં નક્ષત્ર, ગ્રહ અને તારાનું પ્રમાણ જાણવાની ઈચ્છા હોય, તેના ચંદ્ર સાથે નક્ષત્રાદિને ગુણવા.

[૨૮૧] મનુષ્યક્ષેત્ર બહાર જે ચંદ્ર અને સૂર્ય છે. તે ચંદ્રથી સૂર્ય અને સૂર્યથી ચંદ્રનું અંતર ૫૦,૦૦૦ યોજન છે.



[૨૮૨] સૂર્યથી સૂર્યનું અને ચંદ્રથી ચંદ્રનું અંતર માનુષોત્તર પર્વતની બહાર એક લાખ યોજન છે.

[૨૮૩] સૂર્યાંતરિત ચંદ્ર અને ચંદ્રાંતરિત સૂર્ય પોતાના તેજથી પ્રકાશિત હોય છે. તેની સુખલેશ્યા-મંદલેશ્યા વિચિત્ર છે.

[૨૮૪] એક ચંદ્રના પરિવારમાં ૮૮-ગ્રહો અને ૨૮-નક્ષત્રો હોય છે. હવે આગળ તારાનું પ્રમાણ કહીશ... [૨૮૫] એક ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ છે.

[૨૮૬] માનુષોત્તર પર્વતની બહાર ચંદ્ર અને સૂર્ય અવસ્થિત યોગવાળા હોય છે. ચંદ્ર અભિજિત્ નક્ષત્રથી અને સૂર્ય પુષ્ય નક્ષત્રથી યુક્ત રહે છે.

● વિવેચન-૨૫૦ થી ૨૮૬ :-

ભદંત ! મનુષ્યક્ષેત્રની લંબાઈ, પહોળાઈ પરિધિ કેટલી છે ? ગૌતમ ! ૪૫ લાખ યોજન લાંબી-પહોળી, ૧,૪૨,૩૦,૨૪૯થી કંઈક વિશેષાધિક પરિધિ કહી છે. હવે નામ નિમિત્તને જણાવતા કહે છે — ભગવન્ ! મનુષ્યક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કેમ કહે છે ? મનુષ્ય ક્ષેત્રમાં ત્રણ પ્રકારના મનુષ્યો રહે છે — કર્મભૂમક, અકર્મભૂમક, અંતર્દ્વીપક. બીજું મનુષ્યોના જન્મ અને મરણ આ જ ક્ષેત્રમાં થાય છે બહાર નહીં. તેથી કહે છે — મનષ્યો મનુષ્ય ક્ષેત્રની બહાર જન્મે તે થયું નથી - થતું નથી અને થશે પણ નહીં, તથા જો કોઈ દેવ-દાનવ-વિધાધર વડે પૂર્વ અનુબદ્ધ વૈરને કારણે એવી બુદ્ધિ કરે કે આ મનુષ્યને આ સ્થાનેથી ઉપાડી મનુષ્યક્ષેત્ર બહાર ફેંકી દઉં, જેથી અદ્ધર જ શોષાઈ જાય કે મૃત્યુ પામે, તો પણ લોકાનુભાવથી તેની બુદ્ધિ ફરી જતાં કાં તો સંહરણ થતું નથી, અથવા સંહરીને પાછો લાવે છે. કદાચ સંહરે તો પણ મનુષ્યક્ષેત્રની બહાર મનુષ્યો મર્યા નથી-મરતા નથી-મરશે પણ નહીં. જે જંઘાચારણ કે વિદ્યાચારણ નંદીશ્વરાદિ જાય છે, તેઓ પણ ત્યાં જઈને મરણ પામતા નથી, પણ મનુષ્ય ક્ષેત્રમાં આવીને જ મરણ પામે. તેથી - x - આ ક્ષેત્ર મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે.

હવે મનુષ્ય ક્ષેત્રના સમસ્ત ચંદ્રાદિ સંખ્યા પરિમાણ કહે છે — તેમાં ચંદ્રાદિ સંખ્યા પાઠ સિદ્ધ છે. આવા પ્રકારનું પરિમાણ અન્યત્ર પણ જણાવેલ છે, તેમ કહી વૃત્તિકારશ્રી ત્રણ ગાથા નોંધે છે. તેમાં — ૧૩૨ ચંદ્રોમાં - જંબૂદ્વીપમાં-૨, લવણસમુદ્રમાં-૪, ધાતકીખંડમાં-૧૨, કાલોદ સમુદ્રમાં-૪૨, અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં-૭૨ છે. એ રીતે ૧૩૨-સૂર્યો પણ કહેવા. નક્ષત્રમાં ચંદ્ર પ્રમાણને ૨૮ વડે ગુણતા આવશે. હવે તારાગણનો ઉપસંહાર કહે છે — અનંતરોક્ત તારા સંખ્યા મનુષ્યલોકની જણાય છે. મનુષ્ય લોકની બહાર સર્વજ્ઞ તીર્થંકરે કહ્યું છે — અસંખ્યાત છે કેમકે દ્વીપસમુદ્રો અસંખ્યાત છે. તે દરેકમાં સંખ્યાત-અસંખ્યાત તારા છે. મનુષ્યલોકમાં જે તારા પરિમાણ કહ્યું તે જ્યોતિષ્ દેવ વિમાનરૂપ છે, કદંબપુષ્પવત્ નીચે સંકુચિત - ઉપર વિસ્તૃત ચાર ચરે છે કેમકે તેવો જગત્નો સ્વાભાવ છે. તારાનું ગ્રહણ ઉપલક્ષણ છે, તેનાથી સૂર્ય આદિ પણ યથોક્ત સંખ્યામાં - x - ચાર ચરે છે.

હવે ઉપસંહાર કહે છે — સૂર્યાદિ પાંચે આટલી સંખ્યામાં સપૂર્વાર્દ્ધ મનુષ્યલોકમાં

છે. સૂર્યાદિના સર્વ મનુષ્યલોકમાં પ્રત્યેક નામ-ગોત્ર છે, અહીં અન્વર્થયુક્ત નામને સિદ્ધાંતની પરિભાષાથી ગોત્ર કહે છે. તેથી નામગોત્ર એટલે અન્વર્થયુક્ત નામ અથવા નામ અને ગોત્ર. પ્રાકૃત - અતિશય રહિત પુરુષ. કદી આ ન કહી શકે. માત્ર સર્વજ્ઞ જ કહી શકે. સર્વજ્ઞોપદિષ્ટ છે માટે શ્રદ્ધેય છે.

અહીં બે ચંદ્ર અને બે સૂર્ય તે એક પિટક કહેવાય. આવી ચંદ્ર-સૂર્ય પિટકની સર્વસંખ્યા મનુષ્યલોકમાં ૬૬ છે. હવે પિટકનું પ્રમાણ કહે છે — એકૈક પિટકમાં બે ચંદ્ર અને બે સૂર્ય હોય છે. - x - આવી પિટક જંબૂદ્વીપમાં-૧, લવણસમુદ્રમાં-૨, ધાતકીખંડમાં-૬, કાલોદમાં-૨૧, અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં-૩૬ એમ કુલ-૬૬ થાય. સમગ્ર મનુષ્યલોકમાં નક્ષત્રની પિટકોની સર્વ સંખ્યા પણ ૬૬-થાય છે. નક્ષત્ર પિટક પરિમાણ - બે ચંદ્ર સંબંધી નક્ષત્ર સંખ્યા પરિમાણ. એકૈક પિટકમાં ૫૬-નક્ષત્રો હોય છે. ૬૬ પિટક સૂર્ય ચંદ્રવત્ જાણવી.

અંગારક આદિ મહાગ્રહોની મનુષ્યલોકમાં ૬૬-ની સર્વ સંખ્યા થાય છે. ગ્રહપિટક પરિમાણ બે ચંદ્ર સંબંધી ગ્રહ સંખ્યા પરિમાણ જાણવું. એકૈક પિટકમાં ૧૭૬ ગ્રહો થાય છે. એવી ૬૬ પિટક.

આ મનુષ્યલોકમાં ચંદ્ર-સૂર્યોની ચાર પંક્તિ થાય છે. તે આ રીતે — બે ચંદ્રોની અને બે સૂર્યોની. - x - જેમકે એક સૂર્ય જંબૂદ્વીપમાં મેરુના દક્ષિણ ભાગમાં ચાર ચરે છે, એક ઉત્તર ભાગમાં, એક ચંદ્ર મેરુના પૂર્વ ભાગમાં, એક પશ્ચિમ ભાગમાં. તેમાં જે મેરુની દક્ષિણ ભાગે સૂર્ય ચાર ચરે છે, પછી સમશ્રેણિ વ્યવસ્થિત બે દક્ષિણ ભાગમાં જ સૂર્યો લવણમાં, છ ધાતકીખંડમાં, ૨૧-કાલોદસમુદ્રમાં, ૩૬-અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં. આ રીતે સૂર્ય પંક્તિ સર્વસંખ્યાથી ૬૬ થઈ. એ રીતે મેરુના ઉત્તર ભાગમાં ચાર ચરતા સૂર્ય માટે પણ - x - x - સમજી લેવું. એ રીતે મેરુના પૂર્વ ભાગમાં ચાર ચરતા ચંદ્રમા માટે પણ સમશ્રેણિ વ્યવસ્થિત ૬૬-ચંદ્રોની સંખ્યા - x - x - સૂર્યવત્ સમજી લેવી. એ પ્રમાણે જ મેરુના પશ્ચિમ ભાગમાં ચંદ્રની ૬૬-પંક્તિ સમજી લેવી.

નક્ષત્રોની મનુષ્યલોકમાં સર્વસંખ્યા પંક્તિ-૫૬-થાય. એકૈકની ૬૬ પંક્તિ થાય છે. જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધ ભાગમાં એક ચંદ્રના પરિવારભૂત અભિજિતાદિ-૨૮-નક્ષત્રો ક્રમથી રહેલા છે. તેમાં દક્ષિણાર્દ્ધ ભાગમાં જ્યાં અભિજિત નક્ષત્ર છે, તેની સમશ્રેણિ વ્યવસ્થિત બે અભિજિત નક્ષત્ર લવણસમુદ્રમાં, છ ધાતકીખંડમાં, ૨૧-કાલોદ સમુદ્રમાં, ૩૬-અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં, એ રીતે કુલ ૬૬-અભિજિત નક્ષત્ર પંક્તિ છે. એ રીતે શ્રવણ આદિ બધાંની ૬૬ પંક્તિ વિચારવી. એ રીતે ઉત્તરાર્દ્ધમાં પણ - x - x - નક્ષત્રોની ૬૬-પંક્તિ કહેવી.

અંગારક આદિ ગ્રહોની ૧૭૬ સર્વસંખ્યા મનુષ્ય લોકમાં એક પંક્તિમાં થાય છે. આવી ૬૬ પંક્તિઓ જાણવી. અહીં પણ આ જ ભાવના છે - દક્ષિણાર્દ્ધ ભાગે એક ચંદ્રના પરિવારભૂત અંગારકાદિ ૮૮ ગ્રહો ઉત્તરાર્દ્ધમાં બીજા ચંદ્રના પરિવારભૂત અંગારકાદિ ૮૮ ગ્રહો છે. ૬૬-પંક્તિની વિચારણા સૂર્ય ચંદ્રાદિવત્ કરી લેવી. - x - x - x -



મનુષ્યલોકવર્તી સર્વે ચંદ્રો, સર્વે સૂર્યો, સર્વે ગ્રહગણ અનવસ્થિત હોવાથી યથાયોગ બીજા-બીજા નક્ષત્રો સાથે યોગ કરીને પ્રકર્ષથી બધી દિશામાં-વિદિશામાં ભ્રમણ કરતા ચંદ્રાદિને દક્ષિણમાં જ મેરુ રહે છે. જે આવર્ત્તમાં-મંડલ પરિભ્રમણ રૂપમાં તે પ્રદક્ષિણા કરે છે, તે - x - પ્રદક્ષિણાવર્ત્ત, તે મંડલ મેરુ પ્રતિ જેમાં છે તે પ્રદક્ષિણાવર્ત્ત મંડલ - x - ચરે છે. આના દ્વારા કહે છે — સૂર્ય આદિ બધાં જે મનુષ્યલોકવર્તી છે તે પ્રદક્ષિણાવર્ત્ત મંડલ ગતિથી પરિભ્રમણ કરે છે. આ ચંદ્ર-સૂર્ય-ગ્રહોના મંડલ અનવસ્થિત છે, કેમકે યથાયોગ તે બીજા-બીજા મંડલોમાં સંચરે છે. નક્ષત્ર-તારાના મંડલોને અવસ્થિત જાણવા. આકાલને માટે પ્રતિનિયત એક-એક નક્ષત્ર અને તારાના મંડલ છે. તેના વ્યવસ્થિત મંડલ કહેલા નથી. એવી આશંકાથી થાય કે શું તેની ગતિ જ થતી નથી. તેથી કહે છે — તે નક્ષત્રો અને તારાઓ પ્રદક્ષિણાવર્ત્ત જ છે. મેરુને અનુલક્ષીને ચરે છે.

ચંદ્ર-સૂર્યોનો ઉપર કે નીચે સંક્રમ થતો નથી. પણ તિર્છામંડલમાં સંક્રમણ થાય છે. - x - સર્વ અભ્યંતર મંડલથી સંક્રમણ કરતા સર્વ બાહ્ય મંડલમાં જાય અને સર્વ બાહ્ય મંડલથી આગળના મંડળમાં સંક્રમતા સર્વ અભ્યંતર મંડલમાં આવે છે.

ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર અને મહાગ્રહોના ચાર વિશેષથી મનુષ્યો સુખ-દુઃખથી પ્રભાવિત થાય છે. કહે છે — મનુષ્યોના કર્મો હંમેશા બે પ્રકારના હોય છે. જેમકે - શુભવેદ્ય અને અશુભવેદ્ય. કર્મોના વિપાકના હેતુ સામાન્યથી પાંચ છે — દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ. પ્રાયઃ શુભવેદ્ય કર્મોના વિપાકમાં શુભ દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રી હેતુરૂપ થાય છે અને અશુભવેદ્ય કર્મોના વિપાકમાં અશુભ દ્રવ્ય, ક્ષેત્રાદિ સામગ્રી કારણભૂત થાય છે. તેથી જ્યારે જે વ્યક્તિઓના જન્મ-નક્ષત્રાદિને અનુકૂળ ચંદ્રાદિની ગતિ થાય છે, ત્યારે તે વ્યક્તિયોને પ્રાયઃ શુભવેદ્ય કર્મ તથાવિધ વિપાક સામગ્રી પામીને ઉદયમાં આવે છે જેનાથી શરીરની રોગતા, ધનવૃદ્ધિ, વૈરોપશમન, પ્રિયસંપ્રયોગ, કાર્યસિદ્ધિ આદિ થવાથી સુખ પ્રાપ્ત થાય છે. તેથી પરમ વિવેકી, બુદ્ધિમાન્ સ્વલ્પ પણ પ્રયોજનમાં શુભ તિથિ નક્ષત્રાદિમાં તે કાર્ય આરંભે છે, ગમે ત્યારે આરંભતો નથી. તેથી જિનેશ્વરોની પણ આજ્ઞા છે કે પ્રવ્રાજના [દીક્ષા] આદિ કાર્યો શુભક્ષેત્ર, શુભદિશામાં મુખ રાખીને, શુભ તિથિ-નક્ષત્ર આદિ મુહૂર્ત્તમાં કરવા જોઈએ.

‘‘પંચવસ્તુક’’ ગ્રન્થમાં પણ કહ્યું છે — આ જિનાજ્ઞા છે કે શુભક્ષેત્રાદિમાં દીક્ષાદિ કાર્યો કરવા. કર્મના ઉદયાદિ કારણો ભગવંત વડે પણ કહેવાયા છે, તેથી અશુભ દ્રવ્યક્ષેત્રાદિ સામગ્રી પામીને કદાચિત્ અશુભવેદ્ય કર્મો વિપાકને પામીને ઉદયમાં આવે. તેના ઉદયમાં ગૃહીત વ્રતભંગાદિ દોષ પ્રસંગ આવે.

શુભક્ષેત્રાદિ સામગ્રી પામીને લોકોને શુભ કર્મવિપાક સંભવે છે. તેનાથી નિર્વિઘ્ને સામાયિક પરિપાલનાદિ થાય, તેથી અવશ્ય છદ્મસ્થ વડે શુભક્ષેત્રાદિમાં યત્ન કરવો. જે ભગવંતો અતિશયવાળા છે, તે અતિશયના બળથી નિર્વિઘ્ન કે સવિઘ્નને સમ્યક્ પામે છે. તેથી શુભ તિથિ-મુહૂર્ત્તાદિની અપેક્ષા રાખતા નથી. તેમના માર્ગનું અનુસરણ છદ્મસ્થ માટે ન્યાય્ય નથી. જેઓ એમ કહે છે - x - ભગવંતે પોતાની

પાસે પ્રવ્રજ્યા માટે આવેલને માટે શુભ તિથિ આદિ જોઈ નથી - x - આ કથન યોગ્ય નથી, ભગવંત તો અતિશય જ્ઞાની છે. તેમનું અનુકરણ છદ્મસ્થોને ઉચિત નથી. તેથી શુભ તિથિ, નક્ષત્રાદિ જોઈને કાર્ય કરવા. - x -

તે સૂર્ય-ચંદ્ર સર્વ બાહ્ય મંડલથી અભ્યંતરમાં પ્રવેશતા તાપક્ષેત્ર પ્રતિદિવસ ક્રમથી નિયમથી લંબાઈમાં વધે છે. જે ક્રમે વધે છે, તે જ ક્રમે બહાર નીકળતાં ઘટે છે તેથી કહે છે — સર્વ બાહ્યમંડલમાં ચાર ચરતા સૂર્યો અને ચંદ્રોના પ્રત્યેકનું જંબૂદ્વીપ ચક્રવાલનું દશ ભેદે વિભક્તનું બે-બે ભાગ તાપક્ષેત્ર. પછી સૂર્યના અભ્યંતર પ્રવેશથી પ્રતિ મંડલ - x - x - તાપક્ષેત્ર વધે છે. ઈત્યાદિ - x - [વૃત્તિ માત્ર અનુવાદ વડે સમજવી સરળ નથી, ચિત્ર કે પ્રત્યક્ષરૂપે જ સમજવું પડે.]

ચંદ્ર-સૂર્યોના તાપક્ષેત્ર પંથ કલંબુકા પુષ્પવત્ સંસ્થિત છે. તે જ કહે છે — મેરુની દિશામાં સંકુચિત અને લવણ સમુદ્રની દિશામાં વિસ્તૃત છે. આ બધું ચંદ્ર પ્રજ્ઞપ્તિ-સૂર્ય પ્રજ્ઞપ્તિમાં ચોથા પ્રાભૃતમાં સવિસ્તર કહેલ છે.

હવે ચંદ્રને આશ્રીને ગૌતમ પૂછે છે — કયા કારણે શુક્લપક્ષમાં વધે છે ? કયા કારણે ચંદ્ર કૃષ્ણપક્ષમાં ઘટે છે ? કયા કારણે ચંદ્રનો એક પક્ષ કૃષ્ણ, એક પક્ષ શુક્લ કેમ ?

ભગવંતે કહ્યું — રાહુ બે ભેદે છે — પર્વરાહુ અને નિત્યરાહુ. પર્વરાહુ - ક્યારેક ક્યાંકથી આવીને પોતાના વિમાન વડે ચંદ્ર કે સૂર્ય વિમાનને આંતરે છે, ત્યારે લોકમાં ગ્રહણ કહેવાય છે. તે રાહુ અહીં લેવાનો નથી. જે નિત્ય રાહુ છે, તેનું વિમાન કૃષ્ણ છે. તથા જગત્ સ્વાભાવ્યથી ચંદ્ર સાથે સર્વકાળ અવિરહિતપણે ચાર આંગળ દૂરથી ચંદ્ર વિમાનની નીચે ચરે છે. તે ચરતા શુક્લપક્ષમાં ધીમે-ધીમે ચંદ્રને પ્રગટ કરે છે, કૃષ્ણપક્ષમાં ધીમે-ધીમે ચંદ્રને આવરે છે. - x - x - આ વ્યાખ્યા ચૂર્ણિને આધારે કહી છે, સ્વબુદ્ધિથી નહીં. - x - x - x - સમવાયાંગ સૂત્રમાં પણ કહ્યું છે — શુક્લ પક્ષના દિવસે દિવસે ૬૨-૬૨ ભાગ વૃદ્ધિ પામે છે. સૂત્રની સંપ્રદાયવશ જ વ્યાખ્યા કરવી, સ્વબુદ્ધિથી નહીં અન્યથા મોટી આશાતના થાય છે. શુક્લપક્ષમાં જે કારણથી ૬૨-૬૨ ભાગમાં ચાર-ચાર ભાગ જે વધે છે, તે કૃષ્ણપક્ષમાં - x - ક્રમશઃ ઘટે છે. કેમકે કૃષ્ણપક્ષમાં પ્રતિદિન રાહુ વિમાન પોતાના ૧૫-ભાગથી ચંદ્ર વિમાનના પંદરમાં ભાગને આચ્છાદિત કરે છે. શુક્લપક્ષમાં તે રીતે જ પંદરમાં ભાગને ક્રમશઃ ઉઘાડો કરે છે. - x - x - તેનાથી જગત્માં ચંદ્રમંડલની વૃદ્ધિ-હાનિ જણાય છે. સ્વરૂપથી તો ચંદ્રમંડલ અવસ્થિત જ છે. એ પ્રમાણે રાહુ વિમાન વડે પ્રતિદિન ક્રમથી અનાવરણ કરણથી ચંદ્ર વધતો હોય તેમ જણાય છે. એ પ્રમાણે રાહુ વિમાન વડે પ્રતિદિન ક્રમથી આવરણ કરતા પરિહાનિ પ્રતિભાસ ચંદ્રના વિષયમાં થાય છે. આ અનુભાવથી એક પક્ષ કૃષ્ણ થાય, જેમાં ચંદ્રની હાનિ થાય છે. એક પક્ષ શુક્લ થાય જેમાં ચંદ્રની વૃદ્ધિ થાય.

મનુષ્ય ક્ષેત્રમાં પાંચ પ્રકારે જ્યોતિષ્કો છે. તે આ રીતે — ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારા. તે ચાર યુક્ત હોય છે. પણ મનુષ્ય ક્ષેત્રથી બહાર જે ચંદ્રાદિ પાંચે વિમાનો છે, તેની ગતિ - પોતાના સ્થાનથી ચલન નથી. મંડલગતિથી પરિભ્રમણ નથી,



તેમને અવસ્થિત જાણવા.

હવે પ્રતિ દ્વીપ, પ્રતિ સમુદ્ર ચંદ્રાદિ સંકલનને કહે છે — જંબૂદ્વીપમાં બે ચંદ્ર, ઉપલક્ષણથી બે સૂર્ય. આ જંબૂદ્વીપમાં, ચાર લવણ સમુદ્રમાં, ધાતકીખંડ દ્વીપમાં બાર ચંદ્રો. આ જ વાત બીજા ભંગથી પ્રતિપાદિત કરે છે. જંબૂદ્વીપમાં બબ્બે સૂર્ય-ચંદ્રો છે. તે બંને જ લવણ સમુદ્રમાં બમણાં છે અર્થાત્ લવણ સમુદ્રમાં ચાર-ચાર ચંદ્ર-સૂર્યો છે. - x - લવણ સમુદ્રથી ત્રણ ગુણા ચંદ્ર-સૂર્યો ધાતકીખંડમાં હોય છે. તેથી ૧૨-ચંદ્રો અને ૧૨-સૂર્યો થયા. હવે બાકીના દ્વીપ-સમુદ્રમાં ચંદ્ર-સૂર્ય સંખ્યા જાણવા માટેનું કરણ કહે છે — ધાતકીખંડ આદિમાં જેને છે તે ધાતકીખંડ વગેરે દ્વીપ અને સમુદ્રમાં જે ચંદ્ર-સૂર્ય બાર સંખ્યક આદિ છે તે ત્રણ ગણાં કરીને - x - પૂર્વના ઉમેરતા કાલોદસમુદ્ર આદિના ચંદ્ર અને સૂર્યની સંખ્યા આવે છે. જેમકે ધાતકીખંડના બાર ચંદ્રો, તેને ત્રણ ગુણાં કરતા-૩૬ થશે. તેમાં પૂર્વેના-અર્થાત્ જંબૂદ્વીપના-બે અને લવણસમુદ્રના ચાર ચંદ્ર ઉમેરતા-૪૨ થશે. - x - એ રીતે કાલોદ સમુદ્રમાં ૪૨ તેને ત્રણથી ગુણતાં-૧૨૫, તેમાં પૂર્વેના-૧૮ અર્થાત્ જંબૂદ્વીપના-બે, લવણસમુદ્રના-૪ અને ધાતકીખંડના-૧૨ ત્રણે મળીને-૧૮ ઉમેરતાં ૧૪૪ ચંદ્રો થાય. એટલે પુષ્કરવરદ્વીપમાં-૧૪૪ ચંદ્રો થાય. એ રીતે આગળ ગણવું.

હવે પ્રતિ દ્વીપ અને પ્રતિ સમુદ્રના ગ્રહ-નક્ષત્ર-તારા પરિમાણ જ્ઞાન ઉપાય કહે છે — જે દ્વીપ-સમુદ્રમાં નક્ષત્ર-ગ્રહ-તારા પરિમાણને જાણવા ઈચ્છતા હો, તો તે દ્વીપ કે સમુદ્રના સંબંધી ચંદ્રમાંના એક ચંદ્રના પરિવારભૂત, નક્ષત્રાદિ વડે ગુણતાં જે થાય, તેટલું પ્રમાણ તે દ્વીપ કે સમુદ્રમાં નક્ષત્રાદિનું જાણવું. જેમકે લવણ સમુદ્રમાં નક્ષત્રાદિનું પરિમાણ જાણવું છે. લવણમાં ચાર ચંદ્રો છે. એક ચંદ્રના પરિવારમાં ૨૮-નક્ષત્રો છે, તેને ચાર વડે ગુણતાં ૧૧૨ થયા. લવણ સમુદ્રમાં આટલાં નક્ષત્રો છે. તથા ૮૮ ગ્રહો, એક ચંદ્રના પરિવારમાં છે, તેથી ચાર વડે ગુણતાં ૩૫૨-ગ્રહો લવણ સમુદ્રમાં થયા. એ રીતે તારાગણ કોટી ગણવા.

હવે મનુષ્યક્ષેત્રબહાર ચંદ્ર-સૂર્યોના પરસ્પર અંતર પરિમાણને કહે છે — માનુષોત્તર પર્વત બહાર ચંદ્રથી સૂર્ય અને સૂર્યથી ચંદ્રનું અંતર પરિપૂર્ણ ૫૦,૦૦૦ યોજન છે. ચંદ્રથી ચંદ્રનું અને સૂર્યથી સૂર્યનું અંતર પરિપૂર્ણ એક લાખ યોજન છે. - x - આ અંતર-પરિમાણ સૂચીશ્રેણીથી જાણવું, વલયશ્રેણીથી નહીં.

મનુષ્યલોકની બહારના ચંદ્ર-સૂર્ય કેવા છે ? ચિત્રા લેશ્યા ચંદ્રોની છે કેમકે શીત રશ્મિત્વથી. સૂર્યોની ઉષ્ણ રશ્મિત્વથી, લેશ્યા વિશેષના પ્રદર્શનાર્થે કહે છે — ચંદ્રમાની સુખલેશ્યા-શીત કાળમાં મનુષ્યલોકમાં અત્યંત શીત રશ્મિવત્ નહીં, મંદલેશ્યા-સૂર્ય, મનુષ્યલોકમાં ઉનાળામાં હોય તેવા એકાંત ઉષ્ણ નહીં. - x - x - મનુષ્ય પર્વતની બહાર ચંદ્ર-સૂર્યોના યોગ અવસ્થિત છે, મનુષ્યલોકમાં નહીં - x - x - x -

હવે માનુષોત્તર પર્વતના ઉચ્ચૈસ્ત્વાદિ પ્રતિપાદના—

- **સૂત્ર-૨૮૭ :-**

***ભગવન્ ! માનુષોત્તર પર્વતની ઉંચાઈ કેટલી છે ? જમીનમાં ઉંડાઈ કેટલી***

*છે ? મૂળમાં કેટલો પહોળો છે ? મધ્યે કેટલો પહોળો છે ? શિખરે કેટલો પહોળો છે ? તેની અંદરની પરિધિ કેટલી છે ? બહારની પરિધિ કેટલી છે ? મધ્યમાં પરિધિ કેટલી છે ? ઉપરની પરિધિ કેટલી છે ? ગૌતમ ! .....*

*માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન ઉંચો છે. ૪૩૦ યોજન અને એક કોશ પૃથ્વીમાં છે. મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો, મધ્યમાં ૭૨૩ યોજન પહોળો અને ઉપર ૪૨૪ યોજન પહોળો છે. પૃથ્વીમાં તેની પરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજન છે. બાહ્ય ભાગમાં નીચેની પરિધિ ૧,૪૨,૩૬,૭૧૪ યોજન. મધ્યમાં ૧,૪૨,૩૪,૮૨૩ યોજન, ઉપરની પરિધિ ૧,૪૨,૩૨,૯૩૨ યોજનની છે.*

*આ પર્વત મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર પાતળો છે. તે ભીતરમાં શ્લક્ષ્ણ, મધ્યમાં પ્રધાન અને બહાર દર્શનીય છે. આ પર્વત કંઈક બેઠેલો, સીંહનિષધાકારે, આ પર્વત અર્દ્ધ યવની રાશિના આકારે છે, સંપૂર્ણ જાંબૂનદમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. બંને પડખે બે પદ્મવરવેદિકા અને બે વનખંડોથી ચોતરફથી સંપરિક્ષિપ્ત છે, વર્ણન કરવું.*

*ભગવન્ ! માનુષોત્તર પર્વતને માનુષોત્તર પર્વત કેમ કહે છે ? ગૌતમ ! માનુષોત્તર પર્વતની અંદર મનુષ્ય, ઉપર સુવર્ણકુમાર દેવ, બહાર દેવો રહે છે. અથવા હે ગૌતમ ! માનુષોત્તર પર્વતની બહાર મનુષ્યો કદી ગયા નથી, જતા નથી, જશે નહીં. માત્ર જંઘાચારણ-વિદ્યાચારણ કે દેવે સંહરેલ જ જાય. તેથી હે ગૌતમ !૦ અથવા આ નામ યાવત્ નિત્ય છે.*

*જ્યાં સુધી માનુષોત્તર પર્વત છે, ત્યાં સુધી જ આ મનુષ્યલોક છે. જ્યાં સુધી વર્ષ, વર્ષધર છે ત્યાં સુધી આ લોક છે. જ્યાં સુધી ઘર છે, દુકાન છે ત્યાં સુધી આ લોક છે, જ્યાં સુધી આ ગામ યાવત્ રાજધાની છે, ત્યાં સુધી આ લોક છે. જ્યાં સુધી અરહંત, ચક્વર્તી, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા, પ્રકૃતિ ભદ્રક અને વિનિત મનુષ્યો છે ત્યાં સુધી આ લોક છે એમ કહેવાય છે.*

*તથા જ્યાં સુધી સમય છે, આવલિકા છે, આનપ્રાણ છે, સ્તોક છે, લવ છે, મુહૂર્ત છે, દિવસ છે, અહોરાત્ર છે, પક્ષ છે, માસ છે, ઋતુ છે, અયન છે, સંવત્સર છે, યુગ છે, વાસશત-વાસસહસ્ર-વાસલક્ષ છે, પૂર્વાંગ-પૂર્વ છે, ત્રુટિતાંગ-ત્રુટિત છે. એ પ્રમાણે – પૂર્વ, ત્રુટિત, અડડ, અવવ, હૂહુક, ઉત્પલ, પદ્મ, નલિન, અચ્છિનિપુર, અયુત, નયુત, મયુત, ચૂલિકા, શીર્ષપ્રહેલિકા યાવત્ શીર્ષપ્રહેલિકાંગ કે શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી કે અવસર્પિણી કાળ છે ત્યાં સુધી મનુષ્યલોક છે, તેમ કહે છે.*

*જ્યાં સુધી બાદર વિદ્યુત્કાય છે, બાદર સ્તનિત શબ્દ છે, ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી ઘણાં ઉદાર મેઘ ઉત્પન્ન થાય છે, સંમૂર્છિત થાય છે, વર્ષા વરસાવે છે. ત્યાં સુધી મનુષ્યલોક છે, જ્યાં સુધી બાદર તેઉકાય છે ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી આકર, નદી, નિધિઓ છે, ત્યાં સુધી મનુષ્યલોક*



*છે, જ્યાં સુધી અગડ, તળાવ છે ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ચંદ્ર પરિવેષ-સૂર્ય પરિવેષ છે, પ્રતિચંદ્ર-પ્રતિસૂર્ય છે, ઈન્દ્રધનુષ્ છે, ઉદકમત્સ્ય છે, કપિહસિત છે, ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપ, અભિગમન-નિર્ગમન-વૃદ્ધિ-નિર્વૃદ્ધિ, ચંદ્રની ગતિશીલતારૂપ સ્થિતિ કહેવાય છે. ત્યાં સુધી મનુષ્યલોક છે.*

**● વિવેચન-૨૮૭ :-**

માનુષોત્તર પર્વત કેટલો ઉંચો છે ? ઈત્યાદિ પ્રશ્નો સૂત્રાનુસાર જાણવા. - x - x - ગૌતમ ! માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન ઉંચો છે, ૪૩૦ યોજન અને એક કોશ ઉંડો છે. મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો છે, ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. [અહીં વૃત્ત્યર્થ પણ તે જ હોવાથી પુનરુક્તિ ટાળવા ફરી લખતા નથી.] અહીં સૂત્રમાં મધ્યે અને ઉપરનું ગિરિપરિધિ પ્રમાણ કહ્યું તે બહિર્ભાગ અપેક્ષાએ જાણવું. અભ્યંતર છિન્નટંકતાથી મૂળમાં-મધ્યમાં અને ઉપર સર્વત્ર તુલ્ય પરિધિ પરિમાણ છે. મૂળમાં વિસ્તીર્ણ અતિપૃથુપણાથી, મધ્યમાં સંક્ષિપ્ત મધ્ય વિસ્તારત્વથી, ઉપર તનુ થોડા બાહલ્યના કારણે છે. दर्शनीय - નયનમનોહારી.

सिंहनिषादि - સિંહવત્ બેસે છે માટે સિંહનિષાદી, જેમ સીંહ આગલના બંને પગ ઉંચા કરી, પાછળ ખેંચે તે પાદયુગ્મ, સંકોચીને પાછળના ભાગે કંઈક લગાડીને બેસે છે. તથા બેસીને શિરપ્રદેશમાં ઉન્નત, પાછળના ભાગે નિમ્નતર ઈત્યાદિ રૂપે છે. અર્દ્ધ યવરાશિની જેમ સંસ્થાન જેનું છે, તેના વડે સંસ્થિત. - x - x - x - ઈત્યાદિ.

બંને પડખે અંત ભાગે અર્થાત્ મધ્ય ભાગે, એકૈક ભાવથી એટલે બે - પદ્મવરવેદિકા અને વનખંડ વડે ચોતરફથી સંપૂર્ણપણે સંપરિવૃત્ત છે. બંનેનું વર્ણન પૂર્વવત્ સમજવું.

હવે નામનિમિત્ત જણાવે છે – માનુષોત્તર પર્વતને માનુષોત્તર પર્વત કેમ કહે છે ? ગૌતમ ! માનુષોત્તર પર્વત મધ્યમાં મનુષ્યો છે - x - તેથી માનુષોત્તર, અથવા માનુષોત્તર પર્વતને ઉલ્લંઘીને મનુષ્યો કદાપી ગયા નથી, જતા નથી, જશે નહીં ઈત્યાદિ - x - ઉંચો અને અલંઘનીય હોવાથી માનુષોત્તર. - x -

હવે મનુષ્યલોક અહીં જ છે તે પ્રતિપાદન કરે છે – જ્યાં સુધી આ માનુષોત્તર પર્વત છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે, તેમ કહેવાય છે, પછી નહીં. જ્યાં સુધી वर्ष - ભરતાદિ ક્ષેત્ર, વર્ષધર પર્વત-હિમવત્ આદિ છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે. એ રીતે જ્યાં સુધી ગૃહ છે, ઘરમાં આગમન છે ત્યાં સુધી મનુષ્યલોક છે કેમકે ઘર આદિ મનુષ્યલોક સિવાય ન હોય. તથા ગામ, નગર યાવત્ સન્નિવેશ છે ત્યાં સુધી મનુષ્યલોક છે.

જ્યાં સુધી અરહંત, ચક્વર્તી, બલદેવ, વાસુદેવ, ચારણો, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે, પ્રકૃતિ ભદ્રક મનુષ્યો છે, ત્યાં સુધી મનુષ્યલોક છે. કેમકે અરહંતાદિ બીજે ન હોય. તથા ઉદાર મેઘ ઉત્પન્ન થાય, સંમૂર્છે, વર્ષા વરસાવરે ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી ભારે ગર્જિત શબ્દ છે, અતિ મોટી વિદ્યુત્ છે ત્યાં સુધી

મનુષ્યલોક છે. ઈત્યાદિ - x - x - આકર - સોના આદિની ખાણ, તે બધાંનો મનુષ્યક્ષેત્ર સિવાય સંભવ નથી.

તથા જ્યાં સુધી સમય - પરમ નિરુદ્ધ કાળ વિશેષ, જેનાથી નાનો ભાગ ન થઈ શકે. તે સૂચિકદારક, તરુણ, બલવાન ઈત્યાદિ પૂર્વોક્ત વિશેષણ વિશિષ્ટ યાવત્ નિપુણ શિલ્પીદ્વારા એક મોટી પટ્ટશાટિકાને હાથમાં લઈ જલ્દી ફાળે૦ ઈત્યાદિ - x - આવલિકા - અસંખ્યાત સમયોનો સમુદાય. સંખ્યાત આવલિકાનો એક ઉચ્છ્વાસ અને સંખ્યાત આવલિકાનો એક નિઃશ્વાસ થાય છે. આ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ મળીને આન-પ્રાણ થાય છે. - x - સાત આનપ્રાણનો એક સ્તોક, સાત સ્તોકનો એક લવ. ૭૭-લવોનું એક મુહૂર્ત. એક મુહૂર્તમાં ૧,૧૬,૭૭,૨૧૬ આવલિકાઓ થાય. એક મુહૂર્તમાં ૩૭૭૩ ઉચ્છ્વાસ થાય છે.

૩૦ મુહૂર્તોનો એક અહોરાત્ર, ૧૫-અહોરાત્રનો એક પક્ષ, બે પક્ષનો એક માસ, બે માસની એક ઋતુ, ઋતુઓ છ છે — પ્રાવૃટ્, વર્ષા, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ. આષાઢ અને શ્રાવણ પ્રાવૃટ્ ઋતુ છે, ભાદરવો-આસો વર્ષાઋતુ છે, કારતક-માગસર શરદઋતુ છે. પોષ-મહા હેમંતઋતુ છે, ફાલ્ગુન-ચૈત્ર વસંતઋતુ છે, વૈશાખ-જેઠ ગ્રીષ્મ ઋતુ છે. આ પ્રમાણે જૈનમતાનુસાર છે.

ત્રણ ઋતુઓનું એક અયન, બે અયનનું સંવત્સર, પાંચ સંવત્સરનો યુગ, વીસ યુગના ૧૦૦ વર્ષ. પૂર્વાચાર્યોએ એક અહોરાત્ર, એક માસ, એક વર્ષમાં જેટલા ઉચ્છ્વાસ થાય તેનું સંકલન ત્રણ ગાથામાં વૃત્તિકારશ્રીએ નોંધેલ છે - એક દિનમાં ૧,૧૩,૯૦૦ ઉચ્છ્વાસ થાય, એક માસમાં ૩૩,૯૫,૭૦૦ ઉચ્છ્વાસ થાય. એક વર્ષમાં ૪,૦૭,૪૮,૪૦૦ ઉચ્છ્વાસ થાય છે.

૮૪ લાખ વર્ષનું એક પૂર્વાંગ થાય, ૮૪ લાખ પૂર્વાંગનું એક પૂર્વ થાય, ૮૪ લાખ પૂર્વોનું એક ત્રુટિતાંગ, ૮૪ લાખ ત્રુટિતાંગનું એક ત્રુટિત. ૮૪ લાખ ત્રુટિતનું એક અડડાંગ, ૮૪ લાખ અડડાંગોનો એક અડડ, ૮૪ લાખ અડડનો એક અવવાંગ, ૮૪ લાખ અવવાંગોને એક અવવ, ૮૪ લાખ અવવનો એક હૂહુકાંગ. ૮૪ લાખ હૂહુકાંગનો એક હુહુક, ૮૪ લાખ હુહુકોનો એક ઉત્પલાંગ, ૮૪-લાખ ઉત્પલાંગોનો એક ઉત્પલ. ૮૪ લાખ ઉત્પલોનો એક પદ્માંગ, ૮૪ લાખ પદ્માંગોનો એક પદ્મ, ૮૪ લાખ પદ્મોનો એક નલિનાંગ, ૮૪ લાખ નલિનાંગોનો એક નલીન ૮૪ લાખ નલિનનો એક અર્થ નિકુરાંગનો ૮૪ લાખ અર્થ નિકુરાંગોનો એક અર્થ નિકુર. ૮૪-લાખ અર્થ નિકુરોનો એક અયુતાંગ, ૮૪ લાખ અયુતાંગોનો એક અયુત, ૮૪ લાખ અયુતોનો એક પ્રયુતાંગ, ૮૪ લાખ પ્રયુતાંગોનો એક પ્રયુત. ૮૪ લાખ પ્રયુતોનો એક નયુતાંગ, ૮૪ લાખ નયુતાંગોનો એક નયુત. ૮૪ લાખ નયુતોનો એક ચૂલિકાંગ, ૮૪ લાખ ચૂલિકાંગોની એક ચૂલિકા. ૮૪ લાખ ચૂલિકાની એક શીર્ષ પ્રહેલિકાંગ, ૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગોની એક શીર્ષ પ્રહેલિકા.

આટલો જ ગણિતનો વિષય છે, હવે પરમ ઔપમિક કાળ પરિમાણ કહે છે — પલ્યોપમ. દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ. દશ કોડાકોડી સાગરોપમની



એક અવસર્પિણી. આટલા જ સમયની એક ઉત્સર્પિણી. ત્યાં સુધી મનુષ્યલોક છે.

જ્યાં સુધી ચંદ્રોપરાગ, સૂર્યોપરાગ૦ આદિ છે ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારાનું અભિગમન - સર્વ બાહ્ય મંડલથી અભ્યંતર પ્રવેશ, નિર્ગમન - સર્વ અભ્યંતર મંડલથી બહાર જવું. વૃદ્ધિ - ચંદ્રની વૃદ્ધિ, નિર્વૃદ્ધિ - વૃદ્ધિનો અભાવ, અનવસ્થિત - સતત ચાર પ્રવૃત્તિથી જે સંસ્થાન-સમ્યગ્ અવસ્થાન અવસ્થિત સંસ્થાન. ત્યાં સુધી મનુષ્યલોક છે.

● **સૂત્ર-૨૮૮ :-**

***ભગવન્ ! મનુષ્યક્ષેત્રની અંદર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાગણ છે, તેઓ હે ભદંત ! શું ઉર્ધ્વોત્પન્ન છે, કલ્પોત્પન્ન છે, વિમાનોત્પન્ન છે, ચારોત્પન્ન છે, ચારસ્થિતિક છે, ગતિરતિક છે કે ગતિસમાપન્નક છે ? ગૌતમ ! તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી, વિમાનોત્પન્ન છે. તેઓ ગતિશીલ છે, સ્થિતિ શીલ નથી, ગતિરતિક છે અને ગતિને પ્રાપ્ત છે.***

***તેઓ ઉર્ધ્વમુખ કદંબના ફૂલ સમાન ગોળ આકૃતિમાં સંસ્થિત છે, હજારો યોજન પ્રમાણ તેમનું તાપક્ષેત્ર છે, બાહ્ય વિકુર્વિક પર્ષદાવાળા છે. જોરથી વાગનારા વાદ્યો, નૃત્યો, ગીતો, વાજિંત્રો, તંત્રી, તાલ, ત્રુટિત, મૃદંગ આદિના મધુર ધ્વનિ સાથે દિવ્ય ભોગોનો ઉપભોગ કરતા, હર્ષથી સિંહનાદ, બોલ અને કલકલ ધ્વનિ કરતા સ્વચ્છ પર્વતરાજ મેરુની પ્રદક્ષિણાવર્ત્ત મંડલગતિથી પરિક્રમા કરતા રહે છે.***

***ભગવન્ ! જ્યારે તેમનો ઈન્દ્ર ચ્યવે, ત્યારે તે જ્યોતિષ્ક દેવો શું કરે ? ગૌતમ ! ચાર-પાંચ સામાનિક દેવ એકઠા થઈને તે સ્થાનને અંગીકાર કરીને રહે છે, જ્યાં સુધી ત્યાં બીજો ઈન્દ્ર ઉત્પન્ન થઈ જાય.***

***ભગવન્ ! ઈન્દ્રસ્થાન કેટલો કાળ સુધી ઈન્દ્રના ઉપપાત રહિત રહે છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ.***

***ભગવન્ ! મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ જે જ્યોતિષ્ક દેવ છે તે ઉર્ધ્વોત્પન્ન - x - યાવત્ ગતિ પ્રાપ્ત છે શું ? ગૌતમ ! તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી. તે વિમાનોત્પન્ન છે. તેઓ ગતિશીલ નથી, ચારસ્થિતિક છે, ગતિરતિક નથી, ગતિ પ્રાપ્ત નથી. પાકેલી ઈંટના આકારે રહેલ છે. લાખો યોજન તેમનું તાપક્ષેત્ર છે. તેઓ વિકુર્વિત હજારો બાહ્ય પર્ષદાના દેવોની સાથે વાદ્ય-નૃત્ય-ગીત-વાજિંત્રોની મધુર ધ્વનિ સાથે દિવ્ય ભોગોપભોગનો અનુભવ કરતા રહે છે. તેઓ શુભલેશ્યા, શીતલેશ્યા, મંદલેશ્યા, મંદાતપલેશ્યા, ચિત્રાંતર લેશ્યાવાળા છે. કૂ માફક સ્થાન સ્થિત, અન્યોન્ય સમવગાઢ લેશ્યા વડે તે પ્રદેશને ચોતરફથી અવભાસિત, ઉદ્યોતિત, તાપિત, પ્રભાસિત કરે છે.***

***ભદંત ! જ્યારે આ દેવોનો ઈન્દ્ર ચ્યવે છે ત્યારે તેઓ શું કરે છે ? ગૌતમ ! બીજો ઈન્દ્ર ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી ચાર-પાંચ સામાનિક દેવ તેના સ્થાને ભેગા મળી કાર્યરત રહે છે. તે ઈન્દ્ર સ્થાનનો વિરહકાળ કેટલો હોય ?***

***ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ.***

● **વિવેચન-૨૮૮ :-**

માનુષોત્તર પર્વતની અંદર જે ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારાગણ છે, ભદંત ! તે દેવો શું ઉર્ધ્વોત્પન્ન-સૌધર્મ આદિ બાર કલ્પથી ઉર્ધ્વ ઉત્પન્ન છે ? કલ્પ-સૌધર્માદિમાં ઉત્પન્ન, કલ્પોત્પન્ન છે ? વિમાન-સામાન્યરૂપે ઉત્પન્ન છે ? ચાર - મંડલગતિથી પરિભ્રમણ, તેને આશ્રિત તે ચારોત્પન્ન ચારની યથોક્તરૂપ સ્થિતિ - અભાવવાળા અર્થાત્ત અપગત ચારા. ગતિમાં રતિ - આસક્તિવાળા. ગતિ સમાપન્ન - ગતિયુક્ત.

ભગવંતે કહ્યું — હે ગૌતમ ! તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, ચારોત્પન્ન અને ચાર સહિત છે, ચાર સ્થિતિક નથી તથા સ્વભાવથી પણ ગતિરતિક અને સાક્ષાત્ ગતિયુક્ત છે.

તે નાલિકાપુષ્પ સંસ્થાનથી સંસ્થિત છે. અનેક હજાર યોજન પ્રમાણ તાપક્ષેત્રથી, અનેક હજાર સંખ્યાની બાહ્ય પર્ષદાથી તે વિકુર્વિત વિવિધ રૂપધારી પર્ષદા વડે યુક્ત છે.

દિવ્ય - પ્રધાન, ભોગ - શબ્દ આદિ, ભોગભોગ, તેને ભોગવતા તથા સ્વભાવથી ગતિરતિકતાથી બાહ્ય પર્ષદ અંતર્ગત્ દેવવેગથી જતાં વિમાનોમાં ઉત્કર્ષવશથી જે મુકાતા સિંહનાદાદિ અને કરાતા બોલ. બોલ - મુખે હાથ દઈ મોટા શબ્દોથી પૂત્કારવું. કલકલ - વ્યાકુળ શબ્દ સમૂહ તેના રવથી, મોટા સમુદ્ર રવભૂતની જેમ કરતા મેરુને૦ - - -

મેરુ કેવો ? અચ્છ - અતીવ નિર્મળ જાંબૂનદમય અને રત્નના બહુલત્વથી, પર્વતેન્દ્રને પ્રદક્ષિણાવર્ત્ત મંડલથી જે રીતે ફરાય તે તથા મેરુને અનુલક્ષીને ભમે છે.

ફરી પૂછે છે — ભગવન્ ! તેઓના - જ્યોતિષ્ક દેવોના ઈન્દ્ર જ્યારે ચ્યવે છે, ત્યારે તે દેવો ઈન્દ્ર વિરહ કાળે શું કરે છે. ભગવંતે કહ્યું — હે ગૌતમ ! ચાર કે પાંચ સામાનિક દેવો એકઠા થઈને તે ઈન્દ્રસ્થાનને અંગીકાર કરીને વિચરે છે — તે ઈન્દ્રસ્થાનની પરિપાલના કરે છે. શુલ્ક સ્થાનાદિ પાંચ કુળની માફક રહેલા, તેઓ કેટલો કાળ સુધી ઈન્દ્રસ્થાનનું પાલન કરે છે ? ત્યાં કહે છે — જ્યાં સુધી ત્યાં બીજો ઈન્દ્ર ઉત્પન્ન ન થાય.

ભદંત ! ઈન્દ્રસ્થાન કેટલો કાળ ઉપપાત રહિત કહેલું છે ? ભગવંતે કહ્યું — હે ગૌતમ ! જઘન્ય એક સમય યાવત્ ઉત્કૃષ્ટ છ માસ.

ભદંત ! માનુષોત્તર પર્વતની બહાર જે ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારાગણ છે, હે ભદંત ! તે દેવો શું ઉર્ધ્વ ઉત્પન્ન છે ? ઈત્યાદિ પૂર્વવત્. ભગવંતે કહ્યું — ગૌતમ ! તેઓ ઉર્ધ્વ ઉત્પન્ન નથી, કલ્પોત્પન્ન પણ નથી, પણ વિમાનોત્પન્ન છે. તે ચારોત્પન્ન-ગતિશીલ નથી. પણ ચાર સ્થિતિક છે. તેથી જ ગતિરતિક નથી, ગતિ પ્રાપ્ત પણ નથી.

પાકેલી ઇંટના સંસ્થાનથી સંસ્થિત છે. લાખો યોજન સુધી તેમનું તાપક્ષેત્ર છે. જેમ ઇંટ લંબાઈમાં દીર્ઘ હોય અને વિસ્તારમાં થોડી હોય, ચોખૂણી હોય, તેમ મનુષ્યક્ષેત્રની બહાર રહેલ ચંદ્ર-સૂર્યોનું આતપ ક્ષેત્ર લંબાઈમાં અનેક લાખ યોજન પ્રમાણ છે અને વિસ્તારમાં એક લાખ યોજન અને ચોખૂણીયો છે. આવા સ્વરૂપના



આતપક્ષેત્ર વડે અનેક હજાર સંખ્યક બાહ્ય પર્ષદા વડે જેમ સમુદ્રના ઉછળતા મોજાના અવાજ કરતા હોય તેમ અવાજ કરતા દેવો.

દેવો કેવા છે ? શુભલેશ્યા, આ ચંદ્રમાંનું વિશેષણ છે. તેના વડે અતિશીત-તેજવાળા નહીં. પણ સુખોત્પાદ હેતુ પરમ લેશ્યાવાળા જાણવા, મંદલેશ્યા - આ સૂર્ય પરત્વેનું વિશેષણ છે. તે જ કહે છે — મંદાતપલેશ્યા — મંદ, અતિ ઉષ્ણ સ્વભાવવાળી નહીં એવા આતપરૂપ લેશ્યા-કિરણોનો સમૂહ જેમનો છે, તે તથા તે ચંદ્ર-સૂર્યો કેવા છે ?

ચિત્રાંતરલેશ્યા - જેમની ચિત્ર લેશ્યા છે તેવા. આવા પ્રકારના ચંદ્ર-સૂર્યો પરસ્પર અવગાઢ લેશ્યા વડે છે. તેથી જ કહે છે કે — ચંદ્રોની અને સૂર્યોની લેશ્યા લાખ યોજન પ્રમાણ વિસ્તારવાળી છે. સૂચીપંક્તિથી રહેલ ચંદ્ર-સૂર્યનું પરસ્પર અંતર ૫૦,૦૦૦ યોજન છે. તેથી ચંદ્ર-સૂર્યની પ્રભા પરસ્પરાવગાઢ છે. કૂટ - પર્વત ઉપર રહેલ શિખરો. સ્થાનસ્થિત - સદા એક સ્થાને રહેલ. તે પ્રદેશોને ઉદ્યોતીત આદિ કરે છે.

**મુનિ દીપરત્નસાગરે સટીક અનુવાદ કરેલ**
**પ્રતિપત્તિ-૩-મનષ્યક્ષેત્ર અધિકાર પૂર્ણ**

## ❀ મનુષ્યક્ષેત્ર બહારના દ્વીપ-સમુદ્રો ❀

-- x -- x -- x -- x -- x --

૦ પુષ્કરોદ સમુદ્ર —

● સૂત્ર-૨૮૯ થી ૨૯૧ :-

*[૨૮૯] પુષ્કરોદ નામક સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થાને રહેલ છે યાવત્ પુષ્કરવર દ્વીપને વીંટીને રહેલો છે.*

*ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ? ગૌતમ ! સંખ્યાત લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ છે અને સંખ્યાત લાખ યોજન પરિધિ કહેલી છે.*

*ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રને કેટલા દ્વારો છે. ચાર દ્વારો છે. તે પૂર્વવત્. યાવત્ પુષ્કરોદ સમુદ્રના પૂર્વી પર્યન્તમાં અને વરુણવરદ્વીપના પૂર્વાર્દ્ધના પશ્ચિમમાં પુષ્કરોદ સમુદ્રનું વિજય નામે દ્વાર છે. એ પ્રમાણે બાકીના પણ કહેવા. દ્વારોનું અંતર સંખ્યાત લાખ યોજન અબાધાથી છે. પ્રદેશો-જીવો પૂર્વવત્.*

*ભગવન્ ! એમ કેમ કહો છો કે પુષ્કરોદ સમુદ્ર એ પુષ્કરોદ સમુદ્ર છે ? ગૌતમ ! પુષ્કરોદ સમુદ્રનું જળ સ્વચ્છ, પથ્ય, જાત્ય, તનુક, સ્ફટિકવર્ણાભા, પ્રાકૃતિક ઉદક રસથી યુક્ત છે. શ્રીધર અને શ્રીપ્રભ બે દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક છે, તે ત્યાં રહે છે. તે કારણથી યાવત્ નિત્ય છે.*

*ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા યાવત્ સંખ્યાત ચંદ્ર યાવત્ તારાગણ કોડાકોડી શોભશે.*

*[૨૯૦] વરુણવર દ્વીપ, જે વૃત્ત-વલયાકાર યાવત્ રહેલ છે. તે પુષ્કરોદ સમુદ્રને પરીવરીને રહેલ છે. પૂર્વવત્ સમચક્રવાલ સંસ્થિત છે. તેનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ? ગૌતમ ! તેનો ચક્રવાલ વિષ્કંભ સંખ્યાત લાખ યોજન છે અને પરિધિ પણ સંખ્યાત લાખ યોજન છે. પદ્મવર વેદિકા, વનખંડ વર્ણવવા. દ્વારાંતર, પ્રદેશ, જીવો બધું પૂર્વવત્.*

*ભગવન્ ! વરુણદ્વીપને વરુણદ્વીપ કેમ કહે છે ? ગૌતમ ! વરુણવર દ્વીપના તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણી નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિઓ છે, જે સ્વચ્છ છે. પ્રત્યેક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિવેષ્ટિત છે. તથા શ્રેષ્ઠ વારુણી સમાન જળથી પરિપૂર્ણ યાવત્ પ્રાસાદીયાદિ છે. તે નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિઓમાં ઘણાં ઉત્પાદ્ પર્વતો યાવત્ ખડક છે. જે બધાં સ્ફટિકમય, સ્વચ્છ આદિ પૂર્વવત્ છે. ત્યાં વરુણ અને વરુણપ્રભ નામના બે મહર્દ્ધિક દેવ રહે છે. તે કારણથી યાવત્ તે નિત્ય છે.*

*ત્યાં ચંદ્રાદિ જ્યોતિષ્કો સંખ્યાત-સંખ્યાત કહેવા યાવત્ ત્યાં સંખ્યાત કોડાકોડી તારાગણ શોભે છે.*

*[૨૯૧] વરુણોદ સમુદ્ર વૃત્ત-વલયાકાર યાવત્ રહેલ છે. તે સમચક્રવાલ સંસ્થિત છે આદિ પૂર્વવત્ કહેવું. વિષ્કંભ અને પરિધિ સંખ્યાત લાખ યોજન છે.*



*પદ્મવરવેદિકા, વનખંડ, પ્રદેશ, જીવો સંબંધી પ્રશ્નોત્તર પૂર્વવત્.*

*નામ. હે ગૌતમ ! વારુણોદ સમુદ્રનું જળ, જેમ કોઈ ચંદ્રપ્રભા, મણિશલાકા, શ્રેષ્ઠ સીધુ, શ્રેષ્ઠ વારુણી, પત્રાસવ, પુષ્પાસવ, ચોયાસવ, ફલાસવ, મધુ મેરક, જાતિપ્રસન્ના, ખર્જૂરસાર, મૃદ્વીકાસાર, કાપિશાયન, સુપક્વ ઈક્ષુ રસ, પ્રભૂત સંભાર સંચિત, પોષમાસગત ભિષજ યોગવર્તી, નિરુપહત વિશિષ્ટ દત્ત કાલોપચાર, સુધોત, ઉક્કોસગમદ પ્રાપ્ત, અષ્ટપિષ્ટસ્પૃષ્ટ પ્રદાનથી નિષ્પન્ન - - -*

*[મુખઇંતવર કિમદિન્ન કર્દમા, કોપ સંજ્ઞા, સ્વચ્છ, વરવારુણી, અતિરસવાળા, જંબૂફળ સ્પૃષ્ટવર્ણા, સુજાત, કંઈક ઓષ્ઠાવલંબિણી, અધિક મધુર પેય, "ઈશાસિર-તણેત્તા", કોમળ બોલ કરણી યાવત્ આસ્વાદિત, વિસ્વાદિત, અનિહુત સંલાપકરણ વર્ષ-પ્રીતિ જનની, સંત સતત બિબ્બોક હાવ વિભ્રમ વિલાસ વેલ્લહલગ મન કરણી, વિરમણ ધિય સત્વ જનની, સંગ્રામ દેશ કાળ એક રત્નસમરપસર કરણી, "કઢિયાણ વિદ્યુપતિહિય" મૃદુ કરણી, "ઉવવેસિત" સમાન ગતિ ખળાવે છે, 'સયલંમિ' સુભાસવુપ્પાલિત, સમર ભગ્ન વણોસહયાર સુરભિ રસ દ્વીપિકા સુગંધા આસ્વાદનીય, વિસ્વાદનીય, પ્રીણનીય, દર્પણીય, મદનીય, સર્વ ઈન્દ્રિય અને ગાત્રને પ્રહ્લાદનીય]* આ કૌંસનો પાઠ અમને સમજાયો નથી.

*આસલ, માંસલ, પેશલ કંઈક હોઠ અવલંબિણી, કંઈક આંખને લાલ કરનારી, કંઈક વ્યવચ્છેદ કટુક, વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત આવા પ્રકારે હોય છે શું ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. વારુણ સમુદ્રનું જળ આનાથી ઈષ્ટતર યાવત્ જળ છે. તે કારણથી એમ કહે છે — વરુણોદ સમુદ્ર છે. ત્યાં વારુણી અને વારુણકાંત મહર્દ્ધિક દેવ યાવત્ વસે છે. યાવત્ આ નામ નિત્ય છે. બધાં જ્યોતિષ્ક સંખ્યાતા છે, કઈ રીતે જાણવું કે વારુણવર દ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસ્યા ?*

● વિવેચન-૨૮૯ થી ૨૯૧ :-

પુષ્કરોદ નામે સમુદ્ર વૃત્ત - વલયાકાર સંસ્થાને રહેલ છે. ચોતરફથી પુષ્કરવરદ્વીપને ઘેરીને રહેલ છે. - x - હવે વિષ્કંભાદિ પ્રતિપાદનાર્થે કહે છે — ગૌતમ ! સંખ્યાત લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ અને સંખ્યાત લાખ યોજન પરિધિ પુષ્કરોદ સમુદ્રનો કહેલ છે. તે પુષ્કરોદ સમુદ્ર પદ્મવરવેદિકા જે આઠ યોજનની છે, તે તથા એક વનખંડથી ઘેરાયેલ છે.

ભદંત ? પુષ્કરોદ સમુદ્રના કેટલા દ્વારો કહ્યા છે ? ગૌતમ ! ચાર — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત. ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રનું વિજય નામે દ્વાર ક્યાં છે ? ગૌતમ ! પુષ્કરોદ સમુદ્રના પૂર્વાર્દ્ધ પર્યન્ત અને અરુણવર દ્વીપના પૂર્વાર્દ્ધની પશ્ચિમમાં આ વિજય નામે દ્વાર કહેલ છે. જંબૂદ્વીપના વિજય દ્વારવત્ તે કહેવું. માત્ર રાજધાની બીજા પુષ્કરોદમાં છે.

ભદંત ! પુષ્કરોદ સમુદ્રનું વૈજયંત દ્વાર ક્યાં છે ? ગૌતમ ! પુષ્કરોદના દક્ષિણ પર્યન્ત અને દક્ષિણાર્દ્ધ અરુણવર દ્વીપની ઉત્તરે છે....ભદંત ! પુષ્કરોદ સમુદ્રનું જયંત

દ્વાર ક્યાં છે ? ગૌતમ ! પુષ્કરોદના પશ્ચિમ પર્યન્ત અને પશ્ચિમાર્દ્ધ અરુણવરદ્વીપની પૂર્વે છે.... ભદંત ! પુષ્કરોદ સમુદ્રનું અપરાજિત દ્વાર ક્યાં છે ? ગૌતમ ! પુષ્કરોદના ઉત્તર પર્યન્તે અને અરુણવર દ્વીપની દક્ષિણે છે. બધાં દ્વાર જંબૂદ્વીપવત્ કહેવા. રાજધાની અન્ય પુષ્કરોદમાં.

ભદંત ! પુષ્કરોદ સમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું પરસ્પર અંતર અબાધા રૂપે કેટલું છે ? ગૌતમ ! સંખ્યાત લાખ યોજન એક દ્વારથી બીજા દ્વારનું અંતર છે.

પ્રદેશાદિ સૂત્ર આ પ્રમાણે – ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રના પ્રદેશો અરુણવર દ્વીપને સ્પૃષ્ટ છે ? હા, છે. એ રીતે અરુણવરદ્વીપના પ્રદેશો જાણવા. ભદંત ! પુષ્કરોદ સમુદ્રના જીવો મરીને અરુણવરદ્વીપમાં ઉપજે ? ગૌતમ ! કેટલાંક જન્મે, કેટલાંક ન જન્મે. એ રીતે અરુણવરદ્વીપના જીવો માટે પણ જાણવું.

પુષ્કરોદ નામ – સમુદ્રનું જળ સ્વચ્છ, રોગહેતુક નહીં તેવું, જાત્ય, લઘુ પરિણામ, સ્ફટિકરત્નની છાયાવાળું, પ્રકૃતિથી ઉદકરસવાળું છે. શ્રીધર-શ્રીપ્રભ અહીંના બે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવો છે. - x - પુષ્કરના જેવું જળ જેનું છે તે પુષ્કરોદ. આ કારણોથી પુષ્કરોદ સમુદ્ર કહે છે.

ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રભાસે છે ? ઈત્યાદિ. બધે જ સંખ્યાત હોવાથી ઉત્તરનો અભાવ છે.

પુષ્કરોદ પછી વરુણવર નામે દ્વીપ છે. બાકી સૂત્રાર્થ મુજબ જાણવું. પુષ્કરોદ સમુદ્રવત્ ચક્રવાલ વિષ્કંભાદિ બધું કહેવું. હવે નામનો અન્વર્થ કહે છે – વરુણવર દ્વીપને વરુણવરદ્વીપ કેમ કહે છે ? ગૌતમ ! વરુણવરદ્વીપના તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણી નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિ સ્વચ્છ યાવત્ મધુરસ યુક્ત છે. યાવત્ શબ્દથી શ્લક્ષ્ણ, રત્નમય, કાંઠા, સમતીર, વજ્રમયપાષાણ ઈત્યાદિ બધું કહેવું. - x -

વારુણીવર જળ યુક્ત. વારુણીવરમાં શ્રેષ્ઠ વારુણી જેવું જે ઉદક છે, તેનાથી પ્રતિપૂર્ણ છે. પ્રત્યેક પદ્મવર વેદિકાથી પરિક્ષિપ્ત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ આદિ પાઠસિદ્ધ છે તે પ્રત્યેકને ત્રિસોપાન, તોરણાદિ કહેવા. - x - x -

ત્રિસોપાન પ્રતિરૂપકનું વર્ણન – વજ્રમયનેમા, રિષ્ટ રત્નમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સુવર્ણ-રૂપ્યમય ફલકો, વજ્રમય સંધિ, લોહિતાક્ષમય સૂચિ, વિવિધ મણિમય અવલંબન, અવલંબન બાહા, પ્રાસાદીયાદિ છે. તે પ્રત્યેક ત્રિસોપાનકને તોરણો છે. તોરણો વિવિધ મણિમય, વિવિધ મણિમય સ્તંભો ઉપર સંનિવિષ્ટ ઈત્યાદિ, ઈહામૃગાદિ ચિત્રો યુક્ત, સ્તંભ ઉપર ઉત્તમ વેદિકા પરિગત, રમ્ય યાવત્ પ્રાસાદીયાદિ છે. તે તોરણોની ઉપર આઠ-આઠ મંગલો કહ્યા છે. તે આ – સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત્ત, વર્દ્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય, દર્પણ. આ સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની ઉપર ઘણાં કૃષ્ણાદિ વર્ણના ચામરધ્વજો છે. તે સ્વચ્છ, શ્લક્ષ્ણ, રૂપ્યપટ્ટ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની ઉપર ઘણાં છત્રાતિછત્રો, પતાકાતિપતાકા, ઘંટાયુગલ, હાથમાં





ઉત્પલ યાવત્ શતસહસ્રપત્ર, સર્વે રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટકછાયા, પ્રભા આદિ સહિત, પ્રાસાદીયાદિ છે.

તે નાની-નાની વાવડી, પુષ્કરિણી યાવત્ બિલપંક્તિમાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં ઉત્પાત્ પર્વતો, નિયત પર્વતો, જગતી પર્વતો, દારુપર્વતો, મંડપો, દકમંડપ, દક માલગ, દકપ્રાસાદાદિ સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે પર્વત આદિ બધામાં ઘણાં હંસાસનો, ઉન્નતાસન, પ્રણતાસન, દીર્ઘાસન, પક્ષાસન આદિ આસત સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

વરુણવરદ્વીપના તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં આલીગૃહો, માલીગૃહો, કેતકીગૃહો, અચ્છણગૃહો, પ્રેક્ષણગૃહો, મજ્જન ગૃહો ઈત્યાદિ ગૃહો સર્વે સ્ફટિકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે આલીગૃહ યાવત્ કુસુમગૃહોમાં ઘણાં હંસાસન યાવત્ દિશાસ્વસ્તિક આસન સર્વે સ્ફટિકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

વરુણવર દ્વીપમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં જાઈ મંડપ, જૂહિય મંડપ, માલિકા મંડપ, નવમાલિકા મંડપ, વાસંતિકા મંડપ યાવત્ શ્યામલતા મંડપો છે. બધાં સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે જાઈ મંડપ યાવત્ શ્યામલતા મંડપમાં ઘણાં પૃથ્વીશિલાપટ્ટકો કહ્યા છે. તેમાં કેટલાંક હંસાસન સંસ્થિત યાવત્ કેટલાંક દિશાસૌવસ્તિકાસન સંસ્થિત, કેટલાંક શ્રેષ્ઠ શયન વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત સર્વે સ્ફટિકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં ઘણાં વ્યંતર દેવ-દેવીઓ બેસે છે, સુવે છે યાવત્ કરેલા શુભકર્મોના કલ્યાણ ફળ વૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે. - x - x -

આ પ્રમાણે વરવારુણી વાપી આદિ જળ જેમાં છે, તે કારણે આ દ્વીપ વરુણવર કહ્યો. બીજું અહીં વરુણ અને વરુણપ્રભ એ બે દેવ - x - વસે છે, તેથી વરુણ દેવ પ્રધાનતાથી તેને વરુણવરદ્વીપ કહે છે. - - ચંદ્રાદિ સંખ્યા સર્વત્ર સંખ્યાત છે.

વરુણોદ સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થાન સંસ્થિત છે, તે ચોતરફની ઘેરીને રહેલ છે. પુષ્કરોદ સમુદ્રવત્ કહેવું.

હવે નામનું કારણ કહે છે – ગૌતમ ! વરુણોદ સમુદ્રનું જળ, ચંદ્રપ્રભા-સુરાવિશેષ - x - મણિશલાકા જેવું, શ્રેષ્ઠ સીધુ, શ્રેષ્ઠ વારુણી તે વરવારુણી, ધાતકીપત્રરસસાર આસવ તે પત્રાસવ, એ રીતે પુષ્પાસવ, ફળાસવ પણ જાણવો. ચોય-ગંધ દ્રવ્ય, તેનો સાર-આસવ તે ચોયાસવ, મધુ-મેરક એ મદ્ય વિશેષ, જાતિપુષ્પ વાસિત પ્રસન્ના - જાતિપ્રસન્ના, મૂલદલ-ખર્જૂરનો સાર-આસવ, મૃદ્ધીકા-દ્રાક્ષ, તેના સારથી નિષ્પન્ન આસવ તે મૃદ્ધીકાસાર, કાપિશયન-મદ્ય, સારી રીતે પકાવેલ ઈક્ષુરસથી નિષ્પન્ન આસવ, આઠ વખત પિષ્ટપ્રદાનથી નિષ્પન્ન, જાંબૂફળ-કાલિવર પ્રસન્ન-દારુ વિશેષ, ઉત્કર્ષથી મદ પ્રાપ્ત, आसल - આસ્વાદનીય, मांसल - બહલ, पेसला - મનોજ્ઞ, પરમ અતિ પ્રકૃષ્ટ આસ્વાદ ગુણ રસયુક્તપણાથી - x - કંઈક લાલ આંખ કરનાર, પીધા પછીના કાળે કંઈક કટુક, ઈલાયચી આદિ બીજા દ્રવ્યના યોગયુક્ત, તથા અતિશય વર્ણ-ગંધ-સ્પર્શથી યુક્ત, આસ્વાદ્ય, વિશેષે આસ્વાદ્ય, અતિ પરમ આસ્વાદનીય રસયુક્ત, જઠરાગ્નિને દીપન-ઉદ્દીપ્ત કરનાર, કામને જન્માવનાર, ધાતુ

ઉપચયકારી, સર્વે ઈન્દ્રિય અને ગાત્રોને પ્રહ્લાદનીય છે.

આમ કહ્યું ત્યારે ગૌતમે પૂછ્યું — વરુણ સમુદ્રનું જળ આવું છે ? ભગવંતે કહ્યું — ઉક્ત બધી ઉપમા કરતા ઈષ્ટતર, કાંતતર, પ્રિયતર, મનોજ્ઞતર, મનાપતર છે. વળી વારુણી અને વારુણકાંત એ બે મહર્દ્ધિક દેવ અહીં વસે છે તેથી વારુણોદ નામ છે.

● સૂત્ર-૨૯૨ :-

*ક્ષીરવર નામક દ્વીપ વૃત્ત યાવત્ વારુણવર સમુદ્રને ઘેરીને રહેલ છે. તેનો વિષ્કંભ અને પરિધિ સંખ્યાત લાખ યોજન છે, યાવત્ અર્થ - ઘણી નાની-નાની વાવડી યાવત્ સરસરપંક્તિ છે, જે ક્ષીરોદકથી પરિપૂર્ણ છે, યાવત્ પ્રતિરૂપ છે. તે નાની વાવડી યાવત્ બિલપંક્તિમાં ઘણાં ઉત્પાત્ પર્વતો૦ સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. અહીં પુંડરીક અને પુષ્કરદંત નામના બે દેવો મહર્દ્ધિક યાવત્ વસે છે. એ કારણે યાવત્ નિત્ય છે. તથા જ્યોતિષ્કોની સંખ્યા સંખ્યાત કહેવી જોઈએ.*

*ક્ષીરોદ નામક સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થાન સંસ્થિત યાવત્ ક્ષીરવરદ્વીપને ઘેરીને રહેલ છે. તે સમચક્રવાલ સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થિત નથી. સંખ્યાત લાખ યોજન તેના વિષ્કંભ અને પરિધિ છે ઈત્યાદિ બધું પૂર્વવત્ છે.*

*અર્થ — હે ગૌતમ ! ક્ષીરોદ સમુદ્રનું જળ, [જેમ કોઈ* सुउसुहीमारुपण्ण-अज्जुण-तरुण० *ઈત્યાદિ પાઠ કૌંસમાં નોંધેલ છે જે* पत्तेयं मंदग्गिसुकढिते आउत्ते *સુધી છે. પણ વૃત્તિકારે તેની કોઈ વ્યાખ્યા કરેલ નથી, તેથી અમે અહીં મૂળપાઠનો જ અનુવાદ કરેલ છે. ઉક્ત કૌંસવાળા પાઠનો અનુવાદ કરેલ નથી.]*

*ગૌતમ ! ક્ષીરોદસમુદ્રનું પાણી, ચક્રવર્તી રાજા માટે તૈયાર કરાયેલ ગોક્ષીર, જે ચતુઃસ્થાન-પરિણામ પરિણત છે, સાકાર-ગોળ-મિશ્રી આદિથી અતિ સ્વાદિષ્ટ બનાવાયેલ હોય, મંદાગ્નિ ઉપર પકાવવામાં આવી હોય જે આસ્વાદનીય, વિસ્વાદનીય, પ્રીણનીય યાવત્ સર્વેન્દ્રિય અને ગાત્રોને પ્રહ્લાદનીય હોય, જે વર્ણથી સુંદર યાવત્ સ્પર્શથી મનોજ્ઞ છે, શું તેવું ક્ષીરોદક છે ?*

*ના, તે અર્થ સંગત નથી. ક્ષીરોદનું તે જળ આના કરતાં પણ ઈષ્ટતર યાવત આસ્વાદ્ય કહેલ છે. અહીં મહર્દ્ધિક એવા બે દેવ વિમલ અને વિમલપ્રભ યાવત્ વસે છે. તેથી ક્ષીરોદ સમુદ્ર નામ છે. સંખ્યાત ચંદ્ર યાવત્ તારાગણ છે.*

● વિવેચન-૨૯૨ :-

ક્ષીરવર દ્વીપ નામે દ્વીપ વૃત્ત-વલયાકાર છે ઈત્યાદિ. - x - એ પ્રમાણે વરુણવરદ્વીપની વક્તવ્યતા જ અહીં કહેવી. - x - હવે નામનો અન્વર્થ — ક્ષીરવર દ્વીપને ક્ષીરવર દ્વીપ કેમ કહે છે ? ગૌતમ ! ક્ષીરવર દ્વીપમાં તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણી નાની-નાની વાવડી ઈત્યાદિ વરુણવરદ્વીપવત્ કહેવું. યાવત્ વ્યંતર દેવ-દેવીઓ બેસે છે, સુવે છે યાવત્ વિચરે છે. માત્ર અહીં વાપી આદિ ક્ષીરોદ પરિપૂર્ણ કહેલ છે. પર્વતમાં આસનો, ઘરોમાં આસન, મંડપોમાં પૃથ્વીશિલાપટ્ટક સર્વરત્નમય કહેવા.

પુંડરીક અને પુષ્પદંત અહીં ક્ષીરવરદ્વીપમાં અનુક્રમે પૂર્વાર્દ્ધ-પશ્ચિમાર્દ્ધના



અધિપતિ બે દેવ છે. તે વાપી આદિમાં ક્ષીરતુલ્ય જળ છે. ક્ષીર-ક્ષીરપ્રભ તેના અધિપતિ છે, માટે તે દ્વીપ ક્ષીરવર છે - x - ચંદ્રાદિ સૂત્ર પૂર્વવત્.

ક્ષીરોદ નામે સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થાને રહેલ છે. તે ક્ષીરવરદ્વીપને ઘેરીને રહેલ છે. બાકી કથન ક્ષીરવરદ્વીપ સમાન કહેવું - x - ભદંત ! ક્ષીરોદ સમુદ્રને ક્ષીરોદ સમુદ્ર કેમ કહે છે ? ગૌતમ ! ક્ષીરોદ સમુદ્રનું ઉદક - જેમ ચક્રવર્તી રાજાની ચતુઃસ્થાન પરિણામ પર્યન્ત જે ગોક્ષીર, ખાંડ-ગોળ-મિશ્રીથી અતિશય રસ પ્રાપ્ત, મંદાગ્નિ ઉપર પ્રયત્નથી પકાવેલ - x - તેથી જ વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી યુક્ત, આસ્વાદનીય-વિસ્વાદનીય-દીપનીય-દર્પણીય-મદનીય-બૃંહણીય આદિ પૂર્વવત્. શું ક્ષીરસમુદ્રનું જળ આવું છે ? ના, ક્ષીરોદસમુદ્રનું જળ તેનાથી પણ ઈષ્ટતર યાવત્ મનાપતર છે. - x - ક્ષીરવત્ નિર્મળ ઉદક આદિ હોવાથી ક્ષીરોદ કહ્યું. ચંદ્રાદિ સંખ્યા સુગમ છે.

● સૂત્ર-૨૯૩ :-

*ઘૃતવર નામક દ્વીપ વૃત્ત - વલયાકાર સંસ્થાને રહેલ યાવત્ ક્ષીરોદ સમુદ્રને ઘેરીને રહેલ છે. તે સમચક્રવાલ સંસ્થિત છે, વિષમચક્રવાલ નથી. વિસ્તાર અને પરિધિ સંખ્યાત લાખ યોજન છે. પ્રદેશથી અર્થ સુધી કહેવું. ગૌતમ ! ઘૃતવરદ્વીપમાં ત્યાં-ત્યાં ઘણી જ નાની-નાની વાવડી યાવત્ ઘૃતોદકથી પરિપૂર્ણ છે. ઉત્પાત્ પર્વત યાવત્ ખડકો છે. તે બધાં સુવર્ણના, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. કનક અને કનકપ્રભ આ બે દેવો છે. ચંદ્રાદિ સંખ્યાતા છે.*

*ઘૃતોદ નામક સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થાને રહેલ છે યાવત્ ઘૃતવરદ્વીપને ઘેરીને રહેલ છે. સમચક્રવાલ સંસ્થિત છે ઈત્યાદિ પૂર્વવત્ દ્વાર-પ્રદેશ-જીવોત્પત્તિ કહેવા. નામનો અર્થ — હે ગૌતમ ! ઘૃતોદ સમુદ્રનું જળ, જેમ કોઈ ગોઘૃતના સાર જેવું શ્રેષ્ઠ છે. આ ગોઘૃતમંડ ફૂલેલા સલ્લકી, કણેરના ફૂલ, સરસવના ફૂલ, કોરંટની માળાની માફક પીળા વર્ણના છે. સ્નિગ્ધતા ગુણયુક્ત, અગ્નિસંયોગથી ચમકવાળું, નિરુપહત અને વિશિષ્ટ સુંદરતા યુક્ત, સારી રીતે જમાવેલ દહીંને મથિત કરી પ્રાપ્ત માખણને ત્યારે જ તપાવતા, સારી રીતે ઉકાળ્યા પછી, બીજે ન લઈ જઈ, તે સ્થાને જ તત્કાળ ગાળીને કચરો આદિ ઉપશાંત થતાં તેના ઉપર જે થર જામે, તે જેમ અધિક સુગંધથી સુગંધિત, મનોહર, મધુર પરિણામી અને દર્શનીય હોય. તે પથ્યરૂપ, નિર્મળ અને સુખોપભોગ્ય હોય છે. આવા શરત્કાલીન ગોઘૃતવરમંડ સમાન તે ઘૃતોદનું પાણી હોય છે શું ? ગૌતમ ! તે ઘૃતોદનું પાણી આનાથી પણ અધિક ઈષ્ટતર યાવત્ આસ્વાદ્ય હોય છે. ત્યાં કાંત અને સુકાંત નામક બે મહર્દ્ધિક દેવ રહે છે. બાકી પૂર્વવત્ યાવત્ ત્યાં સંખ્યા તારાગણ કોડાકોડી છે.*

*ક્ષોદવર નામક દ્વીપ વૃત્ત-વલયાકાર અને ઘૃતોદ સમુદ્રને વીંટીને રહેલ છે. શેષ કથનપૂર્વવત્ યાવત્ ક્ષોતવર-દ્વીપમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં નાની વાવડી યાવત્ ક્ષોદોદકથી પ્રતિપૂર્ણ છે. ત્યાં ઉત્પાત્ પર્વતાદિ છે, જે સર્વ વૈડૂર્ય*

*રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં સુપ્રભ અને મહાપ્રભ નામે બે મહર્દ્ધિક દેવ રહે છે. તેથી ક્ષોદવર કહે છે. સર્વે જ્યોતિષ્ક પૂર્વવત્ કહેવા.*

*ક્ષોદોદ નામક સમુદ્ર વૃત્ત-વલયાકાર, ક્ષોદવરદ્વીપને ઘેરીને રહેલ છે. યાવત્ સંખ્યાત લાખ યોજન પરિધિથી છે. યાવત્ નામાર્થ — ગૌતમ ! ક્ષોદોદ સમુદ્રનું જળ જાતિવંત શ્રેષ્ઠ ઈક્ષુરસથી અધિક ઈષ્ટ યાવત્ આસ્વાદ્ય છે. તે ઈક્ષુરસ સ્વાદિષ્ટ, ગાઢ, પ્રશસ્ત, વિશ્રાંત, સ્નિગ્ધ, સુકુમાલ ભૂમિભાગમાં સુછિન્ન, સુકાષ્ઠ-લષ્ટ-વિશિષ્ટ-નિરુપહત આજીત વાવીત સુકાસ જય પયત્ત-નિપુણ પરિકર્મ-અનુપાલિત-સુવૃદ્ધિ વૃદ્ધ, સુજાત. લવણ-તૃણ દોષ વર્જિત, નયાય પરિવર્દ્ધિત, નિર્માત સુંદર રસથી પરિણત મૃદુ-પીન-પોર-ભંગુર-સુજાત-મધુર રસ-પુષ્પ વિરચિત-શિતપરિફાસિત ઉપદ્રવ વિવર્જિત અભિનવ તવગ્ર, અપાલિત, ત્રિભાગ નિષ્છોડિતવાડિક, અપનિતમૂલ, ગ્રંથિ પરિશોધિત, કુશલ નરકલ્પિત ઉવ્વણ યાવત્ પૌંડિય, બલવાન્ નર, યંત્ર વડે પરિગાલિત આ ઈક્ષુરસ વસ્ત્રથી ગાળેલ હોય, ચાતુર્જાતક સુવાસિત, અધિક પથ્ય-લઘુક, વર્ણોપપેતાદિ પૂર્વવત્. શું આવું ક્ષોદોદસમુદ્ર જળ છે ?*

*ના, તે અર્થ સમર્થ નથી ક્ષોદરસ સમુદ્રનું જળ આનાથી ઈષ્ટતરક યાવત્ આસ્વાદ્ય છે. પૂર્ણભદ્ર - માણિભદ્ર આ બે દેવો યાવત્ વસે છે. બાકી પૂર્વવત્. સંખ્યાત જ્યોતિષ્ક છે.*

● વિવેચન-૨૯૩ :-

ઘૃતવરદ્વીપ ક્ષીરોદ સમુદ્રને ઘેરીને રહેલ છે. અહીં પણ ચક્રવાલ વિષ્કંભ, પરિધિ, પદ્મવરવેદિકા, વનખંડાદિ વક્તવ્યતા પૂર્વવત્. હવે નામ નિમિત્ત કહે છે — ઘૃતવરદ્વીપને ઘૃતવર દ્વીપ કેમ કહે છે ? ઘૃતવર દ્વીપમાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઈત્યાદિ અરુણવરદ્વીપવત્ બધું કહેવું. યાવત્ વ્યંતર દેવો-દેવીઓ યાવત્ વિચરે છે. માત્ર વાપી ઘૃતોદક પરિપૂર્ણ કહેવી. પર્વતો, પર્વતોમાં આસનો ઈત્યાદિ બધું સુવર્ણમય કહેવું. કનક અને કનકપ્રભ દેવ અનુક્રમે પૂર્વ-પશ્ચિમના અધિપતિ છે ઘૃતોદક અને વાપી આદિના યોગથી તથા ઘૃતવર્ણ દેવ અને સ્વામીત્વ વડે ઘૃતવર દ્વીપ ના છે. ચંદ્રાદિસંખ્યા સંખ્યા પૂર્વવત્.

ઘૃતોદ સમુદ્ર, ઘૃતવરદ્વીપને ઘેરીને રહેલ છે બાકી બધું ઘૃતવરદ્વીપ માફક કહેવું. હવે નામ નિમિત્ત — ઘૃતોદ સમુદ્રને ઘૃતોદ સમુદ્ર કેમ કહે છે ? ગૌતમ ! ઘૃતોદ સમુદ્રનું જળ શરદઋતુમાં થયેલ ગાયના ઘીના માંડના ઉપરના ભાગે સ્થિત ઘૃત-સાર. તે અગ્નિથી પરિતાપિત હોય, સ્થાનાંતરે લઈ જવાયેલ ન હોય, તત્કાળ નિષ્પાદિત હોય, કચરો શાંત થયેલ હોય, સલ્લકી કર્ણિકાર પુષ્પ વર્ણાભાયુક્ત, વર્ણાદિથી યુક્ત, આસ્વાદનીય, વિસ્વાદનીય, દીપનીય આદિ છે. શું સમુદ્ર-જળ આવું છે ? ના, ઘૃતોદ સમુદ્રનું જળ યથોક્ત સ્વરૂપ ઘી થી ઈષ્ટતર યાવત્ મનામતર આસ્વાદથી કહ્યું છે. ઘૃત જેવું ઉદક હોવાથી ઘૃતોદ, - x - x - ચંદ્રાદિ સંખ્યા સૂત્ર સુગમ છે.



ક્ષોદવર દ્વીપ - x - ઘૃતોદ સમુદ્રને ઘેરીને રહેલ છે. ચક્રવાલ વિષ્કંભ, પરિધિ, દ્વારાદિ વક્તવ્યતા પૂર્વવત્. નામનો અન્વર્થ — ક્ષોદવરદ્વીપ નામ કેમ છે ? ગૌતમ ! ક્ષોદવર દ્વીપમાં તે-તે પ્રદેશમાં ઘણી નાની-નાની વાવડી ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. પર્વત, પર્વતના આસનો ઈત્યાદિ બધું વૈડૂર્યમય કહ્યું છે. સુપ્રભ અને મહાપ્રભ અનુક્રમે પૂર્વાર્દ્ધ-પશ્ચિમાર્દ્ધના અધિપતિ બે દેવો અહીં - x - વસે છે. તેથી ક્ષોદોદક અને વાપી આદિના યોગથી ક્ષોદવરદ્વીપ. - x -

ક્ષોદોદ નામે સમુદ્ર - x - ક્ષોદવર દ્વીપને ઘેરીને રહેલ છે. ચક્રવાલ વિષ્કંભાદિ વક્તવ્યતા પૂર્વવત્ - x - હવે નામ નિમિત્ત — ક્ષોદોદ સમુદ્રને ક્ષોદોદ સમુદ્ર કેમ કહે છે ? ક્ષોદોદ સમુદ્રનું જળ જેમ કોઈ જાત્ય શેરડી હોય. વિશિષ્ટ પુંડ્ર દેશોદ્ભવ હરિત શાડ્વલ અથવા ભેરંડ દેશોદ્ભવ શેરડી, તેને કાળી ગાંઠો હોય, ઉપરના પાનના સમૂહની અપેક્ષાએ હરિતાલવત્ પિંજર હોય, મૂળ ત્રિભાગ દૂર કરાયેલ હોય, ઉર્ધ્વભાગમાંથી પણ ત્રીજો ભાગ હીન હોય મધ્યનો ત્રિભાગ રહેલ હોય. જેમાંથી પ્રવ-ગાંઠ દૂર કરાયેલ હોય. તેમાં મૂળ ત્રિભાગ, ઉપરનો ત્રિભાગ, પર્વ-ગાંઠ સારા રસવાળા ન હોવાથી તેનું વર્જન કરેલ છે. પછી જે ઇક્ષુરસ હોય તેને બારીક વસ્ત્રથી ગાળીને ચતુર્જાતકથી સારી રીતે વાસિત કરેલ હોય. આ ચતુર્જાતક એટલે તજ, એલચી, કેસર અને મરી.

તે અતિશય પથ્ય હોય, લઘુ પરિણામ હોય, વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી યુક્ત હોય, આસ્વાદનીય, દર્પણીય આદિ હોય. આવું કહ્યું ત્યારે ગૌતમે પૂછ્યું — ક્ષોદોદ સમુદ્રનું જળ આવું હોય ? ભગવંતે કહ્યું — ના. ક્ષોદોદ સમુદ્રનું જળ યથોક્તરૂપ ક્ષોદરસાદિથી ઈષ્ટતર યાવત્ મનાપતર આસ્વાદવાળું છે. ''બીજો પાઠ જે સૂત્રમાં જોયો તે ઘણી પ્રતોમાં દેખાતો ન હોવાથી તેની વ્યાખ્યા કરતા નથી'' એમ વૃત્તિકારશ્રી લખે છે. પૂર્ણ અને પૂર્ણપ્રભ બે દેવ છે. ઈત્યાદિ - x -

● સૂત્ર-૨૯૪ :-

*નંદીશ્વર નામક દ્વીપ વૃત્ત-વલયાકાર સંસ્થિત છે. આદિ પૂર્વવત્, તે ક્ષોદોદ સમુદ્રને ચોતરફથી ઘેરીને રહેલ છે. પરિધિ, પદ્મવરવેદિકા, વનખંડ, દ્વાર, દ્વારાંતર, પ્રદેશ, જીવ પૂર્વવત્. ભગવન્ ! નંદીશ્વર દ્વીપના નામનું કારણ શું છે ? ગૌતમ ! સ્થાને સ્થાને ઘણી નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિઓ છે, જેમાં ઈક્ષુરસ જેવું જળ ભરેલું છે, ઉત્પાતપર્વતો૦ સર્વ વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. અથવા હે ગૌતમ ! નંદીશ્વર દ્વીપના ચક્રવાલ વિષ્કંભના બહુમધ્ય દેશ ભાગમાં અહીં ચાર દિશામાં ચાર અંજન પર્વતો કહ્યા છે. - - -*

*- - - તે અંજનક પર્વતો ૮૪,૦૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, ૧૦૦૦ જમીનમાં છે, મૂળમાં સાતિરેક ૧૦,૦૦૦ યોજન, ધરણીતલે ૧૦,૦૦૦ યોજન લંબાઈ-પહોળાઈથી, ત્યારપછી એક-એક પ્રદેશ માત્રાથી ઘટતા-ઘટતા ઉપરના ભાગે ૧૦૦૦ યોજન લાંબો-પહોળો છે. તેની પરિધિ મૂળમાં ૩૧,૬૨૩ યોજનથી કંઈક અધિક, ધરણીતલે ૩૧,૬૨૩ યોજનથી કંઈક ન્યૂન, શિખરમાં ૩૧૬૨*

યોજનથી કંઈક અધિક છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર તનુક એ રીતે ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત છે. સર્વ અંજનમય, સ્વચ્છ યાવત્ પ્રત્યેક પર્વત પદ્મવર વેદિકા અને વનખંડથી વેષ્ટિત છે. વેદિકા અને વનખંડનું વર્ણન કરવું.

તે અંજનપર્વતો ઉપર પ્રત્યેકમાં બહુસમરમણીય ભૂમિભાગ છે. જેમ કોઈ આલિંગ પુષ્કર કે યાવત્ વિચરે છે. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગે પ્રત્યેકમાં સિદ્ધાયતન છે. જે ૧૦૦ યોજન લાંબુ, ૫૦-યોજન પહોળું, ૭૨ યોજન ઉંચુ, અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે. આદિ વર્ણન કરવું.

તે પ્રત્યેક સિદ્ધાયતનોની ચારે દિશામાં ચાર દ્વાર કહેલા છે – દેવદ્વાર, અસુરદ્વાર, નાગદ્વાર, સુપર્ણદ્વાર. ત્યાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક ચાર દેવ રહે છે – દેવ, અસુર, નાગ, સુપર્ણ. તે દ્વારો ૧૬ યોજન ઉંચા, આઠ યોજન પહોળા, તેટલાં જ પ્રવેશમાં છે. આ દ્વાર સફેદ છે, કનકમય શિખર આદિ વર્ણન વનમાળા પર્યન્ત કરવું. તે દ્વારોની ચાર દિશામાં ચાર મુખમંડપો છે. તે મુખમંડપ ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા, સાતિરેક-૧૬-યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, વર્ણન કરવું.

તે મુખમંડપની ચારે [ત્રણ] દિશામાં, ચાર [ત્રણ] દ્વારો કહેલા છે. તે દ્વાર ૧૬ યોજન ઉંચા, ૮-યોજન પહોળા, ૮-યોજન પ્રવેશવાળા છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ વનમાળા. આ પ્રમાણે પ્રેક્ષાગૃહમંડપ વિશે પણ કહેવું. મુખમંડપનું છે તે જ પ્રમાણ, દ્વારો પણ તેમજ. વિશેષ એ કે બહુમધ્યદેશમાં પ્રેક્ષાગૃહમંડપના અખાડા, મણિપીઠિકા અર્દ્ધ યોજન પ્રમાણ, પરિવાર રહિત સીંહાસન યાવત્ સ્તૂપ આદિ ચારે દિશામાં પૂર્વવત્ છે. વિશેષ એ કે - તે સાતિરેક ૧૬-યોજન ઉંચા, બાકી જિનપ્રતિમા સુધી પૂર્વવત્ કહેવું. ચૈત્યવૃક્ષો પૂર્વવત્ ચારે દિશામાં છે, પ્રમાણ પૂર્વવત્ જેમ વિજયા રાજધાનીમાં કહ્યું. વિશેષ એ કે - મણિપીઠિકા ૧૬-યોજન છે.

તે ચૈત્યવૃક્ષની ચારે દિશામાં ચાર મણિપીઠિકાઓ આઠ યોજન પહોળી, ચાર યોજન જાડી છે. તેના ઉપર ૬૪-યોજન ઉંચી, એક યોજન ઉંડી, એક યોજન પહોળી મહેન્દ્ર ધ્વજા છે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી છે. વિશેષ એ કે તે ઈક્ષુરસ પ્રતિપૂર્ણ છે. તેની લંબાઈ ૧૦૦ યોજન, પહોળાઈ ૫૦-યોજન, ઉંડાઈ-૫૦ યોજન છે.

તે સિદ્ધાયતનોમાં પ્રત્યેક દિશામાં-પૂર્વ દિશામાં ૧૬,૦૦૦, પશ્ચિમમાં ૧૬,૦૦૦, દક્ષિણમાં ૮૦૦૦, ઉત્તરમાં ૮૦૦૦ એમ ૪૮,૦૦૦ મનોગુલિકાઓ અને આટલી જ ગોમાનસી છે. આ પ્રમાણે જ ઉલ્લોક અને ભૂમિભાગ કહેવો યાવત્ બહુમધ્ય દેશભાગમાં મણિપીઠિકા છે, જે ૧૬-યોજન લાંબી-પહોળી, આઠ યોજન જાડી છે. તે મણિપીઠિકાઓ ઉપર દેવછંદક છે, જે ૧૬ યોજન લાંબો-પહોળો, કંઈક અધિક ૧૬ યોજન ઉંચો, સર્વરત્નમય છે. આ દેવ-છંદકોમાં ૧૦૮ જિન પ્રતિમાઓ છે. આ આખો આલાવો જેમ વૈમાનિકના સિદ્ધાયતનનો છે, તેમ કહેવો.



તેમાં જે પૂર્વનો અંજન પર્વત છે, તેની ચારે દિશાઓમાં ચાર નંદા પુષ્કરિણીઓ છે – નંદુત્તરા, નંદા, આનંદા અને નંદિવર્દ્ધના [નંદિષેણા, અમોઘા, ગોસ્તૂભા, સુદર્શના.] આ નંદા પુષ્કરિણીઓ એક લાખ યોજન લાંબી-પહોળી, દસ યોજન ઉંડી, સ્વચ્છ, શ્લક્ષ્ણ, પ્રત્યેકે પ્રત્યેક પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલી, ત્યાં ત્યાં યાવત્ સોપાન પ્રતિરૂપક અને તોરણો છે.

તે પ્રત્યેક પુષ્કરિણીના બહુમધ્ય દેશભાગમાં દધિમુખ પર્વતો છે. જે ૬૪,૦૦૦ યોજન ઉંચા, ૧૦૦૦ યોજન જમીનમાં, સર્વત્ર સમાન, પલ્યંક આકારે છે તેની પહોડાઈ ૧૦,૦૦૦ યોજન છે, ૩૧,૬૨૩ યોજન તેની પરિધિ છે. આ સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે પ્રત્યેક પર્વતની ચોતરફ પદ્મવરવેદિકા અને વનખંડ છે. આ બંનેનું વર્ણન કરવું. ત્યાં બહુસમ રમણીય ભૂમિભાગ છે. યાવત્ દેવો-દેવીઓ બેસે છે આદિ. સિદ્ધાયતન પ્રમાણ અંજનક પર્વત માફક બધું જ કહેવું યાવત્ આઠ મંગલો છે.

તેમાં જે દક્ષિણનો અંજનપર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી કહી છે. તે આ – ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરિકિણી. [નંદુત્તરા, નંદા આનંદા, નંદિવર્દ્ધના.] પ્રમાણ પૂર્વવત્. દધિમુખ પર્વતો પૂર્વવત્, તેનું પ્રમાણ યાવત્ સિદ્ધાયતન પૂર્વવત્.

તેમાં જે પશ્ચિમનો અંજનક પર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી કહી છે. તે આ – નંદિષેણા, અમોઘા, ગોસ્તૂભા, સુદર્શના. [ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરિકિણી] બધું જ પૂર્વવત્ યાવત્ સિદ્ધાયતન કહેવું.

તેમાં જે ઉત્તરનો અંજન પર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદાપુષ્કરિણીઓ છે. તે આ – વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા. બાકી પૂર્વવત્ યાવત્ સિદ્ધાયતન, બધું વર્ણન જાણવું.

તે સિદ્ધાયતનોમાં ઘણાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો ચાતુર્માસિક, પ્રતિપદાદિમાં, સાંવત્સરિકમાં બીજા પણ ઘણાં જિન જન્મ-નિષ્ક્રમણ-જ્ઞાનોત્પત્તિ-નિર્વાણ આદિમાં, દેવકાર્યોમાં, દેવસમુદયોમાં, દેવસમિતીમાં, દેવ-સમવાયમાં, દેવ પ્રયોજનોમાં એકત્રિત થાય છે, સંમિલિત થાય છે, આનંદવિભોર થઈ મહા-મહિમાશાલી અષ્ટાહ્નિકા પર્વમનાવતા સુખપૂર્વક વિચરે છે.

કૈલાશ અને હરિવાહન નામક બે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ ત્યાં વસે છે. તે કારણથી હે ગૌતમ ! આને નંદીસ્વર દ્વીપ કહે છે. યાવત્ નિત્ય છે. સંખ્યાત જ્યોતિષ્ક છે.

● વિવેચન-૨૯૪ :-

નંદીશ્વર દ્વીપ વૃત્ત-વલયાકાર સંસ્થિત છે, ક્ષોદોદ સમુદ્રને ચોતરફથી વીંટીને રહેલ છે. ચક્રવાલ વિષ્કંભાદિ પૂર્વવત્. હવે નામ-નિમિત્ત જણાવે છે – નંદીશ્વર દ્વીપને નંદીશ્વર દ્વીપ કેમ કહે છે ? ગૌતમ ! નંદીશ્વર દ્વીપમાં ઘણી નાની-નાની વાવડી છે

ઈત્યાદિ પૂર્વવત્. યાવત્ વ્યંતર દેવ-દેવીઓ ત્યાં વિચરે છે. માત્ર અહીં વાવ આદિ ઈક્ષુરસ-જળથી પરિપૂર્ણ કહેવી. પર્વત, પર્વતોમાં આસનો આદિ બધું વજમય કહેવું. બાકી પૂર્વવત્.

અથવા હે ગૌતમ ! નંદીશ્વરની ચારે દિશામાં ચક્રવાલ વિષ્કંભથી મધ્ય દેશ ભાગમાં એક-એક દિશામાં એક-એક એ રીતે ચાર અંજનક પર્વતો કહ્યા છે - પૂર્વાદિમાં. તે અંજન પર્વત ૮૪,૦૦૦ યોજન ઉંચા, ૧૦૦૦ યોજન ઉંડા, મૂળમાં સાતિરેક ૧૦,૦૦૦ યોજન આદિ સૂત્રાર્થમાં કહ્યા મુજબ માપ જાણવું. - x - એ રીતે ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સંપૂર્ણ અંજનરત્નમય યાવત્ પ્રતિરૂપ છે. - x - x -

તે અંજન પર્વતની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. તેનું વર્ણન જંબૂદ્વીપની જગતીના ઉપરના ભાગની જેમ – ‘‘ત્યાં ઘણાં વ્યંતર દેવ-દેવી યાવત્ વિચરે છે.‘‘ - સુધી કહેવું. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે પ્રત્યેકમાં સિદ્ધાયતન કહેલ છે. તે પ્રત્યેક સિદ્ધાયતન ૧૦૦ યોજન લાંબુ, ૫૦ યોજન પહોળું, ૭૨ યોજન ઉંચુ છે. અનેક શત સ્તંભ સંનિવિષ્ટ છે, ઈત્યાદિ વર્ણન વિજયદેવની સુધર્મા સભા માફક જાણવું.

આ પ્રત્યેક સિદ્ધાયતનોની ચારે દિશામાં એક-એક એ પ્રમાણે ચાર દ્વારો કહેલા છે – પૂર્વમાં, દક્ષિણમાં ઈત્યાદિ. તેમાં પૂર્વની દિશાના દ્વારનો અધિપતિ ‘દેવ’ નામે હોવાથી તેને દેવદ્વાર કહે છે. એ રીતે દક્ષિણમાં અસુરદ્વાર, પશ્ચિમમાં નાગદ્વાર અને ઉત્તરમાં સુવર્ણદ્વાર જાણવું. તે ચારે દ્વારોમાં અનુક્રમે ચાર મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવો વસે છે. પૂર્વદ્વારે દેવ, દક્ષિણ દ્વારે અસુર, પશ્ચિમ દ્વારે નાગ, ઉત્તરદ્વારે સુવર્ણ.

તે દ્વારો પ્રત્યેક ૧૬-યોજન ઉંચા, આઠ યોજન પહોળા, આઠ યોજન પ્રવેશથી છે. તે દ્વાર શ્વેત છે, શ્રેષ્ઠ સુવર્ણ સ્તુપિકાયુક્ત છે. ત્યાં ઈહામૃગ, વૃષભ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, વ્યાલક, કિન્નર આદિના ચિત્રો ચિત્રિત છે. સ્તંભ ઉપર શ્રેષ્ઠ વેદિકા છે તેનાથી રમ્ય લાગે છે ઈત્યાદિ વર્ણન કરવું.

દ્વારવર્ણન - વજમય નેમા, રિષ્ઠરત્નમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, જાત્યરૂપ ઉપચિત પ્રવર પંચવર્ણ મણિ રત્નથી કુટ્ટિમતલવાળું, હંસગર્ભમય એલુગ, ગોમેજ્જગ ઈન્દ્રકીલ, જ્યોતિરસમય ઉત્તરંગ, લોહિતાક્ષમય દારચેડી, વૈડૂર્યમય કમાળ, લોહિતાક્ષમય શૂચિ, વજમય સંધિ, વિવિધ મણિમય સમુદ્ગત, વજમય અર્ગલા, રજતમય આવર્ત્તન પીઠિકા, અંકોત્તર પાર્શ્વ, નિરંતર ઘન કમાડ ઈત્યાદિ ઈત્યાદિ - x - x - x - પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. આ બધું જો કે વિજયદ્વારના વર્ણનમાં પણ વ્યાખ્યાચિત કરેલ છે, તો પણ સ્થાન અશૂન્યાર્થે કંઈક વ્યાખ્યા કરીએ છીએ –

શ્વેત, અંકરત્નના બાહુલ્યથી શ્રેષ્ઠ સુવર્ણની સ્તૂપિકા છે. ત્યાં ઈહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્યાદિના ચિત્રો ચિત્રિત છે. તથા સ્તંભ ઉપરવર્તી વજરત્નમયી વેદિકાયુક્ત હોવાથી તે અભિરમણીય લાગે છે. વિદ્યાધરનું જે સમશ્રેણીક યુગલ,



તેમના પ્રપંચ વડે યુક્ત, અર્ચિઃ સહસ્રમાલનીય અર્થાત્ આવા પ્રભા સમુદાયથી યુક્ત - x - વિશિષ્ટ વિદ્યાશક્તિવાળા પુરુષ વિશેષ પ્રપંચ યુક્ત હજારો રૂપયુક્ત, દીપતા-અતિશય દીપતા - x - જોતા જ આંખ ત્યાં ચોંટી જાય તેવા, સશ્રીકરૂપ. તે દ્વારોનું છે.

વજમયનેમા - ભૂમિભાગથી ઉર્ધ્વ નીકળતા પ્રદેશો, રિષ્ઠમય પ્રતિષ્ઠાન-મૂળ પાયા, જાત્યરૂપ યુક્ત - પ્રવર પંચવર્ણ, મણિરત્ન વડે કુટ્ટિમતલ, હંસગર્ભમય દેહલી, ગોમેયક રત્નમય ઈન્દ્રકીલ, લોહિતાક્ષમય દ્વારશાખા, વૈડૂર્યમય કમાડ, લોહીતાક્ષમય સૂચિ - બે પાટીયાની સંધિ છુટી ન પડે તે હેતુથી પાદુકા સ્થાને વજમય સંધિ, - x - પ્રાસાદમાં જ્યા અર્ગલા પ્રવેશે છે તે - x - અંકરત્નમય ઉત્તરપાર્શ્વયુક્ત, લઘુછિદ્ર રહિત ઘન કમાડ - x - ગોમાનસી-શય્યા, વિવિધમણિરત્નમય વ્યાલક રૂપો અને લીલા સ્થિત શાલભંજિકા. રજતમયકૂટ, વજમય શિખરો ઈત્યાદિ - x -

ઉત્સેધ - શિખર, ઉલ્લોક-ઉપરનો ભાગ, જેમાં મણિમય વંશ અને લોહિતાક્ષમય પ્રતિવંશ છે, રજતમય ભૂમિ છે, વિવિધ મણિરત્નમય જાલપંજર છે. - x - x - અંકમય પક્ષ છે, જ્યોતીરસમય વંશ છે - x - રજતમય પટ્ટિકા છે ઈત્યાદિ - x - x - બહુલતાથી અંકરત્નમય પક્ષ, પક્ષબાહુ આદિના અંકરત્નાત્મક, કનકમય શિખર, તપનીયમય લઘુ શિખરરૂપ છે. - x -

હવે તેના શ્વેતત્વને વિશેષથી દર્શાવે છે – શ્વેતત્વને ઉપમા વડે દૃઢ કરે છે - વિમલ એવું જે શંખદલ કે શંખતલ, જે નિર્મળ - ઘનીભૂત દહીં, ગાયના દૂધના ફીણ, ચાંદીના ઢગલાની જેમ પ્રકાશતો, અર્દ્ધ ચંદ્ર વડે આશ્ચર્યભૂત. વિવિધ મણિમયી માળા વડે અલંકૃત્, અંદર-બહાર શ્લક્ષ્ણ તપનીય રુચિર રેતીનો પ્રસ્તાર જેમાં છે તે. શુભસ્પર્શાદિયુક્ત છે.

તે દ્વારોના બંને પડખે બે પ્રકારે નિષીદનસ્થાન છે. દ્વારની ભીંત સમીપે નિતંબ છે. વંદન કળશો સોળ-સોળ છે. તે વંદન કળશો, શ્રેષ્ઠ કમળે સ્થાપિત, સુગંધી શ્રેષ્ઠ જળથી પૂર્ણ, ચંદન વડે ચર્ચિત, કંઠમાં માળા, પદ્મોત્પલથી ઢાંકેલ, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ મોટા મોટા ઈન્દ્રકુંભ સમાન કહેલ છે. આ પ્રકારે ત્યાં સુધી જાણવું, જ્યાં સુધી સોળ વનમાળા કહી છે. તે આ પ્રમાણે – તે દ્વારોના બંને પડખે બે નિષિધિકામાં સોળ-સોળ નાગદંતક કહ્યા છે. તે નાગદંતકો મોતીના જાલંતરથી ઉંચે રહેલા છે. હેમજાલ-ગવાક્ષજાલ-નાની ઘંટડી જાલથી પરિક્ષિપ્ત, - x - પન્નગાર્દ્ધરૂપ, પન્નગ સંસ્થાન સંસ્થિત, સર્વ વજમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ, મોટા-મોટા ગજદંત સમાન કહેલ છે.

તે નાગદંતકોમાં ઘણાં કાળા દોરામાં વૃત્ત, લટકતાં માલ્યદામ સમૂહ છે. - x - તે દામ તપનીય લંબૂશક, સુવર્ણ પ્રતર મંડિત, અન્યોન્ય અસંપ્રાપ્ત, પૂર્વાદિ દિશાથી આવતા વાયુ વડે મંદ મંદ કંપતા-કંપતા, લટકતા ઈત્યાદિથી ઉદાર મનોજ્ઞ-મનહર-કાન અને મનને સુખકારી શબ્દોથી તે પ્રદેશને પૂરતા અને શ્રી વડે અતી-અતી ઉપશોભિત થતું રહેલ છે.

નાગદંતકોની ઉપર બીજા ૧૬-૧૬ નાગદંતકો, મોતીના જાલંતરથી લટકે છે. હેમજાલ યાવત્ મોટા-મોટા ગજદંત સમાન કહેલ છે. તે નાગદંતકોમાં ઘણાં રજતમય સિક્કામાં ઘણાં વૈડૂર્યમય ધૂપઘટિકા કહી છે, તે ધૂપઘટિકામાં કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક આદિની ધૂપથી મઘમઘે છે, તેનાથી અભિરામ, ગંધવર્તીભૂત થઈ ઉદાર, મનોજ્ઞ, ઘ્રાણ-મનને સુખકર ગંધ વડે તે પ્રદેશોને આપૂરીત કરતાં-કરતાં રહે છે.

તે દ્વારની બંને બાજુએ બે નિષિધિકામાં સોળ સોળ શાલભંજિકાઓ છે. તે લીલાસ્થિત છે સુઅલંકૃત્, વિવિધ રંગી વસ્ત્રયુક્ત, રક્તઅંગી, કાળ વાળવાળી, મૃદુ વિષય પ્રશસ્ત લક્ષણ૦ મુષ્ટિમાં ગ્રાહ્ય મધ્યભાગવાળી, - x - x - પીન રચિત સંસ્થિત પયોધરવાળી, કંઈક અશોકવર પાદપ સમુસ્થિત, ડાબા હાથમાં ગ્રહણ કરેલ શાખાવાળી - x - પરસ્પર ખિદ્યમાન એવી, પૃથ્વી પરિમાણવાળી, શાશ્વતભાવ ઉપગત, ચંદ્રાનના, ચંદ્રવિલાસી ઈત્યાદિ ઉલ્કાવત્ ઉદ્યોતીતા - x - શ્રૃંગારાગાર સુંદર વેશવાળી, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

તે દ્વારોની બંને પડખે બે નિષિધિકામાં સોળ-સોળ જાલકટક છે, બધાં રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે દ્વારના બંને પડખે બંને નિષિધિકામાં સોળ-સોળ ઘંટા કહી છે. તે ઘંટા આવી છે — જાંબૂનદમય ઘંટા, વજ્રમય લાલા, મણિમય ઘંટાપાર્શ્વ, તપનીયમય સાંકળ, રજતમય રજ્જૂ છે. તે ઘંટો ઓઘસ્વરા, મેઘસ્વરા, ક્રૌંચસ્વરા, સીંહસ્વરા૦ ઈત્યાદિથી કાન અને મનને સુખકર સ્વર વડે તે પ્રદેશને આપૂરીત કરે છે. - x -

તે દ્વારની બંને બાજુ બે નિષિધિકામાં સોળ-સોળ વનમાળાઓ છે. તે વનમાળા વિવિધ દ્રુમલય કિસલય પલ્લવ સમાકુલ, ભ્રમર વડે ભોગવાતા, શ્રી વડે શોભિત યાવત્ પ્રતિરૂપ છે.

*[હવે વૃત્તિમાં આપેલ કેટલાંક શબ્દાર્થો નોંધેલ છે —]*

नागदन्त - અંકોટક, મુક્તાજાલના અંતરમાં જે ઉચ્છ્રિત-લટકતી, હેમજાલ-સોનાનો દામસમૂહ, ગવાક્ષજાલ-ગવાક્ષાકૃતિ રત્ન વિશેષ ઘમસમૂહ, કિંકિણી ઘંટાજાલ-ક્ષુદ્ર ઘંટાસમૂહ, અબ્ભુગ્ગય-આગળના ભાગે કંઈક ઉન્નત, અભિમુખ-બહારના ભાગે અભિમુખ. સુષ્ઠુ-અતિશયપણે, સમ્યગ્-થોડાં પણ ચલન રહિત પરિગૃહીત. અહેપન્નગ-નીચે જે પન્નગના અર્દ્ધ રૂપ - આકાર જેમનો છે તે તથા પન્નગાર્દ્ધવત્ અતિસરળ અને દીર્ઘ.

કૃષ્ણસૂત્ર બદ્ધ વગ્ઘારિય-અવલંબિત, માલ્યદામ કલાપ - પુષ્પમાળા સમૂહ. તવણિજ્જ લંબૂસગા - માળાના આગળના ભાગમાં ગોલક આકૃતિ મંડન વિશેષ. સુવર્ણપ્રતર-સુવર્ણપત્રક. શાલભંજિકા સૂત્રમાં — पीन - સ્થૂળ, સંસ્થિત-સંસ્થાન - x - આમેલક-શેખર, ડીંટડી. યમલ-સમશ્રેણિક, વત્તિત-બદ્ધ સ્વભાવ ઉપચિત કઠિન ભાવ, અભ્યુન્નત સ્તનોવાળી. - x -

તે દ્વારોની ઉપર આઠ-આઠ મંગલો કહેલા છે.

તે દ્વારોની આગળ મુખમંડપો છે. તે મુખમંડપ ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા, સાતિરેક ૧૬ યોજન ઉંચા અનેક સ્તંભ ઉપર સંનિવિષ્ટ છે, ઈત્યાદિ વિજયદેવની સુધર્મા સભા માફક વર્ણન પ્રતિરૂપા સુધી કરવું.



મુખમંડપની આગળ ચારે કે ત્રણે દિશામાં એકૈક દ્વાર કહેલ છે. તે દ્વારો ૧૬ યોજન ઉંચા, આઠ યોજન પહોળા, આઠ યોજન પ્રવેશમાં છે૦ એ રીતે દ્વાર વર્ણન પૂર્વવત્ કહેવું યાવત્ ઉપર આઠ મંગલો છે. ઉલ્લોચ વર્ણન પૂર્વવત્. જે અષ્ટમંગલ કહ્યા તે બધાં રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપક છે. ઘણાં કૃષ્ણચામર ધ્વજાદિ પૂર્વવત્ યાવત્ સહસ્રપત્ર.

મુખમંડપોની આગળ એક-એક પ્રેક્ષાગૃહમંડપ છે. તે મુખમંડપવત્ પ્રમાણથી કહેવા. ઉલ્લોચ, ભૂમિભાગ વર્ણન પૂર્વવત્. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશ ભાગમાં પ્રત્યેક અક્ષપાટક છે. તે અક્ષપાટક વજ્રમય યાવત્ પ્રતિરૂપ છે. તે અક્ષપાટકોના બહુમધ્યદેશ ભાગમાં એકૈક મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજનજાડી આદિ છે.

તે મણિપીઠિકા ઉપર સીંહાસન છે, તે સીંહાસનનું, વિજયદૂષ્યનું, અંકુશનું, દામ વર્ણન બધું પૂર્વવત્. તેમાં પ્રેક્ષાગૃહ મંડપની ઉપર આઠ-આઠ મંગલો યાવત્ સહસ્ર પત્રો છે. તે પ્રેક્ષાગૃહ મંડપોની આગળ એકૈક મણિપીઠિકા છે. તે પ્રત્યેક મણિપીઠિકા ૧૬-યોજન લાંબી-પહોળી, આઠ યોજન જાડી આદિ છે.

તે મણિપીઠિકા ઉપર પ્રત્યેક ચૈત્યસ્તૂપ છે. તે ચૈત્યસ્તૂપ ૧૬ યોજન લાંબી-પહોળી, સાતિરેક ૧૬-યોજન ઉંચો છે. શંખ-અંક-કુંદ-ઉદકરજ, અમૃત મથિત ફીણના ઢગલા જેવો સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ પ્રતિરૂપ છે.

તે ચૈત્યસ્તૂપની ઉપર આઠ-આઠ મંગલ, ઘણાં કૃષ્ણ ચામરધ્વજ ઈત્યાદિ પૂર્વવત્. તે ચૈત્યસ્તૂપની ચારે દિશામાં ચાર મણિપીઠિકા છે. તે આઠ યોજન લાંબી-પહોળી આદિ - x - છે. તે એકૈક મણિપીઠિકાની ઉપર ચાર જિનપ્રતિમા જિનોત્સેધ પ્રમાણ-૫૦૦ ધનુષ્ પ્રમાણ, સંપૂર્ણ રત્નમય, પલ્યંકાસને બેઠેલી, સ્તૂપાભિમુખ્ય રહેલી છે. તે આ રીતે — પૂર્વમાં ઋષભ, દક્ષિણમાં વર્દ્ધમાન, પશ્ચિમમાં ચંદ્રાનના, ઉત્તરમાં વારિષેણ. તે ચૈત્યસ્તૂપોની આગળ એકૈક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા ૧૬ યોજન લાંબી-પહોળી, આઠ યોજન જાડી, તે સંપૂર્ણ મણીમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર એકૈક ચૈત્યવૃક્ષ છે. તે ચૈત્યવૃક્ષ આઠ યોજન ઉંચુ, અર્દ્ધ યોજન જમીનમાં, બે યોજન ઉંચો સ્કંધ છે, તે જ અર્દ્ધ યોજન વિષ્કંભથી યાવત્ બહુ મધ્યદેશ ભાગમાં ઉંચી નીકળેલ શાખા, તે છ યોજન ઉંચી છે. તે પણ અર્દ્ધ યોજન વિષ્કંભથી છે. બધું મળીને સાતિરેક આઠ યોજન છે. આ ચૈત્યવૃક્ષ વિજય રાજધાનીના ચૈત્યવૃક્ષવત્ કહેવું. - x -

તે ચૈત્યવૃક્ષની આગળ એક મણિપીઠિકા છે. તે મણિપીઠિકા આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી આદિ છે. તે મણિપીઠિકા ઉપર એકૈક મહેન્દ્રધ્વજ છે. તે મહેન્દ્ર ધ્વજ ૬૦ યોજન ઉંચુ છે. એક યોજન જમીનમાં, યોજન વિષ્કંભથી, વજ્રમય છે, ઈત્યાદિ વર્ણન વિજયદેવ રાજધાનીના મહેન્દ્ર ધ્વજવત્ જાણવું. મહેન્દ્રધ્વજ

ઉપર આઠ-આઠ મંગલો ઈત્યાદિ છે. - x -

તે મહેન્દ્ર ધ્વજની આગળ એકૈક નંદાપુષ્કરિણી છે. તે પુષ્કરિણી ૧૦૦ યોજન લાંબી-પહોળી, ૫૦ યોજન વિષ્કંભથી, દશ યોજન ઉંડી, સ્વચ્છ-શ્લક્ષ્ણ-રજતમય કાંઠાવાળી આદિ છે. - x - તે પ્રત્યેક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિક્ષિપ્ત છે. તેની ત્રણ દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક છે. - x - પુસ્તકાંતરથી — તે પુષ્કરિણીની ચારે દિશામાં ચાર વનખંડ છે. પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં ચંપકવન, પશ્ચિમ-સપ્તપર્ણવન, ઉત્તરમાં ચૂતવન.

તેમાં સિદ્ધાયતનમાં એકૈકમાં ૪૮,૦૦૦ ગુલિકા છે. તે મનોગુલિકાની અપેક્ષાએ નાની છે. તે પૂર્વમાં ૧૬,૦૦૦ ઈત્યાદિ છે. - x - વિજયદેવ રાજધાનીની સુધર્માસભા વત્ દામ વર્ણન સુધી કહેવું. તે સિદ્ધાયતનોમાં એકૈકમાં ૪૮,૦૦૦ મનોગુલિકા છે. તે ગુલિકા અપેક્ષાએ મોટી છે. પૂર્વમાં ૧૬,૦૦૦ આદિ કહેવી.

તે સિદ્ધાયતનોમાં એકૈકમાં ૪૮,૦૦૦ ગોમાનુષી-શય્યા રૂપ સ્થાન વિશેષ છે. - x - તેનું પણ ફલક વર્ણન, નાગદંતવર્ણન, સિક્કાનું વર્ણન, ધૂપઘટિકા વર્ણન પૂર્વવત્ કહેવું. - x - તેના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેકમાં મણિપીઠિકા કહી છે. તે ૧૬ યોજન લાંબી યાવત્ પ્રતિરૂપક છે.

તે મણિપીઠિકાની ઉપર એકૈક દેવછંદક કહેલ છે. તે દેવછંદક ૧૬ યોજન લાંબો-પહોળો, સાતિરેક ૧૬ યોજન ઉંચો, સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે દેવછંદકમાં પ્રત્યેકમાં ૧૦૮ જિનપ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ - ૫૦૦ ધનુષ્ પ્રમાણ રહેલ છે. પ્રતિમા વર્ણન વિજયદેવ રાજધાનીના સિદ્ધાયતન માફક કરવું.

તે સિદ્ધાયતનની ઉપર પ્રત્યેકમાં આઠ મંગળ, ઘણાં કાળા ચામરધ્વજ યાવત્ ઘણાં સહસ્રપત્ર છે, સર્વરત્નમયાદિ છે.

તે ચારે અંજન પર્વત મધ્યે જે પૂર્વ દિશાનો અંજનક પર્વત છે, તેની ચારે દિશામાં એકૈક નંદા પુષ્કરિણી છે. પૂર્વમાં નંદિષેણા, દક્ષિણમાં અમોઘા, પશ્ચિમમાં ગોસ્તૂપા, ઉત્તરમાં સુદર્શના, તે પુષ્કરિણી એક લાખ યોજન લાંબી-પહોળી, ૩,૧૬,૨૨૭ યોજન, ૩-ગાઉ, ૨૮-ધનુષ્, ૧૩॥ આંગળથી કંઈક વધુ પરિધિથી છે. ૧૦ યોજન ઉંડી છે. બાકી બધું જગતી ઉપરની પુષ્કરિણીવત્ કહેવું. વિશેષ એ કે — વૃત્ત, સમતીર, ક્ષોદોદકથી પ્રતિપૂર્ણ છે. તે એકૈક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિક્ષિપ્ત છે. - x - x - આ પ્રમાણે બાકીના અંજનપર્વત સંબંધી નંદા પુષ્કરિણી પણ કહેવી.

તે પુષ્કરિણીના બહુમધ્ય દેશભાગે એકૈક દધિમુખ નામે પર્વત છે. તે ૬૪,૦૦૦ યોજન ઉંચા, ૧૦૦૦ યોજન ઉંડા, સર્વત્ર સમ, પલ્યંક સંસ્થાન સંસ્થિત, ૧૦,૦૦૦ યોજન પહોળા, ૩૧,૬૨૩ યોજન પરિધિથી છે, સંપૂર્ણ સ્ફટિકમય યાવત્ પ્રતિરૂપ છે. એકૈક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિક્ષિપ્ત છે. - x - દધિમુખ પર્વત ઉપરના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એકૈક સિદ્ધાયતન કહેલ છે. તેનું કથન અંજનપર્વતીય સિદ્ધાયતનવત્ છે.

તેમાં દક્ષિણ અંજનકપર્વતનું કથન પૂર્વના અંજનક પર્વતવત્ કરવું. માત્ર નંદાપુષ્કરિણીના નામોમાં ફેરફાર છે. પૂર્વમાં નંદોત્તરા, દક્ષિણમાં નંદા, પશ્ચિમમાં આનંદા, ઉત્તરમાં નંદિવર્દ્ધના. પૂર્વના અંજનક પર્વત માફક પશ્ચિમનો પણ કહેવો. માત્ર નંદા પુષ્કરિણીના નામ સૂત્રાર્થમાં કહ્યા મુજબના નોંધવા. એ પ્રમાણે ઉત્તર દિશાનો અંજનક પર્વત પણ કહેવો. નંદાપુષ્કરિણીના નામમાં ફેરફાર છે તે સૂત્રાર્થ મુજબ જાણવો.



આ સોળ વાવડીના અંતરાલમાં પ્રત્યેકમાં બબ્બે રતિકર પર્વત છે. જિનભવન મંડિત શિખર શાસ્ત્રાંતરમાં અભિહિત છે. તેથી નંદીશ્વરે સર્વ દ્વીપ સંખ્યા બાવન સિદ્ધાયતનની છે. ત્યાં પૂર્વવત્ ઘણાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો ચાતુર્માસાદિ અનેક પ્રસંગે આવે છે.

નંદીશ્વર દ્વીપમાં ચક્રવાલ વિષ્કંભના બહુ મધ્યદેશ ભાગમાં ચારે વિદિશામાં એમ ચાર રતિકર પર્વતો છે. એક ઈશાનમાં, બીજો અગ્નિમાં, ત્રીજો નૈઋત્ય, ચોથો વાયવ્યમાં. તે રતિકર પર્વત ૧૦,૦૦૦ યોજન ઉંચા, ૧૦૦૦ યોજન ઉંડા, બધે સમ, ઝલ્લરી સંસ્થાને રહેલ, ૧૦,૦૦૦ યોજન વિષ્કંભથી ૩૧,૬૨૩ યોજન પરિધિથી, સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

રતિકર પર્વતની ચારે દિશામાં એકૈક એવી રાજધાની છે. તે ઈશાનેન્દ્રની ચાર અગ્રમહિષીની છે, જંબૂદ્વીપ પ્રમાણ ચારે રાજધાની છે. પૂર્વમાં નંદોત્તરાની, દક્ષિણમાં નંદાની, પશ્ચિમે ઉત્તરકુરા, ઉત્તરમાં દેવકુરાની. - x - અગ્નિદિશાના રતિકર પર્વતની ચારે દિશામાં શક્રેન્દ્રની ચારે અગ્રમહિષીની જંબૂદ્વીપ પ્રમાણ ચાર રાજધાની — પૂર્વમાં સુમના, દક્ષિણમાં સૌમનસા, પશ્ચિમમાં અર્ચિર્માલી, ઉત્તરમાં મનોરમા. - x - નૈઋત્ય ખૂણાના રતિકર પર્વતની ચારે દિશામાં શક્રેન્દ્રની ચાર અગ્રમહિષીની ચાર રાજધાની છે. પૂર્વમાં ભૂતા, દક્ષિણમાં ભૂતાતવંસા, પશ્ચિમમાં ગોસ્તૂપા, ઉત્તરમાં સુદર્શના. - x - વાયવ્યના રતિકરપર્વતની ચારે દિશામાં ઈશાનેન્દ્રની ચાર અગ્રમહિષીની ચાર રાજધાની છે. પૂર્વમાં રત્ના, દક્ષિણમાં રત્નોચ્ચયા, પશ્ચિમમાં સર્વરત્ના, ઉત્તરમાં રત્નસંચયા. - x -

ચાર રતિકર પર્વતની વક્તવ્યતા કેટલીક પ્રતમાં સર્વથા દેખાતી જ નથી. કૈલાશ અને હરિવાહન નામના બે દેવો યથાક્રમે પૂર્વાર્દ્ધ-પશ્ચિમાર્દ્ધના અધિપતિ, મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવો વસે છે. તેથી નંદીશ્વર. ચંદ્રાદિ સંખ્યા પૂર્વવત્ છે.

**● સૂત્ર-૨૯૫ :-**

***નંદીશ્વર દ્વીપ ચોતરફથી નંદીશ્વરસમુદ્ર જે વૃત્ત અને વલયાકારે રહેલ છે, તેનાથી ઘેરાયેલ છે યાવત્ બધું પૂર્વવત્. અર્થ ક્ષૌદોદકવત્ યાવત્ અહીં સુમનસ અને સૌમનસભદ્ર નામના બે મહર્દ્ધિક દેવ યાવત્ વસે છે. બાકી બધું પૂર્વવત્.***

**● વિવેચન-૨૯૫ :-**

નંદીશ્વર સમુદ્ર, નંદીશ્વર દ્વીપને ઘેરીને રહેલ છે. - x - ક્ષોદોદક સમુદ્રની વક્તવ્યતાની જેમ અહીં અર્થ સહિત બધું કહેવું. માત્ર અહીં સુમન અને સુમનસ બે

દેવ કહેવા. ઉદકને કારણે અથવા નંદીશ્વરદ્વીપને વીંટીને રહેલ હોવાથી નંદીશ્વર સમુદ્ર કહ્યો. આ પ્રમાણે બધાં સમુદ્ર અને દ્વીપની યથાયોગ્ય વ્યુત્પત્તિ કહેવી. આ રીતે જંબૂદ્વીપથી નંદીશ્વર સમુદ્ર સુધી એક પ્રત્યવતારા કહ્યા. હવે આગળ અરુણ આદિ દ્વીપ-સમુદ્ર પ્રત્યેક ત્રિપ્રત્યવતારોને કહે છે.

**● સૂત્ર-૨૯૬ થી ૩૦૦ :-**

*[૨૯૬] નંદીશ્વર સમુદ્ર, અરુણ નામક વૃત્ત-વલયાકાર દ્વીપ વડે યાવત્ ઘેરાઈને રહેલ છે. ભગવન્ ! અરુણદ્વીપ શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ સંસ્થિત ? ગૌતમ ! સમચક્રવાલ સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થિત નથી. ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ? સંખ્યાત લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ અને સંખ્યાત લાખ યોજન પરિધિ છે. પદ્મવર વેદિકા, વનખંડ, દ્વાર, દ્વારાંતર પૂર્વવત્ છે. સંખ્યાત લાખ યોજન દ્વારાંતર યાવત્ નામ-અર્થ — વાવડી ઈક્ષુરસ જેવા પાણીથી ભરી છે. ઉત્પાત્ પર્વત સર્વ વજ્રમય, સ્વચ્છ છે. અશોક અને વીતશોક એ બે મહર્દ્ધિક યાવત્ દેવો વસે છે. તે કારણે૦ યાવત્ સંખ્યાત જ્યોતિષ્ક છે.*

*[૨૯૭] અરુણ દ્વીપ, અરુણોદ સમુદ્રથી ઘેરાયેલ છે. તેનો પણ પૂર્વવત્ પરિક્ષેપ છે. નામાર્થ — ક્ષોદોદક. વિશેષ આ — સુભદ્ર અને સુમનભદ્ર બે મહર્દ્ધિક દેવો છે. બાકી પૂર્વવત્.*

*અરુણોદ સમુદ્ર, અરુણવર નામક વૃત્ત-વલયાકાર દ્વીપ વડે ઘેરાયેલ છે. પૂર્વવત્ બધું સંખ્યાતું યાવત્ નામાર્થ ક્ષોદોદક વડે પરિપૂર્ણ છે. ઉત્પાત્ પર્વત સર્વ વજ્રમય, સ્વચ્છ છે. બે દેવો અરુણવરભદ્ર અને અરુણવરમહાભદ્ર મહર્દ્ધિક આદિ છે.*

*એ પ્રમાણે અરુણવર સમુદ્રમાં યાવત્ અરુણવર અને અરુણ મહાવર નામક બે દેવો છે. બાકી બધું પૂર્વવત્.*

*અરુણવરોદ સમુદ્રને અરુણવરાવભાસ નામક વૃત્ત દ્વીપ ઘેરીને રહેલ છે યાવત્ અરુણવરાવભાસભદ્ર અને અરુણવરાવભાસમહાભદ્ર એ બે મહર્દ્ધિક દેવો છે.*

*એ પ્રમાણે અરુણવરાવભાસ સમુદ્ર છે. વિશેષ એ કે ત્યાં અરુણવરાવ-ભાસવર, અરુણવરાવભાસમહાવર દેવો છે.*

*[૨૯૮] કુંડલદ્વીપમાં કુંડલભદ્ર અને કુંડલ મહાભદ્ર બે મહર્દ્ધિક દેવો છે. - - - કુંડલોદ સમુદ્રમાં ચક્ષુશુભ, ચક્ષુકાંત બે મહર્દ્ધિક દેવો છે. - - - કુંડલવર દ્વીપમાં કુંડલવરભદ્ર, કુંડલવર-મહાભદ્ર એ બે મહર્દ્ધિક દેવ છે. - - - કુંડલવરોદ સમુદ્રમાં મહર્દ્ધિક બે દેવ કુંડલવર અને કુંડલવરમહાવર છે. - - - કુંડલવરાવભાસ દ્વીપમાં કુંડલવરાવભાસભદ્ર અને કુંડલવરાવભાસમહાભદ્ર એ બે દેવો છે. - - - કુંડલવરોભાસ સમુદ્રમાં કુંડલવરોભાસવર અને કુંડલવરોભાસમહાવર એ બે દેવ યાવત્ પલ્યોપમ-સ્થિતિક વસે છે.*

*[૨૯૯] કુંડલવરોભાસ સમુદ્ર, રુચક નામક વૃત્તવલયાકાર દ્વીપ યાવત્*



*ઘેરીને રહેલ છે. તે શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ ? ગૌતમ ! સમચક્રવાલ સંસ્થિત છે. ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ? આદિ પૂર્વવત્. સર્વાર્થ અને મનોરથ બે દેવો છે. બાકી પૂર્વવત્. - - - રુચકોદ નામક સમુદ્ર ક્ષોદોદ સમુદ્ર માફક સંખ્યાત લાખ યોજન ચક્રવાલ વિષ્કંભવાળા, સંખ્યાત લાખ યોજન પરિધિવાળા, દ્વાર-દ્વારાંતર પણ સંખ્યાત લાખ યોજનવાળા છે. જ્યોતિષ્ક સંખ્યા પણ સંખ્યાત કહેવી. નામાર્થ પણ ક્ષોદોદ માફક કહેવો. વિશેષ એ — સુમન અને સોમનસ એ બે દેવો મહર્દ્ધિક છે આદિ પૂર્વવત્.*

*રુચકદ્વીપની આગળ બધાં દ્વીપ-સમુદ્રોનો વિષ્કંભ, પરિધિ, દ્વારાંતર, જ્યોતિષ્ક બધું અસંખ્યાત કહેવું.*

*રુચકોદ સમુદ્રને ઘેરીને રુચકવર નામે વૃત્ત દ્વીપ છે, તેમાં રુચકવરભદ્ર અને રુચકવરમહાભદ્ર એ બે દેવ છે. - - - રુચકવરોદ સમુદ્રમાં રુચકવર, રુચક મહાવર બે મહર્દ્ધિક દેવ છે. રુચકવરાવભાસ દ્વીપમાં રુચકવરાવભાસવર અને રુચકવરાવભાસમહાવર એ બે મહર્દ્ધિક દેવ છે.*

*[૩૦૦] હારદ્વીપમાં હારભદ્ર, હારમહાભદ્ર દેવ છે. હાર સમુદ્રમાં હારવર, હારવરમહાવર એ બે મહર્દ્ધિક દેવ છે. હારવરોદ દ્વીપમાં હારવરભદ્ર, હારવરમહાભદ્ર બે મહર્દ્ધિક દેવ છે. હારવરોદ સમુદ્રમાં હારવર, હારવરમહાવર એ બે દેવ છે.*

*હારવરાવભાસદ્વીપમાં હારવરાવભાસભદ્ર અને હારવરાવભાસમહાભદ્ર બે દેવ છે. હારવરાવભાસ સમુદ્રમાં હારવરાવભાસવર અને હારવરાવભાસમહાવર એ બે દેવ છે.*

*આ પ્રમાણે બધાં ત્રિપ્રત્યાવતાર જાણવા યાવત્ સુરવરોભાસ સમુદ્ર, દ્વીપના નામ સાથે ભદ્ર અને સમુદ્રના નામ સાથે વર લગાડતા, તે દ્વીપ, સમુદ્રના નામ થાય છે. યાવત્ ક્ષોદવરથી સ્વયંભૂરમણ પર્યન્તમાં વાવડી આદિ ઈક્ષુરસ જેવા જળથી ભરેલ છે, પર્વતો બધાં વજ્રમય છે.*

*દેવદ્વીપ દ્વીપમાં બે મહર્દ્ધિક દેવ રહે છે — દેવભદ્ર અને દેવમહાભદ્ર. દેવોદ સમુદ્રમાં દેવવર અને દેવમહાવર છે યાવત્ સ્વયંભૂરમણ દ્વીપમાં સ્વયંભૂરમણભદ્ર અને સ્વયંભૂરમણમહાભદ્ર એ બે મહર્દ્ધિક દેવ છે. - - - સ્વયંભૂરમણદ્વીપ, સ્વયંભૂરમણ નામે વૃત્ત-વલયાકાર સમુદ્રથી ઘેરાયેલ છે. યાવત્ અસંખ્યાત લાખ યોજન પરિધિથી છે યાવત્ નામાર્થ —*

*ગૌતમ ! સ્વયંભૂરમણ સમુદ્રનું જળ સ્વચ્છ, પથ્ય, જાત્ય, તનુક, સ્ફટીકવર્ણ આભાવાળું, પ્રાકૃતિક ઉદકરસ છે. તેમાં સ્વયંભૂરમણવર અને સ્વયંભૂરમણ મહાવર બે મહર્દ્ધિક દેવો છે. બાકી પૂર્વવત્ યાવત્ અસંખ્યાત તારાગણ કોડાકોડી શોભે છે.*

**● વિવેચન-૨૯૬ થી ૩૦૦ :-**

નંદીશ્વર સમુદ્રને ઘેરીને અરુણદ્વીપ રહેલ છે. - X - ક્ષોદવરદ્વીપની વક્તવ્યતા

અહીં અર્થ સહિત કહેવી. વિશેષ એ કે – વાપી આદિ ક્ષીરોદક પરિપૂર્ણ છે. પર્વતાદિ વજ્રમય છે. અશોક અને વીતશોક બે દેવો છે. - x - અરુણદ્વીપને ઘેરીને અરુણોદ સમુદ્ર રહેલ છે. તે વૃત્ત-વલયાકાર સંસ્થાન સંસ્થિત છે. ક્ષોદોદકસમુદ્ર કથનવત્ અહીં પણ બધું કહેવું. માત્ર અહીં સુભદ્ર, સુમનોભદ્ર બે દેવો કહેવા. - x - x - અરુણોદ સમુદ્રને અરુણવરનામે દ્વીપ ઘેરીને રહેલ છે. અહીં પણ તે જ વક્તવ્યતા કહેવી. માત્ર અરુણવરભદ્ર અને અરુણવરમહાભદ્ર દેવો કહેવા. નામોત્પત્તિ સ્વયં કહેવી.

અરુણવરદ્વીપને અરુણવરોદ સમુદ્ર ઘેરીને રહેલ છે. અહીં પણ પૂર્વવત્, માત્ર અરુણવર અને અરુણમહાવર બે દેવ કહેવા. અરુણવરોદ સમુદ્રને અરુણવરાવભાસ નામે દ્વીપ ઘેરીને રહેલ છે. અહીં પણ ક્ષોદવરદ્વીપવત્ વક્તવ્યતા છે. માત્ર અરુણવરાવભાસભદ્ર સમુદ્ર ઘેરીને રહેલ છે. વક્તવ્યતા અહીં પણ ક્ષોદોદ સમુદ્રવત્ છે. માત્ર અરુણવરાવભાસવર અને અરુણવરાવભાસમહાવર નામે દેવ છે. આ રીતે અરુણદ્વીપ અને સમુદ્ર ત્રિપ્રત્યાવતાર કહ્યા તે આ રીતે – અરુણદ્વીપ - અરુણસમુદ્ર, અરુણવરદ્વીપ-અરુણવર સમુદ્ર, અરુણવરાવભાસ દ્વીપ-સમુદ્ર.

આ પ્રમાણે કુંડલ દ્વીપ-કુંડલ સમુદ્રના ત્રિપ્રત્યાવતાર કહેવા. જેમકે અરુણવરાવભાસ સમુદ્રને ઘેરીને કુંડલદ્વીપ છે. ઈત્યાદિ વક્તવ્યતા સૂત્રાર્થ મુજબ જાણવી. દેવોના નામોની ભિન્નતા પણ સૂત્રના અર્થમાં કહી જ છે, માટે પુનરુક્તિ કરતા નથી.

કુંડવરાવભાસ સમુદ્રને ઘેરીને રુચકદ્વીપ રહેલ છે. - x - x - રુચકદ્વીપ-સમુદ્રનો પણ ત્રિપ્રત્યાવતાર જાણવો. રુચકવર દ્વીપ-સમુદ્ર, રુચકવરાવભાસ દ્વીપ-સમુદ્ર. બધી વક્તવ્યતા અને દેવોના નામ સૂત્રાર્થમાં લખી જ દીધા છે. માટે તે વૃત્તિના અનુવાદ થકી અહીં પુનરુક્તિ કરતા નથી.

અન્યત્ર પણ જોવા મળે છે કે – જંબૂદ્વીપ, લવણ, ધાતકી, કાલોદ, પુષ્કર, વરુણ, ક્ષીર-ઘૃત-ક્ષોદ-નંદી, અરુણવર, કુંડલ, રુચક. એટલે તેને અહીં વર્ણવ્યા. અહીંથી આગળ લોકમાં જે શંખ, ધ્વજ, કળશ, શ્રીવત્સ આદિ શુભ નામો છે, તે નામના દ્વીપ-સમુદ્રો જાણવા. તે બધાં ત્રિપ્રત્યાવતાર છે. અપાંતરાલમાં ભુજગવર, કુશવર અને ક્રૌંચવર છે. તથા જે કોઈ આભરણના નામો છે – હાર, અર્દ્ધહાર આદિ જે વસ્તુના નામો છે - આજિનાદિ, જે ગંધ નામો - કોષ્ઠાદિ, જે ઉત્પલ નામો - જલરુહ પ્રમુખ, તિલક વગેરે જે વૃક્ષના નામો, જે પૃથ્વીઓના ૩૬-ભેદ ભિન્ન નામો, ચક્રવર્તીની નવ નિધિ, ચૌદરત્નો, વર્ષધર પર્વતો, દ્રહો, નદી, અંતર્નદી, વિજયો, વક્ષસ્કાર પર્વતો, કલ્પો, ઈન્દ્રો, કુરુ, આવાસ, કૂટ, નક્ષત્રો, ચંદ્ર-સૂર્યોના નામો, તે બધાં જ ત્રિપ્રત્યાવતાર કહેવા.

એ પ્રમાણે હારદ્વીપ-હારોદસમુદ્ર, હારવરદ્વીપ-હારવર સમુદ્ર, હારવરાવભાસદ્વીપ-હારવરાવભાસ સમુદ્ર. દ્વીપ-સમુદ્ર વક્તવ્યતા પૂર્વવત્. દેવોના નામ સૂત્રાર્થમાંથી જાણવા.

એ પ્રમાણે બાકીના પણ આભરણ નામના ત્રિપ્રત્યવતાર કહેવા – અર્દ્ધહાર દ્વીપ, અર્દ્ધહાર સમુદ્ર આદિ. કનકાવલિદ્વીપ, કનકાવલિ સમુદ્ર આદિ. રત્નાવલિ





દ્વીપ, રત્નાવલિ સમુદ્ર આદિ. મુક્તાવલી દ્વીપ, મુક્તાવલી સમુદ્ર આદિ. બધાં ત્રિપ્રત્યાવતાર કહેવા, વસ્તુની વિચારણામાં - આજિન દ્વીપ, આજિન સમુદ્ર આદિ.

દેવ વિચારણામાં અર્દ્ધહાર દ્વીપમાં અર્ધહારભદ્ર અને અર્દ્ધહારમહાભદ્ર બે દેવ છે. અર્દ્ધહાર સમુદ્રમાં અર્દ્ધહારવર અને અર્દ્ધહારમહાવર દેવ છે. એ રીતે પ્રત્યેક દ્વીપ-સમુદ્રમાં તેના-તેના નામ પ્રમાણે આગળ ભદ્ર-મહાભદ્ર, વર-મહાવર લગાડતા તેના-તેના દેવોના નામ પ્રાપ્ત થાય છે. જેમકે – રત્નાવલિ દ્વીપમાં – રત્નાવલીભદ્ર અને રત્નાવલીમહાભદ્ર દેવ છે ઈત્યાદિ - x - આજિન સમુદ્રમાં – આજિનવર અને આજિનવરમહાવર ઈત્યાદિ. - x - આ પ્રમાણે ત્રિપ્રત્યાવતાર દેવોના નામો કહેવા. યાવત્ સૂર્યદ્વીપ-સૂર્ય સમુદ્ર, સૂર્યવરદ્વીપ-સૂર્યવરસમુદ્ર, સૂર્યવરાવભાસ દ્વીપ, સૂર્યવરાવભાસ સમુદ્ર. આ જ નામથી દેવોના નામો કહેવા. - x - x - સૂર્યવરાવભાસ સમુદ્ર પછી દેવદ્વીપ છે.

ભગવન્ ! દેવ દ્વીપ શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમ ચક્રવાલ સંસ્થિત ? ગૌતમ ! સમચક્રવાલ સંસ્થિત છે. ભગવન્ ! દેવદ્વીપનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલા છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન ચક્રવાલ વિષ્કંભ છે અને અસંખ્યાત લાખ યોજન પરિધિ છે. તે એક પદ્મવર વેદિકા, વનખંડથી પરિક્ષિપ્ત છે. - x - x - દેવદ્વીપના કેટલા દ્વારો છે ? ગૌતમ ! ચાર, વિજય આદિ. ભદંત ! દેવદ્વીપનું વિજય દ્વાર ક્યાં છે ? ગૌતમ ! દેવદ્વીપ પૂર્વાર્દ્ધ પર્યન્ત અને પૂર્વાર્દ્ધ દેવસમુદ્રની પશ્ચિમ દિશામાં ત્યાં વિજયદ્વાર છે. પ્રમાણ અને વર્ણક જંબૂદ્વીપના વિજયદ્વારવત્. નામનો અર્થ પણ પૂર્વવત્.

ભગવન્ ! વિજય દેવની વિજયા રાજધાની ક્યાં છે ? જંબૂદ્વીપના વિજય-દ્વારાધિપતિ વિજય દેવની જેમ કહેવી. આ પ્રમાણે બાકીના ત્રણે દ્વારો કહેવા, જ્યોતિષ્ક બધાં અસંખ્યાતો કહેવા. દેવો-દેવભદ્ર - દેવમહાભદ્ર કહેવા. બાકી બધું અરુણદ્વીપવત્.

દેવસમુદ્ર, દેવદ્વીપને ઘેરીને રહેલ છે. સમચક્રવાલ આદિ સૂત્રો પૂર્વવત્. વિશેષ એ કે દેવસમુદ્રનું વિજયદ્વાર દેવોદ સમુદ્ર પૂર્વાર્દ્ધ પર્યન્ત અને પૂર્વાર્દ્ધ નાગદ્વીપની પશ્ચિમે છે. રાજધાની વિજયદ્વારની પશ્ચિમે દેવસમુદ્રમાં તિર્છા અસંખ્યાત લાખ યોજન જઈને કહેવી. આ પ્રમાણે વૈજયંતાદિ દ્વારો કહેવા. - x - નાગદ્વીપની જેમ નાગસમુદ્ર, યક્ષદ્વીપ-યક્ષસમુદ્ર, ભૂતદ્વીપ-ભૂતસમુદ્ર કહેવા. માત્ર દેવના નામ દ્વીપ-સમુદ્રવત્ કહેવા.

સ્વયંભૂરમણ દ્વીપમાં સ્વયંભૂરમણભદ્ર, સ્વયંભૂરમણમહાભદ્ર દેવો છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં સ્વયંભૂવર અને સ્વયંભૂમહાવર દેવો છે. આ દેવ આદિ પાંચ-પાંચ દ્વીપ અને પાંચ-પાંચ સમુદ્રમાં ત્રિપ્રત્યવતારતા નથી. તેને એક એક જ કહેવા. ચૂર્ણિકારે પણ કહ્યું છે – દેવ, નાગ, યક્ષ, ભૂત, સ્વયંભૂરમણ - આ પાંચે એકૈક જ જાણવા. નંદીશ્વરદ્વીપથી સ્વયંભૂરમણદ્વીપ સુધી વાપી, પુષ્કરિણી અને દીર્ઘિકા ક્ષોદોદક પરિપૂર્ણા કહેવા. પર્વતાદિ બધાં સંપૂર્ણ વજ્રમય. નંદીશ્વર સમુદ્રથી ભૂત સમુદ્ર પર્યન્ત બધાંનું જળ ઈક્ષુરસ સમાન કહેવું. સ્વયંભૂરમણ સમુદ્રનું પુષ્કરોદ સદૃશ

જાણવું. રુચકદ્વીપથી બધાં દ્વીપ સમુદ્રોમાં અસંખ્યાત પ્રમાણ કહેવું.

જંબૂદ્વીપાદિ નામના કેટલાં દ્વીપ-સમુદ્રો છે ?

● સૂત્ર-૩૦૧,૩૦૨ :-

*[૩૦૧] ભગવન્ ! જંબૂદ્વીપ નામક કેટલા દ્વીપ છે ? ગૌતમ ! અસંખ્યાત જંબૂદ્વીપો છે. ભગવન્ ! લવણ સમુદ્રો કેટલા છે ? ગૌતમ ! અસંખ્યાત છે. એ પ્રમાણે ધાતકીખંડ પણ જાણવા. એ રીતે યાવત્ સૂર્યદ્વીપ નામક દ્વીપ અસંખ્યાત છે. દેવ દ્વીપ એક કહ્યો છે, દેવોદ સમુદ્ર એક કહ્યો છે. એ પ્રમાણે નાગ, યક્ષ, ભૂત યાવત્ સ્વયંભૂરમણ દ્વીપ, સ્વયંભૂરમણ સમુદ્ર એક જ છે.*

*[૩૦૨] ભગવન્ ! લવણ સમુદ્રના જળનો સ્વાદ કેવો છે ? ગૌતમ ! લવણ સમુદ્રનું જળ મલિન, રજવાળું, શેવાળ રહિત, ચિરસંચિત જળ જેવું, ખારું, કડવું, ઘણાં દ્વીપદ-ચતુષ્પદ-મૃગ-પશુ-પક્ષી-સરીસૃપોને માટે પીવા યોગ્ય નથી. માત્ર તે જળમાં ઉત્પન્ન અને સંવર્ધિત જીવોને માટે પેય છે.*

*ભગવન્ ! કાલોદ સમુદ્રના જળનો સ્વાદ કેવો છે ? ગૌતમ ! આસલ, પેશલ, માંસલ, કાળું, અડદની રાશિના વર્ણવાળું પ્રકૃતિથી અકૃત્રિમ રસવાળું છે.*

*ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રનું જળ કેવું છે ? ગૌતમ ! સ્વચ્છ, જાત્ય, તનુક, સ્ફટિક વર્ણનું, પ્રાકૃતિક ઉદક રસવાળું છે.*

*ભગવન્ ! વરુણોદનું જળ ? જેમ કોઈ પત્રાસવ, ચોયાસવ, ખર્જૂરસાર, સુપક્વ ઈક્ષુરસ, મેરક, કાપિશાયણ, ચંદ્રપ્રભા, મનોશિલા, વરસીધુ, પ્રવરવારુણી, અષ્ટપિષ્ટ પરિનિષ્ઠિત, જાંબૂફળકાલિકા વરપ્રસન્ના, ઉત્કૃષ્ટ મદ પ્રાપ્ત, કંઈક ઓષ્ઠાવ-લંબી, કંઈક આંખ લાલ કરનાર, કંઈક નશો દેનારી, આસલ-માંસલ-પેશલ વર્ણથી યુક્ત યાવત્ તે અર્થ સમર્થ નથી. વારુણોદક આના કરતાં ઈષ્ટતર યાવત્ સ્વાદવાળું છે.*

*ભગવન્ ! ક્ષીરોદ સમુદ્રના જળનો સ્વાદ કેવો છે ? ગૌતમ ! જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાની ચતુઃસ્થાન પરિણત ગાયનું દૂધ, મંદ અગ્નિ ઉપર સારી રીતે પકાવેલ હોય, આદિમાં અને અંતે જેમાં ખાંડ અને મિશ્રી ઉમેર્યા હોય, વર્ણથી યાવત્ સ્પર્શથી યુક્ત હોય, આવો સ્વાદ હોય શું ? ના, તે અર્થ સંગત નથી. ગૌતમ ! ક્ષીરોદસમુદ્ર જળ આનાથી ઈષ્ટ યાવત્ સ્વાદુ છે.*

*ઘૃતોદ સમુદ્રનું જળ, જેમ કોઈ શરદઋતુના ગાયના ઘીના થર સમાન છે, જે સલ્લકી અને કણેરના ફૂલ જેવા વર્ણવાળું છે. સારી રીતે ગરમ કરી, તત્કાળ નિતારેલ, તથા શ્રેષ્ઠ વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત છે. શું આવો સ્વાદ હોય ? ના, તે અર્થસંગત નથી. તેના કરતાં ઈષ્ટતર યાવત્ સ્વાદુ હોય છે.*

*ક્ષોદોદ સમુદ્રનું જળ, જેમ કોઈ ભેરુંડ દેશોત્પન્ન જાતિવંત ઉન્નત પોંડ્રક જાતિની શેરડી હોય, જે પાકે ત્યારે હરતાલ સમાન પીળી થાય, જેની સાંધા કાળા છે, ઉપર-નીચેનો ભાગ છોડી માત્ર વચલા ત્રિભાગને બલીષ્ઠ બળદો દ્વારા ચલાવાતા યંત્રથી રસ કઢાયેલ હોય, વસ્ત્રથી ગાળેલ હોય, ચતુર્જાતકથી સુવાસિત હોય, અધિક પથ્ય, લઘુક, વર્ણાદિયુક્ત, આવો સ્વાદ હોય શું ? ના, તે અર્થ સંગત નથી. આનાથી ઈષ્ટતરાદિ સ્વાદ છે. એ રીતે બાકીના સમુદ્રના જળનો સ્વાદ સ્વયંભૂરમણ પર્યન્ત જાણવો. વિશેષ એ - પુષ્કરોદના જળ માફક સ્વચ્છાદિ છે.*



*ભગવન્ ! કેટલા સમુદ્ર પ્રત્યેક રસવાળા છે ? ગૌતમ ! ચાર. તે આ — લવણ, વરુણોદ, ક્ષીરોદ, ઘૃતોદ.*

*ભગવન્ ! કેટલાં સમુદ્રો પ્રકૃતિથી ઉદક રસવાળા છે ? ગૌતમ ! ત્રણ. તે આ — કાલોદ, પુષ્કરોદ, સ્વયંભૂરમણ. બાકીના સમુદ્રો પ્રાયઃ ક્ષોદરસવાળા કહેલા છે.*

● વિવેચન-૩૦૧,૩૦૨ :-

ભદંત ! જંબૂદ્વીપ નામે કેટલા દ્વીપો છે ? ભગવંતે કહ્યું — જંબૂદ્વીપ નામના અસંખ્યાત દ્વીપો કહ્યા છે. એ પ્રમાણે લવણ નામના અસંખ્યાત સમુદ્રો, ધાતકીખંડ નામે અસંખ્યાત દ્વીપો છે. કાલોદ નામે અસંખ્યાત સમુદ્રો છે યાવત્ સૂર્યવરાવભાસ નામના અસંખ્યાત સમુદ્રો છે. ઉક્ત પ્રકારે અસંખ્યાત સૂર્ય નામે ત્રિપ્રત્યવતાર સુધી કહેવું.

અરુણથી આરંભીને દેવદ્વીપ પૂર્વે બધાં ત્રિપ્રત્યવતારપણે અનંતર અભિધાનથી સમુદ્રો કહ્યા છે. હવે 'દેવ' આદિ આશ્રીને પ્રશ્નનિર્વચન સૂત્રો કહે છે — દેવદ્વીપ કેટલા કહ્યાં છે ? ગૌતમ ! એક. એ રીતે દશેને એકાકાર કહેવા.

લવણ, કાલોદ, પુષ્કરોદ, વરુણોદ, ક્ષીરોદ, ઘૃતોદ, ક્ષોદોદ વિષયક સાત સૂત્રો સ્વયં વિચારવા. - x - માત્ર સ્વયંભૂરમણ સમુદ્રનું જળ પુષ્કરોદ જેવું છે. હવે પ્રત્યેક રસવાળા જે પ્રકૃતિ ઉદકરસવાળા છે તેને કહે છે - x - x - લવણોદ, વરુણોદ, ક્ષીરોદ અને ઘૃતોદ. આ ચાર સિવાય કોઈ સમુદ્ર તેના જેવો પ્રત્યેક રસવાળો નથી. ભદંત ! કેટલા સમુદ્રો પ્રકૃતિ ઉદકરસવાળા છે ? ગૌતમ ! ત્રણ. કાલોદ, પુષ્કરોદ, સ્વયંભૂરમણ. - x -

● સૂત્ર-૩૦૩ :-

*ભગવન્ ! કેટલા સમુદ્રો ઘણાં મત્સ્ય-કાચબા વાળા છે ? ગૌતમ ! ત્રણ સમુદ્રો. તે આ — લવણ, કાલોદ, સ્વયંભૂરમણ. બાકીના સમુદ્રો અલ્પ મત્સ્ય, કાચબાવાળા કહ્યા છે.*

*ભગવન્ ! લવણ સમુદ્રમાં મત્સ્યોની કેટલા લાખ જાતિ-કુલકોટિ-યોનિપ્રમુખ કહી છે ? ગૌતમ ! સાત લાખ.*

*ભગવન્ ! કાલોદ સમુદ્રમાં મત્સ્યોની કેટલા લાખ જાતિ-કુલકોટિ-યોનિ પ્રમુખ કહી છે ? ગૌતમ ! નવ લાખ.*

*ભગવન્ ! સ્વયંભૂરમણ સમુદ્રમાં ? સાડાબાર લાખ મત્સ્ય જાતિ-કુલકોટિ-યોનિ પ્રમુખ કહી છે.*

*ભગવન્ ! લવણ સમુદ્રમાં મત્સ્યોના શરીરની કેટલી મોટી અવગાહના*

*કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજન. એ પ્રમાણે કાલોદ સમુદ્રમાં ૭૦૦ યોજન, સ્વયંભૂરમણમાં ૧૦૦૦ યોજન ઉત્કૃષ્ટથી છે.*

● **વિવેચન-૩૦૩ :-**

ભગવન્ ! કેટલા સમુદ્રો ઘણાં મત્સ્ય-કાચબાથી આકીર્ણ છે ? ગૌતમ ! ત્રણ સમુદ્રો – લવણ, કાલોદ, સ્વયંભૂરમણ. બાકીના સમુદ્રો અલ્પ મત્સ્ય-કાચબાદિથી આકીર્ણ છે. પણ મત્સ્ય-કાચબાથી રહિત નથી. હવે લવણાદિમાં મત્સ્યની કુલ-કોડી પરિજ્ઞાનાર્થે કહે છે – લવણ સમુદ્રમાં કેટલાં પ્રમાણમાં જાતિપ્રધાન, કુળકોટી મત્સ્યોની કહી છે ? અહીં એક જ યોનિમાં અનેક જાતિ-કુળ હોય છે. જેમ એક જ છગણ યોનિમાં કૃમિકોટી કુલ, મિલિકા કુળ, વૃશ્ચિક કુળ આદિ છે. તેથી લાખ યોનિપ્રમુખ કહ્યું. ગૌતમ ! સાત લાખ જળમત્સ્ય જાતિ કુલકોટીયોનિ પ્રમુખ છે. આ પ્રમાણે કાલોદ અને સ્વયંભૂરમણ સૂત્ર પણ કહેવા. વિશેષ એ કે કાલોદમાં નવ લાખ અને સ્વયંભૂરમણમાં સાડા બાર લાખ કુલકોટી કહેવી.

હવે લવણાદિમાં મત્સ્ય પ્રમાણ કહે છે – ભદંત ! લવણ સમુદ્રમાં મત્સ્યોના શરીરની અવગાહના કેટલી મોટી કહી છે ? ગૌતમ ! ત્રણેમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ. ઉત્કૃષ્ટથી - લવણમાં ૫૦૦ યોજન, કાલોદમાં ૭૦૦ યોજન અને સ્વયંભૂરમણમાં ૧૦૦૦ યોજન અવગાહના જાણવી.

● **સૂત્ર-૩૦૪,૩૦૫ :-**

*[૩૦૪] ભગવન્ ! નામોની અપેક્ષાએ દ્વીપ-સમુદ્ર કેટલાં નામવાળા છે ? ગૌતમ ! લોકમાં જેટલા શુભ નામો, શુભ વર્ણો યાવત્ શુભ સ્પર્શો છે, એટલા નામવાળા દ્વીપ અને સમુદ્રો છે.*

*ભગવન્ ! ઉદ્ધાર સમયોની અપેક્ષા દ્વીપસમુદ્રો કેટલા છે ? ગૌતમ ! અઢી સાગરોપમના જેટલાં ઉદ્ધાર સમય છે, તેટલાં દ્વીપ અને સમુદ્રો છે.*

*[૩૦૫] ભગવન્ ! દ્વીપ-સમુદ્રો શું પૃથ્વીનું પરિણામ છે, અપ્ (જળ)નું પરિણામ છે, જીવનું પરિણામ છે કે પુદ્ગલનું પરિણામ છે ? ગૌતમ ! દ્વીપ-સમુદ્રો પૃથ્વીપરિણામ પણ છે, અપ્પરિણામ પણ છે, જીવ પરિણામ પણ છે, પુદ્ગલ પરિણામ પણ છે.*

*ભગવન્ ! દ્વીપ-સમુદ્રોમાં સર્વે પ્રાણી, સર્વે ભૂત, સર્વે જીવ અને સર્વે સત્વો પૃથ્વીકાયિકપણે યાવત્ ત્રસકાયિકપણે પૂર્વે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ ! કેટલીવાર યાવત્ અનંતવાર ઉત્પન્ન થઈ ચૂકેલ છે.*

● **વિવેચન-૩૦૪,૩૦૫ :-**

ભદંત ! દ્વીપ-સમુદ્રો કેટલાં નામવાળા કહ્યાં છે ? જો સંખ્યાથી ગણવાની ઈચ્છા હોય તો તે કેટલાં કહ્યા છે એવો અર્થ છે. અહીં આ ભાવના છે – અહીં એક-એક નામવાળા અસંખ્યાત દ્વીપો અને અસંખ્યાત સમુદ્રો કહેલા છે. માત્ર તેમાં છેલ્લા ‘દેવ’ આદિ પાંચ દ્વીપો અને પાંચ સમુદ્રો છોડી દેવા.



તો સર્વ સંખ્યાથી કેટલા નામવાળા દ્વીપસમુદ્રો છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! લોકમાં જેટલાં સામાન્યથી શુભ નામો છે – શંખ, ચક્ર, સ્વસ્તિક, કલશ, શ્રીવત્સાદિ છે. શુભ વર્ણ નામના, શુભગંધ નામના, શુભ રસ નામના, શુભ સ્પર્શ નામના આટલાં નામવાળા દ્વીપ-સમુદ્રો કહેલા છે.

હવે ઉદ્ધાર સાગરોપમ પ્રમાણથી દ્વીપ-સમુદ્રનું પરિમાણ કહે છે – ભદંત ! કેટલાં દ્વીપસમુદ્રો ઉદ્ધાર પલ્યોપમ સાગરોપમ પ્રમાણથી કહેલા છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! જેટલાં અઢી ઉદ્ધાર સાગરોપમના ઉદ્ધાર સમયો – એકૈક સૂક્ષ્મ વાલાગ્ર અપહાર સમયો છે, આટલા દ્વીપ-સમુદ્રો ઉદ્ધારથી કહેલા છે. કહ્યું છે – અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલાં સમયો છે, બમણાં-બમણાં ગુણપ્રવિસ્તર દ્વીપ-સમુદ્ર રજ્જુ એટલાં છે.

ભગવન્ ! દ્વીપસમુદ્રો શું પૃથ્વી પરિણામી, અપ્ પરિણામી, જીવ પરિણામી કે પુદ્ગલ પરિણામી છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! પૃથ્વી પરિણામી પણ છે, અપ્ પરિણામી પણ છે, જીવ પરિણામી પણ છે અને પુદ્ગલ પરિણામી પણ છે.

ભગવન્ ! દ્વીપ સમુદ્રોમાં સર્વે પ્રાણો – બેઈન્દ્રિયાદિ, સર્વે ભૂતો-વનસ્પતિઓ, સર્વે જીવો – પંચેન્દ્રિયો, સર્વે સત્ત્વ-પૃથ્વી આદિ, પૂર્વે ઉત્પન્ન થયા છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! અનેક વખત અથવા અનંતવાર પૂર્વે ઉત્પન્ન થયા છે. કેમકે બધાં સાંવ્યવહારિક રાશિ અંતર્ગત્ જીવોનો સર્વ સ્થાને પ્રાયઃ અનંતવાર ઉત્પાદ છે.

**મુનિ દીપરત્નસાગરે સટીક અનુવાદ કરેલ**
**પ્રતિપત્તિ-૩-માં દ્વીપસમુદ્રાધિકાર પૂર્ણ**

## ❀ ઈન્દ્રિય વિષયાધિકાર ❀

— x — x — x —

હમણાં દ્વીપસમુદ્રના પુદ્‌ગલ પરિણામત્વથી કહ્યા. તે પુદ્‌ગલોના વિશિષ્ટ પરિણામ પરિણતોના ઈન્દ્રિય ગ્રાહ્યત્વથી ઈન્દ્રિયવિષય પુદ્‌ગલ પરિણામ કહે છે —

● **સૂત્ર-૩૦૬ :-**

*ભગવન્ ! ઈન્દ્રિયોના વિષયભૂત પુદ્‌ગલ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ — શ્રોત્રેન્દ્રિય વિષય યાવત્ સ્પર્શનેન્દ્રિય વિષય. - - - ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય વિષય પુદ્‌ગલ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે — શુભ શબ્દ પરિણામ અને અશુભ શબ્દ પરિણામ. એ પ્રમાણે ચક્ષુ આદિ ઈન્દ્રિય વિષય પણ બબ્બે ભેદે છે. જેમકે — સુરૂપ અને દુરૂપ પરિણામ. સુગંધ અને દુર્ગન્ધ પરિણામ. સુરસ-દુરસ પરિણામ. સુસ્પર્શ પરિણામ અને દુઃસ્પર્શ પરિણામ.*

*ભગવન્ ! ઉત્તમ-અધમ શબ્દ-રૂપ-ગંધ-રસ અને સ્પર્શ-પરિણામમાં પરિણમતા પુદ્‌ગલ પરિણમ્યા એમ કહી શકાય ? હા, ગૌતમ ! ઉત્તમ-અધમ શબ્દ પરિણામોમાં પરિણમતા પુદ્‌ગલો પરિણમ્યા કહેવાય. ભગવન્ ! શું શુભ શબ્દ પુદ્‌ગલો અશુભ શબ્દપણે અને અશુભ શબ્દ પુદ્‌ગલો શુભ શબ્દપણે પરિણમે છે ? હા, ગૌતમ ! તે બંને પરસ્પર પરિણમે છે.*

*ભગવન્ ! શું સુરૂપ પુદ્‌ગલો દુરૂપપણે, દુરૂપ પુદ્‌ગલો સુરૂપપણે પરિણમે છે ? હા, ગૌતમ ! પરિણમે છે. એ પ્રમાણે સુગંધી પુદ્‌ગલ દુર્ગંધી પુદ્‌ગલપણે, દુર્ગન્ધી પુદ્‌ગલ સુગંધી પુદ્‌ગલપણે પરિણમે છે. એ રીતે સુસ્પર્શ, દુઃસ્પર્શપણે અને સુરસ દુરસપણે પરિણમે ? હા, પરિણમે છે.*

● **વિવેચન-૩૦૬ :-**

ભદંત ! ઈન્દ્રિય વિષય પુદ્‌ગલ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ — શ્રોત્રેન્દ્રિય વિષયાદિ, સુગમ છે. - x - नूनं - નિશ્ચિત. ઉચ્ચાવચ્ચ - ઉત્તમ અને અધમ. - x - x - પરિણામના યથાવસ્થિત ભાવથી. દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રીના વશથી તે-તે રૂપે થવું તે પરિણામ. शुभशब्दा - શુભ શબ્દરૂપ પુદ્‌ગલો. - x - ઈત્યાદિ સુપ્રતીત છે. - x - x -

## ❀ દેવ શક્તિ અધિકાર ❀

— x — x — x —

● **સૂત્ર-૩૦૭ :-**

*ભગવન્ કોઈ મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ પહેલાં પુદ્‌ગલ ફેંકે અને પછી તે ગતિ કરતો તે વસ્તુને વચમાં પકડવાને સમર્થ છે ? હા, છે. ભગવન્ ! એવું કયા કારણથી કહો છે કે — મહર્દ્ધિક દેવ યાવત્ પકડી શકે ? ગૌતમ ! ફેંકેલ પુદ્‌ગલની પહેલા શીઘ્રગતિ હોય છે, પછી તેની મંદગતિ થાય છે. જ્યારે તે મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવની ગતિ પહેલાં પણ શીઘ્ર હોય છે અને પછી*



*પણ શીઘ્ર હોય છે. તે કારણથી હે ગૌતમ ! એમ કહ્યું કે યાવત્ ગતિ કરતો દેવ પકડી લે છે.*

*ભગવન્ ! કોઈ મહર્દ્ધિક દેવ બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કર્યા વિના અને કોઈ બાળકને પહેલા છેદ્યા-ભેદ્યા વિના તેના શરીરને સાધવામાં સમર્થ છે શું ? ના, તે અર્થ સંગત નથી.*

*ભગવન્ ! કોઈ મહર્દ્ધિક દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને, પણ બાળકના શરીરને પહેલાં છેદ્યા-ભેદ્યા વિના તેને સાંધવામાં સમર્થ છે શું ? ના, તે અર્થ સંગત નથી.*

*ભગવન્ ! કોઈ મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને, પહેલાં બાળકને છેદી-ભેદીને પછી તેને સાંધવામાં સમર્થ છે ? હા, સમર્થ છે, તે ગ્રંથિને છદ્મસ્થ જાણી કે જોઈ શકતો નથી, એવી સૂક્ષ્મ ગ્રંથિ તે હોય છે.*

*ભગવન્ ! મહર્દ્ધિક દેવ પહેલા બાળકને છેદ્યા-ભેદ્યા વિના દીર્ઘ કે હ્રસ્વ કરવામાં સમર્થ છે શું ? ના, તેમ નથી.*

*આ પ્રમાણે ચારે આલાવા છે. પહેલા-બીજા ભંગમાં બાહ્ય પુદ્‌ગલોનું ગ્રહણ નથી. એકાંતરિક છેદન-ભેદન નથી. બાકી પૂર્વવત્. તે સિદ્ધિને છદ્મસ્થ જાણતો કે જોતો નથી. આટલી સૂક્ષ્મ તે દીર્ઘ કે હ્રસ્વ કરવાની વિધિ હોય છે.*

● **વિવેચન-૩૦૭ :-**

ભદંત ! દેવ [કેવા ?] મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલ, મહાયશા, મહાનુભાગ. પુદ્‌ગલ - ઢેંકુ આદિ પ્રયત્નથી ફેંકે. તે જ પુદ્‌ગલ ભૂમિ ઉપર પડે તે પહેલા પ્રદક્ષિણાથી ભમીને પકડી લેવા સમર્થ છે ? હા, છે. કેમકે દેવની શક્તિ ઘણી છે. ત્યારે જિજ્ઞાસુ પૂછે છે કે કઈ રીતે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! પ્રયત્ન જનિત સંસ્કારની તીવ્રતાથી પુદ્‌ગલની પહેલાં તીવ્રગતિ હોય છે, પણ પછી સંસ્કારની મંદ મંદતાથી પછી મંદગતિ થાય છે. દેવને પહેલા કે પછી શીઘ્ર ઉત્સાહ વિશેષથી શીઘ્ર ગતિ જ હોય છે.

દેવ બાહ્ય પુદ્‌ગલ લીધા વિના બાળકને છેદ્યા કે ભેદ્યા વિના - તેના શરીરને થોડી પણ વિક્રિયા કર્યા વિના દૃઢ બંધને બદ્ધ કરવામાં સમર્થ છે ? ના, તેમ નથી. કેમકે બાહ્ય પુદ્‌ગલ લીધાં વિના, શરીરને વિક્રિયા વિના બંધન કરવું અશક્ય છે. આના દ્વારા દેવો પણ નિબંધના ક્રિયા ન કરે તેમ કહ્યું.

બીજા સૂત્રમાં બાળકને છેદવું-ભેદવું એ વિશેષ છે. બાકી પૂર્વવત્. અહીં પણ ઉભય કારણજન્ય ગ્રથન કરવાની અશક્તિ છે. ત્રીજા સૂત્રમાં બાહ્ય પુદ્‌ગલ લઈને, બાળકને ન છેદે - ન ભેદે તે વિશેષ છે. ચોથામાં બાહ્ય પુદ્‌ગલો લઈને અને બાળકને છેદી-ભેદીને એ વિશેષ છે. અહીં ગ્રથન કરવા સમર્થ છે તેમ કહેવું. કેમકે કારણ-સામગ્રી સંભવે છે. તે ગ્રંથીને છદ્મસ્થ મનુષ્યો જાણતા કે જોતાં નથી. તે બાળક કે અન્ય પુરુષ અતિશય જ્ઞાની ન હોવાથી ન જાણે, ન જુએ. એટલું સૂક્ષ્મ દેવો ગુંથે.

## ❀ જ્યોતિષ્ક દેવાધિકાર ❀

-- x -- x -- x --

દેવ સામર્થ્ય જાણીને જ્યોતિષ્કને આશ્રીને કહે છે –

**● સૂત્ર-૩૦૮ થી ૩૧૧ :-**

***[૩૦૮] ભગવન્ ! ચંદ્ર-સૂર્યોની નીચે રહેલ તારારૂપ દેવ, હીન કે તુલ્ય છે ? સમશ્રેણીમાં રહેલ તારારૂપ દેવ હીન કે તુલ્ય છે ? ઉપર રહેલ તારારૂપ દેવ હીન કે તુલ્ય છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહો છે - x - તારારૂપ હીન કે તુલ્ય પણ હોય. ગૌતમ ! જેવા જેવા તે દેવોના [પૂર્વભવના] તપ, નિયમ, બ્રહ્મચર્ય આદિમાં ઉત્કૃષ્ટતા કે અનુત્કૃષ્ટતા હોય છે, તેમ-તેમ તે દેવોનું તે પ્રમાણમાં હીનત્વ કે તુલ્યત્વ હોય છે. એ કારણથી હે ગૌતમ ! એમ કહ્યું કે ચંદ્ર-સૂર્યની નીચે-ઉપર કે સમશ્રેણીમાં રહેલ તારારૂપ દેવ હીન પણ હોય છે અને તુલ્ય પણ હોય છે.***

***[૩૦૯] પ્રત્યેક ચંદ્ર અને સૂર્યના પરિવારમાં –***

***[૩૧૦] ૮૮-ગ્રહો, ૨૮-નક્ષત્રો હોય છે. હવે તારા સંખ્યા–***

***[૩૧૧] એક ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ હોય છે.***

**● વિવેચન-૩૦૮ થી ૩૧૧ :-**

ભદંત ! ચંદ્ર-સૂર્યથી ક્ષેત્રની અપેક્ષાએ નીચેના તારા-વિમાનના અધિષ્ઠિત દેવ, ધુતિ-વૈભવ-લેશ્યાદિ અપેક્ષાએ કેટલાંક હીન અને કેટલાંક તુલ્ય છે, સમશ્રેણિ વ્યવસ્થિત તારારૂપ દેવોમાં કેટલાંક ધુતિ આદિ અપેક્ષાએ હીન કે તુલ્ય છે, ચંદ્ર-સૂર્ય વિમાનની ઉપર રહેલ તારારૂપ દેવ તે પણ હીન કે તુલ્ય છે ?

ભગવંતે કહ્યું – તેં જે પૂછ્યું, તે બધું તેમજ છે. એમ કહેતા ફરી પ્રશ્ન કર્યો કે – ભગવંત ! કયા કારણે તમે આમ કહો છો ? ગૌતમ ! તે તારારૂપ વિમાન અધિષ્ઠાતા દેવના પૂર્વ ભવે જે તપ, નિયમ, બ્રહ્મચર્ય ઉત્કૃષ્ટ હોય. તેમાં તપ-નવકારશી આદિ, નિયમ-અહિંસાદિ, બ્રહ્મચર્ય-બસ્તિનિરોધાદિ. અનુત્કૃષ્ટ-પૂર્વથી વિપરીત. તે પ્રમાણે તે દેવોનું તારાવિમાન અધિષ્ઠાતા ભવે હીનત્વ કે તુલ્યત્વ જાણવું અર્થાત્ પૂર્વભવે જેમના તપ-નિયમ-બ્રહ્મચર્ય મંદ હોય તે તારાવિમાન દેવના ભવે સૂર્યચંદ્ર દેવથી ધુતિ આદિ અપેક્ષા હીન હોય, જેણે તપ નિયમાદિ ઉત્કૃષ્ટ સેવ્યા હોય તે તારાવિમાન દેવો ધુત્યાદિથી ચંદ્ર-સૂર્યદેવની સમાન હોય છે. - x - x -

ભદંત ! ઍકૈક ચંદ્ર-સૂર્યના, આ પદ વડે ચંદ્રની જેમ સૂર્ય પણ નક્ષત્રનો સ્વામી-ઈન્દ્ર છે, તેમ કહ્યું. કેટલો નક્ષત્રનો, મહાગ્રહોનો અને તારાગણ કોડાકોડીનો પરિવાર કહ્યો છે ? જો કે અહીં ઘણાં વાચના-ભેદો છે છતાં સૂત્રાર્થ મુજબ કહીએ છીએ - ચંદ્રસૂર્યને ૨૮-નક્ષત્રનો પરિવાર, ૮૮ મહાગ્રહ પરિવાર આદિ છે - x -

**● સૂત્ર-૩૧૨,૩૧૩ :-**

***[૩૧૨] ભગવન્ ! જંબૂદ્વીપના મેરુ પર્વતના પૂર્વચરમાંતથી કેટલે દૂર જ્યોતિષ્કદેવ તેની પ્રદક્ષિણા કરે છે ? ગૌતમ ! ૧૧૨૧ યોજન દૂરથી જ્યોતિષ્ક પ્રદક્ષિણા કરે છે. એ પ્રમાણે દક્ષિણ-પશ્ચિમ-ઉત્તરના ચરમાંતથી પણ ૧૧૨૧***



***યોજનથી ચાર ચરે છે.***

***ભગવન્ ! લોકાંતથી કેટલે દૂર જ્યોતિષ્ ચક્ર છે ? ગૌતમ ! ૧૧૧૧ યોજને જ્યોતિષ્ ચક્ર કહેલ છે.***

***ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી કેટલે દૂર સૌથી નીચેના તારારૂપ ગતિ કરે છે? કેટલે દૂર સૂર્યવિમાન ગતિ કરે છે? કેટલે દૂર ચંદ્રવિમાન ગતિ કરે છે? કેટલે દૂર સૌથી ઉપરનો તારારૂપ ગતિ કરે છે? ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂભાગથી ૭૯૦ યોજન દૂર સૌથી નીચેનો તારો ગતિ કરે છે, ૮૦૦ યોજન દૂર સૂર્યવિમાન ગતિ કરે છે, ૮૮૦ યોજને ચંદ્ર વિમાન ગતિ કરે છે અને ૯૦૦ યોજન દૂર સૌથી ઉપરનો તારો ગતિ કરે છે.***

***ભગવન્ ! સૌથી નીચેના તારાથી કેટલે દૂર સૂર્ય વિમાન ચાલે છે ? કેટલે દૂર ચંદ્ર વિમાન ચાલે છે ? કેટલે દૂર સૌથી ઉપરનો તારો ચાલે છે ? ગૌતમ ! સૌથી નીચેના તારાથી દશ યોજન દૂર સૂર્યવિમાન ચાલે છે, ૯૦ યોજન દૂર ચંદ્ર વિમાન ચાલે છે અને ૧૧૦ યોજન દૂર સૌથી ઉપરનું તારા વિમાન ચાલે છે.***

***ભગવન્ ! સૂર્યવિમાનથી કેટલે દૂર ચંદ્રવિમાન ચાલે છે ? કેટલે દૂર સૌથી ઉપરનો તારો ચાલે છે ? ગૌતમ ! સૂર્ય વિમાનથી ૮૦ યોજન દૂર ચંદ્ર વિમાન ચાલે છે. ૧૦૦ યોજન દૂર સૌથી ઉપરનો તારો ચાલે છે. - - - ભગવન્ ! ચંદ્ર વિમાનથી કેટલે દૂર સૌથી ઉપરનો તારો ગતિ કરે છે ? ગૌતમ ! ચંદ્રવિમાનથી ૨૦ યોજન દૂર સૌથી ઉપરનો તારો ગતિ કરે છે.***

***આ પ્રમાણે બધું મળીને ૧૧૦ યોજનના બાહલ્યમાં તિર્છી દિશામાં અસંખ્યાત યોજન પર્યન્ત જ્યોતિષ્ચક્ર કહેલ છે.***

***[૩૧૩] ભગવન્ ! જંબૂદ્વીપમાં કયું નક્ષત્ર બધાં નક્ષત્રોની અંદર ગતિ કરે છે ? કયુ નક્ષત્ર સૌથી બહાર ગતિ કરે છે ? કયું નક્ષત્ર સૌથી ઉપર ગતિ કરે છે ? કયું નક્ષત્ર સૌથી નીચે ગતિ કરે છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં અભિજિત નક્ષત્ર સૌથી અંદર ગતિ કરે છે. મૂલ નક્ષત્ર સૌથી બહાર ગતિ કરે છે. સ્વાતિ નક્ષત્ર સૌથી ઉપર અને ભરણી નક્ષત્ર સૌથી નીચે ગતિ કરે છે.***

**● વિવેચન-૩૧૨,૩૧૩ :-**

જંબૂદ્વીપમાં મેરુ પર્વતના સકલ તિર્છાલોક મધ્યે કેટલાં ક્ષેત્રમાં જ્યોતિષ્ચક્ર મંડલ ગતિએ ભમે છે ? ગૌતમ ! ૧૧૨૧ યોજન. મેરુથી ૧૧૨૧ યોજન છોડીને પછી ચક્રવાલપણે જ્યોતિશ્ચક્ર ચાર ચરે છે. લોકાંત પૂર્વે કેટલા ક્ષેત્રના અંતરે જ્યોતિષ્ક કહેલ છે ? ૧૧૧૧ યોજન દૂર કહેલ છે. આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી કેટલા અંતરે નીચેના તારારૂપ, સૂર્યવિમાન, ચંદ્રવિમાન, સૌથી ઉપરના તારારૂપ જ્યોતિષ્ક ચાર ચરે છે ? ગૌતમ ! ૭૯૦ યોજને સૌથી નીચેનો તારો, ૮૦૦ યોજને સૂર્ય, ૮૮૦ યોજને ચંદ્ર અને ૯૦૦ યોજને સૌથી ઉપરનો તારો છે.

*[આ પ્રમાણે વૃત્તિકારશ્રીએ મૂળ સૂત્રનું સંસ્કૃત રૂપાંતર જ રજૂ કરેલ છે એટલે અમો વધારે પુનરુક્તિ કરતાં નથી.]*

● **સૂત્ર-૩૧૪ :-**

*ભગવન્ ! ચંદ્રવિમાન કયા આકારે છે ? ગૌતમ ! અર્દ્ધકપીત્થ સંસ્થાને રહેલ છે. તે સર્વથા સ્ફટિકમય છે, તેની કાંતિ બધી દિશા-વિદિશામાં ફેલાય છે આદિ, જાણે કે તે ઉપહાસ કરી રહેલ છે ઈત્યાદિ વર્ણન કરવું. આ પ્રમાણે સૂર્યવિમાન, નક્ષત્રવિમાન, [ગ્રહવિમાન], તારાવિમાન પણ અર્ધકપિત્થ સંસ્થાન છે.*

*ભગવન્ ! ચંદ્રવિમાનની લંબાઈ-પહોળાઈ કેટલી છે ? પરિધિ કેટલી છે ? જાડાઈ કેટલી છે ? ગૌતમ ! (ચંદ્રવિમાનની) લંબાઈ-પહોળાઈ એક યોજનના ૫૬/૬૧ ભાગ છે. તેનાથી ત્રણ ગુણાથી કંઈક અધિક તેની પરિધિ છે. એક યોજનના ૨૮/૬૧ ભાગ જાડાઈ છે. - - - સૂર્યવિમાનના વિષયમાં આ જ પ્રશ્ન - સૂર્યવિમાન એક યોજનના ૪૮/૬૧ ભાગ લાંબુ પહોળું છે. તેનાથી ત્રણ ગણીથી અધિક તેની પરિધિ છે. એક યોજનના ૨૪/૬૧ ભાગ જાડાઈ છે.*

*ગ્રહવિમાન અર્દ્ધ યોજન લાંબુ-પહોળું, તેનાથી ત્રણ ગુણી કરતાં અધિક પરિધિ અને એક કોશ જાડાઈ છે, નક્ષત્ર વિમાન એક કોશ લાંબુ-પહોળું, તેનાથી ત્રણ ગણાથી અધિક પરિધિ અને અર્દ્ધ કોશ જાડાઈવાળું છે. તારાવિમાન અર્દ્ધકોશ લાંબુ, પહોળું ત્રણગણાથી અધિક પરિધિ, ૫૦૦ ધનુષ્ જાડાઈ વાળું છે.*

● **વિવેચન-૩૧૪ :-**

ભદંત ! ચંદ્રવિમાન કેવા આકારે છે ? ગૌતમ ! અર્દ્ધ કપિત્થ સંસ્થાને રહેલ છે. - x - (શંકા) જો ચંદ્ર વિમાનનો આકાર અર્દ્ધ કપિત્થ જેવો હોય તો ઉદયકાળે, અસ્તકાળે અથવા પૂનમે જ્યારે તિર્છુ પરિભ્રમણ કરે છે ત્યારે અર્દ્ધ કપિત્થફળાકારે કેમ દેખાતો નથી ? [સમાધાન] અહીં રહેનારા પુરુષો દ્વારા અર્દ્ધ કપિત્થાકારવાળા ચંદ્ર વિમાનની ફક્ત ગોળ પીઠ જ દેખાય છે. પણ સમસ્તપણે દેખાતો નથી. તે પીઠની ઉપર ચંદ્રદેવ જ્યોતિષ્ક રાજનો પ્રાસાદ છે. તે પ્રાસાદ એ રીતે રહેલ છે, જેથી પીઠની સાથે મોટો વર્તુળાકાર થાય છે. તે દૂર હોવાથી એકાંતે સમવૃત્તપણે લોકોને દેખાય છે. આ અમે અમારી બુદ્ધિથી કહેતા નથી. આ વાત ''વિશેષણવતી'' ગ્રન્થમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આક્ષેપ સહિત કહેલી જ છે – [જેની બે ગાથા આપેલી છે.]

તથા બધું જ સ્ફટિક વિશેષ મણિમય છે. તથા અભિમુખ્યતાથી બધેથી નીકળેલ, પ્રબળપણે બધી દિશામાં પ્રસરેલ જે પ્રભા વડે સિત. યાવત્ શબ્દથી વિવિધ મણિરત્નથી ચિત્રિત વાયુ વડે ઉડતી વિજય-વૈજયંતી પતાકા, છત્રાતિછત્રયુક્ત. ઉંચી, આકાશતલને સ્પર્શતા શિખર, જાલંતર રત્ન - કનક સ્તુપિકા, વિકસિત શતપત્ર, પુંડરીક, તિલકરત્ન, અર્દ્ધ ચંદ્ર ચિત્ત અંદર અને બહાર શ્લક્ષ્ણ, તપનીય વાલુકા પ્રસ્તટ, સુખ સ્પર્શ, સશ્રીકરૂપ, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

ઉક્ત પાઠની વ્યાખ્યાનો કેટલાંક અંશો અહીં નોંધેલ છે. મણિ - ચંદ્રકાંતાદિ, રત્ન - કર્કેતનાદિ, વાતોદ્ધૂત - વાયુથી કંપિત, વિજયવૈજયંત - અભ્યુદય સૂચક વૈજયંતી પતાકા, છત્રાતિચ્છત્ર-ઉપર ઉપર રહેલ આતપત્ર. તુંગ - ઉંચા, ઉન્મીલિત - પાંજરાથી બહિષ્કૃત્. પંજર - વાંસ આદિનું પ્રચ્છાદન વિશેષ. સ્તૂપિકા - શિખર. તિલક - લિંત આદિમાં પુંડ્ર, રત્નમય અર્ધચંદ્ર. अंतो बहिं च सण्हे - આ બધું અંજન



પર્વત ઉપરના સિદ્ધાયતન દ્વારવત્ કહેવું. ચંદ્ર વિમાનવત્ સૂર્યાદિ ચારે વિમાન કહેવા.

ચંદ્રવિમાનની લંબાઈ-પહોળાઈ, પરિધિ, બાહલ્ય કેટલા છે ? [સૂત્રાર્થમાં આ પ્રમાણ કહેલ છે. તે મુજબ] આ પ્રમાણે સૂર્ય-નક્ષત્ર-ગ્રહ-તારા વિમાનોના પ્રમાણ સંબંધી પ્રશ્નોત્તર સૂત્રાર્થ મુજબ જ હોવાથી અહીં પુનરુક્તિ કરી નથી.

વૃત્તિકારશ્રી અહીં તત્ત્વાર્થભાષ્યની સાક્ષી આપે છે – સૂર્યમંડલ વિષ્કંભ ૪૮/૬૧ યોજન છે. ચંદ્રમાનો ૫૬/૬૧ યોજન છે. ગ્રહોનો અર્દ્ધ યોજન, નક્ષત્રોનો એક ગાઉ, તારાનો સૌથી ઉત્કૃષ્ટ અર્દ્ધ કોશ, જઘન્ય તારાનો ૫૦૦ ધનુષ્ વિષ્કંભ થાય છે. વિષ્કંભ [પહોળાઈ]થી અર્દ્ધ આ બધાનું બાહલ્ય જાણવું.

● **સૂત્ર-૩૧૫ :-**

*ભગવન્! ચંદ્રવિમાનને કેટલા હજાર દેવ વહન કરે છે? ગૌતમ! ચંદ્ર વિમાનને [કુલ ૧૬,૦૦૦ દેવ વહન કરે છે.] તેમાં પૂર્વમાં ૪૦૦૦ દેવો સિંહરૂપ ધારણ કરી ઉઠાવે છે. તે સિંહ શ્વેત, સુભગ, સુપ્રભ, શંખતલ સમાન વિમલ, નિર્મલ, ઘન દહીં, ગાયનું દૂધ, ફીણ, ચાંદીના સમૂહ સમાન શ્વેત પ્રભાવાળો છે. તેની આંખ મધની ગોળી સમાન પીળી છે, મુખમાં સ્થિત સુંદર પ્રકોષ્ઠોથી યુક્ત ગોળ, મોટી, પરસ્પર જોડાયેલી, સુવિશિષ્ટ, તીક્ષ્ણ દાઢાઓ છે, તાળવું અને જીભ લાલ કમળના પત્ર સમાન મૃદુ અને સુકોમળ છે, નખ પ્રશસ્ત અને શુભ વૈડૂર્યમણિ માફક ચમકતા અને કર્કશ છે. ઉરુ વિશાળ અને મોટા છે, સ્કંધ પૂર્ણ અને વિપુલ છે, કેસરા સટી, મૃદુ, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ, લક્ષણયુક્ત અને વિસ્તીર્ણ છે, ગતિ લીલાયુક્ત અને ઉછળવાથી ગર્વીત, ધવલ છે. પૂંછ ઉંચી ઉઠેલી, સુનિર્મિત અને ફટકાર યુક્ત છે. નખ, દાંતને દાઢા વજ્રમય છે, જીભ, તાળવું, જોડેલ જોત ત્રણે સોનાના છે. તે કામગમ, પ્રીતિગમ, મનોગમ, મનોરમ, મનોહર, અમિતગતિ, અમિત બળ-વ્ય-પુરુષકાર પરાક્રમયુક્ત છે. તે જોર-જોરથી સિંહનાદ કરતા આકાશ અને દિશાઓને ગુંજાવતો અને શોભિત કરતો ચાલે છે.*

*તે ચંદ્રવિમાનને દક્ષિણ બાજુથી ૪૦૦૦ દેવો હાથીરૂપ ધારણ કરીને વહન કરે છે. તે હાથી શ્વેત, સુભગ, સુપ્રભ, શંખતલની જેમ વિમલ, નિર્મળ, ઘનદહીં, ગાયનું દૂધ, ફીણ, રજત નીકર સમાન શ્વેત છે. વજ્રમય કુંભયુગલની નીચે રહેલ સુંદર મોટી શૂંઢમાં જેણે ક્રીડાર્થે રક્તપદ્મોના પ્રકાશને ગ્રહણ કરેલ છે. તેનું મુખ ઉંચે ઉઠેલ, તપનીય સ્વર્ણના વિશાળ, ચંચળ, ચપળ, હલતા એવા વિમલ કાનોથી સુશોભિત છે, મધ જેવા ચમકતા, સ્નિગ્ધ, પીળા અને પક્ષ્મયુક્ત તથા મણિરત્ન માફક ત્રિવર્ણ-શ્વેત, કૃષ્ણ, પીત વર્ણવાળા તેના નેત્ર છે. તે નેત્ર ઉન્નત, મૃદુલ, મલ્લિકાના કોરક જેવા લાગે છે. દાંત સફેદ, એક સમાન, મજબૂત, પરિણત અવસ્થાવાળા, સુદૃઢ, સંપૂર્ણ અને સ્ફટિકમય હોવાથી સુજાત અને મૂસલની ઉપમાથી શોભિત છે. દાંતોના અગ્રભાગે સ્વર્ણના વલય પહેરાવેલા છે. તેથી આ દાંત વિમલમણીઓની વચ્ચે ચાંદીના સમૂહ જેવા લાગે છે. તેમના મસ્તકે તપનીયસ્વર્ણના વિશાળ તિલક આદિ આભૂષણ પહેરાવેલા છે. વિવિધ મણિથી નિર્મિત ઉર્ધ્વ ગ્રૈવેયક આદિ કંઠના આભરણ ગળામાં પહેરાવેલ છે. જેના*

ગંડસ્થળોના મધ્યમાં વૈડૂર્યરત્નના વિચિત્ર દંડવાળા નિર્મળ વજ્રમય તીક્ષ્ણ અને સુંદર અંકુશ સ્થાપિત કરેલ છે. તપનીય સ્વર્ણના દોરડાથી પીઠનું આસ્તરણ સારી રીતે સજાવી ખેંચીને બાંધેલ છે, તેથી દર્પયુક્ત અને બળથી ઉદ્ધત બનેલ છે. જંબૂનદ સુવર્ણના બનેલા ઘનમંડળવાળા અને વજ્રમય લાલાથી તાડિત તથા આસપાસ વિવિધ મણિરત્નોની નાની-નાની ઘંટિકા વડે યુક્ત રત્નમય દોરડામાં લટકતા બે મોટા ઘંટોના મધુર સ્વરથી તે મનોહર લાગે છે. તેમની પૂંછ ચરણ સુધી લટકતી છે, ગોળ છે, સુજાત અને પ્રશસ્ત લક્ષણવાળા વાળ છે. જેનાથી તે હાથી પોતાના શરીરને લુંછે છે. માંસલ અવયવોને લીધે પરિપૂર્ણ કાચબાની માફક તેના પગ હોવા છતાં તે શીઘ્ર ગતિવાળા છે. અંકરત્નના તેમના નખ છે, તપનીય સુવર્ણના જોત દ્વારા જોડેલ છે. તેઓ કામગમ, પ્રીતિગમ, મનોગમ, મનોરમ, મનોહર, અમિત ગતિ, અમિત બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમવાળા છે. પોતાના ઘણાં ગંભીર અને મનોહર ગુલગુલાયિત ધ્વનિના આકાશને પૂરિત કરે છે અને દિશાઓને સુશોભિત કરે છે.

તે ચંદ્ર વિમાનને પશ્ચિમ દિશા તરફ ૪૦૦૦ બળદરૂપધારી દેવ ઉઠાવે છે. તે બળદો શ્વેત, શુભગ, સુપ્રમાણ, તેમના કકુદ કુટીલ, લલિત, પુલિત, ચલ-ચપળ, શાલીન છે. તેમના પડખાં સમ્યક્ નમેલા, સંગત અને સુજાત છે, મિત-માયિત-પીન-રચિત પડખાં છે. મછલી અને કુક્ષી સમાન પાતળી કુક્ષિવાળા છે. નેત્ર પ્રશસ્ત, સ્નિગ્ધ, મધની ગોળી જેવા ચમકતા પીળા વર્ણના છે. જંઘા વિશાળ, મોટી અને માંસલ છે તેમના સ્કંધ વિપુલ અને પરિપૂર્ણ છે, કપોલ ગોળ અને વિપુલ છે, હોઠ ઘન નિચિત અને જડબાથી સારી રીતે સંબદ્ધ છે, લક્ષણોપેત-ઉન્નત અને કંઈક ઝૂકેલા છે. તેઓ ચંક્રમિત, લલિત, પુલિત અને ચક્રવાલની જેમ ચપળ ગતિથી ગર્વિત છે. મોટી-સ્થૂળ-વર્તિત અને સુસંસ્થિત તેમની કમર છે બંને કપોલના બાલ ઉપરથી નીચે સારી રીતે લટકે છે. લક્ષણ અને પ્રમાણયુક્ત, પ્રશસ્ત અને રમણીય છે. તેમના ખૂર અને પૂંછ એક સમાન છે. તેમના શીંગડા એક સમાન, પાતળા અને તીક્ષ્ણ અગ્રભાગવાળા છે તેમની રોમરાજી પાતળી, સૂક્ષ્મ, સુંદર અને સ્નિગ્ધ છે. સ્કંધપ્રદેશ ઉપચિત, પરિપુષ્ટ, માંસલ અને વિશાળ હોવાથી સુંદર છે. તેમની ચિતવન વૈડૂર્યમણિ જેવા ચમકતા કટાક્ષોથી યુક્ત, તેથી પ્રશસ્ત અને રમણીય ગર્ગર નામના આભૂષણથી શોભિત છે, ઘગ્ઘર નામક આભૂષણથી તેનો કંઠ પરિમંડિત છે. અનેક મણિ, સુવર્ણ અને રત્નોથી નિર્મિત નાની-નાની ઘંટડીની માળા તેની છાતી ઉપર તિર્છા રૂપમાં પહેરાવાઈ છે. તેના ગળામાં શ્રેષ્ઠ ઘંટીની માળા છે. તેમાંથી નીકળતી કાંતિ વડે તેમની શોભામાં વૃદ્ધિ થઈ રહી છે. આ પદ્મકમળની પરિપૂર્ણ સુગંધીયુક્ત માળાથી સુગંધિત છે. તેના ખૂર વજ્રના અને વિવિધ પ્રકારના છે. તેમના દાંત સ્ફટિક રત્નમય છે, તપનીય સુવર્ણની તેમની જીભ-તાળવું-જોતોથી જોડેલ છે. તેઓ કામગમ, પ્રીતિગમ, મનોગમ, મનોરમ, મનોહર, અમિતગતિ, અમિતબળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમવાળો છે. જોરદાર ગંભીર ગર્જનાના મધુર અને મનોહર



સ્વરથી આકાશને ગુંજાવતા અને દિશાઓને શોભાવતા ગતિ કરે છે.

તે ચંદ્રવિમાનને ઉત્તર દિશાથી ૪૦૦૦ અશ્વરૂપધારી દેવ ઉઠાવે છે. તે અશ્વ શ્વેત, સુભગ, સુપ્રમાણ છે. જાત્યવંત છે. પૂર્ણ બળ અને વેગ પ્રગટ કરવાની વયવાળા છે. હરિમેલકની કોમળ કળી સમાન ધવલ આંખવાળા, ઘન-નિચિત, સુબદ્ધ, લક્ષણ-ઉન્નત, કુટિલ, લલિત, ઉછળતી ચંચલ અને ચપલ ચાલવાળા છે. કુદવું-ઉછળવું-દોડવું-સ્વામીને ધારણ કરી રાખવા, લગામથી ચલાવે તેમ ચાલવું એ બધી શિક્ષા મુજબ ગતિ કરનારા છે. હાલતા એવા રમણીય આભૂષણ તેમના ગળામાં ધારણ કરેલ છે. તેમના પડકાં સમ્યક્ ઝુકેલા, સંગત, પ્રમાણોપેત છે, સુંદર છે, યથોચિત માત્રામાં મોટા અને રતિ ઉત્પન્ન કરનાર છે. માછલી અને પક્ષી સમાન તેમની કુક્ષી છે, પીન-પીવર અને ગોળ સુંદર આકાર વાળી કમર છે, બંને કપોલના બાલ ઉપરથી નીચે સુધી સારી રીતે લટકે છે, લક્ષણ અને પ્રમાણ યુક્ત, પ્રશસ્ત, રમણીય છે તેમની રોમરાજી પાતળી, સૂક્ષ્મ, સુજાત, સ્નિગ્ધ છે. તેમની ગરદનના વાળ મૃદુ, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ, સુલક્ષણોપેત અને સુલઝેલ છે, સુંદર અને વિલાસપૂર્ણ ગતિથી હલતા એવા આભૂષણોથી તેમની કમર પરિમંડિત છે. તપનીય સ્વર્ણની ખૂર, જિહ્વા, તાલુ છે. તપનીય સ્વર્ણના જોતોથી સારી રીતે યુક્ત છે. તેઓ કામગમ-પ્રીતિગમ-મનોગમ-મનોરમ-મનોહર અમિતગતી, અમિત બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ યુક્ત છે. તેઓ જોરદાર હણહણાહટના મધુર અને મનોહર ધ્વનિથી આકાશને ગુંજાવતા, દિશાઓને શોભિત કરે છે.

આ પ્રમાણે સૂર્યવિમાનની પણ પૃચ્છા. ગૌતમ ! ૧૬,૦૦૦ દેવો પૂર્વક્રમથી વહન કરે છે. આ પ્રમાણે ગ્રહવિમાનની પણ પૃચ્છા - ગૌતમ ! ૮૦૦૦ દેવો પૂર્વ ક્રમથી વહન કરે છે. ૨૦૦૦ દેવો પૂર્વની બાહાનું વહન કરે છે. ૨૦૦૦ દેવો દક્ષિણની, ૨૦૦૦ દેવો પશ્ચિમની અને ૨૦૦૦ દેવો ઉત્તરની બાહાને વહે છે.

આ પ્રમાણે નક્ષત્ર વિમાનની પૃચ્છા - ગૌતમ ! ૪૦૦૦ દેવો વહે છે. સીંહરૂપધારી ૧૦૦૦ દેવો પૂર્વ દિશામાં વહન કરે છે એ રીતે ચારે દિશા કહેવી. એ પ્રમાણે તારા વિમાનોને ૨૦૦૦ દેવો વહન કરે છે. તેમાં ૫૦૦ દેવો સીંહરૂપ ધારણ કરી પૂર્વની બાહાને વહન કરે છે, એ પ્રમાણે ચારે દિશામાં સમજવું.

● વિવેચન-૩૧૫ :-

ભગવન્ ! ચંદ્ર વિમાનને કેટલાં દેવ વહન કરે છે ? ૧૬,૦૦૦ દેવો. ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ સમજી લેવું. અહીં ભાવના આ છે — ચંદ્ર વિમાન તથા જગત્ સ્વાભાવ્યથી નિરાલંબન જ વહન કરતા રહે છે. માત્ર આભિયોગિક દેવો તથાવિધ નામ કર્મોદયવશથી સમાન કે હીન જાતિયોને પોતાને બહું માનતા, પ્રમોદ સભર, સતત વહનશીલ, વિમાનોમાં નીચે રહીને કોઈ સીંહરૂપે, કોઈ હાથી રૂપે, કોઈ બળદ રૂપે, કોઈ અશ્વરૂપે વહન કરે છે. - x - આજ કથન વૃત્તિકારશ્રીએ બે અલગ-અલગ રૂપે રજૂ કરેલ છે.

અહીં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની બે સંગ્રહણી ગાથા છે — ૧૬,૦૦૦ દેવો ચંદ્રને, ૧૬,૦૦૦ દેવો સૂર્યને વહન કરે છે. ૮૦૦૦ દેવો એકૈક ગ્રહવિમાનને, ૪૦૦૦ દેવો

એકૈક નક્ષત્રને, ૨૦૦૦ દેવો એકૈક તારાવિમાનને વહન કરે છે. વિશેષમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની ટીકા જોવી. કેમકે ત્યાં સવિસ્તાર સીંહાદિનું વ્યાખ્યાન છે.

● **સૂત્ર-૩૧૬,૩૧૭ :-**

*[૩૧૬] ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપમાં કોણ કોનાથી શીઘ્રગતિ કે મંદગતિ છે ? ગૌતમ ! ચંદ્ર કરતાં સૂર્ય શીઘ્રગતિ છે, સૂર્યથી ગ્રહો શીઘ્રગતિ છે, ગ્રહોથી નક્ષત્રો શીઘ્રગતિ છે, નક્ષત્રોથી તારા શીઘ્રગતિ છે. સૌથી અલ્પ ગતિ ચંદ્ર છે અને સૌથી શીઘ્રગતિ તારા છે.*

*[૩૧૭] ભગવન્! આ ચંદ્ર યાવત્ તારારૂપમાં કોણ કોનાથી અલ્પઋદ્ધિક કે મહાઋદ્ધિક છે. ગૌતમ! તારા કરતાં નક્ષત્રો મહર્દ્ધિક છે, નક્ષત્રો કરતાં ગ્રહો મહાઋદ્ધિક છે. ગ્રહો કરતાં સૂર્ય મહાઋદ્ધિક છે, સૂર્ય કરતાં ચંદ્ર મહાઋદ્ધિક છે. સૌથી અલ્પ ઋદ્ધિવાળા તારા છે અને સૌથી મહાઋદ્ધિવાળા ચંદ્રો છે.*

● **વિવેચન-૩૧૬,૩૧૭ :-**

આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારામાં કોણ કોનાથી અલ્પગતિ, કોણ કોનાથી શીઘ્રગતિ છે ? ગૌતમ ! ચંદ્રથી સૂર્ય શીઘ્રગતિ છે, ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. ચંદ્ર વડે અહોરાત્રમાં આક્રમણીય ક્ષેત્રની સૂર્યાદિ વડે હીન-હીનતર અહોરાત્રમાં આક્રમણીયતા હોવાથી કહ્યું. આને વિસ્તારથી ચંદ્ર પ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિમાં કહેલ છે, ત્યાંથી જાણવું. - x -

આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારામાં કોણ કોનાથી અલ્પઋદ્ધિક કે મહાઋદ્ધિક છે ? ગૌતમ ! તારાથી નક્ષત્રો મહા ઋદ્ધિવાળા છે કેમકે બૃહત્સ્થિતિક છે. ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ.

હવે જંબૂદ્વીપમાં તારાનું પરસ્પર અંતર કહે છે —

● **સૂત્ર-૩૧૮ થી ૩૨૧ :-**

*[૩૧૮] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં એક તારાથી બીજા તારાનું કેટલું અંતર કહેલ છે ? ગૌતમ ! અંતર બે પ્રકારે છે — વ્યાઘાતિમ અને નિર્વ્યાઘાતિમ. તેમાં જે વ્યાઘાતિમ છે, તે જઘન્યથી ૨૬૬ યોજન છે અને ઉત્કૃષ્ટ ૧૨,૨૪૨ યોજન છે તેમાં જે નિર્વ્યાઘાતિમ અંતર છે, તે જઘન્યથી ૫૦૦ ધનુષ્ અને ઉત્કૃષ્ટથી બે ગાઉ એક તારાથી બીજા તારાનું અંતર છે.*

*[૩૧૯] ભગવન્ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ છે ? ગૌતમ ! ચાર અગ્રમહિષી છે — ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાંલી, પ્રભંકરા. આ પ્રત્યેક દેવીને ચાર-ચાર હજાર દેવોનો પરિવાર છે. એકૈક દેવી બીજી ૪૦૦૦ દેવીના પરિવારને વિકુર્વવા સમર્થ છે. આ પ્રમાણે બધી મળીને ૧૬,૦૦૦ દેવીઓનો પરિવાર થાય. તે (એક) ત્રુટિત કહી.*

*[૩૨૦] ભગવન્ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્ર ચંદ્રવતાંસક વિમાનમાં સુધર્માસભામાં ચંદ્ર સિંહાસનમાં પોતાના અંતઃપુરની સાથે દિવ્ય ભોગોપભોગને ભોગવતા વિચરવા સમર્થ છે ? ના, તે અર્થ સંગત નથી. ભગવન્ ! એમ કેમ કહો છો કે જ્યોતિષ્રાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનની સુધર્માસભામાં ચંદ્ર સીંહાસનમાં*



*અંતઃપુર સાથે ભોગ ભોગવવા સમર્થ નથી ?*

*ગૌતમ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રના ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં માણવક ચૈત્યસ્તંભમાં વજ્રમય-ગોળ-વૃત્ત-સમુદ્ગકમાં ઘણાં જિન અસ્થિ રાખેલા છે, જે જ્યોતિષ્કેન્દ્ર, જ્યોતિષ્રાજ ચંદ્રને અને બીજા ઘણાં દેવો અને દેવીઓને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તે કારણે જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર યાવત્ ભોગ ભોગવવા સમર્થ નથી. તેથી હે ગૌતમ! એમ કહ્યું કે - x - x - ચંદ્ર ભોગ ભોગવવા સમર્થ નથી, અથવા હે ગૌતમ! જ્યોતિષ્રાજ જ્યોતિષેન્દ્ર ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં ચંદ્ર સીંહાસને ૪૦૦૦ સામાનિક દેવો યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો તથા બીજા ઘણાં જ્યોતિષ્ક દેવો અને દેવીઓ સાથ પરીવરીને મોટા અવાજ સાથે વગાડાતા, નૃત્ય-ગીત-વાજિંત્ર-તંત્રી-તાલ-ત્રુટિત-ઘન મૃદંગથી ઉત્પન્ન શબ્દોથી દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરવા સમર્થ છે. પણ અંતઃપુર પરિવાર સાથે મૈથુન નિમિત્તક ભોગ ભોગવવાને માટે સમર્થ નથી.*

*[૩૨૧] ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્ રાજસૂર્યની કેટલી અગ્રમહિષીઓ કહી છે ? ગૌતમ ! ચાર અગ્રમહિષી છે — સૂરપ્રભા, આતપાભા, અર્ચિમાંલી, પ્રભંકરા. એ પ્રમાણે બાકીનું કથન ચંદ્રની જેમ કરવું. વિશેષ એ — "સૂર્યાવતંસક વિમાનમાં સૂર્યસીંહાસન ઉપર" એમ કહેવું. તે પ્રમામે બધાં ગ્રહાદિની ચાર અગ્રમહિષીઓ છે — વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા.*

● **વિવેચન-૩૧૮ થી ૩૨૧ :-**

ભદંત ! જંબૂદ્વીપમાં એક તારાથી બીજા તારાનું અંતર કેટલું છે ? ગૌતમ ! અંતર બે ભેદે — વ્યાઘાતિમ, નિર્વ્યાઘાતિમ. વ્યાઘાત-પર્વતાદિ સ્ખલન, તેના વડે નિર્વૃત્ત તે વ્યાઘાતિમ. નિર્વ્યાઘાતિમ - સ્વાભાવિક. તેમાં જે નિર્વ્યાઘાતિમ છે તે જઘન્યથી ૫૦૦ ધનુષ્ અને ઉત્કૃષ્ટથી બે ગાઉ છે. જે વ્યાઘાતિમ છે તે જઘન્યથી ૨૬૬ યોજન, આ નિષધકૂટાદિ અપેક્ષાએ કહેવું. તેથી કહે છે — નિષધપર્વત સ્વભાવથી ઉંચે ૪૦૦ યોજન, તેની ઉપર ૫૦૦ યોજન ઉંચો કૂટ, તે મૂળમાં ૫૦૦ યોજન, મધ્યમાં ૩૫૭ યોજન, ઉપર-૨૫૦ યોજન, તેની ઉપરના ભાગે સમશ્રેણિ પ્રદેશમાં તથાજગત્ સ્વાભાવ્યથી આઠ-આઠ યોજન ઉભયતઃ અંતરે તારા વિમાનો ભ્રમણ કરે છે. તેથી જઘનયથી વ્યાઘાતિમ અંતર-૨૬૬ યોજન થાય, ઉત્કૃષ્ટથી-૧૨,૨૪૨ યોજન અધિક. આ મેરુને આશ્રીને કહેવું. - x - x -

ભગવન્ ! ચંદ્રની કેટલી અગ્રમહિષી છે ? ગૌતમ ! ચાર. ચંદ્રપ્રભા આદિ ચાર. તે ચાર અગ્રમહિષી મધ્યે એક એક દેવીનો ચાર-ચાર હજાર દેવી પરિવાર કહ્યો છે. એકૈક અગ્રમહિષીની ચાર-ચાર હજાર પટ્ટરાણી, જ્યોતિષ્કરાજ ચંદ્રને ઈચ્છા થાય ત્યારે પોતાના સમાન ૪૦૦૦ દેવીને વિકુર્વવાને સમર્થ છે. આ રીતે બધું મળીને ૧૬,૦૦૦ દેવી ચંદ્રને હોય છે, આ તેનું અંતઃપુર છે.

શું ચંદ્ર તેમની સાથે ચંદ્રાવતંસક વિમાનની સુધર્માસભામાં દિવ્ય ભોગ ભોગવતો વિચરવા સમર્થ છે ? ના, તેમ ન થાય. તેનું કારણ સૂત્રાર્થમાં લખ્યા મુજબ જ વૃત્તિકારશ્રીએ સંસ્કૃત રૂપાંતર કરેલ છે. [માટે અમે ફરી લખતા નથી.] તેમાં વિશેષ

આ – પુષ્પ વડે અર્ચનીય, વિશિષ્ટ સ્તોત્રથી સ્તોતવ્ય તે વંદનીય, વસ્ત્રાદિથી પૂજનીય ઈત્યાદિ જાણવું. ૪૦૦૦ સામાનિક પછી યાવત્ શબ્દથી ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, ઘણાં જ્યોતિષ્ક દેવ-દેવી સાથે સંપરિવૃત્ત. - x - x - સૂર્યની અગ્રમહિષીઓ ચાર છે – સૂર્યપ્રભા, આતપાભા, અર્ચિર્માલી, પ્રભંકરા. શેષ ચંદ્રવત્ કહેવું.

● સૂત્ર-૩૨૨ :-

*ભગવન્ ! ચંદ્ર વિમાનમાં દેવોની કેટલી કાળ સ્થિતિ કહી છે ? સ્થિતિપદમાં છે તેમ (યાવત્) તારા સુધી કહેવું.*

● વિવેચન-૩૨૨ :-

ભદંત ! ચંદ્રવિમાનમાં દેવોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ - x - ઉત્કૃષ્ટથી એક લાખ અધિક પલ્યોપમ. ચંદ્રવિમાનમાં જ ચંદ્ર દેવ ઉત્પન્ન થાય છે. બીજા તેના સામાનિક અને આત્મરક્ષક આદિ છે સામાનિક અને આત્મરક્ષક દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ ઉપરોક્ત છે.

ભદંત ! ચંદ્ર વિમાનમાં દેવીની સ્થિતિ કેટલી છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ, ઉત્કૃષ્ટથી સાધિક અર્દ્ધ પલ્યોપમ. - - - એ પ્રમાણે સૂર્યાદિ વિમાન વિષયક સ્થિતિ-સૂત્રો કહેવા. સૂર્ય વિમાનમાં દેવોની જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ વર્ષ અધિક પલ્યોપમ. દેવીની જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી અર્દ્ધ પલ્યોપમ અને ૫૦૦ વર્ષ અધિક.

ગ્રહવિમાનના દેવોની ઉત્કૃષ્ટથી પલ્યોપમ, દેવીની ઉત્કૃષ્ટથી અર્દ્ધ પલ્યોપમ. નક્ષત્રવિમાનના દેવોની ઉત્કૃષ્ટ અર્દ્ધ પલ્યોપમ, દેવીની ઉત્કૃષ્ટ સાધિક ચતુર્ભાગ પલ્યોપમ. તારાવિમાને જઘન્ય અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ચતુર્ભાગ પલ્યોપમ. દેવીની જઘન્ય અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાધિક અષ્ટભાગ પલ્યોપમ.

● સૂત્ર-૩૨૩ :-

*ભગવન્! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ! ચંદ્ર અને સૂર્ય આ બંને તુલ્ય છે, તેનાથી સંખ્યાતગણાં નક્ષત્રો, તેનાથી સંખ્યાતગણાં ગ્રહો, તેનાથી સંખ્યાતગણાં તારા છે.*

● વિવેચન-૩૨૨,૩૨૩ :-

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારામાં કોણ કોનાથી અલ્પ અને કોણ કોનાથી વધુ છે ? કોણ કોનાથી તુલ્ય છે ? કોણ કોનાથી વિશેષાધિક છે ? ગૌતમ ! ચંદ્ર-સૂર્ય બંને પરસ્પર તુલ્ય છે. કેમકે પ્રતિદ્વીપમાં અને સમુદ્રમાં ચંદ્ર-સૂર્યોની સંખ્યા સમ છે. બાકીના ગ્રહાદિથી થોડાં છે. તેનાથી નક્ષત્રો સંખ્યાતગુણા છે કેમકે અઠ્ઠાવીશગણા થાય. તેનાથી ગ્રહો સાધિક ત્રણ ગણાં હોવાથી સંખ્યાતગણાં છે, તારા સંખ્યાતગણાં છે.

**મુનિ દીપરત્નસાગરે સટીક અનુવાદ કરેલ**
**પ્રતિપત્તિ-૩-જ્યોતિષ્ક ઉદ્દેશો પૂર્ણ**





## ❀ પ્રતિપત્તિ-૩-વૈમાનિક ઉદ્દેશો-૧ ❀

-- x -- x -- x -- x -- x --

૦ જ્યોતિષ્ક વક્તવ્યતા કહી, હવે વૈમાનિક વક્તવ્યતા–

● સૂત્ર-૩૨૪ :-

*ભગવન્ ! વૈમાનિક દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? વૈમાનિક દેવો ક્યાં વસે છે ? સ્થાનપદમાં છે તેમ બધું જ કહેવું, વિશેષ એ કે શુક્ર [અચ્યુત-?] દેવલોક સુધી પર્ષદાનું કથન કરવું. બીજા પણ ઘણાં સૌધર્મકલ્પવાસી દેવો અને દેવીઓ યાવત્ વિચરે છે.*

● વિવેચન-૩૨૪ :-

વૈમાનિક દેવોના વિમાન ક્યાં છે ?, વૈમાનિક દેવો ક્યા વસે છે ? ભગવંતે કહ્યું – આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી - રુચકોપલક્ષિતથી ઉપર ચંદ્ર-સૂર્યાદિની પણ ઉપર ઘણાં યોજન, ઘણાં કોડાકોડી યોજનો ઉંચે બુદ્ધિથી જઈને આ સાર્દ્ધરજ્જૂ - x - આ સાર્દ્ધ રજ્જૂ ઉપલક્ષિત ક્ષેત્રમાં ઈષત્ પ્રાગ્ભારાથી પૂર્વે સૌધર્મ, ઈશાનથી અનુત્તર સુધીના સ્થાનમાં વૈમાનિકોના ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે. આ સંખ્યા બત્રીશ, અઠ્ઠાવીશ, બાર, આઠ એ બધાંના સરવાળાથી આવે છે. તે વિમાનો સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા યાવત્ અભિરૂપ છે.

ઉક્ત વિમાનોમાં ઘણાં વૈમાનિક દેવો વસે છે. જેમકે – સૌધર્મ, ઈશાન યાવત્ ગ્રૈવેયક, અનુત્તર. - x - આ દેવો કેવા છે ? સૌધર્મથી અચ્યુત સુધીના યથાક્રમે મૃગ, મહિષ, વરાહ, સીંહ, છગલ, દર્દુર, હય, જગપતિ, ભુજંગ, ખડ્ગ, વૃષભ અને વિડિમના પ્રકટ ચિહ્નથી યુક્ત મુગટના ધારક છે. જેમકે સૌધર્મદેવો મૃગરૂપ પ્રકટિત ચિહ્ન મુગટવાળા યાવત્ અચ્યુતકલ્પ દેવો વિડિમ મુગટ ચિહ્નવાળા - મુગટ કિરિટધારી છે.

શ્રેષ્ઠ કુંડલ વડે ઉધોતીત મુખવાળા, મુગટ વડે દીપ્ત મસ્તકવાળા, લાલવર્ણના છે. તેને જ વિશેષથી કહે છે – પદ્મ પત્રવત્ ગૌર, પરમપ્રશસ્ય શુભ વર્ણ-ગંધ-સ્પર્શવાળા, ઉત્તમ વિકુર્વવાના આચારવાળા, વિવિધ શુભથી શુભતર વસ્ત્રો અને માલ્યને ધારણ કરવાના સ્વભાવવાળા, મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાયશવાળા, મહાબલવાળા, મહાનુભાગ, મહાસૌખ્યવાળા તથા હારવિરાજિત વત્સવાળા યાવત્ લટકતી વનમાળાને ધારણ કરનારા, દિવ્ય એવા વર્ણ-ગંધ-સ્પર્શ-સંઘયણ-સંસ્થાન-ઋદ્ધિ-દ્યુતિ-પ્રભા-છાયા-અર્ચી-તેજ-લેશ્યા ઈત્યાદિ યુક્ત હતા.

તે વૈમાનિક દેવો શક્રથી અચ્યુત પર્યન્ત સ્વ-સ્વ કલ્પમાં પોત-પોતાના લાખો વિમાનો, હજારો સામાનિકો, ત્રાયસ્ત્રિંશકો, લોકપાલો, સપરિવાર અગ્રમહિષીઓ, સૈન્યો, સેનાધિપતિઓ, હજારો આત્મરક્ષક દેવો, બીજા ઘણાં દેવો-દેવીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભતૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞા-ઈશ્વર સેનાપત્ય કરતા, પાળતા આદિથી વિચરે છે.

ભગવન્ ! સૌધર્મદેવોના વિમાનો ક્યાં કહ્યાં છે ? સૌધર્મ દેવો ક્યાં વસે છે ? જંબૂદ્વીપના મેરુની દક્ષિણે આ જ રત્નપ્રભાના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર-સૂર્યાદિ ઉપર ઘણાં-ઘણાં યોજનો ગયા પછી આ સૌધર્મકલ્પ છે. તે. પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત મેરુની દક્ષિણથી છે. સર્વતઃ કિરણમાલા પરિવૃત્ત છે. આ જ ઉપમાને દૃઢ કરે છે - ઇંગાલરાશિ વર્ણ વડે, પ્રભા વડે, પદ્મરાગાદિ સંબંધી જાજ્વલ્યમાનપણે, દેદીપ્યમાન અંગાર રાશિવર્ણાભપ્રભાવાળા, અત્યંત ઉત્કટતાથી સાક્ષાત્ અંગાર રાશિ સમાન લાગે છે. અસંખ્ય યોજન કોટાકોટી પરિક્ષેપથી સર્વાત્મના, રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ ઈત્યાદિ જાણવા.

સૌધર્મકલ્પમાં બત્રીશ લાખ વિમાનો છે - એમ મેં અને બાકીના તીર્થંકરોએ કહેલ છે. તે વિમાનો સર્વાત્મના રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના બહુમધ્યે વિમાનાવતંસક કહ્યા છે. તે આ — પૂર્વ દિશામાં અશોકાવતંસક, દક્ષિણમાં સપ્તપર્ણાવતંસક, પશ્ચિમમાં ચંપકાવતંસક, ઉત્તરમાં ચૂતાવતંસક, તેની મધ્યે સૌધર્માવતંસક છે. તે પાંચે અવતંસકો સર્વથા રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. - x - x -

આ બત્રીશ લાખ વિમાનોમાં ઘણાં સૌધર્મા દેવો વસે છે. તેઓ મહર્દ્ધિક યાવત્ દશે દિશાને ઉધોતીત કરનારા છે. - x - તેઓ ત્યાં પોત-પોતાના વિમાનોનું - x - યાવત્ વિચરે છે. આ સૌધર્મકલ્પમાં શક્ર દેવેન્દ્ર દેવરા વસે છે. તે કેવો છે ?

વજ્રપાણિ-જેના હાથમાં વજ્ર છે, પુરંદર - અસુરોના નગરને વિદારનાર, શતક્રતુ-શ્રમણોપાસકની પાંચમી પ્રતિમારૂપ અભિગ્રહને ૧૦૦ વખત કરનાર, સહસ્રાક્ષ-૫૦૦ મંત્રીની ૧૦૦૦ આંખે જોનાર, મઘવ-મહામેઘ જેને વશ છે તે, પાકશાસન-પાક નામે શત્રુને દૂર કરનાર. દક્ષિણાર્દ્ધલોકાધિપતિ, બત્રીશ લાખ વિમાન અધિપતિ, ઐરાવણ વાહન - ઐરાવણ હાથી તેનો વાહન છે, સુરેન્દ્ર-સૌધર્મવાસી દેવોનો સ્વામી, રજોરહિત સ્વચ્છ વસ્ત્રને ધારણ કર્તા, માળા-મુગટ ધારણ કરનાર, નવા હેમ વડે - ચારુ ચિત્રો વડે, ચંચલ કુંડલ વડે વિલેખિત ગંડવાળા. મહર્દ્ધિક યાવત્ દશ દિશાઓને ઉધોતીત, પ્રભાસિત કરે છે.

સૌધર્મકલ્પમાં સૌધર્માવતંસક વિમાનમાં સુધર્મા સભામાં શક્ર સિંહાસને બત્રીશ લાખ વિમાન, ૮૪,૦૦૦ સામાનિક, ૩૩-ત્રાયસ્ત્રિંશક આદિનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે.

● સૂત્ર-૩૨૫ :-

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રની કેટલી પર્ષદા છે ? ગૌતમ ! ત્રણ પર્ષદા છે — સમિતા, ચંડા, જાતા. આભ્યંતરિકા-સમિતા, મધ્યમિકા-ચંડા, બાહ્યા-જાતા.*

*ભગવન્ ! શક્રેન્દ્રની અભ્યંતર પર્ષદામાં કેટલા હજાર દેવો છે ? મધ્યમિકાના ? તે રીતે બાહ્યાની પૃચ્છા. ગૌતમ ! શક્રેન્દ્રની અભ્યંતર પર્ષદામાં ૧૨,૦૦૦ દેવો છે, મધ્યમિકા પર્ષદામાં ૧૪,૦૦૦ દેવો અને બાહ્ય પર્ષદામાં ૧૬,૦૦૦ દેવો છે. અભ્યંતર પર્ષદામાં ૭૦૦ દેવી, મધ્યમામાં ૬૦૦, બાહ્યામાં ૫૦૦ દેવીઓ છે.*



*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રની અભ્યંતર પર્ષદાના દેવોની કેટલા કાળ સ્થિતિ છે ? મધ્યમાની ? બાહ્યાની સ્થિતિ ? ગૌતમ ! શક્રેન્દ્રની અભ્યંતર પર્ષદાની પાંચ પલ્યોપમની સ્થિતિ, મધ્યમા પર્ષદાની ચાર પલ્યોપમ સ્થિતિ, બાહ્ય પર્ષદાના દેવોની ત્રણ પલ્યોપમની સ્થિતિ છે. દેવીની સ્થિતિ — અભ્યંતર પર્ષદાની ત્રણ પલ્યોપમ, મધ્યમાની બે પલ્યોપમ, બાહ્ય પર્ષદાની એક પલ્યોપમ સ્થિતિ કહી છે. પર્ષદાનો અર્થ ભવનવાસી મુજબ કહેવો.*

*ભગવન્ ! ઈશાનક દેવોના વિમાનો ક્યાં છે ? બધું કથન સૌધર્મવત્ યાવત્ ઈશાન અહીં દેવેન્દ્ર યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની કેટલી પર્ષદાઓ કહી છે ? ગૌતમ ! ત્રણ પર્ષદા-સમિતા, ચંડા, જાતા બધું પૂર્વવત્. વિશેષ એ કે — અભ્યંતર પર્ષદામાં ૧૦,૦૦૦ દેવો, મધ્યમ પર્ષદામાં ૧૨,૦૦૦ દેવો, બાહ્ય પર્ષદામાં ૧૪,૦૦૦ દેવો કહેલા છે. દેવીની પૃચ્છા-અભ્યંતર પર્ષદામાં ૯૦૦ દેવી, મધ્યમા પર્ષદામાં ૮૦૦ દેવી અને બાહ્ય પર્ષદામાં ૭૦૦ દેવીઓ કહેલા છે.*

*સ્થિતિ - અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ સાત પલ્યોપમ કહી છે. મધ્યમાની છ પલ્યોપમ, બાહ્યાની પાંચ પલયોપમ સ્થિતિ છે. દેવીની પૃચ્છા-અભ્યંતરની સાતિરેક પાંચ પલ્યોપમ, મધ્યમા પર્ષદાની ચાર પલ્યોપમ સ્થિતિ, બાહ્યા પર્ષદાની ત્રણ પલ્યોપમ સ્થિતિ કહેલી છે. અર્થ આદિ પૂર્વવત્ કહેવા.*

*સનત્કુમારનો પ્રશ્ન - પૂર્વવત્, સ્થાનપદ આલાવા મુજબ યાવત્ સનત્કુમારની ત્રણે પર્ષદા સમિતાદિ પૂર્વવત્. વિશેષ એ કે — અભ્યંતર પર્ષદામાં ૮૦૦૦ દેવો કહ્યા છે. મધ્યમા પર્ષદામાં ૧૦,૦૦૦ દેવો કહ્યા છે. બાહ્ય પર્ષદામાં ૧૨,૦૦૦ દેવો કહ્યા છે. અભ્યંતર પર્ષદાની દેવોની સ્થિતિ સાડા ચાર સાગરોપમ અને પાંચ પલ્યોપમ, મધ્યમા પર્ષદામાં સાડા ચાર સાગરોપમ અને ચાર પલ્યોપમ, બાહ્ય પર્ષદાની સાડા ચાર સાગરોપમ અને ત્રણ પલ્યોપમ સ્થિતિ કહી છે. પર્ષદાનો અર્થ પૂર્વવત્.*

*એ પ્રમાણે માહેન્દ્રની ત્રણ પર્ષદા છે. વિશેષ એ — અભ્યંતર પર્ષદામાં ૬૦૦૦ દેવો, મધ્યમા પર્ષદામાં ૮૦૦૦ દેવો અને બાહ્ય પર્ષદામાં ૧૦,૦૦૦ દેવો કહ્યા છે. સ્થિતિ અભ્યંતર પર્ષદાના દેવોની સાડા ચાર સાગરોપમ અને સાત પલ્યોપમ, મધ્યમા પર્ષદાની પાંચ [સાડાચાર-?] સાગરોપમ અને છ પલ્યોપમ, બાહ્ય પર્ષદાની સાડા ચાર સાગરોપમ અને પાંચ પલ્યોપમ સ્થિતિ છે.*

*આ પ્રમાણે સ્થાનપદાનુસાર પહેલા બધાં ઈન્દ્રોના વિમાનોનું કથન અને પછી પ્રત્યેકની પર્ષદાઓનું કથન કરવું.*

*'બ્રહ્મ'ની પણ ત્રણ પર્ષદા કહી છે. અભ્યંતરમાં ૪૦૦૦ દેવો, મધ્યમામાં ૬૦૦૦ દેવો, બાહ્યામાં ૮૦૦૦ દેવો કહ્યા છે. દેવોની સ્થિતિ અભ્યંતર પર્ષદાની સાડા આઠ સાગરોપમ અને પાંચ પલ્યોપમ, મધ્યમાની સાડા આઠ સાગરોપમ અને ચાર પલ્યોપમ, બાહ્યાની સાડા આઠ સાગરોપમ અને ત્રણ પલ્યોપમ.*

*લાંતકની યાવત્ ત્રણે પર્ષદા યાવત્ અભ્યંતર પર્ષદામાં ૨૦૦૦ દેવો, મધ્યમામાં ૪૦૦૦ દેવો, બાહ્યામાં ૬૦૦૦ દેવો કહ્યા છે. સ્થિતિ — અભ્યંતર પર્ષદાની ૧૨-સાગરોપમ અને સાત પલ્યોપમ, મધ્યમા પર્ષદાની ૧૨-સાગરોપમ અને છ પલ્યોપમ, બાહ્યા પર્ષદાની ૧૨-સાગરોપમ અને પાંચ પલ્યોપમ સ્થિતિ છે.*

*મહાશુક્રની પણ યાવત્ ત્રણ પર્ષદા યાવત્ અભ્યંતરમાં ૧૦૦૦ દેવ, મધ્યમામાં ૨૦૦૦ દેવો, બાહ્ય પર્ષદામાં ૪૦૦૦ દેવો છે. અભ્યંતર પર્ષદામાં સાડા પંદર સાગરોપમ અને પાંચ પલ્યોપમ, મધ્યમામાં સાડા પંદર સાગરોપમ અને ચાર પલ્યોપમ, બાહ્યામાં સાડા પંદર સાગરોપમ અને ત્રણ પલ્યોપમ છે.*

*સહસ્રારમાં પૃચ્છા યાવત્ અભ્યંતર પર્ષદામાં ૫૦૦ દેવો, મધ્યમામાં ૧૦૦૦ દેવો, બાહ્યામાં ૨૦૦૦ દેવો કહ્યા છે. સ્થિતિ - અભ્યંતરમાં સાડા સત્તર સાગરોપમ અને સાત પલ્યોપમ, મધ્યમાની સાડા સત્તર સાગરોપમ અને છ પલ્યોપમ, બાહ્યાની સાડા સત્તર સાગરોપમ અને પાંચ પલ્યોપમ. અર્થ પૂર્વવત્.*

*આનત-પ્રાણતની પૃચ્છા યાવત્ ત્રણ પર્ષદાઓ. વિશેષ એ - અભ્યંતરમાં ૨૫૦ દેવો, મધ્યમામાં ૫૦૦ દેવો, બાહ્યમાં ૧૦૦૦ દેવો છે. સ્થિતિ - અભ્યંતરમાં ૧૯ સાગરોપમ અને પાંચ પલ્યોપમ, મધ્યમામાં ૧૯ સાગરોપમ અને ચાર પલ્યોપમ, બાહ્યાની ૧૯-સાગરોપમ અને ત્રણ પલ્યોપમ. અર્થ પૂર્વવત્.*

*આરણ-અચ્યુત દેવોના વિમાન ક્યાં છે ? પૂર્વવત્ કહેવું. સપરિવાર અચ્યુત યાવત્ વિચરે છે. અચ્યુત દેવેન્દ્રને ત્રણ પર્ષદાઓ કહી છે. આભ્યંતર પર્ષદામાં ૧૨૫૬ દેવ, મધ્યમામાં ૨૫૦ દેવ, બાહ્યામાં ૫૦૦ દેવો છે. સ્થિતિ-અભ્યંતર પર્ષદાની ૨૧-સાગરોપમ અને સાત પલ્યોપમ, મધ્યમાની ૨૧-સાગરોપમ અને ૬-પલ્યોપમ, બાહ્યાની ૨૧-સાગરોપમ અને પાંચ પલ્યોપમ.*

*નીચેની ગ્રૈવેયકના દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? નીચેની ગ્રૈવેયકના દેવો ક્યાં વસે છે ? સ્થાનપદ માફક કહેવું. એ પ્રમાણે મધ્યમ ગ્રૈવેયક, ઉપરની ગ્રૈવેયક, અનુત્તર યાવત્ અહમિંદ્ર નામક દેવો તે કહેલા છે. - x -*

● વિવેચન-૩૨૫ :-

દેવેન્દ્ર દેવરાજ શક્રની કેટલી પર્ષદા કહી છે ? ગૌતમ ! ત્રણ. શમિકા, ચંડા, જાતા. ઈત્યાદિ - x - ગૌતમ ! શક્રેન્દ્રની અભ્યંતર પર્ષદામાં ૧૨,૦૦૦ દેવ, મધ્યમામાં ૧૪,૦૦૦ દેવ, બાહ્યામાં ૧૬,૦૦૦ દેવો કહ્યા છે. એ રીતે દેવી સંખ્યા સૂત્રાર્થવત્ કહેવી.

*[● વૃત્તિકારશ્રીએ વૃત્તિમાં અહીં મહદ્ અંશે સૂત્રનું સંસ્કૃત રૂપાંતર જ કરેલું છે. અમે સૂત્રાર્થમાં તે ગુજરાતી અનુવાદમાં મૂકી જ દીધેલ છે. વૃત્તિમાં અમે તેનું બિનજરૂરી પુનરાવર્તન કરતા નથી માત્ર કેટલાંક અંશો કે વધારાની વૃત્તિનો અનુવાદ જ આપેલ છે—]*

(૧) દેવેન્દ્ર શક્રના ત્રણે પર્ષદાના દેવ-દેવીની સ્થિતિ.

(૨) શક્રને ત્રણ પર્ષદા છે તેમ કેમ કહ્યું ? આખું સૂત્ર ચમરની વક્તવ્યતા અનુસાર કહેવું.



(૩) ઈશાન દેવોના વિમાનો ક્યાં છે ? બધું સૌધર્મવત્ કહેવું. વિશેષ એ કે — મેરુ પર્વતની ઉત્તરે૦ તથા ૨૮ લાખ વિમાનો હોય છે. પાંચ અવતંસકો આ છે — પૂર્વમાં અંકાવતંસક, દક્ષિણમાં સ્ફટિકાવતંસક, પશ્ચિમમાં રજતાવતંસક, ઉત્તરમાં જાતરૂપાવતંસક, મધ્યમાં ઈશાનાવતંસક. શૂલપાણિ, વૃષભવાહન, ૮૦,૦૦૦ સામાનિકો, ૩,૨૦,૦૦૦ આત્મરક્ષક દેવો. પર્ષદાની દેવ સંખ્યા, દેવી સંખ્યા, દેવ-દેવીની સ્થિતિ. બાકી શક્રવત્.

(૪) સનત્કુમાર દેવોના વિમાનો ક્યાં છે ? સૌધર્મ કલ્પની ઉપર સપક્ષ સપ્રતિદિશા ઘણાં-ઘણાં યોજનો ઉંચે દૂર ગયા પછી આ સનત્કુમાર કલ્પ કહ્યો છે. તેમાં સપક્ષ - પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તર ચારે પાર્શ્વ સમાન જેમાં છે તે. સપ્રતિદિશિ - ચારે વિદિશા જેમાં સમાન છે તે. વિશેષમાં આ — બાર લાખ વિમાનો છે પાંચ અવતંસકોમાં મધ્યે સનત્કુમારાવતંસક છે. અગ્રમહિષી ન કહેવી, કેમ પરિગૃહીતા દેવીનો અસંભવ છે. સનત્કુમાર કલ્પે સનંતકુમારાવતંસક વિમાનમાં સુધર્માસભામાં સનત્કુમાર સીંહાસને, બાર લાખ વિમાનો, ૭૨,૮૦૦ સામાનિકો આદિ.

(૫) માહેન્દ્રક વિમાન ક્યાં છે ? ગૌતમ ! ઈશાન કલ્પ ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં-ઘણાં યોજનો ગયા પછી માહેન્દ્રકલ્પ કહેલ છે. બધું સનત્કુમારવત્ કહેવું. માત્ર અહીં આઠ લાખ વિમાનો છે. ચાર અવતંસક ઈશાનવત્ અને મધ્યમાં મહેન્દ્રાવતંસક. આઠ લાખ વિમાનો, ૭૦,૦૦૦ સામાનિકોનું આદિ આધિપત્ય. પર્ષદા સંખ્યાદિ સૂત્રાર્થવત્.

(૬) બ્રહ્મલોકના દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! સનત્કુમાર - માહેન્દ્ર કલ્પની ઉપર સમાન દિશા અને વિદિશામાં ઘણાં યોજનો યાવત્ ઉપર જતાં બ્રહ્મલોક કલ્પ છે. પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત છે. - x - ચાર લાખ વિમાનો છે. અશોકાદિ ચાર અવતંસક પૂર્વવત્. મધ્યે બ્રહ્મલોકાવતંસક. આધિપત્ય વિચારણામાં - ચાર લાખ વિમાનો, ૬૦,૦૦૦ સામાનિકાદિ.

(૭) લાંતકલોક દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! બ્રહ્મલોક કલ્પની ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં યોજન યાવત્ ઉપર જઈને લાંતક નામે કલ્પ છે. તે પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાને સંસ્થિત છે. શેષ બ્રહ્મલોકવત્. વિશેષ એ કે — વિમાનો ૫૦,૦૦૦ કેહવા. અવતંસકો ચાર ઈશાનવત્, પાંચમું મધ્યમાં લાંતકાવતંસક. આધિપત્ય-૫૦,૦૦૦ સામાનિક, ૨,૦૦,૦૦૦ આત્મરક્ષક દેવાદિનું. પર્ષદા સંખ્યાદિ સૂત્રાર્થવત્.

ભગવન્ ! મહાશુક્ર દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! લાંતક કલ્પની ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં યોજનો યાવત્ ઉપર ગયા પછી મહાશુક્રકલ્પ આવે છે. પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત છે. વિશેષ આ - અહીં ૪૦,૦૦૦ વિમાનો છે. અવતંસકો ચાર સુધર્મકલ્પવત્, પાંચમું મધ્યે શુક્રાવતંસક. ત્યાં ૪૦,૦૦૦ સામાનિકો, ૧,૬૦,૦૦૦ આત્મરક્ષકો છે. - x -

ભગવન્ ! સહસ્રાર દેવોનું વિમાન ક્યાં છે ? ગૌતમ મહાશુક્ર કલ્પ ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં યોજનો યાવત્ ઉપર જઈને સહસ્રાર કલ્પ છે. પ્રતિપૂર્ણ

ચંદ્ર સંસ્થાને છે. ત્યાં ૬૦૦૦ વિમાનો છે. અવતંસક - ઈશાનવત્. મધ્યે પાંચમું સહસ્રારાવતંસક છે. ૩૦,૦૦૦ સામાનિક દેવ ઈત્યાદિ.

ભગવન્ ! આનત-પ્રાણત નામના બે કલ્પો કહ્યા છે ? ગૌતમ ! સહસ્રારકલ્પ ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં યોજનો યાવત્ ઉપર જતાં, ત્યાં આનત-પ્રાણત નામે બે કલ્પો છે. તે અર્દ્ધચંદ્ર સંસ્થાન સંસ્થિત છે. ઈત્યાદિ સનત્ કુમારવત્ કહેવું. માત્ર ત્યાં આનત-પ્રાણત દેવોના ૪૦૦ વિમાનો છે. સૌધર્મકલ્પવત્ ચાર અવતંસકો છે. મધ્યે પ્રાણતાવતંસક છે. આધિપત્ય-૪૦૦ વિમાનો, ૨૦,૦૦૦ સામાનિકો, ૮૦,૦૦૦ આત્મરક્ષકદેવો આદિ. પર્ષદા સંખ્યાદિ સૂત્રાર્થવત્.

ભગવન્ ! આરણ-અચ્યુત બે કલ્પો ક્યાં છે ? આનત-પ્રાણત કલ્પોની ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં યોજનો યાવત્ ઉપર જઈને આ આરણ-અચ્યુત નામે બંને કલ્પો છે. તે અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત છે બાકી વિશેષણ પૂર્વવત્. મેરુના દક્ષિમ-ઉત્તર ભાગમાં અવસ્થાનથી પ્રત્યેકની અપેક્ષાએ આ અર્દ્ધ ચંદ્ર સંસ્થાનપણું જાણવું. બંને ભેગા કરતાં તો પરિપૂર્ણ ચંદ્ર સંસ્થાન જ થાય. ૩૦૦ વિમાનો છે. અવતંસક સૌધર્મવત્. મધ્યે અચ્યુતાવતંસક છે. ૧૦,૦૦૦ સામાનિકાદિ છે.

વૃત્તિકારશ્રીએ વિમાન અને સામાનિક સંગ્રહણી ગાથાઓ મૂકી છે, જેમાં બારે કલ્પના વિમાનો અને સામાનિક દેવોની સંખ્યા જમાવી છે. જે ઉક્ત વર્ણનમાં આવી ગઈ છે.

ભગવન્ ! નીચલી ગ્રૈવેયકના દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! આરણ-અચ્યુત કલ્પોની ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં યોજનો ઉપર જઈને છે. આ વિમાનો પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત છે, પૂર્વવત્ ભસ્મ-રાશિવર્ણની આભાવાળા છે. અસંખ્યાત કોડાકોડી યોજન લાંબા-પહોળા છે, અસંખ્યાત કોડાકોડી યોજન પરિધિથી છે. સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. નીચલી ગ્રૈવેયક ત્રિકમાં ૧૧૧ વિમાનો કહ્યા છે. તેમાં વસતા દેવો બધાં સમઋદ્ધિક છે. સમધુતિક, સમબલ, સમયસષ સમાનુભાગ, સમસૌખ્ય છે. તેમાં કોઈ ઈન્દ્ર નથી - દાસ નથી - પુરોહિત નથી. તેઓ અહમિન્દ્ર છે. એ પ્રમાણે મધ્યમ ગ્રૈવેયકમાં ૧૦૭, ઉપરીમાં ૧૦૦ વિમાન છે.

ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવોના વિમાનો ક્યાં છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્રાદિ જ્યોતિષ્કથી ઉપર ઘણાં-ઘણાં યોજનો ઉપર ગયા પછી સૌધર્માદિ બારે કલ્પો, ત્રણે ગ્રૈવેયકો પસાર કર્યા પછી પણ ઉપર જઈને નીરજ, નિર્મળ, અંધકારરહિત, વિશુદ્ધ એવા પાંચ દિશામાં પાંચ અનુત્તર મહા-મોટા વિમાનો છે તે આ — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ. તેમાં નીરજ - આવનારી રજરહિત, નિર્મલ - સ્વાભાવિક મલનો અભાવ, વિતિમિર - રત્નોની પ્રભાના પ્રભાવથી બધી દિશા-વિદિશામાં તમસ્ ચાલ્યું જવાથી. વિશુદ્ધ - કલંક કલેશનો અભાવ. પંચદિસિ - પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, મધ્યમ.

— x — x — x —



## ❀ પ્રતિપત્તિ-૩, વૈમાનિક-ઉદ્દેશો-૨ ❀

— x — x — x — x — x —

● સૂત્ર-૩૨૬ :-

*ભગવન્ ! સૌધર્મ, ઈશાન કલ્પની પૃથ્વી કોને આધારે કહી છે ? ગૌતમ ! ઘનોદધિ પ્રતિષ્ઠિત છે. - - - સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં વિમાન પૃથ્વી કોના આધારે કહી છે ? ગૌતમ ! તે ઘનવાતને આધારે છે. - - - ભગવન્ ! બ્રહ્મલોક કલ્પમાં વિમાન પૃથ્વીની પૃચ્છા - તે ઘનવાતને આધારે કહેલ છે.*

*ભગવન્ ! લાંતક વિમાનની પૃથ્વી ? ગૌતમ ! તદુભય [ઘનોદધિ અને ઘનવાત] ને આધારે છે. મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં પણ તદુભય આધારે છે. આનત યાવત્ અચ્યુતકલ્પે પૃથ્વી કોના આધારે છે ? અવકાશાંતરને આધારે છે. ગ્રૈવેયક વિમાન પૃથ્વી પૃચ્છા. ગૌતમ ! અવકાશાંતર આધારે રહેલ છે. અનુત્તરોપપાતિક પૃચ્છા. અવકાશાંતરને આધારે છે.*

● વિવેચન-૩૨૬ :-

- x - x - ભદંત ! સૌધર્મ અને ઈશાનકલ્પ વિમાન પૃથ્વી કોના આધારે રહેલ કહી છે ? ગૌતમ ! ઘનોદધિના આધારે રહેલ છે. ઈત્યાદિ બધું સૂત્રાર્થ મુજબ જાણવું. કહ્યું છે — ઘનોદધિ પ્રતિષ્ઠિત સુરભવનો બે કલ્પે છે, ત્રણ વાયુપ્રતિષ્ઠિત છે, ત્રણ તદુભય પ્રતિષ્ઠિત છે, તેના પછી ઉપરના બધાં આકાશ પ્રતિષ્ઠિત છે. ઉર્ધ્વલોકમાં આ પ્રતિષ્ઠાનવિધિ છે.

હવે પૃથ્વીનું બાહલ્ય પ્રતિપાદન કરે છે —

● સૂત્ર-૩૨૭ થી ૩૩૨ :-

*[૩૨૭] ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન પૃથ્વીની જાડાઈ કેટલી કહી છે ? ગૌતમ ! ૨૭૦૦ યોજન જાડી છે. આ પ્રમાણે બધે પ્રશ્નો કરવા. સનત્કુમાર અને માહેન્દ્રમાં ૨૬૦૦ યોજન, બ્રહ્મ અને લાંતકની ૨૫૦૦ યોજન, મહાશુક્ર અને સહસ્રારમાં ૨૪૦૦ યોજન. આનત-પ્રાણત અને આરણ-અચ્યુત કલ્પે ૨૩૦૦ યોજન. ગ્રૈવેયક વિમાનની પૃથ્વી ૨૨૦૦ યોજન અને અનુત્તર વિમાનની પૃથ્વીની જાડાઈ ૨૧૦૦ યોજન છે.*

*[૩૨૮] ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પોમાં વિમાનો કેટલા ઉંચા છે ? ગૌતમ ! ૫૦૦ યોજન ઉંચા છે. સનત્કુમાર અને માહેન્દ્રમાં ૬૦૦ યોજન, બ્રહ્મ અને લાંતકમાં ૭૦૦ યોજન, મહાશુક્ર અને સહસ્રારમાં ૮૦૦ યોજન, આનતાદિ ચારમાં ૯૦૦ યોજન છે. ભગવન્ ! ગ્રૈવેયકવિમાન કેટલા ઉંચા છે ? ૧૦૦૦ યોજન. અનુત્તર વિમાનમાં ૧૧૦૦ યોજન ઉંચાઈ છે.*

*[૩૨૯] ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પોમાં વિમાનો કયા આકારે છે ? ગૌતમ ! વિમાન બે ભેદે કહ્યા — આવલિકા પ્રવિષ્ટ અને આવલિકા બાહ્ય. તેમાં જે આવલિકા પ્રવિષ્ટ છે, તે ત્રણ ભેદે કહ્યા છે — વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર. જે આવલિકા બાહ્ય છે, તે વિવિધ આકારે કહ્યા છે. એ પ્રમાણે ગ્રૈવેયક વિમાન સુધી*

કહેવું. અનુત્તરોપપાતિક વિમાનો બે ભેદે - વૃત્ત અને ત્ર્યસ્ર.

[૩૩૦] ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પોમાં વિમાનો કેટલી લંબાઈ-પહોળાઈથી અને કેટલી પરિધિથી છે ? ગૌતમ ! વિમાનો બે ભેદે – સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત. જેમ નરકમાં કહેલું તેમ યાવત્ અનુત્તરોપપાતિક [તે બે ભેદે છે] સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત. તેમાં જે સંખ્યાતવિસ્તૃત છે, તે જંબૂદ્વીપ પ્રમાણ છે અને જે અસંખ્યાત યોજન વિસ્તારવાળા છે, તે અસંખ્યાત હજાર યોજન વિસ્તાર અને પરિધિવાળા છે.

ભગવન્ ! સૌધર્મ-ઈશાનમાં વિમાનો કેટલાં વર્ણવાળા કહ્યા છે ? ગૌતમ ! પાંચ વર્ણવાળા છે – કૃષ્ણ, નીલ, લોહિત, હાલિદ્ર અને શ્વેત. સનત્કુમાર અને માહેન્દ્રમાં ચાર વર્ણવાળા છે – નીલા યાવત્ શ્વેત. બ્રહ્મલોક અને લાંતકમાં ત્રણ વર્ણવાળા છે – લોહિત યાવત્ શ્વેત. મહાશુક્ર અને સહસ્રારમાં બે વર્ણવાળા છે – હાલિદ્ર અને શ્વેત. આનત-પ્રાણત, આરણ-અચ્યુતમાં શ્વેત. ગ્રૈવેયકવિમાનોના વર્ણ શ્વેત છે. અનુત્તરોપપાતિક વિમાનોનો વર્ણ પરમ શ્વેત કહેલ છે.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પમાં વિમાનોની પ્રભા કેવી છે ? ગૌતમ ! તે વિમાન નિત્ય સ્વયંની પ્રભાથી પ્રકાશમાન અને નિત્ય ઉદ્યોતવાળા છે. યાવત્ અનુત્તરોપપાતિક વિમાન સ્વયંની પ્રભાથી નિત્યાલોક અને નિત્યોદ્યોતવાળા કહયા છે.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પોમાં વિમાનો કેવી ગંધવાળા કહ્યા છે ? ગૌતમ ! જેમ કોઈ કોષ્ઠપુટાદિ યાવત્ ગંધથી કહ્યા છે, યાવત્ તેનાથી ઈષ્ટતરક તેની ગંધ છે. અનુત્તરવિમાન સુધી આ પ્રમાણે જાણવું.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન વિમાનો સ્પર્શથી કેવા કહ્યા છે ? જેમ કોઈ આજિનક, રૂ આદિ બધાં સ્પર્શ કહેવા અનુત્તરોપપાતિક વિમાન સુધી તેનાથી ઈષ્ટતર સ્પર્શ જાણવો.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પે વિમાન કેટલા મોટા છે ? ગૌતમ ! બધાં દ્વીપ-સમુદ્રો મધ્યે આ જંબૂદ્વીપને જેમ કોઈ દેવ૦ એ આલાવો કહેવો યાવત્ છ માસ ચાલતો રહે, યાવત્ કેટલાંક વિમાનો સુધી ન પહોંચે યાવત્ અનુત્તરોપપાતિક વિમાન, કેટલાંક વિમાનોને પાર પામે છે, કેટલાંકનો નથી પામતા.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન વિમાનો શેના બનેલ કહ્યા છે ? ગૌતમ ! સર્વ રત્નમય કહ્યા છે. તેમાં ઘણાં જીવો અને પુદ્ગલો ઉત્પન્ન થાય છે – ચ્યવે છે, ચય ઉપચય પામે છે. તે વિમાનો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી શાશ્વત છે અને સ્પર્શ આદિ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે. આ કથન અનુત્તરોપપાતિક વિમાનો સુધી જાણવું.

ભગવન્ ! સૌધર્મ-ઈશાનમાં દેવો ક્યાંથી આવીને ઉપજે છે ? ઉપપાત, વ્યુત્ક્રાંતિ પદાનુસાર જાણવો - સંમૂર્છિમને છોડીને બાકીના પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. ઉપપાત વ્યુત્ક્રાંતિ આલાવા મુજબ



અનુત્તરોપપાતિક સુધી કહેવો.

સૌધર્મ-ઈશાનમાં એક સમયમાં કેટલા દેવો ઉપજે છે ? ગૌતમ ! જઘન્યથી એક કે બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સહસ્રાર સુધી કહેવું. આનત આદિ, ગ્રૈવેયક અને અનુત્તરમાં એક, બે, ત્રણ કે ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! સૌધર્મ-ઈશાનમાંથી સમયે-સમયે એક-એક દેવનો અપહાર કરાય તો કેટલા કાળે તે ખાલી થઈ શકે ? ગૌતમ ! તે દેવ અસંખ્યાત છે. સમયે-સમયે અપહાર કરાતા-કરાતા અસંખ્યાત [અવસર્પિણી] ઉત્સર્પિણી સુધી અપહાર કરાય તો પણ તે ખાલી થઈ શકે નહીં. સહસ્રાર કલ્પ સુધી આમ કહેવું. આનતાદિ ચારમાં પણ તેમ કહેવું. ગ્રૈવેયક અને અનુત્તરમાં સમયે સમયે યાવત્ અપહાર કરાતા કેટલા કાળે અપહાર થાય ? ગૌતમ ! તે અસંખ્યાતા છે, સમયે-સમયે અપહાર કરાતા પલ્યોપમના અસંખ્યાત ભાગ સુધી અપહાર કરે તો પણ ખાલી ન થાય.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પમાં દેવોની શરીર અવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! શરીર બે ભેદે કહ્યું છે. તે આ – ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ અને ઉત્કૃષ્ટ સાત રત્ની [હાથ.] તેમાં જે ઉત્તર વૈક્રિય છે, તે જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક લાખ યોજન છે. આ પ્રમાણે આગળ-આગળના કલ્પોમાં એક-એક હાથ ઉંચાઈ ઓછી કરતા યાવત્ અનુત્તરોપપાતિક દેવોની એક હાથ ઊંચાઈ રહે છે. ગ્રૈવેયકો અને અનુત્તર વિમાનોમાં માત્ર ભવધારણીય શરીર હોય છે, તેમને ઉત્તર વૈક્રિય શરીર હોતું નથી.

[૩૩૧] ભગવન્ ! સૌધર્મ-ઈશાનમાં દેવોનું શરીર કયા સંઘયણે કહેલ છે ? ગૌતમ ! છ સંઘયણોમાં એક પણ સંઘયણ હોતું નથી. કેમકે તેમના શરીરમાં હાડકાં નથી, શિરા નથી કે નસો નથી, તેથી તેમને સંઘયણ નથી. જે પુદ્ગલ ઈષ્ટ, કાંત યાવત્ મણામ હોય છે, તે તેમના શરીરમાં એકઠા થઈને તથારૂપે પરિણમે છે. આમ અનુત્તરોપપાતિક સુધી કહેવું.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન દેવોના શરીરનું સંસ્થાન કેવું કહેલ છે ? ગૌતમ ! બે ભેદે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે તે સમચતુરસ્ર સંસ્થાને સંસ્થિત છે. તેમાં જે ઉત્તર વૈક્રિય છે, તે વિવિધ સંસ્થાન સંસ્થિત કહેલ છે. યાવત્ અચ્યુત. ગ્રૈવેયક અને અનુત્તરવાસી અવૈક્રિયક છે. તેમનું ભવધારણીય શરીર સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. ઉત્તર વૈક્રિય શરીર તેઓ કરતાં નથી.

[૩૩૨] સૌધર્મ-ઈશાનના દેવો કેવા વર્ણના કહ્યા છે ? ગૌતમ ! કનકવત્ લાલ આભાવાળા કહ્યા છે. સનત્કુમાર અને માહેન્દ્રમાં કમળના પરાગ સમાન ગૌર છે. બ્રહ્મલોકના દેવ ભીના મહુડાના વર્ણવાળા છે. એ પ્રમાણે ગ્રૈવેયક સુધી કહેવું. અનુત્તરોપપાતિક દેવો પરમ શ્વેત વર્ણવાળા કહ્યા છે.

***ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પોમાં દેવોના શરીરો કેવી ગંધવાળા કહ્યાં છે ? ગૌતમ ! જેમ કોઈ કોષ્ઠપુટ આદિ સુગંધી દ્રવ્યોની સુગંધથી પણ યાવત્ મણામતર ગંધવાળા કહ્યા છે. આમ અનુત્તરોપપાતિક સુધી કહેવું.***

***સૌધર્મ-ઈશાનના દેવોનો શરીરનો કેવો સ્પર્શ છે ? ગૌતમ ! સ્થિર રૂપે મૃદુ, સ્નિગ્ધ, સુકુમાલ શરીર સ્પર્શવાળા કહ્યા છે. એ પ્રમાણે યાવત્ અનુત્તરોપપાતિક સુધી કહેવું.***

***સૌધર્મ-ઈશાનના દેવોના પુદ્‌ગલો કેવા ઉચ્છ્‌વાસપણે પરિણમે છે ? ગૌતમ ! જે પુદ્‌ગલો ઈષ્ટ, કાંત યાવત્ તે ઉચ્છ્‌વાસપણે પરિણમે છે. યાવત્ અનુત્તરોપપાતિક. એ પ્રમાણે આહારપણે પણ અનુત્તરોપપાતિક સુધી કહેવું.***

***સૌધર્મ-ઈશાન દેવોની કેટલી લેશ્યાઓ કહી છે ? ગૌતમ ! એક જ તેજોલેશ્યા કહી છે. સનત્કુમાર અને માહેન્દ્રમાં એક પદ્મલેશ્યા છે. બ્રહ્મલોકમાં પણ પદ્મલેશ્યા છે. બાકીનાને એક શુક્લલેશ્યા છે. અનુત્તરોપપાતિકને એક પરમશુક્લલેશ્યા છે.***

***સૌધર્મ-ઈશાન દેવો શું સમ્યક્‌દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યક્‌મિથ્યા દૃષ્ટિ છે ? ત્રણે પણ હોય, યાવત્ અંતિમ ગ્રૈવેયક દેવો સમ્યક્‌દૃષ્ટિ પણ હોય, મિથ્યાદૃષ્ટિ પણ હોય, સમ્યક્-મિથ્યા દૃષ્ટિ પણ હોય. અનુત્તરોપપાતિક દેવો સમ્યક્‌દૃષ્ટિ જ હોય, મિથ્યાદૃષ્ટિ ન હોય, સમ્યક્‌મિથ્યા દૃષ્ટિ ન હોય.***

***સૌધર્મ-ઈશાન દેવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? બંને. ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન નિયમા યાવત્ ગ્રૈવેયક. અનુત્તરોપપાતિક દેવો જ્ઞાની છે, અજ્ઞાની નથી, ત્રણ જ્ઞાન નિયમા હોય. ત્રણ યોગ-બે ઉપયોગ બધાં દેવોને અનુત્તર સુધી કહેવા.***

**● વિવેચન-૩૨૭ થી ૩૩૨ :-**

*[વૃત્તિમાં ઘણું વર્ણન સૂત્રના સંસ્કૃત રૂપાંતર રૂપ જ છે, તેથી સૂત્રાર્થમાં અમે અનુવાદ કરેલ બાબતોની અહીં પુનરુક્તિ કરી નથી.]*

ભદંત ! સૌધર્મ-ઈશાન કલ્પે પૃથ્વીની જાડાઈ કેટલી છે ? ૨૭૦૦ યોજન. એ રીતે બાકીના સૂત્રો સૂત્રાર્થ મુજબ જાણવા.

હવે વિમાનના ઉચ્ચત્વ પરિમાણને પ્રતિપાદિત કરવા કહે છે — અહીં વિમાનને મહાનગર કલ્પી, તેની ઉપર વનખંડ, પ્રાકાર, પ્રાસાદાદિ કલ્પવા. આ સૂત્ર વડે પ્રાસાદાની અપેક્ષાએ ઉચ્ચત્વ કહે છે. ભદંત ! સૌધર્મ-ઈશાન કલ્પે વિમાન કેટલા ઉંચા કહ્યા છે ? ગૌતમ ! ૫૦૦ યોજન, કેમ મૂલ પ્રાસાદાદિનું તેમાં ૫૦૦ યોજન ઉચ્ચત્વ પ્રમાણ છે. એ રીતે બાકીના સૂત્રો૦. બધે જ વિમાનોનું બાહલ્ય અને ઉચ્ચત્વના સંયોગથી ૩૨૦૦ યોજન. કહ્યું છે — પહેલા કલ્પે પૃથ્વીનું બાહલ્ય ૨૭૦૦ યોજન છે. બાકીનામાં ૧૦૦-૧૦૦ની હાનિ થાય છે. બાકીના એટલે બે-બે-બે અને ચાર કલ્પ સમજવા. વિમાનોમાં આદ્યની ઉંચાઈ ૫૦૦ છે. પછીના બે-બે-બે અને ચારમાં ૧૦૦-૧૦૦ની વૃદ્ધિ સમજવી. - x -

હવે સંસ્થાન નિરૂપણાર્થે કહે છે — ભદંત ! સૌધર્મ-ઈશાન કલ્પના વિમાનો



ક્યા આકારે છે ? ગૌતમ ! વિમાન બે પ્રકારે છે — આવલિકા પ્રવિષ્ટ અને આવલિકા બાહ્ય. આવલિકા પ્રવિષ્ટ - પૂર્વાદિ ચારે દિશામાં શ્રેણીથી રહેલ તે. અથવા આંગણ દેશમાં ફૂલના ઢગલા જેવા. તેથી વિપ્રકીર્ણ તે આવલિકા બાહ્ય. તેને ‘પુષ્પાવકીર્ણ’ કહે છે. તેનો મધ્યવર્તી વિમાનેન્દ્ર દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરમાં હોય પણ પૂર્વ દિશામાં ન હોય.

આવલિકા પ્રવિષ્ટ ત્રણ ભેદે — વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર. તે પ્રત્યેક પ્રસ્તટે વિમાનેન્દ્રની પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર, ચારે દિશામાં શ્રેણીરૂપે રહેલ છે. વિમાનેન્દ્રક બધાં વૃત્ત, તેની પાસે ચારે દિશામાં ત્ર્યસ્ર, પછી ચારે દિશામાં ચતુરસ્ર, પછી વૃત્ત એ રીતે આવલિકા હોય. આવલિકા બાહ્ય, તે વિવિધ આકારે હોય છે, જેવા કે નંદ્યાવર્ત્ત, સ્વસ્તિક, ખડ્‌ગ ઈત્યાદિ. આ બધું ગ્રૈવેયક સુધી છે. અનુત્તરમાં સર્વાર્થસિદ્ધ વૃત્ત, બાકીના ત્ર્યસ્ર.

હવે વિમાનના લંબાઈ-પહોળાઈ, પરિધિ કહે છે — ભદંત ! સૌધર્મ અને ઈશાન વિમાનોની લંબાઈ-પહોળાઈ, પરિધિ કેટલી છે ? ગૌતમ ! વિમાન બે પ્રકારે છે — સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત. બાકી સૂત્રાર્થ મુજબ જાણવું.

હવે વર્ણ પ્રતિપાદનાર્થે કહે છે — ભદંત ! સૌધર્મ-ઈશાન કલ્પે વિમાનોના કેટલા વર્ણો કહ્યા છે ? ગૌતમ ! પાંચ વર્ણ — કૃષ્ણ, નીલ ઈત્યાદિ. બાકી સૂત્રાર્થ મુજબ જાણવું.

હવે પ્રભા પ્રતિપાદનાર્થે કહે છે — ભદંત ! સૌધર્મ અને ઈશાન વિમાનોની કેવી પ્રભા કહેલી છે ? ગૌતમ ! નિત્ય આલોક - દર્શન, દૃશ્યમાનતા જેમાં છે તે નિત્યાલોક. નિત્યાલોક કઈ રીતે ? એ હેતુદ્વાર વડે વિશેષ કહે છે — નિત્યોદ્યોતાનિ. જે કારણથી સતત દીપ્યમાનતા છે, તેથી નિત્યાલોક. આ સતત ઉદ્યોતમાનતા પરસાપેક્ષા પણ સંભવે છે, જેમ મેરુના સ્ફટિક કાંડની સૂર્યના કિરણોના સંપર્કથી ઉદ્યોતમાનતા છે. - x -

હવે ગંધ પ્રતિપાદનાર્થે કહે છે — ભદંત ! સૌધર્મઈશાન કલ્પે વિમાનની કેવી ગંધ છે ? ગૌતમ ! જેમ કોઈ કોષ્ટપુટ, ચંપકપુટ, દમનકપુટ, કુંકુમપુટ, ચંદનપુટ, ઉસીરપુટ, મરુયાપુટ, જાઈપુટ ઈત્યાદિ, વાયુ વહે ત્યારે, ભાંગતા-કુટતા-ઉડાડતા-વિખેરતા પરિભોગાદિ કરતા, સંહરાતા તે ઉદાર, મનોજ્ઞ, મનહર, ઘ્રાણ અને મનને સુખકર ચોતરફથી ગંધ નીકળે છે. શું તેવી ગંધ હોય ? ના, આ અર્થ સંગત નથી. તે વિમાનો તેના કરતાં ઈષ્ટતર, કાંતતર, મનોજ્ઞતર, મણામતર ગંધવાળા કહ્યા છે.

હવે સ્પર્શ પ્રતિપાદનાર્થે કહે છે — ભદંત ! સૌધર્મ-ઈશાન વિમાનોનો સ્પર્શ કેવો છે ? ગૌતમ ! સૂત્રાર્થ મુજબ જાણવું.

હવે મોટાઈ પ્રતિપાદનાર્થે કહે છે — સૌધર્મ ઈશાન કલ્પે વિમાનો કેટલા મોટા પ્રમાણમાં કહેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપ નામે દ્વીપ, સર્વે દ્વીપ-સમુદ્રોમાં સર્વાભ્યંતર, સૌથી લઘુ, વૃત્ત-તેલના પૂડલા સંસ્થાને રહેલ, વૃત્ત-પુષ્કરકર્ણિકા આકારે રહેલ, વૃત્ત-પ્રતિપૂર્ણચંદ્ર આકારે રહેલ, એક લાખ યોજન લાંબો-પહોળો ઈત્યાદિ. કોઈ મહર્દ્ધિક

યાવત્ મહાનુભાગ દેવ, ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં અર્થાત્ અતિ સ્તોક કાળમાં, પરિપૂર્ણ જંબૂદ્વીપને ૨૧-વખત પ્રદક્ષિણાથી પરિભ્રમણ કરી, જલ્દી પાછો આવે.

તે દેવ પૂર્વદૃષ્ટાંતાનુસાર અતિશાયી, ત્વરિત, ચપલ, ચંડ, શીઘ્ર, ઉદ્ધુતાદિ દેવ ગતિથી જતાં એક દિવસ, બે દિવસ યાવત્ છ માસ ચાલતા કેટલાંક વિમાનો પાર કરે, કેટલાંક વિમાન પાર ન કરે. એટલા મોટા આ વિમાનો છે. અનુત્તર સુધી આ કહેવું.

- x - x - તે વિમાનોમાં ઘણાં જીવો અને પુદ્ગલો જાય છે, ઉત્પન્ન થાય છે. તથા ચય પામે છે - ઉપચય પામે છે. છેલ્લા બે વિશેષણ પુદ્ગલાશ્રીત છે. કેમકે પુદ્ગલોને જ ચય-ઉપચય ધર્મ હોય છે. દ્રવ્યાર્થપણે શાશ્વત, પર્યાયાર્થપણે અશાશ્વત છે.

ભદંત ! સૌધર્મ-ઈશાન કલ્પમાં દેવો કઈ યોનિથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકાદિમાંથી ? પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા વ્યુત્ક્રાંતિપદમાં છે તેમ અહીં કહેવું.

હવે એક સમયે કેટલા ઉપજે છે ? તેના નિરૂપણાર્થે કહે છે — સૌધર્મ-ઈશાનમાં દેવો એક સમયે કેટલા ઉપજે છે ? જઘન્યથી એક, બે કે ત્રણ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું.

હવે કાળથી અપહારનું પરિમાણ કહે છે — ભદંત ! સૌધર્મ-ઈશાન કલ્પે દેવોને સમયે-સમયે એકૈક દેવનો અપહાર કરતા કેટલા કાળે ખાલી થાય ? સૂત્રાર્થ મુજબ જાણવું. વિશેષ આ — આ પ્રશ્નોત્તર કલ્પના માત્ર પરિણામ અવધારણાર્થે કહેલ છે, બાકી ક્યારેય કોઈએ અપહાર કરેલ નથી.

હવે શરીર અવગાહનાનું માન પ્રતિપાદન કરવા કહે છે — ભદંત ! સૌધર્મ-ઈશાન કલ્પે દેવોના શરીરની મોટી અવગાહના કેટલી છે ? બધું સૂત્રાર્થ મુજબ જાણવું.

હવે સંઘયણને આશ્રીને કહે છે — સૌધર્મ ઈશાન કલ્પે દેવોના શરીરોના સંઘયણ કેવા છે ? ગૌતમ ! તેમને સંઘયણ જ નથી. સંઘયણ અસ્થિરચનાત્મકત્વથી હોય છે. દેવોને અસ્થિ આદિનો અસંભવ છે. બાકી સૂત્રાર્થવત્.

હવે સંસ્થાન પ્રતિપાદનાર્થે કહે છે — તેમના શરીર બે પ્રકારના છે — ભવધારણીય, ઉત્તરવૈક્રિય ઈત્યાદિ સૂત્રાર્થવત્.

હવે વર્ણ પ્રતિપાદનાર્થે કહે છે — સૌધર્મ-ઈશાન કલ્પે દેવોના શરીરનો વર્ણ કેવો છે ? તપેલા કનકની ત્વચા જેવી રક્ત છાયાવાળો. એ રીતે શેષસૂત્ર કહેવું.

હવે ગંધ પ્રતિપાદનાર્થે કહે છે — કોષ્ઠપુટ ઈત્યાદિ વિમાનની જેમ કહેવું. અનુત્તરોપપાતિક સુધી આમ જ છે.

હવે સ્પર્શ પ્રતિપાદનાર્થે કહે છે — સૌધર્મ-ઈશાન કલ્પે દેવોના શરીરો કેવા સ્પર્શવાળા છે ? સ્થિર, મનુષ્યોની જેમ વિશરારુ ભાવવાળા નહીં, મૃદુ-અકઠિન, સ્નિગ્ધ-રૂક્ષ નહીં, સુકુમાર-કર્કશ નહીં. આ પ્રમાણે અનુત્તરોપપાતિક સુધી કહેવું.

હવે ઉચ્છ્વાસ પ્રતિપાદનાર્થે કહે છે — સૌધર્મ-ઈશાનના દેવોને કેવા પુદ્ગલો ઉચ્છ્વાસ રૂપે પરિણમે છે ? ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞાદિ. આ પ્રમાણે આહાર સૂત્ર પણ



કહેવું.

હવે લેશ્યા પ્રતિપાદનાર્થે કહે છે — સૌધર્મ-ઈશાનને દેવોને કઈ લેશ્યા છે ? એક તેજોલેશ્યા. આ પ્રાચુર્યતાથી કહ્યું પણ કથંચિત્ તથાવિધ દ્રવ્યના સંપર્કથી બીજી પણ લેશ્યા યથાસંભવ જાણવી, બાકી સૂત્રાર્થવત્ જાણવું. - x - x -

હવે દર્શનની વિચારણા કરે છે — સૌધર્મથી ગ્રૈવેયકના દેવો સુધી સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ત્રણે હોઈ શકે. અનુત્તરોપપાતિકો સમ્યક્દૃષ્ટિ જ હોય.

હવે જ્ઞાન-અજ્ઞાન વિચારણા - સૌધર્મકલ્પથી ગ્રૈવેયક સુધીના દેવો જ્ઞાની કે અજ્ઞાની હોઈ શકે છે. તેમાં જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાનવાળા — આભિનિબોધિક, શ્રુત અને અવધિ - હોય છે. જે અજ્ઞાની, તે નિયમા ત્રણ અજ્ઞાનયુક્ત હોય છે. જેમકે — મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની. પણ અનુત્તરોપપાતિકો જ્ઞાની જ હોય. બાકી પાઠ સિદ્ધ છે.

હવે અવધિક્ષેત્ર પરિમાણ પ્રતિપાદનાર્થે કહે છે —

**● સૂત્ર-૩૩૩ થી ૩૩૬ :-**

***[૩૩૩] સૌધર્મ-ઈશાન કલ્પના દેવ અવધિજ્ઞાન દ્વારા કેટલા ક્ષેત્રને જાણે છે - જુએ છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી નીચે યાવત્ રત્નપ્રભા પૃથ્વી સુધી, ઉર્ધ્વમાં પોતાના વિમાન સુધી, તિર્છુ યાવત્ અસંખ્ય દ્વીપ સમુદ્રને જાણે છે - જુએ છે. [તેની ત્રણ ગાથા-]***

***[૩૩૪] શક્ર અને ઈશાન પહેલી નરકના ચરમાંત સુધી, સનત્કુમાર અને માહેન્દ્ર બીજી સુધી, બ્રહ્મ અને લાંતક દેવો ત્રીજી સુધી, શુક્ર અને સહસ્રાર દેવો ચોથી સુધી...***

***[૩૩૫] આનત-પ્રાણત કલ્પના દેવો પાંચમી નરક સુધી, તે પ્રમાણે જ આરણ-અચ્યુતના અવધિજ્ઞાનથી જુએ છે.***

***[૩૩૬] નીચલી અને મધ્યમ ગ્રૈવેયકના દેવો છઠ્ઠી નરક સુધી, ઉપરની ગ્રૈવેયકના દેવો સાતમી નરક પૃથ્વી સુધી જુએ છે. અનુત્તરના દેવો સંપૂર્ણ લોકનાલીને જુએ છે.***

**● વિવેચન-૩૩૩ થી ૩૩૬ :-**

ભદંત ! સૌધર્મ-ઈશાનના દેવો કેટલા ક્ષેત્રને અવધિજ્ઞાન વડે જાણે છે અને દર્શન વડે જુએ છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ. [શંકા] અંગુલનો અસંખ્યાત ભાગ માત્ર ક્ષેત્ર પરિમિત અવધિ સર્વજઘન્ય કહેવાય. આટલું અવધિજ્ઞાન તિર્યંચ, મનુષ્યોને જ હોય. બીજાને નહીં. - x - તો પછી અહીં સર્વ જઘન્ય કેમ કહ્યું ? સૌધર્માદિ દેવોને પારભાવિક એવું ઉપપાતકાળે આટલું અવધિ સંભવે છે. માટે દોષ નથી. આ વાત જિનભદ્રગણિ ક્ષમા શ્રમણે પણ કહી છે.

પ્રજ્ઞાપનાના અવધિપદમાં પણ કહ્યું છે — ઉત્કૃષ્ટથી નીચે યાવત્ આ રત્નપ્રભા પૃથ્વીના નીચેના ચરમાંત સુધી. તિર્છુ યાવત્ અસંખ્યાત દ્વીપ-સમુદ્ર. ઉર્ધ્વ યાવત્ પોતાના વિમાનોના સ્તૂપ, ધ્વજાદિ સુધી, જુએ છે અને જાણે છે. એ પ્રમાણે સનત્કુમાર

આદિમાં જાણવું. માત્ર ત્રીજા-ચોથા કલ્પવાળા બીજી નરક સુધી, પાંચમાં-છઠ્ઠાવાળા ત્રીજા નરક સુધી ઈત્યાદિ જાણવું.

અનુત્તરોપપાતિક દેવો કેટલા ક્ષેત્રને અવધિ વડે જાણે અને જુએ ? ગૌતમ ! પરિપૂર્ણ ચૌદ રાજલોકરૂપ લોકનાડીને જુએ અને જાણે છે. આ અંગે વૃત્તિકારશ્રીએ ત્રણ ગાથા પણ નોંધી છે.

હવે સમુદ્‌ઘાત પ્રતિપાદનાર્થે કહે છે –

● સૂત્ર-૩૩૭ :-

*ભગવન્ ! સૌધર્મ-ઈશાન દેવોને કેટલા સમુદ્‌ઘાત કહ્યા છે ? ગૌતમ ! પાંચ સમુદ્‌ઘાતો કહ્યા છે – વેદના સમુદ્‌ઘાત, કષાય૦, મારણાંતિક૦, વૈક્રિય૦, તૈજસ સમુદ્‌ઘાત. એ પ્રમાણે અચ્યુત સુધી કહેવું. ગ્રૈવેયકમાં પહેલાં ત્રણ સમુદ્‌ઘાત કહ્યા.*

*સૌધર્મ-ઈશાનના દેવો કેવી ભુખ-તરસને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! કોઈ જ ભુખ-તરસને અનુભવતા વિચરતા નથી. અનુત્તરોપપાતિક સુધી આમ જાણવું.*

*ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પોના દેવો એક રૂપ વિકુર્વણા કરવા સમર્થ છે અથવા ઘણાં રૂપો વિકુર્વવાને સમર્થ છે ? બંને રૂપો વિકુર્વવા સમર્થ છે. એકની વિકુર્વણા કરતા તેઓ એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિયરૂપો વિકુર્વી શકે છે. બહુરૂપોની વિકુર્વણા કરતા તેઓ ઘણાં બધાં એકેન્દ્રિયો યાવત્ પંચેન્દ્રિયો રૂપોની વિકુર્વણા કરી શકે છે. તેઓ સંખ્યાત કે અસંખ્યાત સદંશ કે અસદંશ, સંબદ્ધ કે અસંબદ્ધ રૂપો વિકુર્વે છે. વિકુર્વીને પોતાની ઈચ્છાનુસાર કાર્ય કરે છે. આવું અચ્યુત સુધી જાણવું.*

*ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક દેવો શું એક રૂપ વિકુર્વવાને સમર્થ છે કે અનેક રૂપો વિકુર્વવાને સમર્થ છે ? ગૌતમ ! તેઓ એક કે અનેકરૂપ વિકુર્વવા સમર્થ છે. પણ સંપ્રાપ્તિથી તેમણે કદી રૂપ વિકુર્વ્યા નથી, વિકુર્વતા નથી, વિકુર્વશે નહીં.*

*સૌધર્મ-ઈશાન દેવો કેવા શાતા-સુખને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! મનોજ્ઞ શબ્દ યાવત્ મનોજ્ઞ સ્પર્શને અનુભવે છે. ગ્રૈવેયક સુધી આમ જાણવું. અનુત્તરોપપાતિક દેવો અનુત્તર શબ્દો યાવત્ સ્પર્શને અનુભવે છે.*

*સૌધર્મ-ઈશાનના દેવોને કેવી ઋદ્ધિ કહી છે ? ગૌતમ ! તેઓ મહર્દ્ધિક, મહાદ્યુતિક યાવત્ મહાનુભાગ ઋદ્ધિ યુક્ત છે. તે અચ્યુત સુધી કહેવું. ગ્રૈવેયક અને અનુત્તર દેવો સર્વે મહર્દ્ધિક યાવત્ સર્વે મહાનુભાગ છે. ત્યાં કોઈ ઈન્દ્ર નથી યાવત્ બધાં અહમિંદ્ર નામક દેવગણો હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલા છે.*

● વિવેચન-૩૩૭ :-

સૌધર્મ-ઈશાનના દેવો પાંચ સમુદ્‌ઘાતવાળા છે – વેદના સમુદ્‌ઘાત, કષાયસમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત. તેનું સ્વરૂપ દ્વિવિધ પ્રતિપત્તિમાં



કહેલ છે. બાકીના બે સમુદ્‌ઘાત તેઓને ન હોય. કેમકે આહારકલબ્ધિ અને કેવલિત્વનો અભાવ છે. આ પ્રમાણે અચ્યુતકલ્પ સુધી કહેવું.

ગૌતમ ! ગ્રૈવેયક દેવોને પાંચ સમુદ્‌ઘાત કહ્યા છે. આ પાંચે પણ તેમનું સામર્થ્ય બતાવ્યુ, કર્તવ્યતા તેમાં ત્રણની જ છે. વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાતથી કદી સમવહત થયા નથી, થતાં નથી, થશે પણ નહીં. કેમકે પ્રયોજનનો અભાવ છે.

દેવો ભુખ-તરસ અનુભવતા કદી વિચરતા નથી.

દેવો એકરૂપ કે અનેકરૂપ વિકુર્વવાને સમર્થ છે, તે વિષયમાં સૂત્રાર્થ મુજબ બધું જાણવું. વિશેષ આ - પૃથક્ત્વ એટલે ઘણાં. સદંશ-સજાતીય, અસદંશ-વિજાતીય, સંબદ્ધ-આત્માસમ, અસંબદ્ધ-આત્મપ્રદેશોથી પૃથક્. ઈત્યાદિ - x - ગ્રૈવેયકના દેવો પણ એકત્વ કે પૃથકત્વની વિકુર્વણા કરવા સમર્થ છે. પણ સાક્ષાત્ કદી વિકુર્વણા કરી નથી - કરતા નથી - કરશે નહીં.

દેવોનું સાતા સૌખ્ય – सातसौख्य - આહ્લાદરૂપ સૌખ્ય, તેને અનુભવતા વિચરે છે ? મનોજ્ઞ શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શરૂપ સાતા સૌખ્ય અનુભવતા વિચરે છે. પરંતુ તેમાં અનુત્તરવાસી દેવો છે, તે અનુત્તર શબ્દાદિ સૌખ્ય અનુભવે છે.

હવે ઋદ્ધિ પ્રતિપાદનાર્થે કહે છે – આ દેવો મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ ઋદ્ધિવાળા છે. હવે વિભૂષાપ્રતિપાદના–

● સૂત્ર-૩૩૮ થી ૩૪૦ :-

*[૩૩૮] સૌધર્મ-ઈશાનના દેવો વિભૂષાથી કેવા કહ્યા છે ? ગૌતમ ! દેવો બે પ્રકારે છે – વૈક્રિય શરીરવાળા અને અવૈક્રિય શરીરવાળા. તેમાં જે તે વૈક્રિય શરીરવાળા છે, તેઓ હાર વિરાજિત વક્ષસ્થળવાળા યાવત્ દશે દિશાઓને ઉધોતીત કરતા, પ્રભાસતા યાવત્ પ્રતિરૂપ છે. તેમાં જે તે અવૈક્રિય શરીરવાળા છે, તેઓ આભરણ-વસ્ત્ર રહિત, સ્વાભાવિક વિભૂષાવાળા છે.*

*ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પમાં દેવીઓ કેવી વિભૂષાવાળી છે ? ગૌતમ ! દેવીઓ બે પ્રકારે છે - વૈક્રિય શરીરવાળી અને અવૈક્રિયશરીરવાળા. તેમાં જે વૈક્રિય શરીરવાળી છે, તેઓ સુવર્ણના આભૂષણોના શબ્દો અને પ્રવર વસ્ત્રોને પહેરેલી છે. તેણી બધી ચંદ્રાનના, ચંદ્રવિલાસીની, ચંદ્રાર્દ્ધ સમાન કપાળવાળી, શ્રૃંગારના ઘર જેવી, સુંદર વેશવાળી, સંગત યાવત્ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. તેમાં જે અવૈક્રિય શરીરવાળી છે, તેઓ આભરણ અને વસ્ત્ર રહિત, સ્વાભાવિક વિભૂષાવાળી કહેલી છે.*

*બાકીના કલ્પોમાં દેવો છે, દેવીઓ નથી. આ પ્રમાણે અચ્યુત કલ્પ સુધી કહેવું. - - - ગ્રૈવેયક દેવોની વિભૂષા કેવી છે ? ગૌતમ ! તેઓ આભરણ અને વસ્ત્ર વિભૂષા રહિત છે. ત્યાં દેવી ન કહેવી. સ્વાભાવિક વિભૂષાવાળા કહેવા. એ પ્રમાણે અનુત્તરના દેવો કહેવા.*

*[૩૩૯] સૌધર્મ-ઈશાનમાં દેવો કેવા કામભોગોને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! ઈષ્ટ શબ્દ, ઈષ્ટ રૂપ યાવત્ ઈષ્ટ સ્પર્શ. એ રીતે ગ્રૈવેયક સુધી કહેવું.*

***અનુત્તરોપપાતિક દેવો અનુત્તર શબ્દ યાવત્ અનુત્તર સ્પર્શને અનુભવે છે.***

***[૩૪૦] બધાં વૈમાનિકોની સ્થિતિ કહેવી. દેવપણાથી ચ્યવીને અનંતર જે જ્યાં જાય છે, તે કહેવું.***

**● વિવેચન-૩૩૮ થી ૩૪૦ :-**

ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પના દેવોના શરીરની કેવી વિભૂષા કહેલી છે ? ગૌતમ ! શરીર બે ભેદે છે. તે આ રીતે - ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે. તે આભરણ, વસ્ત્ર રહિત સ્વાભાવિક વિભૂષાવાળા કહ્યાં છે. તેમની વિભૂષા ઔપાધિકી નથી. તેઓમાં જે ઉત્તરવૈક્રિયરૂપ શરીરો છે, તે હાર આદિ આભૂષણયુક્ત છે.

આ પ્રમાણે દેવીઓમાં પણ છે. વિશેષ આ — તે દેવીઓ નૂપુરાદિ નિર્ઘોષથી યુક્ત, ઘુઘરીવાળા વસ્ત્રો આદિ પહેરેલી છે. ચંદ્રાનના યાવત્ અભિરૂપની વ્યાખ્યા પૂર્વવત્ જાણવું.

દેવોની શરીરવિભૂષા અચ્યુતકલ્પ સુધી કહેવી. દેવીઓ સનત્કુમારાદિમાં હોતી નથી. તેથી તેમના સૂત્રો ન કહેવા. ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક દેવોને સ્વાભાવિક વિભૂષા જ હોય.

હવે કામભોગ પ્રતિપાદનાર્થે કહે છે — સૌધર્મ-ઈશાન કલ્પે દેવો કેવા કામભોગોને અનુભવતા, પ્રત્યેકને વેદતા રહે છે ? ગૌતમ ! ઈષ્ટ શબ્દાદિ પાંચેને અનુભવતા રહે છે. - x -

હવે સ્થિતિ પ્રતિપાદનાર્થે કહે છે — સૌધર્મક દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? જઘન્ય એક પલ્યોપમ, ઉત્કર્ષથી બે સાગરોપમ. ઈશાનમાં જઘન્યથી સાતિરેક એક પલ્યોપમ, ઉત્કૃષ્ટથી સાતિરેક બે સાગરોપમ છે. સનત્કુમારની જઘન્ય બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમ છે.

માહેન્દ્રની જઘન્ય સાતિરેક બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાતિરેક સાત સાગરોપમ, બ્રહ્મલોકમાં જઘન્ય સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટ દશ સાગરોપમ. લાંતકમાં જઘન્ય દશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચૌદ સાગરોપમ. મહાશુક્રમાં જઘન્ય ચૌદ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સત્તર સાગરોપમ.

સહસ્રારમાં જઘન્ય સત્તર સાગરોપમ, ઉત્કૃષ્ટ અઢાર. આનતકલ્પે જઘન્ય અઢાર સાગરોપમ, ઉત્કૃષ્ટ ઓગણીસ. પ્રાણતકલ્પે જઘન્ય ઓગણીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ વીશ. આરણ કલ્પે જઘન્ય વીશ સાગરોપમ, ઉત્કૃષ્ટ એકવીશ. અચ્યુત કલ્પે જઘન્ય એકવીશ સાગરોપમ, ઉત્કૃષ્ટ બાવીશ. એ રીતે નવે ગ્રૈવેયકમાં એક-એક સાગરોપમ વધારતા ઉપરીતન-ઉપરીતન ગ્રૈવેયકમાં જઘન્યથી ત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી એકત્રીશ. વિજય-વૈજયંત-જયંત-અપરાજિત એ ચાર અનુત્તરમાં જઘન્યથી ૩૧-સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીશ. સર્વાર્થસિદ્ધ મહાવિમાને અજઘન્યોત્કૃષ્ટ-૩૩.

હવે ઉદ્વર્તના કહે છે — સૌધર્મક દેવો અનંતર ચ્યવીને ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકમાં જાય કે યાવત્ દેવોમાં જાય ? પ્રજ્ઞાપના સૂત્રના





વ્યુત્કાંતિ પદમાં કહ્યા મુજબ કહેવું. તેનો સંક્ષેપાર્થ અહીં બતાવે છે કે — બાદર પર્યાપ્ત પૃથ્વી-અપ્-વનસ્પતિમાં, પર્યાપ્ત ગર્ભ-વ્યુત્કાંતિક તિર્યચ્ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં કે જે સંખ્યાત વર્ષાયુષ્કવાળા હોય. આ પ્રમાણે ઈશાનદેવો પણ જાણવા.

સનત્કુમારથી સહસ્રાર પર્યન્તના દેવો ચ્યવીને સંખ્યાતવર્ષાયુ પર્યાપ્ત ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં ઉપજે, પણ એકેન્દ્રિયોમાં નહીં. આનતથી અનુત્તર સુધીના દેવો ચ્યવીને યથોક્ત મનુષ્યોમાં જ ઉપજે પણ તિર્યંચ પંચેન્દ્રિયોમાં ઉપજતા નથી.

**● સૂત્ર-૩૪૧ :-**

***ભગવન્ ! સૌધર્મ-ઈશાનકલ્પોમાં બધાં પ્રાણ, બધાં ભૂત, બધાં જીવ, બધાં સત્વ, પૃથ્વીકાયિક રૂપે, દેવરૂપે, દેવીરૂપે, આસન-શયન-ભંડોપકરણ રૂપે પૂર્વે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ ! અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થયા છે. બાકીના કલ્પોમાં આમ જ કહેવું. પણ દેવીપણે ઉત્પન્ન થવાનું ન કહેવું. ગ્રૈવેયક વિમાનો સુધી આમ કહેવું. અનુત્તરોપપાતિક વિમાનોમાં પૂર્વવત્ કહેવું પણ દેવ કે દેવીરૂપે ઉત્પન્ન થયા તેમ ન કહેવું. - - - દેવોનું કથન પૂરું થયું.***

**● વિવેચન-૩૪૧ :-**

ભદંત ! સૌધર્મકલ્પમાં બત્રીશ લાખ વિમાનોમાં પ્રત્યેક વિમાનમાં સર્વે પ્રાણ આદિ૦ પ્રાણ - વિકલેન્દ્રિય જીવો, ભૂત - વનસ્પતિકાયિકો, જીવ - પંચેન્દ્રિયો સત્ત્વ - બાકીના. પૃથ્વીપણે, દેવપણે, દેવીપણે૦ અહીં કેટલીક પ્રતોમાં ''તેઉકાયિકપણે'' એવો પાઠ પણ છે. તે સમ્યક્ જણાતો નથી, કેમકે તેમાં તેજસ્કાયનો અસંભવ છે.

आसन - સિંહાસન, शयन - પલંગ, स्तंभ - પ્રાસાદાદિના ટેકા માટે. भाण्डमात्रोपकरण - હાર, અર્દ્ધહાર, કુંડલાદિ. આ બધાં રૂપે પૂર્વે ઉત્પન્ન થયેલ છે. હે ગૌતમ ! અનેકવાર અથવા અનંતવાર. સાંવ્યવહારિક રાશિ અંતર્ગત્ જીવ વડે સર્વસ્થાને પ્રાયઃ અનંતવાર ઉપજ્યા.

બાકીના કલ્પો માટેની વૃત્તિ, સૂત્રાર્થ પ્રમાણે જ છે. અનુત્તરમાં દેવત્વનો પ્રતિષેધ કર્યો, કેમકે વિજયાદિ ચારમાં ઉત્કૃષ્ટથી પણ બે વખત અને સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં એક જ વખત ગમન સંભવે છે. પછી અવશ્ય મનુષ્યભવ પામીને મુક્તિ પામે છે. દેવીપણે ઉત્પાદ ત્યાં અસંભવ છે.

હવે ચતુર્વિધ જીવોની ભવસ્થિતિ - કાયસ્થિતિ.

**● સૂત્ર-૩૪૨,૩૪૩ :-**

***[૩૪૨] ભગવન્ ! નૈરયિકોની કેટલી કાલ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ. એ રીતે બધાં માટે પ્રશ્ન કરવો. તિર્યંચ યોનિકોની જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. એ રીતે જ મનુષ્યોની છે. દેવોની સ્થિતિ નારકવત્ જાણવી.***

***દેવ અને નારકોની જે સ્થિતિ છે, તે જ તેઓની સંચિટ્ઠણા-કાયસ્થિતિ છે. તિર્યંચયોનિકોની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. ભગવન્ ! મનુષ્ય મનુષ્ય રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને***

*ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ.*

*નૈરયિક, મનુષ્ય, દેવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. તિર્યંચયોનિકોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સાધિક શત સાગરોપમ પૃથકત્વ.*

*[૩૪૩] ભગવન્ ! આ નૈરયિક યાવત્ દેવોમાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ? સૌથી થોડાં મનુષ્યો, નૈરયિકો અસંખ્યાતગણા, દેવો અસંખ્યાતગણા, તિર્યંચો અનંતગુણા છે. તે આ ચાર ભેદે સંસારી જીવો કહ્યા.*

● **વિવેચન-૩૪૨,૩૪૩ :-**

નૈરયિકોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, રત્નપ્રભા નારકીના પહેલા પ્રસ્તટની અપેક્ષાએ કહ્યું. ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ સાતમી નરક અપેક્ષાએ છે.

તિર્યંચયોનિકોમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ દેવકુરુ આદિની અપેક્ષાએ જાણવું. આ પ્રમાણે મનુષ્યોમાં પણ જાણવું.

દેવોને જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ભવનપતિ અને વ્યંતરોને આશ્રીને જાણવું. ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ છે તે વિજયાદિ અનુત્તરને આશ્રીને જાણવું.

ભદંત ! નૈરયિકો કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જે તેમની ભવસ્થિતિ છે, તે જ તેમની સંચિટ્ઠણાકાય સ્થિતિ છે. કેમકે નૈરયિકોને વ્યવધાન વિના ફરી નૈરયિકમાં ઉત્પાદનો અભાવ છે. કેમકે એવું વચન છે કે – નૈરયિક નૈરયિકમાં ઉપજતા નથી.

તિર્યંચયોનિક – ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત. ત્યારપછી મરીને મનુષ્યાદિમાં ઉપજે. ઉત્કૃષ્ટથી અનંતકાળ. કેમકે વનસ્પતિકાયિકમાં અનંતકાળ અવસ્થાન છે.

તે અનંતકાળનું નિરૂપણ કરે છે – અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીઓ કાળથી, ક્ષેત્રથી અનંતલોક અને અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્ત્ત પ્રમાણ. આ પુદ્‌ગલ પરાવર્ત્ત આવલિકાના અસંખ્યાતમાં ભાગમાં જેટલા સમય છે, તે જાણવું.

મનુષ્ય – જઘન્ય અંતર્મુહૂર્ત. પછી મરીને તિર્યંચાદિમાં ઉપજે. ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ પૂર્વકોટિ પૃથકત્વ અધિક. તે મહાવિદેહાદિમાં સાત મનુષ્યભવ પૂર્વકોટિ આયુનો અને આઠમો ભવ દેવકુરુ આદિમાં જાણવો.

દેવોની નૈરયિકવત્ જ ભવસ્થિતિ, તે જ કાય સ્થિતિ છે. દેવો પણ મરીને ફરીથી અનંતર ભવે દેવરૂપે ઉત્પન્ન ન થાય. કેમકે "દેવ, દેવમાં ન ઉપજે" તે વચન છે.

હવે અંતરની વિચારણા કરતા કહે છે – ભદંત ! નૈરયિકનું અંતર - નૈરયિકત્વથી પરિભ્રષ્ટ થઈ ફરી નૈરયિકપણાની પ્રાપ્તિના અપાંતરાલ કેટલો કાળ હોય છે ?

ભગવંતે કહ્યું – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, કઈ રીતે ? તે કહે છે – નરકથી ઉદ્વર્તીને મનુષ્યભવ કે તિર્યંચભવમાં અંતર્મુહૂર્ત્ત રહીને ફરી નરકમાં ઉત્પન્ન થવાથી.

તેમાં મનુષ્યભવમાં આ ભાવના – કોઈ નરકથી ઉદ્વર્તી ગર્ભજ મનુષ્યપણે



ઉપજીને બધી પર્યાપ્તિઓ વડે પર્યાપ્ત, વિશિષ્ટ સંજ્ઞાયુક્ત, વૈક્રિયલબ્ધિમાન થઈને, રાજ્યાદિનો આકાંક્ષી, પરચક્રનો ઉપદ્રવ સાંભલીને સ્વશક્તિના પ્રભાવથી ચતુરંગ સૈન્ય વિકુર્વીને અને સંગ્રામ કરતો મહારૌદ્રધ્યાનને પામીને ગર્ભાવસ્થામાં જ કાળ કરે, કાળ કરીને ફરી નરકમાં ઉપજે તે અંતર્મુહૂર્ત્ત.

તિર્યંચ ભવમાં નરકથી ઉદ્વર્તીને ગર્ભજ એવા તંદુલ મત્સ્યપણે ઉત્પન્ન થઈ મહારૌદ્રધ્યાનથી અંતર્મુહૂર્ત્ત જીવીને ફરી નરકમાં જન્મે.

ઉત્કૃષ્ટથી અનંતકાળ. તે અનંતકાળ પરંપરા થકી વનસ્પતિમાં ઉત્પાદ જાણવો. તેથી વનસ્પતિકાળ કહ્યો. તે પૂર્વે કહેલ છે.

તિર્યંચયોનિમાં – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. કોઈ તિર્યંચપણે મરી, મનુષ્યભવમાં અંતર્મુહૂર્ત્ત રહી, ફરી તિર્યંચપણે ઉત્પન્ન થનાર જાણવા. ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથકત્વ. તે નિરંતરપણે દેવ-નારક-મનુષ્ય ભવભ્રમણ થકી જાણવું. - - - હવે મનુષ્ય વિષયસૂત્ર - તેમાં –

જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. તે મનુષ્ય ભવથી ઉદ્વર્તી, તિર્યંચભવમાં અંતર્મુહૂર્ત્ત રહીને, ફરી મનુષ્યપણે ઉપજે. ઉત્કૃષ્ટ અનંતકાળ. તે અનંતકાળ, પ્રાગુક્ત વનસ્પતિકાળ.

દેવવિષયક સૂત્ર - જઘન્યથી અંતર્મુહૂર્ત્ત કોઈ જીવ દેવ ભવથી ચ્યવીને, ગર્ભજ મનુષ્યપણે ઉપજે. પછી બધી પર્યાપ્તિ વડે પર્યાપ્ત થાય. વિશિષ્ટ સંજ્ઞાયુક્ત હોય. તથાવિધ શ્રમણ કે શ્રમણોપાસકની પાસે ધાર્મિક આર્યવચન સાંભળી, ધર્મધ્યાનને ધ્યાતો એવો ગર્ભમાં જ મરીને દેવોમાં ઉત્પન્ન થાય. તે અપેક્ષાએ જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાળ જાણવું.

હવે અલ્પબહુત્વ - ગૌતમ ! સૌથી થોડાં મનુષ્યો છે. કેમકે તેઓ શ્રેણીના અસંખ્યેય ભાગવર્તી આકાશપ્રદેશોની રાશિ પ્રમાણ છે. તેમનાથી નૈરયિક અસંખ્યાતગુણ છે, કેમકે તે અંગુલ માત્ર ક્ષેત્રની પ્રદેશરાસિના પ્રથમ વર્ગમૂળને બીજા વર્ગમૂળથી ગુણિત કરવાથી જેટલી પ્રદેશરાશિ થાય છે, તેટલા પ્રમાણવાળી શ્રેણીમાં જેટલાં આકાશપ્રદેશ થાય છે, તેટલા નૈરયિકો છે.

નૈરયિકોથી દેવ અસંખ્યાતગણાં છે. કેમકે મહાદંડકમાં વ્યંતર અને જ્યોતિષ્દેવ નારકીઓથી અસંખ્યાત ગણાં કહ્યાં છે. દેવોથી તિર્યંચ અનંતગુણ છે. કેમકે વનસ્પતિજીવ અનંતાનંત છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ-પ્રતિપત્તિ-૩નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પ્રતિપત્તિ-૪-''પંચવિધા'' ❀

–– x –– x –– x –– x ––

૦ એ પ્રમાણે ચતુર્વિધા પ્રતિપત્તિ કહી, હવે પંચવિધા કહે છે–

● સૂત્ર-૩૪૪ :-

*તેમાં જેઓ એમ કહે છે. સંસાર સમાપન્નક જીવો પાંચ પ્રકારના છે, તેઓ આ પ્રમાણે કહે છે – [જીવો પાંચ ભેદે છે] એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.*

*તે એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? બે ભેદે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ પ્રમાણે પંચેન્દ્રિયો સુધી બબ્બે ભેદો કહેવા.*

*ભગવન્ ! એકેન્દ્રિયની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ. બેઈન્દ્રિયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બાર વર્ષ. એ રીતે તેઈન્દ્રિયની ૪૯-રાત્રિદિન. ચઉરિન્દ્રિયની છ માસ. પંચેન્દ્રિયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ છે.*

*અપર્યાપ્ત એકેન્દ્રિયની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત. આ પ્રમાણે બધાં અપર્યાપ્તોની સ્થિતિ કહેવી. પર્યાપ્ત એકેન્દ્રિયથી પંચેન્દ્રિયની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ. આ રીતે બધાં પર્યાપ્તોની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્ત ન્યૂન કહેવી.*

*ભગવન્ ! એકેન્દ્રિય, એકેન્દ્રિયરૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.*

*ભગવન્ ! બેઈન્દ્રિય, બેઈન્દ્રિયરૂપે કેટલો કાળ હોય ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ યાવત્ ચઉરિન્દ્રિય.*

*ભગવન્ ! પંચેન્દ્રિય, પંચેન્દ્રિયપણે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટ સાતિરેક હજાર સાગરોપમ.*

*ભગવન્ ! અપર્યાપ્ત એકેન્દ્રિય, તે રૂપે કેટલો સમય સુધી રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત યાવત્ અપર્યાપ્ત પંચેન્દ્રિય.*

*ભગવન્ ! પર્યાપ્ત એકેન્દ્રિય, તે જ રૂપે કેટલો સમય સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાત હજાર વર્ષ. એ પ્રમાણે બેઈન્દ્રિય પણ કહેવા. વિશેષ એ – અહીં સંખ્યાત વર્ષ કહેવા. તેઈન્દ્રિય ? સંખ્યાત રાત્રિદિન. ચઉરિન્દ્રિય સંખ્યાત માસ રહે. પર્યાપ્ત પંચેન્દ્રિય સાધિક સાગરોપમશત પૃથક્ત્વ.*

*ભગવન્ ! એકેન્દ્રિયોનું અંતર કેટલા કાળનું છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષાધિક બે હજાર સાગરોપમ. બેઈન્દ્રિયનું અંતર કાળથી કેટલું હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. આ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયનું, અપર્યાપ્ત-પર્યાપ્તા કહેવા.*



● વિવેચન-૩૪૪ :-

તેમાં જેઓ એમ કહે છે – સંસારી જીવો પાંચ ભેદે છે તેઓ આ પ્રમાણે કહે છે – એકેન્દ્રિયોથી પંચેન્દ્રિયો. સે કિં તં૰ ઈત્યાદિ પાંચ પર્યાપ્ત-અપર્યાપ્ત સૂત્રો છે. - x - અપર્યાપ્તક વાળા પાંચ સ્થિતિ સૂત્રો પાઠ સિદ્ધ છે. વિશેષ એ – જઘન્ય અંતર્મુહૂર્ત્ત કરતાં ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત મોટું જાણવું. પર્યાપ્તના પાંચ સ્થિતિસૂત્રો સુપ્રતીત છે. માત્ર ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ અંતર્મુહૂર્ત્તન્યૂન.

હવે કાયસ્થિતિ પ્રતિપાદના – એકેન્દ્રિય, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. પછી મરીને બેઈન્દ્રિયાદિમાં ઉપજે છે. ઉત્કૃષ્ટથી અનંતકાળ - વનસ્પતિકાળ. - x - તે પૂર્વે કહેલ છે.

બે-ત્રણ-ચાર ઈન્દ્રિય સૂત્રમાં સંખ્યાતકાળ-સંખ્યાત હજાર વર્ષ. પંચેન્દ્રિય સૂત્રમાં સાતિરેક સાગરોપમસહસ્ર. તે નૈરયિક, તિર્યંચપંચેન્દ્રિય, મનુષ્ય, દેવ ભવભ્રમણથી જાણવું.

એકેન્દ્રિય અપર્યાપ્તાનો જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્તકાળ કેમકે અપર્યાપ્તલબ્ધિનો આટલો કાળ પ્રમાણ છે. આ પ્રમાણે બાકીના ચાર અપર્યાપ્તક સૂત્રો કહેવા.

એકેન્દ્રિ પર્યાપ્તક સૂત્રમાં સંખ્યાત હજાર વર્ષો. એકેન્દ્રિયોમાં પૃથ્વીકાયની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૨૨,૦૦૦ વર્ષ, અપ્કાયની ૭૦૦૦ વર્ષ, તેઉકાયની ત્રણ અહોરાત્ર, વાયુકાયની ૩૦૦૦ વર્ષ, વનસ્પતિકાયની ૧૦,૦૦૦ વર્ષ છે. તેથી નિરંતર કેટલાંક પર્યાપ્ત ભવોને જોડવાથી સંખ્યાત હજાર વર્ષ ઘટિત થાય છે.

બેઈન્દ્રિય પર્યાપ્તમાં ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ કાયસ્થિતિ કેમકે બેઈન્દ્રિયની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ બાર વર્ષની છે. કેટલાંક નિરંતર પર્યાપ્ત ભવો જોડવાથી સંખ્યાત વર્ષ જ પ્રાપ્ત થાય.

તેઈન્દ્રિય પર્યાપ્ત સૂત્રમાં સંખ્યાત અહોરાત્ર કાયસ્થિતિ છે. ભવસ્થિતિ ૪૯ દિવસ છે. કેટલાંક નિરંતર ભવોની સંકલનાથી સંખ્યેય અહોરાત્ર થાય. ચઉરિન્દ્રિયમાં સંખ્યાત માસ કાયસ્થિતિ છે, ભવસ્થિતિ ઉત્કૃષ્ટ છ માસ, શેષ પૂર્વવત્.

એકેન્દ્રિયોનો અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત્ત. તે એકેન્દ્રિયથી નીકળી દ્વીન્દ્રિયાદિમાં અંતર્મુહૂર્ત્ત રહી ફરી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ છે. ઉત્કૃષ્ટ- સંખ્યેય વર્ષ અધિક બે હજાર સાગરોપમ. ત્રસકાયની કાયસ્થિતિ જેટલું આ અંતર છે.

બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિય-સૂત્રમાં જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ સર્વત્ર વનસ્પતિકાળ. જે બેઈન્દ્રિયથી નીકળી અનંતકાળ સુધી વનસ્પતિમાં રહીને ફરી બેઈન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય.

અંતર વિષયક, પાંચ ઔઘિક સૂત્ર માફક પર્યાપ્તના વિષયમાં અને અપર્યાપ્તના વિષયમાં પણ કહેવું. - x - x -

હવે અલ્પબહુત્વને કહે છે –

● સૂત્ર-૩૪૫ :-

*ભગવન્ ! આ એક-બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયોમાં કોન કોનાથી અલ્પ,*

*બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા પંચેન્દ્રિયો છે, ચઉરિન્દ્રિય વિશેષાધિક છે. તેઈન્દ્રિય વિશેષાધિક છે, બેઈન્દ્રિય વિશેષાધિક. એકેન્દ્રિય અનંતગણા છે.*

*આ પ્રમાણે અપર્યાપ્તામાં સૌથી થોડાં પંચેન્દ્રિય, અપર્યાપ્તા, ચતુરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, તેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, બેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણ. સેન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે.*

*સૌથી થોડાં ચતુરિન્દ્રિય પર્યાપ્તા, પંચેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, બેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, તેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય પર્યાપ્તા અનંતગુણા છે, તેનાથી સેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે.*

*આ સઈન્દ્રિય પર્યાપ્તા-અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં સઈન્દ્રિય અપર્યાપ્તા, સઈન્દ્રિય પર્યાપ્તા સંખ્યાતગુણા છે. એ પ્રમાણે એકેન્દ્રિયો પણ જાણવા.*

*બેઈન્દ્રિયોમાં પર્યાપ્તા-અપર્યાપ્તામાં અલ્પબહુત્વ ? ગૌતમ ! સૌથી થોડાં બેઈન્દ્રિય પર્યાપ્તા, અપર્યાપ્તા અસંખ્યાતગણા. એ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયો પણ જાણવા.*

*ભગવન્ ! આ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં ચઉરિન્દ્રિય પર્યાપ્તા, પંચેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, બેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, તેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, પંચેન્દ્રિય અપર્યાપ્તા અસંખ્યાતગણા, ચઉરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, તેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, બેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણા, સઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય પર્યાપ્તા અસંખ્યાતગણા, સઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, સઈન્દ્રિય વિશેષાધિક છે. આ પંચવિધા સંસારી જીવ કહ્યા.*

**● વિવેચન-૩૪૫ :-**

(૧) પહેલા એકેન્દ્રિયથી પંચેન્દ્રિયોનું સામાન્યરૂપે અલ્પબહુત્વ બતાવતા કહ્યું કે — સૌથી થોડાં પંચેન્દ્રિયો છે. કેમકે સંખ્યેય યોજન કોટાકોટી પ્રમાણ વિષ્કંભસૂચિથી પ્રમિત પ્રતરના અસંખ્યાતમાં ભાગમાં રહેલ અસંખ્ય શ્રેણીના આકાશ પ્રદેશોની તુલ્ય છે. તેનાથી ચઉરિન્દ્રિયા વિશેષાધિક - x - તેનાથી તેઈન્દ્રિયો વિશેષાધિક - x - તેનાથી બેઈન્દ્રિયો વિશેષાધિક, તેનાથી એકેન્દ્રિય અનંતગુણા, કેમકે વનસ્પતિનું અનંતાનંતત્વ છે.

(૨) અપર્યાપ્તાનું અલ્પબહુત્વ-સૌથી થોડાં પંચેન્દ્રિય અપર્યાપ્તા છે, કેમકે એક પ્રતરમાં અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ જેટલા ખંડ થાય, તેટલાં પ્રમાણમાં છે. તેનાથી ચઉરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી તેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે - x - તેનાથી બેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણ છે. કેમકે વનસ્પતિકાયમાં અપર્યાપ્ત જીવ સદા અનંતાનંત રહે છે.



(૩) પર્યાપ્તાનું અલ્પબહુત્વ - સૌથી થોડાં ચઉરિન્દ્રિય છે કેમકે ચઉરિન્દ્રિય જીવ અલ્પાયુ હોવાથી લાંબો કાળ સુધી રહેતા નથી. તેથી પૃચ્છા સમયે તે થોડાં છે. - x - તેનાથી બેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી તેઈન્દ્રિય વિશેષાધિક છે - x - તેનાથી એકેન્દ્રિય પર્યાપ્તા અનંતગુણ છે કેમકે વનસ્પતિકાયમાં પર્યાપ્તા જીવો અનંત હોય છે.

(૪) પર્યાપ્તા-અપર્યાપ્તાનું સમુદિત અલ્પબહુત્વ-સૌથી થોડાં એકેન્દ્રિય અપર્યાપ્તા, પર્યાપ્તા તેનાથી સંખ્યાતગુણ. એકેન્દ્રિયોમાં સૂક્ષ્મ જીવ ઘણાં છે, કેમકે તે સર્વલોકવ્યાપી છે. - x - બેઈન્દ્રિય સૂત્રોમાં સૌથી થોડાં બેઈન્દ્રિય પર્યાપ્તા - x - તેનાથી અપર્યાપ્તા અસંખ્યાતગુણ છે. કેમકે તે પ્રતરગત અંગુલ અસંખ્યેય ભાગ ખંડ પ્રમાણ છે. આ રીતે તેઈન્દ્રિયાદિ સમજવા.

(૫) એકેન્દ્રિયાદિ પાંચેના પર્યાપ્તા-અપર્યાપ્તાનું સમુદિત અલ્પબહુત્વ-પૂર્વોક્ત તૃતીય અને દ્વિતીય અલ્પબહુત્વની ભાવનાનુસાર જ સમજી લેવું. - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૪-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ પ્રતિપત્તિ-૫-''ષડ્‌વિધા'' ❀

-- x -- x -- x --

૦ ચોથી પ્રતિપત્તિ કહી. હવે ક્રમ પ્રાપ્ત પાંચમી પ્રતિપત્તિ :-

● **સૂત્ર-૩૪૬ થી ૩૫૦ :-**

*[૩૪૬] તેઓમાં જેઓ એમ કહે છે સંસાર સમાપન્નક જીવો છ પ્રકારના છે. તે આ — પૃથ્વીકાયિક, અપ્‌કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક.*

*તે પૃથ્વીકાયિક કેટલાં છે ? બે ભેદે કહ્યા છે — સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને બાદર પૃથ્વીકાયિક. સૂક્ષ્મ પૃથ્વીકાયિક બે ભેદે કહ્યા — પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ રીતે બાદર પૃથ્વીકાયિક પણ કહેવા. એ રીતે અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિકના ચાર-ચાર ભેદો જાણવા.*

*તે ત્રસકાયિકના કેટલા ભેદ છે ? બે ભેદે છે. તે આ — પર્યાપ્તા અને અપર્યાપ્તા.*

*[૩૪૭] ભગવન્ ! પૃથ્વીકાયિકની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ-૨૨,૦૦૦ વર્ષ. આ પ્રમાણે બધાંની સ્થિતિ કહેવી. ત્રસકાયિકોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ છે. બધાં અપર્યાપ્તોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. બધાં પર્યાપ્તકોની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કરવું.*

*[૩૪૮] ભગવન્ ! પૃથ્વીકાય, પૃથ્વીકાયના રૂપમાં કેટલો કાળ સુધી રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ અસંખ્યાત લોકપ્રમાણ.*

*એ પ્રમાણે યાવત્ અપ્-તેઉ-વાયુકાયની સંચિટ્ઠણા જાણવી. વનસ્પતિકાયિકની અનંતકાળ છે યાવત્ આવલિકાનો અસંખ્યાતભાગ જેટલો સમય.*

*ભગવન્ ! ત્રસકાયિકની ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ છે.*

*છ એ અપર્યાપ્તોની કાયસ્થિતિ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત છે.*

*[૩૪૯] પર્યાપ્તોમાં પૃથ્વીકાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત હજાર વર્ષ છે. આ જ અપ્‌કાય, વાયુકાય, વનસ્પતિકાય પર્યાપ્તોની છે. તેઉકાય પર્યાપ્તકની કાયસ્થિતિ સંખ્યાત રાતદિવસની છે. ત્રસકાય પર્યાપ્તની સાગરોપમ શત પૃથક્ત્વ છે.*

*[૩૫૦] ભગવન્ ! પૃથ્વીકાયનું કેટલું અંતર છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. એ પ્રમાણે અપ્-તેઉ-વાઉકાયિકનું અંતર વનસ્પતિકાળ છે. ત્રસકાયિકનું પણ વનસ્પતિકાળ. વનસ્પતિકાયનું પૃથ્વીકાયિક કાળપ્રમાણ.*



*આ પ્રમાણે અપર્યાપ્તકોનો અંતરકાળ વનસ્પતિકાળ છે. વનસ્પતિનું પૃથ્વીકાળ. પર્યાપ્તકોનું પણ એમ જ જાણવું.*

● **વિવેચન-૩૪૬ થી ૩૫૦ :-**

તેમાં જેઓ એમ કહે છે કે — સંસાર સમાપન્નક જીવો છ ભેદે છે, તેઓ પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાય, છ ભેદ કહે છે से किं तं पुढविक्काइया આદિ - પૃથ્વીથી વનસ્પતિ સુધીના ત્રણ ત્રણ સૂત્રો અને ત્રસકાય વિષયક એક એ રીતે ૧૬ સંખ્યા છે.

સ્થિતિ વિષય છ સૂત્રો છે તેમાં જઘન્ય બધે જ અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૃથ્વીકાયની ૨૨,૦૦૦ વર્ષ, અપ્‌કાયની સાત અને તેઉકાયની ત્રણ રાત્રિ-દિન, વાયુકાયની ૩૦૦૦ વર્ષ, વનસ્પતિ કાયની ૧૦,૦૦૦ વર્ષ, ત્રસકાયની ૩૩-સાગરોપમ.

અપર્યાપ્ત વિષયક છ સૂત્રો છે. બધે જઘન્ય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્ત વિષયક છ સૂત્રો. માત્ર અંતર્મુહૂર્ત્ત ન્યુનત્વ.

હવે કાયસ્થિતિ - પૃથ્વીકાયની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. પૃથ્વીકાયથી નીકળીને બીજે અંતર્મુહૂર્ત્ત રહીને ફરી પૃથ્વીકાયપણે ક્યાંય ઉપજે. ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ. તે કાળક્ષેત્ર - અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણી છે. ક્ષેત્રથી અસંખ્યાત લોક અર્થાત્ અસંખ્યાત લોક પ્રમાણ આકાશખંડોમાં પ્રતિસમયે એકૈક પ્રદેશ અપહારથી જેટલા કાળે તે અસંખ્યાત લોકાકાશખંડ ખાલી થાય તે.

વનસ્પતિ સૂત્રમાં ઉત્કૃષ્ટ અનંતકાળ, તે કાળક્ષેત્રથી નિરૂપે છે — કાળથી અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી. ક્ષેત્રથી અનંતલોક-અનંતાનંત લોકાકાશમાં પ્રતિસમયે એકૈક પ્રદેશાપહાર વડે જેટલા કાળે તે લોકાલોકાકાશખંડ ખાલી થાય, તે કાળ.

તે જ પુદ્‌ગલ પરાવર્ત્તનથી કહે છે — અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્ત્ત. પુદ્‌ગલ પરાવર્ત્તગત જ અસંખ્યેયત્વ નિર્ધારે છે. તે પુદ્‌ગલ પરાવર્ત્ત આવલિકાના અસંખ્યાત ભાગમાં જેટલો સમય થાય તેટલો કાળ. - x - ત્રસકાય સૂત્રમાં સંખ્યાત વર્ષાધિક ૨૦૦૦ સાગરોપમ. આટલું જ અવ્યવધાનથી ત્રસકાયત્વ કાળ૦

અપર્યાપ્ત વિષયક છ સૂત્રો. બધે જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. અપર્યાપ્તલબ્ધિમાં ઉત્કૃષ્ટથી પણ આટલો કાળ.

પૃથ્વીકાયિક પર્યાપ્ત સૂત્રમાં ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષ પૃથ્વીકાયિકની જ ભવસ્થિતિ ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ, પછી કેટલાંક નિરંતર પર્યાપ્ત ભવના મીલનથી સંખ્યાત હજાર વર્ષ જ થાય, અધિક નહીં. આ પ્રમાણે - x - બાકીના કાયમાં કહેવું.

હવે અંતર નિરૂપણા - જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. જેમકે પૃથ્વીકાયથી ઉદ્વર્તીને બીજે અંતર્મુહૂર્ત્ત રહીને ફરી પૃથ્વીકાયપણે ક્યાંક ઉપજે. ઉત્કૃષ્ટ અનંતકાળ, તે અનંતકાળ પૂર્વોક્ત સ્વરૂપનો વનસ્પતિકાળ જાણવો. - x - આ રીતે અપ્‌કાયાદિ સૂત્રો જાણવા. વનસ્પતિસૂત્રમાં અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કહેવું.

હવે અલ્પબહુત્વ કહે છે —

● **સૂત્ર-૩૫૧,૩૫૨ :-**

*[૩૫૧] સૌથી થોડાં ત્રસકાયિક, તેઉકાયિક અસંખ્યાતગણા, પૃથ્વીકાયિક*

*વિશેષાધિક, અપ્‌કાયિક વિશેષાધિક, વાયુકાયિક વિશેષાધિક, વનસ્પતિકાયિક અનંતગુણ એ પ્રમાણે અપર્યાપ્તક પણ જાણવા અને પર્યાપ્તક પણ જાણવા.*

*ભગવન્ ! આ પર્યાપ્તા અને અપર્યાપ્તા પૃથ્વીકાયમાં કોણ કોનાથી અલ્પ૦ યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પૃથ્વીકાયિક અપર્યાપ્તા, પૃથ્વીકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા.*

*આ બધામાં૦ સૌથી થોડા અપ્‌કાયિક અપર્યાપ્તા, પર્યાપ્તા સંખ્યાતગુણા યાવત્ વનસ્પતિકાયિક આમ કહેવું. સૌથી થોડાં ત્રસકાયિક પર્યાપ્તા, ત્રસકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા.*

*ભગવન્ ! આ પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિકોના પર્યાપ્તા-અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? સૌથી થોડાં ત્રસકાયિક પર્યાપ્તા, ત્રસકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, પૃથ્વી-અપ્-વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક, તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા છે, પૃથ્વી-અપ્-વાયુ પર્યાપ્તા વિશેષાધિક છે. વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગણા, સકાયિક અપર્યાપ્તા વિશેષાધિક. વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા. સકાયિક પર્યાપ્તા વિશેષાધિક છે.*

*[૩૫૨] ભગવન્ ! સૂક્ષ્મજીવોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત. એ પ્રમાણે સૂક્ષ્મનિગોદ સુધી કહેવું. એ પ્રમાણે અપર્યાપ્તા-પર્યાપ્તા બંનેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.*

● વિવેચન-૩૫૧,૩૫૨ :-

સૌથી થોડાં ત્રસકાયિક છે, કેમકે બેઈન્દ્રિયાદિ ત્રસકાય અન્ય કાયોની અપેક્ષા અલ્પ છે. તેનાથી તેઉકાય અસંખ્યાતગણા કેમકે અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણત્વ છે. તેનાથી પૃથ્વીકાયિક વિશેષાધિક - x - તેનાથી વનસ્પતિકાયિક અનંતગુણ, કેમકે અનંતલોકાકાશ પ્રદેશમાનત્વ છે.

તેમના અપર્યાપ્તાનું બીજું અલ્પબહુત્વ - ઉક્ત ક્રમે જ છે. તેમના પર્યાપ્તોનું અલ્પબહુત્વ પણ તેમજ જાણવું.

પૃથ્વીકાયાદિના અલગ-અલગ પર્યાપ્તા-અપર્યાપ્તા ગત અલ્પબહુત્વ-સૌથી થોડાં પૃથ્વીકાયિક અપર્યાપ્તા, પર્યાપ્તા સંખ્યાતગણાં. સકલ લોકવ્યાપી હોવાથી પૃથ્વીકાયિકોમાં સૂક્ષ્મ જીવ ઘણાં છે. તેમાં પર્યાપ્તા સંખ્યાતગણાં છે. - x - ત્રસકાયિકમાં સૌથી થોડાં પર્યાપ્ત ત્રસકાયિક, અપર્યાપ્ત ત્રસકાયિક અસંખ્યાતગણાં છે. કેમકે પર્યાપ્ત ત્રસકાય પ્રતર અંગુલ સંખ્યેયભાગ૦

હવે આ બધાંનું સમુદિત અલ્પબહુત્વ - સૌથી થોડાં ત્રસકાયિક પર્યાપ્તા, તેનાથી ત્રસકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં, તેનાથી તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં - x - તેનાથી પૃથ્વી-અપ્-વાયુ અપર્યાપ્તા ક્રમથી વિશેષાધિક - x - પછી તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા, - x - પછી પૃથ્વી-અપ્-વાયુ પર્યાપ્તા ક્રમથી



વિશેષાધિક, તેથી વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગણા, - x - તેનાથી વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગણાં, કેમકે સૂક્ષ્મોમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણ છે.

હવે આ કાયોના સૂક્ષ્મોની સ્થિતિ આદિ ચિંતા—

સૂક્ષ્મ જીવ બે પ્રકારે — નિગોદરૂપ અને અનિગોદરૂપ. બંનેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત. પણ ઉત્કૃષ્ટને વિશેષાધિક જાણવું. આ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વીકાયથી સૂક્ષ્મ વનસ્પતિકાય અને સૂક્ષ્મ નિગોદ સંબંધી છ સૂત્રો કહેવા. [શંકા] સૂક્ષ્મ વનસ્પતિ નિગોદ જ છે, તો પછી અલગથી નિગોદસૂત્ર શા માટે ? [સમાધાન] સૂક્ષ્મ વનસ્પતિ જીવરૂપ છે અને સૂક્ષ્મ નિગોદ અનંત જીવોના આધારભૂત શરીરરૂપ છે. તેથી કોઈ દોષ નથી.

કહ્યું છે — [ત્રણ ગાથાની વ્યાખ્યા —] સૂક્ષ્મ નિગોદ વડે સકલ લોક ચોતરફથી અંજન ચૂર્ણ પૂર્ણ સમુદ્‌ગકવત્ વ્યાપ્ત છે. તે આ નિગોદથી વ્યાપ્ત લોકમાં અસંખ્યાત નિગોદ વૃત્તાકાર અને બૃહત્ પ્રમાણ હોવાથી 'ગોલક' કહેવાય છે. નિગોદનો અર્થ છે અનંત જીવોનું એક શરીર. આવા અસંખ્યાત ગોલક છે અને એક એક ગોલકમાં અસંખ્યાત નિગોદ છે.

એક નિગોદમાં જે અનંત જીવ છે, તેનો અસંખ્યાતમો ભાગ પ્રતિ સમય તેમાંથી નીકળે છે અને બીજો અસંખ્યાતમો ભાગ ત્યાં ઉત્પન્ન થાય છે. પ્રત્યેક સમયે આ ઉદ્વર્તન, ઉત્પતિ ચાલું રહે છે. એક નિગોદમાં જે રીતે ઉદ્વર્તન અને ઉપપાતનો ક્રમ ચાલે છે, તે રીતે જ સર્વલોક વ્યાપી નિગોદોમાં આ ઉદ્વર્તન અને ઉપપાત ક્રિયા પ્રતિસમય ચાલતી રહે છે. તેથી બધાં નિગોદો અને નિગોદ જીવોની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. - x - પણ તે શૂન્ય થતાં નથી. માત્ર જૂના નીકળે છે - નવા ઉપજે છે.

હવે કાયસ્થિતિને કહે છે —

● સૂત્ર-૩૫૩,૩૫૪ :-

*[૩૫૩] ભગવન્ ! સૂક્ષ્મ, સૂક્ષ્મરૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ અસંખ્યાત લોક. બધામાં પૃથ્વીકાળ યાવત્ સૂક્ષ્મ નિગોદની પૃથ્વીકાળ કાયસ્થિતિ છે. બધાં અપર્યાપ્ત સૂક્ષ્મોની કાયસ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. એ રીતે બધાં પર્યાપ્તાની પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે.*

*[૩૫૪] ભગવન્ ! સૂક્ષ્મને કેટલા કાળનું અંતર હોય છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ — કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ. સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદનું અંતર યાવત્ અસંખ્યાત ભાગ છે. પૃથ્વીકાયિક આદિનો વનસ્પતિકાળ છે. એ રીતે અપર્યાપ્તા-પર્યાપ્તા જાણવા.*

● વિવેચન-૩૫૩,૩૫૪ :-

સૂક્ષ્મનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત છે. પછી બાદર પૃથ્વીમાં ઉત્પાદ થાય છે. ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ. તે જ અસંખ્યાતકાળ કાળ-ક્ષેત્ર વડે નિરૂપે છે - x -

અસંખ્યાત લોકાકાશમાંથી પ્રતિસમય એકૈક આકાશપ્રદેશના અપહારથી જેટલા કાળથી નિર્લેપ થાય, તેટલો અસંખ્યાતકાળ છે. - x -

હવે સૂક્ષ્મ અપર્યાપ્તોની કાયસ્થિતિ કહે છે - x - જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત છે. અપર્યાપ્ત સ્થાવરનું આટલું કાળ પ્રમાણ છે. આ રીતે પર્યાપ્ત વિષયક સાત સૂત્રો છે.

હવે 'અંતર' વિચારણા કહે છે – સૂક્ષ્મનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત છે. સૂક્ષ્મથી ઉદ્વર્તીને બાદર પૃથ્વી આદિમાં અંતર્મુહૂર્ત રહીને ફરી સૂક્ષ્મપૃથ્વી આદિમાં ક્યાંય પણ ઉત્પાદ થાય. ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ. તે અસંખ્યાત કાળને કાળ અને ક્ષેત્ર વડે નિરૂપેલ છે. - x - અંગુલ માત્ર ક્ષેત્રના અસંખ્યાત ભાગમાં જે આકાશ પ્રદેશ છે, તે પ્રતિસમય એકૈક પ્રદેશના અપહારથી જેટલી ઉત્સર્પિણી-અવસર્પિણીથી નિર્લેપ થાય તે.

સૂક્ષ્મ પૃથ્વીકાયનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ. - x - સૂત્ર ભાવના આ રીતે – સૂક્ષ્મ પૃથ્વીકાયિક જ સૂક્ષ્મપૃથ્વીકાયિકના ભવથી ઉદ્વર્તીને અનંતર કે પરંપરથી વનસ્પતિમાં જાય છે. તેમાં ઉત્કૃષ્ટ આટલો કાળ રહે છે, તેથી યથોક્ત પ્રમાણ અંતર થાય. - x - સૂક્ષ્મ વનસ્પતિકાયિક સૂત્રમાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ. તે અસંખ્યાતકાળ પૃથ્વીકાળ કહેવો.

સૂક્ષ્મ વનસ્પતિકાયના ભવથી ઉદ્વર્તીને જ બાદર વનસ્પતિમાં, સૂક્ષ્મ-બાદર પૃથ્વી આદિમાં ઉત્પન્ન થાય છે. તેમાં સર્વત્ર ઉત્કૃષ્ટથી આટલું કાળ અવસ્થાન યથોક્ત પ્રમાણ જ અંતર છે. એ પ્રમાણે સૂક્ષ્મ નિગોદનું અંતર પણ કહેવું.

**● સૂત્ર-૩૫૫ :-**

***અલ્પબહુત્વ આ પ્રમાણે છે – સૌથી થોડાં સૂક્ષ્મ તેઉકાયિક, સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક, સૂક્ષ્મ અપ્ - વાયુ વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણા, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અનંતગુણા, સૂક્ષ્મ વિશેષાધિક, એ પ્રમાણે અપર્યાપ્તા-પર્યાપ્તા.***

***ભગવન્ ! આ સૂક્ષ્મ પર્યાપ્તા-અપર્યાપ્તામાં કોણ-કોનાથી અલ્પ૦ આદિ છે ? સૌથી થોડાં સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા તેનાથી સંખ્યાતગુણ. એમ સૂક્ષ્મ નિગોદ સુધી.***

***ભગવન્ ! આ સૂક્ષ્મોમાં, સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ સૂક્ષ્મ નિગોદોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ? સૌથી થોડાં સૂક્ષ્મ તેઉકાય અપર્યાપ્તા, તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણ, સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુકાયિક પર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગુણ, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાતગુણ, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગુણ, સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિ પર્યાપ્તા અસંખ્યાતગુણ, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા***



***વિશેષાધિક છે.***

**● વિવેચન-૩૫૫ :-**

સૌથી થોડાં સૂક્ષ્મ તેજસ્કાયિક છે. કેમકે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક કેમકે પ્રભૂત અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પરિમાણત્વ છે. તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક વિશેષાધિક - x - તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક વિશેષાધિક - x - તેનાથી સૂક્ષ્મ નિગોદ અસંખ્યાદગુણ. - x - તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અનંતગુણ - x - તેનાથી સામાન્ય સૂક્ષ્મ વિશેષાધિક - - ઔધિક નામે આ અલ્પબહુત્વ.

હવે આના જ અપર્યાપ્તા કહે છે – બધું પૂર્વવત્.

હવે આના જ પર્યાપ્તાનું અલ્પબહુત્વ-પૂર્વોક્ત ક્રમથી કહેવું. હવે સૂક્ષ્માદિનું પર્યાપ્ત-અપર્યાપ્તનું અલ્પબહુત્વ - અહીં બાદરમાં પર્યાપ્તથી અપર્યાપ્ત અસંખ્યાતગણું, પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે – પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે, જ્યાં એક પર્યાપ્તો ત્યાં નિયમા અસંખ્યાતા અપર્યાપ્તા. જો કે સૂક્ષ્મમાં આવો ક્રમ નથી. - x - તેથી કહ્યું છે – સૌથી થોડાં સૂક્ષ્મ અપર્યાપ્તા, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાત ગણાં છે. આ પ્રમાણે પૃથ્વીકાયાદિમાં પ્રત્યેકમાં વિચારવું.

હવે પાંચમું અલ્પબહુત્વ - સૌથી થોડાં સૂક્ષ્મ તેઉકાયિક અપર્યાપ્તા, તેનાથી સૂક્ષ્મ પૃથ્વી - અપ્ - વાયુ અપર્યાપ્તા ક્રમથી વિશેષાધિક, તેનાથી સૂક્ષ્મ તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા, - x - તેનાથી સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ ક્રમથી વિશેષાધિક, તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગણા કેમકે તેનું અતિ પ્રાચુર્ય છે. તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાતગુણ - x - તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગુણા - x - તેનાથી સામાન્યથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક - x - તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. - - - હવે બાદરાદિના સ્થિતિ આદિ કહે છે–

**● સૂત્ર-૩૫૬ :-**

***ભગવન્ ! બાદરની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ છે. એ રીતે બાદર ત્રસકાયિકની પણ છે. બાદર પૃથ્વીકાયિકની ૨૨,૦૦૦ વર્ષ, બાદર અપ્કાયની ૭૦૦૦ વર્ષ, બાદર તેઉકાયની ત્રણ અહોરાત્ર, બાદર વાયુકાયની ૩૦૦૦ વર્ષ, બાદર વનસ્પતિકાયની ૧૦,૦૦૦ વર્ષ, એ રીતે પ્રત્યેક શરીર બાદરની પણ છે.***

***નિગોદની જઘન્ય-ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. એ રીતે બાદર નિગોદની પણ છે. અપર્યાપ્તાની બધાંની અંતર્મુહૂર્ત, પર્યાપ્તોની ઉત્કૃષ્ટ સ્થિતિ - બધાંની કુલ સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન કરીને કહેવી.***

**● વિવેચન-૩૫૬ :-**

બાદરની સ્થિતિ - જઘન્યથી અંતર્મુહૂર્ત. કેમકે પછી મરણ થાય. ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. એ રીતે બધાં સૂત્રો જાણવા. બધામાં ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે – બાદર

પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ ઈત્યાદિ બધું સૂત્રાર્થ મુજબ કહેવું. હવે બાદરાદિ દશ અપર્યાપ્તોની સ્થિતિ કહે છે – બધે જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.

હવે તેના પર્યાપ્તાની સ્થિતિ કહે છે – બાદર અપર્યાપ્તાની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સામાન્યથી બાદરની અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩-સાગરોપમ. - x - એ રીતે બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તાની અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ. ઈત્યાદિ સમજી લેવું. - x - x - હવે કાયસ્થિતિ કહે છે –

● **સૂત્ર-૩૫૭ થી ૩૬૦ :-**

***[૩૫૭] ભગવન્ ! બાદર, બાદર રૂપે કેટલો કાળ રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ-અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીકાળથી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાત ભાગ. બાદર પૃથ્વી-અપ્-તેઉ-વાયુકાયિક, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અને બાદર નિગોદની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ. બાદર વનસ્પતિની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યેય કાળ છે, જે કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી છે, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાત ભાગ૰ છે.***

***પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક બાદર નિગોદની-પૃથ્વી વત્ બાદર નિગોદની જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અનંતકાળ - અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અઢી પુદ્ગલ પરાવર્ત્તન તુલ્ય છે. બાદર વનસ્પતિની કાય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ છે.***

***[૩૫૮] બાદર ત્રસકાયમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક ૨૦૦૦ સાગરોપમ.***

***[૩૫૯] બાદર અપર્યાપ્તાની કાયસ્થિતિ બધે અંતર્મુહૂર્ત કહેવી. પર્યાપ્ત બાદર અને બાદર ત્રસકાયની૰***

***[૩૬૦] સ્થિતિ સાતિરેક સાગરોપમશત પૃથકત્વ, તેઉકાયની સંખ્યાત અહોરાત્ર, બંને નિગોદની અર્દ્ધમુહૂર્ત, બાકીના બધાંની સંખ્યાત હજાર વર્ષ છે.***

● **વિવેચન-૩૫૭ થી ૩૬૦ :-**

પ્રશ્નસૂત્રો પાઠ સિદ્ધ છે. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ. એ અસંખ્યાતકાળને કાળ અને ક્ષેત્ર વડે નિરૂપે છે. બાદર પૃથ્વીકાયિકમાં ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ. એ રીતે બાદર અપ્-તેઉ-વાયુ છે. સામાન્યથી બાદર વનસ્પતિકાયિક સૂત્રમાં-ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ. આ કાળને કાળ અને ક્ષેત્રથી નિરૂપેલ છે. પ્રત્યેક બાદર વનસ્પતિકાયિક, બાદર પૃથ્વીકાયિકવત્ છે. સામાન્ય નિગોદ સૂત્રમાં ઉત્કૃષ્ટ અનંતકાળ છે. તેનું કાળ અને ક્ષેત્રથી નિરૂપણ કર્યુ છે. બાદર નિગોદ સૂત્ર, બાદર પૃથ્વી કાયિકવત્ જાણવું. ઈત્યાદિ - x - x -

હવે તેઓની અપર્યાપ્તોની કાયસ્થિતિ - કહેલી છે. પછી તેમના પર્યાપ્તાની કાયસ્થિતિ કહી છે. બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તસૂત્રમાં ઉત્કૃષ્ટથી સંખ્યેય હજાર વર્ષ. - x - એ રીતે અપ્કાય સૂત્ર પણ કહેવું. તેઉકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ સંખ્યાત રાત્રિ-



દિવસ છે - x - x - ઈત્યાદિ વૃત્તિ પાઠ સિદ્ધ છે. હવે અંતરનું પ્રતિપાદન કરે છે.

● **સૂત્ર-૩૬૧ :-**

***ઔધિક બાદર, બાદર વનસ્પતિ, નિગોદ, બાદર નિગોદ, આ ચારેનું અંતર પૃથ્વીકાલ યાવત્ અસંખ્યાત લોક છે. બાકીનાનું વનસ્પતિકાળ છે. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાના અંતર પણ કહેવા. ઔધિક બાદર વનસ્પતિકાય, ઔધિક નિગોદ, બાદર નિગોદનું અસંખ્યાત કાળ અંતર છે. બાકીનાનું અંતર વનસ્પતિકાળ છે.***

● **વિવેચન-૩૬૧ :-**

અહીં અસંખ્યાત [લોક] અંતર કહ્યું, તેને કાળ અને ક્ષેત્રથી નિરૂપે છે – કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી અને ક્ષેત્રથી અસંખ્યાતલોક છે. જે સૂક્ષ્મનું કાય સ્થિતિ પરિમાણ છે, તે જ બાદરનું અંતર પરિમાણ છે. બાદર પૃથ્વીકાયિક સૂત્રમાં ઉત્કૃષ્ટથી અનંતકાળ છે. - x - સામાન્યથી બાદર વનસ્પતિકાયિક સૂત્રમાં ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ છે – આ અસંખ્યાતકાળ, પૃથ્વીકાળ જાણવો. - x - x - x - આ પ્રમાણે અપર્યાપ્ત વિષયક દશ સૂત્રી અને પર્યાપ્ત વિષયક દશ સૂત્રી યથોક્ત ક્રમથી કહેવી. - - - હવે અલ્પબહુત્વ કહે છે–

● **સૂત્ર-૩૬૨ :-**

***(૧) સૌથી થોડાં બાદર ત્રસકાયિક, બાદર તેઉકાયિક અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા, બાદર નિગોદ અસંખ્યાતગણા, બાદર પૃથ્વી અસંખ્યાતગણા, અપ્-વાયુ અસંખ્યાતગણા, બાદર વનસ્પતિકાયિક અનંતગણા, બાદરો વિશેષાધિક છે.***

***(૨) એ પ્રમાણે અપર્યાપ્તા પણ જાણવા.***

***(૩) પર્યાપ્તામાં સૌથી થોડાં બાદર તેઉકાયિક, બાદર ત્રસકાયિક અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર અસંખ્યાતગણા, બાકીના પૂર્વવત્ યાવત્ બાદરો વિશેષાધિક.***

***(૪) ભગવન્ ! આ બાદર પર્યાપ્ત-અપર્યાપ્તમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડા બાદર પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણા, એ રીતે બાદર ત્રસકાયવત્ છે.***

***(૫) ભગવન્ ! આ બાદર, બાદરપૃથ્વીકાયિક યાવત્ બાદર ત્રસકાયિકના પર્યાપ્તા-અપર્યાપ્તામાં કોણ૰ ?***

***સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તક, બાદર ત્રસકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણાં, પૃથ્વી-અપ્-વાયુ પર્યાપ્તકા અસંખ્યાતગણા, બાદર તેઉકાય અપર્યાપ્તકા અસંખ્યાતગણાં, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર નિગોદ અપર્યાપ્તકા અસંખ્યાતગણા, બાદર પૃથ્વી-અપ્-વાયુ અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર વનસ્પતિ પર્યાપ્તા અનંતગણા,***

***બાદર પર્યાપ્તા વિશેષાધિક, બાદર વનસ્પતિ અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર અપર્યાપ્તા વિશેષાધિક, બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે.***

***હવે સૂક્ષ્મ-બાદરનું અલ્પબહુત્વ :-***

***[૧] ભગવન્ ! આ સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ સૂક્ષ્મ નિગોદોમાં - બાદર, બાદર પૃથ્વીકાયિક યાવત્ બાદર ત્રસકાયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર ત્રસકાયિક છે, બાદર તેઉકાયિક અસંખ્યાતગણાં, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણાં છે આદિ પૂર્વવત્ યાવત્ બાદર વાયુકાયિક અસંખ્યાતગણાં, સૂક્ષ્મ તેઉકાયિક અસંખ્યાતગણાં, સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક, સૂક્ષ્મ અપ્-સૂક્ષ્મ વાયુ વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણાં, બાદર વનસ્પતિકાયિક અનંતગણા, બાદરો વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતગણાં, સૂક્ષ્મો વિશેષાધિક છે.***

***[૨,૩] એ પ્રમાણે અપર્યાપ્તા અને પર્યાપ્તા પણ જાણવા. વિશેષ એ કે — સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તા, બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક શરીરી૦ બાકી પૂર્વવત્ યાવત્ સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે.***

***[૪] ભગવન્ ! આ સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ આદિ છે ? સૌથી થોડાં બાદર પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણા. સૌથી થોડાં સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગણા છે. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વી - બાદરપૃથ્વી યાવત્ સૂક્ષ્મનિગોદ-બાદર નિગોદ. વિશેષ એ કે — પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયમાં સૌથી થોડાં પર્યાપ્તા છે, અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. એ પ્રમાણે બાદર ત્રસકાયિકો પણ જાણવા.***

***બધાં પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ કે બહુ છે ? સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તા, બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં છે, તે જ અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિ અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા, અપ્-વાયુ-પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક૦ અસંખ્યાતગણાં, બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણાં, બાદર પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, સૂક્ષ્મ તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા, સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ પર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણાં, બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગણા, બાદર પર્યાપ્તા વિશેષાધિક, બાદર વનસ્પતિકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર અપર્યાપ્તા વિશેષાધિક, તેથી બાદરો વિશેષાધિક છે. સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા, સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક, તેથી સૂક્ષ્મો વિશેષાધિક છે.***





**● વિવેચન-૩૬૨ :-**

છ કાયનું ઔધિક અલ્પબહુત્વ - સૌથી થોડાં બાદર ત્રસકાયિકો છે. કેમકે બેઈન્દ્રિયાદિ જ બાદર ત્રસ છે અને તે શેષ કાયની અપેક્ષાએ અલ્પ છે. તેનાથી બાદર તેઉકાયિક અસંખ્યાતગણા છે. કેમકે તે અસંખ્યાત લોકાકાશ પ્રમાણ છે. તેનાથી પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા છે - x - બાદર તેઉકાયિક તો મનુષ્યક્ષેત્રમાં જ છે. પ્રજ્ઞાપનાના બીજા સ્થાન નામક પદમાં આ વિષયે જે પાઠ છે, તેનો અહીં વૃત્તિકારશ્રીએ ઉલ્લેખ કરેલ છે. - x - x - x - ક્ષેત્રના અસંખ્યાતગુણત્વથી બાદર તેઉકાયિકોથી પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા છે. તેનાથી બાદર નિગોદ અસંખ્યાતગુણ છે. - x - કેમકે પ્રાયઃ પાણીમાં તે સર્વત્ર હોય છે. તેનાથી બાદર અનંતકાયિક છે. તેનાથી બાદર પૃથ્વીકાયિક અસંખ્યાતગણા છે. કેમકે તે આઠે પૃથ્વી આદિમાં હોય છે. તેનાથી અસંખ્યાતગણા બાદર અપ્કાયિક છે. - x - તેનાથી બાદર વાયુકાયિક અસંખ્યાતગણાં છે ઈત્યાદિ - x -

બીજું અલ્પબહુત્વ છ કાયના અપર્યાપ્તોનું છે - સૌથી થોડાં બાદર ત્રસકાયિક અપર્યાપ્તા૦ ઈત્યાદિ સૂત્રાર્થવત્.

હવે ત્રીજું અલ્પબહુત્વ છ કાયોના પર્યાપ્તોનું — સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તા. કેમકે આવલિકાના સમયોના વર્ગને કંઈક સમય ન્યૂન આવલિકા સમયોથી ગુણવાથી જેટલા સમય થાય તેટલું તેનું પ્રમાણ છે. તેનાથી બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં છે - x - x - તેનાથી બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણાં છે, કેમકે તે અત્યંત સૂક્ષ્મ અવગાહનાવાળા તથા જળાશયોમાં સર્વત્ર હોય છે. તેથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં છે - x - તેનાથી બાદર અપ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા - x - તેનાથી બાદર વાયુકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં છે - x - તેનાથી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગણાં છે કેમકે પ્રત્યેક બાદર નિગોદમાં અનંતજીવો છે તેનાથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે. કેમકે બાદર તેઉ આદિનો તેમાં પ્રક્ષેપ છે.

પ્રત્યેકના પર્યાપ્તા અપર્યાપ્તાનું ચોથું અલ્પબહુત્વ — અહીં એકૈક બાદર પર્યાપ્તાની નિશ્રામાં અસંખ્યાત બાદર અપર્યાપ્ત ઉત્પન્ન થાય છે. તેથી બધે જ પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યાતગણાં કહેવા. બાદર ત્રસકાયિક પૂર્વવત્ કહેવું.

હવે સમુદિત રૂપે પર્યાપ્તા-અપર્યાપ્તા અલ્પબહુત્વ - સૌથી થોડાં બાદર તેજસ્કાયિક પર્યાપ્તા, તેનાથી બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં, તેનાથી બાદર પ્રત્યેક વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં, તેનાથી બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણા, - x - યાવત્ બાદર વાયુકાયિક અસંખ્યાતગણા, તેનાથી બાદર તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા - x - x - બાદર વાયુકાયિક પર્યાપ્તાથી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા જીવો અનંતગણાં છે. કેમકે પ્રત્યેક બાદર નિગોદમાં અનંત જીવો છે - તેનાથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી બાદર

વનસ્પતિકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગણાં છે. - x - તેનાથી સામાન્ય બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી પર્યાપ્તા - અપર્યાપ્તા વિશેષણ રહિત સામાન્ય બાદર વિશેષાધિક છે. - x - તેનાથી પર્યાપ્તા-અપર્યાપ્તા વિશેષણ રહિત સામાન્ય બાદર વિશેષાધિક છે. કેમકે તેમાં બાદર તેઉકાય અપર્યાપ્તાનો પ્રક્ષેપ છે.

હવે સૂક્ષ્મ-બાદર સમુદાયગત પાંચ અલ્પબહુત્વ-અહીં પહેલું બાદરગત અલ્પબહુત્વ તે સૂક્ષ્મગત અલ્પબહુત્વ પંચકમાં જે પહેલું અલ્પબહુત્વ છે, તેની જેમ સૂક્ષ્મનિગોદ ચિંતા સુધી કહેવું. ત્યારપછી બાદર વનસ્પતિકાયિક અનંતગણાં છે. કેમકે પ્રત્યેક બાદર નિગોદમાં અનંત જીવો છે. તેનાથી બાદરો વિશેષાધિક છે - x - તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતગણાં છે. - x - તેનાથી સામાન્ય સૂક્ષ્મ વિશેષાધિક છે.

હવે સૂક્ષ્મ-બાદર અપર્યાપ્તોનું અલ્પ બહુત્વ-સૌથી ઓછાં બાદર ત્રસકાયિક અપર્યાપ્તા, તેનાથી બાદર તેઉકાયિક, બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર પૃથ્વીકાય, બાદર અપ્‌કાય, બાદર વાયુકાય પર્યાપ્તા ક્રમથી અનુક્રમે અસંખ્યાતગણાં છે. અહીં ભાવના-બાદરગત અલ્પબહુત્વ પંચકમાં જેમ બીજું અપર્યાપ્ત વિષયક અલ્પબહુત્વ છે, તેની જેમ ભાવવું. પછી બાદરવાયુકાય અપર્યાપ્તાથી સૂક્ષ્મ તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે - x - તેનાથી સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ-નિગોદ ક્રમશઃ અસંખ્યાતગણાં છે. સૂક્ષ્મ અલ્પ બહુત્વ વત્ અહીં ભાવના કરવી.

સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તાથી બાદર વનસ્પતિકાય જીવો અપર્યાપ્તા અનંતગુણા છે - x - તેનાથી સામાન્યથી બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે - x - તેનાથી સામાન્યથી બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. બાદર નિગોદ અપર્યાપ્તાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગુણત્વથી છે. તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્ત વિશેષાધિક છે. કેમકે તેમાં સૂક્ષ્મ તેઉકાય અપર્યાપ્તાનો પ્રક્ષેપ છે.

હવે ત્રીજું અલ્પબહુત્વ - સૌથી થોડાં પર્યાપ્તા બાદર તેઉકાયિકો છે. તેનાથી બાદર ત્રસ-પ્રત્યેક વનસ્પતિ-નિગોદ-પૃથ્વી-અપ્-વાયુકાયિક પર્યાપ્તા અનુક્રમે અસંખ્યાતગણાં છે. - x - બાદર પર્યાપ્ત વાયુકાયિકથી સૂક્ષ્મ તેઉકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા છે. - x - x - તેનાથી સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુકાયિક પર્યાપ્તા ક્રમથી અનુક્રમે વિશેષાધિક છે. સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તાથી સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણાં છે. કેમકે તેના પ્રતિગોલક અતિપ્રભૂત છે. તેનાથી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્ત જીવો અનંતગણાં છે - x - તેનાથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં છે. - x - તેનાથી સામાન્ય સૂક્ષ્મ પર્યાપ્ત વિશેષાધિક છે. - x -

સૂક્ષ્મ-બાદરાદિના પ્રત્યેક પર્યાપ્તા-અપર્યાપ્તાનું પૃથક્-પૃથક્ અલ્પબહુત્વ - સૌથી થોડાં બાદર પર્યાપ્તા છે કેમકે — તે પરિમિત ક્ષેત્રવર્તી છે. તેનાથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. - x - તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે,



- x - તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગણાં છે, કેમકે ચિરકાલ અવસ્થાયી છે.

સર્વ સંખ્યાથી અહીં સાત સૂત્રો છે — (૧) સામાન્ય સૂક્ષ્મ બાદર પર્યાપ્તા-અપર્યાપ્તા, (૨) સૂક્ષ્મ બાદર પૃથ્વીકાય પર્યાપ્તા-અપર્યાપ્તા, (૩) સૂક્ષ્મ બાદર અપ્‌કાય પર્યાપ્તા અપર્યાપ્તા, (૪) સૂક્ષ્મ-બાદર તેઉકાય પર્યાપ્તા-અપર્યાપ્તા, (૫) સૂક્ષ્મ બાદર વાયુકાય પર્યાપ્તા-અપર્યાપ્તા, (૬) સૂક્ષ્મ-બાદર વનસ્પતિકાય પર્યાપ્તા-અપર્યાપ્તા (૭) સૂક્ષ્મ બાદર નિગોદ પર્યાપ્તા-અપર્યાપ્તા વિષયક.

હવે સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિના પ્રત્યેક પર્યાપ્તા-અપર્યાપ્તાનું પાંચમું અલ્પબહુત્વ - સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તા છે. - x - તેનાથી બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં છે. - x - તેનાથી બાદર ત્રસકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે - x - તેનાથી પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક - નિગોદ - પૃથ્વી - અપ્-વાયુકાયિક પર્યાપ્તા અનુક્રમે અસંખ્યાતગણાં છે - x - x - તેનાથી બાદર તેઉકાયિક અપર્યાપ્તા અસખ્યાતગણાં છે. કેમકે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણત્વ છે. તેનાથી પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક - બાદર નિગોદ - બાદર પૃથ્વી-અપ્-વાયુ કાયિક અપર્યાપ્તા અનુક્રમે અસંખ્યાતગણાં છે.

અપર્યાપ્તા બાદર વાયુકાયિકથી સૂક્ષ્મ તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. તેનાથી સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૦ અપર્યાપ્તા અનુક્રમે વિશેષાધિક છે. તેનાથી સૂક્ષ્મ તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગણાં છે, તેનાથી સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૦ પર્યાપ્તા અનુક્રમે વિશેષાધિક છે. તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. - x - તેનાથી સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણાં છે - x - આ બાદર પર્યાપ્ત તેઉકાયિકાદિથી પર્યાપ્ત નિગોદ સુધીના ૧૬-પદાર્થો - x - અસંખ્યાતના અસંખ્યાતભેદ ભિન્નત્વાદિથી અસંખ્યાત ગુણત્વ અને વિશેષાધિક સંખ્યાત ગુણત્વના સ્વીકારમાં વિરોધ નથી. તે પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદથી બાદર વનસ્પતિકાય અપર્યાપ્તા અનંતગુણા છે - x - તેથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી બાદર વનસ્પતિકાય અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. - x - તેનાથી સામાન્ય બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી સામાન્ય બાદર વિશેષાધિક છે. તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે - x - તેથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગણાં છે. ઈત્યાદિ - x - x - x - તેનાથી સામાન્ય સૂક્ષ્મ વિશેષાધિક છે.

હવે નિગોદની વક્તવ્યતા કહે છે —

**● સૂત્ર-૩૬૩ :-**

***ભગવન્ ! નિગોદ કેટલા ભેદે છે ? ગૌતમ ! નિગોદ બે ભદે કહેલ છે. તે આ — નિગોદ અને નિગોદજીવ.***

***ભગવન્ ! નિગોદ જીવ કેટલા ભેદે કહ્યા છે ? ગૌતમ ! બે ભેદે છે. તે આ — સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ.***

***ભગવન્ ! સૂક્ષ્મ નિગોદ કેટલા ભેદે કહેલ છે ? ગૌતમ ! બે ભેદે છે. તે આ — પર્યાપ્તકા અને અપર્યાપ્તકા. બાદર નિગોદ પણ બે ભેદે કહેલ છે -***

*પર્યાપ્તકા અને અપર્યાપ્તકા.*

*ભગવન્ ! નિગોદજીવો કેટલા ભેદે કહ્યા છે ? બે ભેદે - સૂક્ષ્મ નિગોદજીવ અને બાદર નિગોદજીવ. સૂક્ષ્મ નિગોદજીવ બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. બાદર નિગોદજીવ બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.*

● વિવેચન-૩૬૩ :-

ભદંત ! નિગોદના કેટલા ભેદ છે ? ગૌતમ ! બે ભેદે – નિગોદ અને નિગોદજીવ, બંને નિગોદ શબ્દની વાચ્યતાથી પ્રસિદ્ધ છે. निगोद - જીવનો આશ્રય વિશેષ. निगोदजीव - વિભિન્ન તૈજસ-કાર્મણ જીવો જ. નિગોદ ભેદનો પ્રશ્નોત્તર - બધું સુગમ છે. તેમાં સૂક્ષ્મ નિગોદ સર્વલોકમાં છે, બાદરનિગોદ તે મૂલકંદાદિ છે. - x - x - એ રીતે નિગોદને કહીને હવે નિગોદ જીવનો પ્રશ્ન-નિગોદ જીવો બે ભેદે છે - સૂક્ષ્મ અને બાદર. च શબ્દ નિગોદ જીવપણાંની તુલ્યતા સૂચવે છે.

હવે નિગોદ સંખ્યા પૂછે છે –

● સૂત્ર-૩૬૪ :-

*ભગવન્ ! નિગોદો, દ્રવ્યાર્થતાથી શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત ? ગૌતમ ! સંખ્યાત કે અનંત નથી, પણ અસંખ્યાત નથી. એ રીતે પર્યાપ્તા, અપર્યાપ્તા પણ કહેવા.*

*ભગવન્ ! સૂક્ષ્મ નિગોદો દ્રવ્યાર્થતાથી સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંતા ? ગૌતમ ! અસંખ્યાત છે, સંખ્યાત કે અનંત નથી. એ રીતે પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા. એ રીતે બાદરો, પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા કે તે સંખ્યાત કે અનંત નથી પણ અસંખ્યાત છે.*

*ભગવન્ ! નિગોદજીવો દ્રવ્યાર્થતાથી શું સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંતા ? ગૌતમ ! અસંખ્યાત છે, સંખ્યાત કે અનંત નથી. એ રીતે પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા. એ રીતે બાદરો, પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા કે તે સંખ્યાત કે અનંત નથી પણ અસંખ્યાત છે.*

*ભગવન્ ! નિગોદજીવો દ્રવ્યાર્થતાથી શું સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંતા ? ગૌતમ ! સંખ્યાતા કે અસંખ્યાતા નથી પણ અનંતા છે. એ રીતે પર્યાપ્તા, અપર્યાપ્તા પણ જાણવા. એ પ્રમાણે સૂક્ષ્મ નિગોદજીવો, પર્યાપ્તા, અપર્યાપ્તા પણ જાણવા. બાદર નિગોદ જીવો, પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા.*

*ભગવન્ ! નિગોદો પ્રદેશાર્થતાથી શું સંખ્યાતા૰ છે ? ગૌતમ ! સંખ્યાતા કે અસંખ્યાતા નથી, અનંતા છે. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા. એ પ્રમાણે સૂક્ષ્મનિગોદો, પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા, પ્રદેશાર્થતાથી બધાં અનંત છે. આ પ્રમાણે બાદર નિગોદ, પર્યાપ્તા, અપર્યાપ્તા પણ જાણવા. પ્રદેશાર્થતાથી બધાં અનંતા છે. એ પ્રમાણે નવ પ્રકારના નિગોદજીવો પણ બધાં પ્રદેશાર્થતાથી અનંતા છે.*

*ભગવન્ ! આ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત નિગોદોમાં દ્રવ્યાર્થતાથી,*



*પ્રદેશાર્થતાથી, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી કોણ કોનાથી અલ્પ કે બહુ કે તુલ્ય કે વિશેષાધિક છે ?*

*ગૌતમ ! સૌથી થોડાં બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણાથી છે, બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે. એ પ્રમાણે પ્રદેશાર્થતાથી પણ જાણવું.*

*દ્રવ્યાર્થ પ્રદેશાર્થતાથી - સૌથી થોડાં બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે. દ્રવ્યાર્થપણે સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તાથી પ્રદેશાર્થપણે બાદર નિગોદ પર્યાપ્તા અનંતગણાં છે. બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાતા૰ યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે સંખ્યાતગણા છે. એ પ્રમાણે નિગોદ જીવો પણ જાણવા. વિશેષ એ સંક્રમક યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત જીવો દ્રવ્યાર્થપણે છે તેનાથી પ્રદેશાર્થતાથી બાદરનિગોદ પર્યાપ્તા જીવો અસંખ્યાતગણાં છે, બાકી પૂર્વવત્ યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો પ્રદેશાર્થપણે સંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! આ સૂક્ષ્મ-બાદર પર્યાપ્તા-અપર્યાપ્તા નિગોદોમાં અને સૂક્ષ્મ-બાદર પર્યાપ્ત-અપર્યાપ્ત નિગોદ જીવોમાં દ્રવ્યાર્થપણે-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પાદિ૰ છે ?*

*સૌથી થોડાં બાદર નિગોદ પર્યાપ્ત દ્રવ્યાર્થપણે, બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં, સૂક્ષ્મનિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતા, સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા, સૂક્ષ્મનિગોદ દ્રવ્યાર્થપણે છે તેનાથી બાદર નિગોદ પર્યાપ્તા જીવો દ્રવ્યાર્થપણે અનંતગણા છે. બાદર નિગોદ અપર્યાપ્ત જીવો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા જીવો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા છે. સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે.*

*પ્રદેશાર્થપણે સૌથી થોડાં બાદર નિગોદ અપર્યાપ્તા જીવો છે. પ્રદેશાર્થપણે બાદર નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતા છે, સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા જીવો પ્રદેશાર્થ પણે અસંખ્યાતગણાં છે, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો પ્રદેશાર્થપણે સંખ્યાતગણાં છે. સૂક્ષ્મ નિગોદ જીવો પ્રદેશાર્થપણે છે, તેનાથી બાદર નિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે અનંતગણાં છે. બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાતગણાં છે યાવત્ સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે સંખ્યાતગણાં છે.*

*દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે સૌથી થોડાં બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે છે. બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે યાવત્-સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે. દ્રવ્યાર્થપણે સૂક્ષ્મ નિગોદથી દ્રવ્યાર્થપણે બાદર નિગોદ પર્યાપ્તજીવો અનંતગણાં છે. બાકી પૂર્વવત્ યાવત્ દ્રવ્યાર્થપણે સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો સંખ્યાતગણાં છે. દ્રવ્યાર્થપણે સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા*

***જીવો કરતા પ્રદેશાર્થતાથી બાદર નિગોદ પર્યાપ્તા જીવો અસંખ્યાતગણા છે. બાકી પૂર્વવત્ યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો પ્રદેશાર્થપણે સંખ્યાતગણાં છે.***

● **વિવેચન-૩૬૪ :-**

નિગોદ - જીવાશ્રય વિશેષ. દ્રવ્યાર્થતયા - દ્રવ્યરૂપપણે. - x - સંખ્યાત નથી. કેમકે અંગુલના અસંખ્યાતભાગ અવગાહનામાં તેમની સર્વલોકમાં આપન્નત્વ છે. પણ અસંખ્યાત છે - કેમકે તેઓ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણત્વથી છે. અનંત પણ નથી. આ રીતે અપર્યાપ્તા અને પર્યાપ્તાનું સામાન્ય નિગોદ સૂત્ર કહેવું. સામાન્ય નિગોદ સૂત્ર માફક જ સૂક્ષ્મ અને બાદર નિગોદના ત્રણ સૂત્રો કહેવા.

હવે દ્રવ્યાર્થપણે નિગોદજીવ સંખ્યાનો પ્રશ્ન. આ જીવો દ્રવ્યાર્થપણે અનંતા છે. કેમકે પ્રત્યેક નિગોદોમાં અનંત નિગોદદ્રવ્ય જીવો હોય છે. એ રીતે અપર્યાપ્ત અને પર્યાપ્તના સૂત્રો કહેવા. સામાન્ય નિગોદ દ્રવ્ય વિષય સૂત્ર માફક સૂક્ષ્મ અને બાદર નિગોદ જીવ વિષયક ત્રણ-ત્રણ સૂત્રો કહેવા. સર્વ સંખ્યાથી નવ સૂત્રો વૈવિધ્ય અભાવથી છે. તેઓ દ્રવ્યાર્થપણે અનંતા છે, પ્રદેશાર્થપણે સારી રીતે અનંતા છે. કેમકે પ્રત્યેક દ્રવ્યમાં અસંખ્યાત પ્રદેશો છે. સર્વ સંખ્યાથી આ અઢાર સૂત્રો છે.

દ્રવ્યાર્થ વિષયક નવ સૂત્રો કહી પ્રદેશાર્થ વિષયક નવ સૂત્રો કહે છે. પહેલા સામાન્યથી નિગોદ વિષય ત્રણ સૂત્ર કહ્યા. તેમાં પ્રદેશાર્થપણે નિગોદો અનંતા છે. આ રીતે બધાં કહેવા.

હવે સૂક્ષ્મ-બાદર-પર્યાપ્ત-અપર્યાપ્ત નિગોદોનું દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-ઉભયાર્થપણે પરસ્પર અલ્પ બહુત્વ કહે છે. દ્રવ્યાર્થપણે સૌથી થોડાં મૂલકંદાદિગત પર્યાપ્ત બાદર નિગોદો છે. કેમકે તે પ્રતિ નિયત ક્ષેત્રવર્તી છે. તેનાથી બાદરનિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. કેમકે એકૈક પર્યાપ્ત બાદર નિગોદની નિશ્રાએ અસંખ્યાત અપર્યાપ્તા બાદર નિગોદનો ઉત્પાદ છે. તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગણાં છે. સર્વલોક વ્યાપીત્વથી ક્ષેત્રના અસંખ્યાતગણાં છે. તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે. કેમકે સૂક્ષ્મોમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગણાં છે.

પ્રદેશાર્થપણે સૌથી થોડાં બાદરનિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે છે. કેમકે દ્રવ્યોનું થોડાંપણું છે. તેનાથી બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાતગણાં છે, કેમકે દ્રવ્યોનું અસંખ્યાતગુણત્વ છે. તેનાથી સૂક્ષ્મનિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાતગણાં છે. તેનાથી સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે સંખ્યાતગણાં છે. કેમકે દ્રવ્યો સંખ્યાત છે.

હવે દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી અલ્પબહુત્વ-સૌથી થોડાં બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે, બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે. તેનાથી બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે સંખ્યાતગણાં છે. - x - તેનાથી સૂક્ષ્મનિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાતગણાં છે. તેનાથી



સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાતગણાં છે. કેમકે દ્રવ્યોનું સંખ્યેયગુણત્વ છે.

હવે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત નિગોદ જીવોનું દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-ઉભયાર્થ પરસ્પર અલ્પબહુત્વ કહે છે – સૌથી થોડાં બાદર પર્યાપ્ત જીવો દ્રવ્યાર્થપણે છે. તેનાથી બાદર નિગોદ અપર્યાપ્ત જીવો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તાજીવો દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં, તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તાજીવો દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે. પ્રદેશાર્થપણે સૌથી થોડાં બાદર નિગોદ પર્યાપ્તા જીવો ઈત્યાદિ બધું સૂત્રાર્થ મુજબ જાણવું, પુનરુક્તિ કરી નથી. - x - x - x -

હવે સૂક્ષ્મ-બાદર પર્યાપ્ત-અપર્યાપ્ત નિગોદ અને નિગોદ જીવોનું દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-ઉભયાર્થપણે અલ્પબહુત્વ-દ્રવ્યાર્થપણે સૌથી થોડાં બાદર નિગોદ પર્યાપ્તા, તેનાથી બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. તેનાથી સૂક્ષ્મનિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે, તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે. સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તાથી દ્રવ્યાર્થપણે બાદર નિગોદ પર્યાપ્તા અનંતગણાં છે.

[વૃત્તિ મહદ્અંશે સૂત્રાર્થ જેવી છે, તેનો કિંચિત્ સાર કહીએ છીએ–]

બાદર નિગોદ પર્યાપ્તાથી બાદર નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, તેથી સૂક્ષ્મ નિગોદ જીવો અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે, તેથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે. આ રીતે પ્રદેશાર્થપણે પણ આ રીતે અલ્પબહુત્વ સૂત્રાર્થવત્ જાણવું. - x - x - x - x - એ જ રીતે દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે સૌથી થોડાં બાદરનિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે છે. ઈત્યાદિ - x - x - x - x - x - x - બધું સૂત્રાર્થ મુજબ જાણવું. - x - x -

ઉપસંહારમાં કહે છે – આ ષડ્વિધ સંસારી જીવો કહ્યા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૫-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પ્રતિપત્તિ-૬-"સપ્તવિધા" ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૩૬૫ :-

*તેમાં જે એમ કહે છે કે સંસાર સમાપન્નક જીવ સાત ભેદે છે, તેઓ એમ કહે છે કે — નૈરયિક, તિર્યંચ, તિર્યંચયોનિની, મનુષ્ય, માનુષી, દેવ, દેવી.*

*નૈરયિકોની સ્થિતિ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ છે, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ છે. તિર્યંચયોનિકની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, એ પ્રમાણે તિર્યંચયોનિણીની, મનુષ્યોની, માનુષીની પણ છે. દેવોની સ્થિતિ નૈરયિક પ્રમાણે છે. દેવીની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ છે.*

*નૈરયિકો, દેવ અને દેવીની જે સ્થિતિ છે, તે જ સંચિટ્ઠણા છે. તિર્યંચયોનિણીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ પૂર્વ કોડી પૃથકત્વ અભ્યધિક છે. એ પ્રમાણે મનુષ્ય અને માનુષીની જાણવી.*

*નૈરયિકોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે. એ પ્રમાણે તિર્યંચને છોડીને બધાંનું અંતર જાણવું. તિર્યંચયોનિકોની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાધિક સાગરોપમશત પૃથકત્વ છે.*

*અલ્પબહુત્વ - સૌથી ઓછી માનુષીઓ, મનુષ્ય અસંખ્યાતગુણ, નૈરયિક અસંખ્યાતગણા, તિર્યંચયોનિણી, અસંખ્યાતગણી, દેવો અસંખ્યાતગણા, દેવી સંખ્યાતગણી, તિર્યંચયોનિકો અનંતગુણ છે. આ સપ્તવિધા સંસારી જીવ કહ્યા.*

● વિવેચન-૩૬૫ :-

તેમાં જેઓ સંસારી જીવને સાત ભેદે કહે છે, તે આ પ્રમાણે - નૈરયિક આદિ. તેમાં આ સાતેની ક્રમથી સ્થિતિ કહી. એ રીતે તિર્યંચયોનિક આદિની સ્થિતિ જાણવી. દેવીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ઈશાન દેવીની અપરિગૃહીતાને આશ્રીને કહી છે. હવે કાય સ્થિતિ કહે છે — નૈરયિક, દેવ, દેવીની ભવ સ્થિતિ એ જ કાયસ્થિતિ છે. કેમકે તેમનો પુનઃ સ્વ ગતિમાં ઉત્પાદ ન થાય. તિર્યંચોમાં જઘન્ય અંતર્મુહૂર્ત્ત, પછી બીજે ઉત્પાદ થવાથી. ઉત્કૃષ્ટ અનંતકાળ - કાળથી અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી, ક્ષેત્રથી અસંખ્યાત લોક. તિર્યંચ યોનિકીમાં ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અને સાધિક પૂર્વકોટી. તેમાં સાત ભવ પૂર્વકોટી આયુના, આઠમો દેવકુરુમાં થાય. - x -

અંતર - નૈરયિકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત. નરકથી નીકળી ગર્ભમાં જઈ અશુભ અધ્યવસાયથી મરી ફરી ત્યાં જન્મે. ઉત્કૃષ્ટ અનંતકાળ, તે વનસ્પતિકાળ. નરકથી નીકળીને અનંતકાળ વનસ્પતિમાં રહે. તિર્યંચની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત૦ ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમશત પૃથક્ત્વ. તિર્યંચયોનિકી આદિમાં ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ જાણવું.

હવે અલ્પબહુત્વ - સૌથી ઓછી માનુષી. કેટલીક કોટીકોટી પ્રમાણ, તેનાથી મનુષ્યો અસંખ્યાતગણા, કેમકે સંમૂર્છિમ મનુષ્યોની શ્રેણી અસંખ્યાત પ્રદેશ રાશિ પ્રમાણ છે. ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું. તેમાં વનસ્પતિજીવોનું અનંતાનંતત્વ જાણવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૬-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## ❀ પ્રતિપત્તિ-૭-"અષ્ટવિધા" ❀

-- x -- x -- x -- x --

૦ હવે ક્રમ પ્રાપ્ત આઠમી પ્રતિપત્તિ કહે છે —

● સૂત્ર-૩૬૬ :-

*તેમાં જેઓ એમ કહે છે કે સંસારસમાપન્નક જીવો આઠ ભેદે છે, તેઓ આ પ્રમાણે કહે છે — પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચયોનિક, અપ્રથમ સમય તિર્યંચયોનિક, પ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય દેવ, અપ્રથમ સમય દેવ [આ આઠ ભેદ છે.]*

*ભગવન્! પ્રથમ સમય નૈરયિકની કેટલી કાળ સ્થિતિ કહી છે? ગૌતમ! પ્રથમ સમય નૈરયિકની જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ સમય નૈરયિકની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષમાં એક સમય ન્યૂન. ઉત્કૃષ્ટ સમય ન્યૂન ૩૩-સાગરોપમ.*

*પ્રથમ સમય તિર્યંચયોનિકની જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ સમય તિર્યંચયોનિકની જઘન્ય એક સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ સમય ન્યૂન ત્રણ પલ્યોપમ. એ પ્રમાણે મનુષ્યની સ્થિતિ તિર્યંચયોનિક માફક અને દેવોની સ્થિતિ નૈરયિક સમાન જાણવી. - - - નૈરયિક અને દેવોની જે સ્થિતિ છે, તે જ તેની સંચિટ્ઠણા છે.*

*ભગવન્ ! પ્રથમ સમય તિર્યંચયોનિક, તે જ રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ તિર્યંચયોનિકની જઘન્ય સ્થિતિ એક સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ. ઉત્કૃષ્ટ સ્થિતિ વનસ્પતિકાળ.*

*પ્રથમ સમય મનુષ્યની જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમમનુષ્યની જઘન્ય એક સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ છે.*

*અંતર-પ્રથમ સમય નૈરયિકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમય૦ની જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.*

*પ્રથમ સમય તિર્યંચયોનિકનું જઘન્ય સમયન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમય તિર્યંચયોનિકનું જઘન્યથી સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથકત્વ.*

*પ્રથમ સમય મનુષ્યનું અંતર જઘન્યથી સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમય મનુષ્યનું જઘન્ય એક સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ.*

*દેવોનું અંતર નૈરયિક સમાન કહેવું. જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમસયમ૦ દેવોનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત૦ ઉત્કૃષ્ટ૦ વનસ્પતિકાળ.*

***અલ્પબહુત્વ - ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક યાવત્ પ્રથમસયમ દેવમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પ્રથમ સમય મનુષ્ય છે, પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગુણ, પ્રથમસમય દેવ અસંખ્યાતગણા, પ્રથમ સમય તિર્યંચયોનિક તેનાથી પણ અસંખ્યાતગણાં છે.***

***અપ્રથમસમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવ પણ એ પ્રમાણે જાણવા. વિશેષ એ - અપ્રથમસમય તિર્યંચયોનિક અનંતગણા કહેવા.***

***આ પ્રથમ સમય અને અપ્રથમ સમય નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડાં પ્રથમ સમય નૈરયિક છે, અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણાં છે. એ રીતે બધાં કહેવા.***

***પ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવોમાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ? સૌથી થોડાં પ્રથમ સમય મનુષ્યો, અપ્રથમ સમય મનુષ્યો અસંખ્યાતગણાં, પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા, પ્રથમસમય દેવો અસંખ્યાતગણાં, પ્રથમ સમય તિર્યંચયોનિક અસંખ્યાતગણાં, અપ્રથમસમય નૈરયિકઅસંખ્યાતગણા, અપ્રથમસમય દેવો અસંખ્યાતગણાં, અપ્રથમ સમય તિર્યંચયોનિક અનંતગણા છે. આ આઠ ભેદે સંસારી જીવો કહ્યા.***

**● વિવેચન-૩૬૬ :-**

જેઓ સંસાર સમાપન્ન જીવોને આઠ ભેદે કહે છે, તેઓ એમ કહે છે — પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચયોનિક યાવત્ અપ્રથમ સમય દેવ.

તેમાં પ્રથમ સમય નારક એટલે નારકાયુને પ્રથમ સમય સંવેદનાર, અપ્રથમ સમય નારક એટલે નારકાયુમાં બીજા આદિ સમયે વર્તનાર. એ રીતે તિર્યંચયોનિકાદિ કહેવા.

હવે આ આઠની ક્રમથી સ્થિતિ કહે છે — એક સમય કેમકે બીજા આદિ સમયમાં પ્રથમ સમયત્વ વિશેષણનો અયોગ છે. અપ્રથમ સમયવાળાને સમયન્યૂન ૧૦,૦૦૦ વર્ષ જઘન્યથી. કેમકે એક સમય વીત્યા પછી જ અપ્રથમ સમય વિશેષણ છે.

તિર્યંચયોનિકાદિમાં પ્રથમ સમયવાળા બધાંને એક સમય છે. અપ્રથમસમય તિર્યંચયોનિકોમાં જઘન્યથી સમયોન ક્ષુલ્લકભવ ગ્રહણ. ઉત્કૃષ્ટથી સમય ન્યૂન ત્રણ પલ્યોપમ. આ પ્રમાણે અપ્રથમ સમય મનુષ્યોને પણ જાણવા. અપ્રથમ સમય દેવોને જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ બંનેમાં એક સમય ન્યૂન કહેવો.

હવે કાયસ્થિતિ કહે છે — એક સમય, કેમકે ત્યારપછી પ્રથમ સમયત્વ વિશેષણનો યોગ નથી. અપ્રથમ સમય સૂત્રમાં જે સ્થિતિ પરિમાણ છે, તે જ કાય સ્થિતિ પરિમાણ છે. કેમકે દેવ અને નૈરયિક ફરી ફરી તે જ ભાવથી તેમાં નિરંતર ઉત્પાદ ન પામે. પ્રથમ સમય તિર્યંચયોનિક સૂત્ર પ્રથમ સમય નૈરયિક સૂત્રવત્ છે. અપ્રથમ તિર્યંચયોનિક સૂત્રમાં જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ છે. આ પ્રથમ સમય ન્યૂનતા પ્રથમ સમય હીનત્વથી કહી છે. ઉત્કૃષ્ટથી અનંતકાળ-વનસ્પતિકાળરૂપ.



પ્રથમ સમય મનુષ્ય સૂત્ર પૂર્વવત્. અપ્રથમ સમય મનુષ્ય સૂત્રમાં જઘન્યથી સમયન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ. ત્યારપછી મરીને બીજે ઉત્પન્ન થાય. ઉત્કૃષ્ટ સ્થિતિમાં સાત ભવમાં પૂર્વકોટી આયુષ્ક વાળો થઈને આઠમે ભવે દેવકુરુ આદિમાં ઉપજે.

હવે આ આઠેના અંતરને ક્રમથી વિચારે છે — પ્રથમ સમય નૈરયિકનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ છે. તે ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિક નૈરયિકના નરકથી ઉદ્વર્તન પછી અંતર્મુહૂર્ત્ત રહીને ફરી નૈરયિકપણે ઉત્પન્ન થતાં જાણવા. ઉત્કૃષ્ટથી અનંતકાળ, આ અનંતકાળ તે વનસ્પતિકાળ જાણવો. નરકથી નીકળીને પરંપરાએ વનસ્પતિમાં જઈને અનંતકાળ અવસ્થાનથી થાય.

અપ્રથમ નૈરયિક સૂત્રમાં જઘન્ય અંતર સમયાધિક અંતર્મુહૂર્ત. તે નરકથી નીકળીને તિર્યંચગર્ભમાં કે મનુષ્યગર્ભમાં અંતર્મુહૂર્ત્ત રહીને ફરી નરકમાં ઉત્પન્ન થાય. ક્યાંક સમયાધિકને બદલે અંતર્મુહૂર્ત્ત દેખાય છે. તેમાં પ્રથમ સમય અંતર્મુહૂર્ત્તમાં જ અંતર્ભાવિત છે, તેથી પૃથક્ કહેલ છે. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

પ્રથમ સમય તિર્યંચયોનિક સૂત્રમાં જઘન્ય અંતર સમયોન બે ક્ષુલ્લકભવ ગ્રહણ છે. તે ક્ષુલ્લક-મનુષ્ય ભવ ગ્રહણ વ્યવધાનથી છે. ફરી તિર્યંચમાં જ ઉત્પન્ન થનાર જાણવા.

અપ્રથમ સમય તિર્યંચયોનિક સૂત્રમાં જઘન્યથી અંતર સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ. તે તિર્યંચયોનિક ક્ષુલ્લકભવ ગ્રહણના છેલ્લા સમયના અધિકૃત્ અપ્રથમ સમયત્વથી ત્યાં મરીને મનુષ્ય ક્ષુલ્લકભવ ગ્રહણના વ્યવધાનથી તિર્યંચપણે ઉત્પન્ન થનારને પ્રથમ સમયનો અતિક્રમ જાણવો. અપ્રથમ સમયનું અંતર આટલું જ છે. ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ શત પૃથકત્વ કેમકે દેવાદિ ભવોનો આટલો કાળ છે. મનુષ્યને નૈરયિકવત્ જાણવા૦ - x -

હવે ચારેનું પ્રથમ સમયોનું અલ્પબહુત્વ - સૌથી થોડાં પ્રથમ સમય મનુષ્યો, કેમકે શ્રેણીનો અસંખ્યેય ભાગ છે. તેનાથી પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણાં છે. કેમકે એક સાથે ઘણાંનો ઉત્પાદ અસંભવ છે. તેનાથી પ્રથમ સમય દેવો અસંખ્યાતગણાં છે. કેમકે વ્યંતર અને જ્યોતિષ્કોનો એક સમયે અતિપ્રભુતતરનો ઉત્પાદ અસંભવ છે. તેનાથી પ્રથમ સમય તિર્યંચ અસંખ્યાતગણાં છે. અહીં જે નારકાદિ ત્રણ ગતિથી આવીને તિર્યંચપણાના પ્રથમ સમયમાં જે વર્તે છે, તે પ્રથમ સમય તિર્યંચ, બીજા નહીં. જો કે પ્રતિ નિગોદમાં અસંખ્યાત ભાગ સદા વિગ્રહગતિ પ્રથમ સમયવર્તી હોય છે, તો પણ નિગોદો તિર્યંચ હોવા છતાં તેને પ્રથમ સમય તિર્યંચ ગણેલ નથી.

ત્યારપછી ચારેમાં અપ્રથમ સમયવર્તીનું અલ્પબહુત્વ કહેલ છે. *[વૃત્તિ સુગમ છે, સૂત્રાર્થમાં ઘણું કહેલ છે માટે છોડી દીધી છે.]* હવે આ નૈરયિકાદિના પ્રત્યેકના પ્રથમ સમય - અપ્રથમ સમયના અલ્પબહુત્વને કહે છે — સૌથી થોડાં પ્રથમ સમય નૈરયિક છે. તેનાથી અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણાં છે. - x - આ રીતે તિર્યંચ યોનિક, મનુષ્ય, દેવ સૂત્રો પણ કહેવા. વિશેષ એ તિર્યંચ યોનિક સૂત્રમાં અપ્રથમ સમય તિર્યંચયોનિક અનંતગણાં કહેવા. કેમકે વનસ્પતિ જીવોનું અનંતપણું છે.

ત્યારપછી નૈરયિકાદિના પ્રથમ-અપ્રથમ સમયોનું સમુદાયથી પરસ્પર અલ્પબહુત્વ કહેલ છે. જેમકે – સૌથી થોડાં પ્રથમ સમય મનુષ્યો છે. કેમકે એક સમયે સંખ્યાતીતમાં પણ થોડાં જ ઉત્પન્ન થાય છે. તેનાથી અપ્રથમ સમય મનુષ્યો અસંખ્યાતગણાં છે. - x - તેનાથી પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણાં છે. ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ અને પૂર્વ યુક્તિવત્ જાણવું. - x - x - x - x - x - આ સાતમી પ્રતિપત્તિ કહી.

મુનિ દીપરત્નસાગરે કરેલ
પ્રતિપત્તિ-૭-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ



## ❀ પ્રતિપત્તિ-૮-"નવવિધા" ❀

— x — x — x — x —

૦ હવે ક્રમથી આવેલ નવવિધા પ્રતિપત્તિ કહે છે –

● સૂત્ર-૩૬૭ :-

*તેમાં જેઓ આ પ્રમાણે કહે છે કે સંસાર સમાપન્નક જીવો નવ ભેદે છે, તે આ પ્રમાણે કહે છે – પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય. બધાંની સ્થિતિ કહેવી જોઈએ.*

*પૃથ્વીકાયિકોની સંચિટ્ઠણા પૃથ્વીકાળ છે યાવત્ આ રીતે વાયુકાયિકો સુધી કહેવું. વનસ્પતિકાયની સંચિટ્ઠણા અનંત-વનસ્પતિકાળ કહેવી. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળાની સંખ્યાતકાળ છે. પંચેન્દ્રિયોની સાતિરેક હજાર સાગરોપમ છે. બધાંનું અંતર અનંતકાળ છે, વનસ્પતિકાયિકનું અસંખ્યાતકાળ છે.*

*અલ્પબહુત્વ - સૌથી થોડાં પંચેન્દ્રિયો છે, ચઉરિન્દ્રિય વિશેષાધિક છે. તેઈન્દ્રિય વિશેષાધિક, બેઈન્દ્રિય વિશેષાધિક, તેઉકાયિક અસંખ્યાતા, પૃથ્વી-અપ્-વાયુકાયિક વિશેષાધિક છે. તેથી વનસ્પતિકાયિક અનંતગણાં છે. આ નવવિધ જીવો કહ્યા.*

● વિવેચન-૩૬૭ :-

જેઓ નવ પ્રકારના સંસારી જીવો કહે છે, તેઓ પૃથ્વી૰થી વનસ્પતિકાયિક અને બે થી પાંચ ઈન્દ્રિયોવાળા એમ નવ કહે છે. હવે સ્થિતિ નિરૂપણ કરે છે – બધે જ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પૃથ્વીકાયિકની ૨૨,૦૦૦ વર્ષ, અપ્કાયિકની ૭૦૦૦ વર્ષ, તેઉકાયિકની ત્રણ રાત્રિદિવસ, વાયુકાયિકની ૩૦૦૦ વર્ષ, વનસ્પતિકાયિકની ૧૦,૦૦૦ વર્ષ, બેઈન્દ્રિયની ૧૨-વર્ષ, તેઈન્દ્રિયની ૪૯-રાત્રિ દિવસ, ચઉરિન્દ્રિયની છ માસ, પંચેન્દ્રિયની ૩૩-સાગરોપમ.

હવે કાયસ્થિતિ પ્રતિપાદના - બધે જઘન્યથી અંતરમુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૃથ્વીકાયની અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી અને ક્ષેત્રથી અસંખ્યલોક. એ રીતે વાયુકાય સુધી જાણવું. વનસ્પતિકાયિકની અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્ર થકી અનંતલોક૰ ઈત્યાદિ પૂર્વવત્ - x - x -

હવે અંતર પ્રતિપાદના - પૃથ્વીકાયિકનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત છે. અન્યત્ર અંતર્મુહૂર્ત્ત રહીને ફરી પૃથ્વીકાયિકપણે ક્યાંક ઉત્પન્ન થાય છે. ઉત્કૃષ્ટથી અનંતકાળ૰ છે. - x - x - એ પ્રમાણે અપ્-તેઉ-વાયુકાય, બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયોની પણ કહેવી. વનસ્પતિકાયિકની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાત-કાળ-અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી, ક્ષેત્રથી અસંખ્યાત લોક. બાકીના કાયમાં આટલો કાળ રહેવું અસંભવ છે.

હવે અલ્પબહુત્વ-સૌથી થોડાં પંચેન્દ્રિય - x - તેનાથી ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે. - x - તેનાથી તેઈન્દ્રિયો વિશેષાધિક છે. - x - તેનાથી બેઈન્દ્રિયો વિશેષાધિક

છે. - x - તેનાથી તેઉકાયિક અસંખ્યાતગણાં છે કેમકે અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ છે. તેનાથી પૃથ્વીકાયિક વિશેષાધિક છે. - x - તેનાથી અપ્કાયિક વિશેષાધિક છે. - x - તેનાથી વાયુકાયિક વિશેષાધિક છે. તેનાતી વનસ્પતિકાયિક અનંતગણાં છે. કેમકે તે અનંત લોકાકાશ પ્રદેશપ્રમાણ છે. ઉપસંહાર સુગમ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૮-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



# પ્રતિપત્તિ-૯-“દશવિધા”

— x — x — x — x —

૦ હવે ક્રમ પ્રાપ્ત દશવિધા પ્રતિપત્તિને જણાવે છે –

● **સૂત્ર-૩૬૮ :-**

*તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે સંસાર સમાપન્નક જીવો દશ ભેદે છે - તે આ - પ્રથમ સમય એકેન્દ્રિય, અપ્રથમ સમય એકેન્દ્રિય, પ્રથમ સમય બેઈન્દ્રિય, અપ્રથમ સમય બેઈન્દ્રિય, યાવત્ પ્રથમ સમય પંચેન્દ્રિય, અપ્રથમ સમય પંચેન્દ્રિય.*

*ભગવન્ ! પ્રથમ સમય એકેન્દ્રિયની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ સમય એકેન્દ્રિયની જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ. એ પ્રમાણે બધાં પ્રથમ સમયિકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમય છે. અપ્રથમ સમયવાળાની સ્થિતિ જઘન્ય એક સમય ન્યૂન ક્ષુલ્લક ભવ અને ઉત્કૃષ્ટથી જેની જે સ્થિતિ છે, તેમાંથી એક સમય ન્યૂન યાવત્ પંચેન્દ્રિયોની સમય ન્યૂન ૩૩-સાગરોપમ છે.*

*સંચિટ્ઠણા પ્રથમ સમયિકની જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ સમયિકની જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ એકેન્દ્રિયની વનસ્પતિકાળ. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળાની સંખ્યાતકાળ, પંચેન્દ્રિયોની સાતિરેક હજાર સાગરોપમ છે.*

*પ્રથમ સમય એકેન્દ્રિયનું અંતર કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. અપ્રથમ સમય એકેન્દ્રિયનું અંતર જઘન્યથી સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક ૨૦૦૦ સાગરોપમ. બાકીના બધાં પ્રથમ સમયિકનું અંતર જઘન્ય બે ક્ષુલ્લક ભવગ્રહણમાં સમય ન્યૂન અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમયિક બાકીનાનું જઘન્યથી સમયાધિક ? ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.*

*બધાં પ્રથમ સમયિકોમાં સૌથી થોડાં પ્રથમ સમય પંચેન્દ્રિય છે. પ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક છે. પ્રથમ સમય તેઈન્દ્રિય તેથી વિશેષાધિક. પ્રથમ સમય બેઈન્દ્રિય વિશેષાધિક, પ્રથમ સમય એકેન્દ્રિય તેથી વિશેષાધિક છે. એ પ્રમાણે અપ્રથમ સમયિક પણ જાણવા. માત્ર અપ્રથમ સમય એકેન્દ્રિય અનંતગણા છે.*

*બંનેનું અલ્પબહુત્વ - સૌથી થોડાં પ્રથમ સમય એકેન્દ્રિયો, અપ્રથમ સમય એકેન્દ્રિય અનંતગણા. બાકીનામાં સૌથી થોડાં પ્રથમ સમયિકા, અપ્રથમ સમયવાળા અસંખ્યાતગણાં.*

*ભગવન્ ! આ પ્રથમ સમય એકેન્દ્રિય, અપ્રથમ સમય એકેન્દ્રિય યાવત્ અપ્રથમસમય પંચેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? સૌથી થોડાં પ્રથમ*

***સમય પંચેન્દ્રિય, પ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક, પ્રથમ સમય તેઈન્દ્રિય વિશેષાધિક, એ પ્રમાણે નીચે-નીચે જતાં યાવત્ પ્રથમ સમય એકેન્દ્રિય વિશેષાધિક છે. અપ્રથમ સમય પંચેન્દ્રિય અસંખ્યાતગણાં, અપ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક યાવત્ અપ્રથમ સમય એકેન્દ્રિય અનંતગણાં છે. તે આ સંસારી જીવ કહ્યા. તે સંસારી જીવાભિગમ કહ્યું.***

**● વિવેચન-૩૬૮ :-**

તેમાં જેઓ સંસારી જીવો છે, તેઓ પ્રથમ સમય એકેન્દ્રિય યાવત્ અપ્રથમ સમય પંચેન્દ્રિય સુધી દશ ભેદ કહ્યા. હવે આ દશેની ક્રમથી સ્થિતિ કહે છે – પ્રથમ સમય એકેન્દ્રિયની કાળ સ્થિતિ એક સમય છે. કેમકે બીજા આદિ સમયમાં પ્રથમ સમયત્વ વિશેષણનો યોગ રહેતો નથી. આ પ્રમાણે પ્રથમ સમય બેઈન્દ્રિયાદિના સૂત્રોમાં પણ કહેવું.

અપ્રથમ સમય એકેન્દ્રિય સૂત્રોમાં જઘન્યથી ક્ષુલ્લક ભવ ગ્રહણ – ૨૫૬ આવલિકામાં એક સમય ન્યૂન પ્રમાણ છે. ઉત્કૃષ્ટથી સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ છે. કેમકે પ્રથમ સમય ન્યૂન છે. અપ્રથમ સમય બેઈન્દ્રિય સૂત્રમાં ઉત્કૃષ્ટતી બાર વર્ષ-એક સમય ન્યૂન. અપ્રથમ સમય તેઈન્દ્રિયમાં સમયન્યૂન ૪૯-અહોરાત્ર. અપ્રથમ સમય ચઉરિન્દ્રિયમાં સમય ન્યૂન છ માસ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. અપ્રથમ પંચેન્દ્રિય સૂત્રમાં સમય ન્યૂન ૩૩-સાગરોપમ.

હવે કાયસ્થિતિ કહે છે – પ્રથમ સમય એકેન્દ્રિય, પ્રથમ સમય એકેન્દ્રિયરૂપે કાળથી એક સમય રહે છે. આ પ્રમાણે પ્રથમ સમય બેઈન્દ્રિયાદિ કહેવા.

અપ્રથમ એકેન્દ્રિય સૂત્રમાં જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, પછી બીજે ક્યાંય પણ ઉત્પન્ન થાય. ઉત્કૃષ્ટથી અનંતકાળ-કાળથી અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી. ક્ષેત્રથી અનંતલોક-અસંખ્યેય પુદ્‌ગલ પરાવર્ત્ત. - x - અપ્રથમ સમય બેઈન્દ્રિય સૂત્રમાં જઘન્યથી તેમજ, ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ. પછી આગળ અવશ્ય ઉદ્વર્તન થાય. એ પ્રથમ સમય તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય પણ કહેવા. અપ્રથમ સમય પંચેન્દ્રિયમાં ઉત્કૃષ્ટથી સાતિરેક સહસ્ર સાગરોપમ, કેમકે દેવાદિ ભવ ભ્રમણના સાતત્યથી ઉત્કૃષ્ટે પણ આટલું કાળ પ્રમાણ થાય.

હવે અંતરની વિચારણા - પ્રથમ સમય એકેન્દ્રિયનું અંતર જઘન્યથી બે ક્ષુલ્લક ભવગ્રહણમાં સમય ન્યૂન. તે ક્ષુલ્લક ભવ ગ્રહણમાં બેઈન્દ્રિયાદિ ભવગ્રહણનું વ્યવધાન છે. તેથી કહ્યું છે – એક પ્રથમ સમય ન્યૂન એકેન્દ્રિય ક્ષુલ્લક ભવગ્રહણ જ, બીજો સંપૂર્ણ બેઈન્દ્રિય આદિ કોઈ ક્ષુલ્લક ભવ ગ્રહણ. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ-પૂર્વવત્.

અપ્રથમ સમય એકેન્દ્રિયનું જઘન્ય અંતર સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ [સૂત્ર-૩૬૭ મુજબ વ્યાખ્યા છે.] ઉત્કૃષ્ટ સંખ્યેય વર્ષ અધિક બે હજાર સાગરોપમ. - x - પ્રથમ સમય બેઈન્દ્રિયનું જઘન્યથી અંતર સમયન્યૂન બે ક્ષુલ્લક ભવ ગ્રહણ. [ક્ષુલ્લક ભવ વ્યાખ્યા પૂર્વવત્] અપ્રથમ સમય બેઈન્દ્રિયનું જઘન્ય અંતર સમયાધિક





ક્ષુલ્લક ભવ. - x - x - ઉત્કૃષ્ટથી અનંતકાળ - x - x - એ રીતે અપ્રથમ સમય તેઈન્દ્રિયાદિનું જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર કહેવું.

સામાન્યથી અલ્પબહુત્વ - સૌથી થોડાં પ્રથમ સમય પંચેન્દ્રિય - x - તેથી પ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક છે. તેથી પ્રથમ સમય તેઈન્દ્રિય વિશેષાધિક છે ઈત્યાદિ પૂર્વવત્-સૂત્રાર્થવત્.

હવે અપ્રથમ સમયવાળાનું અલ્પબહુત્વ - સૌથી થોડાં અપ્રથમ સમય પંચેન્દ્રિય, તેનાથી અપ્રથમ સમય ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું, યુક્તિ પૂર્વવત્ છે.

હવે એકેન્દ્રિયાદિનું પ્રત્યેકનું પ્રથમ - અપ્રથમ સમયિકનું અલ્પબહુત્વ - સૌથી થોડાં પ્રથમ સમય એકેન્દ્રિય, અહીં બેઈન્દ્રિયમાંથી આવીને ઉત્પન્ન એકેન્દ્રિયો જ લેવા. તેનાથી અપ્રથમ સમય એકેન્દ્રિય અનંતગણાં છે, કેમકે વનસ્પતિનું અનંતત્વ છે.

બેઈન્દ્રિય સૂત્રમાં સૌથી થોડાં પ્રથમ સમય બેઈન્દ્રિયો, અપ્રથમ સમય બેઈન્દ્રિય અસંખ્યાતગણાં છે. એ રીતે બધાં કહેવા.

હવે આ દેશનું પરસ્પર અલ્પબહુત્વ - સૌથી થોડાં પ્રથમ સમય પંચેન્દ્રિય, તેનાથી પ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક છે. એ રીતે સૂત્રાર્થવત્ કહેવું. યુક્તિ પ્રથમ અલ્પ બહુત્વવત્ કહેવી. તેનાથી અપ્રથમ સમય પંચેન્દ્રિયો અસંખ્યાતગણાં છે. - x - x - તેનાથી અપ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક છે. યાવત્ - x - અપ્રથમ સમય એકેન્દ્રિય અનંતગણાં છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૯-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 સર્વજીવ પ્રતિપત્તિ 卐

-- ૦ -- ૦ -- ૦ --

૦ એ પ્રમાણે સંસાર સમાપન્ન જીવાભિગમ કહ્યું. હવે સંસાર-અસંસાર સમાપન્ન જીવાભિગમ કહે છે—

● સૂત્ર-૩૬૯ :- [ચાલુ]

*તે સર્વ જીવાભિગમ શું છે ? સર્વ જીવોમાં આ નવ પ્રતિપત્તિઓ આ પ્રમાણે કહી છે – એક એમ કહે છે કે બધાં જીવો બે ભેદે કહ્યા છે. યાવત્ બધાં જીવો દશ ભેદે કહ્યા છે.*

● વિવેચન-૩૬૯ :- [ચાલુ]

આ સર્વ જીવાભિગમ શું છે ? સર્વ જીવો સંસારી અને મુક્ત બે ભેદે છે. બધાં જીવોમાં સામાન્યથી હવે કહેવાનાર નવ પ્રતિપત્તિઓ છે. કોઈ કહે છે – સર્વ જીવો બે ભેદે છે ઈત્યાદિ.

## ❁ સર્વજીવ પ્રતિપત્તિ-૧-"દ્વિવિધા" ❁

-- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૩૬૯ :- [અધુરેથી]

*તેમાં જેઓ એમ કહે છે કે સર્વે જીવો બે ભેદે કહ્યાં છે, તેઓ આ પ્રમાણે કહે છે – સિદ્ધો અને અસિદ્ધો.*

*ભગવન્ ! સિદ્ધ, સિદ્ધના રૂપમાં કેટલો સમય સુધી રહે છે ? ગૌતમ ! સાદિ અપર્યવસિત.*

*ભગવન્ ! અસિદ્ધ, અસિદ્ધરૂપે કેટલો સમય રહે છે ? ગૌતમ ! અસિદ્ધ બે ભેદે કહ્યા છે – અનાદિ અપર્યવસિત અને અનાદિ સપર્યવસિત.*

*ભગવન્ ! સિદ્ધોને કેટલાં કાળનું અંતર હોય ? ગૌતમ ! સાદિ અપર્યવસિતને કોઈ અંતર નથી.*

*ભગવન્ ! અસિદ્ધોને કેટલાં કાળનું અંતર હોય ? ગૌતમ ! અનાદિ અપર્યવસતિને અંતર નથી. અનાદિ સપર્યવસિતને પણ અંતર નથી.*

*ભગવન્ ! આ સિદ્ધો અને અસિદ્ધોમાં કોણ કોનાથી૰ ? ગૌતમ ! સૌથી થોડાં સિદ્ધો છે, અસિદ્ધો અનંતગણાં છે.*

● વિવેચન-૩૬૯ :- [અધુરેથી]

જેઓ એમ કહે છે – સર્વે જીવો બે ભેદે છે, તેઓ કહે છે – સિદ્ધ અને અસિદ્ધ બે ભેદ છે. સિત - બાંધેલ આઠ પ્રકારે કર્મ. ધ્માત - જેના વડે ભસ્મીકૃત્ કરાયા છે, તે સિદ્ધ. કર્મને ઇંધણ વડે બાળી નાંખેલ અર્થાત્ મુક્ત. અસિદ્ધ - સંસારી. च શબ્દ - અનેક પેટા ભેદ સૂચવે છે. પછી સિદ્ધની કાયસ્થિતિ કહી છે. તેમાં સાદિ શબ્દ કહ્યો છે. તેમાં સાદિતા એટલે સંસાર મુક્તિ સમયમાં સિદ્ધત્વ અને અપર્યવસિતતા એટલે સિદ્ધત્વથી ચ્યુત થવું અસંભવ છે.

અસિદ્ધ વિષય પ્રશ્નસૂત્ર સુગમ છે. તેમાં - x - અભવ્ય હોવાથી અથવા



તથાવિધ સામગ્રીના અભાવે કદી સિદ્ધ થશે નહીં. તે અનાદિ-અપર્યવસિત અસિદ્ધ છે. - x - હવે અંતર કહે છે – સિદ્ધો સાદિ અપર્યવસિત હોવાથી અંતર નથી. - x - અસિદ્ધ સૂત્રમાં તેઓ અનાદિ અપર્યવસિત છે તેમનું અસિદ્ધત્વ કદી નહીં છૂટે, તેથી અંતર નથી. અનાદિ સપર્યવસિતને મુક્તિથી પાછું આવવાનું નથી, તેથી અંતર નથી. નિગોદ જીવો ઘણાં હોવાથી અસિદ્ધ અનંત છે.

● સૂત્ર-૩૭૦ :-

*અથવા સર્વે જીવો બે ભેદે કહેલ છે – સેન્દ્રિય અને અનિન્દ્રિય. - - - ભગવન્ ! સેન્દ્રિયો કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! સેન્દ્રિય બે ભેદે કહ્યા છે – અનાદિ અપર્યવસિત અને અનાદિ સપર્યવસિત. અનિન્દ્રિયમાં સાદિ અપર્યવસિત. બંનેમાં અંતર નથી. સૌથી થોડાં અનિન્દ્રિયો, સેન્દ્રિયો અનંતગણાં છે.*

*અથવા સર્વે જીવો બે ભેદે કહ્યા છે – સકાયિક અને અકાયિક. એ પ્રમાણે સયોગી અને અયોગી તેમજ છે. એ પ્રમાણે જ સલેશ્યી અને અલેશ્યી, સશરીરી અને અશરીરી, સંચિટ્ઠણા, અંતર, અલ્પબહુત્વ સેન્દ્રિયોની માફક કહેવા.*

*અથવા સર્વે જીવો બે ભેદે કહ્યા છે – સવેદક અને અવેદક. ભગવન્ ! સવેદક કેટલો સમય સવેદક રહે છે ? ગૌતમ ! સવેદક ત્રણ ભેદે કહ્યા છે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ ક્ષેત્રથી દેશોન અર્દ્ધપુદ્ગલ પરાવર્ત્ત.*

*ભગવન્ ! અવેદક, અવેદકપણે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! અવેદક બે ભેદે છે - સાદિ અપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત રહે છે.*

*ભગવન્ ! સવેદકને કેટલા કાળનું અંતર હોય ? અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને અંતર નથી. સાદિ સપર્યવસિતનું જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.*

*ભગવન્ ! અવેદકને કેટલા કાળનું અંતર છે ? સાદિ અપર્યવસિતને અંતર નથી. સાદિ સપર્યવસિતને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. અલ્પબહુત્વ - સૌથી થોડાં અવેદક, સવેદક અનંતગણાં.*

*એ પ્રમાણે સકષાયી અને અકષાયી, સવેદકની માફક કહેવા. - - - અથવા બધાં જીવો બે ભેદે છે – સલેશ્ય અને અલેશ્ય. જેમ અસિદ્ધ અને સિદ્ધ કહ્યા, તેમ અહીં કહેવું. યાવત્ સૌથી થોડાં અલેશ્ય છે, સલેશ્ય અનંતગમાં છે.*

● વિવેચન-૩૭૦ :-

સર્વે જીવો બે ભેદે – સેન્દ્રિય અને અનિન્દ્રિય. તેમાં સેન્દ્રિય - સંસારી.

અનિન્દ્રિય-સિદ્ધ. ઉપધિ ભેદથી અલગ લીધાં. એ પ્રમાણે સકાયાદિમાં પણ કહેવા. તેમાં સેન્દ્રિયની કાયસ્થિતિ અને અંતર અસિદ્ધવક્તવ્યતા મુજબ કહેવા. અનિન્દ્રિયને સિદ્ધવત્ કહેવા. તેનો પાઠ સૂત્રાર્થમાં છે. - x - x - અલ્પ બહુત્વ સૂત્ર પૂર્વવત્ કહેવું. એ પ્રમાણે કાયસ્થિતિ, અંતર, અલ્પબહુત્વ સૂત્રો સકાયિક-અકાયિક, સયોગી-અયોગીમાં પણ કહેવા.

અથવા બધાં જીવો બે ભેદે છે — સકાયિક, અકાયિક એ રીતે સયોગી-અયોગી, સલેશ્ય-અલેશ્ય, સશરીર-અશરીર. તેમની સંચિટ્ઠણા, અંતર, અલ્પબહુત્વને સકાયિક માફક કહેવું.

બીજા પ્રકારે દ્વૈવિધ્ય-સવેદક, અવેદક. સવેદકની કાયસ્થિતિનો પ્રશ્ન સુગમ છે, સવેદક ત્રણ પ્રકારે કહ્યાં. તેમાં અનાદિ અપર્યવસિત અભવ્ય કે તથાવિધ સામગ્રીના અભાવે મોક્ષમાં ન જાય તેવા ભવ્ય છે. અનાદિ સપર્યવસિત ભવ્ય મુક્તિગામી, પૂર્વે ઉપશમ શ્રેણીને ન પામેલ. સાદિ સપર્યવસિત-પૂર્વ પ્રતિપન્ન ઉપશમ શ્રેણી. આ ઉપશમ શ્રેણી પામીને વેદોપશમના ઉત્તરકાળે અવેદકત્વને અનુભવી શ્રેણી સમાપ્તિ થતાં ભવક્ષયથી અપાંતરાલમાં મરણ થતાં કે ઉપશમ શ્રેણીથી પડવાથી ફરી વેદોદય થતાં સવેદક થયેલ સાદિ સપર્યવસિત સવેદક છે, તેની કાયસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત છે. - x - x - x - x -

અવેદક બે ભેદે છે — સાદિ અપર્યવસિત ક્ષીણવેદ અને સાદિ-સપર્યવસિત ઉપશાંતવેદ. સાદિ સપર્યવસિત અવેદકની સંચિટ્ઠણા જઘન્ય એક સમય૦ - x - x -

અંતર-અનાદિ અપર્યવસિત સવેદકનું અંતર નથી, કેમકે અપર્યવસિતતાથી તે ભાવ કદી ન છૂટે. અનાદિ સપર્યવસિત સવેદકને અંતર હોતું નથી, કેમકે તે અપાંતરાલમાં ઉપશમ શ્રેણી ન કરીને ભાવિ ક્ષીણવેદી હોય છે. ક્ષીણવેદીને પુનઃ સવેદક થવાની સંભાવના નથી, કેમકે તેમાં પ્રતિપાત ન થાય. તેમનું અંતર જઘન્ય એક સમય છે - x - ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત.

અવેદક સૂત્રમાં સાદિ-અપર્યવસિત અવેદકનું અંતર નથી, કેમકે ક્ષીણવેદવાળો જીવ ફરી સવેદક ન થાય, સાદિ સપર્યવસિત અવેદકનું અંતર જઘન્યની અંતર્મુહૂર્ત. - x - x - ઉત્કૃષ્ટ અંતર અનંતકાળ છે. - x - x - કેમકે એક વખત ઉપશમ શ્રેણી પામી, ત્યાં અવેદક થઈ શ્રેણી સમાપ્તિ થતાં પુનઃ સવેદક થવાની સ્થિતિમાં આટલું અંતર થાય જ. - x -

અથવા બધાં જીવો બે ભેદે — સકષાયી, અકષાયી. કષાય સહિત તે સકષાયી. કષાયરહિત તે અકષાયી, હવે કાયસ્થિતિ કહે છે - સકષાયીના સંચિટ્ઠણા, કાયસ્થિતિ, અંતર સવેદકની માફક કહેવા. અકષાયીની કાયસ્થિતિ આદિ અવેદક માફક છે - x - x - x - x - x - [વૃત્તિમાં આખો સૂત્ર પાઠ છે, તે અમે છોડી દીધેલ છે.] - - - હવે બીજા પ્રકારે દ્વૈવિધ્ય કહે છે —

**● સૂત્ર-૩૭૧ :-**

***જ્ઞાની અને અજ્ઞાની. ભગવન્ ! જ્ઞાની, જ્ઞાનીરૂપે કેટલો કાળ રહે ?***



***જ્ઞાની બે પ્રકારે છે — સાદિ અપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬-સાગરોપમ. અજ્ઞાની સવેદકવત્.***

***જ્ઞાનીનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ - દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. આદિના બે અજ્ઞાનીને અંતર નથી. સાદિ સપર્યવસિતને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬-સાગરોપમ - - - અલ્પબહુત્વ - સૌથી થોડાં જ્ઞાની, અજ્ઞાની અનંતગણાં છે. - - - અથવા સર્વે જીવો બે ભેદે કહ્યાં છે - સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત. સંચિટ્ઠણા અને અંતર જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત. અલ્પબહુત્વ - અનાકારોપયોગ થોડાં છે, તેથી સાકારોપયોગ સંખ્યાતગણાં છે.***

**● વિવેચન-૩૭૧ :-**

અથવા સર્વે જીવો બે ભેદે છે — જ્ઞાની, અજ્ઞાની. જેને જ્ઞાન છે, તે જ્ઞાની. જ્ઞાની નથી તે અજ્ઞાની અર્થાત્ મિથ્યાજ્ઞાની. જ્ઞાનીની કાયસ્થિતિ કહે છે. જ્ઞાની બે ભેદે (૧) સાદિ અપર્યવસિત, તે કેવલી છે કેમકે કેવળજ્ઞાન સાદિ અપર્યવસિત છે. (૨) સાદિ સપર્યવસિત - મતિજ્ઞાનાદિવાળો. તેમને છદ્મસ્થતાથી સાદિ સપર્યવસિતતા છે તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત છે - x - ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬-સાગરોપમ છે. આ બંને કાળ સમ્યક્ત્વ આશ્રિત છે કેમકે સમ્યકત્વની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે અને ઉત્કૃષ્ટ કાળ ૬૬-સાગરોપમથી કંઈક વધારે છે. - x - x -

અજ્ઞાની ત્રણ ભેદે છે — અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં અનાદિ અપર્યવસિત કદી સિદ્ધિ જતા નથી. અનાદિ સપર્યવસિત જે અનાદિ મિથ્યાદૃષ્ટિ સમ્યકત્વ પામીને અને પતિત થયા વિના ક્ષપક શ્રેણિ પામે છે. સાદિ સપર્યવસિત - સમ્યગ્દૃષ્ટિ થઈને મિથ્યાદૃષ્ટિ થાય. તે જઘન્યથી અંતર્મુહૂર્ત્તમાં સમ્યકત્વથી પડીને ફરી અંતર્મુહૂર્ત્તમાં સમ્યગ્દર્શન પામે ઉત્કૃષ્ટથી અનંતકાળ૦ - x - x -

હવે અંતર-ભદંત ! જ્ઞાનીનું અંતર કાળથી કેટલો કાળ હોય ? સાદિ અપર્યવસિતને અંતર ન હોય કેમકે તેમને કદી તે ભાવનો ત્યાગ નથી. સાદિ સપર્યવસિતને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત - x - ઉત્કૃષ્ટથી અનંતકાળ. - x - x -

અજ્ઞાનીના પ્રશ્ન સુગમ છે. અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને પણ અંતર નથી. કેમકે કેવળજ્ઞાન પામ્યા પછી પડવાનો સંભવ નથી. સાદિ સપર્યવસિતને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬-સાગરોપમ.

બીજા પ્રકારે દ્વૈવિધ્ય કહે છે — સર્વે જીવો બે ભેદે છે — સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત. હવે કાયસ્થિતિ કહે છે — અહીં છદ્મસ્થ જ સર્વ જીવો કહ્યા છે, કેવળી નહીં. સૂત્ર વૈચિત્ર્ય ગતિથી બંનેની કાયસ્થિતિ અને અંતર જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. અન્યથા કેવલીનો ઉપયોગ સાકાર અને અનાકાર એક સામયિક છે.

અલ્પબહુત્વ - સૌથી થોડા અનાકાર ઉપયોગવાળા. કેમકે તેનો કાળ થોડો છે. સાકારોપયુક્તા સંખ્યાતગુણાં છે.

● **સૂત્ર-૩૭૨ :-**

*અથવા સર્વે જીવો બે ભેદે છે — આહારક, અનાહારક. ભગવન્ ! આહારક યાવત્ કેટલો કાળ હોય ? ગૌતમ ! આહારક બે ભેદે છે — છદ્મસ્થ આહારક અને કેવલી આહારક. છદ્મસ્થ આહારક યાવત્ કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતભાગ. કેવલી આહારક યાવત્ કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.*

*ભગવન્ ! અણાહારક કેટલો કાળ હોય ? ગૌતમ ! અણાહારક બે ભેદે — છદ્મસ્થ અણાહારક, કેવલી અણાહારક. છદ્મસ્થ અણાહારક યાવત્ કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ બે સમય. કેવલી અણાહારક બે ભેદે છે — સિદ્ધ કેવલી અણાહારક અને ભવસ્થ કેવલી અણાહારક.*

*ભગવન્ ! સિદ્ધ કેવલી અણાહારક કાળથી કેટલો કાળ હોય ? સાદિ અપર્યવસિત. ભગવન્ ! ભવસ્થ કેવલી અણાહારક કેટલા ભેદે છે ? બે ભેદે — સયોગી ભવસ્થ કેવલી અણાહારક અને અયોગી ભવસ્થ કેવળી અણાહારક.*

*ભગવન્ ! સયોગી ભવસ્થ કેવલી અણાહારક કેટલો કાળ રહે ? અજઘન્યોત્કૃષ્ટ ત્રણ સમય. અયોગી ભવસ્થ કેવલી૰ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.*

*છદ્મસ્થ આહારકને કેટલો કાળ અંતર છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય. ઉત્કૃષ્ટથી બે સમય. કેવલી આહારકનું અંતર અજઘન્ય-અનુત્કૃષ્ટ ત્રણ સમય.*

*છદ્મસ્થ અણાહારકનું અંતર જઘન્યથી ક્ષુલ્લક ભવગ્રહણ - બે સમય ન્યૂન અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ અંગુલનો અસંખ્યાત ભાગ. સિદ્ધ કેવલી અણાહારકનાં સાદિ અપર્યવસિતને અંતર નથી. સયોગી ભવસ્થકેવલી અણાહારકને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત. અયોગી ભવસ્થ કેવલી અણાહારકને અંતર નથી.*

*ભગવન્ ! આ આહારક અને અણાહારકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ૰ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અણાહારકો છે. તેનાથી આહારકો અસંખ્યાતા છે.*

● **વિવેચન-૩૭૨ :-**

અથવા સર્વે જીવો બે ભેદે છે — આહારક, અણાહારક. હવે કાયસ્થિતિ — ગૌતમ ! આહારક બે ભેદે છે. છદ્મસ્થ, કેવલી. તેમાં છદ્મસ્થ આહારક જઘન્યથી બે સમયન્યૂન ક્ષુલ્લકભવગ્રહણ. - x - તેમાં જો કે લોકાંતનિષ્કુટાદિમાં ઉત્પાદમાં ચાર કે પાંચ સમયની વિગ્રહગતિ થાય છે, તો પણ બહુલતાથી ત્રણ સામાયિક જ, તેને આશ્રીને આ સૂત્ર કહેલ છે. તે વાત પૂર્વાચાર્યોએ પણ કહી છે. - x - ઉત્કૃષ્ટથી



અસંખ્યાત કાળ૰ ઈત્યાદિ પૂર્વવત્. - x -

કેવલી આહારક જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, તે અંતકૃત્ કેવલી જાણવા. ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોડી. તે પૂર્વકોટી નવમા વર્ષથી આરંભીને ઉત્પન્ન કેવળજ્ઞાનની અપેક્ષાએ છે.

અણાહારક વિષય સૂત્ર - અનાહારક બે ભેદે છે. છદ્મસ્થ અણાહારક, કેવલી અણાહારક. છદ્મસ્થ અણાહારક જઘન્ય એક સમય, આ જઘન્ય અધિકાર બે સમયની વિગ્રહગતિની અપેક્ષાએ છે. ઉત્કર્ષથી બે સમય, ત્રણ સમયની વિગ્રહગતિના બાહુલ્યને આશ્રીને જાણવો - x - x - કેવલી અણાહારક સુગમ છે. સિદ્ધ કેવલી અણાહારક સાદિ અપર્યવસિત છે. તે કારણે તેમનું અનાહારકત્વ પણ સાદિ અપર્યવસિત્ છે.

ભવસ્થ કેવલી અણાહારક બે ભેદે છે — સયોગી ભવસ્થ કેવલી૰ અયોગી ભવસ્થ૰ અયોગી ભવસ્થ કેવલી અણાહારક જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત અણાહારક રહે. અયોગિત્વ શૈલેશી અવસ્થામાં હોય, ત્યારે નિયમા અનાહારક હોય કેમકે ઔદારિકાદિ કાય યોગનો અભાવ છે. શૈલેશી અવસ્થામાં જઘન્ય અને ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત્ત છે. - x -

સયોગી ભવસ્થ કેવલી અણાહારક અજઘન્યોત્કૃષ્ટ ત્રણ સમય છે, તે આઠ સમયવાળા કેવલિ સમુદ્‌ઘાત અવસ્થામાં ત્રીજા-ચોથા-પાંચમાં સમયરૂપ છે. તેમાં માત્ર કાર્મણ કાયયોગ હોય. હવે અંતરની વિચારણા - છદ્મસ્થ આહારકનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બે સમય છે. શેષ પૂર્વવત્. કેવલી આહારકને અજઘન્યોત્કૃષ્ટ ત્રણ સમય, કેવલી આહારક સયોગી ભવસ્થ કેવલી હોય છે તેમનું અનાહારાકત્વ પણ ત્રણ સમય છે. - x -

હવે અનાહારકનું અંતર - છદ્મસ્થ અનાહારકનું જઘન્ય ક્ષુલ્લક ભવગ્રહણમાં બે સમય ન્યૂન, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ૰ છદ્મસ્થ આહારકના કાળ જેટલું તેમના અનાહારકનું અંતર છે. તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતભાગ છે. તેથી છદ્મસ્થ અનાહારકનું જઘન્ય-ઉત્કૃષ્ટથી આ અંતર છે.

ક્ષુલ્લક ભવગ્રહણ એટલે લઘુ કે સ્તોક અથવા એક આયુષ્ક સંવેદનકાળ ભવ, તેનું ગ્રહણ. તેને આવલિકાથી વિચારતા ૨૫૬ આવલિકા કાળ થાય. એક આનપ્રાણમાં કેટલાં ક્ષુલ્લક ભવ થાય ? કંઈક સમયાધિક ૧૭ ભવ. કઈ રીતે ? અહીં ત્રિરાશી કરાય છે. ૩૭૭૩ ઉચ્છ્‌વાસે ૧ ભવ થાય તો ૬૫,૫૩૬ ઉચ્છ્‌વાસે કેટલા ભવ થાય ? તો ૧૭-ક્ષુલ્લકભવ થાય અને ૧૩૯૫ ઉચ્છ્‌વાસ શેષ વધે છે. તેની સમ અધિક ૯૪ આવલિકા થાય૰ - x - x -

જો એક આનપ્રાણમાં આવલિકા સંખ્યા જાણવી છે તો ૨૫૬ને ૧૭ વડે ગુણી તેમાં ૪૯ ઉમેરો તો ૪૪૪૬ આવલિકા થાય છે. મુહૂર્ત્તમાં આવલિકા જાણવી છે તો - ૪૪૪૬ને એક મુહૂર્ત્તના શ્વાસોચ્છ્‌વાસથી ગુણતાં ૧,૬૭,૭૪,૭૫૮ આવલિકા થાય છે. તેમાં સાધિક ૨૪૫૮ આવલિકા ઉમેરતાં ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા થાય. અથવા

મુહૂર્ત્તના ૬૫,૫૩૬ ક્ષુલ્લક ભવોને ૨૫૬ આવલિકાથી ગુણતા એક મુહૂર્ત્તની આવલિકા સંખ્યા થાય.

સયોગી ભવસ્થ કેવલી અનાહારકનું અંતર-જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. કેમકે સમુદ્‌ઘાત કર્યા પછી અંતર્મુહૂર્ત્તમાં જ શૈલેશી અવસ્થા થઈ જાય છે. અયોગીભવસ્થ કેવલી અનાહારક સૂત્રમાં અંતર નથી. કેમકે અયોગીપણામાં બધાં અનાહારક જ હોય છે. સિદ્ધોમાં સાદિ અપર્યવસિતતાથી અનાહારકનું અંતર નથી.

અલ્પબહુત્વ-સૌથી થોડાં અનાહારકો છે. કેમકે સિદ્ધ, વિગ્રહગતિ સમાપન્નક, સમુદ્‌ઘાતગત કેવલી, અયોગી કેવલી જ અનાહારક છે. તેનાથી આહારક અસંખ્યાતગણાં છે.

[શંકા] સિદ્ધ કરતા વનસ્પતિ જીવ અનંતગુણ છે, તેઓ પ્રાયઃ આહારક છે તો અનંતગુણ કેમ ન કહ્યા ? [સમાધાન] પ્રતિ નિગોદનો અસંખ્યાત ભાગ પ્રતિ સમય સદા વિગ્રહગતિમાં હોય છે અને વિગ્રહગતિમાં જીવ અનાહારક હોય છે. તેથી અસંખ્યાતગણા કહ્યા પણ અનંતગણાં ન કહ્યા.

● સૂત્ર-૩૭૩ :-

*અથવા સર્વે જીવો બે ભેદે કહ્યા. તે આ — સભાષક અને અભાષક. ભગવન્ ! સભાષક, સભાષકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.*

*ભગવન્ ! અભાષક૦ ? ગૌતમ ! અભાષક બે પ્રકારે છે — સાદિ અપર્યવસિત અને સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત રહે અને ઉત્કૃષ્ટથી અનંતકાળ - અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી વનસ્પતિકાળ.*

*ભગવન્ ! ભાષકને કેટલા કાળનું અંતર હોય ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ-વનસ્પતિકાળ.*

*અભાષકમાં સાદિ અપર્યવસિતને અંતર નથી. સાદિ સપર્યવસિતને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.*

*અલ્પબહુત્વ - સૌથી થોડાં ભાષક, અભાષક અનંતગણા.*

*અથવા સર્વે જીવો બે ભેદે છે — સશરીરી, અશરીરી, અશરીરી સિદ્ધવત્ કહેવા. અશરીરી થોડાં છે, શરીરી અનંતગણા.*

● વિવેચન-૩૭૩ :-

અથવા સર્વે જીવો બે ભેદે છે — ભાષક અને અભાષક. બોલતા હોય તે ભાષક, બીજા અભાષક. હવે કાયસ્થિતિ-સભાષક જઘન્યથી એક સમય ભાષાદ્રવ્ય ગ્રહણ સમય કેમકે કદાચ તુરંત મૃત્યુ થાય અથવા કોઈ કારણે ભાષા વ્યવહારથી અટકી જાય તો એક સમય ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. આટલો કાળ જ ભાષાદ્રવ્યનું નિરંતર ગ્રહણ અને નિસર્ગ થાય. પછી તે અભાષક થાય.

અભાષક બે ભેદે — સાદિ અપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં સાદિ સપર્યવસિત પૃથ્વીકાયાદિ છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત અભાષક રહે. ફરી ભાષક થાય. અથવા પૃથ્વી



આદિની જઘન્ય સ્થિતિ આટલો કાળ છે. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ૦ - x -

હવે અંતરની વિચારણા - ભાષકનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ-વનસ્પતિકાળ. સાદિ અપર્યવસિતનું અંતર નથી. સાદિ સપર્યવસિતનું અંતર જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ઈત્યાદિ - x - અલ્પબહુત્વ સૂત્ર સ્પષ્ટ છે.

સશરીરી - અસિદ્ધ. અશરીરી - સિદ્ધ. શરીરી-અશરીરીના બધાં સૂત્રો સિદ્ધ અને અસિદ્ધના સૂત્રોવત્ જાણવા.

● સૂત્ર-૩૭૪ :-

*અથવા સર્વે જીવો બે ભેદે છે — ચરિમ અને અચરિમ. ભગવન્ ! ચરિમ કેટલો કાલ ચરિમ રહે ? ગૌતમ ! ચરિમ અનાદિ સપર્યવસિત છે. અચરિમ બે ભેદે — અનાદિ અપર્યવસિત અને સાદિ અપર્યવસિત. બંનેમાં અંતર નથી. અલ્પબહુત્વમાં - સૌથી થોડાં અચરમ છે, ચરમ તેનાથી અનંતગણાં છે.*

*અથવા સર્વે જીવ બે ભેદે છે — સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત. બંનેની સંચિટ્ઠણા અને અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. - - - અલ્પબહુત્વ-સૌથી થોડાં અનાકારોપયુક્ત, સાકારોપયુક્ત અસંખ્યાતગણાં છે. - x -*

● વિવેચન-૩૭૪ :-

અથવા ચરમ - ચરમ ભવવાળા ભવ્ય વિશેષ, તેનાથી વિપરીત તે અચરમ - અભવ્ય અને સિદ્ધ. કાયસ્થિતિ સૂત્રમાં ચરમ અનાદિ સપર્યવસિત છે. અચરમ બે પ્રકારે - અનાદિ અપર્યવસિત, સાદિ અપર્યવસિત. તેમાં પહેલાં જીવો અચરમ અને અભવ્ય છે. બીજા જીવો અચરમ સિદ્ધ છે.

હવે અંતર - અનાદિ સપર્યવસિત ચરમને અંતર નથી, કેમકે ચરમત્વ ગયા પછી ફરી ચરમત્વ સંભવ નથી અને અચરમનું અંતર નથી, કેમકે તેમનું ચરમત્વ હોતું જ નથી.

અલ્પબહુત્વમાં - સૌથી થોડાં અચરમ છે કેમકે અભવ્ય અને સિદ્ધ જ અચરમ છે. તેનાથી ચરમો અનંતગુણ છે. આ કથન સામાન્ય ભવની અપેક્ષાએ છે. - x - ઉપસંહાર કર્યો છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**સર્વજીવ પ્રતિપત્તિ-૧-નો સટીક અનુવાદ પૂર્ણ**

## ❀ સર્વજીવ પ્રતિપત્તિ-૨-"ત્રિવિધા" ❀

-- x -- x -- x -- x -- x --

૦ હવે ત્રિવિધા વક્તવ્યતાને કહે છે –

● સૂત્ર-૩૭૫ :-

*તેમાં જેઓ એમ કહે છે બધાં જીવો ત્રણ ભેદે કહેલા છે. તેઓ આમ કહે છે – સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યક્-મિથ્યાદૃષ્ટિ.*

*ભગવન્ ! સમ્યક્દૃષ્ટિ કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! સમ્યક્દૃષ્ટિ બે ભેદે છે – સાદિ અપર્યવસિત અને સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬-સાગરોપમ રહે છે.*

*મિથ્યાદૃષ્ટિ ત્રણ ભેદે છે – સાદિ સપર્યવસિત, અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. સમ્યક્ મિથ્યાદૃષ્ટિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત છે.*

*સમ્યક્દૃષ્ટિનું અંતર સાદિ અપર્યવસિતનું અંતર નથી. સાદિ સપર્યવસિતનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંત કાળ યાવત્ અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. મિથ્યાદૃષ્ટિનું અનાદિ અપર્યવસિતનું અંતર નથી. અનાદિ સપર્યવસિતનું અંતર નથી. સાદિ સપર્યવસિતનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬-સાગરોપમ. સમ્યક્ મિથ્યાદૃષ્ટિનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત.*

*અલ્પબહુત્વ-સૌથી થોડાં સમ્યક્ મિથ્યાદૃષ્ટિ, સમ્યક્દૃષ્ટિ અનંતગણાં, મિથ્યાદૃષ્ટિ અનંતગણાં છે.*

● વિવેચન-૩૭૫ :-

સર્વ જીવો ત્રણ પ્રકારે છે – સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યક્મિથ્યાદૃષ્ટિ. હવે કાય સ્થિતિ - સમ્યક્દૃષ્ટિ બે પ્રકારે છે. સાદિ અપર્યવસિત - ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ. સાદિ સપર્યવસિત - ક્ષાયોપશમિક આદિ સમ્યક્ દર્શની. તેમાં સાદિ સપર્યવસિત સમ્યક્ દૃષ્ટિની સંચિટ્ઠણા જઘન્યથી અંતર્મુહૂર્ત્ત - x - ઉત્કૃષ્ટ ૬૬-સાગરોપમ. પછી નિયમા ક્ષાયોપશમિક સમ્યક્દર્શની ન રહે.

મિથ્યાદૃષ્ટિ ત્રણ પ્રકારે છે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં સાદિ સપર્યવસિત છે. તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે. - x - ઉત્કૃષ્ટથી અનંતકાળ. આ અનંતકાળ કાળથી અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી, ક્ષેત્રથી દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. પૂર્વ સમ્યકત્વથી સંસાર પરિત કર્યો છે.

સમ્યક્મિથ્યાદૃષ્ટિ તે રૂપમાં જ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે. - x - x -

અંતર-સાદિ અપર્યવસિત સમ્યક્દૃષ્ટિનું અંતર નથી. સાદિ સપર્યવસિત સમ્યક્દૃષ્ટિનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત છે કેમકે સમ્યકત્વથી પડીને કોઈ અંતર્મુહૂર્ત્તમાં



સમ્યકૃત્વ પામે છે. ઉત્કૃષ્ટથી તે અંતર અનંતકાળ - અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત છે.

અનાદિ અપર્યવસિત મિથ્યાદૃષ્ટિનું અંતર નથી, કેમકે તેમનું મિથ્યાત્વ છૂટતું નથી. અનાદિ સપર્યવસિત મિથ્યાત્વનું પણ અંતર નથી. કેમકે છૂટીને ફરી થયાં પછી અનાદિ ન રહે.

સમ્યક્મિથ્યાદૃષ્ટિનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત છે. - x - ઉત્કૃષ્ટ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત છે૦ ઇત્યાદિ - x -

અલ્પબહુત્વમાં - સૌથી થોડા સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે, કેમકે તદ્યોગ્ય પરિણામ અલ્પકાળ રહે છે. તેનાથી સમ્યક્દૃષ્ટિ અનંતગણાં છે, કેમકે સિદ્ધ જીવ પણ સમ્યક્દૃષ્ટિ છે અને તે અનંત છે. તેનાથી મિથ્યાદૃષ્ટિ અનંતગણાં છે. - x -

● સૂત્ર-૩૭૬ :-

*અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે – પરિત્ત, અપરિત્ત, નોપરિત્તનોઅપરિત્ત. ભગવન્ ! પરિત્ત કાળથી કેટલો કાળ રહે ? પરિત્ત બે ભેદે – કાય પરિત્ત અને સંસાર પરિત્ત. કાયપરિત્ત૦ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યકાળ - અસંખ્યલોક.*

*સંસાર પરિત્ત, ભગવન્ ! સંસાર પરિત્તરૂપે કાળથી કેટલો કાળ રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત.*

*ભગવન્ ! અપરિત્ત૦ ? અપરિત્ત બે ભેદે કહેલા છે – કાય અપરિત્ત અને સંસાર અપરિત્ત. કાયઅપરિત્ત૦ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ-વનસ્પતિકાળ.*

*સંસાર પરિત્ત બે ભેદે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, નોપરિત્ત નોઅપરિત્ત સાદિ અપર્યવસિત.*

*કાય પરિત્તને જઘન્ય અંતર અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, સંસાર પરિત્તને અંતર નથી. કાય અપરિતને જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ-પૃથ્વીકાળ. સંસાર અપરિત્ત અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને અંતર નથી. નોપરિત્તનો અપરિત્તને અંતર નથી.*

*અલ્પબહુત્વ - સૌથી થોડાં પરિત્ત, નોપરિતનોઅપરિત્ત અનંતગણા, અપરિત્ત અનંતગણાં છે.*

● વિવેચન-૩૭૬ :-

અથવા સર્વે જીવ ત્રણ ભેદે – પરિત્ત, અપરિત્ત અને નોપરિત્તનો અપરિત્ત. હવે કાયસ્થિતિ – પરિત્ત બે ભેદે - કાયપરિત્ત, સંસારપરિત્ત. कायपरित्त - પ્રત્યેક શરીર. संसारपरित्त - અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્તમાં સંસાર પરિભ્રમણ પુરુ થશે તે.

કાય પરિત્તની કાયસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. સાધારણ વનસ્પતિમાં પરિતોમાં અંતર્મુહૂર્ત્ત રહી ફરી સાધારણમાં જાય તે અપેક્ષાએ છે. ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ૦ - x - અથવા પૃથ્વીકાય આદિનો જે સંચિટ્ઠણાકાળ છે, તેટલો કાળ રહી શકે.

સંસાર પરિત્તની કાયસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત પછી કોઈ અંતકૃત્ કેવલી

થઈ મોક્ષે જઈ શકે. ઉત્કૃષ્ટ અનંતકાળ૦ - x - પછી નિયમા તે સિદ્ધ થાય. અન્યથા પરિતત્વ અર્થહીન છે.

અપરિત્ત બે પ્રકારે — કાય અપરિત્ત, સંસાર અપરિત્ત. કાય અપરિત્ત-સાધારણ વનસ્પતિજીવ, સંસાર અપરિત્ત-કૃષ્ણપાક્ષિક. કાય અપરિત્ત જઘન્યથી અંતર્મુહૂર્ત તે રૂપે રહે. પછી કોઈ પણ પ્રત્યેક શરીરીમાં જાય. ઉત્કૃષ્ટથી તે અનંતકાળ તે જ રૂપે રહી શકે.

સંસાર અપરિત્ત બે ભેદે — અનાદિ અપર્યવસિત, જે કદી મોક્ષે ન જાય. અનાદિ સપર્યવસિત-ભવ્યવિશેષ.

નોપરિત્ત નોઅપરિત્ત સિદ્ધ જીવ છે, ઈત્યાદિ - x -

અંતર-કાયપરિત્તનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટથી અનંતકાળ-વનસ્પતિકાળ, તેટલો કાળ સાધારણરૂપે રહે. સંસારપરિત્તનું અંતર નથી, કેમકે સંસાર પરિતત્વ છૂટ્યા પછી ફરી તે ન થાય. તથા મુક્તનો પ્રતિપાત ન થાય.

કાય અપરિત્તનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત. - x - ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ અંતર છે. તે પૃથ્વીકાળ છે. પૃથ્વી આદિ પ્રત્યેક શરીરી ભવોમાં ભ્રમણકાળ ઉત્કૃષ્ટ આટલો જ છે. સંસાર અપરિત્તોમાં જે અનાદિ અપર્યવસિત છે, તેનું અંતર નથી હોતું. અનાદિ સપર્યવસિતનું પણ અંતર ન હોય. - x - નોપરિત્ત નોઅપરિત્તનું પણ અંતર નથી કેમકે તે સાદિ અપર્યવસિત છે.

અલ્પબહુત્વ - સૌથી થોડાં પરિત્ત છે, કેમકે કાય પરિત્ત અને સંસાર પરિત્ત જીવ થોડાં છે, તેનાથી નોપરિત્તનોઅપરિત્ત અનંતગુણ છે. કેમકે સિદ્ધ જીવ અનંત છે. તેનાથી અપરિત્ત અનંતગણાં છે. કેમકે કૃષ્ણપાક્ષિક અતિ ઘણાં છે.

● **સૂત્ર-૩૭૭ :-**

***અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે — પર્યાપ્તક, અપર્યાપ્તક, નોપર્યાપ્તાનો અપર્યાપ્તા. ભગવન્ પર્યાપ્તક કેટલો કાળ તે રૂપે રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાગરોપમશત પૃથક્ત્વ.***

***ભગવન્ ! અપર્યાપ્તા૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. નોપર્યાપ્ત-નોઅપર્યાપ્ત સાદિ અપર્યવસિત છે. પર્યાપ્તાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. અપર્યાપ્તાનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમશત પૃથક્ત્વ. ત્રીજા-નોપર્યાપ્તાનો અપર્યાપ્તાનું અંતર નથી.***

***અલ્પબહુત્વ-સૌથી થોડાં નોપર્યાપ્તાનોઅપર્યાપ્તા, અપર્યાપ્તા અનંતગણા, પર્યાપ્તા તેથી સંખ્યાતગણાં છે.***

● **વિવેચન-૩૭૭ :-**

બીજા પ્રકારે જીવો ત્રણ ભેદે છે — પર્યાપ્તા, અપર્યાપ્તા અને નોપર્યાપ્તાનો અપર્યાપ્તા. તેમાં પર્યાપ્તાની કાયસ્થિતિ-જઘન્ય અંતર્મુહૂર્ત. તે અપર્યાપ્તાથી પર્યાપ્તામાં ઉત્પન્ન થઈ ત્યાં અંતર્મુહૂર્ત રહી ફરી અપર્યાપ્તામાં ઉત્પન્ન થવાની અપેક્ષાથી છે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાધિક ૨૦૦ થી ૯૦૦ સાગરોપમ. આ કથન લબ્ધિ અપેક્ષાએ



છે. - x -. અપર્યાપ્તાની કાયસ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે. - x - x - નોપર્યાપ્તા નોઅપર્યાપ્તા સિદ્ધ છે. તે સાદિ અપર્યવસિત છે.

પર્યાપ્તકનું અંતર જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. કેમકે અપર્યાપ્તકાળ જ પર્યાપ્તકનું અંતર છે. અપર્યાપ્ત કાળ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. અપર્યાપ્તકનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર સાધિક સાગરોપમ-શત પૃથક્ત્વ છે. કેમકે પર્યાપ્તકકાળ જ અપર્યાપ્તકનું અંતર છે.

નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તાનું અંતર નથી૦ - x -

અલ્પબહુત્વ-સૂત્રાર્થ મુજબ જાણવું વિશેષ એ કે — સિદ્ધ જીવો અલ્પ છે, નિગોદજીવોમાં અપર્યાપ્તા અનંતાનંત સદૈવ હોય છે. પર્યાપ્તાને સંખ્યાતગણાં કહ્યાં છે.

● **સૂત્ર-૩૭૮ :-**

***અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે — સૂક્ષ્મ, બાદર અને નોસૂક્ષ્મનોબાદર. ભગવન્ ! સૂક્ષ્મ, સૂક્ષ્મરૂપે કેટલો કાળ રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત-કાળ-પૃથ્વીકાળ બાદર૦ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ-અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાળથી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતભાગ. નોસૂક્ષ્મનોબાદર સાદિ અપર્યવસિત છે.***

***સૂક્ષ્મનું અંતર બાદરકાળ અને બાદરનું અંતર સૂક્ષ્મકાળ છે. ત્રીજા નોસૂક્ષ્મનોબાદરનું અંતર નથી.***

***અલ્પબહુત્વ-સૌથી થોડાં નોસૂક્ષ્મનોબાદર, તેથી બાદર અનંતગણાં છે, તેથી સૂક્ષ્મ અસંખ્યાતગણાં છે.***

● **વિવેચન-૩૭૮ :-**

બીજી રીતે સર્વ જીવો ત્રણ ભેદે — સૂક્ષ્મ, બાદર આદિ. સૂક્ષ્મની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત. - x - ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ૦ - x - બાદરની જઘન્ય અંતર્મુહૂર્ત૦ - x - x - x - નોસૂક્ષ્મ નોબાદર એ સિદ્ધ છે. તે સાદિ અપર્યવસિત છે.

અંતર-સૂક્ષ્મનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ૦ - x - કેમકે બાદર કાળનું આટલું જ પ્રમાણ છે. બાદરનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ૦ - x - સૂક્ષ્મનું આટલું કાળ પ્રમાણ છે. નોસૂક્ષ્મનોબાદરનું અંતર નથી.

અલ્પબહુત્વ સુગમ છે. વિશેષ કંઈ લખતા નથી.

● **સૂત્ર-૩૭૯ :-**

***અથવા સર્વે જીવો ત્રણ ભેદે કહ્યા છે — સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞીનોઅસંજ્ઞી. - - - ભગવન્ ! સંજ્ઞી કેટલો કાળ રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમશત પૃથક્ત્વ. અસંજ્ઞી, જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. નોસંજ્ઞીનોઅસંજ્ઞી સાદિ અપર્યવસિત છે.***

***સંજ્ઞીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અસંજ્ઞીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ. ત્રીજાનું અંતર નથી.***

***અલ્પબહુત્વ - સૌથી થોડાં સંજ્ઞી, નોસંજ્ઞીનોઅસંજ્ઞી અનંતગણા. અસંજ્ઞી***

*તેથી અનંતગણાં છે.*

● વિવેચન-૩૭૯ :-

અથવા સર્વ જીવો ત્રણ પ્રકારે છે – સંજ્ઞી આદિ. તેમાં સંજ્ઞી - સમનસ્ક, અસંજ્ઞી - અમનસ્ક, ઉભય પ્રતિષેધવર્તી સિદ્ધો. કાયસ્થિતિ-સંજ્ઞીની જઘન્ય અંતર્મુહૂર્ત. - x - ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમશત પૃથક્ત્વ - x - અસંજ્ઞી, જઘન્યથી અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટ અનંતકાળ - x - x - નોસંજ્ઞીનોઅસંજ્ઞી જીવ તે સિદ્ધ છે તે સાદિ અપર્યવસિત છે.

અંતર-સંજ્ઞીનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ, તે વનસ્પતિકાળ છે. આટલો અસંજ્ઞીકાળ છે. અસંજ્ઞીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાગરોપમ શત પૃથક્ત્વ. કેમકે આટલો સંજ્ઞીકાળ છે. નોસંજ્ઞી-નોઅસંજ્ઞીને અંતર નથી.

અલ્પબહુત્વ - સૌથી થોડાં સંજ્ઞી ઈત્યાદિ - x - x -

● સૂત્ર-૩૮૦ થી ૩૮૨ :-

*[૩૮૦] અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે – ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક. ભવસિદ્ધિકો અનાદિ સપર્યવસિત છે, અભવસિદ્ધિકો અનાદિ અપર્યવસિત છે. નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક સાદિ અપર્યવસિત છે. ત્રણેને અંતર નથી. અલ્પબહુત્વ-સૌથી થોડાં અભવસિદ્ધિક, ઉભયવર્જી તેનાથી અનંતગણા, ભવસિદ્ધિક તેનાથી અનંતગુણા છે.*

*[૩૮૧] અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે – ત્રસ, સ્થાવર, નોત્રસનો-સ્થાવર. ત્રસ, ત્રસરૂપે કાળથી જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૨૦૦૦-સાગરોપમ રહે. સ્થાવરની સંચિટ્ઠણા વનસ્પતિકાળ છે. નોત્રસનોસ્થાવર સાદિ અપર્યવસિત છે. ત્રસનું અંતર વનસ્પતિકાળ, સ્થાવરનું અંતર સાતિરેક બે હજાર સાગરોપમ, નોત્રસનોસ્થાવરનું અંતર નથી.*

*અલ્પબહુત્વ-સૌથી થોડાં ત્રસ છે, નોત્રસનોસ્થાવર અનંતગણાં છે, સ્થાવરો તેથી અનંતગણાં છે. આ ત્રિવિધા પ્રતિપત્તિ.*

● વિવેચન-૩૮૦ થી ૩૮૨ :-

અથવા સર્વ જીવો ત્રણ પ્રકારે – ભવસિદ્ધિક આદિ. ભવસિદ્ધિક એટલે ભવ્ય. અભવસિદ્ધિક એટલે અભવ્ય. નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક તે સિદ્ધ. - x - કાયસ્થિતિ - ભવ્યો અનાદિ સપર્યવસિત છે. - x - અભવ્યો અનાદિ અપર્યવસિત છે. - x - ઉભય વર્જી સાદિ અપર્યવસિત છે. - x -

અંતર-ભવસિદ્ધિકને અંતર નથી. અભવસિદ્ધિકને પણ અંતર નથી, ઉભયવર્જીને પણ અંતર નથી કારણો પૂર્વવત્. અલ્પબહુત્વ સુગમ છે. વિશેષ એ કે ભવ્યરાશિ સિદ્ધોથી પણ અનંતગણી છે. એ પ્રમાણે ત્રિવિધા પ્રતિપત્તિ કહી.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**સર્વજીવ પ્રતિપત્તિ-૨-નો સટીકાનુવાદ પૂર્ણ**



## ❀ સર્વજીવ પ્રતિપત્તિ-૩-"ચતુર્વિધા" ❀

— x — x — x — x — x —

૦ હવે ચતુર્વિધા સર્વજીવ પ્રતિપત્તિ કહે છે –

● સૂત્ર-૩૮૨ :-

*તેમાં જેઓ એમ કહે છે કે સર્વે જીવો ચાર ભેદે છે – તેઓ આમ કહે છે – મનોયોગી, વચનયોગી, કાયયોગી, અયોગી.*

*ભગવન્ ! મનોયોગીની કાયસ્થિતિ ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. એ રીતે વચનયોગી પણ જાણવા. કાયજોગીની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અયોગી સાદિ અપર્યવસિત છે. મનોયોગીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે વચનયોગીનું પણ છે. કાયયોગીનું જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. અયોગીને અંતર નથી.*

*અલ્પબહુત્વ - સૌથી થોડાં મનોયોગી, વચનયોગી સંખ્યાતગણાં, અયોગી અનંતગમાં, કાયયોગી અનંતગણાં છે.*

● વિવેચન-૩૮૨ :-

સર્વે જીવો ચાર ભેદે – મનોયોગી આદિ. કાયસ્થિતિ વિચારણા - મનોયોગીની જઘન્ય એક સમય૦ ભાષકવત્ જાણવો. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. - x - મનોયોગ રહિત માત્ર વચનયોગવાળા તે જ વાક્યોગી - બેઈન્દ્રિયાદિની જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત - x - કાયયોગી-મન, વચન, યોગ રહિત - એકેન્દ્રિયાદિની જઘન્ય અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટ પૂર્વોક્ત વનસ્પતિકાળ. અયોગી તે સિદ્ધ. સાદિ-અપર્યવસિત છે.

અંતર વિચારણા - મનોયોગીનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ - x - એ રીતે વચનયોગી પણ અંતર કહેવું. ઔદારિક કાયયોગીનું જઘન્ય એક સમય - x - ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. આ સૂત્ર પરિપૂર્ણ ઔદારિક શરીર પર્યાપ્તિ પરિસમાપ્તિની અપેક્ષાએ છે. - x - x - x - આ સૂત્રો વિચિત્ર અભિપ્રાયપણાથી દુર્લક્ષ્ય છે તેથી સમ્યક્ સંપ્રદાયથી જાણવું - x - સૂત્રના અભિપ્રાયને જાણ્યા વિના ઉપપત્તિ કહેવી ન જોઈએ. કેમકે તેમાં મહાઆશાતના યોગ, મહા અનર્થ પ્રસક્ત થાય.

સૂત્રકર્તાને ભગવંતે ઘણાં જ પ્રમાણીકૃત કર્યા છે. બીજા પણ ઘણાં વિદ્વાનોએ પ્રશંસ્યા છે. તેથી તે સૂત્રમાં કંઈપણ અનુપપત્તિ ન કરવી. માત્ર સંપ્રદાયને અનુસરવા પ્રયત્ન કરવો. જેઓ સૂત્રના અભિપ્રાયને જાણ્યા વિના જેઓ યથાકથંચિત્ અનુપપત્તિ કરે છે, તેઓ ઘણી ઘણી આશાતના કરે છે. દીર્ઘ સંસારી થાય છે - x - x - મહા અનર્થનો પ્રશંગ આવે છે.

જેઓ એ પ્રમાણે હાલ દુઃષમાનુભાવથી પ્રવચનના ઉપ્લવને માટે ધૂમકેતુની જેમ ઉત્થિત થઈ, સકલ કાળ સુકર અવ્યવચ્છિન્ન સુવિધિમાર્ગનુષ્ઠાતા-સુવિહિત સાધુમાં ઈર્ષ્યાળુ છે તેઓ પણ વૃદ્ધ પરંપરાથી આવેલ સંપ્રદાયથી જાણીને, સૂત્રના અભિપ્રાયને જોયા વિના સૂત્ર પ્રરૂપતા મહાઆશાતનાનો ભાગી થાય.

અલ્પબહુત્વ સુગમ છે. સૌથી થોડાં મનોયોગી છે. કેમકે દેવ, નારક, ગર્ભજ

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો જ મનોયોગી છે, તેનાથી વચનયોગી અસંખ્યાતગણા છે. બેઈન્દ્રિયાદિને લેતા, અયોગી અનંતગણાં છે, સિદ્ધો અનંત છે. કાયયોગી અનંતગણાં છે.

● સૂત્ર-૩૮૩ :-

*અથવા સર્વ જીવો ચારભેદે છે — સ્ત્રીવેદક, પુરુષવેદક, નપુંસકવેદક, અવેદક. ભગવન્ ! સ્ત્રીવેદક, સ્ત્રીવેદક રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! એક આદેશથી [પૂર્વકોટી પૃથકત્વથી અધિક] ૧૧૦, ૧૧૮, ૧૪-પલ્યોપમ તથા પલ્યોપમ પૃથકત્વ સુધી રહી શકે. જઘન્યથી એક સમય રહે.*

*પુરુષવેદક જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ શત પૃથકત્વ રહે. નપુંસકવેદક જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અનંતકાળ-વનસ્પતિકાળ રહે.*

*અવેદક બે ભેદે છે — સાદિ અપર્યવસિત અને સાદિ સપર્યવસિત, તે જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.*

*સ્ત્રીવેદકનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. પુરુષવેદકનું જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, નપુંસકવેદકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ, અવેદકનું અંતર નથી.*

*અલ્પબહુત્વ - સૌથી થોડાં પુરુષવેદક, સ્ત્રીવેદક સંખ્યાતગણાં, અવેદક અનંતગણાં, નપુંસકવેદક અનંતગણા.*

● વિવેચન-૩૮૩ :-

અથવા બીજા પ્રકારે સર્વે જીવો ચાર ભેદે કહ્યાં છે — સ્ત્રીવેદક આદિ. કાયસ્થિતિ - સ્ત્રીવેદકને પૂર્વે ત્રિવિધ પ્રતિપત્તિમાં કહી છે, પુરુષવેદકને જઘન્ય અંતર્મુહૂર્ત્ત૦ - x - જેમ સ્ત્રીવેદકે નપુંસકવેદકને ઉપશમ શ્રેણીમાં ઉપશમ થાય, પછી એક સમય તે વેદ અનુભવી મરીને એક સમયતા કહી તેમ પુરુષવેદકની જઘન્યથી એક સમયતા કેમ ન થાય ? ઉપશમ શ્રેણીમાં મરીને બધાં પુરુષવેદમાં જ ઉપજે. બીજા વેદમાં નહીં, તેથી સ્ત્રી, નપુંસકમાં ઉક્ત જઘન્ય એક સમયતા સંભવે પુરુષવેદમાં નહીં. - x - પુરુષવેદકને ઉત્કૃષ્ટ સાગરોપમ શત પૃથકત્વ - x - નપુંસકને જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ.

અવેદક બે ભેદે - સાદિ અપર્યવસિતને ક્ષીણવેદ, સાદિ સપર્યવસિત તે ઉપશાંતવેદ, તે જઘન્યથી એક સમય. - x - ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત૦ અંતર વિચારણા-સ્ત્રીવેદકને જઘન્ય અંતર્મુહૂર્ત્ત - x - x - ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. પુરુષવેદનું અંતર જઘન્ય એક સમય - x - ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. નપુંસકવેદનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

અલ્પબહુત્વ - સૌથી થોડાં પુરુષવેદકો, કેમકે ત્રણે ગતિમાં અલ્પ છે. સ્ત્રીવેદક સંખ્યાતગણાં, તિર્યક્ ગતિમાં ત્રણ ગણાં હોવાથી ઈત્યાદિ, અવેદક અનંતગણાં, નપુંસકો તેથી અનંતગણા.





● સૂત્ર-૩૮૪ :-

*અથવા સર્વે જીવો ચાર ભેદે છે — ચક્ષુર્દર્શની, અચક્ષુર્દર્શની, અવધિદર્શની, કેવળદર્શની.*

*ભગવન્ ! ચક્ષુર્દર્શની તે જ રૂપે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક હજાર સાગરોપમ રહે.*

*અચક્ષુર્દર્શની બે ભેદે છે — અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત. - - - અવધિદર્શનીની જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ સાતિરેક બે છાસઠ સાગરોપમ કેવલદર્શન સાદિ અનંત.*

*ચક્ષુર્દર્શનીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. બંને અચક્ષુર્દર્શનીનું અંતર નથી. અવધિ દર્શનીનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. કેવળ દર્શનીને અંતર નથી.*

*અલ્પબહુત્વ - સૌથી થોડાં અવધિદર્શની, ચક્ષુર્દર્શની અસંખ્યાતગણા, કેવલદર્શની અનંતગણા, અચક્ષુર્દર્શની અનંતગણાં છે.*

● વિવેચન-૩૮૪ :-

અથવા બીજી રીતે સર્વે જીવો ચાર ભેદે કહ્યા — ચક્ષુર્દર્શની ઈત્યાદિ. તેઓની કાયસ્થિતિ કહે છે — ચક્ષુર્દર્શની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત - x - x - ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ સહસ્ર રહે. અચક્ષુર્દર્શની બે ભેદે - અનાદિ અપર્યવસિત, બીજા અનાદિ સપર્યવસિત - ભવ્ય વિશેષ જે મોક્ષે જશે.

અવધિદર્શની જઘન્યથી એક સમય - x - x - ઉત્કૃષ્ટથી બે છાસઠ સાગરોપમ સાતિરેક. તેમાં એક છાસઠ-વિભંગ જ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્ય અધઃસપ્તમીમાં ઉપજી ત્યાં ૩૩-સાગરોપમ રહી, ઉદ્વર્તના કાળે સમ્યકત્વ પામી, ફરી ત્યજે, વિભંગથી પૂર્વકોટી આયુમાં તિર્યંચમાં જન્મી ફરી અધઃસપ્તમીમાં ઉપજે. ત્યાં ૩૩-સાગરોપમ રહી ઉદ્વર્તના કાળે સમ્યકત્વ પામી ફરી ત્યજે. ફરી તિર્યંચ, ફરી સાતમી નારકી ઈત્યાદિ - x - x - હવે અંતરને કહે છે —

ચક્ષુર્દર્શનીનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત - x - ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ ઈત્યાદિ બધું સૂત્રાર્થ મુજબ જાણવું. વૃત્તિમાં એટલું વિશેષ છે કે ત્યાં કારણો રજૂ કરાયા છે. જે અહીં નોંધ્યા નથી - x - x - x - x - x - અલ્પબહુત્વમાં સૌથી થોડાં અવધિદર્શની છે કેમકે દેવ, નારક, ગર્ભજ તિર્યંચ-મનુષ્યમાં છે. તેનાથી ચક્ષુર્દર્શની અસંખ્યાતગણાં છે ઈત્યાદિ કહેવું.

● સૂત્ર-૩૮૫ :-

*અથવા સર્વે જીવો ચાર ભેદે કહ્યા છે. તે આ રીતે — સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયતનોઅસંયતનોસંયતાસંયત. ભગવન્ ! સંયત, સંયતરૂપે કેટલો કાળ રહે ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. અસંયતને અજ્ઞાની માફક કહેવા. સંયતાસંયત, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. નોસંયતનોઅસંયતનોસંયતાસંયત જીવો સાદિ અપર્યવસિત છે.*

*સંયત અને સંયતાસંયત બંનેનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત છે.*

*અસંયતમાં પહેલા બે માં અંતર નથી અને સાદિ સપર્યવસિતનું જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. ચોથાનું અંતર નથી.*

*અલ્પબહુત્વ - સૌથી થોડાં સંયતાસંયત, સંયત અસંખ્યાતગણાં, નોસંયત-નોઅસંયતનો સંયતાસંયત અનંતગણાં, અસંયત અનંતગણા છે. આ ચતુર્વિધ જીવો કહ્યા.*

● વિવેચન-૩૮૫ :-

અથવા બીજા પ્રકારે સર્વે જીવો ચાર ભેદે કહ્યા છે - સંયત આદિ. તેમની કાયસ્થિતિ કહે છે — સંયતની જઘન્ય એક સમય, કેમકે સર્વવિરતિ પરિણામના બીજા જ સમયે કોઈનું મરણ પણ થઈ શકે. ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી.

અસંયત ત્રણ પ્રકારે — અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં પહેલાંપ્રકારના અસંયત જે કદી સંયમ ન લે. બીજા પ્રકારના અસંયત સંયમ લેશે અને તે સંયમથી સિદ્ધિ પ્રાપ્ત કરશે. ત્રીજા પ્રકારના અસંયત તે છે જે સર્વ વિરતિ કે દેશ વિરતિથી પરિભ્રષ્ટ છે. આ ત્રીજા ભેદ વાળા જઘન્યથી અંતર્મુહૂર્ત રહે છે, પછી ફરી સંયતત્વ પામી શકે. ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી - કાળથી અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી અને ક્ષેત્રથી દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્તરૂપ છે.

સંયતાસંયતની જઘન્યથી અંતર્મુહૂર્ત છે. કેમકે આ સંયમની પ્રાપ્તિ ઘણાં ભાંગે થાય. ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી, બાલ્યકાળમાં તેના અભાવથી દેશોનતા કહી. નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત તે સિદ્ધ છે. તે સાદિ અપર્યવસિત છે.

હવે અંતર - સંયતનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત છે. આટલા કાળના અસંયતત્વ પછી ફરી સંયત થઈ શકે. ઉત્કૃષ્ટ અનંતકાળ - અનંત ઉત્સર્પિણી અવસર્પિણી આદિ.

અનાદિ અપર્યવસિત અસંયતને અંતર નથી. અનાદિ સપર્યવસિત અસંયતને પણ અંતર નથી. સાદિ સપર્યવસિત અસંયતનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી છે - x - સંયતાસંયતનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટથી સંયત માફક જાણવું. નોસયંત-નોઅસંયત-નોસંયતાસંયત સિદ્ધ છે. તે સાદિ અપર્યવસિત છે માટે અંતર નથી.

અલ્પબહુત્વ - સૌથી થોડાં સંયત છે, કેમકે તે સંખ્યાત કોટાકોટી પ્રમાણ છે, તેનાથી સંયતાસંયત અસંખ્યાત ગણાં છે કેમકે અસંખ્યાત તિર્યંચ દેશવિરતિવાળા છે. તેનાથી ત્રિતયપ્રતિષેધ અનંતગુણ, તેનાથી અસંયત અનંતગુણ.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**સર્વજીવ પ્રતિપત્તિ-૩-નો સટીકાનુવાદ પૂર્ણ**



## ❀ સર્વજીવ પ્રતિપત્તિ-૪-"પંચવિધા" ❀

-- x -- x -- x -- x -- x --

૦ ચતુર્વિધ સર્વે જીવો કહ્યા, હવે પંચવિધ કહે છે —

● સૂત્ર-૩૮૬,૩૮૭ :-

*તેમાં જેઓ એમ કહે છે કે સર્વે જીવો પાંચ ભેદે કહ્યા છે, તેઓ આમ કહે છે — ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયી. ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત તે જ રૂપે રહે છે. લોભકષાયી જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત તે જ રૂપે રહે. અકષાયી બે ભેદે પૂર્વવત્ કહેવા.*

*ક્રોધ-માન-માયા કષાયીનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. લોભકષાયીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત છે. અકષાયીનું અંતર પૂર્વવત્. અલ્પબહુત્વ—*

*[૩૮૭] અકષાયી સૌથી થોડાં, માનકષાયી અનંતગણાં, ક્રોધ-માયા-લોભકષાયી ક્રમશઃ વિશેષાધિક જાણવા.*

● વિવેચન-૩૮૬,૩૮૭ :-

સર્વે જીવો પાંચ ભેદે કહે છે — ક્રોધકષાયી ઈત્યાદિ - x - હવે કાયસ્થિતિ - ક્રોધ કષાયી જઘન્યથી અંતર્મુહૂર્ત. એ રીતે માન-માયા કષાયી કહેવા. લોભકષાયી જઘન્યથી એક સમય. - x - x -

અકષાયી બે ભેદે - સાદિ અપર્યવસિત તે કેવલી. સાદિ સપર્યવસિત તે ઉપશાંતકષાયી. તે જઘન્યથી એક સમય - x - ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત, ઉપશાંત મોહ ગુણસ્થાનક કાળ આ છે. બીજા કહે છે — જઘન્યથી પણ અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત - x - એવો વૃદ્ધવાદ છે. માત્ર જઘન્યથી ઉત્કૃષ્ટપદ વિશેષાધિક છે. લોભકષાયી જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.

હવે અંતર કહે છે — ક્રોધકષાયીનું અંતર જઘન્ય એક સમય છે. - x - ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. એ પ્રમાણે માન-માયા કષાયી સૂત્રમાં પણ કહેવી. લોભકષાયીનું અંતર જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત - x - અકષાયીમાં સાદિ અપર્યવસિત છે, તેમાં અંતર નથી. સાદિ સપર્યવસિતને જઘન્ય અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટ અનંતકાળ - x - x - અલ્પબહુત્વ વિચારણામાં સૌથી થોડાં અકષાયી, કેમકે સિદ્ધો જ અકષાયી છે. તેનાથી માનકષાયી અનંતગણાં છે. કેમકે નિગોદ જીવો અનંતગણાં છે. તેનાથી ક્રોધ-માયા-લોભ કષાયી ક્રમશઃ વિશેષાધિક છે.

● સૂત્ર-૩૮૮ :-

*અથવા સર્વે જીવો પાંચ ભેદે છે — નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ, સિદ્ધ. સંચિટ્ઠણા અને અંતર પૂર્વે કહ્યા મુજબ. અલ્પબહુત્વ - સૌથી થોડાં મનુષ્યો, નૈરયિક અસંખ્યાત ગણા, દેવો અસંખ્યાતગણાં, સિદ્ધો અનંતગણા, તિર્યંચો તેથી અનંતગણાં છે. આ પંચવિધા સર્વ જીવો કહ્યા.*

● **વિવેચન-૩૮૮ :-**

બીજા પ્રકારથી સર્વજીવોને પાંચ ભેદે કહ્યા — નૈરયિક આદિ. તેની કાયસ્થિતિ, અંતર આદિ પૂર્વે કહ્યા જ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**સર્વજીવ પ્રતિપત્તિ-૪-નો સટીકઅનુવાદ પૂર્ણ**

o — o — o — o — o — o — o

## ❁ સર્વજીવ પ્રતિપત્તિ-૫-''ષડ્‌વિધા'' ❁

— x — x — x — x — x —

o પાંચ ભેદે સર્વ જીવો કહ્યા, હવે છ ભેદે કહે છે —

● **સૂત્ર-૩૮૯ :-**

*તેમાં જે એમ કહે છે કે સર્વે જીવો છ ભેદે છે, તે એમ કહે છે — જીવો આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની અને અજ્ઞાની છ ભેદે છે.*

*ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાની, આભિનિબોધિક જ્ઞાની રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ. એ રીતે શ્રુતજ્ઞાની પણ છે. ભગવન્ ! અવધિજ્ઞાની ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ. ભગવન્ ! મનપર્યવજ્ઞાની ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. ભગવન્ ! કેવળજ્ઞાની ? સાદિ અપર્યવસિત. અજ્ઞાની ત્રણ ભેદે છે — અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિસપર્યવસિત. તેમાં સાદિ સપર્યવસિત જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ - - દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત.*

*અંતર - આભિનિબોધિક જ્ઞાનીનું જઘન્ય અંતરમુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ - દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત. એ રીતે શ્રુત અવધિ, મનઃપર્યવ જ્ઞાનીનું અંતર કહેવું. કેવળજ્ઞાનીને અંતર નથી. અજ્ઞાનીમાં સાદિ સપર્યવસિતનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ છે.*

*અલ્પબહુત્વ - સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાની છે, અવધિજ્ઞાની અસંખ્યાતગણાં, આભિનિબોધિક - શ્રુતજ્ઞાની વિશેષાધિક છે, તે સ્વસ્થાને બંને તુલ્ય છે. કેવળજ્ઞાની તેનાથી અનંતગણાં છે. અજ્ઞાની તેનાથી અનંતગણાં છે.*

*અથવા સર્વે જીવો છ ભેદે કહ્યાં છે — એકેન્દ્રિયો, બેઈન્દ્રિયો, તેઈન્દ્રિયો, ચઉરિન્દ્રિયો, પંચેન્દ્રિયો, અનિન્દ્રિયો, સંચિઠ્ઠણા અને અંતર પૂર્વવત્. અલ્પ બહુત્વ-સૌથી થોડાં પંચેન્દ્રિયો, ચઉરિન્દ્રિયો વિશેષાધિક, તેઈન્દ્રિયો વિશેષાધિક, બેઈન્દ્રિયો વિશેષાધિક, એકેન્દ્રિયો અનંતગણા, અનિન્દ્રિયો તેથી પણ*



*અનંતગણાં છે.*

● **વિવેચન-૩૮૯ :-**

કોઈ સર્વ જીવોને છ ભેદે કહે છે — આભિનિબોધિક જ્ઞાની આદિ. હવે કાયસ્થિતિ - આભિનિબોધિક જ્ઞાની જઘન્યથી અંતર્મુહૂર્ત, - x - ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬-સાગરોપમ. તે વિજયાદિમાં બે વખત જવાથી થાય. એ રીતે શ્રુતજ્ઞાની પણ કહેવા. - x - x - અવધિજ્ઞાની જઘન્યથી એક સમય - x - ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ. મનઃપર્યવજ્ઞાની જઘન્ય એક સમય - x - ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટી-ચારિત્રકાળ ઉત્કૃષ્ટથી આટલો જ હોય છે. કેવળ જ્ઞાની સાદિ સપર્યવસિત છે. અજ્ઞાની ત્રણ ભેદે - અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં સાદિ સપર્યવસિત જઘન્યથી અંતર્મુહૂર્ત છે - x - ઉત્કૃષ્ટ અનંત કાળ છે યાવત્ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત છે. - x -

અંતર વિચારણા - આભિનિબોધિક જ્ઞાનનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટ અનંતકાળ૦ એ પ્રમાણે શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાનીનું અંતર કહેવું. કેવળજ્ઞાનીને સાદિ અપર્યવસિતત્વથી અંતર નથી. અજ્ઞાનીમાં પણ અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને પણ અંતર નથી - x - સાદિ સપર્યવસિતનું જઘન્યથી અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટથી સાતિરેક છાસઠ સાગરોપમ.

અલ્પબહુત્વ - સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાની છે. તે પ્રમાદરહિત સંયતને જ થાય. તેનાથી અવધિજ્ઞાની અસંખ્યાત ગણાં. - x - તેનાથી મતિ-શ્રુત જ્ઞાની બંને સમાન પણ વિશેષાધિક. તેનાથી કેવળી અનંતગણાં, તેનાથી અજ્ઞાની અનંતગણા.

બીજા પ્રકારે સર્વ જીવોને છ ભેદે કહ્યાં છે — એક ઈન્દ્રિય આદિ. તેમની કાયસ્થિતિ, અંતર આદિ પૂર્વવત્.

● **સૂત્ર-૩૯૦ :-**

*અથવા સર્વે જીવો છ ભેદે છે — ઔદારિક શરીરી, વૈક્રિય શરીરી, આહારક શરીરી, તૈજસ શરીરી, કાર્મણ શરીરી, અશરીરી. - - - ભગવન્ ! ઔદારિક શરીરી, તે રૂપે કેટલો કાળ રહે ? જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ અંગુલના અસંખ્યાત ભાગ.*

*વૈક્રિયશરીરીની કાયસ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ છે. આહારક શરીરીની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત.*

*તૈજસશરીરી બે ભેદે — અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત. એ પ્રમાણે કાર્મણ શરીર પણ કહેવું.*

*અશરીરી સાદિ અપર્યવસિત છે.*

*અંતર - ઔદારિક શરીરીનું જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક ૩૩-સાગરોપમ. વૈક્રિય શરીરીનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ-વનસ્પતિકાળ. આહારકશરીરીનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્*

***દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. તૈજસ અને કાર્મણ શરીરીને અંતર નથી.***

***અલ્પબહુત્વ - સૌથી થોડાં આહારક શરીરી, વૈક્રિય શરીરી અસંખ્યાતગણાં, ઔદારિક શરીરી અસંખ્યાતગણાં, અશરીરી અનંતગણાં, તૈજસ-કાર્મણશરીરી બંને તુલ્ય અને અસંખ્યાતગણાં છે. તે આ ષડ્‌વિધા સર્વજીવો કહ્યાં છે.***

● **વિવેચન-૩૯૦ :-**

અથવા સર્વે જીવો છ પ્રકારે છે — ઔદારિક શરીરી આદિ. તેની કાયસ્થિતિ — ઔદારિક શરીરીની જઘન્ય બે સમય ન્યૂન ક્ષુલ્લકભવ ગ્રહણ, કેમકે વિગ્રહમાં બે સમય જાય છે. ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ૦ વૈક્રિય શરીરીની જઘન્ય એક સમય - x - ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ અંતર્મુહૂર્ત્ત અધિક. કેમકે કોઈ ચારિત્રવાન્ વૈક્રિયશરીર કરી અંતર્મુહૂર્ત્ત જીવીને અનુત્તર દેવ થાય. આહારક શરીરી બંને રીતે અંતર્મુહૂર્ત. તૈજસ અને કાર્મણ શરીરી બે ભેદે મુક્તિ ન જનાર, મુક્તિગામી. અશરીરી સાદિ અપર્યવસિત.

અંતર-ઔદારિક શરીરીનું જઘન્ય એક સમય - x - ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩-સાગરોપમ. વૈક્રિયશરીરીનું જઘન્યતી અંતર્મુહૂર્ત્ત અંતર ઈત્યાદિ બધું સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણવું. યુક્તિ પૂર્વ સૂત્રોમાં કહી છે, માટે અહીં પુનરુક્તિ કરી નથી.

અલ્પબહુત્વ - સૌથી થોડાં આહારકશરીરી છે, કેમકે ઉત્કૃષ્ટથી પણ તે બે થી નવ હજાર પ્રમાણ હોય. તેનાથી વૈક્રિય શરીરી અસંખ્યાતગણાં છે. કેમકે દેવ-નારકોને તથા કેટલાંક ગર્ભજને વૈક્રિયશરીર હોય છે. તેનાથી ઔદારિક શરીરી અસંખ્યાતગણાં છે. અહીં એક ઔદારિક શરીર જ ગ્રહણ કરવું. - x - x - તેનાથી તૈજસ અને કાર્મણશરીરી અનંતગણાં છે. પણ સ્વસ્થાને તે બંને પરસ્પર તુલ્ય છે. - x - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**સર્વજીવ પ્રતિપત્તિ-૫-નો સટીક અનુવાદ પૂર્ણ**

૦ — ૦ — ૦ — ૦ — ૦ — ૦ — ૦

## ❀ સર્વજીવ પ્રતિપત્તિ-૬-“સપ્તવિધા” ❀

— x — x — x — x — x —

૦ છ ભેદે સર્વ જીવો કહ્યા. હવે સાત ભેદે કહે છે —

● **સૂત્ર-૩૯૧ :-**

***તેમાં જે એમ કહે છે સર્વજીવો સાત ભેદે છે, તેઓ એમ કહે છે કે — પૃથ્વીકાયિક, અપ્‌કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક અને અકાયિક [સાત ભેદો છે.] તેની સંચિટ્ઠણા અને અંતર પૂર્વવત્.***



***અલ્પબહુત્વ - સૌથી થોડાં ત્રસકાયિક, તેઉકાયિક અસંખ્યાતગણાં, પૃત્વીકાયિક વિશેષાધિક, અપ્‌કાયિક વિશેષાધિક, વાયુકાયિક વિશેષાધિક, સિદ્ધો અનંતગણાં, વનસ્પતિ૦ અનંતગુણ.***

● **વિવેચન-૩૯૧ :-**

કોઈ સર્વ જીવોને સાત ભેદે કહે છે — પૃથ્વીકાયિકાદિ. તેની કાયસ્થિતિ, અંતર, અલ્પબહુત્વ પૂર્વવત્ કહેવું.

● **સૂત્ર-૩૯૨ :-**

***અથવા સર્વે જીવો સાત ભેદે છે — કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી, તેજોલેશ્યી, પદ્મલેશ્યી, શુક્લલેશ્યી, અલેશ્યી. ભગવન્ ! કૃષ્ણલેશ્યી જીવો, કૃષ્ણલેશ્યીપણે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩-સાગરોપમ. નીલલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતભાગ અધિક દશ સાગરોપમ. કાપોતલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમ. તેજોલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમ છે. પદ્મલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તાધિક દશ સાગરોપમ. શુક્લ લેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તાધિક ૩૩-સાગરોપમ. અલેશ્યી સાદિ અપર્યવસિત છે.***

***ભગવન્ ! કૃષ્ણલેશ્યીનું અંતર કેટલો કાળ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩-સાગરોપમ. એ પ્રમાણે નીલલેશ્યી અને કાપોતલેશ્યી પણ જાણવા. તેજોલેશ્યીનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે પદ્મલેશ્યી અને શુક્લલેશ્યીનું અંતર જાણવું. અલેશ્યીનું અંતર, ગૌતમ ! સાદિ અપર્યવસિતને અંતર નથી.***

***ભગવન્ ! આ કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી અને અલેશ્યી જીવોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં શુક્લલેશ્યી છે, પદ્મલેશ્યી સંખ્યાતગણા, તેજોલેશ્યી સંખ્યાતગણા, અલેશ્યી અનંતગણા, કાપોતલેશ્યી અનંતગણાં, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે. - x -***

● **વિવેચન-૩૯૨ :-** *[વૃત્તિનો સંક્ષેપ]*

અથવા સર્વે જીવો સાત ભેદે છે — કૃષ્ણલેશ્યાદિ૦ હવે તેની કાયસ્થિતિ - કૃષ્ણલેશ્યાની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત - x - ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩-સાગરોપમ, દેવ-નારકોને આશ્રીને કહેલ છે. - x - x - x - નીલલેશ્યી જઘન્યથી અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતભાગ અધિક દશ સાગરોપમ. ધૂમપ્રભાના પહેલા પ્રસ્તટના નારકીને આશ્રીને છે. - x - x - કાપોતલેશ્યી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતભાગ અધિક ત્રણ સાગરોપમ, વાલુકાના પ્રથમ પ્રસ્તટના નારકોને આશ્રીને કહેલ છે. તેજોલેશ્યી - x - ઉત્કૃષ્ટથી પલ્યોપમ અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમ. ઈશાન દેવનો જાણવો. પદ્મલેશ્યીની ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક દશ

સાગરોપમ, બ્રહ્મલોકવાસી દેવને આશ્રીને છે. શુક્લલેશ્યી ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત અધિક ૩૩-સાગરોપમ તે અનુત્તરદેવને આશ્રીને છે.

અંતર વિચારણા - કૃષ્ણલેશ્યીનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત અધિક ૩૩-સાગરોપમ. ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. કેટલીક યુક્તિ વૃત્તિમાં નોંધી છે.

અલ્પબહુત્વ - સૌથી થોડા શુક્લલેશ્યી - x - તેનાથી પદ્મલેશ્યી સંખ્યાતગણાં ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું વિશેષ એ કે વૃત્તિકારશ્રીએ અહીં કારણો નોંધ્યા છે. જેમકે લાંતકાદિ દેવો તથા પર્યાપ્તા ગર્ભજ કેટલાંક પંચેન્દ્રિયને શુક્લ લેશ્યા હોય છે ઈત્યાદિ વૃત્તિમાં ખાસ જોવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**સર્વજીવ પ્રતિપત્તિ-૬-નો સટીક અનુવાદ પૂર્ણ**

૦ — ૦ — ૦ — ૦ — ૦ — ૦ — ૦

## સર્વજીવ પ્રતિપત્તિ-૭-“અષ્ટવિધા”

— x — x — x — x — x —

૦ સર્વજીવો સાત ભેદે કહ્યા, હવે આઠ ભેદે કહે છે —

● **સૂત્ર-૩૯૩ :-**

*તેમાં જેઓ એમ કહે છે કે સર્વે જીવો આઠ ભેદે છે, તેઓ આમ કહે છે — આભિનિબોધિકજ્ઞાની યાવત્ કેવળજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની.*

*ભગવન્ ! આભિનિબોધિકજ્ઞાની, તે રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ. એ પ્રમાણે શ્રુતજ્ઞાની પણ કહેવા. અવધિજ્ઞાની૦ ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬-સાગરોપમ. મનઃપર્યવ જ્ઞાની૦ ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. કેવળજ્ઞાની૦ ? સાદિ અપર્યવસિત છે. મતિઅજ્ઞાની૦ ? તે ત્રણ ભેદે છે - અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત. શ્રુત અજ્ઞાની એ પ્રમાણે જ છે. વિભંગજ્ઞાની૦ ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી અધિક તેત્રીશ સાગરોપમ.*

*ભગવન્ ! આભિનિબિધોક જ્ઞાનીનું અંતર કેટલો કાળ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. એ પ્રમાણે શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની પણ કહેવા. કેવલજ્ઞાનીનું અંતર૦ ? સાદિ અપર્યવસિતને અંતર નથી. મતિઅજ્ઞાનીનું અંતર૦ ? અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને અંતર નથી. સાદિ સપર્યવસિતનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬-સાગરોપમ. એ રીતે શ્રુત અજ્ઞાની પણ જાણવા. વિભંગજ્ઞાનીનું અંતર૦ ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.*



*ભગવન્ ! આ આભિનિબોધિક જ્ઞાનીથી લઈને વિભંગજ્ઞાની એ આઠમાં કોણ કોનાથી અલ્પ-બહુ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાની જીવો છે, અવધિજ્ઞાની તેથી અસંખ્યાતગણા છે. આભિનિબોધિક અને શ્રુત જ્ઞાની બંને તુલ્ય અને પૂર્વથી વિશેષાધિક છે, વિભંગજ્ઞાની અસંખ્યાતગણાં, કેવળજ્ઞાની અનંતગણા, મતિ-શ્રુતઅજ્ઞાની બંને તુલ્ય છે અને પૂર્વથી અનંતગણા છે.*

● **વિવેચન-૩૯૩ :-**

તેમાં કેટલાંક કહે છે — સર્વે જીવો આઠ ભેદે છે - આભિનિબોધિકજ્ઞાની ઈત્યાદિ. કાયસ્થિતિ ચિંતા — આભિનિબોધિક જ્ઞાની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬-સાગરોપમ. એ રીતે શ્રુતજ્ઞાની પણ કહેવા. [શેષ સૂત્રાર્થવત્ જાણવું કેમકે વૃત્તિમાં મહદ્અંશે સંસ્કૃત રૂપાંતર જ છે.]

અંતર વિચારણા - આભિનિબોધિક જ્ઞાનીનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. એ પ્રમાણે શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાનીનું પણ કહેવું. કેવળજ્ઞાની સાદિ સપર્યવસિત છે, તેથી અંતર નથી. એ રીતે અજ્ઞાનીને પણ સૂત્રાર્થ મુજબ જાણી લેવા.

અલ્પબહુત્વ - સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાની છે, તેનાથી અવધિજ્ઞાની અસંખ્યાતગણાં છે ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. વિશેષ એ કે સિદ્ધો અનંતગુણ હોવાથી કેવળજ્ઞાની અનંતગણાં કહ્યા, બાકી બધે પૂર્વવત્ ભાવના કરવી.

● **સૂત્ર-૩૯૪ :-**

*અથવા સર્વે જીવો આઠ ભેદે છે — નૈરયિક, તિર્યંચયોનિક, તિર્યંચયોનિની, મનુષ્ય, માનુષી, દેવ, દેવી, સિદ્ધ.*

*ભગવન્ ! નૈરયિક કેટલો કાળ તે રૂપે જ રહે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. તિર્યંચયોનિક૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. તિર્યંચયોનિની૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ. એ રીતે મનુષ્ય, માનુષી કહેવા. દેવો, નૈરયિકવત્ કહેવા. દેવી૦ ? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ. સિદ્ધ, સિદ્ધરૂપે કેટલો કાળ રહે ? સાદિ અપર્યવસિત.*

*ભગવન્ ! નૈરયિકનું અંતર કાળથી કેટલો કાળ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. તિર્યંચયોનિકનું અંતર૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શતપૃથકત્વ. તિર્યંચયોનિનીનું અંતર૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, એ રીતે મનુષ્ય, માનુષી, દેવ, દેવીનું પણ જાણવું, સિદ્ધનું અંતર ? સાદિ અપર્યવસિત છે.*

*ભગવન્ ! આ નૈરયિક યાવત્ સિદ્ધ, એ આઠેમાં કોણ કોનાથી અલ્પાદિ*

***છે ? ગૌતમ ! સૌથી થોડાં મનુષ્યો, માનુષી અસંખ્યાતગણી, નૈરયિક અસંખ્યાતગણાં, તિર્યંચયોનિની અસંખ્યાતગણી, દેવો સંખ્યાતગણા, દેવી સંખ્યાતગણી, સિદ્ધો અનંતગણા, તિર્યંચયોનિકો અનંતગણાં છે. - x - x -***

● વિવેચન-૩૯૪ :-

બીજા પ્રકારે સર્વ જીવો આઠ ભેદે છે — નૈરયિક આદિ. તેમાં નૈરયિકથી દેવી સુધીની કાયસ્થિતિ અને અંતર સંસારી સપ્તવિધા પ્રતિપત્તિવત્ જાણવા. સિદ્ધની કાયસ્થિતિ સાદિ અપર્યવસિત, અંતર નથી. અલ્પબહુત્વ - સૌથી થોડાં મનુષ્યો છે, સંખ્યાત કોટીકોટી પ્રમાણથી. તેનાથી માનુષી અસંખ્યાત ગણી ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. યુક્તિ પૂર્વવત્ છે.

| મુનિ દીપરત્નસાગરે કરેલ |
|---|
| સર્વજીવ પ્રતિપત્તિ-૭-નો સટીક અનુવાદ પૂર્ણ |

o — o — o — o — o — o — o

## ❀ સર્વજીવ પ્રતિપત્તિ-૮-"નવવિધા" ❀

— x — x — x — x — x —

o સર્વ જીવો આઠ ભેદે કહ્યા, હવે નવભેદ કહે છે —

● સૂત્ર-૩૯૫ :-

***તેમાં જે એમ કહે છે કે સર્વે જીવો નવ ભેદે છે, તે આ પ્રમાણે જણાવે છે — એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, નૈરયિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ, સિદ્ધ.***

***ભગવન્ ! એકેન્દ્રિય, એકેન્દ્રિયપણે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. બેઈન્દ્રિયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ, એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયની પણ કહેવી. નૈરયિકની૦ ? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. પંચેન્દ્રિય તિર્યંચયોનિકની૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વાધિક ત્રણ પલ્યોપમ. એ પ્રમાણે મનુષ્યની છે. દેવોની નૈરયિક મુજબ છે. સિદ્ધોની કાયસ્થિતિ૦ ? સાદિ અપર્યવસિત.***

***ભગવન્ ! એકેન્દ્રિયનું અંતર કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ. બેઈન્દ્રિયનું અંતર૦ ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયનું નૈરયિકોનું, પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું, મનુષ્યનું, દેવનું, બધાંનું અંતર આ પ્રમાણે કહેવું. સિદ્ધનું અંતર૦ ? સાદિ અપર્યવસિત છે, અંતર નથી.***

***ભગવન્ ! આ એકેન્દ્રિય યાવત્ સિદ્ધ, એ નવેમાં કોણ કોનાથી અલ્પાદિ***



***છે ? ગૌતમ ! સૌથી થોડાં મનુષ્યો, નૈરયિક અસંખ્યાતગણાં, દેવો અસંખ્યાતગણાં, પંચેન્દ્રિય તિર્યંચયોનિક અસંખ્યાતગણાં, ચઉરિન્દ્રિય વિશેષાધિક, તેઈન્દ્રિયો વિશેષાધિક, બેઈન્દ્રિયો વિશેષાધિક, સિદ્ધો અનંતગણાં, એકેન્દ્રિય અનંતગણા.***

● વિવેચન-૩૯૫ :-

સર્વે જીવો નવ ભેદે છે — એકેન્દ્રિય આદિ. કાયસ્થિતિ વિચારણા - એકેન્દ્રિયની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. બેઈન્દ્રિયની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ. એ રીતે ત્રણ-ચાર ઈન્દ્રિયોને પણ કહેવા. બાકી સૂત્રાર્થવત્ જાણવું.

અંતર વિચારણા - એકેન્દ્રિયનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સંખ્યેય વર્ષાધિક બે હજાર સાગરોપમ. ઈત્યાદિ.

અલ્પબહુત્વ - સૌથી થોડાં મનુષ્યો, નૈરયિકો તેથી અસંખ્યાતગણાં છે, ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

● સૂત્ર-૩૯૬ :-

***અથવા સર્વજીવો નવ ભેદે કહ્યા. તે આ - પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચયોનિક, અપ્રથમ સમય તિર્યંચયોનિક, પ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય દેવ, અપ્રથમ સમય દેવ અને સિદ્ધ.***

***ભગવન્ ! પ્રથમ સમય નૈરયિક, તે જ રૂપે કેટલો સમય રહે ? ગૌતમ ! એક સમય. અપ્રથમ સમય નૈરયિકની કાયસ્થિતિ જઘન્ય સમય ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સમય ન્યૂન ૩૩-સાગરોપમ. પ્રથમ સમય તિર્યંચયોનિકની એક સમય. અપ્રથમ સમય તિર્યંચ યોનિકની જઘન્ય સમયન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. પ્રથમ સમય મનુષ્યની એક સમય, અપ્રથમ સમય મનુષ્યની જઘન્યથી સમયન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વાધિક ત્રણ પલ્યોપમ, દેવની નૈરયિકવત્ કહેવી. સિદ્ધની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! સાદિ અપર્યવસિત.***

***ભગવન્ ! પ્રથમ સમય નૈરયિકનું અંતર કાળથી કેટલું છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમસમય નૈરયિકનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. પ્રથમ સમય તિર્યંચયોનિકનું અંતર જઘન્યથી સમયન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, અપ્રથમ સમય તિર્યંચયોનિકનું અંતર જઘન્ય સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમસત પૃથકત્વ. પ્રથમ સમય મનુષ્યની પ્રથમ સમય તિર્યંચયોનિકવત્ કહેવું. અપ્રથમ સમય મનુષ્યનું અંતર જઘન્ય સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. પ્રથમ સમય દેવનું પ્રથમ સમય નૈરયિકવત્ જાણું. અપ્રથમ સમય દેવું અપ્રથમ સમય નૈરયિકવત્ જાણવું. સિદ્ધનું અંતર૦ ? સાદિ અપર્યવસિત છે, તેમનું અંતર નથી.***

***ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચયોનિક, પ્રથમ***

સમય મનુષ્ય, પ્રથમ સમય દેવોમાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ? ગૌતમ ! સૌથી થોડાં પ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણાં, પ્રથમ સમય દેવ અસંખ્યાતગણાં, પ્રથમ સમય તિર્યંચ૦ અસંખ્યાતગણાં.

ભગવન્ ! આ અપ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય તિર્યંચયોનિક, અપ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય દેવોમાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ? ગૌતમ ! સૌથી થોડાં અપ્રથમ સમય મનુષ્યો, અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા, અપ્રથમ સમય દેવ અસંખ્યાતગણા, અપ્રથમ સમય તિર્યંચયોનિક અનંતગણાં છે.

ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિકમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડાં પ્રથમ સમય નૈરયિક છે. અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણાં.

ભગવન્ ! આ પ્રથમ૦ અને અપ્રથમ સમય તિર્યંચયોનિકમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પ્રથમ સમય તિર્યંચ, અપ્રથમ સમય તિર્યંચયોનિક અનંતગણાં છે.

મનુષ્ય, દેવનું અલ્પબહુત્વ નૈરયિકવત્ કહેવું.

ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિકથી અપ્રથમ સમય દેવ અને સિદ્ધોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પ્રથમ સમય મનુષ્યો, અપ્રથમ૦ મનુષ્યો અસંખ્યાતગણા, પ્રથમ૦ નૈરયિક અસંખ્યાતગણા, પ્રથમ૦ દેવ અસંખ્યાતગણા, પ્રથમ૦ તિર્યંચ૦ અસંખ્યાતગણા, અપ્રથમ૦ નૈરયિક અસંખ્યાતગણાં, અપ્રથમ૦ દેવ અસંખ્યાતગણાં, સિદ્ધો અનંતગણાં, અપ્રથમ૦ તિર્યંચ૦ અનંતગણાં. તે નવ ભેદે સર્વ જીવો કહ્યા.

● વિવેચન-૩૯૬ :-

અથવા બીજી રીતે નવ ભેદે સર્વે જીવો કહ્યા છે — પ્રથમ સમય નૈરયિક ઈત્યાદિ. કાયસ્થિતિ - પ્રથમ સમય નૈરયિકની કાયસ્થિતિ એક સમય. ઈત્યાદિ સૂત્રાર્થવત્.

અંતર વિચારણા - પ્રથમ સમય નૈરયિકનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત અધિક દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ઈત્યાદિ સમગ્ર વૃત્તિ પ્રાયઃ સૂત્રાર્થ મુજબ જાણવી.

હવે અલ્પબહુત્વ વિચારણા - અહીં ચાર પ્રકારે અલ્પબહુત્વ કહેલ છે. (૧) પ્રથમ, (૨) અપ્રથમ, (૩) પ્રથમ-અપ્રથમ નૈરયિકાદિ ભિન્ન ભિન્ન. (૪) પ્રથમ-અપ્રથમ સામુદાયિક.

વૃત્તિનું શેષ કથન નોંધેલ નથી, તે સૂત્રાર્થવત્ જ છે. - x - x - x - x - સૂત્રાર્થ મુજબ સમજી લેવું. - x - x -

o — o — o — o — o — o — o



## ❀ સર્વજીવ પ્રતિપત્તિ-૯-"દશવિધા" ❀

— x — x — x — x — x —

o નવ ભેદે સર્વ જીવો કહ્યા, હવે દશ ભેદે કહે છે —

● સૂત્ર-૩૯૭ :-

તેમાં જેઓ દશ ભેદે સર્વ જીવો કહે છે, તે આ પ્રમાણે કહે છે — પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ વાયુ૦ વનસ્પતિકાયિક, બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિય, અનિન્દ્રિય.

ભગવન્ ! પૃથ્વીકાયિક, તે રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ - અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક. એ પ્રમાણે અપ્-તેઉ-વાયુકાયિક કહેવા. વનસ્પતિકાયિકની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. બેઈન્દ્રિયની જઘન્ય અંતર્ મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ, એ પ્રમાણે ત્રણ-ચાર ઈન્દ્રિય કહેવા. પંચેન્દ્રિયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ સહસ્ર. અનિન્દ્રિયની સાદિ અપર્યવસિત છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકનું અંતર કાળથી કેટલું છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ પ્રમાણે અપ્-તેઉ-વાયુકાયનું જાણવું. વનસ્પતિકાળનું અંતર પૃથ્વીકાયિકની સંચિઠ્ઠણા મુજબ જાણવું. અનિન્દ્રિયનું અંતર કેટલું છે ? સાદિ અપર્યવસિત છે, અંતર નથી.

ભગવન્ ! આ પૃથ્વીકાયિક યાવત્ અનિન્દ્રિય એ દશમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પંચેન્દ્રિયો, ચઉરિન્દ્રિય વિશેષાધિક, તેઈન્દ્રિય વિશેષાધિક, બેઈન્દ્રિય વિશેષાધિક, તેઉકાયિક અસંખ્યાતગણા, પૃથ્વી૦ વિશેષાધિક, અપ્૦ વિશેષાધિક, વાયુ૦ વિશેષાધિક, અનિન્દ્રિય અનંતગણા છે. તેથી વનસ્પતિકાયિક અનંતગણાં છે.

● વિવેચન-૩૯૭ :-

કેટલાંક માને છે - સર્વ જીવો દશ ભેદે છે — પૃથ્વીકાયિક આદિ. તેમાં પૃથ્વીકાયિકની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ છે. એ રીતે સૂત્રાર્થ મુજબ બધાંની કાયસ્થિતિ જાણવી. - x - x - x - અંતર વિચારણા - પૃથ્વીકાયિકનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ ઈત્યાદિ - x - x - અલ્પબહુત્વમાં - સૌથી થોડાં પંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય વિશેષાધિક ઈત્યાદિ બધું સૂત્રાર્થ અનુસાર જાણવું.

● સૂત્ર-૩૯૮ :-

અથવા સર્વે જીવો દશ ભેદે કહ્યા છે તે આ — પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચયોનિક, અપ્રથમ સમય તિર્યંચયોનિક, પ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય દેવ, અપ્રથમ સમય દેવ, પ્રથમ સમય સિદ્ધ અને અપ્રથમ સમય સિદ્ધ [એ દશ.]

ભગવન્ ! પ્રથમ સમય નૈરયિક. તે જ રૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! એક સમય. અપ્રથમ સમય નૈરયિક૦ ? જઘન્ય સમયન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ

*સમયન્યૂન તેત્રીશ સાગરોપમ. પ્રથમ સમય તિર્યંચયોનિક૦ ? એક સમય. અપ્રથમ સમય તિર્યંચ૦ જઘન્ય સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. પ્રથમ સમય મનુષ્યની૦ ? એક સમય. અપ્રથમ સમય મનુષ્યની૦ ? જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ. દેવની નૈરયિકવત્ જાણવી. પ્રથમ સમય સિદ્ધની૦ ? એક સમય. અપ્રથમ સમય સિદ્ધની ? સાદિ અપર્યવસિત.*

*ભગવન્ ! પ્રથમ સમય નૈરયિકનું અંતર કેટલો કાળ હોય ? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. અપ્રથમ૦ નૈરયિકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. પ્રથમ૦ તિર્યંચ૦ નું અંતર સમય ન્યૂન બે ક્ષુલ્લકભવ ગ્રહણ જઘન્યથી, ઉત્કૃષ્ટથી વન૦ અપ્રથમ૦ તિર્યંચનું જઘન્ય સમય અધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમશત પૃથક્ત્વ પ્રથમ૦ મનુષ્યનું જઘન્ય સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વન૦, અપ્રથમ૦ મનુષ્યનું જઘન્ય સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વન૦, દેવનું અંતર નૈરયિકવત્ છે. પ્રથમ સમય સિદ્ધનું અંતર નથી. અપ્રથમ સમયસિદ્ધનું અંતર - સાદિ અપર્યવસિત હોવાથી અંતર નથી.*

*ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક - તિર્યંચ-મનુષ્ય-દેવ-સિદ્ધમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડા પ્રથમ સમય સિદ્ધ છે. પ્ર૦ મનુષ્યો અસંખ્યાતગણા, પ્ર૦ નૈરયિક અસંખ્યાતગણા, પ્ર૦ દેવ અસંખ્યાતગણાં, પ્ર૦ તિર્યંચ અસંખ્યાત૦ છે.*

*ભગવન્ ! આ અપ્રથમ સમય નૈરયિક યાવત્ સિદ્ધમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડાં અપ્રથમ સમય મનુષ્યો, અ૦ નૈરયિક અસંખ્યાતગણાં, અ૦ દેવો અસં૦, અ૦ સિદ્ધો અનંતગણાં, તેથી અપ્રથમ સમય તિર્યંચો અનંતગણાં છે.*

*ભગવન્ ! આ પ્રથમ-અપ્રથમ સમય નૈરયિકોમાં૦ ? સૌથી થોડાં પ્રથમ સમય નૈરયિક છે. અપ્રથમ અસંખ્યાતગણા.*

*ભગવન્ ! આ પ્રથમ-અપ્રથમ સમય તિર્યંચોમાં૦ ? પ્રથમ સમય તિર્યંચ સૌથી થોડાં, અપ્રથમ૦ અનંતગણા.*

*ભગવન્ ! આ પ્રથમ-અપ્રથમ સમય મનુષ્યોમાં૦ ? સૌથી થોડાં પ્રથમ સમય મનુષ્યો. અપ્રથમ૦ અસંખ્યાતગણા.*

*મનુષ્યોની માફક દેવો કહેવા.*

*ભગવન્ ! આ પ્રથમ-અપ્રથમ સમય સિદ્ધોમાં૦ ? સૌથી થોડા પ્રથમ સમય સિદ્ધો, અપ્રથમ૦ અનંતગણાં.*

*ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય સિદ્ધોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડાં પ્રથમ સમય સિદ્ધ, પ્ર૦ મનુષ્યો અસંખ્યાતગણાં, અ૦ મનુષ્યો અસં૦, પ્ર૦ નૈરયિક અસં૦, પ્ર૦ દેવો અસંખ્યાતગણાં, પ્ર૦ તિર્યંચ*



*અસં૦, અ૦ નૈરયિક અસં૦, અ૦ દેવ અસં૦, અપ્રથમ૦ સિદ્ધો અનંતગણા, અ૦ તિર્યંચ અનંતગણાં છે. - x - x - x -*

● **વિવેચન-૩૯૮ :-** *[વૃત્ત્યર્થ સંક્ષેપમાં]*

બીજા પ્રકારે સર્વે જીવો દશ ભેદે છે - અપ્રથમ સમય નૈરયિક ઈત્યાદિ. કાયસ્થિતિ અને અંતર પ્રથમ સમય નારકીથી દેવ સુધી પૂર્વવત્. પ્ર૦ સિદ્ધની એક સમય આદિ સૂત્રાર્થવત્.

અલ્પબહુત્વ ચાર પ્રકારે છે. (૧) પ્રથમનું, (૨) અપ્રથમનું (૩) પ્રથમ-અપ્રથમ નૈરયિકાદિ પૃથક્, (૪) પ્રથમ-અપ્રથમનું સમુદિત. આ ચારેને સૂત્રાર્થવત્ જાણવા. પુનરુક્તિ કરતાં નથી.

નિગમન - તે આ દશ ભેદે સર્વ જીવો કહ્યા.

મહાનિગમન - તે આ સર્વ જીવાભિગમ કહ્યું.

**મુનિ દીપરત્નસાગરે સર્વજીવ પ્રતિપત્તિનો ટીકા સહિતનો કરેલ અનુવાદ પૂર્ણ થયો**

## —: જીવાભિગમ સૂત્ર સટીક અનુવાદ પૂર્ણ :—

-- o -- o -- o -- o --

## 卐 ભાગ-૧૯-પૂરો થયો 卐

પુષ્પ-ગંધ-માલા-અલંકારથી, સર્વ ત્રુટિત શબ્દ નિનાદથી, મહા ઋદ્ધિ, મહા દ્યુતિ, મહાબલ, મહા સમુદય, મહા શ્રેષ્ઠ ત્રુટિત યુગપત્ પટુ પ્રવાદિત અવાજથી — શંખ, પ્રણવ, પટહ, ભેરી, ઝલ્લરી, ખરમુખી, હુડુક્ક, દુંદુભી, નિર્ઘોષ નાદિત રવથી. વ્યાખ્યા પૂર્વવત્.

જ્યાં સિદ્ધાયતન છે, ત્યાં જાય છે. જઈને સિદ્ધાયતનને પ્રદક્ષિણા કરીને પૂર્વ દ્વારથી પ્રવેશે છે. પ્રવેશીને જિનપ્રતિમાને જોતાંની સાથે જ પ્રણામ કરે છે. કરીને જ્યાં મણિપીઠિકામાં જ્યાં દેવ છંદક છે, ત્યાં જિનપ્રતિમા છે, ત્યાં જાય છે. જઈને મોરપીંછી ફેરવે છે, ફેરવીને જિનપ્રતિમાને પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારા વડે સ્નાન કરાવે છે. સ્નાન કરાવીને સરસ આર્દ્ર ગોશીર્ષ ચંદનથી શરીરને લીંપે છે. લીંપીને અપરિમલિત દિવ્ય દેવદૂષ્ય યુગલ પહેરાવે છે. પહેરાવીને અપરિભુક્ત પ્રધાન ગંધ અને માળા વડે અર્ચા કરે છે.

આ જ વાતને વિસ્તારપૂર્વક જણાવે છે — પુષ્પારોપણ, માલ્યારોપણ, વર્ણકારોપણ, ચૂર્ણારોપણ, ગંધારોપણ, આભરણ-આરોપણ કરે છે. કરીને તે જિનપ્રતિમાની આગળ સ્વચ્છ, મસૃણ, રજતમય, સ્વચ્છરસ, નિકટ વસ્તુ પ્રતિબિંબ આધારરૂપ એવા અતિ નિર્મળ, તેવા તંદુલ. તેના વડે આઠ-આઠ સ્વસ્તિકાદિ મંગલોનું આલેખન કરે છે. - x -

कयग्गाहगहिय - મૈથુનના પ્રથમ આરંભમાં મુખ ચુંબનાદિ અર્થે યુવતીના વાળને પાંચ આંગળી વડે ગ્રહણ કરવા તે કચગ્રાહ. તે કચગ્રાહથી ગ્રહણ કરેલ, કરતલથી છોડેલ તે કરતલપ્રભ્રષ્ટ વિમુક્ત. તેમ પંચવર્ણી કુસુમ સમૂહથી પુષ્પના પુંજની જેમ ઉપચાર — પૂજા, તેના વડે યુક્ત કરે છે.

— કરીને ચંદ્રપ્રભ, વજ, વૈડૂર્ય વિમલ દંડ જેનો છે તે તથા તે કાંચન, મણિરત્ન ભક્તિ ચિત્ર, કાલાગરુ-પ્રવર કુંદુરુક્ક - તુરુક્ક ધૂપથી ગંધોત્તમથી અનુવિદ્ધ, તે ધૂપવર્તીને છોડતી, વૈડૂર્યમય ધૂપકડછાંને ગ્રહણ કરીને, જિનેશ્વરને ધૂપ દઈને. પછી સાત-આઠ ડગલાં પાછળ જઈને, દશ આંગળી વડે મસ્તકે અંજલિ કરીને વિશુદ્ધ-નિર્મળ, લક્ષણ દોષ રહિત. જે ગ્રંથ - શબ્દ સંદર્ભ, તેના વડે યુક્ત, ૧૦૮ સંખ્યામાં, તે અર્થ વડે યુક્ત, અપુનરુક્ત, મહાવૃત્ત, તથાવિધ દેવ લબ્ધિના પ્રભાવથી સ્તુતિ કરે છે.

સ્તુતિ કરીને ડાબો ઘુંટણ ઉંચો કરે છે. જમણો ઘુંટણ ધરણિતલે લગાડે છે. ત્રણ વખત મસ્તક ધરણિતલે નમાવે છે, નમાવીને, કંઈક મસ્તક ઉંચુ કરે છે. કરીને કટક અને ત્રુટિત વડે સ્તંભિત ભુજાને સંકોચે છે. સંહરીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને કહ્યું —

નમસ્કાર થાઓ. દેવાદિ વડે અતિશય પૂજાને યોગ્ય હોવાથી અરહંત, તેમને. તે અરહંત નામાદિ રૂપે પણ હોય, તેથી ભાવ અર્હત્‌ને જણાવવા માટે કહે છે — ભગવંતને અર્થાત્ ભગ - સમગ્ર ઐશ્વર્યાદિ લક્ષણ, તે જેને છે, તે ભગવંત આદિ -

E :\Maharaj Saheib\Adhayan-19\Book-19C\ PROOF-1) (108)



ધર્મની પ્રથમ પ્રવૃત્તિને કરવાના સ્વભાવવાળા તે આદિકર.

(તથા) તીર્થ, તેને કરવાના સ્વભાવવાળા તે તીર્થંકર, स्वयं - બીજા ઉપદેશ વિના સમ્યક્ વર બોધિ પ્રાપ્ત, बुद्ध - મિથ્યાત્વ, નિદ્રા જતાં સંબોધ પામેલ. તે સ્વયં સંબુદ્ધ, પુરુષોમાં ઉત્તમ તે પુરુષોત્તમ ભગવંત જ સંસારમાં વસતા સદા પરાર્થ વ્યસની, સ્વાર્થને ઉપસર્જન કરેલ, અદીન ભાવથી ઉચિત ક્રિયા કરનાર, કૃતજ્ઞતા અને આતપ વડે અનુપહત ચિત્તવાળા, દેવગુરુ બહુમાની થાય છે માટે પુરુષોત્તમ.

પુરુષ, સિંહ જેવા. કર્મરૂપી હાથી પ્રત્યે સિંહ સમાન. પુરુષ - શ્રેષ્ઠ પુંડરીકવત્. સંસારજલના અસંગાદિથી ધર્મકલાપ વડે પુરુષવરપુંડરીક. પુરુષ-શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન, પરચક્ર-દુર્ભિક્ષ-મારી આદિ ક્ષુદ્ર ગજને દૂર કરે છે માટે - તથા -

લોક-ભવ્યસત્ત્વલોક, તેને સકલ કલ્યાણ એક નિબંધનપણાથી ભવ્યત્વ ભાવથી ઉત્તમ તે લોકોત્તમ. લોકભવ્યલોકના નાથ-યોગક્ષેમકૃત્ તે લોકનાથ. તેમાં યોગ - બીજાધાન ઉદ્‌ભેદ પોષણકરણ. ક્ષેમ - તેના ઉપદ્રવના અભાવને પામવો. લોક-પ્રાણિલોક કે પંચાસ્તિકાયાત્મક, હિતોપદેશથી સમ્યક્ પ્રરૂપણાથી કે હીત તે લોકહિત. લોક-દેશના યોગ્ય વિશિષ્ટ પ્રદીપ-દેશના કિરણ વડે યથાવસ્થિત વસ્તુ પ્રકાશક, તે લોકપ્રદીપ. લોક-ઉત્કૃષ્ટ મતિ ભવ્ય સત્વ લોકનો પ્રદ્યોત-પ્રદ્યોતકત્વ-વિશિષ્ટ જ્ઞાન શક્તિ, તેને કરવાના સ્વભાવવાળા તે લોકપ્રદ્યોતકર. - x - ભગવંતના પ્રસાદથી તત્ક્ષણ જ ભગવંત ગણધરને વિશિષ્ટ જ્ઞાન સંપત્ સમન્વિત કરે છે, જેના લીધે દ્વાદશાંગીની રચના થાય છે.

अभय - વિશિષ્ટ આત્માનું સ્વાસ્થ્ય, નિઃશ્રેયસ ધર્મભૂમિકા નિબંધનરૂપ, પરમ ધૃતિ. તે અભયને આપે તે અભયદા. આ રીતે બધે જાણવું. તથા चक्षु - વિશિષ્ટ ગુણ સ્થાનને પ્રાપ્ત કરાવનાર ગુણ, સ્વરસવાહી ક્ષયોપશમ વિશેષને આપે તે માર્ગદા. शरण - સંસાર કાંતારગત, અતિપ્રબળ રાગ-આદિથી પીડિતોને સમ આશ્વાસન સ્થાનરૂપ-તત્ત્વ ચિંતારૂપ અધ્યવસાન, તેને દેનાર તે શરણદા.

बोधि - જિનપ્રણિત ધર્મપ્રાપ્તિ, તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ સમ્યગ્દર્શનરૂપ આપે છે તે બોધિદા તથા ધર્મ - ચારિત્રરૂપ આપે તે ધર્મદા. કઈ રીતે ? તે કહે છે —

ધર્મ દેશના દેવાથી ધર્મદેશક, ધર્મના નાયક - સ્વામી તેના વશીકરણ અને તેના ફળના પરિભોગથી. ધર્મના સારથી જેવા, સમ્યક્ પ્રવર્તન યોગથી. ધર્મ જ वर - પ્રધાન, ચતુરંતના હેતુથી ચતુરંત, ચક્રની જેમ તે ચતુરંતચક્ર, તેના વડે વર્તવાના સ્વભાવવાળા, તે ધર્મવર ચતુરંત ચક્રવર્તી તથા અપ્રતિહત-અપ્રતિસ્ખલિત કેમકે ક્ષાયિક છે. वर - પ્રધાન, જ્ઞાન-દર્શનને ધારણ કરે છે તેથી અપ્રતિહતવરજ્ઞાનદર્શનધર. छादयति - આવરે છે. છદ્મ-ઘાતિ કર્મ ચતુષ્ટ્ય, વ્યાવૃત્ત - ચાલ્યું ગયેલ છે જેમાંથી તે વ્યાવૃત્તછદ્મા.

તથા રાગ-દ્વેષ-કષાય-ઈન્દ્રિય-ઉપસર્ગ-પરીષહ રૂપ ઘાતિકર્મ શત્રુને જિતનારને જિન, બીજાને જીતાડે છે માટે જાપક. તે જિન અને જાપકને. ભવ સમુદ્રને સ્વયં

તરેલા અને અન્યોને પણ તારનારા છે માટે તીર્ણ-નારક, કેવલ દશા અવગત તત્ત્વથી બુદ્ધ-બોધ પામેલ અને બીજાને બોધ કરાવે છે તેથી બોધક. मुक्त - કૃતકૃત્ય અર્થાત્ નિષ્ઠિતાર્થા. બીજાને પણ મુકાવે છે માટે મોચક. સર્વજ્ઞ અને સર્વદર્શીને.

शिव - સર્વોપદ્રવરહિતત્વથી. अचल - સ્વાભાવિક, પ્રાયોગિક ચલનક્રિયા રહિતત્વથી. अरुज - શરીર, મનના અભાવથી આધિ-વ્યાધિના સંભવથી. अनंत - કેવળ આત્માના અનંતત્વથી. अक्षय - વિનાશના કારણના અભાવથી અવ્યાબાધ - કોઈ વડે વિબાધા કરવાને અશક્યત્વથી. જેમાં પુનઃ આવવાનું નથી તે અપુનરાવૃત્તિ. सिद्धयन्ति - નિષ્ઠિતાર્થ જેમાં થાય છે તે. सिद्धि - લોકાંત ક્ષેત્રલક્ષણ, તે જ ગમ્ય હોવાથી ગતિ. તે સિદ્ધિગતિ. - x - સ્થાન-વ્યવહારથી સિદ્ધક્ષેત્ર, નિશ્ચયથી યથાવસ્થિત સ્વ સ્વરૂપ. - x - x -

આ પ્રમાણે પ્રણિપાત દંડક બોલીને વંદે છે — ચૈત્યવંદન વિધિથી પ્રતિમાને વાંદે તે પ્રસિદ્ધ છે. નમસ્કાર-પછી પ્રણિધાનાદિયોગથી અથવા વિરતિવાળાને જ. - x - અથવા વંદન-સામાન્યથી, નમસ્કાર-આશય વૃદ્ધનું ઉત્થાન. અહીં તત્વ તો ભગવંત પરમઋષિ કેવલી જ કહી શકે. વાંદી-નમીને સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગમાં જાય છે, ત્યાં દિવ્ય જળધારા વડે અભિમુખ સિંચે છે. સીંચીને સરસ ગોશીર્ષ ચંદનથી પાંચ અંગુલિ તલ દઈને, પંચવર્ણી પુષ્પો વડે પુષ્પપુંજોપચાર યુક્ત કરે છે, કરીને ધૂપ આપે છે.

ત્યારપછી જ્યાં દક્ષિણનું દ્વાર છે, ત્યાં જાય છે. જઈને મોરપીંછી લઈને તેનાથી દ્વારશાખા, શાલભંજિકા, વ્યાલ રૂપકને પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. ગોશીર્ષ ચંદનથી ચર્ચે છે. પુષ્પાદિ આરોપે છે, ધૂપદાન કરે છે.

પછી દક્ષિણ દ્વારથી નીકળીને જ્યાં દક્ષિણ દિશાનો મુખમંડપ છે, ત્યાં બહુમધ્યદેશ ભાગે આવે છે. આવીને મોરપીંછી વડે પ્રમાર્જે છે. પછી બહુ મધ્યદેશ ભાગને મોરપીંછીથી પ્રમાર્જે છે. પછી દિવ્ય જળધારા વડે સીંચે છે, સરસ ગોશીર્ષ ચંદન વડે પંચાંગુલિતલથી મંડલ આલેખે છે. કચગ્રાહવત્ પંચવર્ણી પુષ્પોનો ઉપચાર કરે છે. કરીને ધૂપ દે છે.

પછી દક્ષિણના મુખમંડપના પશ્ચિમ દ્વારે જાય છે. જઈને મોરપીંછીથી પ્રમાર્જે છે. મોરપીંછીથી દ્વારશાખ, શાલભંજિકા, વ્યાલરૂપને પ્રમાર્જે છે. જળધારા વડે સીંચે છે ઈત્યાદિ - x -

પછી દક્ષિણના મુખમંડપના ઉત્તર દ્વારે જાય છે જઈને પૂર્વવત્ દ્વારાર્ચનિકા કરે છે. કરીને દક્ષિણના મુખમંડપના પૂર્વ દ્વારે જાય છે. જઈને પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને દક્ષિણના મુખમંડપના દક્ષિણ દ્વારે જઈને પૂર્વવત્ પૂજા કરીને તે દ્વારેથી નીકળીને દક્ષિણના પ્રેક્ષાગૃહમંડપમાં જ્યાં દક્ષિણના પ્રેક્ષામંડપનો બહુમધ્ય દેશ ભાગ છે, જ્યાં વજ્રમય અક્ષપાટક છે અને જ્યાં મણિપીઠિકા છે, જ્યાં સિંહાસન છે ત્યાં આવે છે. આવીને મોરપીંછી વડે પ્રમાર્જે છે. પછી અક્ષપાટકાદિ પ્રમાર્જે છે પ્રમાર્જીને

E :\Maharaj Saheib\Adhayan-19\Book-19C\ PROOF-1) (109)



જળધારા વડે સીંચીને ચંદન ચર્ચા, પુષ્પપૂજા અને ધૂપદાન કરે છે.

ત્યારપછી દક્ષિણના પ્રેક્ષાગૃહમંડપના ઉત્તર દ્વારે આવે છે, આવીને પૂર્વવત્ દ્વાર અર્ચનિકા કરે છે. કરીને જ્યાં દક્ષિણના પ્રેક્ષાગૃહમંડપનું પૂર્વ દ્વાર છે, ત્યાં આવે છે. આવીને પૂર્વદ્વારની અર્ચનિકા કરે છે. કરીને જ્યાં દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપનુ દક્ષિણનું દ્વાર છે, ત્યાં જાય છે. જઈને ત્યાં પૂજા કરે છે.

પછી જ્યાં દક્ષિણ દિશાનો ચૈત્યસ્તંભ છે ત્યાં જાય છે જઈને સ્તૂપ અને મણિપીઠિકાને મોરપીંછી વડે પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચા કરે છે. પુષ્પાદિ આરોહણ કરે છે, ધૂપદાનાદિ કરે છે.

ત્યારપછી જ્યાં પાશ્ચાત્ય મણિપીઠિકા છે, જ્યાં પશ્ચિમ દિશાની જિનપ્રતિમા છે, ત્યાં આવે છે. આવીને જિનપ્રતિમા જોતાં જ પ્રણામ કરે છે ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ નમસ્કાર કરીને જ્યાં ઉત્તરની જિનપ્રતિમા છે, ત્યાં આવે છે. આવીને ત્યાં પણ યાવત્ નમસ્કાર કરીને, જ્યાં પૂર્વની જિનપ્રતિમા છે, ત્યાં આવે છે આવીને પૂર્વવત્ યાવત્ નમસ્કાર કરીને જ્યાં દક્ષિણની જિનપ્રતિમા છે, ત્યાં પૂર્વવત્ બધું જ તે પ્રમાણે કરવું યાવત્ નમસ્કાર કરીને દક્ષિણના ચૈત્યવૃક્ષે જાય છે.

ચૈત્યવૃક્ષે જઈને પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને જ્યાં મહેન્દ્રધ્વજ છે, ત્યાં જાય છે. જઈને પૂર્વવત્ અર્નિકા કરીને જ્યાં દક્ષિણની નંદા પુષ્કરિણી છે, ત્યાં જાય છે, જઈને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને તોરણ, ત્રિસોપાન પ્રતિરૂપક, શાલભંજિકા, વ્યાલરૂપકને પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. સીંચીને સરસ ગોશીર્ષ ચંદનથી અર્ચે છે ઈત્યાદિ પૂર્વવત્.

ત્યારપછી સિદ્ધાયતનની અનુપ્રદક્ષિણા કરીને જ્યાં ઉત્તર નંદાપુષ્કરિણી છે, ત્યાં આવે છે. આવીને બધું પૂર્વવત્ કરે છે. કરીને ઉત્તરના માહેન્દ્રધ્વજે પછી ચૈત્યવૃક્ષ, પછી ચૈત્યસ્તૂપ, પછી પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ જિનપ્રતિમાની પૂર્વવત્ બધી વક્તવ્યતા કહેવી. પછી ઉત્તરીય પ્રેક્ષાગૃહમંડળે આવે છે. ત્યાં દક્ષિણના પ્રેક્ષાગૃહ-મંડપવત્ સર્વ વક્તવ્યતા કહેવી.

પછી ઉત્તર દ્વારેથી નીકળીને ઉત્તરના મુખમંડપે આવે છે. ત્યાં પણ દક્ષિણના મુખમંડપવત્ બધું કરીને ઉત્તર દ્વારેથી નીકળીને સિદ્ધાયતનના પૂર્વદ્વારે જાય છે. ત્યાં પૂર્વવત્ પૂજા કરી. પૂર્વના મુખમંડપના દક્ષિણાદિ ત્રણે દ્વારે ક્રમથી પૂજા કરી પૂર્વ દ્વારથી નીકળી, પૂર્વપ્રેક્ષા મંડપમાં જઈને પૂર્વવત્ પૂજા કરે છે. પછી પૂર્વ પ્રકારથી ક્રમથી ચૈત્યસ્તૂપ, જિનપ્રતિમા, ચૈત્યવૃક્ષ, મહેન્દ્ર ધ્વજ, નંદા પુષ્કરિણીની પૂજા કરી પછી સુધર્માસભામાં પૂર્વદ્વારેથી પ્રવેશે છે.

ત્યાં મણિપીઠિકાએ જાય છે, જઈને જિનઅસ્થિ જોઈને પ્રણામ કરે છે. પછી માણવક ચૈત્ય સ્તંભમાં વજ્રમય ગોળ-વૃત્ત-સમુદ્ગક પાસે આવીને સમુદ્ગકો ગ્રહણ કરીને, ઉઘાડીને મોરપીંછીથી પ્રમાર્જે છે. પછી જળધારાથી સીંચે છે, સીંચીને ગોશીર્ષ ચંદનથી લીંપે છે. પછી પ્રધાન ગંધ-માળાથી અર્ચા કરી ધૂપ પ્રગટાવે છે. પછી ફરી

પણ વજ્રમય ગોળ-વૃત્ત સમુદ્‌ગકમાં અસ્થિને મૂકે છે. મૂકીને તે સમુદ્‌ગકને સ્વસ્થાને મૂકે છે. પછી તેમાં પુષ્પ-ગંધ-માળા-વસ્ત્ર-આભરણ આરોપે છે.

પછી મોરપીંછીથી માણવક ચૈત્ય સ્તંભને પ્રમાર્જી, ઉદકધારાથી સીંચી, ચંદનથી ચર્ચી, પુષ્પાદિ આરોપી, ધૂપદાન કરે છે. કરીને સિંહાસનપ્રદેશે આવીને સિંહાસનને મોરપીંછીથી પ્રમાર્જનાદિરૂપ પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને જ્યાં મણિપીઠિકા છે, દેવશયનીય છે, ત્યાં આવીને મણિપીઠિકાદિની પૂજા કરે છે.

પછી ઉક્ત પ્રકારેજ ક્ષુલ્લક ઈન્દ્રધ્વજની પૂજા કરે છે. કરીને જેમાં ચોપ્પાલક નામે પ્રહરણ કોશ છે, ત્યાં આવીને મોર-પીંછી વડે પરિઘરત્ન આદિ પ્રહરણ રત્નોને પ્રમાર્જે છે. જળધારા વડે સીંચે છે, ચંદન ચર્ચા-પુષ્પાદિ આરોહણ-ધૂપદાન કરે છે. કરીને સુધર્માસભાના બહુ મધ્ય દેશ ભાગે પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને સુધર્માસભાના દક્ષિણ દ્વારે પૂર્વવત્ પૂજા કરે છે.

અહીંથી આગળ જેમ સિદ્ધાયતનથી નીકળી દક્ષિણ દ્વારથી દક્ષિણ નંદા પુષ્કરિણી સુધી ફરી ઉત્તર નંદા પુષ્કરિણી આદિમાં - x - x - ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. - x - x - x -

પછી પૂર્વનંદા પુષ્કરિણીથી નીકળીને દ્રહ પાસે આવી પૂર્વવત્ તોરણ અર્ચનિકા કરે છે. કરીને પૂર્વદ્વારેથી અભિષેક સભામાં પ્રવેશે છે. પછી મણિપીઠિકાના સિંહાસનની- અભિષેક ભાંડની - બહુમધ્યદેશ ભાગની પૂર્વવત્ અર્ચનિકા કરે છે. ત્યારપછી અહીં પણ સિદ્ધાયતનવત્ દક્ષિણ દ્વારાદિથી પૂર્વ નંદા પુષ્કરિણી સુધીની અર્ચનિકા કહેવી.

પછી પૂર્વનંદા પુષ્કરિણીથી પૂર્વદ્વારથી વ્યવસાય સભામાં પ્રવેશીને પુસ્તકરત્નને મોરપીંછીથી પ્રમાર્જી, જળધારા વડે સીંચીને, ચંદનથી ચર્ચીને, વરગંધમાળાથી અર્ચા કરીને પુષ્પાદિ આરોપણ અને ધૂપદાન કરે છે. પછી મણિપીઠિકાના સિંહાસનના બહુમધ્ય દેશ ભાગની અર્ચા કરે છે. પછી સિદ્ધાયતનવત્ દક્ષિણ દ્વારાદિથી પૂર્વ નંદા પુષ્કરિણી સુધીની અર્ચા કહેવી.

પછી પૂર્વનંદા પુષ્કરિણીથી બલિપીઠે આવીને તેના બહુમધ્ય દેશ ભાગમાં પૂર્વવત્ અર્ચનિકા કરે છે. કરીને ઉત્તરપૂર્વની નંદાપુષ્કરિણીમાં આવીને તેના તોરણોમાં પૂર્વવત્ અર્ચનિકા કરીને આભિયોગિક દેવોને બોલાવે છે. બોલાવીને કહ્યું - x - x - તેમાં વિશેષ આ — શ્રૃંગાટક - ત્રિકોણ સ્થાન, ત્રિક - જ્યાં ત્રણ શેરીઓ મળે છે. ચતુષ્ક-ચાર પથયુક્ત, ચત્વર - ઘણાં માર્ગો ભેગા થતાં હોય તે સ્થાન. ચતુર્મુખ - જ્યાં ચારે દિશામાં માર્ગ નીકળતા હોય. મહાપથ-રાજપથ, બાકીના સામાન્ય પથ. અટ્ટાલક-પ્રાકાર ઉપરની ભૃત્યાશ્રય વિશેષ. ચરિકા-આઠ હાથ પ્રમાણનો નગર-પ્રાકારનો અંતરાલમાર્ગ. દ્વાર-પ્રાસાદાદિના દરવાજા. ગોપુરપ્રાકાર દ્વાર. તોરણ-દ્વારાદિ સંબંધી. आराम - દંપતિ જે માધવી-લતાગૃહાદિમાં આવીને રમણ કરે છે તે. उद्यान આદિ પૂર્વવત્.

ત્યારપછી તે વિજયદેવ બલિપીઠનું બલિ વિસર્જન કરે છે. કરીને જ્યાં ઉત્તરનંદા

E :\Maharaj Saheib\Adhayan-19\Book-19C\ PROOF-1) (110)



પુષ્કરિણીએ આવે છે. આવીને તેની પ્રદક્ષિણા કરતો પૂર્વ તોરણથી અનુપ્રવેશે છે. પ્રવેશીને પૂર્વ ત્રિસોપાન પ્રતિરૂપકથી ઉતરે છે. ઉતરીને હાથ-પગને પ્રક્ષાલે છે. પ્રક્ષાલન કરીને નંદા પુષ્કરિણીથી પાછા ફરે છે. પછી ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષી આદિ - x - x - સાથે પરિવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ દુંદુભિ નિર્ઘોષ નાદિત રવથી વિજયા રાજધાનીની વચ્ચોવચ્ચથી જ્યાં સુધર્માસભા છે, ત્યાં આવે છે આવીને સુધર્માસભામાં પૂર્વ દ્વારથી પ્રવેશે છે. પ્રવેશીને જ્યાં મણિપીઠિકા છે, ત્યાં સિંહાસને આવીને પૂર્વાભિમુખ બેઠો.

**● સૂત્ર-૧૮૧ :-**

*ત્યારે તે વિજયદેવના ૪૦૦૦ સામાનિક દેવો પશ્ચિમોત્તર - ઉત્તર અને ઉત્તરપૂર્વમાં પહેલાથી રખાયેલા ૪૦૦૦ ભદ્રાસનો ઉપર બેઠા. ત્યારપછી તે વિજયદેવની ચાર અગ્રમહિષી પૂર્વ દિશામાં પહેલાથી રાખેલા ચાર ભદ્રાસનો ઉપર બેઠી. ત્યારપછી તે વિજયદેવની દક્ષિણ પૂર્વમાં અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો યાવત્ બેઠા. એ પ્રમાણે દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવો યાવત્ બેઠા દક્ષિણ-પશ્ચિમમાં બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવો યાવત્ બેઠા.*

*ત્યારપછી તે વિજયદેવની પશ્ચિમે સાત સેનાધિપતિ યાવત્ બેઠા. ત્યારપછી તે વિજયદેવની પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો પ્રત્યેકે પ્રત્યેક પૂર્વે મુકેલા ભદ્રાસનો ઉપર બેઠા, તે આ પ્રમાણે — પૂર્વમાં ૪૦૦૦ યાવત્ ઉત્તરમાં ૪૦૦૦. તે આત્મરક્ષક દેવો સન્નદ્ધ બદ્ધ વર્મિત કવચવાળા, ઉત્પીડિત શરાસનપટ્ટિકા, પિનદ્ધ ગ્રૈવેયક વિમલવરચિંધપટ્ટ, ગ્રહિત આયુધ-પ્રહરણા, ત્રણ સ્થાને નમેલ, ત્રણ સંધિયુક્ત, વજ્રમય કોટિવાળા ધનુષ્યને લીધેલા અને તેના તૂણીરોમાં વિવિધ પ્રકારે બાણો છે.*

*નીલપાણી, પીતપાણી, રક્તપાણી, ચાપપાણી, ચારુપાણી, ચર્મ પાણી, ખડ્ગપાણી, દંડપાણી, પાસપાણી, નીલ-પીત-રક્ત-ચાપ-ચારુ-ચર્મ-ખડ્ગ-દંડ-પાસને ધારણ કરેલા આત્મરક્ષક, રક્ષોપક, ગુપ્ત-ગુપ્ત પાલિત, યુક્ત-યુક્ત પાલિત દરેકે દરેક સમયથી-વિનયથી કિંકરરૂપ એવા થઈને ઉભા છે.*

*ભગવન્ ! વિજયદેવની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! એક પલ્યોપમ સ્થિતિ કહી છે.*

*ભગવન્ ! વિજયદેવના સામાનિક દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? એક પલ્યોપમ સ્થિતિ કહી છે ? એક પલ્યોપમ સ્થિતિ કહી છે.*

*એ પ્રમાણે આવી મહાઋદ્ધિ - મહાદ્યુતિ - મહાબલ - મહાયશ - મહાસુખ - મહાનુભાગ યુક્ત વિજયદેવ છે.*

**● વિવેચન-૧૮૧ :-**

ત્યારે તે વિજયદેવની વાયવ્ય-ઉત્તર અને ઈશાન દિશામાં ૪૦૦૦ સામાનિક દેવો ૪૦૦૦ ભદ્રાસનોમાં બેસે છે. પછી વિજયદેવની પૂર્વ દિશામાં ચાર અગ્રમહિષી

ચાર ભદ્રાસનોમાં બેઠી. પછી વિજયદેવની નૈઋત્યમાં અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો ૮૦૦૦ ભદ્રાસનોમાં બેઠા, [ઈત્યાદિ બધું સૂત્રાર્થમાં આવી ગયેલ હોવાથી અહીં વૃત્તિના અનુવાદમાં પુનરુક્તિ કરી નથી.]

આત્મરક્ષક દેવો કેવા છે ? સન્નદ્ધબદ્ધ વર્મિત કવચા - અહીં कवच - તનુત્રાણ, બખ્તર. वर्म - લોહમય કુતૂલિકાદિ રૂપ, તેમાં સંજાત તે વર્મિત. सन्नद्ध - શરીરે આરોપણ કરવાથી. बद्ध - ગાઢતર બંધનથી બાંધવાથી. ઉપ્પીલિયસરાસણપટ્ટિયા- તેમાં उत्पीडिता - ગાઢીકૃત, शर - બાણ, જેમાં રખાય તે શરાસન - ઇષુધિ. તેની પટ્ટિકા. પિણદ્ધગેવેજ્જવિમલવરચિંધપટ્ટા-તેમાં ग्रैवेय - ગ્રીવાનું આભરણ. વિમલ શ્રેષ્ઠ ચિહ્નપટ્ટ વડે તે. ગહિયાઉહપહરણ - તેમાં - आउह - જેના વડે યુદ્ધ કરાય છે તે આયુધ-ખેટક આદિ. प्रहरण - અસિકુંતાદિ. જેના વડે આયુધ અને પ્રહરણ ગ્રહણ કરાયેલ છે તે त्रिनत - આદિ-મધ્ય-અંતે નમેલ. त्रिसंधि - આદિ-મધ્ય-અંતે સંધિના ભાવથી. વજ્રમય કોટિ ધનૂષ્ ગ્રહણ કરીને. પરિયાઇયકંડકલાવા - વિચિત્ર કાંડ કલાપના યોગથી પર્યાત્ત કાંડકલાપ.

કોઈક નીલપાણય - નીલ કાંડ કલાપ, બે હાથમાં જેને છે તે નીલપાણી. આ પ્રમાણે પીતપાણી અને રક્તપાણી પણ જાણવું. જેના હાથમાં चाप - ધનુષ્ છે તે ચાપપાણી. चारु - પ્રહરણ વિશેષ, તે જેના હાથમાં છે તે. એ રીતે ચર્મપાણી - x - દંડપાણી ઈત્યાદિ - x - x - જાણવું.

રક્ષોપગ - એક ચિત્તપણે તત્પરાયણ રહે તે. गुप्त - સ્વામી ભેદ ન કરે તે. गुप्ता - બીજાથી અપ્રવેશ્ય. पालि - સેતુ. युक्त - સેવકના ગુણથી યુક્ત. युक्ता - પરસ્પર બદ્ધ પણ બૃહત્ અંતરાલ પાલિ જેમાં નથી તે युक्तपालिका સમય-આચાર. કિંકરભૂત-તેઓ ખરેખર કિંકર નથી, પણ તેના જેવા છે. તેમને પણ જુદુ આસન આપવાથી માન્ય કર્યા છે. તેઓ માત્ર નિજાચાર પરિપાલનથી અને વિનીતપણાથી તથાભૂતવત્ રહે છે.

**મુનિ દીપરત્નસાગરે સટીક અનુવાદ કરેલ**
**પ્રતિપત્તિ-૩-અંતર્ગત્ વિજયદેવાધિકાર પૂર્ણ**

E :\Maharaj Saheib\Adhayan-19\Book-19C\ PROOF-1) (111)



## ❀ વૈજયંત આદિ અન્ય દ્વારો ❀

વિજયદ્વારની વક્તવ્યતા કહી. હવે વૈજયંત દ્વાર –

● **સૂત્ર-૧૮૨,૧૮૩ :-**

*[૧૮૨] ભગવન્ ! જંબૂદ્વીપનું વૈજયંત નામે દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમા મેરુ પર્વતની દક્ષિણે ૪૫,૦૦૦ યોજન અબાધાએ ગયા પછી જંબૂદ્વીપ-દ્વીપની દક્ષિણ દિશાને અંતે અને લવણસમુદ્રના દક્ષિણાર્દ્ધની ઉત્તરમાં આ જંબૂદ્વીપ દ્વીપનું વૈજયંત નામક દ્વાર કહેલ છે. તે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે ઈત્યાદિ બધી વક્તવ્યતા વિજય દ્વારવત્ યાવત્ “તે નિત્ય છે” ત્યાં સુધી કહેવી.*

*ભગવન્ ! રાજધાની ક્યાં કહી છે ? દક્ષિણ દિશામાં છે. યાવત્ વૈજયંત નામક મહર્દ્ધિક દેવ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપનું જયંત નામક દ્વાર ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પશ્ચિમે ૪૫,૦૦૦ યોજન જંબૂદ્વીપના પશ્ચિમાંતે અને લવણ સમુદ્રના પશ્ચિમાર્દ્ધની પૂર્વમાં સીનોદા મહાનદીની ઉપર આ જંબૂદ્વીપનું જયંત નામક દ્વાર કહેલ છે. પ્રમાણાદિ પૂર્વવત્ કહેવું. પશ્ચિમમાં તે રાજધાની છે ત્યાં જયંત નામે મહર્દ્ધિક દેવ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપનું અપરાજિત નામક દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુની ઉત્તરે અબાધાથી ૪૫,૦૦૦ યોજન, જંબૂદ્વીપ દ્વીપના ઉત્તરાંતે અને લવણ સમુદ્રની ઉત્તરાર્દ્ધની દક્ષિણે આ જંબૂદ્વીપ દ્વીપનું અપરાજિત નામક દ્વાર કહેલ છે. પ્રમાણાદિ પૂર્વવત્. રાજધાની ઉત્તરમાં યાવત્ અપરાજિત દેવ છે. ચારે રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં છે.*

*[૧૮૩] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અબાધાએ કેટલું અંતર કહેલ છે ? ગૌતમ ! ૭૯,૦૫૨ યોજન અને દેશોન અર્દ્ધ યોજન અંતર છે.*

● **વિવેચન-૧૮૨,૧૮૩ :-**

कहि णं भंते० ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ આ - વૈજયંત દ્વારથી દક્ષિણથી તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર જતા-તેમ કહેવું. એ પ્રમાણે જયંત, અપરાજિત દ્વાર વક્તવ્યતા પણ કહેવી. વિશેષ એ કે – જયંત દ્વારની પશ્ચિમ દિશામાં, અપરાજિત દ્વારની ઉત્તરથી તિર્છા અસંખ્યાત દ્વીપ સમુદ્ર ગયા પછી - તેમ કહેવું.

હવે વિજયાદિ દ્વારોનું પરસ્પર અંતર બતાવે છે –

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ સંબંધી એક દ્વારનું બીજા દ્વારથી અંતર કેટલાં પ્રમાણમાં પ્રતિઘાત રહિતપણે કહેલ છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! ૭૯,૦૫૨ યોજન અને દેશોન અર્દ્ધ યોજન એક દ્વારથી બીજા દ્વારનું અબાધાએ અંતર કહેલ છે.

તેથી કહે છે –

પ્રત્યેક દ્વારની શાખારૂપ ભીંત એક એક કોસ મોટી છે અને પ્રત્યેક દ્વારનો વિસ્તાર ચાર-ચાર યોજન છે. આ રીતે ચારે દ્વારોમાં કુડ્ય અને દ્વાર પ્રમાણ ૧૮ યોજનનું થાય છે.

જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, ૩-કોશ, ૧૦૮ ધનુષ્ અને ૧૩॥ અંગુલથી કંઈક અધિક છે. તેમાં ચારે દ્વારો અને શાખા દ્વારોના ૧૮ યોજન પ્રમાણ ઘટાડવાથી પરિધિનું પ્રમાણ ૩,૧૬,૨૦૯ યોજન, ૩ કોશ, ૧૦૮ ધનુષ્ અને ૧૩॥ અંગુલથી કંઈક અધિક બાકી રહે છે. તેના ચાર ભાગ કરવાથી ૭૯,૦૫૨ યોજન, ૧-કોશ, ૧૫૩૨ ધનુષ્, ૩ અંગુલ, ૩-યવ આવે છે.

આટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું. આ જ વાત જણાવવા વૃત્તિકારશ્રીએ અહીં બે ગાથા નોંધી છે.

**● સૂત્ર-૧૮૪ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના પ્રદેશો લવણસમુદ્રને સ્પૃષ્ટ છે ? હા, સ્પૃષ્ટ છે. ભગવન્ ! તે શું જંબૂદ્વીપ રૂપ છે કે લવણસમુદ્ર રૂપ છે ? ગૌતમ ! નિશ્ચે તે જંબૂદ્વીપ રૂપ છે પણ લવણસમુદ્રરૂપ નથી.***

***ભગવન્ ! લવણ સમુદ્રના પ્રદેશો જંબૂદ્વીપને સ્પૃષ્ટ છે ? હા, સ્પૃષ્ટ છે. ભગવન્ ! તે શું લવણ સમુદ્ર રૂપ છે કે જંબૂદ્વીપ રૂપ છે ? ગૌતમ ! નિશ્ચે તે લવણસમુદ્ર રૂપ છે, જંબૂદ્વીપ રૂપ નથી.***

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં જીવો મરીને લવણસમુદ્રમાં જન્મે છે ? ગૌતમ ! કોઈ જીવ જન્મે છે, કોઈ જીવ જન્મતા નથી.***

***ભગવન્ ! લવણ સમુદ્રમાં જીવો મરીને જંબૂદ્વીપમાં જન્મે છે ? ગૌતમ ! કેટલાંક જન્મે છે, કેટલાંક જન્મતા નથી.***

**● વિવેચન-૧૮૪ :-**

જંબૂદ્વીપ દ્વીપના પ્રદેશ - સ્વ સીમાગત ચરમરૂપ લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે ? - x - x - અર્થાત્ સ્પૃષ્ટ છે કે નથી ? ભગવંતે કહ્યું – હા, અર્થાત્ સ્પૃષ્ટ છે, એમ કહેતા ફરી પૂછે છે –

ભગવન્ ! તે સ્વસીમાગત ચરમ પ્રદેશો શું જંબૂદ્વીપના છે ? કે લવણસમુદ્રના છે ? અહીં વ્યપદેશ ચિંતામાં સંશય એ પ્રશ્ન છે. કેમકે જંબૂદ્વીપના ચરમ પ્રદેશો લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. જેમ તર્જનીને સ્પર્શેલ જ્યેષ્ઠા આંગળી જ્યેષ્ઠાવત્ છે ?

ભગવંતે કહ્યું – ગૌતમ ! ‘‘જંબૂદ્વીપ જ’’. ‘ણં’ નિપાતની અવધારણાર્થત્વથી કહ્યું. તે ચરમપ્રદેશો દ્વીપના છે કેમકે તે જંબૂદ્વીપ સીમાએ વર્તે છે. તે જંબૂદ્વીપના ચરમ પ્રદેશો લવણ સમુદ્રના નથી. જંબૂદ્વીપની સીમાને ઓળંગીને તે લવણસમુદ્ર સીમાને પામ્યા નથી પણ સ્વ સીમાગત જ લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. - x - x -

એ પ્રમાણે લવણ સમુદ્રનું સૂત્ર પણ કહેવું.

E :\Maharaj Saheib\Adhayan-19\Book-19C\ PROOF-1) (112)



ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં જે જીવો છે, તે મરીને લવણસમુદ્રમાં જાય છે - જન્મે છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! કેટલાંક જીવો મરી-મરીને લવણસમુદ્રમાં જાય છે, કેટલાંક જીવો મરીને ત્યાં જતાં નથી. કેમકે જીવોને તેવા-તેવા સ્વકર્મવશપણાથી ગતિના વૈચિત્ર્યનો સંભવ છે - આ રીતે લવણસમુદ્ર સૂત્ર પણ કહેવું.

**મુનિ દીપરત્નસાગરે સટીકાનુવાદ કરેલ**
**પ્રતિપત્તિ(૩)માં સૂત્ર-૧૮૪ સુધી પૂર્ણ**

# ભાગ-૧૮-પુરો થયો

## આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |